લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત

# અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન

## (ભાગ-૧)

વસ્ત્રને અધ્યાત્મમાં બાધક કહેનાર દિગંબરમત

તથા

બાહ્યક્રિયાને અધ્યાત્મમાં બાધક કહેનાર આધ્યાત્મિકમતનું ખંડન

: પ્રકાશક :

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,

ફત્તેહપુરા, પાલડી,

અમદાવાદ-૩૮૦ ૦૦૭.

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીઁ શ્રીઁ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્રગુરુભ્યો નમઃ

ઐઁ નમઃ

# અધ્યાત્મમતપરીક્ષા
# શબ્દશઃ વિવેચન ભાગ-૧

**મૂળ ગ્રંથકાર તથા ટીકાકાર**
ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજા

**આશીર્વાદદાતા**
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિક પ્રભાવક
સ્વ. પ.પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. (મોટા પંડિત મહારાજ)

**વિવેચનકાર**
પંડિતવર્ય શ્રી પ્રવીણચંદ્ર ખીમજી મોતા

**સંકલન-સંશોધનકારિકા**
પ.પૂ. વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મહોદયસૂરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સા. શ્રી રોહિતાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના સા. ચંદનબાલાશ્રીજી


વી.સં. ૨૫૨૭ ✽ વિ.સં. ૨૦૫૭ ✽ ઈ.સ. ૨૦૦૧ ✽ નકલ-૧૦૦૦

મૂલ્ય - ૭૦-૦૦

પ્રકાશક

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, ૧અમદાવાદ-૭.

આર્થિક સહયોગદાતા
શ્રીમતી માલાબેન દીપકભાઈ શાહ, મુંબઈ.

## પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષો તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષ્યથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વ જિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વ જિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

## સંક્ષેપથી ગાથા - ૧ થી ૭૧ ના મુખ્ય પદાર્થનું સ્વરૂપ

પ્રસ્તુત ગ્રંથમાં અધ્યાત્મમતની પરીક્ષા કરવામાં આવી છે. ત્યાં વાસ્તવિક રીતે જેમ સુવર્ણ શ્રેષ્ઠ છે કે નહિ, એ પરીક્ષા કરાતી નથી, પરંતુ સુવર્ણના જેવી દેખાતી કોઇ વસ્તુ સુવર્ણ છે કે નહિ? એ પરીક્ષા કરાય છે, તેમ પોતાને આધ્યાત્મિક માનનાર એવા મતની અહીં પરીક્ષા કરવાની છે. અને સુવર્ણમાં જે વાસ્તવિક સુવર્ણ નથી તે પણ સુવર્ણ જેવું દેખાતું હોય તેથી ભ્રમ થવાની શક્યતા રહે છે, એ જ રીતે આધ્યાત્મિક મત પણ સામાન્ય રીતે જોનારને ખરેખર આધ્યાત્મિક છે તેવો ભ્રમ પેદા કરે છે.

આધ્યાત્મિક મતની માન્યતા એ છે કે, આત્માના ભાવમાં યત્ન કરવો તે જ અધ્યાત્મ છે; પરંતુ તપ, ત્યાગ કે પ્રતિક્રમણાદિ ક્રિયાઓ કરવી તે કાયચેષ્ટારૂપ છે. કાયાની પ્રવૃત્તિ અધ્યાત્મ હોઇ શકે નહિ, માટે નિશ્ચયનયને અભિમત એવા શુદ્ધ આત્મસ્વરૂપનું ભાવન કરવું અને તેને જ પ્રગટ કરવા માટે રાગ-દ્વેષનો ત્યાગ કરીને યત્ન કરવો તે અધ્યાત્મ પદાર્થ છે.

આધ્યાત્મિકો મોટે ભાગે નિશ્ચયનયને કહેનારા એવા શુદ્ધ આત્માના સ્વરૂપને પ્રગટ કરવા માટે શુદ્ધાત્માના સ્વરૂપનું ચિંતન-મનન કરતા હોય છે, અને નિર્લેપભાવથી સંસારમાં ભોગાદિ ક્રિયાઓ કરીએ તો પણ કર્મબંધ થતો નથી તેવો ભ્રમ રાખતા હોય છે. આથી જ બાહ્ય ત્યાગ કે બાહ્ય આચરણાઓથી દૂર રહીને, શરીરની અનુકૂળતાને સાચવીને, કેવલ નિશ્ચયનયની વિચારણાથી જ આત્મા અધ્યાત્મને પ્રાપ્ત કરે છે એમ તેઓ માને છે. તેથી આવા આધ્યાત્મિકોને પ્રસ્તુત ગ્રંથમાં નામ આધ્યાત્મિકો કહેલ છે. જેમ બનાવટી સોનું નામથી જ સોનું છે, વાસ્તવિક સોનું નથી; તેમ આ આધ્યાત્મિકો બાહ્ય છાયાથી જ આધ્યાત્મિકો દેખાય છે, પરંતુ અધ્યાત્મની પ્રવૃત્તિ કરીને મોક્ષના સાધક તેઓ નથી, એમ બતાવવું છે.

**ગાથા - ૩** માં વાસ્તવિક અધ્યાત્મ શું છે તેનું લક્ષણ કહેલ છે, અને જે અધ્યાત્મ છે તે અધિકારીની રત્નત્રયીવિષયક ઉચિતક્રિયાસ્વરૂપ છે તે બતાવીને અધ્યાત્મના અધિકારીઓ ઉચિત ક્રિયા દ્વારા કષાયોનો વિજય કેવી રીતે કરે છે, તેની પ્રક્રિયા બતાવેલ છે.

અધ્યાત્મનું લક્ષણ **ગાથા - ૩** માં બતાવ્યું તે સાંભળીને કોઇ દિગંબરોને એ લક્ષણ રોચક લાગ્યું, પરંતુ તેમને પ્રશ્ન થયો કે, આટલી બધી ઉપધિ ધારણ કરનાર શ્વેતાંબર સાધુઓને આવું અધ્યાત્મ કઇ રીતે સંભવે? તેથી **ગાથા ૪ થી ૭** સુધી તેના પરિહારરૂપે વસ્ત્ર, પાત્ર આદિ ઉપધિઓ અધ્યાત્મની કઇ રીતે વિરોધી નથી અને કેવા પ્રકારની વસ્ત્રાદિ ઉપધિ અધ્યાત્મની વિરોધી બની શકે અને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ગ્રહણ કરાયેલ વસ્ત્રાદિ ઉપધિથી કઇ રીતે અધ્યાત્મની વૃદ્ધિ થઇ શકે, એ વાત તર્કસંગત યુક્તિઓથી બતાવેલ છે.

**ગાથા ૮/૯/૧૦** માં દિગંબરોને માન્ય એવું પરમઉપેક્ષાના પરિણામરૂપ સંયમ શું ચીજ છે અને તેના કારણીભૂત અપવાદિક ઉપધિઓ સરાગચારિત્રીને હોય છે તેમ બતાવીને શુદ્ધ ઉપયોગવાળા મુનિઓ અને શુભ ઉપયોગવાળા મુનિઓ કેવા હોય છે તે દિગંબરની માન્યતાનુસાર પ્રવચનસાર ગ્રંથના શબ્દોમાં બતાવીને તેમની વાતને યુક્તિથી સ્વીકારીને વસ્ત્ર, પાત્રાદિ ઉપધિ અધ્યાત્મની વિરોધી કઇ રીતે નથી અને અધ્યાત્મની વૃદ્ધિનું કારણ કઇ રીતે બને છે તે બતાવેલ છે.

**ગાથા - ૧૦** માં દિગંબરોની માન્યતા પ્રમાણે શુદ્ધ ઉપયોગ જ ઉત્સર્ગ છે, પરંતુ સરાગચર્યા ઉત્સર્ગ નથી, તેનું નિરાકરણ કરીને વાસ્તવિક ઉત્સર્ગ અને અપવાદ શું હોઇ શકે, એ વાત સુંદર યુક્તિઓથી બતાવેલ છે.

**ગાથા - ૧૧-૧૨** માં વસ્ત્રાદિને એકાંતે પરિગ્રહરૂપ સ્વીકારવાની દિગંબરની વિશેષ યુક્તિ, દિગંબર મતે ઉત્સર્ગ અને અપવાદનું જુદા પ્રકારનું સ્વરૂપ અને દિગંબરમતે અપવાદથી પણ પ્રતિષિદ્ધના સેવનનો નિષેધ અને સાધુ અપવાદથી પણ પ્રતિષિદ્ધનું સેવન કરે તો તેનો અનાચારરૂપે સ્વીકાર અને દિગંબરને માન્ય શુદ્ધ ઉપયોગવાળા અને શુભ ઉપયોગવાળા મુનિઓનું સ્વરૂપ બતાવેલ છે.

**ગાથા - ૧૩** માં વસ્ત્ર-પાત્રને એકાંતે પરિગ્રહરૂપે સ્વીકારવાની દિગંબરની યુક્તિનું નિરાકરણ અને શુદ્ધ ઉપયોગમાં વસ્ત્રની ઉપકારકતાની યુક્તિ બતાવેલ છે.

**ગાથા - ૧૬** માં દિગંબરોને માન્ય નગ્નતાનું નિરાકરણ કરીને ધર્મોપકરણ અધ્યાત્મનું કારણ કઇ રીતે છે તે બતાવતાં અવાંતર રીતે દિગંબરોની રાગ-દ્વેષની પ્રશસ્ત, અપ્રશસ્ત પરિણામવિષયક માન્યતા યુક્તિબાહ્ય છે એ વાત વિશેષ યુક્તિઓથી બતાવેલ છે.

વળી દિગંબરોની માન્યતાને ધરાવનાર કુંદકુંદાચાર્ય જેવા સમર્થ વિદ્વાન દ્વેષને એકાંતે અપ્રશસ્ત કહે છે, તેમના તે કથનને તેમના જ ગ્રંથમાંથી ગ્રહણ કરીને આવશ્યકનિર્યુક્તિના સાક્ષીપાઠ દ્વારા યુક્તિપૂર્વક રાગની જેમ દ્વેષ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોઇ શકે છે, તેનું રોચક વર્ણન કરીને, તે વર્ણનને કોઇ વિદ્વાન દિગંબર કે શ્વેતાંબરના પક્ષપાત વગર તટસ્થતાથી વિચારે તો દ્વેષ પ્રશસ્ત કઇ રીતે સંભવે, તે યુક્તિથી સમજી શકાય તે રીતે નિરૂપણ કરેલ છે.

**ગાથા - ૧૭ થી ૨૧**માં દિગંબરોની માન્યતા પ્રમાણે દ્વેષ એકાંતે અપ્રશસ્ત છે તેનું નિરાકરણ કરીને, રાગ અને દ્વેષ બંને પ્રશસ્ત-અપ્રશસ્ત છે તેમ પૂર્વમાં સ્થાપન કર્યા પછી, રાગ-દ્વેષના વિશેષ સ્વરૂપના બોધ અર્થે પ્રાસંગિક રીતે નિક્ષેપ અને નયના વિભાગ દ્વારા રાગ-દ્વેષનું સ્વરૂપ બતાવેલ છે.

વળી દિગંબરોની નિશ્ચયનયને આશ્રયીને રાગ-દ્વેષ વિષયક પરિભાષાનું સ્ફુરણ થવાથી, શુદ્ધ નિશ્ચયનય, અશુદ્ધ નિશ્ચયનય અને વ્યવહારનયથી દિગંબરો રાગ-દ્વેષ કેવા માને છે એ બતાવીને, તેમની માન્યતામાં દ્વેષ એકાંતે અપ્રશસ્ત છે તે યુક્તિને, સ્વમાન્યતા પ્રમાણે નયસાપેક્ષ બતાવીને ખંડન કરેલ છે. તે કથન પણ દ્વેષ પ્રશસ્ત-અપ્રશસ્ત કઇ રીતે હોઇ શકે? એ સમજવામાં અતિ ઉપકારક પદાર્થ છે.

**ગાથા - ૨૨**માં દિગંબરો વસ્ત્ર-પાત્રાદિની પ્રવૃત્તિને અધ્યાત્મની વિરોધી માને છે, અને આધ્યાત્મિકો પુદ્ગલની પ્રવૃત્તિમાત્રને અધ્યાત્મની વિરોધી માને છે. વળી આધ્યાત્મિકો કહે છે કે, નિશ્ચયનયને અભિમત એવા આત્મસ્વરૂપમાત્રમાં યત્ન કરવો જોઇએ, પરંતુ પરદ્રવ્યની પ્રવૃત્તિરૂપ એવી પડિલેહણાદિ ક્રિયાઓ કે સાધ્વાચારની ક્રિયાઓ અધ્યાત્મનું કારણ બનતી નથી. તેના નિરાકરણ માટે નિશ્ચયનયથી પરદ્રવ્યમાં પ્રવૃત્તિ રાગથી જન્ય નથી કે રાગની જનક નથી, એ વાત યુક્તિપૂર્વક બતાવેલ છે.

વળી પ્રવૃત્તિ યોગથી થાય છે, અને પ્રવૃત્તિકાળમાં વર્તતી ફળની આકાંક્ષા રાગ-દ્વેષ કૃત છે, એ પ્રકારનો નિશ્ચયનયનો આશય સુંદર યુક્તિઓથી બતાવેલ છે.

વળી પડિલેહણાદિ ક્રિયા કરતાં કરતાં કેવલજ્ઞાન કેવી રીતે થઇ શકે છે તે પદાર્થ પણ યુક્તિપૂર્વક પ્રસ્તુત ગાથામાં બતાવેલ છે.

વળી સામાન્ય રીતે જોનારને વસ્ત્ર વગરની કઠોર ચર્યા દિગંબર સંપ્રદાયની દેખાય, જ્યારે શ્વેતાંબર સંપ્રદાયમાં તો વસ્ત્રાદિ ઉપધિનું ધારણ કરવું, તેમ પ્રસંગે પ્રસંગે અપવાદિક આચરણાઓ પણ દેખાય, તેથી કોઇને એમ લાગે કે ઉત્કૃષ્ટ માર્ગ તો દિગંબરોનો છે, શ્વેતાંબરોનો તો અપકૃષ્ટ માર્ગ છે; તેનું નિરાકરણ કરીને વાસ્તવિક રીતે દિગંબરોનો માર્ગ ઉન્માર્ગરૂપ છે અને શ્વેતાંબરોનો માર્ગ જ ઉત્તર ઉત્તરની ભૂમિકાની પ્રાપ્તિમાં કારણ છે, તે યુક્તિપૂર્વક બતાવેલ છે.

**ગાથા - ૨૩/૨૪/૨૫**માં દિગંબરો વસ્ત્રાદિને ગ્રંથરૂપે સ્વીકારે છે અને દેહપાલન માટે આહારગ્રહણરૂપ પુદ્ગલની પ્રવૃત્તિને ગ્રંથરૂપે સ્વીકારતા નથી, તે તેમનો સ્વદર્શનનો પક્ષપાત છે, પરંતુ વાસ્તવિક રીતે જેમ સંયમની વૃદ્ધિ અર્થે મુનિને ઉચિત આહાર ઉપયોગી છે, તેમ ઉચિત વસ્ત્રાદિ પણ સંયમની વૃદ્ધિ માટે ઉપયોગી છે તે વાત બતાવેલ છે.

**ગાથા ૨૬ થી ૩૦**માં દિગંબરોને પ્રશ્ન થાય કે જો મુનિ વસ્ત્ર ધારણ કરતા હોય તો મુનિને અચેલક કઇ રીતે કહી શકાય? અને શાસ્ત્રકારો તો મુનિને અચેલક સ્વીકારે છે. તેથી વસ્ત્ર ધારણ કરવા છતાં મુનિ અચેલક કઇ રીતે છે તે વાત બતાવેલ છે.

**ગાથા ૩૧ થી ૩૩**માં મુનિ આહાર ગ્રહણ કરે છે તેમ સંયમ માટે વસ્ત્ર પણ ધારણ કરે છે તેમ શ્વેતાંબરો કહે છે, પરંતુ આહાર અને વસ્ત્રમાં સામ્ય નથી, એ પ્રકારની દિગંબરોની શંકાનું ઉદ્ભાવન કરીને આહાર અને વસ્ત્રમાં કઇ રીતે સામ્ય છે તે યુક્તિથી બતાવેલ છે.

વળી દિગંબરો ઉત્સર્ગ-અપવાદની મૈત્રીથી મુનિને આહાર દુષ્ટ નથી તેમ કહે છે અને તેઓની ઉત્સર્ગ-અપવાદની મૈત્રીનું પ્રવચનસાર ગ્રંથમાં જે રીતે વર્ણન કર્યું છે તેને ગ્રહણ કરીને તે યુક્તિથી વસ્ત્રમાં પણ ઉત્સર્ગ-અપવાદની મૈત્રી કઇ રીતે સંગત છે તે **ગાથા - ૩૮**માં બતાવેલ છે.

**ગાથા** - ૩૯માં આધ્યાત્મિકો કહે છે કે સાધુ ઉપકરણ રાખે તો દ્રવ્યથી પરિગ્રહની પ્રાપ્તિ છે, તેથી ઉપકરણને અધ્યાત્મનું કારણ સ્વીકારી શકાય નહિ તેનું નિરાકરણ બતાવેલ છે.

વળી પાક્ષિકસૂત્રમાં ચાર પ્રકારનો પરિગ્રહ કહેલ છે, તેથી પણ દ્રવ્યપરિગ્રહ ઉપધિ છે તેવો અર્થ સામાન્ય જોનારને દેખાય; અને પાક્ષિકસૂત્રમાં જ '**सव्वाओ परिग्गहाओ वेरमणं**' એ પ્રકારનું વચન છે, અને ત્યાં જ દ્રવ્યાદિ ચાર ભેદોનું

વર્ણન છે, તેથી કોઇને એમ લાગે કે, દ્રવ્યપરિગ્રહનું વિરમણ પણ સાધુને હોવું જોઇએ; તે કથનનું યુક્તિથી નિરાકરણ કરીને પાક્ષિકસૂત્રનો પારમાર્થિક અભિપ્રાય ભાવપરિગ્રહવિરમણમાં છે એ વાત બતાવેલ છે.

વળી **ગાથા - ૩૯**માં શ્વેતાંબરમત અંતર્ગત કોઇક, દિગંબરની જેમ માને છે કે, મોહના ઉદયથી ભાવપ્રાણાતિપાતાદિની પરિણતિ છે, અને મોહની સત્તાથી દ્રવ્યપ્રાણાતિપાતાદિની પરિણતિ છે; તે મતનું યુક્તિથી નિરાકરણ કરીને એ બતાવેલ છે કે, પ્રવૃત્તિ યોગજન્ય છે, તેથી દ્રવ્યપ્રાણાતિપાતાદિની પ્રવૃત્તિમાં પણ યોગ કારણ છે, મોહનો ઉદય કે મોહની સત્તા કારણ નથી.

**ગાથા-૨**માં અધ્યાત્મમતના નિરાકરણની પ્રતિજ્ઞા કરી ત્યાં જિજ્ઞાસા થઇ કે ખરેખર અધ્યાત્મ શું છે? તેથી **ગાથા-૩**માં અધ્યાત્મનું લક્ષણ કર્યું, તે સાંભળીને વચમાં જ કોઇક દિગંબરને પ્રશ્ન થયો કે અધ્યાત્મનું લક્ષણ શ્વેતાંબરો જો આવું કરતા હોય તો પછી સાધુઓ ઉપધિ કેમ રાખે છે? કેમ કે, પરદ્રવ્યરૂપ ઉપધિ અધ્યાત્મની વિરોધી છે, આ પ્રકારના દિગંબરમતનું નિરાકરણ **ગાથા - ૪ થી ૩૯** સુધી કરીને **ગાથા - ૪૦**માં તેનો ઉપસંહાર કરતાં કહે છે કે શાસ્ત્રોક્ત વિધિથી ગ્રહણ કરાયેલ ઉપકરણ સુખનું કારણ છે, અને પાપનો નાશ કરનારું છે.

શાસ્ત્રોક્ત વિધિથી ગ્રહણ કરાયેલ ઉપકરણ સુખકરણ અને પાપહરણ છે એમ કહ્યું, ત્યાં કોઇકને શંકા થઇ કે દિગંબરોના મતનું અનેક ઠેકાણે પૂર્વના આચાર્યોએ નિરાકરણ કર્યું, તો તમે ફરી તેના નિરાકરણ માટે કેમ પ્રયત્ન કરો છો? તેનું સમાધાન કરતાં **ગાથા - ૪૧**માં બતાવે છે કે અમે ગાથા - ૩ માં અધ્યાત્મનું લક્ષણ કર્યું ત્યાં, કોઇક દિગંબરે પૃચ્છા કરી કે તમે અધ્યાત્મને આવા પ્રકારનું માનો છો તો પરદ્રવ્યની પ્રવૃત્તિરૂપ ઉપકરણ કેમ સ્વીકારો છો? અને વળી આધ્યાત્મિકમતવાળા ઉપહાસ કરે છે કે, શ્વેતાંબરો પરદ્રવ્યની પ્રવૃત્તિને અધ્યાત્મ કહે છે, તેથી દિગંબરોની પૃચ્છાના નિવારણ માટે અને આધ્યાત્મિકો ઉપહાસ કરે છે તે અસ્થાને છે તે બતાવવા માટે, ધર્મોપકરણની પ્રવૃત્તિ અધ્યાત્મની અવિરોધી છે તેનું અમે સ્થાપન કરેલ છે.

વળી **ગાથા - ૪૧**ની ટીકામાં, ખરેખર આધ્યાત્મિકમતવાળા કેવી પ્રકૃતિવાળા છે? કે જેથી તેઓ નામથી જ આધ્યાત્મિક છે પરમાર્થથી આધ્યાત્મિક નથી, એ વાત બતાવેલ છે.

આ રીતે દિગંબરોની શંકાનું અને આધ્યાત્મિકો પરદ્રવ્યની પ્રવૃત્તિને અધ્યાત્મની વિરોધી કહે છે તેનું સમાધાન થયું. હવે ધર્મોપકરણથી અધ્યાત્મની પ્રાપ્તિ કઇ રીતે થાય છે તે ગાથા - ૪૨ માં બતાવેલ છે.

**ગાથા - ૪૩**માં આધ્યાત્મિકમતના વિશેષ નિરાકરણ માટે નિશ્ચયનયનું અવલંબન લઇને બાહ્યક્રિયાને અધ્યાત્મની વિરોધી કહેનારા એવા આધ્યાત્મિકોને વ્યવહારના લોપથી કઇ રીતે અનર્થની પ્રાપ્તિ થાય છે તે બતાવેલ છે.

અહીં આધ્યાત્મિકો પ્રશ્ન કરે છે કે મરુદેવાદિને બાહ્યક્રિયા વગર મોક્ષની પ્રાપ્તિ થઇ છે, તેથી અતિ ક્લેશવાળી એવી બાહ્યક્રિયાઓને અધ્યાત્મનું કારણ કહેવું તે ઉચિત નથી; પરંતુ જીવના સ્વભાવથી જ કેવલજ્ઞાન થાય છે, તેથી જીવે પોતાના સ્વભાવને જ પ્રગટ કરવા માટે યત્ન કરવો જોઇએ; પરંતુ પરદ્રવ્યની પ્રવૃત્તિરૂપ બાહ્યક્રિયાઓને અધ્યાત્મનું કારણ કહેવું ઉચિત નથી. તેનું નિરાકરણ કરતાં **ગાથા - ૪૪**માં બતાવેલ છે કે, નિશ્ચયનયથી સર્વ કાર્યની સિદ્ધિ સ્વભાવથી થાય છે, તેથી સ્વભાવમાં યત્ન કરવાથી અધ્યાત્મ પ્રગટે છે એ વાત નિશ્ચયનયને માન્ય છે. અને વ્યવહારનયથી કાર્યની પ્રાપ્તિ બાહ્ય યત્નથી થાય છે, તેથી કાર્યના અર્થીએ બાહ્ય પ્રવૃત્તિમાં યત્ન કરવો આવશ્યક છે, આથી જ બાહ્યક્રિયામાં કરાયેલા યત્નથી વ્યવહારનયને આશ્રયીને અધ્યાત્મ પ્રગટે છે. અને નિશ્ચય અને વ્યવહાર બંનેને સ્વીકારવા તે પ્રમાણ છે અને એકાંત તે મિથ્યાત્વ છે.

**ગાથા - ૪૪**માં કહેલ કથનથી ગ્રંથકારને એ કહેવું છે કે અધ્યાત્મના અર્થીએ કેવલ બાહ્યક્રિયામાં યત્ન કરવો ઉચિત નથી, પરંતુ અનેકાંતવાદમાં માનનાર વ્યક્તિએ નિશ્ચયનયને માન્ય એવા સ્વભાવમાં યત્ન થાય એ રીતે બાહ્યક્રિયામાં યત્ન કરવો જોઇએ કે જેથી અધ્યાત્મ પ્રગટ થાય.

વળી **ગાથા - ૪૪**ની ટીકામાં એકાંતે સ્વભાવથી કાર્ય થાય છે તેમ માનનાર બૌદ્ધમતની યુક્તિ બતાવીને તેનું નિરાકરણ બાહ્ય હેતુઓને કારણ માનનાર નૈયાયિકની યુક્તિથી કરેલ છે, તેથી કાર્ય કથંચિત્ સ્વભાવથી થાય છે અને કથંચિત્ બાહ્ય હેતુઓથી પણ થાય છે એ વાતનું સમર્થન કરેલ છે. આ કથનથી બાહ્ય નિમિત્તોનો એકાંતે અપલાપ કરનાર આધ્યાત્મિક મત નામમાત્રથી આધ્યાત્મિક છે એમ સ્થાપન થાય છે.

ત્યાર પછી **ગાથા - ૪૪**ની ટીકામાં સ્યાદ્વાદીઓ ઋજુસૂત્રનય, વ્યવહારનય, સંગ્રહનય અને નૈગમનયથી કઇ રીતે

કાર્ય પ્રતિ બાહ્ય અને અંતરંગ કારણોને કારણરૂપે સ્વીકારે છે, તે અનેક સૂક્ષ્મ યુક્તિઓથી બતાવેલ છે. અને શબ્દાદિનય કાર્ય પ્રતિ અંતરંગ કારણનો સ્વીકાર કરવામાં પ્રાયઃ ઋજુસૂત્રનય સમાન છે તેમ બતાવીને, અંતે પ્રમાણદૃષ્ટિથી કાર્ય પ્રતિ બાહ્ય અને અંતરંગ કારણોના સ્વીકારની યુક્તિ બતાવેલ છે.

ત્યાર પછી પ્રમાણદૃષ્ટિથી કાર્ય પ્રત્યે સ્વભાવ કઇ રીતે કારણ છે અને બાહ્ય કારણ પણ કઇ રીતે કારણ છે તે વિશેષ યુક્તિથી બતાવેલ છે, તેથી પ્રસ્તુત **ગાથા - ૪૪**ના કથન દ્વારા અન્ય દર્શનનો પણ બોધ થાય છે અને સ્યાદ્વાદમાં કઇ રીતે નયો પદાર્થની વ્યવસ્થા સ્વીકારવામાં ગુંથાયેલા છે તેનો પણ સૂક્ષ્મ બોધ થાય છે.

**ગાથા - ૪૪**માં સ્થાપન કર્યું કે, કાર્યની નિષ્પત્તિ પ્રત્યે પ્રમાણદૃષ્ટિથી અંતરંગ કારણ પણ હેતુ છે અને બાહ્ય નિમિત્તો પણ હેતુ છે. ત્યાં અંતરંગ કારણ તરીકે સ્વભાવને ગ્રહણ કરેલ છે, અને તે જ સ્વભાવ ક્ષયોપશમભાવને પામે છે ત્યારે દૈવરૂપ=ભાગ્યરૂપ, બને છે તેમ બતાવીને, અધ્યાત્મ પ્રત્યે, અંતરંગ પ્રયત્ન કરવાથી ક્ષયોપશમભાવમાં યત્ન થાય છે, અને બાહ્ય ક્રિયાઓમાં યત્ન કરવાથી તે પુરુષકારરૂપ બને છે; અને આ રીતે કાર્યમાત્ર પ્રત્યે દૈવ અને પુરુષકારનો સ્યાદ્વાદ સંગત છે તેમ સ્થાપન કર્યું છે, અને કાર્ય પ્રત્યે દૈવ અને પુરુષકારમાં કોણ ક્યારે બળવાન છે તેનો યથાર્થ બોધ કરવા માટે **ગાથા - ૪૫-૪૬-૪૭**માં દૈવ અને પુરુષકારના સ્યાદ્વાદની વિશદ ચર્ચા કરેલ છે.

**ગાથા - ૪૫-૪૬-૪૭**ના કથનથી એ ફલિત થાય છે કે, સંસારમાં બાહ્ય પદાર્થની પ્રાપ્તિ પ્રત્યે અંતરંગ કારણ કર્મનો ઉદય છે અને બહિરંગ કારણ બાહ્ય પદાર્થની પ્રાપ્તિને અનુકૂળ એવી ક્રિયાઓ છે. કોઇક સ્થાનમાં કર્મ બળવાન હોય ત્યારે ભાગ્યથી ફળ પ્રાપ્ત થયું તેમ કહેવાય છે અને જ્યારે પોતાના પ્રયત્નની જ પ્રધાનતા હોય ત્યારે પુરુષકારથી ફળ પ્રાપ્ત થયું તેમ કહેવાય છે.

જેમ કોઇ વ્યક્તિ બજારમાંથી ઉચિત ભાવે વસ્તુને ખરીદીને નફો કરે છે ત્યારે પોતાના પ્રયત્નથી ધનની પ્રાપ્તિ થઇ, એ સ્થાનમાં પુરુષકાર મુખ્ય છે; અને તે પુરુષકારને સફળ કરવામાં દૈવ સહાયક છે. વળી ભાગ્યવાદીની પરીક્ષા કરવા માટે રાજાએ ભાગ્યવાદી અને પુરુષકારવાદીને કૂવામાં ઉતાર્યા, અને લાડવાની પ્રાપ્તિમાં ભાગ્યવાદીને રત્નની પ્રાપ્તિ થઇ ત્યાં ભાગ્યની મુખ્યતા છે; કેમ કે રત્નની પ્રાપ્તિ માટે ભાગ્યવાદીનો કોઇ પ્રયત્ન ન હતો, આમ છતાં, બળવાન પુણ્યના ઉદયથી તેને રત્નની પ્રાપ્તિ થઇ; તેમ સંસારમાં કોઇ વ્યક્તિને ધાર્યા કરતા વિપુલ ધનની પ્રાપ્તિ થાય છે ત્યારે ભાગ્ય પ્રધાન છે તેમ કહેવાય છે.

એ જ રીતે અધ્યાત્મના ક્ષેત્રમાં બાહ્ય કોઇ ક્રિયા વગર અંતરંગ સ્વભાવમાં જ થતા યત્નથી મરુદેવાદિને કેવલજ્ઞાન થયું, ત્યાં અંતરંગ કારણ કર્મનો ક્ષયોપશમ પ્રધાન છે. વળી જે વ્યક્તિ શાસ્ત્રનું અધ્યયન કરે છે અને શાસ્ત્રાનુસારી ક્રિયાઓમાં યત્ન કરે છે, તેનાથી જે અધ્યાત્મ પ્રગટે છે તેમાં પુરુષકાર પ્રધાન છે. આ પ્રકારનો વિશદ બોધ **ગાથા - ૪૫-૪૬-૪૭**ના કથનથી થાય છે.

નિશ્ચયનયની દૃષ્ટિથી બાહ્ય નિમિત્તોને અકારણરૂપે સ્વીકારનું કથન, અને જીવ સ્વપરિણામથી જ અંતરંગ ભાવો કરે છે એ પ્રમાણે બતાવીને, બાહ્ય સામગ્રી કાર્ય પ્રત્યે અકારણ છે; તેની સ્થાપક યુક્તિ **ગાથા - ૪૮ થી ૫૨** સુધી બતાવેલ છે.

વળી નિશ્ચયનયની દૃષ્ટિથી પદાર્થની વ્યવસ્થા સ્વીકારવામાં આવે તો, સુપાત્રદાનથી કે ચોરી આદિની બાહ્ય ક્રિયાઓથી જીવને જે પુણ્યબંધ કે પાપબંધનું ફળ પ્રાપ્ત થાય છે તે સંગત થાય નહિ; એ વાતનું પણ અનેક દૃષ્ટિકોણથી સમાલોચન અને તેનું ઉચિત સમાધાન **ગાથા - ૪૮ થી ૫૨**માં કરેલ છે.

વ્યવહારનયથી બાહ્ય કારણના સ્વીકારની વિશેષ યુક્તિઓ **ગાથા - ૫૩**માં બતાવેલ છે, અને તે યુક્તિઓમાં નિશ્ચયનયથી દોષોનું ઉદ્ભાવન **ગાથા - ૫૪**માં કરેલ છે અને સ્થાપન કરેલ છે કે પારમાર્થિક રીતે જીવ પોતાના અંતરંગ પ્રયત્નથી જ પોતાના ભાવો કરે છે, બાહ્ય નિમિત્તો જીવના પરિણામ પ્રત્યે ઉપચારમાત્રથી કારણ છે.

**ગાથા - ૫૫**માં કહેલ છે કે જે વ્યક્તિ પરદ્રવ્યમાં મમત્વભાવ કરે છે તેમને અધ્યાત્મ પ્રગટી શકે નહિ, માટે અધ્યાત્મના ઉપાય તરીકે **ગાથા - ૫૬**માં આત્મભાવનાનું સ્વરૂપ બતાવેલ છે; જે ભાવનાઓના બળથી જીવ અધ્યાત્મને પ્રગટ કરી શકે છે.

**ગાથા - ૫૭**માં જીવના વિશિષ્ટ અને અવિશિષ્ટ એમ બે પ્રકારના પરિણામો બતાવીને, સંસારવર્તી જીવોના ભાવો વિશિષ્ટ પરિણામરૂપ છે, અને મુક્ત આત્માઓના કે વીતરાગના ભાવો અવિશિષ્ટ પરિણામરૂપ છે એ વાત સુંદર યુક્તિઓથી

બતાવેલ છે. અને આત્માના પરિણામમાં જેમ બાહ્ય નિમિત્તો અવજર્યસંનિધિરૂપે કારણ છે, તેમ જ્ઞાનાવરણીયાદિ દ્રવ્યકર્મો પણ નિમિત્તમાત્ર છે, પારમાર્થિક રીતે જીવના પ્રયત્નથી જ પોતાના ભાવો થાય છે; એ પ્રકારની નિશ્ચયનયની દૃષ્ટિનું સુંદર નિરૂપણ કરેલ છે.

વળી સર્વ પુણ્યના ફળને નિશ્ચયનય દુઃખરૂપે કહે છે અને પુણ્યના ફળરૂપ સર્વ સુખ, દુઃખના પ્રતીકારરૂપ છે તે કઇ રીતે સંગત છે તે વાત અને સુખ એ આત્માના પરિણામરૂપ છે, જે મોહના અભાવકાળમાં પ્રગટે છે એ વાત પણ **ગાથા - ૫૭**માં બતાવેલ છે.

વળી દિગંબરો બાહ્ય યથાજાતલિંગને મોક્ષ પ્રત્યે એકાંત કારણ સ્વીકારીને, વસ્ત્રધારીને મોક્ષ સંભવે જ નહિ તેવી વ્યાપ્તિ બાંધે છે, તે કઇ રીતે યુક્તિબાહ્ય છે; અને મોક્ષ પ્રત્યે આત્માના અંતરંગ યત્નને જે કારણરૂપે સ્વીકારે છે, તેઓ યથાજાતલિંગ વગર મોક્ષ ન સંભવે તેમ કહે છે, તે કઇ રીતે યુક્તિબાહ્ય છે; તે સુંદર યુક્તિઓથી **ગાથા - ૫૭**માં બતાવેલ છે.

વળી મોક્ષ પ્રત્યે ત્રણ ગુપ્તિઓનું સામ્રાજ્ય કારણ છે અને તે ત્રણ ગુપ્તિઓનું વાસ્તવિક સ્વરૂપ શું છે તે **ગાથા - ૫૭**માં બતાવેલ છે.

શુભ-અશુભ બાહ્ય ક્રિયાની નિવૃત્તિરૂપ, અને શુભ-અશુભ મનોવિકલ્પરૂપ અંતરંગ ક્રિયાની નિવૃત્તિરૂપ, પરમચારિત્ર સ્વીકારીને, બાહ્ય ક્રિયામાત્રને અને તેના બળથી ઉપધિની પડિલેહણાદિ ક્રિયાને, સંયમની વિરોધી તરીકે સ્થાપનારી એવી આધ્યાત્મિકોની યુક્તિનું સુંદર યુક્તિઓ દ્વારા નિરાકરણ **ગાથા - ૫૭**માં બતાવેલ છે.

**ગાથા - ૫૮**માં નિશ્ચય અને વ્યવહારની વિશેષ દૃષ્ટિ બતાવેલ છે. અંતરંગ પરિણામને સ્વીકારનાર નિશ્ચયથી જ સિદ્ધિ છે એમ કહે છે એ બતાવીને, બાહ્ય લિંગને સ્વીકારનાર વ્યવહારનયની સાધુને વંદનાદિમાં કઇ રીતે ઉપયોગિતા છે એ બતાવેલ છે. તથા જ્ઞાનને મોક્ષ પ્રત્યે કારણ સ્વીકારનાર વ્યવહારનય, અને ચારિત્રને મોક્ષ પ્રત્યે કારણ સ્વીકારનાર નિશ્ચયનયને ગ્રહણ કરીને, મોક્ષ પ્રત્યે નિશ્ચય અને વ્યવહાર બંનેની તુલ્ય ઉપયોગિતાનું યુક્તિથી નિરૂપણ કરેલ છે.

ગુણ રહિત એવી પરમાત્માની પ્રતિમાની ભક્તિ કરવાથી આત્માની વિશુદ્ધિ થઇ શકે છે, અને ગુણ રહિત એવા સાધુના લિંગને ધારણ કરનાર પાર્શ્વસ્થાદિની ભક્તિથી આત્મવિશુદ્ધિ થતી નથી, પરંતુ કર્મબંધ થાય છે; તે વાત શાસ્ત્રયુક્તિથી વિસ્તૃત ચર્ચાપૂર્વક **ગાથા - ૫૮**માં બતાવેલ છે. તેનાથી પ્રતિમાની કઇ રીતે ભક્તિ કરવાથી આત્માની વિશુદ્ધિ થાય છે તેનો સૂક્ષ્મ બોધ થાય છે. પ્રતિમાને અવલંબીને ભક્તિની તરતમતાના બળથી ભક્તિ કરનારને નિર્જરાની તરતમતા પ્રાપ્ત થાય છે તેનો પણ વિશદ બોધ આ ગાથામાં કરેલ કથનથી થઇ શકે છે.

વળી **ગાથા - ૫૮**માં પ્રમાણદૃષ્ટિ મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયાને કારણ સ્વીકારે છે, વ્યવહારનય મોક્ષ પ્રત્યે જ્ઞાનને કારણ માને છે અને નિશ્ચયનય ક્રિયાને કારણ માને છે; ત્યાં જ્ઞાનનય અને ક્રિયાનયના પરસ્પર સંવાદપૂર્વક મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયા બંનેની કઇ અપેક્ષાએ કારણતા છે, તેનો સૂક્ષ્મ બોધ થાય તે પ્રકારે અનેક ગ્રંથોની સાક્ષી આપીને બતાવેલ છે.

મોક્ષનાં કારણીભૂત જ્ઞાન અને ક્રિયા બંનેમાંથી પ્રત્યેકમાં દેશોપકારિતા કેવા પ્રકારની છે અને સમુદાયમાં સર્વોપકારિતા કેવા પ્રકારની છે તેનું રહસ્ય **ગાથા - ૫૮**માં બતાવેલ છે.

પ્રમાણદૃષ્ટિ મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયાને સમાન કારણરૂપે સ્વીકારે છે, આમ છતાં કયા સ્થાનને આશ્રયીને જ્ઞાન કરતાં ચારિત્રને વિશેષરૂપે સ્વીકારે છે અને કયા સ્થાનને આશ્રયીને ચારિત્ર કરતાં જ્ઞાનને વિશેષરૂપે સ્વીકારે છે એ વાતની વિશેષ વિચારણા **ગાથા - ૫૯ થી ૬૯**માં બતાવેલ છે.

**ગાથા - ૬૪**માં કચરાથી ભરાયેલ ગૃહની વિશુદ્ધિ માટે દીવાનો પ્રકાશ, સાફ કરનાર પુરુષનો વ્યાપાર અને કચરો આવવાનાં દ્વારોને બંધ કરવાં; એ ત્રણના સ્થાને જ્ઞાન, તપ અને સંયમને યોજીને આખો મોક્ષમાર્ગ કયા પ્રકારના યત્નની અપેક્ષા રાખે છે તે વાત બતાવેલ છે.

વળી શ્રવણ, જ્ઞાન, વિજ્ઞાન, પ્રત્યાખ્યાન, સંયમ, પાપરહિતપણું; તપ, વ્યવદાન અને અક્રિયા એ ક્રમથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, તે વાતને યુક્તિથી બતાવીને જઘન્યથી અષ્ટપ્રવચનમાતા અને વિશેષથી યાવત્ ચૌદપૂર્વના શ્રુતજ્ઞાનની ઉપયોગિતા કઇ રીતે છે તે **ગાથા - ૬૪**માં યુક્તિથી બતાવેલ છે.

**ગાથા - ૬૫**માં સકલાદેશ અને વિકલાદેશની સપ્તભંગી શું છે, અને તેમાં કાલાદિ આઠના અભેદવૃત્તિ અને અભેદ

ઉપચાર દ્વારા સકલાદેશ સપ્તભંગી અને ભેદવૃત્તિ અને ભેદઉપચાર દ્વારા વિકલાદેશ સપ્તભંગી કઇ રીતે થાય છે તેનું નિરૂપણ કરેલ છે.

**ગાથા - ૬૭**માં નિશ્ચયનો વિષય નિરુપચરિત છે અને વ્યવહારનો વિષય ઉપચરિત છે, તેથી નિરુપચરિત વિષયને સ્વીકારનાર નિશ્ચય મોક્ષ પ્રત્યે કારણ છે, વ્યવહાર કારણ નથી; એ પ્રકારની નિશ્ચયવાદીની યુક્તિનું નિરાકરણ કરેલ છે. અને નિશ્ચયનયથી ભાવનો અનુપચરિત રીતે સ્વીકાર અને દ્રવ્યાર્થિકનયથી નામાદિ ત્રણ નિક્ષેપાનો અનુપચરિત રીતે સ્વીકાર અને ભાવનો ઉપચરિત રીતે સ્વીકારની સુંદર યુક્તિ બતાવેલ છે.

વળી મોક્ષની પ્રાપ્તિ માટે નિશ્ચયનય ઉપયોગી છે, વ્યવહારનય તો નિશ્ચયના પરમાર્થના બોધ માટે ઉપયોગી છે. જેમ અનાર્યને અનાર્ય ભાષામાં સમજાવવા માટે બ્રાહ્મણ પણ અનાર્ય ભાષા બોલે છે, તેમ છતાં બ્રાહ્મણ અનાર્યની આચરણા કરે નહિ; તે રીતે અનાર્ય ભાષા બોલવા જેવો વ્યવહારનય છે. માટે વ્યવહારનયને માન્ય પ્રવૃત્તિ કરવા જેવી નથી. આ પ્રકારની નિશ્ચયનયની પ્રરૂપણા છે; તેનો પારમાર્થિક ભાવ શું છે, તે **ગાથા - ૬૭**માં સુંદર રીતે ખોલેલ છે.

નિશ્ચયનયની દૃષ્ટિને ગ્રહણ કરીને ભાવને મોક્ષના કારણ તરીકે સ્વીકારનાર, અને બાહ્યક્રિયાને પરપ્રવૃત્તિ કહેનાર, આધ્યાત્મિકોના મતને અસંગત બતાવીને, ભાવના કારણરૂપ બાહ્ય ક્રિયાની આવશ્યકતા **ગાથા - ૬૮**માં બતાવેલ છે.

વ્યવહારની ક્રિયા જેમ સંસારમાં જીવે અનંતી વાર પ્રાપ્ત કરી, તેમ ભાવ પણ જીવે અનંતી વાર પ્રાપ્ત કર્યા. તેથી વિશિષ્ટ ભાવની જેમ જ વિશિષ્ટ ક્રિયા પણ મોક્ષનું કારણ છે. તે વાત **ગાથા - ૬૯**માં બતાવેલ છે.

વળી ક્રિયામાં ચિત્તના પ્રણિધાનરૂપ ભાવ પ્રાપ્ત થઇ શકે છે, તેથી ભાવના અર્થીએ પણ ક્રિયામાં જ યત્ન કરવો જોઇએ. તે વાત **ગાથા - ૬૯**માં બતાવેલ છે.

વળી ભાવપૂર્વકની ક્રિયાનું કારણ જિજ્ઞાસા છે, તે પણ ક્રિયાવિષયક છે. તેથી પણ અધ્યાત્મના કારણરૂપે ક્રિયા સ્વીકારવી જોઇએ. એ વાત **ગાથા - ૬૯**માં બતાવેલ છે.

**ગાથા - ૭૦ થી ૭૨**માં ભાવવૃદ્ધિના ક્રમથી ગુણસ્થાનકની પ્રાપ્તિ કઇ રીતે થાય છે, અને તેનાથી જ અંતે કેવલજ્ઞાન પ્રગટે છે તે બતાવીને, ભાવવૃદ્ધિમાં ક્રિયા કઇ રીતે કારણ છે તે બતાવીને, ક્રિયાને પરપ્રવૃત્તિ કહેનાર આધ્યાત્મિકમત નામથી જ આધ્યાત્મિક છે, તે વાત સ્થાપિત થાય છે.

આ રીતે આધ્યાત્મિકમત નામથી જ આધ્યાત્મિક છે તેમ સ્થાપન થવાથી, વાદમાં બેઠેલ આધ્યાત્મિકો જવાબ નહિ આપી શકવાથી, અત્યંત અકળાયેલા શ્વેતાંબરમતમાં કેવલીને આહારગ્રહણ માન્ય છે કે અસંગત છે એ પ્રકારના વાદાંતરને ઉદ્ભાવન કરે છે તે વાત **ગાથા - ૭૨** થી અધ્યાત્મમતપરીક્ષા ભાગ - ૨ માં બતાવાશે.

આ રીતે આ ગ્રંથની રચના વાદી અને પ્રતિવાદી એક સ્થાને ભેગા થયેલા હોય, અને વચમાં કોઇ દિગંબર ઉપધિની-વસ્ત્રગ્રહણની વાત ઉપાડે, અને તેનું સમાધાન કરવા દ્વારા પ્રતિવાદી એવા આધ્યાત્મિકો અને દિગંબર બંનેનું એકી સાથે સમાધાન થાય, તે રીતે ગ્રંથકારશ્રી **મહામહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજા** ઉત્તર આપે છે. અને પૂર્વમાં કઇ રીતે વાદો ચાલતા હતા તે નાટ્યાત્મક રીતે બતાવીને, પારમાર્થિક અધ્યાત્મના અર્થીને અધ્યાત્મની પ્રાપ્તિમાં ઉપકારક બને, એ રીતે આ ગ્રંથની એક અદ્ભુત - અનુપમ રચના કરેલ છે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં ...

**વિ.સં. ૨૦૫૭, પોષ સુદ ૧૩,** **પ્રવીણભાઇ ખીમજી મોતા.**
**સોમવાર, તા. ૭-૧-૨૦૦૧.**
**૩૦૨, વિમલવિહાર, સરસ્વતી સોસાયટી,**
**પાલડી, અમદાવાદ - ૭.**

## ગ્રંથનો સંક્ષેપ સાર

આ ગ્રંથમાં આધ્યાત્મિક મત તરીકે પ્રસિદ્ધ એવા મતની પરીક્ષા કરવામાં આવેલ છે અને તે આધ્યાત્મિકો નામથી જ આધ્યાત્મિકો છે પણ વસ્તુતઃ તે આધ્યાત્મિકો નથી તેમ બતાવવામાં આવ્યું છે. આ આધ્યાત્મિકો શું કહેવા માંગે છે તે વિચારવામાં આવે તો પ્રથમ દૃષ્ટિથી એમ જ લાગે કે અધ્યાત્મ આવું જ હોય. આમ છતાં, તેને "નામ અધ્યાત્મ" કહ્યું, તેથી જિજ્ઞાસા થાય કે તે આધ્યાત્મિકો કોને અધ્યાત્મ કહે છે. તેનું તાત્પર્ય આ પ્રમાણે છે-

આધ્યાત્મિકો માને છે કે આત્માએ પોતાના સ્વભાવને પ્રગટ કરવા માટે યત્ન કરવો જોઈએ, આત્માનો સ્વભાવ રાગ-દ્વેષથી પર છે, તેથી રાગ-દ્વેષ ન થાય તે રીતે જ આત્મભાવમાં જ યત્ન કરવો તે અધ્યાત્મ છે. આમ કહીને તેઓ ભગવાને બતાવેલી આવશ્યક, ભગવદ્ભક્તિ આદિ ક્રિયાઓનો અપલાપ કરે છે, અને કહે છે કે બાહ્ય પ્રવૃત્તિ એ અધ્યાત્મ હોઈ શકે નહીં; અધ્યાત્મ તો અંતરંગ પરિણામોને જ પેદા કરવા માટેના યત્ન સ્વરૂપ છે. આ પ્રકારની આધ્યાત્મિકની માન્યતાને સાંભળવાથી પ્રથમ દૃષ્ટિએ તે સારી છે તેમ જણાય, પરંતુ તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે આ ગ્રંથમાં તે જ સ્પષ્ટ કર્યું છે કે, જેમ મોક્ષમાં જવા માટે આત્માના ભાવોમાં જવું એ આવશ્યક છે અને તે જ અધ્યાત્મ છે, આમ છતાં, તે અધ્યાત્મને પ્રગટ કરવા માટે અસાધારણ કારણરૂપ વિશિષ્ટ ક્રિયાઓનો અપલાપ કરીને, માત્ર તે અંતરંગ પ્રયત્નથી અધ્યાત્મ પ્રગટ કરવાનું કહે છે, તે તેઓની અવિચારકતા છે. અને આથી જ તીર્થંકરો પણ અધ્યાત્મની વિશિષ્ટ ભૂમિકા પ્રાપ્ત કરવા માટે ગૃહસ્થ અવસ્થા છોડીને સંયમ ગ્રહણ કરે છે, અને સંયમની કઠોર આચરણાથી પ્રાયઃ કરીને મોટા ભાગના જીવોને અધ્યાત્મ પ્રગટે છે. માટે અધ્યાત્મના અર્થીએ તેના ઉપાયભૂત ક્રિયાઓમાં જ આદર કરવો જોઈએ. અને જેઓ ક્રિયાઓનો અપલાપ કરે છે તેઓ નામથી આધ્યાત્મિક છે.

બાહ્ય ક્રિયાઓ અધ્યાત્મની પોષક છે. આથી જ શાસ્ત્રોક્ત વિધિથી ગ્રહણ કરાયેલી ઉપધિ અને પડિલેહણ આદિની ક્રિયાઓ પણ અધ્યાત્મના પ્રકર્ષનું કારણ છે, અને પડિલેહણ કરતાં કરતાં જ ધ્યાનના પ્રકર્ષથી ઘણા જીવોને કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલું છે. માટે જેઓ ક્રિયાનો અપલાપ કરે છે તેઓ પોતાને આધ્યાત્મિક માનતા હોય તો પણ સન્માર્ગના લોપક જ છે.

## સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

પ્રસ્તુત ગ્રંથનું સાર્થક નામ છે "અધ્યાત્મમતપરીક્ષા".

વિક્રમના ૧૭મા સૈકામાં વાણારસીદાસ નામની વ્યક્તિને આગળ કરીને પ્રવર્તતા કેટલાક લોકો કેવળ પોતાની સ્વચ્છંદ મતિના કારણે આધ્યાત્મિક સંજ્ઞાને ધારણ કરતા હતા. પરંતુ તેઓ આધ્યાત્મિકપણાના લાભને પામેલા નહિ હોવાથી વાસ્તવિક આધ્યાત્મિક હતા નહિ; તેથી તેઓની આધ્યાત્મિકપણાની જે માન્યતા હતી તે અયુક્ત-યુક્તિ રહિત છે એમ બતાવીને, પારમાર્થિક અધ્યાત્મ શું છે એ સાંભળવા જેઓ ઉત્સાહિત થયા છે તેવા અધ્યાત્મગવેષક જીવોને ઉદ્દેશીને, ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજાએ, અનેકવિધ શાસ્ત્રપાઠો અને સચોટ-સુંદર યુક્તિઓ પૂર્વક પ્રસ્તુત ગ્રંથનું નિર્માણ કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથની રચના કુલ ૧૮૪ ગાથામાં કરેલ છે અને તેના ઉપર પૂ. ઉપાધ્યાયજી મહારાજાની જ સ્વોપજ્ઞ ટીકા છે. એ ગ્રંથ ઉપર અધ્યાત્મજિજ્ઞાસુ બાળજીવોના બોધ માટે ટીકા-ટીકાર્થ અને ભાવાર્થરૂપ આ વિવેચનની સંકલના તૈયાર કરેલ છે.

પ્રસ્તુત ગ્રંથની વિશાળતા, ગંભીરતા, ગહનતા વાચકવર્ગ વાંચીને સ્વયં અનુભવશે. વિશેષમાં અધ્યાત્મમતપરીક્ષા ભાગ -૧ રૂપે પ્રકાશિત થતા આ વિભાગમાં ગાથા - ૧ થી ૭૧ માં આવતા પદાર્થોની સંક્ષિપ્ત સંકલના તૈયાર કરેલ છે, તે વાંચતાં વાચકવર્ગને આ ગ્રંથમાં કયા કયા વિષયોનું નિરૂપણ કરેલ છે તેનો બોધ થશે તેથી એ અંગે આ પ્રસ્તાવનામાં વિશેષ લખવાની આવશ્યકતા જણાતી નથી.

મારી નાદુરસ્ત તબિયતના કારણે પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીજીની આજ્ઞાથી રાજનગર-અમદાવાદ મુકામે સ્થિરતા કરવાનું બન્યું; તે દરમ્યાન, પંડિતવર્યશ્રી પ્રવીણભાઇ મોતા પાસે યોગવિષયક-અધ્યાત્મવિષયક ગ્રંથવાંચનનો સુંદર યોગ સાંપડ્યો, જ્ઞાનયોગની અનુપમ ઉપાસના માટેનું સદ્આલંબન સાંપડ્યું અને યોગમાર્ગ-અધ્યાત્મમાર્ગ વિષયક આંશિક સૂક્ષ્મ બોધ પ્રાપ્ત થયો. ઉપરાંત ગ્રંથવાંચન દ્વારા અધ્યવસાયની આંશિક નિર્મળતા થઇ અને સ્વાધ્યાય સંજીવનીના સહારે નાદુરસ્ત તબિયતમાં પણ પ્રસન્નતા જળવાઇ રહેલ છે.

ગ્રંથવાંચન દરમ્યાન સહાધ્યાયી વર્ગની સતત એ જ ભાવના - ઇચ્છા કે, વાંચન કરાતા આ ગ્રંથોની વિવેચના પ્રકાશિત થાય તો અનેક યોગ-અધ્યાત્મવિષયક જિજ્ઞાસુવર્ગને વાંચન-અધ્યયન માટે ઉપયોગી થઇ શકે, અને વારંવારની એ સૌની શુભ ભાવનાના પરિબળથી, અગાઉ વિ.સં.૨૦૫૪માં યોગવિંશિકા ગ્રંથ અને વિ.સં.૨૦૫૫માં અધ્યાત્મઉપનિષત્પ્રકરણમ્ ગ્રંથની સંકલના સ્વસ્વાધ્યાયાર્થે નોટરૂપે તૈયાર કરેલ, તે ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પુસ્તકરૂપે પ્રકાશિત થયેલ છે. જેમાંના અધ્યાત્મઉપનિષત્પ્રકરણમ્ શબ્દશઃ વિવેચનગ્રંથની પ્રથમ આવૃત્તિની નકલો ટૂંક જ સમયમાં ખપી જતાં, તે ગ્રંથની દ્વિતીય આવૃત્તિ વિ.સં.૨૦૫૭માં પુનઃ પ્રકાશિત થયેલ છે. યોગવિંશિકા શબ્દશઃ વિવેચનની દ્વિતીય આવૃત્તિ માટે જે અંગે સતત માંગ ચાલુ છે, પણ કેટલાક જરૂરી ભાષાકીય સુધારા-વધારા સાથે ભવિષ્યમાં પ્રકાશિત કરવાની વિચારણા કરેલ છે.

ઉપરોક્ત આ બંને ગ્રંથના પ્રકાશન અંગે વિદ્વાન-વિદુષી અનેક મહાત્માઓ-સાધ્વીજી ભગવંતો, વિદ્વાન પંડિતવર્યો આદિનો સુંદર પ્રતિભાવ સાંપડેલ છે. ત્યારપછી અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથવાંચનનો પ્રારંભ થયો અને વાંચન વેળાએ ટીકા-ટીકાર્થ-ભાવાર્થરૂપે સંકલના નોટરૂપે તૈયાર થતી ગઇ અને ફરી તત્ત્વજિજ્ઞાસુ વર્ગની એક જ વાત કે, આવા કિંમતી નજરાણારૂપ મહોપાધ્યાયજીરચિત મહાન ગ્રંથની આ સંકલના વ્યવસ્થિત તૈયાર થઇ પ્રકાશિત થાય, તો ભવિષ્યમાં અનેક તત્ત્વજિજ્ઞાસુવર્ગને સ્વાધ્યાયમાં, ગ્રંથ લગાવવામાં ઉપયોગી બની શકે. તેથી એ વિનંતિને લક્ષ્યમાં લઇને, બૃહત્કાય આ ગ્રંથની સંકલનાની પ્રેસકોપી સુંદર-સુવાચ્ય અક્ષરોમાં બે વર્ષના અતિ પરિશ્રમપૂર્વકના પરિશીલન પછી તૈયાર થયેલ છે. જેમાંથી સૌ પ્રથમ **ગાથા ૧ થી ૭૧**ની આ સંકલના અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ - ૧ ટીકા-ટીકાર્થ-ભાવાર્થરૂપે

ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે પ્રકાશિત થાય છે.

ગ્રંથવાંચનસમયે અધ્યેતૃવર્ગને અનેકવિધ શંકાઓ ઉદ્ભવતી તથા ક્લિષ્ટ પંક્તિઓ ન બેસે ત્યારે વારંવાર પંડિતવર્યશ્રીને પૃચ્છા કરવામાં આવતી. તે શંકાઓનાં સમાધાન માટે અને ક્લિષ્ટ પંક્તિઓ બેસાડવા માટે પંડિતવર્યશ્રી પુનઃ પુનઃ સમજાવવા પ્રયત્ન કરતા અને જ્યારે દરેકને સંતોષ થતો ત્યારપછી જ વાંચનમાં આગળ વધતા હતા.

પ્રસ્તુત ગ્રંથપ્રકાશનમાં ટીકાગ્રંથનું અલગ અલગ વિષય પ્રમાણે વિભાજન કરી અને તેટલી તેટલી ટીકાગ્રંથ નીચે ટીકાર્થ કરેલ છે, જે ટીકાને લગાડવા અન્વય કરવા માટે ઉપયોગી થશે. વચ્ચે વચ્ચે અનેક ઉત્થાનો આપવાપૂર્વક પંક્તિઓનાં રહસ્યો ખોલ્યાં છે, જે તત્ત્વજિજ્ઞાસુવર્ગને ગ્રંથ સમજવા માટે, સહેલાઈથી બોધ કરવા માટે અતિ ઉપયોગી બનશે. ત્યારપછી તે તે ટીકાર્થની નીચે વિવરણરૂપે ભાવાર્થ લખેલ છે, તે ગ્રંથના સૂક્ષ્મ પદાર્થોને સમજવા અને તે તે ક્લિષ્ટ પદાર્થોનો સરળતાપૂર્વક બોધ થઈ શકે એ રીતે તૈયાર કરેલ છે. વિવરણમાં ક્યાંક પૂરેપૂરી ટીકાનો ભાવાર્થ આપેલ છે, તો ક્યાંક ટીકાના અમુક ભાગનો ટીકાના તે તે પ્રતીકો આપી તે તે વિષય ઉપર ભાવાર્થ આપેલ છે, વળી ક્યાંક ટીકાર્થ સરળ હોય ત્યાં તેનો ભાવાર્થ જુદો આપેલ નથી.

આ વિવરણરૂપ ભાવાર્થમાં ઘણા સ્થાને ટીકાના તે તે વિષયોની સંકલના ત્રુટિત ન બને તે દૃષ્ટિએ, ટીકાના અર્થની પુનરુક્તિ પણ થયેલ છે. પરંતુ તેની પાછળનો મુખ્ય ઉદ્દેશ એક જ છે કે ટીકામાં આવતા પદાર્થોની સંકલના જળવાઈ રહે અને ગ્રંથ બેસાડવા સૌને ઉપયોગી બને. વળી જેમને સંસ્કૃતભાષાનું જ્ઞાન ન હોય તેવો પણ અધ્યાત્મવિષયક જિજ્ઞાસુવર્ગ, ફક્ત ભાવાર્થ વાંચે તો પણ ગ્રંથના પદાર્થોનો બોધ તેમને થઈ શકે એ દૃષ્ટિએ, ભાવાર્થમાં ટીકાના અર્થની થયેલ પુનરુક્તિ દોષરૂપ નહિ ગણાય.

પાઠશુદ્ધિ અંગે મૂળગ્રંથમાં જ્યાં જે પાઠ અન્ય પ્રતિમાં(પ્રતમાં) શુદ્ધ મળ્યો છે તે ત્યાં મૂકેલ છે. ગ્રંથવાંચન વખતે જ્યાં અમુક પાઠ સંગત ન જણાતો ત્યાં અન્ય હસ્તલિખિત પ્રતિમાં જોવાનું બનતું અને તેમાં સંગત શુદ્ધ પાઠ મળે તો તે પાઠ અહીં ટીકામાં અમે ગ્રહણ કરેલ છે. ઘણી જગ્યાએ પદાર્થની દૃષ્ટિએ સંગત લાગતો પાઠ અન્ય હસ્તપ્રતિમાં ન મળે તો, ત્યાં ટીકા-ટીકાર્થની નીચે આવા પાઠની સંભાવના લાગે છે એ પ્રમાણે નોંધ આપેલ છે અને સંગત પાઠ મુજબ અર્થ કરેલ છે, તેમ પણ જણાવેલ છે.

અગાઉ બાબુ અમીચંદ પનાલાલ જૈન દેરાસર ટ્રસ્ટ તરફથી અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ ગુર્જર વ્યાખ્યા સહિત પ્રકાશિત થયેલ છે, તે પુસ્તકને સામે રાખીને વાંચન થતું હતું; તેથી કોઈક સ્થાનમાં એ મૂળ પુસ્તકમાં કૌંસમાં આપેલો પાઠ હોય ત્યાં, અન્ય હસ્તપ્રતિમાં શુદ્ધ પાઠ મળેલ હોય ત્યાં તે કૌંસનો પાઠ પ્રસ્તુત પ્રકાશનમાં આપેલ નથી, અને જે સ્થાનમાં શુદ્ધ પાઠ અન્ય હસ્તપ્રતિમાં ન મળ્યો હોય ત્યાં કૌંસમાં આપેલ એ પાઠ એમ ને એમ રાખેલ છે. સાક્ષીપાઠમાં પ્રાકૃત ઉદ્ધરણની સંસ્કૃત છાયાઓ તે પ્રકાશનમાં આપેલ હોવાથી ગ્રંથવાંચન વખતે ઉપયોગી બનેલ છે અને તે છાયાઓ પ્રસ્તુત પ્રકાશનમાં અશુદ્ધિઓનું પરિમાર્જન કરીને નીચે ટિપ્પણીમાં મૂકેલ છે. ઉદ્ધરણ પાઠના અર્થ બેસાડવા માટે ઘણાં સ્થાનોમાં તે તે ગ્રંથની પ્રત-પુસ્તકો ગીતાર્થગંગાના જ્ઞાનભંડારમાંથી કઢાવી તે ગ્રંથની ટીકા મુજબ અમે અર્થ કરેલ છે.

આ રીતે બે વર્ષના સતત પરિશ્રમ અને પરિશીલન દ્વારા આ ગ્રંથની સંકલના તૈયાર થયેલ છે. આમાં મુખ્ય ફાળો વિવરણકારશ્રી પંડિતવર્યશ્રીનો છે, મેં તો માત્ર ફૂલદાનીમાં અધ્યાત્મનાં ફૂલો ગોઠવવાનું કાર્ય કરેલ છે. તથા આ ગ્રંથના પ્રૂફ વાચનના કાર્યમાં પોતાના કીમતી સમયનો ભોગ આપવા બદલ સુશ્રાવક શાંતિલાલ શિવલાલ શાહનો સહકાર પણ મળેલ છે.

પ્રસ્તુત ગ્રંથપ્રકાશનમાં વિદ્વાન વાચકવર્ગને ખ્યાલ આવે કે કયા કયા પદાર્થોનું નિરૂપણ થયેલું છે, તે દૃષ્ટિએ વિસ્તૃત અનુક્રમણિકા તૈયાર કરેલ છે. અનુક્રમણિકા કદમાં વિસ્તૃત થયેલ છે પણ એ વાંચતાં વિદ્વાનોને સ્વયં જ બોધ થશે કે આ બૃહત્કાય ગ્રંથમાં મહોપાધ્યાયશ્રીએ કેવા કેવા સૂક્ષ્માતિસૂક્ષ્મ પદાર્થો નય-નિક્ષેપાપૂર્વક અનેક શાસ્ત્રપાઠ અને સુયુક્તિપૂર્વક ઠાંસી ઠાંસીને ભરેલા છે.

ગ્રંથકારશ્રીનો ગ્રંથરચનાનો મુખ્ય ઉદ્દેશ નામ અધ્યાત્મીઓના અધ્યાત્મમતની પરીક્ષા કરવાનો છે; અને તેઓએ જે અધ્યાત્મમત માન્યો છે, તે માનવામાં શું શું બાધક છે તે બતાવવા દ્વારા તેઓનો મત ભ્રાંત છે, તેથી મધ્યસ્થ વિદ્વાનો તેમાં અટવાઇ ન જાય તે બતાવવાનો તો તેઓનો ઉદ્દેશ છે જ, પરંતુ સાથે સાથે રત્નત્રયીની સાધના કરતા સાધક આત્માઓને સંપૂર્ણ મોક્ષમાર્ગ શું છે એ બતાવવાપૂર્વક, સાધનાની દિશામાં આગળ વધવા માટે પારમાર્થિક અધ્યાત્મ શું છે, એ સમજાવવાનો પણ છે. સમસ્ત ગ્રંથના અંતે અધ્યાત્મનું ઉપનિષત્ જે વર્ણવ્યું છે તે સ્વાનુભવથી જ જાણી-માણી શકાય તેવું છે. ટૂંકમાં સાધક આત્માને સાધનામાં પ્રાણ પૂરવા માટે આ અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ સાચી દિશા બતાવે છે અને આત્મપરિણતિને નિર્મળ કરવા માટેનો અનુપમ ગ્રંથ છે.

છદ્મસ્થતાવશ આવા બૃહત્કાય ગ્રંથના વિવરણમાં કે સંકલન-સંપાદનકાર્યમાં અનેક ત્રુટિઓ રહેવાની સંભાવના છે. સર્વજ્ઞકથિત પદાર્થોનું ક્યાંય અવમૂલ્યન થઇ ન જાય તે માટે પૂરેપૂરો પ્રયત્ન કરેલ છે, છતાં જિનાજ્ઞાવિરુદ્ધ કે ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ ક્યાંય પણ પદાર્થ નિરૂપણ થયેલ હોય તો તે માટે મિથ્યા દુષ્કૃત ચાહું છું.

અંતે એક જ અંતરની ભાવના વ્યક્ત કરું છું કે દેવ-ગુરુની કૃપાથી સ્વઆત્મપરિણતિની નિર્મળતા માટે કરાયેલો આ પ્રયાસ સર્વને લાભનું કારણ બને અને મને પોતાને ભાવપૂર્વકની ક્રિયાની પરિણતિ પ્રાપ્ત થાય, અને એ પરિણતિની નિર્મળતા થવા દ્વારા નિકટના ભવોમાં મુક્તિસુખની ભાગી બની શકું, એ જ શુભ આશયથી કરેલો આ નાનકડો પ્રયાસ સફળતાને પામો એ જ અંતરેચ્છા.

**વિ. સં. ૨૦૫૭, માગસર વદ - ૧૦.**
બુધવાર, તા. ૨૦-૧૨-૨૦૦૦.
એફ - ૨, જેઠાભાઇ પાર્ક,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ - ૭.

પરમ પૂજ્ય પરમારાધ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી **રોહિતાશ્રીજી મ.સા.ના** શિષ્યરત્ના સાધ્વીશ્રી **ચંદનબાલાશ્રીજી.**

## ગાથા-૧ થી ગાથા-૭૧માં આવતાં પદાર્થોનું સંક્ષિપ્ત દિગ્દર્શન

**ગાથા-૧ થી ૩**

અનુબંધચતુષ્ટયનો નિર્દેશ, અધ્યાત્મનું લક્ષણ.

**ગાથા- ૪ થી ૪૦**

વસ્ત્રને એકાંતે પરિગ્રહ કહેનાર દિગંબરમતનું નિરાકરણ તથા પરપ્રવૃત્તિને અધ્યાત્મ નહિ સ્વીકારનાર અધ્યાત્મમતની માન્યતાનું અર્થથી નિરાકરણ.

**ગાથા-૧૬**

દ્વેષને એકાંતે અપ્રશસ્ત કહેનાર દિગંબરમતની માન્યતાનું નિરાકરણ.

**ગાથા- ૧૭ થી ૨૧**

નિક્ષેપ અને નયથી રાગ-દ્વેષનું સ્વરૂપ.

**ગાથા-૪૨**

અધ્યાત્મપ્રાપ્તિનો ઉપાય.

**ગાથા-૪૩**

વ્યવહારના લોપથી ઉન્માર્ગની પ્રરૂપણારૂપ આધ્યાત્મિકમત.

**ગાથા-૪૪**

કાર્યકારણભાવના વિષયમાં નિશ્ચયનય, વ્યવહારનય અને પ્રમાણની યુક્તિ.

**ગાથા- ૪૫ થી ૪૭**

દૈવ અને પુરુષકારનો સ્યાદ્વાદ.

**ગાથા- ૪૮ થી ૫૭**

નિશ્ચયનયની વિશેષ યુક્તિઓ તથા સાધનામાં નિશ્ચયનયની પ્રધાનતાનું સ્થાન અને વ્યવહારનયનું સ્થાન.

**ગાથા-૫૮**

ભાવલિંગને મોક્ષનું કારણ માનનાર નિશ્ચયનય અને ક્રિયાને મોક્ષનું કારણ માનનાર નિશ્ચયનયનો ભેદ તથા બાહ્ય આચરણાને કારણ માનનાર વ્યવહારનય અને જ્ઞાનને કારણ માનનાર વ્યવહારનયનો ભેદ.

**ગાથા- ૫૯ થી ૬૯**

સ્થિતપક્ષ પ્રમાણે કયા સ્થાનમાં નિશ્ચયનયની પ્રધાનતા અને કયા સ્થાનમાં વ્યવહારનયની પ્રધાનતાની વિચારણા.

**ગાથા- ૭૦-૭૧**

નિશ્ચયનયને માન્ય મોક્ષના કારણરૂપ ભાવની વૃદ્ધિમાં નિસર્ગથી થતા ભાવમાં ક્રિયાની અકારણતા અને અધિગમથી થતા ભાવમાં ક્રિયાની અવિનાભાવિપણાની સ્થાપક યુક્તિ.

### વિસ્તૃત અનુક્રમણિકા


| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧ | ટીકાકારનું મંગલાચરણ. | ૧ |
| | મૂળગ્રંથનું મંગલાચરણ. | ૧ |
| | અનુબંધચતુષ્ટયનો નિર્દેશ. | ૨ |
| ૨ | ગ્રંથ રચવાનું વિશેષ પ્રયોજન. | ૨ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨ | નામ આધ્યાત્મિકોનું મધ્યસ્થોની અનુપાદેયતાબુદ્ધિમાં અધિરોપણ. | ૨-૩ |
| | નામાદિ ચાર આધ્યાત્મિકોના નિર્દેશપૂર્વક નામ આધ્યાત્મિકમતની પરીક્ષાનું કથન. | ૩-૪ |
| ૩ | પરમ અધ્યાત્મનું લક્ષણ. | ૫ |
| | આત્માનો અધિકાર, કષાય-ઇન્દ્રિયવિજયની પ્રક્રિયા. | ૫-૬ |
| | કાલાદિ પાંચથી સ્વભાવસિદ્ધ ક્રિયાનું પ્રગટીકરણ. | ૬ |
| | ઇન્દ્રિયવિજયથી કષાયવિજય. | ૭-૮ |
| | મનની વિશુદ્ધિનો ઉપાય. | ૭-૮ |
| | અધ્યાત્મસ્વરૂપ ક્રિયાની ઓળખાણ. | ૯ |
| | ગુણકરણાખ્ય ક્રિયાનું સ્વરૂપ. | ૯-૧૦ |
| ૪ | ધર્મોપકરણ અધ્યાત્મનું અવિરોધી. | ૧૧ |
| | સિદ્ધાંતવિધિથી ગ્રહણ કરેલ ધર્મોપકરણ રાગ-દ્વેષનું અજનક. | ૧૧-૧૨ |
| ૫ | ઉપધિ અવિશુદ્ધિની આપાદક. | ૧૩-૧૪ |
| ૬ | ઉપકરણ અંગેના દોષો દેહમાં સમાન. | ૧૫ |
| | આર્તધ્યાનરૂપ મમત્વપરિણામનો સાધુને અસંભવ. | ૧૬-૧૭ |
| | નિઃસ્પૃહી મહાત્માને શરીરની જેમ ધર્મોપકરણમાં મૂર્ચ્છાનો અભાવ. | ૧૮ |
| | પરદ્રવ્યની રતિ શુદ્ધાત્મતત્ત્વની અવિરોધી સ્થાપક યુક્તિ. | ૧૯ |
| ૭ | પરદ્રવ્યની રતિના બંને વિકલ્પ દ્વારા દેહ-વસ્ત્રની સમાનતા. | ૨૦ |
| | રૌદ્રધ્યાનનું આયતન હોવાથી વસ્ત્રાદિ ત્યાજ્ય હોવાની શંકાનું સમાધાન. | ૨૧ |
| | મોક્ષસાધનત્વમતિનો અનુબંધ દેહ-વસ્ત્રમાં સમાન. | ૨૧ |
| ૮ | દિગંબરને માન્ય પરમઉપેક્ષાસંયમનું સ્વરૂપ. | ૨૩-૨૫ |
| | દિગંબરને માન્ય ઉત્સર્ગ-અપવાદના સ્વરૂપ અંગે શંકા-સમાધાન. | ૨૬ |
| | વિહિત ઉપધિવિષયક યતના ધ્યાનની અવિરોધી. | ૨૬-૨૭ |
| | વિશેષાવશ્યકગ્રંથ પ્રમાણે ધ્યાનનું સ્વરૂપ. | ૨૭ |
| | વાચિક, કાયિક ધ્યાનવિષયક શંકા-સમાધાન. | ૨૭ |
| | યોગનિરોધ પૂર્વે કેવલીને ધ્યાનનો અભાવ. | ૨૮-૨૯ |
| ૯ | સ્વભાવસમવસ્થાનનું સ્વરૂપ. | ૨૯ |
| | સ્વભાવસમવસ્થાન એ ધ્યાન નથી અને સિદ્ધોને સ્વભાવસમવસ્થાનરૂપ નૈશ્ચયિકધ્યાન અસ્વીકારની યુક્તિ. | ૩૦-૩૧ |
| ૧૦ | સ્વભાવસમવસ્થાનને નૈશ્ચયિકધ્યાન સ્વીકારીને અને સાધ્વાચારની ક્રિયાને ધ્યાનની વિરોધી સ્વીકારીને પણ મુનિભાવની અવિરોધી સ્થાપક યુક્તિ. | ૩૨-૩૫ |
| ૧૧-૧૨ | વસ્ત્રાદિના અસ્વીકારમાં દિગંબરની વિશેષ યુક્તિ. | ૩૬-૪૨ |
| | દિગંબરમતે આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબંધ તે ઉત્સર્ગ અને શુદ્ધઉપયોગના સાધનભૂત ચાર પ્રકારની ઉપધિ તે અપવાદ. | ૩૭ |
| | દિગંબરમતે આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબંધરૂપ ઉત્સર્ગ સ્વરૂપથી ઉપાદેય અને ઉપધિ ફળથી ઉપકારક હોવા છતાં સ્વરૂપથી હેય. | ૩૭ |
| | દિગંબરમતે પરમઉપેક્ષાભાવવાળાને મુખ્ય ચારિત્ર અને શુભઉપયોગવાળાને ગૌણ ચારિત્ર. | ૩૮-૩૯ |
| | દિગંબરમતે સકારણ પણ પ્રતિષિદ્ધનું સેવન એ અનાચાર. | ૪૧-૪૨ |
| | અપવાદિક પણ હિંસાની પ્રવૃત્તિથી વૈયાવચ્ચાદિ પ્રવૃત્તિનો સાધુ અનધિકારી. | ૪૨ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૩ | શરીરની જેમ વસ્ત્રાદિ શુદ્ધોપયોગમાં ઉપકારી. | ૪૩ |
| | વસ્ત્ર આર્તધ્યાનના પરિહાર દ્વારા શુદ્ધઉપયોગને ઉપકારક અને રૌદ્રધ્યાનના પરિહાર દ્વારા શુભધ્યાનને ઉપકારક. | ૪૪-૪૫ |
| | ધ્યાનના આલંબનભૂત સ્વાધ્યાયમાં વસ્ત્રની ઉપકારકતા. | ૪૫ |
| | મૃતકને આચ્છાદન માટે અને ગ્લાનના પ્રાણની રક્ષા માટે વસ્ત્રની ઉપકારકતા. | ૪૫ |
| | મુખવસ્ત્રિકા, રજોહરણ અને ચોલપટ્ટાની ઉપયોગિતા ઓઘનિર્યુક્તિની સાક્ષીપૂર્વક. | ૪૭ |
| | વસ્ત્રની જેમ પાત્રગ્રહણના લાભો, વિશેષાવશ્યકની સાક્ષીપૂર્વક. | ૪૮ |
| | ધર્મોપષ્ટંભક હોવાથી શરીરની જેમ વસ્ત્ર-પાત્રાદિનો અંગીકાર. | ૪૯ |
| | શરીરના સંગની જેમ વસ્ત્રસંગમાં પણ પરમ ઉપેક્ષાનો અપ્રતિરોધ. | ૪૯ |
| ૧૪ | વસ્ત્રની જેમ સાધુને વેદોદયના નિવારણ માટે આધ્યાત્મિકો તરફથી આપત્તિ. | ૫૦-૫૧ |
| ૧૫ | વસ્ત્રધારી સાધુનો ઉપહાસ કરનાર દિગંબરમતવાળા કુમારપાળાદિની અજ્ઞાનતાનું આવિષ્કરણ. | ૫૧ |
| | ક્ષુધાવેદનાના પ્રતિકાર માટે આહારાદિની પ્રવૃત્તિની જેમ ધર્મોપકરણમાં સમાનતા. | ૫૨ |
| ૧૬ | શુભ-અશુભ ઉદ્દેશને ઉદ્દેશીને રાગ-દ્વેષની શુભાશુભતા. | ૫૨ |
| | શ્વેતાંબરમત અને દિગંબરમત પ્રમાણે રાગ-દ્વેષના પ્રશસ્ત-અપ્રશસ્તનો વિભાગ. | ૫૨-૫૩ |
| | પ્રશસ્ત, અપ્રશસ્ત રાગ-દ્વેષનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક. | ૫૩ |
| | પ્રશસ્ત, અપ્રશસ્ત પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૫૩ |
| | પૂર્વપક્ષીની માન્યતાનુસાર પ્રવૃત્તિ રાગથી થાય, દ્વેષથી નહિ. | ૫૬ |
| | ઉપાદિત્સા, જિઘાંસા અને જિહાસાનું સ્વરૂપ. | ૫૬ |
| | સ્વસિદ્ધાંતાનુસાર દ્વેષની પણ પ્રવૃત્તિ. | ૫૬ |
| | પૂર્વપક્ષી- ત્રણ પ્રકારના જ્ઞાનથી ત્રણ પ્રકારની ઇચ્છા દ્વારા પ્રવૃત્તિ, તેથી રાગથી જ પ્રવૃત્તિ. | ૫૬ |
| | સિદ્ધાંતપક્ષી- ઇષ્ટઅનિષ્ટપણાનું રાગ-દ્વેષને આધીનપણું, તેથી દ્વેષથી પણ પ્રવૃત્તિનો સંભવ. | ૫૬ |
| | સમ્યગ્દષ્ટિ એવા ચક્રવર્તી આદિની પ્રવૃત્તિમાં વર્તતા રાગ-દ્વેષનું સ્વરૂપ અને તેઓનું માનસ. | ૫૮ |
| | સરાગચારિત્ર પણ અંતે દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદનાગત પરિણામને ઉપકારી એવા પ્રશસ્તરાગ-દ્વેષથી સંકીર્ણ | ૫૮-૫૯ |
| | પરના ઉપઘાત માટે કરાતો દ્વેષ અપ્રશસ્ત જ છે, એવી દિગંબરની માન્યતાના નિરાકરણપૂર્વક વિશિષ્ટ કારણે કરાતો પ્રશસ્ત દ્વેષ, પ્રશસ્ત રાગની જેમ ચારિત્રના પરિણામનો અપ્રતિબંધક. | ૬૦ |
| | સ્ફટિક અને તાપિચ્છકુસુમના દૃષ્ટાંતથી દ્વેષ સરાગચારિત્રને અનુપકારી, એ કથનનું યુક્તિપૂર્વક નિરાકરણ | ૬૦-૬૧ |
| | દ્વેષ પણ રાગની જેમ સરાગચારિત્રને ઉપકારક છે, એ કથન દ્વારા દ્વેષની પ્રશસ્ત-અપ્રશસ્તતાની સિદ્ધિ, અને પ્રવચનસારમાં દ્વેષને કેવલ અપ્રશસ્ત કહેલ છે એ વચનનું નિરાકરણ. | ૬૧ |
| | કારણિક દ્વેષ નિષ્કારણે અનુપકારક. | ૬૨ |
| | વિશિષ્ટ લબ્ધિધારી શ્રાવકના અભાવમાં લબ્ધિધારી શ્રમણને કૂપખનન દૃષ્ટાંતથી અપવાદથી કારણિક દ્વેષનો અધિકાર. | ૬૨ |
| | સાર્વદિકત્વ અને કાદાચિત્કત્વ દ્વારા ગૃહસ્થ અને સાધુની પ્રભાવકતાનો ભેદ. | ૬૨-૬૩ |
| | બીજાને ઉપઘાત થાય તે પ્રકારે સંઘાદિની ભક્તિ કરવામાં ઉત્કૃષ્ટ શ્રાવકને પણ અધિકાર નહિ હોવાથી યતિને તો સર્વથા અધિકારના અસંભવની પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ. | ૬૩ |
| | પુષ્ટાલંબન વિના અપવાદનું સેવન પ્રમાણભૂત નથી, સદ્ભૂત અર્થની ગવેષણાપૂર્વક અપવાદનું સેવન પ્રમાણભૂત. | ૬૪ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૬ | અપવાદિક હિંસામાં ઉપયોગની શુદ્ધિ યોગદુષ્પ્રણિધાનનો અભાવ. | ૬૪-૬૫ |
| | વિષયના આલંબનથી કષાયમાં પ્રશસ્તતા-અપ્રશસ્તતાના સ્વીકારવાને કારણે દ્વેષમાં પ્રશસ્તતાનો નિષેધ કરનાર દિગંબરમતનું, સ્વઅભિમત દૃષ્ટાંતમાં વ્યભિચાર દર્શાવવાપૂર્વક નિરાકરણ. | ૬૫-૬૭ |
| | અભવ્યને પણ ભોગના નિમિત્તથી ચારિત્રના અનુરાગનો સંભવ. | ૬૭ |
| | ભોગપ્રાપ્તિના ઉદ્દેશથી થતો ચારિત્રનો રાગ અપ્રશસ્ત. | ૬૭ |
| | મોક્ષના અનુરાગથી ધર્મોપકરણનો અનુરાગ પ્રશસ્ત. | ૬૮ |
| ૧૭-૨૧ | નિક્ષેપ-નયના વિભાગ દ્વારા રાગ-દ્વેષના સ્વરૂપનું પર્યાલોચન. | ૬૮-૭૭ |
| | ઉદયમાં આવેલાં તે રાગ-દ્વેષરૂપ કર્મ, અને તેનાથી થતા પરિણામો તે ભાવ રાગ-દ્વેષ. | ૬૯-૭૦ |
| | નયો દ્વારા દ્વેષમાં ક્રોધાદિ ચાર કષાયોના અંતર્ભાવનું સ્વરૂપ. | ૬૯ |
| | તદ્વ્યતિરિક્ત દ્રવ્ય રાગ-દ્વેષના કર્મદ્રવ્યરૂપ અને નોકર્મદ્રવ્યરૂપ ભેદોનું સ્વરૂપ. | ૭૦ |
| | રાગ-દ્વેષનું લક્ષણ. | ૭૦ |
| | ત્રણ પ્રકારના અભિષ્વંગનું સ્વરૂપ. | ૭૦ |
| | રાગ-દ્વેષના સ્વરૂપમાં નયવિભાગ. | ૭૨-૭૭ |
| | સંગ્રહનયથી ક્રોધાદિમાં રાગ-દ્વેષના અંતર્ભાવનું સ્વરૂપ. | ૭૨ |
| | વ્યવહારનયથી ક્રોધાદિમાં રાગ-દ્વેષના અંતર્ભાવનું સ્વરૂપ. | ૭૨ |
| | ન્યાયઉપાત્ત વિત્તમાં મૂર્ચ્છાપરિણામ એ રાગ, અન્યાયથી ગ્રહણ કરાયેલ વિત્તમાં વ્યવહારનયથી રાગનો અસ્વીકાર. | ૭૨ |
| | રાગ-દ્વેષનું લક્ષણ. | ૭૩ |
| | ૠજુસૂત્રનયથી રાગ-દ્વેષથી અપૃથક્રૂપે ક્રોધાદિનું યોજન. | ૭૩ |
| | ૠજુસૂત્રનયથી સમુચ્ચયવાદનો અસ્વીકાર. | ૭૩ |
| | શબ્દનયના મતે રાગ-દ્વેષથી અપૃથક્રૂપે ક્રોધાદિનું યોજન. | ૭૪ |
| | વેદત્રય અને હાસ્ય-રતિનો રાગમાં અંતર્ભાવ, અરતિ-શોક-ભય અને જુગુપ્સાનો દ્વેષમાં અંતર્ભાવ. | ૭૪ |
| | શુદ્ધનિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ. | ૭૪ |
| | દિગંબરમતાનુસાર શુદ્ધનિશ્ચયનય, અશુદ્ધનિશ્ચયનય, અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય અને ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી રાગ-દ્વેષનું સ્વરૂપ. | ૭૪-૭૫ |
| | દિગંબરને માન્ય રાગ, પ્રશસ્ત-અપ્રશસ્ત ઉભય પ્રકારે, અને દ્વેષ અપ્રશસ્ત એક પ્રકારે સ્થાપનની યુક્તિ. | ૭૫-૭૬ |
| ૨૨ | ૠજુસૂત્રનયની વિશેષ દૃષ્ટિને આશ્રયીને દ્વેષની પ્રશસ્ત-અપ્રશસ્તરૂપે સ્વીકારની યુક્તિ. | ૭૫-૭૭ |
| | નિશ્ચયનયથી પરદ્રવ્યમાં પ્રવૃત્તિ મોહજન્યા કે મોહજનિકા નથી તેનું પ્રસન્નચંદ્રના દૃષ્ટાંતથી સ્થાપન. | ૭૭-૮૦ |
| | નિશ્ચયનયથી પરદ્રવ્યથી રાગ-દ્વેષની અપ્રાપ્તિ. | ૭૮ |
| | નિશ્ચયનયથી પરદ્રવ્યની પ્રવૃત્તિથી મોહની અપ્રાપ્તિ. | ૭૮ |
| | મોહોદયપરિણત આત્મા જ મોહરૂપ કાર્યનો જનક. | ૭૮ |
| | સ્વ-પર અંતર્ગત પરત્વનું લક્ષણ. | ૭૮-૭૯ |
| | મોહની ઉત્પત્તિનું કારણ. | ૮૦ |
| | પરદ્રવ્યની પ્રવૃત્તિમાત્ર મોહજનક છે, એ પ્રકારે દિગંબરની માન્યતાનું સુષુપ્ત અવસ્થાના દૃષ્ટાંત દ્વારા નિરાકરણ. | ૮૦ |
| | પ્રવૃત્તિ પ્રત્યે યોગની હેતુતા. | ૮૧ |
| | પ્રવૃત્તિ યોગકૃત, ફલાકાંક્ષા રાગ-દ્વેષકૃત. | ૮૧ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૨ | સિદ્ધાંતપક્ષ પ્રમાણે યોગની સાથે વીર્યલબ્ધિનું અવિનાભાવીપણું. | ૮૨ |
| | સિદ્ધાંતમતે ક્ષાયિકી પણ વીર્યલબ્ધિનો યોગના વિલયથી જ વિલય. | ૮૨ |
| | સિદ્ધમાં ક્ષાયિક વીર્યલબ્ધિનો અભાવ. | ૮૨ |
| | વ્યાપારના ભેદથી યોગનું ત્રૈવિધ્ય હોવા છતાં વસ્તુતઃ એકરૂપ. વિશેષાવશ્યકનું ઉદ્ધરણ. | ૮૨-૮૩ |
| | મન-વચન-કાયાના યોગોના સ્વરૂપનું ઉદ્ધરણ, મન-વચન-કાયાથી થતું વીર્યસ્ફુરણ નયભેદથી કથંચિત્ એકરૂપ, નયભેદથી કથંચિત્ ભિન્નરૂપનું સ્પષ્ટીકરણ. | ૮૩-૮૪ |
| | ત્રણ યોગો નયવિશેષથી સ્વતંત્ર હોવાનું ઉદ્ધરણ. | ૮૩ |
| | વિશેષ નય દૃષ્ટિથી સુષુપ્ત અવસ્થામાં જ્ઞાનોપયોગનો અભાવ. | ૮૪ |
| | ગાથાના અંતિમપાદમાં કહેલ ફલાકાંક્ષા રાગ-દ્વેષકૃત છે તેની સ્પષ્ટતા, ફલેચ્છા નિયમથી રાગ-દ્વેષકૃત. | ૮૫ |
| | નિશ્ચયનયથી પરમ નિઃસ્પૃહીને મોક્ષની ઇચ્છા પણ અનાદેય. | ૮૫ |
| | ભગવાનની દેશનાનું પ્રયોજન. | ૮૫-૮૬ |
| | રાગ-દ્વેષ વગર પણ કેવલીની પ્રવૃત્તિની સંગતિ. | ૮૬ |
| | પરોપકારના યથાર્થપણાને કારણે રાગ વગર પણ પરોપકારની પ્રવૃત્તિનો સંભવ. | ૮૭ |
| | પરદ્રવ્યપ્રવૃત્તિ વિષયાંતરના સંચારરૂપ સામગ્રીરૂપે ધ્યાનની પ્રતિબંધક, જ્યારે પડિલેહણાદિ ક્રિયામાં સૂક્ષ્મ અંતર્મુહૂર્તભાવી પરમાત્મલયથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ. | ૮૭-૮૮ |
| | અપ્રમત્તગુણસ્થાનકમાં આવશ્યકાદિ ક્રિયાના પ્રારંભનો અભાવ હોવા છતાં આવશ્યકાદિ ક્રિયાઓ અપ્રમત્તગુણસ્થાનકની પ્રાપ્તિમાં પ્રતિબંધક નથી. | ૮૯ |
| | આત્મધ્યાનથી અને આવશ્યકાદિથી શુદ્ધિની પ્રાપ્તિ માટેની ભૂમિકાનો ભેદ. | ૯૦ |
| | શુભઉપયોગરૂપ અપકૃષ્ટ સ્થવિરકલ્પ કરતાં શુદ્ધઉપયોગરૂપ ઉત્કૃષ્ટમાર્ગ આદરણીય છે, એ પ્રકારે દિગંબરની માન્યતાનું નિરાકરણ. | ૯૦-૯૧ |
| | શ્વેતાંબર કરતાં દિગંબરમાર્ગ ઉત્કૃષ્ટ છે એ કથનનું નિરાકરણ. | ૯૧-૯૨ |
| ૨૩-૨૪ | વસ્ત્રાદિમાં પરિગ્રહ-અપરિગ્રહત્વની દિગંબર સાથે દાર્શનિક ચર્ચા. | ૯૨-૧૦૬ |
| | નિર્ગ્રંથ સાધુઓને વસ્ત્રાદિ ગ્રંથરૂપ નથી, અનુમાન દ્વારા સમર્થન. | ૯૨-૯૩ |
| | દેહરક્ષણ માટે આહારની જેમ યતનાવડે વસ્ત્રાદિ વિહિત. | ૯૩ |
| | મૂર્ચ્છાહેતુત્વહેતુક અનુમાનથી સત્પ્રતિપક્ષની આશંકા. | ૯૫ |
| | મૂર્ચ્છાહેતુત્વહેતુક અનુમાનના વિવિધ પરિષ્કારો. | ૯૫-૯૮ |
| | જેમને વસ્ત્રાદિમાં મૂર્ચ્છા થાય છે, તેમને જ વસ્ત્રાદિ ગ્રંથરૂપ છે અન્યને નહિ, તેની સ્થાપક યુક્તિ ઉદ્ધરણપૂર્વક. | ૯૭-૯૮ |
| | નિશ્ચયનયને આશ્રયીને ગ્રંથ-અગ્રંથની વ્યવસ્થા, ગ્રંથ-અગ્રંથનો એકાંત નિયમ નથી, તેમાં વિશેષાવશ્યકનું ઉદ્ધરણ. | ૯૮-૯૯ |
| | નિશ્ચયનયની અપેક્ષાએ મૂર્ચ્છા જ ગ્રંથ હોવા છતાં મૂર્ચ્છાજનનપરિણત દ્રવ્ય એ ગ્રંથ, એ પ્રકારના વ્યવહારનો પણ ઉપચારથી નિશ્ચયરૂપે સ્વીકાર. | ૯૯ |
| | પ્રસન્નચંદ્રરાજર્ષિની પ્રવૃત્તિમાં મૂર્ચ્છાહેતુતાની વિચારણા. | ૧૦૦-૧૦૨ |
| | મોક્ષેચ્છાદિરૂપ રાગથી અધ્યાત્મની શુદ્ધિ. | ૧૦૧ |
| | **'यावदप्राप्तं तावद्विधेयम्'** એ ન્યાયથી આહાર-ઉપકરણાદિના વિધાનરૂપ શાસ્ત્રીય વચનની યતનામાં અને તદનુકૂળ વિશેષવિધિમાં વિશ્રાન્તિ. | ૧૦૩ |
| | કેવલીની સાધુને નદી ઊતરવાની અનુજ્ઞાનું રહસ્ય. | ૧૦૪ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૩-૨૪ | આહારની જેમ આક્ષેપપ્રાપ્ત ઉપધિના ગ્રહણમાં યતનાને અનુકૂળ સ્વલ્પતાની અનુજ્ઞા. | ૧૦૪-૧૦૫ |
| | લબ્ધિધારી જિનકલ્પિકાદિને વસ્ત્રાદિ ઉપધિનો અભાવ. | ૧૦૫ |
| | સંયમીના આહાર-વિહારની પ્રદીપના દૃષ્ટાંતથી ઘટમાનતા, પ્રવચનસારના ઉદ્ધરણપૂર્વક. | ૧૦૬ |
| | દીપકના દૃષ્ટાંતથી ધર્મોપકરણ સંયમ પ્રત્યે ઉપકારી. | ૧૦૬ |
| ૨૫ | આહારવત્ ઉપધિ જરૂરી. | ૧૦૮ |
| | અણાહારીપણાની જેમ મુનિને વસ્ત્ર હોવા છતાં અપરિગ્રહતા યુક્તિસંગત. | ૧૦૮-૧૧૦ |
| | આહાર ગ્રહણ કરવા છતાં સંયમી સાધુ ભાવથી અણાહારી. | ૧૦૮-૧૦૯ |
| | અનશનસ્વભાવની ભાવનાનું સ્વરૂપ. | ૧૦૮-૧૦૯ |
| | સંયમી સદા અણાહારી, પ્રવચનસારનું ઉદ્ધરણ. | ૧૦૮-૧૦૯ |
| | ભાવથી મુનિની અપરિગ્રહતાનું સ્વરૂપ. | ૧૦૯ |
| | અંતરંગતપરૂપ અપરિગ્રહસ્વભાવભાવનાનું સ્વરૂપ. | ૧૦૮-૧૦૯ |
| | સંયમીની આહાર-વસ્ત્રાદિમાં પ્રવૃત્તિનું પ્રયોજન. | ૧૧૦ |
| ૨૬ | વસ્ત્ર રાખનાર અચેલક શી રીતે? એ કથન અવિચારિત ઉપન્યસ્ત. | ૧૧૦-૧૧૧ |
| | દ્રવ્યથી આહારી, ભાવથી અણાહારી છે; એ જ રીતે દ્રવ્યથી વસ્ત્રધારી, ભાવથી નિષ્પરિગ્રહી | ૧૧૧ |
| ૨૭ | ક્ષુધાપરીષહના વિજયનું સ્વરૂપ. | ૧૧૨ |
| | અચેલપરીષહના વિજયનું સ્વરૂપ. | ૧૧૨ |
| | નિશ્ચયનયથી પરીષહના વિજયનું સ્વરૂપ. | ૧૧૩ |
| | પરમ સામાયિકનું ફળદર્શન. | ૧૧૩ |
| | નિશ્ચયનયથી અચેલપરીષહના વિજયનું સ્વરૂપ. | ૧૧૩ |
| | મુનિને ક્ષુધાપરીષહવિજયમાં ઉપષ્ટંભક આહારાદિની પ્રવૃત્તિની જેમ ધર્મોપકરણમાં પ્રવૃત્તિ અચેલપરીષહમાં ઉપષ્ટંભક. | ૧૧૩-૧૧૪ |
| ૨૮ | ધર્મોપકરણની હાજરીમાં વ્યવહારનયથી પણ અચેલતા. | ૧૧૪-૧૧૫ |
| | દૃષ્ટાંતથી વસ્ત્રમાં સંયમઉપકારિતાની સ્થાપક યુક્તિ. | ૧૧૪-૧૧૫ |
| | ઉપચરિત લૌકિક અને લોકોત્તર વ્યવહારથી અચેલકત્વનું સ્વરૂપ. | ૧૧૫ |
| ૨૯ | ઉપચરિતવ્યવહારનય અને નિરુપચરિતવ્યવહારનયથી અચેલકપણાના સ્વામી. | ૧૧૫ |
| | નિરુપચરિતવ્યવહારનયથી અચેલકત્વનું સ્વરૂપ. | ૧૧૬ |
| | સર્વથા ઉપધિરહિત સંયમને યોગ્ય કોણ? તેનું કથન. | ૧૧૬ |
| | તીર્થંકરને દેવદૂષ્ય ધારણ કરવાનું પ્રયોજન. | ૧૧૬ |
| | તીર્થંકરને પણ દેવદૂષ્યની હાજરીમાં ઉપચરિતવ્યવહારનયથી અચેલપણું. | ૧૧૬ |
| | જિનકલ્પિકની ઉપધિનો વિભાગ-નિશીથભાષ્યના ઉદ્ધરણપૂર્વક. | ૧૧૬-૧૧૮ |
| | જિનકલ્પિક સંબંધી પાત્રવિષયક ઉપધિનું સ્વરૂપ, નિશીથભાષ્યના ઉદ્ધરણપૂર્વક. | ૧૧૬-૧૧૮ |
| ૩૦ | ભગવાનની આચરણાને અનુરૂપ આચરણ કરનારા સાધુઓ છે અન્ય નહિ, એ રૂપ દિગંબરના કથનનું નિરાકરણ. | ૧૧૮ |
| ૩૧ | ભગવાનની આચરણાને અનુરૂપ જ સર્વથા આચરણા કરવામાં તીર્થોચ્છેદનો પ્રસંગ. | ૧૧૯ |
| | શુદ્ધઉપયોગના અધિકારીએ ભગવાનની આચરણાને અનુરૂપ આચરણા કર્તવ્ય છે, એ રૂપ દિગંબરના કથનનું નિરાકરણ. | ૧૧૯-૧૨૦ |
| | જિનકલ્પના અધિકારી. | ૧૨૦ |
| ૩૨ | જિનકલ્પ અને સ્થવિરકલ્પના અધિકારી. | ૧૨૧ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૨ | સ્થવિરકલ્પના અધિકારીનું સ્વરૂપ. | ૧૨૩ |
| | જિનકલ્પના અધિકારીનું સ્વરૂપ. | ૧૨૩ |
| | પ્રવ્રજ્યાદિક્રમે સ્થવિરકલ્પની આરાધના. | ૧૨૧-૧૨૬ |
| | દીક્ષા ગ્રહણ કર્યા પછી ગ્રહણશિક્ષા અને આસેવનશિક્ષાના કાળમાનનો નિર્દેશ. | ૧૨૩ |
| | આચાર્યપદયોગ્યને અનિયતવાસ અને તેનાથી થનારા લાભો. | ૧૨૩ |
| | આચાર્યપદની યોગ્યતાની નિષ્પત્તિ. | ૧૨૪ |
| | ભક્તપરિજ્ઞાદિ અથવા જિનકલ્પાદિ દ્વિવિધ વિહાર. | ૧૨૪ |
| | જિનકલ્પાદિ સ્વીકાર પૂર્વે પાંચ તુલનાઓ દ્વારા સત્ત્વાદિનો પ્રકર્ષ. | ૧૨૪-૧૨૫ |
| | જિનકલ્પના સ્વીકારની વિધિ. | ૧૨૫ |
| | જિનકલ્પસ્વીકાર પછીની ચર્યાનું સ્વરૂપ. | ૧૨૫ |
| | જિનકલ્પિક સંબંધી શ્રુત-સંહનન આદિનું સ્વરૂપ. | ૧૨૫ |
| | વર્તમાનમાં સ્થવિરકલ્પને છોડીને જિનકલ્પની આચરણાનો નિષેધ. | ૧૨૬-૧૨૭ |
| | દિગંબરમતે નિશ્ચયનયથી મોક્ષના એકમાત્ર હેતુરૂપ શુદ્ધ ઉપયોગ. | ૧૨૭ |
| | નિશ્ચયનયથી સમતાપરિણામરૂપ મોક્ષમાર્ગ. | ૧૨૭ |
| | બહિરંગલિંગના અભાવમાં મમતાના અવિનાભાવનું નિરાકરણ. | ૧૨૮-૧૩૦ |
| | નિશ્ચયનયથી આત્માથી અતિરિક્ત જ્ઞાનની સામગ્રી આત્મજ્ઞાનની પ્રતિબંધક. | ૧૩૦-૧૩૧ |
| | સંયમીને ઉપયોગપૂર્વકની વસ્ત્રાદિની પ્રવૃત્તિથી પણ અધ્યાત્મપ્રાપ્તિની યુક્તિ. | ૧૩૦-૧૩૧ |
| ૩૩ | જિનકથિત માર્ગના સેવનથી હિતની પ્રાપ્તિનું દૃષ્ટાંત દ્વારા કથન. | ૧૩૨ |
| | જિનાજ્ઞાપાલનનું ફળ અને જિનાજ્ઞાના અપાલનથી કર્મબંધ. | ૧૩૨ |
| ૩૪ | આહારવત્ વસ્ત્રમાં સંયમની ઉપકારિતા. | ૧૩૩-૧૩૪ |
| | મુનિની આહારમાં પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૧૩૪ |
| | મુનિની ધર્મોપકરણમાં પ્રવૃત્તિનું સ્વરૂપ. | ૧૩૫ |
| | મૂળગુણની આચરણાના અનુરોધપૂર્વક જ ઉત્તરગુણનું આચરણ કલ્યાણકારી. | ૧૩૫ |
| | સર્વદા તાદૃશ શક્તિના અભાવમાં બાહ્ય વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ હોવા છતાં શક્તિનિગૂહનનો અભાવ. | ૧૩૬ |
| ૩૫ | વસ્ત્ર અને આહારમાં તુલ્યકારણતાનું ભાવન. | ૧૩૬ |
| | સિદ્ધાંતમાં ત્રણ કારણે વસ્ત્રગ્રહણ અનુજ્ઞાત, ઉદ્ધરણપૂર્વક. | ૧૩૬-૧૩૭ |
| | ઉપધિ આદિ કારણિક હોવાથી અમને અનુચિત છે એ પ્રકારની દિગંબરની શંકાનું નિરાકરણ. | ૧૩૭ |
| | સંયમીને આહારગ્રહણનાં છ કારણો, ઉદ્ધરણપૂર્વક. | ૧૩૭-૧૩૮ |
| | ધર્મચિંતાનું સ્વરૂપ. | ૧૩૮ |
| | લજ્જા અને સંયમાર્થે ધર્મોપકરણના ધારણનું તાત્પર્ય, સંયમીની પ્રશસ્ત લજ્જા અને કુત્સાનું સ્વરૂપ. | ૧૩૯-૧૪૦ |
| ૩૬ | અવિજિત હ્રી-કુત્સાવાળાને સંયમના અનધિકારી કહેનાર દિગંબરમતનું યુક્તિથી નિરાકરણ. | ૧૪૦-૧૪૧ |
| | સંયમવેષકૃત ગુણો, ઉદ્ધરણપૂર્વક. | ૧૪૧-૧૪૨ |
| ૩૭ | લજ્જા અને દુગંછાની હાજરીમાં અહ્રીકુત્સાસ્વભાવ ભાવનાના અભાવનું નિરાકરણ. | ૧૪૨ |
| | સંયમની નિષ્પત્તિ અને વૃદ્ધિ માટે સાધુને અહ્રીકુત્સાસ્વભાવ ભાવના અને | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૩૭ | અતૃષ્ણાક્ષુધાસ્વભાવ ભાવનાની આવશ્યકતા. | ૧૪૩ |
| | પ્રશસ્ત હ્રી-કુત્સા સંયમના સ્થિરીકરણાદિમાં કારણ. | ૧૪૩ |
| ૩૮ | સંયતને ઉપકરણની ઉચિતતાની સ્થાપક યુક્તિ. | ૧૪૪ |
| | ઉત્સર્ગ અને અપવાદની પરસ્પર મૈત્રી. | ૧૪૪ |
| | ઉત્સર્ગ અને અપવાદનું સ્વરૂપ. | ૧૪૪ |
| | દિગંબરમતે અપવાદસાપેક્ષ ઉત્સર્ગ અને ઉત્સર્ગસાપેક્ષ અપવાદનું સ્વરૂપ. | ૧૪૫ |
| | દિગંબરમતે ઉત્સર્ગઅપવાદની મૈત્રીથી આચરણનું ઉદ્ધરણ. | ૧૪૪-૧૪૫ |
| | અપવાદની ઉપાદેયતા. | ૧૪૬ |
| | અપવાદનિરપેક્ષ ઉત્સર્ગ કર્મબંધનું કારણ, ઉત્સર્ગનિરપેક્ષ અપવાદ દોષરૂપ તથા મહાકર્મબંધનું કારણ. | ૧૪૬ |
| | ઉત્સર્ગ-અપવાદની મૈત્રીથી ગ્રહણ કરાતી ઉપધિમાં અચેલતાદિ પ્રશસ્ત ભાવો. | ૧૪૭ |
| ૩૯ | ઉપકરણના ગ્રહણથી દ્રવ્યપ્રત્યાખ્યાનના ભંગની દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૧૪૮ |
| | પરિગ્રહના ચાર ભેદો ઉદ્ધરણપૂર્વક. | ૧૪૮-૧૪૯ |
| | દિગંબરમતે દ્રવ્ય પરિગ્રહમાં લેપનો સંભવ. | ૧૪૮-૧૪૯ |
| | પક્ખીસૂત્રમાં કહેલ ચાર પ્રકારના પરિગ્રહની પણ મૂર્ચ્છાત્યાગમાં વિશ્રાંતિ. | ૧૪૮-૧૪૯ |
| | ચાર પ્રકારના પરિગ્રહને કહેનારા પક્ખીસૂત્રના વચનનું તાત્પર્ય, મૂર્ચ્છાત્યાગમાં વિશ્રાંતિની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૧૪૮-૧૫૦ |
| | પ્રાણાતિપાતાદિને મોહજન્ય માનનાર મતનું કેવલીને પણ કાયા દ્વારા દ્રવ્યાશ્રવ માનવાની આપત્તિ દ્વારા નિરાકરણ. | ૧૫૦-૧૫૩ |
| | દિગંબરના મતે મોહથી પરપદાર્થવિષયક પ્રવૃત્તિ હોવાને કારણે મોહની સત્તાથી પરપદાર્થવિષયક દ્રવ્યપરિણતિ સ્વીકારી શકાય તો પણ તે યુક્ત નથી. | ૧૫૩-૧૫૪ |
| | મોહના પરિણામ વગર યોગમાત્રથી પણ પ્રવૃત્તિના સંભવની યુક્તિ. | ૧૫૩-૧૫૪ |
| ૪૦ | મુનિને વસ્ત્ર ધર્મમાં ઉપકારક છે એ પ્રકારે ગાથા-૪માં કહેલ કથનનો ઉપસંહાર. | ૧૫૪-૧૫૫ |
| | સંયમના ઉપકરણનું ફળદર્શક સ્વરૂપ. | ૧૫૫ |
| ૪૧ | પૃચ્છા કરનાર દિગંબર અને ઉપહાસ કરનાર આધ્યાત્મિકોના અત્યાર સુધી કરાયેલ નિરાકરણનું નિગમન. | ૧૫૫-૧૫૭ |
| ૪૨ | અધ્યાત્મપ્રાપ્તિનો ઉપાય. | ૧૫૭-૧૫૮ |
| | પરમ અધ્યાત્મનું સ્વરૂપ. | ૧૫૮ |
| ૪૩ | વ્યવહારનયના લોપથી થતા અપાયનું વિધાન. | ૧૫૮-૧૫૯ |
| | બાહ્યક્રિયાના લોપથી ઉત્સૂત્રની પ્રાપ્તિ, એ વાતનું યુક્તિ તેમજ આવશ્યકનિર્યુક્તિના ઉદ્ધરણ દ્વારા સમર્થન. | ૧૫૯-૧૬૦ |
| | નિશ્ચયનયથી ઇષ્ટસાધનતાજ્ઞાનથી પ્રવૃત્તિ અને વ્યવહારનયથી ઇષ્ટપ્રયોજકતાજ્ઞાનથી પ્રવૃત્તિ. | ૧૬૧ |
| ૪૪ | મરુદેવાદિને નિસર્ગથી જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ. | ૧૬૨-૧૬૩ |
| | નિશ્ચયનયથી સ્વભાવથી જ સર્વકાર્યની નિષ્પત્તિ અને વ્યવહારનયથી બાહ્યક્રિયા દ્વારા કાર્યની નિષ્પત્તિ. | ૧૬૨-૧૬૩ |
| | સ્વભાવથી જ કાર્યનિષ્પત્તિ સ્વીકારનાર બૌદ્ધની યુક્તિ અને બાહ્ય હેતુથી જ કાર્યનિષ્પત્તિના સ્થાપક નૈયાયિકની યુક્તિ. | ૧૬૩-૧૬૭ |
| | બૌદ્ધને અભિમત સ્વભાવવાદ અને નૈયાયિકને અભિમત હેતુવાદ, ઉભયની | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૪૪ | સ્યાદ્વાદમતે સ્વીકારની યુક્તિ અને તેમાં નયોનું યોજન. | ૧૬૮-૧૯૧ |
| | સ્યાદ્વાદમતે ભિન્ન ભિન્ન નયોથી કાર્યકારણભાવની વ્યવસ્થાનું સ્વરૂપ. | ૧૬૮-૧૮૭ |
| | ઋજુસૂત્રનયથી સ્વભાવનું લક્ષણ. | ૧૬૮ |
| | સ્વભાવથી જ કાર્યનિષ્પત્તિના સ્વીકારની ઋજુસૂત્રનયની યુક્તિ, સ્વભાવથી જ કાર્ય સ્વીકારવા છતાં કાર્યાર્થીની બાહ્ય અર્થમાં પ્રવૃત્તિની સંગતિસ્થાપક ઋજુસૂત્રનયની યુક્તિ. | ૧૬૮-૧૮૦ |
| | સ્વભાવથી જ કાર્યનિષ્પત્તિ સ્વીકારનાર ઋજુસૂત્રનયની યુક્તિના નિરાકરણપૂર્વક હેતુવાદની સ્થાપક વ્યવહારનયની યુક્તિ. | ૧૮૧-૧૮૪ |
| | સંગ્રહનયના મતે બીજત્વેન-અંકુરત્વેન સામાન્ય કાર્યકારણભાવનો સ્વીકાર હોવાથી ઋજુસૂત્રના મતમાં આવતા દોષોની સંગ્રહનયને અપ્રાપ્તિની યુક્તિ. | ૧૮૪-૧૮૭ |
| | કાર્યકારણભાવની વિચારણામાં નૈગમનયનો સંગ્રહ અને વ્યવહારમાં અંતર્ભાવ. | ૧૮૭ |
| | કાર્યકારણભાવની વિચારણામાં શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયની ઋજુસૂત્રનયની સાથે સમાન માન્યતા. | ૧૮૭ |
| | કાર્યકારણભાવની વિચારણામાં પ્રમાણદૃષ્ટિથી સર્વનયોને જોવાની દૃષ્ટિ. | ૧૮૭-૧૯૧ |
| | પ્રમાણથી સ્વભાવનું સ્વરૂપ. | ૧૯૦ |
| ૪૫-૪૬-૪૭ | નિશ્ચયનયને માન્ય અભ્યંતર કારણોનું બલિકપણું અને વ્યવહારનયને માન્ય બાહ્ય કારણોનું બલિકપણું હોવા છતાં પ્રમાણથી બંનેની તુલ્યતા સ્થાપક યુક્તિઓ. | ૧૯૩-૧૯૪ |
| | અંતરંગહેતુરૂપ અદૃષ્ટના બલવત્ત્વનું સ્વરૂપ. | ૧૯૪ |
| | કર્મના વૈચિત્ર્યને કારણે જ સુખ-દુઃખાદિના વૈચિત્ર્યની પ્રાપ્તિ હોવાથી અંતરંગ હેતુને બલવાનરૂપે સ્થાપક નિશ્ચયનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૧૯૪-૧૯૭ |
| | કાર્ય પ્રત્યે કર્મ અને ઉદ્યમ કારણ હોવા છતાં કર્મના વૈચિત્ર્યના સ્વીકારનું સ્થિતપક્ષ દ્વારા દૃષ્ટાંતથી ભાવન, અંતરંગ અને બહિરંગ હેતુમાં અપેક્ષાએ અંતરંગ હેતુને બલવાનરૂપે સ્થાપક પ્રમાણની યુક્તિ. | ૧૯૪-૧૯૭ |
| | ભાગ્યવાનને રત્નમુદ્રાની પ્રાપ્તિ થઇ તે સ્થાનમાં પણ સ્યાદ્વાદ દૃષ્ટિએ ભાગ્ય તથા પુરુષકારની કારણતા દર્શાવતી યુક્તિ. | ૧૯૬-૧૯૭ |
| | અદૃષ્ટના બલવત્ત્વદર્શક કથનનું નિરાકરણ. | ૧૯૭-૧૯૮ |
| | અંતરંગ કારણના વૈષમ્યથી જ કાર્યનું વૈષમ્ય હોવાથી અંતરંગ કારણને જ બલવાન સ્વીકારનાર નિશ્ચયનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૧૯૭-૧૯૮ |
| | કાર્ય સાથે બાહ્ય કારણનો નિયત યોગ નહિ હોવાને કારણે અંતરંગ કારણને બલવાન સ્વીકારનાર નિશ્ચયનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૧૯૭-૨૦૨ |
| | અંતરંગ કારણની જેમ બાહ્ય કારણનો પણ ક્વચિત્ ફળની સાથે નિયત યોગ, ક્વચિત્ દ્રવ્યદાનથી ભાવદાન દ્વારા ફળની પ્રાપ્તિ, ક્વચિત્ દ્રવ્યદાન વગર ભાવદાનથી જ ફળની પ્રાપ્તિ, નયભેદથી દ્રવ્યદાનનો ફળ પ્રત્યે પ્રયોજકરૂપે સ્વીકાર અને નયભેદથી કારણરૂપે સ્વીકાર, કેવલ ભાવદાનથી થતા ફળ કરતાં દ્રવ્યદાનપૂર્વકના ભાવદાનથી થતા ફળમાં વિશેષતા સ્વીકારનાર નયની યુક્તિ. | ૧૯૯-૨૦૨ |
| ૪૮ | નિશ્ચયનયથી અંતરંગકારણથી જ કાર્યનિષ્પત્તિ. | ૨૦૩ |
| | વ્યવહારનયઉપજીવી નિશ્ચયનયથી અંતરંગ કારણરૂપ પુણ્ય-પાપને આશ્રયીને જ સુખ-દુઃખાદિની પ્રાપ્તિ અને બાહ્ય નિમિત્તોનો અવજર્યસંનિધિરૂપે સ્વીકાર, ઉદ્ધરણપૂર્વક. | ૨૦૪-૨૦૫ |
| ૪૯ | નિશ્ચયનયથી પોતાના આત્મામાં જ શુભ ઉપયોગનું દાન અને શુભ ઉપયોગનું હરણ. | ૨૦૬ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૦ | નિશ્ચયનયથી દાન અને હરણના અસંભવની યુક્તિ, જીવનો ધર્મ અને સુખ એ જ સ્વસંપત્તિ હોવાથી તેને છોડીને અન્ય વસ્તુના દાનનો નિશ્ચયનયથી અસંભવ. | ૨૦૭-૨૦૮ |
| ૫૧ | દાનનું લક્ષણ અને પરદ્રવ્યના હરણનું લક્ષણ. | ૨૦૯ |
| ૫૨ | રાગ-દ્વેષને પરવશ થયેલા જીવના મન-વચન અને કાયાના પુદ્ગલોનું સ્વરૂપ. | ૨૧૦ |
| | નિશ્ચયનયથી મન-વચન અને કાયાના પુદ્ગલોથી જીવની પૃથક્તાની યુક્તિ. | ૨૧૦ |
| ૫૩ | નિશ્ચયનયથી પુદ્ગલદ્રવ્યમાં સ્વ-પરના વિભાગનો અભાવ અને વ્યવહારનયથી સ્વ-પરના વિભાગનો સંભવ. | ૨૧૧ |
| | સ્વત્વ-પરત્વનું લક્ષણ. | ૨૧૧ |
| | વ્યવહારનયથી સ્વભોગસાધનનો સ્વત્વરૂપે સ્વીકાર, અન્ય મતે વિશિષ્ટ ક્રયવિનાશ કે વિશિષ્ટ પ્રતિગ્રહના ધ્વંસનો સ્વત્વરૂપે સ્વીકાર. | ૨૧૧-૨૧૪ |
| | સ્વભોગયોગ્ય વસ્તુમાં વસ્તુથી અતિરિક્ત સ્વત્વના સ્વીકારની યુક્તિનું નિરાકરણ. | ૨૧૪ |
| ૫૪ | સ્વભોગયોગ્ય વસ્તુને સ્વકીય સ્વીકારની વ્યવહારનયની યુક્તિનું નિશ્ચયનય દ્વારા નિરાકરણ. | ૨૧૫ |
| | ભોગપ્રાપ્તિને અનુકૂળ કર્મનું સ્વરૂપ. | ૨૧૫-૨૧૬ |
| | બાહ્યસામગ્રીને સુખ-દુઃખ પ્રત્યે કારણ માનનાર વ્યવહારનયનું નિશ્ચયનય દ્વારા વ્યભિચારદોષ અને ઔપચારિક હેતુ બતાડવાપૂર્વક નિરાકરણ. | ૨૧૫-૨૧૭ |
| | કૃપણોને સ્વવિત્તના અભોગના કથનનું ઉદ્ધરણ. | ૨૧૫-૨૧૬ |
| ૫૫ | પરદ્રવ્યમાં વ્યવહારને અભિમત સ્વત્વબુદ્ધિથી આત્મસ્વભાવભાવનાના અસંભવની યુક્તિ. | ૨૧૭ |
| | પરદ્રવ્યમાં વ્યવહારનયને અભિમત સ્વીયત્વજ્ઞાન સ્વભિન્નત્વજ્ઞાનનું અવિરોધી હોવાથી આત્મસ્વભાવભાવના થઈ શકે, એ પ્રમાણેની વ્યવહારવાદીની માન્યતાનું નિશ્ચયનય દ્વારા નિરાકરણ. | ૨૧૭-૨૨૦ |
| | લોકમાં સ્વ-પરની વ્યવસ્થા રાગ-દ્વેષથી જ છે, પરમાર્થથી તે અસત્ છે; એ વાતનું નિશ્ચયનય દ્વારા સ્થાપન. | ૨૨૦ |
| ૫૬ | અધ્યાત્મભાવનાનું સ્વરૂપ અને ફળ. | ૨૨૦ |
| | નિશ્ચયનયથી સર્વ દુઃખના મૂળ રૂપ રાગ-દ્વેષની ઉત્પત્તિનું કારણ. | ૨૨૧ |
| | આત્મજ્ઞાનનું સ્વરૂપ. | ૨૨૧-૨૨૨ |
| | પરમાર્થથી વીતરાગને જ આત્મજ્ઞાન. | ૨૨૧ |
| | આત્મજ્ઞાનનું ફળ. | ૨૨૧ |
| | નિશ્ચયનયથી જ્ઞાનનું સ્વરૂપ. | ૨૨૩ |
| | નિશ્ચયનયથી ચારિત્રના ભંગમાં જ્ઞાન-દર્શનનો ભંગ અને વ્યવહારનયથી ભજનાનું કથન ઉદ્ધરણપૂર્વક. | ૨૨૩ |
| | કેવળીને ક્ષુધા-તૃષાના અસ્વીકારની દિગંબરની યુક્તિનું નિરાકરણ. | ૨૨૩ |
| ૫૭ | નિશ્ચયનયથી જીવના પરિણામથી જ બંધ-મોક્ષની પ્રાપ્તિ, બાહ્યકારણોનો બંધ-મોક્ષ પ્રત્યે અનૈકાંતિક અને અનાત્યંતિકરૂપે સ્વીકાર. | ૨૨૪ |
| | જીવના બે પ્રકારના પરિણામનું સ્વરૂપ. | ૨૨૪ |
| | નિશ્ચયનયથી જીવ પરપરિણામનો અકર્તા, યુક્તિપૂર્વક. | ૨૨૪-૨૨૫ |
| | નિશ્ચયનયની દૃષ્ટિએ દ્રવ્યકર્મબંધનું સ્વરૂપ. | ૨૨૫ |
| | નિશ્ચયનયથી ભાવકર્મથી જ સુખદુઃખરૂપ ફળની પ્રાપ્તિ. | ૨૨૬ |
| | ભાવકર્મરૂપ પુણ્ય-પાપને અને તેના ફળસ્વરૂપ સુખ-દુઃખને એકરૂપે સ્વીકારની | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૭ | નિશ્ચયનયની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૨૨૭-૨૨૯ |
| | સંસારી જીવોને સુખના વેદનકાળમાં પણ મોહનો પરિણામ હોવાથી જ પુણ્યના ફળરૂપ સુખનો નિશ્ચયનયથી દુઃખરૂપે સ્વીકાર, આથી જ ઔત્સુક્યજનિત અરતિરૂપ દુઃખના પ્રતિકારરૂપે સુખનો સ્વીકાર. | ૨૨૭-૨૨૮ |
| | નિશ્ચયનયથી સંસારનાં સુખોમાં તૃષ્ણાનો પરિણામ હોવાને કારણે સંસારી સુખોનો દુઃખરૂપે સ્વીકાર. | ૨૨૯ |
| | નિશ્ચયનયથી મોક્ષનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક. | ૨૨૯ |
| | બંધ અને મોક્ષના બહિરંગકારણોને અનૈકાંતિક અને અનાત્યંતિક સ્થાપક નિશ્ચયનયની યુક્તિ. | ૨૩૦-૨૩૧ |
| | કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં યથાજાતલિંગની અનિવાર્યતારૂપ દિગંબરની માન્યતાનું નિરાકરણ. | ૨૩૧-૨૩૪ |
| | ત્રિગુપ્તિનું સ્વરૂપ | ૨૩૨ |
| | જીવરક્ષાદિની પ્રવૃત્તિરૂપ વ્રતોને નિર્વિકલ્પકસમાધિના વિરોધીરૂપે સ્થાપક યુક્તિનું નિરાકરણ. | ૨૩૪-૨૩૫ |
| | જીવરક્ષાની પ્રવૃત્તિને રાગ સાથે અવિનાભાવી કહેનાર દિગંબરમતનું નિરાકરણ. | ૨૩૪-૨૩૫ |
| | જીવરક્ષાની પ્રવૃત્તિને વીતરાગભાવના અવિરોધીરૂપે સ્થાપક યુક્તિ. | ૨૩૪-૨૩૫ |
| | મનોગુપ્તિનું લક્ષણ તથા તેના ત્રૈવિધ્યનું કથન, વચનગુપ્તિનું લક્ષણ તથા તેના દ્વૈવિધ્યનું કથન, કાયગુપ્તિનું લક્ષણ તથા તેના દ્વૈવિધ્યનું કથન. | ૨૩૫-૨૩૭ |
| | મનોગુપ્તિ, વચનગુપ્તિ અને કાયગુપ્તિ સંબંધી ઉદ્ધરણ. | ૨૩૬ |
| | નિવૃત્તિપરિણામરૂપ મોક્ષ પ્રત્યે પ્રવૃત્તિને વિરોધી કહેનાર દિગંબરમતનું નિરાકરણ. | ૨૩૭ |
| | દિગંબરમતે પરમચારિત્રનું સ્વરૂપ. | ૨૩૯-૨૪૦ |
| | પરમચારિત્રમાં બાહ્યક્રિયાના વિરોધનું દિગંબરના કથનનું નિરાકરણ. | ૨૩૯-૨૪૦ |
| | વ્યવહારનયથી અંતરંગભાવો પ્રત્યે બાહ્ય યોગની કારણતા, નિશ્ચયનયથી અંતરંગભાવો પ્રત્યે અંતરંગપરિણામની જ કારણતા અને બાહ્યયોગની અકિંચિત્કરતા, ઉદ્ધરણપૂર્વક. | ૨૪૧ |
| ૫૮ | અંતરંગપરિણામને કારણ માનનાર નિશ્ચયનયને આશ્રયીને મોક્ષની પ્રાપ્તિ, અને વ્યવહારનયને આશ્રયીને વંદનાદિનો વ્યવહાર. | ૨૪૧ |
| | "**જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ**" એ સ્થાનમાં નિશ્ચયનય અને વ્યવહારનયનો ઉપયોગ સમાન. | ૨૪૧ |
| | ભાવલિંગને મોક્ષના કારણરૂપે સ્વીકારનાર નિશ્ચયનયની વ્યવહારનય કરતાં ફળપ્રાપ્તિ પ્રત્યે બળવત્તા. | ૨૪૨ |
| | છેકત્વનું સ્વરૂપ. | ૨૪૨-૨૪૩ |
| | વ્યવહારનયની બલવત્તાનું સ્થાન. | ૨૪૨-૨૪૩ |
| | વ્યવહારનયથી નમસ્કારયોગ્યના સ્વરૂપનું ઉદ્ધરણ, ચાંદી અને મહોર છાપના દૃષ્ટાંતથી સંયમી અને અસંયમીની ચતુર્ભંગીનું સ્વરૂપ. | ૨૪૨-૨૪૩ |
| | પાર્શ્વસ્થાદિને વંદન-અવંદનની ચર્ચા. | ૨૪૨-૨૪૩ |
| | સાધુને વંદન-અવંદનવિષયક મર્યાદા. | ૨૪૪ |
| | સંયમીમાં ગુણાધિક્યના પ્રતિસંધાનના ઉપાયનું ઉદ્ધરણ. | ૨૪૪ |
| | પાર્શ્વસ્થાદિમાં વેષને કારણે વંદનીયતાની સાધક પૂર્વપક્ષીની યુક્તિ અને તેનું નિરાકરણ, ઉદ્ધરણપૂર્વક. | ૨૪૪-૨૪૫ |
| | સાધુના વેષને વંદનવિષયક મર્યાદા. | ૨૪૬ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૮ | અધ્યાત્મની વિશુદ્ધિમાં પ્રતિમાની ઉપયોગિતાનું સ્વરૂપ. | ૨૪૬ |
| | દ્રવ્યલિંગીને વંદનથી અનર્થનું વિધાન. | ૨૪૬ |
| | પ્રતિમાવિષયક સ્થાનકવાસીમતનું નિરાકરણ. | ૨૪૬-૨૪૭ |
| | પાર્શ્વસ્થાદિરૂપે અનિર્ણીત દશામાં વંદનની વિધિ, ઉદ્ધરણપૂર્વક. | ૨૪૭-૨૪૮ |
| | પાર્શ્વસ્થાદિમાં વંદનની અનુચિતતાનું કથન, ઉદ્ધરણપૂર્વક. | ૨૪૮ |
| | પાર્શ્વસ્થાદિમાં સાધ્વંતરના ગુણના આરોપણથી પણ વંદનનો નિષેધ. | ૨૪૯ |
| | દ્રવ્યલિંગીમાં વંદનની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૨૪૯ |
| | દ્રવ્યતીર્થંકરમાં જન્માદિકલ્યાણક વખતે ભાવતીર્થંકરના અધ્યારોપથી શક્રસ્તવની વિધિ. | ૨૪૯-૨૫૦ |
| | દ્રવ્યશબ્દના અર્થનું ઉદ્ધરણ. | ૨૫૦-૨૫૧ |
| | દ્રવ્યનિક્ષેપાનું સ્વરૂપ. | ૨૫૧ |
| | પ્રતિમાની પૂજ્યતાના નિરાકરણની સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ. | ૨૫૦-૨૫૩ |
| | દ્રવ્યશબ્દથી વ્યપદેશ્ય સામાન્ય યોગ્યતાનું સ્વરૂપ. | ૨૫૧ |
| | દ્રવ્યશબ્દથી વ્યપદેશ્ય વિશેષ યોગ્યતાનું સ્વરૂપ. | ૨૫૨-૨૫૩ |
| | સ્થાનકવાસીની પ્રતિમાલોપમાં યુક્તિ. | ૨૫૫ |
| | પ્રતિમામાં સાવદ્ય-નિરવદ્યક્રિયાના કથનનું ઉદ્ધરણ. | ૨૫૫ |
| | પ્રતિમાના લોપમાં સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ. | ૨૫૫ |
| | પ્રતિમાનું અધ્યવસાયમાં ઉપકારિતાનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક. | ૨૫૬-૨૫૭ |
| | પાર્શ્વસ્થાદિમાં વંદનીયતાની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિ અને તેમાં સિદ્ધાંતપક્ષના ચાર વિકલ્પો. | ૨૫૭ |
| | સાધુના વેષમાં ભાવસાધુના અધ્યારોપ દ્વારા પાર્શ્વસ્થાદિને વંદનીયરૂપે સ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિ. | ૨૫૭-૨૫૮ |
| | દ્રવ્યલિંગ અને પ્રતિમાના ભેદનું દર્શક ઉદ્ધરણ. | ૨૫૭ |
| | પ્રતિષ્ઠાદિને આશ્રયીને જ પ્રતિમામાં અરિહંતની બુદ્ધિની યુક્તિ. | ૨૫૭-૨૫૯ |
| | પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગમાં સાધુબુદ્ધિની અપ્રશસ્તતાનું વિધાન. | ૨૫૭-૨૫૯ |
| | અપ્રધાનાર્થક દ્રવ્યપદના કથનનું ઉદ્ધરણ. | ૨૫૮ |
| | પાર્શ્વસ્થાદિમાં વર્તતી સાધુની આકૃતિરૂપ સ્થાપનામાં સાધુગુણના આરોપ દ્વારા વંદનીયતાના સ્વીકારની યુક્તિનું નિરાકરણ. | ૨૬૦ |
| | અયોગ્ય દ્રવ્યલિંગીનું દ્રવ્યલિંગ પણ અયોગ્ય હોવાનું યુક્તિપૂર્વક વિધાન. | ૨૬૦ |
| | રૂપક અલંકારગર્ભિત ભગવાનની સ્તુતિથી નિર્જરાની પ્રાપ્તિ. | ૨૬૧-૨૬૨ |
| | અયોગ્ય સાધુવેશધારીમાં યોગ્યના અભેદના અધ્યારોપની અનુચિતતાની યુક્તિ. | ૨૬૦ |
| | ગંગામાં ઘોષ અને ગંગાતટમાં ઘોષ એ પ્રયોગમાં અર્થભેદનું સ્વરૂપ. | ૨૬૧-૨૬૨ |
| | પાષાણની મૂર્તિને "આ તીર્થંકર છે" અને "મને મોક્ષ આપો" એ પ્રકારના વચનોને મૃષાભાષારૂપે સ્થાપક સ્થાનકવાસીની યુક્તિનું નિરાકરણ. | ૨૬૧-૨૬૨ |
| | પ્રતિમાને તીર્થંકર કહેવા એ સ્થાપનાસત્ય છે અને તેમની પાસે મોક્ષની યાચના કરવી એ અસત્યામૃષાભાષા છે તેથી પ્રતિમાને તીર્થંકર કહેવા અને તેમની પાસે મોક્ષની યાચના કરવાથી ભગવાન પ્રત્યેની ભક્તિના અતિશયની પ્રાપ્તિ થવાની યુક્તિ. | ૨૬૧-૨૬૨ |
| | દ્રવ્યલિંગીને વંદનથી થતા દોષની પ્રાપ્તિનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક. | ૨૬૧-૨૬૩ |
| | પાર્શ્વસ્થાદિના વંદનમાં પાર્શ્વસ્થાદિગત પ્રમાદના ઉપબૃંહણનું વિધાન, ઉદ્ધરણપૂર્વક. | ૨૬૫-૨૬૬ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૮ | અપવાદથી પાર્શ્વસ્થાદિના વંદનમાં તદ્‌ગત પ્રમાદના ઉપબૃંહણના અભાવનું વિધાન. | ૨૬૬ |
| | અપવાદથી પાર્શ્વસ્થાદિના વંદનવિધિના સ્વરૂપનું ઉદ્ધરણ. | ૨૬૬ |
| | પાર્શ્વસ્થાદિને પણ કારણિક વંદનમાં પ્રવચનની ભક્તિ આદિ ગુણની પ્રાપ્તિ. | ૨૬૮ |
| | નિષ્કારણ પાર્શ્વસ્થાદિના વંદનમાં પ્રમાદાચરણનું વિધાન. | ૨૬૮ |
| | યાદચ્છિક આલંબનમાં પ્રમાદાચરણનું ઉદ્ધરણ. | ૨૬૮ |
| | પાર્શ્વસ્થાદિમાં ભાવસાધુના અધ્યારોપની જેમ પ્રતિમામાં પણ અરિહંતના અભેદ અધ્યારોપને અયુક્ત કહેનાર સ્થાનકવાસી મતની યુક્તિનું નિરાકરણ. | ૨૬૮-૨૭૦ |
| | તટસ્થતાથી ચિત્રને જોવાથી વિકારનો અભાવ અને ભાવની સાથે અભેદ અધ્યારોપથી જ તે તે પ્રકારના વિકારોનો સંભવ. | ૨૬૯-૨૭૦ |
| | દ્રવ્યમાં ભાવના અભેદની જેમ સ્થાપનામાં સ્થાપ્યના અભેદના તાત્ત્વિક સ્વીકારની યુક્તિ. | ૨૭૦ |
| | પાર્શ્વસ્થાદિમાં તટસ્થપણાથી ભાવસાધુનું અનુમાન કરીને વંદનની સ્થાપક પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૨૭૧ |
| | પાર્શ્વસ્થાદિને જોઈને ભાવસાધુનું અનુસ્મરણ કરીને વંદનના સ્વીકારની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૨૭૨-૨૭૬ |
| | ઉત્સર્ગથી સ્થાપનામાં સ્થાપ્યના અભેદ અધ્યવસાયની પ્રાપ્તિ, અને વાસનાની અદઢતામાં સ્થાપના દ્વારા સ્થાપ્યના સ્મરણની પ્રાપ્તિ. | ૨૭૪-૨૭૫ |
| | વ્યવહારનયને અભિમત દ્રવ્યલિંગ અને નિશ્ચયનયને અભિમત ભાવલિંગના યોગમાં સાધુને વંદનની યોગ્યતા. | ૨૭૭ |
| | નિશ્ચયનયને અભિમત ભાવલિંગથી જ કેવલજ્ઞાનાદિ ફળની પ્રાપ્તિ. | ૨૭૭ |
| | નિશ્ચયનયમાં શુદ્ધવ્યવહારનયનો અંતર્ભાવ અને અસદ્‌ભૂતવ્યવહારનયનો અનન્તર્ભાવ. | ૨૭૭-૨૭૯ |
| | અંતર્ભાવના ચાર ભેદોનું સ્વરૂપ. | ૨૭૭-૨૮૦ |
| | નિશ્ચયનયમાં શુદ્ધવ્યવહારનયનો કારણરૂપે અંતર્ભાવ. | ૨૭૭-૨૭૮ |
| | જ્ઞાનનય, વ્યવહારનય અને સ્થિતપક્ષની મોક્ષના કારણ વિષયક મુખ્ય-અમુખ્યની ચર્ચા. | ૨૮૧-૨૯૮ |
| | સ્વની પ્રધાનતામાં જ્ઞાનનયની યુક્તિ. | ૨૮૧-૨૮૨ |
| | ક્ષાયોપશમિક જ્ઞાનની જેમ ક્ષાયિકજ્ઞાનની પ્રધાનતા સ્થાપક જ્ઞાનનયની યુક્તિ. | ૨૮૧-૨૮૨ |
| | ક્રિયાનયની પ્રધાનતા સ્થાપક યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૨૮૨-૨૮૪ |
| | મોક્ષરૂપ ફળ પ્રત્યે જ્ઞાન અને ક્રિયાનું અવિનાભાવિપણું અને અનંતરભાવિપણું હોવાથી મોક્ષના કારણરૂપે જ્ઞાન-ક્રિયા ઉભયના સ્વીકારની સ્થિતપક્ષની યુક્તિ. | ૨૮૫-૨૮૬ |
| | મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ ક્રિયાથી જ થાય છે અને જ્ઞાન ક્રિયા પ્રત્યે હેતુ છે એ પ્રકારની ક્રિયાનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૨૮૬-૨૮૯ |
| | ચારિત્રની પ્રાપ્તિ પ્રત્યે ચારિત્રમોહનીયના ક્ષયની કારણતા અને જ્ઞાનની કારણતા વચ્ચેનો ભેદ, વિશિષ્ટ ઉપયોગથી યોગનિરોધની પ્રાપ્તિ. | ૨૮૯-૨૯૦ |
| | ઋજુસૂત્રનયને આશ્રયીને પણ જ્ઞાન-ક્રિયાની મોક્ષ પ્રત્યે તુલ્ય કારણતા સ્થાપક સ્થિતપક્ષની યુક્તિ. | ૨૯૦-૨૯૨ |
| | મોક્ષ પ્રત્યે સ્થિતપક્ષ પ્રમાણે ફક્ત જ્ઞાન કે ફક્ત ક્રિયા કારણ નહિ હોવાથી જ્ઞાન અને ક્રિયાના સમુદાયની કારણતાના અસ્વીકારની યુક્તિનું નિરાકરણ, ઉદ્ધરણપૂર્વક. જ્ઞાન-ક્રિયા પ્રત્યેકમાં દેશોપકારિતા અને સમુદાયમાં સર્વોપકારિતા. | ૨૯૨-૨૯૩ |
| | સૂક્ષ્મકાર્યજનકતા, તદભિવ્યંજકતા અને સામગ્રીએકદેશત્વરૂપ ત્રણ પ્રકારની દેશોપકારિતા | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૫૮ | જ્ઞાન અને ક્રિયા પ્રત્યેકમાં અસંભવની પૂર્વપક્ષીની યુક્તિનું નિરાકરણ. | ૨૯૩-૨૯૭ |
| | સહકારિવૈકલ્યપ્રયુક્તકાર્યાભાવવત્ત્વરૂપ, સૂક્ષ્મતદુપધાનરૂપ અને તદવયવજનકત્વરૂપ ત્રણ પ્રકારની દેશોપકારિતાનું સ્વરૂપ. | ૨૯૪-૨૯૬ |
| | વિશેષાવશ્યકમાં બતાવેલ દેશોપકારિતાના દૃષ્ટાંત સાથે ગ્રંથકારે બતાવેલ ત્રણ પ્રકારની દેશોપકારિતામાં વિરોધના પરિહારની યુક્તિ. | ૨૯૬-૨૯૭ |
| | મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન અને ક્રિયા પ્રત્યેકમાં વર્તતી દેશોપકારિતાનું સ્વરૂપ. | ૨૯૭-૨૯૮ |
| ૫૯-૬૦ | સમુદાયયોગને આશ્રયીને મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયાની તુલ્યતા હોવા છતાં સ્થિતપક્ષની જ્ઞાન કરતાં ક્રિયાની વિશેષકારણતા સ્થાપક યુક્તિ. | ૨૯૯ |
| | જ્ઞાન કરતાં મોક્ષરૂપ કાર્ય પ્રત્યે ક્રિયાના ઉત્કર્ષનું સ્વરૂપ. | ૨૯૯-૩૦૧ |
| ૬૧ | નિશ્ચયનયનો વિષય સર્વ નયોને સંમત અને વ્યવહારનયનો વિષય સર્વ નયોને અસંમત, ઉદ્ધરણપૂર્વક. | ૩૦૨-૩૦૩ |
| ૬૨ | મોક્ષ પ્રત્યે જ્ઞાનને જ મુખ્યરૂપે સ્વીકારવાની વ્યવહારનયની યુક્તિ. | ૩૦૪ |
| | મોક્ષ પ્રત્યે જ્ઞાનને જ મુખ્યરૂપે સ્થાપવામાં વ્યવહારનયની પરિભાષાવિશેષનું સ્વરૂપ. | ૩૦૪-૩૦૫ |
| | ક્રિયાનિરપેક્ષ જ્ઞાનથી જ મોક્ષના સ્વીકારવાની વ્યવહારનયની યુક્તિ. | ૩૦૬ |
| ૬૩ | સર્વ નયના મતને સ્વીકાર કરનાર નિશ્ચયનયને પ્રમાણ સ્વીકારની વ્યવહારનય દ્વારા અપાયેલ આપત્તિ. | ૩૦૬ |
| | નયનું લક્ષણ. | ૩૦૭ |
| ૬૪ | જ્ઞાનનય અને ક્રિયાનયની મુખ્યતામાં સ્થિતપક્ષની માન્યતા. | ૩૦૭ |
| | જ્ઞાનને કારણ માનનાર વ્યવહારનય અને ક્રિયાને કારણ માનનાર નિશ્ચયનય વચ્ચેના વિવાદને શાંત કરવામાં એકમાત્ર પ્રમાણ જ સમર્થ હોવાનું વિધાન. | ૩૦૮-૩૧૧ |
| | વ્યવહારનયથી સહકારીકારણની ઉપકારિતામાં ઉદ્ધરણ. | ૩૦૮-૩૦૯ |
| | સ્થિતપક્ષ પ્રમાણે મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયાની તુલ્ય કારણતા. | ૩૦૮-૩૦૯ |
| | શિબિકાવાહક પુરુષની જેમ જ્ઞાન અને ક્રિયાની મોક્ષ પ્રત્યે એકસ્વભાવથી અકારણતા અને ગતિક્રિયામાં ચક્ષુ અને પાદની જેમ ભિન્નસ્વભાવથી કારણતા સ્થાપક યુક્તિ. | ૩૧૧-૩૧૨ |
| | વ્યવહારનયથી મોક્ષમાર્ગના સ્વરૂપનું ઉદ્ધરણ. | ૩૧૧ |
| | ગૃહની વિશુદ્ધિના દૃષ્ટાંત દ્વારા મોક્ષ પ્રત્યે જ્ઞાન, તપ અને સંયમની કારણતાનું સ્વરૂપ. | ૩૧૧-૩૧૩ |
| | કર્મના નાશમાં કર્મના જ્ઞાનથી અન્ય જ્ઞાનની અનુપયોગિતારૂપ શંકાનું નિરાકરણ. | ૩૧૪-૩૧૫ |
| | જ્ઞાનાદિના ક્રમથી મોક્ષમાર્ગની પ્રાપ્તિનું ઉદ્ધરણ. | ૩૧૪ |
| | ચારિત્રમાં શાસ્ત્રની ઉપયોગિતા, ચારિત્રનું લક્ષણ, જઘન્ય અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનથી પણ ચારિત્રની નિષ્પત્તિ, ચારિત્રની પ્રવૃત્તિથી સાધ્ય અશુભયોગનો ત્યાગ અને ઉદ્દેશ્ય કર્મનો નાશ. | ૩૧૪-૩૧૬ |
| | જ્ઞાન રહિત ક્રિયામાં અલ્પફળત્વની સ્થાપક યુક્તિ. | ૩૧૭ |
| | ક્રિયાનિરપેક્ષ જ્ઞાનને જ મોક્ષ પ્રત્યે કારણ સ્થાપકની જ્ઞાનનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૩૧૭-૩૧૯ |
| | મંત્ર અનુસ્મરણ દ્વારા થતા વિષઘાત, નભોગમનરૂપ કાર્યમાં પણ ક્રિયાથી જ ફળની નિષ્પત્તિનું સ્વરૂપ. | ૩૧૭-૩૧૮ |
| | લબ્ધિ અને મંત્રના કાર્યમાં વર્તતા જ્ઞાન અને ક્રિયાનું સ્વરૂપ અને તત્સંબંધી ઉદ્ધરણ. | ૩૧૭-૩૧૮ |
| | દેવતાના આહ્વાનમાં ક્રિયાની અપેક્ષારૂપ પૂ. મલયગિરિ મહારાજાના વિધાનની સંગતિ. | ૩૨૦-૩૨૧ |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૪ | મોક્ષ પ્રત્યે જ્ઞાનને જ પ્રધાનરૂપે સ્વીકારવાની વ્યવહારનયની યુક્તિના નિરાકરણ અર્થે ચારિત્રને જ પ્રધાનરૂપે સ્થાપક સ્થિતપક્ષની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૩૨૨ |
| | નિશ્ચયનયની દૃષ્ટિથી કુર્વદ્રૂપત્વવાળા જ્ઞાનને જ સ્વીકારીને ચારિત્રને જ મુખ્યરૂપે ફળસાધક સ્વીકારવાની સ્થિતપક્ષની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૩૨૨ |
| | જ્ઞાનમાં કાલ્પનિક મુખ્યત્વ અને ચારિત્રમાં પારમાર્થિક મુખ્યત્વની સ્થિતપક્ષની યુક્તિ. | ૩૨૩ |
| ૬૫ | વ્યવહારનયે નિશ્ચયનયને સકલાદેશ તરીકે આપેલી આપત્તિનું નિરાકરણ. | ૩૨૩ |
| | નિશ્ચયનયના સર્વનયમતત્વનું તાત્પર્ય. | ૩૨૩-૩૨૪ |
| | સકલાદેશનું લક્ષણ અને વિકલાદેશનું લક્ષણ. | ૩૨૩-૩૨૫ |
| | વ્યવહારનય કરતાં નિશ્ચયનયની અતિશયિતાનું વિશેષ સ્વરૂપ. | ૩૩૧ |
| | વ્યવહારનયે નિશ્ચયનયને આપેલ સકલાદેશરૂપ આપત્તિનું યુક્તિ દ્વારા નિરાકરણ. | ૩૨૯ |
| | તપ-સંયમરૂપ ચારિત્ર અને જ્ઞાનને સ્વીકારનાર વ્યવહારનય હોવા છતાં પ્રમાણરૂપે અસ્વીકારની યુક્તિ. | ૩૩૧-૩૩૨ |
| | સામાન્ય-વિશેષ ઉભયને સ્વીકારનાર ઉલૂકદર્શનને અપ્રમાણરૂપે સ્વીકારની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૩૩૨-૩૩૩ |
| | સ્વવિષયની પ્રધાનતાથી પરિપૂર્ણ વસ્તુને સ્વીકારવા છતાં પણ નયને પ્રમાણરૂપે સ્વીકારની આપત્તિનો અભાવ. | ૩૩૨-૩૩૩ |
| | સ્થિતપક્ષ દ્વારા વ્યવહારનય તથા નિશ્ચયનયના તુલ્ય બલવત્ત્વનું સ્વરૂપ. | ૩૩૪ |
| ૬૬ | ઉપચારથી નિશ્ચયનયને પ્રમાણરૂપે સ્વીકારની યુક્તિ અને વ્યવહારને તે રૂપે અસ્વીકારની યુક્તિ. | ૩૩૪-૩૩૫ |
| ૬૭ | વ્યવહારની જેમ નિશ્ચયનયનો વિષય પણ અપેક્ષાએ ઉપચરિતરૂપે સ્વીકાર. | ૩૩૬ |
| | નિશ્ચયનયના નિરુપચરિતપણાના નિરાકરણમાં સ્થિતપક્ષની યુક્તિ. | ૩૩૬-૩૩૭ |
| | ભાવનિક્ષેપને જ અનુપચરિતરૂપે સ્વીકારની નિશ્ચયનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૩૩૭-૩૩૯ |
| | દ્રવ્યાર્થિકનયથી ભાવનિક્ષેપાનો પણ ઉપચરિતરૂપે સ્વીકાર. | ૩૩૭-૩૩૮ |
| | નામાદિ ચાર નિક્ષેપાના વિષયમાં નયોની યોજનાનું ઉદ્ધરણ. | ૩૩૮ |
| | નિશ્ચયનયના બોધ માટે જ કેવલ વ્યવહારનયની ઉપયોગિતાને સ્વીકારનાર નિશ્ચયનયને સ્થિતપક્ષની આપત્તિ, અનાર્યને બોધ કરાવવા માટે અનાર્યભાષા બોલનાર બ્રાહ્મણોની જેમ વ્યવહારનયના વ્યાપારના સ્વીકારની નિશ્ચયનયની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૩૩૯-૩૪૨ |
| | નૈગમાદિ ત્રણ નયોને અશુદ્ધ અને ઋજુસૂત્રાદિ ચાર નયોને શુદ્ધરૂપે સ્વીકારના વચનનું વિશેષ તાત્પર્ય. | ૩૪૨-૩૪૩ |
| ૬૮ | મોક્ષ પ્રત્યે ભાવને જ કારણરૂપે સ્વીકારનાર હોવાથી નિશ્ચયનય જ બલવાન છે એ પ્રકારની યુક્તિનું સ્થિતપક્ષ દ્વારા નિરાકરણ. | ૩૪૩ |
| | સ્થિતપક્ષ દ્વારા ભાવની જેમ ક્રિયામાં પણ ફળસાધકત્વની યુક્તિ. | ૩૪૪ |
| | દ્રવ્યક્રિયાના વિષયમાં નિશ્ચયનયના વક્તવ્યનો સ્થિતપક્ષ દ્વારા સ્વીકાર. | ૩૪૪ |
| | પરમભાવને જોનારા વડે ભાવની જ આદરણીયતા અને અપરમભાવને જોનારા વડે દ્રવ્યની પણ આદરણીયતાના સ્થાપક નિશ્ચયનયની યુક્તિનું નિરાકરણ, ઉદ્ધરણપૂર્વક. | ૩૪૫-૩૪૬ |
| | પરમભાવદર્શી વડે નિશ્ચયનયના કારણીભૂત દ્રવ્યનો સ્વીકાર અને વ્યવહારનયના કારણીભૂત દ્રવ્યનો અસ્વીકાર અને સ્થિતપક્ષ દ્વારા શુદ્ધ ઉપયોગવાળાને પણ શુદ્ધ-શુદ્ધતર | |

| ગાથા | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૬૮ | વ્યવહારની ઉપયોગિતાની સ્થાપક યુક્તિ. | ૩૪૬-૩૪૭ |
| ૬૯ | સંસારમાં પરિભ્રમણ કરતાં અનંતી વાર દ્રવ્યક્રિયાની પ્રાપ્તિની જેમ ભાવની પણ અનંતીવાર પ્રાપ્તિ થવા છતાં મોક્ષની અપ્રાપ્તિ, વિશિષ્ટ ભાવની જેમ વિશિષ્ટ ક્રિયા પણ મોક્ષરૂપ ફળની સાધક. | ૩૪૭-૩૪૮ |
| | ક્ષયોપશમભાવથી કરાયેલી ક્રિયા દ્વારા ભાવની વૃદ્ધિથી ક્ષાયિકભાવની પ્રાપ્તિની યુક્તિ. | ૩૪૮ |
| | ક્ષયોપશમભાવથી કરાયેલા અનુષ્ઠાનથી તદ્ભાવની વૃદ્ધિનું ઉદ્ધરણ. | ૩૪૮ |
| | ભાવના અર્થીને ક્રિયામાં યત્નનું વિધાન, અપુનર્બંધકની ક્રિયામાં અપૂર્વતાનું વિધાન. | ૩૪૮-૩૪૯ |
| | ભાવની ઉપાદેયતામાં નિશ્ચયનયની યુક્તિ. | ૩૫૦ |
| | ભાવની નિષ્પત્તિમાં મન-વચન અને કાયાકૃત ક્રિયાની ઉપયોગિતાની યુક્તિ, ભાવપૂર્વકના અનુષ્ઠાનથી વિશિષ્ટ ભાવ નિષ્પત્તિમાં વિશેષ પ્રકારની યુક્તિ. | ૩૫૦-૩૫૩ |
| | ભાવપૂર્વકના અનુષ્ઠાનથી ભાવની વૃદ્ધિનું ઉદ્ધરણ. | ૩૫૦ |
| | નિશ્ચયનયની સામે ક્રિયા વિના ભાવની અસંભવતાનું સ્થિતપક્ષ દ્વારા વિધાન, ક્રિયામાં વર્તતા ભાવનું સ્વરૂપ. | ૩૫૩-૩૫૪ |
| | ક્રિયાની અનાદરણીયતામાં નિશ્ચયનયની યુક્તિ. | ૩૫૩-૩૫૪ |
| | ક્રિયામાં એક કાળે વ્યવહારનયની અનેક ઉપયોગની સંગતિનું વિધાન, છિન્નજવાલાના દૃષ્ટાંત દ્વારા અને ઊંબાડિયાના દૃષ્ટાંત દ્વારા ભાવન, ઉદ્ધરણપૂર્વક. | ૩૫૩-૩૫૬ |
| | પ્રણિધાનની પ્રાપ્તિના હેતુનું સ્વરૂપ. | ૩૫૪ |
| | જિજ્ઞાસાથી ભાવક્રિયાની નિષ્પત્તિની યુક્તિ, ઉદ્ધરણપૂર્વક. | ૩૫૭ |
| ૭૦-૭૧ | ભાવવૃદ્ધિના ક્રમથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ. | ૩૫૮ |
| | તાત્ત્વિકધર્મના કારણોનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક. | ૩૫૮ |
| | ધૃતિનું લક્ષણ. | ૩૫૮-૩૬૦ |
| | ધૃતિના કાર્યરૂપ શ્રદ્ધાનું લક્ષણ. | ૩૫૮-૩૬૦ |
| | શ્રદ્ધાના કાર્યરૂપ સુખાનું લક્ષણ. | ૩૫૮-૩૬૦ |
| | પંચાશકકારના મતે સુખાનું લક્ષણ. | ૩૫૮-૩૬૦ |
| | સુખાવિષયક લક્ષણમાં પરની શંકા અને તેનું સમાધાન. | ૩૫૮-૩૬૦ |
| | પંચાશકમાં સુખાને પરના અભિપ્રાયથી વિશિષ્ટ આહ્લાદરૂપે સ્વીકારના કથનમાં યુક્તિ. | ૩૫૮-૩૬૦ |
| | સુખાનું કાર્ય. | ૩૫૮-૩૬૦ |
| | વિવિદિષાનું લક્ષણ. | ૩૫૮-૩૬૦ |
| | વિવિદિષાથી તાત્ત્વિક શુશ્રૂષા આદિ બુદ્ધિના આઠ ગુણોની ઉત્પત્તિ. | ૩૫૮-૩૬૦ |
| | વિવિદિષાનું કાર્ય. | ૩૫૮-૩૬૦ |
| | સમ્યગ્દર્શનનું લક્ષણ. | ૩૫૮-૩૬૦ |
| | બોધિ, સમ્યગ્દર્શન, વિજ્ઞપ્તિ પર્યાયવાચીનું વિધાન. | ૩૫૮-૩૬૦ |
| | પંચાશકની '**सइ संजाओ**' એ ગાથામાં ભાવશબ્દ ક્રિયાવિષયક ગ્રહણ કરવામાં યુક્તિ. | ૩૬૧-૩૬૩ |
| | ભાવક્રિયાનું સ્વરૂપ, ઉદ્ધરણપૂર્વક. | ૩૬૧-૩૬૨ |
| | ક્રિયા વગર ભાવના પ્રકર્ષમાં દૃષ્ટાંત. | ૩૬૧-૩૬૨ |
| | મોક્ષને અનુકૂળ ભાવક્રિયાનું ઉદ્ધરણ. | ૩૬૧-૩૬૨ |
| | ક્રિયા વગર મરુદેવાદિને મોક્ષને અનુકૂળ ભાવપ્રાપ્તિમાં યુક્તિ. | ૩૬૧-૩૬૨ |
| | ભાવની શુદ્ધિના ક્રમથી કેવલજ્ઞાનની પ્રાપ્તિનું વિધાન, કેવલીનું સ્વરૂપ. | ૩૬૩ |

न्यायविशारद-न्यायाचार्य-श्रीमदुपाध्याय-यशोविजयकृता

# अध्यात्ममतपरीक्षा

श्री अर्हं नमः
श्री शङ्खेश्वरपार्श्वनाथाय नमः
श्री महावीरपरमात्मने नमः

ऐँ नमः

## [ટીકાકારનું મંગલાચરણ]

**ટીકા :-** ऐँकारकलितरूपां स्मृत्वा वाग्देवतां विबुधवन्द्याम् ।
अध्यात्ममतपरीक्षां स्वोपज्ञामेष विवृणोमि ॥

**ટીકાર્થ :-** '**ऐँकार**'થી કલિત છે રૂપ જેનું એવી, વિબુધોથી વંદ્ય એવી વાણીની દેવી(સરસ્વતી)નું સ્મરણ કરીને, સ્વોપજ્ઞ અધ્યાત્મ-મત-પરીક્ષા ગ્રંથનું આ (હું) વિવરણ કરું છું. '**एष अहं विवृणोमि**' આ પ્રમાણે વાક્યાન્વય છે.

**ભાવાર્થ :-** સ્વોપજ્ઞ ટીકા હોવા છતાં, ગ્રંથ રચના કરનાર કરતાં ટીકાકારને ભિન્ન પર્યાયરૂપે બતાવવા અર્થે, '**एषः**' શબ્દ વાપરેલ છે, અને તે '**अहं**' નો પરામર્શક છે.

## [મૂળ ગ્રંથનું મંગલાચરણ]

**ગાથા :-** **पणमिय पासजिणिंदं वंदिय सिरिविजयदेवसूरिन्दं ।**
**अज्झप्पमयपरिक्खं जहबोहमिमं करिस्सामि ॥१॥**

(प्रणम्य पार्श्वजिनेन्द्रं वन्दित्वा श्री विजयदेवसूरीन्द्रम् । अध्यात्ममतपरीक्षां यथाबोधमिमां करिष्यामि ॥१॥)

**ગાથાર્થ :-** પાર્શ્વનાથ ભગવાનને પ્રણામ કરીને, (અને) વિજયદેવસૂરીશ્વરજી મહારાજને વંદન કરીને, બોધને અનુસારે આ=વક્ષ્યમાણ, અધ્યાત્મમતપરીક્ષાને હું કરીશ.

**ટીકા :- इह हि ग्रन्थारम्भे शिष्टाचारपरिपालनाय विघ्नध्वंसाय वा मङ्गलमवश्यमाचरणीयमिति मनसिकृत्य पूर्वार्द्धेन समुचितेष्टयोर्देवगुर्वोः प्रणतिलक्षणं मङ्गलमकारि, उत्तरार्द्धेन च प्रेक्षावदवधानाय विषयनिरूपणं प्रत्यज्ञायि, प्रयोजनसम्बन्धाधिकारिणस्तु सामर्थ्यादवबोद्धव्याः॥१॥**

**ટીકાર્થ :- 'इह'** અહીં ગ્રંથના આરંભમાં શિષ્ટાચારના પરિપાલન માટે અથવા વિઘ્નધ્વંસ માટે, મંગલ અવશ્ય આચરણીય છે, એ પ્રમાણે મનમાં કરીને, પૂર્વાર્ધથી સમુચિત અને ઈષ્ટ દેવગુરુને નમસ્કારલક્ષણ મંગળ કર્યું અને ઉત્તરાર્ધથી પ્રેક્ષાવાનના અવધાન માટે, વિષયનિરૂપણની પ્રતિજ્ઞા કરી; (અને) પ્રયોજન, સંબંધ અને અધિકારીને વળી સામર્થ્યથી જાણવા.

**ભાવાર્થ :-** દેવ અને ગુરુનાં 'સમુચિત' અને 'ઈષ્ટ' બે વિશેષણો છે. તેનું તાત્પર્ય એ છે કે સમુચિત=પ્રણતિ માટે ઉચિત અને ઈષ્ટ=તેમને પ્રણતિ કરવાથી પોતાને ઈષ્ટની પ્રાપ્તિ થાય છે; તેથી ઇષ્ટની પ્રાપ્તિનો ઉપાય હોવાથી તે ઈષ્ટ છે. તથા શિષ્ટાચારના પરિપાલન માટે મંગલ આચરવું જોઇએ, તે બતાવવા માટે 'સમુચિત' વિશેષણ આપ્યું છે; કેમ કે શિષ્ટપુરુષ નમનને જે ઉચિત હોય તેને જ નમે છે, અને 'ઈષ્ટ' વિશેષણ, વિઘ્નધ્વંસ માટે મંગલ કરવું જોઇએ તે બતાવવા માટે આપેલ છે. કેમ કે દેવગુરુને નમવાથી ઈષ્ટની પ્રાપ્તિ થાય છે. પ્રસ્તુતમાં ગ્રંથકર્તાને વિઘ્નધ્વંસ ઈષ્ટ છે.**॥૧॥**

**અવતરણિકા :- ननु सन्दिग्धो जिज्ञासितश्चार्थः परीक्षाक्षोदं क्षमते न तु निर्णीत एव, तथा च स्वत एव विशदस्याध्यात्ममतस्य परीक्षा कथमिव नानुकुरुते सुधामधुरीकारप्रयासम्? इति चेत्? भवेदेवं यदि भावाध्यात्ममतं परीक्षणीयतया लक्षितं भवेत्, न चैवम्, किन्तु नामाध्यात्मिकानामेवाशाम्बरमतवासना-वासितान्तःकरणतया दुर्ललितचरितानां भ्रान्तिविषयोऽर्थो बाधकप्रदर्शनेन मध्यस्थानामनुपादेयता-बुद्धावधिरोप्यत इत्याशयवानाह-**

**અવતરણિકાર્થ :- 'ननु'** થી પૂર્વપક્ષી કહે છે કે સંદિગ્ધ અને જિજ્ઞાસિત અર્થની પરીક્ષા કરવી યુક્ત છે, પણ નિર્ણીત અર્થની પરીક્ષા કરવી યુક્ત નથી જ. અને તે રીતે=જે નિર્ણીત છે તે પરીક્ષા માટે યોગ્ય નથી તે રીતે, સ્વતઃ જ વિશદ એવા અધ્યાત્મમતની પરીક્ષા, **'इव'**=જાણે સુધાને મધુર કરવાના પ્રયાસને શું નથી અનુસરતી? અર્થાત્ અનુસરે છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે કે, તમે કહો છો એ પ્રમાણે (તો) થાય, જો અમે ભાવઅધ્યાત્મને પરીક્ષણીયપણાથી લક્ષ કરીએ; અને એ પ્રમાણે નથી. અર્થાત્ ભાવઅધ્યાત્મની અમે પરીક્ષા કરતા નથી; પરંતુ દિગંબરમતની વાસનાથી વાસિત અંતઃકરણ હોવાને કારણે, દુર્લલિત ચરિતવાળા નામઆધ્યાત્મિકોને ભ્રાંતવિષયવાળો જે અર્થ છે, (તે) બાધકપ્રદર્શન દ્વારા મધ્યસ્થોની અનુપાદેયતાબુદ્ધિમાં અધિરોપણ કરીએ છીએ. એ પ્રકારના આશયવાળા ગ્રંથકાર કહે છે......

**ભાવાર્થ :- 'ननु'** તાત્પર્ય એ છે કે, સુવર્ણની પરીક્ષા કરવી એટલે સુવર્ણ મૂલ્યવાન છે કે નહિ? એ અર્થ પ્રાપ્ત

થાય, અને પુરોવર્તી પદાર્થની સુવર્ણતુલ્ય કાંતિ જોઇને તેની પરીક્ષા કરવી, કે આ સુવર્ણ છે કે નહિ? તેનો અર્થ સુવર્ણની પરીક્ષા નથી, પરંતુ પુરોવર્તી પદાર્થની સુવર્ણરૂપે પરીક્ષા છે; તે પ્રમાણે અહીં '**નનુ**' થી શંકા કરીને સુવર્ણતુલ્ય અધ્યાત્મમતની પરીક્ષાને અનુચિત સિદ્ધ કરવા પ્રયત્ન કરેલ છે. તેથી તેના ઉત્તરમાં કહેલ છે કે, અમે અધ્યાત્મમતની પરીક્ષા કરતા નથી, પરંતુ પુરોવર્તી જે અધ્યાત્મમત તરીકે પ્રસિદ્ધ પદાર્થ છે, તે ખરેખર અધ્યાત્મમત છે કે નહિ? તેની પરીક્ષા કરીએ છીએ; અને પરીક્ષાનો વિષયભૂત પદાર્થ કાં સંદિગ્ધ હોવો જોઇએ કાં જિજ્ઞાસિત હોવો જોઇએ પણ નિર્ણીત હોવો જોઇએ નહિ. જેમ જગતમાં સુવર્ણ ઉત્તમ છે કે નહિ? એવો કોઇને સંદેહ હોય, તો તે વાસ્તવિક સુવર્ણની ઉત્તમતાની તેના ગુણો દ્વારા પરીક્ષા કરે, અને કોઇને સંદેહ ન હોય, પણ લોકમાં સુવર્ણ ઉત્તમ ગુણવાળો પદાર્થ છે એમ સાંભળીને, તેના ઉત્તમ ગુણોને જાણવાની જિજ્ઞાસા થવાથી પરીક્ષા કરે છે; પરંતુ જે વ્યક્તિને સુવર્ણ ઉત્તમ છે એ પ્રમાણે નિર્ણીત હોય, તે વ્યક્તિ સુવર્ણની ઉત્તમતાની પરીક્ષા કરતો નથી; તેમ ભાવઅધ્યાત્મમત તે સ્વાભાવિક રીતે વિખ્યાત કીર્તિવાળો છે, તેથી જગતને તેની ઓળખાણ આપવા માટે પરીક્ષા કરવા માટે ગ્રંથ રચના કરવી, તે અમૃતને મધુર કરવા જેમ કોઇ પ્રયત્ન કરે તે વ્યર્થ પ્રયત્ન છે, તેમ અધ્યાત્મમતની પરીક્ષા કરીને તેની વાસ્તવિકતાની સિદ્ધિ કરવા માટે યત્ન કરવો તે વ્યર્થ પ્રયત્ન છે; કેમ કે ભાવઅધ્યાત્મ ઉત્તમરૂપે લોકમાં જ્ઞાત છે. જે લોકોને તેની ઉત્તમતાનો સંદેહ હોય અથવા તો ઉત્તમતાને જાણવાની જિજ્ઞાસા હોય, તે લોકો તેની પરીક્ષા કરે તે ઉચિત ગણાય, પરંતુ પ્રસ્તુત ગ્રંથકાર તેની પરીક્ષા કરે તે હાસ્યાસ્પદ ચેષ્ટા તુલ્ય છે. તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, અમે ભાવઅધ્યાત્મની પરીક્ષા કરતા નથી, પરંતુ નામઆધ્યાત્મિકોનું આશામ્બરમતની વાસનાથી વાસિત અંતઃકરણ હોવાથી દુર્લલિત ચારિત્ર છે=અનુચિત ચારિત્ર છે, તેઓનો ભ્રાંત વિષયવાળો અર્થ, બાધકના પ્રદર્શન દ્વારા મધ્યસ્થોની અનુપાદેયતાબુદ્ધિમાં અધિરોપણ કરીએ છીએ. આ પ્રકારના આશયથી ગ્રંથકાર કહે છે.

અહીં અનુપાદેયતાબુદ્ધિમાં અધિરોપણ કરાય છે, એ પ્રકારનો પ્રયોગ કર્યો, તેનાથી એ બતાવવું છે કે મધ્યસ્થોને પણ જે જે પદાર્થો તેમને સાર લાગે છે તેના વિષયમાં ઉપાદેયતાબુદ્ધિ છે, અને જે જે પદાર્થ તેમને નિઃસાર લાગે છે ત્યાં તેમને અનુપાદેયતાબુદ્ધિ છે, અને જ્યાં સાર કે અસારનો નિર્ણય નથી, ત્યાં ઉપાદેયબુદ્ધિ પણ નથી અને અનુપાદેયબુદ્ધિ પણ નથી પરંતુ સંદેહબુદ્ધિ છે. તેથી મધ્યસ્થોની જે અનુપાદેયતાબુદ્ધિ છે, તેમાં પ્રસ્તુત નામઆધ્યાત્મિકમતને અધ્યારોપણ કરવા અર્થે, અધ્યાત્મમતની પરીક્ષા કરવાનો પ્રારંભ કર્યો છે અને તેથી જ બીજા શ્લોકમાં બાધકપ્રદર્શન દ્વારા નામઆધ્યાત્મિકમતનું મધ્યસ્થોની અનુપાદેયતાબુદ્ધિમાં અધ્યારોપણ કરાય છે, એમ કહેલ છે.

**ગાથા :-** **अज्झप्पं णामाई चउव्विहं चउव्विहा य तव्वन्ता ।**
**तत्थ इमे अत्थुज्झिय णामेणज्झप्पिआ णेया ॥२॥**

( अध्यात्मं नामादि चतुर्विधं चतुर्विधाश्च तद्वन्तः । तत्रेमे अर्थोज्झिता नाम्नाऽऽध्यात्मिका ज्ञेयाः ॥२॥ )

**ગાથાર્થ :-** **અધ્યાત્મ, નામાદિ ચાર પ્રકારનું છે અને તદ્વાન્=અધ્યાત્મવાન્, ચાર પ્રકારના છે. (અને) ત્યાં=ચાર ભેદવાળા આધ્યાત્મિકો છે ત્યાં, આ=જેની પરીક્ષા કરવાની છે એ વારાણસીદાસ આદિ, અર્થથી રહિત નામથી આધ્યાત્મિકો જાણવા.**

**ટીકા :-** **अध्यात्मं किल चतुर्विधं नामस्थापनाद्रव्यभावभेदात्। तत्र नामादिचतुष्टयस्वरूपं द्रव्यालोकादवसेयं, तथा च विशेषणभेदात् तद्विशिष्टा आध्यात्मिका अपि चतुर्विधाः। तत्र अधिकृता आध्यात्मिका वाराणसीदासं पुरस्कृत्य प्रवर्त्तमाना इन्द्रादिसंज्ञामिव गोपालबाला यादृच्छिकीमयथार्थामाध्यात्मिकसंज्ञां बिभ्राणा न नाममात्रेणैवाभिमन्तुमर्हन्ति, तथा चाध्यात्मिकंमन्यानां परेषामेवाशङ्का-निरासायात्र प्रवृत्तिरिति न किञ्चिदनुपपन्नम् ॥२॥**

❀ અહીં '**आध्यात्मिकंमन्यानां**' એ કર્માર્થક ષષ્ઠી છે અને '**परेषां**' એ કર્તુઅર્થક ષષ્ઠી છે.

**ટીકાર્થ :-** '**अध्यात्मं**' ખરેખર અધ્યાત્મ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવના ભેદથી ચાર પ્રકારનું છે. ત્યાં = નામાદિ ચાર પ્રકારનું અધ્યાત્મ છે ત્યાં, નામાદિ ચારનું સ્વરૂપ દ્રવ્યલોકથી જાણવું અને તે પ્રકારે=નામાદિ અધ્યાત્મ ચાર પ્રકારનું છે તે પ્રકારે, વિશેષણના ભેદથી=નામઅધ્યાત્મરૂપ વિશેષણ, સ્થાપનાઅધ્યાત્મરૂપ વિશેષણ, દ્રવ્યઅધ્યાત્મરૂપ વિશેષણ અને ભાવઅધ્યાત્મરૂપ વિશેષણના ભેદથી, તદ્વિશિષ્ટ=વિશેષણથી વિશિષ્ટ, આધ્યાત્મિકો પણ ચાર પ્રકારના છે=નામથી આધ્યાત્મિક, સ્થાપનાથી આધ્યાત્મિક, દ્રવ્યથી આધ્યાત્મિક અને ભાવથી આધ્યાત્મિક, એમ ચાર પ્રકારના છે. ત્યાં=ચાર ભેદવાળા આધ્યાત્મિકો છે ત્યાં, વારાણસીદાસને આગળ કરીને, પ્રવર્તમાન ગોપાલબાલને ઇંદ્રાદિ સંજ્ઞાની જેમ યાદચ્છિક અયથાર્થ આધ્યાત્મિક સંજ્ઞાને ધારણ કરતા અધિકૃત આધ્યાત્મિકો નામમાત્ર હોવાને કારણે,(આધ્યાત્મિક) કહેવા માટે યોગ્ય નથી, અને તે રીતે=અધિકૃત આધ્યાત્મિકો નામમાત્રથી આધ્યાત્મિકો છે તે રીતે, આધ્યાત્મિક માનનારા સંબંધી પરની જ=મધ્યસ્થોની જ, આશંકાના નિરાસ માટે અહીં =આધ્યાત્મિકમતની પરીક્ષામાં, પ્રવૃત્તિ છે, એથી કરીને કાંઇ અનુપપન્ન નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે જેઓ પોતાને આધ્યાત્મિક માનનારા છે, તેઓના વિષયક અધ્યાત્મને જાણવા માટે મધ્યસ્થ એવા પરને જે આશંકા છે=આ લોકો વાસ્તવિક આધ્યાત્મિક છે કે નહીં? તેવી આશંકા છે, તેના નિરાસ માટે આ ગ્રંથમાં પ્રવૃત્તિ છે. માટે શંકાકારે અવતરણિકામાં પરીક્ષા કરવી અનુચિત બતાવેલ તે ઉપપન્ન છે=પરીક્ષા કરવી ઉચિત છે.**॥૨॥**

**અવતરણિકા :-** **ये पुनरिदमाकर्ण्य सकर्णा उत्कर्णाः पारमार्थिकमध्यात्मस्वरूपं श्रोतुमुत्सहन्ते तत्प्रमोदार्थमिदमभिधीयते-**

**અવતરણિકાર્થ :-** સકર્ણ અને ઉત્કર્ણ એવા જેઓ વળી આ=અધ્યાત્મમતની પરીક્ષા કરીશું એ, સાંભળીને, પારમાર્થિક અધ્યાત્મસ્વરૂપને સાંભળવા માટે ઉત્સાહિત છે, તેમના પ્રમોદને માટે આ=ગાથામાં વક્ષ્યમાણ, કહેવાય છે.

❀ સકર્ણ=તત્ત્વને જાણવામાં મધ્યસ્થ બુદ્ધિવાળા અને ઉત્કર્ણ=તત્ત્વને જાણવા માટે ઉત્કંઠાવાળા જાણવા.

ગાથા :- जा खलु सहावसिद्धा किरिआ अप्पाणमेव अहिगिच्च ।
भण्णइ परमज्झप्पं सा दंसण-णाण-चरणड्ढा ॥३॥

(या खलु स्वभावसिद्धा क्रिया आत्मानमेवाऽधिकृत्य । भण्यते परमध्यात्मं सा दर्शन-ज्ञान-चरणाढ्या ॥३॥)

**ગાથાર્થ :- આત્માને જ આશ્રયીને જે સ્વભાવસિદ્ધ ક્રિયા છે, દર્શન, જ્ઞાન અને ચારિત્રથી આઢ્ય=સહિત, તે=સ્વભાવસિદ્ધ ક્રિયા, શ્રેષ્ઠ અધ્યાત્મ કહેવાય છે.**

**ટીકા :- इह खल्वनादिकालं कर्मभिरावेष्टितपरिवेष्टितो जन्तुः कषायविषयव्यापारकुण्ठितशक्तिकतया न स्वयमधिकुरुते काञ्चनोपल इव मलद्रव्यमलीमस इति। ततश्च तावन्तं कालमस्य न स्वभावसिद्धा क्रिया।**

❀ '**मलद्रव्यमलीमस**' પછી '**इति**' શબ્દ છે, તે વધારાનો ભાસે છે.

❀ '**अनादिकालं**' અહીં દ્વિતીયા છે, તે કાલ અર્થક છે. તેનો અર્થ અનાદિકાળથી એ પ્રમાણે જાણવો.

❀ '**कर्मभिरावेष्टितपरिवेष्टितो**'=કર્મ દ્વારા આવેષ્ટિત પરિવેષ્ટિત એમ કહ્યું, એનો અર્થ કર્મથી અત્યંત વીંટળાયેલો કરવો, અતિશય અર્થક હોવાથી આવેષ્ટિત પરિવેષ્ટિત બે વખત કથન કરેલ છે.

**ટીકાર્થ :- '**इह**'** જેમ મલદ્રવ્યથી મલીમસ કાંચનોપલ=સુવર્ણ ચળકાટને પામતું નથી, (તેમ) અહીં ખરેખર અનાદિકાલથી કર્મ વડે આવેષ્ટિત પરિવેષ્ટિત પ્રાણી, કષાયવિષયના વ્યાપારથી કુંઠિતશક્તિપણું હોવાને કારણે પોતાનો અધિકાર પામી શકતો નથી; તેથી તેટલા કાળ સુધી આની=આત્માની, સ્વભાવસિદ્ધ ક્રિયા નથી.

**ભાવાર્થ :-** જીવ કર્મથી અત્યંત વીંટળાયેલો હોય છે ત્યારે, જીવની શક્તિ કષાય અને વિષયના વ્યાપારમાં વ્યાપૃત હોવાથી પોતાના ગુણોમાં પ્રવર્તવા માટે કુંઠિત છે, તેથી સ્વયં તે પોતાના ઉપર અધિકાર ધારણ કરતો નથી. જેમ મલદ્રવ્યથી યુક્ત સુવર્ણ પોતાના ચળકાટને ધારણ કરતું નથી, તેમ આત્મા પોતાના અધિકારને ધારણ કરતો નથી. તેટલા કાળ સુધી આત્માની સ્વભાવસિદ્ધ ક્રિયા નથી=કાંઇક અંશમાં કર્મના અધિકારના વિગમનને કારણે, આત્માના મૂળ સ્વભાવથી નિષ્પન્ન થયેલી એવી જે ક્રિયા, કે જેની વિશ્રાંતિ મોક્ષરૂપ શુદ્ધસ્વરૂપમાં છે, એવી સ્વભાવસિદ્ધક્રિયા આત્માની નથી.

**ટીકા :- यदा पुनरसौ कषायेन्द्रियविजयाय प्रक्रममाणः स्वयमधिकुरुते तदा चास्य तीव्रानलापनीतमलस्य काञ्चनस्येवात्मानमधिकृत्यैव प्रादुर्भवन्ती स्वभावसिद्धा क्रिया समुज्जृम्भते स्वान्तर्भविष्णुभिरेव**

**कालादिभिरुपनीयत इति यावत्। एतेन केवलस्वभाववादः परास्तः।**

❀ '**तदा**' પછી '**च**' છે તે વધારાનો ભાસે છે.

**ટીકાર્થ :-** '**यदा**' જ્યારે વળી આ=આત્મા, કષાય અને ઇંદ્રિયના વિજય માટે પ્રયત્ન કરતો સ્વયં અધિકાર કરે છે ત્યારે, આની=આત્માની, તીવ્ર અનલથી=અગ્નિથી, દૂર કરાયેલ મલવાળા કાંચનની જેમ, આત્માને આશ્રયીને જ પ્રાદુર્ભાવ પામતી સ્વભાવસિદ્ધ ક્રિયા પ્રગટ થાય છે. તેનું તાત્પર્ય એ છે કે, સ્વાન્તર્ભવિષ્ણુ જ કાલાદિ વડે કરીને સ્વભાવસિદ્ધ ક્રિયા ઉપનયન થાય છે, અને આના વડે='**यदा**'થી '**इति यावत्**' સુધી જે કથન કહ્યું આના વડે, કેવલ સ્વભાવવાદ પરાસ્ત જાણવો.

**ભાવાર્થ :-** '**स्वान्तर्भविष्णुभिः**' - સ્વ એટલે જીવ. જીવની અંદરમાં થવાના સ્વભાવવાળા કાલાદિ વડે સ્વભાવસિદ્ધ ક્રિયા પ્રગટ કરાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે દરેક કાર્યો કાલાદિ પાંચ કારણોથી થાય છે, અને તે પાંચ કારણો, ઘટના દંડાદિ કારણો જેમ બહિરંગ કારણ છે તેમ બહિરંગ કારણ નથી, પરંતુ જીવના પર્યાયરૂપ છે. તેનાથી સ્વભાવસિદ્ધ ક્રિયા પ્રગટ થાય છે.

'**यदा**'થી '**इति यावत्**' સુધીના કથનથી કેવલ સ્વભાવવાદ પરાસ્ત થાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે આ જીવ કષાય-ઇંદ્રિયના વિજય માટે પ્રયત્ન કરે છે, એનાથી સ્વનો અધિકાર પામે છે એમ કહ્યું, એનાથી પુરુષકારવાદ આવ્યો, અને જીવની અંદરમાં થવાના સ્વભાવવાળા કાલાદિ વડે સ્વભાવસિદ્ધ ક્રિયા પ્રગટ થાય છે એમ કહ્યું, તેનાથી કાલાદિ કારણોનું ગ્રહણ થાય છે. આ પ્રમાણે કહેવાથી કેવલ સ્વભાવથી જ સ્વભાવસિદ્ધ ક્રિયા થાય છે એવી માન્યતા છે, તેનો નિરાસ થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે કષાય-ઇંદ્રિયના વિજય માટે જીવ પ્રયત્ન કરે છે ત્યારે જીવને સ્વયં અધિકાર પ્રાપ્ત થાય છે, ત્યાં પ્રશ્ન થાય કે તે અધિકાર શું છે? તેથી કહે છે-

**ટીકા :- कः पुनरस्याधिकार इति चेत्? क्षान्तिमार्दवार्जवाऽनीहासु क्रोधमानमायालोभविजयोपायेषु प्रवृत्तिरिति गृहाण। क्षान्त्यादयश्च क्रोधादिप्रतिपक्षा जीवपरिणामा एवेति न क्रोधाभावादिरूपतया तेषां कश्चन दोष उद्भावनीयः।**

**ટીકાર્થ :-** '**कः पुनः**' આનો=આત્માનો, અધિકાર શું છે? એ પ્રમાણે શ્રોતા પૂછે, તો ગ્રંથકાર કહે છે કે- ક્રોધ, માન, માયા, લોભ ઉપર વિજય મેળવવા માટેના ઉપાયરૂપ અનુક્રમે ક્ષમા, મૃદુતા, સરળતા, નિઃસ્પૃહતામાં પ્રવૃત્તિ કરવી (તે આત્માનો અધિકાર છે) એ પ્રમાણે તું જાણ; અને ક્ષાન્ત્યાદિ, ક્રોધાદિપ્રતિપક્ષરૂપ જીવના પરિણામો જ છે. એથી કરીને ક્રોધાભાવાદિરૂપપણાથી તેઓમાં કોઇ દોષ ઉદ્ભાવન ન કરવો.

**ભાવાર્થ :-** ક્રોધ, માન, માયા અને લોભના વિજયના ઉપાયરૂપ ક્ષમાદિમાં પ્રવૃત્તિ કરવી તે આત્માનો અધિકાર છે, અને આ અધિકારવાળાની જે ક્રિયા છે તે ભાવ અધ્યાત્મ છે; તેમ આગળ કહ્યું છે. ત્યાં પ્રશ્ન થાય કે ક્ષમાદિમાં યત્ન અભવ્યોનો પણ સંભવે છે અને અપુનર્બંધકાદિને પણ સંભવે છે, તેથી બધા જીવો અધિકારી પ્રાપ્ત થશે. તેનો ઉત્તર એ છે કે અભવ્યોને ક્ષમાદિમાં જે યત્ન છે, કે અહિંસાદિ સંયમમાં જે યત્ન છે, તે ફલની અપેક્ષાએ છે; પણ ક્ષમાદિભાવો આત્માનું નિર્વિકારક સ્વરૂપ છે અને તેમાં યત્ન કરવો એ જ ખરેખર આત્માને સંસારથી છૂટવાનો ઉપાય છે, એવા આશયથી ક્ષમાદિમાં યત્ન નથી. અપુનર્બંધકને યદ્યપિ ક્ષમાદિભાવો પ્રત્યે કાંઇક સ્વરૂપથી રુચિ હોય છે, તો પણ તેમનો અસ્પષ્ટ બોધ હોવાના કારણે તેમને સ્થૂલ ભાવો પ્રત્યે રુચિ હોય છે. અહીં ક્ષમાદિ નિર્વિકારક ભાવોનો આવિર્ભાવ કરવા માટે, સૂક્ષ્મ બોધપૂર્વકનો યત્ન જે વિરતિથી પ્રારંભ થાય છે, તેને ગ્રહણ કરવાનો છે, અને તે જ વ્યક્તિ પોતાના ઉપર પોતાનો અધિકાર=પોતાના ગુણમાં પ્રવર્તવારૂપ અધિકાર, ધારણ કરે છે; જ્યારે અભવ્યાદિને ક્ષમાદિ માટેનો યત્ન ફલથી હોવાને કારણે તેની વિશ્રાંતિ ક્ષાયિકભાવરૂપ ક્ષમામાં થતી નથી. યદ્યપિ અભવ્યોમાં પણ વર્તતા ક્ષમાદિ ભાવો ક્ષયોપશમભાવરૂપ જ હોય છે, તો પણ ઉત્કટ મિથ્યાત્વનો ક્ષયોપશમ નહીં હોવાના કારણે, ક્રોધાદિનો પણ ભવિષ્યમાં ઉત્કટરૂપે પરિણામ થઇ શકે તેવી શક્તિ બીજરૂપે હોવાને કારણે, ક્ષયોપશમભાવ તરીકે તેની વિવક્ષા કરેલ નથી; કેમ કે જે ક્ષયોપશમભાવ ક્ષાયિકભાવમાં વિશ્રાંત પામે તેને જ ક્ષયોપશમભાવ તરીકે વિવક્ષા કરાય છે, અને આથી જ તેઓ ગ્રંથીદેશમાં હોવા છતાં મિથ્યાત્વનો ક્ષયોપશમ સ્વીકારેલ નથી; જ્યારે અપુનર્બંધકને ઉત્કટ મિથ્યાત્વનો ક્ષયોપશમ સ્વીકારેલ છે.

**'क्षान्त्यादयश्च'** ક્ષમાદિ, ક્રોધાદિના પ્રતિપક્ષ જીવના પરિણામો છે, એથી કરીને ક્રોધાભાવાદિરૂપપણું હોવાના કારણે કોઇ દોષ ઉદ્ભાવન કરવો નહિ એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, ક્ષમાને ક્રોધાભાવરૂપે ગ્રહણ કરીએ તો જીવનો અધિકાર દોષના અભાવથી પ્રાપ્ત થાય અને તેની નિષ્ઠા પરિપૂર્ણ દોષાભાવમાં પ્રાપ્ત થાય. તેથી અધિકારને પામેલ તે વ્યક્તિ ભાવઅધ્યાત્મની ક્રિયા દ્વારા દોષાભાવરૂપ મોક્ષને પ્રાપ્ત કરશે, પણ ગુણરૂપ મોક્ષને પ્રાપ્ત કરશે નહિ. બીજો દોષ એ પ્રાપ્ત થાય છે કે, ક્રોધાભાવના અંશની કલ્પના થઇ શકે નહિ, પરંતુ ક્રોધના અંશની કલ્પના થઇ શકે; જ્યારે ક્રોધાભાવમાં યત્ન થાય છે ત્યારે ક્રોધની વિદ્યમાનતા પણ દેખાય છે, પરંતુ જેમ ઘટ અને ઘટાભાવ સાથે ન રહી શકે તેમ ક્રોધ અને ક્રોધાભાવ સાથે ન રહી શકે; પણ ક્ષમાને ક્રોધના પ્રતિપક્ષરૂપે ગ્રહણ કરીએ તો તે ભાવાત્મક હોવાના કારણે તેના અંશની કલ્પના થઇ શકે; જેટલા અંશમાં ક્ષમા આવિર્ભાવ પામે તેટલા અંશમાં ક્રોધની હીનતા પ્રાપ્ત થાય છે અને ઘાત્યઘાતકભાવ વડે બંનેનું સહ અવસ્થાન છે. વળી ક્ષમાને ક્રોધાભાવરૂપ માનવાથી અન્યોન્યાશ્રય દોષ પણ પ્રાપ્ત થાય છે. તે અન્યોન્યાશ્રય દોષ આ પ્રમાણે - જ્યાં સુધી ક્રોધનો અભાવ ન થાય ત્યાં સુધી ક્રોધ ઉપર વિજય મળે નહિ અને જ્યાં સુધી ક્રોધ ઉપર વિજય મળે નહિ ત્યાં સુધી ક્રોધનો અભાવ થાય નહિ.

**ટીકા :- कषायविजये चेन्द्रियविजयोऽपि हेतुः, समकालभाविनोरपि तयोः प्रदीपप्रकाशयोरिव हेतुहेतुमद्भावात्। इन्द्रियविजयश्च मनःशुद्ध्या, सा च लेश्याविशुद्ध्या, (मनसो निर्मलत्वं) ताश्च सकलकर्मप्रकृतिनिष्यन्दभूतकृष्णादिद्रव्यसाचिव्यादात्मनोऽशुद्धतमाऽशुद्धतराऽशुद्ध-शुद्ध-शुद्धतर-**

**शुद्धतमपरिणामरूपाः, भावनाहेतुकनिर्ममत्वहेतुकसाम्यहेतुकरागद्वेषजयेन वा मनसो विशुद्धिरित्येवं परिपाटी।**

**ટીકાર્થ :- 'कषायविजये'** કષાયના વિજયમાં ઇંદ્રિયનો વિજય પણ હેતુ છે.

❀ અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે, ક્ષમાદિમાં પ્રવૃત્તિ તો હેતુ છે પણ ઇંદ્રિયનો વિજય પણ હેતુ છે.

**ઉત્થાન :-** કષાયવિજય અને ઇંદ્રિયવિજય સમકાલભાવી છે, તો કષાયના વિજયમાં ઇંદ્રિયનો વિજય હેતુ કેવી રીતે કહી શકાય? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'समकालभाविनोः'** - સમકાલભાવી પણ તે બેનો=કષાયવિજય અને ઇંદ્રિયવિજયનો, પ્રદીપ અને પ્રકાશની જેમ કાર્યકારણભાવ છે. અને ઇંદ્રિયનો વિજય મનની શુદ્ધિથી થાય છે, મનની શુદ્ધિ લેશ્યાની શુદ્ધિથી થાય છે અને તે=લેશ્યા, સકલકર્મપ્રકૃતિના નિષ્યંદભૂત કૃષ્ણાદિ દ્રવ્યના સાચિવ્યથી આત્માના અશુદ્ધતમ, અશુદ્ધતર, અશુદ્ધ, શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ પરિણામરૂપ છે. બીજી રીતે મનની શુદ્ધિનો ઉપાય બતાવે છે- ભાવનાહેતુક, નિર્મમત્વહેતુક, સામ્યહેતુક રાગદ્વેષના જય વડે મનની વિશુદ્ધિ થાય છે, એ પ્રમાણે પરિપાટી છે.

**ભાવાર્થ :-** ઇંદ્રિયનો વિજય મનની વિશુદ્ધિથી થાય છે અને મનની વિશુદ્ધિ લેશ્યાની વિશુદ્ધિથી થાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે કઠોર આશય તે અશુભ લેશ્યારૂપ છે, જે પ્રથમની ત્રણ લેશ્યા છે અને મૃદુ આશય તે શુદ્ધ લેશ્યારૂપ છે, જે પાછળની ત્રણ લેશ્યા છે. જ્યારે જીવ બીજા જીવ પ્રત્યે મૃદુ આશયવાળો થાય છે, ત્યારે તેના ચિત્તની જે વિશુદ્ધિ છે, તેનાથી તત્ત્વનું અવલોકન કરે તો તત્ત્વ તરફ વલણ થવું સંભવે છે. જ્યારે કઠોર આશયવાળો જીવ તત્ત્વને તત્ત્વરૂપે જોવાની લાયકાત ધરાવતો નથી. આ રીતે લેશ્યાની શુદ્ધિથી તત્ત્વનું અવલોકન કરવાને કારણે મનશુદ્ધિ થાય છે અને મનશુદ્ધિ થયા પછી તત્ત્વમાં પ્રવૃત્તિ કરવા માટે જીવનો યત્ન પેદા થાય છે. તેનાથી ઇંદ્રિયનો વિજય થાય છે અને ઇંદ્રિયવિજય સમકાલીન કષાયનો જય થાય છે. આ ક્રમ પ્રમાણે લેશ્યાશુદ્ધિથી તત્ત્વના અવલોકનના પ્રયત્નથી ક્રમસર મનશુદ્ધિ થાય છે, તેથી તે ક્રમિક ભાવરૂપ છે; જ્યારે ઇંદ્રિયવિજય અને કષાયવિજય કાર્ય-કારણરૂપ હોવા છતાં સહવર્તી ભાવ છે.

**'समकालभाविनोः'** સમકાલભાવી એવા ઇંદ્રિયવિજય અને કષાયવિજય વચ્ચે પ્રદીપ અને પ્રકાશની જેમ હેતુ-હેતુમદ્ભાવ છે એમ કહ્યું, ત્યાં હેતુ-હેતુમદ્ભાવનો અર્થ કાર્ય-કારણભાવ છે. તે આ રીતે- હેતુ એટલે કારણ અને 'હેતુમદ્'=કાર્ય. સ્વજન્યતાસંબંધથી હેતુ કાર્યમાં રહે છે, તેથી 'હેતુમદ્' શબ્દથી કાર્ય વાચ્ય બને છે.

લેશ્યાની વિશુદ્ધિથી મનની શુદ્ધિ થાય છે તેમ કહ્યું, ત્યાં લેશ્યાનું સ્વરૂપ આ પ્રમાણે છે- સકલ કર્મપ્રકૃતિના નિષ્યન્દભૂત=જીવનું કાર્મણ શરીર સકલ કર્મપ્રકૃતિરૂપ છે અને તે પાંચ પ્રકારના વર્ણવાળી વર્ગણાઓથી બનેલું છે. આમ છતાં, તેમાં સારભૂત એવું જે કૃષ્ણાદિ દ્રવ્ય તેના સાચિવ્યથી આત્માને ત્રણ પ્રકારનાં અશુદ્ધ પરિણામો અને ત્રણ પ્રકારનાં શુદ્ધ પરિણામો થાય છે, તે ભાવ લેશ્યા છે; અને સકલ કર્મપ્રકૃતિમાં સારભૂત કૃષ્ણાદિ વર્ણવાળા પુદ્ગલો છે, તે દ્રવ્યલેશ્યા છે. અહીં 'નિષ્યન્દ'નો અર્થ સારભૂત વધારે ઉચિત લાગવાથી તે કરેલ છે.

**'भावनाहेतुक'**- મનની વિશુદ્ધિનો બીજો ક્રમ જે કહ્યો કે ભાવનાહેતુક, નિર્મમત્વહેતુક, સામ્યહેતુક રાગદ્વેષના જયથી મનની વિશુદ્ધિ થાય છે, એ પ્રમાણે પરિપાટી છે; તેનું તાત્પર્ય એ છે કે અનિત્યાદિ બાર ભાવના ભાવીએ, તે ભાવના જેમ જેમ હૈયાને સ્પર્શતી જાય છે તેમ તેમ નિર્મમભાવ પેદા થાય છે, અને પદાર્થ પ્રત્યે નિર્મમભાવ પેદા થવાના કારણે, પોતાનાથી ભિન્ન બધા પદાર્થો પોતાને અનુપયોગી હોવાના કારણે તુલ્યરૂપ ભાસે છે, તેથી સામ્યભાવ વર્તે છે; અને સામ્યભાવના કારણે ચિત્તમાં રાગ-દ્વેષ વર્તતા નથી, તેથી ચિત્ત વિશુદ્ધ બને છે, અને તે વિશુદ્ધ ચિત્તને કારણે ઇંદ્રિય કાબુમાં વર્તે છે; અને ઇંદ્રિયનો વિજય થવાથી કષાયનો વિજય થાય છે. આ ક્રમ પ્રમાણે જેમ જેમ ભાવના પ્રકર્ષ થાય તેમ તેમ નિર્મમભાવ પ્રકર્ષ પામે છે. તેથી ભાવના પુરોવર્તી છે અને નિર્મમભાવ ઉત્તરવર્તી છે, ત્યારપછીના સામ્યભાવ વગેરેનો સહવર્તી કાર્યકારણભાવ છે.

**ટીકા :- तदेवमनया दिशा लब्धाधिकारस्यात्मनः क्रिया परं=नामादित्रयमतिशयानं भावाध्यात्मं भण्यते। कीदृशी सा क्रिया? 'दर्शनज्ञानचरणाढ्या'।**

**ટીકાર્થ :- 'तदेवम्'** તે કારણથી=પૂર્વમાં કહ્યું કે કષાયજયના ઉપાયમાં પ્રવૃત્તિથી અધિકાર પ્રાપ્ત થાય છે તે કારણથી, આ રીતે આ દિશાથી=લેશ્યાશુદ્ધિથી મનશુદ્ધિ આદિ આ દિશાથી, લબ્ધઅધિકારવાળા આત્માની ક્રિયા પરમ અધ્યાત્મ કહેવાય છે, અર્થાત્ નામાદિત્રયથી અતિશયવાળું ભાવઅધ્યાત્મ કહેવાય છે. તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિ સ્વયં પોતાના પર અધિકાર પ્રાપ્ત કરે છે, તે વ્યક્તિ મન-વચન-કાયાની ચેષ્ટા, સમિતિ-ગુપ્તિમાં પ્રવર્તાવે છે. એ રૂપ ક્રિયા ભાવઅધ્યાત્મ છે.

કેવા પ્રકારની તે ક્રિયા છે? અર્થાત્ પરમ અધ્યાત્મરૂપ ક્રિયા કહી તે કેવા પ્રકારની છે? એવી જિજ્ઞાસામાં કહે છે- દર્શન, જ્ઞાન અને ચારિત્રથી આઢ્ય=સહિત છે.

**ઉત્થાન :-** અહીં સુધીમાં અધ્યાત્મના લક્ષણરૂપ મૂળગાથાનો અર્થ પૂરો થાય છે. હવે તે જ અધ્યાત્મના લક્ષણરૂપ મૂળગાથાના અર્થને વધારે સ્પષ્ટ કરતાં કહે છે-

**ટીકા :- श्रद्धान-बोधा-ऽनाश्रवतारूपभेदान्मिथोऽतद्भावमात्रेण व्यवस्थितापि वस्तुगत्यात्मन्यात्मनात्म-तत्त्वसंवेदनरूपैकवस्तुतया प्रत्यस्तमितपृथग्भावा; कर्त्रादिभावकर्मीरितात्मस्वरूप एव निविशमानं श्रुतनोश्रुतादिविभागाभावादेकरूपीकृतं गुणकरणाख्यक्रियाभावमनुसरतीति यावत् ॥३॥**

**ટીકાર્થ :- 'श्रद्धान'** શ્રદ્ધાન, બોધ અને અનાશ્રવતારૂપ ભેદથી પરસ્પર અતદ્ભાવમાત્રથી વ્યવસ્થિત હોવા છતાં પણ, વાસ્તવિક રીતે આત્મામાં આત્મા વડે આત્મતત્ત્વસંવેદનરૂપ એકવસ્તુપણાથી, પ્રત્યસ્તમિત=નાશ પામેલ પૃથગ્ભાવવાળી (તે ક્રિયા), કર્તૃઆદિ ભાવકર્મવાળી વ્યક્તિથી પ્રેરિત આત્મસ્વરૂપમાં જ નિવિશમાન શ્રુત-નોશ્રુત આદિ વિભાગનો અભાવ હોવાથી, એકરૂપ કરાયેલ ગુણકરણાખ્યક્રિયાભાવને અનુસરે છે. **'इति यावत्'** કહ્યું તે **'इह खलु ......... दर्शनज्ञानचरणाढ्या'** ત્યાં સુધીના કથનનું આ તાત્પર્ય છે એમ સૂચવે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે જીવ પોતાના ગુણોનો જ કર્તા છે અને પોતાના ગુણોનો જ ભોક્તા છે, માટે કર્તા અને '**आदि**'પદથી ભોક્તાનું ગ્રહણ કરવું. કર્તૃઆદિનો ભાવ તે કર્ત્રાદિભાવ, તે ભાવોના કર્મવાળો=ક્રિયાવાળો જીવ છે, તેથી 'કર્ત્રાદિભાવકર્મિન્' જીવ છે, અને તે 'કર્ત્રાદિભાવકર્મિન્' એવા જીવ વડે કરીને ઈરિત=પ્રેરિત, એવું જે આત્મસ્વરૂપ છે, તે સિદ્ધાવસ્થામાં છે. તે આત્મસ્વરૂપમાં સિદ્ધના જીવો નિવિષ્ટ=પ્રવેશેલા છે. જ્યારે ગુણકરણાખ્યક્રિયાભાવ તે આત્મસ્વરૂપમાં નિવિશમાન છે અને તે ગુણકરણાખ્યક્રિયાભાવને અનુસરનારી આ અધ્યાત્મની ક્રિયા છે.

'**गुणकरणाख्यक्रिया**' - ગુણકરણાખ્યક્રિયા એટલે ગુણોને કરવાની ક્રિયા. તે ક્રિયારૂપ ભાવ નિર્વિકલ્પદશામાં હોય છે. નિર્વિકલ્પદશામાં જીવ પોતાના ગુણોને આવિર્ભાવ કરવાની ક્રિયા માત્ર કરે છે, અને નિર્વિકલ્પદશા પહેલાંની ભૂમિકામાં મુનિ શ્રુત-નોશ્રુતના વિભાગવાળી ક્રિયા કરે છે; જ્યારે નિર્વિકલ્પદશામાં શ્રુત-નોશ્રુતના ભેદનો અભાવ હોવાથી એકરૂપ કરાયેલ ગુણકરણાખ્યક્રિયાભાવ હોય છે. શ્રુત એટલે શ્રુતજ્ઞાનની ક્રિયા અને નોશ્રુત એટલે તપસંયમની ક્રિયા; એ રૂપ વિભાગવાળી ગુણકરણાખ્યક્રિયા, છઠ્ઠા ગુણસ્થાનકમાં મુનિ નિર્વિકલ્પદશા પહેલાં કરે છે. ત્યારપછી આત્મા પોતાનો પુરુષાર્થ=આત્માથી આત્મામાં આત્મતત્ત્વના સંવેદનરૂપ એક પ્રકારની ક્રિયાને કરે છે, અને તેનાથી જે અંતરંગ ગુણનિષ્પત્તિને અનુકૂળ વીર્યસ્ફુરણ થાય છે, તે જ એકરૂપીકૃત ગુણકરણાખ્યક્રિયાભાવ છે.

અહીં સંક્ષેપથી તાત્પર્ય એ છે કે જીવની વિપરીત રુચિ, વિપરીત બોધ અને વિપરીત પ્રવૃત્તિથી સંસાર નિષ્પન્ન થયો છે. તે દિશા, આત્મગુણો તરફ પલટાવાથી પ્રથમ ભૂમિકામાં શ્રદ્ધાન, બોધ અને અનાશ્રવતારૂપ ત્રણ પરિણતિઓ પૃથગ્ પ્રાપ્ત થાય છે. પછી જીવ વાસ્તવિક રીતે સ્વપ્રયત્નથી પોતાના આત્મતત્ત્વનું સંવેદન કરે છે, તે રૂપ એક ભાવ રહે છે, જે નિર્વિકલ્પ ઉપયોગ સ્વરૂપ છે. આનાથી એ ફલિત થયું કે; અધ્યાત્મની ક્રિયા બે પ્રકારની છે. (૧) પ્રથમ ભૂમિકાની શ્રદ્ધાન, બોધ અને અનાશ્રવરૂપ ભેદવાળી અધ્યાત્મની ક્રિયા છે અને (૨) બીજી ભૂમિકાની આત્મામાં આત્મા વડે આત્મતત્ત્વના સંવેદનરૂપ અધ્યાત્મની ક્રિયા છે, અને તે સમતાની વૃદ્ધિ કરે તેવા ધ્યાનસ્વરૂપ છે, જે નિર્વિકલ્પદશાવાળા જિનકલ્પિક આદિને હોય છે. આ બંને પ્રકારની અધ્યાત્મની ક્રિયા, ગુણકરણાખ્યક્રિયાભાવને અનુસરે છે. પ્રથમ ભૂમિકાની અધ્યાત્મની ક્રિયા, શ્રુત-નોશ્રુતના વિભાગવાળી હોવાથી, એકરૂપીકૃત ગુણકરણાખ્યક્રિયાભાવને અનુસરતી નથી, પરંતુ ભિન્ન ભિન્નરૂપ રત્નત્રયીના ભાવરૂપ ગુણકરણાખ્યક્રિયાભાવને અનુસરે છે. જ્યારે બીજી ભૂમિકાની અધ્યાત્મની ક્રિયા, શ્રુત-નોશ્રુતના વિભાગના અભાવથી એકરૂપ કરાયેલ ગુણકરણાખ્યક્રિયાભાવને અનુસરે છે **॥૩॥**

**અવતરણિકા :- ननु परद्रव्यसङ्गे शुद्धोपयोगरूपात्माधिकारो न सम्भवति, अशुद्धोपयोगरूपशुद्धोपयोगच्छेदायतनत्वात्तस्य, सति च तत्र स्वद्रव्यप्रतिबन्धरूपश्रामण्यपरिपूर्णाऽऽयतनाऽसंभवात्। तथा च कथमेतावत्युपधिसम्बन्धे सिताम्बराणामध्यात्मसम्भावना? इति विवक्षया स्फुरितोत्तराधरमन्तरैवोपस्थितं दिगम्बरमुद्वीक्ष्य धर्मानुरोधिनः परद्रव्यस्याध्यात्माविरोधितां समाधत्ते-**

**અવતરણિકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી કહે છે કે, પરદ્રવ્યના સંગમાં શુદ્ધ ઉપયોગરૂપ આત્માનો અધિકાર સંભવતો નથી, કેમ કે તેનું=પરદ્રવ્યના સંગનું, અશુદ્ધ ઉપયોગરૂપ શુદ્ધ ઉપયોગના છેદનું આયતનપણું=કારણપણું, છે. અને તે પરદ્રવ્યનો સંગ હોતે છતે ત્યાં=તે પરદ્રવ્યવાળી વ્યક્તિમાં, સ્વદ્રવ્યપ્રતિબંધરૂપ શ્રામણ્યના પરિપૂર્ણ આયતનનો અસંભવ છે. અને તે પ્રમાણે આટલી ઉપધિના સંબંધમાં શ્વેતાંબરોને મુનિભાવરૂપ અધ્યાત્મની સંભાવના કઇ રીતે થાય? એ પ્રકારની વિવક્ષાથી સ્ફુરિત થયો છે ઉત્તર ઓષ્ઠ જેનો અને અધ્યાત્મના સ્વરૂપને બતાવતાં વચમાં ઉપસ્થિત એવા દિગંબરને જોઇને ધર્માનુરોધી એવા પરદ્રવ્યની અધ્યાત્મ અવિરોધિતાને દેખાડે છે.

**ભાવાર્થ :- 'परद्रव्यसङ्गे'** - તાત્પર્ય એ છે કે પોતાના આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબંધ રાખવો તે રૂપ શ્રામણ્યભાવ છે, અને તેનું પરિપૂર્ણ આયતન=કારણ, સર્વથા પરદ્રવ્યનો ત્યાગ છે. તેથી જેણે પરદ્રવ્યનો ત્યાગ કરેલ નથી તે વ્યક્તિમાં પરિપૂર્ણ આયતનનો અસંભવ છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે.

**ગાથા :-** **ण विणा रागद्दोसे अज्झप्पस्सेह किंचि पडिकूलं ।**
**परदव्वं उवगरणं किं पुण देहुव्व धम्मट्ठं ॥४॥**

( न विना रागद्वेषौ अध्यात्मस्येह किञ्चित् प्रतिकूलम् । परद्रव्यमुपकरणं किं पुनः देह इव धर्मार्थम् ॥४॥ )

**ગાથાર્થ :- અહીંયાં=સંસારમાં, રાગ-દ્વેષને છોડીને અધ્યાત્મને કાંઇ પ્રતિકૂલ નથી, તો વળી ધર્મને માટે દેહની જેમ ઉપકરણરૂપ પરદ્રવ્યનું શું? અર્થાત્ પરદ્રવ્યરૂપ ઉપકરણ પ્રતિકૂળ નથી.**

**ટીકા :- यत्खलु धर्मोपकरणस्यापि परद्रव्यतया श्रामण्यविरोधितामाचक्षते क्षपणकास्तत्रेदं पर्यनुयुज्महे -किं स्वरूपत एव तस्य शुद्धोपयोगविरोधित्वं रागद्वेषद्वारा वा? आद्येऽतिप्रसङ्गो, द्वितीये तु धर्मसाधनतया धर्मार्थमुपादीयमानस्य तस्य शरीरस्येव तदनुगुणत्वमेवेति कुतस्तद्विरोधित्वम्? यथोक्तसिद्धान्तविधिना-ऽऽदीयमानस्य तस्य रागद्वेषाऽजनकत्वात्।**

❀ **'यत्'** નો અર્થ જે પ્રમાણે છે અને તેનો **'तत्र'**ની સાથે અન્વય છે. અર્થાત્ જે શ્રામણ્યની વિરોધિતા છે, ત્યાં અમે પૂછીએ છીએ, એ પ્રમાણે અન્વય છે.

**ટીકાર્થ :- 'यत्'** જે ખરેખર ક્ષપણકો=દિગંબરો, ધર્મોપકરણનું પણ પરદ્રવ્યપણું હોવાને કારણે શ્રામણ્યવિરોધિતા કહે છે, ત્યાં આ એટલે વક્ષ્યમાણ અમે પ્રશ્ન કરીએ છીએ કે, શું સ્વરૂપથી જ તેનું અર્થાત્ પરદ્રવ્યરૂપ ધર્મોપકરણનું શુદ્ધ ઉપયોગનું વિરોધીપણું છે? કે રાગ-દ્વેષ દ્વારા વિરોધીપણું છે? આદ્ય વિકલ્પમાં અર્થાત્ સ્વરૂપથી જ પરદ્રવ્યરૂપ ધર્મોપકરણનું શુદ્ધ ઉપયોગનું વિરોધીપણું છે, તેમાં અતિપ્રસંગ આવશે; તે આ પ્રમાણે- ધર્મોપકરણ પરદ્રવ્ય હોવાને કારણે સ્વરૂપથી શુદ્ધ ઉપયોગના વિરોધી છે, તો શરીર પણ અને આહારાદિ પણ પરદ્રવ્ય હોવાને કારણે,

સ્વરૂપથી શુદ્ધ ઉપયોગના વિરોધી માનવાનો દિગંબરને અતિપ્રસંગ આવશે. વળી બીજા વિકલ્પમાં અર્થાત્ રાગ-દ્વેષ દ્વારા ધર્મોપકરણનું શુદ્ધ ઉપયોગનું વિરોધીપણું છે તે રૂપ બીજા વિકલ્પમાં, ધર્મના સાધનપણાથી ધર્મ માટે ગ્રહણ કરાતાં એવાં તેનું=ધર્મોપકરણનું, શરીરની જેમ તેને=શ્રામણ્યને, અનુગુણપણું જ છે; એથી કરીને ક્યાંથી તદ્વિરોધીપણું અર્થાત્ શ્રામણ્યવિરોધીપણું, ઘટે? અર્થાત્ ન ઘટે. તેમાં હેતુ કહે છે- યથોક્ત સિદ્ધાંતવિધિથી ગ્રહણ કરાતાં એવાં તેનું=ધર્મોપકરણનું, રાગ-દ્વેષનું અજનકપણું છે.

**ટીકા :- स्यादेतद्-उपकरणेष्वभीक्ष्णं ग्रहणमोचनादिप्रवृत्तिरावश्यकी, सा च रागद्वेषाऽविनाभाविनी, अत एव परप्राणव्यपरोपणस्याऽशुद्धोपयोगसद्भावाऽसद्भावाभ्यामनैकान्तिकच्छेदत्वं, उपधेस्त्वशुद्धोपयोगेनैवाऽऽदानसम्भवादैकान्तिकच्छेदत्वमुक्तम्। तथाहि-[ प्रवचनसार ३-१९ ]**

"[१] हवदि व ण हवदि बंधो मदे ध जीवे ध कायचेट्ठंमि ।
बंधो धुवमुवधीदो इदि सवणा छड्डिआ सव्वं ॥" इति

**ટીકાર્થ :- 'स्यादेतत्'** અહીં પૂર્વપક્ષી કહે કે ઉપકરણમાં અભીક્ષ્ણ=વારંવાર, ગ્રહણમોચનાદિ પ્રવૃત્તિ આવશ્યક છે અને તે પ્રવૃત્તિ રાગ-દ્વેષ સાથે અવિનાભાવિની છે. આથી કરીને જ પરપ્રાણવ્યપરોપણનું અશુદ્ધ ઉપયોગના સદ્ભાવ અને અસદ્ભાવ દ્વારા અનૈકાન્તિક છેદત્વ છે, અર્થાત્ અનૈકાન્તિક શુદ્ધ ઉપયોગનું નાશકત્વ છે; વળી ઉપધિનો અશુદ્ધ ઉપયોગ વડે કરીને જ આદાનનો=ગ્રહણ કરવાનો, સંભવ હોવાથી ઐકાંતિક છેદત્વ કહેલું છે, અર્થાત્ ઐકાંતિક શુદ્ધ ઉપયોગનું નાશકત્વ કહેલું છે.

પ્રવચનસારની સાક્ષી દ્વારા કહે છે, તે આ પ્રમાણે -

કાયચેષ્ટા હોવા છતાં પ્રાણીના મરણમાં કે અમરણમાં બંધ થાય કે ન પણ થાય, પણ ઉપધિથી તો અવશ્ય કર્મબંધ થાય છે; તેથી શ્રમણોએ સર્વનો=ઉપધિનો ત્યાગ કરેલ છે. **'इति'** પ્રવચનસારની સાક્ષીપાઠની સમાપ્તિ સૂચક છે.

❀ અહીં **'छेदत्वं'**નો અર્થ આત્માનો પોતાના ઉપર જે અધિકાર છે, તેનો છેદ=નાશ, ગ્રહણ કરવાનો છે.

**ભાવાર્થ :- 'अत एव'** - પરપ્રાણવ્યપરોપણમાં અશુદ્ધ ઉપયોગના સદ્ભાવથી શુદ્ધોપયોગરૂપ આત્માના અધિકારનો છેદ થાય છે અને અશુદ્ધોપયોગના અસદ્ભાવથી છેદ થતો નથી, માટે અનૈકાંતિક છેદત્વ છે; અને ઉપધિનો અશુદ્ધોપયોગથી જ ગ્રહણનો સંભવ હોવાથી એકાંતે અધિકારનો છેદ થાય છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે.

**ટીકા :- मैवं, देहव्यापारेऽपि सर्वस्यैतस्य तुल्यत्वात्। "यतनापूर्वका देहव्यापारा न दोषाये"ति चेत्? तुल्यमिदमन्यत्र॥४॥**

---

१. भवति वा न भवति बन्धो मृतेऽथ जीवेऽथ कायचेष्टायाम्। बन्धो ध्रुवमुपधेरिति श्रमणास्त्यक्तवन्तः सर्वम्॥

**ટીકાર્થ :- 'मैवं'** ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે એ પ્રમાણે ન કહેવું, અર્થાત્ ઉપકરણમાં અભીક્ષ્ણ=વારંવાર ગ્રહણમોચનાદિ પ્રવૃત્તિ આવશ્યક છે અને તે રાગ-દ્વેષ અવિનાભાવિની છે, તેથી ઉપકરણ સંયમના વિરોધી છે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે દેહવ્યાપારમાં પણ આ સર્વનું તુલ્યપણું છે. અહીં પૂર્વપક્ષી કહે કે યતનાપૂર્વક દેહવ્યાપાર દોષ માટે નથી, તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે અન્યત્ર પણ=ઉપકરણમાં પણ, આ તુલ્ય છે=યતનાપૂર્વક ઉપકરણમાં વ્યાપાર કરીએ તો દોષ માટે નથી, આ તુલ્ય છે ॥૪॥

**અવતરણિકા :- न खलु बहिरङ्गसङ्गसद्भावे तन्दुलगताऽशुद्धत्वस्येवाऽशुद्धोपयोगरूपस्यान्तरङ्गच्छेदस्य प्रतिषेध इत्यमरचन्द्रवचनमुत्क्षिपन्नाह-**

**અવતરણિકાર્થ :-** બહિરંગ ઉપધિરૂપ સંગનો સદ્ભાવ હોતે છતે, (ફોતરાના સંગથી) તંદુલગત અશુદ્ધત્વની જેમ, અશુદ્ધ ઉપયોગરૂપ અંતરંગ (આત્માના અધિકારના) છેદનો પ્રતિષેધ નથી, એ પ્રકારના અમરચંદ્રના વચનનું ખંડન કરતાં કહે છે-

❀ અહીં તંદુલગત'અશુદ્ધત્વ તંદુલ ઉપર રહેલાં ફોતરાંને કારણે તંદુલનું સ્વાભાવિકરૂપ જે અપ્રગટ છે, તે ગ્રહણ કરવાનું છે.

**ગાથા :-** उवधिसहिओ ण सुज्झइ सतुसा जह तन्दुला ण सुज्झन्ति ।
इय वयणं पक्खित्तं दूरे दिट्ठंतवेसम्मा ॥५॥

(उपधिसहितो न शुद्ध्यति, सतुषा यथा तन्दुला न शुद्ध्यन्ति । इति वचनं प्रक्षिप्तं दूरे, दृष्टान्तवैषम्यात् ॥५॥)

**ગાથાર્થ :- જેમ તુષ સહિત તંદુલ શુદ્ધ થતા નથી, (તેમ) ઉપધિ સહિત જીવ શુદ્ધ થતો નથી, એ પ્રકારનું વચન દૂર ફેંકાયેલું છે=મિથ્યા છે, કેમ કે દૃષ્ટાંતનું વૈષમ્ય છે.**

**ટીકા :- यदि हि तन्दुलाऽविशुद्ध्यापादकत्वं तुषाणामिवोपधेः स्वरूपतः पुरुषाऽविशुद्धिनिबन्धनत्वं स्यात्तदेदं वचनमुच्चार्यमाणं चारुतामञ्चेत, न चैवमस्ति। अपि चोपधेरुपाधित्वाऽसिद्धौ न तस्याऽशुद्ध्यनुमापकत्वमुज्जीवति। न चान्यस्मिन् स्वसंसर्गिणि स्वधर्मसङ्क्रामकत्वलक्षणमुपाधित्वमुपधौ तुष इव। यत्तु तुषे तन्दुलस्वभावकार्यप्रतिबन्धकत्वं तत्तूपधौ स्वाभाविकं नाद्यापि सिद्धमिति यावद्, अविशुद्ध्यापादकसमवधानमुपाधिरप्रयोजकत्वादिदोषग्रासश्च ॥५॥**

**ટીકાર્થ :- 'यदि'** તંદુલની અવિશુદ્ધિનું આપાદકપણું ફોતરાંનું જેમ સ્વરૂપથી છે, તેમ જો પુરુષની અવિશુદ્ધિનું નિબંધનપણું ઉપધિનું સ્વરૂપથી હોય, તો ઉચ્ચાર્યમાણ=કહેવાતું, આ વચન ચારુતાને પામે અને એ પ્રમાણે

નથી, અર્થાત્ ઉપધિનું સ્વરૂપથી પુરુષની અવિશુદ્ધિનું નિબંધનપણું નથી. **'अपि च'** - અને વળી ઉપધિનું ઉપાધિત્વ અસિદ્ધ થયે છતે, તેનું=ઉપધિનું, અશુદ્ધિ અનુમાપકત્વ ઘટતું નથી, અને અન્ય એવા સંસર્ગીમાં સ્વધર્મના સંક્રામત્વલક્ષણરૂપ ઉપાધિત્વ જેમ તુષમાં નથી તેમ ઉપધિમાં નથી. (માટે તે અનુમાપક બને નહીં. એ પ્રમાણે અન્વય છે.) **'यत्तु'**- જે વળી તુષમાં તંદુલસ્વભાવકાર્યપ્રતિબંધકપણું છે, તે ઉપધિમાં હજુ સ્વાભાવિક સિદ્ધ થયું નથી. ત્યારપછી **'इति यावत्'** કહ્યું, તેનાથી એ કહેવું છે કે, દૃષ્ટાંતનું આ ત્રણ પ્રકારે યોજન કરી શકાય અને ત્રણે પ્રકારે યોજન કરતાં દૃષ્ટાંતની જે વિષમતા દેખાય છે, તેનું તાત્પર્ય **'यदि.......सिद्धम्'** સુધીના કથનમાં બતાવેલ છે.

**ઉત્થાન :-** **'यदि.......सिद्धम्'** સુધીના કથનમાં દૃષ્ટાંતમાં ત્રણ પ્રકારની વિષમતારૂપ દોષ છે તે બતાવ્યું. હવે તે ત્રણે દોષનું સંક્ષિપ્ત કથન કરતાં કહે છે-

**ટીકાર્થ :-** **'अविशुद्धि'** અવિશુદ્ધિઆપાદકત્વસમવધાન, ઉપાધિ અને અપ્રયોજકત્વાદિરૂપ દોષગ્રાસ છે. અર્થાત્ **'यदि हि'**...થી જે પ્રથમ દોષ બતાવ્યો તેમાં અન્વયથી દૃષ્ટાંતનું વૈષમ્ય છે, તે આ રીતે- અવિશુદ્ધિ આપાદક સમવધાન તંદુલમાં છે, જ્યારે પુરુષમાં નથી. **'अपि च**...'થી બીજું કથન કર્યું, તેમાં વ્યતિરેકથી ઉપાધિદોષ છે, તે આ પ્રમાણે- દૃષ્ટાંતમાં ઉપાધિનો વ્યતિરેક છે, તેમ ઉપધિમાં પણ ઉપાધિનો વ્યતિરેક છે. **'यत्तु**...'થી જે ત્રીજું કથન કર્યું, તેમાં દૃષ્ટાંત અપ્રયોજક છે, તે આ પ્રમાણે - તુષમાં તંદુલસ્વભાવકાર્યપ્રતિબંધકપણું છે, જ્યારે ઉપધિમાં નથી. તેથી આ દૃષ્ટાંત સ્વભાવકાર્યપ્રતિબંધમાં અપ્રયોજક છે.

**ભાવાર્થ :-** (૧) **'यदि हि**...'- તાત્પર્ય એ છે કે ચોખા ઉપર ફોતરાં હોય છે, તે ફોતરાંનું સ્વરૂપ ચોખાના સ્વરૂપને આચ્છાદિત કરતું હોવાથી અવિશુદ્ધિનું આપાદક છે. તે રીતે આત્માના શુદ્ધ ઉપયોગરૂપ સ્વરૂપને ઉપધિ સ્વરૂપથી આચ્છાદિત કરતી નથી, પરંતુ રાગ-દ્વેષ પેદા કરવા દ્વારા અવિશુદ્ધિને પેદા કરે છે, તેથી ફલથી અવિશુદ્ધિનું કારણ છે. જ્યાં રાગ-દ્વેષ થતા નથી ત્યાં અવિશુદ્ધિ થતી નથી, માટે અન્વયથી દૃષ્ટાંતમાં વૈષમ્ય છે.

(૨) **'अपि च**...'- ઉપધિનું અશુદ્ધિ-અનુમાપકત્વ ઘટતું નથી એમ કહ્યું, ત્યાં ઉપધિનું 'અશુદ્ધિજનકત્વ' ન કહેતાં 'અશુદ્ધિઅનુમાપકત્વ' એટલા માટે કહેલ છે કે, શ્વેતાંબર સાધુઓ ઉપધિ ધારણ કરે છે તેને જોઇને દિગંબરો ઉપધિ દ્વારા અનુમાન કરે છે કે, શ્વેતાંબર સાધુઓમાં વિશુદ્ધિ નથી. તેથી દિગંબરોને ગ્રંથકાર કહે છે કે, જો ઉપધિ ઉપાધિ બને તો તેના બલથી તમે ઉપધિની અવિશુદ્ધિનું અનુમાન કરી શકો, અને ઉપાધિ એ છે કે, જેમ સ્ફટિક સામે જપાકુસુમ મૂકવામાં આવે તો સ્ફટિકમાં જપાકુસુમનો ધર્મ સંક્રમ પામે છે, તેથી સ્ફટિક નિર્મળ હોવા છતાં જપાકુસુમને કારણે લાલ દેખાય છે, તેથી સ્ફટિક સામે રહેલ જપાકુસુમ ઉપાધિરૂપ છે; તેમ પ્રસ્તુતમાં ચોખા ઉપર રહેલાં ફોતરાં પોતાનો ધર્મ ચોખામાં સંક્રમ કરતાં નથી, તેથી ચોખા ઉપરનાં લાગેલાં ફોતરાં ઉપાધિરૂપ નથી; તે જ રીતે સાધુએ ગ્રહણ કરેલ ઉપધિ પોતાનો ધર્મ આત્મામાં સંક્રમ કરતી નથી, તેથી ઉપધિ ઉપાધિરૂપ નથી; તેથી બીજા વિકલ્પ પ્રમાણે દૃષ્ટાંતમાં પણ ઉપાધિપણું સિદ્ધ થતું નથી અને દાર્ષ્ટાંતિકમાં પણ ઉપાધિપણું સિદ્ધ થતું નથી; માટે તંદુલના દૃષ્ટાંતથી ઉપધિ દ્વારા મુનિને અશુદ્ધ કહેવા તે અસંગત છે.

(૩) **'यत्तु'** - યત્તુથી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, તંદુલનાં ફોતરાં કાઢ્યા પછી, ચોખાની ઉપર ફોતરાં સિવાય જે મલ હોય છે તે દૂર કર્યા પછી, તંદુલનો નિર્મળ ચોખા થવા સ્વરૂપ સ્વભાવ પ્રગટ થાય છે. તે સ્વભાવને પ્રગટ કરવા રૂપ કાર્ય કરવામાં પ્રતિબંધક તેની ઉપરનાં ફોતરાં છે, જ્યારે ઉપધિમાં તેવું નથી; કેમ કે આત્માના સ્વભાવને પ્રગટ કરવા માટે અંતરંગ યત્નની અપેક્ષા છે અને શરીર ઉપર રહેલું વસ્ત્ર તે અંતરંગ યત્નને અટકાવી શકતું નથી; જ્યારે ચોખાને ઘસવાની ક્રિયા કરવા માટે ઉપરનું ફોતરું પ્રતિબંધક બને છે, તેથી તુષમાં તંદુલના સ્વભાવકાર્યનું પ્રતિબંધકપણું છે; તે ઉપધિમાં હજુ સ્વાભાવિક સિદ્ધ થયું નથી તેમ કહેલ છે.

અહીં સંક્ષિપ્ત ભાવ એ છે કે, ચોખા ઉપર લાગેલાં ફોતરાં ચોખાના સ્વરૂપને આચ્છાદિત કરે છે, તે અપેક્ષાએ દૃષ્ટાંત ગ્રહણ કરીએ તો, ઉપધિ આત્માના શુદ્ધોપયોગને આચ્છાદિત કરતી નથી, માટે દૃષ્ટાંત સંગત નથી. બીજા વિકલ્પથી એ બતાવ્યું છે કે, જેમ જપાકુસુમ સ્ફટિકના સ્વરૂપને મલિન કરે છે, તેમ ચોખા ઉપર લાગેલાં ફોતરાં પોતાનું સ્વરૂપ ચોખામાં સંક્રમિત કરતાં નથી, તેમ સંયતની ઉપધિ આત્મામાં પોતાનું સ્વરૂપ સંક્રમિત કરતી નથી, માટે દૃષ્ટાંત સંગત નથી. ત્રીજા વિકલ્પ પ્રમાણે જેમ તંદુલને પોલિશ કરવામાં ફોતરાં પ્રતિબંધક છે, તેમ આત્માના ગુણો પ્રગટ કરવાના યત્નમાં ઉપધિ પ્રતિબંધકરૂપે સિદ્ધ નથી, માટે દૃષ્ટાંત સંગત નથી=આ ત્રણે રીતે દૃષ્ટાંતની વિષમતા છે ॥૫॥

**અવતરણિકા :- अथ पराभिहिता उपधिदोषाः शरीरेऽपि तुल्या इत्युपदिशति-**

**અવતરણિકાર્થ :-** હવે પર વડે કહેવાયેલા ઉપધિના દોષો શરીરમાં પણ તુલ્ય છે, એ પ્રમાણે ઉપદેશ આપતાં કહે છે-

**ગાથા :-** **जा उवगरणे मुच्छा आरम्भो वा असंजमो तस्स ।**
**तह परदव्वंमि रई सा किण्ण तुहं सरीरेऽवि ॥६॥**

( या उपकरणे मूर्च्छा आरम्भो वा असंयमस्तस्य । तथा परद्रव्ये रतिः सा किं न तव शरीरेऽपि ॥६॥ )

**ગાથાર્થ :- તેને=શ્વેતાંબર સાધુને, જે ઉપકરણમાં મૂર્છા, આરંભ, અસંયમ અને પરદ્રવ્યમાં રતિ છે, તે તને=દિગંબરને, શરીરમાં કેમ નથી?**

**ટીકા :- यदि ह्युपधिसद्भावे विना यतनां सम्मूर्च्छा सम्मूर्च्छेत्तर्हि शरीरसद्भावेऽपि कुतो नैतया भवितव्यम्?**

**ટીકાર્થ :- 'यदि'** જો ઉપધિના સદ્ભાવમાં યતના વગર મૂર્ચ્છા થતી હોય, તો શરીરના સદ્ભાવમાં પણ કેમ મૂર્ચ્છા નહિ થાય? અર્થાત્ થશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ભગવાનની આજ્ઞા ઉપધિને ગ્રહણ કરવાની જેટલા પ્રમાણમાં, જે રીતે અને જેવા

પ્રકારની છે, તે રીતે પરિપૂર્ણ યતનાપૂર્વક ગ્રહણ કરવામાં ન આવે તો, ઉપધિના ગ્રહણ અને ઉપયોગની ચેષ્ટા અવશ્ય મૂર્ચ્છાવાળી છે; જેમ લજ્જાસંયમ માટે સાધુને નિર્વસ્ત્ર રહેવું ઉચિત નથી, છતાં અંગને ઢાંકવા માટે આવશ્યક કરતાં અધિક ઉપધિના ગ્રહણમાં જે યત્ન છે, તે મૂર્ચ્છા સાથે અવિનાભાવી છે. પરીષહાદિમાં અન્ય યોગનો નાશ ન થતો હોય તો પણ તેના વારણ માટે અધિક ઉપધિ ગ્રહણ કરે, તો અવશ્ય ત્યાં મૂર્ચ્છા છે. અલ્પ મૂલ્યવાન પણ ઉપધિ ભગવાનની આજ્ઞાનુસાર અલ્પ પણ હોય છતાં, લેવા મૂકવાની ક્રિયામાં સમ્યગ્ જીવરક્ષા માટે યત્ન વગર તેનો ઉપયોગ કરવામાં આવે તો ત્યાં અવશ્ય મૂર્ચ્છા છે. ઉપધિનું ગ્રહણ સંયમની વૃદ્ધિ અર્થક હોય તો જ મૂર્ચ્છા વગર સંભવે; પરંતુ જ્યાં સંયમ પુષ્ટ થતું ન હોય છતાં ગ્રહણની ક્રિયા છે, તેથી તે ગ્રહણની લાલસાથી જ પ્રવૃત્તિ છે, સંયમની લાલસાથી પ્રવૃત્તિ નથી. જો સંયમની લાલસાથી પ્રવૃત્તિ હોય, તો સંયમને અનુકૂલ યત્નવાળી તે પ્રવૃત્તિ હોય. કદાચ ઉપધિ પ્રત્યે મૂર્ચ્છા ન હોય તો પણ, તેને ગ્રહણ વગેરેની ક્રિયામાં અત્યંત સાવધાનતારૂપ યતના ન કરે, તો સુખશીલપણા પ્રત્યે મૂર્ચ્છા થશે. એથી કરીને ઉપધિ ન રાખવી જોઇએ, આવો પરનો આશય છે. તેને ગ્રંથકાર કહે છે કે, શરીરના સદ્ભાવમાં પણ મૂર્ચ્છા કેમ નહીં થાય? અર્થાત્ યતનાપૂર્વક શરીરને સંયમમાં પ્રવર્તાવવામાં ન આવે તો શરીર પ્રત્યે પણ મૂર્ચ્છા થશે. માટે જો મૂર્ચ્છાના સંભવથી ઉપધિ ત્યાજ્ય કહેશો તો શરીર પણ ત્યાજ્ય માનવું પડશે

**ઉત્થાન :-** પૂર્વપક્ષીને શરીરમાં મૂર્ચ્છાની આપત્તિ ગ્રંથકારે આપી, તેના સમાધાનરૂપે **'अथ'**થી પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- अथ ममत्वपरिणामलक्षणा मूर्च्छा, ममत्वपरिणामश्च नाज्ञानलक्षणः, तस्य ज्ञानादेव नाशात्, किन्तु प्राप्तेष्टवस्त्ववियोगाध्यवसानाऽप्राप्ततदभिलाषलक्षणार्त्तध्यानरूपः, सोऽपि भोगादिकामनां विना शरीरसंस्कारविरहान्न सम्भवी, मोक्षसाधनत्वमत्यैव तत्परिपालनात्। न च मोक्षसाधनत्वमत्यापि प्रवृत्तिरध्यात्मविरोधिनी, निदानत्वादिति वाच्यं, निश्चयतस्तथात्वेऽपि व्यवहारतो मोक्षार्थितयैव शुभप्रवृत्तिसंभवात्। तथा च शरीरे न मूर्च्छेति चेत्?**

❀ **'न सम्भवी'**માં **'भोगादिकामनां विना शरीरसंस्कारविरहात्'** એ હેતુ છે.

**ટીકાર્થ :- 'अथ'** મમત્વપરિણામલક્ષણ મૂર્ચ્છા છે.

**ઉત્થાન :-** નિશ્ચયનય માને છે કે, મમત્વપરિણામ અજ્ઞાનરૂપ છે; કેમ કે જીવને પોતાના શરીરથી પોતાનો ભેદ છે તેનું જ્ઞાન નથી, માટે શરીરમાં મમત્વ=હુંપણાની બુદ્ધિરૂપ મૂર્ચ્છાભાવ થાય છે, માટે તે મૂર્ચ્છા ભેદના અજ્ઞાન સ્વરૂપ છે. તેથી તેનું નિરાકરણ કરીને વ્યવહારનયથી મમત્વ શું છે તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'ममत्व'** મમત્વપરિણામ અજ્ઞાનલક્ષણ નથી. તેમાં હેતુ કહે છે- તેનો=અજ્ઞાનનો, જ્ઞાનથી જ નાશ થાય છે=હું આ બધાથી પૃથક્ છું તેવું જ્ઞાન થવાથી અજ્ઞાનનો નાશ થાય છે. મમત્વપરિણામ અજ્ઞાનરૂપ નથી તો શું છે? તે **'किन्तु'**થી બતાવે છે- પરંતુ પ્રાપ્ત એવી ઇષ્ટ વસ્તુના અવિયોગનું અધ્યવસાન અને અપ્રાપ્ત એવી ઇષ્ટ

વસ્તુનો અભિલાષ તે રૂપ આર્ત્તધ્યાન, તે મમત્વ છે. **'सोऽपि'** ભોગાદિ કામના વિના શરીરસંસ્કારનો વિરહ હોવાથી તે પણ=આર્ત્તધ્યાનરૂપ મમત્વપરિણામ પણ, સાધુને સંભવતો નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય છે કે મુનિવરો શરીરનો સંસ્કાર કરતા નથી, પરંતુ શરીરનું આહારાદિથી પાલન તો કરે છે, તેથી ત્યાં પણ શરીરપાલનની સામગ્રીના અભિલાષરૂપ આર્ત્તધ્યાનસ્વરૂપ મમત્વ થશે, તેથી કહે છે-

**ટીકાર્થ :- 'मोक्षसाधन'**- શરીર મોક્ષનું સાધન છે, એવી મોક્ષસાધનમતિથી જ તેનું=શરીરનું, પરિપાલન કરે છે. (શરીરજન્ય સુખના અભિલાષથી કે શરીરને પુષ્ટ કરવાના અભિલાષથી, મુનિવરો શરીરનું પાલન કરતા નથી; માટે ત્યાં મમત્વ નથી.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે મોક્ષસાધનબુદ્ધિથી કરાતી પ્રવૃત્તિ પણ અધ્યાત્મની વિરોધિની છે, કારણ કે આ પ્રવૃત્તિના ફળરૂપે મને મોક્ષ મળો એવા નિયાણારૂપ છે; તો એમ પણ કહેવું યોગ્ય નથી. તેમાં હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'निश्चयतः'**- નિશ્ચયથી એ નિયાણારૂપ હોવા છતાં વ્યવહારથી મોક્ષાર્થીપણાથી જ શુભપ્રવૃત્તિનો સંભવ છે અને તે પ્રમાણે=મોક્ષસાધનમતિથી તેનું પરિપાલન છે તે પ્રમાણે, શરીરમાં મૂર્ચ્છા નથી; એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આગળમાં આપે છે-

**ભાવાર્થ :- 'भोगादिकामनां विना'** જે લોકો ભોગાદિ કામનાથી શરીરનો સંસ્કાર વગેરે કરે છે, તેમને આવું આર્ત્તધ્યાન થાય છે, કેમ કે શરીરના સંસ્કારની સામગ્રીમાં અપ્રાપ્તમાં પ્રાપ્તનો અભિલાષ અને પ્રાપ્તમાં અવિયોગનું અધ્યવસાન રહે છે. યદ્યપિ આ મમત્વ સામગ્રીમાં દેખાય છે, તો પણ સામગ્રીથી જે શરીરનો સંસ્કાર થાય છે અને તે પ્રમોદનું કારણ બને છે, તેથી શરીરવિષયક મમત્વ અવશ્ય છે; અને જે લોકો ભોગાદિની કામનાવાળા નથી તેમને મમત્વ સંભવતું નથી.

**'निश्चयतः'** - નિશ્ચયનય ઇચ્છામાત્રને નિયાણારૂપ કહે છે અને વ્યવહારનય સંસારના આશયથી કરાતી ધર્મપ્રવૃત્તિને નિયાણારૂપ કહે છે.

❀ **'अथ'થી માંડીને પૂર્વપક્ષીને** એ કહેવું છે કે, મૂર્ચ્છા મમત્વપરિણામરૂપ છે અને મુનિ જ્યારે મોક્ષસાધનત્વમતિથી શરીરનું પાલન કરે છે ત્યારે શરીર પ્રત્યે મમત્વ નથી; પરંતુ ઉપધિ એ સંયમ માટે ઉપયોગી નથી, તેથી ઉપધિના ગ્રહણમાં મમત્વ થશે; આ પ્રકારના આશયથી પૂર્વપક્ષીએ **'अथ'**...થી ...**'इति चेत्'** સુધી સ્વપક્ષ સ્થાપન કરેલ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકા :- तदिदमखिलं धर्मोपकरणेऽपि समं समाधानं, न ह्युपकरणमेवैकान्ततो मूर्च्छाजनकं, तदभावेऽप्यदान्तमनसां बहूनां चित्तविप्लवसम्भवात्। तदुक्तं-** "[१]यदसत्स्वपि जायेत मूर्च्छया चित्तविप्लवः"

१. આ શ્લોકનો પૂર્વાર્ધ - सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः । શ્રી યોગશાસ્ત્ર પ્રથમ પ્રકાશ શ્લો. ૨૪

**इति, विप्रकृष्टेनापि च मूर्च्छाजननेऽतिप्रसंगः। "स्वविषयरागसंबन्धेन हेतुत्वे नातिप्रसङ्ग" इति चेत्? तर्हि रागस्यैव मूर्च्छाहेतुता वास्तवी, तथा च निःस्पृहाणां शरीर इव धर्मोपकरणेऽपि न मूर्च्छेति व्यवस्थितम्।**

**ટીકાર્થ :-** '**तदिदम्**' તે આ સઘળું સમાધાન ધર્મોપકરણમાં પણ સમાન છે. જે કારણથી ઉપકરણ જ એકાંતે મૂર્ચ્છાજનક નથી, તેના અભાવમાં પણ=ઉપકરણના અભાવમાં પણ, અદાંત મનવાળા ઘણાને ચિત્તવિપ્લવનો સંભવ છે.

'**तदुक्तं**'- તે (યોગશાસ્ત્રના પ્રથમ પ્રકાશમાં) કહેવાયું છે- જે કારણથી નહિ હોવા છતાં પણ મૂર્ચ્છા વડે ચિત્તનો વિપ્લવ થાય છે. '**इति**' શબ્દ સાક્ષીપાઠની સમાપ્તિસૂચક છે. (આ શ્લોકનો પૂર્વાર્ધ આ પ્રમાણે છે. "**सर्वभावेषु मूर्च्छायास्त्यागः स्यादपरिग्रहः।**" સંપૂર્ણ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે-સર્વ ભાવોને વિષે મૂર્ચ્છાત્યાગ એ જ અપરિગ્રહ છે. જે કારણથી અવિદ્યમાનમાં પણ અર્થાત્ પોતાની પાસે ન રહેલ દ્રવ્યોમાં પણ, મૂર્ચ્છા વડે ચિત્તવિપ્લવ થાય છે.)

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે અવિદ્યમાનમાં પણ અદાંત મનવાળાને જે ચિત્તવિપ્લવ થાય છે, ત્યાં વિપ્રકૃષ્ટ એવું વસ્ત્ર જ મૂર્ચ્છાજનનમાં કારણ છે. એથી કરીને કહે છે-

**ટીકાર્થ :-** '**विप्रकृष्टेन**' - વિપ્રકૃષ્ટ એવા વસ્ત્ર વડે મૂર્ચ્છાજનનમાં અતિપ્રસંગ આવશે. તે આ રીતે - દૂર રહેલા પણ વસ્ત્રાદિ મૂર્ચ્છાના હેતુ હોય, તો દિગંબર સાધુઓને પણ મૂર્ચ્છા થયા જ કરવાની આપત્તિરૂપ અતિપ્રસંગ આવશે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે અમે કેવલ દૂરવર્તી અસંબદ્ધ વસ્ત્રાદિને મૂર્ચ્છાહેતુ નથી કહેતા, પરંતુ સ્વવિષયરાગસંબંધથી હેતુ કહીએ છીએ, તેથી અતિપ્રસંગ નહીં આવે. અર્થાત્ જે બાહ્ય દ્રવ્ય સ્વવસ્ત્રવિષય રાગ ઉત્પન્ન કરે તે જ મૂર્ચ્છા ઉત્પન્ન કરે છે, એટલે દિગંબર સાધુને વસ્ત્રાદિમાં રાગ ન હોવાથી સ્વવિષયરાગસંબંધથી દૂરવર્તી વસ્ત્રાદિ દ્વારા મૂર્છા ઉત્પન્ન થવાની આપત્તિ નહિ આવે. તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે.

**ટીકાર્થ :-** '**तर्हि रागस्य**' - તો પછી રાગનું જ મૂર્ચ્છાહેતુપણું વાસ્તવિક છે અને તે પ્રમાણે=રાગનું જ મૂર્ચ્છાહેતુપણું વાસ્તવિક છે તે પ્રમાણે, નિઃસ્પૃહ મહાત્માઓને જેમ શરીર પર રાગ ન હોવાથી મૂર્ચ્છા થતી નથી, તેમ ધર્મોપકરણમાં પણ રાગ ન હોવાથી મૂર્ચ્છા થતી નથી એ પ્રમાણે વ્યવસ્થિત છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં '**अथ...થી ...इति चेत्**' સુધીના કથનમાં પૂર્વપક્ષીએ એ બતાવેલ કે, મમત્વપરિણામરૂપ મૂર્ચ્છા છે અને મોક્ષસાધનત્વમતિથી સાધુ દેહનું પાલન કરે છે ત્યારે શરીરમાં મૂર્ચ્છા થતી નથી; તેના તે કથનને ગ્રહણ કરીને '**तदिदम्...થી ...व्यवस्थितम्**' સુધી ગ્રંથકારે એ બતાવ્યું કે, જે સમાધાન દિગંબર, શરીરના વિષયમાં આપે છે, તે જ સમાધાનથી સાધુને ધર્મોપકરણમાં પણ મૂર્ચ્છા નથી, એ સિદ્ધ થાય છે.

**ઉત્થાન :-** હવે '**एवं**...થી ...**सर्वश्रेयोमूलत्वान्**' સુધીના કથનમાં એ બતાવવા માંગે છે કે, જેમ ધર્મોપકરણમાં મૂર્ચ્છા નથી તેમ આરંભ પણ નથી, અસંયમ પણ નથી અને પરદ્રવ્યની રતિ પણ નથી.

**ટીકા :- एवं तद्विषयकर्मप्रक्रमपरिणामलक्षण आरंभोऽपि निरस्तः, कायेऽपि तुल्यत्वात्। "तत्र यतनया नारंभ" इति चेत्? अत्रापि किं न तथा?**

**ટીકાર્થ :- 'एवं'** એ રીતે=જે રીતે ધર્મોપકરણમાં મૂર્ચ્છા નથી એ રીતે, તદ્વિષયક=વસ્ત્રવિષયક, કર્મપ્રક્રમપરિણામલક્ષણ આરંભ પણ અર્થાત્ ક્રિયાના પ્રારંભને અનુકૂલ પરિણામરૂપ આરંભ પણ, નિરસ્ત જાણવો, કેમ કે કાયામાં પણ તુલ્યપણું છે. **'तत्र'** ત્યાં=કાયામાં, યતના વડે આરંભ નથી એમ કહેશો, તો અહીંયાં=ધર્મોપકરણ વિષયક ક્રિયાના પ્રારભમાં, પણ કેમ તે નથી? અર્થાત્ યતના વડે કરીને આરંભ કેમ નથી?

**ટીકા :- अत एव शुद्धात्मरूपहिंसनपरिणामलक्षणोऽसंयमोऽपि न।**

**ટીકાર્થ :- 'अत एव'** આથી કરીને જ=યતના વડે કરીને આરંભ નથી, આથી કરીને જ, શુદ્ધાત્મરૂપહિંસનપરિણામલક્ષણ અસંયમ પણ નથી.

**ટીકા :- नापि परद्रव्यरतिः शुद्धात्मतत्त्वविरोधिनी, यतनाया एव सर्वश्रेयोमूलत्वात् ॥६॥**

**ટીકાર્થ :- 'नापि'** વળી પરદ્રવ્યની રતિ શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની નથી, તેમાં હેતુ કહે છે-યતનાનું જ સર્વશ્રેયમૂલપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સંયમસ્થાનમાં યત્ન કરતો મુનિ સંયમને અનુકૂલ નિર્દોષ વસ્ત્રાદિની ઉપલબ્ધિ=પ્રાપ્તિ, થાય ત્યારે પ્રમોદ પામે છે; કેમ કે સંયમનું પાલન કરવાનો જે તીવ્ર અભિલાષ છે, તેને અનુકૂલ નિર્દોષ સામગ્રી મળવાથી આરાધના સારી રીતે કરી શકાય, તે જાતની બુદ્ધિથી જે આનંદ થાય છે તે પરદ્રવ્યની રતિ છે, કારણ કે વસ્ત્રાદિ વિષયક તે પ્રમોદભાવ છે. આમ છતાં, તે શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની નથી, કેમ કે સંયમની પુષ્ટિ થાય તેવા આશયથી શાસ્ત્રાનુસારી યતનાથી ઉપધિનું ગ્રહણ કરેલ છે, તેથી તે યતના સર્વશ્રેયનું કારણ છે=સંયમની વૃદ્ધિ દ્વારા સર્વત્ર ઉદાસીનતારૂપ ઉત્કટ સંયમનું કારણ બને છે. માટે આવી પરદ્રવ્યની રતિ શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની નથી; પરંતુ તેના કારણભાવરૂપ છે.॥૬॥

**અવતરણિકા :- अथ परद्रव्यरतिमेव विकल्प्य दूषयति-**

**અવતરણિકાર્થ :-** પરદ્રવ્યની રતિ શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની નથી એમ કહ્યું, ત્યાં પરદ્રવ્યની રતિને જ વિકલ્પ કરીને દૂષિત કરે છે-

ગાથા :- तह परदव्वम्मि रई परिणामो रक्खणाणुबन्धो वा ।
दुहओ तणुसममुवहिं पासन्तो किं ण लज्जेसि ॥७॥

( तथा परद्रव्ये रतिः परिणामो रक्षणानुबंधो वा । उभयतस्तनुसममुपधिं पश्यन् किं न लज्जसे ॥७॥ )

**ગાથાર્થ :-** તથા પરદ્રવ્યની રતિ (૧)(કાયવ્યાપારમાત્ર)પરિણામ રૂપ છે? (૨)સંરક્ષણાનુબંધી છે? ઉભયથી શરીરની જેમ ઉપધિમાં સમાન જોતો તું કેમ લજ્જા પામતો નથી?

**ટીકા :- परद्रव्ये रतिर्हि कायव्यापारमात्रपरिणामो वा संरक्षणानुबन्धिरौद्रध्यानं वा विवक्षितमायुष्मता? नेदं पक्षद्वयं युक्तं, यतनया तद्दोषपरिहारात्, अन्यथा शरीरेऽपि तुल्ययोगक्षेमत्वात्,**

**ટીકાર્થ :- 'परद्रव्ये'** પરદ્રવ્યમાં જે રતિ છે, તે કાયવ્યાપારમાત્રપરિણામરૂપ=પરદ્રવ્યને હું ગ્રહણ કરું, એ પ્રકારનો કાયાને વ્યાપૃત કરવાનો જે જીવનો અધ્યવસાય છે તે રૂપ, કે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનરૂપ, આયુષ્યમાન એવા તમારા વડે વિવક્ષા કરાયેલ છે? ગ્રંથકાર તેનો જવાબ આપતાં કહે છે- આ બન્ને પક્ષ યુક્ત નથી=બે વિકલ્પો થઇ શકે છે, પરંતુ બન્ને વિકલ્પોથી પ્રાપ્ત એવી પરદ્રવ્યની રતિ શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની નથી. તેમાં હેતુ કહે છે- યતના વડે તદ્દોષનો=શુદ્ધાત્મતત્ત્વને વિરોધી થનારો જે ભાવ છે, તે રૂપ દોષનો, પરિહાર થાય છે. એવું ન માનો તો શરીરમાં પણ તુલ્ય યોગક્ષેમ છે.

**ટીકા :- तदुक्तं- [ वि.आ.भा. २५७० ]**

"[१] सारक्खणाणुबन्धो रोद्दज्झाणन्ति ते मई होज्जा ।
तुल्लमियं देहाइसु पसत्थमिह तं तहेहावि ॥"

**ટીકાર્થ :-** પૂર્વમાં કહ્યું કે સંયમીની પરદ્રવ્યમાં રતિ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન નથી. તે કહેવાયેલુ છે - સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન છે એ પ્રમાણે તને મતિ હોય, તો આ=(સંરક્ષણાનુબંધી) રૌદ્રધ્યાન દેહાદિને વિશે પણ તુલ્ય છે. અહીં પૂર્વપક્ષી કહે કે અહીં=શરીરમાં, તે=સંરક્ષણાનુબંધ, પ્રશસ્ત છે. તેનો ઉત્તર કહે છે - તે પ્રમાણે અહીં=ઉપધિમાં, પણ (પ્રશસ્ત) છે.

**ભાવાર્થ :- 'परद्रव्ये'** ભગવાનની આજ્ઞાનુસાર ઉપધિગ્રહણમાં સંયમની વૃદ્ધિને અનુકૂલ યત્નરૂપ યતના ત્યાં વર્તતી હોય, તો ઉપધિવિષયક રાગાદિ દોષોનો પરિહાર ત્યાં હોય છે. તેથી તે પરદ્રવ્યની રતિ શુદ્ધાત્મતત્ત્વની વિરોધિની નથી, એમ કહેવાનો ભાવ છે.

---

૧. संरक्षणानुबन्धो रौद्रध्यानमिति ते मतिर्भवेत् । तुल्यमिदं देहादिषु प्रशस्तमिह तत्तथेहापि ॥

**'अन्यथा'** - અન્યથા, શરીરમાં પણ તુલ્ય યોગક્ષેમ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ઉપધિ ગ્રહણ કરવામાં જે દોષોનો યોગ પ્રાપ્ત થાય છે અને જીવના જે અશુદ્ધભાવો છે તેના રક્ષણરૂપ ક્ષેમ થાય છે, તે બંન્ને શરીરમાં પણ સમાન છે. અહીં કહેવાનો ભાવ એ છે કે, ભગવાનના વચનાનુસાર શરીરને સમ્યગ્ પ્રવર્તાવવામાં ન આવે તો, શરીરથી અશુદ્ધ ભાવોરૂપ દોષોનો યોગ થાય છે અને જીવમાં વર્તતા અશુદ્ધ ભાવોનું રક્ષણ થાય છે; તે જ રીતે ભગવાનના વચનાનુસાર યતનાપૂર્વક ઉપધિ ગ્રહણ કરવામાં ન આવે તો, અવિદ્યમાન અશુદ્ધ ભાવોનો યોગ અને વિદ્યમાન અશુદ્ધ ભાવોનું રક્ષણ થાય છે; પરંતુ યતનાપૂર્વક શરીરની ક્રિયાથી જેમ દોષોનો પરિહાર થાય છે, તેમ યતનાપૂર્વક ઉપધિના ગ્રહણમાં પણ દોષોનો પરિહાર થાય છે.

**ટીકા :- ''संरक्षणं हि सर्वैर्मारणाद्युपायैस्तस्करादिभ्यो निजवित्तस्य सङ्गोपनं, तस्यानुबन्धः सातत्येन चिन्तनं, तदायतनत्वाच्च वस्त्रादिकं शस्त्रादिवत् त्याज्यमिति'' चेत्? कथं तर्हि जलज्वलनमलिम्लुचश्वा-पदाहिविषकण्टकादिभ्यः संरक्षणानुबन्धस्य तौल्याद्देहादयोऽपि देवानांप्रियस्य न त्याज्याः?**

**ટીકાર્થ :- 'संरक्षणं'** ખરેખર સંરક્ષણ એટલે સર્વમારણાદિ ઉપાયો વડે તસ્કરાદિથી નિજ વિત્તનું સંગોપન, એ સંરક્ષણ છે; અને તેનો અર્થાત્ સંરક્ષણનો, અનુબંધ એટલે સતતપણાથી ચિંતન, તેનું અર્થાત્ સંરક્ષણાનુબંધનું, આયતન હોવાથી, વસ્ત્રાદિક શસ્ત્રાદિની જેમ ત્યાજ્ય થાય; એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે- જલ, અગ્નિ, ચોર, શ્વાપદ, સર્પનું વિષ, કંટકાદિથી (દેહના વિષયમાં) સંરક્ષણાનુબંધનું તુલ્યપણું હોવાથી, દેહાદિ પણ દેવાનાંપ્રિયને કેવી રીતે ત્યાજ્ય નહિ થાય? અર્થાત્ થશે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે જો ઉપધિને સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનનું આયતન તું કહીશ, તો દેહમાં પણ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનનું આયતનપણું તુલ્ય છે. તેની સામે પૂર્વપક્ષી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનનું આયતનપણું શરીર નથી, એ બતાવવા અર્થે **'अथ'** થી કહે છે-

**ટીકા :- अथ हेयतायामनिष्टसाधनत्वं प्रयोजकं, न च मोक्षसाधनत्वमत्या संरक्षणानुबन्धः शरीरस्यानिष्टो, वस्तुतः [1]सविशेषणे इत्यादिन्यायान्मोक्षसाधनत्वमत्यनुबन्ध एव पर्यवस्यति न संरक्षणानुबन्ध इति चेत्? तदिदं यतनया धार्य्यमाणे धर्मोपकरणेऽपि तुल्यमिति ॥७॥**

**ટીકાર્થ :- 'अथ'** હેયતામાં અનિષ્ટસાધનત્વ પ્રયોજક છે અને મોક્ષસાધનત્વમતિથી શરીરનો સંરક્ષણાનુબંધ અનિષ્ટ નથી. વસ્તુતઃ **'सविशेषणे'**..... ઇત્યાદિ ન્યાયથી મોક્ષસાધનત્વમતિથી કરાતો શરીરનો સંરક્ષણાનુબંધ મોક્ષસાધનત્વમતિના અનુબંધમાં જ પર્યવસાન પામે છે, પરંતુ સંરક્ષણાનુબંધમાં નહિ, અર્થાત્ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનમાં નહિ. એ પ્રમાણે જો દિગંબર કહે તો તેને ગ્રંથકાર કહે છે- **'तदिदं'** - યતનાથી ધારણ કરાતાં ધર્મોપકરણમાં પણ તે આ તુલ્ય છે=સંરક્ષણાનુબંધ મોક્ષસાધનત્વમતિના અનુબંધમાં પર્યવસાન પામે છે, તે આ તુલ્ય છે.

---

૧. सविशेषणे हि विधिनिषेधौ विशेषणमुपसङ्क्रामतो विशेष्याबाधके सतीति न्यायः ।

**ભાવાર્થ :-** સંસારમાં કોઈપણ વસ્તુને હેય સ્વીકારવામાં, એ વસ્તુમાં રહેલ અનિષ્ટસાધનત્વ પ્રયોજક છે, એમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે, સંસારી જીવોને શરીરના સંરક્ષણનો જે અનુબંધ છે, તે રૌદ્રધ્યાનનું કારણ છે, તેથી અનિષ્ટનું સાધન છે માટે હેય છે; જ્યારે સાધુ શરીરનું રક્ષણ કરે છે, ત્યાં મોક્ષસાધનત્વમતિ હોવાથી તે અનિષ્ટનું સાધન બનતું નથી, પરંતુ મોક્ષના સાધનભૂત શરીરના રક્ષણથી જ મોક્ષની સાધના સારી થાય છે, તેથી તે સંરક્ષણ ઈષ્ટનું સાધન બને છે, માટે મોક્ષસાધનત્વમતિથી શરીરનું સંરક્ષણ સાધુને અનિષ્ટ નથી. અને એ જ વાતને '**सविशेषणे.....**' ન્યાયથી વિશેષરૂપે દૃઢ કરે છે, અને બતાવે છે કે, વાસ્તવિક રીતે સાધુ આ મારું શરીર મોક્ષનું સાધન છે, એ પ્રકારની મતિથી જ્યારે શરીરના સંરક્ષણનું સતત ચિંતવન કરે છે, અને તેને અનુરૂપ શરીરના સંરક્ષણનો યત્ન કરે છે, ત્યારે ત્યાં વિશેષણાંશ મોક્ષસાધનત્વમતિ અને વિશેષ્યાંશ શરીરનું સંરક્ષણ છે; અને '**सविशेषणे.....**'એ ન્યાયથી ફક્ત વિશેષ્યાંશમાં વિધિનો બાધ હોવાને કારણે, વિધિ વિશેષણાંશમાં સંક્રમિત થાય છે. અર્થાત્ કેવલ શરીરનું સંરક્ષણ શરીર પ્રત્યેના મમત્વથી સંસારી જીવો કરે છે, તેથી તે સંરક્ષણાનુબંધ રૌદ્રધ્યાનરૂપ બને છે; પરંતુ સાધુ શરીરના મમત્વથી શરીરનું સંરક્ષણ કરતા નથી, પરંતુ આ શરીર મારા મોક્ષનું સાધન છે, માટે તેનું રક્ષણ કરીને હું મોક્ષમાર્ગમાં યત્ન કરું, તેવી મતિથી શરીરનું સંરક્ષણ કરે છે; તેથી '**सविशेषणे.....**' ન્યાયથી સાધુનું શરીરના પાલનનું ચિંતવન, મોક્ષસાધનત્વમતિના અનુબંધમાં જ પર્યવસાન પામે છે. અર્થાત્ મોક્ષસાધનત્વમતિના સતત ચિંતવનમાં જ પર્યવસાન પામે છે, પરંતુ સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનમાં નહિ. તેની સામે ગ્રંથકાર કહે છે કે, સાધુ યતનાપૂર્વક ધર્મોપકરણને જ્યારે ધારણ કરે છે, ત્યારે પણ પોતાના રક્ષણ માટે જે કાંઈ યત્ન કરે છે, તે ઉપધિના મમત્વને કારણે નહિ, પરંતુ પોતાના મોક્ષને અનુકૂલ સાધનમાં તે સહાયક છે, માટે તેનું રક્ષણ કરીને મોક્ષની સાધના સમ્યગ્ થઈ શકે, તે જ આશયથી ઉપધિના રક્ષણ માટેનો યત્ન કરે છે, માટે સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનની પ્રાપ્તિ નથી.

અહીં વિશેષ એ છે કે મૂળ શ્લોકમાં '**संरक्षणानुबन्ध**' શબ્દથી સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાન લેવું છે અને આથી જ ટીકામાં બે વિકલ્પો પાડ્યા છે. ત્યાં સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનરૂપ બીજો વિકલ્પ પાડ્યો છે અને ત્યારપછી વિશેષાવશ્યકભાષ્યના ઉદ્ધરણ પછી સંરક્ષણનો અર્થ કર્યો કે, સર્વમારણાદિ ઉપાયો વડે કરીને તસ્કરાદિથી નિજ વિત્તનું સંગોપન અને તેનું સાતત્યથી ચિંતન તે સંરક્ષણાનુબંધ. અહીં રૌદ્રધ્યાન કહેલ નથી પણ સંરક્ષણાનુબંધ જ કહેલ છે. આમ છતાં ત્યાં પણ સંરક્ષણાનુબંધિ રૌદ્રધ્યાન જ ગ્રહણ કરવાનું છે, કેમ કે સર્વમારણાદિ ઉપાય દ્વારા ધનનું રક્ષણ રૌદ્રધ્યાનથી જ સંભવે. અને ત્યારપછી '**अथ**'થી જે કહ્યું ત્યાં, મોક્ષસાધનત્વમતિથી શરીરનું સંરક્ષણાનુબંધ અનિષ્ટ નથી ત્યાં, '**संरक्षणानुबन्ध**' શબ્દથી શરીરના સંરક્ષણનું સતત ચિંતન ગ્રહણ કરવાનું છે, પરંતુ રૌદ્રધ્યાન ગ્રહણ કરવાનું નથી; કેમ કે મોક્ષસાધનત્વમતિથી શરીરના સંરક્ષણનું ચિંતવન ત્યાં ઈષ્ટ છે, પરંતુ રૌદ્રધ્યાનરૂપ સંરક્ષણાનુબંધ ઈષ્ટ નથી.**॥૭॥**

**અવતરણિકા :- स्यादेतत्-मा भूत् संरक्षणानुबन्धिरौद्रध्यानायतनतया वस्त्रादेरध्यात्मप्रतिबंधकत्वं, तथापि मानसात्मैकाग्र्यसंवेदनप्रतिबंधककायव्यापारानुषङ्गितया तद्विरोधित्वं भविष्यतीति चेत्? निरस्तमेवेदं प्रथमपक्षप्रतिबन्द्यां, तथापि वस्तुस्थितिमाह-**

**અવતરણિકાર્થ :-** પૂર્વપક્ષીના મતે આ પ્રમાણે થાય - સંરક્ષણાનુબંધી રૌદ્રધ્યાનના આયતનપણારૂપે વસ્ત્રાદિનું અધ્યાત્મપ્રતિબંધકપણું ન થાઓ, તો પણ માનસ દ્વારા આત્માના ઐકાગ્ર્યસંવેદનના પ્રતિબંધક એવા કાયવ્યાપારના અનુષંગિપણાથી તેનું=અધ્યાત્મનુ, વિરોધીપણું થશે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે- પ્રથમપક્ષપ્રતિબંદિથી આ નિરસ્ત છે જ, તો પણ વસ્તુસ્થિતિ કહે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ગાથા નં ૭ની ટીકાની શરૂઆતમાં કહ્યું કે, પરદ્રવ્યની રતિ કાયવ્યાપારમાત્રપરિણામરૂપ છે? કે સંરક્ષણનાનુબંધી રૌદ્રધ્યાન રૂપ છે? તેમાં પ્રથમપક્ષ કાયવ્યાપારમાત્રપરિણામરૂપ છે, તેનો પ્રતિબંદિ ઉત્તર આપ્યો કે જો વસ્ત્રવિષયક પરદ્રવ્યની રતિને તમે દોષરૂપે કહેશો, તો શરીરમાં પણ તુલ્ય છે, અર્થાત્ વસ્ત્રમાં જેમ કાયવ્યાપારમાત્રપરિણામ છે તેમ શરીરમાં પણ સમાન છે; એ રૂપ પ્રથમપક્ષની પ્રતિબંદિ દ્વારા '**स्यादेतत्**'થી જે પૂર્વપક્ષીએ કહ્યું તે નિરસ્ત જાણવું. તો પણ વસ્તુસ્થિતિ કહે છે, અર્થાત્ ગાથા-૮માં વસ્તુસ્થિતિ એ બતાવે છે કે, વસ્ત્રાદિની પ્રવૃત્તિ અધ્યાત્મની પ્રતિબંધક નથી, પરંતુ માનસ દ્વારા આત્માના ઐકાગ્ર્યસંવેદનમાં સહાયક છે; તે રૂપ વસ્તુસ્થિતિને ગાથા-૮ માં બતાવે છે-

ગાથા :- **जो किर जयणापुव्वो वावारो सो ण झाणपडिवक्खो ।**
**सो चेव होइ झाणं जुगवं मणवयणकायाणं ॥८॥**

(यः किल यतनापूर्वो व्यापारः स न ध्यानप्रतिपक्षः । प्रत्युत स एव भवति ध्यानं युगपन्मनोवचनकायानाम् ॥८॥)

**ગાથાર્થ :-** જે ખરેખર યતનાપૂર્વક વ્યાપાર છે, તે ધ્યાનનો પ્રતિપક્ષ નથી; ઊલટું, તે જ અર્થાત્ યતનાપૂર્વક વ્યાપાર જ મન-વચન-કાયાનું યુગપત્ ધ્યાન થાય છે.

ટીકા :- **दिगम्बराणां खल्विदमभिमतं यत् 'परममुपेक्षासंयमं प्रतिपत्तुकामोऽपि तथाविधसामग्रीवशात् तं प्रतिपत्तुमक्षमस्तद्बहिरङ्गसाधनमात्रमिममापवादिकमुपधिमातिष्ठते, सर्वहेयवर्जितसहजरूपापेक्षितयथाजातरूपत्वेन बहिरङ्गलिङ्गभूताः कायपुद्गलाः, श्रूयमाणतत्कालबोधकगुरुगीर्यमाणात्मतत्त्वद्योतकसिद्धोपदेशवचनपुद्गलाः, तथाऽधीयमाननित्यबोधकानादिनिधनशुद्धात्मतत्त्वद्योतनसमर्थश्रुतज्ञानसाधनसूत्रपुद्गलाः, शुद्धात्मतत्त्वव्यञ्जकदर्शनादिपर्यायतत्परिणतपुरुषविनीतताभिप्रायप्रवर्त्तकचित्तपुद्गलाश्चेति। उक्तं च- [ प्रवचनसार ३-२५ ]**

'[१] उवगरणं जिणमग्गे लिङ्गं जहजादरूवमिदि भणिदं ।
गुरुवयणंपि य विणओ सुत्तज्झयणं च पण्णत्तं ॥ ति '

❀ અહીં ટીકામાં '**यत्**' છે, ત્યાં '**यदुत**' ભાસે છે.
❀ '**......यथाजातरूपत्वेन**' અહીં સ્વરૂપઅર્થક તૃતીયા છે.

---

१. उपकरणं जिनमार्गे लिङ्गं यथाजातरूपमिति भणितम् । गुरुवचनमपि च विनयः सूत्राध्ययनं प्रज्ञप्तम् ॥

**ટીકાર્થ :-** '**दिगम्बराणां**' દિગંબરોને ખરેખર આ અભિમત છે, તે આ પ્રમાણે- પરમઉપેક્ષાસંયમ સ્વીકારવાની ઈચ્છાવાળી, પણ તથાવિધ સામગ્રીના વશથી તેને સ્વીકારવા માટે અસમર્થ એવી વ્યક્તિ, પરમઉપેક્ષાના બહિરંગસાધનમાત્ર આ=વક્ષ્યમાણ, અપવાદિક ઉપધિને સ્વીકારે છે.

(૧) **કાયપુદ્ગલો :-** સર્વ હેયથી વર્જિત એવા સહજરૂપ માટે અપેક્ષિત યથાજાતરૂપપણારૂપે બહિરંગ-લિંગભૂત કાયપુદ્ગલો પહેલા પ્રકારની અપવાદિક ઉપધિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે સર્વ પરદ્રવ્ય હેય છે. તેનાથી રહિત એવું જે આત્માનું રૂપ છે, તેને પ્રાપ્ત કરવા માટે અપેક્ષિત એવા યથાજાતરૂપ કાયપુદ્ગલને સંયમી સ્વીકારે છે.❀ અહીં સર્વહેયવર્જિત એવા સહજરૂપની પ્રાપ્તિ માટે અપેક્ષિત એવું યથાજાતરૂપ કહ્યું, તેનાથી બાલ્યકાળના નગ્ન શરીરની વ્યાવૃત્તિ થાય છે, કેમ કે બાલ્યકાળની નગ્નાવસ્થા સર્વ હેયથી વર્જિત સહજરૂપની પ્રાપ્તિ માટે અપેક્ષિત નથી.❀ બહિરંગલિંગભૂત કાયપુદ્ગલોને સ્વીકારે છે તેમ કહ્યું, તેનાથી તેવા પ્રકારના કાયપુદ્ગલોને જોઈને આ વ્યક્તિ શુદ્ધસ્વરૂપને પ્રાપ્ત કરવા માટે નિઃસ્પૃહ રીતે યત્ન કરે છે, તેમ અનુમાન થઈ શકે છે; માટે તેને બહિરંગલિંગભૂત કહેલ છે.

(૨) **વચનપુદ્ગલો :-** '**श्रूयमाण**' શ્રૂયમાણ, તત્કાલબોધક ગુરુથી ગીર્યમાણ, આત્મતત્ત્વદ્યોતક, સિદ્ધપુરુષના ઉપદેશરૂપ વચન પુદ્ગલો બીજા પ્રકારની અપવાદિક ઉપધિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે બીજા નંબરની મુનિને અપવાદિક ઉપધિ વચનપુદ્ગલો છે, જે મુનિથી

(૧) શ્રૂયમાણ છે.

(૨) તત્કાલબોધક ગુરુથી બોલાતાં વચનપુદ્ગલો છે, અર્થાત્ બીજા ગુરુથી બોલાતાં નથી, પરંતુ તત્કાલબોધ કરાવનાર ગુરુથી બોલાતાં છે અને ગુરુ સિવાય બીજા કોઈથી પણ બોલાતાં નથી.

(૩) આત્મતત્ત્વનાં દ્યોતક છે.

(૪) જેમને આત્મતત્ત્વ સહજ સિદ્ધ થયું છે, એવા સિદ્ધપુરુષના ઉપદેશના વચનરૂપ પુદ્ગલો છે.

ઉપરમાં બતાવેલાં ચાર પ્રકારનાં વિશેષણોથી વિશિષ્ટ વચનપુદ્ગલો એ બીજા પ્રકારની ઉપધિ છે.

(૩) **સૂત્રપુદ્ગલો :-** '**तथाऽधीयमान**'- તથા મુનિ વડે અધીયમાન, નિત્યબોધક, અનાદિનિધન એવા શુદ્ધ આત્મતત્ત્વના દ્યોતનમાં સમર્થ એવા શ્રુતજ્ઞાનના સાધનરૂપ સૂત્રપુદ્ગલો ત્રીજા પ્રકારની અપવાદિક ઉપધિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ત્રીજા નંબરની અપવાદિક ઉપધિ સૂત્રપુદ્ગલો છે, જે-

(૧) મુનિ વડે ભણાતાં સૂત્રનાં પુદ્ગલો છે, તેથી અધીયમાન કહેલ છે.

(૨) સૂત્ર, સૂત્રરૂપે પરંપરાથી તે જ શબ્દોમાં પ્રાપ્ત થાય છે અને તેનાથી વાચ્ય અર્થનો તે સૂત્ર હંમેશાં બોધ કરાવે છે, માટે સૂત્રને નિત્યબોધક કહેલ છે.

(૩) અનાદિનિધન શુદ્ધ આત્મતત્ત્વને પ્રકાશન કરવામાં સમર્થ એવા શ્રુતજ્ઞાનના સાધનરૂપ સૂત્રપુદ્ગલો છે.

અહીં વિશેષ એ છે કે, સૂત્રપુદ્ગલને નિત્યબોધક કહેલ છે અને વચનપુદ્ગલને નિત્યબોધક કહેલ નથી, તેનું કારણ સૂત્ર હંમેશાં એકનું એક પરંપરાથી આવે છે, અને તે સૂત્ર સદા તેના તે જ વાચ્યાર્થનો બોધ કરાવે છે; જ્યારે વચનપુદ્ગલો તત્કાલબોધક ગુરુથી જુદા જુદા શબ્દોથી પણ કહેવાય છે, માટે તેને નિત્યબોધક કહેલ નથી.

(૪) **ચિત્તનાં પુદ્ગલો :- 'शुद्धात्म'**- શુદ્ધાત્મતત્ત્વનાં વ્યંજક, દર્શનાદિપર્યાય અને તત્પરિણત=દર્શનાદિ-પર્યાયપરિણત, પુરુષની વિનીતતા(વિનય)ના અભિપ્રાયપ્રવર્તક ચિત્તપુદ્ગલો ચોથા પ્રકારની અપવાદિક ઉપધિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ચોથા પ્રકારની અપવાદિક ઉપધિ ચિત્તનાં પુદ્ગલો છે, જે-

(૧) શુદ્ધાત્મતત્ત્વનાં વ્યંજક છે અર્થાત્ પ્રગટ કરનાર છે.

(૨) દર્શનાદિ રત્નત્રયીરૂપ આત્માના જે પર્યાય છે તેના પ્રત્યે, અને દર્શનાદિ પર્યાયવાળા જીવો પ્રત્યે વિનયના અભિપ્રાયને પ્રવર્તાવનારાં છે.

**ટીકાર્થ :- 'उक्तं च'** - અને કહ્યું છે-

**'उवगरणं .......'** જિનમાર્ગમાં યથાજાતરૂપ જે લિંગ(તે) ઉપકરણ, એ પ્રમાણે કહેવાયું છે અને ગુરુનું વચન પણ, વિનય અને સૂત્રનું અધ્યયન (ઉપકરણ) કહેવાયું છે. **'त्ति'** એ ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

❀ પ્રથમ ચાર પ્રકારની જે ઉપધિ બતાવી અને તેના ઉદ્ધરણરૂપે પ્રવચનસારની સાક્ષી કહી, તે બેનો સંબંધ આ પ્રમાણે છે- યથાજાતરૂપ લિંગ એ કાયપુદ્ગલરૂપ ઉપધિ છે, ગુરુવચન એ વચનપુદ્ગલરૂપ ઉપધિ છે, વિનય એ ચિત્તપુદ્ગલરૂપ ઉપધિ છે અને સૂત્રનું અધ્યયન એ સૂત્રપુદ્ગલરૂપ ઉપધિ છે.

**ભાવાર્થ :-** દિગંબરના મતે મુનિ જ્યારે ઉત્સર્ગમાર્ગે ચાલે છે, ત્યારે પરમઉપેક્ષાને સેવનારો હોય છે, ત્યારે તેને ઉપર બતાવેલ ચાર પ્રકારની ઉપધિ પણ હોતી નથી. જો કે તે વખતે સાધુ યથાજાતલિંગને ધારણ કરનાર હોય છે, તો પણ સંયમના લિંગ પ્રત્યે પક્ષપાત નહિ હોવાથી ત્યાં કાયપુદ્ગલરૂપ ઉપધિ નથી; અને તે જ રીતે શાસ્ત્રઉપદેશના શ્રવણનું કે સૂત્રનું પારાયણ પણ કરતા નથી, પરંતુ ધ્યાન દ્વારા પરમઉપેક્ષામાં જ વર્તે છે, તેથી વચનપુદ્ગલરૂપ ઉપધિ કે સૂત્રપુદ્ગલરૂપ ઉપધિ પણ નથી; અને ચિત્ત ધ્યાનમાં યત્નવાળું છે, તેથી ચિત્તનાં પુદ્ગલો હોવા છતાં, પરમઉપેક્ષાના ભાવને સ્ફુરણ કરવામાં જ ચિત્તનાં પુદ્ગલો પ્રવર્તે છે, તેથી ચિત્તપુદ્ગલરૂપ ઉપધિ પણ નથી. અને જે મુનિ પરમઉપેક્ષાનાં રહી શકતા નથી તેવા મુનિઓ, ઉપર બતાવેલ ચાર પ્રકારની ઉપધિને અપવાદથી સ્વીકારે છે, અને તેઓને સંસારના વેશને છોડીને યથાજાતલિંગ ગ્રહણ કરવાનો પક્ષપાત હોય છે, તેથી કાયપુદ્ગલરૂપ ઉપધિ છે. તે જ રીતે ઉપદેશનું શ્રવણ, સૂત્રનું અધ્યયન અને ગુરુ આદિના વિનયરૂપ ચિત્તનાં પુદ્ગલો પ્રવર્તે છે, તે સર્વ અપવાદિક ઉપધિરૂપ છે.

**ટીકા :- वस्तुधर्मस्तूत्सर्ग एव न पुनरपवाद इति । तथा च यथोक्तोपधिसन्निधापितकायिका क्रियापि चेत्परमोपेक्षारूपां मानसीं क्रियां विरुणद्धि तर्हि कथं नानुपयुक्तबाह्योपधिभारस्तां विरुन्ध्यादिति।**

**ટીકાર્થ :- 'वस्तुधर्मः'** જીવરૂપ વસ્તુનો ધર્મ ઉત્સર્ગ છે, વળી અપવાદ નથી. અને તે રીતે=વસ્તુનો ધર્મ ઉત્સર્ગ છે અપવાદ નથી તે રીતે, ઉપરમાં કહેલી ચાર પ્રકારની ઉપધિને સંનિધાપન કરાવનારી કાયિકા ક્રિયા પણ પરમઉપેક્ષારૂપ માનસિક ક્રિયાની વિરોધી છે, તો અનુપયુક્ત એવો બાહ્ય ઉપધિનો ભાર તેનો=પરમઉપેક્ષાનો, કેમ વિરોધી ન થાય? અર્થાત્ થાય.

**ભાવાર્થ :-** અહીં **'उत्सर्ग'** શબ્દથી પરમઉપેક્ષાને ગ્રહણ કરવી છે, અને તે પરમઉપેક્ષા જ જીવરૂપ વસ્તુનો ધર્મ છે, અને અપવાદથી ઉપરમાં ચાર પ્રકારની ઉપધિ બતાવી તેને ગ્રહણ કરવી છે, અને કહેવું છે કે તે ચાર પ્રકારના અપવાદિક ઉપધિ જીવરૂપ વસ્તુનો ધર્મ નથી. ઉત્સર્ગનો અર્થ સામાન્ય માર્ગ હોય છે, તેથી તે સદા સેવનીય હોય છે, અને અપવાદ એ કારણે સેવવા યોગ્ય છે. તેથી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, મુનિને પરમઉપેક્ષા સદા સેવવા યોગ્ય છે, પણ જ્યારે તેવું સામર્થ્ય ન હોય, ત્યારે અપવાદથી ચાર પ્રકારની ઉપધિ મુનિ સેવે છે. આનાથી એ સિદ્ધ થયું કે મુનિને પરમઉપેક્ષાભાવ સેવવા યોગ્ય છે; અને તે પરમઉપેક્ષા સેવવામાં ઉપરમાં બતાવેલ ચાર પ્રકારની ઉપધિને સંનિધાપન કરનાર એવી કાયિક ક્રિયા પણ પરમઉપેક્ષારૂપ માનસિક ક્રિયાની વિરોધી છે, તો અનુપયુક્ત બાહ્ય ઉપધિનો ભાર તેનો વિરોધી કેમ ન થાય?

અહીં વિશેષ એ છે કે, કાયપુદ્ગલરૂપ ઉપધિને સંનિધાપન કરાવનાર કાયિક ક્રિયા, એટલે કાયાને પોષવાની અને રક્ષણ કરવાની ક્રિયા; વચનપુદ્ગલોરૂપ ઉપધિને સંનિધાપન કરવાનારી કાયિક ક્રિયા, એટલે ગુરુમુખે તેવા પ્રકારની વચનશ્રવણની ક્રિયા; અને ચિત્તપુદ્ગલોની કાયિક ક્રિયા, એટલે દર્શનાદિપર્યાયો અને દર્શનાદિપર્યાયવાળા પુરુષના સ્વરૂપના સ્મરણને પ્રવર્તાવનાર કાયિક ક્રિયા. આ બધી ક્રિયાઓ જ્યારે પ્રવર્તતી હોય ત્યારે, પરમઉપેક્ષામાં ચિત્તને સ્થિર કરવાની ક્રિયા જીવ પ્રવર્તાવી શકતો નથી. યદ્યપિ આ ક્રિયાઓ ધીરે ધીરે જીવને પરમઉપેક્ષાની પ્રાપ્તિ માટે કારણરૂપ છે, તો પણ જો તે પરમઉપેક્ષાના માનસવાળો હોય અને આ કોઈ પણ ક્રિયા કરે, તો તે ક્રિયા પરમઉપેક્ષાની માનસિક ક્રિયાને અટકાવે છે; તો પછી પરમઉપેક્ષા માટે અનુપયુક્ત એવો બાહ્યઉપધિનો ભાર પરમઉપેક્ષાનો વિરોધ કેમ ન કરે? એ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે.

**ટીકા :- अत्रोच्यते-विहितोपधियतना हि न ध्यानविरोधिनी, प्रत्युत सैव मनोवाक्कायध्यानात्मिका। ननु मानसमेव ध्यानं श्रुतं, न वाचिकं न वा कायिकमिति चेत्? तत्किं** "भङ्गियसुअं गुणन्तो वट्टइ तिविहंमि झाणंमि[१]" **इति सूत्रोक्तं न स्मरसि? "स्मरामि, न तु श्रद्दधे 'ध्यै चिन्तायाम्' इति धात्वर्थस्य कायिकादावसम्भवादिति" चेत्? तत्किं धातोरनेकार्थतां नातिष्ठसे? "काममस्मि तथाऽऽतिष्ठे, न परमत्र तदर्थान्तरकल्पनप्रयोजनमुपलभ" इति चेत्? तत्किमुक्तसूत्रसमाधानं तव न प्रयोजनम्?' ओमि 'ति चेत्? नास्तिकोऽसि, तथापि केवलिनां काययोगनिरोधस्य ध्यानत्वमातिष्ठमानस्य क इवान्यः पन्थाः शरणमिति**

१. भङ्गिकश्रुतं गुणयन् वर्तते त्रिविधे ध्याने ।

**रहसि पर्यालोचय। अत एवेदं परिभाषन्ते- ( वि.आ.भा.- ३०७१ )**

[1] सुदढप्पयत्तवावारणं णिरोहो व विज्जमाणाणं ।
झाणं करणाण मयं ण उ चित्तणिरोहमेत्तागं ॥ ति

**ટીકાર્થ :- 'अत्र'** અહીં કહેવાય છે, ખરેખર વિહિત ઉપધિની યતના ધ્યાનની વિરોધી નથી, ઊલટી, તે જ મન-વચન-કાયાના ધ્યાનસ્વરૂપ છે.

**ભાવાર્થ :-** અહીંયાં એટલે, આત્મારૂપ વસ્તુનો ધર્મ ઉત્સર્ગ જ છે અને તે પરમઉપેક્ષારૂપ છે, અને પરમઉપેક્ષા જ્યાં સુધી પ્રાપ્ત ન થાય ત્યાં સુધી અપવાદિક ચાર પ્રકારની ઉપધિઓ મુનિ ગ્રહણ કરે છે; આમ છતાં, ચાર પ્રકારની અપવાદિક ઉપધિમાં પ્રવર્તતી કાયિક ક્રિયા પણ પરમઉપેક્ષાની વિરોધી છે, તો શ્વેતાંબરે સ્વીકારેલ બાહ્ય ઉપધિ તો પરમઉપેક્ષાની અત્યંત વિરોધી છે; એ પ્રકારના પૂર્વપક્ષના સ્થાપનમાં, ગ્રંથકાર કહે છે કે, વિહિત ઉપધિવિષયક યતના ધ્યાનની નિષ્પત્તિનું કારણ છે, પરંતુ ધ્યાનની વિરોધિની નથી.

અહીં વિહિત ઉપધિની યતના એ છે કે, ભગવાનના વચનના સ્મરણપૂર્વક સંયમની વૃદ્ધિ થાય તેટલી જ અને તે પ્રકારની ઉપધિ ગ્રહણ કરવી, અને ગ્રહણ કરાયેલ ઉપધિને પણ ભગવાનના વચનાનુસાર જ ઉપયોગમાં લેવી, અને ઉપયોગમાં લેતી વખતે ગ્રહણ આદિમાં જે પ્રકારની જીવરક્ષા માટેની યતના શાસ્ત્રમાં વિહિત છે, તે પ્રકારની યતનાપૂર્વક જ વસ્ત્રાદિનો પરિભોગ કરવો, તે વિહિત ઉપધિની યતના છે; અને તે ધ્યાનની વિરોધી નથી, પરંતુ આત્માના શુદ્ધ ભાવને સ્ફુરણ કરવાને અનુકૂળ મન-વચન-કાયાના ધ્યાનસ્વરૂપ પ્રવૃત્તિરૂપ છે.

**ટીકાર્થ :- 'ननु मानसमेव' 'ननु'** થી પૂર્વપક્ષી કહે છે કે, માનસ જ ધ્યાન સંભળાય છે, વાચિક અથવા તો કાયિક નહિ. આ પ્રમાણે કહે છે, તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે-

**तत्किं 'भङ्गिय'** - ભંગિકશ્રુતને ગણતો ત્રિવિધ ધ્યાનમાં વર્તે છે, એ પ્રમાણે સૂત્રમાં કહેલને તું સ્મરણ કરતો નથી?

**ભાવાર્થ :-** પૂર્વમાં કહ્યું કે મન-વચન-કાયાના ધ્યાનસ્વરૂપ વિહિત ઉપધિની યતના છે, તેથી પૂર્વપક્ષી કહે છે કે, ધ્યાન માનસિક હોઇ શકે, વાચિક-કાયિક ન હોઇ શકે. તેને મન-વચન-કાયાનું ત્રણ પ્રકારનું ધ્યાન સંભવે તે બતાવતાં ગ્રંથકાર કહે છે કે, સામાયિક આદિના ભાંગાઓ ગણવામાં આવે છે ત્યારે ગણવાની ક્રિયા આંગળી આદિથી થતી હોય છે, બોલવાની ક્રિયા વચનથી થતી હોય છે અને ભાંગાઓના ભાવોને પકડવાની ક્રિયા મનથી થતી હોય છે. આ રીતે મન-વચન-કાયાના ઉપયોગ દ્વારા જે સામાયિક આદિના શુદ્ધ ભાવોને જાણવા માટે અને તેના પ્રત્યે પક્ષપાત કરવા માટે, તેને જીવનમાં સ્થિર કરવા માટે, જે અંતરંગ ઉપયોગ વર્તે છે, તે શુદ્ધ ભાવ પ્રત્યે જવાના યત્નરૂપ છે; અને તે સુદઢ યત્નપૂર્વક ભાંગા ગણાતા હોય ત્યારે, એ ત્રણે યોગનો વ્યાપાર ધ્યાનરૂપ બને

१. सुदृढप्रयत्नव्यापारणं निरोधो वा विद्यमानानाम् । ध्यानं करणानां मतं न तु चित्तनिरोधमात्रकम् ॥

છે; અને જે જે ક્ષણમાં જે જે યોગનો ઉપયોગ હોય, તે તે ક્ષણમાં તે તે યોગનું ધ્યાન હોય છે. તેથી આખા ભાંગા ગણવામાં ત્રણે પ્રકારનું ધ્યાન છે.

**ટીકાર્થ :-** **'स्मरामि, न तु....'** સ્મરણ કરું છું, પરંતુ શ્રદ્ધા કરતો નથી. તેમાં હેતુ કહે છે-

**'ध्यै चिन्तायाम्' ध्यै** ધાતુ ચિંતામાં (છે). એ પ્રમાણે ધાત્વર્થનો કાયિકાદિમાં=કાયિકાદિ ધ્યાનમાં, અસંભવ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે-

**'तत्किं धातोरनेकार्थतां'** :- તો શું ધાતુની અનેકાર્થતાને તું માનતો નથી?

**'काममस्मि'** :- હું ઇચ્છું છું, એ પ્રમાણે માનું છું; પરંતુ અહીં તેના અર્થાંતરકલ્પનાના પ્રયોજનને પ્રાપ્ત કરતો નથી. અર્થાત્ પ્રયોજનને આશ્રયીને કામનાવાળો હું છું, તે પ્રમાણે ધાતુની અનેકાર્થતા હું સ્વીકારું છું, પરંતુ અહીંયાં એટલે ધ્યાનના અર્થમાં **'ध्यै चिन्तायाम्'** એ પ્રમાણે કહ્યું છે તેને છોડીને અર્થાંતરકલ્પના કરવાનું પ્રયોજન કાંઇ દેખાતું નથી; આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો તેને ગ્રંથકાર કહે છે-

**'तत्किमुक्तसूत्रसमाधानं'** - તો શું ઉક્ત સૂત્રના સમાધાનનું તારે પ્રયોજન નથી? **'ओम्'** એ પ્રમાણે કહે છે તો, અર્થાત્ નથી એ પ્રમાણે કહે છે તો, તું નાસ્તિક છો?

**'तथापि'** - તો પણ કેવલીના કાયયોગનિરોધનો ધ્યાનપણારૂપે સ્વીકારતા એવા તને, કયો અન્ય જ માર્ગ શરણ છે? એ પ્રમાણે એકાંતમાં તું વિચાર.

**'अत एवेदं परिभाषन्ते'** - આથી કરીને જ અર્થાત્ ત્રણે યોગનો વ્યાપાર ધ્યાન સ્વીકારેલ છે, આથી કરીને જ, આ અર્થાત્ વક્ષ્યમાણ ગ્રંથકાર કહે છે-

**'सुदृढप्पयत्त....'**- સુદૃઢ પ્રયત્ન વ્યાપાર અને વિદ્યમાન કરણોનો નિરોધ ધ્યાન કહેવાય છે, પરંતુ ચિત્તનિરોધમાત્ર નહિ.

**ટીકા :- स्यादेतत्- यदि सुदृढः कायप्रयत्नः छद्मस्थसंयतस्य ध्यानं तर्हि केवलिनां देशोनपूर्वकोटीं यावत्कथं न ध्यानसम्भवः? इति, उच्यते-आवश्यकादिव्यापाररूपव्यावहारिककायिकध्यानाभावात् कार्मणशरीर-योगाच्चलोपकरणतया नैश्चयिककायस्थैर्याभावाच्चेति ॥८॥**

**ટીકાર્થ :-** **'स्यादेतत्'**થી ગ્રંથકાર કહે છે કે, જો પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, છદ્મસ્થ સંયતને સુદૃઢ કાયપ્રયત્ન જો ધ્યાન છે, તો કેવલીને દેશોનપૂર્વકોટી સુધી ધ્યાનસંભવ કેમ ન હોય? **'इति'** એ પૂર્વપક્ષીના કથનની સમાપ્તિસૂચક છે.

**ભાવાર્થ :-** અહીં પૂર્વપક્ષીને કહેવાનું તાત્પર્ય એ છે કે, વિશેષાવશ્યકભાષ્ય પ્રમાણે તમે સુદૃઢ કાયવ્યાપારને ધ્યાનરૂપે સ્થાપન કર્યું, તો કેવલી જ્યાં સુધી યોગનિરોધ ન કરે ત્યાં સુધી સુદૃઢ કાયવ્યાપારવાળા હોય છે, માટે શ્વેતાંબરને કેવલીને ધ્યાન સ્વીકારવાની આપત્તિ આવશે; તેથી કાયિક ધ્યાન સ્વીકારવું ઉચિત નથી, પરંતુ માનસિક સુદૃઢ યત્નને જ ધ્યાન કહેવું ઉચિત છે.

આ પ્રકારના પૂર્વપક્ષના કથનના સમાધાનને કરતાં '**उच्यते**'થી ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** '**आवश्यकादि**' - આવશ્યકાદિ વ્યાપારરૂપ વ્યવહારિક કાયિક ધ્યાનનો અભાવ હોવાથી અને કાર્મણ શરીરના યોગથી ચલોપકરણતા હોવાને કારણે, નૈશ્ચયિક કાયસ્થૈર્યનો અભાવ હોવાથી કેવલીને દેશોનપૂર્વકોટિ સુધી ધ્યાન નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે કેવલીને કેવલજ્ઞાન થયા પછી યોગનિરોધની ક્રિયાના પ્રારંભ પૂર્વે ધ્યાન દિગંબરને પણ માન્ય નથી અને શ્વેતાંબરને પણ માન્ય નથી, આમ છતાં દિગંબરે તે વખતે ધ્યાન માનવાની આપત્તિ શ્વેતાંબરને આપેલ, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, આવશ્યકાદિ વ્યાપારરૂપ વ્યવહારિક કાયિક ધ્યાન, છદ્મસ્થોને સુદૃઢ યત્નપૂર્વક કરાતી આવશ્યકાદિ ક્રિયામાં હોય છે, તેવું ધ્યાન કેવલીને યોગનિરોધ પૂર્વે નથી; અને યોગનિરોધ પૂર્વે કાર્મણશરીરની સાથે સંબંધ હોવાને કારણે કેવલીમાં યોગોનું ચલોપકરણપણું છે, અર્થાત્ સૂક્ષ્મ કાયસંચાર ચાલતો હોવાને કારણે નૈશ્ચયિક કાયસ્થૈર્ય નથી; પરંતુ જ્યારે યોગનિરોધ કરે છે ત્યારે નૈશ્ચયિક કાયસ્થૈર્ય પ્રાપ્ત થાય છે, તેથી તેરમા ગુણસ્થાનકને અંતે યોગનિરોધકાળમાં ધ્યાન પ્રગટ થાય છે અને ચૌદમા ગુણસ્થાનકમાં ધ્યાન વર્તે છે, પરંતુ તે પૂર્વે ધ્યાન નથી. આનાથી એ પ્રાપ્ત થયું કે, સુદૃઢ યત્નપૂર્વક આવશ્યકાદિ ક્રિયાઓમાં વ્યવહારિક કાયિક ધ્યાન છે, અને યોગનિરોધકાળમાં અને નિરુદ્ધયોગાવસ્થામાં કાયસ્થૈર્યરૂપ નૈશ્ચયિક ધ્યાન છે. **॥૮॥**

**અવતરણિકા:- स्यादेतत्-मोहक्षयेण तन्मूलभूतपरद्रव्यप्रवृत्त्यभावाद्विषयविरक्ततयाऽधिकरणान्तराभावात् मनसो निरोधे तन्मूलचञ्चलत्वविलयादनन्तसहजचैतन्यात्मनि स्वभावे समवस्थानं ह्यनाकुलत्वसङ्गतैकाग्र्यसञ्चेतनतया ध्यानमुच्यते निश्चयतः। तदुक्तं [ प्रव. सार-२/१०४ ]**

"[१] जो खविदमोहकलुसो विसयविरत्तो मणे णिरुम्भित्ता ।
समवट्ठिदो सहावे सो अप्पाणं हवदि झादा ॥"

**तथा च कथं बाह्यक्रियासद्भावे परमाध्यात्मशुद्धिः समुज्जृम्भते इति। उच्यते-**

❀ '**समवस्थानं**' - પછી ટીકામાં '**हि**' છે તે '**एवकारार्थक**' છે.

**અવતરણિકાર્થ :-** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, મોહક્ષયથી તન્મૂલભૂત=મોહ છે મૂલભૂત જેને, અથવા જેમાં, એવી પરદ્રવ્યની પ્રવૃત્તિનો અભાવ હોવાથી, વિષયવિરક્તપણાને કારણે, અધિકરણાંતરનો= આત્મરૂપઅધિકરણથી અન્ય વિષયરૂપ અધિકરણાંતરનો, અભાવ હોવાથી (આત્મામાં) મનનો નિરોધ થયે છતે, તન્મૂલ=મનમૂલ, ચંચલત્વનો વિલય થવાથી, (આત્માનું) અનંત સહજ ચૈતન્યસ્વરૂપ સ્વભાવમાં સમવસ્થાન જ, અનાકૂલત્વથી સંગત એકાગ્રસંચેતનપણું હોવાને કારણે નિશ્ચયથી ધ્યાન કહેવાય છે.

---

१. यः क्षपितमोहकलुषो विषयविरक्तो मनो निरुध्य । समवस्थितः स्वभावे स आत्मानं भवति ध्याता ॥

'**तदुक्तं**'- તે કહેલું છે, જે ક્ષપિતમોહકલુષ વિષયથી વિરક્ત છે, તે મનનો નિરોધ કરીને સ્વભાવમાં સમવસ્થિત છે; તે આત્માનો ધ્યાતા થાય છે. (અહીં '**आत्मानं**'એ ધ્યાતાનું કર્મ છે.) અને તે રીતે=પૂર્વમાં નિશ્ચયનયથી ધ્યાનનું સ્વરૂપ બતાવ્યું તે રીતે, કેવી રીતે બાહ્યક્રિયાનો સદ્ભાવ હોતે છતે પરમ અધ્યાત્મની શુદ્ધિ થઇ શકે? અર્થાત્ ન થઇ શકે.

❀ '**स्यादेतत्.........समुज्जृम्भते**' પૂર્વપક્ષીનું કથન છે તેની સમાપ્તિ અર્થક '**इति**' શબ્દ છે અને તે પૂર્વપક્ષીના કથનના સમાધાનરૂપે ગાથા-૯ કહેવાય છે, એ વાત '**उच्यते**'થી ગ્રંથકાર કહે છે-

**ભાવાર્થ :-** '**मोहक्षयेण**'...અહીં મોહક્ષયનો અર્થ મોહનો અભાવ એ ફક્ત ક્ષાયિકભાવરૂપ નહિ લેવાનો, પરંતુ ક્ષાયિકભાવ, ક્ષાયોપશમિકભાવ અને ઔપશમિકભાવ એ ત્રણે ભાવરૂપ લેવાનો છે. ફક્ત ક્ષાયિકભાવરૂપ લઇએ તો આ ઉત્થાન ઘટી ન શકે, તેમજ ક્ષાયિકભાવનો મોહક્ષય લઇએ તો ૧૨મા ગુણસ્થાનકે જ નિશ્ચયથી ધ્યાન પ્રાપ્ત થાય અને દિગંબરને પણ શુદ્ધ ઉપયોગમાં વર્તતા પરમઉપેક્ષાવાળા મુનિઓને ધ્યાન માન્ય છે, તેનો વિરોધ થાય.

'**सहजचैतन्यात्मनि**' માં જે '**आत्मनि**' શબ્દ છે, તે સ્વરૂપ અર્થક છે અને સ્વભાવનું વિશેષણ છે. અને આ સ્વભાવનું સમવસ્થાન મનના અનિરોધમાં આત્માનું આકુલપણું હતું, તે મનના નિરોધને કારણે અનાકુલપણું પ્રાપ્ત થયું, અને તે અનાકુલપણાથી સંગત=યુક્ત, એવું આત્માનું પોતાના સ્વરૂપમાં ઐકાગ્ર્યરૂપ સંચેતનપણું=સમ્યગ્ ચેતનપણું, છે, તેથી તે નિશ્ચયથી ધ્યાન છે; પરંતુ જ્યારે સર્વથા બાહ્યક્રિયાનો અભાવ હોય, ત્યારે જ ઉપરોક્ત ધ્યાન સંભવે અને ત્યારે જ પરમઉપેક્ષારૂપ માનસિક ક્રિયાસ્વરૂપ પરમ અધ્યાત્મની શુદ્ધિ સંભવે. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

અહીં વિશેષ એ છે કે પ્રવચનસારની ટીકા પ્રમાણે, વિષયવિરક્તપણું હોવાને કારણે અધિકરણાંતરનો અભાવ ગ્રહણ કરેલ છે ત્યાં, સમુદ્રવર્તી જહાજને ગ્રહણ કરીને બતાવેલ છે કે, જેમ સમુદ્રવર્તી જહાજ ઉપર બેઠેલું પક્ષી, જહાજને છોડીને બેસવાનું કોઇ સ્થાન નહિ હોવાથી તે જહાજથી ઊડતું નથી, જ્યારે તટ ઉપર રહેલ જહાજમાં બેઠેલું પક્ષી, તટ ઉપર રહેલ જહાજમાંથી ઊડીને વારંવાર અન્ય વૃક્ષ ઉપર બેસે છે; તેમ સંસારવર્તી જીવોનું ચિત્તરૂપી પક્ષી ઇંદ્રિયોના વિષય ઉપર વારંવાર ઊડીને બેસે છે, પરંતુ સમુદ્ર મધ્યવર્તી પક્ષી જેમ જહાજને છોડતું નથી, તેમ વિષયથી વિરક્ત થયેલું ચિત્ત આત્માને છોડતું નથી; કેમ કે આત્માને છોડીને તેને બેસવાનું કોઇ સ્થાન નથી, તે બતાવવા અર્થે અધિકરણાંતરનો અભાવ કહેલ છે. તેથી જેમ પક્ષી જહાજ ઉપર સ્થિર રહે છે, તેમ મન પણ આત્માના સ્વરૂપમાં સ્થિર રહેવાથી નિરોધ પામે છે.

**ગાથા :-** **झाणं करणपयत्तो ण सहावो तण्ण जेण सिद्धस्स ।**
**इहरा ठाणविभागो कह सुक्कज्झाणभेआणं ॥९॥**

( ध्यानं करणप्रयत्नः न स्वभावः, तन्न येन सिद्धस्य । इतरथा स्थानविभागः कथं शुक्लध्यानभेदानाम् ॥९॥ )

**ગાથાર્થ :-** ધ્યાન, કરણપ્રયત્ન છે સ્વભાવ નથી; જે કારણથી સિદ્ધને તે=ધ્યાન, નથી. ઈતરથા=કરણપ્રયત્નને ધ્યાન ન માનો અને સ્વભાવ સમવસ્થાનને ધ્યાન માનો, તો શુક્લધ્યાનના ભેદોનો સ્થાનવિભાગ કેવી રીતે સંગત થશે? અર્થાત્ નહિ થાય.

**ટીકા :- करणानामेव सुदृढप्रवृत्त्याख्यस्तन्निरोधाख्यश्च व्यापारो ध्यानं न तूपदर्शितं स्वभावसमवस्थानं, सिद्धानामपि ध्यानप्रसङ्गात्, न च तेषां तदिष्टं यदाह भाष्यसुधाम्भोनिधिः-**

[ वि.आ.भा.- ३०८१ ]

" [१] जइ अमणस्स वि झाणं केवलिणो कीस तन्न सिद्धस्स ।
भन्नइ जन्न पयत्तो तस्स जओ ण य णिरुद्धत्तं ॥"

**ટીકાર્થ :- 'करणानाम्'** - કરણોનો જ સુદઢપ્રવૃત્ત્યાખ્ય અને તન્નિરોધાખ્ય=કરણોના નિરોધાખ્ય, વ્યાપાર એ ધ્યાન છે, પરંતુ અવતરણિકામાં કહેલ સ્વભાવસમવસ્થાન (ધ્યાન) નથી; કેમ કે સિદ્ધોને પણ ધ્યાનનો પ્રસંગ આવે છે, અને તેઓને=સિદ્ધોને, તે=ધ્યાન, ઈષ્ટ નથી. જે કારણથી ભાષ્યસુધામ્બુનિધિ કહે છે-
**'जइ'** - જો અમન પણ કેવલીને ધ્યાન હોય, તો સિદ્ધને તે કેમ નથી? કહે છે- જે કારણથી સિદ્ધને પ્રયત્ન નથી. તો પ્રશ્ન થાય કે પ્રયત્ન કેમ નથી? તો કહે છે- જે કારણથી નિરોધ કરવા યોગ્ય ત્યાં કાંઈ નથી.

**ભાવાર્થ :-** આ વિશેષાવશ્યકભાષ્યનો સાક્ષીપાઠ સિદ્ધોને ધ્યાન નથી એટલા અંશમાં જ છે, અને તેનું તાત્પર્ય એ છે કે, આપણે પણ કેવલીને મન વગરના માનીએ છીએ; કેમ કે કેવલજ્ઞાન થયા પછી દ્રવ્યમનનો ફક્ત દેવોને જવાબ આપવા પૂરતો જ ઉપયોગ તેઓ કરે છે, અને યોગનિરોધકાલમાં અને ચૌદમા ગુણસ્થાનકે તેમને ધ્યાન હોય છે, અને ત્યાં મનનો યત્ન નથી, માટે અમનવાળા કેવલીને જો ધ્યાન હોય, તો સિદ્ધને કેમ નહીં? આવી શંકા કોઈને થાય, તેના જવાબરૂપે આ કથન છે; પણ દિગંબરોએ પ્રવચનસારમાં કહેલ જે નિશ્ચયથી સ્વભાવસમવસ્થાન છે, તેના નિરાકરણ માટે આ ઉદ્ધરણ નથી; કેમ કે દિગંબરો પરમ ઉપેક્ષાકાલમાં પણ સ્વભાવસમવસ્થાન ધ્યાન માને છે, તેથી તેની સાથે આ સાક્ષીપાઠને કોઈ સંબંધ નથી, ફક્ત સિદ્ધમાં ધ્યાન નથી તે બતાવવાનું તાત્પર્ય આ સાક્ષીપાઠનું છે.

**ટીકા :- यदि तु सिद्धस्यापि स्वभावसमवस्थानरूपं नैश्चयिकं ध्यानमभिमतमेव तर्हि शुक्लध्यानभेदानां स्थानविभागः कथं सङ्गच्छते? यदाद्यपादद्वयं छद्मस्थस्यैव श्रेण्यारूढस्याग्रिमपादद्वयं निर्वाणगमनकाल एव केवलिन इति।**

**ટીકાર્થ :- 'यदि'** વળી જો સિદ્ધોને પણ સ્વભાવસમવસ્થાનરૂપ નૈશ્ચયિક ધ્યાન અભિમત જ છે, તો શુક્લધ્યાનના ભેદોનો સ્થાનવિભાગ કેવી રીતે સંગત થાય? અર્થાત્ ન થાય. જે કારણથી આદ્યપાદદ્વય=શુક્લધ્યાનનાં પહેલાં

---
૧. यद्यमनसोऽपि ध्यानं केवलिनः कस्मात्तन्न सिद्धस्य । भण्यते यन्न प्रयत्नस्तस्य यतो न निरोद्धव्यम् ।

બે પાદ, શ્રેણિઆરૂઢ છદ્મસ્થને જ હોય છે અને અગ્રિમપાદદ્વય=શુક્લધ્યાનનાં છેલ્લાં બે પાદ, નિર્વાણગમનકાળે જ કેવલીને હોય છે. '**इति**' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

અહીં, શુક્લધ્યાનનો ૧લો પાદ, ૭ થી ૧૦મા ગુણસ્થાનક સુધી હોય,
શુક્લધ્યાનનો ૨જો પાદ, ઉપશમશ્રેણિમાં ૧૧મા ગુણસ્થાનકે હોય અને
ક્ષપકશ્રેણિમાં ૧૨મા ગુણસ્થાનકે હોય,
શુક્લધ્યાનનો ૩જો પાદ, યોગનિરોધકાળમાં ૧૩મા ગુણસ્થાનકે હોય,
શુક્લધ્યાનનો ૪થો પાદ, ૧૪મા ગુણસ્થાનકે હોય.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્વભાવસમવસ્થાનરૂપ નૈશ્ચયિક ધ્યાન ગ્રહણ કરવામાં આવે, તો છદ્મસ્થને શુદ્ધોપયોગ જ્યારે વર્તતો હોય ત્યારે ક્ષયોપશમભાવનું સ્વભાવસમવસ્થાન પ્રાપ્ત થાય, કેવલીને ક્ષાયિકભાવનું સ્વભાવસમવસ્થાન પ્રાપ્ત થાય અને સિદ્ધને પૂર્ણ વીર્ય આત્મામાં નિષ્ઠાને પામે છે તે રૂપ સ્વભાવસમવસ્થાન પ્રાપ્ત થાય; તેથી શાસ્ત્રપ્રસિદ્ધ શુક્લધ્યાનના ચાર પાદોની સંગતિ થાય નહિ. આ રીતે સ્વભાવસમવસ્થાનને ધ્યાન માનીએ તો ત્રણ વિભાગ સંગત થાય, પરંતુ શુક્લધ્યાનના શાસ્ત્રીય ચાર વિભાગ કહ્યા છે, તે સંગત ન થાય.

**ટીકા :- अथ विषयविभागनियतं ध्यानमुक्तप्रयत्नरूपमेवास्तु नैश्चयिकं त्विदमेवेति चेत्? न, तत्र धात्वर्थासंभवादनेकार्थतायाश्च संप्रदायपरतन्त्रत्वाद्, यथाकथञ्चिद्विवक्षया च यावत्प्रशस्तशब्दवाच्यतायास्तत्रावकाशप्रसङ्गात्, परिभाषाविप्लवप्रसङ्गाच्चेति किमल्पीयसि दृढतरक्षोदेन! ॥९॥**

**ટીકાર્થ :-** '**अथ**' વિષયવિભાગનિયત ધ્યાન ઉક્ત પ્રયત્નરૂપ જ=કરણોના સુદૃઢ પ્રયત્નરૂપ, કે કરણોના નિરોધરૂપ જ હો, પરંતુ નૈશ્ચયિક ધ્યાન આ જ=સ્વભાવસમવસ્થાનરૂપ જ, છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે, તે બરાબર નથી. તેમાં હેતુ કહે છે-
'**तत्र धात्वर्थ**' ત્યાં = સ્વભાવસમવસ્થાનમાં, ધાત્વર્થનો અસંભવ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે ધાત્વર્થની અનેકાર્થતા છે, તેને લઈને સ્વભાવસમવસ્થાનને પણ ધ્યાન કહો. તેથી કહે છે-

**ટીકાર્થ :-** '**अनेकार्थतायाश्च**' અને અનેકાર્થતાનું સંપ્રદાયને પરતંત્રપણું છે. અર્થાત્ ધાત્વર્થની અનેકાર્થતાનું સંપ્રદાયની મર્યાદાને આધીનપણું છે.

**ઉત્થાન :-** અહીં સંપ્રદાયની પરતંત્રતાને છોડીને યુક્તિના બળથી પૂર્વપક્ષી કહે કે, આત્મામાં જવાના યત્નરૂપ સુદૃઢ પ્રયત્નને જો તમે ધ્યાન કહો છો, તો આત્મામાં નિષ્ઠારૂપ સ્વભાવસમવસ્થાનને ધ્યાન સ્વીકારવામાં શું દોષ છે? કે જેથી તમે સ્વીકારતા નથી? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'यथाकथञ्चित्'** - યથાકથંચિત્ વિવક્ષાથી પ્રશસ્તશબ્દવાચ્યતાનો ત્યાં=ધ્યાનરૂપે સ્વીકારવામાં, અવકાશનો પ્રસંગ આવે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ધ્યાનના લક્ષણવિષયક સંપ્રદાયની મર્યાદાને છોડીને, પોતાને જે રીતે મનને ઉચિત લાગે તે રીતે ધ્યાનના અર્થની વિવક્ષા કરવામાં આવે તો, જેટલા પ્રશસ્ત શબ્દથી વાચ્ય એવા આત્માના ભાવો છે, તે સર્વને ધ્યાનરૂપે સ્વીકારવાનો પ્રસંગ આવે. અર્થાત્ શુભ લેશ્યા, શુભ સંયમ આદિ પ્રશસ્ત શબ્દોથી વાચ્ય એવા આત્માના જે શુભ ભાવો છે, તે સર્વને ધ્યાનરૂપે સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. અર્થાત્ ત્યાં સુદૃઢ પ્રયત્ન ન હોય તો પણ, શુભ લેશ્યા વર્તતી હોય કે સંયમનો પરિણામ વર્તતો હોય, તો તે ધ્યાન છે તેમ માનવાનો પ્રસંગ આવશે; કેમ કે સ્વભાવસમવસ્થાન એ પ્રશસ્ત શબ્દથી વાચ્ય એવો આત્માનો ભાવ છે, પરંતુ ત્યાં સુદૃઢ પ્રયત્ન નથી, છતાં તમે તેને ધ્યાન કહો છો, તે જ રીતે પ્રશસ્ત શબ્દથી વાચ્ય એવી શુભ લેશ્યા આદિને પણ ધ્યાનરૂપે સ્વીકારવાની આપત્તિ આવશે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે અમારે સ્વભાવસમવસ્થાનને ધ્યાન તરીકે સ્વીકારવું છે, તેને ધ્યાનરૂપે સ્વીકારતાં પ્રશસ્તશબ્દવાચ્યને ધ્યાનરૂપે સ્વીકારવાની આપત્તિ આવતી હોય, તો તે અમને ઈષ્ટ છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'परिभाषा'** પરિભાષાના વિપ્લવનો પ્રસંગ આવે છે. કહેવાનો ભાવ એ છે કે, પ્રશસ્તશબ્દવાચ્યને ધ્યાન કહો તો ધ્યાન શબ્દની શાસ્ત્રીય જે પરિભાષા છે તેનો વિપ્લવ થઈ જશે, અર્થાત્ તે અપ્રામાણિક સિદ્ધ થશે.

**'इति'**- એથી કરીને, અર્થાત્ **'तत्र...થી ...प्रसङ्गात्'** સુધી કથન કહ્યું, એથી કરીને, અર્થાત્ ઉપરમાં કહ્યું એ રીતે અલ્પમાં દૃઢતર પ્રયત્નથી શું?

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અહીં મહત્ત્વનો પ્રશ્ન વસ્ત્ર એ મોક્ષનું સાધક છે કે મોક્ષનું બાધક છે એ છે, જ્યારે સ્વભાવસમવસ્થાનને ધ્યાન માનવું કે કરણોની સુદૃઢ પ્રવૃત્તિને ધ્યાન માનવું તે સામાન્ય વસ્તુ છે, તેમાં અત્યંત યત્ન કરવાથી શું? એ પ્રકારનો ભાવ છે. **॥૯॥**

**અવતરણિકા :- अस्तु वा स्वभावसमवस्थानं ध्यानं, विरुन्ध्याच्च तत्प्रशस्तापि बाह्यक्रिया, तथापि नेयं श्रामण्यव्यभिचारिणीत्याह-**

**અવતરણિકાર્થ :-** અથવા સ્વભાવસમવસ્થાન ધ્યાન થાઓ અને પ્રશસ્ત પણ બાહ્યક્રિયા તેની = સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાનની, વિરોધી થાય તો પણ આ=પ્રશસ્ત એવી બાહ્ય ક્રિયા, શ્રામણ્યની વ્યભિચારિણી નથી, એ પ્રમાણે કહે છે-

**ગાથા :-** जा खलु सरागचरिया सा वि य उस्सग्गमग्गसंलग्गा ।
मोत्तुं अववायपदं अइप्पसङ्गी परविसेसो ॥१०॥
( या खलु सरागचर्या सापि चोत्सर्गमार्गसंलग्ना । मुक्त्वापवादपदमतिप्रसङ्गी परविशेषः ॥१०॥ )

**ગાથાર્થ :- ખરેખર અપવાદપદને મૂકીને જે સરાગચર્યા છે, તે પણ ઉત્સર્ગમાર્ગ સાથે સંલગ્ન છે. (અહીં પૂર્વપક્ષી કહે કે શુદ્ધોપયોગ જ ઉત્સર્ગ છે, સરાગચર્યા નહિ. તેથી કહે છે-) પરવિશેષ અતિપ્રસંગી છે=પરનો વિભાગ અતિપ્રસંગ આપનાર છે.**

**ટીકા :- या खलु सरागचर्या स्थविरकल्पचर्या साऽपि समितिगुप्त्यादिपवित्रिताऽपवादपदम-संस्तरणाद्युपनीतं विहायोत्सर्गमार्गसंलग्नैव, प्रतिषिद्धप्रतिषेवणात्मकापवादस्वरूपाननुविद्धत्वात्।**

**ટીકાર્થ :- 'या खलु'** - જે ખરેખર સમિતિ-ગુપ્તિ આદિથી પવિત્રિત સરાગચર્યા=સ્થવિરકલ્પચર્યા, છે, તે પણ અસંસ્તરણાદિથી ઉપનીત એવા અપવાદપદને છોડીને ઉત્સર્ગમાર્ગ સંલગ્ન જ છે; કેમ કે પ્રતિષિદ્ધનો પ્રતિસેવનાત્મક અપવાદ સ્વરૂપથી અનનુવિદ્ધ છે.

**ભાવાર્થ :-** સ્થવિરકલ્પચર્યા બે પ્રકારની છે.

(૧) ઉત્સર્ગમાર્ગરૂપ અને (૨) અપવાદમાર્ગરૂપ.

આ બંને ચર્યામાં અપવાદપદને છોડીને જે સ્થવિરકલ્પચર્યા છે, તે ઉત્સર્ગમાર્ગની સાથે જ સંલગ્ન છે, અને પ્રતિષિદ્ધના પ્રતિસેવનરૂપ અપવાદિક સરાગચર્યા છે, તે ઉત્સર્ગમાર્ગ સાથે સંલગ્ન નથી. આનાથી ગ્રંથકારને એ કહેવું છે કે, પૂર્વપક્ષીએ ચાર પ્રકારની અપવાદિક ઉપધિ બતાવીને એ જણાવેલ કે, પરમઉપેક્ષા એ ઉત્સર્ગમાર્ગ છે અને ચાર પ્રકારની ઉપધિ એ અપવાદમાર્ગ છે, અને એ સિવાયની સરાગચર્યા જે શ્વેતાંબરોને અભિમત છે તે માર્ગ જ નથી. તેની સામે ગ્રંથકારને એ બતાવવું છે કે, અપવાદ વગરની સરાગચર્યા પણ ઉત્સર્ગમાર્ગરૂપ છે, અને કારણે પ્રતિષિદ્ધનું સેવન એ અપવાદરૂપ છે, અને અપવાદ વગરની સરાગચર્યા તે ઉત્સર્ગમાર્ગ હોવાથી સંયમની વિરોધી નથી, પરંતુ સંયમની વૃદ્ધિ કરવા દ્વારા પરમઉપેક્ષાનું કારણ બને છે.

**ટીકા :- ननु सर्वश्रेयोमूलं शुद्धोपयोग एवोत्सर्गो, न पुनः प्राच्या सरागचर्येति चेत्? अत्राह-अतिप्रसङ्गी परविशेष इति।**

❀ **'अतिप्रसङ्गिन्'** શબ્દનું પ્રથમા એકવચનનું રૂપ **'अतिप्रसङ्गी'** છે. **'शशिन्'**ની જેમ **'इन्'** અંતવાળો શબ્દ છે.

❀ **'परविशेष इति'** અહીં **'इति'** શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે કે, સર્વ શ્રેયનું મૂલ એવો શુદ્ધ ઉપયોગ જ ઉત્સર્ગ છે, પણ પ્રાચ્ય સરાગચર્યા નહિ. આ કથનમાં ગ્રંથકાર કહે છે - પરવિશેષ અતિપ્રસંગી છે=પરનો વિભાગ અતિપ્રસંગવાળો છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્થવિરકલ્પની બાહ્ય ચેષ્ટાઓ પૂર્વપક્ષને ઉત્સર્ગ તરીકે અભિમત નથી, પરંતુ આત્માનો જે શુદ્ધ ઉપયોગ છે, તે જ ઉત્સર્ગ છે; અને શુદ્ધ ઉપયોગની પ્રાપ્તિની પૂર્વમાં જે સરાગચર્યા છે તે ઉત્સર્ગ નથી. આ રીતે કહેવાથી એ પ્રાપ્ત થયું કે, સ્વભાવસમવસ્થાનરૂપ ધ્યાન છે, તે શુદ્ધ ઉપયોગરૂપ છે, અને તે ઉત્સર્ગરૂપ છે અને તેની પૂર્વભૂમિકામાં જે સરાગચર્યા સેવાય છે તે અપવાદરૂપ છે; આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે.

તેને ગ્રંથકાર કહે છે - પરવિશેષ = પર એવા દિગંબરનો વિભાગ = શુદ્ધ ઉપયોગ એ ઉત્સર્ગમાર્ગ અને તેના કારણીભૂત પ્રાચ્યસરાગચર્યા તે અપવાદમાર્ગ, આ વિભાગ, અતિપ્રસંગી છે. કહેવાનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીના કથન પ્રમાણે શુદ્ધ ઉપયોગની પૂર્વભૂમિકારૂપે સરાગચર્યા છે માટે અપવાદ છે, તે રીતે ચૌદમા ગુણસ્થાનકની અપેક્ષાએ પૂર્વભૂમિકારૂપ સર્વ અવસ્થાઓ યાવત્ શુદ્ધ ઉપયોગ પણ પૂર્વ અવસ્થારૂપ છે, માટે તે અપેક્ષાએ શુદ્ધ ઉપયોગને પણ અપવાદ માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થશે; તેથી પર એવા દિગંબરનો વિભાગ શુદ્ધ ઉપયોગને અપવાદ માનવાનો અતિપ્રસંગ આપનાર છે.

**ઉત્થાન :-** અહીં આ અતિપ્રસંગના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે, શૈલેશીઅવસ્થાની પૂર્વની અવસ્થાને અપવાદરૂપે સ્વીકારીએ, તો પણ શુભ ઉપયોગરૂપ અવસ્થાની અપેક્ષાએ શૈલેશી અવસ્થાની પૂર્વની અવસ્થા પરમઉપેક્ષારૂપ હોવાથી ઉત્સર્ગ બની જશે, અને આ રીતે આપેક્ષિક અપવાદરૂપ હોવા છતાં, શૈલેશી અવસ્થાની પૂર્વની દરેક અવસ્થાઓ પરમઉપેક્ષાના પ્રારંભ સુધીની, શુદ્ધ ઉપયોગરૂપ હોવાથી ઉત્સર્ગરૂપ માનવામાં કોઈ વાંધો નથી. આનાથી એ ફલિત થયું કે, અપ્રમત્ત મુનિ શુદ્ધ ઉપયોગમાં વર્તે ત્યારે તેઓ પરમઉપેક્ષાવાળા હોય છે, અને ત્યાંથી માંડીને શૈલેશીઅવસ્થા સુધી દરેક અવસ્થા ઉત્સર્ગરૂપ છે અને શૈલેશી અવસ્થા એકાંતે ઉત્સર્ગરૂપ છે, અને શૈલેશી અવસ્થાની પૂર્વની દરેક અવસ્થાઓ અપેક્ષાએ ઉત્સર્ગરૂપ છે અને અપેક્ષાએ અપવાદરૂપ છે; અને શુદ્ધ ઉપયોગના પ્રારંભ પૂર્વની સરાગચર્યા ઉત્સર્ગરૂપ નથી પરંતુ અપવાદરૂપ છે; કેમ કે પરમઉપેક્ષા એ ઉત્કૃષ્ટમાર્ગ છે, અને તેના પૂર્વની સરાગચર્યાવાળી અવસ્થા અપકર્ષમાર્ગરૂપ છે, તેથી અપવાદરૂપ છે; એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેથી કહે છે-

**ટીકા :- उत्तरोत्तरेषामपेक्षया पूर्वपूर्वेषामपवादत्वे उत्सर्गापवादपदयोरुत्कर्षापकर्षपर्यायत्वापत्तेः। न चैवमस्ति, किन्तु कारणापोद्यो नियम उत्सर्गः, कारणिको विधिस्त्वपवाद इति ॥१०॥**

**ટીકાર્થ :-** '**उत्तर**' ઉત્તરઉત્તરની અપેક્ષાએ પૂર્વપૂર્વનું અપવાદપણું હોતે છતે, ઉત્સર્ગ-અપવાદપદને ઉત્કર્ષ અને અપકર્ષના પર્યાયપણાની આપત્તિ પ્રાપ્ત થતી હોવાથી, તારી વાત બરાબર નથી. અહીં પૂર્વપક્ષી ઈષ્ટાપત્તિ કહે તો કહે છે કે, અને આમ નથી=ઉત્કર્ષપદનો પર્યાયવાચી ઉત્સર્ગપદ અને અપકર્ષપદનો પર્યાયવાચી અપવાદ છે આમ નથી, પરંતુ કારણને છોડીને જે નિયમ છે તે ઉત્સર્ગ છે, વળી કારણિક વિધિ છે તે અપવાદ છે. '**इति**' કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** કારણને છોડીને જે નિયમ છે તે ઉત્સર્ગ છે તેનું તાત્પર્ય એ છે કે દ્રવ્ય-ક્ષેત્રાદિની વિષમતારૂપ કારણને છોડીને, સાધુને આચરવાનો જે નિયમ છે તે ઉત્સર્ગ છે, અને દ્રવ્યક્ષેત્રાદિની વિષમતાને કારણે જે કારણિક વિધિ છે તે અપવાદ છે. આનાથી એ પ્રાપ્ત થયું કે અપવાદને છોડીને જે સરાગચર્યા છે તે ઉત્સર્ગ છે, તેથી તે શ્રામણ્યની સાથે વ્યભિચારી નથી.॥૧૦॥

**અવતરણિકા :- अथ गूढाभिसंधेरात्मनोऽपायशतसंपातमालोक्य निष्कृष्टं स्वाशयमुद्भावयन् परः शङ्कते-**

**અવતરણિકાર્થ :-** દિગંબરની આત્માની=પોતાની, ગૂઢ અભિસંધિ હોવાના કારણે સેંકડો અપાયના સંપાતને = સેંકડો દોષોની પ્રાપ્તિને, જોઇને નિષ્કૃષ્ટ એવા સ્વ આશયને ઉદ્‌ભાવન કરતો એવો પર=દિગંબર, શંકા કરે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પ્રથમ તો તે વાદના ક્ષેત્રમાં પોતાના ગૂઢ આશયને પ્રગટ કરતો ન હતો, પરંતુ પ્રતિવાદી તરફથી જ્યારે સેંકડો અપાયની પ્રાપ્તિ થઇ, તેને જોઇને પોતાની ગૂઢ અભિસંધિ હોવાને કારણે, જે નિષ્કૃષ્ટ=અંતિમ, પોતાનો આશય છે, તેને પ્રગટ કરતાં શંકા કરે છે. જો તેનામાં ગૂઢ અભિસંધિ ન હોત, તો તત્ત્વની વિચારણાના ક્ષેત્રમાં તેણે પ્રથમ જ પોતાનો આશય ઉદ્‌ભાવન કરવો જોઇએ, જેથી તત્ત્વનિર્ણય સુલભ રીતે પ્રાપ્ત થાય.

ગાથા :- **णणु बज्झंगं साहणमववाओ अन्तरंगमुस्सग्गो ।**
**जा पुण सरागचरिया समुच्चिआ णेव सुद्धाए ॥११॥**

( ननु बाह्याङ्गं साधनमपवादोऽन्तरङ्गमुत्सर्गः । या पुनः सरागचर्या सा समुच्चिता नैव शुद्धया ॥११॥)

**पडिसिद्धसेवणं पुण णो अववाओ फुडो अणायारो ।**
**ता वत्थाई गन्थो णो उस्सग्गो ण अववाओ ॥१२॥**

( प्रतिषिद्धसेवनं पुनर्नापवादः स्फुटोऽनाचारः । तद्वस्त्रादिग्रन्थो नोत्सर्गो नापवादः ॥१२॥ )

**ગાથાર્થ :- બાહ્યાંગ સાધન અપવાદ છે, અંતરંગ ઉત્સર્ગ છે. વળી જે સરાગચર્યા છે, તે શુદ્ધરૂપે=શુદ્ધ સ્વરૂપથી, સમુચિત નથી. વળી પ્રતિષિદ્ધનું સેવન એ અપવાદ નથી, (પરંતુ) સ્પષ્ટ અનાચાર છે. તેથી વસ્ત્રાદિ ગ્રંથ ઉત્સર્ગ નથી, (અને) અપવાદ નથી.**

**ટીકા :- उत्सर्गानुरोधी खल्वपवादः, उत्सर्गश्च सर्वोपधिप्रतिषेधेनात्मद्रव्यमात्रप्रतिबंधो; विशिष्टकाल-क्षेत्रवशावसन्नशक्तेश्च यथाजातपुद्गलादिरूपधिश्छेदप्रतिषेधतया तमुपकुर्वन्नपवाद इत्यभिधीयते, फलतस्तदा तदुपकारकत्वेऽप्यैकान्तिकात्यन्तिकोपकारकत्वाभावेन स्वरूपतो हेयत्वात्।**

❀ '**उपकुर्वन्**' એ ઉપધિનુ હેતુઅર્થક વિશેષણ છે. '**छेदप्रतिषेधतया**' અહીં તૃતીયા સ્વરૂપઅર્થક છે.

**ટીકાર્થ:-** '**उत्सर्ग**' ઉત્સર્ગનો અનુરોધી અપવાદ છે અને ઉત્સર્ગ સર્વ ઉપધિના પ્રતિષેધથી આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબંધરૂપ છે, અને વિશિષ્ટ કાલ અને ક્ષેત્રના કારણે અવસન્નશક્તિ હોવાથી યથાજાતપુદ્ગલાદિરૂપ ઉપધિ તે અવસન્ન શક્તિવાળી વ્યક્તિને છેદના પ્રતિષેધપણા વડે કરીને ઉપકાર કરતી અપવાદ કહેવાય છે.
તેમાં હેતુ કહે છે-
**फलतः** :- ફલથી ત્યારે=અવસન્ન શક્તિવાળો છે ત્યારે, તેનું=ઉપધિનું, ઉપકારકપણું હોવા છતાં પણ એકાંતિક અને આત્યંતિક ઉપકારકત્વનો અભાવ હોવાના કારણે સ્વરૂપથી હેયપણું છે.

**ભાવાર્થ :-** જેનું ચિત્ત આત્મદ્રવ્યના સ્વાભાવિક ભાવોને સ્ફુરણ કરવાના યત્નવાળું છે, તે ઉત્સર્ગ કહેવાય છે; અને વિષમ એવાં ક્ષેત્ર-કાલ હોવાને કારણે જેની શક્તિ પોતાના આત્મમાત્રમાં પ્રતિબંધને ધારણ કરવા માટે પરદ્રવ્યની સહાય વગર સમર્થ નથી, તે અવસન્ન શક્તિવાળો જાણવો. તેવી વ્યક્તિને પૂર્વમાં કહેલી ચાર પ્રકારની ઉપધિ ઉત્સર્ગને સન્મુખ ભાવના છેદનો પ્રતિષેધ કરનાર છે. તેથી ચાર પ્રકારની ઉપધિમાં છેદપ્રતિષેધતા છે. તે રૂપે તે અવસન્ન શક્તિવાળાને ઉપકાર કરે છે.

તાત્પર્ય એ છે કે, જો તેણે ચાર પ્રકારની ઉપધિ ગ્રહણ કરી ન હોત તો ઉત્સર્ગને સન્મુખભાવ ટકી શકે તેવી સ્થિતિમાં નથી, ઉત્સર્ગને સન્મુખભાવનો છેદ એટલે નાશ પ્રાપ્ત થાય તેમ છે, તેનો પ્રતિષેધ ઉપધિ કરે છે; તેથી તેને અપવાદ કહેલ છે. અને તેમાં હેતુ જે '**फलतः...हेयत्वात्**' કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબંધરૂપ ઉત્સર્ગ એ સ્વરૂપથી ઉપાદેય છે, કેમ કે તે ભાવ અવશ્ય મોક્ષને અનુકૂલ નિર્જરાને પેદા કરે છે; જ્યારે ઉપધિ છેદપ્રતિષેધપણા વડે ઉપકારક હોવાને કારણે ફલથી ઉપકારક છે અને તે ઉપધિ એકાંતે ઉપકાર કરે એવો નિયમ નથી, કેમ કે અયોગ્ય જીવને અથવા યોગ્ય જીવને પણ અનુપયુક્ત દશામાં ઉપધિથી ઉપકાર થતો નથી, માટે તે ઉપકારની અપેક્ષાએ અનૈકાંતિક છે. વળી આત્મદ્રવ્યમાત્રમાં પ્રતિબંધરૂપ પરિણામ જેમ જેમ અતિશય થાય તેમ તેમ ઉપકારનો અતિશય થાય છે; તે રૂપ ઉપધિથી ઉપકાર નહીં થવાને કારણે આત્યંતિક ઉપકારનો અભાવ છે, અને તે કારણે ઉપધિ સ્વરૂપથી હેય છે, એથી કરીને ઉપધિને અપવાદરૂપ કહેલ છે.

**ટીકા :- स च बंधाऽसाधनत्वादप्रतिकुष्टोऽन्यत्रानुचितत्वादसंयताऽप्रार्थनीयो रागादिकं विना धार्यमाणत्वात् मूर्च्छाऽजनकश्च कस्यचित् क्वचित्कदाचित् कथंचित्कश्चिदेव च ग्राह्य इति। तदुक्तं-[ प्रवचनसार ३-२३ ]**

[१] अप्पडिकुट्ठं उवधिं अपत्थणिज्जं असंजदजणेहिं ।
मुच्छादिजणणरहिदं गेण्हदु समणो जदि वि अप्पं ॥ त्ति

१. अप्रतिकुष्टमुपधिमप्रार्थनीयमसंयतजनैः । मूर्च्छादिजननरहितं गृह्णातु श्रमणो यद्यप्यल्पम् ।

**ટીકાર્થ :-** **'स च'** અને તે=ઉપધિ, બંધનું અસાધન હોવાના કારણે (ભગવાન વડે) અપ્રતિકૃષ્ટ છે=અનિવારિત છે, અન્યત્ર અનુચિતપણું હોવાને કારણે અસંયતથી અપ્રાર્થનીય છે, અને રાગાદિ વિના ધાર્યમાણ હોવાના કારણે તે મૂર્ચ્છા અજનક છે, અને તે ઉપધિ કોઇક વ્યક્તિને કવચિદ્ અર્થાત્ કોઇક ક્ષેત્રમાં, કદાચિત્ એટલે કોઇક કાલમાં, કથંચિત્ એટલે કોઇક સ્વરૂપે સર્વથા નહીં, કશ્ચિદ્ એટલે કોઇક ઉપધિ સર્વ નહીં, અર્થાત્ જે ઉપકારક હોય તે ગ્રાહ્ય છે.

**'तदुक्तं'** તે કહ્યું છે- **'अप्पडिकुट्ठं'** - અપ્રતિકૃષ્ટ, અસંયતજનો વડે અપ્રાર્થનીય અને મૂર્ચ્છાદિની અજનક એવી પણ, અલ્પ ઉપધિને જ શ્રમણ ગ્રહણ કરે. **'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિસૂચક છે.

❀ અહીં **'अन्यत्र'**થી સંયત સિવાયની વ્યક્તિ ગ્રહણ કરવાની છે. અસંયતમાં આ ચાર પ્રકારની ઉપધિનું ગ્રહણ અનુચિત છે, તેથી અસંયતને સ્વીકારવા યોગ્ય નથી, કેમ કે અસંયતો આ ઉપધિને ગ્રહણ કરીને કલ્યાણ કરી શકતા નથી; તેથી જે લોકોનું જીવન પાપવ્યાપારના વિરામરૂપ સંયમને પામેલું છે, તેઓને આ જાતની ઉપધિ ગ્રહણ કરવી ઉચિત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે જે લોકોને ભાવથી સંયમનો પરિણામ વર્તતો નથી અને દ્રવ્યલિંગરૂપ આ ચાર પ્રકારની ઉપધિને ગ્રહણ કરે તો તે કર્મબંધનું કારણ બને છે, તેથી ભાવથી અસંયતને આ અપવાદિક ઉપધિ અપ્રાર્થનીય છે, જ્યારે ઉત્સર્ગ તો સર્વ માટે પ્રાર્થનીય છે, કેમ કે ઉત્સર્ગ એ આત્માના પરિણામરૂપ છે અને તે અવશ્ય નિર્જરાનું કારણ બને છે.

અહીં વિશેષ એ છે કે, પરમઉપેક્ષા એ ઉત્સર્ગરૂપ છે અને ચાર પ્રકારની ઉપધિ એ અપવાદરૂપ છે, એ પ્રમાણે દિગંબર માને છે; અને તે અપવાદરૂપ કેમ છે તે બતાવવા અર્થે જ કહે છે કે, તે અપવાદિક ઉપધિ કર્મબંધનું અસાધન છે, તેથી ભગવાને સાધુને તેનો નિષેધ કરેલ નથી; વળી જેમ આત્મમાત્રમાં પ્રતિબંધરૂપ ઉત્સર્ગમાર્ગ બધા માટે પ્રાર્થનીય છે, તેમ અપવાદરૂપ ઉપધિ બધા માટે પ્રાર્થનીય નથી, પરંતુ સંયત સિવાયના બીજાઓને તે ઉપધિ ગ્રહણ કરવી તે અનુચિત છે, તેથી અસંયતને તે ઉપધિ પ્રાર્થનીય નથી. વળી મુનિઓ રાગાદિ વગર જ તે ઉપધિને ધારણ કરે છે તેથી મૂર્ચ્છા પેદા થતી નથી, માટે જે કોઇ વ્યક્તિને તેનાથી ઉપકાર થતો હોય તેણે જ તે ઉપધિ ગ્રહણ કરવાની છે; અને તે પણ જેટલી, જ્યારે, જે ક્ષેત્રમાં અને જેટલા પ્રમાણમાં ઉપકારક હોય તેટલી જ ગ્રહણ કરવાની છે, તેથી તે અપવાદરૂપ છે; જ્યારે પરમઉપેક્ષા તો જેટલા પ્રમાણમાં વૃદ્ધિ પામે તેટલું વધારે હિત થાય તેમ હોવાથી તે ઉત્સર્ગરૂપ છે; એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

**ટીકા :- ये तु श्रामण्यपरिणतिं प्रतिज्ञायापि जीवितकषायकणतया समस्तपरद्रव्यनिवृत्तिप्रवृत्तस्वभावप्रवृत्तिरूपां शुद्धोपयोगभूमिमारोढुं न क्षमन्ते ते तदुपकण्ठनिविष्टा एव तदुत्कण्ठुलमनसोऽपि शुद्धात्मवृत्तिमात्रेणावस्थितेष्वर्हदादिषु तन्मात्रावस्थितिप्रतिपादकेषु च प्रवचनाभियुक्तेषु भक्तिवात्सल्याभ्यां तावन्मात्ररागोपनीतपरद्रव्यप्रवृत्तिपरिवर्त्तितशुद्धात्मवृत्तयः शुद्धात्मानुरागयोगरूपं शुभोपयोगमातिष्ठमाना गौणमेव चारित्रमुपलभन्ते न तु मुख्यम्। अतस्तेषां या काचन वन्दननमस्करणाभ्युत्थानानुगमनप्रतिपत्तिश्रमापनयनादिका शुद्धात्मानुरागयोगिना ( ? तया )**

**शुद्धात्मवृत्तित्राणनिमित्तानुजिघृक्षापूर्विका दर्शनज्ञानोपदेशशिष्यग्रहणतत्पोषणजिनेन्द्रपूजोपदेशरूपा च सरागचर्या सा नैव शुद्धोपयोगचर्यया समुच्चीयते केवलमन्वाचीयत एव।**

❀ **'तेषां'** કર્તૃઅર્થક ષષ્ઠી છે, તેઓની અર્થાત્ શુભ ઉપયોગરૂપ ગૌણ ચારિત્રવાળાની...એ પ્રમાણે ગ્રહણ કરવાનું છે.

**ટીકાર્થ :- 'ये तु'** જેઓ વળી શ્રામણ્ય પરિણતિની પ્રતિજ્ઞા કરીને પણ જીવિતકષાયકણપણું હોવાને કારણે= જીવિત છે કષાયના કણો જેમાં તેનો ભાવ હોવાને કારણે, સમસ્ત પરદ્રવ્યની નિવૃત્તિમાં પ્રવૃત્ત એવો જે આત્માનો સ્વભાવ, તેમાં પ્રવૃત્તિરૂપ શુદ્ધ ઉપયોગની ભૂમિને આરોહણ કરવા માટે સમર્થ નથી, તેઓ તેના ઉપકંઠમાં નિવિષ્ટ જ=શુદ્ધ ઉપયોગની ભૂમિની સમીપમાં રહેલા જ, તેને=શુદ્ધ ઉપયોગની ભૂમિને, પ્રાપ્ત કરવા માટે ઉત્કંઠુલ=આતુર મનવાળા, પણ શુદ્ધાત્મવૃત્તિમાત્રથી અવસ્થિત=રહેલા, એવા અર્હદાદિમાં અને તન્માત્રમાં અર્થાત્ શુદ્ધાત્મવૃત્તિમાત્રમાં (જે જીવની) અવસ્થિતિ=રહેવાની ક્રિયા છે તેના પ્રતિપાદક એવા પ્રવચનઅભિયુક્તોમાં=બહુશ્રુતોમાં, ભક્તિ અને વાત્સલ્યને કારણે, અર્થાત્ ભક્તિ એટલે બહુમાન અને વાત્સલ્ય એટલે પ્રીતિ, તેના કારણે, તેટલા માત્ર રાગથી ઉપનીત પરદ્રવ્યની પ્રવૃત્તિથી પરિવર્તિત એવા શુદ્ધાત્માની વૃત્તિવાળા તેઓ, શુદ્ધાત્મામાં અનુરાગના યોગરૂપ=સંબંધરૂપ, શુભ ઉપયોગમાં આતિષ્ઠમાન=શુભ ઉપયોગમાં રહેલા એવા તેઓ, ગૌણ જ ચારિત્રને પામે છે, પરંતુ મુખ્ય નહીં. આથી કરીને=શુભ ઉપયોગવાળાને ગૌણ જ ચારિત્ર હોય છે આથી કરીને, તેઓની=શુભ ઉપયોગવાળાની, જે કાંઇ વંદન-નમસ્કાર સહિત અભ્યુત્થાન-અનુગમનરૂપ પ્રતિપત્તિ, અને શ્રમઅપનયનાદિરૂપ શુદ્ધાત્માનું અનુરાગીપણું હોવાને કારણે શુદ્ધાત્મવૃત્તિના રક્ષણનિમિત્ત એવી જે સરાગચર્યા; અને અનુજિઘૃક્ષાપૂર્વક=અનુગ્રહની ઇચ્છાપૂર્વક, દર્શનજ્ઞાનવિષયક ઉપદેશ, શિષ્યનું ગ્રહણ, શિષ્યનું પોષણ, જિનેન્દ્રની પૂજાના ઉપદેશરૂપ સરાગચર્યા છે; તે બંને સરાગચર્યાઓ શુદ્ધ ઉપયોગની ચર્યાવડે સમુચ્ચય કરાતી નથી, કેવલ અન્વાચય જ કરાય છે.=શુદ્ધ ઉપયોગની પાછળ તેનો સમુચ્ચય કરાય છે. અહીં **'अनु'** શબ્દ **'पश्चाद्'** અર્થક છે.

**ભાવાર્થ :- 'तावन्मात्ररागोपनीतपरद्रव्यप्रवृत्तिपरिवर्त्तितशुद्धात्मवृत्तयः'** કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, શુભ ઉપયોગવાળાને અરિહંતાદિમાં અને પ્રવચનઅભિયુક્તો પ્રત્યે જે ભક્તિ છે, તેટલો જ માત્ર રાગ વર્તે છે; અને તેનાથી ઉપનીત એવી તેઓની ભક્તિની ક્રિયા વર્તે છે, તે પરદ્રવ્યની પ્રવૃત્તિ છે; અને તે પરદ્રવ્યની પ્રવૃત્તિથી પરિવર્તન પામેલી શુદ્ધાત્માની વૃત્તિઓ શુભ ઉપયોગવાળાની છે, અર્થાત્ તેટલા અંશમાં તેઓ શુદ્ધાત્મામાં વર્તનારા નથી, બાકી અન્ય પ્રકારના સર્વ રાગ-દ્વેષનો અભાવ હોવાથી શુદ્ધાત્મામાં વૃત્તિવાળા છે. આથી જ તેઓને શુદ્ધ ઉપયોગની નજીકની ભૂમિકામાં બેઠેલા છે તેમ કહેલ છે. આમ છતાં, તેવા શુભ ઉપયોગવાળાને પણ દિગંબર ગૌણ ચારિત્ર માને છે. અર્થાત્ મુખ્ય ચારિત્ર તે આત્માના પરમઉપેક્ષાભાવ સ્વરૂપ છે, જ્યારે શુભ ઉપયોગવાળા આત્માના સ્વભાવમાં વર્તવારૂપ ચારિત્રપરિણામવાળા નથી, પરંતુ તેના આસન્નભાવવાળા છે, તેથી ઉપચારથી ચારિત્ર છે; કેમ કે ચારિત્રની આસન્નભાવ હોય તેમાં ચારિત્રનો ઉપચાર કરીને તેઓને ચારિત્ર કહેવાય છે. તેથી તેઓમાં ગૌણ ચારિત્ર છે.

ટીકામાં '**शुद्धात्मानुरागयोगिना**' છે, ત્યાં '**शुद्धात्मानुरागयोगितया**' એ પાઠ ઉચિત લાગે છે, અને તેનાથી એ કહેવું છે કે, શુભ ઉપયોગવાળામાં શુદ્ધાત્માની અનુરાગયોગિતા છે. અર્થાત્ પરમઉપેક્ષામાં વર્તનારા જીવો શુદ્ધાત્મામાં રહેનારા છે અને તેમના પ્રત્યે અનુરાગનો સંબંધ શુભ ઉપયોગવાળામાં છે. અને તે અનુરાગયોગિતા તેઓમાં હોવાને કારણે, શુદ્ધ ઉપયોગવાળાઓને જેઓ વંદન-નમન સહિત અભ્યુત્થાન અને અનુગમનરૂપ પ્રતિપત્તિ કરે છે અને તેમના શ્રમના અપનયન અર્થે પ્રયત્ન કરે છે અને તે પ્રવૃત્તિ શુદ્ધાત્મામાં વર્તનારા જીવોની જે પરમઉપેક્ષા છે, તેના રક્ષણના નિમિત્તે છે. અર્થાત્ શુભ ઉપયોગવાળા તેઓની વૈયાવચ્ચ વગેરે કરે છે, તેનાથી શુદ્ધ ઉપયોગવાળાની શુદ્ધાત્મવૃત્તિનું રક્ષણ થાય છે. અને તે પ્રકારની શુભ ઉપયોગવાળાની સરાગચર્યા છે, તે અહીં ગ્રહણ કરવાની છે.

**तदुक्तं प्रवचनसारे**- તે જ પ્રવચનસારમાં કહેલું છે.

(१) समणा सुद्धुवजुत्ता सुहोवजुत्ता य होंति समयंमि ।
तेसु वि सुद्धुवजुत्ता अणासवा सासवा सेसा ॥ ( ३-४५ )

શાસ્ત્રમાં શ્રમણો શુદ્ધોપયુક્ત=શુદ્ધ ઉપયોગવાળા, અને શુભોપયુક્ત=શુભ ઉપયોગવાળા કહેલા છે. તેમાં પણ શુદ્ધોપયુક્ત (શુદ્ધ ઉપયોગવાળા) અનાશ્રવ છે અને શેષ=શુભોપયુક્ત (શુભોપયોગવાળા) સાશ્રવ છે.

(२) धम्मेण परिणदप्पा अप्पा जदि सुद्धसंपओगजुओ ।
पावदि णिव्वाणसुहं सुहोवउत्तो व सग्गसुहं ॥ ( १-११ )

ધર્મ વડે પરિણત સ્વભાવવાળા (સ્વરૂપવાળા) આત્મા જો શુદ્ધોપયુક્ત (શુદ્ધ ઉપયોગવાળા) હોય તો નિર્વાણસુખને પામે છે અને શુભોપયુક્ત (શુભ ઉપયોગવાળા) હોય તો સ્વર્ગસુખને પામે છે.

(३) अरहन्तादिसु भत्ती वच्छलदा पवयणाभिजुत्तेसु ।
विज्जदि जदि सामण्णे सा सुहजुत्ता हवे चरिया ॥ ( ३-४६ )

સાધુમાં જો અરિહંતાદિમાં ભક્તિ અને પ્રવચનઅભિયુક્તમાં વાત્સલ્યતા વર્તતી હોય તો તે શુભયુક્ત ચર્યા છે.

❀ અહીં અરિહંતાદિમાં 'આદિ'થી સિદ્ધને ગ્રહણ કરવા, પ્રવચનશબ્દથી આગમ અથવા તો સંઘ કહેવાય છે, તે પ્રવચનમાં અભિયુક્ત આચાર્ય-ઉપાધ્યાય અને સાધુને ગ્રહણ કરવા. અરિહંત અને સિદ્ધ એ શુદ્ધાત્મવૃત્તિથી રહેલા છે અને આચાર્યાદિ શુદ્ધાત્મવૃત્તિમાત્રઅવસ્થિતિના પ્રતિપાદક (ઉપદેશક) છે. તેમાં ભક્તિ અને વાત્સલ્ય અર્થાત્ અનંતજ્ઞાનાદિગુણયુક્ત અરિહંત અને સિદ્ધોમાં ગુણાનુરાગયુક્ત ભક્તિ અને પ્રવચનઅભિયુક્ત આચાર્યાદિમાં વાત્સલ્ય અર્થાત્ વિનયથી અનુકૂળવૃત્તિ ધારણ કરવી તે સરાગચર્યા છે.

---

(१) श्रणमाः शुद्धोपयुक्ताः शुभोपयुक्ताश्च भवन्ति समये । तेष्वपि शुद्धोपयुक्ता अनास्रवाः सास्रवाः शेषाः ॥
(२) धर्मेण परिणतात्मा आत्मा यदि शुद्धसंप्रयोगयुतः । प्राप्नोति निर्वाणसुखं शुभोपयुक्तो वा स्वर्गसुखम् ॥
(३) अर्हदादिषु भक्तिर्वत्सलता प्रवचनाभियुक्तेषु । विद्यते यदि श्रामण्ये सा शुभयुक्ता भवेच्चर्या ॥

(૪) वंदणणमंसणेहिं अब्भुठाणाणुगमणपडिवत्ती ।
समणेसु समावणओ ण णिंदिआ रायचरियंमि ॥ ( ३-४७ )

શ્રમણોને વિષે વંદન, નમસ્કાર સહિત અભ્યુત્થાન અને અનુગમનરૂપ પ્રતિપત્તિ=ઉપચાર, અર્થાત્ વિનીત વર્તન કરવું તથા તેમના શ્રમને દૂર કરવો તે રાગચર્યામાં નિંદિત નથી.

(૫) दंसणाणुवदेसो सिस्सग्गहणं च पोसणं तेसिं ।
चरिया हि सरागाणं जिणिंदपूओवदेसो य ॥ ( ३-४८ )

દર્શન-જ્ઞાનનો ઉપદેશ, શિષ્યોનું ગ્રહણ તથા તેમનું=શિષ્યોનું, પોષણ અને જિનેન્દ્રની પૂજાનો ઉપદેશ ખરેખર સરાગીઓની ચર્યા છે.

(૬) उवकुणदि जो वि णिच्चं चादुव्वण्णस्स समणसंघस्स ।
कायविराहणरहिदं सोवि सरागप्पहाणो से ॥ इति ( ३-४९ )

જે કોઈ પણ સદા (છ) કાયની વિરાધનારહિત ચાર પ્રકારના શ્રમણસંઘને ઉપકાર કરે છે, તે પણ સરાગપ્રધાન છે.

**ઉત્થાન :-** ગાથા-૧૧ ના પૂર્વાર્ધની ટીકા **'उत्सर्गानुरोधी'**...પ્રવચનસારની ૩/૨૩ ગાથાની સાક્ષી સુધી પૂરી કરી, ત્યારપછી ગાથા/ ૧૧ના ઉત્તરાર્ધ અને ગાથા/ ૧૨ના પૂર્વાર્ધની ટીકા **'ये तु'**....કરેલ છે. ત્યાં એમ બતાવવું છે કે જે સરાગચર્યા છે તે શુદ્ધથી સમુચિત નથી તેથી અપવાદિક ચારિત્રરૂપ છે, અને પ્રતિષિદ્ધનું સેવન અપવાદ નથી પરંતુ અનાચાર છે. તે બતાવવા માટે **'ये तु'**....પ્રવચનસારની ૩/૪૯ સાક્ષી સુધી પ્રથમ બતાવ્યું કે જે શુભ ઉપયોગવાળા મુનિઓ છે તેઓ પણ ગૌણ ચારિત્રને પાળનારા છે, તેઓની જે ચર્યા છે તે જ અપવાદરૂપ છે. હવે શ્વેતાંબરો, કારણે પ્રતિષિદ્ધના સેવનને અપવાદરૂપ કહે છે, તેનું નિરાકરણ કરતાં દિગંબર કહે છે-

**ટીકા :- प्रतिषिद्धसेवनं पुनः कारणेऽपि कायविराधनादिरूपं नापवादः किंतु प्रकटोऽनाचार एव, शुद्धात्मवृत्तित्राणाद्यभिप्रायेणापि संयमविराधनया वैयावृत्त्यादिप्रवृत्त्या गृहस्थधर्मानुप्रवेशात्। तदुक्तं-**

(૭) जदि कुणदि कायखेदं वेयावच्चत्थमुज्जदो समणो ।
ण हवदि हवदि अगारी धम्मो सो सावयाणं से ॥ **[ प्रवचनसार ३-५० ]**

---

(૪) वंदननमस्करणाभ्यामभ्युत्थानानुगमनप्रतिपत्तिः । श्रमणेषु श्रमापनयो न निन्दिता रागचर्यायाम् ॥

(૫) दर्शनज्ञानोपदेशः शिष्यग्रहणं च पोषणं तेषाम् । चर्या हि सरागाणां जिनेन्द्रपूजोपदेशश्च ॥

(૬) उपकरोति योऽपि नित्यं चातुर्वर्णस्य श्रमणसंघस्य । कायविराधनरहितं सोऽपि सरागप्रधानः स्यात् ॥

(૭) यदि करोति कायखेदं वैयावृत्त्यर्थमुद्यतः श्रमणः । न भवति भवत्यगारी धर्मः स श्रावकाणां स्यात् ॥

**ટીકાર્થ :- 'प्रतिषिद्ध'** વળી કારણે પણ કાયવિરાધનાદિરૂપ પ્રતિષિદ્ધનું સેવન અપવાદ નથી, પરંતુ પ્રકટ અનાચાર જ છે, કેમ કે શુદ્ધાત્મવૃત્તિત્રાણાદિ અભિપ્રાયવડે પણ સંયમવિરાધનાથી વૈયાવૃત્ત્યાદિ પ્રવૃત્તિ વડે કરીને ગૃહસ્થધર્મમાં અનુપ્રવેશ થાય છે.

તે જ કહેવાયેલું છે-

**'जदि'** જો શ્રમણ વૈયાવૃત્ય માટે ઉદ્યમવંત થયેલો, છ કાયને પીડા કરે તો તે શ્રમણ નથી, ગૃહસ્થ છે; (કારણ કે) તે =છ કાયની વિરાધના સહિત વૈયાવચ્ચ શ્રાવકોનો ધર્મ છે.

**ટીકા :- अपरित्यक्तसर्वसावद्यव्यापारस्य हि तथाविधप्रवृत्त्या बहुपुण्यार्जनेन स्वल्पपापनिवृत्त्या तथाविधविशुद्धिसंभवात्, संयतस्य तु तादृगारम्भनान्तरीयकाशुभोपयोगेन श्रामण्यच्छेदा[illegible]तभावः।**

☞ **'स्वल्पपापनिवृत्त्या'** છે ત્યાં **'स्वल्पपापनिर्वृत्त्या'** પાઠ ભાસે છે, કેમ કે સ્વલ્પપાપની નિષ્પત્તિથી એ પ્રમાણે અર્થ છે.

**ટીકાર્થ :- 'अपरित्यक्त'** - જેઓએ સર્વ સાવદ્ય વ્યાપારનો ત્યાગ કર્યો નથી, એવાઓની તેવા પ્રકારની પ્રવૃત્તિથી બહુ પુણ્ય અર્જન અને સ્વલ્પ પાપની નિષ્પત્તિથી=બંધથી, તથાવિધ વિશુદ્ધિનો સંભવ છે. વળી સંયતને તો તેવા પ્રકારના આરંભની સાથે અવિનાભાવિ અશુભ ઉપયોગ વડે શ્રામણ્યનો છેદ છે, એ પ્રમાણે ભાવ છે=પ્રવચનસારના કથનનો આ ભાવ છે.

**ઉત્થાન :-** ગાથા / ૧૧-૧૨માં દિગંબરે પોતાના આશયનું ઉદ્ભાવન કરીને જે કહ્યું, તેનું **'तस्मात्..'**થી નિગમન કરતાં કહે છે.

**ટીકા :- तस्माद्वस्त्रादिकं ग्रन्थ एव, तत्सत्त्वे उत्सर्गमार्गप्रवृत्तेस्तावद्दूरापास्तत्वात्, शुद्धोपयोगाऽसाधनस्य बाह्यद्रव्यस्यापवादतोऽप्यनादानात्, कायखेदायतनतया शुभोपयोगेऽप्यनधिकाराच्चेति ॥११॥१२॥**

**ટીકાર્થ :- 'तस्मात्'** તે કારણથી=ઉત્સર્ગ, વસ્તુના ધર્મરૂપ છે અને શુદ્ધ ઉપયોગના સાધનભૂત ચાર પ્રકારની બાહ્ય ઉપધિ અપવાદભૂત છે, અને પ્રતિષિદ્ધનું સેવન અપવાદ નથી પણ સ્પષ્ટ અનાચાર છે, તે કારણથી, વસ્ત્રાદિ ગ્રંથ જ છે.

તેમાં હેતુ કહે છે-

**'तत्सत्त्वे'** - તેના=વસ્ત્રાદિના, સત્ત્વમાં, ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિનું દૂર અપાસ્તપણું છે.

**ઉત્થાન :-** વસ્ત્રાદિના સત્ત્વમાં ઉત્સર્ગમાર્ગની પ્રવૃત્તિ ન ઘટે, પરંતુ અપવાદથી તો પ્રવૃત્તિ ઘટે ને? તેથી બીજો હેતુ કહે છે-

**'शुद्धोपयोग'** - શુદ્ધ ઉપયોગના અસાધન એવા બાહ્ય દ્રવ્યનું=વસ્ત્રાદિનું, અપવાદથી પણ ગ્રહણ નથી.

**ઉત્થાન :-** વસ્ત્રાદિ શુદ્ધ ઉપયોગનું સાધન ભલે ન હોય પરંતુ શુભ ઉપયોગવાળા મુનિ વસ્ત્રાદિને ગ્રહણ કરે તો શું વાંધો છે? તેથી ત્રીજો હેતુ કહે છે-

'**शुभोपयोग**' - અને (વસ્ત્રમાં) કાયવિરાધનાનું આયતનપણું હોવાથી શુભ ઉપયોગમાં પણ અનધિકાર છે = વસ્ત્રાદિનો અધિકાર નથી. **॥૧૧-૧૨॥**

**અવતરણિકા :- अत्रोच्यते-**

**અવતરણિકાર્થ :-** અહીં કહેવાય છે. અહીં અર્થાત્ બાહ્યાંગ સાધન અપવાદ છે અને અંતરંગ ઉત્સર્ગ છે. વળી જે સરાગચર્યા છે તે શુદ્ધરૂપથી અર્થાત્ શુદ્ધસ્વરૂપથી સમુચિત નથી. વળી પ્રતિષિદ્ધનું સેવન એ અપવાદ નથી પરંતુ સ્પષ્ટ અનાચાર છે, તેથી વસ્ત્રાદિ ગ્રંથ ઉત્સર્ગ નથી, (અને) અપવાદ નથી. એ પ્રમાણે ગાથા ૧૧-૧૨માં કહ્યું. એ કથનમાં, કહેવાય છે.

**ગાથા :-** **उवकुणइ जह सरीरं सुद्धुवओगं तहेव उवगरणं ।**
**जम्हा तओ मुणीणं सुए अणेगे गुणा भणिआ ॥१३॥**

(उपकरोति यथा शरीरं शुद्धोपयोगं तथैव उपकरणं । यस्मात्ततो मुनीनां श्रुतेऽनेके गुणा भणिताः ॥१३॥)

**ગાથાર્થ :- જે કારણથી જે પ્રકારે શરીર શુદ્ધ ઉપયોગને ઉપકાર કરે છે, તે પ્રકારે જ મુનિનું ઉપકરણ શુદ્ધ ઉપયોગને ઉપકાર કરે છે. તે કારણથી શ્રુતમાં અનેક ગુણો (ઉપકરણના) કહેવાયા છે.**

❀ અહીં '**यस्मात्**'નો '**ततः**' સાથે અન્વય છે.

**ટીકા :- यथा हि कायो दृढध्यानासनाभ्यासादिना परममनःस्थैर्यरूपं शुद्धोपयोगमुपकुरुते तथा धर्मोपकरणमपि। तथाहि-सौत्रिकौर्णिककल्पैस्तावच्छीतार्त्तानां साधूनामार्त्तध्यानापहरणं भवति, तथा च स्वप्रतिबंधकविलयात् माध्यस्थभावनाद्युपस्कृतधर्मध्यानादिरूपशुद्धोपयोगः समुज्जीवति। तथा ज्वलनज्वालनादिपरिहारेण ज्वलनतृणादिगतसत्त्वत्राणमपि भवेत्, तैरेव शीतनिवृत्तेः, इत्युपधेर्ज्वलनारंभाद्यनुबन्धिस्वप्रतिबंधकरौद्रध्याननिवारकतया शुभध्यानोपकारित्वम्। तथा च '**[१]कालचउक्कं उक्कोसएणं जहन्ने तियन्तु बोधव्वं'**इति वचनानुरोधिभिः साधुभिः समस्तरात्रिजागरणं कुर्वद्भिश्चत्वारः काला गृहीतव्या इति तुषारकणगणप्रवर्षिणी शीतकाले यतनया कल्पप्रावरणेनैव स्वाध्यायनिर्वाह इति। स्वाध्यायश्च धर्मध्यानालम्बनं "[२] आलंबणाणि वायणपुच्छणपरिअट्टणाणुचिन्ता य" इतिवचनात्, तथा च**

१. अस्योत्तरार्धः- बीयपएणं तु दुगं मायामयविप्पमुक्काणं ॥ ( आ.नि. १४११ )
कालचतुष्कमुत्कृष्टकेन जघन्ये त्रिकं तु बोद्धव्यम् । द्वितीयपदेन तु द्विकं मायामदविप्रमुक्तानाम् ॥
२. अस्योत्तरार्धः- सामाइयाइयाइं सद्धम्मावस्सयाइं च ॥ ( ध्यानशतक-४२)
आलंबनानि वाचना-पृच्छना-परावर्तना-नुचिन्ता च । सामायिकादिकानि सद्धर्मावश्यकानि च ॥

**ध्यानालंबनोपकारकत्वमपि धर्मोपकरणस्योक्तम्। तथा सचित्तपृथिवीधूमिकावृष्ट्यवश्यायरजः-प्रदीपतेजःप्रभृतीनां रक्षापि तैः कृता भवति, तथा मृताच्छादनबहिर्नयनाद्यर्थं ग्लानप्राणोपकारार्थं च वस्त्रमभिमतम्। एवं च भगवदाराधनविशुद्ध्या ततोऽध्यात्मविशुद्धिः।**

**ટીકાર્થ :- 'यथा'** જેમ કાયા દૃઢ ધ્યાન માટે ઉપયોગી એવા આસનના અભ્યાસાદિથી પરમ મનઃસ્થૈર્યરૂપ શુદ્ધોપયોગને ઉપકાર કરે છે, તેમ ધર્મોપકરણ પણ શુદ્ધોપયોગને ઉપકાર કરે છે.

❀ **'दृढध्यानासनाभ्यासादिना'** અહીં **'आदि'**થી આસનના સેવનનું ગ્રહણ કરવું.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, ધ્યાન બે પ્રકારનું છે. (૧) દૃઢ ધ્યાન (૨) અદૃઢ ધ્યાન. દૃઢ ધ્યાનમાં પરમસ્થૈર્ય આવે છે અને અદૃઢ ધ્યાનમાં મનનું સ્થૈર્ય હોવા છતાં પ્રકૃષ્ટ સ્થૈર્ય આવતું નથી; અને આથી જ અદૃઢ ધ્યાનવાળો શુદ્ધ ઉપયોગમાં રહી શકતો નથી પરંતુ શુભોપયોગમાં રહી શકે છે, અને શુભોપયોગના સેવનથી જ્યારે દૃઢ ધ્યાન પ્રગટે છે, ત્યારે મનના પરમસ્થૈર્યરૂપ શુદ્ધ ઉપયોગ પ્રગટે છે.

**ઉત્થાન :-** ધર્મોપકરણ શુદ્ધોપયોગને ઉપકાર કરે છે, તે **'तथाहि'**થી બતાવે છે-

**ટીકાર્થ :- 'तथाहि'** - તે આ પ્રમાણે - સૌત્રિક અર્થાત્ સુતરનું બનેલું, ઔર્ણિક અર્થાત્ ઊનનું બનેલું, એવા કલ્પ વડે અર્થાત્ વસ્ત્ર વડે, શીતથી આર્ત્ત=પીડિત, સાધુના આર્ત્તધ્યાનનું અપહરણ થાય છે.
**'तथा च'** - અને તે પ્રકારે અર્થાત્ વસ્ત્ર દ્વારા આર્ત્તધ્યાનનું અપહરણ થાય છે તે પ્રકારે, સ્વપ્રતિબંધક વિલયથી અર્થાત્ શુદ્ધ ઉપયોગમાં પ્રતિબંધક એવા આર્ત્તધ્યાનના વિલયથી, માધ્યસ્થ્યભાવનાદિથી ઉપસ્કૃત ધર્મધ્યાનાદિરૂપ શુદ્ધ ઉપયોગ ઉત્પન્ન થાય છે.
**'तथा'** - અને જ્વલનજ્વાલનાદિના પરિહારથી અર્થાત્ અગ્નિને સળગાવવાના પરિહારથી, અગ્નિ-તૃણાદિગત પ્રાણીઓનું રક્ષણ પણ થાય છે. (**'तथा'** - સમુચ્ચય અર્થમાં છે.)
તેમાં હેતુ કહે છે-
**'तैरेव'** - તેનાથી જ અર્થાત્ વસ્ત્રોથી જ, શીતની નિવૃત્તિ થાય છે.
**'इत्युपधेः'** - એથી કરીને અર્થાત્ તૃણાદિથી સત્ત્વનું રક્ષણ થાય છે એથી કરીને, ઉપધિનું શુભ ધ્યાનનું ઉપકારીપણું છે, આ પ્રમાણે અન્વય છે.

**ઉત્થાન :-** ઉપધિનું શુભ ધ્યાનનું ઉપકારકપણું કઇ રીતે છે તે કહે છે-

**ટીકાર્થ :- 'ज्वलन'** - જ્વલનઆરંભાદિઅનુબંધી સ્વપ્રતિબંધક રૌદ્રધ્યાનના નિવારકપણાથી અર્થાત્ અગ્નિમાં આરંભાદિના અનુબંધવાળા જે હિંસાનુબંધી રૌદ્રધ્યાન કે જે શુભ ધ્યાનનો પ્રતિબંધક છે, તેના નિવારકપણાથી

ઉપધિનું શુભધ્યાનનું ઉપકારકપણું છે.

**'तथा च'** - અને તે પ્રકારે અર્થાત્ આર્ત્તધ્યાનના નિવારણથી શુદ્ધ ઉપયોગનું ઉપકારકપણું છે અને રૌદ્રધ્યાનના પરિહારથી શુભ ધ્યાનનું ઉપકારકપણું છે તે પ્રકારે, સ્વાધ્યાયનો નિર્વાહ થાય છે, એ પ્રમાણે અન્વય છે.

**ઉત્થાન :-** સ્વાધ્યાયનો નિર્વાહ કઇ રીતે થાય છે તે બતાવે છે-

**ટીકાર્થ :- 'कालचउक्कं'** - ઉત્કૃષ્ટથી કાલચતુષ્ક અને જઘન્યથી વળી ત્રણ જાણવા. એ વચનને અનુસરનારા સાધુ વડે સમસ્ત રાત્રિજાગરણ કરતાં એવા ચાર કાલગ્રહણ કરવા જોઇએ. એથી કરીને તુષારના કણના સમુદાયને વર્ષાવનાર શીતકાળમાં યતના વડે કલ્પપ્રાવરણથી જ અર્થાત્ વસ્ત્ર ઓઢવાથી જ, સ્વાધ્યાયનો નિર્વાહ થાય છે.

**'स्वाध्यायनिर्वाहः'** પછી **'इति'** છે, તે કથનની સમાપ્તિ સૂચક છે.

**'स्वाध्यायश्च'** - અને સ્વાધ્યાય ધર્મધ્યાનનું આલંબન છે. તેમાં હેતુ કહે છે- વાચના, પૃચ્છના, પરાવર્તના અને અનુપ્રેક્ષા આલંબનો છે, એ પ્રમાણે વચન છે.

**'तथा च'** - અને તે પ્રકારે અર્થાત્ ધર્મધ્યાનનું આલંબન સ્વાધ્યાય છે તે પ્રકારે, ધર્મોપકરણનું ધ્યાનના આલંબનનું ઉપકારકપણું પણ કહેવાયું છે.

**'तथा सचित्त'** - અને સચિત્ત પૃથ્વી, ધુમ્મસ, વૃષ્ટિ, હિમ, રજ, પ્રદીપ અને તેજ વગેરેની રક્ષા પણ તેઓ વડે અર્થાત્ વસ્ત્રાદિ વડે, કરાયેલી થાય છે.

**'तथा मृताः'** - અને મડદાને આચ્છાદન માટે, બહાર લઇ જવા માટે અને ગ્લાનના પ્રાણના ઉપકાર માટે વસ્ત્ર અભિમત છે.

**'एवं च'** - અને એ રીતે અર્થાત્ **'तथाहि'...**થી **...'वस्त्राभिमतम्।'** સુધી જે વસ્ત્રની ઉપકારકતા બતાવી એ રીતે, ભગવદ્ આરાધનાની વિશુદ્ધિ થવાને કારણે તેનાથી=વસ્ત્રથી, અધ્યાત્મની વિશુદ્ધિ થાય છે.

**<u>વસ્ત્રની ઉપકારકતા</u> :-**

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે,

(૧) વસ્ત્ર, આર્ત્તધ્યાનના પરિહારદ્વારા શુદ્ધ ઉપયોગને ઉપકારક છે એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, કોઇ વ્યક્તિ સ્વવીર્યના ઉત્કર્ષથી પરમઉપેક્ષામાં યત્ન કરતો હોય અને તેનાથી શુદ્ધ ઉપયોગ પ્રગટ થઇ શકે તેમ હોય, તો પણ અતિ ઠંડીને કારણે તેનો ઉપયોગ સ્ખલના પામે છે, અને વારંવાર ઠંડીના પરિહારના વિચારો આવે છે, તે રૂપ આર્ત્તધ્યાન વસ્ત્રથી દૂર થાય છે અને તે વ્યક્તિ શુદ્ધ ઉપયોગમાં પ્રયત્ન કરી શકે છે.

(૨) વળી કહ્યું કે વસ્ત્રથી રૌદ્રધ્યાનના પરિહાર દ્વારા શુભધ્યાનનું ઉપકારકપણું છે. તેનો ભાવ એ છે કે, સાધુને ષટ્કાયના પાલનનું શુભધ્યાન વર્તતું હોય છે, પરંતુ અતિ ઠંડીને કારણે વસ્ત્ર ન હોય તો કોઇ તાપણું આદિ કરે તેવી ઇચ્છા થાય, કે કોઇ કરતું હોય ત્યાં બેસીને શીતપરિહારનો પરિણામ થાય, તેથી તે તાપણું ચાલુ રહે તેવો પરિણામ અંદરમાં ઉત્પન્ન થાય, જે રૌદ્રધ્યાન કે તેની પૂર્વભૂમિકારૂપ છે; અને વસ્ત્ર મળવાથી તે જાતનો પ્રયત્ન

થતો નથી, તેથી રૌદ્રધ્યાનનો પરિહાર થાય છે; માટે છ કાયના રક્ષણરૂપ શુભધ્યાનનું વસ્ત્ર ઉપકારી છે.
(૩) વળી સાધુને ધર્મધ્યાનમાં જવા માટે સ્વાધ્યાય આલંબનરૂપ છે અને સ્વાધ્યાયનો નિર્વાહ વસ્ત્રથી થઇ શકે છે. તેથી ધ્યાનના આલંબનભૂત સ્વાધ્યાયમાં વસ્ત્રની ઉપકારકતા છે.

**ઉત્થાન :-** વસ્ત્રનો ઉપયોગ બતાવે છે-

**ટીકા :- तथा संपातिमरजोरेणुप्रमार्जनाद्यर्थं मुखवस्त्रं, आदाननिक्षेपादिक्रियायां पूर्वं प्रमार्जनार्थं लिङ्गार्थं च रजोहरणं, लिङ्गोदयादिवर्जनार्थं च चोलपट्ट उपयुज्यत इति ।**

**ટીકાર્થ :- 'तथा'** - અને સંપાતિમ રજરેણુના પ્રમાર્જનાદિ માટે મુખવસ્ત્ર (મુહપત્તિ) છે, અને આદાનનિક્ષેપાદિ અર્થાત્ લેવા-મૂકવાની ક્રિયાની પૂર્વે પ્રમાર્જના માટે અને લિંગને માટે રજોહરણ છે અને કામોદયાદિના વર્જન માટે ચોલપટ્ટનો ઉપયોગ કરાય છે. '**उपयुज्यत**' પછી '**इति**' છે, તે વસ્ત્રની ઉપયોગિતાના કથનની સમાપ્તિ સૂચક છે.

**तदुक्तं विशेषावश्यके**- તે વિશેષાવશ્યકભાષ્યમાં કહેવાયેલું છે -

(१) किं संजमोवयारं करेइ वत्थाइ जइ मई सुणसु ।
सीयत्ताणं ताणं जलणतणगयाण सत्ताणं ॥ [२५७५]

(२) तह निसि चाउक्काल सज्झायज्झाणसाहणमिसीणं ।
महिमहियावासोसोरयाइरक्खाणिमित्तं च ॥ [२५७६]

(३) सवसंवरुज्झणत्थं गिलाणपाणोवगारि चाभिमयं ।
मुहपत्तियाइं चेवं परूवणिज्जं जहाजोग्गं ॥ [२५७७]

(૧) વસ્ત્રાદિ સંયમને શું ઉપકાર કરે છે એ પ્રમાણે જો તને મતિ છે, તો સાંભળ- શીતથી ત્રાણ, અગ્નિ અને તૃણગત જીવોનું રક્ષણ,
(૨) તથા ઋષિઓને રાત્રિના ચાર કાળ સ્વાધ્યાય-ધ્યાનમાં સાધન અને પૃથ્વી, ધુમ્મસ, વૃષ્ટિ, ઓસાદિથી રક્ષાનું નિમિત્ત,
(૩) અને શબને ઢાંકવા અને બહાર લઇ જવા માટે, ગ્લાનના પ્રાણને ઉપકાર કરવા માટે વસ્ત્ર અભિમત છે; અને એ રીતે યથાયોગ્ય=શાસ્ત્રાનુસારે મુખવસ્ત્રિકાદિ સંયમના ઉપકારીપણાવડે કરીને કહેવા યોગ્ય છે.

**'तथा कल्पभाष्यादिष्वप्युक्तम्'**- અને કલ્પભાષ્યમાં પણ કહેવાયલું છે-

(१) किं संयमोपकारं करोति वस्त्रादि यदि मतिः श्रुणु । शीतत्राणं त्राणं ज्वलन-तृणगतानां सत्त्वानाम् ॥
(२) तथा निशि चतुष्कालं स्वाध्यायध्यानसाधनमृषीणाम् । मही-महिका-वर्षो-स-रज-आदि रक्षानिमित्तं च ॥
(३) शबसंवरोज्झानार्थं ग्लानप्राणोपकारी चाभिमतम् । मुखवस्त्रिकादि चैवं प्ररूपणीयं यथायोग्यम् ॥

સાધુના વસ્ત્રનું પ્રમાણ બતાવે છે-

(૪) कप्पा आयपमाणा अड्ढाइज्जा य वित्थडा हत्था ।
दो चेव सोत्तिआ उन्निओ अ तइओ मुणेयव्वो ॥ [ **कल्पभाष्य-४-३९६९** ]

કલ્પ અર્થાત્ વસ્ત્રો આત્મપ્રમાણ(લાંબા) અને અઢી હાથના વિસ્તારવાળા અને બે સૂતરના અને ત્રીજો ઊનનો જાણવો.

(૫) तणगहणाणलसेवाणिवारणा धम्मसुक्कझाणट्ठा ।
दिट्ठं कप्पग्गहणं गिलाणमर(नय)णट्ठया चेव ॥ [ **ओघ. नि. ७०७** ]

તૃણગ્રહણ, અનલસેવા(અગ્નિના સેવન)ના નિવારણથી ધર્મધ્યાન અને શુક્લધ્યાન માટે કલ્પનું ગ્રહણ જોવાયલું છે, અને ગ્લાનના પ્રાણરક્ષણ માટે અને મરણના માટે=મરણ થયા પછી ઢાંકવા માટે, ગ્રહણ કરાય છે.

(૬) संपाइमरयरेणुपमज्जणट्ठा वयंति मुहपोत्तिं ।
नासं मुहं च बंधइ तीए वसहिं पमज्जन्तो ॥ [ **ओघ. नि. ७१३** ]

સંપાતિમ જીવો તથા રજરેણુની પ્રમાર્જના માટે મુહપત્તિ (રાખવાની) કહેવાય છે. તેના વડે અર્થાત્ મુહપત્તિ વડે વસતિ પ્રમાર્જના કરતાં નાસિકા અને મુખ બંધાય છે.

(૭) आयाणे णिक्खेवे ठाणणिसीए तुअट्टसंकोए ।
पुव्वं पमज्जणट्ठा लिङ्गट्ठा चेव रयहरणं ॥ [ **ओघ. नि. ७११** ]

આદાનમાં અને નિક્ષેપમાં અર્થાત્ લેવામાં અને મૂકવામાં, સ્થાનમાં અને નિષીદનમાં અર્થાત્ ઊઠવામાં અને બેસવામાં, ત્વગ્વર્તન અર્થાત્ પડખું ફેરવવામાં અને સંકોચનમાં, પૂર્વે પ્રમાર્જના માટે અને લિંગના માટે રજોહરણ (છે.)

(૮) वेउव्ववायडे वा इत्थिह्रीखद्धपजणणे चेव ।
तेसिं अणुग्गहट्ठा लिंगुदयट्ठा य पट्टो उ ॥ [ **ओघ. नि. ७२३** ]

વિક્રિયાથી વાતુલમાં અથવા સ્ત્રીની લજ્જાથી જેનું પ્રજનન સ્તબ્ધ થઇ જતું હોય તેમના અનુગ્રહ માટે અને કામના ઉદય માટે અર્થાત્ લિંગના ઉદયને નિવારવા માટે ચોલપટ્ટ છે.

---

(૪) कल्पा आत्मप्रमाणा सार्धद्वयाश्च विस्तृता हस्ताः । द्वावेव सौत्रिकावौर्णिकस्तृतीयो ज्ञातव्यः ॥

(૫) तृणग्रहणानलसेवानिवारणात् धर्मशुक्लध्यानार्थम् । दृष्टं कल्पग्रहणं ग्लानमरणार्थाय चैव ॥

(૬) संपातिमरजोरेणुप्रमार्जनार्थं वदन्ति मुखपोत्तिकाम् । नासिकां मुखं च बध्नाति तया वसतिं प्रमार्जयन् ॥

(૭) आदाने निक्षेपे स्थाननिषीदने त्वग्वर्त्तनसंकोचे । पूर्वं प्रमार्जनार्थं लिङ्गार्थं चैव रजोहरणम् ॥

(૮) वैक्रियवातुले वा स्त्रीह्रीस्तब्धप्रजनने चैव । तेषामनुग्रहार्थं लिंगोदयार्थं च पट्टस्तु ॥

**ટીકા :-** **एवं च पात्रेऽपि गुणा द्रष्टव्यास्तथाहि-अनाभोगेन गृहीतानां संसक्तगोरसादीनां पात्रेणैव विधिना पारिष्ठापनेन रक्षा कृता भवति, अन्यथा तु हस्त एव गृहीतास्ते क्व ( ? किं ) क्रियेरन्? तथा पात्रं विना करपुटगृहीतसरसद्रववस्तुबिन्दुभिरधःपातिभिः कुन्थुकीटिकादिजन्तुसंघातेन च कथं चारित्रशुद्धिः? कथं वा ग्लानदुर्बलाद्यर्थं पथ्याद्यानयनादिनोपष्टम्भः, कथं वाऽन्यस्य भक्तपानादिप्रदानानुपपत्त्या दानधर्मानुग्रहः, कथं वाऽलब्धिमतामशक्तानां प्राघूर्णकानां च लब्धिशालिभिः शक्तैर्वास्तव्यैश्चोपकारानुपपत्त्या समत्वमिति।**

तदुक्तं- [ वि.आ.भा.-२५७८-७९ ]

[१] संसत्तसत्तुगोरसपाणयपाणीयपाणरक्खत्थं । परिगलण-पाणघायण-पच्छाकम्माइयाणं च ॥

परिहारत्थं पत्तं गिलाणबालादुवग्गहत्थं च । दाणमयधम्मसाहणसमया चेवं परोप्परउ त्ति ॥

**ટીકાર્થ :-** '**एवं**' અને એ પ્રમાણે પાત્રમાં પણ ગુણો જાણવા, (તે) '**तथाहि**'થી બતાવે છે- અનાભોગથી ગૃહીત સંસક્ત ગોરસાદિઓની પાત્રથી જ વિધિ વડે પારિષ્ઠાપન દ્વારા રક્ષા થાય છે, અન્યથા=પાત્ર વગર હાથમાં જ ગ્રહણ કરાયેલાં તે અર્થાત્ ગોરસાદિ (પારિષ્ઠાપન) ક્યાં કરાય? અને પાત્ર વિના હાથના પુટમાં ગૃહીત સ્નિગ્ધાદિ રસવાળી દ્રવ અર્થાત્ ઢીલી વસ્તુનાં નીચે પડતાં એવાં બિંદુ વડે કુંથવા, કીડી આદિ જંતુની વિરાધનાથી કેવી રીતે ચારિત્રની શુદ્ધિ થાય? અથવા કેવી રીતે ગ્લાન-દુર્બલાદિને પથ્યાદિ લાવવા દ્વારા ઉપષ્ટંભ થાય? અથવા કેવી રીતે અન્યને ભક્ત-પાનાદિ (આહાર-પાણી આદિ) આપવાની અનુપપત્તિથી દાનધર્મનો અનુગ્રહ થાય? અથવા લબ્ધિશાળીઓથી અલબ્ધિવાળાઓની, શક્તિશાળીઓથી અશક્તોની અને વાસ્તવ્યથી પ્રાઘૂર્ણકની ઉપકારની અનુપપત્તિ હોવાને કારણે કેવી રીતે સમત્વ થાય?

'**तदुक्तं**'થી વિશેષાવશ્યકભાષ્યની સાક્ષી આપતાં કહે છે, તેનો અર્થ આ પ્રમાણે-

'**संसक्त**' - સંસક્ત સક્તુ, સંસક્ત ગોરસ, સંસક્ત દ્રાક્ષાદિ પાનકના જલગત(સત્ત્વના) પ્રાણના રક્ષણ માટે, (હાથમાંથી) પરિગલનથી=પડવાથી, પ્રાણઘાત અને પશ્ચાત્કર્માદિના પરિહાર માટે, ગ્લાન અને બાલાદિના ઉપગ્રહ માટે દાનધર્મના સાધનરૂપ પાત્ર રાખવું જોઇએ. એ પ્રમાણે પરસ્પર (સર્વને) સમતા થાય.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પોતાની લબ્ધિનો ઉપયોગ કેવલ પોતાના સંયમ માટે ઉપકારી આહારાદિમાં જ કરે, પરંતુ અન્યના સંયમની વૃદ્ધિમાં ન કરે, તો પક્ષપાતની વૃત્તિ હોવાથી સમભાવનો નાશ થાય છે. તે રીતે કાર્ય કરવામાં સમર્થ હોય તેવા સાધુ શરીરથી અશક્ત એવા સાધુને ભક્તપાનાદિ લાવવા દ્વારા ઉપષ્ટંભ ન કરે, કેવલ પોતાની શક્તિનો પોતાના માટે જ ઉપયોગ કરે, તો સ્વાર્થવૃત્તિ રહેવાને કારણે સંયમમાં અપેક્ષિત સમતાનો નાશ થાય છે; અને વાસ્તવ્ય અર્થાત્ પોતે જ્યાં માસકલ્પ આદિ માટે રહેલા હોય અને તેથી ત્યાં રહેલા ગૃહસ્થોનાં ઘરોમાં પોતાને સારો પરિચય છે, તેથી ક્યાંથી કઇ ભિક્ષા સુલભથી મળી શકે છે તેનું પોતાને જ્ઞાન છે, તેવા સાધુઓ, પ્રાઘૂર્ણક આદિની તે પ્રકારની ભક્તિ ન કરે, તો અનેક શ્રમથી તેઓને જે ભિક્ષા મળે તે ભિક્ષા પોતે અલ્પશ્રમથી મેળવી શકે તેમ હોવા છતાં, પોતે ઉપકાર ન કરે, તેથી સમત્વનો નાશ થાય છે.

---

१. संसक्तसक्तुगोरसपानकपानीयप्राणरक्षार्थम् । परिगलनप्राणघातनपश्चात्कर्मादिकानां च ॥
परिहारार्थं पात्रं ग्लानबालाद्युपग्रहार्थं च । दानमयधर्मसाधनसमता चैवं परस्परतः ॥

અહીં સમત્વ શબ્દથી સંયમને અનુકૂળ એવી સમતાની પરિણતિ જ ગ્રહણ કરવાની છે. ઉપરની ભૂમિકાની સમતા અસંગઅનુષ્ઠાનવાળાને હોય છે, પરંતુ વચનાનુષ્ઠાનવાળાને ઉચિતપ્રવૃત્તિઓથી જ તે સમતા જીવે છે, અને લબ્ધિવાળા આદિ તે પ્રકારની ઉચિતપ્રવૃત્તિ ન કરે, તો વચનાનુષ્ઠાનમાં અપેક્ષિત એવી સમતાનો નાશ થાય છે, અને તે સમતાનું પાલન પાત્રથી થઇ શકે છે, અહીં વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું કે, પરસ્પર સમતા અર્થાત્ સ્વાસ્થ્ય તુલ્યતા થાય છે. તેથી એ પ્રાપ્ત થાય કે, પરસ્પરની સાધુઓની ઉચિતપ્રવૃત્તિથી ચિત્તના સ્વાસ્થ્યની તુલ્યતા થાય છે, જે વચનાનુષ્ઠાનને ઉચિત એવા સમતાના પરિણામરૂપ જ છે. કેમ કે ભગવાને સાધુઓને પરસ્પર ઉચિતપ્રવૃત્તિ કરવાની આજ્ઞા કરી છે અને તે પ્રમાણે કરવાથી પરસ્પરના સ્વાસ્થ્યની તુલ્યતા થાય છે.

**ટીકા :- एवं मात्रकादिगुणा अपि ज्ञेयाः।**

**ટીકાર્થ :-** એ પ્રમાણે=પાત્રના ગુણો કહ્યા એ પ્રમાણે, માત્રકાદિના ગુણો પણ જાણવા.

**ટીકા :- तथा च धर्मोपष्टम्भकतया शरीरमिव वस्त्रादिकमङ्गीकार्यमेव, बाह्यसाधनतामात्रेणापवादिकत्वस्याऽबाधकत्वात्, तत्सङ्गेऽपि शरीरसङ्ग इव स्वसामग्रीसान्निध्ये सति परमोपेक्षाया अप्रतिरोधाच्च ॥१३॥**

**ટીકાર્થ :- 'तथा च'** અને તે રીતે=પૂર્વમાં વસ્ત્રના અને પાત્રના ગુણો બતાવ્યા તે રીતે, ધર્મોપષ્ટંભકપણું હોવાથી શરીરની જેમ વસ્ત્રાદિક અંગીકાર કરવાં જ જોઇએ. તેમાં હેતુ છે-

(૧) બાહ્ય સાધનતામાત્રથી અપવાદિકપણાનું ધર્મનિષ્પત્તિમાં અબાધકપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, આત્માનો અંતરંગ પ્રયત્ન એ નિશ્ચયથી ઉત્સર્ગ છે અને આત્માની ધર્મનિષ્પત્તિમાં શરીર અને વસ્ત્રાદિ એ બાહ્ય સાધનમાત્ર છે અને તેથી તે રૂપે તે બન્ને અપવાદિક છે; અર્થાત્ અપવાદથી જીવે ધર્મ નિષ્પત્તિ માટે ગ્રહણ કરવાં જોઇએ; પરંતુ તે અપવાદિક હોવાથી ધર્મનિષ્પત્તિમાં બાધક બનતાં નથી પણ ઉપષ્ટંભક બને છે, તેથી ગ્રહણ કરવાં જોઇએ.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, ધર્મના ઉપષ્ટંભક હોવા છતાં, વસ્ત્રાદિ ગ્રહણ કરવામાં વસ્ત્રાદિવિષયક પ્રવૃત્તિમાં ચિત્ત વ્યગ્ર રહેવાના કારણે, પરમઉપેક્ષાની નિષ્પત્તિ થઇ શકે નહિ. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'तत्सङ्गेऽपि'** - તેના સંગમાં પણ શરીરના સંગની જેમ સ્વસામગ્રીનું સાન્નિધ્ય હોતે છતે પરમઉપેક્ષાનો અપ્રતિરોધ છે.

**ભાવાર્થ :-** અહીં **"स्वसामग्रीसान्निध्ये सति"** = પરમઉપેક્ષાની કારણીભૂત એવી અંતરંગ સામગ્રીનું સાન્નિધ્ય હોતે છતે, અર્થાત્ આત્માના શુદ્ધભાવોમાં ઐકાગ્ર્યસંચેતનારૂપ ધ્યાન છે તે રૂપ પરમઉપેક્ષાની સામગ્રીનું સાન્નિધ્ય હોતે છતે, વસ્ત્રસંગમાં પણ શરીરના સંગની જેમ પરમઉપેક્ષાનો અપ્રતિરોધ છે.**॥૧૩॥**

**અવતરણિતકા :- अत्र कश्चिदुपहासशीलो मोहोदयविवशीभावावसन्नपूर्वापरविचारचातुरीकः शङ्कते-**

**અવતરણિકાર્થ :-** અહીં ઉપહાસ કરવાના સ્વભાવવાળો, મોહના ઉદયથી વિવશ ભાવને કારણે અને (તેથી) અવસન્ન અર્થાત્ ક્ષીણ થઇ ગઇ છે પૂર્વાપરના વિચારની ચતુરાઇ જેની એવો, કોઇ શંકા કરે છે-

ગાથા :- **जइ उवहिभारगहणं इट्ठं दुज्झाणवज्जणणिमित्तं ।**
**तो सेयं थीगहणं मेहुणसण्णाणिरोहट्ठा ॥१४॥**

( यद्युपधिभारग्रहणं इष्टं दुर्ध्यानवर्जननिमित्तम् । तत् श्रेयः स्त्रीग्रहणं मैथुनसंज्ञानिरोधार्थम् ॥१४॥ )

**ગાથાર્થ :- જો દુર્ધ્યાનના વર્જન નિમિત્તે ઉપધિના ભારનું ગ્રહણ ઈષ્ટ છે, તો મૈથુનસંજ્ઞાના નિરોધ માટે સ્ત્રીનું ગ્રહણ શ્રેયસ્કર છે.**

**ટીકા :- आध्यात्मिका हि कुमारपालादयो रहसि गोष्ठ्यामासीनाः स्वैरमित्थमुपहसन्ति यत्दुर्ध्यानवर्जनार्थमुपधिकलापं श्रेयःकाम्यया ये प्रतिगृह्णन्ति तेषां पुरुषवेदनीयोदयप्रभवतीव्रवेदनोपनीतमार्त्तध्यानमपनिनीषतामनेककामिनीकामनाविडम्बनानिग्रहाय लावण्यगुणविजितोर्वशीवशीकृतविश्वा च स्वीकरणीयैव मनोहारिणी हरिणलोचनाऽपि।**

**ટીકાર્થ :- 'आध्यात्मिका'** આધ્યાત્મિકો કુમારપાલાદિ એકાંતમાં ગોષ્ઠિ કરતાં સ્વૈરપણે અર્થાત્ ઇચ્છા મુજબ આ પ્રમાણે ઉપહાસ કરે છે.

**'यत्'** - જે આ પ્રમાણે - દુર્ધ્યાનના વર્જન માટે શ્રેયની કામનાથી ઉપધિના કલાપને=સમુદાયને, જેઓ ગ્રહણ કરે છે, (એવા) પુરુષવેદનીયના ઉદયના પ્રભવની તીવ્ર વેદનાથી ઉપનીત=પ્રાપ્ત, આર્ત્તધ્યાનને દૂર કરવાની ઇચ્છાવાળા તેઓએ, અનેક કામિનીઓની કામનાની વિડંબનાના નિગ્રહ માટે, લાવણ્યગુણથી વિજિત છે ઉર્વશી જેના વડે, વશીકૃત કરેલ છે વિશ્વ જેના વડે, એવી મનોહારિણી હરિણલોચના પણ સ્વીકારવી જોઇએ.

**ટીકા :- अथ-** "स्त्रीसम्भोगेन यः कामज्वरं प्रतिचिकीर्षति ।
स हुताशं घृताहुत्या विध्यापयितुमिच्छति ॥"

**इति वचनान्न दुर्ध्यानापहारिणी हरिणाक्षी, प्रत्युत तन्निबन्धनमेव। तर्हि वस्त्रादिकमपि मूर्च्छाहेतुत्वात् दुर्ध्याननिबन्धनमेवेति तुल्यम्॥१४॥**

**ટીકાર્થ :- 'अथ'**થી દિગંબર સિદ્ધાંતપક્ષને કહે છે - (જો તમે આ પ્રમાણે કહો કે-) "સ્ત્રીના સંભોગ દ્વારા જે

કામજ્વરની પ્રતિચિકીર્ષા કરે છે=શાંત કરવા ઇચ્છે છે, તે અગ્નિને ઘીની આહુતિથી ઓલવવા ઇચ્છે છે" આ પ્રમાણે વચન હોવાથી હરિણાક્ષી દુર્ધ્યાન અપહારિણી નથી, પ્રત્યુત તેનું=દુર્ધ્યાનનું, કારણ જ છે, તો વસ્ત્રાદિક પણ મૂર્ચ્છાનો હેતુ હોવાથી દુર્ધ્યાનનું કારણ જ (છે), એ પ્રમાણે તુલ્ય છે.**॥૧૪॥**

**અવતરણિકા :- तदेवमुपहसतामज्ञानितामाविष्कुर्वन्नाह-**

**અવતરણિકાર્થ :-** તે આ રીતે અર્થાત્ ગાથા-નં ૧૪ માં કહ્યું એ રીતે, ઉપહાસ કરનારની અજ્ઞાનિતાને(અજ્ઞાનપણાને) પ્રગટ કરતાં ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **एयं विदूसगाणं वयणं मयणंधवयणमिव मोहा ।**
**अण्णह समोवहासो देहाहाराइगहणेवि ॥१५॥**

( एतद्विदूषकाणां वचनं मदनान्धवचनमिव मोहात् । अन्यथा समोपहासो देहाहारादिग्रहणेऽपि ॥१५॥ )

**ગાથાર્થ :- વિદૂષકોનું આ વચન, કામાંધના વચનની જેમ મોહથી = અજ્ઞાનથી, (બોલાયેલું) છે, અન્યથા દેહ અને આહારાદિગ્રહણમાં પણ ઉપહાસ સમાન છે.**

**ટીકા :- इदं हि वचनं विदूषकाणां हास्यमोहनीयोदयसमुज्जीवितात् सिद्धान्तविराधनाध्यवसाय-प्रसूतादज्ञानादेवोपजायते वेदमोहोदयमदिरोन्मादविधुरीकृतशक्तेरिव रजःपर्वादिसमयोचितं निर्विवेकतया यथातथा प्रलपितं,**

**ટીકાર્થ :-** '**इदं**' જેમ વેદમોહોદયરૂપ મદિરાના ઉન્માદથી વિધુરીકૃત શક્તિવાળી વ્યક્તિનું, નિર્વિવેકપણા વડે કરીને રજઃપર્વાદિ સમયને ઉચિત યથા તથા પ્રલપિત વચન છે, તેમ વિદૂષક એવા કુમારપાલાદિનું આ વચન, હાસ્યમોહનીયના ઉદયથી સમુજ્જીવિત અને સિદ્ધાંતવિરાધનાના અધ્યવસાયથી પ્રસૂત એવા અજ્ઞાનથી જ પેદા થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જે લોકોને કામનો અતિશય આવેગ છે તે લોકો કામરૂપી મદિરાથી વિધુરિત શક્તિવાળા છે, અને તેઓ નિર્વિવેકપણા વડે કરીને જ્યાં ત્યાં સ્ત્રીઆદિના વિષયમાં પ્રલાપ કરે છે. વાસ્તવિક તે પ્રલાપ વિવેકી એવા સંસારી પુરુષો માટે પણ રજઃપર્વાદિ સમયને ઉચિત છે, પણ સર્વત્ર નહીં; પરંતુ કામના ઉદયવાળા જેમ તે વચનોચ્ચાર સર્વત્ર કરે છે, તેમ સિદ્ધાંતની વિરાધનાના અધ્યવસાયથી અજ્ઞાનના કારણે, કુમારપાલાદિ, જ્યાં સંયમની ચર્ચા ચાલી રહી છે ત્યાં સ્ત્રીગ્રહણનો અવકાશ નથી તે સ્થાનમાં, ચારિત્રીએ સ્ત્રી ગ્રહણ કરવી જોઇએ, એ પ્રમાણે જેમ તેમ અસંબંધ પ્રલાપ કરે છે.

અહીં દૃષ્ટાંતમાં રજઃપર્વાદિ સમયને ઉચિત એમ કહેલ છે, તેનો ભાવ એ છે કે, સ્ત્રીઓને માસિકકાળ પછી પુત્રપ્રાપ્તિનો કાળ છે, તે વખતે પુત્રપ્રાપ્તિનો અર્થી કામની વાત કરે તે સામાન્ય રીતે લોકમાં ઉચિત ગણાય છે;

પરંતુ જે તે સમયે કામની વાતો કરનારાની પ્રવૃત્તિ જેમ અનુચિત છે, તેમ આધ્યાત્મિકમતવાળા કુમારપાળ આદિનું વચન પણ નિર્વિવેકપણાથી જે તે સ્થાને હાસ્યમોહનીયના ઉદયથી ઉત્પન્ન થયેલ એવા સિદ્ધાંતની વિરાધનાના અધ્યવસાયથી બોલાયેલું છે.

**ટીકા :- न खलु महामोहशैलूषपारवश्यं विना सम्भवत्यमूदृग् नर्त्तनप्रकारः। कथमियमविचारितोक्तिरिति चेत्? इत्थं, क्षुद्वेदनादिप्रतिकारार्थमाहारादौ महर्षीणां प्रवृत्तिं स्वीकुर्वतः स्वस्यापि स्वोपहास-भाजनत्वसङ्गात्। अथाहारादिप्रवृत्तिः क्षुद्वेदनामेव प्रतिकुरुते न तु किञ्चिदपकुरुत इति चेत्? तुल्यं धर्मोपकरणेऽपि ॥१५॥**

**ટીકાર્થ :- 'न खलु'** મહામોહરૂપ નટના પરવશપણા વિના આવા પ્રકારનો નર્તન પ્રકાર ખરેખર સંભવતો નથી. આ અવિચારિત ઉક્તિ કેવી રીતે છે એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે - આ પ્રમાણે,

**'क्षुद्'** - કેમ કે ક્ષુધાવેદનીયના પ્રતિકાર માટે આહારાદિમાં મહર્ષિઓની પ્રવૃત્તિને સ્વીકારતાં સ્વને પણ=દિગંબરને પણ, સ્વઉપહાસના ભાજનનો પ્રસંગ છે.

**'अथ'** - અહીં પૂર્વપક્ષી કહે કે, આહારાદિ પ્રવૃત્તિ ક્ષુધાવેદનાનો પ્રતિકાર કરે છે, પણ કાંઇ અપકાર કરતી નથી. તેને ગ્રંથકાર કહે છે કે, ધર્મોપકરણમાં પણ (આ યુક્તિ) તુલ્ય છે.**॥૧૫॥**

**અવતરણિકા :- अथैतेषामान्ध्यविध्वंसाय यथा न परापेक्षे रागद्वेषयोः प्राशस्त्याऽप्राशस्त्ये तथाह-**

**અવતરણિકાર્થ :-** હવે આમના=દિગંબરોના, આંધ્યના વિધ્વંસ માટે જે પ્રકારે પરની અપેક્ષાએ=પર એટલે રાગદ્વેષના વિષયભૂત પદાર્થના સ્વરૂપની અપેક્ષાએ, રાગદ્વેષનું પ્રાશસ્ત્ય-અપ્રાશસ્ત્ય નથી, તે પ્રકારે કહે છે-

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે કાયવિરાધનારૂપ પ્રતિષિદ્ધનું કારણે પણ કરેલું સેવન અપવાદરૂપ નથી, પરંતુ પ્રગટ અનાચાર છે; એમ જે પૂર્વપક્ષે ગાથા-૧૨માં કહેલ, તેનું તાત્પર્ય એ છે કે, કાયવિરાધનારૂપ પ્રતિષિદ્ધનું સેવન હંમેશાં પરઉપઘાતરૂપ છે અને તે દ્વેષથી થાય છે, અને દિગંબરની માન્યતા પ્રમાણે દ્વેષ કેવલ અપ્રશસ્તરૂપ જ છે; આ પ્રકારના તેમના અંધપણાના વિધ્વંસ=નાશ માટે, રાગ-દ્વેષનું પ્રશસ્ત-અપ્રશસ્તપણું પરની અપેક્ષાએ જે પ્રકારે નથી, તે પ્રકારે સિદ્ધાંતકાર ગાથામાં કહે છે-

**ગાથા :-** **रागस्स व दोसस्स व उद्दिस्स सुहासुहे सुहासुहया ।**
**जइ पुण विसयापेक्खा कह होज्जा तो विभागो सिं ॥१६॥**

(रागस्य वा द्वेषस्य वा उद्दिश्य शुभाशुभे शुभाशुभता। यदि पुनर्विषयापेक्षा कथं भवेत्तद्विभागस्तयोः ॥१६॥)

**ગાથાર્થ :- શુભ અને અશુભને ઉદ્દેશીને રાગ અને દ્વેષની શુભાશુભતા છે. વળી જો વિષયની અપેક્ષાએ (શુભાશુભતા હોય તો) કેવી રીતે તેનો=પ્રશસ્ત-અપ્રશસ્તનો, વિભાગ થાય?=ન થાય.**

❀ અહીં પ્રસ્તુત ગાથા-૧૬ના પૂર્વાર્દ્ધમાં સ્વસિદ્ધાંતને માન્ય રાગ-દ્વેષની શુભાશુભતા બતાવી અને ઉત્તરાર્દ્ધમાં દિગંબરને માન્ય શુભાશુભતા સંગત નથી, તે બતાવવા તર્ક કરેલ છે.

**ટીકા :- रागद्वेषयोर्हि स्वरूपतोऽप्रशस्तत्वमेव, पापप्रकृतित्वात्, अर्हद्भक्त्यादिशुभोद्देशेन च रागः प्रशस्यते, कलत्रसेवाद्यशुभोद्देशेन च न तथा। द्वेषस्तु विपर्ययतः प्रशस्तोद्देशेनाऽप्रशस्तोऽप्रशस्तोद्देशेन च प्रशस्त इति। तदुक्तमावश्यकवृत्तौ** "स च प्रशस्तेतरभेदः, प्रशस्तोऽज्ञानादिगोचरः, तथाहि- अज्ञानमविरतिं मिथ्यात्वं च द्वेष्टि। अप्रशस्तस्तु सम्यक्त्वादिगोचर इति" **एवं प्रवृत्तिरपि तादृशरागद्वेषोद्देश्यमेवोद्देश्यी( शी )कृत्य प्रादुर्भवन्ती प्रशस्ताऽप्रशस्ता च धर्माधर्मजननी।**

**ટીકાર્થ :- 'रागद्वेषयोः'** રાગ અને દ્વેષનું સ્વરૂપથી અપ્રશસ્તપણું જ છે, કેમ કે પાપપ્રકૃતિ છે, અને અર્હદ્ભક્ત્યાદિ શુભ ઉદ્દેશથી રાગ પ્રશસ્ત છે અને કલત્રસેવાદિ અશુભ ઉદ્દેશથી તેવું નથી=પ્રશસ્ત નથી. વળી દ્વેષ, વિપર્યયથી (પ્રશસ્ત-અપ્રશસ્ત છે)=પ્રશસ્ત ઉદ્દેશથી થતો દ્વેષ અપ્રશસ્ત છે અને અપ્રશસ્ત ઉદ્દેશથી થતો દ્વેષ પ્રશસ્ત છે.

**'इति'** શબ્દ રાગ-દ્વેષના પ્રશસ્ત-અપ્રશસ્તના કથનની સમાપ્તિ સૂચક છે.

**'तदुक्तं'** - તે આવશ્યકવૃત્તિમાં કહેલું છે- તે અર્થાત્ દ્વેષ, પ્રશસ્ત અને ઈતર ભેદવાળો=અપ્રશસ્ત છે. અજ્ઞાનાદિ ગોચર પ્રશસ્ત છે, તે આ પ્રમાણે - અજ્ઞાન, અવિરતિ અને મિથ્યાત્વનો દ્વેષ કરે છે. વળી સમ્યક્ત્વાદિ ગોચર અપ્રશસ્ત છે.

**'इति'** આવશ્યકવૃત્તિના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'एवं प्रवृत्तिरपि'** - અને એ રીતે પ્રવૃત્તિ પણ તેવા પ્રકારના રાગ-દ્વેષના ઉદ્દેશ્યને જ ઉદ્દેશીને પ્રાદુર્ભાવ પામતી પ્રશસ્ત અને અપ્રશસ્ત છે અને (પ્રશસ્ત) ધર્મજનની અને (અપ્રશસ્ત) અધર્મજનની છે.

**શ્વેતાંબરની માન્યતા પ્રમાણે પ્રશસ્ત ઉદ્દેશથી રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત ઉદ્દેશથી રાગ અપ્રશસ્ત, અને પ્રશસ્ત ઉદ્દેશથી દ્વેષ અપ્રશસ્ત અને અપ્રશસ્ત ઉદ્દેશથી દ્વેષ પ્રશસ્ત છે, તેનું તાત્પર્ય :-**

(૧) પ્રશસ્ત એવા અરિહંતભક્તિ આદિના શુભ આશયથી થતી ભગવાનની ભક્તિની ઈચ્છા તે પ્રશસ્ત રાગ છે.

(૨) સ્ત્રી ભોગવવા આદિના આશયથી થતી સ્ત્રીના ગ્રહણની ઈચ્છા તે અપ્રશસ્ત રાગ છે.

(૩) પ્રશસ્ત એવા આત્માના ગુણોને ઉદ્દેશીને તેના પ્રત્યે જે દ્વેષ તે અપ્રશસ્ત દ્વેષ છે.

(૪) અપ્રશસ્ત એવા અજ્ઞાનાદિ ભાવોને ઉદ્દેશીને તેના પ્રત્યે થતો દ્વેષ તે પ્રશસ્ત દ્વેષ છે, તેમજ ધર્મનો નાશ કરનાર એવી દુષ્ટ વ્યક્તિને જોઈને ધર્મનું રક્ષણ કરવા માટે તેને શિક્ષા કરવાનો અધ્યવસાય કે નાશ કરવાનો અધ્યવસાય તે પણ અપ્રશસ્ત એવી દુષ્ટ વ્યક્તિને ઉદ્દેશીને થતો હોવાથી પ્રશસ્ત દ્વેષ છે અને અપવાદના પ્રસંગે જ દુષ્ટ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવામાં આવે છે, એ સિવાયના પ્રસંગમાં સર્વ દુષ્ટો પ્રત્યે ઉપેક્ષા કે કરુણાભાવ કરવામાં આવે તે પ્રશસ્ત છે, પરંતુ તેઓ પ્રત્યે કરાતો દ્વેષ પ્રશસ્ત નથી.

**દિગંબરની માન્યતા પ્રમાણે પ્રશસ્ત વિષયને આશ્રયીને થતો રાગ પ્રશસ્ત છે અને અપ્રશસ્ત વિષયને આશ્રયીને થતો રાગ અપ્રશસ્ત છે, અને પ્રશસ્ત અને અપ્રશસ્ત વિષયને આશ્રયીને થતો દ્વેષ અપ્રશસ્ત છે, તેનું તાત્પર્યઃ-**

(૧) અરિહંતાદિ પ્રશસ્ત વિષયોમાં જે રાગ થાય છે તે પ્રશસ્ત રાગ કહેવાય છે. આ રીતે વિષયને આશ્રયીને રાગને પ્રશસ્ત કહેવાથી સ્ત્રીભાવવાળા એવા મલ્લિનાથ ભગવાન વિષયક કોઇને કામરાગ ઉત્પન્ન થાય તો તે પ્રશસ્તવિષયક રાગ હોવાથી પ્રશસ્ત માનવાની આપત્તિ આવશે.

(૨) ભોગાદિની સામગ્રીવિષયક રાગ તે અપ્રશસ્તવિષયક હોવાથી અપ્રશસ્ત રાગ છે. અને આ પ્રકારે સ્વીકારવાથી છદ્મસ્થ અવસ્થામાં ભોગ એકનાશ્યકર્મના આશયથી ભોગાદિવિષયક ઇચ્છા અરિહંતો કરે છે ત્યારે તેમના રાગને અપ્રશસ્ત કહેવાની આપત્તિ આવશે.

(૩-૪) પ્રશસ્તપદાર્થવિષયક દ્વેષ તે અપ્રશસ્ત દ્વેષ છે, જેમ પ્રશસ્ત એવા અરિહંતાદિવિષયક દ્વેષ છે તે અપ્રશસ્ત દ્વેષ છે, અને અપ્રશસ્ત એવી દુષ્ટ વ્યક્તિના વિષયમાં થતો દ્વેષ અપ્રશસ્ત છે; અને આમ માનવાથી હિંસક, ક્રૂર આદિ જીવો વિષયક દ્વેષ અપ્રશસ્ત છે તેમ સ્વીકારવામાં કોઇ દોષ નથી, પરંતુ અપ્રશસ્ત એવા આત્માના દોષો વિષયક જે દુષ્કૃતગર્હામાં દ્વેષ છે તેને પણ અપ્રશસ્ત માનવાની આપત્તિ આવશે. વસ્તુતઃ અપ્રશસ્ત એવા દોષોમાં થતો દ્વેષ તે પ્રશસ્ત છે, અને શાસનના ઉપઘાતક એવા નમુચિ આદિ વિષયક શાસનના રક્ષણ માટે અપવાદથી જે દ્વેષ કરવામાં આવે છે તે પણ અપ્રશસ્ત માનવાની આપત્તિ આવશે. તેથી દિગંબરમત પ્રમાણે વિષયને આશ્રયીને દ્વેષના પ્રશસ્ત અને અપ્રશસ્ત વિભાગ છે તે ઉચિત નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, રાગ-દ્વેષ આત્માના ગુણોનો ઘાત કરનાર હોવાથી સ્વરૂપથી અપ્રશસ્ત છે, અર્થાત્ મોક્ષ માટે વિઘ્નરૂપ છે. યદ્યપિ અશાતાદિ પણ પાપપ્રકૃતિઓ છે, છતાં તે મોક્ષમાં વ્યાઘાતક બને તેવો નિયમ નથી, તેથી તે અપ્રશસ્ત છે તેમ કહેલ નથી; પરંતુ ઘાતીપ્રકૃતિઓની પ્રશસ્ત-અપ્રશસ્ત તરીકે અહીં વિવક્ષા કરવામાં આવી છે, અને ગુણોનો ઘાત કરનાર આ પાપપ્રકૃતિઓ હોવાથી સ્વરૂપથી અપ્રશસ્ત કહેલ છે. આમ છતાં શુભ ઉદ્દેશથી રાગ પ્રવર્તે છે ત્યારે સ્વરૂપથી અપ્રશસ્ત હોવા છતાં નિર્જરાનું કારણ હોવાથી ફલની અપેક્ષાએ પ્રશસ્ત છે, કેમ કે ગુણની પ્રાપ્તિનું તે કારણ બને છે; જ્યારે અશુભ ઉદ્દેશવાળો રાગ, સ્વરૂપથી પણ અપ્રશસ્ત છે અને ફલની અપેક્ષાએ પણ ગુણનો નાશ કરનાર હોવાથી અપ્રશસ્ત છે.

વળી દ્વેષ વિપર્યયથી પ્રશસ્ત - અપ્રશસ્ત છે =પ્રશસ્ત ઉદ્દેશથી અપ્રશસ્ત છે અને અપ્રશસ્ત ઉદ્દેશથી પ્રશસ્ત છે, એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સામાન્યથી જોતાં પ્રશસ્ત એવા મોક્ષને ઉદ્દેશીને જે દ્વેષ થાય છે તે મોક્ષમાર્ગની પ્રાપ્તિ અર્થે મોક્ષના અનુપાયભૂત પ્રવૃત્તિઓ પ્રત્યે દ્વેષ છે તેમ લાગે, તેથી તે પ્રશસ્ત છે તેમ ભાસે. વસ્તુતઃ દ્વેષ એ પ્રવૃત્તિનું નિયમન કરનાર નથી, પરંતુ જેને ઉદ્દેશીને દ્વેષ થાય તેનાથી નિવૃત્તિની પ્રવૃત્તિ કરાવે છે, તેથી પ્રશસ્ત એવા મોક્ષને ઉદ્દેશીને કે મોક્ષના ઉપાયભૂત સંયમને ઉદ્દેશીને દ્વેષ થાય, તો તેનાથી નિવૃત્તિની પ્રવૃત્તિ થાય. તેથી પ્રશસ્ત ઉદ્દેશથી થતો દ્વેષ મોક્ષ કે મોક્ષના ઉપાયોથી નિવૃત્તિનું કારણ બને છે માટે અપ્રશસ્ત છે. આથી જ સરાગમુનિઓના રાગ-દ્વેષ પ્રશસ્ત હોવાના કારણે, સંયમનો રાગ અને અસંયમનો દ્વેષ વર્તે છે, અને તે જ સંયમમાં પ્રવૃત્તિ અને અસંયમમાં નિવૃત્તિ કરાવે છે.

આ પ્રશસ્ત દ્વેષ સામાન્ય રીતે આત્માના દોષો પ્રત્યે વર્તે છે, આમ છતાં, અપવાદથી ક્વચિદ્ સંયમની

વ્યાઘાતક એવી દુષ્ટ વ્યક્તિ પ્રત્યે પણ હોઇ શકે છે, જેમ વિષ્ણુકુમારમુનિને મુનિઓનો નાશ કરનાર નમુચિ પ્રત્યે થયેલ દ્વેષ પ્રશસ્ત દ્વેષ હતો; અને ઉત્સર્ગથી સંસારમાં પાપપ્રવૃત્તિને કરનારા જીવોને જોઇને મુનિને દ્વેષ વર્તતો નથી, પરંતુ તેવાં પાપ કરનાર જીવો પ્રત્યે મુનિને કરુણા કે ઉપેક્ષાભાવ થાય છે, અને તેઓના પ્રત્યે જો દ્વેષ કરે તો તે અપ્રશસ્ત બને છે.

જે રીતે રાગ અને દ્વેષ પ્રશસ્ત અને અપ્રશસ્ત છે, તે જ રીતે તેવા પ્રકારના રાગ-દ્વેષના ઉદ્દેશ્યને ઉદ્દેશીને થતી પ્રશસ્ત-અપ્રશસ્ત પ્રવૃત્તિ પણ ધર્મ-અધર્મની જનની છે; અર્થાત્ જેમ પ્રશસ્ત-અપ્રશસ્ત રાગ અને દ્વેષ, ધર્મ અને અધર્મજનક છે, તેમ પ્રશસ્ત-અપ્રશસ્ત પ્રવૃત્તિ પણ ધર્મ-અધર્મજનક છે. અહીં તાદશ રાગ-દ્વેષના ઉદ્દેશ્યને ઉદ્દેશીને કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, તાદશ=શુભ ઉદ્દેશવાળો રાગ અને દ્વેષ કે અશુભ ઉદ્દેશવાળો રાગ અને દ્વેષ, તેનો ઉદ્દેશ્ય =લક્ષ્ય, તેને ઉદ્દેશીને પ્રાદુર્ભાવ થતી પ્રવૃત્તિ, તેવી જ છે=પ્રશસ્ત રાગના ઉદ્દેશ્યને ઉદ્દેશીને થતી હોય તો પ્રશસ્ત છે અને અપ્રશસ્ત રાગના ઉદ્દેશ્યને ઉદ્દેશીને થતી હોય તો અપ્રશસ્ત છે. એ પ્રમાણે દ્વેષમાં પણ સમજી લેવું.

અહીં વિશેષ એ છે કે, આ કથન સ્વસિદ્ધાંત પ્રમાણે રાગ-દ્વેષ વિષયક છે. પૂર્વપક્ષીની માન્યતા પ્રમાણે રાગના વિષયભૂત પદાર્થ પ્રશસ્ત હોય તો તે રાગ પ્રશસ્ત હોય, અને પદાર્થ અપ્રશસ્ત હોય તો તે રાગ અપ્રશસ્ત હોય, અને દ્વેષ સર્વથા અપ્રશસ્ત છે.

અહીં સ્વસિદ્ધાંત પ્રમાણે નિરૂપણ કર્યું, તેનાથી એ પ્રાપ્ત થયું કે, રાગના વિષયભૂત પદાર્થના પ્રાશસ્ત્યને કારણે રાગ પ્રશસ્ત નથી, પરંતુ પ્રશસ્ત ઉદ્દેશ્યને ઉદ્દેશીને કરાયેલો રાગ પ્રશસ્ત છે. તેથી જ અરિહંતભક્ત્યાદિને ઉદ્દેશીને, ભગવદ્ભક્તિને અનુકૂલ આરંભની ક્રિયાનો રાગ પણ પ્રશસ્ત બને છે, અને સંસારના કોઇ અર્થાદિના આશયથી, તેને ઉદ્દેશીને ભગવદ્ભક્તિ કરવામાં આવે, તો પણ તે રાગ પ્રશસ્ત બનતો નથી; કેમ કે અશુભ ઉદ્દેશથી ભગવદ્ભક્તિમાં પ્રવર્તેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, આ રીતે પ્રવૃત્તિ પણ તેવા પ્રકારના રાગ-દ્વેષના ઉદ્દેશ્યને ઉદ્દેશીને પ્રાદુર્ભાવ પામતી પ્રશસ્ત-અપ્રશસ્ત છે. તેની સામે શંકા કરતાં પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- न च रागादेव प्रवृत्तिर्न तु द्वेषात्, शत्रुहननादावपि जिघांसयैव प्रवृत्तेः, निवृत्तेरपि जिहासयैव सम्भवादिति वाच्यं, जिघांसाजिहासयोरपि द्वेषव्यापारादेवोदयात्। ''विशिष्टेष्टसाधनत्वज्ञान-विशिष्टानिष्टसाधनत्वज्ञान- तदुभयाऽसाधनत्वज्ञानान्येवोपादित्सा-जिघांसा-जिहासाजनकानी''ति चेत्? न, तथापीष्टानिष्टत्वयो रागद्वेषाधीनत्वात्, अन्यथा विपर्ययप्रसङ्गात्।**

**ટીકાર્થ :- 'न च'** પ્રવૃત્તિ રાગથી જ (થાય), દ્વેષથી નહીં; કેમ કે શત્રુહનનાદિમાં જિઘાંસાથી પ્રવૃત્તિ (થાય) છે અને નિવૃત્તિપણું જિહાસાથી જ સંભવ છે. (જિઘાંસા=હણવાની ઇચ્છા અને ઇચ્છા હોવાના કારણે તે રાગરૂપ છે. જિહાસા=ત્યાગ કરવાની ઇચ્છા અને તે પણ ઇચ્છા હોવાથી રાગરૂપ છે, તેથી સર્વત્ર પ્રવૃત્તિ કે નિવૃત્તિરૂપ પ્રવૃત્તિ રાગથી જ થાય છે. આ પ્રકારે પૂર્વપક્ષીનો આશય છે.) તેને સિદ્ધાંતકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે- જિઘાંસા અને જિહાસાનો પણ દ્વેષના વ્યાપારથી જ ઉદય છે. અર્થાત્ હૈયામાં દ્વેષ સ્ફુરણ થાય છે, તે દ્વેષવ્યાપારને કારણે જિઘાંસા કે જિહાસા થાય છે.

**ઉત્થાન :-** સિદ્ધાંતપક્ષે કહ્યું કે જિઘાંસા અને જિહાસાનો પણ દ્વેષવ્યાપારથી ઉદય છે, તેથી દ્વેષથી પણ મારવાને અનુકૂળ કે ત્યાગ કરવાને અનુકૂળ એવી પ્રવૃત્તિ થાય છે. તેની સામે પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :- 'विशिष्ट'** - વિશિષ્ટઈષ્ટસાધનત્વજ્ઞાન, વિશિષ્ટઅનિષ્ટસાધનત્વજ્ઞાન અને તદુભયઅસાધનત્વજ્ઞાન, એ ત્રણ જ્ઞાનો જ ઉપાદિત્સા, જિઘાંસા અને જિહાસાના જનક છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષી કહે છે કે, પ્રવૃત્તિઓ ત્રણ પ્રકારની ઈચ્છાથી થાય છે. તે આ પ્રમાણે - (૧) ઉપાદિત્સા (૨) જિઘાંસા અને (૩) જિહાસા. તેનું કારણ વિશિષ્ટ પ્રકારનાં ત્રણ જ્ઞાનો છે. તેથી વિશિષ્ટ પ્રકારનાં ત્રણ જ્ઞાનથી ત્રણ પ્રકારની ઇચ્છા થાય છે, અને ઇચ્છા રાગરૂપ છે અને તેનાથી પ્રવૃત્તિ અને નિવૃત્તિરૂપ પ્રવૃત્તિ થાય છે, પણ દ્વેષવ્યાપારથી નિવૃત્તિરૂપ પ્રવૃત્તિ થતી નથી.

અહીં ઉપાદિત્સા, વિશિષ્ટઇષ્ટસાધનત્વજ્ઞાનથી થાય છે અને જિઘાંસા, વિશિષ્ટઅનિષ્ટસાધનત્વજ્ઞાનંથી થાય છે અને જિહાસા, તદુભયઅસાધનત્વજ્ઞાનથી થાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય આ પ્રમાણે-

(૧) **ઉપાદિત્સા :-** ઉપાદિત્સા, વિશિષ્ટઇષ્ટસાધનત્વજ્ઞાનથી થાય છે. વિશિષ્ટઇષ્ટસાધનત્વજ્ઞાન એટલે બલવદ્ અનિષ્ટ અનનુબંધિ હોતે છતે, કૃતિસાધ્ય હોતે છતે, ઇષ્ટસાધનત્વનું જ્ઞાન જે વસ્તુમાં થાય છે ત્યાં ઉપાદિત્સા થાય છે, અને તેનાથી ગ્રહણ કરવાની પ્રવૃત્તિ થાય છે. સામાન્યથી ઇષ્ટસાધનત્વનું જ્ઞાન હોય, પરંતુ ગ્રહણ કરવાથી બલવાન અનિષ્ટ પ્રાપ્ત થાય તેવું જ્ઞાન થાય તો ગ્રહણ કરવાની પ્રવૃત્તિ થતી નથી, તેથી બલવદ્ અનિષ્ટનું અનનુબંધિ એવું ઇષ્ટસાધનત્વનું જ્ઞાન ગ્રહણ કરેલ છે; અને પોતાના પ્રયત્નથી તે પ્રવૃત્તિ થઇ શકે તેવું ન હોય તો પણ ત્યાં ગ્રહણની પ્રવૃત્તિ થતી નથી, તેથી કૃતિસાધ્ય એવું ઇષ્ટસાધનત્વનું જ્ઞાન ગ્રહણ કરેલ છે. જેમ સંસારી જીવોની ભોગાદિ પ્રવૃત્તિ.

(૨) **જિઘાંસા :-** જિઘાંસા, વિશિષ્ટઅનિષ્ટસાધનત્વજ્ઞાનથી થાય છે. વિશિષ્ટઅનિષ્ટસાધનત્વજ્ઞાન એટલે બલવદ્ ઇષ્ટ સાધન નહિ હોતે છતે, બલવદ્ અનિષ્ટ અનુબંધિ હોતે છતે, કૃતિસાધ્યત્વનું જ્ઞાન જે વસ્તુમાં થાય છે ત્યાં જિઘાંસા પ્રવર્તે છે. કોઇ સ્થાનમાં સામાન્યથી અનિષ્ટનું જ્ઞાન થવા છતાં તે અનિષ્ટ વસ્તુનો નાશ કરવાથી પોતાના ઇષ્ટનો વ્યાઘાત દેખાતો હોય, તો ત્યાં જિઘાંસા પ્રવર્તતી નથી પરંતુ જિહાસા જ પ્રવર્તે છે. તેથી બલવદ્ ઇષ્ટ સાધન ન હોતે છતે, એ પ્રકારે વિશેષણ મૂકેલ છે. જેમ પોતાના શત્રુને મારવાની પ્રવૃત્તિ.

(૩) **જિહાસા :-** જિહાસા, તદુભયઅસાધનત્વજ્ઞાનથી થાય છે. બલવદ્ ઇષ્ટસાધનત્વનું જ્ઞાન ન હોય અને બલવદ્ અનિષ્ટસાધનત્વનું પણ જ્ઞાન ન હોય ત્યાં જિહાસા પ્રવર્તે છે. જેમ નિરર્થક વસ્તુના ત્યાગની પ્રવૃત્તિ.

આ રીતે પૂર્વપક્ષીનું તાત્પર્ય એ પ્રાપ્ત થયું કે, ત્રણ પ્રકારના જ્ઞાનથી ત્રણ પ્રકારની ઇચ્છા દ્વારા પ્રવૃત્તિ થાય છે, તેથી રાગથી જ પ્રવૃત્તિ છે, દ્વેષથી નહિ.

**ટીકાર્થ :- 'न'** - તેને સિદ્ધાંતકાર કહે છે - "તારી વાત બરાબર નથી." તેમાં હેતુ કહે છે-

**"तथापि"** - તો પણ ઈષ્ટ-અનિષ્ટપણાનું રાગ-દ્વેષનું આધીનપણું છે. અન્યથા=ઈષ્ટ-અનિષ્ટત્વનું રાગદ્વેષને આધીનપણું ન માનીએ તો, વિપર્યયનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સિદ્ધાંતકારે '**તથાપિ**'થી એ સ્વીકાર કર્યો કે, ત્રણ પ્રકારના જ્ઞાનથી ત્રણ પ્રકારની ઇચ્છા થાય છે અને તેનાથી ગ્રહણની પ્રવૃત્તિ કે મારવાની પ્રવૃત્તિ કે ત્યાગની પ્રવૃત્તિ થાય છે, તો પણ ત્રણ પ્રકારના જ્ઞાનમાં જે ઈષ્ટ-અનિષ્ટત્વની બુદ્ધિ છે, તે રાગ-દ્વેષને આધીન છે. તેથી એ પ્રાપ્ત થયું કે, રાગને કારણે ઈષ્ટત્વની બુદ્ધિ અને દ્વેષને કારણે અનિષ્ટત્વની બુદ્ધિ થાય છે, અને તેના બલથી ઉપાદિત્સા - જિઘાંસાદિ પ્રવર્તે છે, માટે દ્વેષથી નાશની કે ત્યાગની પ્રવૃત્તિ થાય છે; કેમ કે દ્વેષથી અનિષ્ટત્વનું જ્ઞાન અને તેનાથી જિઘાંસા પેદા થાય છે, અને તેમ ન માનીએ તો વિપર્યયનો પ્રસંગ છે. અર્થાત્ રાગ-દ્વેષ વગર પૂરોવર્તી પદાર્થના સ્વરૂપને કારણે ઇષ્ટત્વ-અનિષ્ટત્વનું જ્ઞાન થાય છે એમ માનીએ તો, જેમાં પોતાને ઈષ્ટત્વનું જ્ઞાન છે તે જ વસ્તુમાં અન્ય કોઇ વ્યક્તિને અનિષ્ટત્વનું જ્ઞાન થાય છે, તેમ પોતાને પણ તેમાં અનિષ્ટત્વનું જ્ઞાન થવારૂપ વિપર્યયનો પ્રસંગ પ્રાપ્ત થવો જોઇએ; કેમ કે પુરોવર્તી પદાર્થવિષયક પોતાને રાગ નથી પણ વસ્તુનું તેવું સ્વરૂપ જ છે, તેથી પોતાને ઇષ્ટત્વનું જ્ઞાન થાય છે; તો તે વસ્તુમાં બીજાને જેમ અનિષ્ટત્વનું જ્ઞાન થાય છે, તેમ પોતાને પણ અનિષ્ટત્વનું જ્ઞાન થવાનો પ્રસંગ પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે, દિગંબર, પર એવા વિષયની અપેક્ષાએ રાગને પ્રશસ્ત-અપ્રશસ્ત કહે છે અને દ્વેષને અપ્રશસ્ત કહે છે; તેથી તેની માન્યતા પ્રમાણે પ્રશસ્ત એવા ભગવાન આદિના વિષયમાં થતો રાગ પ્રશસ્ત છે અને સંસારના ભોગોમાં થતો રાગ અપ્રશસ્ત છે, અને દ્વેષ પ્રશસ્ત વિષયમાં કરવામાં આવે તો પણ અપ્રશસ્ત છે. જેમ પ્રશસ્ત એવા ભગવાન પ્રત્યે કોઇ દ્વેષ કરે તો તે દ્વેષ અપ્રશસ્ત છે, અને તે જ રીતે વિષ્ટા આદિ અપ્રશસ્ત પદાર્થો પ્રત્યે દ્વેષ કરે તો પણ અપ્રશસ્ત છે. તેથી તેના સિદ્ધાંત પ્રમાણે દ્વેષ એકાંતે અપ્રશસ્ત છે. અને તે પ્રમાણે સ્વીકારીએ તો દુષ્કૃતગર્હામાં થતો દુષ્કૃતો પ્રત્યેનો દ્વેષ પણ અપ્રશસ્ત સ્વીકારવાની આપત્તિ આવે.

સ્વસિદ્ધાંત પ્રમાણે પ્રશસ્ત ઉદ્દેશથી રાગ પ્રશસ્ત અને અપ્રશસ્ત ઉદ્દેશથી રાગ અપ્રશસ્ત બને છે, અને દ્વેષ અપ્રશસ્ત ઉદ્દેશથી પ્રશસ્ત બને છે અને પ્રશસ્ત ઉદ્દેશથી અપ્રશસ્ત બને છે.

તાત્પર્ય એ છે કે, હંમેશાં રાગ પ્રવૃત્તિનું કારણ બને છે અને દ્વેષ નિવૃત્તિને અનુકૂળ પ્રવૃત્તિનું કારણ બને છે. અને તેથી મોક્ષને ઉદ્દેશીને કોઇ દ્વેષ કરે તો તે પ્રશસ્ત છે એમ કહી શકાય નહિ, કેમ કે મોક્ષને ઉદ્દેશીને દ્વેષ થાય તો મોક્ષના ઉપાયોમાં પ્રવૃત્તિ ન થાય પરંતુ નિવૃત્તિ થાય, અને તેથી જ પ્રશસ્ત ઉદ્દેશથી અર્થાત્ પ્રશસ્ત એવા મોક્ષને ઉદ્દેશીને કોઇ દ્વેષ કરે તો તે અપ્રશસ્ત બને છે.

વસ્તુતઃ કોઇ વ્યક્તિ મોક્ષને ઉદ્દેશીને સંસાર પ્રત્યે કે સંસારના ઉપાયો પ્રત્યે દ્વેષ કરે છે, ત્યારે તે મોક્ષને ઉદ્દેશીને રાગ કરે છે અને મોક્ષના પ્રતિપક્ષભૂત એવા સંસાર પ્રત્યે દ્વેષ કરે છે; તે સંસારના ઉદ્દેશથી દ્વેષ છે, મોક્ષના ઉદ્દેશથી નહિ; અને સંસાર અપ્રશસ્તભાવરૂપ છે, તેથી અપ્રશસ્તભાવરૂપ સંસારના ઉદ્દેશથી થયેલો તે દ્વેષ અપ્રશસ્તભાવમાંથી નિવૃત્તિ કરાવે છે, તેથી તે પ્રશસ્ત દ્વેષ છે. તેથી જ પ્રશસ્ત એવા મોક્ષને ઉદ્દેશીને તે સંસાર પ્રત્યે દ્વેષ છે એમ કહી શકાય, પરંતુ પ્રશસ્ત ઉદ્દેશથી દ્વેષ છે તેમ કહી શકાય નહિ; નહિતર પ્રશસ્ત ઉદ્દેશથી પણ દ્વેષને પ્રશસ્ત કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અને દિગંબર દ્વેષને એકાંતે અપ્રશસ્ત માને છે, તેથી જ તે કહે છે કે રાગથી જ પ્રવૃત્તિ હોય છે દ્વેષથી નહિ; અને એમ કહીને તેનું એ કહેવું છે કે, શત્રુના નાશમાં કે અશુભ પદાર્થોના ત્યાગમાં જે પ્રવૃત્તિ થાય છે, તે દ્વેષથી થતી નથી; કેમ કે જો દ્વેષથી અશુભનો ત્યાગ તે સ્વીકારે, તો આત્મામાં રહેલા અજ્ઞાનાદિ જે દોષો, તેનો ત્યાગ

દ્વેષથી થાય છે તેમ તેણે સ્વીકારવું જ પડે. અને તેમ સ્વીકારે તો આત્માના દોષોને કાઢવામાં દ્વેષથી પ્રવૃત્તિ સ્વીકારવી પડે. અને તેથી અપ્રશસ્ત ઉદ્દેશથી કરાતા દ્વેષને પ્રશસ્ત માનવાની તેને આપત્તિ આવે. તેથી સ્વમાન્યતાની પુષ્ટિ કરવા માટે જ દિગંબર વિશિષ્ટ જ્ઞાન અને વિશિષ્ટ ઇચ્છાથી જ પ્રવૃત્તિને કે નિવૃત્તિરૂપ પ્રવૃત્તિને સ્થાપવા માટે પ્રયત્ન કરે છે; અને ગ્રંથકાર તેના જ નિરાકરણ માટે કહે છે કે, પ્રવૃત્તિ પ્રત્યે જ્ઞાન-ઇચ્છાનો ક્રમ હોવા છતાં, રાગ-દ્વેષ તેમાં સંકળાયેલા જ છે, અને આથી જ દ્વેષથી સંકળાયેલા પરિણામ નિવૃત્તિનું કારણ બને છે; માટે દ્વેષ પણ પ્રશસ્ત અને અપ્રશસ્ત હોઇ શકે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં એ કહ્યું કે, પ્રવૃત્તિ અને નિવૃત્તિ યદ્યપિ જ્ઞાનથી જ થાય છે, તો પણ ઈષ્ટત્વ-અનિષ્ટત્વાદિનું જ્ઞાન, રાગ-દ્વેષને આધીન છે; તેથી દ્વેષથી નિવૃત્ત્યાત્મક પ્રવૃત્તિ અનિષ્ટત્વના જ્ઞાન દ્વારા થાય છે એ સિદ્ધ થયું. હવે કહે છે કે, વાસ્તવિક રીતે ઈષ્ટ-અનિષ્ટત્વનું જ્ઞાન એ પ્રવૃત્તિનું નિયામક નથી, પરંતુ રાગ-દ્વેષ જ પ્રવૃત્તિના નિયામક છે; કેમ કે સમ્યગ્દૃષ્ટિ એવા ચક્રવર્તી આદિને સંસારની પ્રવૃત્તિમાં બલવાન અનિષ્ટના અનુબંધનું જ્ઞાન હોવા છતાં નિવૃત્તિ થતી નથી. એ જ વાતને **'अपि च'** થી સિદ્ધાંતકાર કહે છે-

**ટીકા :- अपि च सम्यग्दृशोऽपि चक्रवर्त्यादयः संसारकर्मणि बलवदनिष्टानुबन्धित्वं प्रतिसन्दधाना रागादिपारवश्यं विना कथं प्रवर्त्तिष्यन्ते? तस्मादनन्तानुबन्धिविलयोदितसम्यग्दर्शनाविनाभाविप्रशस्त-विषयरागद्वेषाभ्यां मोक्षोपादान( ? दित्सा ) संसारजिहासे प्रगल्भमाने अपि चारित्रमोहप्रतिबन्धकसत्त्वान्न तदुपादानहानोपायेषु प्रवृत्तिं जनयितुं प्रभवतः। एवमुत्तरोत्तरप्रतिबन्धकविलये तु क्रमेण लब्धं सरागचारित्रमप्यन्ततः सुकृतानुमोदनदुष्कृतगर्हादिपरिणामोपकारि प्रशस्तरागद्वेषसंकीर्णमेव।**

❀ **'सम्यग्दर्शनाविनाभाविप्रशस्तविषयरागद्वेषाभ्यां'** છે, ત્યાં **'विषय'** શબ્દ અધિક ભાસે છે.

**ટીકાર્થ :- 'अपि च'** વળી સમ્યગ્દૃષ્ટિ પણ ચક્રવર્તી આદિ, સંસારકર્મમાં બલવદ્ અનિષ્ટઅનુબંધીનું પ્રતિસંધાન કરતા, રાગાદિ પારવશ્ય વગર કેવી રીતે પ્રવૃત્તિ કરશે?

**ભાવાર્થ :-** બલવદ્ અનિષ્ટઅનુબંધીનું પ્રતિસંધાન તો નિવૃત્તિનું કારણ છે. આમ છતાં, ચક્રવર્ત્યાદિને ચારિત્રમોહનીયરૂપ રાગના પારવશ્યથી જ પ્રવૃત્તિ થાય છે. તેથી બલવાન અનિષ્ટઅનુબંધીનું જ્ઞાન પણ નિવૃત્તિનું નિયામક બનતું નથી.

**ટીકાર્થ :- 'तस्मात्'** - તે કારણથી=રાગાદિ પારવશ્યને કારણે સમ્યગ્દૃષ્ટિની સંસારકર્મમાં પ્રવૃત્તિ છે તે કારણથી, અનંતાનુબંધીના વિલયથી ઉદિત, સમ્યગ્દર્શન સાથે અવિનાભાવી એવા પ્રશસ્ત રાગ અને દ્વેષ દ્વારા મોક્ષની ઉપાદિત્સા અને સંસારની જિહાસા પ્રવર્તવા છતાં પણ, ચારિત્રમોહનીયરૂપ પ્રતિબંધક હોવાના કારણે, તદુપાદાન-હાનના ઉપાયોમાં=મોક્ષના ઉપાદાનના=ગ્રહણના, ઉપાયોમાં અને સંસારના હાનના=ત્યાગના, ઉપાયોમાં, પ્રવૃત્તિને પેદા કરવા માટે ઉપાદિત્સા અને જિહાસા સમર્થ થતી નથી.

આનાથી એ ફલિત થયું કે જ્ઞાન, ઇચ્છા અને પ્રવૃત્તિ એવો એકાંત નિયમ નથી પણ રાગની પરવશતા એ પ્રવૃત્તિ કરાવે છે અને દ્વેષની પરવશતા એ નિવૃત્તિ કરાવે છે.

**'एवम्'** - એ જ રીતે = જેમ અનંતાનુબંધીના વિલયથી ઉદિત પ્રશસ્ત રાગ અને દ્વેષ દ્વારા મોક્ષની ઉપાદિત્સા અને સંસારની જિહાસા પ્રાપ્ત થઇ, એ જ રીતે, ઉત્તરોત્તર પ્રતિબંધકનો વિલય થયે છતે=પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનવરણ આદિ રૂપ ચારિત્રમોહનીયનો વિલય થયે છતે, ક્રમથી પ્રાપ્ત સરાગચારિત્ર પણ અંતે સુકૃતાનુમોદન અને દુષ્કૃતગર્હાદિના પરિણામને ઉપકારી એવા પ્રશસ્ત રાગ-દ્વેષથી સંકીર્ણ જ છે.

**ભાવાર્થ :-** અનંતાનુબંધીના વિલયથી જેમ સમ્યગ્દૃષ્ટિના રાગ-દ્વેષ પ્રશસ્ત ભાવથી સંકીર્ણ જ છે, તે રીતે અપ્રત્યાખ્યાનીય અને પ્રત્યાખ્યાનીય કષાયોનો વિલય થવાથી, ક્રમે કરીને પ્રાપ્ત એવું સરાગચારિત્ર પણ પ્રશસ્ત રાગ-દ્વેષથી સંકીર્ણ જ છે, અને આથી જ સરાગચારિત્રી સુકૃતોની અનુમોદના કરે છે અને દુષ્કૃતોની ગર્હા કરે છે.

સુકૃતાનુમોદના અને દુષ્કૃતગર્હાદિના પરિણામો સરાગચારિત્રના પરિણામવિશેષ છે, જે સરાગચારિત્રમાં ઉત્તરોત્તર વૃદ્ધિના કારણીભૂત છે; અને તેને ઉપકારી એવા પ્રશસ્ત રાગ-દ્વેષ, ચારિત્રમોહનીયરૂપ પ્રતિબંધકના વિલયથી વિદ્યમાન સંજ્વલનકષાયના પરિણામરૂપ છે, અને તેનાથી સંકીર્ણ એવું સરાગચારિત્ર છે.

**'सरागचारित्रमप्यन्ततः'** - અહીં **'अन्ततः'** એ પ્રયોગ કર્યો છે, તેનું તાત્પર્ય એ છે કે, અનંતાનુબંધીના વિલયથી પ્રશસ્ત રાગ-દ્વેષ થાય છે, અને ઉત્તરોત્તર કષાયના વિલયથી સરાગચારિત્ર પ્રાપ્ત થાય છે ત્યાં સુધી જ પ્રશસ્ત રાગ-દ્વેષ હોય છે; પરંતુ સરાગચારિત્રથી ઉત્તરમાં પ્રશસ્ત રાગ-દ્વેષ થતા નથી. તે બતાવવા માટે **'अन्ततः'** પ્રયોગ કરેલ છે.

**'न च रागादेव**...થી ...**प्रशस्तरागद्वेषसंकीर्णमेव।'** સુધીનો ફલિતાર્થ આ પ્રમાણે છે- પ્રવૃત્તિ કેવલ રાગથી જ થાય છે તેવો નિયમ નથી, અને જ્ઞાન જ ગ્રહણની પ્રવૃત્તિ, નાશની પ્રવૃત્તિ અને ત્યાગની પ્રવૃત્તિનું નિયામક છે તેવું પણ નથી, પરંતુ રાગ-દ્વેષ બન્ને પણ તેવી પ્રવૃત્તિઓના નિયામક છે. યદ્યપિ સામાન્ય રીતે સંસારમાં જ્ઞાન, ઇચ્છા અને પ્રવૃત્તિનો ક્રમ દેખાય છે, તેથી ઇચ્છારૂપ રાગથી પ્રવૃત્તિ થાય છે, તો પણ નિવૃત્ત્યાત્મક પ્રવૃત્તિમાં દ્વેષ સંકીર્ણ હોવાના કારણે તેવો એકાંતે નિયમ નથી; પરંતુ પ્રવૃત્તિ અને નિવૃત્તિના નિયામક રાગ-દ્વેષ માનવામાં કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** ગાથા-૧૨માં કહેલ કથનને સામે રાખીને ગાથા/૧૬ની અવતરણિકામાં કહેલ છે કે "દિગંબરોના આંખ્યધ્વંસ માટે રાગ-દ્વેષનું પરની અપેક્ષાએ પ્રાશસ્ત્ય-અપ્રાશસ્ત્ય નથી, તે પ્રકારે કહે છે" એમ કહીને, સ્વસિદ્ધાંત પ્રમાણે જે પ્રકારે રાગ-દ્વેષનું પ્રશસ્ત-અપ્રશસ્તપણું છે તે બતાવ્યું. તેમાં આનુષંગિક રીતે પ્રવૃત્તિનું પણ પ્રશસ્ત-અપ્રશસ્તપણું બતાવ્યું. ત્યાં કોઇની શંકા એવી હતી કે રાગથી જ પ્રવૃત્તિ છે દ્વેષથી નહિ, તેનું નિવારણ કર્યું. ત્યારપછી **'एवम्'**થી કહ્યું કે, સરાગચારિત્ર પણ રાગ-દ્વેષથી સંકીર્ણ જ છે. એનાથી એ પ્રાપ્ત થયું કે પ્રશસ્ત રાગની જેમ પ્રશસ્ત દ્વેષ પણ છે. તેથી દિગંબરોની જે માન્યતા છે કે, રાગ-દ્વેષનું પ્રશસ્ત-અપ્રશસ્તપણું પરની અપેક્ષાએ છે, માટે વિષય પ્રશસ્ત હોવાથી રાગ પ્રશસ્ત પણ થઇ શકે છે; પરંતુ પ્રશસ્ત વિષયક દ્વેષ, વિષયના પ્રાશસ્ત્યની અપેક્ષાએ પ્રશસ્ત થઇ શકતો નથી, તેથી દ્વેષ એકાંતે અપ્રશસ્ત છે; તેનું નિરાકરણ થઇ ગયું. આમ

છતાં કહે છે કે, દુષ્કૃતગર્હાના પરિણામમાં ઉપકારી એવો પ્રશસ્ત દ્વેષ, દોષ પ્રત્યે હોવાના કારણે પ્રશસ્ત થઈ શકે તેમ માનીએ, તો પણ તેવા પ્રકારના અપવાદમાં કોઈ વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવાથી સંયમનો નાશ થાય છે; તેથી પરના ઉપઘાત માટે કરાતો દ્વેષ અપ્રશસ્ત જ છે. તેના નિરાકરણ માટે સિદ્ધાંતકાર કહે છે-

**ટીકા :- तथाविधकारणवशाच्च सुमङ्गलसाध्वादेस्तादृशापवादसेवने तथाविधद्वेषोऽपि न मूलतो दोषाय, प्रशस्तरागस्येव प्रशस्तद्वेषस्य तथाविधचारित्रपरिणामाऽप्रतिबन्धकत्वात्।**

**ટીકાર્થ :- 'तथाविध'** તેવા પ્રકારના કારણના વશથી, સુમંગલ સાધુ આદિને તેવા પ્રકારના અપવાદસેવનમાં તેવા પ્રકારનો દ્વેષ પણ મૂળથી દોષ માટે થતો નથી, કેમ કે પ્રશસ્ત રાગની જેમ પ્રશસ્ત દ્વેષનું તથાવિધ ચારિત્રપરિણામનું અપ્રતિબંધકપણું છે.

**ભાવાર્થ :-** અહીં **'तथाविधकारणवश'**થી એ પ્રમાણે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જંગલમાં સંયમધારી સાધુઓના રક્ષણના કારણના આશયથી સુમંગલ સાધુએ તેવા પ્રકારનું અપવાદનું સેવન કરેલ, અર્થાત્ સન્મુખ આવતા સિંહને દૂર કરવા માટે તમાચો મારીને નસાડવા પ્રયત્ન કરેલ. તે પ્રકારના અપવાદસેવનમાં તમાચો મારતી વખતે કરાયેલો દ્વેષ, મૂળથી દોષ માટે થતો નથી=સંયમરક્ષણરૂપ તે દ્વેષનું મૂળ હોવાના કારણે તે દોષ માટે થતો નથી; પરંતુ કદાચ તે વખતે વિશિષ્ટ પ્રશસ્ત સંયમનો પરિણામ હોય તો, તત્ક્ષણ ચારિત્રના નીચેના કંડકની પ્રાપ્તિનું કારણ બને તો પણ, ચારિત્રના રક્ષણના પરિણામથી ઉત્થિત તે દ્વેષ હોવાના કારણે સંયમની વૃદ્ધિનું કારણ છે, કેમ કે પ્રશસ્ત રાગની જેમ પ્રશસ્ત દ્વેષનું તથાવિધ ચારિત્રપરિણામનું અપ્રતિબંધકપણું છે=સરાગચારિત્રરૂપ તથાવિધ ચારિત્રના પરિણામનું અપ્રતિબંધકપણું છે.

અહીં વિશેષ એ છે કે, પ્રશસ્ત દ્વેષ પણ આત્માનું સ્વરૂપ નથી, માટે દોષરૂપ હોવા છતાં સંયમનો નાશક નથી, પરંતુ સંયમની શુદ્ધિનો આપાદક છે. અને કદાચ અસંગભૂમિકાવાળું ચિત્ત હોય, અને કારણે પ્રશસ્ત દ્વેષ કરવામાં આવે, તો નીચેના સંયમ-કંડકની પ્રાપ્તિ હોવા છતાં, સંઘના રક્ષણના પરિણામને કારણે વિશિષ્ટ નિર્જરા કે વિશિષ્ટ પુણ્યબંધનું કારણ પ્રશસ્તદ્વેષ બને છે; માટે મૂળથી દોષરૂપ નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં બતાવ્યું એ રીતે, સિદ્ધાંતકારે દ્વેષને પણ પ્રશસ્ત-અપ્રશસ્તરૂપે સિદ્ધ કર્યો, ત્યાં પૂર્વપક્ષી સ્ફટિકના દૃષ્ટાંતથી દ્વેષને એકાંતે અપ્રશસ્ત સ્થાપન કરવા પ્રયત્ન કરે છે. તે બતાવતાં **'अथ'**થી કહે છે-

**ટીકા :- अथ स्फटिकस्य जपाकुसुमोपरागस्थानीयं सरागचारित्रं तापिच्छकुसुमसंसर्गस्थानीयो द्वेषः कथमुपकुर्यात्? इति चेत्? रागोऽपि कथम्? 'प्रशस्तोद्देशेन तद्रूपपरिहारादि'ति चेत्? तुल्यमिदमन्यत्र।**

**ટીકાર્થ :- 'अथ'** - સ્ફટિકના જપાકુસુમના ઉપરાગસ્થાનીય સરાગચારિત્રને, તાપિચ્છકુસુમના (તમાલવૃક્ષના પુષ્પના) સંસર્ગસ્થાનીય દ્વેષ કેવી રીતે ઉપકાર કરે? અર્થાત્ ન કરે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીનું કહેવું છે કે, જપાકુસુમના ઉપરાગથી જેમ સ્ફટિક રક્ત ભાસે છે, તત્સ્થાનીય સરાગચારિત્ર, સંયમ પ્રત્યેના રાગના પરિણામથી પ્રશસ્ત ભાસે છે, તેને તાપિચ્છકુસુમ=કાળા ફૂલના સંસર્ગસ્થાનીય જે દ્વેષ છે=બીજાનો ઉપઘાત કરવાના પરિણામરૂપ મલિન પરિણામવાળો જે દ્વેષ છે, તે કેવી રીતે ઉપકાર કરે? અર્થાત્ ન કરે.

**ટીકાર્થ :- 'रागोऽपि'** - તેને સિદ્ધાંતકાર કહે છે કે, રાગ પણ કેવી રીતે ઉપકાર કરે? તેના જવાબરૂપે પૂર્વપક્ષી કહે છે-પ્રશસ્ત ઉદ્દેશથી તદ્રૂપનો=રાગના સ્વરૂપનો, પરિહાર થાય છે. (તેથી તે ચારિત્રને ઉપકારક છે).

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સંયમ પ્રત્યેનો રાગ હોવાના કારણે ત્યાં પ્રશસ્ત ઉદ્દેશ છે, તેથી રાગનું જે મલિન સ્વરૂપ છે તેનો પરિહાર થાય છે, માટે રાગ ચારિત્રને ઉપકાર કરે છે. આ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે, તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'तुल्यम्'** આ અન્યત્ર તુલ્ય છે =દ્વેષમાં પણ આ તુલ્ય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અપ્રશસ્ત ઉદ્દેશથી=અપ્રશસ્ત એવા દુષ્કૃતના પરિણામને કાઢવાના ઉદ્દેશથી, જ્યારે દ્વેષ વર્તે છે, ત્યારે તે દ્વેષના રૂપનો પરિહાર થાય છે, તેથી તે સરાગચારિત્રને ઉપકાર કરે છે. જેમ દુષ્કૃતપરિણામરૂપ અપ્રશસ્ત ભાવને ઉદ્દેશીને દુષ્કૃતગર્હારૂપ દ્વેષનો પરિણામ થાય છે, તે દુષ્કૃતની નિવૃત્તિ કરનાર હોવાથી પ્રશસ્ત રાગની જેમ ચારિત્રને ઉપકાર કરે છે.

**ટીકા :- एतेन विशुद्धि-सङ्क्लेशाङ्गतया तस्य द्वैविध्यं व्याख्यातं, प्रत्याख्यातं च**

"[१] परिणामादो बन्धो परिणामो रागदोषमोहजुदो ।
असुभो मोहपदेसो सुहो व असुहो हवदि अण्णो"॥ त्ति **स्ववचनोद्भावनमपि** ।

**ટીકાર્થ :-** આનાથી=સ્ફટિક અને તાપિચ્છકુસુમના દૃષ્ટાંતથી પૂર્વપક્ષીએ દ્વેષ સરાગચારિત્રને અનુપકારી છે, તેમ સ્થાપન કર્યું, તેનું ગ્રંથકારે નિરાકરણ કર્યું. આનાથી, વિશુદ્ધિ અને સંક્લેશઅંગપણાથી તેના=દ્વેષના, દ્વૈવિધ્યનું વ્યાખ્યાન કરાયું, અને **'परिणामादो बन्धो'** ઇત્યાદિરૂપ સ્વવચનના ઉદ્‌ભાવનનું પણ=દિગંબરના વચનના ઉદ્‌ભાવનનું પણ, પ્રત્યાખ્યાન કરાયું.

**'परिणामादो बन्धो'** ગાથાનો અર્થ આ પ્રમાણે છે- પરિણામથી બંધ છે. પરિણામ રાગ-દ્વેષ અને મોહયુક્ત છે. મોહ અને પ્રદ્વેષ અશુભ છે, અન્ય=રાગ, શુભ અથવા અશુભ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે દ્વેષમાં પણ રાગની જેમ ચારિત્રનું ઉપકારકપણું છે એમ સિદ્ધ કર્યું. તેનાથી બે વસ્તુની

१. परिणामाद् बन्धः परिणामो रागद्वेषमोहयुतः । अशुभौ मोहप्रद्वेषौ शुभो वाऽशुभो भवत्यन्यः ॥

પ્રાપ્તિ થઈ. (૧) દ્વેષ, વિશુદ્ધિ અને સંક્લેશના અંગપણાથી બે પ્રકારનો છે. (૨) પ્રવચનસારમાં દ્વેષને કેવલ અશુભ જ કહેલ છે. એ દિગંબરોના વચનનું ઉદ્‌ભાવન પણ આ કથનથી નિરાકરણ કરાયું.

**ઉત્થાન :-** **'ननु'** થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે-

**ટીકા :- नन्वेवं प्रशस्तरागवत् सुमङ्गलसाध्वाद्युचितो द्वेषोऽपि सर्वदा भवन्ननुमत एव स्यादिति चेत्? न, कारणिकद्वेषस्य विना कारणमननुगुणत्वात्। ''गृहस्थानामेव तादृशकारणेऽधिकार'' इति चेत्? न, तथाविधलब्धिभाजो गृहस्थस्याभावे लब्धिमतः श्रमणस्यापि विशिष्टसङ्घाद्युपकारस्य कूपखननदृष्टान्तेनानुकूलत्वात्, सार्वदिकत्वकादाचित्कत्वाभ्यामेव गृहस्थाऽनगारिणोः प्रभावकताविशेषात्।**

**''उत्कृष्टश्रावकस्यापि गौणधर्मालम्बनतया नात्राधिकार'' इति चेत्? अत एव दुरागृहीतोऽसि, गौणत्वेऽपि स्वकृतिसाध्यत्वे सत्यन्यकृत्यमाध्यकर्माधिकारितया विशेषविश्रामात्, पुष्टालम्बनतया यतिदिताऽऽवहत्वाच्च। न हि यथाकथंचिदपवादसेवनमेव हितावहं ब्रूमोऽपि तु पुष्टालम्बनम्। यदागमः** [ आ. नि. ११७१ ]

[१] आलंबणेण केणइ जे मन्ने संजमं पमायन्ति ।
ण हु तं होइ पमाणं भूअत्थगवेसणं कुज्जा ॥

**ટીકાર્થ :-** **'ननु'** આ રીતે=પૂર્વમાં તમે દ્વેષને વિશુદ્ધિ અને સંક્લેશાંગે સિદ્ધ કર્યો એ રીતે, પ્રશસ્ત રાગની જેમ સુમંગલ સાધુને ઉચિત એવો દ્વેષ પણ સર્વદા તમને અનુમત જ થશે, આ રીતે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે, એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે-

**'कारणिक'** – કારણિક દ્વેષનું કારણ વગર ચારિત્રને અનનુગુણપણું છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, ગૃહસ્થને જ તેવા કારણમાં અધિકાર છે (સાધુને નહિ). તેને ગ્રંથકાર કહે છે, તે બરાબર નથી. તેમાં હેતુ કહે છે-

**'तथाविध'** - તેવા પ્રકારની લબ્ધિવાળા ગૃહસ્થના અભાવમાં, લબ્ધિવાળા શ્રમણને પણ વિશિષ્ટ સંઘાદિને ઉપકારનું કૂપખનનદૃષ્ટાંતથી અનુકૂલપણું છે. (તેથી દ્વેષથી જ તે ઉપકાર સંભવિત છે. માટે ગૃહસ્થના અભાવમાં સાધુને અધિકાર છે.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે શ્રમણને પણ કૂપખનનદૃષ્ટાંતથી વિશિષ્ટ સંઘઉપકાર અનુકૂલ છે, તો શ્રાવકની જેમ તેણે પણ તેવા પ્રકારના સંઘઉપકાર અર્થે પ્રશસ્ત દ્વેષ સદા કરવો જોઈએ. તેના નિવારણરૂપે કહે છે-

**ટીકાર્થ :-** **'सार्वदिकत्व'** - સાર્વદિકત્વ અને કાદાચિત્કત્વ દ્વારા જ ગૃહસ્થ અને સાધુની પ્રભાવકતાનો વિશેષ = ભેદ છે.

---
१. आलंबनेन केनच ये मन्ये संयमं प्रमाद्यन्ति । न खलु तद् भवति प्रमाणं भूतार्थगवेषणं कुर्यात् ॥

**ભાવાર્થ :-** "સાર્વદિકત્વ અને કાદાચિત્કત્વ દ્વારા જ ગૃહસ્થ અને સાધુની પ્રભાવકતાનો ભેદ છે" એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, શ્રાવકોએ પોતાની શક્તિ હોય તો સંયમજીવનને ઉપદ્રવ કરનારી, કે સંઘની અંતર્ગત કોઇ પણ જીવને આરાધનામાં ઉપદ્રવ કરનારી એવી કંટકસ્થાનીય વ્યક્તિઓને દૂર કરવા માટે, અવશ્ય યત્ન કરવો જોઇએ; અને તે કંટકસ્થાનીય ઉપદ્રવ કરનારા જીવોને દૂર કરવા અર્થે, તેઓ પ્રત્યે સદા દ્વેષ પણ કરવો પડે, તે પ્રશસ્ત દ્વેષ છે; અને તેનાથી જ શાસનની પ્રભાવના થાય છે. તેથી ગૃહસ્થને શાસનપ્રભાવના અર્થે તેવો પ્રશસ્ત દ્વેષ સદા કરવાનો અધિકાર છે. જ્યારે શ્રમણોને, તેવી શક્તિ હોવા છતાં, તેવી ઉપદ્રવ કરનાર વ્યક્તિઓ જ્યાં સુધી સંયમમાં વિશેષરૂપે વિઘ્નભૂત થઇ ન હોય ત્યાં સુધી, સામર્થ્ય હોવા છતાં તેઓની ઉપેક્ષા કરે છે; પરંતુ જ્યારે તેઓ તરફથી અસહ્ય ઉપદ્રવ પ્રાપ્ત થાય કે તેવી સંભાવના દેખાય તો, તેનો પ્રતીકાર અન્ય કોઇ ગૃહસ્થથી સંભવિત ન હોય ત્યારે, પોતાની તેવા પ્રકારની લબ્ધિથી તેનો નિગ્રહ કરે છે. તેથી અણગારીઓની પ્રભાવકતા કાદાચિત્ક છે.

અહીં વિશેષ એ છે કે, સરાગચારિત્રી, સંયમ પ્રત્યે સદા રાગને ધરાવે છે અને દુષ્કૃતો પ્રત્યે સદા દ્વેષ ધરાવે છે, પરંતુ શાસનના વિરોધી જીવો જ્યાં સુધી વિશેષરૂપે વિઘ્નનું કારણ ન બનતા હોય ત્યાં સુધી, તેના પ્રત્યે તેઓ ઉપેક્ષાભાવવાળા હોય છે. જ્યારે બીજો કોઇ ઉપાય ન હોય ત્યારે, કારણિક દ્વેષ દ્વારા, તે કંટકસ્થાનીય ઉપદ્રવ કરનારના ઉન્મૂલન માટેના યત્નવાળા હોય છે; કારણ કે મુખ્યરૂપે તેઓ ઉપશમભાવવાળા હોય છે; જ્યારે ગૃહસ્થો સંયમના અનુરાગી હોવાના કારણે, સંયમના વિઘ્નકારકનું નિવારણ કરવા સદા યત્નવાળા હોય છે. કેમ કે સંયમના વિઘ્નકારકનું નિવારણ કરવું તે ગૃહસ્થો માટે સદા કર્તવ્યરૂપ છે અને તેનાથી તેઓની વિશુદ્ધિ થાય છે. તેથી ગૃહસ્થ અને સાધુની પ્રભાવકતાનો ભેદ છે.

**ટીકાર્થ :-** **'उत्कृष्टश्रावकस्यापि'** - પૂર્વપક્ષી કહે કે ઉત્કૃષ્ટ શ્રાવકને પણ ગૌણધર્મના આલંબનપણા વડે અહીં અધિકાર નથી. (તો સાધુને તો કેવી રીતે હોઇ શકે?) તેને ગ્રંથકાર કહે છે- આ જ કારણથી તું દુરાગ્રહવાળો છે. તેમાં હેતુ કહે છે- ગૌણ હોવા છતાં પણ સ્વકૃતિસાધ્ય હોતે છતે, અન્યકૃતિથી અસાધ્ય કર્મના અધિકારીપણા વડે (તે ગૌણધર્મરૂપ વિધિ) વિશેષમાં વિશ્રામ પામે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જે શ્રાવક અત્યંત નિરવદ્ય ભાવપૂર્વક, જીવનનિર્વાહથી અતિરિક્ત સર્વસાવદ્યથી અત્યંત વિરામ પામેલો છે, તેવા ઉત્કૃષ્ટ શ્રાવકને પણ આ રીતે દ્વેષ કરીને શાસનના શત્રુઓને દૂર કરવાનો યત્ન ગૌણધર્મરૂપ હોવાના કારણે ઉચિત નથી, તો પછી સાધુને તો તે ઉચિત કેમ ગણાય? આ પ્રમાણે પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય છે. તેને ગ્રંથકાર કહે છે કે, આ જ કારણથી=કારણિક દ્વેષ સાધુની અપેક્ષાએ ગૌણધર્મવાળો છે, તે રીતે ઉત્કૃષ્ટશ્રાવકને પણ ગૌણધર્મરૂપ છે, આથી કરીને જ તું દુરાગ્રહવાળો થયો છે. અને તેમાં **'गौणत्वे**...થી ...**विश्रामात्**' સુધી હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, યદ્યપિ કારણિક દ્વેષ કરવો તે ઉત્કૃષ્ટ શ્રાવક અને સાધુ માટે ગૌણધર્મ છે, તો પણ તેવા પ્રકારના અનિવાર્ય સંયોગોમાં, અન્ય કોઇ તે કાર્ય કરી શકે નહિ અને પોતે કરી શકે તેમ છે, ત્યારે તે કર્મનું અધિકારીપણું સાધુમાં અને ઉત્કૃષ્ટ શ્રાવકમાં પ્રાપ્ત થાય છે. તેથી સામાન્ય રીતે તે કારણિક દ્વેષ સામાન્ય શ્રાવકો માટે વિહિત હોવા છતાં, વિશેષમાં વિશ્રામ પામે છે =ઉત્કૃષ્ટ શ્રાવક કે સાધુ માટે વિહિત બને છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, સાધુને માટે કારણિક દ્વેષ કર્તવ્ય બનવાને કારણે સંઘને ઉપકારક થાય છે, પરંતુ તેવા પ્રકારનો દ્વેષ સંયમની ભૂમિકામાં હીનતાને કરનારો હોવાથી, યતિને માટે હિતાવહ નહિ બને. તેથી બીજો હેતુ કહે છે -

**ટીકાર્થ :-** '**पुष्टालम्बनतया**' - (કારણિક દ્વેષમાં) પુષ્ટાલંબનપણું હોવાના કારણે યતિને હિત કરનારો છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પુષ્ટાલંબનથી કરાયેલો કારણિક દ્વેષ, જો તે વખતે તે યતિ નીચેના કંડકસ્થાનમાં વર્તતો હોય તો, સંઘના ઉપકારના પરિણામની બુદ્ધિ હોવાથી, અને તે ક્રિયામાં પુષ્ટાલંબનપણું હોવાથી, સંયમની વૃદ્ધિનું કારણ બને છે. અને કવચિત્ વિશુદ્ધ સંયમસ્થાનરૂપ ઉપરના કંડકમાં મુનિ વર્તતો હોય, અને તે પુષ્ટાલંબનાપણાથી કારણિક દ્વેષ કરે, ત્યારે તત્કાલ સંયમના નીચેના કંડકસ્થાનમાં આવવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો પણ, અન્યના સંયમના રક્ષણના આશયવાળો તે પરિણામ, અનુબંધથી પોતાના સંયમની વૃદ્ધિનું કારણ જ બને છે. તેથી જ કોઇ વખત તેવા પ્રસંગને પામીને સંસારનું પરિમિતિકરણ પણ તે મુનિને પ્રાપ્ત થાય છે. તેથી તે યતિના હિતને જ કરનાર છે.

**ઉત્થાન :-** અહીં કોઇને શંકા થાય કે, જો કારણિક દ્વેષ યતિના હિતને જ કરનારો છે, તો યતિએ તે દ્વેષ સદા કરવો જોઇએ. તેના નિવારણરૂપે કહે છે-

**ટીકાર્થ :-** '**यथाकथंचिद्**' યથાકથંચિદ્ અપવાદના સેવનને જ અમે હિતાવહ કહેતા નથી, પરંતુ પુષ્ટાલંબનને હિતાવહ કહીએ છીએ.

'**यदागमः**' - જે કારણથી આગમ છે- '**आलंबणेण**' - કોઇક આલંબન વડે જેઓ સંયમમાં પ્રમાદ કરે છે, તે ખરેખર પ્રમાણ નથી; પરંતુ ભૂતાર્થગવેષણ=તત્ત્વાર્થગવેષણ, કરવું જોઇએ, એમ હું માનું છું.

**ભાવાર્થ :-** '**यदागमः**'....જે સાક્ષીપાઠ આપ્યો તેનું તાત્પર્ય આ પ્રમાણે છે. પુષ્ટાલંબનને છોડીને મનથી કલ્પેલા કોઇક આલંબનને લઇને જેઓ અપવાદને સેવે છે, તેઓ સંયમમાં પ્રમાદ કરનારા છે, અને તેમના પ્રમાદને પોષક એવું અપવાદિક આલંબન ખરેખર પ્રમાણભૂત છે, એમ અમે માનતા નથી; પરંતુ વાસ્તવિક અપવાદનું સ્થાન છે કે નહિ, એ રૂપ સદ્ભૂત અર્થની ગવેષણા કરવી જોઇએ; અને તે પ્રમાણે જ ગવેષણા કરીને અપવાદનું અવલંબન લેવામાં આવે, તે જ અપવાદ પ્રમાણભૂત છે; અન્ય અપવાદ પ્રમાણભૂત નથી. આ પ્રમાણે સાક્ષીપાઠનો ભાવ જાણવો.

**ટીકા :-** '**तादृशापवादे प्रमादयोगेन प्राणव्यपरोपणरूपा हिंसा कथं न श्रामण्यविरोधिनी**'**ति चेत्? न, वर्जनपरिणत्योपायान्तरं चिन्तयतोऽपि तदभाव एवानुजिघृक्षया सङ्घोपकारपरायणस्योपयोगशुद्ध्या वस्तुतो योगदुष्प्रणिधानाभावादित्यन्यत्र विस्तरः।**

**ટીકાર્થ :-** **'तादृश'** તેવા પ્રકારના અપવાદમાં અર્થાત્ પૂર્વમાં કહ્યું કે, સુમંગલ સાધુએ સંયમના રક્ષણ માટે સિંહને જે તમાચા માર્યા, તેવા પ્રકારના અપવાદમાં, પ્રમાદયોગથી પ્રાણવ્યપરોપણરૂપ હિંસા કેવી રીતે શ્રામણ્ય વિરોધી નહિ થાય? અર્થાત્ થાય, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો સિદ્ધાંતકાર કહે છે કે, એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે-

**'वर्जनपरिणति'** - વર્જનપરિણતિથી અન્ય ઉપાયને ચિંતવતાં પણ, તેના અભાવમાં જ=ઉપાયાંતરના અભાવમાં જ, અનુજિઘૃક્ષાથી=અનુગ્રહ કરવાની ઇચ્છાથી, સંઘઉપકાર કરવા માટે પરાયણને, ઉપયોગની શુદ્ધિથી વસ્તુતઃ યોગદુષ્પ્રણિધાનનો અભાવ છે; એ પ્રમાણે અન્યત્ર વિસ્તાર છે.

**ભાવાર્થ :-** સુમંગલ સાધુએ જંગલમાં સાધુના સમુદાયના રક્ષણાર્થે સિંહને તમાચા માર્યા, ત્યારે તેઓ જાણતા હતા કે હું સહસ્રમલ છું અને મારા તમાચાથી સિંહ તત્કાળ મરી જશે. તેથી કંઇક હળવા હાથે સિંહને તમાચો માર્યો, તો પણ તે સિંહ આગળ જઇને મૃત્યુ પામે છે. ફરી બીજો સિંહ આવે છે ત્યારે તેમને ભ્રમ થાય છે કે, ફરી તે જ સિંહ આવ્યો છે, તેથી સહેજ વધારે બળથી તમાચો માર્યો. આ રીતે આખી રાત્રિમાં ચાર સિંહના પ્રાણ નાશ થયા. ત્યાં "આ તે સિંહ છે કે અન્ય સિંહ છે?" એ જાણવા માટે ઉપયુક્ત ન થયા, તે સુમંગલ સાધુનો અનાભોગથી થયેલો પ્રમાદ છે. અને તે જ રીતે અન્ય પણ કોઇક સૂક્ષ્મ અનાભોગથી થયેલ પ્રમાદ હોય, તે પ્રમાદને ગ્રહણ કરીને પૂર્વપક્ષી કહે છે કે, ત્યાં પ્રમાદયોગથી સિંહના પ્રાણવ્યપરોપણરૂપ હિંસા થઇ છે, તે સંયમની વિરોધી કેમ નથી? અર્થાત્ વિરોધી છે. તેને ગ્રંથકાર કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે હિંસાના વર્જનની પરિણતિથી, સાધુને સંયમરક્ષણ માટે અન્ય ઉપાયનું ચિંતવન કરતાં પણ, સિંહને તમાચો માર્યા સિવાય બીજો કોઇ ઉપાય નહિ હોવાને કારણે, અનુગ્રહ કરવાની ઇચ્છાથી, સંઘનો ઉપકાર કરવામાં પરાયણ એવા સુમંગલ સાધુને ઉપયોગની શુદ્ધિ વર્તે છે. તેથી અનાભોગકૃત કિંચિત્ પ્રમાદયોગ હોવા છતાં પણ, અને ત્યાં સિંહના પ્રાણવ્યપરોપણરૂપ હિંસા હોવા છતાં પણ, યોગદુષ્પ્રણિધાનનો અભાવ છે; અર્થાત્ કોઇ જીવની હિંસા કરવારૂપ મન-વચન અને કાયાના યોગોના દુષ્પ્રણિધાનનો અભાવ છે. માટે બાહ્ય રીતે હિંસા થવા છતાં, અંતરંગ પરિણતિથી સંઘના ઉપકારનો અધ્યવસાય હોવાથી, સંયમની મલિનતા થતી નથી.

❀ ગાથા-૧૬ની ટીકાના પ્રારંભથી અર્થાત્ **'रागद्वेषयोः.... योगदुष्प्रणिधानाभावात्'** આ આખા કથનથી એ પ્રાપ્ત થયું કે, રાગની જેમ દ્વેષ પણ પ્રશસ્ત હોઇ શકે છે. એ પ્રકારનું વર્ણન કર્યા પછી ગ્રંથકાર કહે છે કે, આ પ્રકારના વર્ણનનો વિસ્તાર અન્યત્ર શાસ્ત્રોમાં છે.

**ઉત્થાન :-** ગાથાના પૂર્વાર્દ્ધમાં બતાવ્યું કે શુભાશુભને ઉદ્દેશીને રાગ-દ્વેષની શુભાશુભતા છે. એ કથનની ટીકા...**'अन्यत्र विस्तरः।'** અહીં પૂરી થાય છે. હવે દિગંબર માને છે કે, વિષયની અપેક્ષાએ રાગ-દ્વેષનું પ્રશસ્ત-અપ્રશસ્તપણું છે. તેનું નિરાકરણ કરતાં **'यदि तु'**...થી ગાથાના ઉત્તરાર્દ્ધનો અર્થ કરે છે-

**ટીકા :- यदि तु स्वरूपतः प्रशस्तविषयालम्बनतयैव रागस्य प्राशस्त्यं द्वेषस्तु नैवमसंभवादित्युद्भाव्यते तर्हि प्राशस्त्याऽप्राशस्त्यरूपविषयविभाग एव विप्लवेत, उपेयेच्छाया वस्तुतो मोक्षालम्बनत्वेऽपि**

**विहारादीनां तदुपायेच्छालम्बनानां स्वरूपतोऽशुद्धत्वाद्। "विहितकर्मत्वेन प्राशस्त्यमि"ति चेत्? न, साधारण्येन पक्षपातानवकाशादस्माकमप्यत्रैव निर्भरात्, भोगनिमित्ततया चारित्रानुरागस्याऽभव्यानामपि संभवात्तद्व्यावृत्तप्राशस्त्याभिधानाय प्रशस्तोद्देशेनेत्यभिधानात्।**

**ટીકાર્થ :- 'यदि'** વળી સ્વરૂપથી પ્રશસ્ત વિષયના આલંબનપણા વડે જ રાગનું પ્રશસ્તપણું છે, વળી દ્વેષ એ પ્રમાણે નથી=દ્વેષનું પ્રશસ્તપણું નથી, કેમ કે અસંભવ છે; એ પ્રકારે જો ઉદ્‌ભાવન કરાય છે, તો પ્રાશસ્ત્ય-અપ્રાશસ્ત્યરૂપ વિષયવિભાગનો જ વિપ્લવ થશે. તેમાં હેતુ કહે છે-

**'उपेय'** ઉપેયની ઇચ્છાનું વસ્તુતઃ મોક્ષઆલંબનપણું હોવા છતાં પણ, વિહારાદિ તદુપાયની ઇચ્છાના આલંબનનું=મોક્ષના ઉપાયની ઇચ્છાના આલંબનનું સ્વરૂપથી અશુદ્ધપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે દિગંબર એમ માને છે કે, પ્રશસ્ત ઉદ્દેશથી રાગ-દ્વેષનું પ્રશસ્ત-અપ્રશસ્તપણું નથી, પરંતુ રાગના વિષયભૂત પદાર્થનું સ્વરૂપ જો પ્રશસ્ત હોય, તો તદ્વિષયક રાગ પ્રશસ્ત છે; જ્યારે દ્વેષનો વિષયભૂત પદાર્થ પ્રશસ્ત હોય તો પણ, ત્યાં પ્રશસ્ત દ્વેષનો સંભવ નથી; કેમ કે પ્રશસ્ત એવી ગુણસંપન્ન વ્યક્તિ પ્રત્યે દ્વેષ કરવો પ્રશસ્ત છે, એમ કહી શકાય નહિ. તેથી દ્વેષ એકાંતે અપ્રશસ્ત જ છે. આ રીતે દિગંબરની માન્યતાને સામે રાખીને તેનું નિરાકરણ કરતાં સિદ્ધાંતકાર કહે છે-

રાગના વિષયભૂત પદાર્થના પ્રાશસ્ત્યથી રાગનું પ્રાશસ્ત્ય કહેવા જશો, તો પ્રાશસ્ત્ય-અપ્રાશસ્ત્યના વિષયવિભાગનો જ વિપ્લવ થશે; કેમ કે ઉપેય એવું મોક્ષ છે, તેની ઇચ્છા વાસ્તવિક રીતે મોક્ષના આલંબનરૂપ છે, તેથી તે પ્રશસ્તરાગરૂપ કહી શકાશે; તો પણ મોક્ષના ઉપાયભૂત જે વિહારાદિ છે, તદ્વિષયક જે ઇચ્છા છે, તે અપ્રશસ્ત માનવી પડશે; કેમ કે વિહારની ક્રિયા વાઉકાયાદિની વિરાધનાનું કારણ હોવાથી સ્વરૂપથી અશુદ્ધ છે=અપ્રશસ્ત છે. તેથી શુભાશુભ ઉદ્દેશને આશ્રયીને પ્રશસ્ત-અપ્રશસ્તનો વિભાગ કરીએ તો, મોક્ષને ઉદ્દેશીને અથવા તો સંયમને ઉદ્દેશીને વિહાર કરવાની ઇચ્છા મુનિને હોય છે, તેથી વિહારની ઇચ્છા પ્રશસ્તરાગરૂપ બની શકશે; પરંતુ વિષયને આશ્રયીને રાગનું પ્રશસ્ત-અપ્રશસ્તપણું સ્વીકારશો, તો વિહારની ક્રિયા વાઉકાયાદિ જીવોની હિંસાને અનુકૂળ ક્રિયારૂપ હોવાથી સ્વરૂપથી અપ્રશસ્ત છે. તેથી સ્વરૂપથી અપ્રશસ્ત એવી વિહારવિષયક સાધુની ઇચ્છાને અપ્રશસ્ત કહેવાની દિગંબરને આપત્તિ આવશે.

**ઉત્થાન :-** પૂર્વમાં વિહારાદિ ક્રિયાને અપ્રશસ્ત માનવાની જે આપત્તિ છે, તેના નિવારણરૂપે પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :- 'विहित'** - (શાસ્ત્રમાં વિહારાદિ વિહિત હોવાના કારણે તેમાં વિહિતકર્મત્વ છે.) વિહિતકર્મપણું હોવાથી પ્રાશસ્ત્ય છે. તો ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે- સાધારણ્ય હોવાથી પક્ષપાતનો અનવકાશ છે અને અમે પણ અહીંયાં=વિહિતકર્મપણા વડે કરીને પ્રશસ્તપણું છે અહીંયાં, નિર્ભર છીએ=એમ જ માનીએ છીએ.

**ભાવાર્થ :-** "સાધારણ્ય હોવાથી પક્ષપાતનો અનવકાશ છે" તેમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, વિહિતકર્મત્વ જેમ વિહારાદિમાં છે, તેમ સુમંગલ સાધુ આદિનો અપવાદિક દ્વેષ છે, ત્યાં પણ વિહિતકર્મત્વ છે, અને ધર્મના ઉપકરણરૂપ વસ્ત્રાદિમાં પણ વિહિતકર્મત્વ છે; તેથી વિહિતકર્મત્વ સાધારણ હોવા છતાં એકને પ્રશસ્ત કહેવું અને એકને અપ્રશસ્ત કહેવું, એ જાતના પક્ષપાતનો અનવકાશ છે; તેથી અપવાદિક દ્વેષમાં પણ પ્રાશસ્ત્ય માનવું આવશ્યક બનશે. અને અમે પણ અહીંયાં જ નિર્ભર છીએ એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, અમે પણ એમ જ માનીએ છીએ. તેથી સુમંગલ સાધુ આદિ માટે અપવાદિક રીતે દ્વેષ વિહિતકર્મ હોવાથી પ્રશસ્ત જ છે, એમ જ કહીએ છીએ.

**ઉત્થાન :-** સિદ્ધાંતકારે કહ્યું કે, અમે પણ અહીંયાં જ નિર્ભર છીએ. એનાથી એ પ્રાપ્ત થયું કે, અમને પણ એ જ માન્ય છે કે, જે વિહિતકર્મ હોય તે કરીએ તો પ્રશસ્ત છે અને અવિહિતકર્મ કરીએ તો અપ્રશસ્ત છે. આમ કહ્યા પછી ત્યાં કોઇને શંકા થાય કે, પ્રસ્તુત ગાથાના પ્રારંભમાં રાગ-દ્વેષની પ્રશસ્તતા-અપ્રશસ્તતા સ્થાપન કરતી વખતે એમ કહ્યું કે, શુભ ઉદ્દેશથી રાગ પ્રશસ્ત છે અને અશુભ ઉદ્દેશથી રાગ અપ્રશસ્ત છે અને દ્વેષ તેનાથી વિપરીત છે તેમ કહ્યું; પરંતુ વિહિતકર્મપણાવડે કરીને પ્રાશસ્ત્ય અભિમત હોય, તો જે જે વિહિત છે તે તે કરવાની ઇચ્છા તે પ્રશસ્ત ઇચ્છા છે, અને જે જે અવિહિત છે તે તે કરવાની ઇચ્છા તે અપ્રશસ્ત ઇચ્છા છે, અને નિષિદ્ધ પ્રત્યે દ્વેષ છે તે પ્રશસ્ત છે, અને વિહિત પ્રત્યે દ્વેષ છે તે અપ્રશસ્ત છે, તેમ કેમ કહ્યું નહીં? તેથી ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** '**भोगनिमित्ततया**' - ભોગના નિમિત્તપણાથી ચારિત્રના અનુરાગનો અભવ્યને પણ સંભવ હોવાથી, તદ્વ્યાવૃત્ત પ્રાશસ્ત્યના અભિધાન માટે, પ્રશસ્ત ઉદ્દેશથી એ પ્રમાણે અભિધાન કરેલ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અભવ્યોને ચારિત્રનો અનુરાગ ચારિત્રના સ્વરૂપની રુચિથી થઇ શકતો નથી, પરંતુ ભોગપ્રાપ્તિના નિમિત્તથી ચારિત્રનો રાગ થાય છે. જેમ સંસારી જીવોને ભોગના નિમિત્તરૂપે ધનનો રાગ થઇ શકે છે, તેમ અભવ્યોને ચારિત્રનો રાગ થઇ શકે છે, પરંતુ તે પ્રશસ્ત રાગ નથી; કેમ કે અપ્રશસ્ત એવા ભોગના ઉદ્દેશથી તેને ચારિત્ર ઉપર રાગ છે, તેથી તેની વ્યાવૃત્તિ માટે પ્રશસ્ત ઉદ્દેશથી રાગ પ્રશસ્ત છે એમ કહેલ છે. તેથી મોક્ષના ઉદ્દેશથી અથવા ચારિત્રનું સ્વરૂપ જ પ્રશસ્ત છે, એવો બોધ થવાથી, જે ચારિત્ર ઉપર રાગ થાય તે જ પ્રશસ્ત છે; પણ અભવ્યનો ભોગપ્રાપ્તિના ઉદ્દેશથી થતો ચારિત્રનો રાગ પ્રશસ્ત નથી, એ બતાવવા માટે 'પ્રશસ્ત ઉદ્દેશ'થી કહેલ છે. અને વિહિતકર્મ હોવાથી સંયમના રાગને પ્રશસ્ત કહેવામાં આવે તો, સંયમ વિહિત છે અને વિહિત એવા સંયમ પ્રત્યે અભવ્યને રાગ છે, તેથી અભવ્યના સંયમના રાગને પ્રશસ્ત સ્વીકારવાની આપત્તિ આવે છે; તેના નિવારણ અર્થે પ્રશસ્ત ઉદ્દેશથી થતા રાગને પ્રશસ્ત કહેલ છે.

**ઉત્થાન :-** ગાથા ૧૧-૧૨માં પૂર્વપક્ષીએ સિદ્ધ કર્યું કે, વસ્ત્રાદિ ગ્રંથ જ છે, માટે સાધુને ઉત્સર્ગથી કે અપવાદથી વસ્ત્રાદિનું ગ્રહણ થઇ શકે નહિ. તેનું નિરાકરણ ગાથા/૧૩ થી ૧૬ સુધીમાં કર્યું. હવે '**तस्मात्**'....થી તેનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तस्माद्विहारादाविव धर्मोपकरणेऽनुरागस्य मोक्षानुरागप्रवृत्ततया नाऽप्रशस्तत्वमिति॥१६॥**

**ટીકાર્થ :- 'तस्मात्'** તે કારણથી =પ્રશસ્ત ઉદ્દેશથી થતો રાગ પ્રશસ્ત છે એમ પૂર્વે સિદ્ધ કર્યું તે કારણથી, વિહાર આદિની જેમ ધર્મોપકરણમાં અનુરાગનું, મોક્ષના અનુરાગથી પ્રવૃત્તપણું હોવાને કારણે અપ્રશસ્તપણું નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે વિહારાદિ ક્રિયા જેમ સ્વરૂપથી અપ્રશસ્ત છે, તેમ ધર્મોપકરણ પણ સ્વરૂપથી અપ્રશસ્ત છે. આમ છતાં સાધુને મોક્ષનો અનુરાગ હોય છે, તેથી મોક્ષના ઉપાયભૂત સ્વાધ્યાયાદિ પ્રવૃત્તિમાં અનુરાગ હોય છે, અને ધર્મોપકરણ સ્વાધ્યાયાદિના ઉપષ્ટંભક હોવાને કારણે, ધર્મોપકરણમાં પણ સાધુને સંયમના ઉપકરણરૂપે અનુરાગ હોય છે, તેથી જ ધર્મોપકરણના ગ્રહણમાં પ્રવૃત્તિ થાય છે; માટે ધર્મોપકરણના અનુરાગને પ્રશસ્તરૂપે જ સ્વીકારેલ છે. **॥૧૬॥**

**અવતરણિકા :- अथ रागद्वेषयोरेव स्वरूपं प्रसङ्गतो निक्षेपनयविभागेन पर्यालोचयति-**

**અવતરણિકાર્થ :-** હવે પ્રસંગથી નિક્ષેપ-નયના વિભાગ દ્વારા રાગ-દ્વેષના જ સ્વરૂપનું પર્યાલોચન કરે છે-

ગાથા :- **नामं ठवणा दविए रागो दोसो अ भावओ चउहा ।**
**कम्मं जोग्गं बद्धं बज्झान्तमुदीरणोवगयं ॥१७॥**

( नाम स्थापना द्रव्यं रागो द्वेषश्च भावतश्चतुर्धा । कर्म योग्यं बद्धं बध्यमानमुदीरणोपगतम् ॥१७॥ )

**ગાથાર્થ :- નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવથી રાગ અને દ્વેષ ચાર પ્રકારે છે. (તદ્વ્યતિરિક્ત દ્રવ્યરાગ બે પ્રકારનો છે- કર્મદ્રવ્યરાગ અને નોકર્મદ્રવ્યરાગ. તેમાં કર્મદ્રવ્યરાગના ચાર પ્રકાર બતાવે છે-)**
**(૧) યોગ્ય કર્મ (૨) બદ્ધ કર્મ (૩) બધ્યમાન કર્મ (૪) ઉદીરણાઉપગત કર્મ**

ગાથા :- **णोकम्मदव्वराओ णायव्वो वीससा पओगा य ।**
**सञ्झाइकुसुंभाई दोसो दुट्ठव्वणाईओ ॥१८॥**

( नोकर्मद्रव्यरागो ज्ञातव्यो विश्रसा प्रयोगाच्च । सान्ध्यादि कुसुम्भादिः द्वेषो दुष्टव्रणादिकः ॥१८॥ )

**ગાથાર્થ :- નોકર્મદ્રવ્યરાગ બે પ્રકારે છે, (૧) વિશ્રસા (૨) પ્રાયોગિક. સંધ્યાદિ(વિસ્રસા નોકર્મદ્રવ્યરાગ છે.) કુસુંભાદિ (પ્રયોગથી નોકર્મદ્રવ્યરાગ છે.) દુષ્ટવ્રણાદિક (નોકર્મદ્રવ્ય) દ્વેષ છે.**

ગાથા :- **जं रागदोसकम्मं समुइण्णं जे तओ अ परिणामा ।**
**ते भावरागदोसा वुच्छमिहं णयसमोआरं ॥१९॥**

( यद्रागद्वेषकर्म समुदीर्णं ये ततश्च परिणामाः । ते भावरागद्वेषाः वक्ष्य इह नयसमवतारम् ॥१९॥ )

ગાથાર્થ :- ઉદયમાં આવેલાં જે રાગ-દ્વેષરૂપ કર્મ અને તેનાથી થતા પરિણામો, તે બંને ભાવરાગદ્વેષ છે. અહીંયાં નયસમવતાર કહીશ.

ગાથા :- कोहो माणो दोसो माया लोभो अ रागपज्जाया ।
सङ्गहणयमयमेयं दोसो मायावि ववहारा ॥२०॥

( क्रोधो मानो द्वेषो माया लोभश्च रागपर्यायौ । सङ्ग्रहनयमतमेतत् द्वेषो मायापि व्यवहारात् ॥२०॥ )

ગાથાર્થ :- ક્રોધ અને માન, દ્વેષ છે; માયા અને લોભ, રાગના પર્યાયો છે. આ સંગ્રહનયનો મત છે. વ્યવહારનયથી માયા પણ દ્વેષરૂપ છે.

ગાથા :- उज्जुसुअस्स य कोहो दोसो सेसेसु णत्थि एगन्तो ।
कोहोच्चिय लोहोच्चिय माणो माया य सद्दस्स ॥२१॥

( ऋजुसूत्रनयस्य क्रोधो द्वेषः शेषेषु नास्त्येकान्तः । क्रोध एव लोभ एव मानो माया च शब्दस्य ॥२१॥ )

ગાથાર્થ :- અને ઋજુસૂત્રને ક્રોધ દ્વેષરૂપ છે અને બાકીનામાં અર્થાત્ માન, માયા અને લોભમાં એકાંત નથી. શબ્દનયને માન અને માયા, ક્રોધ અને લોભ જ છે.
(શબ્દનયના મતે ક્રોધ અને લોભ અર્થાત્ રાગ અને દ્વેષ બે જ વિભાગ છે.)

ટીકા :- नामस्थापनाज्ञशरीरभव्यशरीरद्रव्यरूपा रागद्वेषाः सुगमाः। तद्व्यतिरिक्तद्रव्यात्मा रागो द्वेषश्च द्वेधा- कर्मद्रव्यरूपो नोकर्मद्रव्यरूपश्च। तत्राद्यश्चतुर्धा-बन्धपरिणामाभिमुखा योग्यकर्मपुद्गलाः १ प्रारब्धबन्धक्रिया बध्यमानपुद्गलाः २ उपरतबन्धक्रिया बद्धकर्मपुद्गला ३ उदीरणाकरणेनोदीरणा-वलिकोपगता अद्याप्युदयानुऽपगताश्च ४ कर्मपुद्गला इति। नोकर्मद्रव्यरागस्तु सन्ध्याभ्ररागादिर्वैश्रसिकः, कुसुम्भरागादिश्च प्रायोगिक इति द्वेधा। नोकर्मद्रव्यद्वेषस्तु दुष्टव्रणादिरूपः। भावरागद्वेषौ तु उदयप्राप्ते तत्कर्मणी तदुदयोद्भूतावभिष्वङ्गाप्रीतिलक्षणौ जीवपरिणामौ वा, तत्राप्यभिष्वङ्गस्त्रेधा दृष्ट्यनुरागो, विषयानुरागः स्नेहानुरागश्चेति। तत्र प्रथमः कुप्रवचनाभिनिवेशो, द्वितीयस्तु शब्दादिविषयानुषङ्गः, तृतीयस्तु विषयाद्यनधीनोऽविनीतेष्वपि सुतबान्धवादिषु ममत्वपरिणाम इति।

❀ અહીં 'उदीरणाकरणेनोदीरणावलिकोपगता' પાઠ છે ત્યાં 'उदीरणाकरणेनोदयावलिकोपगता' પાઠ ભાસે છે.

ટીકાર્થ :- નામ, સ્થાપના, જ્ઞશરીર, ભવ્યશરીર, દ્રવ્યરૂપ રાગ-દ્વેષ સુગમ છે. તદ્વ્યતિરિક્ત દ્રવ્યરૂપ રાગ અને દ્વેષ બે પ્રકારે છે.

(૧) કર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત દ્રવ્યરાગ (૨) નોકર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત દ્રવ્યરાગ. તેમાં આદ્ય અર્થાત્ કર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત દ્રવ્યરાગ અને દ્વેષ ચાર પ્રકારે છે.

(૧) બંધપરિણામ અભિમુખ યોગ્ય કર્મપુદ્ગલો (૨) પ્રારબ્ધબંધક્રિયા બધ્યમાન પુદ્ગલો (૩) ઉપરતબંધક્રિયા બદ્ધકર્મ પુદ્ગલો (૪) ઉદીરણાકરણ વડે ઉદયાવલિકા ઉપગત એવાં અને હજુ પણ ઉદયને અનુપગત અર્થાત્ ઉદયમાં નહીં આવેલાં કર્મપુદ્ગલો.

**ભાવાર્થ :-** અહીં બંધપરિણામ અભિમુખ આદિ ચાર ભેદોમાં સર્વ કર્મનું ગ્રહણ કરવાનું નથી, પરંતુ રાગમોહનીય અને દ્વેષમોહનીયરૂપે પરિણામ પામનારાં કર્મોને, આ ચાર ભેદમાં ગ્રહણ કરવાનાં છે. અને તે જ કર્મદ્રવ્યરૂપ દ્રવ્યરાગ અને દ્રવ્યદ્વેષ છે.

**ટીકાર્થ :-** '**नोकर्मद्रव्यरागस्तु**' - વળી નોકર્મદ્રવ્યરાગ બે પ્રકારે છે.

(૧)સંધ્યા- અભ્રરાગ આદિ વૈશ્રસિક નોકર્મદ્રવ્યરાગ અને (૨) કુસુંભરાગ આદિ પ્રાયોગિક નોકર્મદ્રવ્યરાગ. એ પ્રમાણે બે પ્રકાર છે.

☞ અહીં નોકર્મદ્રવ્યરાગથી એ કહેવું છે કે, રાગના નિમિત્તભૂત એવા બાહ્યપદાર્થો એ નોકર્મદ્રવ્યરાગ છે.

'**नोकर्मद्रव्यद्वेषस्तु**' - વળી નોકર્મદ્રવ્યદ્વેષ દુષ્ટવ્રણાદિરૂપ છે.

'**भावरागद्वेषौ तु**' - વળી ભાવરાગ અને ભાવદ્વેષ ઉદયપ્રાપ્ત તત્કર્મ અથવા તેઓના ઉદયથી ઉદ્ભૂત અભિષ્વંગ (રાગ) અને અપ્રીતિ (દ્વેષ) લક્ષણ જીવપરિણામરૂપ છે.

'**तत्राप्यभिष्वङ्गस्त्रेधा**' - ત્યાં અર્થાત્ ભાવરાગ-દ્વેષમાં, અભિષ્વંગ (રાગ) ત્રણ પ્રકારનો છે-

(૧) દૃષ્ટિઅનુરાગ (૨) વિષયઅનુરાગ (૩) સ્નેહઅનુરાગ.

'**इति**' શબ્દ અનુરાગના ત્રણ ભેદના કથનની સમાપ્તિ સૂચક છે.

'**तत्र प्रथमः**' - ત્યાં અર્થાત્ ત્રણ અનુરાગમાં

(૧) કુપ્રવચનનો અભિનિવેશ તે દૃષ્ટિઅનુરાગ છે.

(૨) શબ્દાદિ વિષયનો અનુષંગ તે વિષયઅનુરાગ છે.

(૩) વિષયાદિને અનધીન અવિનીત પણ સુત-બાંધવાદિમાં મમત્વપરિણામ, તે સ્નેહઅનુરાગ છે.

'**इति**' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે રાગ અને દ્વેષના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપા છે.

(૧) **નામ રાગ-દ્વેષઃ-** ભરવાડનું રાગ કે દ્વેષ નામ, અથવા રાગ કે દ્વેષ રૂપ ઉચ્ચાર્યમાણ શબ્દ, કે રાગ કે દ્વેષ રૂપ લિખ્યમાન શબ્દ તે નામ રાગ-દ્વેષ છે.

(૨) **સ્થાપના રાગ-દ્વેષઃ-** રાગી કે દ્વેષી વ્યક્તિનું ચિત્ર, તે સ્થાપના રાગ-દ્વેષ છે. અહીં રાગ-દ્વેષવાળી વ્યક્તિનો અભેદ કરીને, રાગ-દ્વેષવાળી વ્યક્તિના ચિત્રને સ્થાપના રાગ-દ્વેષ કહેલ છે.

(૩) **દ્રવ્ય રાગ-દ્વેષઃ-** તેના (૧) આગમથી દ્રવ્ય રાગ-દ્વેષ અને
(૨) નોઆગમથી દ્રવ્ય રાગ-દ્વેષ. એમ બે પ્રકાર છે.

(૧) **આગમથી દ્રવ્ય રાગ-દ્વેષ :-** તદર્થનો જ્ઞાતા અર્થાત્ રાગ અને દ્વેષના અર્થનો જ્ઞાતા, અને તદર્થમાં અનુપયુક્ત અર્થાત્ રાગ અને દ્વેષના અર્થમાં અનુપયુક્ત હોય, તે આગમથી દ્રવ્ય રાગ-દ્વેષ કહેવાય.

(૨) **નોઆગમથી દ્રવ્ય રાગ-દ્વેષ :-** તેના (૧) જ્ઞશરીર,
(૨) ભવ્યશરીર અને
(૩) તદ્વ્યતિરિક્ત, એમ ત્રણ પ્રકાર છે.

(૧) **જ્ઞશરીરઃ-** રાગ અને દ્વેષનો પરિણામ જેને ભૂતકાળમાં હતો, અત્યારે નથી એવું મૃતકનું શરીર, અથવા વીતરાગનું શરીર કે જેમને ભૂતકાળમાં રાગ-દ્વેષ હતા, અત્યારે નથી તે નોઆગમથી જ્ઞશરીરરૂપ દ્રવ્ય રાગ-દ્વેષ કહેવાય.

(૨) **ભવ્યશરીરઃ-** રાગ-દ્વેષનો પરિણામ જેને હમણાં નથી, પણ ભવિષ્યમાં થવાનો છે, જેમ ઉપશાંત કષાયવાળાને હમણાં રાગ-દ્વેષ ઉપશાંત છે, ભવિષ્યમાં રાગ-દ્વેષ થશે, અથવા તે તે પ્રકારનો રાગ-દ્વેષ હમણાં નથી અને ભવિષ્યમાં જેને તે તે પ્રકારના રાગ-દ્વેષ થવાના છે, તેવી વ્યક્તિ નોઆગમથી ભવ્યશરીરરૂપ દ્રવ્ય રાગ-દ્વેષ કહેવાય.

(૩) **તદ્વ્યતિરિક્તઃ-** તેના બે પ્રકાર છે, (૧)કર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત રાગ-દ્વેષ અને
(૨)નોકર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત રાગ-દ્વેષ.

(૧)કર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત રાગ અને દ્વેષના ચાર પ્રકાર છે-
(૧) યોગ્યકર્મ (૨) બધ્યમાનકર્મ (૩) બદ્ધકર્મ (૪) ઉદીરણાઉપગતકર્મ

(૨) નોકર્મદ્રવ્યરૂપ તદ્વ્યતિરિક્ત રાગ અને દ્વેષના બે પ્રકાર છે-
(૧) વિશ્રસા (૨) પ્રાયોગિક

(૧) વિશ્રસાઃ- સંધ્યાઅભ્રરાગાદિ છે. (૨) પ્રાયોગિકઃ- કુસુંભાદિરાગ છે.

અહીં નોકર્મદ્રવ્યરાગ અર્થાત્ રાગના નિમિત્તભૂત બાહ્યપદાર્થો નોકર્મદ્રવ્યરાગ છે અને તેના ઉપરોક્ત બે પ્રકાર છે.

નોકર્મદ્રવ્યદ્વેષ દુષ્ટવ્રણ આદિ છે.

(૪) **ભાવ રાગ-દ્વેષઃ-**

(૧) આગમથી (૨)નોઆગમથી બે પ્રકારે છે.

(૧) **આગમથી ભાવ રાગ-દ્વેષઃ-** તદર્થનો જ્ઞાતા અને તદર્થમાં ઉપયુક્ત અર્થાત્ રાગ-દ્વેષના અર્થને જાણનારો અને રાગ અને દ્વેષના અર્થમાં ઉપયુક્ત, તે આગમથી ભાવ રાગ-દ્વેષ કહેવાય.

અત્યારે રાગ-દ્વેષનો પરિણામ ન પણ હોય છતાં રાગ-દ્વેષના તાત્પર્યમાં ઉપયુક્ત હોય તેવા મુનિને પણ આગમથી ભાવ રાગ-દ્વેષ કહેવાય.

(૨) **નોઆગમથી ભાવ રાગ-દ્વેષઃ-** ઉદયમાં આવેલાં રાગમોહનીય કર્મનાં પુદ્ગલો કે દ્વેષમોહનીય કર્મનાં પુદ્ગલો, અથવા તેઓના ઉદયથી થયેલ અભિષ્વંગરૂપ કે અપ્રીતિરૂપ જીવપરિણામ, તે નોઆગમથી ભાવ રાગ-દ્વેષ કહેવાય.

અભિષ્વંગના (૩) પ્રકાર છે.

(૧) દૃષ્ટિઅનુરાગ (૨) વિષયઅનુરાગ (૩) સ્નેહાનુરાગ.

અહીં પ્રસ્તુત ટીકામાં દ્રવ્યથી કે ભાવથી આગમના ભેદનો વિચાર કરેલ નથી, નોઆગમના દ્રવ્ય-ભાવ ભેદનો વિચાર કરેલ છે, તો પણ બોધ માટે ભાવાર્થમાં લખેલ છે.

**ટીકા :-,अथात्र नयविभागः प्रदर्श्यते-तत्र सङ्ग्रहनयस्तावदाह-क्रोधमानपरिणामावप्रीतिसामान्याद् द्वेषो, मायालोभौ त्वभिष्वङ्गसामान्याद्राग इति।**

**ટીકાર્થ:-** **'अथ'** હવે અહીં રાગ-દ્વેષમાં સ્વરૂપમાં નયવિભાગ દેખાડાય છે-

**'तत्र सङ्ग्रहनयः'** - ત્યાં અર્થાત્ નયવિભાગમાં સંગ્રહનય કહે છે-

અપ્રીતિ સામાન્ય હોવાથી ક્રોધ-માન પરિણામ દ્વેષરૂપ છે અને અભિષ્વંગ સામાન્ય હોવાથી માયા અને લોભ રાગરૂપ છે.

**'इति'** શબ્દ સંગ્રહનયના કથનની સમાપ્તિસૂચક છે.

**ટીકા :- व्यवहारस्त्वाह-मायापि परोपघाताय प्रयुज्यमानत्वात् द्वेष एव, रागस्तु न्यायोपात्तवित्तादिषु मूर्च्छापरिणाम एव, अन्यायोपात्ते तु मायादिकषायस्य संभवात्। तथा च परोपजिघांसाहेतुत्वं द्वेषत्वं, मूर्च्छाहेतुत्वं रागत्वमिति फलितम्।**

**ટીકાર્થ :-** **'व्यवहारः'** વળી વ્યવહારનય કહે છે- માયા પણ દ્વેષ જ છે, કેમ કે પર ઉપઘાત માટે પ્રયુજ્યમાન છે.

**'रागस्तु'** - વળી ન્યાયઉપાત્ત વિત્તાદિમાં રાગ એ મૂર્છાપરિણામ જ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે અન્યાયઉપાત્ત વિત્તાદિમાં મૂર્છાપરિણામ તે શું રાગ નથી? તેથી કહે છે-

**'अन्यायोपात्ते तु'** - કેમ કે અન્યાયથી ઉપાત્તમાં અર્થાત્ ગ્રહણ કરાયેલમાં, માયાદિ કષાયનો સંભવ છે.

**'तथा च'** - અને તે પ્રકારે અર્થાત્ વ્યવહારનયે પૂર્વમાં વિભાગ બતાવ્યો તે પ્રકારે, દ્વેષત્વ પરોપજિઘાંસાહેતુત્વરૂપ છે અને રાગત્વ મૂર્છાહેતુત્વરૂપ છે, એ પ્રમાણે ફલિત થયું.

**ભાવાર્થ :-** **'रागस्तु'** - ન્યાયથી ગ્રહણ કરાયેલ ધનાદિમાં મૂર્ચ્છા પરિણામ જ રાગ છે, કેમ કે અન્યાયથી ગ્રહણ કરાયેલ વિત્તાદિમાં માયાદિ કષાયનો સંભવ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, વ્યવહારનય શિષ્ટપુરુષોને માન્ય એવા વ્યવહારને આશ્રયીને વિભાગ કરે છે. તેથી ન્યાયથી ગ્રહણ કરેલ ધનાદિમાં જીવને સ્વત્વની બુદ્ધિ થાય છે તે રાગરૂપ છે, પરંતુ અન્યાયથી ગ્રહણ કરેલ ધનાદિમાં યદ્યપિ મૂર્ચ્છાનો પરિણામ વર્તતો હોય છે, તો પણ તે વ્યક્તિને સતત રાજ્યાદિનો ભય વર્તતો હોય છે, તેથી જ તે વ્યક્તિ પોતાની સંપત્તિ અન્યાયથી ગ્રહણ કરેલ નથી એ રીતે બધાને દેખાડવા માટે, અથવા પોતે ન્યાયપૂર્વક જ પ્રવૃત્તિ કરે છે એમ દેખાડવા માટે, માયાદિ કષાયના ઉપયોગમાં જ બહુલતાએ વર્તતો હોય છે. તેથી કહ્યું કે, અન્યાયથી ગ્રહણ કરેલ ધનાદિમાં માયાનો

સંભવ હોવાથી, અન્યાયથી ગ્રહણ કરેલ ધનમાં મૂર્ચ્છાને ગ્રહણ કરીને ભાવ રાગમાં અંતર્ભાવ નહીં કરી શકાય, પરંતુ ઉપયોગાત્મક માયાના પરિણામને પ્રધાન કરીને દ્વેષમાં અંતર્ભાવ થશે.

**ટીકા :- ऋजुसूत्रस्तु सूत्रयति क्रोधस्तावदप्रीत्यात्मकत्वाद् द्वेषः, शेषाणां तु नैकान्ततो रागत्वं द्वेषत्वं वा, यतः सांप्रतग्राही स न क्रमिकमुपयोगद्वयं तुल्यवत्स्वीकुरुते, तथा च तस्य न समुच्चयवादः, किंतु स्वगुणाभिष्वङ्गपरिणतिसमये मानो रागः परगुणद्वेषोपयोगकाले च स द्वेषः, मायालोभावपि परोपघातोपयोगसमये द्वेषरूपौ, मूर्च्छोपयोगसमये तु रागरूपाविति।**

**ટીકાર્થ :- 'ऋजुसूत्रः'** ઋજુસૂત્રનય કહે છે- ક્રોધ અપ્રીતિસ્વરૂપ હોવાથી દ્વેષ છે અને બાકીના અર્થાત્ માન, માયા અને લોભનું એકાંતથી રાગપણું કે દ્વેષપણું નથી, જે કારણથી સાંપ્રતગ્રાહી તે =ઋજુસૂત્રનય, ક્રમિક ઉપયોગદ્વયને તુલ્યવત્ સ્વીકારતો નથી અને તે પ્રમાણે તેનો =ઋજુસૂત્રનયનો, સમુચ્ચયવાદ નથી.

**'किंतु'** - પરંતુ સ્વગુણઅભિષ્વંગપરિણતિ સમયે માન રાગ છે અને પરગુણદ્વેષરૂપ ઉપયોગકાલમાં તે અર્થાત્ માન, દ્વેષ છે. માયા અને લોભ પણ પરોપઘાતઉપયોગ સમયે દ્વેષરૂપ છે અને વળી મૂર્છાઉપયોગ સમયે રાગરૂપ છે.

**'इति'** શબ્દ ઋજૂસૂત્રનયના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ:- 'ऋजुसूत्रस्तु'** - ઋજુસૂત્રનય કહે છે કે ક્રોધ અપ્રીત્યાત્મક હોવાના કારણે દ્વેષ છે અને માન-માયા-લોભનું એકાંતે રાગ કે દ્વેષપણું નથી, જે કારણથી ઋજુસૂત્રનય સાંપ્રતગ્રાહી=વર્તમાનગ્રાહી, છે, તેથી ક્રમિક ઉપયોગદ્વયને તુલ્યવત્ સ્વીકારતો નથી અને તે રીતે તેનો સમુચ્ચયવાદ નથી એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનય વર્તમાન ક્ષણના પદાર્થને ગ્રહણ કરનારો છે, તેથી માનકષાયનો ઉપયોગ જ્યારે સ્વગુણના અભિષ્વંગની પરિણતિવાળો હોય છે, તે વખતે તેને રાગરૂપે કહે છે; અને પરગુણના દ્વેષના ઉપયોગવાળો હોય, ત્યારે તેને દ્વેષરૂપે કહે છે. પરંતુ તે બન્ને ક્રમિક ઉપયોગો છે, તેને એક કરીને જે ઉપયોગ માનકષાયમાં પ્રધાનરૂપે સંભવે છે, તેને ગ્રહણ કરીને તેમાં અંતર્ભાવ કરવા ઋજુસૂત્રનય યત્ન કરતો નથી.

જેમ વ્યવહારનય માનકષાયનો દ્વેષમાં અંતર્ભાવ કરે છે, તેનું કારણ, માનવાળી વ્યક્તિ પારકાના ગુણને સહન કરી શકતી નથી તે છે; તેથી તેની મુખ્યરૂપે વિવક્ષા કરીને, ક્વચિત્ અભિષ્વંગવાળા માનકષાયનો સમુચ્ચય કરીને, માનકષાયનો દ્વેષમાં અંતર્ભાવ કરે છે; કેમ કે માનકષાયના ઉપયોગમાં પરગુણની અસહિષ્ણુતાનો ઉપયોગ બહુલતાએ વર્તતો હોય છે, તેથી તેની અપેક્ષાએ આખા માનકષાયનો સમુચ્ચય કરીને દ્વેષરૂપે તેનું વિધાન કરે છે. જ્યારે ઋજુસૂત્રનયને તે સમુચ્ચયવાદ માન્ય નથી, કેમ કે ક્રમિક ઉપયોગદ્વયને એકરૂપે તે સ્વીકારતો નથી. તેથી અભિષ્વંગરૂપ પરિણામ હોય ત્યારે રાગમાં અંતર્ભાવ કરે છે અને પરગુણના દ્વેષનો પરિણામ હોય ત્યારે દ્વેષમાં સમાવેશ કરે છે. તે જ રીતે માયા અને લોભમાં પણ સમજી લેવું.

**ટીકા :- शब्दनयास्तु सङ्गिरन्ते-मानमाययोः स्वगुणोपकारव्यापारपरिणामा लोभांशा एव, परोपघात-परिणामाश्च क्रोधांशा एवेति क्रोधलोभावेव रागद्वेषौ पर्यवस्यत इति।**

**ટીકાર્થ :- 'शब्दनयाः'** શબ્દનયો કહે છે - સ્વગુણઉપકારવ્યાપારના પરિણામરૂપ માન અને માયા લોભાંશ જ છે અને પરોપઘાતપરિણામરૂપ માન અને માયા ક્રોધાંશ જ છે. એ પ્રમાણે ક્રોધ અને લોભ (અનુક્રમે) દ્વેષ અને રાગમાં પર્યવસાન પામે છે.

**ભાવાર્થ :- ઋજુસૂત્ર** સુધીના નયો રાગ અને દ્વેષમાં ક્રોધાદિ ચાર કષાયોનો જુદી જુદી રીતે અંતર્ભાવ કરે છે, જ્યારે શબ્દાદિ નયો રાગ અને દ્વેષમાં ચાર કષાયોનો અંતર્ભાવ કરતા નથી; પરંતુ ક્રોધને દ્વેષરૂપે અને લોભને રાગરૂપે સ્વીકારે છે, અને માન-માયા પોતાના ઉપકાર માટે જ્યારે પ્રવર્તતા હોય, અર્થાત્ પોતાના ધનપ્રાપ્તિ આદિ કોઇ ઉપકાર માટે પ્રવર્તતા હોય ત્યારે લોભાંશરૂપે જ સ્વીકારે છે; અને બીજાના ઉપઘાત માટે પ્રવર્તતા હોય ત્યારે ક્રોધરૂપે જ સ્વીકારે છે. તેથી શબ્દનયના મતે ક્રોધ કહો કે દ્વેષ કહો તે એક જ છે અને લોભ કહો કે રાગ કહો તે એક જ છે. તેને છોડીને બીજા કોઇ કષાયોને તે માનતો નથી.

**ટીકા :- इदं च कषायमाश्रित्योक्तम् नोकषाये तु वेदत्रयं हास्यरती च रागोऽरतिशोकभयजुगुप्साश्च द्वेष इति ध्येयम्।**

**ટીકાર્થ :- 'इदं च'** અને આ નયવિભાગ કષાયને આશ્રયીને કહેવાયો. વળી નોકષાયને આશ્રયીને વેદ ત્રણ અર્થાત્ સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ અને હાસ્ય-રતિ એ રાગ છે અને અરતિ-શોક-ભય-જુગુપ્સા એ દ્વેષ છે, એ પ્રમાણે જાણવું.

**ટીકા :- परेषां पुनरियमपि परिभाषा-'शुद्धनिश्चयनयेन तावन्नास्त्येवात्मनो रागो द्वेषो वा, अशुद्धनिश्चयनयेन तु मूर्च्छापरिणामो रागः संक्लेश-विशुद्धिभ्यां द्विधाकृतस्वरूपः, संक्लेशैकरूप एव चाप्रीतिपरिणामो द्वेषः, अनुपचरिताऽसद्भूतव्यवहारनयेन च पौद्गलिके रागद्वेषकर्मणी, उपचरितासद्भूतव्यवहारनयेन च बाह्यः कुसुम्भादिराग इति'।**

**ટીકાર્થ :- 'परेषां'** પરની=દિગંબરની, વળી આ પણ પરિભાષા છે; અર્થાત્ પૂર્વની પરિભાષા તો તેમને ઈષ્ટ છે, પરંતુ આ પ્રકારની બીજી પણ પરિભાષા છે - શુદ્ધ નિશ્ચયનયથી આત્માને રાગ-દ્વેષ નથી અને અશુદ્ધ નિશ્ચયનયથી આત્માનો મૂર્ચ્છા પરિણામ છે તે રાગ છે, અને (તે રાગ) સંક્લેશ અને વિશુદ્ધિ દ્વારા બે પ્રકારનો છે.(આ કથન સ્વપક્ષને પણ માન્ય છે). કેવલ સંક્લેશ એકરૂપ જ અપ્રીતિપરિણામવાળો દ્વેષ છે. ( આ કથન સ્વસિદ્ધાંત પ્રમાણે અમાન્ય છે, કેમ કે દ્વેષ પણ પ્રશસ્ત અને અપ્રશસ્તસ્વરૂપ છે.) અને અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી પુદ્ગલાત્મક રાગ-દ્વેષ કર્મો છે, અને ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી બાહ્ય એવા કુસુંભાદિનો રાગ= રક્તપરિણામ, તે રાગ છે.

**ભાવાર્થ :-** શુદ્ધ નિશ્ચયનય આત્માના શુદ્ધ પરિણામને ગ્રહણ કરે છે, તેથી સંસારી જીવોને પણ સિદ્ધસ્વરૂપે જ માને છે, તેથી રાગ-દ્વેષને આત્માના પરિણામરૂપે શુદ્ધ નિશ્ચયનય સ્વીકારતો નથી.

અશુદ્ધ નિશ્ચયનય આત્માના પરિણામરૂપ રાગ-દ્વેષને સ્વીકારે છે અને વ્યવહારનય આત્માના પરિણામરૂપ રાગ-દ્વેષને સ્વીકારે છે તેમ જ રાગ-દ્વેષના નિષ્પાદક એવા રાગમોહનીયકર્મ અને દ્વેષમોહનીયકર્મને પણ તે રાગ-દ્વેષરૂપે સ્વીકારે છે.

અહીં અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય રાગમોહનીયકર્મ અને દ્વેષમોહનીયકર્મને રાગ-દ્વેષરૂપે સ્વીકારે છે એમ કહ્યું, તેનો આશય એ છે કે રાગમોહનીયકર્મ અને દ્વેષમોહનીયકર્મ આત્મા સાથે એકમેક થયેલા કર્મપુદ્ગલો છે, તો પણ તે આત્મારૂપ નથી પરંતુ આત્માના રાગ-દ્વેષમાં નિમિત્તકારણરૂપ છે; અને રાગ-દ્વેષના કારણને પણ તે નય રાગ-દ્વેષરૂપ કહે છે, તેથી તે અસદ્ભૂત છે; અને રાગ-દ્વેષરૂપ કર્મ આત્મા સાથે કથંચિત્ એકત્વને પામેલ છે, તેથી તે અસદ્ભૂતવ્યવહારનય અનુપચરિત છે. અને કુસુંભાદિ પુષ્પોમાં વર્તતો જે રક્તરૂપ પરિણામ, તે રાગની ઉત્પત્તિનું બાહ્ય કારણ છે, તેને ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય રાગ-દ્વેષરૂપે સ્વીકારે છે; કેમ કે તે પુદ્ગલો આત્માથી તદ્દન જુદા છે, તો પણ રાગનું નિમિત્ત હોવાથી ઉપચાર કરીને તેને રાગરૂપે કહે છે, અને કુસુંભનો પરિણામ આત્માનો પરિણામ નથી, તેથી અસદ્ભૂતવ્યવહારનય તેને રાગરૂપે કહે છે.

**ટીકા :- नन्वेवं राग उपघातपरिणामाङ्गीकृतद्वेषवेषः सङ्क्लिश्यतां विशुद्ध्यतु चानुग्रहपरिणामप्रकटीकृतस्वस्वरूपो, न तु क्रोधैकरूपो द्वेषोऽपि, तस्यानुग्रहार्थत्वे द्वैविध्यप्रसङ्गादिति चेत्? प्रवचनाभिप्रायानभिज्ञोऽसि, एकैकव्यभिचारकाल एव ऋजुसूत्रभजनाप्रवृत्तेरभिष्वङ्गरूपरागांशस्यापि स्वतोऽविशुद्धत्वात्, अन्यथा तस्य द्वैविध्यविलोपप्रसङ्गात्, परापेक्षायाश्चोभयत्र तुल्यत्वात्, फलत उपघातात्मकताया निश्चयतो द्वयोरपि तुल्यत्वात्, उपकारानतुबन्ध्युपघातपरिणामत्वस्य च दुष्कृतानुतापादावसिद्धत्वादिति दिक्॥१७॥१८॥१९॥२०॥२१॥**

**ટીકાર્થ :- 'नन्वेवं'** પૂર્વપક્ષીનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, આ રીતે=અશુદ્ધ નિશ્ચયનયથી રાગ બે પ્રકારનો છે અને દ્વેષ એક જ પ્રકારનો છે એ પ્રકારે પૂર્વમાં પરિભાષા કરી એ રીતે, તું એ કહેવા માંગે છે કે, ઉપઘાત પરિણામના કારણે અંગીકાર કરેલ છે દ્વેષનો વેષ જેણે એવો રાગ સંક્લેશરૂપ હો, અને અનુગ્રહ પરિણામથી પ્રગટ કર્યું છે સ્વસ્વરૂપ જેણે એવો રાગ વિશુદ્ધ હો, પરંતુ ક્રોધએકરૂપ દ્વેષ નહિ;=પણ ક્રોધએકરૂપ દ્વેષ, સંક્લેશ અને વિશુદ્ધિરૂપ બે પ્રકારનો નથી; કેમ કે તેનું=દ્વેષનું, અનુગ્રહાર્થપણું હોતે છતે દ્વૈવિધ્યનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**'प्रवचन'** - તું પ્રવચનના અભિપ્રાયને જાણતો નથી. (જેથી કરીને દ્વેષના દ્વૈવિધ્યને સ્વીકારતો નથી). તેમાં હેતુ કહે છે-

**'एकैक'** - એકેકના વ્યભિચાર કાલમાં જ=રાગ અને દ્વેષ બંનેના વ્યભિચાર કાલમાં જ, ઋજુસૂત્રની ભજનાની પ્રવૃત્તિ હોવાથી અભિષ્વંગરૂપ રાગાંશનું પણ સ્વતઃ અવિશુદ્ધપણું છે, અન્યથા=અભિષ્વંગરૂપ રાગાંશનું સ્વતઃ અવિશુદ્ધપણું માનવામાં ન આવે તો, તેના=રાગના, દ્વૈવિધ્યના વિલોપનો પ્રસંગ આવે છે, અને પર અપેક્ષાનું ઉભયમાં=રાગદ્વેષ ઉભયમાં, તુલ્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીને એ કહેવું છે કે, ખરેખર રાગ જ્યાં વર્તે છે, ત્યાં અનુગ્રહ કરવાનો પરિણામ થાય છે; તેથી રાગ જ્યારે પોતાના આત્માને અનુગ્રહ કરવાના પરિણામવાળો હોય છે, ત્યારે અનુગ્રહપરિણામથી પ્રગટિત કરાયેલ સ્વસ્વરૂપવાળો હોય છે=રાગનું જે સ્વસ્વરૂપ કે અનુગ્રહ કરવો તે પ્રગટ હોય છે, તેથી તે વિશુદ્ધિરૂપ છે; કેમ કે જ્યારે પોતાના આત્માને અનુગ્રહ કરનારો રાગ હોય, ત્યારે તે સંયમના રાગસ્વરૂપ જ હોઈ શકે, તેથી તે વિશુદ્ધિરૂપ છે; અને જ્યારે તે રાગ પુદ્ગલના વિષયમાં પ્રવર્તે છે, ત્યારે વાસ્તવિક રીતે તે રાગ આત્માને ઉપઘાત કરનારો છે, કેમ કે ચિત્તમાં સંક્લેશ પેદા કરીને કર્મબંધનું કારણ બને છે; તેથી ઉપઘાત પરિણામવડે અંગીકાર કર્યો છે ઉપઘાતરૂપ દ્વેષનો વેષ જેણે એવો તે રાગ છે અને તે સંક્લેશરૂપ છે; પરંતુ દ્વેષ તો ક્રોધએકસ્વરૂપ હોવાના કારણે તેના બે ભેદ નથી, કેમ કે દ્વેષનો રાગની જેમ આત્માને અનુગ્રહ કરવાનો સ્વભાવ હોય તો તેના બે ભેદ માનવાનો પ્રસંગ આવે, પરંતુ દિગંબરોના સિદ્ધાંત પ્રમાણે પ્રવચનસારગ્રંથમાં દ્વેષને એકરૂપ કહેલ છે, તેથી દ્વેષ અનુગ્રહ કરવાના સ્વભાવવાળો નથી, એ પ્રમાણે પૂર્વપક્ષીનું કહેવું છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે કહ્યું કે, તું પ્રવચનના અભિપ્રાયને જાણતો નથી. અને તેમાં હેતુ કહ્યો કે, **'एकैक...ऽविशुद्धत्वात्' 'अन्यथा.... द्वैविध्यविलोपप्रसङ्गात्,'** તેનું તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનય રાગ અને દ્વેષની ભજનાની પ્રવૃત્તિ =શુદ્ધ અને અશુદ્ધરૂપ ભજનાની પ્રવૃત્તિ, ત્યારે જ કરે છે જ્યારે રાગ પોતાનું કાર્ય કરવામાં વ્યભિચારી બને.=રાગનું કાર્ય અભિષ્વંગરૂપ પરિણામ હોવાના કારણે આત્માને મલિન કરવાનું છે, પરંતુ જ્યારે તે અભિષ્વંગરૂપ રાગ આત્મગુણવિષયક બને છે, ત્યારે તે રાગ આત્માને મલિન કરવા સમર્થ થતો નથી, તેથી તે તેનો વ્યભિચારકાલ છે=પોતાનું કાર્ય કરવા પ્રત્યે તે વ્યભિચારી છે, તેથી તે રાગનો વ્યભિચારકાલ છે. તે વખતે ઋજુસૂત્રનય અશુદ્ધ એવા રાગને પણ શુદ્ધરૂપે કહી ભજના કરે છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે, અભિષ્વંગરૂપ રાગ તો સ્વતઃ અવિશુદ્ધ જ છે, પરંતુ વ્યભિચારકાલમાં જ તે વિશુદ્ધ કહેવાય છે; કેમ કે આત્માના ગુણોની પ્રાપ્તિરૂપ ફલની અપેક્ષાએ તે રાગમાં વિશુદ્ધપણું છે. અને ઋજુસૂત્રની આવી ભજના એટલા માટે છે કે, તે વર્તમાનક્ષણગ્રાહી છે. તેથી જે ક્ષણમાં રાગ ફલથી અવિશુદ્ધિને કરનાર હોય છે, તેના કરતાં ભિન્ન ક્ષણવર્તી જે રાગ ફલથી ગુણની નિષ્પત્તિનું કારણ હોય છે, તેને જુદો કરે છે, અને તેની અપેક્ષાએ ભજનાની પ્રવૃત્તિ કરે છે. અને આવું ન માનીએ તો રાગના દ્વૈવિધ્યના વિલોપનો પ્રસંગ પ્રાપ્ત થાય. કેમ કે સ્વરૂપથી જે રાગ ખરાબ છે અને ફલથી જે રાગ સારો છે તેને જ ફલની અપેક્ષાએ જે ખરાબ છે તેનાથી જુદો કરેલ છે; અને તેને આશ્રયીને રાગના દ્વૈવિધ્યની પ્રાપ્તિ છે. આથી રાગની જેમ દ્વેષનું પણ ફલની અપેક્ષાએ દ્વૈવિધ્ય માનવું જરૂરી છે, કેમ કે પરની અપેક્ષાએ પ્રશસ્ત-અપ્રશસ્તપણું રાગ-દ્વેષ બંનેમાં તુલ્ય છે. કહેવાનો ભાવ એ છે કે રાગ સ્વરૂપથી અશુદ્ધ હોવા છતાં શુભ ઉદ્દેશથી શુભ અને અશુભ ઉદ્દેશથી અશુભ છે, ત્યાં જેમ પરની અપેક્ષા છે, તેમ દ્વેષમાં પણ પરની અપેક્ષાએ પ્રશસ્ત-અપ્રશસ્તપણું સમાન છે; કેમ કે અશુભ ઉદ્દેશને ઉદ્દેશીને દ્વેષ પ્રશસ્ત છે અને શુભ ઉદ્દેશને ઉદ્દેશીને દ્વેષ અપ્રશસ્ત છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, દ્વેષનો પરિણામ કાલુષ્યરૂપ હોવાના કારણે આત્માના ગુણોને ઉપઘાત કરનાર હોવાથી ફળથી અપ્રશસ્ત છે, તેથી તેના બે ભેદ કેવી રીતે થાય? અર્થાત્ ન થાય. તેથી ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** **'फलतः'** - ફલથી ઉપઘાતાત્મકતાનું નિશ્ચયનયથી=નિશ્ચયનયને આશ્રયીને, બંનેમાં પણ તુલ્યપણું છે =રાગ-દ્વેષ બંનેમાં પણ તુલ્યપણું છે, અને ઉપકારઅનનુબંધી ઉપઘાતપરિણામનું દુષ્કૃત અનુતાપાદિમાં અસિદ્ધપણું છે. એ પ્રમાણે દિશાસૂચન છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે જેમ દ્વેષ કાલુષ્યપરિણામવાળો છે, તેમ રાગ પણ આત્માના અસ્વભાવભૂત પરિણામરૂપ હોવાના કારણે કાલુષ્યરૂપ છે. તેથી આત્માના સ્વરૂપને ઉપઘાત કરવારૂપ કાર્ય બંનેમાં=રાગ અને દ્વેષ બંનેમાં, નિશ્ચયનયથી સમાન છે. તેના નિવારણરૂપે પૂર્વપક્ષી કહે છે કે, રાગમાં આત્માના સ્વરૂપને ઉપઘાત કરવાનો પરિણામ છે, પરંતુ જ્યારે રાગ પ્રશસ્ત ભાવવાળો હોય છે, ત્યારે ઉપકારઅનુબંધી તે ઉપઘાત પરિણામ છે; કેમ કે તે સંયમ પ્રત્યેનો રાગ હોવાથી સંયમના પરિણામની નિષ્પત્તિ કરનારો તે રાગનો પરિણામ છે, તેથી તે ઉપકારઅનુબંધી એવો ઉપઘાતનો પરિણામ છે, તેથી તે પ્રશસ્ત કહેવાય છે; જ્યારે દ્વેષમાં ઉપકાર-અનનુબંધી-ઉપઘાત પરિણામ છે, તેથી તેના બે ભેદ ન થાય એમ પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે ઉપકાર-અનનુબંધી-ઉપઘાત પરિણામનું દુષ્કૃતઅનુતાપાદિમાં અસિદ્ધપણું છે, કેમ કે દુષ્કૃતના અનુતાપને કારણે જીવમાંથી ધીરે ધીરે દુષ્કૃતના સંસ્કારો નાશ પામે છે, તેથી દ્વેષનો પરિણામ ગુણની પ્રાપ્તિરૂપ ઉપકાર ફલવાળો છે. આ પ્રમાણે દિશાસૂચન કરેલ છે. **॥૧૭॥૧૮॥૧૯॥૨૦॥૨૧॥**

**અવતરણિકા :-** **अथ निश्चयतो रागद्वेषयोः परद्रव्यप्रवृत्तिजन्यजनकभावो नास्तीत्युपदिशति-**

**અવતરણિકાર્થ :-** ગાથા-૧૨ માં કહેલ કે, પ્રતિષિદ્ધનું સેવન અપવાદ નથી પણ સ્પષ્ટ અનાચાર છે; તેથી વસ્ત્રાદિ ગ્રંથ ઉત્સર્ગ નથી અને અપવાદ પણ નથી માટે સર્વથા વર્જ્ય છે; તેનું નિરાકરણ ગાથા-૧૩ આદિમાં કર્યું. હવે તેના વિશેષ નિરાકરણ માટે કહે છે કે, નિશ્ચયનયથી રાગ-દ્વેષમાં પરદ્રવ્યની પ્રવૃત્તિનો જન્ય-જનકભાવ નથી, એ પ્રમાણે ઉપદેશ આપે છે=રાગ-દ્વેષ પરદ્રવ્યની પ્રવૃત્તિથી જન્ય નથી અને પરદ્રવ્યની પ્રવૃત્તિના જનક નથી, એ પ્રકારે બતાવે છે-

**ગાથા :-** **परदव्वम्मि पवित्ती ण मोहजणिया व मोहजण्णा व ।**
**जोगकया हु पवित्ती फलकंखा रागदोसकया ॥२२॥**

(परद्रव्ये प्रवृत्तिर्न मोहजनिका वा मोहजन्या वा । योगकृता खलु प्रवृत्तिः फलकाङ्क्षा रागद्वेषकृता ॥२२॥)

**ગાથાર્થ :- પરદ્રવ્યમાં પ્રવૃત્તિ મોહજનિકા નથી કે મોહજન્યા નથી, ખરેખર પ્રવૃત્તિ યોગકૃત છે અને ફલાકાંક્ષા રાગ-દ્વેષકૃત છે.**

**ટીકા :-** **न हि परद्रव्यमात्मपरिणामरूपमोहजनकं, निश्चयतः परपरिणामस्य पराऽजन्यत्वात्, नापि तत्प्रवृत्तिस्वरूपात्मधर्म एव मोहजनको, मोहोदयपरिणतात्मन एव चरमक्षणक्रोडीकृतातिशयस्य तज्जनकत्वात्।**

❀ **'न हि'** - **'हि'**, **एवकारार्थक** છે.

**ટીકાર્થ :- 'न हि'** પરદ્રવ્ય=વસ્ત્રાદિરૂપ પરદ્રવ્ય, આત્માના પરિણામરૂપ મોહનું જનક નથી જ. કેમ કે નિશ્ચયનયથી વસ્ત્રની અપેક્ષાએ પર એવા આત્માના પરિણામનું, પર એવા વસ્ત્રાદિથી અજન્યપણું છે. અને વળી પરદ્રવ્યની પ્રવૃત્તિસ્વરૂપ આત્મધર્મ જ મોહજનક નથી, કેમ કે ચરમક્ષણકોડીકૃતઅતિશયવાળા મોહોદયપરિણત એવા આત્માનું જ તજ્જનકપણું છે=મોહજનકપણું છે.

**ભાવાર્થ :- 'नापि'**થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, વિશુદ્ધતર નિશ્ચયનય પરદ્રવ્યમાં જીવની પ્રવૃત્તિ માનતો નથી, પરંતુ વિશુદ્ધતર નિશ્ચયનયની અપેક્ષાએ હીન એવો નિશ્ચયનય પરદ્રવ્યમાં જીવની પ્રવૃત્તિ માને છે. તે નયને સામે રાખીને કહે છે કે, પરદ્રવ્યમાં જીવની જે પ્રવૃત્તિ છે તે રૂપ જે આત્મધર્મ છે તે મોહજનક નથી; કેમ કે જે વખતે મોહનો ઉદય પેદા થાય છે, તે ક્ષણમાં જીવ મોહને અત્યંત અભિમુખ ભાવવાળો હોય છે અને તે મોહરૂપ કાર્યના કારણની ચરમક્ષણ છે અને તે ક્ષણમાં જ મોહની પરિણતિરૂપ કાર્ય પેદા થાય છે; તેથી તે ચરમક્ષણથી કોડીકૃત મોહોદય પરિણામના અત્યંત અભિમુખભાવરૂપ અતિશય છે, તે અતિશયવાળો મોહોદયપરિણત આત્મા તે ક્ષણમાં મોહોદયરૂપ જે કાર્ય છે તેનો જનક છે. કેમ કે સદૃશપરિણામનો જ પરસ્પર કાર્યકારણભાવ=જન્ય-જનકભાવ, હોઈ શકે છે; જ્યારે પ્રવૃત્તિ અને મોહ એ આત્માની વિસદૃશ પરિણતિઓ છે, તેથી તે બે વચ્ચે જન્ય-જનકભાવ નિશ્ચયનય માનતો નથી, પરંતુ કાર્યને અત્યંત અભિમુખવાળો મોહોદયપરિણત આત્મા છે, તે જ મોહરૂપ કાર્યનો જનક છે.

અહીં વિશેષ એ છે કે ક્રિયાકાલ અને નિષ્ઠાકાલ બંને એક ક્ષણે નિશ્ચયનય માને છે, તે દૃષ્ટિને સામે રાખીને જે ક્ષણમાં મોહપરિણત=મોહપરિણામ પામવાની ક્રિયાવાળો=અભિમુખભાવવાળો, આત્મા છે, તે જ ક્ષણમાં તે આત્માથી મોહરૂપ કાર્ય પેદા થાય છે; તેથી કાર્યક્ષણ અને કારણક્ષણ એક છે અને કારણક્ષણમાં મોહપરિણામની ક્રિયાવાળો આત્મા છે અને તે ક્રિયાથી તે જ ક્ષણમાં મોહના પરિણામને તે આત્મા પેદા કરે છે, પરંતુ પરદ્રવ્યની પ્રવૃત્તિરૂપ આત્માનો પરિણામ મોહજનક નથી.

**ઉત્થાન :-** પરદ્રવ્યમોહજનક નથી એમ જે પૂર્વમાં કહ્યું, ત્યાં પરદ્રવ્ય મોહજનક છે એ માન્યતામાં બીજો દોષ **'किञ्च'**થી ઉદ્ભાવન કરે છે. તે આ પ્રમાણે-

**ટીકા :- किञ्च स्वावधिपृथक्त्वप्रतियोगित्वं हि परत्वं, तच्च न स्वस्मिन्नेव, तथा च कथं प्रसन्नचन्द्रादीनां परद्रव्यप्रवृत्तिं विनाऽपि मोहराजपारवश्यम्? 'दुर्मुखवचनश्रवणाहितमनोव्यापारादेव तस्य द्वेषोदय' इति चेत्? सुमुखवचनश्रवणाद्रागोदयोऽपि न कुतः? तस्मात्तत्तत्कर्मवृत्तिलाभकाल एव तत्तत्कार्यजनकः परप्रवृत्तिस्तु क्वाचित्कतयोपयुज्यते, मानसव्यापाररूपाया अप्युपेक्षात्मिकायास्तस्या रागाऽजनकत्वात्।**

**ટીકાર્થ :- 'किञ्च'** પરદ્રવ્યમાં રહેલું પરત્વ એ સ્વ-અવધિ-પૃથક્ત્વ-પ્રતિયોગિત્વરૂપ છે અને તેમાં સ્વ એટલે પરદ્રવ્ય, તદ્ અવધિ પૃથક્ત્વ આત્મામાં છે. તેનો પ્રતિયોગી પરદ્રવ્ય છે. તેમાં રહેલું પ્રતિયોગિત્વ એ જ પરત્વ છે, અને તે સ્વમાં નથી જ. **'तथा च'** અને તે રીતે=સ્વાવધિપૃથક્ત્વપ્રતિયોગિત્વરૂપ પરત્વ સ્વમાં નથી જ તે રીતે, પ્રસન્નચંદ્રાદિને પરદ્રવ્યની પ્રવૃત્તિ વિના પણ કેવી રીતે મોહનું પારવશ્ય પ્રાપ્ત થયું?

**ઉત્થાન :-** પરવસ્તુમાં રહેલું પરત્વ સ્વ=આત્મામાં, નથી, તો ત્યાં મોહપારવશ્યરૂપ કાર્ય કેવી રીતે પેદા થાય છે? તેના જવાબરૂપે પૂર્વપક્ષી કહે છે કે, પરદ્રવ્ય પ્રવૃત્તિ દ્વારા મોહનું જનક છે; તેના નિવારણરૂપે ગ્રંથકારે કહ્યું કે, પ્રસન્નચંદ્રાદિને પરદ્રવ્યની પ્રવૃત્તિ હતી નહીં, છતાં મોહનું પારવશ્ય પ્રાપ્ત થયું; તેથી પરદ્રવ્ય પ્રવૃત્તિ દ્વારા પણ મોહજનક નથી. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે-

**ટીકાર્થ :- 'दुर्मुख'** દુર્મુખના વચનશ્રવણથી આહિત મનોવ્યાપારથી જ તેને=પ્રસન્નચંદ્રાદિને, દ્વેષનો ઉદય થયો છે. તેને ગ્રંથકાર કહે છે કે સુમુખના વચનશ્રવણથી રાગાદિ પણ કેમ ન થયા?

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે દુર્મુખનું વચન તે પરદ્રવ્ય છે. તેનાથી આહિત=વ્યાપ્ત, પ્રસન્નચંદ્રાદિનો મનોવ્યાપાર છે. તેનાથી દ્વેષ થયો. તેથી દુર્મુખનું વચનશ્રવણ મોહજનક છે, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે, દુર્મુખના વચનશ્રવણથી થતા દ્વેષની જેમ સુમુખના વચનરૂપ પરદ્રવ્ય રાગનું જનક અવશ્ય થવું જોઇએ, પરંતુ સુમુખના વચનરૂપ પરદ્રવ્ય રાગનું જનક થયું નહીં; તેથી નક્કી થાય છે કે પરદ્રવ્ય મોહજનક નથી.

અહીં પ્રશ્ન થાય કે તો પછી મોહજનક કોણ છે? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'तस्मात्'**- તે કારણથી=પરદ્રવ્ય મોહજનક નથી તે કારણથી, તદ્ તદ્ કર્મવૃત્તિલાભકાલ જ તત્ તત્ કાર્યજનક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જે જે વ્યક્તિમાં રાગ-દ્વેષરૂપ જે જે કાર્ય થાય છે, તે તે કાર્યનો જનક તે તે વ્યક્તિમાં રહેલું તે તે પ્રકારનું કર્મ=ક્રિયા, અને તે ક્રિયામાં વર્તતો લાભકાલ જ, તે તે કાર્યનું જનક છે.

અહીં વિશેષ એ છે કે જે વખતે પ્રસન્નચંદ્ર મહર્ષિને દુર્મુખનાં વચન સાંભળીને દ્વેષ પેદા થયો, તે વખતનો શ્રવણક્રિયારૂપ વ્યાપાર છે તે દ્વેષરૂપ પરિણામને અનુકૂળ હતો, તેથી તે કર્મ=ક્રિયા, તેની અંદર વૃત્તિ એવો જે લાભકાલ છે, તે જ દ્વેષરૂપ કાર્યનો જનક બન્યો; જ્યારે સુમુખનું વચન શ્રવણ કર્યું ત્યારે તેમના શ્રવણની ક્રિયારૂપ કર્મમાં વૃત્તિ ઉપેક્ષારૂપ લાભકાલ હતો, તેથી ઉપેક્ષારૂપ કાર્ય પેદા થયું, પરંતુ રાગનો પરિણામ ન થયો; કેમ કે તે વખતે તેઓ મધ્યસ્થ પરિણતિવાળા હતા, તેથી તે વખતની શ્રવણવ્યાપારરૂપ ક્રિયા મધ્યસ્થ પરિણામને ઉપષ્ટંભક બને તેવા પ્રકારની હતી, તેથી તે કર્મમાં=ક્રિયામાં, તેવા પ્રકારનો લાભકાલ હતો; જ્યારે દુર્મુખના વચનશ્રવણરૂપ કર્મ, રાગની અસરથી સ્ફુરિત થયેલ હોવાથી તે કર્મવૃત્તિલાભકાલ દ્વેષનો જનક બન્યો; કેમ કે દુર્મુખનું વચન તેમણે ઉપેક્ષાથી શ્રવણ ન કર્યું, પણ સ્વસંબંધી છે તેથી જાણવા માટે રાગનો પરિણામ તેમાં અંતર્ગત રીતે વ્યાપૃત હતો; જ્યારે તે વચનથી જ્ઞાત થયું કે પોતાના પુત્રને શત્રુ અનિષ્ટ કરી રહ્યો છે, ત્યારે તે દુર્મુખના વચનશ્રવણની ક્રિયા દ્વેષપરિણામને અભિમુખભાવવાળી થઇ, તેથી તે કર્મવૃત્તિલાભકાલ દ્વેષરૂપ કાર્યનો જનક બન્યો.

**ઉત્થાન :-** આ રીતે પરદ્રવ્યની પ્રવૃત્તિ અને મોહની વચ્ચે કાર્યકારણભાવ નથી, પરંતુ આત્માની ક્રિયાનો લાભકાલ અને મોહની વચ્ચે કાર્ય-કારણભાવ છે એમ સિદ્ધ થયું. ત્યાં પ્રશ્ન થાય કે પરદ્રવ્યમાં પ્રવૃત્તિ જીવો કરે છે અને મોહ પણ થતો દેખાય છે, તેની સંગતિ કેવી રીતે થશે? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'परप्रवृत्तिस्तु'** - વળી પરદ્રવ્યની પ્રવૃત્તિ ક્વાચિત્કપણાથી ઉપયોગી છે. તેમાં હેતુ કહે છે-
**'मानस'** માનસવ્યાપારરૂપ પણ ઉપેક્ષાત્મિકા એવી પરદ્રવ્યની પ્રવૃત્તિ રાગની અજનક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પ્રસન્નચંદ્ર રાજર્ષિના દૃષ્ટાંતમાં માનસવ્યાપારરૂપ પરદ્રવ્યની પ્રવૃત્તિ જ્યારે ઉપેક્ષાત્મિકા ન હોય, પરંતુ દુર્મુખના વચનશ્રવણથી તેને અનુકૂળ વ્યાપારવાળી હોય ત્યારે દ્વેષ પેદા કરવા માટે ઉપયોગી થાય છે, અને સુમુખના વચનના શ્રવણકાળમાં માનસવ્યાપારરૂપ પરદ્રવ્યની પ્રવૃત્તિ ઉપેક્ષાત્મિકા હોવાને કારણે રાગ પેદા કરવા માટે અનુપયોગી થાય છે. આનાથી એ ફલિત થયું કે પરદ્રવ્યની પ્રવૃત્તિ મોહને પેદા કરવામાં ક્યારેક ઉપયોગી છે, સર્વત્ર વ્યાપ્તિ નથી. તેથી પરદ્રવ્યની પ્રવૃત્તિ અને મોહ વચ્ચે કાર્ય-કારણભાવ નથી.

અહીં વિશેષતા એ છે કે નિશ્ચયનય જ્યાં વ્યાપ્તિ હોય ત્યાં જ કાર્ય-કારણભાવ સ્વીકારે છે, તેથી તે તે ક્રિયાવૃત્તિલાભકાલ અને તે તે કાર્ય વચ્ચે કાર્ય-કારણભાવ સ્વીકારે છે; તેને સામે રાખીને જ ઉપરનું કથન છે, અને વ્યવહારનય વ્યાપ્તિ ન હોવા છતાં પ્રાયઃ પરદ્રવ્યમાં પ્રવૃત્તિથી મોહ થાય છે, તેથી પરદ્રવ્યની પ્રવૃત્તિ અને મોહ વચ્ચે કાર્ય-કારણભાવ સ્વીકારે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સિદ્ધ કર્યું કે, તે તે કર્મવૃત્તિલાભકાલ અને તે તે મોહરૂપ કાર્ય વચ્ચે કાર્ય-કારણભાવ છે, પરંતુ પરદ્રવ્યની પ્રવૃત્તિ અને મોહ વચ્ચે કાર્ય-કારણભાવ નથી. એને જ પુષ્ટ કરતાં તર્ક કરે છે-

**ટીકા :- यदि तु प्रवृत्तिमात्रमेव मोहजनकं तर्हि सुषुप्त्यवस्थायामपि श्वासप्रश्वासादिप्रयत्नः स्पष्टचैतन्यरूपं रागादिकमुत्पादयेत्, सूक्ष्मतदुत्पादे च प्रमाणाभावः। एतेन रागद्वेषयोः प्रवृत्तिजनकत्वमप्यपास्तम्।**

**ટીકાર્થ :- 'यदि तु'** વળી જો પ્રવૃત્તિમાત્ર જ મોહજનક હોય તો=પરદ્રવ્યની પ્રવૃત્તિમાત્ર જ મોહજનક હોય તો, સુષુપ્ત અવસ્થામાં પણ શ્વાસ-પ્રશ્વાસાદિના પ્રયત્નરૂપ પરદ્રવ્યની પ્રવૃત્તિ છે, (તે પણ) સ્પષ્ટચૈતન્યરૂપ રાગાદિને ઉત્પન્ન કરે અને સૂક્ષ્મ તેના ઉત્પાદમાં પ્રમાણાભાવ છે=પ્રમાણ નથી. (તેથી પરદ્રવ્યની પ્રવૃત્તિ અને મોહ વચ્ચે કાર્ય-કારણભાવ નથી)

**ભાવાર્થ :-** અહીં સ્પષ્ટચૈતન્યરૂપ રાગાદિ એટલા માટે કહેલ છે કે, સુષુપ્ત અવસ્થામાં પણ જીવને રાગાદિ વર્તતા હોય છે અને તેનું મન રાગાદિના ઉપષ્ટંભક પરિણામવાળું હોય છે, પરંતુ શ્વાસ-પ્રશ્વાસરૂપ પરદ્રવ્યની પ્રવૃત્તિથી જન્ય સ્ફુરણાત્મક કોઈ રાગાદિ થવા જોઈએ તે દેખાતા નથી. તેની સામે પૂર્વપક્ષી કહે કે, સૂક્ષ્મ તેની ઉત્પત્તિ છે માટે દેખાતા નથી. તેથી કહે છે કે સૂક્ષ્મ તદુત્પત્તિમાં પ્રમાણ નથી.

અહીં વિશેષ એ છે કે દિગંબર મત પ્રમાણે પ્રવૃત્તિ અને રાગાદિ વચ્ચે કાર્ય-કારણભાવ છે, તેથી શ્વાસ-પ્રશ્વાસાદિ પ્રયત્નમાં પણ સૂક્ષ્મરાગાદિ તે સ્વીકારે છે. તેને સિદ્ધાંતકાર કહે છે કે સુષુપ્તિમાં અસ્પષ્ટચૈતન્યરૂપ જે રાગાદિ પ્રવર્તે છે તે પ્રયત્નજન્ય નથી, પરંતુ જીવ વીતરાગ નહિ હોવાથી જે તેનો જ્ઞાનનો પરિણામ છે તે રાગાદિરૂપ છે, અને સુષુપ્તિમાં તેનો જ્ઞાનનો પરિણામ અસ્પષ્ટચૈતન્યરૂપ છે, તેથી રાગાદિ પણ અસ્પષ્ટચૈતન્યરૂપ છે; અને શ્વાસ-પ્રશ્વાસનો જે પ્રયત્ન છે તેનાથી જન્ય કોઇ રાગાદિ ત્યાં ઉત્પન્ન થતા નથી, અને શ્વાસ-પ્રશ્વાસજન્ય સૂક્ષ્મ રાગાદિ થાય છે તેમ સ્વીકારવામાં કોઇ પ્રમાણ નથી. માટે પ્રયત્ન(પ્રવૃત્તિ) અને રાગાદિ વચ્ચે કાર્યકારણભાવ નથી.

**ટીકાર્થ :-** **'एतेन'** - આનાથી=પૂર્વમાં સિદ્ધ કર્યું કે પરદ્રવ્ય આત્મપરિણામરૂપ મોહજનક નથી એનાથી, રાગ-દ્વેષનું પ્રવૃત્તિજનકપણું પણ અપાસ્ત થયું.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વના કથનથી એ પ્રાપ્ત થયું કે, પરદ્રવ્યની પ્રવૃત્તિથી રાગ-દ્વેષનું જન્યપણું નથી અને એ કથનથી એ પણ પ્રાપ્ત થયું કે, રાગ-દ્વેષમાં પરદ્રવ્યપ્રવૃત્તિનું જનકપણું પણ નથી.

અહીં વિશેષ એ છે કે વ્યવહારનયને અભિમત છે કે પ્રાયઃ કરીને જીવોને વિષયોમાં રાગ વર્તે છે અને તેથી જ વિષયોમાં પ્રવૃત્તિ કરે છે, તેથી પરદ્રવ્યની પ્રવૃત્તિ રાગથી જન્ય છે; અને પરદ્રવ્યની પ્રવૃત્તિ કરતી વખતે વિશેષ પ્રકારના રાગાદિ થાય છે, તેથી પરદ્રવ્યની પ્રવૃત્તિ રાગાદિની જનક પણ છે; તેથી રાગાદિમાં પ્રવૃત્તિનો જન્યભાવ છે અને જનકભાવ છે. પરંતુ તેવી સર્વત્ર વ્યાપ્તિ મળતી નથી, તેથી નિશ્ચયનય તેને કાર્ય-કારણરૂપે સ્વીકારતો નથી.

અહીં નિશ્ચયનયથી કથન કરવાનું કારણ એ છે કે દિગંબર પરદ્રવ્યરૂપ વસ્ત્રમાં પ્રવૃત્તિને એકાંતે કર્મબંધનું કારણ માને છે, તેનું નિરાકરણ કરવું છે.

**ટીકા :- नन्वेवं सकलतान्त्रिकसिद्धं रागजन्यत्वं प्रवृत्तेर्विप्लवत इत्याशङ्कायामाह-'योगकृते'ति,**

**ટીકાર્થ :-** **'ननु'**થી શંકા કરતાં કહે છે કે, એ રીતે=પૂર્વમાં સિદ્ધ કર્યું કે રાગાદિનું પ્રવૃત્તિજનકપણું નથી એ રીતે, પ્રવૃત્તિનું સકલ દર્શનોમાં સિદ્ધ રાગાદિજન્યપણું વિપ્લવ પામશે, એ પ્રકારની આશંકામાં પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે-

**"योगकृते'ति"** - ખરેખર પ્રવૃત્તિ યોગકૃત છે અને ફલાકાંક્ષા રાગ-દ્વેષ કૃત છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, ફલાકાંક્ષાવાળી પ્રવૃત્તિને ગ્રહણ કરીને બધા દર્શનકારોએ પ્રવૃત્તિને રાગ-દ્વેષથી જન્ય સ્વીકારેલ છે, કેમ કે ફલાકાંક્ષાવાળી પ્રવૃત્તિ પ્રત્યે યોગની જેમ ફલની ઇચ્છા પણ હેતુ છે અને ફલેચ્છા નિયમથી રાગ-દ્વેષકૃત હોય છે.

**ઉત્થાન :-** પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધમાં કહ્યું કે પ્રવૃત્તિ યોગકૃત છે. તેને જ સ્પષ્ટ કરતાં બતાવે છે-

**ટીકા :- प्रवृत्तिसामान्यं प्रति हि योग एव हेतुर्वीर्यान्तरायकर्मक्षयक्षयोपशमजन्यस्यापि वीर्यस्य नियमतो योगान्वयव्यतिरेकानुविधानात्। अत एव क्षायिक्यपि वीर्यलब्धिः स्वहेतुयोगविलयादेव विलीयत इति सिद्धान्तः।**

**ટીકાર્થ :- 'प्रवृत्तिसामान्यं प्रति'** - પ્રવૃત્તિસામાન્ય પ્રતિ યોગ જ હેતુ છે, કેમ કે વીર્યાંતરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમજન્ય પણ વીર્યનું નિયમથી યોગની સાથે અન્વય-વ્યતિરેકનું અનુવિધાન છે.
**'अत एव'**- આથી કરીને જ=વીર્યાંતરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમજન્ય વીર્યનું યોગની સાથે અન્વય-વ્યતિરેકનું અનુવિધાન છે આથી કરીને જ, ક્ષાયિકી પણ વીર્યલબ્ધિ સ્વહેતુ એવા યોગના વિલયથી જ વિલય પામે છે અર્થાત્ વીર્યલબ્ધિના હેતુભૂત એવા યોગના વિલયથી જ વિલય પામે છે, એ પ્રકારે સિદ્ધાંત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, વીર્યાંતરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમથી આત્મામાં વીર્યલબ્ધિ પ્રગટે છે અને ક્ષાયિકભાવની વીર્યલબ્ધિ ૧૪મા ગુણસ્થાનકે અને સિદ્ધાવસ્થામાં પણ રહે છે, એ પ્રકારનો સંપ્રદાયનો મત છે. પરંતુ સિદ્ધાંતકાર કહે છે કે, વીર્યાંતરાયના ક્ષયથી પણ થયેલી વીર્યલબ્ધિ યોગ ન હોય તો હોતી નથી, અને આથી જ તેરમા ગુણસ્થાનક પછી યોગનો અભાવ થાય છે ત્યારે વીર્યલબ્ધિનો પણ અભાવ થાય છે, અને તેથી જ સિદ્ધાંતપક્ષ પ્રમાણે યોગની સાથે વીર્યલબ્ધિનું અવિનાભાવીપણું છે, પરંતુ વીર્યાંતરાયકર્મના ક્ષય કે ક્ષયોપશમ સાથે નહિ; અને તેથી યોગ દ્વારા વસ્ત્રગ્રહણ આદિની પ્રવૃત્તિ થાય છે તેનાથી એ પ્રાપ્ત થાય કે, વસ્ત્રગ્રહણ, આહારગ્રહણ આદિ જે કોઈપણ બાહ્ય પ્રવૃત્તિ થાય છે તે સર્વ બાહ્ય પ્રવૃત્તિ પ્રત્યે મન, વચન અને કાયાના યોગનું કારણપણું છે.

યદ્યપિ મન-વચન-કાયાને અવલંબીને થતો આત્માનો વીર્યવ્યાપાર તે જ યોગ પદાર્થ છે, અને તે રીતે વિચારીએ તો ભાવયોગ અને વીર્ય એક જ થાય; તો પણ વીર્ય, વીર્યાંતરાયના ક્ષયોપશમ કે ક્ષયજન્ય આત્માનો પરિણામ છે, અને તે જ પ્રવૃત્તિ પ્રત્યે કારણ છે, અને તે વીર્ય, યોગથી જ પ્રવર્તે છે, અર્થાત્ જીવ મન-વચન અને કાયાને અવલંબીને યત્ન કરે છે તેથી જ તે વીર્ય પ્રવર્તે છે; તેથી વીર્યલબ્ધિ પ્રત્યે યોગને કારણરૂપ કહેલ છે અને તે યોગથી જીવની પુદ્ગલવિષયક સર્વ પ્રકારની પ્રવૃત્તિ થાય છે.

**ટીકા :- योगश्च वस्तुत एकरूपोऽपि व्यापारभेदात् त्रिधा भिद्यते। तदुक्तं विशेषावश्यकभाष्ये-**

[१] किं पुण तणुसंरम्भेणं जेण मुंचइ स वाइओ जोगो ।
मण्णइ अ स माणसिओ तणुजोगो चेव अ विभत्तो ॥ [३५९]
[२] तणुजोगो च्चिय मणवयजोगा काएण दव्वगहणाओ ।
आणापाणुव्व ण चे तओवि जोगन्तरं हुज्जा ॥ [३६०]

१ किं पुनस्तनुसंरम्भेण येन मुञ्चति स वाचिको योगः । मन्यते च स मानसिकस्तनुयोग एव च विभक्तः ॥
२. तनुयोग एव मनोवाग्योगौ कायेन द्रव्यग्रहणात् । आनापाना इव न चेत् तकोऽपि योगान्तरं भवेत् ॥

[३] तुल्ले तणुजोगत्ते कीस व जोगन्तरं तओ ण कओ ।
मणवयजोगा व कया भण्णइ ववहारसिद्धत्थं ॥ [३६१]

**अथवा कायगृहीतवाङ्मनोद्रव्यसध्रीचीनजीवव्यापारात्मके स्वतन्त्रे एव वाङ्मनसी योगौ। तदुक्तं तत्रैव-**

[४] अहवा तणुजोगाहियवयदव्वसमूहजीववावारो ।
सो वयजोगो भण्णइ वाया णिसिरिज्जए तेणं ॥ [३६३]
[५] तह तणुवावाराहियमणदव्वसमूहजीववावारो ।
सो मणजोगो भण्णइ मण्णइ णेयं जओ तेणं ॥ [३६४]

***ટીકાર્થ :-* 'योगश्च'** યોગ વસ્તુતઃ એકરૂપ છે પણ વ્યાપારના ભેદથી ત્રણ ભેદવાળો છે, તે વિશેષાવશ્યકભાષ્યમાં કહેવાયેલું છે.

**'किं पुण'** - તો પણ, અર્થાત્ પૂર્વોક્ત વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૩૫૮ માં કહ્યું તે મુજબ કાયયોગ સર્વત્ર અનુગત છે તો પણ, જે તનુસંરંભથી (કાયવ્યાપારથી) મૂકે છે અર્થાત્ ભાષાવર્ગણાના પુદ્ગલો મૂકે છે તે વાગ્યોગ છે, અને (જે તનુસંરંભથી અર્થાત્ કાયવ્યાપારથી) વિચારે છે તે માનસિક યોગ છે. તનુયોગ જ ત્રણ પ્રકારે વિભક્ત છે. *//૩૫૯//*

❀ **'किं पुण'** એ **'तथापि'**ના અર્થમાં છે.

**'तणुजोगो'** - તનુયોગ જ મન-વચન યોગ છે, કેમ કે શ્વાસોશ્વાસની જેમ કાયાથી દ્રવ્યનું અર્થાત્ મનોવાક્દ્રવ્યનું ગ્રહણ થાય છે. જો એ પ્રમાણે ન હોય તો તે પણ અર્થાત્ પ્રાણ-અપાન વ્યાપાર પણ, યોગાન્તર થાય. *//૩૬૦//*

**'तुल्ले'** - તનુયોગપણું તુલ્ય હોવા છતાં **'तको'**=તે અર્થાત્ પ્રાણાપાનને કેમ યોગાંતર કરાયેલ નથી? અથવા તો મન-વચન યોગને કેમ જુદાં કહ્યાં? તેનો ઉત્તર આપે છે - વ્યવહારસિદ્ધિ માટે. (મનોવાગ્યોગને કાયયોગથી પૃથક્ કહ્યા અને પ્રાણાપાનને પૃથક્ ન કહ્યો). *//૩૬૧//*

**'अथवा'** - અથવા કાયાથી આહિત=ગૃહીત, વચન-મનોદ્રવ્યથી સહિત જીવવ્યાપારાત્મક સ્વતંત્ર જ વચન - મનોયોગ છે. તે ત્યાં જ અર્થાત્ વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું છે-

**'अहवा'** - અથવા તનુયોગથી આહિત=ગૃહીત વાગ્દ્રવ્યસમૂહથી (તેને છોડવા માટે) જે જીવનો વ્યાપાર તે વાગ્યોગ કહેવાય છે. તેના વડે અર્થાત્ જીવવ્યાપાર વડે વાચા અર્થાત્ વચન છોડાય છે. (**'वाचा'** - સ્ત્રીલિંગ પ્રથમાનું એકવચનનું રૂપ છે.) *//૩૬૩//*

---

૩. तुल्ये तनुयोगत्वे कस्माद् वा योगान्तरं सको न कृतः । मनोवाग्योगौ वा कृतौ भण्यते व्यवहारसिद्ध्यर्थम् ॥
૪. अथवा तनुयोगाहितवाग्द्रव्यसमूहजीवव्यापारः । स वाग्योगो भण्यते वाचा निसृज्यते येन ॥
૫. तथा तनुव्यापाराहितमनोद्रव्यसमूहजीवव्यापारः । स मनोयोगो भण्यते मन्यते ज्ञेयं यतस्तेन ॥

**'तह'** - તે પ્રમાણે તનુવ્યાપારથી આહિત=ગૃહીત મનોદ્રવ્યસમૂહથી જે જીવનો વ્યાપાર તે મનોયોગ કહેવાય છે, જે કારણથી તેના વડે=જીવવ્યાપાર વડે જ્ઞેય વિચારાય છે. *॥૩૬૪॥*

**ભાવાર્થ :-** આ કથનથી એ કહેવું છે કે, મન-વચન અને કાયાથી થતો વીર્યસ્ફુરણરૂપ યોગ, અપેક્ષાએ એકરૂપ છે અને અપેક્ષાએ ત્રણ પ્રકારનો છે. તે જ વાત વિશેષાવશ્યકભાષ્યની સાક્ષીથી સ્પષ્ટ કરેલ છે.

**ટીકા :- एवं च मानसादिप्रवृत्तिं प्रति मनोयोगत्वादिनापि हेतुत्वम्, अत एव सुषुप्तावस्थायां काययोगाहित-श्वासप्रश्वासादिव्यापारसम्भवेऽपि मनोयोगव्यापाराभावान्नोपयोग इति तदा ज्ञानानुत्पत्तिनिर्वाहायोपयोगा-भावभणितिराकरे व्यवस्थिता।**

**ટીકાર્થ :- 'एवं च'** અને આ રીતે=પ્રવૃત્તિસામાન્ય પ્રતિ યોગ કારણ છે આ રીતે, માનસાદિપ્રવૃત્તિ પ્રતિ મનોયોગત્વાદિ વડે પણ હેતુપણું છે, અર્થાત્ માનસાદિવિશિષ્ટ પ્રવૃત્તિ પ્રતિ વિશિષ્ટયોગનું પણ હેતુપણું છે= માનસિકપ્રવૃત્તિ પ્રતિ મનોયોગ, વાચિકપ્રવૃત્તિ પ્રતિ વચનયોગ અને કાયિકપ્રવૃત્તિ પ્રતિ કાયયોગનું હેતુપણું છે. આથી કરીને જ સુષુપ્ત અવસ્થામાં કાયયોગ આહિત શ્વાસ-પ્રશ્વાસાદિ વ્યાપારનો સંભવ હોવા છતાં પણ મનોયોગવ્યાપારનો અભાવ હોવાથી ઉપયોગ નથી. એથી કરીને ત્યારે=સુષુપ્તિકાળમાં, જ્ઞાનની અનુત્પત્તિના નિર્વાહ માટે ઉપયોગના અભાવનું કથન આકરમાં વ્યવસ્થિત છે.

**ભાવાર્થ :-** અહીં પ્રશ્ન થાય કે માનસપ્રવૃત્તિ એ મનોયોગરૂપ છે તેમ સામાન્યથી ભાસે, અને તેમ સ્વીકારીએ તો માનસપ્રવૃત્તિ પ્રત્યે મનોયોગ હેતુ છે તેમ કહી શકાય નહિ; પરંતુ સૂક્ષ્મતાથી જોઇએ તો માનસપ્રવૃત્તિ બોધને અનુકૂળ ઉપયોગરૂપ હોય છે, અથવા તો ક્વચિત્ વિષયોમાંથી આનંદ લેવાને અનુકૂળ ઉપયોગરૂપ હોય છે, અને તે માનસપ્રવૃત્તિ જીવના પરિણામરૂપ છે, અને તે પ્રવૃત્તિ કરવા માટે જીવ મનોવર્ગણાના પુદ્ગલને અવલંબીને જે યત્ન કરે છે, તે મનોયોગ પદાર્થ છે. તેથી મનના વ્યાપારથી જે બોધને અનુકૂળ ઉપયોગ પ્રવર્તે છે કે વિષયમાંથી આનંદ લેવાને અનુકૂળ ઉપયોગ પ્રવર્તે છે તે માનસપ્રવૃત્તિ છે, અને મનોયોગ તેનો હેતુ છે. એ જ રીતે વાચિકપ્રવૃત્તિ, પરને બોધ કરાવવા માટે અનુકૂળ ઉપયોગરૂપ છે, અને તેના માટે વચનને અવલંબીને થતો વીર્યવ્યાપાર તે વચનયોગ છે, અને તે વચનયોગથી વાચિકપ્રવૃત્તિ થાય છે; અને તે જ રીતે વસ્ત્રાદિ ગ્રહણની પ્રવૃત્તિ જીવ કરે છે, તેના પ્રત્યે કાયાને અવલંબીને થતો વીર્યવ્યાપાર એ કાયયોગ છે, અને તે કાયયોગથી વસ્ત્રાદિગ્રહણવિષયક કાયિકપ્રવૃત્તિ થાય છે.

માનસાદિપ્રવૃત્તિ પ્રત્યે મનોયોગત્વાદિરૂપે મનોયોગાદિ હેતુ છે તેમ કહ્યું, તેની જ પુષ્ટિ કરતાં **'अत एव'**થી કહે છે કે, આ જ કારણથી=માનસાદિપ્રવૃત્તિ પ્રત્યે મનોયોગ હેતુ છે આ જ કારણથી, નિદ્રામાં કાયયોગથી શ્વાસ-પ્રશ્વાસાદિ વ્યાપાર હોવા છતાં પણ મનોયોગ નહિ હોવાને કારણે ઉપયોગ નથી, એમ બતાવીને જ્ઞાન નથી, એ પ્રકારે સ્યાદ્વાદરત્નાકરમાં કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, યદ્યપિ ઉપયોગ વગરનો જીવ નથી, પરંતુ ગાઢ નિદ્રામાં વ્યક્ત મનોયોગ વર્તતો નથી; યદ્યપિ ત્યાં સૂક્ષ્મ મનોયોગ હોય છે, પરંતુ વ્યક્ત મનોયોગના વ્યાપારના અભાવને કારણે તેવા પ્રકારનો ત્યાં ઉપયોગ નથી, એ દૃષ્ટિને સામે રાખીને ત્યાં જ્ઞાનની અનુત્પત્તિના નિર્વાહ માટે ઉપયોગનો અભાવ કહેલ છે.

**ઉત્થાન :-** '**प्रवृत्तिसामान्यं प्रति**...થી ...**इति सिद्धान्तः**' સુધીના કથનથી પ્રવૃત્તિ યોગકૃત છે એ સ્થાપન કર્યું. ત્યારપછી યોગને અપેક્ષાએ એકરૂપ છે અને અપેક્ષાએ ત્રણ ભેદવાળો છે તે વિશેષાવશ્યકની સાક્ષીથી બતાવ્યું, અને આ રીતે યોગને ત્રણ પ્રકારનો બતાવીને, ત્યારપછી એ બતાવ્યું કે ત્રણ પ્રકારની પ્રવૃત્તિ પ્રત્યે ત્રણ યોગનું પૃથક્ પૃથક્રૂપે કારણપણું છે. હવે પ્રસ્તુત ગાથાના અંતિમ પાદમાં કહેલ છે કે ફલાકાંક્ષા રાગ-દ્વેષકૃત છે. તેને સ્પષ્ટ કરતાં કહે છે-

**ટીકા :- फलार्थिप्रवृत्तिं प्रति च फलेच्छापि हेतुः, सा च नियमात् रागद्वेषकृता, मोक्षेच्छाया अपि निश्चयतः परमनिःस्पृहाणामनादेयत्वात्।**

**ટીકાર્થ :-** '**फलार्थि**' અને ફલાર્થિપ્રવૃત્તિ પ્રતિ ફલેચ્છા પણ હેતુ છે, અર્થાત્ યોગ તો હેતુ છે પણ ફલ-ઈચ્છા પણ હેતુ છે, અને તે=ફલેચ્છા, નિયમથી રાગ-દ્વેષકૃત છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે સંસારી જીવોને જે ફલની ઇચ્છા છે, તે રાગ-દ્વેષકૃત હોઇ શકે; પરંતુ નિઃસ્પૃહી એવા મુનિઓને પણ મોક્ષની ઇચ્છાથી પ્રવૃત્તિ થાય છે, તેથી ફલેચ્છાને નિયમથી રાગ-દ્વેષકૃત કહી શકાશે નહિ. તેના જવાબરૂપે કહે છે-

'**मोक्षेच्छायाः**' - મોક્ષઇચ્છાનું પણ નિશ્ચયથી પરમ નિઃસ્પૃહીઓને અનાદેયપણું છે.

આનાથી એ પ્રાપ્ત થાય છે કે ફલેચ્છા અવશ્ય રાગ-દ્વેષકૃત છે, અન્યથા અનાદેય થાય નહિ; તેથી સર્વ પ્રકારની ફલની ઇચ્છા નિયમથી રાગ-દ્વેષકૃત છે.

અહીં પ્રશ્ન થાય કે ફલેચ્છા રાગકૃત થઇ શકે પરંતુ દ્વેષકૃત કઇ રીતે થઇ શકે? તેનો ભાવ એ છે કે સંસારના દુઃખોને જોઇને દ્વેષ થવાથી પણ મોક્ષરૂપ ફળની ઇચ્છા થઇ શકે છે અને રોગના પ્રત્યે દ્વેષથી પણ આરોગ્યરૂપ ફળની ઇચ્છા થઇ શકે છે, તેથી ફલેચ્છા રાગ-દ્વેષકૃત એમ કહેલ છે.

**ટીકા :- अत एव- ''तो मुअइ नाणवुट्ठिं भविअजणविबोहणट्ठाए।'' इत्यत्र ''कृतकृत्यस्य भगवतः किं कथनप्रयोजनम्? भव्यानिवाऽभव्यानपि वा किमसौ न बोधयति?'' इति परप्रत्यवस्थाने उदीर्णतीर्थकरनामा भगवान्न सर्वथाकृतकृत्यस्तदुदयक्षपणोपायश्च धर्मोपदेशादिरेवेति तत्रास्य प्रवृत्तिरुचिता। ''कृतार्थत्वेऽपि रवेर्भासकत्वस्वाभाव्यमिव भगवतोऽप्यनुपकृतोपकारित्वं स्वभावादेव, स्वतो रागद्वेषौ विनाऽपि तदुदयात्, कमलकुमुदयोर्विकाशसङ्कोचाविव भगवदुपदेशादपि भव्याभव्ययोः प्रतिबोधाऽप्रतिबोधावपि स्वभावादेवे''ति समाधानदानादप्यतृप्तिभाजामाशाम्बराणां रागं विना कथं तत्र प्रवृत्तिरित्याशापि पूरिता, स्वफलाभिष्वङ्गं विनैव परमकारुणिकप्रवृत्तेः। परोपकारस्य च याथात्म्येनैव द्वेषं [ ? रागं ] विना प्रतिनियमादित्युपरिष्टाद्वक्ष्यते।**

**ટીકાર્થ :-** **'अत एव'**- આથી કરીને જ=પ્રવૃત્તિસામાન્ય પ્રત્યે યોગ કારણ છે અને ફલાર્થિપ્રવૃત્તિ પ્રત્યે ફલેચ્છા કારણ છે આથી કરીને જ, રાગ વિના કેવી રીતે ત્યાં પ્રવૃત્તિ છે? એ પ્રકારની આશા પણ દિગંબરોની પુરાઈ, એમ અન્વય કરવો. "તે કારણથી (અમિતજ્ઞાની એવા કેવલી) ભવ્યજનને વિબોધન માટે જ્ઞાનવૃષ્ટિને મૂકે છે," એ પ્રમાણે અહીં=આવશ્યકના આ કથનમાં, "કૃતકૃત્ય એવા ભગવાનને કથનનું પ્રયોજન શું? અથવા ભવ્યોની જેમ અભવ્યોને પણ કેમ આ ભગવાન બોધ કરતા નથી?" એ પ્રકારે પર વડે=દિગંબર વડે, કરાયેલ પ્રત્યવસ્થાનમાં ઉદીર્ણતીર્થંકરનામકર્મવાળા ભગવાન સર્વથા કૃતકૃત્ય નથી અને તેના ઉદયના ક્ષપણનો ઉપાય ધર્મોપદેશાદિ જ છે, એથી કરીને ત્યાં=ધર્મકથનમાં, એમની=તીર્થંકરની, પ્રવૃત્તિ ઉચિત છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે, તીર્થંકરનામકર્મના ક્ષપણના ઉપાયરૂપે ભગવાનની ધર્મોપદેશાદિની પ્રવૃત્તિ સ્વીકારશો, તો કર્મક્ષયની ઇચ્છાને કારણે કેવલજ્ઞાન પછી પણ ભગવાનને રાગ સ્વીકારવાની આપત્તિ આવશે. તેથી કહે છે-

**ટીકાર્થ :-** **'कृतार्थत्वे'** - કૃતાર્થપણું હોવા છતાં પણ, સૂર્યનું ભાસકપણું સ્વાભાવિક છે તેમ ભગવાનનું પણ અનુપકૃતઉપકારીપણું સ્વભાવથી જ છે.

**ટીકાર્થ :-** **'स्वतो'** - સ્વતઃ રાગ અને દ્વેષ વિના પણ તેનો=તે સ્વભાવનો, ઉદય છે. (સૂર્યના ઉદયથી) કમલ અને કુમુદના વિકાસ અને સંકોચની જેમ, ભગવાનના ઉપદેશથી પણ ભવ્યાભવ્યને પ્રતિબોધ અને અપ્રતિબોધ પણ= ભવ્યને પ્રતિબોધ અને અભવ્યને અપ્રતિબોધ પણ, સ્વભાવથી જ છે; એ પ્રકારના સમાધાનના દાનથી પણ અતૃપ્તિને ભજનારા દિગંબરોની રાગ વિના કેવી રીતે પ્રવૃત્તિ હોય? એ પ્રકારની આશા પણ **'अत एव'**થી પુરાઈ.

**ભાવાર્થ :-** **'परप्रत्यवस्थाने'** અર્થાત્ પર વડે કરાયેલ પ્રત્યવસ્થાનમાં એમ કહ્યું; તેનું તાત્પર્ય એ છે કે, શ્વેતાંબર મત પ્રમાણે ભગવાન ઉપદેશ આપે છે, અને દિગંબર મત પ્રમાણે ભગવાનના મસ્તકમાંથી સહજ ધ્વનિ નીકળે છે, કેમ કે ભગવાનને રાગાદિ નહિ હોવાથી તેમને જગતમાં ઉપકારની ઇચ્છા પણ નથી, તેથી ઇચ્છાપૂર્વક ઉપદેશની પ્રવૃત્તિ પણ નથી એમ તે માને છે. તેથી તે શ્વેતાંબરને કહે છે કે, જો તમારા ભગવાન ઉપદેશમાં પ્રવૃત્તિ કરે છે તો ઉપદેશની પ્રવૃત્તિનું પ્રયોજન શું? અર્થાત્ કોઇ પ્રયોજન નથી, અને ભવ્યની જેમ અભવ્યને કેમ બોધ કરાવતા નથી? તેથી તેઓ પક્ષપાતી છે, માટે ભવ્યો પ્રત્યેના રાગ અને અભવ્યો પ્રત્યેના દ્વેષથી આક્રાંત છે; એ બતાવવા માટે પર દ્વારા આ બે પ્રકારની સ્વમતના અર્થાત્ શ્વેતાંબર મતના વિરોધરૂપે અર્થાત્ શંકારૂપે પ્રત્યવસ્થાન કરાયેલ છે.

**'अत एव'** - **'अत एव'**થી **'पूरिता'** સુધી જે કથન કહ્યું, તેનું તાત્પર્ય છે એ છે કે, આવશ્યકનિર્યુક્તિની ગાથામાં કૃતકૃત્ય એવા ભગવાનને ઉપદેશનું પ્રયોજન શું છે? વગેરે પ્રશ્નો પર-દિગંબર તરફથી કરાયા અને તેનું સમાધાન પણ ત્યાં કરાયું. પરંતુ તે સમાધાનથી અતૃપ્ત એવા દિગંબરોને એ પ્રશ્ન ઊભો રહે છે કે રાગ વગર ઉપદેશની પ્રવૃત્તિ કેવી રીતે થઇ શકે? એ આશા પણ પૂર્વમાં બે પ્રકારની પ્રવૃત્તિનો વિભાગ પાડ્યો એનાથી પુરાઈ=

પ્રવૃત્તિસામાન્ય પ્રતિ યોગ કારણ છે અને ફલાર્થિપ્રવૃત્તિ પ્રતિ ફલેચ્છા કારણ છે, એનાથી આ આશા પુરાઇ, કેમ કે ભગવાન ફલાભિષ્વંગરહિત હોવાના કારણે કેવલ યોગથી જ પ્રવૃત્તિ કરે છે, એ વાત પૂર્વોક્ત કથનથી સિદ્ધ થઇ શકે છે.

**ઉત્થાન :-** દિગંબરોની રાગ વિના કેવી રીતે ત્યાં પ્રવૃત્તિ છે એ પ્રકારે આશા પણ પુરાઇ. તેમાં હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'स्वफल'** સ્વ-ફલ-અભિષ્વંગ વિના જ પરમ કારુણિકની પ્રવૃત્તિ હોવાથી. (રાગ વિના ત્યાં પ્રવૃત્તિ છે).

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, ફલાકાંક્ષા ન હોય તો અનેક પ્રવૃત્તિને છોડીને પ્રતિનિયત જ પ્રવૃત્તિ કઈ રીતે થઇ શકે? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'परोपकारस्य'** પરોપકારના યાથાત્મ્યને જ કારણે રાગ વિના (પ્રવૃત્તિનો) પ્રતિનિયમ છે. એ પ્રકારે આગળ કહેવાશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે બીજાનું હિત કરવું તે ઉચિતપ્રવૃત્તિરૂપ છે, તેથી તેનું યાથાત્મ્યપણું=યથાર્થપણું છે, અને તેના કારણે ભગવાન રાગરહિત હોવા છતાં, ભગવાનમાં ઉચિતપ્રવૃત્તિનું અન્યપ્રવૃત્તિ કરતાં જુદારૂપે પ્રતિનિયમ થાય છે=સર્વ અન્ય પ્રવૃત્તિ નહીં કરતાં પરોપકારને કરવારૂપ પ્રવૃત્તિનું પ્રતિનિયમ થાય છે. એ પ્રકારે આગળ કહેવાશે.

**ટીકા :- तस्मात् परद्रव्यप्रवृत्तिर्न रागद्वेषजनकतया ध्यानप्रतिबन्धिकाऽपि तु विषयान्तरसञ्चारसामग्रीत्वेन, यत्र तु मुखवस्त्रिकादिप्रत्युपेक्षणादौ प्रवृत्तिरावश्यकादिध्याने न विरोधिनी प्रत्युत तदनुरोधिनी तत्र तयैवाध्यात्मशुद्धेः शुद्धात्मोपलम्भाद्भूयांसः सिद्धिमध्यासते स्मेति श्रूयते। कथं? इति चेत्? तथाविधावश्यकादिक्रियाकालान्तर्भविष्णुश्रेणिसमापनयोग्यसूक्ष्मान्तर्मुहूर्त्तभाविना परमात्मलयेन मोहक्षयादिति गृहाण।**

**ટીકાર્થ :- 'तस्मात्'** તે કારણથી=પૂર્વમાં સિદ્ધ કર્યું કે પરદ્રવ્યની પ્રવૃત્તિ રાગ-દ્વેષ જનક નથી તે કારણથી, **વસ્ત્રાદિગ્રહણકરવારૂપ** પરદ્રવ્યની પ્રવૃત્તિ રાગ-દ્વેષના જનકપણાવડે કરીને ધ્યાનપ્રતિબંધિકા નથી, પરંતુ **વિષયાંતરસંચારની** સામગ્રીપણાવડે કરીને ધ્યાનપ્રતિબંધિકા છે.

**ભાવાર્થ :-** મુનિ જ્યારે ધ્યાનમાં વ્યાપૃત છે ત્યારે વસ્ત્રાદિગ્રહણકરવારૂપ પરદ્રવ્યની પ્રવૃત્તિ ધ્યાનના વિષય કરતાં **વિષયાંતરસંચારની** સામગ્રીરૂપ છે. કેમ કે વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ કરવાથી ધ્યેયવિષયક ઉપયોગનો ત્યાગ થાય છે

અને વસ્ત્રાદિવિષયક ઉપયોગ પ્રવર્તે છે, તેથી તે પ્રવૃત્તિ વિષયાંતરસંચારની સામગ્રીરૂપ બને છે અને વિષયાંતરસંચારની સામગ્રીરૂપે તે પ્રવૃત્તિ ધ્યાનની પ્રતિબંધિકા છે.

**ટીકાર્થ :-** **'यत्र तु'** - વળી મુખવસ્ત્રિકાદિ પ્રત્યુપેક્ષણાદિમાં પ્રવૃત્તિ, આવશ્યકાદિવિષયક ધ્યાનમાં વિરોધી નથી, બલ્કે તેની=ધ્યાનની, અનુરોધી છે, ત્યાં તેના વડે જ=મુખવસ્ત્રિકાદિ પ્રત્યુપેક્ષણાદિપ્રવૃત્તિ વડે જ, અધ્યાત્મની શુદ્ધિ હોવાને કારણે, શુદ્ધાત્માનો ઉપલંભ થવાથી ઘણા આત્માઓ સિદ્ધિને પામ્યા; એ પ્રમાણે સંભળાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિર્વિકલ્પદશાને પામેલ મુનિ, જ્યારે કોઇ કારણસર વસ્ત્રાદિરૂપ પરદ્રવ્યમાં પ્રવૃત્તિ કરે, ત્યારે વિષયાંતરના સંચારનું કારણ તે પ્રવૃત્તિ બને છે, તેથી નિર્વિકલ્પદશારૂપ ધ્યાનની પ્રતિબંધિકા વસ્ત્રાદિવિષયક પ્રવૃત્તિ બને છે. પરંતુ આવશ્યકાદિ ક્રિયામાં વ્યાપૃત મુનિ, નિર્વિકલ્પદશાથી નીચલી ભૂમિકામાં રહેલા હોવાથી આવશ્યકાદિ ધ્યાનમાં વર્તતા હોય ત્યારે, મુખવસ્ત્રિકાદિની પડિલેહણાદિ કરવાની ક્રિયા તે ધ્યાનને અતિશય કરવાનું કારણ બને છે; કેમ કે આવશ્યકાદિ સૂત્રોથી જે ભાવ પેદા કરવા માટે અંતરંગ યત્ન વર્તે છે, તેને અનુરૂપ તે ચેષ્ટા હોવાથી તે ભાવને અતિશય કરવાનું કારણ તે ચેષ્ટા બને છે, અને તે ક્રિયા દ્વારા જ ચારિત્રના પરિણામરૂપ અધ્યાત્મની શુદ્ધિ થાય છે=અતિશયવાળો ચારિત્રનો પરિણામ નિષ્પન્ન થાય છે. અને તે જ પૂર્વ કરતાં વિશેષ પ્રકારનો શુદ્ધાત્માના ઉપલંભ સ્વરૂપ છે, અને તે વિશેષ અતિશયિત બને ત્યારે પરિપૂર્ણ શુદ્ધાત્માના ઉપલંભની પ્રાપ્તિ થાય છે. અને શુદ્ધાત્માના ઉપલંભની પ્રાપ્તિ થવાથી ઘણા આત્માઓ સિદ્ધિને પામ્યા, એ પ્રમાણે સંભળાય છે.

**ટીકાર્થ :-** **'कथं? इति चेत्?'** - અહીં પૂર્વપક્ષી કહે છે કે કેવી રીતે (સિદ્ધિને) પામ્યા? અર્થાત્ આવશ્યકાદિક્રિયાઓ યદ્યપિ સરાગચારિત્રને ઉપકારક છે અને આવશ્યકાદિક્રિયાને ઉપકારક તે પ્રત્યુપેક્ષણાદિક્રિયા છે, પરંતુ તે ક્રિયાથી વીતરાગભાવરૂપ ચારિત્રની પ્રાપ્તિ અને સિદ્ધિની પ્રાપ્તિ કઇ રીતે સંભવે? તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે-

**'तथाविध'**- તેવા પ્રકારના આવશ્યકાદિક્રિયાકાળના અન્તર્ભવિષ્ણુ શ્રેણિસમાપનયોગ્ય એવા સૂક્ષ્મ અંતર્મુહૂર્તભાવિ પરમાત્મલય થવાને કારણે, મોહનો ક્ષય થવાથી સિદ્ધિને પામ્યા. એ પ્રકારે તું ગ્રહણ કર=જાણ.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે સરાગદશામાં કરાતી આવશ્યકાદિક્રિયા અને તેમાં ઉપકારક એવી પ્રત્યુપેક્ષણાદિક્રિયાનો પ્રારંભ યદ્યપિ નિર્વિકલ્પદશાની પૂર્વમાં હોય છે, પરંતુ પૂર્વપ્રારબ્ધ તે ક્રિયામાં નિર્વિકલ્પદશા અને શ્રેણિની પ્રાપ્તિ પણ થઇ શકે છે. આવશ્યકાદિક્રિયા કરતાં વચમાં શ્રેણિસમાપનયોગ્ય એવા સૂક્ષ્મ અંતર્મુહૂર્તભાવી= આવશ્યકક્રિયાકાળના અંતર્મુહૂર્ત કરતાં નાના અંતર્મુહૂર્તભાવી, પરમાત્મલય, કોઇ જીવને પ્રાપ્ત થઇ જાય તો તેના મોહનો ક્ષય થઇ શકે છે. આ રીતે પરમાત્મલયમાં ઉપકારક મુખવસ્ત્રિકાદિપ્રત્યુપ્રેક્ષણાદિની પ્રવૃત્તિ છે, તેથી પ્રત્યુપેક્ષણાદિપ્રવૃત્તિ સિદ્ધિનું કારણ બને છે; એમ કહેલ છે.

**ટીકા :-** **नन्वेवं**-

'इत्येतस्मिन् गुणस्थाने नो सन्त्यावश्यकानि षट् ।

सन्ततध्यानसद्योगात् शुद्धिः स्वाभाविकी यतः ॥ [ **गुणस्थान.- ३६ ]इति कथं? इति चेत्? कर्मशमनक्षपणोन्मुखस्य प्रारम्भकस्य तन्निष्ठस्य निष्पन्नयोगस्य वा ध्यातुरविरलमानसव्यापारादेव शुद्धावावश्यकाद्यनुपयोगो, न त्वावश्यकादिक्रियायास्तत्प्रतिबन्धकत्वमित्यभिप्रायः। अत एव 'अथावश्यकानामभावेऽपि शुद्धिमाह'- इति तदवतरणिकान्यथा कथमपि संगंस्यते? ये खल्वत्यन्तमप्रमादितयात्मध्यानत एव व्याप्रियन्ते तेषामावश्यकादिक्रियां विनैव शुद्धिर्ये तु जीवत्प्रमादकणतया नैवंविधास्तेषामावश्यकादिद्वारैव शुद्धेरध्यात्मलाभ इत्येतदभिप्राय इति दृढतरमालोचनीयम्।**

**ટીકાર્થ :- 'ननु'**થી શંકા કરતાં પૂર્વપક્ષી આ પ્રકારે કહે છે કે, આ રીતે=તમે પૂર્વમાં કહ્યું કે મુખવસ્ત્રિકાદિની પડિલેહણની ક્રિયારૂપ પરદ્રવ્યની પ્રવૃત્તિ દ્વારા ઘણા જીવો સિદ્ધિને પામ્યા એ રીતે, ગુણસ્થાનકક્રમારોહનો પાઠ કેવી રીતે સંગત થશે?
અહીં ગુણસ્થાનકક્રમારોહનો પાઠ આ પ્રમાણે છે-

**ટીકાર્થ :- 'इत्येतस्मिन्'** - એથી કરીને આ ગુણસ્થાનકમાં=સાતમા ગુણસ્થાનકમાં, છ આવશ્યકો નથી, જે કારણથી સંતતધ્યાનસદ્યોગ હોવાને કારણે=સતતધ્યાનરૂપ સદ્યોગ હોવાને કારણે, શુદ્ધિ સ્વાભાવિકી છે, એ પ્રમાણે ગુણસ્થાનકક્રમારોહનો પાઠ કેવી રીતે સંગત થશે?

❀ **'इति'**નો અન્વય ગુણસ્થાનકક્રમારોહના પાઠના પૂર્વકથન સાથે છે.
તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-

**'कर्म'** -કર્મશમન અને ક્ષપણને ઉન્મુખ એવા પ્રારંભકનો અને તન્નિષ્ઠ એવા નિષ્પન્નયોગવાળા ધ્યાતાનો અવિરલ માનસવ્યાપાર હોવાથી જ, શુદ્ધિ થયે છતે આવશ્યકાદિનો અનુપયોગ છે, પરંતુ આવશ્યકાદિક્રિયાનું તત્પ્રતિબંધકપણું નથી=સાતમા ગુણસ્થાનકનું પ્રતિબંધકપણું નથી. એ પ્રમાણે ગુણસ્થાનકક્રમારોહના પાઠનો અભિપ્રાય છે. (તેથી અમારા પૂર્વોક્ત કથન સાથે કોઇ વિરોધ નથી.)

**ટીકાર્થ :- 'अत एव'** આથી કરીને જ ગુણસ્થાનકક્રમારોહની અવતરણિકામાં કહ્યું છે કે, આવશ્યકના અભાવમાં પણ શુદ્ધિને કહે છે - એ પ્રમાણે તેની=ગુણસ્થાનકક્રમારોહના પાઠની, અવતરણિકા અન્યથા કેવી રીતે સંગત થશે?

❀**'आवश्यकानामभावेऽपि शुद्धिमाह'** - અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે, આવશ્યકમાં પણ શુદ્ધિ છે અને તેના અભાવમાં પણ શુદ્ધિ છે, તેથી આવશ્યકાદિક્રિયા ધ્યાનની પ્રતિબંધિકા નથી એમ માનવું ઉચિત છે.

**ટીકાર્થ :- 'ये खलु'** - જેઓ ખરેખર અત્યંત અપ્રમાદભાવવાળા છે, તેઓ અત્યંત અપ્રમાદભાવને કારણે નિર્વિકલ્પદશારૂપ આત્મધ્યાનથી જ વ્યાપૃત થાય છે. તેઓને આવશ્યકાદિક્રિયા વિના જ શુદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી જેઓ પ્રમાદભાવવાળા છે, તેઓ જીવત્પ્રમાદકણવાળા હોવાથી આવા પ્રકારના નથી. તેઓને આવશ્યકાદિક્રિયા દ્વારા જ શુદ્ધિ થવાથી અધ્યાત્મનો લાભ થાય છે. એ પ્રકારે=અહીં વર્ણન કર્યું એ પ્રકારે, આનો અભિપ્રાય =ગુણસ્થાનકક્રમારોહના પાઠનો અભિપ્રાય, છે. એ પ્રકારે દઢતર વિચારવું.

**ભાવાર્થ :- 'कर्मशमन'** - તાત્પર્ય એ છે કે, ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિનો પ્રારંભ સાતમા ગુણસ્થાનકમાં યથાપ્રવૃત્તિકરણરૂપે થાય છે અને કર્મના ક્ષપણ કે ઉપશમની ક્રિયા આઠમા ગુણસ્થાનકથી થાય છે, તેથી સાતમું ગુણસ્થાનક કર્મના શમન કે ક્ષપણને ઉન્મુખભાવરૂપ=સન્મુખભાવરૂપ, શ્રેણિના પ્રારંભ સ્વરૂપ છે; અને ૮-૯-૧૦-૧૧મા ગુણસ્થાનકમાં ઉપશમશ્રેણિવાળા, અને ૮-૯-૧૦-૧૨મા ગુણસ્થાનકમાં ક્ષપકશ્રેણિવાળા, નિષ્પન્નયોગવાળા છે. યદ્યપિ નિષ્પન્નયોગ ૧૧-૧૨મા ગુણસ્થાનકમાં થાય છે, તો પણ નિષ્પન્નયોગની પ્રાપ્તિનો પ્રારંભ આઠમા ગુણસ્થાનકથી થાય છે. અહીં શ્રેણિનિષ્ઠ નિષ્પન્નયોગવાળાને ગ્રહણ કરવાના છે. આ બે પ્રકારની શ્રેણિવાળા જીવો ધ્યાતા છે. આ બંને પ્રકારના ધ્યાતાઓની અવિરલમાનસવ્યાપારથી શુદ્ધિ થયે છતે તેમને આવશ્યકાદિ અનુપયોગી છે.

અહીં વિશેષ એ છે કે આવશ્યકાદિક્રિયામાં સૂત્રના ભિન્ન ભિન્ન અર્થમાં સંચરણરૂપ વિરલમાનસવ્યાપાર હોય છે, જ્યારે આ બંને પ્રકારના ધ્યાતામાં જ્ઞાનનો કોઇ એક જ ઉપયોગ શ્રેણિની સમાપ્તિ સુધી અવિરલ વર્તે છે અને તેનાથી જ તેઓની શુદ્ધિ થાય છે, તેથી તેમને આવશ્યકાદિક્રિયાનો ઉપયોગ નથી; તો પણ આવશ્યકાદિક્રિયા પૂર્વમાં પ્રારંભ કરાયેલી હોય તો તે સાતમા ગુણસ્થાનકની પ્રાપ્તિરૂપ શુદ્ધિમાં પ્રતિબંધક થતી નથી; એ પ્રકારનો ગુણસ્થાનકક્રમારોહના પાઠનો અભિપ્રાય છે.

**'ये खलु'**- **'ये खलु'**થી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, આવશ્યકાદિક્રિયા દ્વારા આવશ્યકક્રિયાની પરાકાષ્ઠાની શુદ્ધિ પ્રાપ્ત થાય ત્યારે મુનિ નિર્વિકલ્પદશાના અભિમુખભાવવાળા થાય છે, અને ત્યારપછી નિર્વિકલ્પભાવની પ્રાપ્તિરૂપ અધ્યાત્મનો લાભ થાય છે, અને તેના દ્વારા ક્ષપકશ્રેણિ કે ઉપશમશ્રેણિમાં તેઓ ચઢી શકે છે. તેથી અપ્રમત્તમુનિઓને આવશ્યકક્રિયા વગર પણ શુદ્ધિ સંભવે, પરંતુ જીવિતપ્રમાદકણવાળાઓને આવશ્યકક્રિયા દ્વારા જ શુદ્ધાત્માની પ્રાપ્તિ થાય છે. તેથી આવશ્યકક્રિયા શુદ્ધાત્માની પ્રાપ્તિના ઉપલંભ માટે પ્રતિબંધિકા નથી, પરંતુ નિર્વિકલ્પદશાવાળા સાતમા ગુણસ્થાનકવાળા જીવોને આવશ્યકાદિની જરૂર નથી. આ જ તાત્પર્ય ગુણસ્થાનકક્રમારોહના કથનનું છે.

**ટીકા :- ननु तथाप्यपकृष्टमार्गादुत्कृष्टमार्ग एव श्रेयानिति शुद्धोपयोग एवाश्रयणीयो न तु संभावितशुभोपयोगोऽपि स्थविरकल्पिकमार्ग इति चेत्? तदिदमत्यावेशात् प्रथमसोपानमपहायैवोपरि प्रासादारोह-चापलमायुष्मतः। किञ्चैवं त्वरमाणः प्रथममेव शैलेशीचरमसमयं किमिति न धावसि, तस्यैव निश्चयतो मोक्षहेतुत्वात्। तदुक्तं धर्मसंग्रहण्याम् ( २६ )**

[1] सो उभयक्खयहेऊ, सेलेसीचरमसमयभावी जो ।

सेसो पुण णिच्छयओ, तस्सेव पसाहगो भणिओ ॥ त्ति

**स धर्म उभयक्षयहेतुः धर्माधर्मोभयक्षयकारी यः शैलेशीचरमसमयभावी, शेषः पुनस्तस्यैव शैलेशीचरमसमयभाविन एव धर्मस्य प्रसाधकः=उपकारको भणित इति। अग्रिमोपकारकतया पूर्वपूर्वोपयोगे तु जिनकल्पमिव स्थविरकल्पमपि किमिति नाद्रियेथाः? एतेन दिगम्बराणामुत्कृष्टः पन्थाः सिताम्बराणां तु न तथेति मुग्धजनाशङ्कापि परास्ता, पूर्वपूर्वमार्गविलोपे फलत उत्तरोत्तरमार्गविलोपात् ॥२२॥**

❀ **'किमिति नाद्रियेथाः'** અહીં **'किमिति'** શબ્દ **'कस्मात्'** અર્થમાં છે.

**ટીકાર્થ :-** **'ननु'** અહીં પૂર્વપક્ષી કહે કે, તો પણ અર્થાત્ જે અપ્રમત્ત ગુણસ્થાનકમાં નથી તેવા જીવોને આવશ્યકાદિ દ્વારા જ અધ્યાત્મનો લાભ થાય છે, એમ તમે પૂર્વમાં સ્થાપન કર્યું તો પણ, અપકૃષ્ટ માર્ગથી ઉત્કૃષ્ટ માર્ગ જ શ્રેયઃકારી છે, એથી કરીને શુદ્ધોપયોગ જ આશ્રયણીય છે, પરંતુ સંભાવિત શુભોપયોગરૂપ પણ સ્થવિરકલ્પ માર્ગ નહિ; તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે-

**'तदिदम्'** - તે આ મતિના આવેશથી પ્રથમ સોપાનને છોડીને જ ઉપરમાં પ્રાસાદનું આરોહ કરવા માટેનું આયુષ્યમાનનું ચપલપણું છે, અર્થાત્ આ કથન કર્યું તે જ ચપલપણું છે.

**'किञ्च'** - વળી આ રીતે=પૂર્વમાં કહ્યું એ રીતે, ત્વરા કરતો એવો તું પ્રથમ જ શૈલેશીના ચરમસમય પ્રત્યે કેમ દોડતો નથી? અર્થાત્ તારે દોડવું જોઈએ. કેમ કે તેનું જ=શૈલેશીના ચરમસમયનું જ, નિશ્ચયથી મોક્ષનું હેતુપણું છે =નિશ્ચયથી શૈલેશીનો ચરમસમય જ મોક્ષનો હેતુ છે.

તે જ ધર્મસંગ્રહણીમાં કહેલું છે-

**'सो'**- નિશ્ચયથી જે શૈલેશીનો ચરમક્ષણભાવી છે, તે ઉભયક્ષયનો હેતુ છે. શેષ વળી તેનો જ=શૈલેશીના ચરમક્ષણભાવી ધર્મનો જ, પ્રસાધક છે.

**'इति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

ધર્મસંગ્રહણીના પાઠના ઉદ્ધરણનું તાત્પર્ય બતાવે છે-

**'स धर्म'** - જે શૈલેશીનો ચરમસમયભાવી છે, તે ધર્મ ઉભય ક્ષય હેતુ છે=ધર્મ અને અધર્મ ઉભયના ક્ષયનું કારણ છે. શેષ વળી તેનો જ=શૈલેશીના ચરમક્ષણભાવી ધર્મનો જ, પ્રસાધક=ઉપકારક, કહેવાયેલ છે.

**'इति'** ઉદ્ધરણની ટીકાના કથનની સમાપ્તિસૂચક છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે - શુદ્ધ ઉપયોગ એ શૈલેશીના ચરમસમય પ્રત્યે ઉપકારક છે, તેથી શૈલેશીના ચરમસમય પૂર્વે શુદ્ધ ઉપયોગનું અમે આશ્રયણ કરીએ છીએ. તો ગ્રંથકાર કહે છે-

---

१. स उभयक्षयहेतुः शैलेशीचरमसमयभावी यः । शेषः पुनर्निश्चयतस्तस्यैव प्रसाधको भणितः ॥

**'अग्रिम'**- વળી અગ્રિમ ઉપકારકપણાથી પૂર્વ પૂર્વ ઉપયોગમાં જિનકલ્પની જેમ સ્થવિરકલ્પ પણ કેમ તું આદરતો નથી?

**'एतेन'** - આનાથી=ચૌદમા ગુણસ્થાનક માટે ઉપકારી હોવાના કારણે જો જિનકલ્પનો સ્વીકાર કરતા હો, તો જિનકલ્પના ઉપકાર અર્થે સ્થવિરકલ્પ કેમ સ્વીકારતા નથી? એમ પૂર્વમાં કહ્યું. એનાથી, દિગંબરનો ઉત્કૃષ્ટ માર્ગ છે વળી શ્વેતાંબરનો તે પ્રમાણે નથી અર્થાત્ ઉત્કૃષ્ટમાર્ગ નથી, એવી મુગ્ધજનની આશંકા પણ પરાસ્ત કરાઇ. તેમાં હેતુ કહે છે-

**'पूर्व'** - પૂર્વ પૂર્વ માર્ગના વિલોપમાં ફલથી ઉત્તર ઉત્તર માર્ગનો વિલોપ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષી સ્થવિરકલ્પમાર્ગનો વિલોપ કરશે તો સ્થવિરકલ્પના ઉત્તરભાવી જિનકલ્પરૂપ માર્ગનો પણ વિલોપ થશે. અને તેથી એ પ્રાપ્ત થાય કે, દિગંબરોનો ઉત્કૃષ્ટ માર્ગ નથી, પરંતુ સ્થવિરકલ્પના વિલોપને કરવા દ્વારા જિનકલ્પરૂપ માર્ગના વિલોપને કરનાર એવો અસંબદ્ધ વિપરીત માર્ગ છે. **॥૨૨॥**

**અવતરણિકા :- अथ वस्त्रादेर्यद् ग्रन्थत्वमाशङ्कितं तन्निराकर्त्तुमाह-**

**અવતરણિકાર્થ :-** હવે વસ્ત્રાદિનું જે ગ્રંથપણું દિગંબર દ્વારા આશંકિત છે, તેનું નિરાકરણ કરવા માટે ગ્રંથકાર કહે છે-

**ગાથા :-** **वत्थाइ णेव गन्थो मुणीण मुच्छं विणेव गहणाओ ।**
**तह देहपालणट्ठा जह आहारो तुहवि इट्ठो ॥२३॥**

( वस्त्रादि नैव ग्रन्थो मुनीनां मूर्च्छां विनैव ग्रहणात् । तथा देहपालनार्थं यथाहारस्तवापीष्टः ॥२३॥ )

**जह देहपालणट्ठा जुत्ताहारो विराहगो ण मुणी ।**
**तह जुत्तवत्थपत्तो विराहगो णेव णिद्दिट्ठो ॥२४॥**

( यथा देहपालनार्थं युक्ताहारो विराधको न मुनिः । तथा युक्तवस्त्रपात्रो, विराधको नैव निर्दिष्टः ॥२४॥ )

**ગાથાર્થ :- 'वत्थाइ'- મૂર્છા વિના જ ગ્રહણ થતાં હોવાથી મુનિનાં વસ્ત્રાદિ ગ્રંથ નથી જ. જે પ્રકારે દેહપાલન માટે તને પણ આહાર ઈષ્ટ છે તેમ(દેહપાલન માટે વસ્ત્રાદિ ઈષ્ટ છે.)**

**'जह' જેમ દેહપાલન માટે યુક્ત આહાર=સંયમ માટે ઉપયોગી થાય તેટલો જ શુદ્ધ આહાર, ગ્રહણ કરવાવાળો મુનિ વિરાધક નથી, તેમ (દેહપાલન માટે ) યુક્ત વસ્ત્રપાત્ર=સંયમ માટે ઉપયોગી બને તેટલાં જ નિર્દોષ વસ્ત્રપાત્ર ગ્રહણ કરવાવાળો (મુનિ) વિરાધક કહેવાયેલો નથી જ.**

**ટીકા :- मुनीनां वस्त्रादिकं न ग्रन्थः, मूर्च्छाऽनिमित्तकप्रवृत्तिविषयत्वात्, देहपालनार्थमुपादीयमानत्वात्,**

**आहारवत्। न च पूर्वानुमाने यदि मूर्च्छां विनोपादीयेत्, तर्ह्यकस्मादेवोपादीयेतेति बाधकस्तर्कः, उत्तरानुमाने चाविरतेस्तथोपादीयमाने व्यभिचार इति वाच्यं, आहारादौ यतीनां मूर्च्छां विनैव प्रवृत्तेरसिद्धव्याप्तिकत्वात्तर्कस्य, उत्तरत्र च देहपालनार्थमित्यनेन विधिविषयोपदर्शनाद्विहितस्योपादीयमानत्वादित्यर्थात्। विहितत्वं कथं? इति चेत्? आहारवद्यतनया संयमोपकारिदेहत्राणार्थत्वादिति भावः।**

❀ '**मुनीनां**'...થી '**अर्थात्**' સુધીના કથનમાં બે હેતુઓ દ્વારા ગ્રંથકારે બે અનુમાનો કર્યાં છે, અને '**न च**'થી '**वाच्यं**' સુધીના વચલા કથનમાં દિગંબર દ્વારા પ્રથમ અનુમાનમાં બાધક તર્ક બતાવવામાં આવેલ છે, તેથી તે તર્ક દ્વારા પ્રથમ અનુમાન બાધ પામે છે, અને બીજા અનુમાનમાં વ્યભિચાર દોષ બતાવવામા આવ્યો છે, તેથી હેતુ વ્યભિચારી હોવાને કારણે બીજું અનુમાન પણ સંગત નથી; એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારે '**आहारादौ**'થી '**तर्कस्य**' સુધી પ્રથમ અનુમાનમાં પૂર્વપક્ષીએ આપેલ બાધક તર્ક બરાબર નથી, તે સિદ્ધ કરી બતાવ્યું છે, અને '**उत्तरत्र**'થી '**अर्थात्**' સુધીના કથનથી બીજા અનુમાનમાં હેતુ વ્યભિચારી નથી; તે સિદ્ધ કર્યું છે.

**ટીકાર્થ :-** મુનિના વસ્ત્રાદિક(પક્ષ) ગ્રંથ નથી(સાધ્ય), તેમાં બે હેતુ કહીને બે અનુમાનો કરેલ છે-

(૧) મૂર્છાઅનિમિત્તકપ્રવૃત્તિવિષયપણું છે.

(૨) દેહપાલન માટે ઉપાદીયમાનપણું છે.

'**आहारवत्**' આહારની જેમ દૃષ્ટાંત છે.

'**न च**' - પૂર્વ અનુમાનમાં જો મૂર્છા વિના ગ્રહણ કરાતાં હોય, તો અકસ્માત જ ગ્રહણ કરાતાં હોય એ પ્રમાણે બાધક તર્ક છે અને બીજા અનુમાનમાં અવિરતિથી તે પ્રમાણે=દેહપાલન માટે ઉપાદીયમાનમાં=ગ્રહણ કરાતામાં, વ્યભિચાર છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે એ પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે-

'**आहारादौ**'- (પ્રથમ અનુમાનમાં=મુનિના વસ્ત્રાદિક ગ્રંથ નથી, મૂર્છાઅનિમિત્તકપ્રવૃત્તિવિષયપણું હોવાથી, એ પ્રથમ અનુમાનમાં,) યતિની આહારાદિમાં મૂર્છા વિના જ પ્રવૃત્તિ હોવાથી તર્કનું અસિદ્ધવ્યાપ્તિકપણું છે=પૂર્વપક્ષીએ આપેલ બાધક તર્ક અસિદ્ધ વ્યાપ્તિવાળો છે. '**उत्तरत्र**'- બીજા અનુમાનમાં=મુનિના વસ્ત્રાદિક ગ્રંથ નથી દેહપાલન માટે ઉપાદીયમાનપણું છે, એ બીજા અનુમાનમાં આપેલ હેતુમાં '**देहपालनार्थं**' એ પ્રમાણે જે કહેલ છે, એના વડે વિધિવિષયનું ઉપદર્શન હોવાથી વિહિતનું ઉપાદીયમાનપણું છે, એ પ્રમાણેનો અર્થ અર્થથી પ્રાપ્ત પ્રાપ્ત થાય છે. તેથી અવિરત જીવોને દેહપાલન માટે '**उपादीयमानत्वात्**'માં જે વ્યભિચાર પ્રાપ્ત થતો હતો, તે પ્રાપ્ત થશે નહિ.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે વિહિતપણું કેવી રીતે છે? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-** '**आहारवत्**' આહારની જેમ યતના વડે સંયમને ઉપકારી દેહના ત્રાણ માટે હોવાથી, મુનિને વસ્ત્રાદિ વિહિત છે. એ પ્રમાણે ભાવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે '**मुनीनां वस्त्रादिकं न ग्रन्थः**' ....એ પ્રસ્તુત અનુમાનમાં મુનિ શબ્દથી દિગંબરના કે શ્વેતાંબરના મુનિ ગ્રહણ કરવાના નથી, પરંતુ જે કોઈએ પણ સંસારને છોડીને આત્મસાધના માટે સંયમને ગ્રહણ કરેલ હોય, તેવા મુનિનાં વસ્ત્રાદિક ગ્રંથ નથી, એ પ્રકારે ગ્રંથકારને અભિમત છે. તેથી કોઈને પ્રશ્ન થાય કે '**देहपालनार्थमुपादीयमानत्वात्**' એ રૂપ બીજો હેતુ દિગંબરને કેવી રીતે માન્ય થાય? તે પ્રશ્નનો અવકાશ રહેતો નથી, કેમ કે જે કોઈપણ મુનિ દેહપાલન માટે વસ્ત્રાદિ ગ્રહણ કરતા હોય તેમને તે વસ્ત્ર ગ્રંથ છે કે નહિ, તે પ્રસ્તુતમાં વિચારવાનું છે.

અહીં વિશેષ એ છે કે, મુનિને વસ્ત્રાદિક ગ્રંથ નથી તેમાં પ્રથમ હેતુથી જે અનુમાન કરવામાં આવ્યું છે, તેમાં બતાવેલ હેતુ યદ્યપિ પૂર્વપક્ષીને માન્ય નથી, તેથી હેતુ ઉભયપક્ષને માન્ય હોય તો જ ઉપન્યાસ થઈ શકે એ ન્યાયથી, તેનો ઉપન્યાસ અસંગત થાય, તો પણ આહારમાં '**न ग्रन्थः**' રૂપ સાધ્ય અને '**मूर्च्छाऽनिमित्तकप्रवृत्ति-विषयत्वात्**' એ હેતુની વ્યાપ્તિ પૂર્વપક્ષને પણ માન્ય છે, તેથી તેના બળથી વસ્ત્ર પણ મુનિ માટે તત્સદૃશ જ છે, તેમ બતાવીને હેતુનો ઉપન્યાસ કરેલ છે. તેથી પૂર્વપક્ષી જો આહારને મૂર્ચ્છાઅનિમિત્તકપ્રવૃત્તિવિષયરૂપ માની શકતો હોય તો વસ્ત્ર પણ તેણે તેવું માનવું પડે; તેથી '**वस्त्रादिकं न ग्रन्थः**' એ રીતે અનુમાન કરેલ છે. ત્યાં હેતુનો બાધ કરવા માટે '**न च**' થી તર્ક કરે છે અને બીજા હેતુથી કરાયેલ અનુમાનમાં યદ્યપિ હેતુનો સ્વીકાર પૂર્વપક્ષીને છે, પરંતુ તે હેતુ સાધ્યનો વ્યભિચારી છે એમ પૂર્વપક્ષી કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે '**आहारादौ**'થી '**तर्कस्य**' સુધી કથન કર્યું. તેનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીએ હેતુને બાધ કરવા જે તર્ક આપ્યો તે તર્ક મૂર્છારહિત સ્થાનમાં સર્વત્ર વ્યાપ્તિવાળો હોય તો હેતુનો બાધ કરી શકે; પરંતુ તર્કની વ્યાપ્તિ અસિદ્ધ છે, કેમ કે મુનિને આહારાદિમાં મૂર્છા વિનાની પ્રવૃત્તિ માન્ય છે, આમ છતાં અકસ્માત્ પ્રવૃત્તિ માન્ય નથી, તેથી તે સ્થાનમાં તર્કની વ્યાપ્તિ અસિદ્ધ છે. અને '**उत्तरत्र**'થી '**अर्थात्**' સુધી કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં સાધુને માટે દેહપાલનની વિધિ છે તે વિધિના વિષયનું ઉપદર્શન હેતુમાં કહેલ '**देहपालनार्थम्**'થી થાય છે, તેથી સાધુ જે વસ્ત્રનું ગ્રહણ કરે છે તે શાસ્ત્રમાં વિહિત છે તેનું જ ગ્રહણ કરે તે જ પ્રાપ્ત થાય છે, તેથી તેને તે મૂર્છાનું કારણ બનતું નથી. જ્યારે અવિરત પુરુષ વિભૂષા માટે વસ્ત્ર ગ્રહણ ન કરતો હોય પરંતુ દેહપાલન માટે કરતો હોય ત્યારે પણ તે મૂર્છાનું કારણ છે જ; કેમ કે તેને યદ્યપિ વસ્ત્રથી શરીરની વિભૂષાનો આશય નથી તો પણ દેહ એ ભોગનું સાધન છે, અને તેના સાધનને પાલન કરવાની બુદ્ધિથી શીતાદિથી રક્ષણ કરવા માટે તેની વસ્ત્રમાં પ્રવૃત્તિ છે, તેથી ભોગના સાધનરૂપે શરીરનું મમત્વ હોય છે અને શરીરના સાધનરૂપે વસ્ત્રાદિમાં મમત્વ હોય છે, જ્યારે કોઈકને વિભૂષાના સાધનરૂપે પણ મમત્વ હોઈ શકે, પરંતુ દેહપાલન માટે જે લોકો ગ્રહણ કરે છે તે પણ વિહિત બનતું નથી; જ્યારે મુનિને માટે તો સંયમના ઉપકારક એવા દેહપાલનની બુદ્ધિથી પ્રવૃત્તિ કરવાની હોવાથી તે વિહિત બને છે; અને તેથી જ તે હેતુ '**न ग्रन्थः**'નું સાધક થાય છે.

અહીં વિશેષ એ છે કે કોઈકને પ્રશ્ન થાય કે, '**देहपालनार्थम्**' એ વચનથી વિધિવિષયનું ઉપદર્શન કેવી રીતે થાય? તેનું તાત્પર્ય એ છે કે, ગ્રંથકાર જે અનુમાન કરે છે તેમાં હેતુરૂપે '**देहपालनार्थमुपादीयमानत्वात्**' એ પ્રમાણે કહ્યું, ત્યાં સાધુનું દેહપાલન લેવાનું છે અને સાધુનું દેહપાલન હંમેશાં શાસ્ત્રની વિધિપૂર્વક જ હોય છે, મનસ્વી નથી હોતું, એ અર્થ બતાવવા માટે જ '**देहपालनार्थम्**'નો પ્રયોગ કરેલ છે. તેનાથી એ પ્રાપ્ત થયું કે સાધુનું વસ્ત્રગ્રહણ ભોગાર્થ નથી, પરંતુ શાસ્ત્રની વિધિપૂર્વક સંયમના ઉપષ્ટંભક એવા દેહપાલન માટે છે.

**ઉત્થાન :-** આ રીતે પૂર્વમાં મુનિને વસ્ત્રાદિ ગ્રંથ નથી એ વાત બે હેતુ દ્વારા સિદ્ધ કરીને તેમાં પૂર્વપક્ષી દ્વારા અપાયેલ દોષોનું નિરાકરણ કર્યું. હવે પૂર્વપક્ષી પૂર્વ અનુમાનનું પ્રતિપક્ષ અનુમાન કરીને સત્પ્રતિપક્ષ દોષ બતાવે છે-

**ટીકા :- 'वस्त्रादिकं ग्रन्थः, मूर्च्छाहेतुत्वात् कनकादिवदि'त्यनेन सत्प्रतिपक्षत्वमिति चेत्? ग्रन्थत्वमपि मूर्च्छाहेतुत्वं यदि तदा हेतोः साध्याऽविशेषप्रसङ्गः। 'साध्ये हेतुत्वं स्वरूपयोग्यता, हेतौ तु फलोपधानमिति' चेत्? न, असिद्धव्याप्तिकत्वात्। 'ग्रन्थव्यवहारविषयत्वं साध्यमिति' चेत्? व्यवहारो यदि लौकिकस्तर्हि मूर्च्छाहेतुतृणादौ व्यभिचारो, यद्यलौकिकस्तर्हि बाध एव। यदि भयहेतुत्वादिकं ग्रन्थत्वं तदाऽप्रयोजकत्वं, मूर्च्छाहेतुत्वेन भयादिहेतुत्वायोगात्। 'परिग्रहजन्यबन्धहेतुत्वं ग्रन्थत्वमिति' चेत्? न, बन्धहेतुत्वमात्रस्यैव तत्रौचित्यात्, यत्युपकरणस्याप्यविरतरबन्धहेतुत्वेन सिद्धसाधनाच्च हेतौ साध्ये च यतीनामित्युपादाने चाऽसिद्धि-बाधौ। 'येषां मूर्च्छाहेतुत्वं तेषां ग्रन्थ इति वक्तुमभिमतमि'ति चेत्? काममभिमतं नः, येषां कनकादिकं ग्रन्थस्तेषां वस्त्रादेरपि ग्रन्थत्वात्, सामान्यतस्तु कनकयुवत्यादिकं अपि न ग्रन्थः, आहारादिवद् देहार्थत्वात्, यदाह- ( वि. आ. भाष्ये २५७२ )**

[१] आहारोव्व न गन्थो देहट्ठन्ति विसघायणट्ठाए।
कणगंपि तहा जुवई, धम्मंतेवासिणी मे त्ति ॥

**ટીકાર્થ :- 'वस्त्रादिकं'** અહીં પ્રતિપક્ષ અનુમાન આ પ્રમાણે છે- વસ્ત્રાદિક ગ્રંથ છે, મૂર્છાહેતુપણું હોવાથી, કનકાદિની જેમ, આના વડે તમારો હેતુ સત્પ્રતિપક્ષરૂપ દોષવાળો છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકાર તેને પૂછે છે કે, તમે કહેલ ગ્રંથત્વ શું ચીજ છે? જો મૂર્છાહેતુત્વ ગ્રંથત્વ છે એમ કહેશો તો તે અનુમાનમાં હેતુનો સાધ્યની સાથે અવિશેષનો પ્રસંગ પ્રાપ્ત થશે=હેતુ અને સાધ્ય એક પ્રાપ્ત થશે. તેના સમાધાનરૂપે પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સાધ્યમાં જે ગ્રંથનો અર્થ **'मूर्च्छाहेतुत्वं'** કર્યો તે સ્વરૂપયોગ્યતારૂપ છે અને **'मूर्च्छाहेतुत्वात्'** એ પ્રમાણે હેતુનો ઉપન્યાસ છે તે ફલોપધાનરૂપ છે, માટે કોઈ દોષ નથી. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે, એ પ્રમાણે ન કહેવું; કેમ કે અસિદ્ધવ્યાપ્તિકપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે "મુનિને વસ્ત્રાદિક ગ્રંથ નથી" એ પ્રકારના સિદ્ધાંતકારના અનુમાન સામે પૂર્વપક્ષીએ "વસ્ત્રાદિ ગ્રંથ છે, મૂર્છાહેતુપણું હોવાથી, કનકાદિની જેમ" એ પ્રકારના અનુમાન દ્વારા પ્રતિપક્ષ અનુમાન કરેલ છે, તેથી સત્પ્રતિપક્ષ દોષ આવવાને કારણે સિદ્ધાંતકારનું અનુમાન બાધ પામે છે. તેથી સિદ્ધાંતકારે પૂર્વપક્ષીને કહ્યું કે ગ્રંથત્વનો અર્થ મૂર્છાહેતુત્વ કરીશ તો તારા પ્રતિપક્ષ અનુમાનમાં હેતુ અને સાધ્ય એક થવાનો પ્રસંગ આવે છે, માટે પ્રતિપક્ષ અનુમાન થઈ શકશે નહિ. તેના સમાધાનપરૂપે પૂર્વપક્ષી કહે કે સાધ્યમાં ગ્રંથનો અર્થ જે

१. आहार इव न ग्रन्थो देहार्थमिति विषघातनार्थतया। कनकमपि तथा युवतिर्धर्मान्तेवासिनी ममेति ॥

મૂર્છાહેતુત્વ કરેલ છે તે સ્વરૂપયોગ્યતાને ગ્રહણ કરીને કરેલ છે, અને હેતુમાં જે મૂર્છાહેતુત્વ છે તે ફલોપધાનહેતુને ગ્રહણ કરીને કરેલ છે, એમ કહ્યું. તેનો ભાવ એ છે કે જગતમાં તમામ વસ્ત્રો મૂર્ચ્છાને પેદા કરે તેવી સ્વરૂપયોગ્યતાવાળા છે, એ સાધ્યમાં રહેલ ગ્રંથનો=મૂર્છાહેતુત્વનો અર્થ છે; અને હેતુમાં જે 'મૂર્ચ્છાહેતુત્વ' કહ્યું તેનો અર્થ એ છે કે જે જે વસ્ત્રો લોકો દ્વારા ધારણ થાય છે તે વસ્ત્રો ધારણ કરનારને મૂર્ચ્છારૂપ ફલ અવશ્ય પેદા કરે છે, તેથી મૂર્છારૂપ ફલને પેદા કરવારૂપ ફલોપધાયક હેતુ છે, તેથી મુનિ મૂર્છાના ફલોપધાયક હેતુરૂપ વસ્ત્રોને જાણીને વસ્ત્રો ધારણ કરતા નથી, તેથી તે ગ્રંથરૂપ છે; એમ પૂર્વપક્ષીનું કહેવું છે. તેના નિરાકરણરૂપે ગ્રંથકારે કહ્યું કે એ વાત બરાબર નથી, કેમ કે વ્યાપ્તિ અસિદ્ધ છે. તેનું તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીએ વસ્ત્રત્વેન સર્વ વસ્ત્રને પક્ષ કરીને તેમાં સ્વરૂપયોગ્યતારૂપ મૂર્છાહેતુત્વરૂપ ગ્રંથને સાધ્ય બનાવ્યું, અને ફલોપધાયકરૂપ મૂર્છાહેતુત્વને હેતુ તરીકે કહ્યું, તેથી એ પ્રાપ્ત થયું કે જે જે ધારિત વસ્ત્ર છે તે તે ફલોપાધાયક મૂર્છાના હેતુ છે. તેથી હેતુનું સ્વરૂપ એ પ્રાપ્ત થયું કે ધારિત વસ્ત્ર મૂર્છાની સાથે અવિનાભાવી છે. આ રીતે હેતુમાં ધારિત વસ્ત્રની સાથે અવિનાભાવિતારૂપ જે વ્યાપ્તિ છે તે અસિદ્ધ છે; કેમ કે મુનિ સંયમપાલન માટે જેમ નિર્દોષ આહાર ગ્રહણ કરે છે ત્યાં મૂર્છા નથી, તેમ સંયમના સાધનભૂત દેહના પાલન માટે જ્યારે વસ્ત્રને ધારણ કરે છે ત્યારે પણ મૂર્છા નથી; તેથી અસિદ્ધવ્યાપ્તિકપણું હેતુમાં છે=હેતુ અસિદ્ધવ્યાપ્તિવાળો છે, એમ કહેલ છે.

**ટીકાર્થ :-** **'ग्रन्थव्यवहार'** - ગ્રંથવ્યવહારવિષયપણું સાધ્ય છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે - જો વ્યવહાર લૌકિક છે તો મૂર્છાના હેતુ તૃણાદિમાં વ્યભિચાર છે, જો અલૌકિક છે તો બાધ જ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વે કહેલ સત્પ્રતિપક્ષ અનુમાનમાં પૂર્વપક્ષી કહે કે, ગ્રંથનો અર્થ મૂર્છાહેતુત્વ કરીએ તો સાધ્ય અને હેતુનું ઐક્ય પ્રાપ્ત થાય, તેથી અમે ગ્રંથનો અર્થ ગ્રંથવ્યવહારવિષયત્વ કરીશું અને મૂર્છાહેતુત્વને હેતુ કહીશું, તેથી કોઇ વાંધો આવશે નહિ. તેને ગ્રંથકાર કહે છે કે, ગ્રંથવ્યવહાર લૌકિક અને લોકોત્તર બે પ્રકારનો છે અને લૌકિક વ્યવહાર પ્રમાણે વસ્ત્રાદિનો ગ્રંથ તરીકેનો વ્યવહાર પ્રવર્તે છે, પરંતુ તૃણાદિમાં ગ્રંથ તરીકેનો વ્યવહાર પ્રવર્તતો નથી; આમ છતાં તૃણાદિમાં પણ જીવને મૂર્છા થઇ શકે છે, તેથી ત્યાં મુર્છાહેતુત્વ છે અને ગ્રંથવ્યવહારવિષયત્વ નથી, તેથી મૂર્છાહેતુત્વરૂપ હેતુ વ્યભિચારી પ્રાપ્ત થશે. અને જો પૂર્વપક્ષી અલૌકિક વ્યવહાર ગ્રહણ કરે અર્થાત્ શાસ્ત્રોક્ત વ્યવહાર ગ્રહણ કરે તો શાસ્ત્રો વસ્ત્રાદિને એકાંતે ગ્રંથ કહેતાં નથી, પરંતુ જે લોકો અવિરતિવાળા છે તેમને જ વસ્ત્રાદિ કર્મબંધનું કારણ હોવાથી ગ્રંથરૂપ છે, પરંતુ ભગવાનના વચનાનુસાર યતનાપૂર્વક જેઓ વસ્ત્ર ગ્રહણ કરે છે, તેઓના વસ્ત્રાદિમાં ગ્રંથનો વ્યવહાર શાસ્ત્રને માન્ય નથી. તેથી આગમપ્રમાણથી અલૌકિક વ્યવહારનો બાધ છે.

❀ ગ્રંથવ્યવહારમાં **'ग्रन्थ'** શબ્દ પરિગ્રહ અર્થમાં વપરાયેલ છે.

**ટીકાર્થ :-** **'यदि भयहेतुत्वादिकं'** - જો ભયહેતુત્વાદિક ગ્રંથપણું છે એમ પૂર્વપક્ષી કહે તો અપ્રયોજકપણું છે, કેમ કે મૂર્છાહેતુત્વની સાથે ભયાદિહેતુત્વનો અયોગ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે તૃણાદિ મૂર્છાના હેતુ હોવા છતાં ભયાદિમાં હેતુ નથી, તેથી પ્રસ્તુત અનુમાનમાં મૂર્છાહેતુત્વ દ્વારા વસ્ત્રાદિમાં ભયહેતુત્વાદિરૂપ ગ્રંથની સિદ્ધિ થશે નહિ.

**ટીકાર્થ :- 'परिग्रहजन्य'** - પરિગ્રહજન્ય બંધહેતુત્વ ગ્રંથ છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે, તારી વાત બરાબર નથી, કેમ કે બંધહેતુત્વમાત્રનું જ ત્યાં ઔચિત્યપણું છે, અને યતિનું ઉપકરણ પણ અવિરતને બંધહેતુપણાથી સિદ્ધસાધન છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પરિગ્રહજન્ય વિશેષણ મૂકવાનું કોઇ પ્રયોજન નથી, કેમ કે જે બંધનું કારણ છે તેને જ શાસ્ત્રકારો ગ્રંથ કહે છે, તેથી પરિગ્રહજન્ય બંધ કહીને અન્ય કોઇ બંધની વ્યાવૃત્તિ થતી નથી. તેથી પરિગ્રહજન્ય બંધહેતુત્વ કહેવાથી કોઇ બંધની વ્યાવૃત્તિ થતી હોત તો તે વિશેષણ ઉપયોગી ગણાય, પરંતુ તેવી કોઇ ઉપયોગિતા નથી, તેથી બંધહેતુત્વમાત્રનું જ ત્યાં ઔચિત્યપણું છે.

અહીં પૂર્વપક્ષી તે સ્વીકારી લે તો ગ્રંથકાર કહે છે કે, યતિનું ઉપકરણ પણ સંસારી જીવોને રાગ થવાથી બંધનો હેતુ બની શકે છે, અને તે રીતે તમે યતિના વસ્ત્રાદિને ગ્રંથરૂપે સ્થાપન કરતા હો તો સિદ્ધસાધન દોષ છે; અર્થાત્ અમને એ માન્ય છે; પરંતુ તે સિદ્ધ થવાથી અમને કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** વસ્ત્ર અવિરતિને બંધહેતુ હોવાના કારણે સિદ્ધસાધન દોષ પૂર્વમાં આવ્યો, તેના નિવારણ માટે પૂર્વપક્ષી કહે કે હેતુ અને સાધ્યમાં **'यति'**નું ઉપાદાન કરીશું, તેથી દોષ નહી આવે; તેને ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થઃ- 'हेतौ'** - હેતુ અને સાધ્યમાં **'यतीनां'** એ પ્રમાણે ઉપાદાનમાં અસિદ્ધ અને બાધ દોષ આવશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે વસ્ત્રાદિ યતિને ગ્રંથરૂપ છે કેમ કે યતિને મૂર્છાનો હેતુ હોવાથી. તેથી યતિનું ઉપકરણ પણ અવિરતને બંધહેતુ હોવાના કારણે સિદ્ધસાધન દોષ આપેલ તે નહિ આવે, કેમ કે યતિને વસ્ત્ર બંધનો હેતુ બને તે સ્વસિદ્ધાંત (શ્વેતાંબર) પ્રમાણે પ્રસિદ્ધ નથી, તેની સિદ્ધિ પૂર્વપક્ષીને કરવી છે, તેથી હેતુ અસિદ્ધને સાધનાર છે, માટે સિદ્ધસાધન દોષ આવશે નહિ. આ રીતે સિદ્ધસાધન દોષ દૂર કરતાં અસિદ્ધિ અને બાધ દોષ આવશે. તે આ રીતે-

હેતુ ઉભયપક્ષને માન્ય હોવો જોઇએ અને યતિને મૂર્ચ્છાહેતુત્વરૂપ હેતુ સ્વસિદ્ધાંત પ્રમાણે અસિદ્ધ છે, તેથી અસિદ્ધિ નામનો દોષ છે; અને યતિના વસ્ત્રાદિ બંધહેતુપણારૂપે સાધ્ય છે, તેમાં બાધ દોષ છે. જેમ કોઇ અનુમાન કરે કે **'जलहृदः वह्निमान्'** તેમાં જેમ જલહૃદમાં પ્રત્યક્ષ પ્રમાણથી વહ્નિ બાધિત છે, તેમ યતિના વસ્ત્રાદિમાં બંધહેતુત્વ આગમથી બાધિત છે, કેમ કે 'યતિ' શબ્દથી તે જ વાચ્ય છે કે જે સંયમમાં યતમાન હોય અને સંયમમાં જે યતમાન હોય તેને કોઇ વસ્તુ બંધનો હેતુ બને નહિ; તેથી સાધ્યનો ત્યાં બાધ છે.

**ટીકાર્થ :- 'येषां'** - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, જેઓને મૂર્ચ્છાહેતુત્વ છે તેઓને વસ્ત્રાદિ ગ્રંથ છે, એ પ્રમાણે કહેવા અભિમત છે, તો ગ્રંથકાર કહે છે કે, તે અમને પણ અત્યંત અભિમત છે, કેમ કે જેઓને કનકાદિક ગ્રંથ છે તેઓને વસ્ત્રાદિનું પણ ગ્રંથપણું છે.

**'सामान्यतः'** - વળી સામાન્યથી કનક-યુવતિ આદિ પણ ગ્રંથ નથી, આહારાદિની જેમ દેહાર્થ હોવાથી,

**'यदाह'** - જે કારણથી વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે-

**'आहारो व्व'** - વિષઘાતન પ્રયોજનથી કનક પણ, તથા મારી ધર્માંતેવાસિની છે એવી યુવતી, આહારની જેમ દેહાર્થ હોવાને કારણે ગ્રંથ નથી.

**ભાવાર્થ :- 'येषाम्'** - પૂર્વમાં પૂર્વપક્ષીએ, વસ્ત્રાદિ ગ્રંથ છે મૂર્છાનો હેતુ હોવાથી કનકાદિની જેમ, એ પ્રકારે જે સત્પ્રતિપક્ષ અનુમાન કર્યું, તેમાં સિદ્ધાંતકારે દોષો આપ્યા. તેથી પૂર્વપક્ષી તેનો પરિષ્કાર કરતાં કહે છે કે, જેઓને વસ્ત્રાદિ મૂર્ચ્છાના હેતુ છે તેઓને ગ્રંથ છે, એ પ્રકારે અમે કહીએ છીએ તેથી કોઇ દોષ આવશે નહિ. તો ગ્રંથકાર કહે છે કે અમને પણ અભિમત છે; કેમ કે જેઓને કનકાદિ ગ્રંથ છે અર્થાત્ જેઓને કનકાદિને જોઇને મૂર્ચ્છા થાય છે, તેવા જીવોને વસ્ત્રાદિને પણ જોઇને મૂર્છા થાય છે; પરંતુ સામાન્યથી કનક-યુવતિ આદિ પણ ગ્રંથ નથી અને વસ્ત્રાદિ પણ ગ્રંથ નથી. અર્થાત્ જેઓ કારણવિશેષે સંયમની વૃદ્ધિ અર્થે વસ્ત્રાદિ ગ્રહણ કરતા હોય, તેને વસ્ત્રાદિ મૂર્છાનાં કારણ બનતાં નથી; અને તે જ રીતે સામાન્યથી કનક-યુવતિ આદિ પણ ગ્રંથ નથી એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે નિશ્ચયનયની દૃષ્ટિથી "જે આશ્રવનાં કારણો છે તે સંવરનાં કારણો છે અને જે સંવરનાં કારણો છે તે આશ્રવનાં કારણો છે", તેથી અપ્રમત્ત એવા કોઇ આચાર્યના પરિવારરૂપે સાધ્વીરૂપ સંયમીઓ હોય, તો તેઓ ધર્મઅન્તેવાસિનીઓ છે, માટે આહારની જેમ ગ્રંથ નથી; અને સુવર્ણ આદિ પણ વિષઘાત માટે સંયમી ગ્રહણ કરે ત્યારે સંયમદેહને ઉપકારી હોવાથી ગ્રંથ નથી.

**'वस्त्रादिकं ग्रन्थः.......असिद्धिबाधौ'** સુધીના કથનનું સંક્ષિપ્ત તાત્પર્ય આ પ્રમાણે છે-

પૂર્વપક્ષીએ સત્પ્રતિપક્ષ દોષ આપવા માટે વસ્ત્રાદિક ગ્રંથ છે મૂર્છાહેતુપણું હોવાથી એ પ્રકારનું અનુમાન કર્યું, ત્યાં ગ્રંથનો અર્થ પ્રથમ **'मूर्च्छाहेतुत्वम्'** કર્યો તેમાં દોષ આવ્યો, તેથી પૂર્વપક્ષીએ ગ્રંથનો બીજો અર્થ કર્યો કે **'ग्रंथव्यवहारविषयत्वम्'** તેમાં પણ દોષ આવ્યો, તેથી ગ્રંથનો ત્રીજો અર્થ કર્યો કે **'भयहेतुत्वादिकं ग्रन्थत्वम्'** તેમાં પણ દોષ આવ્યો, તેથી ગ્રંથનો ચોથો અર્થ કર્યો કે **'परिग्रहजन्यबन्धहेतुत्वं ग्रन्थत्वम्'** તેમાં પણ દોષ આવવાથી તેના નિવારણ અર્થે સાધ્યમાં **'यतीनां'**=યતિને ગ્રંથ છે એ પ્રકારે પૂરક મૂક્યું, તેમાં પણ અસિદ્ધ અને બાધ દોષ આપીને ગ્રંથકારે સિદ્ધ કર્યું કે આ પ્રકારનું સત્પ્રતિપક્ષ અનુમાન સંગત નથી. તેથી "મુનિને વસ્ત્રાદિક ગ્રંથ નથી" એ પ્રકારનું સ્વ અનુમાન સત્પ્રતિપક્ષ દોષ વગરનું છે, એમ સિદ્ધ થયું.

**ટીકા :- नन्वेवं ग्रन्थाऽग्रन्थव्यवस्थाविलोपः स्यादिति चेत्? अत्राहुः-**

[1] तम्हा किमत्थि वत्थुं गन्थोऽगन्थो व्व सव्वहा लोए ।
गन्थोऽगन्थो व्व मओ, मुच्छममुच्छाइ णिच्छयओ ॥२५७३॥

[2] वत्थाइ तेण जं जं संजमसाहणमरागदोसस्स ।
तं तमपरिग्गहो च्चिय, परिग्गहो जं तदुवघाइ ॥२५७४॥

---

१ तस्मात्किमस्ति वस्तु ग्रन्थोऽग्रन्थो वा सर्वथा लोके । ग्रन्थोऽग्रन्थो वा मतो मूर्च्छाऽमूर्च्छाभ्यां निश्चयतः ॥

२. वस्त्रादि तेन यद्यत् संयमसाधनमरागद्वेषस्य । तत्तदपरिग्रह एव परिग्रहो यत्तदुपघाति ॥

**यद्यपि निश्चयतो मूर्च्छैव ग्रन्थः '[१] मुच्छा परिग्गहो वुत्तो' ( श्री दशवै. ६/२१ ) इति वचनात्, तथाप्यत्र मूर्च्छाजननपरिणतं द्रव्यं ग्रन्थ इति व्यवहारोऽपि विशुद्धतया निश्चयत्वेनोक्तः।**

**ટીકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આ રીતે=પૂર્વમાં અનુમાન કર્યું કે મુનિના વસ્ત્રાદિ ગ્રંથ નથી અને તેમાં પૂર્વપક્ષી દ્વારા અપાયેલા સત્પ્રતિપક્ષ અનુમાનનું નિરાકરણ કર્યું એ રીતે, ગ્રંથ-અગ્રંથવ્યવસ્થાનો વિલોપ થશે.

અહીં=આ પ્રકારની પૂર્વપક્ષીની શંકાના નિરાકરણરૂપે વિશેષાવશ્યકની સાક્ષી આપવાપૂર્વક ગ્રંથકાર કહે છે-

**'तम्हा'** - તે કારણથી લોકમાં સર્વથા ગ્રંથ અથવા અગ્રંથ કઇ કઇ વસ્તુ છે? કોઇ નથી. નિશ્ચયથી ગ્રંથ અને અગ્રંથ, મૂર્છા અને અમૂર્છાથી અભિમત છે;=મૂર્છા પેદા કરે તો તે વસ્તુ ગ્રંથ છે=પરિગ્રહ છે; અને મૂર્છાને પેદા ન કરે તો તે વસ્તુ અગ્રંથ છે=અપરિગ્રહ છે.

**'वत्थाइ'** - તે કારણથી=નિશ્ચયથી ગ્રંથ અને અગ્રંથ મૂર્છા અને અમૂર્છાથી અભિમત છે તે કારણથી, અરાગદ્વેષવાળાને જે જે વસ્ત્રાદિ સંયમનાં સાધન છે તે તે અપરિગ્રહ જ છે, અને જે તેના=સંયમના, ઉપઘાતી છે તે પરિગ્રહ છે.

**'यद्यपि'** જો કે નિશ્ચયથી મૂર્છા જ ગ્રંથ છે, કેમ કે મૂર્છા પરિગ્રહ કહેવાયેલ છે, એ પ્રમાણે દશવૈકાલિકસૂત્રનું વચન છે; તો પણ અહીં=ઉપરમાં બતાવેલ વિશેષાવશ્યકના કથનમાં, મૂર્છાજનનપરિણત દ્રવ્ય એ જ ગ્રંથ, એ પ્રકારના વ્યવહારનું પણ વિશુદ્ધપણું હોવાથી નિશ્ચયરૂપે=નિશ્ચયનયરૂપે, કહેવાયેલ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે નિશ્ચયનય દશવૈકાલિકના કથન પ્રમાણે મૂર્છાને જ પરિગ્રહ કહે છે, પરંતુ મૂર્છાજનન પરિણત એવા દ્રવ્યને પરિગ્રહ કહેતો નથી, અને વિશુદ્ધ વ્યવહારનય મૂર્છાના કારણીભૂત એવા દ્રવ્યને પરિગ્રહ કહે છે, અને સામાન્ય વ્યવહારનય વસ્ત્રાદિ દ્રવ્યને પરિગ્રહ કહે છે. તેથી મૂર્છાના કારણીભૂત દ્રવ્યને જ પરિગ્રહ કહેનાર વ્યવહારનય વિશુદ્ધ હોવાને કારણે નિશ્ચયનય છે એ પ્રમાણે ગ્રહણ કરીને, નિશ્ચયનયથી તેવા પ્રકારના વસ્ત્રને પરિગ્રહરૂપે વિશેષાવશ્યક ગાથા ૨૫૭૩/ ૨૫૭૪માં કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે નિશ્ચયકાર્યકારી એવા વ્યવહારનયને નિશ્ચયરૂપે ગ્રહણ કરીને વિશેષાવશ્યકનું કથન છે.

અહીં **'ननु एवं'**થી પૂર્વપક્ષીએ કહ્યું કે ગ્રંથ-અગ્રંથની વ્યવસ્થાનો વિલોપ થશે. તેના નિરાકરણરૂપે વિશેષાવશ્યકનું કથન કહ્યું. તેનાથી એ ફલિત થયું કે નિશ્ચયનયથી મૂર્છા એ ગ્રંથ છે અને મૂર્છા સિવાય કોઇ પદાર્થ ગ્રંથ નથી. વિશુદ્ધ વ્યવહારનયથી જે વસ્ત્રાદિ મૂર્છા પેદા કરે તે ગ્રંથ છે અને સંયમને ઉપકારક વસ્ત્રાદિ છે તે ગ્રંથ નથી. તેથી ગ્રંથ-અગ્રંથની વ્યવસ્થાનો વિલોપ પ્રાપ્ત થશે નહિ.

**ઉત્થાન :-** આ રીતે પૂર્વપક્ષીએ કરેલ સત્પ્રતિપક્ષ અનુમાનમાં ગ્રંથકારે દોષોનું ઉદ્ભાવન કર્યું. તેનાથી વસ્ત્રાદિ ગ્રંથ છે તે સિદ્ધ ન થયું, ત્યારે પૂર્વપક્ષી સિદ્ધાંતીના પૂર્વે સ્થાપન કરેલ અનુમાનમાં શંકા કરતાં કહે છે-

---

१. न सो परिग्गहो वुत्तो नायपुत्तेण ताइणा । मुच्छा परिग्गहो वुत्तो इइ वुत्तं महेसिणा ॥
न स परिग्रह उक्तो ज्ञातपुत्रेण तायिना । मुर्च्छा परिग्रह उक्त इत्युक्तं महर्षिणा ॥

**ટીકા :- ननु भवतामपि 'न ग्रन्थः' इति साध्यस्य कोऽर्थः? इति चेत्? मूर्च्छाऽहेतुत्वमिति गृहाण। मूर्च्छया प्रवृत्तिरेव हि पुनः पुनस्तदनुसन्धानजननीं दृढतरवासनां प्रसूते।**

✽ ટીકામાં '**हि**' શબ્દ '**यस्मात्**' અર્થમાં છે.

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે કે તમે પણ વસ્ત્રાદિ ગ્રંથ નથી, મૂર્છાઅનિમિત્તકપ્રવૃત્તિવિષયપણું હોવાથી; આ પ્રકારનું અનુમાન કર્યું, ત્યાં '**न ग्रन्थः**' એ સાધ્યનો અર્થ શું કરો છો? તેથી સિદ્ધાંતી કહે છે, મૂર્છાઅહેતુપણું, એ પ્રમાણે ગ્રહણ કર=જાણ. આનાથી અનુમાનનો આકાર આવો થયો કે "મુનિના વસ્ત્રાદિ ગ્રંથ નથી"=મૂર્છાના અહેતુ છે, કેમ કે મૂર્ચ્છાઅનિમિત્તકપ્રવૃત્તિનો વિષય છે. આ પ્રકારના અનુમાનમાં હેતુ સાધ્યનો સાધક છે તે પુષ્ટ કરવા માટે વ્યતિરેકથી કહે છે-

'**मूर्च्छया**' - જે કારણથી મૂર્છાથી પ્રવૃત્તિ જ ફરી ફરી મૂર્ચ્છાના અનુસંધાનને પેદા કરનાર દઢતર વાસનાને પેદા કરે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે જે વ્યક્તિને વસ્ત્રાદિમાં મૂર્ચ્છા છે અને મૂર્છાથી તેમાં પ્રવૃત્તિ કરે છે, ત્યારે તે પ્રવૃત્તિ જ ફરી ફરી મૂર્છાના અનુસંધાનને પેદા કરે છે=જન્મજન્માંતરમાં મૂર્ચ્છાનો પ્રવાહ ચાલે તેવી દઢ વાસનાને પેદા કરે છે; તેથી તે પ્રવૃત્તિ કર્મબંધનું કારણ બને છે. તેવી વ્યક્તિને તે મૂર્છાના હેતુરૂપ વસ્ત્રાદિ ગ્રંથ બને છે, પરંતુ મુનિની મૂર્ચ્છાથી વસ્ત્રમાં પ્રવૃત્તિ નથી, તેથી મુનિ માટે વસ્ત્રાદિ ગ્રંથરૂપ બનતાં નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, મૂર્છાથી થયેલી પ્રવૃત્તિ ફરી ફરી મૂર્છાના અનુસંધાનને પેદા કરનાર દઢતર વાસનાને પેદા કરે છે, ત્યાં '**अथ**'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે-

**ટીકા :- अथ प्रसन्नचन्द्रादीनां प्राथमिकदुर्मुखवचनश्रवणादिप्रवृत्ती रागोपरागविषयोपरागसामग्रीद्वय-समाजादेवोभयोपरागोपश्लिष्टस्वभावेति मूर्च्छाऽजन्या तत्प्रवृत्तिः कथमुत्तरोत्तरमूर्च्छाजननीति चेत्? न, यौगपद्येऽपि विषयोपरागस्य रागोपरागजन्यत्वात्। मोक्षेच्छादिरूपो रागस्तु न तादृग्रागवासनाजनक इति वह्नेर्दाह्यं विनाश्यानुविनाशवद्विषयाभिष्वङ्गवासनां विनाश्य स्वयमपि नश्यतस्ततोऽध्यात्मशुद्धिरिति ध्येयम्।**

**ટીકાર્થ :-** '**प्रसन्नचन्द**' પ્રસન્નચંદ્રાદિને પ્રાથમિક દુર્મુખના વચનશ્રવણાદિની પ્રવૃત્તિ રાગોપરાગ અને વિષયોપરાગની સામગ્રીદ્વયના સમાજથી જ ઉભય ઉપરાગથી ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી છે. એથી કરીને મૂર્છા અજન્ય એવી તેમની =પ્રસન્નચંદ્રાદિની, પ્રવૃત્તિ કેવી રીતે ઉત્તરોત્તર મૂર્છાને પેદા કરનાર બને? આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે, એ પ્રમાણે ન કહેવું, કેમ કે રાગોપરાગ અને વિષયોપરાગનું યાગ[illegible] હોવા છતાં વિષયોપરાગનું રાગોપરાગથી જન્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વમાં રાગ હોવાને કારણે કેટલીક પ્રવૃત્તિ રાગથી પેદા થાય છે, ત્યારે તે પ્રવૃત્તિનો વિષયભૂત પદાર્થ રાગોપરાગની સામગ્રી છે, કેમ કે તે સામગ્રીમાં પ્રવૃત્તિ કરતાં જીવનું ચિત્ત રાગથી ઉપરંજિત બને છે. જ્યારે કેટલીક વાર તે વિષયમાં જીવને કાંઇ રાગ નહીં હોવા છતાં, ઇંદ્રિયની સાથે વિષયનો સંબંધ થવાથી તે વિષયથી જીવનું ચિત્ત ઉપરંજિત બને છે, અર્થાત્ ઘટવિષયક જ્ઞાન થાય તો ઘટઃ ઇત્યાકારકજ્ઞાનથી ચિત્ત ઉપરંજિત બને છે; તેથી તે પ્રવૃત્તિનો વિષયભૂત પદાર્થ વિષયોપરાગની સામગ્રી બને છે. જ્યારે પોતાને કોઇ વસ્તુમાં રાગ ન હોય અને ઇંદ્રિય સાથે સહજ વિષયનો સંબંધ થવાથી તે જાણવા માટે યત્ન થાય છે, ત્યારે તે વિષયમાં તત્કાલ જ રાગનું સ્ફુરણ થાય તે વિષય, રાગોપરાગ અને વિષયોપરાગ ઉભયની સામગ્રીરૂપ બને છે; કેમ કે પૂર્વમાં તે વિષયમાં રાગ ન હતો છતાં જ્ઞાનના વિષયરૂપે ઇંદ્રિયના સંબંધને કારણે તેમાં પ્રવૃત્તિ હોવા છતાં તત્ સહવર્તી રાગનું પણ સ્ફુરણ થવાથી તે ઉભય ઉપરાગની સામગ્રી બને છે. તેથી તે સામગ્રીથી પ્રસન્નચંદ્રાદિની પ્રવૃત્તિ ઉભય ઉપરાગથી ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી બની, એથી કરીને તે મૂર્ચ્છા અજન્ય છે, કેમ કે પ્રથમ પ્રવૃત્તિ રાગરૂપ મૂર્ચ્છાથી જન્ય ન હતી; તો પછી તમે જે નિયમ બાંધ્યો કે, "મૂર્ચ્છાથી જે પ્રવૃત્તિ હોય તે મૂર્ચ્છાના અનુસંધાનને પેદા કરનાર દઢતર વાસનાને પેદા કરે છે", તે કેવી રીતે સંગત થાય? તેના જવાબરૂપે ગ્રંથકારે પૂર્વપક્ષીને કહ્યું કે, તારી વાત બરાબર નથી; કેમ કે યૌગપદ્ય હોવા છતાં પણ વિષયોપરાગનું રાગોપરાગથી જન્યપણું છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, પ્રસન્નચંદ્રાદિને પૂર્વમાં ધ્યાનમાં યત્ન હોવાથી દુર્મુખના વચનશ્રવણ માટેનો યત્ન હતો નહિ, પરંતુ સહજ રીતે ધ્યાનની પૂર્ણાહુતિ થવાથી તથા નવા ધ્યાનમાં તેવા પ્રકારનો દઢ પ્રયત્ન પ્રાદુર્ભાવ થયો ન હોવાથી, શ્રોત્રેન્દ્રિયના વિષયભૂત શબ્દપુદ્ગલો કર્ણગોચર થાય છે, ત્યારે ફક્ત જ્ઞાનના વિષયભૂત જ તે શબ્દો બને છે; પરંતુ શ્રવણ પછી તે વચનો સ્વવિષયક હોવાથી ત્યાં રાગ સ્ફુરણ થવાથી તેને બરાબર જાણવાનો યત્ન પ્રાદુર્ભાવ થયો, તેથી ત્યાં વિષયના ઉપરાગથી રાગની ઉત્પત્તિ હોવાથી વિષયોપરાગનું, રાગોપરાગથી જન્યપણું છે તેમ કહી શકાય નહિ. આમ છતાં, તે શ્રવણકાળમાં જો ઉપેક્ષા જ વર્તતી હોત તો પરિપૂર્ણ બોધ માટેનો યત્ન ચાલુ રહેત નહીં, પણ પોતાની ધ્યાનની પ્રવૃત્તિ ચાલુ થઇ જાત. પરંતુ શબ્દશ્રવણ પછી પોતાના સંબંધી છે તેવો ખ્યાલ થવાથી તેને સ્પષ્ટ બોધ કરવા માટે જે યત્ન ચાલુ રહ્યો, તેથી તે શબ્દવિષયક આખો જ્ઞાનનો ઉપયોગ ઉભય ઉપરાગથી ઉપશ્લિષ્ટ હોવા છતાં, રાગના પરિણામથી આગળનો ઉપયોગ ચાલુ હોવાને કારણે રાગોપરાગથી જન્ય તે વિષયોપરાગ છે તેમ કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થયું કે, રાગથી જ તે પ્રાથમિક બોધનો યત્ન પરિપૂર્ણરૂપે થયો, તેથી તે રાગરૂપ મૂર્ચ્છાથી જન્ય જ છે, અને મૂર્ચ્છાને કારણે ઉત્તરોત્તર મૂર્ચ્છાની વૃદ્ધિનું કારણ બન્યું. માટે કોઇ દોષ નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, રાગથી પ્રવૃત્તિ થવાને કારણે જો ઉત્તરોત્તર મૂર્ચ્છાની વૃદ્ધિ થતી હોય, તો મોક્ષની ઇચ્છાથી જે સંયમાદિની પ્રવૃત્તિ થાય છે, ત્યાં પણ અધ્યાત્મની શુદ્ધિ થઇ શકશે નહિ; તેથી કહે છે-

**ટીકાર્થ :-** '**मोक्षेच्छादिरूपो**' - મોક્ષની ઇચ્છાદિરૂપ રાગ તેવા પ્રકારની રાગરૂપ વાસનાનો જનક નથી; એથી કરીને વહ્નિ જેમ દાહ્યને વિનાશ કરીને પછી વિનાશ પામે છે, તેની જેમ વિષયાભિષ્વંગની વાસનાનો વિનાશ કરીને સ્વયં પણ નાશ પામતા એવા તેનાથી=મોક્ષેચ્છાદિરૂપરાગથી, અધ્યાત્મની શુદ્ધિ થાય છે; એ પ્રમાણે જાણવું.

**ભાવાર્થ :-** અહીં મોક્ષની ઈચ્છારૂપ રાગ તેવા પ્રકારની રાગની વાસનાનો જનક નથી એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સંસારના વિષયોમાં થયેલા રાગથી જ્યારે પ્રવૃત્તિ થાય છે, ત્યારે તે રાગ જેવા પ્રકારની વાસના પેદા કરે તેવા પ્રકારની વાસના મોક્ષની ઈચ્છાદિરૂપ રાગથી થતી નથી; અર્થાત્ સંસારના વિષયોનો રાગ જ્યારે પ્રવૃત્તિ કરાવે છે, ત્યારે તેનાથી ઉત્તરોત્તર રાગની વૃદ્ધિ થાય છે; અને મોક્ષની ઈચ્છા એ અનિચ્છાની ઈચ્છારૂપ હોવાને કારણે, મોક્ષની ઈચ્છાદિરૂપ રાગથી જેમ જેમ પ્રવૃત્તિ થાય છે, તેમ તેમ મોક્ષને અનુકૂળ સમ્યક્ પ્રવૃત્તિ હોવાના કારણે, તે રાગ પ્રશસ્ત પ્રશસ્તર થવા દ્વારા જીવમાં સંસ્કારરૂપે રહેલ વિષયાભિષ્વંગરૂપ વાસનાનો નાશ કરીને, અંતે મોક્ષને અનુકૂલ સમતા પરિણામમાં વિશ્રાંત પામે છે; તેથી સ્વયં નાશ પામે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, અનિચ્છાની ઈચ્છારૂપ તે રાગ હોવાથી, રાગની પ્રારંભિક ભૂમિકાથી જ અનિચ્છા તરફ તે રાગ વધતો જતો હોવાને કારણે, નાશને અભિમુખ છે અને સ્વયં નાશ પામતા એવા તે રાગથી અધ્યાત્મની શુદ્ધિ થાયછે.

**ઉત્થાન :-** પૂર્વમાં અનુમાન કર્યું કે '**वस्त्रादि न ग्रन्थः**' ત્યાં '**मूर्च्छाऽनिमित्तकप्रवृत्तिविषयत्वात्**' એ હેતુ કર્યો, પરંતુ સ્વશાસ્ત્રમાં જે ઠેકાણે '**वस्त्रादि न ग्रन्थः**' '**मूर्च्छाऽजनकत्वात्**' એવો પ્રયોગ કર્યો છે, ત્યાં ત્યાં '**न ग्रन्थः**'નો અર્થ મૂર્છાનો અજનક કરશો તો, હેતુ અને સાધ્ય એક થવાની આપત્તિ આવશે. તેના નિવારણરૂપે ગ્રંથકાર કહે છે-

**ટીકા :- यत्र तु वस्त्रादिकं न ग्रन्थो मूर्च्छाऽजनकत्वादिति प्रयोगस्तत्र मूर्च्छाऽन्वयव्यतिरेकाननुविधायित्वादित्याद्यर्थो बोध्यः।**

**ટીકાર્થ :-** '**यत्र**' વળી જ્યાં વસ્ત્રાદિક ગ્રંથ નથી, કેમ કે મૂર્છાના અજનક છે, એ પ્રમાણે પ્રયોગ છે; ત્યાં મૂર્છાઅજનક છે તેનો અર્થ, મૂર્છાના અન્વય-વ્યતિરેકને અનનુવિધાયિપણું છે; અર્થાત્ મૂર્છાના અન્વય-વ્યતિરેકને અનુસરતા નથી, ઈત્યાદિ અર્થ જાણવો.

તેથી અનુમાનપ્રયોગ આવો થશે કે, વસ્ત્રાદિ મૂર્ચ્છાજનક નથી, કારણ કે મૂર્ચ્છાના અન્વય-વ્યતિરેકને અનુસરતા નથી; અર્થાત્ મૂર્છાની સાથે વસ્ત્રાદિની અવિનાભાવી વ્યાપ્તિ નથી.

**ટીકા :- ननु द्वितीयहेतौ विहितोपादानं मूर्च्छाऽजनने प्रयोजकमभिमतं, न चैतदभिमतं नः, विहितेऽप्याहारादौ केषांचिद् मूर्च्छासंभवादिति चेत्? न, यावदप्राप्तं तावद्विधेयमिति न्यायात् संयमपालनार्थमाक्षेपादेवाहारोपकरणादिप्राप्तेर्यतनायां तदनुकूलविशेषनियमे च विधिव्यापारविश्रामात्, न च यतनया प्रवर्त्तमानानां मूर्च्छालेशसंभव इति।**

❀ ટીકાના અંતે '**इति**' શબ્દ છે તે હેતુ અર્થક છે.

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, પૂર્વમાં બે અનુમાનો કર્યાં, તેમાં બીજા હેતુમાં, વિહિત એવા

વસ્ત્રનું ઉપાદાન મૂર્છા અજનનમાં પ્રયોજકરૂપે તમને અભિમત છે, પરંતુ આ=તમે કહ્યું એ, અમને અભિમત નથી; કેમ કે વિહિત પણ આહારાદિમાં કેટલાકને મૂર્છાનો સંભવ છે.

તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે **'यावदप्राप्तं तावद्विधेयम्'** એ પ્રમાણે ન્યાય હોવાથી, આહારઉપકરણાદિની પ્રાપ્તિનો સંયમપાલન માટે આક્ષેપ જ થતો હોવાથી, યતનામાં અને તદનુકૂલ વિશેષ નિયમમાં=યતનાને અનુકૂળ આહારઉપકરણાદિના વિશેષ નિયમમાં, વિધિવ્યાપારનો વિશ્રામ છે, અને યતના વડે પ્રવર્તનારાઓને મૂર્છાના લેશનો સંભવ નથી, એથી કરીને તારી વાત બરાબર નથી. એ પ્રમાણે ગ્રંથકાર પૂર્વપક્ષીને કહે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વમાં બીજું અનુમાન કરેલ કે, મુનિને વસ્ત્રાદિક ગ્રંથ નથી. તેમાં હેતુ કહેલ કે દેહપાલન માટે ઉપાદીયમાનપણું છે. અને ત્યાં હેતુમાં પૂર્વપક્ષીએ વ્યભિચાર દોષ આપેલ. તેના નિવારણરૂપે ગ્રંથકારે કહેલ-કે **'देहपालनार्थं'**નો અર્થ **'विहितउपादीयमानत्वात्'** ગ્રહણ કરવાનો છે. તેથી એ પ્રાપ્ત થયું કે, મુનિને વસ્ત્રાદિક ગ્રંથ નથી, કેમ કે વિહિતનું ઉપાદીયમાનપણું છે. ત્યાં પૂર્વપક્ષી કહે છે કે, વિહિતનું ઉપાદાન મૂર્છા અજનનમાં પ્રયોજકરૂપે તમને અભિમત છે, પરંતુ અમને (દિગંબરને) અભિમત નથી. એમ કહીને પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, હેતુ ઉભયપક્ષ અભિમત જોઈએ. તમે કહેલ હેતુ તમને(શ્વેતાંબરને) અભિમત હોવા છતાં અમને (દિગંબરને)માન્ય નથી. તેને પુષ્ટ કરવા માટે પૂર્વપક્ષી કહે છે-

વિહિત એવા આહારાદિમાં કેટલાકને મૂર્છાનો સંભવ છે. તેનાથી એ કહેવું છે કે, સાધુને આહારાદિ ગ્રહણ કરવાની વિધિ છે, તેથી સાધુને માટે આહારાદિ વિહિત હોવા છતાં, કેટલાક સાધુ આહારાદિ ગ્રહણ કરે છે ત્યારે, તેમાં મૂર્છા થાય છે. તેથી એ સિદ્ધ થાય કે વિહિત એવા આહારાદિથી જેમ મૂર્છા થઈ શકે છે, તેમ વિહિત એવા વસ્ત્રાદિના ગ્રહણથી મૂર્છા થઈ શકે છે. તેથી તમારો હેતુ સાધ્યનો ગમક નથી.

**'यावदप्राप्तं...થી ...मूर्च्छालेशसंभव इति।'** સુધીના કથનનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં સાધુને દેહપાલન માટે આહાર-ઉપકરણાદિનું વિધાન છે, પરંતુ દેહની પુષ્ટિ માટે અને દેહના રક્ષણ માટે આહારનું ગ્રહણ તો વગર ઉપદેશે જીવને સ્વતઃ પ્રાપ્ત થાય છે, જ્યારે ઉપદેશની પ્રવૃત્તિ હંમેશાં જે અપ્રાપ્ત હોય તેને જ પ્રાપ્ત કરવા માટે હોય છે; તેથી જ શાસ્ત્રનું તે વચન **'यावदप्राप्तं तावद्विधेयम्'** એ પ્રકારના ન્યાયથી, સાધુને સંયમપાલન કરવામાં જ વિશ્રાંત પામે છે; અર્થાત્ સાધુને સંયમપાલન માટે ઉપકારી એવા આહાર-ઉપકરણાદિ ગ્રહણ કરવા જોઈએ, અને તેનાથી એ નક્કી થાય કે, આહારગ્રહણ કરતી વખતે સંયમની વૃદ્ધિમાં યતના થાય તે રીતે જ સાધુએ આહાર કે ઉપકરણ ગ્રહણ કરવાં જોઈએ.

અહીં આહાર ગ્રહણ કરવાને કહેનારાં વચનો યતનામાં અને યતનાને અનુકૂળ વિશેષ નિયમમાં વિશ્રાંત થાય છે તેમ કહ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે આહાર ગ્રહણ કરતી વખતે આહાર લાવવાની પ્રવૃત્તિથી માંડીને આહાર વાપરવા સુધીની દરેક ક્રિયા સંયમની વૃદ્ધિને અનુરૂપ થાય એ રીતે ત્યાં યતના કરવી જોઈએ, અને આહાર પણ સંયમની પુષ્ટિ કરે એટલો જ ગ્રહણ કરવો જોઈએ, અને સંયમ માટે ઉપકારક ન હોય તેનો ત્યાગ કરવો જોઈએ; તે રૂપ યતનાને અનુકૂળ વિશેષ નિયમમાં વિધિ વિશ્રામ પામે છે. આ રીતે યતનાપૂર્વક પ્રવર્તનારા સાધુઓને મૂર્છાના લેશનો સંભવ નથી. તેથી વિધિપૂર્વક આહારગ્રહણમાં મૂર્છાની પ્રાપ્તિ નથી. તેથી બીજા અનુમાનમાં હેતુ સાધ્યની સાથે વ્યાપ્તિવાળો છે.

**ટીકા :- एतेन केवलिनो नद्युत्तारानुज्ञाने तदविनाभाविजीवविराधनानुज्ञानमपि दुर्निवारमिति मूर्खप्रलपितं निरस्तम्, यतनायामेव तदनुज्ञाविश्रामाद्, नद्युत्ताराविनाभाविजीवविराधनायास्त्वनाभोगप्रयुक्ताऽशक्य-परिहारेणैव प्राप्तेरिति दिग्।**

**ટીકાર્થ :- 'एतेन'** આનાથી અર્થાત્ પૂર્વમાં કહ્યું કે, યતનામાં અને યતનાને અનુકૂલ વિશેષ નિયમમાં વિધિવ્યાપારનો વિશ્રામ થાય છે આનાથી, કેવલીની (સાધુને) નદી ઉત્તારાદિ અનુજ્ઞાનમાં=નદી ઊતરવાની અનુજ્ઞામાં, તદ્ અવિનાભાવી જીવવિરાધનાનું=નદી ઊતરવામાં અવિનાભાવી જીવવિરાધનાનું, અનુજ્ઞાન પણ દુર્નિવાર છે. આ પ્રમાણે મૂર્ખપ્રલપિત=મૂર્ખથી કહેવાયેલ, નિરસ્ત જાણવું. તેમાં હેતુ કહે છે-
**'यतनायामेव'** - કેમ કે યતનામાં જ તદનુજ્ઞાનો=કેવલીની અનુજ્ઞાનો, વિશ્રામ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, નદી ઊતરવાની સાથે જે જીવવિરાધના છે, તે પણ કેવલીના વચનથી નદી ઊતરવાની પ્રવૃત્તિને કારણે જ થાય છે. તેથી ત્યાં કેવલીની અનુજ્ઞાની પ્રાપ્તિ સ્વીકારવી પડશે. તેથી કહે છે-
**'नद्युत्तार'** - નદી ઉત્તારની સાથે અવિનાભાવી જીવવિરાધનાની, અનાભોગપ્રયુક્ત અશક્યપરિહારથી જ પ્રાપ્તિ છે. એ પ્રમાણે દિશાસૂચન છે.

**ભાવાર્થ :-** કોઇ વ્યક્તિ કહે છે કે, કેવલી સાધુને નદી ઊતરવાની અનુજ્ઞા આપે તો નદી ઊતરવાની ક્રિયાની સાથે અવિનાભાવી એવી જીવવિરાધનાની પણ અનુજ્ઞા પ્રાપ્ત થાય. તેથી કેવલી સાધુને નદી ઊતરવાની અનુજ્ઞા આપે નહિ. આ પ્રકારે મૂર્ખથી પ્રલપિત પૂર્વના કથનથી નિરસ્ત જાણવું. કેમ કે પૂર્વમાં કહેલ કે "યાવદ્ અપ્રાપ્ત હોય તેટલું જ વિધેય છે" એ ન્યાયથી, યતનામાં જ વિધિનો વિશ્રામ થાય છે. એ રીતે કેવલી પણ નદી ઊતરવાની અનુજ્ઞા આપે ત્યાં સંયમને અનુકૂળ યતનામાં જ કેવલીની અનુજ્ઞા છે. નદી ઊતરવાની ક્રિયાની સાથે અવિનાભાવી જે જીવવિરાધના છે, તે અનાભોગપ્રયુક્ત અશક્ય પરિહારથી પ્રાપ્ત થયેલ છે, પરંતુ ત્યાં કેવલીની અનુજ્ઞા નથી.

અહીં **'अनाभोगप्रयुक्त'** શબ્દ કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, છદ્મસ્થ એવા સાધુ, ભગવાનની આજ્ઞા પ્રમાણે નદી ઊતરતા હોય ત્યારે શક્ય જીવરક્ષા માટે સમ્યગ્ યત્ન કરતા હોય છે. આમ છતાં છદ્મસ્થ હોવાને કારણે તે જાણી શકતા નથી કે, કયા સ્થાને અચિત્ત જલ છે. તેથી સંભાવનાને આશ્રયીને, જ્યાં લોકોની અવરજવર છે ત્યાં અચિત્ત જલની ઘણી સંભાવનાને ખ્યાલમાં રાખીને, ત્યાંથી યતનાપૂર્વક જાય છે. આમ છતાં, અતિશયજ્ઞાન હોય તો નદીમાં કયા સ્થાને અચિત્ત જલ છે તેનો નિર્ણય કરીને, તે હિંસાનો પરિહાર કરી શકે. પરંતુ છદ્મસ્થતાના કારણે અનાભોગપ્રયુક્ત તે હિંસાનો પરિહાર અશક્ય છે.
**'इति दिग्'** શબ્દથી અહીં એ કહેવું છે કે, આ દિશાથી બીજા પણ ઘણા પદાર્થો પ્રાપ્ત થાય છે, તેના દિશાસૂચનરૂપે અહીં કહ્યું કે, આ પ્રમાણે અહીં દિશા છે.

**ટીકા :- इत्थं च-'यद्युपधिपरिग्रहो विहितस्तर्हि भूयानेव स श्रेयानात्मोपासनाभ्यासवत्, न तु तस्य स्वल्पता श्रेयस्करी'त्यपि परेषां प्रलापमात्रं द्रष्टव्यम्, आहारादिवदाक्षेपप्राप्तोपधिग्रहणे यतनानुकूलस्वल्पताया**

**एवानुज्ञानात्। अत एव-'यद्युपधिपरिग्रहः श्रेयान् तर्हि जिनकल्पिकादयोऽपि तं न परित्यजेयुरि'त्य-समीक्षिताभिधानं, लब्धिमतां तेषां तत्परिहारस्य शक्यत्वेन संयमानुपकारकस्य तस्य तेष्वप्राप्तेरित्यग्रे वक्ष्यति।**

❀ '**इत्थं च**'નો અન્વય '**इत्यपि परेषां प्रलापमात्रं द्रष्टव्यम्**'ની સાથે છે.

**ટીકાર્થ :-** '**इत्थं च**' - આ પ્રમાણે અર્થાત્ ગાથા નં. ૨૩/૨૪ ની ટીકાના પ્રારંભમાં '**मूर्च्छाऽनिमित्तकप्रवृत्ति-विषयत्वात्**', '**देहपालनार्थमुपादीयमानत्वात्**' એ બે હેતુથી '**मुनीनां वस्त्रादिकं न ग्रन्थः**' એ અનુમાન કર્યું. અને ત્યારપછી તેની જ પુષ્ટિ કરી અને સિદ્ધ કર્યું કે, સાધુઓને વસ્ત્રાદિ ગ્રંથરૂપ નથી. એ પ્રમાણે, જો ઉપધિરૂપ પરિગ્રહ વિહિત છે, તો આત્મોપાસનાના અભ્યાસની જેમ ઘણી જ એવી તે=ઉપધિ શ્રેયસ્કરી છે, પરંતુ તેની સ્વલ્પતા શ્રેયસ્કરી નથી. આ પ્રમાણે પણ પરનો પ્રલાપમાત્ર જાણવો. કેમ કે આહારાદિની જેમ આક્ષેપપ્રાપ્ત ઉપધિના ગ્રહણમાં યતનાનુકૂલ સ્વલ્પતાની જ અનુજ્ઞા છે.

'**अत एव**' - આથી કરીને જ, અર્થાત્ આક્ષેપપ્રાપ્ત ઉપધિગ્રહણમાં યતનાનુકૂલ સ્વલ્પતાની અનુજ્ઞા છે, આથી કરીને જ, જો ઉપધિપરિગ્રહ શ્રેયઃ છે, તો જિનકલ્પિકાદિઓએ પણ તેનો=ઉપધિનો, ત્યાગ ન કરવો જોઇએ, આ પ્રમાણે અસમીક્ષિત અભિધાન છે, અર્થાત્ વિચાર્યા વગરનું અભિધાન છે. કેમ કે લબ્ધિધારી તેઓને=જિનકલ્પિકાદીઓને, તેના પરિહારનું શક્યપણું હોવાને કારણે સંયમને અનુપકારક એવી તેની=ઉપધિની, તેઓને=જિનકલ્પિકાદિઓને, અપ્રાપ્તિ છે, એ પ્રમાણે આગળમાં કહેવાશે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીને એ કહેવું છે કે, જો ઉપધિપરિગ્રહ સાધુને રાખવારૂપે વિહિત હોય તો, ઘણી ઉપધિ ગ્રહણ કરવી જોઇએ. જેમ શાસ્ત્રમાં આત્મોપાસનાની વિધિ છે, તેથી જેટલી વધારે આત્મોપાસના કરે તે શ્રેયસ્કરી છે, તેમ જેટલી વધારે ઉપધિ ગ્રહણ કરે તેટલી વધારે શ્રેયસ્કરી માનવાની શ્વેતાંબરને આપત્તિ આવશે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

પૂર્વમાં "સાધુને વસ્ત્રાદિક ગ્રંથ નથી" એ પ્રકારનું અનુમાન કર્યું, એનાથી જ આ પ્રકારના પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ થઇ ચૂક્યું, એ વાત '**इत्थं च**'થી કહીને, તેને દૃઢ કરવા માટે જે હેતુ '**आहारादिवत्**' કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં સંયમપાલન માટે દેહનું રક્ષણ કરવું જોઇએ એ પ્રકારનું વિધાન છે, તે વિધાન દ્વારા આક્ષેપથી પ્રાપ્ત આહારાદિ ગ્રહણની વિધિ છે. કેમ કે જો આહારાદિ ગ્રહણ ન કરાય તો સંયમને અનુકૂળ દેહનું પાલન થઇ શકે નહિ. તેથી આહારાદિની જેમ ઉપધિની ગ્રહણવિધિ પણ આક્ષેપપ્રાપ્ત છે. કેમ કે જેમ આહાર ગ્રહણ ન કરવામાં આવે તો દેહનું પાલન ન થાય, તેમ ઉપધિ ગ્રહણ ન કરવામાં આવે તો પણ દેહનું પાલન શક્ય નથી. અને આક્ષેપપ્રાપ્ત વિધિમાં હંમેશાં યતનાને અનુકૂળ સ્વલ્પતાની જ અનુજ્ઞા હોય છે. કેમ કે દેહપાલન માટે જેટલો આહાર ઉપયોગી હોય તેનાથી અધિકનો નિષેધ તે વિધિથી જ થઇ જાય છે. તે રીતે ઉપધિમાં પણ સંયમને ઉપકારી હોય તેટલી જ અનુજ્ઞા પ્રાપ્ત થાય અને અધિકનો નિષેધ પ્રાપ્ત થાય. માટે આહાર કે ઉપધિ વિહિત છે એટલા માત્રથી આત્મ-ઉપાસનાની જેમ ઘણા ગ્રહણનું કથન એ પ્રલાપમાત્રરૂપ છે.

આનાથી એ ફલિત થયું કે, આત્માની ઉપાસનામાં સાક્ષાત્ વિધિ છે, તે જ રીતે સંયમમાં પણ સાક્ષાત્ વિધિ છે. તેથી જ્યાં સાક્ષાત્ વિધિ હોય ત્યાં જેટલો વધારે યત્ન થાય તે વધારે શ્રેયઃકારી છે. જ્યારે આહાર-ઉપધિ આદિમાં સાક્ષાત્ વિધિ નથી, પરંતુ આક્ષેપપ્રાપ્ત વિધિ છે. તેથી સંયમ માટે જેટલો આહાર અને જેટલી ઉપધિ ઉપકારક હોય તેટલાની જ અનુજ્ઞા હોય, અધિકનો નિષેધ પ્રાપ્ત થાય.

**ટીકા :- नन्वाहारवदिति कथं दृष्टान्तो, यतः प्रकाशोपलंभाय प्रदीपपूरणोत्सर्पणयोरिव शुद्धात्मोपलंभप्रसिद्धये हि कषायरहिततया शरीराद्यनुरागादिप्रयुक्ताऽयुक्तिनिवृत्तौ तच्छरीरसंभोजनसञ्चलनयोः प्रवृत्तिर्युक्तेत्युक्तं,तथाहि- ( प्रव.सार ३-२६ )**

[१] इह लोगणिरावेक्खो अप्पडिबद्धो परंमि लोअंमि ।
जुत्ताहारविहारो रहिदकसाओ हवे समणो ॥ **त्ति**

**न, चैवमुपधौ सम्भव इति चेत्? न, दीपस्य निर्वातस्थलावस्थापनतुल्यस्य धर्मोपकरणादानस्यापि यतनया युक्तत्वात्, यथा हि भौजनादौ संयमसाधनत्वमात्रमत्यैव शरीरानुरागानुबन्धित्वं निवर्त्तते तथात्रापीति तुल्यम् ॥२३-२४॥**

**ટીકાર્થ :- 'ननु'** થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, વસ્ત્રાદિ ગ્રંથ નથી, તેમાં દૃષ્ટાંત તરીકે **'आहारादिवत्'** એ પ્રમાણે કહેલ છે, તે કેવી રીતે સંગત થાય? અર્થાત્ સંગત નથી. તેમાં હેતુ કહે છે- જે કારણથી પ્રકાશના ઉપલંભ માટે પ્રદીપમાં પૂરણ અને ઉત્સર્પણની પ્રવૃત્તિ જેમ યુક્ત છે, તેમ શુદ્ધાત્માના ઉપલંભની પ્રસિદ્ધિ માટે કષાયરહિતપણાથી શરીરાદિના અનુરાગાદિથી પ્રયુક્ત અયુક્તિની નિવૃત્તિ થયે છતે=શરીરાદિના અનુરાગાદિથી પ્રયુક્ત સંયમને અનુચિત પ્રવૃત્તિની નિવૃત્તિ થયે છતે, તત્શરીરના=સંયમીના શરીરના, સંભોજન અને સંચલનની પ્રવૃત્તિ યુક્ત છે, એ પ્રમાણે કહેવાયેલ છે.

**'तथाहि'** - તે આ પ્રમાણે-

**'इहलोग'** - કષાયરહિત શ્રમણ આલોકનિરપેક્ષ અને પરલોકમાં અપ્રતિબદ્ધ, યુક્ત આહારવિહારવાળા થાય.

ૐ અહીં મુનિ આલોકનિરપેક્ષ અને પરલોકમાં અપ્રતિબદ્ધ છે તેમાં કષાયરહિત હેતુ છે, અને યુક્ત આહારવિહારવાળા હોય તેમાં 'આલોકનિરપેક્ષ' અને 'પરલોકમાં અપ્રતિબદ્ધ' હેતુ છે. અર્થાત્ મુનિ કષાયરહિત હોવાથી આલોકમાં નિરપેક્ષ અને પરલોકમાં અપ્રતિબદ્ધ છે; અને આલોકમાં નિરપેક્ષ અને પરલોકમાં અપ્રતિબદ્ધ હોવાથી, યુક્ત આહારવિહારવાળા છે. આ રીતે હેતુ અર્થક વિશેષણોનો પ્રયોગ છે.

**'न चैवम्'** - અને આ રીતે=પૂર્વમાં પ્રદીપના દૃષ્ટાંતથી સ્થાપન કર્યું કે મુનિને શુદ્ધાત્માના ઉપલંભ માટે સંભોજન અને સંચલનની પ્રવૃત્તિ યુક્ત છે એ રીતે, ઉપધિમાં સંભવ નથી, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર તેનો ઉત્તર આપે છે કે એમ ન કહેવું. કેમ કે દીવાનું નિર્વાતસ્થલઅવસ્થાન તુલ્ય=દીપકનું પવન વગરના સ્થળે રાખવા તુલ્ય, ધર્મોપકરણના આદાનનું પણ યતનાથી યુક્તપણું છે.

---

१. इहलोक निरपेक्षः अप्रतिबद्धः परस्मिन् लोके । युक्ताहारविहारो रहितकषायो भवेत् श्रमणः ॥

**'यथा हि'** - જે રીતે જ ભોજનાદિમાં સંયમસાધનમાત્ર મતિથી જ શરીરના અનુરાગનું અનુબંધીપણું નિવર્તન પામે છે, તે રીતે અહીં પણ=ઉપધિમાં પણ, જાણવું. એથી કરીને (આહાર અને ઉપધિમાં) તુલ્યપણુ=સમાનપણુ છે.

**ભાવાર્થ :- 'ननु'** તાત્પર્ય એ છે કે, જેમ પ્રકાશની પ્રાપ્તિ માટે પ્રદીપમાં તેલનું પૂરણ કરવામાં આવે તો જ પ્રકાશ લાંબો સમય સુધી ટકી રહે, અને જ્યાં પ્રકાશની આવશ્યકતા હોય ત્યાં પ્રદીપનું ઉત્સર્પણ કરવામાં આવે તો જ પ્રકાશની પ્રાપ્તિ થાય; તેમ મુનિને જે સંયમનો પરિણામ થયો છે, તેનાથી વિશેષ એવા શુદ્ધાત્માના ઉપલંભની પ્રાપ્તિ માટે જ=બોધ માટે જ, કષાયરહિતપણા વડે કરીને, શરીરાદિના અનુરાગથી પ્રયુક્ત અનુચિત પ્રવૃત્તિની નિવૃત્તિ થયે છતે, જે સંયમસ્થાન છે તેને ટકાવવા માટે, સંભોજન અને સંચલનની પ્રવૃત્તિ યુક્ત છે. તે આ રીતે-

આહાર ગ્રહણ કરવાથી સંયમની અંદર ચિત્તનો દૃઢ પ્રયત્ન વર્તે છે, તે સમ્યક્ પ્રકારે પ્રવૃત્ત રહે તો તેનાથી સંયમસ્થાનની વૃદ્ધિ થાય છે. અને જેમ દીપકને જ્યાં પ્રકાશ જોઇએ ત્યાં ઉત્સર્પણ કરવામાં આવે છે, તેમ પોતાને પ્રાપ્ત સંયમસ્થાન કરતાં ઉપરના સંયમસ્થાનની પ્રાપ્તિ માટે, તેને અનુકૂળ વિહારરૂપ=શરીરના સંચલનરૂપ, ચેષ્ટા આવશ્યક છે, કે જેના બળથી શુદ્ધાત્મતત્ત્વના ઉપલંભરૂપ ઉપરનું સંયમસ્થાન પ્રાપ્ત થાય. પરંતુ તે પ્રવૃત્તિ યુક્ત ત્યારે જ બને કે જ્યારે મુનિને વિષયભોગાદિવિષયક કષાયરહિતપણું હોવાને કારણે શરીરના અનુરાગથી પ્રયુક્ત એવી અયુક્તિની=અસમંજસ પ્રવૃત્તિની, નિવૃત્તિ થાય.

અહીં વિશેષ એ છે કે, શુદ્ધાત્માના ઉપલંભની પ્રસિદ્ધિ માટે એમ કહ્યું, એનાથી એ પ્રાપ્ત થાય કે, મુનિને શુદ્ધાત્માનો ઉપલંભ છે તેને જ વિશેષ પ્રગટ કરવો છે. તેના માટે જ મુનિ આહારવિહારાદિમાં પ્રવૃત્તિ કરે છે, અર્થાત્ પોતે જે સંયમસ્થાનમાં છે તેને વિશેષ પ્રાપ્ત કરવા માટે જ મુનિ આહાર ગ્રહણ કરે છે. કેમ કે આહારાદિથી ઉપયોગ તીવ્ર બની શકે છે અને તેના દ્વારા સંયમસ્થાનની વૃદ્ધિ થઇ શકે છે.

**'न चैवम्'** - "અને આ રીતે ઉપધિમાં સંભવ નથી" એ પ્રમાણે પૂર્વપક્ષીએ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જેમ આહારવિહારાદિથી શુદ્ધાત્માનો ઉપલંભ થઇ શકે છે, તેમ વસ્ત્રાદિથી સંભવતો નથી. તેને ગ્રંથકાર કહે છે કે, જેમ દીવાને નિર્વાતસ્થાનમાં=પવન વગરના સ્થાનમાં, મૂકવામાં આવે તો દીવો લાંબો સમય ટકી રહે છે, તેમ ધર્મોપકરણના ગ્રહણથી શુદ્ધાત્માની પ્રાપ્તિ માટેનો યત્ન વિઘ્નરહિત થઇ શકે છે; અને જો વસ્ત્રાદિ ગ્રહણ કરવામાં ન આવે તો શીતાદિ ઉપસર્ગને કારણે શુદ્ધાત્માના ઉપલંભનો યત્ન શિથિલ થાય છે. તેથી આહારાદિની જેમ યતનાપૂર્વક સાધુને વસ્ત્ર પણ ગ્રહણ કરવાં યુક્ત છે.

અહીં શંકા થાય કે, વસ્ત્રાદિ શરીરઅનુરાગના અનુબંધી છે, તેથી વસ્ત્ર ગ્રહણ કરવાથી શરીરનો અનુરાગ વધશે. તેને ગ્રંથકાર કહે છે કે, જેમ ભોજનાદિમાં સાધુને સંયમસાધનમાત્ર મતિ હોવાને કારણે શરીરના અનુરાગનું અનુબંધીપણું નિવર્તન પામે છે, તેમ વસ્ત્રમાં પણ સમાન છે.

અહીં શરીર-અનુરાગ-અનુબંધીપણું નિવર્તન પામે છે એમ કહ્યું, ત્યાં 'અનુબંધ'શબ્દ ફલ અર્થમાં છે. તેથી એ પ્રાપ્ત થાય કે, સાધુની વસ્ત્રમાં શરીરઅનુરાગના ફલરૂપે પ્રવૃત્તિ નિવર્તન પામે છે.**॥૨૩॥૨૪॥**

**અવતરણિકા :- अथ यावत्याहारविहारयोर्युक्तत्वसामग्री तावती धर्मोपकरणेऽप्यबाधितेत्युपदर्शयति-**

**અવતરણિકાર્થ :-** હવે જેટલી આહારવિહારવિષયક યુક્તત્વ સામગ્રી છે, તેટલી જ ધર્મોપકરણમાં પણ અબાધિત છે. એ પ્રમાણે બતાવે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, આહાર-વિહારના વિષયમાં યુક્તત્વ સામગ્રી અનશન સ્વભાવની ભાવના છે. તે જ રીતે ધર્મોપકરણમાં યુક્તત્વની સામગ્રી સકલ કાળ મૂર્છારહિતપણાથી અંતરંગ અપરિગ્રહ સ્વભાવની ભાવના છે.

ગાથા :- **अणसणसहावजोगा जह असणं अणसणन्ति जुत्तमिणं ।**
**जुत्तं तह वत्थाई सहावओऽतप्परिणयस्स ॥२५॥**

(अनशनस्वभावयोगात् यथाऽशनमनशनमिति युक्तमिदम् । युक्तं तथा वस्त्रादि, स्वभावतोऽतत्परिणतस्य ॥२५॥)

**ગાથાર્થ :- અનશનસ્વભાવના યોગથી જે પ્રમાણે અશન(તે) અનશન છે, એથી કરીને આ=આહાર, યુક્ત છે; તે પ્રમાણે સ્વભાવથી અતત્પરિણતને=અપરિગ્રહપરિણત સાધુને, વસ્ત્રાદિ યુક્ત છે.**

**ટીકા :- यथा हि संयतस्य सकलकालमेव सकलपुद्गलाहरणशून्यमात्मानमवबुध्यमानस्य सकलाशनतृष्णाशून्यतयान्तरङ्गतपःस्वरूपानशनस्वभावभावनासिद्धये एषणादोषशून्यान्यद्भैक्ष्याचरणेऽपि साक्षादनाहारता, तदुक्तं- ( प्रव.सार ३-२७ )**

[1] जस्स अणेसणमप्पा तंपि तओ तप्पडिच्छगा समणा ।
अण्णं भिक्खमणेसणमध ते समणा अणाहारा ॥

**तथैवास्य सर्वकालमेव सकलपरद्रव्यपरिग्रहशून्यमात्मानमवबुद्ध्यमानस्य सकलमूर्च्छारहिततयान्तरङ्गाऽपरिग्रहस्वभावभावनाप्रसिद्धये दोषशून्यमुपकरणं प्रतिगृह्णतोऽपि कुतो न साक्षादपरिग्रहता? इति क एष पक्षपातः? फलेच्छामात्रेणानिष्टनिरुरुत्सामात्रेण वा प्रवृत्तावप्यतृष्णापरिणामेन तृष्णातिरोधानादहंकारममकाराभावस्योभयत्र तुल्यत्वात्॥२५॥**

**ટીકાર્થ :- 'यथा'** - સકલકાલ જ સકલપુદ્ગલઆહરણશૂન્ય આત્માને જાણતા એવા સંયતને, સકલ અશનની તૃષ્ણાથી શૂન્યપણું હોવાને કારણે, અંતરંગ તપસ્વરૂપ અનશનસ્વભાવની ભાવનાની સિદ્ધિ માટે, એષણાદોષથી શૂન્ય એવું આત્માથી ભિન્ન એવા ભૈક્ષ્યનું આચરણ કરાયે છતે પણ=ગ્રહણ કરાયે છતે પણ, જે પ્રમાણે સાક્ષાત્ અનાહારતા છે; તે જ પ્રમાણે સર્વકાલ જ સકલ પરદ્રવ્યપરિગ્રહથી શૂન્ય એવા આત્માને જાણનાર એવા આને =સંયતને, સકલમૂર્છારહિતપણું હોવાના કારણે, અંતરંગ અપરિગ્રહસ્વભાવની ભાવનાની સિદ્ધિ માટે, દોષથી શૂન્ય એવા ઉપકરણને ગ્રહણ કરતાં પણ, સાક્ષાત્ અપરિગ્રહતા કેમ નથી? અર્થાત્ છે. એથી કરીને આ કયો પક્ષપાત છે? અર્થાત્ આ પક્ષપાત સમ્યગ્ નથી; કેમ કે ફલેચ્છામાત્રથી અથવા અનિષ્ટના નિરોધની ઇચ્છામાત્રથી,

१. यस्यानेषणं आत्मा तदपि तपः तत्प्रत्येषकाः श्रमणाः । अन्यद् भैक्षमनेषणमहो ! ते श्रमणा अनाहाराः ॥

પ્રવૃત્તિ હોવા છતાં પણ, અતૃષ્ણાપરિણામ દ્વારા તૃષ્ણાનું તિરોધાન હોવાથી, અહંકાર અને મમકારના અભાવનું ઉભયત્ર=આહારમાં અને વસ્ત્રમાં, તુલ્યપણું છે.

સાક્ષાત્ અનાહારતામાં '**तदुक्तं**'થી પ્રવચનસાર ગાથા ૩-૩૭ની સાક્ષી આપી. તેનો અર્થ આ પ્રમાણે છે- '**जस्स**' - જેનો અનેષણ આત્મા છે (તેનો) તે પણ તપ છે. તેને પ્રાપ્ત કરવા માટે પ્રત્યેષક=ગવેષક તત્પર એવા શ્રમણો છે. અન્યદ્ ભૈક્ષ્ય અનેષણ છે=આત્માથી ભિન્ન એવું જે ભોજન છે તે શ્રમણો કરે છે તે અનેષણ છે. અર્થાત્ આહાર ગ્રહણ કરવાની મુનિને વાંછા છે તે અવાંછા છે. આશ્ચર્ય છે કે તે શ્રમણો અણાહારી છે, અર્થાત્ આહારી હોવા છતાં અનાહારી છે, તે '**अहो**'થી વ્યક્ત કરે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ખરેખર સિદ્ધાવસ્થામાં આત્મા સકલપુદ્ગલના આહરણથી શૂન્ય છે, અને તેવો જ પોતાનો ખરેખર આત્મા છે; એ પ્રમાણે જાણનાર સંયતને, તેવા જ્ઞાનને કારણે સકલ અશનની તૃષ્ણાથી શૂન્યપણું હોય છે.

અહીં સંયતનો બોધ તેવો જ ગ્રહણ કરવાનો છે કે જે હંમેશાં બોધને અનુરૂપ પરિણતિને કાર્યરૂપે વહન કરતો હોય. તેથી પુદ્ગલના આહરણશૂન્ય એવા આત્માને જાણવાને કારણે, પુદ્ગલના અશનની તૃષ્ણા જીવને અનાદિકાલથી છે, તેનાથી શૂન્ય તે હોય છે. તેથી જ સાક્ષાત્ ત્યાં અનાહારતા કહી છે.

યદ્યપિ શરીરના નિર્વાહ માટે મુનિ આહારાદિને ગ્રહણ કરે છે, તેથી કહે છે - અંતરંગ તપસ્વરૂપ અનશનસ્વભાવની ભાવનાની સિદ્ધિ માટે, એષણાદોષથી શૂન્ય અન્ય ભૈક્ષ્યનું=આહારનું, આચરણ કરતો હોય તો પણ, સાક્ષાદ્ અનાહારતા છે. તેનો ભાવ એ છે કે, યદ્યપિ અનશન બાહ્ય તપ છે, તો પણ, આત્માના પુદ્ગલને નહિ ગ્રહણ કરવાના પરિણામરૂપ અહીં તપ ગ્રહણ કરવો છે, બાહ્ય ઉપવાસાદિરૂપ તપ અહીં ગ્રહણ કરવો નથી, તેથી અંતરંગ તપ કહેલ છે.

અંતરંગ તપસ્વરૂપ અનશનસ્વભાવ તે આત્માનું વાસ્તવિક સ્વરૂપ છે, જે સિદ્ધાવસ્થામાં પ્રગટરૂપે છે, અને મુનિઓ જ્ઞાનના પરિણામરૂપે તે અનશનસ્વભાવથી ચિત્તને હંમેશાં ભાવિત રાખે છે. તે રૂપ ભાવનાની સિદ્ધિ=વૃદ્ધિ, માટે, નિર્દોષ ભિક્ષા જ્યારે આવશ્યક હોય છે ત્યારે મુનિ ગ્રહણ કરે છે. કેમ કે આહારના અભાવને કારણે દેહ ટકી નહિ શકવાથી, ઉપયોગના શૈથિલ્યને કારણે કે મૃત્યુ આદિના કારણે, જન્માંતરમાં દેવાદિ ભવની પ્રાપ્તિ થવાથી, તે ભાવનાના માનસિક પરિણામરૂપ સંયમનો પરિણામ રહી શકતો નથી. તેથી મુનિ, વાસ્તવિક જીવના સ્વરૂપની ભાવનાની સિદ્ધિ માટે=વૃદ્ધિ માટે, નિર્દોષ ભિક્ષા પણ ગ્રહણ કરે છે, છતાં સાક્ષાત્ અનાહારતા કહી છે. અહીં સાક્ષાત્ એટલા માટે કહેલ છે કે, યદ્યપિ બહિરંગ આચરણારૂપ આહારીપણું હોવા છતાં, જીવની પરિણતિ અનશનસ્વભાવથી ભાવિત હોવાના કારણે, સાક્ષાત્ તેનો યત્ન અનશનસ્વભાવની પરિણતિમાં જ છે, અને તદુપષ્ટંભકપણાથી આહારગ્રહણ કરવામાં પ્રવૃત્તિ છે, તેથી સાક્ષાત્ અનાહારતા કહી છે.

તે જ રીતે વસ્ત્રને ધારણ કરનાર સાધુઓ પણ સર્વકાલ જ સકલ પરદ્રવ્યના પરિગ્રહથી શૂન્ય એવા આત્માને જાણતા હોવાથી સકલ મૂર્છારહિત હોય છે. તેથી અંતરંગ અપરિગ્રહસ્વભાવભાવનાની વૃદ્ધિ માટે, એષણાદિ દોષથી શૂન્ય ઉપકરણને ગ્રહણ કરવા છતાં પણ, સાક્ષાત્ અપરિગ્રહતા કેમ ન હોય? અર્થાત્ હોય. એથી કરીને સાધુને આહાર લેવામાં વાંધો નહિ, અને વસ્ત્ર ગ્રહણ કરવામાં વાંધો, એ પ્રકારનો પક્ષપાત જે દિગંબર કરે છે, તે ઉચિત નથી. અને તેને જ પુષ્ટ કરતાં કહે છે-

મુનિને આહારમાં ફલની ઈચ્છામાત્રથી કે અનિષ્ટના નિરોધની ઈચ્છામાત્રથી પ્રવૃત્તિ હોય છે. જ્યારે આ બેમાંથી કોઈપણ રીતે મુનિ આહારમાં પ્રવૃત્તિ કરતો હોય, ત્યારે અતૃષ્ણાનો પરિણામ હોય છે. તેથી અહંકાર અને મમકારની ભાવનારૂપ તૃષ્ણાનું તિરોધાન, આહારગ્રહણની પ્રવૃત્તિકાળમાં વર્તે છે. તે જ રીતે વસ્ત્રમાં પણ સમાન છે.

અહીં ફલેચ્છા માત્રથી કહ્યું તેનો ભાવ એ છે કે, મુનિ અનશનસ્વભાવની ભાવનાથી આત્માને ભાવિત કરીને, અતૃષ્ણાના પરિણામવાળો બને છે. અને જ્યારે તેમને લાગે કે, આ પરિણામની વૃદ્ધિ આહારગ્રહણથી જ થઈ શકે તેમ છે, ત્યારે તે આહારમાં પ્રવૃત્તિ કરે છે. તેથી અનશનસ્વભાવની ભાવનાની વૃદ્ધિરૂપ ફલની ઈચ્છાથી, મુનિની આહારમાં પ્રવૃત્તિ છે.

તે જ રીતે અપરિગ્રહસ્વભાવની ભાવનાની વૃદ્ધિરૂપ ફલેચ્છાથી, મુનિની વસ્ત્રમાં પ્રવૃત્તિ હોય છે.

કવચિત્ તે ભાવના પ્રકર્ષમાં વર્તતી હોય તો, આહાર ગ્રહણ ન કરે તો પણ ચાલે તેમ હોય; આમ છતાં, આહાર ગ્રહણ ન કરવાથી દેહનો પાત થાય તો, જન્માંતરની પ્રાપ્તિ થવાથી દેવભવમાં વિરતિના પરિણામરૂપ અનશનસ્વભાવની ભાવના ટકી શકે નહિ; તેથી વિરતિના પરિણામના નાશરૂપ જે અનિષ્ટ છે, તેના નિરોધની ઈચ્છાથી મુનિની આહારમાં પ્રવૃત્તિ હોય છે. તે જ રીતે અતિશય શીતાદિથી શરીરનું રક્ષણ ન કરવામાં આવે તો, દેહનો પાત થાય અને સ્વર્ગની પ્રાપ્તિ થાય ત્યારે, અપરિગ્રહસ્વભાવભાવનારૂપ સંયમના પરિણામનો નાશ થાય, તે રૂપ અનિષ્ટના નિરોધની ઈચ્છામાત્રથી મુનિની વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ હોય છે. તેના કારણે જ તેઓને અતૃષ્ણાનો પરિણામ વર્તે છે. તેથી આહારમાં કે વસ્ત્રમાં અહંકાર કે મમકારભાવનારૂપ તૃષ્ણા મુનિઓને હોતી નથી.

અહીં આહારના વિષયમાં અહંકાર એ છે કે, હું આહાર ગ્રહણ કરું છું એવી બુદ્ધિ, તે અહંકારરૂપ છે; અને જે પોતે ભિક્ષા દ્વારા આહારનાં પુદ્ગલો ગ્રહણ કરવા માટે લાવ્યો છે તે મારાં છે તેવી બુદ્ધિ, તે મમકાર છે. આ બંને બુદ્ધિ રાગાત્મક હોય છે, અને તૃષ્ણાના અભાવને કારણે વિવેકીઓને તેવી બુદ્ધિ હોતી નથી.**॥૨૫॥**

**અવતરણિકા :- एवं च यतीनां निर्दोषमाहारमनाहारं मन्वानस्यापि वस्त्रादिमतः कथमचेलत्वम्? इति पर्यनुयोगोऽविचारितोपन्यस्त एवेत्याह–**

**અવતરણિકાર્થ :-** અને એ પ્રમાણે અર્થાત્ પૂર્વમાં સ્થાપન કર્યું કે આહારવિહારની જેમ ધર્મોપકરણમાં પણ યુક્તત્વસામગ્રી અબાધિત છે એ પ્રમાણે, યતિઓના નિર્દોષ આહારને અનાહાર માનનાર એવા દિગંબરને પણ "વસ્ત્રાદિવાળાને કેવી રીતે અચેલપણું છે" એ પ્રકારનો પર્યનુયોગ=પ્રશ્ન, અવિચારિત જ ઉપન્યસ્ત છે, એ પ્રમાણે કહે છે-

**ગાથા :- एवं च सचेलाणं, कह सुत्तुत्तं भवे अचेलत्तं? ।**
**इय पभणंतस्स तुहं, को णियघररक्खणोवाओ ॥२६॥**

( एवं च सचेलानां कथं सूत्रोक्तं भवेदचेलत्वम् । इति पभणतस्तव, को निजगृहरक्षणोपायः ॥२६॥ )

**ગાથાર્થ :-** અને એ પ્રકારે=ગાથા ૨૫માં સિદ્ધ કર્યું કે વસ્ત્ર અને આહારમાં યુક્તત્વ સામગ્રી તુલ્ય છે એ પ્રકારે, સચેલ સાધુઓને સૂત્રોક્ત અચેલપણું કઇ રીતે હોય? એ પ્રમાણે કહેતા એવા તમને=દિગંબરને, નિજ ઘરના રક્ષણનો ઉપાય કયો છે? અર્થાત્ કોઇ નથી.

**ટીકા :- यो हि भावतोऽनाहारमात्मानं द्रव्यतो भुञ्जानमेव मन्यते स खलु भावतो निष्परिग्रहेऽपि द्रव्यतो धर्मोपकरणधारिणि कथं सचेलतां पर्यनुयुञ्जीत? इतश्च 'जिताचेलपरीषहो मुनिरि'ति सूत्रमपि सुव्यवस्थितम्॥२६॥**

❀ **'इति सूत्रमपि'** અહીં **'अपि'**થી એ કહેવું છે કે મુનિને અચેલપણું કહેવું તે તો સુવ્યવસ્થિત છે પરંતુ પ્રસ્તુત સૂત્ર પણ સુવ્યવસ્થિત છે.

**ટીકાર્થ :- 'यो हि'** જે ખરેખર દ્રવ્યથી ખાતા જ એવા આત્માને ભાવથી અનાહારી માને છે, તે ખરેખર દ્રવ્યથી ધર્મોપકરણધારી એવા ભાવથી નિષ્પરિગ્રહીમાં પણ કેવી રીતે સચેલપણાનો પ્રશ્ન કરે? અર્થાત્ ન કરી શકે. અને આથી કરીને=દિગંબર, ભાવથી નિષ્પરિગ્રહી એવા વસ્ત્રધારી મુનિમાં સચેલતાનો પ્રશ્ન કરી ન શકે, આથી કરીને, "જીતઅચેલપરીષહવાળા મુનિ" છે એ પ્રમાણે સૂત્ર પણ સુવ્યવસ્થિત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જો દ્રવ્ય ઉપકરણની અપેક્ષાએ સચેલપણું કહીએ તો, સર્વથા વસ્ત્રરહિત ભિક્ષુકાદિ પણ જીતઅચેલપરીષહવાળા માનવાની આપત્તિ આવે. તેથી ભાવની અપેક્ષાએ અચેલપણું ગ્રહણ કરીએ તો, મુનિઓએ (ભાવની અપેક્ષાએ) અચેલપરીષહને જીતેલો છે, તેથી તે સૂત્ર સંગત થશે. અન્યથા મુનિ સિવાયના પણ વસ્ત્રરહિત ભિક્ષુકો જીતઅચેલપરીષહવાળા પ્રાપ્ત થશે, તેથી "જીતઅચેલપરીષહવાળા મુનિ છે" તે સૂત્ર સંગત થાય નહિ.॥૨૬॥

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ભાવની અપેક્ષાએ મુનિને જીતઅચેલપરીષહવાળા કહ્યા છે, ત્યાં શંકા થાય કે કેવલ દ્રવ્યથી વસ્ત્રરહિતને અચેલ ન માનતાં દ્રવ્ય અને ભાવ ઉભયની અપેક્ષાએ જે વસ્ત્રરહિત હોય તેને જ જીતઅચેલપરીષહવાળા કહીએ, તો વસ્ત્રરહિત ભિક્ષુકને જીતઅચેલપરીષહવાળા કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે નહિ. તેને સામે રાખીને કહે છે-

**અવતરણિકા :- यदि तु सर्वथा चेलपरित्यागेनैवाचेलपरीषहविजयो नान्यथेति ते मतिस्तर्हि सर्वथाहार-परित्यागेनैव क्षुत्परीषहविजय इति दीक्षामारभ्यैव दिगम्बरस्य यावज्जीवमनशनमापतितमिति महत्कष्ट-मायुष्मत इत्यनुशास्ति-**

**અવતરણિકાર્થ :-** વળી જો સર્વથા=દ્રવ્યભાવ ઉભયની અપેક્ષાએ, ચેલના પરિત્યાગથી અચેલપરીષહનો વિજય છે, અન્યથા નથી; એ પ્રમાણે તારી મતિ છે; તો સર્વથા આહારના પરિત્યાગથી જ ક્ષુધાપરીષહનો વિજય છે.

એથી કરીને દીક્ષાથી આરંભીને જ દિગંબરને યાવત્ જીવન સુધી અનશન=આહાર નહિ ગ્રહણ કરવારૂપ અનશન, પ્રાપ્ત થાય. એથી કરીને મોટું કષ્ટ આયુષ્યમાન એવા તને આવે. એ પ્રમાણે અનુશાસન કરે છે-

ગાથા :- जइ चेलभोगमेत्ता ण जियाचेलक्क परीसहो साहू ।
भुञ्जन्तो अजियखुहापरीसहो तो तुमं पत्तो ॥२७॥

( यदि चेलभोगमात्रान्न जिताचेलक्यपरीषहः साधुः । भुञ्जानोप्यजितक्षुधापरीषहस्तत्त्वं प्राप्तः ॥२७॥ )

**ગાથાર્થ :- જો ચેલભોગમાત્રથી=વસ્ત્રોપભોગ હોવા માત્રથી, સાધુ જીતઅચેલપરીષહ નથી એમ માનશો; તો આહાર કરતો (સાધુ) અજિતક્ષુધાપરીષહવાળો તને=દિગંબરને પ્રાપ્ત થાય.**

**✽ મૂળગાથામાં 'यदि'નો 'तत्' સાથે અન્વય છે અને 'तत्'='ततः'ના અર્થમાં છે.**

**ટીકા :- यथा हि तीव्रक्षुद्वेदनोदयेप्येषणादिदोषदुष्टमाहारमगृह्णतस्तद्दोषरहितमाहारमुपलभ्य च विधिना क्षुद्वेदनां प्रतिकुर्वतः क्षुत्परीषहविजयो, न तु सर्वथाऽऽहाराग्रहणेन, निरुपमधृतिसंहननानां जिनानामपि तदजेतृत्वप्रसङ्गात्, तथा शीतादिवेदनाभिभूतेनापि साधुना दोषदुष्टोपधित्यागेन दोषरहितोपधिपरिभोगेन च तत्प्रतीकारादाचेलक्यपरीषहविजयः कृतो भवति, न तु सर्वथा तत्परित्यागेन, न्यायस्य समानत्वात्।**

**ટીકાર્થ :- 'यथा'** - ખરેખર જે પ્રમાણે તીવ્ર ક્ષુધાવેદનાના ઉદયમાં પણ એષણાદિ દોષથી દુષ્ટ આહાર નહિ ગ્રહણ કરનારને, અને તદ્દોષરહિત=એષણાદિદોષથી રહિત, આહારને પામીને વિધિપૂર્વક ક્ષુધાવેદનાનો પ્રતિકાર કરનારને, ક્ષુધાપરીષહવિજય છે. પરંતુ સર્વથા આહાર અગ્રહણ કરવા વડે નહિ; નહિતર નિરુપમ ધૃતિસંઘયણવાળા જિનોને પણ તદ્અજેતૃત્વનો=ક્ષુધાપરીષહના અજેતૃત્વનો પ્રસંગ પ્રાપ્ત થશે. તે પ્રમાણે શીતાદિ વેદનાથી અભિભૂત પણ સાધુ વડે દોષથી દુષ્ટ ઉપધિના ત્યાગથી અને દોષરહિત ઉપધિના પરિભોગથી તેનો=શીતાદિ વેદનાનો, પ્રતીકાર થવાથી અચેલપરીષહવિજય કરાયેલ થાય છે, પરંતુ સર્વથા તત્ પરિત્યાગથી=વસ્ત્રાદિના પરિત્યાગથી, નહિ. કેમ કે ન્યાયનું સમાનપણું છે.

**ભાવાર્થ :-** દિગંબરના મતે પણ ક્ષુત્પરીષહનો જય સર્વથા આહાર અગ્રહણથી નથી, પરંતુ ગમે તેટલી ક્ષુધા-તૃષામાં પણ દોષિત આહાર ગ્રહણ કર્યા વગર પ્રવૃત્તિ કરે, અને ગ્રહણ કરેલા આહારને પણ વિધિપૂર્વક ઉપભોગ કરે, તો જ ક્ષુધાપરીષહજય માનેલ છે. એ જ ન્યાયથી સંયમી સાધુને પણ સંપૂર્ણ વસ્ત્રનાં ત્યાગથી આચેલક્યપરીષહનો જય નથી, પરંતુ ગમે તેટલી શીતાદિ વેદના થાય તો પણ, દોષિત વસ્ત્રના ત્યાગપૂર્વક નિર્દોષ વસ્ત્રને પણ વિધિપૂર્વક ધારણ કરે તો આચેલક્યપરીષહજય થઈ શકે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં વ્યવહારનયને આશ્રયીને ક્ષુધાપરીષહજય અને અચેલપરીષહજય બતાવ્યા અને કહ્યું કે બંનેમાં

ન્યાયનું સમાનપણું છે. હવે નિશ્ચયનયને આશ્રયીને ક્ષુધાપરીષહજય અને અચેલપરીષહજય બતાવતાં કહે છે- વ્યવહારનય ભાવપૂર્વકની બહિરંગ આચરણાને સંયમ માને છે, તેથી ગમે તેટલી ક્ષુધા લાગી હોય તો પણ અણાહારી ભાવપૂર્વક દોષરહિત આહાર ગ્રહણ કરવારૂપ ક્રિયાને ક્ષુધાપરીષહજયરૂપ કહે છે. તેથી પૂર્વનું કથન વ્યવહારનયથી છે તેમ સમજવું. જ્યારે નિશ્ચયનય પરીષહજયને પણ જીવના પરિણામસ્વરૂપ માને છે. તેથી હવેનું કથન નિશ્ચયનયથી છે તેમ સમજવું.

**ટીકા :- अथ क्षुद्वेदनाद्याकुलताप्रतिपक्षः सामायिकरूपस्थिरतापरिणाम एव निश्चयतः परीषहविजयस्तदुक्तं [1]द्रव्यसङ्ग्रहवृत्तौ**- "तेषां क्षुधादिवेदनानां तीव्रोदयेऽपि सुखदुःखजीवितमरणलाभालाभनिन्दाप्रशंसादिसमता-रूपपरमसामायिकेनाऽनवरतशुभाशुभकर्मसंवरणचिरन्तनशुभाशुभकर्मनिर्ज्जरणसमर्थेन यन्निजपरमात्मभावना-सञ्जातनिर्विकारनित्यानन्दैकलक्षणं सुखामृतसंवित्तेरचलनं स परीषहविजयः" **इति चेत्? तथापि तदुपष्टम्भकाहारादिप्रवृत्तिरिवाचेलक्यपरीषहविजयरूपापरिग्रहस्वभावभावनोपष्टंभकधर्मोपकरणप्रवृत्तिः किमिति न युक्ता? इति॥२७॥**

**ટીકાર્થ :- 'अथ'** ક્ષુદ્વેદનાદિ આકુળતાના પ્રતિપક્ષ સામાયિકરૂપ સ્થિરતાનો પરિણામ જ નિશ્ચયથી પરીષહવિજય છે. અર્થાત્ ક્ષુદ્વેદનાદિની જે આકુળતા છે તે અસંયમનો પરિણામ છે, તેનો પ્રતિપક્ષ સામાયિકરૂપ સ્થિરતાનો પરિણામ તે જ પરીષહવિજય છે.

દ્રવ્યસંગ્રહવૃત્તિમાં તે કહ્યું છે-

**'तेषां'** - તે ક્ષુધાદિ વેદનાના તીવ્ર ઉદયમાં પણ સુખ-દુઃખ, જીવિત-મરણ, લાભ-અલાભ, નિંદા-પ્રશંસાદિમાં સમતારૂપ=સમાનપરિણામરૂપ પરમસામાયિક છે, કે જે અનવરત શુભ-અશુભ કર્મના સંવરણ અને ચિરંતન= પૂર્વના શુભ-અશુભ કર્મના નિર્જરણમાં સમર્થ છે. તેના દ્વારા જે નિજપરમાત્મભાવનાથી સંજાત=ઉત્પન્ન થયેલ, નિર્વિકાર નિત્ય આનંદએકસ્વરૂપ જે સુખામૃત સંવિત્તિથી=સંવેદનથી, અચલન છે, તે પરીષહવિજય છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે-

**'तथापि'** - તો પણ=**'अथ'**થી પૂર્વપક્ષીએ કહ્યું કે, નિશ્ચયથી ક્ષુદ્વેદનાદિની આકુળતાના પ્રતિપક્ષસ્વરૂપ સામાયિકરૂપ સ્થિરતાપરિણામ જ પરીષહવિજયરૂપ છે, તો પણ, તદ્‌ઉપષ્ટંભક=ક્ષુદ્વેદનાની આકુળતાના પ્રતિપક્ષરૂપ સામાયિકપરિણામરૂપ જે ક્ષુત્પરીષહવિજય છે તેના ઉપષ્ટંભક આહારાદિની પ્રવૃત્તિની જેમ, આચેલક્યપરીષહના વિજયરૂપ અપરિગ્રહસ્વભાવની ભાવનાના ઉપષ્ટંભક ધર્મોપકરણની પ્રવૃત્તિ કેમ યુક્ત નથી? અર્થાત્ યુક્ત જ છે. ❀ **'किमिति'** શબ્દ **'कस्मात्'** અર્થમાં છે.

**ભાવાર્થ :-** નિશ્ચયનયની દૃષ્ટિએ ક્ષુધાવેદનાની આકુળતાના પ્રતિપક્ષરૂપ એવી જે જીવની પરિણતિ છે, તે પરીષહવિજયરૂપ છે, અને તે સામાયિકના પરિણામરૂપ છે; કેમ કે સામાયિક એ સમતાના પરિણામરૂપ છે. તેથી જ્યારે જીવમાં સમતા વર્તતી હોય ત્યારે ગમે તેટલી ક્ષુધા લાગે તો પણ આકુળતા ઉત્પન્ન થાય નહિ. તે જ રીતે

---
૧. ગાથા નં.૩૫ની વૃત્તિમાં.

નિશ્ચયનયથી આચેલક્યપરીષહવિજય પણ અપરિગ્રહસ્વભાવની ભાવનાના પ્રકર્ષરૂપ સમતાના પરિણામરૂપ જ છે, આમ છતાં, ક્ષુધાપરીષહવિજયના પરિણામવાળા મુનિ પણ જેમ આહારાદિમાં પ્રવૃત્તિ કરે છે, તેમ આચેલક્યપરીષહવિજયના પરિણામવાળા મુનિ પણ ધર્મોપકરણમાં પ્રવૃત્તિ કરે તો દોષરૂપ નથી. એ પ્રકારનો ગ્રંથકારનો આશય છે.

નિશ્ચયનયથી પરીષહના વિજયનું ઉદ્ધરણ દ્રવ્યસંગ્રહવૃત્તિનું આપેલ છે, તે દિગંબરને અભિમત ગ્રંથનું ઉદ્ધરણ છે અને તેનું વિશેષ તાત્પર્ય આ પ્રમાણે છે-

આત્માનું જે સ્વાભાવિક સુખ છે, તે આત્માને અમર કરનાર હોવાથી અમૃતરૂપ છે, અને તેની જ સંવિત્તિ=સંવેદન, છે. તેનું જે અચલન=નાશ ન થવો તે, પરીષહવિજયરૂપ છે. અને તે સંવિત્તિનું સ્ફુરણ કેવા સ્વરૂપવાળું હોય છે તે બતાવે છે-

નિજપરમાત્માની ભાવનાથી પેદા થયેલું, સર્વથા વિકાર વગરનું, નિત્ય આનંદમય એકસ્વરૂપવાળું તે સંવિત્તિનું સ્ફુરણ થાય છે. **॥૨૭॥**

**અવતરણિકા :- अथैवंविधधर्मोपकरणधारिणां न केवलं निश्चयतोऽपि तु व्यवहारतोप्यचेलत्व-मित्यनुशास्ति-**

'**अथ**'થી ગ્રંથકાર કહે છે કે, આવા પ્રકારના ધર્મોપકરણ ધારણ કરનારાઓને કેવલ નિશ્ચયનયથી નહિ, પરંતુ વ્યવહારથી પણ અચેલપણું છે, એ પ્રકારનું અનુશાસન કરે છે.

**ગાથા :-** **जह जलमवगाहन्तो भण्णइ चेलरहिओ सचेलो वि ।**
**तह थोवजुण्णकुत्थियचेला वि अचेलया साहू ॥२८॥**

(यथा जलमवगाहमानो भण्यते चेलरहितः सचेलोऽपि । तथा स्तोकजीर्णकुत्सितचेला अप्यचेलकाः साधवः ॥२८॥)

**ગાથાર્થ :- જે પ્રમાણે જલને અવગાહન કરતો (અલ્પ વસ્ત્રવાળો) સચેલપણ ચેલરહિત કહેવાય છે, તે પ્રમાણે અલ્પ, કુત્સિત વસ્ત્રવાળા સાધુઓ પણ અચેલ કહેવાય છે.**

ટીકા :- **यथा हि कटीवस्त्रेण वेष्टितशिरसोपि जलावगाढपुरुषस्य तथाविधपरिभोगप्रकारनेपथ्याद्य-भावादचेलकत्वव्यवहारस्तथा कच्छबन्धाभावात् कूर्पराभ्यामग्रभाग एव चोलपट्टधारणात्, मस्तकस्योपरि प्रावरणाद्यभावाच्च लोकरूढप्रकारादन्यप्रकारेण परिभोगात् तथाविधनेपथ्याभावाच्च सचेला अपि मुनयोऽचेला व्यवह्रियन्त इति भावः॥२८॥**

❀ '**यथा हि**' - અહીં '**हि**' શબ્દ '**एवकारार्थक**' છે.

**ટીકાર્થ :- 'यथा हि'** જે પ્રકારે જ કટીવસ્ત્રથી વેષ્ટિત શિરવાળા પણ જલઅવગાઢ પુરુષને, તથાવિધ પરિભોગ પ્રકાર નેપથ્યનો અભાવ હોવાથી, અચેલકત્વનો વ્યવહાર થાય છે; તે પ્રકારે કચ્છાબંધના અભાવને કારણે હાથની બે કોણી વડે અગ્રભાગમાં જ ચોલપટ્ટનું ધારણ હોવાથી, અને મસ્તક ઉપર પ્રાવરણ આદિનો અભાવ હોવાથી, લોકરૂઢ પ્રકારથી અન્ય પ્રકારે પરિભોગ હોવાથી અને તથાવિધ નેપથ્યનો અભાવ હોવાથી, સચેલ પણ મુનિઓ અચેલ; એ પ્રમાણેનો વ્યવહાર કરાય છે.

**ભાવાર્થ :-** અહીં દૃષ્ટાંતમાં 'તથાવિધપરિભોગપ્રકાર નેપથ્યાદિનો અભાવ' એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જળનું અવગાહન કરતો પુરુષ કટી ઉપર બાંધવાનું વસ્ત્ર માથે બાંધે છે ત્યારે, જે પ્રકારે પરિભોગ કરવા યોગ્ય છે તે પ્રકારે પરિભોગપ્રકાર નેપથ્યનો અભાવ છે.

દાર્ષ્ટાન્તિકમાં કચ્છાબંધનો અભાવ કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, ગૃહસ્થો જેમ ધોતિયાને બે બાજુ બાંધે છે તે કચ્છાબંધ કહેવાય છે, તે પ્રકારે પૂર્વમાં મુનિઓ બાંધતા ન હતા, તેથી સતત અપ્રમત્ત રીતે હાથની બે કોણી વડે અગ્રભાગમાં ચોલપટ્ટાને ધારી રાખતા હતા.

તથાવિધ નેપથ્યનો અભાવ એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, લોકમાં જેવા પ્રકારનાં વસ્ત્રો પહેરાય છે, તેવા પ્રકારનાં વસ્ત્રો મુનિઓ ધારણ કરતા નથી, પરંતુ સ્તોક, જીર્ણ અને કુત્સિત વસ્ત્રો પહેરે છે, તેથી તથાવિધ નેપથ્યનો અભાવ છે, એમ કહ્યું છે.**॥૨૮॥**

**અવતરણિકા :- एवमुपचरितव्यवहाराच्छेषसाधव इत्युक्तं, निरुपचरितव्यवहारात्तु देवदूष्यवस्त्रापगमे भगवन्त एव संभवन्तीति विभजते-**

**અવતરણિકાર્થ :-** એ પ્રમાણે=ગાથા ૨૮માં કહ્યું એ પ્રમાણે, ઉપચરિત વ્યવહારનયથી શેષ સાધુઓ (અચેલ છે) એ પ્રમાણે કહ્યું. વળી નિરુપચરિત વ્યવહારનયથી દેવદૂષ્ય વસ્ત્રનું અપગમ=દૂર થયે છતે, જિનેશ્વરો જ અચેલ સંભવે છે. એ રીતે વિભાગ બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિરુપચરિત વ્યવહારનયથી વસ્ત્રરહિતને અચેલ કહેવાય; પરંતુ ઉપચરિત વ્યવહારથી જીર્ણાદિ વસ્ત્ર ધારણ કરનારને અચેલ કહેવાય છે. તેથી ઉપચરિત વ્યવહારથી ભગવાન સિવાયના શેષ શાધુઓ અચેલ છે એમ કહ્યું છે, અને નિરુપચરિત વ્યવહારનયથી તો દેવદૂષ્ય ચાલી ગયા પછી શ્રીજિનેશ્વરો જ અચેલ હોય છે.

**ગાથા :-** **उवयारेण अचेला सेसमुणी सव्वहा जिणिन्दा य ।**
**खंधाओ देवदूसं चवइ तओ चेव आरब्भ ॥२९॥**

( उपचारेणाचेलाः शेषमुनयः सर्वथा जिनेन्द्राश्च । स्कन्धाद्देवदूष्यं च्यवते तत एवारभ्य ॥२९॥ )

**ગાથાર્થ :- શેષ મુનિ ઉપચારથી અચેલ છે અને ખભા ઉપરથી દેવદૂષ્ય પડી જાય છે ત્યારથી જ આરંભીને જિનેશ્વરભગવંતો સર્વથા અચેલ હોય છે.**

**ટીકા :- भगवन्तो हि वस्त्रपात्रकार्यकारिलब्धिभाजो निरुपमधृतिसंहननाश्चतुर्ज्ञानातिशययुक्ता विनाऽपि वस्त्रपात्रादिकं संयमं निर्वोढुं क्षममाणा न कारणाभावात् तदुपादत्ते। केवलं सवस्त्रपात्रो धर्म प्ररूपणीय इति देवेन्द्रेण स्कन्धाहितं देवदूष्यमादाय निष्क्रामन्तीति देवदूष्यवस्त्रावस्थितिं यावत्तेप्युपचारतोऽचेलास्ततः परं मुख्यया वृत्त्येति तत्त्वम्।**

**ટીકાર્થ :- 'भगवन्तो'** ખરેખર કારણનો અભાવ હોવાને કારણે=વસ્ત્રગ્રહણના પ્રયોજનનો અભાવ હોવાને કારણે, વસ્ત્રપાત્રકાર્યકારી લબ્ધિને ભજનારા, નિરુપમ ધૃતિસંહનનવાળા, ચાર જ્ઞાનથી અતિશયયુક્ત, વસ્ત્ર-પાત્રાદિ વિના પણ સંયમને વહન કરવા માટે સમર્થ એવા ભગવાન, તેને=વસ્ત્રને, ગ્રહણ કરતા નથી. કેવલ વસ્ત્ર-પાત્ર સહિત ધર્મ પ્રરૂપણીય છે, એથી કરીને દેવેન્દ્ર વડે સ્કંધ ઉપર સ્થાપિત કરાયેલ દેવદૂષ્યને ગ્રહણ કરીને દીક્ષા લે છે, એથી કરીને દેવદૂષ્ય વસ્ત્રની અવસ્થિતિ સુધી તેઓ પણ=જિનેન્દ્રો પણ, ઉપચારથી અચેલ છે; ત્યારપછી મુખ્યવૃત્તિથી =નિરુપચરિતવૃત્તિથી, (અચેલ છે), એ પ્રમાણે તત્ત્વ છે. અર્થાત્ એ પ્રમાણે અચેલનો વિભાગ છે.

**ટીકા :- जिनकल्पिकस्वयम्बुद्धादयस्तु सर्वकालमुपचरिताऽचेला एव, उपधिद्वयस्य सर्वदा भावात्। अत एव तानुद्दिश्यायमुपधिविभागः -**

"[१] दुगतिगचउक्कपणगं, णव दस इक्कारस वे बारसगं ।
एए अट्ठविगप्पा , जिणकप्पे हुंति उवहिस्स" ॥ [ **निशीथभाष्य-१३९१** ] इति

**वचनोक्तो द्रष्टव्यः। तत्र रजोहरणं मुखवस्त्रिका चेति द्विविध उपधिः केषांचिद्, अन्येषां तु कल्पेन सह त्रिविधः, कल्पद्वयेन तु सह चतुर्विधः, कल्पत्रयेण सह पञ्चविधः शक्तिवैचित्र्यात् पात्रमात्रविषयकलब्धिभाजां द्रष्टव्यो। येषां तु वस्त्रमात्रविषयिणी लब्धिस्तेषां रजोहरणं-मुखवस्त्रिका,**

[२] पत्तं पत्ताबन्धो पायट्ठवणं च पायकेसरिया ।
पडलाइ रयत्ताणं च गोच्छओ पायनिज्जोगो ॥ [ **निशीथभाष्य १३९३** ]इति

**गाथयोक्तः सप्तविधः पात्रनिर्योग इत्येवं नवविध उपधिः, तदुभयविषयकलब्धिरहितानां च यथाशक्ति कल्पेन सह दशविधः, कल्पद्वयेन सहैकादशविधः, कल्पत्रयेण तु समं द्वादशविध उपधिर्ज्ञेय इति॥२९॥**

---

१ द्विकत्रिकचतुष्कपञ्चकं नवदशैकादश वै द्वादशकम् । एतेऽष्टविकल्पा जिनकल्पे भवन्त्युपधेः ॥
२. पात्रं पात्रबन्धः पात्रस्थापनं च पात्रकेसरिका । पटलानि रजस्त्राणं च गोच्छकः पात्रनिर्योगः ॥

**ટીકાર્થ :-** '**जिनकल्पिक**' વળી જિનકલ્પિક અને સ્વયંબુદ્ધ વગેરે સર્વકાળ ઉપચરિત અચેલ જ છે, કેમ કે (તેઓને) ઉપધિદ્વયનો સર્વદા ભાવ છે. અર્થાત્ કોઈપણ જિનકલ્પિક અને સ્વયંબુદ્ધને ઓછામાં ઓછી બે ઉપધિ અવશ્ય હોય છે. એ પ્રમાણે સર્વ જિનકલ્પિઓ અને સ્વયંબુદ્ધાદિઓને આશ્રયીને સર્વકાળે બે ઉપધિની પ્રાપ્તિ છે. તેથી સર્વકાળ ઉપચરિત વ્યવહારથી તેઓ અચેલ જ છે. આથી કરીને જ=સર્વકાળ ઉપચરિત વ્યવહારથી તેઓ અચેલ જ છે. આથી કરીને જ, તેઓને અર્થાત્ જિનકલ્પિકાદિને, ઉદ્દેશીને આ અર્થાત્ વક્ષ્યમાણ ઉપધિવિભાગ "**दुगतिग....उवहिस्स**" એ પ્રમાણે વચનોક્ત(શાસ્ત્રોક્ત) જાણવો. એ પ્રમાણે અન્વય છે.

❀ '**अत एव तानुद्दिश्यायमुपधिविभागः.....इति वचनोक्तो द्रष्टव्यः।**' આ પ્રમાણે અન્વય છે.

તે વચનોક્ત ઉપધિ વિભાગ આ પ્રમાણે- બે, ત્રણ, ચાર, પાંચ, નવ, દશ, અગિયાર અને બાર, આ આઠ વિકલ્પો જિનકલ્પમાં ઉપધિના છે. ( **वे=वै** પાદપૂર્તિ માટે છે.)

'**तत्र**' - ત્યાં=જિનકલ્પિકાદિને ઉપધિના વિભાગમાં, કેટલાકને=વસ્ત્રલબ્ધિ અને પાત્રલબ્ધિ ઉભયલબ્ધિવાળા સર્વને, રજોહરણ અને મુખવસ્ત્રિકા એ પ્રમાણે બે પ્રકારે ઉપધિ છે. વળી પાત્રમાત્ર વિષયક લબ્ધિવાળા અન્યોને શક્તિનું વિચિત્રપણું હોવાને કારણે, એક કલ્પ સાથે ત્રિવિધ, કલ્પદ્વય સાથે ચતુર્વિધ અને કલ્પત્રય સાથે પંચવિધ ઉપધિ જાણવી.

વળી જેઓને વસ્ત્રમાત્ર વિષયક લબ્ધિ છે, તેઓને રજોહરણ અને મુખવસ્ત્રિકા તથા '**पत्तं पत्ताबन्धो....पायनिज्जोगो ॥**' એ ગાથા વડે કહેવાયેલ સપ્તવિધ પાત્રનિર્યોગ આ રીતે ૨+૭ નવવિધ ઉપધિ છે.

નિશીથભાષ્યની ગાથાનો અર્થ આ પ્રમાણે છે-

પાત્ર, પાત્રબંધ, પાત્રસ્થાપન, પાત્રકેસરિકા, પલ્લાં, રજસ્ત્રાણ અને ગુચ્છા (એ) પાત્ર સંબંધી નિર્યોગ છે, અર્થાત્ પાત્ર સંબંધી ઉપધિ છે.

'**तदुभय**' - અને તે ઉભયવિષયક અર્થાત્ વસ્ત્ર-પાત્રવિષયક લબ્ધિરહિતને, યથાશક્તિ એક કલ્પની સાથે દશ પ્રકારે, કલ્પદ્વયની સાથે એકાદશ પ્રકારે, કલ્પત્રયની સાથે બાર પ્રકારે ઉપધિ જાણવી. '**इति**' કથનની સમાપ્તિ સૂચક છે.

**સારાંશઃ-** વસ્ત્રપાત્રઉભય લબ્ધિવાળાને દ્વિવિધ ઉપધિ - રજોહરણ, મુહપત્તિ હોય.

માત્ર પાત્રલબ્ધિવાળાને ત્રિવિધ ઉપધિ - રજોહરણ, મુહપત્તિ + ૧ કલ્પ હોય.

ચતુર્વિધ ઉપધિ - રજોહરણ, મુહપત્તિ + ૨ કલ્પ હોય.

પંચવિધ ઉપધિ - રજોહરણ, મુહપત્તિ + ૩ કલ્પ હોય.

માત્ર વસ્ત્રલબ્ધિવાળાને નવવિધ ઉપધિ - રજોહરણ મુહપત્તિ + ૭ પાત્રનિર્યોગ(પાત્રની ઉપધિ) હોય.

અને વસ્ત્રપાત્રઉભલબ્ધિરહિતને દશવિધ ઉપધિ-ઉપરોક્ત નવવિધ + ૧ કલ્પ હોય.
એકાદશવિધ ઉપધિ-ઉપરોક્ત નવવિધ + ૨ કલ્પ હોય.
દ્વાદશવિધ ઉપધિ-ઉપરોક્ત નવવિધ + ૩ કલ્પ હોય.॥૨૯॥

**અવતરણિકા :- तदेवंविधव्यवस्थाप्रदर्शनस्य फलान्तरमप्याह-**

**અવતરણિકાર્થ :-** તે આવા પ્રકારની=પૂર્વોક્ત ગાથા ૨૯માં જણાવી એવા પ્રકારની, વ્યવસ્થાના પ્રદર્શનનું ફલાંતર પણ અર્થાત્ વ્યવસ્થા તો બતાવી પણ વ્યવસ્થાથી અતિરિક્ત ફલાંતર પણ, કહે છે-

**ભાવાર્થ :-** પૂર્વમાં ગાથા ૨૯ની ટીકામાં જિનકલ્પિક અને સ્વયંબુદ્ધાદિને આશ્રયીને ઉપધિનો વિભાગ બતાવ્યો. એ પ્રકારની વ્યવસ્થાના પ્રદર્શનથી દિગંબર જે માને છે તેના નિરાકરણરૂપ ફલાંતર પ્રાપ્ત થયું.

દિગંબરની માન્યતા એ છે કે, ભગવાન અને જિનકલ્પિક આદિ મુનિઓ વસ્ત્રરહિત હતા, તેથી બીજા મુનિઓએ પણ વસ્ત્રરહિત રહેવું જોઇએ. પરંતુ ભગવાન અને જિનકલ્પિક આદિ પણ વસ્ત્રરહિત હતા નહિ, એમ પૂર્વમાં સિદ્ધ કર્યું. એનાથી આ દિગંબરના વચનના નિરાકરણરૂપ ફલાંતર પ્રાપ્ત થયું.

ગાથા :- **एएण जइ अचेला जिणिन्दजिणकप्पिआइआ सुमुणी ।
तो एसो च्चिय मग्गो णण्णोत्ति पराकयं वयणं ॥३०॥**

( एतेन यद्यचेला जिनेन्द्रजिनकल्पिकादयः सुमुनयः । तदेष एव मार्गो नान्य इति पराकृतं वचनम् ॥३०॥)

**ગાથાર્થ :- આનાથી તેઓમાં પણ=જિનેંદ્ર અને જિનકલ્પિકાદિઓમાં પણ સર્વથા અચેલત્વના અભાવનું પ્રતિપાદન કર્યું. આનાથી, વક્ષ્યમાણ એવું પરનું વચન પરાકૃત થયું અને તે વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે-**

**જિનેંદ્રો અને જિનકલ્પિકાદિ સુમુનિઓ જો અચેલ હોય છે, તો આ જ માર્ગ છે, અન્ય નહિ; એ પ્રમાણે વચન પરાકૃત જાણવું.**

**ટીકા :- एतेन-तेष्वपि सर्वथाऽचेलत्वाभावप्रतिपादनेन। शेषं सुगमम्।३०॥**

**ટીકાર્થ :-** આના વડે=તેઓને વિષે પણ=જિનેંદ્ર અને જિનકલ્પિકાદિ વિષે પણ, સર્વથા અચેલપણાના અભાવના પ્રતિપાદન વડે, શેષ અર્થ સુગમ છે. **॥૩૦॥**

**અવતરણિકા :- अपि च-**

**અવતરણિકાર્થ :-** પૂર્વોક્ત વ્યવસ્થા પ્રદર્શનનું ફલાંતર કહ્યું કે, સર્વથા ઉપધિ વગરનો માર્ગ છે, એ વચન મિથ્યા

છે; અને વળી અહીં સમુચ્ચય એ છે કે, ગાથા ૩૦માં જે ફલાંતર બતાવ્યું તેનાથી એ પ્રાપ્ત થયું કે, ભગવાન અને જિનકલ્પિકાદિ સુમુનિઓ અચેલક છે માટે તે જ માર્ગ છે, એ વચન તો પરાકૃત થયું; પરંતુ જો આ પ્રમાણે સ્વીકારી લઈએ કે, જિનેન્દ્રાદિ અચેલક છે તો પણ તેઓએ કર્યું છે તે જ કરવું જોઈએ, એ વચન પણ યુક્તિથી યુક્ત નથી. એ બતાવવા માટે '**अपि च**'થી સમુચ્ચય કરતાં કહે છે-

ગાથા :- **जिणकयमेव य कम्मं जइ कायव्वं तओ तुहं इहयं ।**
**उवएससिस्सदिक्खागुरुवयणाईहिं किं कज्जं ॥३१॥**

( जिनकृतमेव च कर्म, यदि कर्त्तव्यं ततस्तवेह । उपदेशशिष्यदीक्षागुरुवचनादिभिः किं कार्यम् ॥३१॥ )

**ગાથાર્થ :- અહીં=સાધનાના માર્ગમાં, જિનેશ્વરો વડે કરાયેલ જ જો કરવાનું હોય તો તને ઉપદેશદાન, શિષ્યદીક્ષા, ગુરુવચનાદિથી શું કાર્ય છે? અર્થાત્ ઉપદેશદાન આદિ કરવાં ન જોઈએ.**

**ટીકા :- यदि हि जिनशिष्याणामपि हि जिनाचरितमेवाचरितव्यं तर्हि छद्मस्थावस्थायां जिनानामुपदेशदान-शिष्यदीक्षादिप्रवृत्त्यभावाद्गुरुवचनवशवृत्तितायाश्च स्वयंबुद्धतया कदाचिदप्यभावात् तीर्थोच्छेद एव स्यात्। अथ शुद्धोपयोगाधिकारिभिर्भगवदाचरितमेवाचरणीयं, तदुक्तं-**

"[१]किं किंचणत्ति तक्कं, अपुणब्भवकामिणोध देहेवि ।
सङ्गत्ति जिणवरिंदा, अप्पडिकम्मत्तमुद्दिट्ठा ॥ **त्ति [ प्रवचनसार ३-२८ ]**

**शुभोपयोगाधिकारिणां तूपदेशादिप्रवृत्तेर्न तीर्थोच्छेद इति चेत्? तदिदमपि कुतो निर्णीतमायुष्मता? भगवदुपदेशादिति चेत्? तर्हि तत एव जिनकल्पिकाद्यौपधि( ? यि )कमार्गाधिकारिणोऽपि निरुपमधृतिसंहननाः पूर्वविदः, कृतपरिकर्माण एव च भवन्तीति किमिति न प्रतिपद्यसे?॥३१॥**

❀ ટીકામા '**कदाचित्**' શબ્દ '**सर्वदा**' અર્થમાં છે

❀ '**तत एव**'નો અન્વય '**किमिति न प्रतिपद्यसे**' સાથે છે. '**किमिति**' શબ્દ '**कस्मात्**' અર્થમા છે.

**ટીકાર્થ :- 'यदि'** જો જિનશિષ્યોએ પણ જિનેશ્વરો વડે આચરિત જ આચરણ કરવા યોગ્ય હોય તો, છદ્મસ્થાવસ્થામાં જિનોને ઉપદેશદાન, શિષ્યદીક્ષાદિ પ્રવૃત્તિનો અભાવ હોવાથી, સ્વયંસંબુદ્ધપણું હોવાને કારણે અને ગુરુવચનની વશવૃત્તિતાનું કદાચિત્ પણ=સદા પણ, અભાવ હોવાથી, તીર્થોચ્છેદ જ થાય.

---

૧. किं किचनमिति तर्कः अपुनर्भवकामिनोऽथ देहेऽपि । संग इति जिनवरेन्द्रा निःप्रतिकर्मत्वमुद्दिष्टवन्तः ॥

**'अथ'** - **'अथ'**થી પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, શુદ્ધ ઉપયોગના અધિકારીઓ વડે જિનઆચરિત જ આચરવા યોગ્ય છે. વળી શુભ ઉપયોગના અધિકારીઓની ઉપદેશાદિની પ્રવૃત્તિ હોવાથી તીર્થોચ્છેદ નહિ થાય.

શુદ્ધ ઉપયોગના અધિકારીએ ભગવદ્ આચરિત જ આચરવું જોઇએ, તે પ્રવચનસારમાં કહ્યું છે. તે આ પ્રમાણે-

**'किं किंचणत्ति'** - સંગ છે, એથી કરીને જિનેશ્વરોએ દેહમાં પણ અપુનર્ભવકામી જીવોને નિષ્પ્રતિકર્મત્વનો ઉપદેશ આપ્યો છે. **'किं किंचण'** શું પરિગ્રહ હોય? એ પ્રમાણેનો તર્ક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે (શરીરનો) સંગ છે એથી કરીને અપુનર્ભવકામીને દેહમાં પણ ભગવાને અપ્રતિકર્મનો અર્થાત્ પ્રતિકર્મ નહિ કરવાનો, ઉપદેશ આપ્યો છે, શું કિંચન=પરિગ્રહ હોય? અર્થાત્ કાંઇ પરિગ્રહ ન હોય, એ પ્રમાણે તર્ક છે.

અહીં પ્રવચનસારના સાક્ષીપાઠથી શુદ્ધ ઉપયોગના અધિકારી વડે ભગવાને આચરિત આચરવું જોઇએ; એ અર્થ આ રીતે પ્રાપ્ત થાય કે, જે અપુનર્ભવકામી છે તે શુદ્ધ ઉપયોગના અધિકારી છે, અને તેને દેહમાં પણ નિષ્પ્રતિકર્મનો ભગવાનનો ઉપદેશ છે, અને તેનાથી પ્રાપ્ત શેષ પરિગ્રહનો અભાવ છે, તેથી તેણે ભગવાનની જેમ દેહ સિવાય કોઇ વસ્તુ ધારણ કરવી જોઇએ નહીં. તેથી ભગવાને જે આચરણ કર્યું છે, તે જ આચરણ કરવું જોઇએ.

ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે-

**'तदिदमपि'**- તે આ પણ=શુદ્ધઉપયોગવાળાએ ભગવદ્ આચરિત જ આચરવું જોઇએ અને શુભઉપયોગવાળાએ ઉપદેશાદિની પ્રવૃત્તિ કરવી જોઇએ, તે આ પણ, તારા વડે કેવી રીતે નિર્ણીત કરાયું?

**'भगवद्'** - ભગવાનના ઉપદેશથી (નિર્ણય કરાયો) એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર કહે છે - તો જિનકલ્પિકાદિ ઔપયિક માર્ગ=જિનકલ્પિકાદિરૂપ ઉપાયભૂત માર્ગના અર્થાત્ શુદ્ધ ઉપયોગના ઉપાયરૂપ જિનકલ્પિકાદિરૂપ માર્ગના અધિકારીઓ પણ નિરુપમધૃતિ-સંઘયણવાળા, પૂર્વવિદ્=પૂર્વના જાણકાર, અને કરાયેલ પરિકર્મવાળા જ થાય છે; એ પ્રકારે તેનાથી જ=ભગવાનના વચનથી જ, તું કેમ સ્વીકારતો નથી?

❀ ટીકામાં **'जिनकल्पिकाद्यौपधिकमार्ग...'** પાઠ છે ત્યાં **'जिनकल्पिकाद्यौपयिकमार्ग....'** પાઠ સંગત થાય છે, તેથી તે મુજબ અર્થ કરેલ છે.

**ભાવાર્થ :-** નિરુપમ ધૃતિ અને સંઘયણ કહ્યું, ત્યાં ધૃતિપદાર્થ સત્ત્વાદિ પાંચ ભાવોની તુલનાથી આત્મામાં સ્થૈર્યભાવ પ્રાપ્ત થાય તે રૂપ સ્વપ્રયત્નથી પેદા કરાયેલ પરિણામ છે, અને સંહનન પૂર્વકૃત પુણ્યના ઉદયથી મળે છે.॥૩૧॥

**અવતરણિકા :- अथ जिनकल्पप्रतिपत्त्यक्षमस्यैव स्थविरकल्पप्रतिपत्तिस्तुलनाभ्यासादिदृढीकृतशक्तेरेव कस्यचिज्जिनकल्पप्रवृत्तिः श्रेयसीति भगवदुपदेश इत्याह-**

**અવતરણિકાર્થ :- 'अथ'**થી ગ્રંથકાર કહે છે - જિનકલ્પના સ્વીકાર માટે અસમર્થને જ સ્થવિરકલ્પની પ્રતિપત્તિ= સ્વીકાર છે. તુલના-અભ્યાસાદિથી દઢ કરાયેલ શક્તિવાળા જ કેટલાકને જિનકલ્પની પ્રવૃત્તિ શ્રેયસ્કરી છે, એ પ્રમાણે ભગવાનનો ઉપદેશ છે. એથી કહે છે-

❀ અહીં '**कस्यचित्**' કહ્યું તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, દઢશક્તિવાળા બધા જિનકલ્પ સ્વીકારે એવું નથી. દશપૂર્વીઓ ન સ્વીકારે અને દઢશક્તિવાળા પણ ગચ્છ ચલાવવા માટે ઉત્તરાધિકારી સમર્થ ન હોય તો જિનકલ્પ ન સ્વીકારે.

ગાથા :- **निरतिसयाणं कप्पो, थेराण हिओ ठिओ अ तत्थेव ।**
**पडिवज्जउ जिणकप्पं, पंचहिं तुलणाहिं जुत्तो जो ॥३२॥**

( निरतिशयानां कल्पः स्थविराणां हितः स्थितश्च तत्रैव । प्रतिपद्यतां जिनकल्पं, पञ्चभिस्तुलनाभिर्युक्तो यः ॥३२॥ )

**ગાથાર્થ :-** નિરતિશયવાળાને સ્થવિરોનો કલ્પ હિતકારી છે ત્યાં જ=સ્થવિરકલ્પમાં જ, રહેલા જે પાંચ તુલનાઓથી યુક્ત છે (તે) જિનકલ્પ સ્વીકારે.

❀ અહીં '**निरतिशयानां स्थविराणां**' એ વિશેષણ-વિશેષ્યભાવ નથી. '**निरतिसयाणं**'નો અન્વય '**हिओ**'ની સાથે છે. '**थेराण कप्पो**' એ પ્રમાણે સંબંધાર્થક ષષ્ઠી છે.

**ટીકા :- तादृशसंहननधृतिविद्याद्यभावेन निरतिशयानामेव हि स्थविरकल्प उक्तः, तादृशातिशयवतां तु जिनकल्पप्रतिपत्तिरेव मुख्या। स्थविरकल्पिकस्यापि चायं क्रमः-**

'[१]पव्वज्जा सिक्खावयमत्थगहणं च अनियओ वासो ।
णिप्फत्ती य विहारो सामायारी ठिई चेव ॥' [ बृहत्कल्प २-११३२ ]

**गुणवता हि गुरुणा विधिना पूर्वं योग्यस्य शिष्यस्य प्रव्रज्या प्रदेया, ततः परं शिक्षापदं ग्रहणासेवनारूपं द्वादशवर्षाणि यावत्सूत्राध्ययनोपदेशप्रत्युपेक्षणादिक्रियोपदेशरूपं, ततश्चार्थग्रहणं- द्वादशवर्षाण्यधीतसूत्रः शिष्यो गुरुणाऽर्थग्रहणं कार्यतेऽन्यथा सूत्राध्ययनप्रयासस्य निष्फलत्वप्रसङ्गात्, ततोऽनियतो वासः- यद्याचार्यपदयोग्यः शिष्यस्तदा जघन्यतोऽपि सहायद्वयं दत्त्वाऽऽत्मतृतीयो द्वादशवर्षाणि यावन्नानादेशदर्शनं नियमेन कार्यते, जिनजन्मादिभूमिदर्शनजनितहर्षातिरेकेण स्वसम्यक्त्वस्थिरीभावपरसम्यक्त्वस्थिरीकरणनानाचार्यपरिशीलनजनितसूत्रार्थसामाचारी-**

१. प्रव्रज्या शिक्षापदमर्थग्रहणं चानियतवासः । निष्पत्तिश्च विहारः सामाचारी स्थितिश्चैव ॥

विशेषोपलम्भनानादेशभाषावबोधानुगृहीततत्तद्देशजविनेयप्रव्राजनपूर्वप्रव्रजिततदुपसंपद्भावतदनुराग-भाजनत्वादिगुणानां तथैव संभवात्, अतथाभूतस्य त्वनियमः। ततो निष्पत्तिराचार्यपदार्हतायाः अन्येषां भूयसां शिष्याणां तदन्तिके निष्पत्तिरिति। एवं च निष्पद्य सूरिपदं च प्राप्य, दीर्घकालं तत्पर्यायमनुपाल्य योग्यशिष्यमाचार्यपदेऽवस्थाप्य विहारो विशेषानुष्ठानरूपो विधेयः।

स च द्विविधो, भक्तपरिज्ञेङ्गिनीपादपोपगमनलक्षणमभ्युद्यतमरणं जिनकल्पपरिहारविशुद्धिक-यथालन्दिककल्पप्रतिपत्तिर्वा। तत्र स्तोकं स्वायुर्ज्ञात्वा प्रथमविहारं प्रतिपद्यते, दीर्घमपि स्वायुर्ज्ञात्वा यदि क्षीणजङ्घाबलस्तदा वृद्धवासं स्वीकुरुते। पुष्टायां तु शक्तौ जिनकल्पादिप्रतिपित्सुस्तपःसत्त्वसूत्रै-कत्वबलविषयिणीभिः पञ्चभिस्तुलनाभिः प्रथममात्मानं तोलयति। तथा हि- ( १ ) तपोभावनया तावत्तथा बुभुक्षां पराजयते यथा कारणवशादाषण्मासीमाहाराऽलाभेनापि न खिद्येत। ( २ ) सत्त्वभावनाभिस्तु

''[१]पढमा उवस्सयंमि बीया बाहिं तइय चउक्कंमि ।
सुण्णहरम्मि चउत्थी अह पञ्चमिया मसाणंमि ॥ [ बृहत्कल्प-२/१३३५ ]

इत्युक्तक्रमेण भयं पराजयते। ( ३ ) सूत्रभावनया तु तथा सूत्रमपि परिचिनुते यथा सर्वकालं तत्परावर्त्तनानुसारेणैव सम्यगवबुद्ध्यत इति। ( ४ ) एकत्वभावनया तु साङ्घाटिकादिभिरपि मिथःसंलापादिप्रवृत्तिनिवृत्त्या बाह्यममत्वनिवृत्तौ देहोपध्यादिकादिभ्योऽपि भिन्नमात्मानं भावयंस्तेष्वपि सर्वथा निरभिष्वङ्गो भवति। ( ५ ) बलं द्विविधं-शारीरं मनोधृतिबलं च, तत्र शारीरमपि बलं जिनकल्पप्रतिपत्तियोग्यस्य शेषजनबलमतिशेत एव, तपःप्रभृतिना तदपकर्षेऽपि धृतिबलेन तथाऽऽत्मानं भावयति यथा न महद्भिरपि परीषहोपसर्गैर्बाध्यत इति। तदेवं पञ्चभिर्भावनाभिर्भावितात्मा गच्छे प्रतिवसन्नप्यागमोक्तविधिनाऽऽहारादिपरिकर्म संसाध्य सङ्घं स्वगणं चाहूय जिनगणधरचतुर्दशपूर्वि-दशपूर्विसमीपे, तदभावे वटाश्वत्थाशोकवृक्षादीनामासत्तौ जिनकल्पमभ्युपगच्छति, ततः सर्वान् क्षामयित्वा निजपदस्थापितसूरिप्रभृतीननुशास्य च वनकन्दरादौ विहरति।

प्रतिपन्नजिनकल्पश्च यत्र ग्रामे मासकल्पं चातुर्मासकं वा करोति तत्र षड्भागान् कल्पयति। यत्र भागे एकस्मिन् दिने गोचरचर्यायां हिण्डितस्तत्र पुनरपि सप्तम एव दिवसे पर्यटति। गमनं च तृतीयपौरुष्यामेव कुरुते, चतुर्थपौरुषी च यत्रावगाहते तत्र नियमादवतिष्ठते। भक्तं पानकं चालेपं यत्तदेव गृह्णाति, एषणादिकं मुक्त्वा न केनापि सह जल्पति। एकस्यां च वसतौ यद्यप्युत्कृष्टतः सप्तजिनकल्पिकाः प्रतिवसन्ति तथापि मिथो न भाषन्ते। उपसर्गपरीषहान् सर्वानपि सहत एव, रोगेषु चिकित्सां न कारयत्येव, तद्वेदनां तु सम्यगेव विषहते। आपातसंलोकादिदोषरहित एव स्थण्डिलउच्चारादीन् करोति नाऽस्थण्डिले। परिकर्मरहितायामेव वसतौ तिष्ठति, यद्युपविशति तदा नियमादुत्कुटुक एव, न तु निषद्यायामौपग्रहिकोपकरणाभावात्। मत्तकरिव्याघ्रसिंहादिके च संमुखे समागच्छत्युन्मार्गगमनादिनेर्यासमितिं न भनक्ति, एवमादि सामाचारी सिद्धान्तरत्नाकरादवबोध्या।

स्थितिश्च श्रुतसंहननादिका ज्ञेया, तथाहि-जिनकल्पिकस्य तावज्जघन्यतो नवमस्य पूर्वस्य

१. प्रथमोपाश्रये द्वितीया बहिस्तृतीया चतुष्के । शून्यगृहे चतुर्थ्यथ पञ्चमिका श्मशाने ॥

**तृतीयमाचारवस्तूत्कर्षतस्त्वसंपूर्णानि दशपूर्वाणि श्रुतं भवति। प्रथमसंहननो वज्रकुड्यसमानावष्टम्भश्चायं भवति। स्वरूपेण पञ्चदशस्वपि कर्मभूमिषु संहृतस्त्वकर्मभूमिष्वपि, उत्सर्पिण्यां व्रतस्थस्तृतीय-चतुर्थारकयोरेव, जन्ममात्रेण तु द्वितीयारकेऽपि। अवसर्पिण्यां तु जन्मना तृतीयतुर्यारकयोरेव व्रतस्थस्तु पञ्चमारकेऽपि, संहरणेन तु सर्वस्मिन् काले प्राप्यते। प्रतिपद्यमानकश्चायमाद्यचारित्रद्वये, पूर्वप्रतिपन्नस्तु सूक्ष्मसंपराययथाख्यातचारित्रयोरप्युपशमश्रेण्यां लभ्यते। प्रतिपद्यमानानामुत्कृष्टतः शतपृथक्त्वं पूर्वप्रतिपन्नानां तु सहस्रपृथक्त्वं तेषामवाप्यते। स च प्रायोऽपवादं नासेवते, क्षीणजङ्घाबलस्त्व-विहरमाणोऽप्याराधकः। आवश्यकीनैषेधिकीमिथ्यादुष्कृतगृहिविषयपृच्छोपसंपल्लक्षणाः पञ्च चास्य सामाचार्यः नत्विच्छाकारादयः। आरामादिनिवासतयौघतः पृच्छाद्यसंभवादावश्यकीनैषेधिकी-गृहस्थोपसंपल्लक्षणास्तिस्र एवेत्यन्ये। लोचं चासौ नित्यमेव करोतीत्येवमादिः समयसमुद्रे विस्तरः। एवं परिहारविशुद्धिकादिसामाचारी स्थिति अपि द्रष्टव्ये।**

**ટીકાર્થ :-** '**तादृश**' તેવા પ્રકારનું સંઘયણ, ધીરજ અને વિદ્યા આદિનો અભાવ હોવાને કારણે નિરતિશયવાળાઓને જ સ્થવિરકલ્પ કહેવાયેલો છે. વળી તેવા પ્રકારના અતિશયવાળાઓને તો જિનકલ્પની પ્રતિપત્તિ=જિનકલ્પનો સ્વીકાર જ મુખ્ય છે.

અને સ્થવિરકલ્પિકનો પણ આ ક્રમ છે.

'**पव्वज्जा**' - પ્રવ્રજ્યા, શિક્ષાપદ, અર્થગ્રહણ અને અનિયતવાસ, નિષ્પત્તિ અને વિહાર, સામાચારી અને સ્થિતિ જ સ્થવિરકલ્પિકનો ક્રમ છે.

પ્રવ્રજ્યાદિનો અર્થ બૃહત્કલ્પભાષ્યની ટીકામાં દર્શાવે છે, તે આ પ્રમાણે-

**પ્રવ્રજ્યા :-** ગુણવાન એવા ગુરુ વડે પ્રથમ યોગ્ય શિષ્યને વિધિપૂર્વક પ્રવ્રજ્યા આપવી.

**શિક્ષાપદ :-** ત્યારપછી બાર વર્ષ સુધી સૂત્રઅધ્યયન, ઉપદેશ અને પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાના=પડિલેહણાદિ ક્રિયાના ઉપદેશરૂપ ગ્રહણ અને આસેવનરૂપ શિક્ષાપદ.

**અર્થગ્રહણ :-** ત્યારપછી અર્થગ્રહણ, તે આ રીતે - બાર વર્ષ સુધી અધીતસૂત્રવાળો અર્થાત્ સૂત્ર ભણેલો શિષ્ય, ગુરુ વડે અર્થગ્રહણ કરાવાય છે. અન્યથા અર્થાત્ અર્થગ્રહણ ન કરાવાય તો, સૂત્રઅધ્યયનના પ્રયાસનો નિષ્ફલપણાનો પ્રસંગ આવે છે.

**અનિયતવાસ :-** ત્યારપછી અનિયતવાસ, તે આ પ્રમાણે- જો આચાર્યપદયોગ્ય શિષ્ય હોય તો જઘન્યથી પણ સહાય બે આપીને પોતે ત્રીજો (અર્થાત્ પોતાની સાથે બીજા બે સાધુ આપે), બાર વર્ષ સુધી વિવિધ દેશદર્શન નિયમથી કરાવાય છે. જિનજન્માદિભૂમિનાં દર્શનદ્વારા હર્ષના અતિરેકથી સ્વસમ્યક્ત્વનો સ્થિરભાવ અને પરસમ્યક્ત્વનું સ્થિરીકરણ, વિવિધ આચાર્યના પરિશીલનથી=પરિચયથી જનિત સૂત્ર-અર્થ-સામાચારીવિશેષનો બોધ, વિવિધ દેશની ભાષાના અવબોધથી તે તે દેશના શિષ્યોને દીક્ષા, પૂર્વપ્રવ્રજ્યા ગ્રહણ કરાયેલ વડે તેની= આચાર્યપદને યોગ્ય અને દેશાટન કરતા એવા તેની, ઉપસંપદાનો સ્વીકાર અને તેના=ઉપસંપદા સ્વીકારનારના, અનુરાગભાજનત્વાદિ ગુણોનો તે રીતે જ સંભવ છે. અર્થાત્ સૂત્રઅધ્યયન કર્યા પછી બાર વર્ષ સુધી દેશાટન કરે

તે રીતે જ સંભવ છે. વળી અતથાભૂત અર્થાત્ જે આવો ન હોય=આચાર્યપદને યોગ્ય ન હોય, તેને અનિયતવાસનો અનિયમ છે.

**નિષ્પત્તિ :-** ત્યારપછી આચાર્યપદની યોગ્યતાની નિષ્પત્તિ, બીજા ઘણા શિષ્યોની તેમની પાસે નિષ્પત્તિ '**निष्पत्तिरिति**' અહીં '**इति**' શબ્દ પૂર્વોક્તકથનની સમાપ્તિસૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે અનિયતવાસથી ઉક્ત ગુણોનો સંભવ છે. ત્યારપછી આચાર્યપદની યોગ્યતાની નિષ્પત્તિ અને તેમની પાસે ઘણા શિષ્યોની નિષ્પત્તિ થાય છે.

**ઉત્થાન :-** ત્યારપછી વિહારને બતાવવા માટે '**एवं च**'થી પૂર્વના કથનનું નિગમન કરતાં કહે છે-

**વિહાર :-** એ પ્રમાણે નિષ્પન્ન થઇને અને સૂરિપદને પામીને, દીર્ઘકાલ તે પર્યાયને અર્થાત્ સૂરિપદપર્યાયને અનુપાલીને, યોગ્ય શિષ્યને આચાર્યપદે સ્થાપીને, વિશેષ અનુષ્ઠાનરૂપ વિહાર કરવો; અને તે=વિશેષ અનુષ્ઠાનરૂપ વિહાર, બે પ્રકારે છે-

(૧) ભક્તપરિજ્ઞા, ઇંગિની અને પાદપોપગમનલક્ષણ અભ્યુદ્યતમરણ, અથવા

(૨) જિનકલ્પિક, પરિહારવિશુદ્ધિ અને યથાલંદિક કલ્પનો સ્વીકાર,

ત્યાં અર્થાત્ દ્વિવિધ અનુષ્ઠાનરૂપ વિહારમાં, પોતાના આયુષ્યને અલ્પ જાણીને પ્રથમ વિહાર સ્વીકારે છે, અને દીર્ઘ પણ સ્વ આયુષ્યને જાણીને જો ક્ષીણજંઘાબલ હોય તો વૃદ્ધવાસ સ્વીકારે છે. વળી પુષ્ટશક્તિમાં જિનકલ્પાદિ સ્વીકારની ઇચ્છાવાળો તપ, સત્ત્વ, સૂત્ર, એકત્વ અને બલવિષયવાળી પાંચ તુલનાઓ વડે પ્રથમ આત્માને તોલે છે, અર્થાત્ સત્ત્વાદિનો પ્રકર્ષ કરે છે.

'**तथाहि**' - તે આ પ્રમાણે-

(૧) તપોભાવનાથી, ત્યાં સુધી તે પ્રમાણે બુભુક્ષાનો પરાજય કરે, જેમ કારણવશાત્ છ મહિના સુધી આહારના અલાભથી ખેદ ન પામે.

(૨) વળી સત્ત્વભાવનાથી, પહેલી ઉપાશ્રયમાં, બીજી ઉપાશ્રયની બહાર, ત્રીજી ચતુષ્કમાં, ચોથી શૂન્યઘરમાં અને પાંચમી શ્મશાનમાં એ પ્રમાણે બૃહત્કલ્પભાષ્યમાં કહેવાયેલ ક્રમથી ભયનો પરાજય કરે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે રાત્રિના સમયે ઉપાશ્રયાદિ પાંચે સ્થાનોમાં ક્રમસર એકાંતમાં રહીને પોતાને શૂનકાર વગેરેનો ભય ન લાગે એ રીતે આત્માને ભાવિત કરીને ભયને જીતે છે. જગતનાં નિમિત્તો પ્રમાણે ભય પામવાથી સત્ત્વની અલ્પતા થાય છે. તેથી ભાવનાઓથી ભાવિત થઇને ભયને જીતે છે.

**ટીકાર્થ :-** (૩) વળી સૂત્રભાવનાથી, તે પ્રમાણે સૂત્રને પણ પરિચિત કરે, જે પ્રમાણે તેની=સૂત્રની, પરાવર્તનાને અનુસારે સર્વ કાળને સમ્યગ્ રીતે જાણે. અર્થાત્ કેટલો કાળ પસાર થયો તે સૂત્રના પરાવર્તનથી જાણી શકે.

(૪) વળી એકત્વભાવનાથી, સંઘાટકાદિઓની સાથે પણ પરસ્પર સંલાપાદિની પ્રવૃત્તિની નિવૃત્તિથી, બાહ્ય

મમત્વ નિવૃત્ત થયે છતે, દેહ અને ઉપધિ આદિથી પણ ભિન્ન આત્માને ભાવતો, તેઓને વિષે પણ=દેહ અને ઉપધિ આદિને વિષે પણ, સર્વથા નિરભિષ્વંગ થાય છે.

(૫) બલ બે પ્રકારે છે- (૧) શરીરબલ અને (૨)મનોધૃતિબલ.

ત્યાં શરીરસંબંધી બલ પણ જિનકલ્પપ્રતિપત્તિયોગ્યને શેષજનના બલ કરતાં ચઢિયાતું જ છે. તપ આદિ વડે તેના=બલના, અપકર્ષમાં પણ, ધૃતિ અને બલથી તે પ્રમાણે આત્માને ભાવે, જે રીતે મોટા પણ પરીષહ-ઉપસર્ગ વડે બાધ ન પામે. **'इति'** પાંચ તુલનાઓના કથનની સમાપ્તિ સૂચક છે.

**'तदेवं'**....તે આ પ્રમાણે પાંચ ભાવનાઓથી ભાવિતાત્મા, ગચ્છમાં રહેલો પણ આગમોક્ત વિધિ વડે આહારાદિ પરિકર્મને સમ્યગ્ સાધીને, સંઘ અને સ્વગણને બોલાવીને જિનેશ્વર, ગણધર, ચૌદપૂર્વી, દશપૂર્વીના સમીપમાં તેમના અભાવમાં વટ, અશ્વત્થ અશોકવૃક્ષાદિની પાસે જિનકલ્પને સ્વીકારે છે.

**'ततः'** - ત્યારપછી સર્વને ખમાવીને પોતાના પદે સ્થાપિત કરેલા આચાર્યાદિને અનુશાસન કરીને વનકંદરાદિમાં વિહરે છે.

'બૃહત્કલ્પભાષ્ય'ની ગાથામાં કહેલ સ્થવિરકલ્પના ક્રમમાં સામાચારી બતાવે છે-

**'प्रतिपन्न'** - સ્વીકારેલ જિનકલ્પવાળા મુનિ જે ગામમાં માસકલ્પ અથવા ચાતુર્માસ કરે છે, ત્યાં ગામના છ ભાગોને કલ્પે છે. જે ભાગમાં એક દિવસે ગોચરચર્યા કરે છે, ત્યાં ફરી પણ સાતમે દિવસે જ પર્યટન કરે છે અને ગમન ત્રીજી પોરિસીમાં જ કરે છે, અને ચોથી પોરિસીમાં જ્યાં અવગાહન કરે છે, ત્યાં નક્કી ઊભા રહી જાય છે. ભક્ત અને પાણી જે અલેપ હોય તે જ ગ્રહણ કરે છે. એષણાદિને છોડીને કોઈની પણ સાથે બોલતા નથી, અને એક વસતિમાં જો કે ઉત્કૃષ્ટથી સાત જિનકલ્પિક રહે છે, તો પણ પરસ્પર બોલતા નથી. સર્વ પણ ઉપસર્ગ-પરીષહોને સહન કરે છે. રોગમાં ચિકિત્સા કરાવતા નથી જ. વળી તે વેદનાને સમ્યગ્ જ સહન કરે છે, અર્થાત્ વીર્યનો પ્રકર્ષ થાય તે રીતે સહન કરે છે. આપાતસંલોકાદિદોષરહિત જ સ્થંડિલમાં અર્થાત્ નિર્દોષભૂમિમાં જ ઉચ્ચારાદિને=મલત્યાગાદિને કરે છે, અસ્થંડિલભૂમિમાં નહિ. પરિકર્મરહિત જ વસતિમાં રહે છે. (શૂન્ય ઘરોમાં જંગલ-આરામ આદિમાં રહે છે, પરિકર્મ=વ્યવસ્થિત બાંધેલા, સમારકામ કરેલા ઘરોમાં નહિ.) જો બેસે છે, નક્કી ઉત્કુટુક જ (બેસે છે.) પરંતુ જમીન ઉપર=પલાંઠી વાળીને નહિ. કેમ કે ઔપગ્રહિક ઉપકરણનો અભાવ છે= જમીન ઉપર બેસવાનું આસન તે ઔપગ્રહિક ઉપકરણ છે, તેનો અભાવ છે, અને મત્ત હાથી-વ્યાઘ્ર-સિંહ આદિ સંમુખ આવે છતે, ઉન્માર્ગગમનાદિ વડે ઈર્યાસમિતિને ભાંગતા નથી. એવમાદિ સામાચારી સિદ્ધાંતરત્નાકરથી જાણવી.

એ જ બૃહત્કલ્પભાષ્યની ગાથામાં કહેલ સ્થવિરકલ્પના ક્રમમાં સ્થિતિ બતાવે છે-

**'स्थितिश्च'** :- અને સ્થિતિ શ્રુત, સંઘયણાદિક જાણવી. તે આ પ્રમાણે - જિનકલ્પિકને જઘન્યથી નવમા પૂર્વના ત્રીજા આચારવસ્તુ સુધી, વળી ઉત્કૃષ્ટથી અસંપૂર્ણ દસપૂર્વ સુધી શ્રુત હોય છે. પહેલું સંઘયણ અને વજ્રના જેવા મજબૂત શરીરવાળો આ=જિનકલ્પિક, હોય છે. સ્વરૂપથી=સ્વાભાવિક અસ્તિત્વથી, પંદર પણ કર્મભૂમિમાં, વળી સંહરણ કરાયેલ અકર્મભૂમિમાં પણ (હોય છે). ઉત્સર્પિણીમાં વ્રતસ્થ ત્રીજા અને ચોથા આરામાં વળી જન્મમાત્રથી બીજા આરામાં પણ(હોય છે.). વળી અવસર્પિણીમાં જન્મથી ત્રીજા અને ચોથા આરામાં જ વળી વ્રતસ્થ પાંચમા આરામાં પણ (હોય છે.) વળી સંહરણ વડે સર્વકાળમાં=છએ આરામાં, પ્રાપ્ત થાય છે. પ્રતિપદ્યમાન

આ=જિનકલ્પિક, આદ્ય ચારિત્રદ્વયમાં=સામાયિક અને છેદોપસ્થાપ્યચારિત્રમાં હોય છે. વળી પૂર્વપ્રતિપન્ન ઉપશમશ્રેણિવર્તી સૂક્ષ્મસંપરાય અને યથાખ્યાતચારિત્રમાં પ્રાપ્ત થાય છે. પ્રતિપદ્યમાન ઉત્કૃષ્ટથી શતપૃથક્ત્વ=૨૦૦ થી ૯૦૦, વળી પૂર્વપ્રતિપન્ન સહસ્રપૃથક્ત્વ=૨૦૦૦ થી ૯૦૦૦, તેઓમાં અર્થાત્ જિનકલ્પિકમાં મળે છે અને તે=જિનકલ્પિક, પ્રાયઃ અપવાદ સેવતા નથી. વળી ક્ષીણજંઘાબલવાળા જિનકલ્પિક વિહાર ન કરે તો પણ આરાધક છે. (બીજાને દ્વેષ થાય તેમ હોય તો વીરભગવાનની જેમ ચોમાસામાં પણ વિહાર કરે અને જંઘાબળ ક્ષીણ થાય તો નવકલ્પી વિહાર ન કરે તે અપવાદ છે. તેથી જિનકલ્પિક પ્રાયઃ અપવાદ સેવતા નથી તેમ કહેલ છે).

આવશ્યકી, નૈષેધિકી, મિથ્યાદુષ્કૃત, ગૃહિવિષયપૃચ્છા અને ગૃહિવિષયઉપસંપદ્ આ પાંચે, આને =જિનકલ્પિકને સામાચારી હોય છે, પરંતુ ઇચ્છાકારાદિ નહિ. આરામાદિમાં નિવાસ હોવાથી ઓઘથી પૃચ્છાદિનો અસંભવ હોવાથી આવશ્યકી, નૈષેધિકી, ગૃહસ્થઉપસંપદ્લક્ષણ ત્રણ સામાચારી હોય છે; એમ અન્યો કહે છે.

**ભાવાર્થ :-** ગૃહિવિષયક પૃચ્છા એટલે ગૃહસ્થના સ્થાનમાં રહેવું હોય ત્યારે પૃચ્છા કરીને અર્થાત્ તેમને પૂછીને તેમના સ્થાનમાં રહે. આ રીતે પૃચ્છામાં ગૃહસ્થો સાથે આલાપ-સંલાપ આવે. ગૃહસ્થને પૂછીને એ જગ્યામાં રહે તે ગૃહસ્થઉપસંપદા કહેવાય. અને કોઇ ગૃહસ્થ ન હોય ત્યારે 'અણુજાણહ જસ્સુગ્ગહો' બોલીને ત્યાં રહે, એટલે જે ગૃહસ્થની આ જગ્યા હતી તેની ઉપસંપદા આવે.

અન્ય એમ કહે છે કે, આરામાદિ-શૂન્યઘર વગેરેમાં તેમને રહેવાનું હોય છે, પરિકર્મવાળા સ્થાનમાં રહેવાનું હોતું નથી; તેથી ગૃહિવિષયક પૃચ્છાસામાચારી ન હોય, પણ જે સ્થાનમાં રહે તે ગૃહસ્થની ઉપસંપદા આવે, તેથી ગૃહસ્થઉપસંપદ્ સામાચારી હોય. અન્યના મતે જિનકલ્પિકને આવશ્યકી, નૈષેધિકી, ગૃહિવિષયઉપસંપદ્લક્ષણ ત્રણ સામાચારી આવે.

**ટીકાર્થ :-** અને લોચ આ=જિનકલ્પિક, નિત્ય કરે છે. એવમાદિ સમયસમુદ્રમાં વિસ્તાર છે. એ પ્રમાણે અર્થાત્ જિનકલ્પિકને કહી એ પ્રમાણે, પરિહારવિશુદ્ધિ આદિ ચારિત્રીની સામાચારી અને સ્થિતિ પણ જાણવી= સ્વયં જાણી લેવી.
(અહીં બૃહત્કલ્પભાષ્યની ગાથા ૨/૧૧૩૨ કહી, તેની ટીકાનો અર્થ પૂર્ણ થાય છે.)

**ટીકા :- तदेवंविध उत्कृष्टः पन्था नोपदर्शिततुलनादिकं विना रथ्यापुरुषैरन्यैः स्प्रष्टुमपि योग्य इति तदर्थितयैव स्थविरकल्पं प्रत्याचक्षाणाः परे चक्रवर्त्तिभोजनास्वादलोलुपतया स्वगृहोचितान्नभोजनमपि परित्यजतस्तदपि चालभतो बुभुक्षाबाधितस्य द्विजस्येव सोदरतामुपगन्तारः।**

**ટીકાર્થ :- 'तदेवंविधः'** - તે કારણથી=ઉપરમાં બતાવ્યું કે, જિનકલ્પિકપણું આવું છે અને પાછળ બતાવ્યું કે, એ રીતે જ પરિહારવિશુદ્ધ આદિ સામાચારીની સ્થિતિ સમજી લેવી, તે કારણથી, આવા પ્રકારનો ઉત્કૃષ્ટ માર્ગ, ઉપરમાં બતાવેલ પાંચ પ્રકારની તુલના કર્યા વગર સામાન્ય જીવો વડે સ્પર્શવા માટે પણ યોગ્ય નથી. એથી કરીને તેના અર્થીપણા વડે કરીને જ સ્થવિરકલ્પને ત્યાગ કરનારા પર=દિગંબરો, ચક્રવર્તીના ભોજનના આસ્વાદના

લોલુપપણાથી, સ્વગૃહને ઉચિત અન્નભોજનનો પણ પરિત્યાગ કરતા, અને તે પણ અર્થાત્ ચક્રવર્તીનું ભોજન પણ નહિ પામતા, બુભુક્ષાથી બાધિત થયેલા દ્વિજની જેમ, સોદરતાને પામનારા છે=ભૂખ્યા રહેનારા છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જિનકલ્પિકરૂપ ઉત્કૃષ્ટમાર્ગ પાંચ પ્રકારની તુલના કર્યા વગર સામાન્ય જીવો વડે પ્રાપ્ત કરવો અશક્ય છે. માટે તેના અર્થીપણા વડે કરીને જ સ્થવિરકલ્પનો ત્યાગ કરનારા દિગંબરો, ભાવમાર્ગરૂપ સ્થવિરકલ્પ અને જિનકલ્પ બંને માર્ગની અપ્રાપ્તિને કારણે ભાવથી ભૂખ્યા રહે છે. તેથી ચક્રવર્તીના ભોજનની અપ્રાપ્તિથી ભૂખ્યા રહેનારા બ્રાહ્મણના ભાઇ તુલ્ય કહેવાયા છે.

**ટીકા :- स्यादेतत्-एकरूपस्य मोक्षस्यैकरूपेणैव हेतुना भाव्यमन्यथा व्यभिचारात्, स च शुद्धोपयोग एव, शुभोपयोगस्यापि स्वर्गादिसुखहेतुत्वादिति चेत्? कः किमाह! निश्चयतः समतापरिणामरूप-स्यैकस्यैव मोक्षमार्गत्वात्, जिनकल्पादीनां तत्प्रतिबन्धकविचित्रकर्मक्षयहेतुत्वेनैवोपयोगात्। तदुक्तं- "सेयं( ? )**

❀ '**किम्**' નિષેધ અર્થમાં છે.

**ટીકાર્થ :- 'स्यादेतत्'**થી ગ્રંથકાર કહે છે કે, અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, એકરૂપ એવા મોક્ષનું એકરૂપ એવા હેતુ વડે થવું જોઇએ, અન્યથા વ્યભિચાર આવે છે અને તે શુદ્ધ ઉપયોગ જ છે. અર્થાત્ એકરૂપ એવા મોક્ષનો હેતુ શુદ્ધ ઉપયોગ જ છે; કેમ કે શુભ ઉપયોગનું પણ સ્વર્ગાદિ સુખનું હેતુપણું છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, કોણ ના પાડે છે? કેમ કે નિશ્ચયથી સમતાપરિણામરૂપ એકનું જ મોક્ષમાર્ગપણું છે. (અને તે સમતાપરિણામ શુદ્ધોપયોગરૂપ છે.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે જિનકલ્પાદિ આચરણનું પ્રયોજન શું? તેથી કહે છે-
જિનકલ્પાદિનું તત્પ્રતિબંધક=સમતાપ્રતિબંધક, વિચિત્ર કર્મક્ષયના હેતુપણાથી જ ઉપયોગ છે.
પૂર્વમાં કહ્યું કે સમતાપરિણામરૂપ એક જ મોક્ષમાર્ગ છે, તેના સાક્ષીપાઠરૂપે '**तदुक्तं**'થી કહે છે-
**"सैवेह योगिमाता निर्वाणफलप्रदा प्रोक्ता" [ षोडशक-२-१५ ]** આ પ્રકારના ષોડશકનો સાક્ષીપાઠ હોવાની સંભાવના લાગે છે. તેનો અર્થ આ પ્રમાણે છે- તે જ અર્થાત્ સમતા જ અહીં નિર્વાણફલને આપનાર યોગિઓની માતા કહેલ છે.

**ભાવાર્થ :- 'स्यादेतत्'**થી ગ્રંથકારે જે પૂર્વપક્ષીનું કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, આત્માના શુદ્ધસ્વરૂપરૂપ જ મોક્ષ છે, તેથી આત્માના શુદ્ધસ્વરૂપને અનુકૂળ એવો જે શુદ્ધોપયોગ છે, તે રૂપ હેતુથી જ મોક્ષરૂપ કાર્ય થવું જોઇએ. કેમ કે શુભ ઉપયોગ પણ સ્વર્ગાદિ સુખનો હેતુ છે, શુદ્ધ ઉપયોગ માટે જિનકલ્પાદિ સામાચારી જ આવશ્યક છે પરંતુ શુભ ઉપયોગરૂપ સરાગ ચારિત્ર નહીં; અને તેવું ન માનો, પરંતુ સ્થવિરકલ્પ-જિનકલ્પાદિરૂપ બંને સામાચારીથી મોક્ષ માનો, તો વ્યભિચાર પ્રાપ્ત થશે; કેમ કે જિનકલ્પ સ્વીકાર્યા વગર પણ કોઇકને મોક્ષપ્રાપ્તિ

થાય છે, તેમ સ્થવિરકલ્પ વગર પણ મોક્ષપ્રાપ્તિ થાય છે તેમ માનવું પડે, તેથી તે બંને હેતુ વ્યભિચારી છે, તેમ પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે, દંડ આદિનો સમુદાય જેમ ઘટ પ્રત્યે કારણ છે, તેમ રત્નત્રયીનો સમુદાય મોક્ષનું કારણ છે તો પણ એક વ્યક્તિને ઘટ બનાવવાનાં જે કારણો છે તે જ અન્ય વ્યક્તિ માટે પણ કારણ બની શકે. તે રીતે બધા જીવો માટે મોક્ષરૂપ કાર્ય એક છે, તેથી કોઈકને મોક્ષ જિનકલ્પિકમાર્ગથી થાય અને કોઈકને સ્થવિરકલ્પિકમાર્ગથી થાય તેવો વિભાગ હોઈ શકે નહિ. અને તે એકરૂપ મોક્ષનો હેતુ રત્નત્રયીના સમુદાયરૂપ શુદ્ધ ઉપયોગ જ છે, કેમ કે શુભ ઉપયોગ પણ સ્વર્ગાદિ સુખનો હેતુ છે, આ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો આશય છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે આ કથનનો કોણ નિષેધ કરે છે? અને તેમાં '**निश्चयतः**....' હેતુ કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, નિશ્ચયથી તો એકમાત્ર સમતાપરિણામ જ મોક્ષમાર્ગ છે; પણ એ સમતાપરિણામના પ્રતિબંધક કર્મો વિચિત્ર હોય છે, તેથી એવા વિચિત્ર કર્મોને દૂર કરવારૂપ કાર્ય પણ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળું થવાથી, તેના હેતુભૂત જિનકલ્પાદિ પણ ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા છે.

અહીં વિશેષ એ છે કે, સમતા અનેક ભૂમિકાવાળી ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને મોક્ષમાં પર્યવસાન પામનાર આત્માના પરિણામરૂપ છે, અને તેના પ્રતિબંધક ભિન્ન ભિન્ન ભૂમિકાની અપેક્ષાએ ચિત્ર કર્મ છે. તે વિચિત્ર કર્મક્ષયના હેતુભૂત જિનકલ્પાદિ બહિરંગ આચરણાઓ છે. પ્રાયઃ કરીને જીવો તથાવિધ બહિરંગ આચરણાથી તે ચિત્રકર્મનો ઉત્તરોત્તર ક્ષય કરીને વિશિષ્ટ વિશિષ્ટતર સમતાને પ્રાપ્ત કરે છે.

**ટીકા :- बहिरङ्गयतिलिङ्गाभावेन भरतादीनामपि लोचकरणादिकं विना केवलज्ञानानुत्पत्तिमभिदधतः प्रत्युत तवैवात्र दुराग्रहो। ''बहिरङ्गलिङ्गं न मोक्षाङ्गं किं तु तदभावाविनाभाविनी ममतैव समता प्रतिबन्धिकेत्यस्माकमाशयः'' इति चेत्? सोऽयं दुराशयो, ममतायास्तदभावाऽविनाभावे मानाभावात्, ममताहेतुरूपपरिग्रहत्वेनापि ममताहेतुत्वाभावात्, परप्रवृत्तित्वेनापि ममताहेतुत्वस्य प्रायिकत्वात्, भरतादीनां परप्रवृत्तेरप्यभावाच्च। एतेनात्मातिरिक्तज्ञानसामग्री आत्मज्ञानप्रतिबन्धिकेत्यपि निरस्तं, तथाप्रतिबन्धकत्वेऽपि प्राथमिकमनोव्यापाराहितबाह्यव्यापारवासनया बाह्यव्यापारानुपरमेप्यन्तरा नूतन-व्यापाराभावेनाध्यात्मप्रवृत्तेरप्रतिरोधादिति किमित्याम्रेडितविस्मरणशीलतायुष्मतः॥३२॥**

**ટીકાર્થ :- 'बहिरङ्ग'** વળી સિદ્ધાંતકાર પૂર્વપક્ષીને કહે છે કે, બહિરંગ યતિલિંગના અભાવને કારણે ભરતાદિને પણ લોચકરણાદિ વગર કેવલજ્ઞાનની અનુત્પત્તિ કહેતા એવા તને જ ઊલટો, અહીં દુરાગ્રહ છે. અર્થાત્ સમતારૂપ એક મોક્ષમાર્ગ ન માનતાં બહિરંગ આચરણારૂપ લિંગને પણ મોક્ષના કારણરૂપે માનવામાં દુરાગ્રહ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીને યદ્યપિ મોક્ષ એકરૂપ હોવાને કારણે તેનું કારણ શુદ્ધ ઉપયોગ જ અભિમત છે; આમ છતાં તે કહે છે કે, ભરતાદિને બહિરંગ યતિલિંગનું ગ્રહણ અને લોચાદિ કર્યા વગર કેવલજ્ઞાન થયેલ નહિ; કેમ કે બહિરંગ યતિલિંગના ગ્રહણ વગર સંયમનો પરિણામ પ્રાપ્ત થઈ શકે નહિ, તેથી ભરતાદિને પણ લોચાદિ કરીને જ કેવલજ્ઞાન થયેલ; કેમ કે સંયમને ઉપકારી એવા શરીર સિવાય અન્ય કોઈ પૌદ્‌ગલિક પદાર્થનો

સંગ જ્યાં સુધી હોય ત્યાં સુધી જીવને કેવલજ્ઞાન થઇ શકે નહીં, અને મસ્તકના વાળ સંયમને ઉપકારી નહિ હોવાથી, જ્યાં સુધી સંગ હોય ત્યાં સુધી કેવલજ્ઞાન થઇ શકે નહિ. તેથી તેના મંતવ્ય પ્રમાણે મોક્ષમાં શુદ્ધ ઉપયોગ કારણ છે તેમ બહિરંગ યતિલિંગ પણ કારણ છે. તેથી તે જ તેનો દુરાગ્રહ છે કે, મોક્ષ પ્રત્યે કેવલ શુદ્ધ ઉપયોગને કારણ નથી માનતો, પરંતુ શુદ્ધ ઉપયોગ અને બહિરંગ યતિલિંગ બંનેને કારણ માને છે. જ્યારે સિદ્ધાંતપક્ષમાં શુદ્ધ ઉપયોગરૂપ સમતાનો પરિણામ જ મોક્ષનો હેતુ છે, અને બહિરંગ આચરણા તત્ પ્રતિબંધક વિચિત્ર પ્રકારના કર્મના ક્ષયનો હેતુ છે. તેથી કવચિત્ બહિરંગ આચરણા વગર તે ચિત્ર કર્મનો ક્ષય થઇ શકે તો, સમતાના પરિણામની પ્રાપ્તિથી બહિરંગ લિંગના અભાવમાં પણ કેવલજ્ઞાન થઇ શકે.

**ટીકાર્થ :- 'बहिरङ्गलिङ्ग'** - તેની સામે પૂર્વપક્ષી કહે છે કે, અમને પણ બહિરંગલિંગ મોક્ષાંગરૂપે માન્ય નથી, પરંતુ બહિરંગલિંગના અભાવની સાથે અવિનાભાવી મમતા જ સમતાની પ્રતિબંધિકા છે; એ પ્રમાણેનો અમારો આશય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ભરતાદિએ જ્યાં સુધી લોચ કરેલ નહિ ત્યાં સુધી, મસ્તકના વાળ સાથે અવિનાભાવી એવી મમતા જ સમતાની પ્રતિબંધિકા છે; પરંતુ જ્યારે તેમણે લોચ કર્યો અને સર્વ બાહ્ય ત્યાગ કર્યો ત્યારે જ કેવલજ્ઞાન થયું. તેથી કેવલજ્ઞાનનું તો અમને પણ સમતારૂપ એક જ કારણ માન્ય છે. તેને સિદ્ધાંતકાર કહે છે આ જ તારો દુરાશય છે. અર્થાત્ બહિરંગ યતિલિંગના અભાવની સાથે મમતા અવિનાભાવી છે એમ તું કહે છે, આ જ તારો દુરાશય છે.

**ટીકાર્થ :- 'ममतायाः'** - કેમ કે મમતાનું તદ્ અભાવના અવિનાભાવમાં અર્થાત્ બહિરંગ યતિલિંગના અભાવની સાથે અવિનાભાવમાં, માનાભાવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, મમતાની, બહિરંગ યતિલિંગના અભાવની સાથે બહુલતાએ વ્યાપ્તિ હોવા છતાં અવિનાભાવ સ્વીકારવામાં કોઇ પ્રમાણ નથી. અર્થાત્ યતિલિંગ ન હોય તો નિયમા મમતા થાય જ, એવો નિયમ નથી.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, મમતાનો હેતુ પરિગ્રહ છે, અને યતિલિંગનો અભાવ હોય ત્યારે પરિગ્રહ હોય જ છે, માટે પરિગ્રહરૂપે સાધુવેશનો અભાવ મમતાનો હેતુ બનશે. તેને સામે રાખીને ગ્રંથકાર બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'ममताहेतुरूप'** - મમતાના હેતુરૂપ પરિગ્રહરૂપે પણ બાહ્યલિંગનો અભાવ મમતાનો હેતુ નથી. યદ્યપિ સામાન્ય રીતે સાધુવેશ ગ્રહણ ન કર્યો હોય તેને, પોતાની સંપત્તિ પ્રત્યે મમતા થાય છે તો પણ, ગૃહસ્થવેશમાં રહેલાને કવચિત્ ધ્યાનના પ્રકર્ષથી પોતાના પરિગ્રહમાં પણ મમતાનો અભાવ થઇ શકે છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, બાહ્ય યતિલિંગ ગ્રહણ ન કરેલ હોય અને ધ્યાનના બળથી મમતાનો ત્યાગ થઇ

શકે, પરંતુ જ્યારે સાક્ષાત્ ગૃહસ્થો પર પદાર્થમાં પ્રવૃત્તિ કરતા હોય ત્યારે, તે બહિરંગ યતિલિંગનો અભાવ પરપ્રવૃત્તિ દ્વારા મમતાનો હેતુ થશે. તેને ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :-'परप्रवृत्तित्वेनापि'** - પરપ્રવૃત્તિરૂપે પણ બહિરંગ યતિલિંગના અભાવમાં મમતાના હેતુપણાનું પ્રાયિકપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સામાન્ય રીતે બાહ્ય સાધુવેશ ગ્રહણ ન કરેલ હોય, અને સત્પ્રવૃત્તિ કરતો હોય ત્યારે, સમતાનો પરિણામ થાય તે બની શકે; પરંતુ જ્યારે સાધુપણું ગ્રહણ કરેલ નથી, અને સંસારની બાહ્ય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત છે ત્યારે, જીવને મમતા થાય જ છે, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે તેને ગ્રંથકાર કહે છે કે, આમ છતાં કોઈક જીવવિશેષને, સંસારની પ્રવૃત્તિ કરતાં કરતાં પણ કેવલજ્ઞાન થઈ શકે છે. તેથી પરપ્રવૃત્તિ એકાંતે મમતા સાથે જોડાયેલી છે તેવો નિયમ નથી. સામાન્ય રીતે પરપ્રવૃત્તિ ન કરતો હોય ત્યારે, ગૃહસ્થવેશમાં પણ ધ્યાનાદિ દ્વારા સમતાને પ્રાપ્ત કરી શકે, પરંતુ જ્યારે પરપદાર્થમાં પ્રવૃત્તિ કરતો હોય ત્યારે, સામાન્યથી મમતા થાય તો પણ, તેની સર્વથા વ્યાપ્તિ નથી. આથી જ નિશ્ચયનયથી સર્વ આશ્રવનાં કારણો પણ સંવરનાં કારણો બની શકે છે. આથી જ સંસારની કોઈપણ ક્રિયા કરતા કરતા અનંતા જીવો મોક્ષને પામ્યા છે. તેથી ગ્રંથકારે પ્રાયિક કહેલ છે. વળી ગ્રંથકાર પોતાની વાતની પુષ્ટિ કરવા માટે કહે છે-

**ટીકાર્થ :- 'भरतादीनां'** - અને ભરતાદિને પરપ્રવૃત્તિનો પણ અભાવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પરપ્રવૃત્તિરૂપે યતિલિંગનો અભાવ મમતાના હેતુરૂપે તમે માનશો, તો ભરતાદિને આરીસાભુવનમાં પરપ્રવૃત્તિનો અભાવ હતો, તેથી લોચાદિ કર્યા વગર તેઓને કેવલજ્ઞાન થયું નથી, એમ કહેવું એ તમારો દુરાશય જ છે.

**ટીકાર્થ :- 'एतेन'** - આનાથી=પૂર્વમાં કહ્યું કે, પરપ્રવૃત્તિથી પણ બહિરંગ યતિલિંગના અભાવનું મમતાહેતુપણું પ્રાયિક છે આનાથી, આત્મઅતિરિક્ત જ્ઞાનની સામગ્રી આત્મજ્ઞાનપ્રતિબંધિકા છે, એ પણ નિરસ્ત જાણવું. તેમાં હેતુ કહે છે-

**'तथाप्रतिबन्धकत्वे'** (આત્માથી અતિરિક્ત એવા પરપદાર્થોનાં જ્ઞાન કરવાની સામગ્રીરૂપ પરપદાર્થની પ્રવૃત્તિનું) તે પ્રકારે પ્રતિબંધકપણું હોવા છતાં પણ, પ્રાથમિક મનોવ્યાપારથી આહિત બાહ્યવ્યાપારની વાસના વડે બાહ્યવ્યાપારનો અનુપરમ હોવા છતાં પણ, તે પ્રવૃત્તિની વચમાં પરપદાર્થવિષયક નૂતન વ્યાપારનો અભાવ હોવાને કારણે, અધ્યાત્મની પ્રવૃત્તિનો અપ્રતિરોધ થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, આત્માથી અતિરિક્ત એવાં જે વસ્ત્રાદિ પદાર્થોનું જ્ઞાન કરવાની સામગ્રી તે પદાર્થમાં કરાતી પ્રવૃત્તિરૂપ છે, કેમ કે જ્યારે વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ હોય છે ત્યારે તે વસ્ત્રાદિપદાર્થનું જ્ઞાન પ્રવર્તતું હોય છે, તેથી તે વખતે આત્મજ્ઞાન થઈ શકતું નથી; કેમ કે આત્માનું જ્ઞાન કરવામાં આત્માના જ્ઞાનને કરાવનાર વચનાદિ

પુદ્‌ગલોમાં પ્રવૃત્તિ હોય તો તેનાથી આત્મજ્ઞાન સંભવે, પરંતુ જ્યારે વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ હોય છે ત્યારે વસ્ત્રાદિ આત્માથી અતિરિક્ત પદાર્થ છે, અને વસ્ત્રાદિનું જ્ઞાન કરાવનાર સામગ્રીરૂપ તે પ્રવૃત્તિ છે, તેથી તે વખતે આત્મજ્ઞાન સંભવી શકે નહિ; એ પ્રકારનો પૂર્વપક્ષનો આશય '**एतेन**'થી નિરસ્ત જાણવો. અને તેમાં જે હેતુ '**तथाप्रतिबन्धकत्वेऽपि... अप्रतिरोधात्**' કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, પર પદાર્થમાં જ્યારે પ્રવૃત્તિ વર્તે છે ત્યારે, વિષયાંતરસંચારરૂપે તે પ્રવૃત્તિ આત્મજ્ઞાનની પ્રતિબંધક બને છે, તો પણ પ્રાથમિક ક્રિયાવિષયક જે મનોવ્યાપાર છે તેનાથી આહિત એવા બાહ્ય વ્યાપારની વાસના જીવમાં વર્તતી હોય છે; તેના કારણે બાહ્ય વ્યાપાર ઉત્તરમાં અટકી જતો નથી, તો પણ, વચમાં નૂતન માનસિક વ્યાપાર નહિ હોવાને કારણે અધ્યાત્મની પ્રવૃત્તિનો અપ્રતિરોધ છે; અર્થાત્ અધ્યાત્મની પ્રવૃત્તિ થઇ શકે છે.

'**तथाप्रतिबन्धकत्वेऽपि**' - તે પ્રકારનું પ્રતિબંધકપણું હોવા છતાં પણ એમ કહ્યું, તેનો ભાવ એ છે કે આત્મતત્ત્વના દ્યોતક શબ્દો સીધા જે રીતે આત્મજ્ઞાનમાં પ્રવૃત્તિ કરાવે, તે રીતે પડિલેહણની ક્રિયા આત્મજ્ઞાનમાં પ્રવૃત્તિ કરાવતી નથી, પરંતુ 'પડિલેહણ કરું' એ પ્રકારના ઉપયોગથી પડિલેહણની ક્રિયાનો પ્રારંભ થાય છે, તો પણ, ઉત્તરમાં તેના દ્વારા જ અધ્યાત્મની પ્રવૃત્તિ હોવાને કારણે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, વસ્ત્રાદિમાં જ્યારે પડિલેહણાદિક્રિયા વર્તે છે, તે વખતે યદ્યપિ આત્માથી અતિરિક્ત એવા વસ્ત્રાદિના જ્ઞાનની સામગ્રીરૂપ તે પ્રવૃત્તિ હોવાના કારણે, તે વખતે આત્માના શુદ્ધ સ્વરૂપનો ઉપયોગ વર્તી શકતો નથી, તેથી વિષયાંતરસંચારરૂપે તે પ્રવૃત્તિ આત્મજ્ઞાનની પ્રતિબંધિકા છે; તો પણ, જે વ્યક્તિ સમ્યક્ પ્રકારની યતનાપૂર્વક તે ક્રિયામાં વર્તતો હોય, તે વ્યક્તિ તે ક્રિયા વિષયક પ્રાથમિક મનોવ્યાપારથી આહિત આત્મામાં થયેલ બાહ્ય વ્યાપારની વાસનાથી, તે આખી ક્રિયા સમાપ્ત ન થાય ત્યાં સુધી કાયાથી યત્નવાળો હોય છે, તો પણ, વચમાં માનસિક નૂતન વ્યાપાર તે ક્રિયા કરવાના વિષયમાં નહિ હોવાથી, તેનો અંતરંગ મનોયોગ તે ક્રિયાથી નિષ્પાદ્ય જે આત્માના ભાવો છે, તેમાં યત્નવાળો બને છે. તેથી તે ઉપયોગ આત્મજ્ઞાનસ્વરૂપ જ હોય છે.

આનાથી એ ફલિત થયું કે, પડિલેહણની ક્રિયામાં છકાયના પાલનનો પરિણામ હોય છે, અને તે છકાયના પાલનના પરિણામમાં કોઇ જીવને પીડા ન કરવી, પ્રાણનાશ ન કરવા, કષાયનો ઉદ્રેક ન કરાવવો એવા પ્રકારનો અધ્યવસાય હોય છે. તેથી તે જ પરિણામ આગળ વધતાં કષાયના ઉચ્છેદના યત્નરૂપે થાય છે, જે જીવના ભાવપ્રાણના રક્ષણરૂપે હોય છે. તેથી તે પડિલેહણની ક્રિયા આત્મજ્ઞાનની પ્રતિબંધક નથી, પરંતુ આત્મજ્ઞાનની પોષક જ છે.

'**एतेन**' થી '**आत्मातिरिक्त.....निरस्तं**' કહ્યું, ત્યાં આ રીતે નિરસ્ત જાણવું-

પૂર્વે પરપ્રવૃત્તિનું મમતાહેતુપણું પ્રાયિક છે એમ કહ્યું, એનાથી એ પ્રાપ્ત થયું કે, જે વ્યક્તિને પરપ્રવૃત્તિ મમતાનો હેતુ બનતી નથી, તે વ્યક્તિ વસ્ત્રાદિ વિષયક પરપ્રવૃત્તિકાળમાં આત્માના શુદ્ધ ભાવને આવિર્ભાવ કરવા માટે યત્નવાળી બને છે, તેથી તેના માટે તે પરપ્રવૃત્તિ મમતાનો હેતુ બનતી નથી; અને જે શુદ્ધ ભાવમાં યત્ન છે, તે આત્મજ્ઞાનસ્વરૂપ છે. તેથી પૂર્વપક્ષીનું કથન '**एतेन**'...થી નિરસ્ત જાણવું.

**ટીકાર્થ :-** '**इति किमिति**' - '**इति**'=એથી કરીને=બહિરંગલિંગ હોવા છતાં કેવલજ્ઞાન થઇ શકે છે એથી કરીને, કેમ તારી આમ્રેડિત વિસ્મરણશીલતા છે? અર્થાત્ વારંવાર કહેવા છતાં તું કેમ ભૂલી જાય છે?

ॐ '**बहिरङ्ग....अप्रतिरोधात्।**' સુધીના કથનનો પરામર્શક '**इति**' શબ્દ છે.

**ભાવાર્થ :-** અહીં આમ્રેડિત વિસ્મરણશીલતા એટલા માટે કહેલ છે કે, અગાઉ ગાથા નં-૨૨માં પરપ્રવૃત્તિ મોહજનિકા નથી એની સિદ્ધિ ઘણી રીતે કરેલ છે. તેથી વારંવાર કહેલ છતાં તેને ભૂલી જવું તે રૂપ આમ્રેડિત વિસ્મરણશીલતા પૂર્વપક્ષીની છે તે બતાવવું છે.॥૩૨॥

**અવતરણિકા :- तस्मात् जिनोपदिष्टमेव हितार्थिभिराचरणीयं न तु तदाचरितमेवेत्यनुशास्ति-**

**અવતરણિકાર્થ :-** તે કારણથી અર્થાત્ ગાથા ૩૧-૩૨માં જે બતાવ્યું તે કારણથી, હિતાર્થીઓ વડે જિનોપદિષ્ટ જ આચરણ કરવા યોગ્ય છે, પરંતુ તદાચરિત=જિનો વડે આચરિત નહિ; એ પ્રમાણે અનુશાસન કરે છે.

ગાથા :- **वेज्जुवदिट्ठं ओसहमिव जिणकहिअं हिअं तओ मग्गं ।**
**सेवंतो होइ सुही इहरा विवरीअफलभागी ॥३३॥**

(वैद्योपदिष्टमौषधमिव जिनकथितं हितं ततो मार्गम्। सेवमानो भवति सुखी इतरथा विपरीतफलभागी ॥३३॥)

**ગાથાર્થ :- તે કારણથી વૈદ્ય વડે ઉપદિષ્ટ=કહેવાયેલ, ઔષધની જેમ જિનકથિત એવા હિતમાર્ગને=હિતકારી માર્ગને, સેવતો સુખી થાય છે, ઈતરથા=નહિ સેવતો, વિપરિત ફલભાગી થાય છે.**

ટીકા :- **रोगिणः सम्यग्भिषग्वरोपदिष्टमौषधमिव भुवनवैद्यभगवदुपदिष्टो मोक्षमार्ग एव सम्यगाराध्यमानो मुमुक्षोरन्तरङ्गवेदनां विनाशयति, तदाचरणस्यैवान्वेषणं त्वशक्तस्याऽपथ्यरूपतया प्रत्युतानर्थनिबन्धनमिति भावः ॥३३॥**

**ટીકાર્થ :- 'रोगिणः'** શ્રેષ્ઠ વૈદ્ય વડે સમ્યગ્ ઉપદિષ્ટ ઔષધ રોગીની વેદનાનો વિનાશ કરે છે તેની જેમ, ભુવનવૈદ્ય ભગવાન વડે ઉપદિષ્ટ મોક્ષમાર્ગ જ, સમ્યગ્ આરાધના કરાતો, મુમુક્ષુની અંતરંગ વેદનાનો વિનાશ કરે છે. વળી તદાચરણનું જ=ભગવાન વડે આચરણનું જ, અન્વેષણ અશક્તને અપથ્યરૂપપણાથી ઊલટું અનર્થનું કારણ છે; એ પ્રમાણે ભાવ છે.

**ભાવાર્થ :-** શ્રેષ્ઠ વૈદ્ય હોય અને તેણે સમ્યગ્ રીતે બતાવેલ હોય તે ઔષધ, રોગીની વેદનાનો વિનાશ કરે છે; અને શ્રેષ્ઠ વૈદ્ય હોવા છતાં વૈદ્યશાસ્ત્રમાં ઉપયોગ ન હોય અર્થાત્ જાણકાર હોય છતાં ઉપયોગ ન હોય, તો રોગમાં અન્ય રોગનો ભ્રમ થાય, તેથી તે ઔષધના સેવનથી વેદનાનો વિનાશ ન થાય; પરંતુ જો સમ્યગ્ ઉપદિષ્ટ હોય અને એ પ્રમાણે ઔષધનું સેવન કરે તો અવશ્ય વેદનાનો વિનાશ કરે છે. અહીં ભુવનવૈદ્ય ભગવદ્ ઉપદિષ્ટમાં 'સમ્યગ્' એ પ્રકારનું વિશેષણ નથી આપ્યું તેનું કારણ ભગવાન સર્વજ્ઞ છે અને યથાર્થવાદી છે, તેથી તેમનો ઉપદેશ સમ્યગ્ જ હોય ॥૩૩॥

**અવતરણિકા :-** **अथ तथाप्यधिकृतमाहारोपकरणयोर्न साम्यं, यावताऽऽहारादावनिगूहितशक्तेः कदाचिदेव प्रवृत्तिरन्यत्र पुनरतथाभावात्, इत्यत्राभीक्ष्णं प्रवृत्तावपि शक्त्यनिगूहनादेव धर्मोपकरणस्य युक्तत्वमित्युत्तरं सुकरमित्याह-**

**અવતરણિકાર્થ :-** **'तथाऽपि'** - તો પણ આહાર અને ઉપકરણમાં અધિકૃત સામ્ય નથી, કેમ કે યાવત્ આહારાદિમાં અનિગૂહિત શક્તિ હોવાને કારણે કદાચિત્ જ પ્રવૃત્તિ કરે છે, વળી અન્યત્ર=વસ્ત્રાદિમાં, અતથાભાવ છે=સતત પ્રવૃત્તિ છે, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકામાં વક્ષ્યમાણ ઉત્તર સુકર છે એ પ્રમાણે અન્વય છે. અને તે વક્ષ્યમાણ ઉત્તર આ પ્રમાણે છે-

**'इत्यत्र'** - અહીંયાં=વસ્ત્રાદિમાં, અભીક્ષ્ણ=વારંવાર, પ્રવૃત્તિ હોવા છતાં પણ, શક્તિના અનિગૂહનથી જ=શક્તિને નહિ ગોપવવાથી જ, ધર્મોપકરણનું યુક્તપણું છે; એ પ્રમાણે ઉત્તર સુકર છે. એ પ્રકારે ગાથામાં કહે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષી કહે કે, તમે પૂર્વમાં ઉપધિને માટે આહારના દૃષ્ટાંતનું જે સામ્ય સ્થાપન કર્યું તે સ્વીકારી લઈએ તો પણ, આહાર અને ઉપકરણમાં અધિકૃત સામ્ય નથી=તમારા વડે પરિપૂર્ણ સામ્ય સ્વીકારાયું છે તેવું અધિકૃત સામ્ય નથી. અને તે જ વિષમતા બતાવતાં કહે છે કે, સાધુઓ યાવત્ આહારાદિમાં અર્થાત્ જેટલો આહારાદિ ગ્રહણ કરે છે તે સર્વમાં અનિગૂહિતશક્તિવાળા હોય છે અર્થાત્ સંયમની પુષ્ટિ થાય એટલા જ પ્રમાણમાં જ્યારે આવશ્યક હોય ત્યારે જ પ્રવૃત્તિ કરે છે, શેષકાળમાં આહારાદિમાં પ્રવૃત્તિ કરતા નથી, તેથી આહારાદિમાં તેઓની શક્તિ સંયમની વૃદ્ધિ કરવામાં ગોપવાયેલી નથી, અને આથી કરીને ક્યારેક જ આહારાદિમાં પ્રવૃત્તિ છે; જ્યારે વસ્ત્રાદિમાં શ્વેતાંબર સાધુઓ સદા પ્રવૃત્તિ કરે છે, તેથી નિગૂહિતશક્તિવાળા છે, તેથી આહાર અને ઉપકરણનું સર્વથા સામ્ય નથી.

(અહીં આહારાદિમાં આદિપદથી વિહારનું ગ્રહણ કરવાનું છે, કેમ કે દિગંબર માન્યતા પ્રમાણે સાધુને આહાર અને વિહાર સિવાય પર પદાર્થમાં પ્રવૃત્તિનો ચાર પ્રકારની આપવાદિક ઉપધિને છોડીને સર્વથા નિષેધ છે.)

એની સામે ગ્રંથકાર કહે છે કે, તારા આ કથનમાં આ પ્રમાણેનો જવાબ સુકર છે અને તે જ બતાવે છે-

વસ્ત્રાદિમાં વારંવાર પ્રવૃત્તિ હોવા છતાં પણ, શક્તિને નહિ ગોપવવાથી જ ધર્મોપકરણનું યુક્તપણું છે, અર્થાત્ સાધુને શક્તિને ગોપવ્યા વગર સંયમને ઉપકારી થાય એવા ધર્મોપકરણનું યુક્તપણું છે, અને તે ધર્મોપકરણ સદા સંયમને માટે આવશ્યક છે, તેથી ત્યાં વારંવાર પ્રવૃત્તિ થાય છે. એ પ્રકારે ઉત્તર સુકર છે, એ પ્રમાણે ગાથામાં કહે છે.

**ગાથા :-** **अणिगूहन्तो सत्तिं, भुंजन्तो वि जह णो चयइ मग्गं ।**
**अणिगूहन्तो सत्तिं, तह उवगरणं धरन्तो वि ॥३४॥**

( अनिगूहयन् शक्तिं भुञ्जानोऽपि यथा न त्यजति मार्गम् । अनिगूहयन् शक्तिं तथोपकरणं धरन्नपि ॥३४॥ )

**ગાથાર્થ :-** શક્તિને ન ગોપવનાર સાધુ ભોજન કરતો હોવા છતાં જેમ માર્ગને છોડતો નથી, તેમ શક્તિને ન ગોપવતો સાધુ ઉપકરણ ધારણ કરવા છતાં પણ (માર્ગને છોડતો નથી.).

**ટીકા :- सकलात्मशक्तिप्रकटीकरणेन तपः कुर्वाणो हि तां परिनिष्ठितामवगम्य तदुपष्टम्भक-विहिताहारप्रवृत्तिमान्न विराधकः, शक्तिनिगूहनप्रयुक्तभोजनानुरागाभावात्।**
**तदुक्तं प्रवचनसारे [ ३-२८ ]**

[१] केवलदेहो समणो देहेवि ममत्तरहिदपरिकम्मो ।
आउत्तो तं तवसा अणिगूहिय अप्पणो सत्तिं ।। त्ति

**एवं सकलात्मशक्तिप्रकटीकरणेन सर्वाभिष्वङ्गं परित्यजन्नपि तादृशधृतिबलाद्यभावेन तां परिनिष्ठितामवगम्य तदुपष्टम्भकधर्मोपकरणप्रवृत्तिमानपि न विराधकस्तत एव,**
**यदागमः**

[२] अणिगूहन्तो विरियं ण विराहेइ चरणं तवसुएसु ।
जइ संजमे वि विरियं न णिगूहिज्जा ण हाविज्जा **[ आ.नि. ११८१ ]**

**एकैकाचाराऽप्रतिरोधेनैवाचारान्तरसमाचरणं बलवदनिष्टाननुबन्धीष्टसाधनमिति तात्पर्यम्। तत्रापि मूलगुणाचारानुरोधेनैवोत्तरगुणाचरणं श्रेय इति विशेषः।**

**ટીકાર્થ :- 'सकल'** સકલઆત્મશક્તિના પ્રકટીકરણથી તપને કરતો, તેની=શક્તિની, પરિનિષ્ઠતાને=સમાપ્તિને, જાણીને તેમાં ઉપષ્ટંભક વિહિત આહારમાં પ્રવૃત્તિ કરતો, વિરાધક નથી; કેમ કે શક્તિનિગૂહનપ્રયુક્ત=શક્તિ ગોપવવામાં પ્રયુક્ત, ભોજનના અનુરાગનો અભાવ છે.

**ભાવાર્થ :-** જે વ્યક્તિ તપમાં પરિપૂર્ણ શક્તિ ફોરવ્યા પછી ભોજનમાં પ્રવૃત્તિ કરે છે, તે વ્યક્તિને શક્તિનિગૂહનપ્રયુક્ત ભોજનનો અનુરાગ નથી; પરંતુ મોક્ષના સાધનભૂત જે તપ છે, તેના ઉપષ્ટંભક તરીકે આ ભોજન છે, તે રૂપે તે ભોજન પ્રત્યે ઇચ્છા છે. તેથી તે રૂપે ત્યાં પ્રશસ્ત અનુરાગ છે માટે વિરાધક નથી.

**ટીકાર્થ :- 'तदुक्तं'**...તે જ પ્રવચનસારમાં કહ્યું છે-

કેવલ દેહવાળો અને દેહમાં પણ મમત્વરહિત પરિકર્મવાળો શ્રમણ, આત્માની શક્તિને ગોપવ્યા વગર તપની સાથે તેને=દેહને, યોજે છે.

**'इति'** - સાક્ષીપાઠના કથનની સમાપ્તિસૂચક છે.

---

१. केवलदेहः श्रमणो देहेऽपि ममत्वरहितपरिकर्मा ।.आयुक्तवांस्तं तपसा अनिगूह्यात्मनः शक्तिम् ॥
२. अनिगूहयन् वीर्यं न विराधयति चरणं तपःश्रुतयोः । यदि संयमेऽपि वीर्यं न निगूहयेत् न हापयेत् ॥

**'एवं'**....એ પ્રમાણે=તપમાં કહ્યું એ પ્રમાણે, સકલઆત્મશક્તિના પ્રકટીકરણથી સર્વ અભિષ્વંગને ત્યાગ કરતો પણ, તેવા પ્રકારના ધૃતિ-બલાદિના અભાવને કારણે, તેની=શક્તિની, પરિનિષ્ઠાને=સમાપ્તિને, જાણીને, તેના ઉપષ્ટંભક ધર્મોપકરણમાં પ્રવૃત્તિ કરતો પણ, તેથી કરીને જ વિરાધક નથી; અર્થાત્ શક્તિઅનિગૂહનપ્રયુક્ત વસ્તુના અનુરાગનો અભાવ હોવાથી જ, વિરાધક નથી.

❀**"तादृशधृतिबलादि"** અહીં **'आदि'** પદથી તાદૃશ હ્રી-કુત્સા નિવર્તક શક્તિનો અભાવ ગ્રહણ કરવાનો છે.

**ઉત્થાન :-** તાદૃશ ધૃતિબલાદિના અભાવને કારણે શક્તિનો અભાવ હોય તો તદુપષ્ટંભક એવા ધર્મોપકરણાદિની પ્રવૃત્તિ કરતો પણ વિરાધક નથી એમ પૂર્વમાં કહ્યું, તેમાં સાક્ષી આપતાં કહે છે-

**ટીકાર્થ :- 'यदागमः'** - જે કારણથી આગમ છે-

**'अणिगूहन्तो'** - જો બાહ્ય આચરણારૂપ સંયમમાં પણ વીર્ય ન ગોપવે, અને શક્તિ કરતાં અધિક બાહ્ય આચરણામાં યત્ન કરીને સંયમનું વીર્ય નાશ ન કરે, તો તપ-શ્રુતમાં વીર્યને નહિ ગોપવતો ચારિત્રની વિરાધના કરતો નથી.

**ઉત્થાન :-** "તપ અને શ્રુતમાં વીર્યને ન ગોપવતો સાધુ જો સંયમમાં પણ એટલે કે સંયમની બાહ્ય આચરણામાં પણ વીર્યને ગોપવે નહિ, અને સંયમની બાહ્ય આચરણા તે રીતે અતિશયવાળી ન કરે કે જેથી ધર્મસાધનાને અનુકૂળ વીર્ય નાશ ન પામે, તો તે ચારિત્રની વિરાધના કરતો નથી" આ પ્રકારના આવશ્યકનિર્યુક્તિના તાત્પર્યને બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'एकैकाचार'** - એકેક આચારના અપ્રતિરોધવડે કરીને જ અન્ય આચારનું આચરણ બળવાનઅનિષ્ટ-અનનુબંધિ ઈષ્ટનું સાધન છે=સાનુબંધ શુદ્ધ છે, એ પ્રકારે તાત્પર્ય છે. ત્યાં પણ=એક એક આચારના અપ્રતિરોધથી આચારાંતરનું આચરણ કરવું એમ કહ્યું ત્યાં પણ, મૂળગુણ આચારના અનુરોધવડે કરીને જ ઉત્તરગુણનું આચરણ શ્રેયઃ= કલ્યાણકારી, છે, એ પ્રકારે વિશેષ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે આરાધક સાધુએ શક્તિને ગોપવ્યા વગર તપ અને શ્રુતમાં યત્ન કરવો જોઇએ, અને તે તપ અને શ્રુતનો યત્ન પણ સંયમની બાહ્ય આચરણાનો વ્યાઘાત ન થાય તે પ્રકારે કરવો જોઇએ, અને તપ-સંયમની બાહ્ય આચરણા પણ વિશેષ પ્રકારની સંયમની શક્તિનો નાશ ન થાય તે રીતે કરવી જોઇએ; આ પ્રકારનો ફલિતાર્થ આવશ્યકનિર્યુક્તિના કથનથી નીકળે છે. તેથી તપ-શ્રુત અને સંયમની આચરણા પરસ્પર વ્યાઘાતક ન બને તેમ આચરવાથી જ તે આચરણાઓ સાનુબંધ શુદ્ધ બને છે. અને મૂળગુણ અને ઉત્તરગુણની આચરણાઓ તે રીતે કરવી જોઇએ કે જેથી ઉત્તરગુણમાં યત્ન કરતાં મૂળગુણની આરાધનાનો વ્યાઘાત ન થાય અને મૂળગુણ અને ઉત્તરગુણમાંથી કોઇ એકને ગૌણ કરવાનો પ્રશ્ન આવે તો ઉત્તરગુણને ગૌણ કરીને મૂળગુણનું રક્ષણ કરવું જોઇએ, તે શ્રેયઃરૂપ છે અર્થાત્ કલ્યાણને કરનારું બને છે.

**ટીકા :-** **"सर्वदा प्रवृत्तौ न शक्त्यनिगूहनमि"ति चेत्? न, सर्वदा तादृशशक्त्यभावादेव तन्निगूहनाभाव इति निष्कर्षात् ॥३४॥**

**ટીકાર્થ :-** **'सर्वदा'** સર્વદા પ્રવૃત્તિ હોતે છતે શક્તિનું અનિગૂહન નથી, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું; કેમ કે સર્વદા તાદશ શક્તિના અભાવથી જ તન્નિગૂહનનો=શક્તિના નિગૂહનનો, અભાવ છે. એ પ્રમાણે નિષ્કર્ષ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષી કહે છે કે, શ્વેતાંબર સાધુ હંમેશાં વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ કરતા હોવાને કારણે શક્તિનું અનિગૂહન નથી, અર્થાત્ સંયમમાં શક્તિને ગોપવીને જ હંમેશાં વસ્ત્રાદિમાં પ્રવૃત્તિ સંભવી શકે; તો ગ્રંથકાર કહે છે કે, તે વાત બરાબર નથી; કેમ કે હંમેશાં તેવા પ્રકારની શક્તિનો અભાવ હોવાને કારણે જ વસ્ત્રાદિ ગ્રહણ કરે છે, માટે હંમેશાં વસ્ત્રગ્રહણ કરવા છતાં સંયમમાં શક્તિના નિગૂહનનો અભાવ છે. **॥૩૪॥**

**અવતરણિકા :-** **कारणिकत्वमपि द्वयोस्तुल्यमेवेत्युपदिशति-**

**અવતરણિકાર્થ :-** કારણિકપણું પણ બંનેનું અર્થાત્ વસ્ત્ર અને આહારનું, તુલ્ય જ છે, એમ દર્શાવતાં કહે છે-

❀ **'कारणिकत्वमपि'** અહીં **'अपि'**થી એ સમુચ્ચય કરવાનો છે કે, આહાર અને ઉપકરણમાં બીજું તુલ્યપણું છે તે બતાવ્યું, અહીં કારણિકપણું પણ તુલ્ય છે, તે બતાવે છે.

**ગાથા :-**

**कारणिगं जह वत्थं तह आहारो वि दंसिओ समए ।**
**एगं चिच्चा अवरं गिण्हंताणं णु को भावो ॥३५॥**

( कारिणकं यथा वस्त्रं तथाऽऽहारोऽपि दर्शितः समये । एकं त्यक्त्वाऽपरं गृह्णतां नु को भावः ॥३५॥ )

**ગાથાર્થ :- જે પ્રમાણે વસ્ત્ર કારણિક છે, તે પ્રમાણે આહાર પણ શાસ્ત્રમાં કારણિક કહેલ છે. એકનો ત્યાગ કરીને =વસ્ત્રનો ત્યાગ કરીને, અપરને ગ્રહણ કરતા=આહારને ગ્રહણ કરતા, ખરેખર (તમારો) કયો ભાવ છે?**

**ટીકા :-** **सिद्धान्ते हि त्रिभिः कारणैर्वस्त्रधारणमनुज्ञातं, तथा च स्थानाङ्गसूत्रं-**"[१] तिहिं ठाणेहिं वत्थं धरेज्जा, तं जहा-हिरिवत्तिअं दुगंछावत्तिअं परीसहवत्तिअं" त्ति **[ सूत्र १७१ ] "ह्रीः=लज्जा संयमो वा प्रत्ययो=निमित्तं यस्य धारणस्य तत्तथा, जुगुप्सा=लोकविहिता निन्दा सा प्रत्ययो यस्य तत्तथा एवं परीषहाः शीतोष्णदंशमशकादयः प्रत्ययो यत्र तत्तथेति ।"**

---

१. त्रिभिः स्थानैः वस्त्रं धारयेत् तद्यथा-ह्रीप्रत्ययिकं, जुगुप्साप्रत्ययिकं, परीषहप्रत्ययिकम् ।

**ટીકાર્થ :-** **'सिद्धान्ते'** સિદ્ધાન્તમાં ત્રણ કારણ વડે વસ્ત્રગ્રહણ અનુજ્ઞાત છે અને તે પ્રમાણે સ્થાનાંગસૂત્ર છે- "ત્રણ સ્થાન વડે વસ્ત્ર ધારણ કરવું જોઇએ, તે આ પ્રમાણે- (૧) હ્રી નિમિત્તે (૨) જુગુપ્સા નિમિત્તે (૩) પરીષહ નિમિત્તે" **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

હ્રી અર્થાત્ લજ્જા અથવા સંયમ, અને તે લજ્જા અથવા સંયમ નિમિત્ત છે જે વસ્ત્રધારણને, તે હ્રીનિમિત્તે વસ્ત્રધારણ કહેવાય છે.

જુગુપ્સા એટલે લોકવિહિત નિંદા, અને તે છે નિમિત્ત જે વસ્ત્રધારણને, તે જુગુપ્સાનિમિત્તે વસ્ત્રધારણ કહેવાય છે.

એ પ્રમાણે પરીષહો શીત, ઉષ્ણ અને મશકાદિ નિમિત્ત છે જે વસ્ત્રધારણમાં, તે પરીષહનિમિત્તે વસ્ત્રધારણ કહેવાય છે.

**ટીકા :- तत्र परे प्रत्यवतिष्ठन्ते-ननु कारणिकमिदमसमसाहसवतामस्माकमनुचितमिति, त एवं प्रतिबोध्याः- यदि कारणिकत्वाद्धर्मोपकरणधारणमयुक्तमायुष्मतां तर्हि कारणिकमाहारग्रहणमप्ययुक्तमापद्येत, तस्यापि कारणिकत्वेनोपदेशात्। तदुक्तं स्थानाङ्गे-** "[१] छहिं ठाणेहिं समणे णिग्गंथे आहारमाहारेमाणे णाइक्कमइ। तं जहा- वेअणवेयावच्चे इरियट्ठाए अ संजमट्ठाए तह पाणवत्तिआए छट्ठं पुण धम्मचिन्ताए"त्ति [ सूत्र-५०० ] **छहिन्ति कण्ठ्यं। आहारमशनादिकमाहारयन्=अभ्यवहरन्नातिक्रामत्याज्ञां पुष्टालम्बनत्वात्, अन्यथा त्वतिक्रामत्येव, रागादिभावात्, तद्यथा वेअणगाहा-( १ ) क्षुद्वेदना ( २ ) वैयावृत्यम्=आचार्यादि- कृत्यकरणम् वेदनवैयावृत्यं, भुञ्जीत वेदनोपशमनार्थं वैयावृत्त्यकरणार्थं चेति भावः।( ३ ) ईर्या=गमनं तस्या विशुद्धिः=युगमात्रनिहितदृष्टित्वं ईर्याविशुद्धिस्तस्यै ईर्याविशुद्ध्यर्थं, इह च विशुद्धिशब्दलोपा- दीर्यार्थमित्युक्तं, बुभुक्षितो हीर्याशुद्धावशक्तः स्यादिति तदर्थमिति चः समुच्चये ( ४ ) संयमः प्रेक्षोत्प्रेक्षाप्रमार्जनादिलक्षणस्तदर्थं, तथेति कारणान्तरसमुच्चये, ( ५ ) प्राणा उच्छ्वासादयो बलं वा, तेषां तस्य वा वृत्तिः=पालनं तदर्थं प्राणधारणार्थमित्यर्थः, ( ६ ) षष्ठं पुनः कारणं धर्मचिन्तायै गुणनानुप्रेक्षार्थमित्यर्थ इति"।**

**ટીકાર્થ :-** **'तत्र'** ત્યાં=આ ત્રણ કારણ વડે વસ્ત્રધારણ કરવામાં, પર=દિગંબર **'ननु'**થી સામો પ્રશ્ન કરે છે - કારણિક આ=વસ્ત્રધારણ, અસમસાહસવાળા અમને અનુચિત છે. **'इति'** શંકાની સમાપ્તિસૂચક છે.

**'ते'**- તેઓ આ પ્રમાણે પ્રતિબોધ કરવા યોગ્ય છે - જો કારણિકપણાથી ધર્મોપકરણ ધારણ કરવું આયુષ્યમાન એવા તમને અયુક્ત છે તો કારણિક આહારગ્રહણ પણ (તમને) અયુક્ત પ્રાપ્ત થાય, કેમ કે તેનો પણ=આહારગ્રહણનો પણ, કારણિકપણાથી ઉપદેશ છે.

**'तदुक्तं स्थानाङ्गे'** - તે સ્થાનાંગમાં કહ્યું છે-

---

१. षड्भिः स्थानैः श्रमणो निर्ग्रन्थ आहारमाहारयन्नातिक्रमति, तद्यथा -
वेदनवैयावृत्ये ईर्यार्थं च संयमार्थम् । तथा प्राणवृत्त्यर्थं षष्ठं पुनः धर्मचिन्तायै ॥

છ સ્થાનો વડે શ્રમણ નિર્ગ્રંથ આહારને વાપરતાં આજ્ઞાને ઓલંઘતા નથી. તે આ પ્રમાણે - (૧)(૨)વેદના અને વૈયાવચ્ચ માટે (૩) ઈર્યાવિશુદ્ધિ માટે (૪) સંયમ માટે (૫) પ્રાણોના પાલન માટે (૬) છઠ્ઠું વળી ધર્મચિંતા માટે. '**त्ति**' ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

'**छहिन्ति**' - સ્થાનાંગસૂત્રમાં '**छहिं**' થી માંડીને '**णिग्गंथे**' સુધીનો ભાવ સુગમ છે, એ બતાવવા માટે '**छहिं इति कण्ठ्यं**' એ પ્રમાણે કહેલ છે.

ત્યારપછીના કથનનો અર્થ કહે છે-

'**आहारं**' આહારને=અશન આદિ આહારને કરતો આજ્ઞાનું અતિક્રમણ કરતો નથી, કેમ કે પુષ્ટાલંબન છે. વળી અન્યથા=પુષ્ટાલંબન ન હોય તો, અતિક્રમણ કરે જ છે, કેમ કે રાગાદિભાવ છે.

ત્યારપછી સૂત્રમાં '**तं जहा**'થી કહ્યું તેને બતાવતાં કહે છે-

'**तद्यथा वेअणगाहा**' - (૧) ક્ષુદ્વેદના (૨) વૈયાવચ્ચ=આચાર્યાદિનું વૈયાવચ્ચ કરવું તે, વેદન અને વૈયાવચ્ચ છે. વેદનાને ઉપશમાવવા માટે અને વૈયાવચ્ચ કરવા માટે મુનિ આહારને કરતો આજ્ઞાને ઉલ્લંઘતો નથી. આ પ્રમાણે ભાવ છે. (૩) ઈર્યા=ગમન, તેની વિશુદ્ધિ=યુગમાત્રનિહિતદૃષ્ટિપણું તે ઈર્યાવિશુદ્ધિ, અને તેના માટે=ઈર્યાવિશુદ્ધિ માટે, (મુનિ આહારને કરે છે). અહીં=સ્થાનાંગસૂત્રના મૂળ પાઠમાં, વિશુદ્ધિ શબ્દનો લોપ થયો હોવાથી '**इर्यार्थं**' =ઈર્યા માટે એ પ્રમાણે કહેલ છે. તેમાં હેતુ કહે છે- ભૂખ્યો થયેલો ઈર્યાશુદ્ધિમાં અશક્ત થાય એથી કરીને તેના માટે =ઈર્યાશુદ્ધિ માટે, આહારને કરતો આજ્ઞાને ઉલ્લંઘતો નથી.

❀ '**तदर्थम्**' પછી '**इति**' શબ્દ હેતુ અર્થક છે.

❀ મૂળમાં '**इरियट्ठाए**' પછી '**अ**' છે તે ચકાર =સમુચ્ચય અર્થમાં છે.

(૪) સંયમ=પ્રેક્ષા, ઉત્પ્રેક્ષા, પ્રમાર્જનાદિલક્ષણસંયમ તેના માટે (આહાર ગ્રહણ કરતો આજ્ઞાને ઉલ્લંઘતો નથી.) (૫) પ્રાણો=ઉચ્છ્વાસાદિ અથવા બલ, તેઓની અથવા તેની, વૃત્તિ =પાલન, તેના માટે=પ્રાણ ધારણ માટે (આહારને કરતો આજ્ઞાને ઉલ્લંઘતો નથી). એ પ્રમાણે અર્થ જાણવો. (૬) વળી છઠ્ઠું કારણ ધર્મચિંતા માટે=ગુણન અનુપ્રેક્ષા માટે, આહારને કરતો આજ્ઞાને ઉલ્લંઘન કરતો નથી.

'**इति**' શબ્દ ઉદ્ધરણની ટીકાના કથનની સમાપ્તિસૂચક છે.

**ભાવાર્થ :-** અહીં '**गुणन**' શબ્દથી એ ગ્રહણ કરવાનું છે કે, સૌ પ્રથમ વાચના દ્વારા અર્થ ગ્રહણ કરવામાં આવે છે, ત્યારપછી સ્વયં તે અર્થની વિચારણા કરે ત્યારે જે શંકાઓ થાય છે, તે પૃચ્છા દ્વારા સમાધાન મેળવીને, નિર્ણીત થયેલા પદાર્થને પરાવર્તન કરવામાં આવે ત્યાં સુધીનો પદાર્થ ગુણનથી ગ્રહણ કરવાનો છે; અને ત્યારપછી પોતાના પ્રવૃત્તિકાળમાં તે પદાર્થની અનુપ્રેક્ષા કરે છે, તેથી તેનાથી નિષ્પાદ્યભાવો જીવમાં નિષ્પન્ન થાય અને થયેલા ભાવો વૃદ્ધિ પામે તે અનુપ્રેક્ષા છે.

**ટીકા :-** **ननु यदि लज्जाकुत्सानिरोधायोपकरणं ग्राह्यं तर्हि यथोक्तोपधिग्रहेऽपि तदनिवृत्तेर्विशिष्टनेपथ्यादिकमेव परिग्राह्यं स्यादिति चेत्? न, स्वशक्त्या लज्जाकुत्सानिग्रहेऽपि विशिष्टशक्त्यभावात् यादृशलज्जाकुत्से न निवर्तेते तादृशतन्निवृत्तेरुक्तधर्मोपकरणसाध्यत्वाद् अथवा ह्रीः संयमस्तदर्थमेव विशेषतस्तदुपयोगः।** तदाह-

'[१] विहियं सुए च्चिय जओ धरेज्ज तिहिं कारणेहिं वत्थंति ।
तेणं चिय तदवस्सं णिरतिसएणं धरेयव्वं ।। (वि.आ.भा. २६०२)
[२] जिणकप्पाजोगाणं ह्रीकुच्छपरीसहा जओवस्सं ।
ह्रीलज्जंति व सो संजमो तदट्ठं विसेसेणं ।।' ति (वि.आ.भा. २६०३)

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, જો લજ્જા-કુત્સાના નિરોધ માટે ઉપકરણ ગ્રાહ્ય છે, તો યથોક્ત ઉપધિગ્રહણમાં પણ તેની=લજ્જા-કુત્સાની, અનિવૃત્તિથી વિશિષ્ટ નેપથ્યાદિક=વસ્ત્રાદિક, જ પરિગ્રાહ્ય થાય.

તેને ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે સ્વશક્તિ વડે લજ્જા-કુત્સાના નિગ્રહમાં પણ વિશિષ્ટશક્તિના અભાવથી યાદશ લજ્જા-કુત્સા નિવર્તન ન પામે, તાદશ તેની નિવૃત્તિનું=લજ્જા-કુત્સાની નિવૃત્તિનું, ઉક્ત ધર્મોપકરણથી સાધ્યપણું છે.

અથવા હ્રી એટલે સંયમ, તેના માટે જ વિશેષથી તેનો=વસ્ત્રનો, ઉપયોગ થાય છે.

**ભાવાર્થ :-** '**विशिष्टशक्त्यभावात्**' - મુનિએ પોતાની શક્તિ પ્રમાણે લજ્જા-કુત્સાનો નિરોધ કર્યો હોવા છતાં, વિશિષ્ટ શક્તિના અભાવને કારણે જે લજ્જા-કુત્સા નિવર્તન પામતી નથી એમ કહ્યું, તેનુ તાત્પર્ય એ છે કે, જીર્ણશીર્ણ વસ્ત્ર પહેરવાને કારણે ગૃહસ્થને જે લજ્જા આવે તેવી લજ્જા, પોતાના લજ્જા અને કુત્સારહિત આત્માના સ્વરૂપના ભાવનથી નિવર્તન પામી જાય છે, પરંતુ વસ્ત્રરહિત અવસ્થામાં નગ્ન ન દેખાય તેવી વિશિષ્ટ શક્તિ નહિ હોવાના કારણે, લોકમાં નિંદા થાય તેવી પ્રવૃત્તિ પ્રત્યે જે પ્રશસ્ત લજ્જા છે, તે લજ્જા મુનિમાં હોય છે, અને લોકવિહિત નિંદારૂપ કુત્સાનો ભાવ પણ નિવર્તન પામેલ નથી, કેમ કે પોતાનામાં વિશિષ્ટ લબ્ધિનો અભાવ છે, તેનું નિવર્તન ઉપકરણથી સાધ્ય છે.

અથવા હ્રી નો અર્થ સંયમ કર્યો, અને તે સંયમ પ્રસ્તુતમાં વસ્ત્રથી પ્રાપ્ત એવી જીવરક્ષારૂપ છે, અને શીતાદિ પરીષહમાં વસ્ત્રગ્રહણ ન કરે તો સ્વાધ્યાયાદિનો વ્યાઘાત થાય, તેથી તેના માટે વિશેષથી વસ્ત્રનો ઉપયોગ છે. '**तदाह**'થી તેમાં વિશેષાવશ્યકભાષ્યની સાક્ષી આપતાં કહે છે-

**ટીકાર્થ :-** '**विहियं**' - જે કારણથી શ્રુતમાં=શાસ્ત્રમાં, ત્રણ કારણ વડે વસ્ત્ર ધારણ કરવું જોઇએ એ પ્રમાણે વિહિત છે, તે કારણથી જ અતિશય વગરનાએ તે=વસ્ત્ર, અવશ્ય ધારણ કરવું જોઇએ.

---

१. विहितं श्रुत एव यतो धरेत्त्रिभिः कारणैर्वस्त्रमिति । तेनैव तदवश्यं निरतिशयेन धर्त्तव्यम् ।।
२. जिनकल्पायोग्यानां ह्रीकुत्सापरीषहा यतोऽवश्यम् । ह्रीर्लज्जेति वा स संयमस्तदर्थं विशेषेण ।।

'**जिणकप्प**' - જે કારણથી જિનકલ્પ અયોગ્યને નિરતિશયપણું હોવાને કારણે હ્રી-કુત્સા-પરીષહ અવશ્ય છે,(તેથી કરીને અવશ્ય વસ્ત્ર ધારણ કરવું જોઇએ,) અથવા (કુત્સા અને પરીષહ માટે વસ્ત્રધારણ ન કરાય તો પણ) હ્રી =લજ્જા, અને તે સંયમ છે, તેના માટે વિશેષથી ધારણ કરવું જોઇએ.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સંયમી એવા મુનિને અનુચિત પ્રવૃત્તિ કરવાની લજ્જા છે તે હ્રી કહેવાય, અને તે સંયમરૂપ છે; કેમ કે તેવી લજ્જાને કારણે સંયમને ન શોભે તેવી પ્રવૃત્તિ મુનિ કરતો નથી, અને તે સંયમના રક્ષણ માટે વિશેષથી વસ્ત્રધારણ કરવું જોઇએ, નહીંતર અતિશય ઠંડીમાં સંયમીને ન શોભે તેવો અગ્નિ બાળવાની પ્રવૃત્તિરૂપ મોટા અસંયમની પ્રાપ્તિ થાય.

**ટીકા :- यथा चास्य संयमोपकारित्वं तथा प्रागेव प्रपञ्चितम्। तथा च यदि कारणिकत्वाद्वस्त्रं त्याज्यं तर्ह्याहारोऽपि तव त्यक्तव्यः स्यात्, यदि पुनर्येनकेनचित् कारणेनाहारो ग्राह्यस्तर्हि तेन वस्त्रादिकमपि ग्राह्यमिति दुरुत्तरा प्रतिबन्दितरङ्गिणी ॥३५॥**

**ટીકાર્થ :-** અને જે પ્રમાણે આનું=વસ્ત્રનું, સંયમને ઉપકારીપણું છે, તે પ્રમાણે પહેલાં અર્થાત્ પૂર્વમાં વર્ણન કર્યું, અને તે પ્રમાણે જો કારણિક હોવાથી વસ્ત્ર ત્યાજ્ય છે, તો આહાર પણ તને ત્યાગ કરવા યોગ્ય થાય; વળી જો જે કોઇ કારણથી આહાર ગ્રાહ્ય છે, તો તે કારણથી વસ્ત્રાદિક પણ ગ્રાહ્ય થાય. એ પ્રમાણે [1] પ્રતિબન્દિતરંગિણી દુરુત્તરા છે.**॥૩૫॥**

**અવતરણિકા :- अथात्र दोषान्तरोद्भावनमपि परस्य तुल्यमित्याह-**

**અવતરણિકાર્થ :-** હવે અહીંયાં=લજ્જા-કુત્સાઅર્થક મુનિ વસ્ત્રગ્રહણ કરે છે એ પ્રકારનું સિદ્ધાંતીનું કથન છે એમાં, પૂર્વમાં પૂર્વપક્ષી તરફથી દોષ આપવામાં આવ્યો કે, લજ્જા-કુત્સા માટે મુનિ વસ્ત્ર ગ્રહણ કરે છે તો વિશિષ્ટ નેપથ્યાદિ ગ્રહણ કરવાં જોઇએ, તે રૂપ દોષથી, દોષાંતરનું ઉદ્ભાવન પણ પરને તુલ્ય છે. એ પ્રમાણે કહે છે-

**ગાથા :-** **अविजियहिरिकुच्छाणं जइ णूणं संजमे ण अहिगारो ।**
**ता कह अजिअदिगिच्छातण्हाणं तत्थ अहिगारो? ॥३६॥**

( अविजितह्रीकुत्सानां यदि नूनं संयमे नाधिकारः । तत्कथमजितदिगिच्छातृष्णानां तत्राधिकारः ॥३६॥ )

**ગાથાર્થ :- જો અવિજિત લજ્જા અને કુત્સાવાળાને અર્થાત્ જેઓએ લજ્જા અને કુત્સાને જીતી નથી તેઓને, નક્કી સંયમમાં અધિકાર નથી, તો અજિત દિગિચ્છા અને તૃષાવાળાને અર્થાત્ જેઓએ ક્ષુધા અને તૃષા જીતી નથી તેઓને, કેવી રીતે ત્યાં=સંયમમાં, અધિકાર છે?**

---

૧. પૂર્વપક્ષી પોતાને અનભિમત બાબતમાં જે જે આપત્તિ આપે તે તેને અભિમત બાબતમાં આપવી અને એ સ્વઅભિમતમાં આવતી આપત્તિનો જે જે રીતે પરિહાર કરે, તેવો જ પરિહાર તેને અનભિમતમાં પણ શક્ય છે એવું બતાવવું, તે પ્રતિબંદિન્યાય કહેવાય છે.

**ᕁ અહીં દિગિચ્છાનો અર્થ ક્ષુધા છે અને તૃષ્ણાનો અર્થ તૃષા=તરસ છે.**

**ટીકા :- यदि ह्रीकुत्सयोरविजये चारित्रमेव नेति तवाभिमतं तर्हि क्षुत्तृष्णयोरुदयेऽपि कथं तदिति पर्यनुयोगे नग्नाढ्यस्य गगनमेवावलोकनीयं स्याद्।**

**ટીકાર્થ :- 'यदि'** જો લજ્જા અને કુત્સાના અવિજયમાં ચારિત્ર જ નથી એ પ્રમાણે તમને અભિમત છે, તો ક્ષુધા અને તૃષાના ઉદયમાં પણ કેવી રીતે તે=ચારિત્ર, હોય? એ પ્રમાણેના પર્યનુયોગમાં=પ્રશ્નમાં, નગ્નાઢ્યને= દિગંબરને, ગગન જ અવલોકનીય=જોવા યોગ્ય થાય.

**ટીકા :- अथ प्रायो जितक्षुत्तृष्णानामपि साधूनां जीवदसातोदयतया तदुदयेऽपि विधिना तत्प्रतीकारो न दोषाय, तर्हि प्रायो जितह्रीकुत्सानामपि तद्धेतुकर्मजनिततन्निरोधाय केषाञ्चित् संयमत्राणाय धर्मोपकरणधारणं न दोषायेति तुल्यम्। अपि चोक्तोपकरणेन चारित्रप्रशंसयापि महान् गुणो वेषेणैव च पतयालुपरिणामानामपि शङ्कासंभवश्च, तदुक्तं- "धम्मं रक्खइ...." ॥३६॥**

**ટીકાર્થ :- 'अथ'**થી ગ્રંથકાર પૂર્વપક્ષીને કહે છે કે, પ્રાયઃ કરીને જીતી લીધી છે ક્ષુધા-તૃષાને જેણે એવા પણ સાધુઓને, જીવતી અશાતાનું ઉદયપણું હોવાથી, તેનો=ક્ષુધા અને તૃષાનો, ઉદય થયે છતે પણ, (શાસ્ત્રોક્ત)વિધિથી (આહારાદિના ગ્રહણ દ્વારા) તેનો=ક્ષુધા અને તૃષાનો, પ્રતીકાર દોષ માટે નથી; તો પ્રાયઃ કરીને જીતી લીધી છે હ્રી-કુત્સાને જેણે એવા પણ સાધુઓને, તેના હેતુભૂત કર્મથી જનિત =હ્રી-કુત્સાના હેતૂભૂત કર્મથી જનિત, તેના=હ્રી-કુત્સાના નિરોધ માટે કેટલાકને (શીતાદિ પરિત્રાણ દ્વારા કે જીવરક્ષા દ્વારા) સંયમત્રાણ માટે, ધર્મોપકરણનું ધારણ દોષ માટે થતું નથી. એ પ્રમાણે તુલ્ય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ક્ષુધા અને તૃષા જીવને અશાતાના ઉદયથી પેદા થાય છે, તો પણ સામાન્ય સંસારી જીવો તેના પ્રતીકાર માટે જેવો યત્ન કરે છે તેવો યત્ન મુનિ કરતા નથી, તેથી તેઓએ ક્ષુધા અને તૃષા ઉપર કાબુ મેળવી લીધો છે, તેથી તેમના અસંયમનું કારણ ક્ષુધા અને તૃષા બનતી નથી. તેમ છતાં પ્રાયઃ એટલા માટે કહેલ છે કે, ક્ષુધા-તૃષાનો અતિશય થાય તો સંયમનો નાશ પણ થઇ શકે તેવી સંભાવના રહે છે, પણ તે અતિશયતા પ્રાપ્ત થાય તે પૂર્વની ક્ષુધા-તૃષા ઉપર મુનિનો કાબુ હોય છે, તેથી પ્રાયઃ એટલે બહુલતાએ મુનિએ ક્ષુધા-તૃષા જીતી છે તેમ કહેલ છે. તેથી કરીને ક્ષુધા-તૃષા અતિશય દશાને પામે તે પહેલાં જ, મુનિ સંયમને વ્યાઘાત ન થાય તે રીતે વિધિપૂર્વક તેનો પ્રતીકાર કરે છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર કહે છે કે, તે રીતે જ મુનિએ હ્રી-કુત્સા પણ પ્રાયઃ જીતી લીધી છે. આમ છતાં નગ્ન રહેવું એ શિષ્ટપુરુષને લજ્જાસ્પદ હોવાથી, પ્રશસ્ત લજ્જાનો જે ભાવ છે તેને કારણે, અને લોકવિહિત નિંદારૂપ કુત્સાને માટે કેવલ નગ્નતા દૂર કરવા માટે, તેઓ જીર્ણ અને મૂલ્યહીન વસ્ત્રો ધારણ કરે છે. તેથી બહુલતાએ તેઓએ હ્રી-કુત્સા જીતી લીધી છે તો પણ, હ્રી હેતુક લજ્જામોહનીય અને કુત્સાહેતુક તથાપ્રકારની શરીરની રચનાના કારણીભૂત નામકર્મ, કે જેના કારણે નગ્નાવસ્થા એ લોકમાં નિંદાનું કારણ બને છે, તેથી સ્વનું પ્રશસ્ત લજ્જામોહનીયકર્મ અને મુનિથી ભિન્ન એવા શિષ્ટલોકનું

કુત્સામોહનીયકર્મ, તેનાથી જનિત હ્રી-કુત્સાના નિરોધ માટે, મુનિ વસ્ત્ર ધારણ કરે છે; અને જેઓને શીતાદિ પરીષહ અતિશય હોય ત્યારે સહન ન થાય તેવી સ્થિતિ હોય તેમને સંયમરક્ષણ માટે ધર્મોપકરણ ધારણ કરવા દોષ માટે નથી.

**ટીકાર્થ :- 'अपि च'** અને વળી ઉક્ત ઉપકરણ દ્વારા ચારિત્રની પ્રશંસાથી પણ મહાન ગુણ છે અને વેષથી જ પતયાલુ પરિણામવાળા પણ મુનિઓને શંકાનો સંભવ છે.

**'तदुक्तं'** - તે કહ્યું છે- **'धम्मं रक्खइ...'** **धम्मं रक्खइ** શ્લોક આ પ્રમાણે છે-

[१] धम्मं रक्खइ वेसो, संकइ वेसेण दिक्खिओम्हि अहं ।
उम्मग्गेण पडंतं रक्खइ राया जणवउ व्व ॥ **( उपदेशमाला - २१ )**

**'धम्मं रक्खइ'**....સાક્ષીશ્લોકનો અર્થ આ પ્રમાણે છે- ઉન્માર્ગે પડતા એવા જનપદને જેમ રાજા રક્ષણ કરે છે, તેમ વેશ વડે "હું દિક્ષિત છું" એ પ્રમાણે શંકા કરે છે (તે કારણથી), વેશ ધર્મનું રક્ષણ કરે છે.

**ભાવાર્થ :- 'अपि च'** થી જે કથન કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, સંયમી સાધુને કેવલ દેહના રક્ષણ માટે જીર્ણ અને મૂલ્યરહિત ઉપયોગી વસ્ત્રોને ધારણ કરતા જોઇને, લોકોને ત્યાગરૂપ ચારિત્રધર્મની પ્રશંસા કરવાનું મન થાય છે. તેનાથી સદ્ધર્મની ખ્યાતિ અને બોધિબીજાદિની પ્રાપ્તિ થાય છે, તે રૂપ મહાન ગુણ છે. જ્યારે વસ્ત્ર વગરના મુનિને જોઇને લોકોને પણ અર્થાત્ શિષ્ટલોકને પણ, જુગુપ્સા થાય છે, તેથી પ્રશંસાનો પરિણામ ઉત્થિત થતો નથી. અને વેષથી જ પતયાલુ પરિણામવાળા મુનિઓને શંકાનો સંભવ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જે મુનિને સંયમથી પડવાનો ભાવ થાય છે ત્યારે, વેષને કારણે લોકની નિંદાથી શંકાનો સંભવ છે, તેનાથી રક્ષણ થાય છે; અને જે દિગંબરના સાધુઓ વેષરહિત છે તેમને લોકનિંદા પ્રત્યે પૂર્વમાં જ ઉપેક્ષાભાવ વર્તે છે, તેથી જ્યારે પડવાનો પરિણામ પેદા થાય છે, ત્યારે તે શંકા ઉત્થિત થઇ શકતી નથી, તેથી વેશ જ ધર્મનું રક્ષણ કરે છે.॥૩૬॥

ગાથા :- **अह हिरिकुच्छाहि सयाऽहिरिकुच्छसहावभावणा णो चे ।**
**तण्हाछुहाहि ता कह तदभावसहावसंबुद्धी ॥३७॥**

( अथ ह्रीकुत्साभ्यां सदाऽह्रीकुत्सास्वभावभावना नो चेत् । तृष्णाक्षुधाभ्यां तत्कथं तदभावस्वभावसंबुद्धिः ॥३७॥ )

**ગાથાર્થ :- સદા લજ્જા અને કુત્સા વડે અલજ્જા-અકુત્સાસ્વભાવભાવના ન થાય, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર કહે છે- ક્ષુધા અને તૃષા વડે તેના અભાવસ્વભાવની સંબુદ્ધિ, અર્થાત્ અક્ષુધા-અતૃષ્ણાસ્વભાવની સંબુદ્ધિ= ભાવના, કેવી રીતે થાય? અર્થાત્ ન થાય.**

---

१. धर्मं रक्षति वेषः शंकते वेषेण दिक्षितोऽस्म्यहम् । उन्मार्गेण पतन्तं रक्षति राजा जनपदमिव ॥

**ટીકા :- तृष्णाक्षुधाभ्यामतृष्णाक्षुधास्वभावभावनेव ह्रीकुत्साभ्यामह्रीकुत्सास्वभावभावना न प्रतिरोद्धुं शक्या, मनःशुद्धेर्बलवत्त्वात्, अन्यथा तवाप्यगतेः।**

**ટીકાર્થ :- 'तृष्णा'** ક્ષુધા અને તૃષા વડે અક્ષુધા અને અતૃષાસ્વભાવભાવનાની જેમ લજ્જા અને કુત્સા વડે અલજ્જા અને અકુત્સાસ્વભાવભાવનાનો પ્રતિરોધ કરવા માટે શક્ય નથી, કેમ કે મનશુદ્ધિનું બલવાનપણું છે. અન્યથા તને પણ અગતિ છે, અર્થાત્ તું પણ અતૃષ્ણા-અક્ષુધાના સ્વભાવભાવનાની સંગતિ સાધુમાં કરી શકીશ નહિ.

**ભાવાર્થ :- 'मनःशुद्धेः'** મનશુદ્ધિનું બલવાનપણું છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, મુનિ, આત્માનો વાસ્તવિક રીતે ક્ષુધા-તૃષા વગરનો સ્વભાવ છે એમ જાણતા હોવાને કારણે, તેનાથી અત્યંત ભાવિત મતિવાળા હોય છે. આથી જ તેઓ જાણે છે કે, ક્ષુધા-તૃષા દેહનો ધર્મ છે અને દેહ સંયમનું સાધન છે, અને તેનું પાલન સંયમને ઉપયોગી બને તે રીતે કરવું જરૂરી છે; તેથી સંયમસાધનત્વમતિથી ક્ષુધા-તૃષાના પ્રતીકાર માટે મુનિ વિધિપૂર્વક યત્ન કરે છે, તે રૂપ મનશુદ્ધિ બલવાન હોવાને કારણે ક્ષુધા-તૃષાસ્વભાવની ભાવના પ્રતિરોધ પામતી નથી. તે જ રીતે આત્મા સિદ્ધાવસ્થામાં મોહ વગરનો હોવાથી હ્રીનો પરિણામ નથી અને શરીર વગરનો હોવાથી લોકોને કુત્સાનું કારણ બનતો નથી; તેથી મુનિ અહ્રીકુત્સાસ્વભાવની- અલજ્જા અને અકુત્સાસ્વભાવની ભાવનાથી ભાવિત મતિવાળા હોય છે, અને શાસ્ત્રોક્ત વિધિથી ધર્મોપકરણમાં યત્ન કરે છે ત્યારે મનશુદ્ધિ હોવાથી ભાવનાનો પ્રતિરોધ થતો નથી.

**ટીકા :- "सर्वदा सत्यौ ह्रीकुत्से स्वताद्रूप्यप्रतीति जनिके" इति चेत्? तर्हि शरीरमपि न कुतः? "संयमोपकारित्वमतिस्तत्प्रतिबन्धिके"ति चेत्? अत्रापि तुल्यं, ताभ्यामपि स्थिरीकरणाद्युपकारसंभवात् ॥३७॥**

**ટીકાર્થ :- 'सर्वदा'** સર્વદા વિદ્યમાન હ્રી-કુત્સા સ્વતાદ્રૂપ્યપ્રતીતિની જનિકા છે, અર્થાત્ પોતાના તદ્રૂપપણાની પ્રતીતિ કરાવે છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર કહે છે-

**'तर्हि'** - તો શરીરમાં પણ (સ્વતાદ્રૂપ્યની પ્રતીતિ) કેમ નહિ થાય? અર્થાત્ શરીરમાં પણ સ્વતાદ્રૂપ્યની પ્રતીતિ થશે.

**'संयम'** શરીરમાં સંયમઉપકારીપણાની મતિ, તેની અર્થાત્ સ્વતાદ્રૂપ્ય પ્રતીતિની પ્રતિબંધિકા છે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર કહે છે-

**'अत्रापि'** - અહીં પણ અર્થાત્ હ્રી-કુત્સાના વિષયમાં પણ, તુલ્ય છે. અર્થાત્ જેમ શરીરમાં સ્વતાદ્રૂપ્યની પ્રતીતિ સંયમઉપકારીત્વની મતિથી પ્રતિબંધિત થઇ જાય છે, તેમ અહીંયાં પણ સમાન છે.

**'ताभ्यामपि'**- કેમ કે શરીરની જેમ હ્રી-કુત્સાના પરિણામના કારણે સ્થિરીકરણાદિ ઉપકારનો સંભવ છે. અર્થાત્ હ્રી-કુત્સાના પરિણામના કારણે પતનપરિણામવાળા સંયમમાં સ્થિર થાય છે અને વસ્ત્રગ્રહણને કારણે લોકોને

કુત્સા થતી નથી, તેથી લોકોને નગ્ન સાધુને જોઇને જે પાપબંધ થાય છે તેનો પરિહાર થાય છે તેનું ગ્રહણ સ્થિરીકરણાદિ પદમાં રહેલ '**आदि**' શબ્દથી થાય છે.**॥૩૭॥**

**અવતરણિકા :- आहारविधानसमाधानमप्युपधौ तुल्यमित्याह-**

**અવતરણિકાર્થ :-** આહારના વિધાનનું સમાધાન અર્થાત્ આહારનું શાસ્ત્રમાં જે વિધાન છે તેનું સમાધાન, જે ઉત્સર્ગ- અપવાદની મૈત્રીરૂપ છે તે ઉપધિમાં પણ તુલ્ય છે, એ પ્રમાણે કહે છે-

**ગાથા :-** **उस्सग्गववायाणं मित्तीए अह ण भोअणं दुट्ठं ।**
**उस्सग्गववायाणं मित्तीइ तहेव उवगरणं ॥३८॥**

( उत्सर्गापवादयोर्मैत्र्याऽथ भोजनं न दुष्टम् । उत्सर्गापवादयोर्मैत्र्या तथैवोपकरणम् ॥३८॥ )

**ગાથાર્થ :- જેમ ઉત્સર્ગ-અપવાદની મૈત્રી વડે ભોજન દુષ્ટ નથી, તે પ્રમાણે જ ઉત્સર્ગ-અપવાદની મૈત્રી વડે ઉપકરણ(દુષ્ટ નથી.)**

**ટીકા :- "बालादिनापि मूलच्छेदाभावेनातिकर्कशमेवाचरणीयमित्युत्सर्गः[१] स्वयोग्यं मृद्वेवाचरणीयमित्य-पवादः, स्वस्य योग्यमतिकर्कशमाचरताऽपि स्वयोग्यं मृद्वप्याचरणीयमित्युत्सर्ग-सापेक्षोऽपवादः, स्वयोग्यं मृद्वाचरणमाचरता स्वयोग्यमतिकर्कशमप्याचरणीयमित्यपवादसापेक्ष[२] उत्सर्गः, इत्युत्सर्गापवादमैत्र्या ह्याचरणमनुज्ञातम्, तदुक्तं- ( प्रव. सार. ३-३० )**

[३] बालो वा बुड्ढो वा समभिहदो वा पुणो गिलाणो वा ।
चरियं चरदु सजोग्गं मूलच्छेदं जधा ण हवे ॥

**न तु तद्विरोधेन, यतो ग्लानत्वाद्यनुरोधेन मृद्वाचरणेप्यल्पलेपो भवत्येव, तदुक्तं- ( प्रव. सार-३-३१ )**

[४] आहारे च विहारे देसं कालं समं खमं उवहिं ।
जाणित्ता ते समणो वट्टदि जदि अप्पलेवी सो ॥ त्ति।

**तद्वरमुत्सर्गो, ग्लानत्वाद्यनुरोधेन मृद्वाचरणेप्यल्प एव लेपो भवति तद्वरमपवादो ।**

**ટીકાર્થ :- 'बालादि'** બાલાદિ વડે પણ મૂલના=સંયમના, છેદના અભાવથી=સંયમનો છેદ ન થાય એ રીતે, અતિકર્કશ જ આચરણ કરવું જોઇએ એ ઉત્સર્ગ છે; અને સ્વયોગ્ય=બાલાદિને યોગ્ય, મૃદુ જ આચરણ કરવું

---

१. अत्र 'अपवादसापेक्ष उत्सर्गः' इति पाठो युक्तो भाति ।

२. अत्र 'उत्सर्गसापेक्षोऽपवादः' इति पाठो युक्तो भाति ।

३. बालो वा वृद्धो वा श्रमाभिहतो वा पुनर्ग्लानो वा । चर्यां चरतु स्वयोग्यां मूलच्छेदो यथा न भवति ॥

४. आहारे वा विहारे देशं कालं श्रमं क्षमामुपधिम् । ज्ञात्वा तान् श्रमणो वर्त्तते यद्यल्पलेपी सः ॥

જોઈએ તે અપવાદ છે; (અને) પોતાને યોગ્ય અતિકર્કશ આચરતાં પણ, સ્વયોગ્ય મૃદુ પણ આચરવું જોઈએ, એ અપવાદ સાપેક્ષ ઉત્સર્ગ છે; (અને) સ્વયોગ્ય મૃદુ આચરણ આચરતાં સ્વયોગ્ય અતિકર્કશ આચરવું જોઈએ, તે ઉત્સર્ગ સાપેક્ષ અપવાદ છે; એ પ્રમાણે ઉત્સર્ગ-અપવાદની મૈત્રીથી આચરણ અનુજ્ઞાત છે. (એનો અન્વય આગળ '**न तु तद्विरोधेन**' સાથે છે.)

ઉત્સર્ગ-અપવાદની મૈત્રીથી આચરણ અનુજ્ઞાત છે તેમાં '**तदुक्तं**'થી પ્રવચનસારની સાક્ષી(૩-૩૦) આપી છે. તેનો અર્થ આ પ્રમાણે છે-

'**बालो वा**' - બાલ અથવા તો વૃદ્ધ, શ્રમથી અભિહિત (શ્રમિત) અથવા વળી ગ્લાન, સ્વયોગ્ય આચરણા કરે, જે પ્રમાણે મૂલ છેદ ન થાય. આનાથી એ પ્રાપ્ત થયું કે ઉત્સર્ગ-અપવાદની મૈત્રીથી આચરવું જોઇએ, '**न तु**' - પરંતુ ઉત્સર્ગ-અપવાદના વિરોધથી આચરવું નહિ. તેમાં '**तदुक्तं**'-થી પ્રવચનસારની (૩-૩૧) સાક્ષી આપી છે. તેનો અર્થ આ પ્રમાણે છે-

'**आहारे**' - દેશ, કાલ, શ્રમ, ક્ષમ=શરીરની ક્ષમતા, અને ઉપધિ=બાલવૃદ્ધરૂપ શરીર તે રૂપ ઉપધિ, તેને જાણીને (ત્યારપછી) તેને આશ્રયીને=જે જાણ્યું છે તેને આશ્રયીને, આહાર-વિહારમાં જો મુનિ વર્તે તો તે અલ્પલેપી છે. '**यतो**' જે કારણથી ગ્લાનત્વાદિના અનુરોધથી મૃદુ આચરણામાં પણ અલ્પલેપ થાય જ છે, તેથી ઉત્સર્ગ શ્રેષ્ઠ છે; અને ગ્લાનત્વાદિના અનુરોધથી મૃદુ આચરણામાં પણ અલ્પ જ લેપ થાય છે, તેથી અપવાદ શ્રેષ્ઠ છે.

❀ અહીં '**न तु तद्विरोधेन**' પછી '**यतः...भवत्येव**' પાઠ છે, તેનો અન્વય '**तद्वरमुत्सर्गो**' સાથે છે, તેથી '**यतः...भवत्येव**' સુધીનો પાઠ પ્રવચનસારની સાક્ષી પછી હોય તો વધારે સંગત લાગે છે. આમ છતાં પ્રતિમાં તેવો પાઠ પ્રાપ્ત થતો નથી, તેથી એમ વિચારી શકાય કે, પ્રવચનસારની સાક્ષી (૩-૩૧) '**न तु तद्विरोधेन**' સાથે છે; અને તે સાક્ષીપાઠમાં ઉત્તરાર્ધના અંતમાં '**अप्पलेवी सो**' એમ કહ્યું છે, તેથી અલ્પલેપીની પણ તેમાં જ પ્રાપ્તિ છે; તે બંનેને સામે રાખીને '**न तु तद्विरोधेन**' પછી '**यतः...भवत्येव**' સુધીનો પાઠ મૂકેલો હોવો જોઇએ. અને પછી સાક્ષી દ્વારા '**न तु तद्विरोधेन**'નું સમર્થન કર્યું, અને તેનાથી એ પ્રાપ્ત થયું કે, અપવાદસાપેક્ષ ઉત્સર્ગની મૈત્રીના વિરોધ વગર આચરણાથી અલ્પ જ લેપ થાય છે. આમ છતાં ઉત્સર્ગ શ્રેષ્ઠ છે તે બતાવવા અર્થે, '**यतः...भवत्येव**' સુધીનું કથન કર્યું, અને '**यतः**'નો અન્વય '**तद्वरम्**'માં '**तत्**' શબ્દ સાથે છે. અને પ્રવચનસાર ૩/૩૧ ગાથામાં '**जाणित्ता**' પછી '**ते**'='**तान्**' ત્યાં '**आश्रित्य**' અધ્યાહાર છે, તેનું તાત્પર્ય એ છે કે, દેશકાલાદિને જાણીને ગમે તેમ પ્રવૃત્તિ કરે તો અલ્પલેપી નથી થતો, પરંતુ જાણ્યા પછી તેનું સમ્યગ્ આશ્રયણ કરીને પ્રવર્તે તો અલ્પલેપી થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, શરીરથી નિર્બળ એવા વૃદ્ધ-બાલ વગેરે દરેકને સંયમ માટે યત્ન કરવાનો છે, તેથી સંયમની સિદ્ધિ કર્કશ આચરણાથી સંભવિત છે ત્યાં સુધી કર્કશ આચરણા કરવી જોઇએ; અર્થાત્ પુદ્ગલવિષયક આહારગ્રહણાદિ પ્રવૃત્તિ ન કરતાં શરીરને આત્મગુણોનો આવિર્ભાવ કરવા માટે પ્રવર્તાવવારૂપ અતિકર્કશ જ આચરવું જોઇએ, તે ઉત્સર્ગ છે; અને શરીરનો નાશ ન થાય તે રીતે આહારાદિ આપવારૂપ જે આચરણા છે, તે મૃદુ આચરણા છે, તે અપવાદરૂપ છે; અને પોતાને યોગ્ય અતિકર્કશ આચરતાં પણ સ્વયોગ્ય મૃદુ પણ આચરવું જોઇએ, તે અપવાદસાપેક્ષ ઉત્સર્ગ છે. તે આ રીતે - સ્વયોગ્ય મૃદુ આચરણા તે અપવાદ છે, અપવાદસાપેક્ષ

સ્વયોગ્ય અતિકર્કશ મુનિ આચરણા કરે છે તે ઉત્સર્ગરૂપ છે, તેથી તે અપવાદસાપેક્ષ ઉત્સર્ગ છે.

અહીં વિશેષ એ છે કે, જ્યારે મુનિ તપ-ધ્યાનમાં યતમાન હોય ત્યારે પણ, અમુક મર્યાદા પછી તપ-ધ્યાનની વૃદ્ધિ અસંભવિત થાય તેવી સ્થિતિ ઉત્પન્ન ન થાય તે પહેલાં, શરીરને આહારાદિ પણ મારે આપવા છે તે પ્રકારની સ્વયોગ્ય મૃદુઆચરણારૂપ અપવાદની અપેક્ષાવાળી, તે તપ-ધ્યાનના યત્નરૂપ કર્કશ આચરણા છે; તેથી તે અપવાદસાપેક્ષ ઉત્સર્ગરૂપ છે. અને જ્યારે આહારાદિમાં યતમાન હોય ત્યારે, સ્વયોગ્ય મૃદુ આચરણા કરે છે તે વખતે પણ, આગળમાં મારે તપ-ધ્યાનમાં પ્રવર્તવું છે તે રૂપ, સ્વયોગ્ય અતિકર્કશ પણ આચરણા છે; માટે મુનિ તપ-ધ્યાનમાં ઉપકારક હોય એવા જ આહારાદિમાં યતમાન હોય, પણ તેનાથી અધિકમાં જે પરિહાર કરે છે તે ઉત્સર્ગસાપેક્ષ અપવાદરૂપ છે. કેમ કે તે વખતની આહારાદિની અપવાદરૂપ મૃદુ આચરણા છે, તે અધિક આહારાદિના પરિહાર અને ભાવિમાં આચરણીય એવા તપ-ધ્યાનરૂપ ઉત્સર્ગ સાપેક્ષ છે.

અહીં ઉત્સર્ગ, અપવાદ, અપવાદસાપેક્ષ ઉત્સર્ગ અને ઉત્સર્ગસાપેક્ષ અપવાદ એમ ચારભેદો છે. તેમાં કેવલ ઉત્સર્ગ કે કેવલ અપવાદ આચરણીય નથી, પરંતુ ઉત્સર્ગ અને અપવાદનું સ્વરૂપ બતાવ્યું છે અને અપવાદસાપેક્ષ ઉત્સર્ગ અને ઉત્સર્ગસાપેક્ષ અપવાદ તે બે જ આચરણીય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં બતાવ્યું કે અપવાદસાપેક્ષ ઉત્સર્ગ અને ઉત્સર્ગસાપેક્ષ અપવાદ આચરણીય છે. તેની જ પુષ્ટિ કરવા માટે, તેનાથી વિપરીત આચરણામાં દોષ છે તે બતાવીને, આહાર-વિહારમાં દોષ નથી, તેમ પૂર્વપક્ષી સ્થાપન કરતાં કહે છે-

**ટીકા :- ग्लानत्वादिनाप्याहारविहारयोरल्पलेपभयेनाप्रवृत्तावतिकर्कशाचरणेन शरीरं पातयित्वा स्वर्लोकगमने तत्र संयमवमनात् महान् लेप इति न श्रेयानपवादनिरपेक्ष उत्सर्गः, ग्लानत्वाद्यनुरोधेनाहार-विहारयोरल्पलेपत्वं विगणय्य यथेष्टप्रवृत्तौ मृद्वाचरणेनासंयतजनसमानतया महानेव लेप इति नोत्सर्ग-निरपेक्षोऽपवादः श्रेयानिति व्यवस्थया नाहारविहारयोर्दोष" इति चेत्? तदिदमन्यत्रापि तुल्यं, अत एवौधिकौपग्रहिकादिव्यवस्था पञ्चभिः स्थानैरचेलतादिप्राशस्त्यं च समये व्यवस्थितमिति॥३८॥**

**ટીકાર્થ :- 'ग्लान'** ગ્લાનત્વાદિ દ્વારા પણ આહાર-વિહારમાં અલ્પલેપના ભયને કારણે અપ્રવૃત્તિ કરાયે છતે, અતિકર્કશ આચરણ દ્વારા શરીરનો પાત કરીને સ્વર્ગલોકગમનમાં ત્યાં=સ્વર્ગલોકમાં, સંયમના વમનથી મહાન લેપ છે. એથી કરીને અપવાદથી નિરપેક્ષ ઉત્સર્ગ શ્રેયસ્કરી નથી. ગ્લાનત્વાદિના અનુરોધથી આહાર-વિહારમાં અલ્પલેપપણાને નહિ ગણીને યથેષ્ટ પ્રવૃત્તિ કરાયે છતે, મૃદુ આચરણાથી અસંયતજનને સમાનપણાથી, મહાન જ લેપ છે. એથી કરીને ઉત્સર્ગથી નિરપેક્ષ અપવાદ પણ શ્રેયસ્કરી નથી.

**'इति व्यवस्थया'** - એ પ્રમાણે વ્યવસ્થા હોવાને કારણે=ઉત્સર્ગ-અપવાદની મૈત્રીથી આચરણા અનુજ્ઞાત છે, પરંતુ તેના વિરોધથી નહિ, એ પ્રકારની વ્યવસ્થા હોવાને કારણે, આહાર-વિહારમાં દોષ નથી. (કેમ કે આહાર-વિહારની પ્રવૃત્તિ ન કરવામાં આવે તો અપવાદનિરપેક્ષ કેવલ ઉત્સર્ગ પ્રાપ્ત થાય, માટે દોષરૂપ બને.) આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, ગ્રંથકાર તેનો ઉત્તર આપતાં કહે છે-

**'तदिदमन्यत्रापि'** - તે=ઉત્સર્ગ-અપવાદની મૈત્રી જે પૂર્વમાં કહી તે, આ=પૂર્વમાં કહેલી બુદ્ધિમાં ઉપસ્થિત ઉત્સર્ગ-અપવાદની મૈત્રી એ, અન્યત્ર પણ=વસ્ત્રમાં પણ, સમાન જ છે.

**ભાવાર્થ :-** જે મુનિ તપ-સંયમમાં દૃઢ ઉદ્યમશીલ છે ત્યારે, તે તપ-સંયમમાં યત્નરૂપ કર્કશ આચરણા કરે છે તે વખતે પણ, તપ-સંયમને ઉપકારી નિર્દોષ વસ્ત્ર મારે ગ્રહણ કરવાં જોઇએ એવા પરિણામવાળો હોય છે; તેથી તે અપવાદસાપેક્ષ ઉત્સર્ગની આચરણા છે. અને જ્યારે વસ્ત્ર ગ્રહણ કરવા માટે યત્ન કરતા હોય ત્યારે, સંયમને ઉપકારી એવું પરિમિત, નિર્મૂલ્ય અને નિર્દોષ ગ્રહણ કરવા માટે યત્ન કરતા હોય છે, અને તે પણ પોતાના સંયમમાં ઉપકારી થાય એ રૂપ, કર્કશ આચરણાની સાપેક્ષ જ, વસ્ત્રગ્રહણરૂપ મૃદુ આચરણા છે; તેથી તે ઉત્સર્ગસાપેક્ષ અપવાદ છે.

**ટીકાર્થ :- 'अत एव'** - આથી કરીને જ=ઉત્સર્ગઅપવાદની મૈત્રી તુલ્ય છે આથી કરીને જ, પાંચ સ્થાનો વડે ઔધિક અને ઔપગ્રહિકાદિ ઉપધિની વ્યવસ્થા છે, અને સિદ્ધાંતમાં (ઉપધિગ્રહણમાં) અચેલતાદિ પ્રાશસ્ત્ય વ્યવસ્થિત છે.

**'इति'** કથનની સમાપ્તિસૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, વિશેષાવશ્યકમાં ઔધિક અને ઔપગ્રહિકાદિ ઉપધિ ગ્રહણ કરવાનાં પાંચ સ્થાનો બતાવ્યાં છે. તે પાંચસ્થાનો વડે કરીને બે પ્રકારની ઉપધિ ગ્રહણ કરવાની વ્યવસ્થા છે. તેનું કારણ ત્યાં પણ ઉત્સર્ગઅપવાદની મૈત્રી છે. કેમ કે જો ઉપધિ ગ્રહણ કરવામાં ન આવે તો અતિકર્કશ આચરણારૂપ ઉત્સર્ગની પ્રાપ્તિથી સંયમનો નાશ થાય, કેમ કે તે પાંચસ્થાનો સંયમની વૃદ્ધિ અર્થક છે. અને ઉપધિમાં અચેલતાદિરૂપ પ્રાશસ્ત્ય પણ સિદ્ધાંતમાં વ્યવસ્થિત છે, અર્થાત્ સાધુ કેવલ સંયમને ઉપકારક ઉપધિ ગ્રહણ કરે છે તે અત્યંત મૂલ્ય રહિત અને જીર્ણ જેવી હોય છે, તેથી અચેલતાદિરૂપ પ્રશસ્તભાવ પણ ત્યાં વર્તે છે.

❀ અચેલતાદિમાં **'आदि'** શબ્દથી નિર્મમતારૂપ પ્રશસ્તભાવ ગ્રહણ કરવો.

❀ અહીં ઉત્સર્ગથી પુદ્ગલની અપ્રવૃત્તિને અને અપવાદથી કારણે પણ આહારાદિની પ્રવૃત્તિને ગ્રહણ કરીને ઉત્સર્ગ-અપવાદની મૈત્રી બતાવેલ છે.॥૩૮॥

**અવતરણિકા :- उक्तप्रतिबन्द्यैव परेषां कल्पनान्तरमपाकुर्वन्नाह-**

**અતરણિકાર્થ :-** ઉક્ત પ્રતિબંદી દ્વારા જ અર્થાત્ પૂર્વમાં દિગંબરોની માન્યતા પ્રમાણે સાધુને ઉપકરણ સર્વથા ત્યાજ્ય છે તેના નિરાકરણ માટે, તત્સમાન દોષો આહારગ્રહણમાં બતાવ્યા; તે વસ્ત્રગ્રહણના નિરાકરણ માટે પ્રતિબંદીરૂપ છે તે રૂપ ઉક્ત પ્રતિબંદી દ્વારા જ, પરની=દિગંબરની, કલ્પનાંતરનું અર્થાત્ વસ્ત્રમાં પ્રવૃત્તિ મમતાજન્ય હોવાથી ત્યાજ્ય છે એ પ્રકારની જે કલ્પના, તેના કરતાં અન્ય કલ્પના, કે જે ઉપકરણ દ્વારા પ્રત્યાખ્યાનનો દ્રવ્યથી ભંગ છે તે રૂપ કલ્પનાંતરનું, નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

ગાથા :- एएणुवगरणेणं पच्चक्खाणस्स दव्वओ भंगो ।
इय कप्पणावि विहवाजुव्वणमिव णिप्फला णेया ॥३९॥

( एतेनोपकरणेन प्रत्याख्यानस्य द्रव्यतो भङ्गः । इति कल्पनापि विधवायौवनमिव निष्फला ज्ञेया ॥३९॥ )

**ગાથાર્થ :-** આના દ્વારા=ઉક્ત પ્રતિબંદી દ્વારા, ઉપકરણથી પ્રત્યાખ્યાનનો દ્રવ્યથી ભંગ છે, એ પ્રમાણે કલ્પના પણ વિધવાના યૌવનની જેમ નિષ્ફળ જાણવી.

❀ '**एतेन**'નો અન્વય '**णिप्फला णेया**' ની સાથે છે '**उपकरणेन**'ની સાથે નથી.

**ટીકા :- इदं ह्याध्यात्मिकानामाकूतं यत्-"परिग्रहप्रत्याख्यानं तावच्चतुर्विषयकमेव कात्स्न्र्येन पर्यवस्यति, तदुक्तं**-"[१] से परिग्गहे चउव्विहे पण्णत्ते तं जहा-दव्वओ, खित्तओ, कालओ, भावओत्ति" (पाक्षिकसूत्रम्)। **तत्रोपकरणे सति मूर्च्छात्यागेन भावपरिग्रहप्रत्याख्यानसंभवेऽपि द्रव्यपरिग्रहस्य जागरूकत्वात् तस्य सर्वदा ज्ञात्वाऽऽसेवने लेपसंभव इति-तदिदमाहारेऽपि तुल्यमिति विधवायौवनमिव स्वसमीहिताऽकारितया स्वविडम्बनामात्रमेव परेषां विजृम्भितं, सर्वद्रव्येषु मूर्च्छात्याग एव कार्य इत्युक्तसूत्राभिप्रायात्। तदुक्तं विशेषावश्यके-**

[२] अपरिग्गहया सुत्तेत्ति जा य मुच्छा परिग्गहोभिमओ ।
सव्वदव्वेसु ण सा कायव्वा सुत्तसब्भावो ॥ [२५८०]

**या च** "[३] सव्वाओ परिग्गहाओ वेरमणं....." **इत्यादिनाऽपरिग्रहता सूत्रे प्रोक्तेति त्वया गीयते तत्रापि मूर्च्छैव परिग्रहस्तीर्थकृतामभिमतो नान्यः। सा च मूर्च्छा यथा वस्त्रे तथा सर्वेष्वपि शरीराहारादिद्रव्येषु न कर्त्तव्येति सूत्रसद्भावः=सूत्रपरमार्थो, न पुनस्त्वदभिमतः सर्वथा वस्त्रपरित्यागोऽपरिग्रहतेति सूत्राभिप्रायः तस्मादपरिज्ञातसूत्रभावार्थो मिथ्यैव खिद्यसे त्वमिति।**

❀ અહીં '**यत्**'નો અન્વય '**तत्**'ની સાથે છે. '**तदिदमाहारेऽपि तुल्यम्।**' એ પ્રમાણે અન્વય છે, અને '**तदुक्तं**'થી '**लेपसंभव इति**' સુધીનું કથન '**कात्स्न्र्येन पर्यवस्यति**'માં હેતુ છે, તે બતાવવા માટે '**इति**' શબ્દનો પ્રયોગ છે. અર્થાત્ '**इति**' શબ્દ હેતુ અર્થક છે.

**ટીકાર્થ :-** '**इदं**' આ=વક્ષ્યમાણ, આધ્યાત્મિકોનો આશય છે, તે આશયને '**यत्**' શબ્દથી બતાવે છે- જે પરિગ્રહપ્રત્યાખ્યાન ચાર વિષયક જ સંપૂર્ણપણાથી પર્યવસાન પામે છે.
'**तदुक्तं**'થી તેમાં સાક્ષી આપતાં કહે છે-

---

१. अथ परिग्रहश्चतुर्विधः प्रज्ञप्तः, तद्यथा-द्रव्यतः क्षेत्रतः कालतो भावतः ।
२. अपरिग्रहता सूत्र इति या च मूर्च्छा परिग्रहोऽभिमतः । सर्वद्रव्येषु न सा कर्त्तव्या सूत्रसद्भावः ।
३. पाक्षिकसूत्रे - सर्वतः परिग्रहाद्विरमणम्.......

તે પરિગ્રહ ચાર પ્રકારે કહેવાયેલ છે. તે આ પ્રમાણે-

દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી (ચાર પ્રકારે કહેવાયેલ છે.) **'त्ति'** ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**'तत्र'** - ત્યાં=પાક્ષિક સૂત્રના કથનમાં, ઉપકરણ હોતે છતે મૂર્ચ્છાના ત્યાગથી ભાવપરિગ્રહના પ્રત્યાખ્યાનનો સંભવ હોવા છતાં પણ, દ્રવ્યપરિગ્રહનું જાગરૂકપણું હોવાથી જાણીને તેના=દ્રવ્યપરિગ્રહના, સર્વદા આસેવનમાં લેપનો સંભવ છે. એથી કરીને પરિગ્રહપ્રત્યાખ્યાન ચાર વિષયક જ સંપૂર્ણપણાથી પર્યવસાન પામે છે એમ અન્વય છે.

**'तदिदम्'** તે આ=પરિગ્રહપ્રત્યાખ્યાન ચાર વિષયક પર્યવસાન પામે છે તે આ, આહારમાં પણ તુલ્ય છે. એથી વિધવાના યૌવનની જેમ સ્વસમીહિતઅકારીપણું હોવાને કારણે પરનું વિજૃંભિત સ્વવિડંબનામાત્ર જ છે, કેમ કે સર્વદ્રવ્યોમાં મૂર્ચ્છાત્યાગ જ કરવો, એ પ્રમાણે ઉક્તસૂત્રનો=પાક્ષિકસૂત્રનો, અભિપ્રાય છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીએ પરિગ્રહપ્રત્યાખ્યાનને સંપૂર્ણપણાથી ચારમાં પર્વયસાન બતાવ્યું, તે આહારમાં પણ સમાન એ રીતે છે કે, આહાર પણ પુદ્‌ગલાત્મક છે, તેથી તેનું ગ્રહણ એ દ્રવ્ય પરિગ્રહ છે, અને આહારગ્રહણ જે ક્ષેત્રમાં કે જે કાળમાં કરવામાં આવે, તે ક્ષેત્ર પરિગ્રહ અને તે કાળ પરિગ્રહ છે; અને રાગથી-દ્વેષથી આહારને ગ્રહણ કરવામાં આવે, તો તે ભાવથી પરિગ્રહ છે. આમ છતાં મુનિને આહાર ગ્રહણ કરવાનો દિગંબર સ્વીકાર કરે છે, અને વસ્ત્રનો એકાંતે નિષેધ કરે છે, તે કથન તેની સ્વવિડંબનામાત્ર રૂપ જ છે.

અહીં પ્રશ્ન થાય કે, પાક્ષિકસૂત્રમાં પ્રત્યાખ્યાનનું ચાર પ્રકારનું કથન છે, તે પ્રમાણે દ્રવ્યપરિગ્રહનો પણ ત્યાગ આવશ્યક છે, તો વસ્ત્ર દ્રવ્યપરિગ્રહરૂપ હોવાને કારણે ત્યાજ્ય કેમ ન બને? તેથી ત્યાં લેપનો સંભવ છે એ કથન સ્વવિડંબનામાત્ર કેમ બને? તેથી કહે છે- સર્વદ્રવ્યમાં મૂર્ચ્છાનો જ ત્યાગ કરવો જોઇએ, એ ઉક્તસૂત્રનો અભિપ્રાય છે; પણ દ્રવ્યપરિગ્રહરૂપ હોવાને કારણે વસ્ત્ર ત્યાજ્ય છે, એ ઉક્તસૂત્રનો અભિપ્રાય ન સમજવો.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે સર્વદ્રવ્યમાં મૂર્ચ્છાનો જ ત્યાગ કરવો જોઇએ, એ પ્રકારે પૂર્વમાં કહેલ પાક્ષિકસૂત્રનો અભિપ્રાય છે. તેને જ વિશેષાવશ્યક ગાથા-૨૫૮૦ની સાક્ષી આપીને દઢ કરતાં કહે છે-

**ટીકાર્થ :-** **'तदुक्तं'**થી વિશેષાવશ્યકની સાક્ષી આપી છે. તેનો અર્થ આ પ્રમાણે છે-

**'अपरिग्गहया'** અને સૂત્રમાં અપરિગ્રહતા એ પ્રમાણે જે (કહેવાયું છે) (ત્યાં પણ) મૂર્ચ્છા પરિગ્રહ અભિમત છે. (અને) સર્વદ્રવ્યોમાં તે=મૂર્ચ્છા, ન કરવી, એ પ્રમાણે સૂત્રનો સદ્‌ભાવ છે.

**ઉત્થાન :-** વિશેષાવશ્યક ગાથા ૨૫૮૦ના અર્થને ટીકા દ્વારા સ્પષ્ટ કરતાં કહે છે-

**ટીકાર્થ :-** **'या च'** અને **'सव्वाओ परिग्गहाओ वेरमणं'** ઇત્યાદિ વડે સૂત્રમાં અપરિગ્રહતા કહેવાઇ છે, એ પ્રમાણે તારા વડે કહેવાય છે ત્યાં પણ, તીર્થંકર વડે મૂર્ચ્છા જ પરિગ્રહ અભિમત છે, અન્ય નહિ; અને તે મૂર્ચ્છા જે પ્રમાણે વસ્ત્રમાં તે પ્રમાણે સર્વ પણ શરીર-આહારાદિ દ્રવ્યોમાં ન કરવી જોઇએ, એ પ્રમાણે સૂત્રનો સદ્‌ભાવ છે, અર્થાત્ સૂત્રનો પરમાર્થ છે. પરંતુ તને અભિમત સર્વથા વસ્ત્રપરિત્યાગ (તે) અપરિગ્રહતા, એ પ્રમાણે સૂત્રને અભિપ્રાય નથી. તે કારણથી=મૂર્ચ્છાત્યાગમાં જ **'से परिग्गहे'**..... સૂત્રનો અભિપ્રાય છે, અને તેની પુષ્ટિ માટે

વિશેષાવશ્યક ગાથા ૨૫૮૦માં કહ્યું કે, મૂર્ચ્છા પરિગ્રહ તરીકે અભિમત છે, એ પ્રમાણે સૂત્રનો સદ્ભાવ છે તે કારણથી, નથી જાણ્યો સૂત્રનો ભાવાર્થ જેણે એવો તું મિથ્યા જ ખેદ પામે છે.

**'इति'** શબ્દ ઉદ્ધરણની ટીકાની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- एतेन प्राणातिपातादीनां मोहजन्यत्वानुरोधेन मोहोदयसत्ताभ्यां द्रव्यभावपरिणतिभेदाभिधानं, द्रव्यरूपाणामपि तेषां द्रव्यत आश्रवरूपत्वात्, सूक्ष्मपृथिव्यादीनामिवाविरतिप्रत्ययकर्मबन्धहेतुत्वादि-त्याद्यभिमानमपि केषाञ्चिद्विचारणीयमेव, एकेन्द्रियाणामप्यज्ञानादिप्रमादयोगेन भावहिंसाया एव संभवात्, क्षेत्रादिरूपाणामिव द्रव्यादिरूपाणामपि प्राणातिपातादीनां स्वकारणोपनिपातमात्रसंभवि-संभवतया मोहाऽजन्यत्वाद्, अन्यथा कदाचिन्मूर्च्छाजननपरिगृहीतपरिग्रहत्वस्वभावः कायोऽपि केवलिनां द्रव्याश्रवभूत इति तेषामशक्यपरिहाराभावमावेदयतामायुष्मतां कथमिव स्पृहणीयः स्यात्? इत्यन्यत्र विस्तरः।**

❀ '**एतेन**'નો અન્વય '**विचारणीयमेव**'ની સાથે છે.

**ટીકાર્થ :- 'एतेन'**=આ કથનથી અર્થાત્ પાક્ષિકસૂત્રમાં ચાર પ્રકારનો પરિગ્રહ કહ્યો, તેનો ખુલાસો વિશેષાવશ્યકની સાક્ષી દ્વારા કરતાં કહ્યું કે, સર્વ દ્રવ્યોમાં મૂર્ચ્છાનો ત્યાગ કરવો જોઇએ, એ પ્રમાણે પાક્ષિકસૂત્રનો અભિપ્રાય છે; એ કથનથી, અન્ય કોઇની પ્રાણાતિપાતાદિની દ્રવ્ય અને ભાવપરિણતિના ભેદના કથનવિષયક માન્યતાભેદરૂપ જે અભિમાન છે, તે પણ વિચારણીય જ છે.

તે માન્યતા શું છે, તે બતાવતાં કહે છે-

**'प्राणातिपातादीनां'**પ્રાણાતિપાતાદિનું મોહજન્યપણું છે તેના અનુરોધથી એ પ્રાપ્ત થાય છે કે, મોહના ઉદયથી પ્રાણાતિપાતની ભાવપરિણતિ પ્રાપ્ત થાય છે, અને મોહની સત્તાથી પ્રાણાતિપાતની દ્રવ્યપરિણતિ પ્રાપ્ત થાય છે, એ પ્રકારના ભેદનું અભિધાન છે; તેમાં તેઓ હેતુ કહે છે કે, દ્રવ્યરૂપ પણ તેઓનું=પ્રાણાતિપાતાદિનું, દ્રવ્યથી આશ્રવરૂપપણું છે, અને તેમાં હેતુ કહે છે કે, સૂક્ષ્મ પૃથ્વી આદિની જેમ (દ્રવ્ય પ્રાણાતિપાતમાં) અવિરતિપ્રત્યય કર્મબંધનું હેતુપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પ્રાણાતિપાતાદિની ક્રિયા પૂર્વપક્ષીને મોહજન્ય માન્ય છે. તેથી કહે છે કે પ્રાણાતિપાતાદિની જીવમાં બે પ્રકારની પરિણતિ છે. (૧) દ્રવ્યપરિણતિ, જે જીવનાશને અનુકૂળ ચેષ્ટારૂપ છે અને (૨) ભાવપરિણતિ, કે જે હિંસાના પરિણામરૂપ છે.

તેમાં દ્રવ્યપરિણતિ એ છે કે, મુનિ સમ્યગ્ યતમાન હોવા છતાં પણ કોઇ સૂક્ષ્મ જીવની અનાભોગાદિથી હિંસા થઇ જાય છે તે દ્રવ્યપરિણતિ છે. જ્યારે હિંસાનો ભાવ વર્તતો હોય ત્યારે દ્રવ્યહિંસા ન હોય છતાં ભાવપરિણતિ છે. આ દ્રવ્યપરિણતિ મોહની સત્તાથી થાય છે, અને ભાવપરિણતિ મોહના ઉદયથી થાય છે. આવા ભેદ કરવાનું તાત્પર્ય એ છે કે, પ્રાણાતિપાત માત્ર મોહજન્ય છે, અને પ્રાણાતિપાતની ભાવપરિણતિ એ મોહના ઉદયથી જન્ય

છે. કેમ કે ભાવપરિણતિ એ કઠોરતાના પરિણામરૂપ છે, તેથી મોહનીયના ઉદય વિના સંભવે નહિ. દ્રવ્યપરિણતિ એ દ્રવ્યાશ્રવરૂપ છે, કેમ કે દ્રવ્યપરિણતિ એ યતનાવાળા મુનિને અનાભોગથી થતી હિંસાની ક્રિયારૂપ છે. તે દ્રવ્યહિંસાની ક્રિયા ભાવહિંસારૂપ ભાવાશ્રવના કારણીભૂત છે, તેથી તે દ્રવ્યાશ્રવરૂપ છે. યદ્યપિ દ્રવ્યહિંસા મુનિને ભાવાશ્રવની કારણીભૂત બનતી નથી, પરંતુ સામાન્ય રીતે દ્રવ્યથી કરાતી હિંસા તે પરિણામની કઠોરતારૂપ ભાવહિંસાનું કારણ છે તેથી, ભાવહિંસારૂપ ભાવાશ્રવનું કારણ હોય તે દ્રવ્યાશ્રવ કહેવાય તેથી, દ્રવ્યહિંસાને દ્રવ્યાશ્રવરૂપ કહેલ છે. જ્યારે ભાવપરિણતિ ભાવના કારણીભૂત મોહના ઉદયથી થાય છે, તેથી દ્રવ્યહિંસા પણ મોહની સત્તાથી જન્ય છે.

તેનું વિશેષ તાત્પર્ય આ કોષ્ટક દ્વારા સમજી શકાશે.

(કાર્ય) મોહનો ઉદય → કારણ. ભાવપરિણતિ - કાર્ય
↑ ↑
(કારણ) મોહની સત્તા → કારણ. દ્રવ્યપરિણતિ - કારણ

ઉપરના કોષ્ટકનું ફલિતાર્થ આ પ્રમાણે છે.

ભાવપરિણતિનું કારણ દ્રવ્યપરિણતિ છે, તેથી ભાવપરિણતિ જ્યારે મોહના ઉદયથી જન્ય છે, ત્યારે મોહના ઉદયના કારણીભૂત એવી મોહની સત્તા, દ્રવ્યપરિણતિનું કારણ છે.

આમ કરીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે કેવલીને મોહની સત્તા નથી તેથી તેઓને દ્રવ્યહિંસા અને ભાવહિંસા બંને નથી, કેમ કે કેવલીને કેવલજ્ઞાન અને ક્ષાયિકભાવનું વીર્ય છે તેથી તેઓ અવશ્ય દ્રવ્યહિંસાનો પણ પરિહાર કરી જ શકે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, દ્રવ્યપ્રાણાતિપાત દ્રવ્યથી આશ્રવરૂપ છે. ત્યાં પ્રશ્ન થાય કે આત્મામાં કોઇ હિંસાને અનુકૂળ પરિણતિ નહિ હોવા છતાં દ્રવ્યથી પ્રાણાતિપાતને આશ્રવરૂપે કઇ રીતે કહી શકાશે? તેથી પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :-** **'सूक्ष्मपृथिव्यादीनाम्'**- સૂક્ષ્મ પૃથ્વી આદિની જેમ અવિરતિ પ્રત્યય કર્મબંધનું હેતુપણું દ્રવ્યપ્રાણાતિપાતનું છે, તેથી દ્રવ્યથી આશ્રવરૂપ છે. તેથી મોહના ઉદયથી ભાવપ્રાણાતિપાત અને મોહની સત્તાથી દ્રવ્યપ્રાણાતિપાત થાય છે, ઇત્યાદિ અભિમાન પણ કેટલાકનું=પૂર્વપક્ષીનું, વિચારણીય જ છે, એમ ગ્રંથકાર કહે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, શાસ્ત્રમાં ચાર પ્રકારનાં પ્રાણાતિપાત કહ્યાં છે. તેથી ભાવપ્રાણાતિપાત એ વિશેષ કર્મબંધનું કારણ છે, દ્રવ્યપ્રાણાતિપાત અલ્પ કર્મબંધનું કારણ છે. કેમ કે જેમ સૂક્ષ્મ પૃથ્વીકાયાદિને અલ્પ કર્મબંધ થાય છે, તેમ બાર પ્રકારની અવિરતિમાં જીવની દ્રવ્યહિંસારૂપ જે અવિરતિ છે, તત્પ્રત્યય કર્મબંધનો હેતુ દ્રવ્યહિંસા થાય છે, તેથી શાસ્ત્રમાં ચારેય પ્રકારની હિંસાને હિંસારૂપે કહેલ છે, એમ પૂર્વપક્ષીનો આશય છે.

❀ **'इत्यादि अभिमान'** અહીં **'आदि'** પદથી એ કહેવું છે કે, પૂર્વપક્ષીનું જે પ્રાણાતિપાતની દ્રવ્ય અને ભાવપરિણતિ

અનુક્રમે મોહના ઉદયથી અને મોહની સત્તાથી જન્ય છે, તે કથન તો વિચારણીય છે; પરંતુ અન્ય કથન પણ વિચારણીય છે.

તે અન્ય કથન આ પ્રમાણે - કેવળીને ક્ષાયિકવીર્ય હોવાને કારણે તેમના માટે અશક્યપરિહાર કોઇ નથી; તેથી કેવળીથી દ્રવ્યહિંસાનો પરિહાર અવશ્ય થાય છે. એ પ્રકારની પૂર્વપક્ષીની માન્યતા છે, તેને **'आदि'** પદથી અહીં ગ્રહણ કરવાની છે.

**ઉત્થાન :-** પૂર્વપક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'एकेन्द्रियाणाम्'** એકેન્દ્રિયાદિને પણ અજ્ઞાનાદિરૂપ પ્રમાદયોગ વડે ભાવહિંસાનો જ સંભવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, એકેન્દ્રિયાદિને પણ અજ્ઞાન વગેરે આઠ પ્રકારનો પ્રમાદ કહેલ છે. તે પ્રમાદનો યોગ હોવાને કારણે તેઓને ભાવહિંસાનો જ સંભવ છે, તેથી જ તેઓને કર્મબંધ થાય છે, પણ એકેન્દ્રિયાદિને દ્રવ્યહિંસા છે, તેથી કર્મબંધ થતો નથી; માટે એમ ન કહી શકાય કે દ્રવ્યહિંસા એ એકેંદ્રિયાદિની જેમ અવિરતિ પ્રત્યય કર્મબંધનો હેતુ છે. કેમ કે કર્મબંધનો હેતુ ભાવપરિણતિ જ છે, પરંતુ પરિપૂર્ણ યતનાવાળા મુનિઓને દ્રવ્યહિંસા કવચિત્ થઇ જાય તો પણ એકેંદ્રિયાદિની જેમ લેશ કર્મબંધ થાય છે તેમ કહી શકાય નહિ. માટે પૂર્વપક્ષીનું કથન વિચારણીય છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, દ્રવ્યહિંસા ભલે કર્મબંધનો હેતુ ન બને, તો પણ પ્રાણાતિપાતની ક્રિયા મોહજન્ય છે, તેથી જ્યારે ભાવપરિણતિ મોહના ઉદયથી જન્ય છે એમ સિદ્ધ થાય તો, દ્રવ્યપરિણતિને મોહની સત્તાથી જ જન્ય માનવી પડશે. તેના નિરાકરણરૂપે ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'क्षेत्रादिरूपाणाम्'** ક્ષેત્રાદિરૂપ પ્રાણાતિપાતની જેમ, દ્રવ્યાદિરૂપ પણ પ્રાણાતિપાતનું સ્વકારણઉપનિપાતમાત્ર સંભવિ સંભવપણું હોવાને કારણે, મોહથી અજન્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ક્ષેત્રાદિ પ્રાણાતિપાત એ છે કે, જે ક્ષેત્રમાં કોઇ જીવનો દ્રવ્યથી વધ થતો હોય, પરંતુ અપ્રમત્ત મુનિ યતનાપૂર્વક ગમન કરતા હોય ત્યારે, કોઇ જંતુ સહસા તેમના પગ નીચે અનાભોગથી આવી જવાના કારણે નાશ પામે ત્યારે, તે જીવની દ્રવ્યહિંસા તે ક્ષેત્રમાં થઇ, તે ક્ષેત્રરૂપ પ્રાણાતિપાત છે. તે હિંસા જેમ તેના કારણોના=મુનિની ગમનક્રિયા અને નાશ્ય એવા તે જીવનું ગમનક્રિયાના સ્થાનમાં આવીને પડવું અને તે પ્રકારના જ નિમિત્તને પામીને તેના આયુષ્યકર્મની સમાપ્તિ થવી એ રૂપ સ્વકારણોના, ઉપનિપાતમાત્રથી= આગમનમાત્રથી, સંભવિ=થનારી, સંભવતા=ઉદ્ભવતા, હોવાને કારણે, મોહથી અજન્ય છે; તેમ દ્રવ્યાદિરૂપ પ્રાણાતિપાત પણ તેવું જ હોવાને કારણે, મોહથી અજન્ય છે, અર્થાત્ આ દ્રવ્યહિંસા ક્ષેત્રરૂપ પ્રાણાતિપાતમાં બતાવી તેવી જ બાહ્યક્રિયાદિરૂપ બાહ્ય સામગ્રીમાત્રથી જન્યપણું છે, પણ મોહથી જન્યપણું નથી.

**ટીકાર્થ :- 'अन्यथा'** અન્યથા=દ્રવ્યપ્રાણાતિપાતને મોહથી અજન્ય ન માનો તો, ક્યારેક મૂર્ચ્છાજનનથી પરિગૃહીત થયો છે પરિગ્રહત્વસ્વભાવ જેનો એવી કાયા પણ, કેવલીને દ્રવ્યાશ્રવભૂત છે, એથી કરીને તેઓને=કેવલીઓને, અશક્યપરિહારના અભાવને કહેનારા એવા તમને, કેવી રીતે સ્પૃહણીય થશે? એ પ્રમાણે અન્યત્ર વિસ્તાર છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષી પ્રાણાતિપાતને મોહજન્ય સ્વીકારે છે અને દ્રવ્યપ્રાણાતિપાત દ્રવ્યાશ્રવરૂપ હોવાને કારણે મોહની સત્તાથી જન્ય છે તેમ કહે છે, અને કેવલીમાં મોહની સત્તા નથી તેથી તેઓને દ્રવ્યહિંસા પણ હોતી નથી, એ પ્રમાણે કહે છે; તે રીતે કેવલીની કાયા પણ પૂર્વ અવસ્થામાં ક્યારેક મૂર્ચ્છાજનનનું કારણ હતી, તેને જ કારણે તે કાયાનો પરિગ્રહત્વસ્વભાવ પ્રાપ્ત થયો; જેમ કવચિત્ દ્રવ્યહિંસા ભાવહિંસાનું કારણ બને છે તેથી તે દ્રવ્યાશ્રવરૂપ છે, તેમ કેવલીની કાયા પણ પરિગ્રહત્વસ્વભાવવાળી હોવાને કારણે દ્રવ્યાશ્રવરૂપ થશે, અને તે દ્રવ્યાશ્રવની પ્રાપ્તિ મોહની સત્તાથી જ સંભવે તેમ તમારે માનવું પડશે; કેમ કે દ્રવ્યપરિણતિ મોહથી અજન્ય નથી એમ તમારું માનવું છે. એથી કરીને કેવલીઓને દ્રવ્યહિંસા નથી એ કથનમાં, પૂર્વપક્ષી જે યુક્તિ આપે છે કે, કેવલીમાં ક્ષાયિકભાવનું વીર્ય અને કેવલજ્ઞાન હોવાને કારણે તેમના માટે દ્રવ્યહિંસાનો પરિહાર અશક્ય હોઇ શકે નહિ; તે જ રીતે કાયા પણ જ્યારે દ્રવ્યાશ્રવભૂત છે ત્યારે, કેવલીએ તેનો અવશ્ય ત્યાગ કરી દેવો જોઇએ, એમ તમારે માનવું જોઇએ.

**'इत्यन्यत्र'** - પૂર્વમાં કહ્યું કે, આનાથી કેટલાકનું જે અભિમાન છે તે વિચારણીય છે, તેમાં જે કેવલીને દ્રવ્યાશ્રવભૂત એવી કાયાનો ત્યાગ કરવાની પ્રાપ્તિનો પ્રસંગ આવશે એ પ્રકારે જે કથન ગ્રંથકારે કર્યું, તે અહીંયાં સંક્ષેપથી છે, તેનો અન્યત્ર વિસ્તાર છે.

**ઉત્થાન :- 'एतेन....केषाञ्चिद्विचारणीयम्'**થી પૂર્વમાં કહ્યું ત્યાં જે મત છે તે શ્વેતાંબર અંતર્ગત જ કોઇક મત છે, અને તેમની વાત અસંગત છે તેમ બતાવીને તેમને ગ્રંથકાર કહે છે- પરને=દિગંબરને, પરપ્રવૃત્તિ મોહજન્યરૂપે માન્ય છે, તેથી મોહનો ઉદય અને મોહની સત્તા દ્વારા, ભાવ અને દ્રવ્યપરિણતિ દિગંબર કહે તે સંગત થઇ શકે; કેમ કે મોહના ઉદયથી જીવમાં તેવા અધ્યવસાયો પેદા થાય છે જે ભાવપરિણતિરૂપ છે, અને મોહની સત્તાથી પુદ્ગલોમાં પ્રવૃત્તિ થાય છે તે દ્રવ્યપરિણતિરૂપ છે; પરંતુ અહીં કેટલાકનો જે મત છે તેઓ પરપ્રવૃત્તિને મોહજન્ય માનતા નથી, પરંતુ શ્વેતાંબર મત પ્રમાણે જ રાગાદિ પ્રવૃત્તિને મોહજન્ય માને છે. આથી જ કેવલીને મોહ નહિ હોવા છતાં ઉપદેશ આદિની પ્રવૃત્તિ પણ તેઓ સ્વીકારે છે. તેથી કેટલાકના મત પ્રમાણે મોહના ઉદય અને સત્તા દ્વારા ભાવપ્રાણાતિપાત અને દ્રવ્યપ્રાણાતિપાત એમ કહેવું તે અસંગત છે. તે બતાવીને દિગંબરના મત પ્રમાણે પણ મોહના ઉદયથી ભાવપ્રાણાતિપાત અને મોહની સત્તાથી દ્રવ્યપ્રાણાતિપાત થાય છે એમ કહેવું સંગત નથી, તે બતાવતાં કહે છે-

**ટીકા :- परेषां तु परप्रवृत्तेरेव मोहजन्यत्वात् तदुदयसत्ताभ्यां तत्कार्यस्य भावद्रव्यपरिणती संगच्छेते, न चैवमपि संगतं, योगजन्यप्रवृत्तौ मोहस्यान्यथा सिद्धत्वात्, अन्यथा विनिगमनाविरहप्रसङ्गादतिप्रसङ्गाच्चेति दिक् ॥३९॥**

**ટીકાર્થ :- 'परेषां'** વળી પરને=દિગંબરને, પરપ્રવૃત્તિનું જ=પુદ્ગલની પ્રવૃત્તિમાત્રનું જ, મોહજન્યપણું હોવાથી, તત્કાર્યની=મોહના કાર્યની, ભાવ અને દ્રવ્ય પરિણતિ તદુદય અને સત્તાથી=મોહના ઉદય અને સત્તાથી, સંગત થાય છે.

દિગંબરની આ માન્યતા પણ ઉચિત નથી તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'न च'** અને આ પણ સંગત નથી, અર્થાત્ દિગંબરની માન્યતા છે કે પુદ્ગલની પ્રવૃત્તિ મોહજન્ય છે એ પણ સંગત નથી, કેમ કે યોગજન્યપ્રવૃત્તિમાં મોહનું અન્યથાસિદ્ધપણું છે. અન્યથા=યોગજન્યપ્રવૃત્તિમાં મોહને અન્યથાસિદ્ધ ન માનો અને મોહનું કારણપણું માનો તો, પ્રવૃત્તિ પ્રત્યે મોહનો ઉદય કે મોહની સત્તા એ બે કારણોમાંથી કોને કારણ તરીકે માનવું, તેમાં વિનિગમનાવિરહનો પ્રસંગ આવશે અને અતિપ્રસંગ આવશે એ પ્રમાણે દિશાસૂચન છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પરપ્રવૃત્તિનું દિગંબર મોહજન્યપણું માને છે, તેથી મોહના કાર્યરૂપ એવી પ્રાણાતિપાતાદિની દ્રવ્ય અને ભાવપરિણતિરૂપ જે પરપરિણતિ છે, તે દિગંબરમત પ્રમાણે કહી શકાય કે મોહના ઉદયથી ભાવપરિણતિ છે અને મોહની સત્તાથી દ્રવ્યપરિણતિ છે; પરંતુ પુદ્ગલની પ્રવૃત્તિને તેઓ મોહજન્ય કહે છે એ સંગત નથી, અને તેમાં હેતુરૂપે કહેલ કે યોગજન્યપ્રવૃત્તિમાં મોહનું અન્યથાસિદ્ધપણું છે. તેનું તાત્પર્ય એ છે કે, અપ્રમત્ત યતિ યતનાપૂર્વક ગમનચેષ્ટા કરતો હોય ત્યારે, અનાભોગથી કોઇ જીવની દ્રવ્યહિંસા થાય, તે દ્રવ્યહિંસારૂપ પ્રવૃત્તિ યોગજન્ય છે, એ યોગજન્ય પ્રવૃત્તિમાં મોહનું અન્યથાસિદ્ધપણું છે. ત્યાં મોહનો ઉદય પ્રવૃત્તિનો નિયામક જણાતો નથી, પરંતુ મોહની જે સત્તા છે તે પણ હિંસામાં પ્રવૃત્તિરૂપે મુનિને પ્રવર્તાવે છે તેમ દેખાતું નથી, તેથી મોહની સત્તા પણ તે પ્રવૃત્તિ પ્રત્યે અન્યથાસિદ્ધ છે. આમ છતાં, મોહની સત્તાને દ્રવ્યહિંસા પ્રત્યે જો હેતુ કહીએ તો, મુનિને મોહના ઉદયથી કે મોહની સત્તાથી દ્રવ્યહિંસામાં પ્રવૃત્તિ છે, તે બંનેમાં કોઇ વિનિગમક નથી. આનું સમાધાન પૂર્વપક્ષી આ રીતે કરે કે, મુનિને હિંસામાં પ્રવૃત્તિ ઇચ્છાપૂર્વક થયેલ નથી, પરંતુ અહિંસામાં પૂરેપૂરા યતમાન હોવા છતાં અનાભોગને કારણે થયેલ છે, તેથી હિંસાને અનુકૂળ ઇચ્છારૂપ મોહનો ઉદય ત્યાં નથી, તે જ વિનિગમક છે, તેથી મોહની સત્તાથી ત્યાં પ્રવૃત્તિ છે તેમ માનવું ઉચિત છે; માટે બીજો હેતુ કહે છે - અતિપ્રસંગ હોવાને કારણે મોહ અન્યથાસિદ્ધ છે. તેનું તાત્પર્ય એ છે કે, મુનિને યોગથી થનારી પ્રવૃત્તિ પ્રત્યે મોહની સત્તા કારણ માનીએ તો કેવલીને પણ વાદળાની જેમ સહજ વિહારાદિની પ્રવૃત્તિ દિગંબર માને છે, અને વિહારાદિની પ્રવૃત્તિકાળમાં કેવલી સયોગી છે તેથી સયોગી કેવલીમાં યોગથી થનારી પ્રવૃત્તિ હોવાને કારણે મોહની સત્તા માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થશે. માટે પરપ્રવૃત્તિનું મોહજન્યપણું નથી.॥૩૯॥

**અવતરણિકા :- अथेदमुपसंहरन्नाह-**

**અવતરણિકાર્થ :-** હવે એનો =ધર્મનું ઉપકરણ અધ્યાત્મનું વિરોધી છે એ પ્રકારના દિગંબરના વક્તવ્યનું નિરાકરણ કરીને ગાથા-૪ માં બતાવેલ કે મુનિને વસ્ત્ર ધર્મમાં ઉપકારક છે એનો, ઉપસંહાર કરતાં કહે છે-

**ગાથા :-** **सिद्धन्तसिद्धधरणं उवगरणं तं मुणीण सुहकरणं ।**
**अह होई पावहरणं इय अम्हं बिन्ति आयरिया ।।४०।।**

( सिद्धान्तसिद्धधरणं उपकरणं तन्मुनीनां सुखकरणम् । अथ भवति पापहरणं इत्यस्माकं ब्रुवते आचार्याः ।।४०।। )

**ગાથાર્થ :- સિદ્ધાંતમાં સિદ્ધ છે ધરણ જેનું તેવું જે ઉપકરણ તે મુનિના સુખનું કારણ છે, આથી કરીને પાપને હરનારું ઉપકરણ થાય છે એ પ્રમાણે અમારા આચાર્યો કહે છે.**

❀ ગાથામાં '**तं**' **છે તે** '**यद्**' નો પરામર્શ કરે છે, તેનાથી એ પ્રાપ્ત થાય કે જે આવું ઉપકરણ છે તે સુખનું કારણ છે અન્ય ઉપકરણ નહિ.

**ભાવાર્થ :-** સિદ્ધાંતમાં સિદ્ધ ધરણ છે જેનું અર્થાત્ સિદ્ધાંતમાં જેનું ધારણ વિહિત છે તે ઉપકરણ મુનિઓને સુખનું કારણ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે સંયમની પરિણતિ એ જીવને સુખના કારણરૂપ છે, અર્થાત્ ભાવિ સુખનું કારણ છે અને વર્તમાનમાં સુખરૂપ છે તેથી સંયમ એ સુખરૂપ છે, અને તેનું કારણ તે ઉપકરણ છે, આથી જ તે પાપને હરનાર છે અર્થાત્ સંયમની પરિણતિની વૃદ્ધિ કરીને પાપને હરનાર છે. **॥૪૦॥**

**અવતરણિકા :- ननु यदि भवदाचार्यैरेवोत्तराध्ययनबृहद्वृत्तिधर्मसङ्ग्रहण्यादावेतद्विचारे दिगम्बराः परास्तास्तर्हि भवतां किमर्थः पुनः प्रयास इत्याशंकायामाह-**

**અવતરણિકાર્થ :- 'ननु'** થી પૂર્વપક્ષી કહે છે કે, આપના આચાર્યો વડે ઉત્તરાધ્યયન, ધર્મસંગ્રહણી આદિમાં આના= વસ્ત્રના, વિચારમાં દિગંબરો પરાસ્ત કરાયા છે, તો તમારો (ગ્રંથકારનો) શા માટે ફરી પ્રયાસ છે? એ પ્રમાણે આશંકામાં કહે છે -

**ગાથા :-** **पुच्छा दियंबराणं केवलमज्झप्पिआण उवहासो ।**
**अम्हाणं पुण इहयं दोण्हवि पडिआरवावारो ।।४१।।**

( पृच्छा दिगंबराणां केवलमाध्यात्मिकानामुपहासः । अस्माकं पुनरिह द्वयोरपि प्रतीकारव्यापारः ।।४१।। )

**ગાથાર્થ :- દિગંબરોની (કેવલ) પૃચ્છા છે અને આધ્યાત્મિકોનો ઉપહાસ છે, અને અમારો અહીંયાં=ગ્રંથમાં, બંનેના પણ પ્રતીકારનો વ્યાપાર છે.**

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, દિગંબરો વસ્ત્રને સંયમનું સાધન માનતા નથી, તેથી તેઓ શ્વેતાંબરોને પૂછે છે કે, વસ્ત્ર સંયમનું સાધન કેવી રીતે બને? જ્યારે આધ્યાત્મિકો તો એમ માને છે કે, અધ્યાત્મ તો આત્માના પરિણામરૂપ છે અને વસ્ત્ર તો પુદ્ગલ સ્વરૂપ છે, તેથી પુદ્ગલસ્વરૂપ વસ્ત્રો અધ્યાત્મના ઉપકારક સંભવે જ નહિ, અને જો પુદ્ગલસ્વરૂપ વસ્ત્રો પણ અધ્યાત્મનાં ઉપકારક બનતાં હોય, તો સ્ત્રી આદિ પણ સંયમના ઉપકારી બની શકે છે. આ પ્રકારનો તેમનો ઉપહાસ છે.

**ટીકા :-** **आशाम्बरा हि यद्यपि तैस्तैः प्रबन्धैर्दूषिता एव पूर्वाचार्यैस्तथाप्ययमाध्यात्मिकप्रतीकारायैव प्रचिक्रंसितः प्रबन्धोऽनुषङ्गतो दिगंबरप्रतीकारेऽपि प्रभूष्णुरिति भावः।**

**ટીકાર્થ :-** **'आशाम्बरा'** જો કે દિગંબરો તે તે પ્રબંધો વડે પૂર્વાચાર્યો દ્વારા દૂષિત કરાયેલા જ છે, તો પણ આધ્યાત્મિકોના પ્રતીકાર માટે પ્રારંભની ઈચ્છાથી કરાયેલ પ્રબંધ, અનુષંગથી દિગંબરના પ્રતીકારમાં પણ સમર્થ છે; એ પ્રમાણે ભાવ છે.

મૂળ શ્લોકના ભાવને બે શ્લોકો દ્વારા ટીકામાં સ્વયં સ્પષ્ટ કરે છે-

**શ્લોક :-**

**आशंसन्ति हि मार्यमुत्कटतया संभातमापाततो, नैवागृह्य दिगम्बरान्न च पुनःश्वेताम्बरानासते ।**
**किञ्चित्किञ्चिदुदञ्चितोचितवचःसञ्चारमाध्यात्मिकाः छिद्रान्वेषितया निरन्तरममी सर्वत्र मैत्रीकृतः ॥१॥**

**અન્વય :-** दिगम्बरान् आगृह्य न एव च पुनः श्वेताम्बरान् (आगृह्य) आसते अमी आध्यात्मिकाः छिद्रान्वेषितया निरन्तरम् सर्वत्र मैत्रीकृतः आपाततो संभातम् किञ्चित्किञ्चिदुदञ्चितोचितवचःसञ्चारम् मार्यम् उत्कटतया हि आशंसन्ति॥

**શ્લોકાર્થ :-** દિગંબરને ગ્રહણ કરીને જેઓ બેસતા નથી અને વળી શ્વેતાંબરોને ગ્રહણ કરીને બેસતા નથી એવા આ (પેલા) આધ્યાત્મિકો, છિદ્રાન્વેષીપણાથી નિરંતર સર્વત્ર મૈત્રીને કરનારા તેઓ આપાતથી શોભતા એવા અને કિંચિત્ કિંચિત્ બોલાયેલા ઉચિત વચનના સંચારવાળા એવા માર્યને=નિરાકરણીય પદાર્થને, ઉત્કટપણાથી આશંસા કરે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નામધારી આધ્યાત્મિકો કેવલ દિગંબરોને પોતાનો પક્ષ માનીને બેસતા નથી કે શ્વેતાંબરોને પોતાનો પક્ષ માનીને બેસતા નથી, અને નિરંતર બધા પ્રત્યે છિદ્રાન્વેષીપણાથી મૈત્રીને કરનારા છે. =તેઓની મતિમાં આત્માનો પરિણામ જ મોક્ષને અનુકૂળ પ્રતિભાસ થાય છે. તેથી દિગંબરો કે શ્વેતાંબરોની બાહ્ય ક્રિયાઓ તેમને ઉચિત પ્રતિભાસ થતી નથી. તેથી તેમાં છિદ્રને જોવારૂપે જ બંને પક્ષમાં મૈત્રીને કરે છે, પણ તેમાં રહેલાં તત્ત્વોને જોવારૂપે મૈત્રીને કરતા નથી. તેઓ માયાવી ન હોય તો પણ, પોતાની માન્યતા ઉપર અતિ અભિનિવેશ હોવાને કારણે, બીજાની માન્યતાને સમજવાનો યત્ન હોવાને બદલે તેમાં દોષો જોવારૂપે જ બંને પક્ષોને સાંભળવા યત્ન કરે છે. અને આપાતથી સુંદર ભાસતું અને કાંઈક કાંઈક અધ્યાત્મના કથનરૂપ આત્માના પરિણામને કહેનાર એવા ઉચિત વચન સંચાર છે જેમાં, એવા તે લોકોના માનેલા અધ્યાત્મરૂપ માર્યને=નિરાકરણીયરૂપ પદાર્થને, તેઓ ઉત્કટપણે આશંસા કરે છે. અર્થાત્ અમારું આ અધ્યાત્મ છે તે જ ઉત્કટ છે, કેમ કે અમે માત્ર આત્માના પરિણામને જ અધ્યાત્મરૂપે સ્વીકારીએ છીએ, જ્યારે દિગંબરો અને શ્વેતાંબરો બાહ્ય પ્રવૃત્તિને=પુદ્ગલની પ્રવૃત્તિને, પણ અધ્યાત્મના કારણરૂપ માને છે.

શ્લોક :-

**लब्ध्वेव प्रतिपक्षलक्षदलनात्षट्तर्कसंपर्कजग्रन्थक्षोदविनोदनोदयनोऽप्यभ्यासकेलिश्रमम् ।**
**एतत्प्रक्रमकैतवाज्जिनवचःपीयूषपाथोनिधावध्यात्मामृतमज्जने सपदि मद्वाग्देवताभ्युद्यता ॥२॥**

**અન્વય :-** प्रतिपक्षलक्षदलनात् अभ्यासकेलिश्रमम् लब्ध्वेव षट्तर्कसंपर्कजग्रन्थक्षोदविनोदनोदयनो (ना) मद्वाग्देवता एतत् प्रक्रमकैतवात् जिनवचःपीयूषपाथोनिधौ अध्यात्मामृतमज्जने सपदि अभ्युद्यता ॥

**શ્લોકાર્થ :-** પ્રતિપક્ષલક્ષના દલનથી અભ્યાસરૂપી કેલિશ્રમને જાણે પામેલી, અને ષટ્તર્કના સંપર્કથી પેદા થયેલ ગ્રંથના ક્ષોદના વિનોદન માટે ઉદનયન પણ મારી વાગ્દેવતા, આ પ્રક્રમના કૈતવથી=નામ આધ્યાત્મિકોના નિરાકરણીય એવા અધ્યાત્મના નિરાકરણરૂપ પ્રક્રમના બહાનાથી, જિનવચનરૂપી પીયૂષના પાથોનિધિ વિષયક અધ્યાત્મરૂપી અમૃતના મજ્જનમાં સપદિ=શીઘ્ર અભ્યુદ્યત છે.

❀ શ્લોકમાં **'विनोदन'** પછી **'उदनयनो'** પ્રયોગ છે ત્યાં **'उदनयना'** હોવાની સંભાવના છે અને તે મુજબ શ્લોકાર્થમાં અર્થ કરેલ છે.

આ બે શ્લોકનો નિષ્કર્ષ એ છે કે, આધ્યાત્મિકો નિરાકરણીય પદાર્થને ઉત્કટપણાથી આશંસા કરે છે, તે તેઓનો ખરેખર ભ્રમ છે; અને ગ્રંથકાર પોતે ષટ્તર્કના ગ્રંથના અભ્યાસથી વિનોદને પેદા કરે તેવા વાગ્દેવતાવાળા છે તો પણ, આ ગ્રંથના પ્રક્રમ દ્વારા ભગવાનના વચનરૂપી સમુદ્રમાં રહેલા અધ્યાત્મરૂપી અમૃતને વલોવીને વિશેષરૂપે બહાર કાઢવાની આકાંક્ષાવાળા છે, તેથી ભ્રમાત્મક એવા આધ્યાત્મિકોનું નિરાકરણ કરવા માટે આ પ્રક્રમનો પ્રારંભ કરેલ છે.**॥૪૧॥**

❀ અહીંથી મુખ્યરૂપે અધ્યાત્મમતનું નિરાકરણ શરૂ થાય છે.

**અવતરણિકા :- तदेवं धर्मोपकरणस्याध्यात्मविरोधितां समाधाय तल्लाभोपायमुपदिशति-**

**અવતરણિકાર્થ :-** આ રીતે=અધ્યાત્મ બતાવવાનો પ્રારંભ કરતાં વચમાં ઉપસ્થિત એવા દિગંબરના વસ્ત્રના નિષેધનું નિરાકરણ કર્યું એ રીતે, ધર્મના ઉપકરણની અધ્યાત્મની વિરોધિતાનું સમાધાન કરીને, તેના=અધ્યાત્મના, લાભના ઉપાયને બતાવે છે-

ગાથા :- **पंचसमिओ तिगुत्तो सुविहियववहारकिरियपरिकम्मो ।**
**पावइ परमज्झप्पं साहू विजिइन्दियप्पसरो ॥४२॥**

( पंचसमितिस्त्रिगुप्तः सुविहितव्यवहारक्रियापरिकर्म्मा । प्राप्नोति परमाध्यात्मं साधुर्विजितेन्द्रियप्रसरः ॥४२॥)

**ગાથાર્થ :- પાંચ સમિતિથી સમિત અને ત્રણ ગુપ્તિથી ગુપ્ત, સુવિહિત વ્યવહારક્રિયારૂપ પરિકર્મવાળો, વિજિત ઈંદ્રિયના પ્રસરવાળો સાધુ પરમ અધ્યાત્મને પામે છે.**

**ટીકા :- पञ्चभिः समितिभिस्तिसृभिर्गुप्तिभिश्च सहितः साधुः सिद्धान्तोदितालयविहारस्थानाऽऽचङ्क्रमणादिविविधव्यवहारक्रियां परिशील्य तत्रैव दत्तदृष्टितयेन्द्रियनिरोधेन बाह्यव्यापाराभावात् चित्तस्यैकाग्रतया परमात्मतत्त्वसंवित्तिरूपमात्मध्यानमाप्नोति साधुः, नत्वन्यथैव, हेत्वभावाद् ॥४२॥**

**ટીકાર્થ :- 'पञ्चभिः'** પાંચ સમિતિઓથી અને ત્રણ ગુપ્તિઓથી યુક્ત એવો સાધુ, સિદ્ધાંતમાં કહેવાયેલ આલય-વિહાર-સ્થાન-ચંક્રમણાદિરૂપ વિવિધ પ્રકારની વ્યવહારક્રિયાઓનું સાધુ=શોભન, પરિશીલન કરીને (=ક્રિયાઓના પુનઃ પુનઃ સેવનથી આત્મસાત્ કરીને), ત્યાં જ=વિવિધ પ્રકારની ક્રિયામાં જ, દત્તદૃષ્ટિપણું હોવાને કારણે=દઢતર યત્ન હોવાને કારણે, ઇંદ્રિયોનો નિરોધ થાય છે તેથી, બાહ્ય પદાર્થવિષયક વ્યાપારનો અભાવ થાય છે તેથી, (વ્યવહારક્રિયામાં પોતે જ્યાં દૃષ્ટિવાળો છે ત્યાં) ચિત્તનું એકાગ્રપણું થાય છે તેને કારણે, (સર્વ સંકલ્પવિકલ્પથી રહિત એવી ઉચિત ક્રિયાના સેવનકાળમાં શ્રુતના ઉપયોગરૂપ) પરમાત્મતત્ત્વની સંવિત્તિરૂપ આત્મધ્યાનને તે પ્રાપ્ત કરે છે. (તે આત્મધ્યાન રાગાદિના વિકલ્પથી રહિત એવા શ્રુતના ઉપયોગ સ્વરૂપ શ્રેષ્ઠ કોટિના આત્મસંવેદનરૂપ છે.)

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અધ્યાત્મની પ્રાપ્તિના હેતુરૂપ વ્યવહારક્રિયાને આત્મસાત્ કર્યા પછી, તેમાં અતિશયિત ઉપયોગરૂપ દઢ યત્ન હોય તો જ અધ્યાત્મની શુદ્ધિ થઇ શકે છે. જો વ્યવહારક્રિયામાં દઢ ઉપયોગ ન હોય અને માત્ર અધ્યાત્મના વિચાર કરતો હોય, એટલા માત્રથી અધ્યાત્મની પ્રાપ્તિ થતી નથી. તેથી જ કહ્યું કે આવો (વ્યવહારક્રિયામાં દઢ ઉપયોગવાળો) સાધુ અધ્યાત્મને પામે છે પરંતુ આવો સાધુ ન હોય તો અધ્યાત્મને પ્રાપ્ત કરતો નથી, કેમ કે ક્રિયારૂપ હેતુનો અભાવ છે.

પૂર્વમાં બતાવેલ વ્યવહારક્રિયાને કરતો એવો સાધુ ન હોય તો અધ્યાત્મને પ્રાપ્ત કરતો નથી, તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'न तु'**- અન્યથા નહિ જ.=વ્યવહારક્રિયાનું પરિશીલન કરીને ત્યાં જ દત્તદૃષ્ટિપણાથી અધ્યાત્મધ્યાન પ્રાપ્ત થાય છે, પરંતુ અન્યથા નહિ જ.=વ્યવહારક્રિયામાં દત્તદૃષ્ટિપણા વગર નહિ જ, કેમ કે હેતુનો અભાવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અધ્યાત્મની પ્રાપ્તિના હેતુભૂત વ્યવહારક્રિયાને આત્મસાત્ કર્યા પછી, તેમાં અતિશયિત ઉપયોગરૂપ દત્તદૃષ્ટિરૂપ હેતુ નહીં હોવાથી, શુદ્ધ આત્મતત્ત્વનું ભાવન કરે તો પણ, અધ્યાત્મધ્યાન પ્રાપ્ત થતું નથી. માટે વ્યવહારક્રિયાનો અપલાપ કરનાર એવા નામઆધ્યાત્મિકોની આત્માની વિચારણા અધ્યાત્મની પ્રાપ્તિ કરાવતી નથી.**॥૪૨॥**

**અવતરણિકા :- अथ व्यवहारविलोपिनामपायमुपदर्शयति-**

**અવતરણિકાર્થ :-** હવે (નિશ્ચયને પકડી) નામઆધ્યાત્મિકો વ્યવહારનો લોપ કરનારા છે, તેઓને (આવતા) અપાયો ગ્રંથકારશ્રી બતાવે છે-

ગાથા :- लुंपइ बज्झं किरियं जो खलु आहच्चभावकहणेणं ।
सो हणइ बोहिबीअं उम्मग्गपरूवणं काउं ॥४३॥

(लुम्पति बाह्यां क्रियां यः खलु आहत्यभावकथनेन । स हन्ति बोधिबीजं उन्मार्गप्ररूपणं कृत्वा ॥४३॥)

**ગાથાર્થ :-** જે ખરેખર કાદાચિત્કભાવના કથન વડે બાહ્યક્રિયાનો લોપ કરે છે, તે ઉન્માર્ગની પ્રરૂપણા કરીને બોધિબીજને હણે છે.

**ટીકા :- आन्तरमेव करणं फलसाधकं, न तु बाह्यकरणमपि, भरतादीनां बाह्यकरणरहितानामपि केवलज्ञानोत्पत्तेः इति कादाचित्कं भावमवलम्ब्य व्यवहारं ये विलुम्पन्ते ते स्वयमुन्मार्गप्ररूपणप्रसूत-मिथ्यात्ववशात् स्वबोधिबीजमुन्मूलयन्ति, यदागमः-**

[१] पत्तेयबुद्धकरणे चरणं णासन्ति जिणवरिंदाणं ।
आहच्चभावकहणे पंचहिं ठाणेहिं पासत्था ॥ [आ. नि. ११५१]
[२] उम्मग्गदेसणाए चरणं णासंति जिणवरिंदाणं ।
वावण्णदंसणा खलु ण हु लब्भा तारिसा दट्ठुं ॥ त्ति॥ [आ. नि. ११५२]

**ટીકાર્થ :- 'आन्तरमेव'** આંતર જ કરણ ફલસાધક છે પરંતુ બાહ્યકરણ પણ નહિ, કેમ કે બાહ્યકરણરહિત પણ ભરતાદિને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થયેલ. એ પ્રકારના કાદાચિત્કભાવનું અવલંબન કરીને જેઓ વ્યવહારનો લોપ કરે છે, તેઓ સ્વયં ઉન્માર્ગની પ્રરૂપણાથી પ્રસૂત મિથ્યાત્વના વશથી સ્વબોધિબીજનું ઉન્મૂલન કરે છે.

જે કારણથી આગમ આ પ્રમાણે છે-

**'पत्तेय'** - પ્રત્યેકબુદ્ધના કરણમાં આહત્યભાવના કથનમાં પાંચ સ્થાનો વડે પાસત્થાઓ જિનેશ્વરદેવ સંબંધી ચારિત્રનો નાશ કરે છે.

**'उम्मग्ग'** - (ઉપરના શ્લોકમાં કહ્યું એ પ્રકારે) ઉન્માર્ગની દેશનાથી જિનવરેન્દ્ર સંબંધી (પોતાના અને અન્યના) ચારિત્રનો નાશ કરે છે. એથી કરીને વ્યાપન્નદર્શનવાળા એવા તેઓ=પાસત્થાઓ, જોવા માટે પણ યોગ્ય નથી. (**'ण हु'** શબ્દ **'न एव'** અર્થમાં છે.)

* **'पत्तेयबुद्धकरणे'** માં સપ્તમી પ્રયોગ છે તે હેતુ અર્થક છે, અને **'आहच्चभावकहणे'**માં સપ્તમી છે તે પણ હેતુ અર્થક છે, અને પ્રત્યેકબુદ્ધના કરણમાં જે સપ્તમી છે તે આહત્યભાવકથનમાં હેતુરૂપે છે, અને આહત્યભાવકથનમાં જે સપ્તમી છે તેરૂપ હેતુથી, જિનેશ્વરદેવ સંબંધી ચારિત્રનો નાશ પાસત્થાઓ કરે છે, તેમ અન્વય છે.

---

१. प्रत्येकबुद्धकरणे चरणं नाशयन्ति जिनवरेन्द्राणाम्। आहत्यभावकथने पञ्चभिः स्थानैः पार्श्वस्थाः ॥
२. उन्मार्गदेशनया चरणं नाशयन्ति जिनवरेन्द्राणाम्। व्यापन्नदर्शना खलु नैव लभ्या तादृशा दृष्टुम् ॥

**ભાવાર્થ :- 'पत्तेय'** તાત્પર્ય એ છે કે, પ્રત્યેકબુદ્ધના કરણમાં ફલસાધકપણું સ્વીકારાયે છતે, અને તેના કારણે, આહત્યભાવનું કથન કરાય છે, (અહીં ફલસાધકપણું સ્વીકારાયે છતે આ કથન, ટીકામાં અધ્યાહારથી ગ્રહણ કરેલ છે, મૂળમાં નથી.) અને આહત્યભાવના કથનને કારણે જિનેશ્વરદેવ સંબંધી ચારિત્રનો નાશ, પાંચ સ્થાનોની આચરણા દ્વારા પાસત્થાઓ કરે છે અને તે ચારિત્રનો નાશ પોતાનો અને શ્રોતાઓનો બંન્નેનો કરે છે. કેમ કે આહત્યભાવનું કથન કરીને પોતે અહિંસાદિ પાંચ સ્થાનોમાં પ્રમાદ કરે છે અને તે રીતે પોતાનું ચારિત્ર નાશ કરે છે, અને આહત્યભાવના કથન દ્વારા લોકોને બાહ્ય આચરણામાં શિથિલ કરાવીને, તેમના પણ ચારિત્રનો નાશ કરે છે.

અહીં આહત્યભાવનું કથન એ છે કે, ભરતાદિ બાહ્ય આચરણા વગર જે કેવલજ્ઞાન પામ્યા તે ક્યારેક કોઈક જીવને થાય છે, પરંતુ સામાન્યથી સર્વ જીવને સંયમની આચરણાથી જ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે; તે સામાન્ય ચારિત્રની આચરણારૂપ માર્ગને છોડીને, કાદાચિત્કભાવને પ્રધાન કરીને, લોકોને અંતરંગ પરિણામથી જ મોક્ષ થાય છે તેમ કહીને, સન્માર્ગમાં શિથિલ પ્રવૃત્તિવાળા પાસત્થાઓ સ્વયં બને છે અને બીજાને બનાવે છે.

**ટીકા :- ननु भरतादीनां व्यवहारक्रियापेक्षां विनैवाध्यात्मलाभे तत्र कथमस्या उपयोग इति चेत्? न, प्राग्भवाभ्यस्तोभयकरणप्रसूतनिर्जराविशेषसध्रीचीनान्तरकरणमात्रात्तेषामाहत्य केवलोत्पत्तावपि बाह्यक्रियायाः परम्परयोपयोगात्, तथाभूतस्य चानादरे सांप्रतीनधर्मध्यानादेरपि दूरे निर्वाणजनकस्यानादरप्रसङ्गात्।**

**ટીકાર્થ :- 'ननु'**થી પૂર્વપક્ષી પ્રશ્ન કરે છે કે, ભરતાદિને વ્યવહારક્રિયાની અપેક્ષા વિના જ અધ્યાત્મનો લાભ થયે છતે જ, ત્યાં=અધ્યાત્મના લાભમાં, આનો=ક્રિયાનો, ઉપયોગ કેવી રીતે છે? અર્થાત્ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું.

**'प्राग्भव'** કેમ કે પૂર્વભવમાં અભ્યસ્ત ઉભયકરણથી પ્રસૂત કર્મનિર્જરાથી **सध्रीचीन**=સહિત, અંતરકરણમાત્રથી, તેઓને=ભરતાદિને, કાદાચિત્ક કેવળજ્ઞાનની ઉત્પત્તિમાં પણ બાહ્યક્રિયાનો પરંપરાએ ઉપયોગ છે. અને તથાભૂતના અનાદરમાં=અધ્યાત્મની પ્રાપ્તિમાં કારણભૂત એવી બાહ્યક્રિયાના અનાદરમાં, દૂરમાં નિર્વાણજનક એવા **सांप्रतीन**=વર્તમાનકાલીન, ધર્મધ્યાનાદિના પણ અનાદરનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** ભરતમહારાજાએ પૂર્વભવમાં ઉભયકરણનો અભ્યાસ કરેલ. અર્થાત્ શાસ્ત્રાનુસારી ક્રિયારૂપ મોક્ષને અનુકૂળ એવો પુરુષકાર તે બહિરંગકરણ, અને ચારિત્રની પરિણતિને અનુકૂળ એવા ક્ષયોપશમભાવવાળું જે કર્મ તે રૂપ અદૃષ્ટ, કે જે મોક્ષના પ્રતિ કારણભાવરૂપ છે, તે ઉભયકરણથી પ્રસૂત એવી જે નિર્જરાવિશેષ, તે તેમણે પૂર્વભવમાં પ્રાપ્ત કરેલ, અર્થાત્ વિશેષ પ્રકારની સમતાની પ્રાપ્તિમાં પ્રતિબંધક એવા ચારિત્રમોહનીયકર્મોનું નિર્જરણ કરેલ. તે રૂપ નિર્જરાવિશેષથી સહિત એવું જે અંતરકરણ,=સત્તામાં રહેલું એવું જે અદૃષ્ટ, જે યદ્યપિ અત્યારે ક્ષયોપશમભાવરૂપ નહીં હોવા છતાં પૂર્વમાં કરાયેલી નિર્જરાવિશેષથી ઉપષ્ટંભિત હોવાને કારણે, બાહ્યક્રિયાના અવલંબન વગર, ફક્ત બાહ્ય નિમિત્તને પામીને ઉલ્લસિત થયેલા વીર્યથી જેનો ક્ષયોપશમભાવ પ્રગટ થયો છે, તે રૂપ અદૃષ્ટરૂપ અંતરકરણમાત્રથી, તેઓને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયેલ. તેથી પરંપરાએ ભરતાદિના કેવળજ્ઞાનમાં

પણ બાહ્યક્રિયાનો ઉપયોગ છે. અને પરંપરાએ બાહ્યક્રિયાનો ઉપયોગ હોવા છતાં તેનો અનાદર કરવામાં આવે તો, વર્તમાનકાળનાં ધર્મધ્યાનાદિ પણ સાક્ષાત્ મોક્ષનાં કારણ નથી પરંતુ પરંપરાએ નિર્વાણજનક છે તેથી, વર્તમાનકાલીન એવા ધર્મધ્યાનાદિના પણ અનાદરનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અહીં વિશેષ એ છે કે, આધ્યાત્મિકો બાહ્યક્રિયાનો અપલાપ કરે છે, અને અધ્યાત્મની પ્રાપ્તિ માટે ધર્મધ્યાનાદિનો સ્વીકાર કરે છે, અને તેમાં ભરતાદિનું દૃષ્ટાંત ગ્રહણ કરે છે; તેથી ગ્રંથકાર કહે છે કે, ભરતાદિ પણ જન્માંતરમાં બાહ્યક્રિયાઓ સેવીને જ આ ભવમાં બાહ્યક્રિયા વગર કેવળજ્ઞાન પામ્યા, તેથી પરંપરાએ કારણભૂત બાહ્યક્રિયાનો તમે અપલાપ કરશો, અને સાક્ષાત્ કારણ એવા ધર્મધ્યાનાદિને જ અધ્યાત્મના ઉપાયરૂપે સ્વીકારશો તો વર્તમાનકાળના ધર્મધ્યાનાદિ પણ પરંપરાએ મોક્ષના કારણ છે માટે, મોક્ષના અર્થી દ્વારા તે ધર્મધ્યાનાદિનો પણ સ્વીકાર થઇ શકશે નહીં; તેથી અધ્યાત્મની પ્રવૃત્તિ જ થઇ શકશે નહિ.

**ટીકા :- ननु तथापि व्यवहारक्रियां विनापि मरुदेवादीनां केवलज्ञानोत्पत्तेर्व्यभिचारादिष्टसाधनत्वग्रहं विना कथं तत्र प्रवृत्तिः? इति चेत्? न तावदिष्टसाधनताज्ञानत्वेनैव प्रवर्त्तकता, अपि त्विष्टप्रयोजकत्वज्ञानत्वेनैव, अन्यथा तृप्त्यर्थिनस्तन्दुलक्रयणादावप्रवृत्तिप्रसङ्गात् तत्त्वं च व्यवहारक्रियायामपि निराबाधमिति॥४३॥**

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે કે, તો પણ અર્થાત્ ભરતાદિમાં ભલે પૂર્વની ક્રિયા હોય તો પણ, વ્યવહાર ક્રિયા વિના પણ મરુદેવાદિને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થયેલ હોવાને કારણે વ્યભિચાર આવતો હોવાથી, ઇષ્ટસાધનત્વગ્રહ (જ્ઞાન) વિના કેવી રીતે ત્યાં અર્થાત્ વ્યવહારક્રિયામાં પ્રવૃત્તિ થશે? અર્થાત્ નહિ થાય.
તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું.
'**न तावदिष्ट**' કેમ કે ઇષ્ટસાધનત્વના જ્ઞાનત્વથી જ પ્રવર્તકતા નથી, પરંતુ ઇષ્ટપ્રયોજકત્વના જ્ઞાનત્વથી જ. (પ્રવર્તકતા છે). **अन्यथा**=ઇષ્ટપ્રયોજકત્વના જ્ઞાનત્વથી પ્રવર્તકતા ન માનો, અને ઇષ્ટસાધનત્વના જ્ઞાનત્વથી જ પ્રયોજકતા માનો તો, તૃપ્તિના અર્થીની તંદુલક્રયણાદિમાં અપ્રવૃત્તિનો પ્રસંગ આવશે, અને **तत्त्वं**=ઇષ્ટપ્રયોજકત્વનું જ્ઞાન, વ્યવહારક્રિયામાં પણ નિરાબાધ છે.
'**इति**' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** પૂર્વપક્ષીનું કહેવું છે કે, ભરતાદિએ પૂર્વભવમાં વ્યવહારક્રિયા કરેલ છે, તેથી આ ભવમાં વગર ક્રિયાએ પણ કેવલજ્ઞાનની ઉત્પત્તિ થઇ, તો પણ મરુદેવાદિએ આ સંસારમાં ક્યારે પણ વ્યવહારક્રિયાઓ કરી નથી, આમ છતાં કેવળજ્ઞાનની ઉત્પત્તિ થઇ, તેથી વ્યવહારક્રિયામાં કેવળજ્ઞાન પ્રત્યેની કારણતા સ્વીકારવામાં વ્યભિચાર દેખાય છે; તેથી વ્યવહારની ક્રિયામાં ઇષ્ટસાધનતાનું જ્ઞાન થઇ શકે નહિ. તેથી કેવળજ્ઞાનના અર્થીની વ્યવહારમાં પ્રવૃત્તિ થાય નહિ, પરંતુ અંતરંગ જ અધ્યાત્મની પરિણતિમાં યત્ન થાય તે ઉચિત છે. એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, કાર્યના અર્થીની કારણમાં પ્રવૃત્તિ ઇષ્ટસાધનતાના જ્ઞાનથી થાય છે, તેવી રીતે ઇષ્ટપ્રયોજકતાના જ્ઞાનથી પણ થાય છે. જેમ તૃપ્તિનો અર્થી તૃપ્તિના ઉપાયભૂત ભોજનમાં પ્રવૃત્તિ કરે

છે, ત્યાં ભોજનક્રિયામાં પણ ઇષ્ટસાધનતાનું જ્ઞાન છે; અને તૃપ્તિનો અર્થી ચોખાની ખરીદીમાં પણ પ્રવૃત્તિ કરે છે, ત્યાં તૃપ્તિનો અર્થી જાણે છે કે ચોખા ખરીદવા એ તૃપ્તિનો ઉપાય નથી, પરંતુ તૃપ્તિનો પ્રયોજક છે; આથી જ કોઇ વ્યક્તિએ ચોખા ખરીદ કર્યા ન હોય, અને પોતાના ખેતર આદિમાંથી પ્રાપ્ત થયા હોય, કે ઘરમાં વિદ્યમાન હોય, તો ભોજનની પ્રાપ્તિ કરી શકે છે; અને ક્વચિત્ અન્ય પાસેથી ભોજનની પ્રાપ્તિ થાય તો પણ, ભોજનની ક્રિયાથી તૃપ્તિ મેળવી શકે છે; એથી તૃપ્તિનો ઉપાય ચોખાની ખરીદી આદિની ક્રિયા નથી, પરંતુ ચોખાની ખરીદી આદિની ક્રિયા તૃપ્તિની પ્રયોજક છે. તેવી જ રીતે વ્યવહારની ક્રિયાઓ કેવળજ્ઞાનની પ્રયોજક છે, તેથી જ મરુદેવાદિને વ્યવહારની ક્રિયા વગર પણ અંતરંગ યત્નથી કેવળજ્ઞાન પેદા થયું; તો પણ જેમ ભોજનની પ્રાપ્તિ તંદુલની ખરીદી આદિથી બહુલતાએ પ્રાપ્ત થાય છે, અને ક્વચિત્ અન્ય પાસેથી સીધા ભોજનની પ્રાપ્તિ થાય છે; તેમ બહુલતાએ વ્યવહારની ક્રિયાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, અને ક્વચિત્ વ્યવહારની ક્રિયા વગર પણ સીધા અંતરંગ યત્નથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી કાર્યનો અર્થી ઇષ્ટપ્રયોજકતાના જ્ઞાનથી વ્યવહારની ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે.

અહીં વિશેષ એ છે કે ઇષ્ટનું સાધન તે જ કહેવાય કે જેની પ્રાપ્તિથી કાર્યની નિષ્પત્તિ થાય, અને જેના અભાવમાં કાર્ય નિષ્પન્ન ન જ થાય; પરંતુ ઇષ્ટનું પ્રયોજક તો એ પણ બની શકે, કે જેમાં ઇષ્ટનો અર્થી ઇષ્ટની સિદ્ધિ માટે સુગમ ઉપાયરૂપે જાણીને તેમાં પ્રવૃત્તિ કરે, ક્વચિત્ તેના વગર પણ કાર્ય થતું હોય તો પણ તેને ઇષ્ટપ્રયોજક કહેવાય. અને પ્રસ્તુત વ્યવહારક્રિયામાં વિવેકીને ઇષ્ટપ્રયોજકત્વનું જ્ઞાન છે અને તે જ પ્રવૃત્તિનો નિયામક છે; માટે દોષ નથી.**॥૪૩॥**

**અવતરણિકા :- अथ मरुदेवादीनामिवान्येषामपि स्वभावादेव निर्वाणलाभसंभवात् केवलं ब्रहुतरकाय-क्लेशजनिकायां व्यवहारक्रियायां कथमिव प्रेक्षावन्तः प्रवर्त्तन्ताम्? इति चेत्? नूनमेवं सौगतमतावलम्बी कथमन्यत्रापि प्रवर्त्तिष्यते भवान्? अस्माकं तु निश्चयतः सर्वस्यैव स्वभावादेव संभवाद् व्यवहारादेव बाह्यकरणजन्यत्वाद्वस्तुतो न प्रवृत्त्यनुपपत्तिरित्युपदिशति-**

**અવતરણિકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષીની શંકાનું ઉત્થાન કરે છે-

મરુદેવાદિની જેમ બીજાઓને પણ સ્વભાવથી જ નિર્વાણલાભનો સંભવ હોવાથી કેવળ બહુતર કાયક્લેશની જનિકા એવી વ્યવહારક્રિયામાં કેવી રીતે બુદ્ધિશાળી પ્રવર્તે? અર્થાત્ ન પ્રવર્તે. આ રીતે '**इति चेत्**' સુધી શંકા કરેલ છે. તેનો ઉત્તર આપતાં કહે છે- આ રીતે સૌગતમતનું અવલંબન કરનાર તમે અન્યત્ર પણ=સંસારની અન્યપ્રવૃત્તિમાં પણ, કેવી રીતે પ્રવર્તશો? અર્થાત્ અન્યત્ર પ્રવૃત્તિ નહિ થાય. વળી અમને તો નિશ્ચયથી સર્વનો જ=સર્વકાર્યનો જ, સ્વભાવથી જ સંભવ હોવાને કારણે વ્યવહારથી જ બાહ્યકરણનું જન્યપણું હોવાથી વસ્તુતઃ પ્રવૃત્તિની અનુપપત્તિ નથી. એ પ્રકારે ઉપદેશ આપે છે.

**ભાવાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષીને એ કહેવું છે કે, જેમ મરુદેવાદિને સ્વભાવથી જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ, તેમ અન્યને પણ થઇ શકે છે. તેથી ફક્ત ઘણા કાયક્લેશને પેદા કરનાર એવી સંયમની વ્યવહારની આચરણાઓમાં વિચારક કેવી રીતે પ્રવૃત્તિ કરે?

પૂર્વપક્ષીનો કહેવાનો આશય એ છે કે, જેમ મરુદેવાદિને સ્વભાવથી કેવલજ્ઞાન થયું, તેમ જે લોકો ચારિત્રની આચરણાઓ કરે છે તેઓને પણ કેવલજ્ઞાન તો અંતરંગ પરિણામરૂપ સ્વભાવથી જ પ્રગટ થાય છે, અને બાહ્ય ક્રિયાઓ તો કેવલ કાયક્લેશરૂપ જ છે, પરંતુ કેવલજ્ઞાન સાથે તે ક્રિયાઓને કોઇ કાર્ય-કારણભાવ નથી. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, આ પ્રમાણે એકાંત સ્વભાવવાદને સ્વીકારીને તમે બૌદ્ધમતનો જ સ્વીકાર કર્યો છે, અને તે રીતે સંસારની દરેક પ્રવૃત્તિ પણ કરવાની જરૂર રહેતી નથી. જેમ કુર્વદ્રૂપત્વવાળા બીજથી જ અંકુર થાય છે, તેથી અંકુરના અર્થીએ ખેતી આદિમાં પ્રવૃત્તિ કરવાની જરૂર રહેતી નથી, કેમ કે તે ક્રિયા તો બાહ્ય કાયક્લેશરૂપ જ છે, કાર્ય તો કુર્વદ્રૂપત્વવાળા બીજથી જ થાય છે, આ પ્રકારે તમને આપત્તિ આવશે; એમ કહીને ગ્રંથકારને એ કહેવું છે કે, અમને આપત્તિ નહિ આવે, કેમ કે અમે માનીએ છીએ કે, નિશ્ચયનયથી તમામ કાર્યો સ્વભાવથી જ પ્રગટે છે; તેથી બાહ્ય આચરણા કરનારાઓને પણ કેવલજ્ઞાન પ્રગટે છે તે સ્વભાવને કારણે જ પ્રગટે છે; અને વ્યવહારનયથી બાહ્યઆચરણાજન્ય કાર્યની નિષ્પત્તિ છે, તેથી વ્યવહારનયને અવલંબીને કાર્યના અર્થીની બાહ્ય કારણમાં પ્રવૃત્તિની અનુપપત્તિ નથી. એ પ્રમાણે કહે છે.

અહીં વિશેષ એ છે કે સ્વભાવથી જ કેવલજ્ઞાન થાય છે, તેનો આશય એ નથી કે સર્વથા વીર્યવ્યાપાર વગર જ કેવલજ્ઞાન થાય છે; પરંતુ બાહ્યક્રિયામાં જે પ્રયત્ન છે તે પુરુષકાર છે, તેનાથી કેવલજ્ઞાન થતું નથી પરંતુ અંતરંગ પરિણામરૂપ જે ક્ષયોપશમભાવ છે તેમાં યત્ન કરવાથી કેવલજ્ઞાન થાય છે; અને મરુદેવામાતાને પણ અંતરંગ પરિણામથી જ કેવલજ્ઞાન પ્રગટેલ, માટે અંતરંગ જ યત્ન કરવો જોઇએ, બાહ્યક્રિયામાં નહિ, તેમ આધ્યાત્મિકોનો આશય છે.

ગાથા :- सव्वं सहावसज्झं णिच्छयओ, परकयं च ववहारा ।
एगन्ते मिच्छत्तं, उभयणयमयं पुण पमाणं ।।४४।।

( सर्वं स्वभावसाध्यं निश्चयतः, परकृतं च व्यवहारात्। एकान्ते मिथ्यात्वं, उभयनयमतं पुनः प्रमाणम्।।४४।। )

**ગાથાર્થ :- નિશ્ચયથી સર્વ કાર્ય સ્વભાવ સાધ્ય છે અને વ્યવહારથી (સર્વ કાર્ય) પરકૃત છે.=બાહ્યપ્રવૃત્તિજન્ય છે. એકાંતમાં મિથ્યાત્વ છે, વળી ઉભયનયનો મત પ્રમાણ છે.**

**ટીકા :- ''सर्वं वस्तु स्वभावादेवोत्पद्यते, देशनियमस्येव कालनियमस्यापि स्वभावत एव संभवात्। ''कार्यस्य देशनियमोऽपि प्रागभावादिहेतोरेवे''ति चेत्? न, तथाप्याकाश एव आकाशत्वमित्यादि नित्यदेशनियमे स्वभावस्यैव शरणत्वात्। यत्तु यस्मिन्नह्नि घटस्योत्पत्तिस्वभावस्तदहरेव पूर्वं कुतो नेति केनचित्पर्यनुयुज्यते, तदसत्, परस्य कारणपरम्पराया इव मम स्वभावपरम्पराया आश्रयणे दोषाभावात्। ''तस्याह्नः स्वस्मिन्नेवोत्पत्तिस्वभावत्वे आत्माश्रय'' इति चेत्? न, ''इदानीं मध्याह्नः'' इत्यादि व्यवहारात् समयस्य स्ववृत्तेः प्रामाणिकत्वादिति''- स्वभाववादिनो बौद्धस्य मतं;-''तदसत्, निरवधित्वेऽनियतावधित्वे वा कादाचित्कत्वव्याघातात्, नियतप्राच्यावधीभूतस्यैव हेतुत्वाद्, उपकारान्तरानाधानमात्रेण स्वभाववादस्येष्टत्वात्, नियमरूपापेक्षामात्रेणैव हेतुवादप्रवृत्तेः'' इति हेतुवादिनो नैयायिकादेर्मतम्।**

**ટીકાર્થ :- 'सर्वं'** સર્વ વસ્તુ સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે, કેમ કે દેશનિયમની જેમ કાલનિયમનો પણ સ્વભાવથી જ સંભવ છે.

અહીં પૂર્વપક્ષી નૈયાયિક આ પ્રમાણે કહે કે, કાર્યના દેશનો નિયમ પણ પ્રાગભાવાદિ હેતુથી જ છે. તેનો ઉત્તર આપતાં સ્વભાવવાદી કહે છે કે એમ ન કહેવું, કેમ કે તો પણ આકાશમાં આકાશત્વ છે ઇત્યાદિરૂપ નિત્યદેશનિયમમાં સ્વભાવનું જ શરણપણું છે.

જે વળી જે દિવસમાં ઘટની ઉત્પત્તિનો સ્વભાવ છે, તે દિવસ જ પૂર્વમાં કેમ નથી? એ પ્રમાણે કોઇ વડે પુછાય છે તે અસત્ છે, કેમ કે નૈયાયિકને કારણપરંપરાની જેમ મને=સ્વભાવવાદીને, સ્વભાવની પરંપરાના આશ્રયણમાં દોષનો અભાવ છે.

અહીં પૂર્વપક્ષી=નૈયાયિક આ પ્રમાણે કહે કે, તે દિવસનું સ્વમાં જ ઉત્પત્તિસ્વભાવપણું માને છતે આત્માશ્રયદોષ આવશે. તેનો ઉત્તર આપતાં સ્વભાવવાદી કહે છે કે એમ ન કહેવું, કેમ કે હમણાં મધ્યાહ્ન છે એ પ્રકારે વ્યવહારથી સમયની સ્વવૃત્તિનું પ્રામાણિકપણું છે, આ પ્રકારે સ્વભાવવાદી બૌદ્ધનો મત છે તે અસત્ છે. ( એ પ્રમાણે હેતુવાદી નૈયાયિક કહે છે.)

સ્વભાવવાદી બૌદ્ધમતનું નિરાકરણ કરીને, હેતુવાદી સ્વમતનું સ્થાપન કરે છે, અને બૌદ્ધમત કેમ અસત્ છે તેમાં હેતુ કહે છે-

નિરવધિપણામાં અને અનિયત અવધિપણામાં કાદાચિત્કત્વનો વ્યાઘાત હોવાથી.(બૌદ્ધનો મત અસત્ છે.)

સ્વમતના સ્વીકારમાં આવતા દોષોના નિરાકરણ અર્થે, અને સ્વમતની પુષ્ટિ અર્થે, નૈયાયિક અન્ય હેતુઓ બતાવે છે-

નિયત એવા પ્રાચ્ય અવધિભૂતનું જ હેતુપણું છે, (વળી) ઉપકારાંતર અનાધાનમાત્રથી સ્વભાવવાદનું ઇષ્ટપણું છે, (અને) નિયમરૂપ અપેક્ષામાત્રથી હેતુવાદની પ્રવૃત્તિ છે. આ પ્રકારે હેતુવાદી એવા નૈયાયિકાદિનો મત છે.

**ભાવાર્થ :- 'सर्वं वस्तु'** - સર્વ વસ્તુ સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે, કેમ કે દેશનિયમની જેમ કાલનિયમનો પણ સ્વભાવથી જ સંભવ છે, એમ કહ્યું; તેનું તાત્પર્ય એ છે કે, કાર્યની નિષ્પત્તિમાં સામગ્રીને હેતુ માનનાર નૈયાયિકાદિનું એ કહેવું છે કે, માટીમાંથી ઘડો કોઇક વિવક્ષિત ક્ષણમાં કેમ પેદા થાય છે? અન્ય ક્ષણમાં કેમ પેદા થતો નથી? તેનું કારણ એ છે કે, જ્યારે ઘટને પેદા થવા માટે સામગ્રી પ્રાપ્ત થાય છે, તે સામગ્રીકાળમાં ઘટની નિષ્પત્તિ સામગ્રીને કારણે છે, તેથી કાલનિયમના નિયામકરૂપે સામગ્રીને માનવું આવશ્યક ગણાય છે.

અહીં સ્વભાવવાદી કહે છે કે, જેમ તંતુમાંથી ઘટ નિષ્પન્ન થઇ શકતો નથી, તેનું કારણ તંતુનો તેવો સ્વભાવ નથી; પરંતુ માટીમાંથી જ ઘટ પેદા થાય છે, તેનું કારણ માટીનો તેવો સ્વભાવ છે; તેથી જેમ ઘટના દેશનિયમનમાં માટીનો સ્વભાવ જ કારણ છે, તેમ કાલનિયમનમાં પણ સ્વભાવ જ કારણ છે; કેમ કે ઉપાદાનથી ભિન્ન સામગ્રીને ઘટ પ્રતિ કારણ માનવાને બદલે, માટીનો તે કાળમાં જ ઘટનિષ્પાદક સ્વભાવ માની લેવાથી, અને અન્ય દૃષ્ટ કારણોને અવજર્યસન્નિધિરૂપે માની લેવાથી, લાઘવ છે.

**'कार्यस्य'** અહીં નૈયાયિક આ પ્રમાણે કહે કે, કાર્યનો દેશનિયમ પણ પ્રાગભાવાદિ હેતુથી જ છે, પણ

સ્વભાવથી નથી, તેથી સ્વભાવવાદીએ જે દૃષ્ટાંતરૂપે દેશનિયમ ગ્રહણ કરેલ છે, તે અસંગત છે.

તાત્પર્ય એ છે કે, માટીમાંથી ઘડો પેદા થાય છે તંતુમાંથી નહિ, તેથી ઉપાદાનરૂપે દેશનિયમ પણ સ્વભાવથી છે એવું નથી, પરંતુ ઘટનો પ્રાગભાવ માટીમાં છે, અને તે પણ ઘટ નિષ્પત્તિ પ્રત્યે કારણ છે, તેથી માટીમાંથી જ ઘટ પેદા થાય છે, તંતુમાંથી નહિ.

અહીં 'પ્રાગભાવાદિ' હેતુ છે, એમ એટલા માટે કહેલ છે કે, માટીરૂપ દેશમાં ઘટની નિષ્પત્તિ ફક્ત પ્રાગભાવથી થતી નથી, પરંતુ પ્રાગભાવ અને અન્ય ઇતર સામગ્રી જ્યાં પ્રાપ્ત થાય છે, ત્યાં કાર્યની નિષ્પત્તિ થાય છે. તેથી તે સામગ્રી પણ દેશનિયામક છે, અને જ્યાં પ્રાગભાવ હોય છે ત્યાં જ, જે કાળમાં અન્ય સર્વ સામગ્રી પ્રાપ્ત થાય છે ત્યારે કાર્ય થાય છે.

**'न, तथापि'** આ પ્રકારના નૈયાયિકના કથનનું નિરાકરણ કરતાં સ્વભાવવાદી બૌદ્ધ કહે છે કે, એ વાત બરાબર નથી, તો પણ આકાશમાં આકાશત્વ છે ઇત્યાદિરૂપ નિત્યદેશનિયમમાં સ્વભાવનું જ શરણપણું છે, એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, હેતુવાદી નૈયાયિકે જે કહ્યું કે, કાર્યનો દેશનિયમ પણ પ્રાગભાવાદિ હેતુથી જ છે પણ સ્વભાવથી નહીં, એમ સ્વીકારી લઇએ તો પણ આકાશમાં આકાશત્વરૂપ જે સ્વભાવ છે તે રૂપ નિત્યદેશનિયમમાં સ્વભાવ જ માનવો પડશે=આકાશત્વ સ્વભાવ આકાશમાં જ છે, અન્યત્ર નહીં; તેનું નિયામક અન્ય કોઇ નથી, માટે હેતુવાદીને પણ નિત્યદેશનિયમમાં સ્વભાવ જ કારણ તરીકે સ્વીકારવો પડશે; અને તે જ અમને (સ્વભાવવાદીને) દૃષ્ટાંત તરીકે અભિમત છે. અર્થાત્ આકાશમાં જેમ આકાશત્વ સ્વભાવને કારણે છે, તેથી આકાશત્વના દેશનિયમમાં સ્વભાવ કારણ છે, તેમ કાલનિયમનો પણ સ્વભાવથી જ સંભવ છે; માટે સર્વ વસ્તુ સ્વભાવથી જ ઉત્પન્ન થાય છે, તેમ સ્વભાવવાદી બૌદ્ધ કહે છે.

**'यत्तु'** (જો કાલનિયમનો પણ સ્વભાવથી જ સંભવ હોય તો) જે વળી જે દિવસમાં ઘટની ઉત્પત્તિનો સ્વભાવ છે, તે દિવસ જ પૂર્વમાં કેમ નથી? એ પ્રમાણે નૈયાયિક અંતર્ગત કોઇ પૂછે છે, તે અસત્ છે, એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, હેતુવાદી દ્વારા આ પ્રમાણે સ્વભાવવાદીને પુછાય છે કે, જે દિવસમાં ઘટની ઉત્પત્તિનો સ્વભાવ માટીમાં છે, તે દિવસ તે દિવસે જ કેમ પ્રાપ્ત થયો? પૂર્વમાં કેમ પ્રાપ્ત ન થયો? તેનું નિરાકરણ સ્વભાવવાદી કરી શકશે નહીં; પરંતુ હેતુવાદી કહી શકશે કે, દરેક દિવસ પોતાની મેળે આવે છે, અને જે દિવસે ઘટની ઉત્પત્તિની સામગ્રી પ્રાપ્ત થાય છે, ત્યારે અમારા મતમાં ઘટની નિષ્પત્તિ થાય છે; જ્યારે તમારા (સ્વભાવવાદીના) મતમાં જે દિવસે માટીમાં ઘટની ઉત્પત્તિનો સ્વભાવ હોય છે, તે દિવસે જ ઘટ ઉત્પન્ન થાય છે, અન્ય દિવસે નહિ. તેથી હેતુવાદી સ્વભાવવાદીને પૂછે છે કે, તે દિવસ પણ અત્યારે કેમ પ્રાપ્ત થયો? પહેલાં કેમ પ્રાપ્ત ન થયો? તેને સ્વભાવવાદી બૌદ્ધ કહે છે કે, તમારો (હેતુવાદીનો) આ પ્રશ્ન અસત્ છે.

**'परस्य'** કેમ કે નૈયાયિકને કારણપરંપરાની જેમ અમને (સ્વભાવવાદીને) સ્વભાવની પરંપરાના આશ્રયમાં દોષ નથી, એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, નૈયાયિકને કોઇ પૂછે કે ઘટ અત્યારે કેમ પેદા થયો? તો તેનું સમાધાન નૈયાયિક આપે કે ઘટને સામગ્રી અત્યારે પ્રાપ્ત થઇ. ત્યાં પ્રશ્ન થાય કે સામગ્રી અત્યારે કેમ પ્રાપ્ત થઇ? તેનું સમાધાન આપે કે કુંભારનો પ્રયત્ન અત્યારે છે. ત્યાં પ્રશ્ન થાય કે કુંભારનો પ્રયત્ન અત્યારે કેમ છે? તેનું સમાધાન આપે કે કુંભારને ઘટ કરવાની ઇચ્છા અત્યારે જ થઇ. કુંભારને ઘટ કરવાની ઇચ્છા અત્યારે જ કેમ થઇ, તો અંતે કહેવું પડશે કે કુંભારનો અત્યારે જ ઇચ્છા કરવાનો સ્વભાવ છે; આ રીતે જેમ પરને (નૈયાયિકને) કારણપરંપરા માન્ય છે, તેમ સ્વભાવવાદી એવા અમને સ્વભાવપરંપરાના આશ્રયમાં દોષ નથી. તે આ રીતે - ઘટ આ દિવસે

કેમ ઉત્પન્ન થયો? એ પ્રશ્નના સમાધાનમાં સ્વભાવવાદી કહે કે માટીમાં આ દિવસે જ ઘટની ઉત્પત્તિ થવાનો સ્વભાવ છે પૂર્વે નહિ. ત્યાં પ્રશ્ન થાય કે આ દિવસ પણ અત્યારે કેમ આવ્યો? પૂર્વે કેમ ન આવ્યો? તો સ્વભાવવાદી સમાધાન આપે કે આ દિવસનો પણ એવો સ્વભાવ છે કે આ દિવસે જ આવે પૂર્વે નહિ. આ રીતે સ્વભાવપરંપરાના આશ્રયણમાં અમને દોષ નથી, એમ સ્વભાવવાદી બૌદ્ધ કહે છે.'

'**तस्याह्नः**' સ્વભાવવાદી બૌદ્ધની સામે નૈયાયિક કહે છે કે, તે દિવસનું સ્વમાં જ ઉત્પત્તિસ્વભાવપણું માનવામાં આત્માશ્રય દોષ આવશે.

તાત્પર્ય એ છે કે, સ્વભાવની પરંપરા સ્વીકારતાં એ પ્રાપ્ત થયું કે, જે દિવસે ઘટ ઉત્પન્ન થાય છે તે દિવસ તે દિવસે કેમ આવ્યો? તેના સમાધાનમાં સ્વભાવવાદીએ કહ્યું કે, તે દિવસમાં તેવો સ્વભાવ છે કે તે દિવસને તે દિવસે ઉત્પન્ન કરે, તેથી તે દિવસરૂપ સ્વની ઉત્પત્તિમાં સ્વ જ કારણ થયું. આ રીતે આત્માશ્રય દોષ આવશે. અર્થાત્ જેમ ઘટની ઉત્પત્તિમાં ઘટ જ કારણ છે તેમ માની શકાય નહિ, તેમ તે દિવસની ઉત્પત્તિમાં તે દિવસનો સ્વભાવ જ કારણ છે તેમ માની શકાય નહિ. કેમ કે તે દિવસ હજી ઉત્પન્ન થયો નથી, કે જેમાં સ્વભાવ રહીને કાર્ય નિષ્પન્ન કરી શકે. આ પ્રકારના નૈયાયિકના કથનને સામે રાખીને, સ્વભાવવાદી કહે છે કે, તમારી વાત બરાબર નથી.

'**इदानीं**' કેમ કે હમણાં મધ્યાહ્ન છે એ પ્રકારના વ્યવહારથી, સમયની સ્વવૃત્તિનું પ્રામાણિકપણું છે, એમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, હમણાં=મધ્યાહ્નકાળમાં, મધ્યાહ્ન છે એ પ્રકારનો વ્યવહાર છે, તેથી સમયની= કાળની, સ્વવૃત્તિનું પ્રામાણિકપણું છે, તેથી આ દિવસમાં આ દિવસ રહે છે એ પ્રકારનો વ્યવહાર થઇ શકે, માટે આ દિવસમાં એવો સ્વભાવ છે કે આ દિવસ આ દિવસને પેદા કરી શકે. આ રીતે સર્વ વસ્તુ સ્વભાવથી જ પેદા થાય છે, એ પ્રકારનો સ્વભાવવાદી બૌદ્ધનો મત છે તે અસત્ છે; એ પ્રમાણે હેતુવાદી નૈયાયિક કહે છે. અને તે નૈયાયિક બૌદ્ધમતનું નિરાકરણ કરીને સ્વપક્ષનું સ્થાપન કરે છે.

'**निरवधित्वे**' નિરવધિપણામાં અને અનિયત અવધિપણામાં કાદાચિત્કત્વનો વ્યાઘાત હોવાથી બૌદ્ધનો મત અસત્ છે.

તાત્પર્ય એ છે કે, નૈયાયિક પરમાણુને નિત્ય માને છે, તેથી તેમના મતે પરમાણુ ત્રિકાળવર્તી અસ્તિત્વવાળો છે, તેથી કાળની અપેક્ષાએ પરમાણુની કોઇ અવધિ નથી. અને દ્વ્યણુકથી માંડીને ઉપર ઉપરનાં દરેક કાર્યો અનિયત કાળ સુધી સત્તાવાળાં છે, અર્થાત્ ક્વચિત્ એક ક્ષણ પણ સત્તા ધરાવે અને ક્વચિત્ અધિક ક્ષણ પણ સત્તા ધરાવે છે, તેથી તે કાર્યો અનિયત અવધિવાળાં છે. અને કાર્યનિષ્પત્તિ પ્રત્યે માત્ર સ્વભાવ જ કારણ છે, એમ બૌદ્ધ કહે છે તેને નૈયાયિક કહે છે કે નિરવધિપદાર્થમાં અને અનિયતઅવધિપદાર્થમાં સ્વભાવ કાદાચિત્ક છે એમ કહી શકાય નહિ; કેમ કે પદાર્થ જેટલો ટાઇમ અસ્તિત્વ ધરાવે તેટલો ટાઇમ એનો સ્વભાવ માની શકાય, કાદાચિત્ક સ્વભાવ માની શકાય નહિ. તેથી સહકારીકારણની અપેક્ષા રાખ્યા વગર સ્વભાવથી જ કાર્ય થાય છે એ પ્રકારનો બૌદ્ધમત અસત્ છે.

અહીં વિશેષ એ છે કે, સ્વભાવવાદી પદાર્થ ક્ષણિક માને છે. તેથી તેમના મત પ્રમાણે જે ક્ષણમાં કાર્ય પેદા થાય છે, તેની પૂર્વક્ષણવર્તી જ પદાર્થ તે કાર્યને પેદા કરવાના સ્વભાવવાળો છે, અને તે એક જ ક્ષણ રહેનારો હોવાથી તે ક્ષણમાં જ ઉત્તરવર્તી કાર્યને પેદા કરવાનો સ્વભાવ છે, તેની પૂર્વવર્તી ક્ષણોમાં નહિ, એમ સ્વભાવવાદી માને છે. તેથી તેમના મત પ્રમાણે સ્વભાવના કાદાચિત્કત્વનો વ્યાઘાત નથી. પરંતુ વ્યવહારનો અનુભવ એ છે

કે, ઉત્પન્ન થયેલો ઘટ અમુક દિવસો સુધી રહે છે, પ્રત્યેક ક્ષણે નાશ પામતો નથી, અને તેવા અનુભવ ઉપર ચાલનાર નૈયાયિકમત પોતાની માન્યતા પ્રમાણે પરમાણુને નિરવધિ માને છે, અને દ્વયણુકાદિને અનિયત અવધિવાળા માને છે. તેથી દ્વયણુકાદિમાં અવધિકાળ સુધી સ્વભાવ માની શકાય, કાદાચિત્કસ્વભાવ માની શકાય નહિ. આ પ્રમાણે નૈયાયિક પોતાની માન્યતાને સામે રાખીને કહે છે કે, નિરવધિપણામાં અને અનિયત અવધિપણામાં કાદાચિત્કત્વનો વ્યાઘાત છે, માટે બૌદ્ધમત અસત્ છે.

'**नियत**' આ રીતે સ્વભાવના કાદાચિત્કત્વનો વ્યાઘાત હોવાને કારણે કાલનો નિયમ સ્વભાવથી સંભવે નહિ, એમ સિદ્ધ કર્યું. તેથી ત્યાં પ્રશ્ન થાય કે તો કાર્યની નિષ્પત્તિ સ્વભાવથી થાય છે એ સંગત થશે નહિ, તો કાર્યની ઉત્પત્તિનો હેતુ કોણ છે? તેનો ઉત્તર આપતાં નૈયાયિક કહે છે - નિયત એવા પ્રાચ્ય અવધિભૂતનું જ હેતુપણું છે.

તાત્પર્ય એ છે કે, કાર્યની પૂર્વમાં જે નિયત અવધિભૂત હોય તે જ હેતુ છે, પરંતુ અનિયત પ્રાચ્ય અવધિભૂત નહિ; જેમ ઘટની નિષ્પત્તિ પૂર્વે દંડ-ચક્ર-ચીવરાદિ સર્વત્ર ઘટકાર્ય પ્રતિ નિયત પ્રાચ્ય અવધિભૂત છે, તેથી તે હેતુ છે; ક્વચિત્ ઘટ નિષ્પત્તિ પૂર્વે રાસભાદિ સ્થાન વિશેષમાં દેખાય, પણ સર્વત્ર તેનું અસ્તિત્વ હોતું નથી. તેથી નિયત પ્રાચ્ય અવધિભૂત નહિ હોવાને કારણે રાસભાદિનું હેતુપણું નથી.

'**उपकारान्तर**' અહીં પ્રશ્ન થાય કે, કાર્ય પ્રતિ નિયત પ્રાચ્ય અવધિભૂતનું જ હેતુપણું છે, તો સ્વભાવવાદ સર્વથા ઇષ્ટ નથી કે સ્વભાવવાદ પણ માન્ય છે? તેના સમાધાનરૂપે નૈયાયિક કહે છે કે, ઉપકારાંતર અનાધાનમાત્રથી સ્વભાવવાદનું ઇષ્ટપણું છે.

તાત્પર્ય એ છે કે, માટીમાં ઘટનિષ્પત્તિનો સ્વભાવ છે, તેથી માટીમાંથી ઘટ પેદા થાય છે; ત્યાં ઘટરૂપ કાર્ય કરવાનો ઉપકાર માટીમાં છે, તે રીતે સ્વભાવવાદ અમને ઇષ્ટ છે; પરંતુ ઉપકારાંતર આધાનરૂપે નહિ, તેમ નૈયાયિક કહે છે. અર્થાત્ તે માટી અન્ય કોઇ સામગ્રી વગર નિયત કાળમાં ઘટને પેદા કરે, તે રૂપ ઉપકારાંતરના આધાનથી સ્વભાવવાદ અમને ઇષ્ટ નથી.

અહીં વિશેષ એ છે કે, માટી ઘટને પેદા કરે છે, તેથી કાર્યની નિષ્પત્તિમાં સ્વભાવ ઉપકાર કરે છે, એમ કહેવાય છે, તે રીતે સ્વભાવવાદ નૈયાયિકને ઇષ્ટ છે; પરંતુ કાળના નિયમનરૂપ જે ઉપકારાંતર તેના આધાનથી સ્વભાવવાદનું ઇષ્ટપણું નથી. અર્થાત્ માટીમાં ઘટ કરવાનો સ્વભાવ છે તે ઇષ્ટ છે, પરંતુ નિયતકાળે ઘટની નિષ્પત્તિ પણ સ્વભાવથી જ થાય છે, તે ઇષ્ટ નથી.

'**नियमरूप**' અહીં પ્રશ્ન થાય કે, ઉપકારાંતર અનાધાનમાત્રથી સ્વભાવવાદ ઇષ્ટ છે, તો હેતુવાદ કઇ અપેક્ષાએ ઇષ્ટ છે? તેથી કહે છે કે નિયમરૂપ અપેક્ષામાત્રથી જ હેતુવાદની પ્રવૃત્તિ છે. અર્થાત્ કાર્ય નિયત દેશમાં અને નિયત કાળમાં પેદા થાય છે, તે નિયમરૂપ અપેક્ષામાત્રથી જ હેતુવાદની પ્રવૃત્તિ છે.

તાત્પર્ય એ છે કે, માટીમાં ઘટ નિષ્પત્તિને અનુકૂળ સ્વભાવ છે, એ રૂપે સ્વભાવવાદ ઇષ્ટ છે; અને ઘટની જ્યાં નિષ્પત્તિ થાય છે ત્યાં અવશ્ય નિષ્પત્તિ પૂર્વે પ્રાગભાવ છે, અને જે કાળમાં ઘટની નિષ્પત્તિ થાય છે તેના પૂર્વકાળમાં પ્રાગભાવ આદિ સર્વસામગ્રી ત્યાં હોય છે, તેથી દેશ અને કાળના નિયમ માટે હેતુવાદની પ્રવૃત્તિ છે; માટે અન્ય દેશ અને અન્ય કાળમાં સામગ્રી આદિ નહિ હોવાને કારણે કાર્ય નિષ્પન્ન થતું નથી. એ પ્રકારે હેતુવાદી એવા નૈયાયિકનો મત છે.

**ટીકા :-** **स्याद्वादिनस्तु मिथः सव्यपेक्षमेवेदमुभयमतमनुमन्यन्ते तथाहि-**

**ટીકાર્થ :-** વળી સ્યાદ્વાદીઓ પરસ્પર સવ્યપેક્ષ જ=સાપેક્ષ જ, આ બંને મતને,=બૌદ્ધને સંમત સ્વભાવવાદ અને નૈયાયિકને સંમત હેતુવાદને, માને છે. તે આ પ્રમાણે -

## -: ઋજુસૂત્રનયની માન્યતા :-

**ટીકા :-** **सूक्ष्मर्जुसूत्रनयेन तावत्स्वभावादेव कार्यं जायते, पूर्वक्षणविलक्षणचरमक्षणक्रोडीकृतस्वरूपस्यैव बीजस्याङ्कुरहेतुत्वात्, स्वस्य भावः कार्यजननपरिणतिरिति स्वभावार्थत्वात् परिणतिपरम्पराया एव चैकसंतानतया व्यवस्थिताया वस्तुत्वात्। न चेदेवमङ्कुरजननस्वभावं बीजं प्रागेवाङ्कुरं जनयेत्। ''सहकारिलाभालाभाभ्यां हेतोः कार्यजननाजनने उपपत्स्येते'' इति चेत्? न, सहकारिचक्रानन्तर्भावेन विलक्षणबीजत्वेनैवाङ्कुरहेतुत्वौचित्यात्, क्षणभङ्गकल्पनायाः फलमुखत्वेनाऽदोषत्वात्। न च सहकारिचक्रस्यातिशयाधायकत्वं त्वयापि कल्पनीयं तदपेक्षया तत्कार्यजनकत्वकल्पनमेवोचितमिति वाच्यं, पूर्वपूर्वक्षणानामेवोत्तरोत्तरतादृशक्षणजनकत्वात्, उपादानोपादेयभावनियमेनैवातिप्रसङ्गभङ्गात्।**

**ટીકાર્થ :-** સૂક્ષ્મ ઋજુસૂત્રનયથી સ્વભાવથી જ કાર્ય થાય છે, કેમ કે પૂર્વક્ષણથી વિલક્ષણ એવી ચરમક્ષણથી કોડીકૃત (આક્રાંત) સ્વરૂપવાળા જ બીજનું અંકુર પ્રત્યે હેતુપણું છે.

**ભાવાર્થ :-** વ્યવહારમાં કુશૂલસ્થાદિ બીજમાં પણ બીજરૂપે વ્યવહાર થાય છે, પરંતુ તે વખતે તેમાંથી અંકુર નિષ્પન્ન થતો નથી, પરંતુ અંકુરનિષ્પત્તિની પૂર્વક્ષણ એ બીજની ચરમક્ષણ છે અને તે બીજની અન્ય પૂર્વક્ષણો કરતાં વિલક્ષણ કોટિની છે, કેમ કે અંકુરનિષ્પાદક સ્વભાવ તે જ ક્ષણમાં છે. તેથી તેવા સ્વરૂપવાળા જ બીજનું અંકુર પ્રત્યે હેતુપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે વિલક્ષણ સ્વરૂપવાળા બીજનું અંકુર પ્રત્યે હેતુપણું છે, તેથી સ્વભાવનું હેતુપણું એ પ્રાપ્ત થતું નથી, તેથી સ્વભાવથી જ કાર્ય થાય છે તે કેમ કહેવાશે? તેના નિવારણ માટે કહે છે -

**ટીકાર્થ :-** **'स्वस्य'** સ્વનો ભાવ=કાર્યજનન પરિણતિ, એ પ્રકારે સ્વભાવ અર્થપણું છે અને એકસંતાનપણા વડે વ્યવસ્થિત પરિણતિપરંપરાનું વસ્તુપણું છે, તેથી પૂર્વક્ષણથી વિલક્ષણ ચરમક્ષણઆક્રાંત બીજનું અંકુર પ્રત્યે હેતુપણું છે. તેથી સૂક્ષ્મ ઋજુસૂત્રનયથી સ્વભાવથી જ કાર્ય ઉત્પન્ન થાય છે, એ અર્થ પ્રાપ્ત થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનયની દૃષ્ટિએ દ્રવ્ય જેવી કોઇ અનુગત વસ્તુ નથી, પરંતુ એકસંતાનરૂપે બીજ-બીજ, એ પ્રકારની પરિણતિની પરંપરા જ બીજરૂપ વસ્તુ છે. અને ચરમક્ષણ સિવાયની પૂર્વક્ષણની જે

બીજની પરિણતિઓ છે, તે અંકુરરૂપ કાર્યજનનપરિણતિસ્વરૂપ નથી; જ્યારે ચરમક્ષણની જે પરિણતિ છે, તે અંકુરરૂપ કાર્યજનનપરિણતિસ્વરૂપ છે. તેથી "ચરમક્ષણવાળું બીજ=અંકુરરૂપ કાર્યજનનને અનુકૂળ એવી પરિણતિ" એ અર્થ પ્રાપ્ત થયો. પરંતુ તે પરિણતિથી પૃથક્ભૂત દીર્ઘકાળ અવસ્થિત સ્વરૂપવાળો બીજ નામનો કોઇ પદાર્થ ઋજુસૂત્રનયની દૃષ્ટિથી નથી.

સ્વભાવથી જ કાર્ય થાય છે એમ કહ્યું, ત્યાં સ્વભાવનો અર્થ કોઇ દ્રવ્યમાં રહેલો તેવો સ્વભાવ, કે જેનાથી કાર્ય થાય છે તેવો નથી; પરંતુ સ્વની કાર્યજનનને અનુકૂળ એવી પરિણતિ એ સ્વભાવનો અર્થ છે. સ્વ=એકસંતાનરૂપે રહેલી વસ્તુ=એક સંતાનની પરિણતિની પરંપરા, તેનો ભાવ=જે વિવક્ષિત કાર્ય છે તેને પેદા કરનારી પરિણતિ, પ્રસ્તુતમાં અંકુરરૂપ કાર્યને પેદા કરનારી પરિણતિ અંકુરનિષ્પત્તિની પૂર્વક્ષણમાં જ છે, અને તે જ સ્વભાવ શબ્દથી વાચ્ય છે, અને તે જ ચરમક્ષણઆક્રાંત બીજ છે, એ પ્રમાણે વ્યવહાર થાય છે. તેથી ચરમક્ષણઆક્રાંત બીજ તે સ્વભાવરૂપ છે. માટે સ્વભાવથી જ કાર્ય થાય છે, એ અર્થ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-** સ્વકથનની પુષ્ટિ કરતાં ઋજુસૂત્રનય કહે છે-

**ટીકાર્થ :- 'न चेदेवम्'** જો તું આમ ન માને=વ્યવહારનય આમ ન માને=ચરમક્ષણઆક્રાંત બીજ જ અંકુરને પેદા કરે છે એમ ન માને, પરંતુ અંકુરના પ્રતિ બીજત્વેન બીજ હેતુ છે એમ માને, તો અંકુરજનનસ્વભાવવાળા બીજે પૂર્વમાં જ=ચરમક્ષણની પૂર્વમાં જ, અંકુરને પેદા કરવું જોઇએ.

**ઉત્થાન :-** ઋજુસૂત્રનયે વ્યવહારનયને આપેલી આપત્તિનું નિરાકરણ કરતાં વ્યવહારનય કહે છે -

**ટીકાર્થ :- 'सहकारि'** સહકારીના લાભ અને અલાભ દ્વારા હેતુથી=બીજરૂપ હેતુથી, કાર્યજનન અને અજનન ઉત્પન્ન થશે, તેથી કોઇ દોષ આવશે નહિ. વ્યવહારનયના મતને નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે કે વાત બરાબર નથી; કેમ કે સહકારીચક્રના અનંતર ભાવ વડે વિલક્ષણ બીજપણાથી જ બીજનું અંકુર પ્રત્યે હેતુપણું ઉચિત છે.

**ભાવાર્થ :-** વ્યવહારનયનું તાત્પર્ય એ છે કે, બીજ બીજત્વેન જ અંકુર પ્રત્યે જનનસ્વભાવવાળું છે. પૂર્વક્ષણમાં બીજરૂપ હેતુને સહકારીનો અલાભ હોવાથી કાર્યજનન થયું ન હતું, અને ચરણક્ષણમાં સહકારીનો લાભ હોવાથી બીજરૂપ હેતુથી અંકુરરૂપ કાર્યજનન થાય છે, માટે ચરમક્ષણ પૂર્વમાં અંકુરને પેદા થવાની જે આપત્તિ ઋજુસૂત્રનયે આપેલી તે વ્યર્થ છે.

વ્યવહારનયના મતનું નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે કે, એમ ન કહેવું, કેમ કે સહકારીચક્રના અનંતરભાવ વડે વિલક્ષણ બીજપણાથી જ બીજનું અંકુર પ્રત્યે હેતુપણું ઉચિત છે.

તાત્પર્ય એ છે કે, આ રીતે વ્યવહારનયની માન્યતાની સંગતિ કરતાં અંકુર કાર્ય પ્રતિ બીજને હેતુરૂપે

માનવું પડ્યું, અને સાથે સહકારીચક્રને પણ હેતુરૂપે માનવું પડ્યું. તેથી એક કાર્ય પ્રતિ અનેક કારણો માનવાં તેના કરતાં સહકારીચક્રને કાર્યનાં પ્રતિ કારણ માન્યા વગર, કાર્યની પૂર્વક્ષણવર્તી જે બીજ છે, તેને વિલક્ષણ બીજત્વેન જ કારણ માનવું ઉચિત છે. અર્થાત્ કાર્યની પૂર્વક્ષણ કરતાં અન્ય ક્ષણોવર્તી જે બીજ છે, તેના કરતાં વિલક્ષણ સ્વભાવવાળું તે બીજ છે, કે જે વિલક્ષણ સ્વભાવને કારણે અંકુરને પેદા કરી શકે છે; જ્યારે ચરમક્ષણથી પૂર્વક્ષણવર્તી તે જ બીજ અંકુરરૂપ કાર્યને પેદા કરી શકતું નથી એમ માનવું તે ઉચિત છે. ફક્ત ચરમક્ષણમાં જ બીજ સહવર્તી જે સહકારીચક્ર દેખાય છે, તે અંકુર પ્રત્યે હેતુ નથી, પરંતુ નિમિત્તકારણ માત્ર છે, અર્થાત્ અવજર્યસંનિધિરૂપે ચરમક્ષણથી નિષ્પન્ન થતા અંકુરકાળમાં ઉપસ્થિત થાય છે, તેમ માનવું ઉચિત છે. એ પ્રકારનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું એ રીતે, ઋજુસૂત્રનયે વિલક્ષણ બીજપણાથી અંકુરનું હેતુપણું સ્વીકાર્યું.તેથી, સહકારીચક્રને હેતુરૂપે માનવાની આવશ્યકતા ન રહી, પરંતુ દીર્ઘકાળ અવસ્થિત એવા બીજમાં પણ ક્ષણ દ્વારા ભંગની કલ્પના પ્રાપ્ત થઇ; અર્થાત્ વ્યવહારનયને માન્ય એવા અનિયત કાળ અવસ્થિત એવા બીજમાં દરેક ક્ષણો દ્વારા પૂર્વપૂર્વ ક્ષણવર્તી બીજના ભંગની કલ્પના કરવી પડે છે. તેથી વ્યવહારનયને જે એક જ બીજરૂપે માન્ય છે તે જ બીજ દરેક ક્ષણવર્તી જુદું જુદું પ્રાપ્ત થવાથી દરેક જુદાં જુદાં અનેક બીજો છે એ પ્રમાણે ઋજુસૂત્રનયને સ્વીકારવું પડે છે. તેથી એક જ બીજ અનેક બીજોરૂપે માનવું તે ગૌરવ છે, એ પ્રકારની વ્યવહારનયની આપત્તિને સામે રાખીને ઋજુસૂત્રનય કહે છે-

**ટીકાર્થ :-** '**क्षणभङ्ग**' ક્ષણભંગકલ્પનાનું=ક્ષણ દ્વારા ભંગની કલ્પનાનું, ફલમુખપણું હોવાને કારણે અદોષપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ઋજુસૂત્રનય કહે છે કે, ક્ષણભંગની કલ્પના કરવાથી એક બીજને બદલે દરેક ક્ષણવર્તી જુદાં જુદાં બીજોને માનવાં પડે છે, પરંતુ તે માન્યતા ગૌરવરૂપ નથી; કેમ કે ફલમુખગૌરવ તે દોષરૂપ નથી.

જેમ નાના પ્રકારના જીવને એકરૂપે માની લઇએ તો અનેકરૂપની કલ્પનાકૃત ગૌરવ પ્રાપ્ત ન થાય, પરંતુ દરેક જીવની જુદી જુદી સંવિત્તિઓ=સંવેદનાઓ, એક બીજાની પ્રતીતિના વિષય બનતા નથી; અને એક જીવ માની લેવાથી જુદા જુદા જીવોને થતી જુદી જુદી સંવિત્તિઓ એકને કેમ થતી નથી તેની સંગતિ થતી નથી. કેમ કે જો બધા જીવો એક હોય તો અન્યને થતી સુખ-દુઃખની સંવિત્તિઓ પોતાને પણ થવી જોઇએ, પરંતુ થતી નથી; તેથી તે સંવિત્તિરૂપ ફલની સંગતિ માટે અનેક જીવોની કલ્પનારૂપ ગૌરવ દોષરૂપ નથી, પરંતુ ફલનિરપેક્ષ એક જીવને માનવું તે લાઘવ દોષરૂપ છે. તે જ રીતે પ્રસ્તુતમાં પણ ક્ષણભંગની કલ્પના ફલમુખ હોવાને કારણે દોષરૂપ નથી.

તે આ રીતે-ઘટ કરતાં પટ જુદો છે તેમ માનવાનું કારણ તે બેનો સ્વભાવ જુદો છે. તેથી ઘટત્વ અને પટત્વરૂપ સ્વભાવભેદને કારણે ઘટ અને પટને જુદા મનાય છે. તેમ બીજમાં પણ અંકુરજનનપરિણતિ અને અંકુરઅજનનપરિણતિરૂપ સ્વભાવભેદથી ભેદ માનવો તે યુક્ત જ છે; અન્યથા ઘટ અને પટને પણ એક માનવાનો

પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી સ્વભાવભેદથી બીજના ભેદને માનવારૂપ ફલને અભિમુખ ક્ષણભંગની કલ્પના છે. માટે તે દોષરૂપ નથી.

**ઉત્થાન :-** વ્યવહારનય ઋજુસૂત્રનયને આપત્તિ આપતાં કહે છે-

**ટીકાર્થ :- 'न च सहकारि'** સહકારીચક્રનું અતિશય આધાયકપણું તમારા વડે પણ=ઋજુસૂત્રનય વડે પણ, કલ્પનીય છે. તેની અપેક્ષાએ=સહકારીચક્રના અતિશય આધાયકત્વની અપેક્ષાએ, તત્કાર્યજનકત્વની કલ્પના જ ઉચિત છે. વ્યવહારનયના આ કથનનું નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે કે, એમ ન કહેવું. કેમ કે પૂર્વ પૂર્વક્ષણોનું જ ઉત્તર ઉત્તર તાદૃશ ક્ષણોનું જનકપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનયે વિલક્ષણ બીજત્વેન અંકુરનું હેતુપણું સ્વીકાર્યું, પરંતુ ચરમબીજક્ષણની પૂર્વક્ષણોવર્તી બીજો કરતાં અંકુરને અનુકૂળ શક્તિરૂપ વિલક્ષણ ચરમબીજક્ષણ સહકારીચક્રને કારણે જ પ્રાપ્ત થાય છે. કેમ કે જ્યાં સુધી કુશૂલસ્થ (કોઠીમાં રહેલું) બીજ હતું ત્યાં સુધી તે બીજ અંકુરનો હેતુ બન્યું ન હતું, જ્યારે ભૂમિમાં તે બીજનું સ્થાપન કર્યા પછી તે ભૂમિને જલાદિ સામગ્રી પ્રાપ્ત થઇ ત્યારે, તે બીજમાં અતિશયતા આવી અને તેનાથી અંકુરરૂપ કાર્ય પેદા થયું; તેથી તે અતિશયનું આધાયક સહકારીચક્ર ઋજુસૂત્રનયને પણ માનવું પડશે. તેથી વ્યવહારનય કહે છે કે, સહકારીચક્રને અતિશયનું આધાયક માનવું અને અંકુર પ્રતિ વિલક્ષણ બીજને કારણ માનવું, અર્થાત્ સહકારીચક્રથી અતિશયને પ્રાપ્ત એવા વિલક્ષણ બીજનું અંકુર પ્રત્યે કારણ માનવું, તેની અપેક્ષાએ સહકારીચક્રને જ બીજની જેમ અંકુરજનક માની લેવું તે ઉચિત છે. કેમ કે તેમ માનવાથી ક્ષણભંગની કલ્પના આવશ્યક રહેતી નથી, અને સહકારીચક્ર માનવા કૃત ગૌરવ તો બંને પક્ષમાં સમાન જ છે. કેમ કે ઋજુસૂત્રનયને પણ અતિશય આધાયકરૂપે સહકારીચક્રને તો માનવું જ પડે છે. આ પ્રમાણેના વ્યવહારનયના કથનને નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે કે, આ પ્રમાણે ન કહેવું. કેમ કે પૂર્વ પૂર્વ ક્ષણોનું જ ઉત્તર ઉત્તર તાદૃશક્ષણજનકપણું છે.

આશય એ છે કે, બીજની પૂર્વ પૂર્વ ક્ષણો જ ઉત્તર ઉત્તર તેવા પ્રકારની બીજક્ષણોને પેદા કરે છે અને અંતે અંકુરપૂર્વની જે ચરમક્ષણ પ્રાપ્ત થઇ, તે રૂપ ચરમક્ષણ પ્રતિ પણ તે બીજની પૂર્વક્ષણ જ કારણ છે, પરંતુ સહકારીચક્ર ચરમક્ષણના બીજ પ્રત્યે અતિશય આધાયક બનતું નથી. ફક્ત સહકારીચક્ર તો ચરમક્ષણ જ્યારે અંકુરને પેદા કરે છે, ત્યારે અવજર્યસંનિધિરૂપે વર્તે છે. તેથી જ વ્યવહારનયને તેમાં કારણતાનો ભ્રમ વર્તે છે, પરંતુ વસ્તુતઃ સહકારીચક્ર કારણ નથી કે અતિશય આધાયક નથી; તેમ ઋજુસૂત્રનય માને છે.

**ઉત્થાન :-** અહીં વ્યવહારનય દોષનું ઉદ્‌ભાવન કરતાં કહે છે કે, પૂર્વ પૂર્વ ક્ષણ જ ઉત્તર ઉત્તર તાદૃશક્ષણની જનક છે, એમ ઋજુસૂત્રનય કહેશે તો, એક જ કાળમાં પ્રાપ્ત ચરમક્ષણવાળા બે બીજથી જ્યારે અંકુર પેદા થાય છે ત્યારે, પૂર્વક્ષણમાં વિલક્ષણ શક્તિવાળા બંને બીજ છે, અને તે બંને બીજનો નાશ ચરમક્ષણમાં થઇ જાય છે, અને ઉત્તરક્ષણમાં તે બંને અંકુરરૂપે દેખાય છે; પરંતુ કયા બીજથી કયો અંકુર પેદા થયો છે, તેનું નિયમન કરનાર કોઇ અનુગત પદાર્થ નથી, તેથી તે બંને બીજોમાં અન્ય બીજથી અન્ય અંકુરો પેદા થયો છે તેમ માનવાનો અતિપ્રસંગ

પ્રાપ્ત થશે. તે આ રીતે - 'अ' બીજથી 'अ' અંકુરો થાય છે અને 'ब' બીજથી 'ब' અંકુરો થાય છે. હવે જો બંને પ્રકારના અંકુરના કાળમાં 'अ' બીજ પણ નથી અને 'ब' બીજ પણ નથી, તેથી 'अ' બીજથી 'ब' અંકુરો થયો છે, તેમ માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થઈ શકે. કેમ કે 'अ' બીજ અને 'ब' બીજ પૂર્વક્ષણમાં છે, અને ઉત્તરક્ષણોમાં 'अ' અંકુર અને 'ब' અંકુર પ્રાપ્ત થયો, અને ઋજુસૂત્રનયના મતે કોઈ અનુગત પદાર્થ નથી, તેથી જેમ 'अ' બીજથી 'अ' અંકુર પ્રાપ્ત થાય છે, તેમ 'अ' બીજથી 'ब' અંકુરની પણ પ્રાપ્તિ થઈ છે, તે પ્રકારની આપત્તિ કોઈ આપે, તેનું સમાધાન કદાચ કોઈ કરે કે, 'अ' બીજનું ક્ષેત્ર જુદું છે અને 'ब' બીજનું ક્ષેત્ર જુદું છે તેથી 'अ' બીજથી 'अ' અંકુર થયેલ છે, તેનો નિયામક તે ક્ષેત્ર જ છે; તેમ તે કહે તો, કોઈ વ્યક્તિ તે ક્ષેત્રમાં રહેલ 'अ' બીજને થોડી માટી સહિત 'ब' બીજના સ્થાને મૂકી દે, અને 'ब' બીજને 'अ' બીજના સ્થાને મૂકી દે, તો ઉત્તરકાળમાં થયેલ 'ब' અંકુર 'अ' બીજથી પેદા થયેલ છે, અને 'अ' અંકુર 'ब' બીજથી પેદા થયેલ છે, તેમ માનવાની આપત્તિ આવે. તેનું નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે-

**ટીકાર્થ :- 'उपादान'** ઉપાદાન-ઉપાદેય ભાવના નિયમ વડે જ અતિપ્રસંગનો ભંગ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, યદ્યપિ તે 'अ' બીજની અને 'ब' બીજની ચરમક્ષણ એક સાથે પ્રાપ્ત થયેલ હોય તેના કારણે, ઉત્તરક્ષણમાં અંકુરરૂપ કાર્ય 'अ' બીજ અને 'ब' બીજ બંનેથી એક કાળમાં થાય છે તો પણ, તે 'अ'-'ब' બીજ અને તે 'अ'-'ब' અંકુર પ્રત્યે ઉપાદાનઉપાદેયભાવ છે; પણ 'अ' બીજ અને 'ब' અંકુર કે 'ब' બીજ અને 'अ' અંકુર પ્રત્યે ઉપાદાન-ઉપાદેયભાવ નથી; તેથી 'अ' બીજથી 'अ' અંકુર અને 'ब' બીજથી 'ब' અંકુર પેદા થાય છે, તદ્કાલ વૃત્તિ અન્ય અંકુર નહિ અર્થાત્ 'अ' બીજથી 'ब' અંકુર અને 'ब' બીજથી 'अ' અંકુર પેદા થતો નથી. તેથી તદ્ બીજથી અન્ય અંકુરના અતિપ્રસંગનો ભંગ, અર્થાત્ અતિપ્રસંગનું નિરાકરણ, ઉપાદાનઉપાદેયભાવના નિયમથી થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું એ રીતે, ઋજુસૂત્રનયે વ્યવહારનયનું નિરાકરણ કરીને સ્વપક્ષ પ્રમાણે પૂર્વ પૂર્વ ક્ષણ જ ઉત્તર ઉત્તર તાદૃશક્ષણની જનક છે, એ પ્રમાણે સ્થાપન કરીને, સ્વભાવથી જ કાર્ય સિદ્ધ થાય છે, એ સ્થાપન કર્યું. ત્યાં વ્યવહારનય દ્વારા દોષ ઉદ્ભાવન કરીને તેનું નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે-

**ટીકા :- न च चरमक्षणरूपबीजस्यापि द्वितीयादिक्षणरूपाङ्कुराऽजनकत्वाद्व्यक्तिविशेषमवलम्ब्यैव हेतुहेतुमद्भावोवाच्योऽन्यथा व्यावृत्तिविशेषानुगतप्रथमादिचरमपर्यन्ताङ्कुरक्षणान् प्रति व्यावृत्तिविशेषानुगतानां चरमबीजक्षणादिकोपान्त्याङ्कुरक्षणानां हेतुत्वे कार्यकारणतावच्छेदककोटावेकैकक्षणप्रवेशाप्रवेशाभ्यां विनिगमनाविरहप्रसङ्गात्, तथा च तज्जातीयात् कार्यात् तज्जातीयकारणानुमानभङ्गप्रसङ्ग इति वाच्यं, सादृश्यतिरोहितवैसादृश्यानां बीजादीनामनुमानसंभवात्, प्रयोज्यप्रयोजकभावभङ्गस्यैवविपक्षबाधकतर्कस्य जागरूकत्वात्।**

**'न च.........इति वाच्यं'** સુધીના કથનનું સંક્ષેપથી યોજન આ પ્રમાણે છે- ઋજુસૂત્રનયને વ્યવહારનય

કહે છે કે, વ્યક્તિવિશેષને અવલંબીને હેતુ-હેતુમદ્‌ભાવ તમારે માનવો પડશે, અને તેમાં હેતુ રૂપે '**चरमक्षण...... अजनकत्वात्।**' બતાવેલ છે, અને વ્યક્તિવિશેષને અવલંબીને હેતુ-હેતુમદ્‌ભાવ ન માનો તો, '**व्यावृत्ति**...થી ...**हेतुत्वे**' સુધી કહ્યું તે પ્રમાણે માનવું પડશે, અને તેવું માનવામાં વિનિગમનાવિરહનો પ્રસંગ આવશે, માટે એ દોષ હોવાને કારણે વ્યક્તિવિશેષને અવલંબીને હેતુ-હેતુમદ્‌ભાવ તમારે કહેવો પડશે; અને '**तथा च**'.......... તે પ્રમાણે માનશો તો અનુમાનભંગનો પ્રસંગ આવશે. આ પ્રકારે વ્યવહારનય ઋજુસૂત્રનયને દોષ આપે છે. તેનું નિરાકરણ કરતાં '**सादृश्य**...થી ...**जागरूकत्वात्।**' સુધીનો હેતુ ઋજુસૂત્રનયે આપેલ છે. તેનાથી તજ્જાતીયકાર્યથી તજ્જાતીયકારણના અનુમાનના ભંગનો પ્રસંગ ઋજુસૂત્રનયને કઇ રીતે પ્રાપ્ત થતો નથી તે બતાવેલ છે.

**ટીકાર્થ :-** '**चरमक्षण**' ચરમક્ષણરૂપ બીજનું પણ દ્વિતીયાદિક્ષણરૂપ અંકુરનું અજનકપણુ હોવાથી, વ્યક્તિવિશેષને અવલંબીને જ=ચરમક્ષણરૂપ બીજ અને પ્રથમક્ષણસ્વરૂપ અંકુરરૂપ વ્યક્તિવિશેષને અવલંબીને જ, હેતુ-હેતુમદ્‌ભાવ ઋજુસૂત્રનયના મતે કહેવો પડશે. અન્યથા વ્યાવૃત્તિવિશેષથી અનુગત એવા પ્રથમાદિથી માંડીને ચરમપર્યન્ત અંકુરક્ષણો પ્રતિ, વ્યાવૃત્તિવિશેષથી અનુગત એવા ચરમબીજક્ષણાદિથી માંડીને ઉપાન્ત્ય અંકુરક્ષણોનું હેતુપણું પ્રાપ્ત થશે, અને એ રીતે હેતુપણું હોતે છતે, કાર્યતાવચ્છેદક કોટિમાં એકેક ક્ષણ પ્રવેશ અને અપ્રવેશ દ્વારા વિનિગમનાવિરહનો પ્રસંગ પ્રાપ્ત થશે, (માટે ચરમક્ષણરૂપ બીજ અને પ્રથમક્ષણસ્વરૂપ અંકુરરૂપ વિશેષ વ્યક્તિને અવલંબીને જ હેતુ-હેતુમદ્‌ભાવ ઋજુસૂત્રનયના મતે કહેવો પડશે) અને તે રીતે=ચરમબીજક્ષણ અને પ્રથમ અંકુરક્ષણરૂપ વ્યક્તિવિશેષને અવલંબીને હેતુ-હેતુમદ્‌ભાવ સ્વીકાર્યો તે રીતે, તદ્‌જાતીય કાર્યથી તદ્‌જાતીય કારણના અનુમાનના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે કે, એમ ન કહેવું, કેમ કે સાદશ્યમાં તિરોહતિ છે વૈસાદશ્ય જેઓનું એવા બીજોના અનુમાનનો સંભવ છે, અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે પ્રયોજ્યપ્રયોજકભાવના ભંગરૂપ જ વિપક્ષબાધકતર્કનુ જાગરૂકપણું છે.

**ભાવાર્થ :-** '**न च**' તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનયે સ્વભાવથી કાર્ય થશે એમ કહ્યું, અને તેમાં હેતુ આપ્યો કે, પૂર્વક્ષણથી વિલક્ષણ એવી ચરમક્ષણથી આક્રાંત સ્વરૂપવાળા જ બીજનું અંકુર પ્રત્યે હેતુપણુ છે, પરંતુ તેવું ચરમક્ષણવાળું બીજ પણ ફક્ત પ્રથમક્ષણના અંકુર પ્રત્યે જ હેતુ છે, દ્વિતીયાદિ ક્ષણના અંકુર પ્રત્યે હેતુ નથી; કેમ કે ઋજુસૂત્રનયની માન્યતા પ્રમાણે પૂર્વ પૂર્વ ક્ષણ ઉત્તર ઉત્તર ક્ષણની જનક છે. તેથી ચરમબીજક્ષણ પણ ઉત્તરક્ષણરૂપ પ્રથમ અંકુરક્ષણની જનક છે, પણ દ્વિતીયાદિક્ષણરૂપ અંકુરની જનક નથી. એથી ચરમબીજક્ષણ અને સર્વ અંકુરક્ષણો વચ્ચે કાર્ય-કારણભાવ માની શકાશે નહિ, પરંતુ ચરમબીજક્ષણ અને પ્રથમઅંકુરક્ષણ એ બે વચ્ચે જ કાર્ય-કારણભાવ માનવો પડશે. અન્યથા=વ્યક્તિવિશેષને અવલંબીને કાર્ય-કારણભાવ ન માનવામાં આવે, અને ચરમબીજક્ષણ અને સર્વ અંકુરક્ષણો વચ્ચે કાર્ય-કારણભાવ માનવામાં આવે, તો ચરમબીજક્ષણ પછી જે અંકુરની પ્રથમ ક્ષણ છે ત્યારથી માંડીને, અંકુર ઉત્તરભાવિ સ્કંધની નાલ ફૂટે છે ત્યાં સુધીની જે અંકુરક્ષણો છે, તે અંકુરક્ષણોરૂપ અનેક કાર્યો પ્રતિ, ચરમબીજક્ષણાદિથી માંડીને ઉપાન્ત્યઅંકુરક્ષણોરૂપ અનેક કારણો માનવાં પડશે. તે નીચેના કોષ્ટક મુજબ જાણવું.

નં : ૧
કાર્ય

પ્રથમઅંકુરક્ષણથી માંડીને → ચરમઅંકુરક્ષણ સુધી → પ્રથમઅંકુરક્ષણથી માંડીને ચરમઅંકુરક્ષણ સુધી અંકુરક્ષણની સંખ્યા પ્રમાણ કાર્યો

નં : ૨
કારણ

ચરમબીજક્ષણથી માંડીને → ઉપાંત્યઅંકુરક્ષણ સુધી → ચરમબીજક્ષણથી + પ્રથમઅંકુરક્ષણથી માંડીને ઉપાંત્યઅંકુરક્ષણરૂપ અનેક કારણો

અહીં કાર્ય અને કારણમાં વ્યાવૃત્તિવિશેષ અનુગત એમ કહેલું છે, તેનું તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનયના મતે ઘટ એ અઘટની વ્યાવૃત્તિરૂપ છે; અને તેનો અર્થ એ પ્રાપ્ત થાય કે, અઘટ શબ્દથી ઘટથી અન્ય સર્વ પદાર્થો ગ્રહણ કરવાના છે, અને તે સર્વની વ્યાવૃત્તિરૂપ જ ઘટ પદાર્થ છે.

તે રીતે પ્રસ્તુતમાં ચરમબીજત્વેન પ્રથમઅંકુરક્ષણત્વેન કાર્ય-કારણભાવ ન સ્વીકારીએ અને ચરમબીજત્વેન અંકુરત્વેન કાર્ય-કારણભાવ સ્વીકારીએ ત્યારે, કાર્યો પ્રથમઅંકુરક્ષણથી માંડીને ચરમઅંકુરક્ષણ સુધીમાં જેટલી અંકુરક્ષણો છે તેટલા સંખ્યાથી પ્રાપ્ત થાય અને તે બધાં કાર્યો નં : ૧થી ઉપર બતાવાયેલ છે, જે અન્યની વ્યાવૃત્તિસ્વરૂપ છે, અને તેમાં રહેલી વ્યાવૃત્તિ આ પ્રમાણે છે-

પ્રથમ અંકુરક્ષણથી માંડીને ચરમઅંકુરક્ષણ સુધીના અંકુર સિવાય પૂર્વની બીજક્ષણોની અને અંકુરના ઉત્તરભાવિ ક્ષણોની અને તે અંકુરથી અન્ય અંકુરોની અને અન્ય ઘટપટાદિ પદાર્થોની વ્યાવૃત્તિવિશેષ પ્રથમઅંકુરક્ષણથી માંડીને ચરમક્ષણરૂપ અંકુરસ્વરૂપ પદાર્થમાં છે.

કારણ ચરમબીજક્ષણથી માંડીને ઉપાંત્યઅંકુરક્ષણ સુધી છે તે બધાં કારણો નં : ૨થી બતાવેલ છે જે અન્યની વ્યાવૃત્તિસ્વરૂપ છે અને તેમાં રહેલી વ્યાવૃત્તિ આ પ્રમાણે છે-

ચરમબીજક્ષણથી માંડીને ઉપાંત્યઅંકુરક્ષણસ્વરૂપ કારણો છે. તેમાં ચરમબીજક્ષણથી પૂર્વભાવિ બીજક્ષણોની અને ઉપાન્ત્યઅંકુરક્ષણ પછીથી માંડીને સર્વક્ષણોની અને તદ્ અન્ય બીજાદિની અને ઘટપટાદિની વ્યાવૃત્તિવિશેષ છે.


અહીં વ્યાવૃત્તિવિશેષ એટલા માટે કહેલ છે કે, દરેક પદાર્થમાં સ્વપદાર્થ કરતાં અન્યની વ્યાવૃત્તિ હોય છે, તેથી બધા પદાર્થોમાં વ્યાવૃત્તિ રહેલ છે. આથી સર્વ પદાર્થોમાં રહેલી જે વ્યાવૃત્તિ છે તે વ્યાવૃત્તિસામાન્ય છે, પરંતુ કોઇ એક પદાર્થવિશેષને ગ્રહણ કરીને તેમાં રહેલી વ્યાવૃત્તિની વિવક્ષા કરીએ તો તે વ્યાવૃત્તિવિશેષ છે. કેમ કે તે

વ્યાવૃત્તિ કેવલ તે જ પદાર્થમાં રહેલ છે, અન્ય કોઇ પદાર્થમાં નહિ; જ્યારે વ્યાવૃત્તિસામાન્ય દરેક પદાર્થમાં રહેલ છે. તે રીતે કાર્યની અંદર જે વ્યાવૃત્તિવિશેષ છે તે કાર્યમાં જ કેવલ રહેલ છે અન્યત્ર નહિ. અને ચરમબીજક્ષણને કારણ માનીએ અને અંકુરને કાર્ય માનીએ ત્યારે, તે અંકુરરૂપ કાર્ય પ્રથમ ક્ષણથી માંડીને ચરમઅંકુરક્ષણ સુધીનું છે. તે કાર્યમાં જે વ્યાવૃત્તિવિશેષ છે, તે કાર્યતા સમનિયત છે. અને તે રીતે જ વ્યાવૃત્તિવિશેષથી અનુગત એવા ચરમબીજક્ષણથી માંડીને ઉપાંત્યઅંકુરક્ષણ સુધી કારણને ગ્રહણ કરીએ ત્યારે, કારણમાં રહેલી વ્યાવૃત્તિવિશેષ એ કારણતા સમનિયત છે. તેથી કાર્ય-કારણભાવ આ રીતે પ્રાપ્ત થશે.

જ્યારે કેવલ ચરમબીજક્ષણને કારણ માનીશું ત્યારે કાર્ય પ્રથમઅંકુરક્ષણથી માંડીને ચરમઅંકુરક્ષણ સુધીનું રહેશે. તેથી એ પ્રાપ્ત થાય કે, કારણ એક ક્ષણનું અને કાર્ય અનેક ક્ષણનું છે. તેથી કારણતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ થયો, અને કાર્યતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો અપ્રવેશ થયો; કેમ કે કારણ એક ક્ષણાવચ્છિન્ન છે અને કાર્ય અનેક ક્ષણાવચ્છિન્ન છે.

હવે તે જ રીતે જ્યારે કારણને ચરમબીજક્ષણથી માંડીને ઉપાન્ત્યઅંકુરક્ષણ સુધી ગ્રહણ કરીએ ત્યારે, કારણતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો અપ્રવેશ થયો, કેમ કે કારણતા અનેક ક્ષણાવચ્છિન્ન છે; અને કાર્યતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ થયો, કેમ કે કાર્ય 'ચરમઅંકુરક્ષણરૂપ' એક ક્ષણાવચ્છિન્ન છે.

હવે આ રીતે કારણમાં એક એક ક્ષણનો પ્રવેશ અને કાર્યમાં એક એક ક્ષણનો અપ્રવેશ કરીએ, અથવા કાર્યમાં એક એક ક્ષણનો પ્રવેશ અને કારણમાં એક એક ક્ષણનો અપ્રવેશ કરીએ તો, અનેક કાર્યકારણભાવની પ્રાપ્તિ થશે તે આ રીતે-




अ

ચરમબીજક્ષણ અને પાંચ અંકુરક્ષણને ગ્રહણ કરીને કારણતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ કરાવીને અને કાર્યતાવચ્છેદક કોટિમાં એકેક ક્ષણનો અપ્રવેશ કરાવીને થતા અનેક કાર્ય-કારણ ભાવો.

ब

ચરમબીજક્ષણ અને પાંચ અંકુરક્ષણને ગ્રહણ કરીને કારણતાવચ્છેદક કોટિમાં એકેક ક્ષણનો અપ્રવેશ કરાવીને અને કાર્યતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ કરાવીને થતા અનેક કાર્ય-કારણ ભાવો.

આ રીતે એક વખત કાર્યતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ કરાવીએ ત્યારે, કારણતાવચ્છેદક કોટિમાં એકેક ક્ષણનો અપ્રવેશ થાય છે, અને જ્યારે કારણતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ કરાવીએ ત્યારે,

કાર્યતાવચ્છેદક કોટિમાં એકેક ક્ષણનો અપ્રવેશ થાય છે. આ બંને પ્રકારે વિકલ્પો પાડવામાં કોઇ વિનિગમક નહિ હોવાને કારણે, બંને રીતે કાર્ય-કારણભાવ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય; તેથી ચરમબીજત્વેન અને અંકુરત્વેન જ કાર્યકારણભાવ છે, તે સ્થિર રહે નહિ; કેમ કે કારણતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ કરાવીએ ત્યારે, ચરમબીજત્વ અને પ્રથમઅંકુરક્ષણત્વ, અથવા ચરમબીજત્વ અને પ્રથમ અને દ્વિતીયઅંકુરક્ષણત્વ, અથવા ચરમબીજત્વ અને પ્રથમ, દ્વિતીય અને તૃતીયઅંકુરક્ષણત્વ, યાવત્ પંચમઅંકુરક્ષણત્વ સુધી કાર્ય પ્રાપ્ત થાય; અને તે જ રીતે કાર્યતાવચ્છેદક કોટિમાં એક ક્ષણનો પ્રવેશ કરાવીએ ત્યારે, કારણ ચરમબીજક્ષણ અને પ્રથમઅંકુરક્ષણ બને, અને કાર્ય કેવલ દ્વિતીયઅંકુરક્ષણ બને અથવા કારણ ચરમબીજક્ષણ-પ્રથમઅંકુરક્ષણ-દ્વિતીયઅંકુરક્ષણ બને અને કાર્ય કેવલ તૃતીયઅંકુરક્ષણ બને, યાવત્ ચતુર્થઅંકુરક્ષણ સુધી કારણ થાય અને ચરમઅંકુરક્ષણરૂપ= પંચમઅંકુરક્ષણરૂપ કાર્ય થાય; તેથી કારણમાં એક એક ક્ષણનો પ્રવેશ કરાવીને કાર્ય-કારણભાવ માનવો, કે કાર્યમાં એક એક ક્ષણનો પ્રવેશ કરાવીને કાર્ય-કારણભાવ માનવો, તેમાં કોઇ વિનિગમક નથી. તેથી તે રીતે કાર્ય-કારણભાવ માનવો ઉચિત ન ગણાય; પરંતુ પૂર્વમાં કહેલ કે વ્યક્તિવિશેષને અવલંબીને જ કાર્ય-કારણભાવ માનવો જોઇએ તે રીતે ચરમક્ષણબીજત્વેન અને પ્રથમક્ષણઅંકુરત્વેન કાર્ય-કારણભાવ માનવો ઉચિત ગણાય; અને તે રીતે પ્રથમઅંકુરક્ષણ અને દ્વિતીયઅંકુરક્ષણ વચ્ચે કાર્ય-કારણભાવ માનવો ઉચિત ગણાય. અને તે રીતે સર્વત્ર પૂર્વક્ષણ કારણ અને ઉત્તરક્ષણ કાર્યરૂપે જ ઋજુસૂત્રનયને સ્વીકારવી પડે.

ઉપરમાં બતાવ્યું એ પ્રમાણે ચરમક્ષણબીજત્વેન પ્રથમક્ષણઅંકુરત્વેન કાર્ય-કારણભાવ ઋજુસૂત્રને સંમત જ છે, છતાં યુક્તિથી દૃઢ કરીને **'तथा च'**થી વ્યવહારનય ઋજુસૂત્રનયને દોષ આપતાં કહે છે-

**'तथा च'** અને તે રીતે=વ્યક્તિવિશેષને અવલંબીને કાર્ય-કારણભાવ માનીએ તે રીતે, તદ્જાતીય કાર્યથી તદ્જાતીય કારણના અનુમાનના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થાય. તે આ રીતે- વ્યવહારનય માને છે કે ગોધૂમના અંકુર પ્રત્યે ગોધૂમનું બીજ કારણ છે, તેથી ગોધૂમના અંકુરનો અર્થી ગોધૂમના બીજમાં પ્રવૃત્તિ કરે છે. ઋજુસૂત્રનય કહે છે કે ગોધૂમના અંકુર પ્રત્યે ગોધૂમનું બીજ કારણ નથી, પરંતુ તે ગોધૂમના અંકુર પ્રત્યે તે ગોધૂમનું બીજ કારણ છે; તો પણ ગોધૂમના અંકુરનો અર્થી ગોધૂમના બીજમાં પ્રવૃત્તિ કરે છે તેનું કારણ પોતે કોઇ ઠેકાણે જોયેલ કે તે ગોધૂમના બીજથી તે ગોધૂમનો અંકુર થયો, તજ્જાતીય જ આ ગોધૂમનું બીજ છે, તેથી આ ગોધૂમના બીજથી પણ તજ્જાતીય ગોધૂમનો અંકુર થશે; તે પ્રકારે અનુમાન કરીને અંકુરરૂપ કાર્યનો અર્થી બીજરૂપ કારણમાં પ્રવૃત્તિ કરે છે, તે અનુમાનભંગનો પ્રસંગ આ રીતે વિશેષ કાર્ય-કારણભાવ માનવાથી થશે. કેમ કે તદ્બીજ અને તદ્અંકુર પ્રત્યે કાર્ય-કારણભાવ હવે રહેશે નહિ, પરંતુ ચરમક્ષણવાળા તદ્બીજ અને પ્રથમક્ષણવાળા તદ્અંકુર પ્રત્યે જ કાર્ય-કારણભાવ રહેશે. તેથી તજ્જાતીય કાર્ય અંકુરત્વજાતીય પ્રાપ્ત થશે નહિ, પરંતુ પ્રથમક્ષણાવચ્છિન્ન અંકુરત્વજાતીય પ્રાપ્ત થશે; તેથી તજ્જાતીય કાર્યથી તજ્જાતીય કારણનું અનુમાન વ્યવહારમાં થાય છે, એમ ઋજુસૂત્રનય કહે છે તે કહી શકશે નહિ.

આ રીતે વ્યવહારનયે જે દોષનું ઉદ્ભાવન કર્યું, તેનું નિરાકરણ કરતાં ઋજુસૂત્રનય કહે છે કે, તદ્જાતીયકારણના અનુમાનભંગનો પ્રસંગ પ્રાપ્ત થશે એમ ન કહેવું; કેમ કે સાદૃશ્યમાં તિરોહિત છે વૈસાદૃશ્ય જેઓનું એવાં બીજોના અનુમાનનો સંભવ છે.

તાત્પર્ય એ છે કે, યદ્યપિ કાર્યકારણભાવ તો ચરમબીજક્ષણ અને પ્રથમઅંકુરક્ષણ પ્રત્યે છે, પરંતુ કાર્યનો અર્થી જે ગોધૂમના અંકુરરૂપ કાર્યને પ્રત્યક્ષથી થતું જુએ છે, તત્સદૃશ જ ગોધૂમનો અંકુર પોતાને જોઇએ છે; તેથી

ગોધૂમના અંકુરના કારણરૂપે ત્યાં જે ગોધૂમના બીજને જોયેલ, તત્સદશ જ ગોધૂમના બીજમાં ગોધૂમના અંકુરરૂપ કાર્યને અનુકૂળ એવું જે ગોધૂમ કુર્વદ્રૂપત્વરૂપ વૈસાદશ્ય છે, તે તિરોહિતરૂપે તેને પ્રતીત થાય છે. અર્થાત્ તત્સદશ તેવા બીજમાં કોઇ એવી બીજક્ષણ છે કે જે બીજક્ષણથી અંકુર પેદા થઇ શકે તેવી પૂર્વક્ષણ કરતાં વિસદશતા છે અને તે વિસદશતા પોતાને અત્યારે દેખાતી નથી, પરંતુ પૂર્વે જે કાર્યકારણભાવ જોયેલ તત્સદશ એવા આ બીજમાં અવશ્ય વિસદશતા છે, તે પ્રકારનું તે અનુમાન કરી શકે છે. જ્યારે તે ગોધૂમના બીજથી અસદશ એવા ચોખાદિ અન્ય બીજોમાં અને ઘટાદિના કારણોમાં તિરોહિતરૂપે ગોધૂમકુર્વદ્રૂપત્વરૂપ વિસદશતા નથી તેનો નિર્ણય તે કરી શકે છે, તેથી ગોધૂમના બીજમાં તે વિસદશતા તિરોહિતરૂપે અવશ્ય છે, તે પ્રકારના અનુમાનથી કાર્યાર્થીની પ્રવૃત્તિ થઇ શકે છે. માટે કોઇ દોષ નથી.

**'प्रयोज्यप्रयोजक'** પૂર્વે કહ્યું કે સાદશ્યમાં તિરોહિત વૈસાદશ્યવાળા બીજાદિના અનુમાનનો સંભવ છે તેની પુષ્ટિ કરતાં કહે છે - પ્રયોજ્યપ્રયોજકભાવના ભંગરૂપ જ વિપક્ષબાધક તર્કનું જાગરૂકપણું છે.

તાત્પર્ય એ છે કે, અહીં કોઇ કહે કે જ્યારે ગોધૂમના ચરમબીજક્ષણ અને ગોધૂમના પ્રથમઅંકુરક્ષણ પ્રત્યે કાર્યકારણભાવ છે, છતાં કાર્યનો અર્થી ગોધૂમના અંકુરને માટે ગોધૂમના બીજમાં કારણતાનું અનુમાન કરીને પ્રવૃત્તિ કરે છે, પરંતુ તે ચરમક્ષણની પૂર્વની ગોધૂમબીજની ક્ષણોમાં કારણતા નહિ હોવા છતાં તેને કારણ માને છે, તો પછી તે જ રીતે શાલિઆદિના બીજમાં કે ઘટની સામગ્રી માટી છે તેમાં પણ, કારણનું અનુમાન કરીને પ્રવૃત્તિ કરે; એ પ્રકારના વિપક્ષને બાધક એવો તર્ક જે પ્રયોજ્ય-પ્રયોજકભાવના ભંગરૂપ છે, તે અહીં જાગરૂક છે. તે આ રીતે- ગોધૂમના બીજની ચરમક્ષણ જો કે કારણ છે તો પણ, તે ગોધૂમના બીજની ચરમક્ષણની પૂર્વની બધી ક્ષણો અંકુર પ્રતિ પ્રયોજક છે; જ્યારે ગોધૂમના અંકુરરૂપ કાર્ય પ્રતિ, શાલિઆદિ બીજ કે માટીઆદિ પદાર્થોની કોઇ પણ ક્ષણો કારણરૂપે નથી, તેથી તેમની કોઇ પણ ક્ષણો પ્રયોજક પણ નથી. જ્યારે ગોધૂમના બીજની ચરમક્ષણ કારણ છે, અને ગોધૂમના બીજની પૂર્વની ક્ષણો પ્રયોજક છે, તેથી કોઇને એ શંકા થાય કે જેમ અકારણભૂત એવા પ્રથમાદિ ક્ષણવાળા ગોધૂમના બીજમાં કારણતાનું અનુમાન થઇ શકે છે, તેમ શાલિઆદિના બીજમાં અને ઘટાદિની કારણ એવી માટી આદિમાં પણ ગોધૂમના અંકુરાની કારણતાનું અનુમાન થાઓ.

વિપક્ષને બાધક તર્ક એ પ્રાપ્ત થયો કે, જેમ શાલિઆદિના બીજ સાથે ગોધૂમના અંકુરનો કાર્યકારણભાવ નથી, તેમ પ્રયોજ્ય-પ્રયોજકભાવ પણ નથી; જ્યારે ગોધૂમના ચરમબીજક્ષણ અને ગોધૂમની પ્રથમ અંકુરક્ષણ વચ્ચે જેમ કાર્યકારણભાવ છે, તેમ ગોધૂમના ચરમક્ષણની પૂર્વની બીજક્ષણો અને ગોધૂમની અંકુરક્ષણો પ્રત્યે પ્રયોજ્ય-પ્રયોજકભાવ પણ છે; તેથી જેમ ગોધૂમના બીજમાં અને ગોધૂમના અંકુરમાં પ્રયોજ્ય- પ્રયોજકભાવ હોવાને કારણે કારણતાનું અનુમાન કરીએ છીએ, તે જ રીતે શાલિઆદિના બીજમાં અને ગોધૂમના અંકુરમાં કારણતાનું અનુમાન કરવા માટે જે કોઇનું કથન છે તેને સ્વીકારીએ તો, શાલિઆદિના બીજમાં અને ગોધૂમના અંકુરમાં જેમ પ્રયોજ્ય-પ્રયોજકભાવ નથી, તે જ રીતે ગોધૂમના બીજ અને ગોધૂમના અંકુરમાં પણ પ્રયોજ્ય-પ્રયોજકભાવના ભંગની પ્રાપ્તિ સ્વીકારવી પડશે; અને તે પ્રયોજ્ય-પ્રયોજકભાવનો ભંગ તે જ વિપક્ષના બાધક તર્કરૂપ છે, અને તે વિપર્યયમાં પર્યવસાન પામીને કાર્યની સિદ્ધિ કરે છે. અર્થાત્ ગોધૂમના અંકુર અને ગોધૂમના બીજમાં પ્રયોજ્ય-પ્રયોજકભાવનો ભંગ ઇષ્ટ નથી. તેનાથી એ પ્રાપ્ત થયું કે, ગોધૂમના બીજ અને ગોધૂમના અંકુર વચ્ચે પ્રયોજ્ય-પ્રયોજકભાવ છે, તેથી ગોધૂમના બીજમાં જ ગોધૂમના અંકુરની કારણતાનું અનુમાન સંભવે, અન્યત્ર નહિ.

**ટીકા :- एतेनाऽवह्नेरपि धूमसंभवसंभावनापि निरस्ता, सामग्र्या इवातिशयस्य फलोन्नेयत्वात्। एवं च कुर्वत्त्वबीजत्वयोर्विरुद्धयोरपि समावेशे क्वचिदपि विरोधाऽसिद्धेर्गतमनुपलब्धिलिङ्गकेन, विपक्षे बाधकाभावेन च गतं स्वभावलिङ्गकेनापीति परास्तं, उक्तरीत्या विशिष्य प्रयोज्यप्रयोजकभावे दोषाभावात्।**

**ટીકાર્થ :-** આના દ્વારા=વિપક્ષબાધક એવા પ્રયોજ્ય-પ્રયોજકભાવના ભંગરૂપ જે તર્કનું જાગરૂકપણું છે એમ કહ્યું આના દ્વારા, અવહ્નિથી પણ ધૂમના ઉદ્ભવની સંભાવના છે, એ પ્રકારે કોઇની માન્યતા છે; તે પણ નિરસ્ત થઇ. કેમ કે સામગ્રીની જેમ અતિશયનું ફલ ઉન્નેયપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનયને ધૂમની ઉત્પત્તિનું કારણ કુર્વદ્રૂપત્વવાળો વહ્નિ જ માન્ય છે, પણ નહીં કે કુર્વદ્રૂપત્વરહિત એવો વહ્નિ; તેથી વ્યવહારનય એવો દોષ ઉદ્ભાવન કરે કે, જેમ કુર્વદ્રૂપત્વવાળા વહ્નિથી ધૂમ પેદા થઇ શકે છે, તેમ ધૂમનું કુર્વદ્રૂપત્વ વહ્નિ સિવાય અન્ય કોઇ પદાર્થમાં હોય, એનાથી પણ ધૂમ પેદા થઇ શકે; કેમ કે વહ્નિત્વેન ધૂમત્વેન કાર્ય-કારણભાવ ઋજુસૂત્રનયને માન્ય નથી, પરંતુ કુર્વદ્રૂપત્વેન ધૂમત્વેન કાર્ય-કારણભાવ ઋજુસૂત્રનય માને છે; અને તે કુર્વદ્રૂપત્વ વહ્નિ સિવાય અન્ય કોઇ પદાર્થમાં હોય તો તેનાથી પણ ધૂમનો ઉદ્ભવ થઇ શકે. આવી જાતની વ્યવહારનયની આપત્તિ છે, તેનું નિરાકરણ **'एतेन'થી** થાય છે. તે આ રીતે- ધૂમ અને વહ્નિ વચ્ચે પ્રયોજ્ય-પ્રયોજકભાવ છે, જ્યારે અવહ્નિ=ઘટાદિ અને ધૂમની વચ્ચે પ્રયોજ્ય-પ્રયોજકભાવ નથી. તેથી અવહ્નિથી ધૂમની સંભાવના કહીએ તો, વહ્નિ અને ધૂમની વચ્ચે જે પ્રયોજ્ય-પ્રયોજકભાવ છે તેના ભંગની પ્રાપ્તિ થશે. તેથી જ અવહ્નિથી ધૂમ પેદા ન થઇ શકે તેવો નિર્ણય થાય છે.

**'एतेन'** થી આ નિરસ્ત થયું, તેમાં જે હેતુ કહ્યો કે, સામગ્રીની જેમ અતિશયનું ફલ ઉન્નેયપણું છે, તેનું તાત્પર્ય એ છે કે, વ્યવહારનય ઘટની સામગ્રી દંડ-ચક્ર-ચીવરાદિ છે, અન્ય નહિ; તેનો નિર્ણય જેમ ઘટરૂપ કાર્ય થયેલું જોઇને કરે છે; તે આ રીતે- કોઇક ઠેકાણે ઘટકાર્ય થયું ત્યારે, ત્યાં દંડ-ચક્ર-ચીવરાદિ સામગ્રી હતી, તો જ ઘટકાર્ય થયું; અને જ્યાં જ્યાં તે સામગ્રી નથી, ત્યાં ત્યાં ઘટ થતો નથી. તેથી વ્યવહારનય કહે છે કે, ઘટની સામગ્રી દંડ-ચક્ર-ચીવરાદિ છે. તે રીતે ઋજુસૂત્રનય કહે છે કે, અમારા મતે ચરમબીજક્ષણમાં અતિશય છે તે કાર્યથી જણાય છે, અને કોઇક ઠેકાણે અંકુરરૂપ કાર્યને જોઇને એમ નક્કી થાય છે કે, તે અંકુર પ્રત્યે અતિશયવાળું બીજ જ કારણ છે, પરંતુ બીજને છોડીને અન્ય કોઇ ઠેકાણે તેનો અતિશય હોઇ શકે નહિ; કેમ કે જ્યાં જ્યાં અંકુરરૂપ કાર્ય થાય છે, ત્યાં ત્યાં બીજમાં જ તેવો અતિશય પ્રાપ્ત થાય છે; બીજને છોડીને અન્યત્ર નહિ. તે જ રીતે પ્રસ્તુતમાં ધૂમનું કુર્વદ્રૂપત્વ પણ વહ્નિમાં જ છે, વહ્નિને છોડીને અન્યમાં નથી, તેમ નિર્ણય કરીને કાર્યાર્થી તે પ્રવૃત્તિ કરે છે; અને જ્યારે કાર્ય દેખાય છે, ત્યારે તે નક્કી કરી શકે છે કે આ ધૂમરૂપ કાર્યના પૂર્વક્ષણવાળા વહ્નિમાં તેવો અતિશય છે.

**ટીકાર્થ :- 'एवं च'** અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે પ્રયોજ્ય-પ્રયોજકભાવના ભંગરૂપ વિપક્ષબાધક તર્ક જાગરૂક છે એ રીતે, આ પણ પરાસ્ત થયું એમ અન્વય છે. અને જે પરાસ્ત થયેલ છે, તે રૂપ વ્યવહારનયનો નિશ્ચયનયને

આપેલ દોષ આ પ્રમાણે છે - વિરૂદ્ધ એવા પણ કુર્વત્ત્વ અને બીજત્વનો ક્યાંક પણ સમાવેશ થયે છતે, વિરોધની અસિદ્ધિ હોવાથી, અનુપલબ્ધિકલિંગક અનુમાનથી સર્યું, અને વિપક્ષમાં બાધકનો અભાવ હોવાથી, સ્વભાવલિંગક અનુમાનથી પણ સર્યું. એ પ્રકારે વ્યવહારે નિશ્ચયને આપેલ દોષ પરાસ્ત થઇ ગયો, કેમ કે ઉક્ત રીતિથી વિશેષ કરીને પ્રયોજ્ય-પ્રયોજકભાવમાં દોષનો અભાવ છે=દોષ નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ઋજૂસૂત્રનય પ્રમાણે અંકુર પ્રત્યે ચરમબીજક્ષણ જ કારણ છે, અને ચરમક્ષણ પૂર્વની ક્ષણો કારણ નથી. તેથી પૂર્વની ક્ષણોમાં કેવલ બીજત્વ છે, ત્યાં અંકુરને પેદા કરવારૂપ કુર્વત્ત્વ નથી. તેથી બીજત્વ અને કુર્વત્ત્વ પરસ્પર એક ઠેકાણે રહી ન શકવાના કારણે વિરૂદ્ધ છે. જ્યારે ચરમક્ષણમાં તે અંકુરનું કુર્વત્ત્વ પણ છે અને બીજત્વ પણ છે, તેથી કુર્વત્ત્વ અને બીજત્વનો એક ઠેકાણે સમાવેશ થવાના કારણે, તે બંનેના વિરોધની અસિદ્ધિ થશે. તેથી કરીને અનુપલબ્ધિલિંગક અનુમાન જે પ્રસિદ્ધ છે, તેને નહીં માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તે આ રીતે-જેમ કોઇ વ્યક્તિમાં (શાસ્ત્રીય) જ્ઞાનની અનુપલબ્ધિ હોય, તેના ઉપરથી અનુમાન થઇ શકે કે, આની ક્રિયા શાસ્ત્રાનુસારી નથી; પરંતુ જ્ઞાનાભાવ અને શાસ્ત્રાનુસારી ક્રિયા યદ્યપિ બંને વિરોધી છે તો પણ, જેમ વિરૂદ્ધ એવા કુર્વત્ત્વ અને બીજત્વનો એકત્ર સમાવેશ થાય છે, તેમ વિરૂદ્ધ એવા જ્ઞાનાભાવ અને શાસ્ત્રાનુસારી ક્રિયાને પણ ક્વચિત્ એકત્ર સ્વીકારવા પડે; તેથી અનુપલબ્ધિલિંગક અનુમાન થઇ શકે નહિ. અને વ્યવહારનયના મતમાં આ દોષ પ્રાપ્ત થતો નથી. કેમ કે વ્યવહારનય બીજત્વેન અંકુરત્વેન કાર્ય-કારણભાવ માને છે. તેથી વિરૂદ્ધ એવા કુર્વત્ત્વ અને બીજત્વને એક ઠેકાણે માનવાનો પ્રસંગ વ્યવહારનયને પ્રાપ્ત થતો નથી.

વળી સ્વભાવલિંગક અનુમાન પણ થઇ શકશે નહિ, એમ જે વ્યવહારનયે ઋજુસૂત્રનયને કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, ઉષ્ણ એવા જળમાં ઉષ્ણત્વરૂપ સ્વભાવને કારણે અનુમાન થાય છે કે, ઉષ્ણ જલમાં યદ્યપિ વહ્નિ દેખાતો નથી, તો પણ સૂક્ષ્મ વહ્નિ રહેલ છે; કેમ કે ઉષ્ણત્વ સ્વભાવ વહ્નિનો છે, જ્યારે જલનો શીત સ્વભાવ છે. પરંતુ જે રીતે કુર્વત્ત્વ અને બીજત્વ પ્રથમ ક્ષણમાં વિરોધી હોવા છતાં ચરમક્ષણમાં એક ઠેકાણે રહી શકે છે, તેમ જલમાં પણ જલત્વ અને ઉષ્ણત્વ શીત જલમાં નહિ રહેવા છતાં, અગ્નિના સાંનિધ્યથી ઉષ્ણ થયેલા જલમાં બંનેનો સમાવેશ માની શકાશે. તેથી ઉષ્ણત્વ સ્વભાવ દ્વારા જલ અંતર્ગત સૂક્ષ્મ વહ્નિનો જે સ્વભાવલિંગક અનુમાન થાય છે, તે થઇ શકશે નહિ. કેમ કે વિપક્ષમાં બાધક તર્કનો અભાવ છે.

અહીં વિપક્ષમાં બાધકાભાવ હોવાને કારણે સ્વભાવલિંગક અનુમાનથી સર્યું, તેમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, જલ હંમેશાં શીત હોય છે, તેથી જલને ઉષ્ણરૂપે સ્વીકારવામાં પ્રતીતિનો (અનુભવનો) બાધ થાય છે, તેથી જલને ઉષ્ણરૂપે સ્વીકારવારૂપ વિપક્ષમાં અનુભવનો બાધ એ બાધક છે; અને તેથી જ જ્યારે ઉષ્ણજલની પ્રાપ્તિ થાય છે, ત્યારે સ્વભાવલિંગક અનુમાન થાય છે. અર્થાત્ અગ્નિનો ઉષ્ણ સ્વભાવ છે, માટે પ્રસ્તુત જલમાં ઉષ્ણસ્વભાવના લિંગ દ્વારા સૂક્ષ્મ અગ્નિનું અનુમાન ઉષ્ણજલમાં થાય છે. પરંતુ જો વિરોધી એવા કુર્વત્ત્વ અને બીજત્વ એક ઠેકાણે રહી શકતાં હોય તો, જલની અંદર પણ વિરોધી એવા જલત્વ અને ઉષ્ણત્વ રહી શકે તેમ માનવું પડે; અને તેમ સ્વીકારવામાં આવે તો, ઉષ્ણજલમાં ઉષ્ણત્વ સ્વભાવ દ્વારા વહ્નિનું અનુમાન થઇ શકે નહિ; કેમ કે અગ્નિને ઉષ્ણ સ્વીકારવારૂપ વિપક્ષમાં કોઇ બાધક નથી.

અહીં જલસહવર્તી વહ્નિના પરમાણુ પક્ષ છે. તેમાં વહ્નિત્વનું અનુમાન ઉષ્ણત્વને કારણે કરવાનું છે. તેથી ઉષ્ણ એવા જળમાં વહ્નિના પરમાણુ છે એ રીતે નિર્ણય થઇ શકે છે. પરંતુ વહ્નિના અભાવવાળું જે જલ છે, તે

વિપક્ષ છે, કેમ કે સાધ્યાભાવવાન વિપક્ષ છે; અને વહ્નિના અભાવવાળા જલમાં જળત્વનો વિરોધી ઉષ્ણત્વધર્મ રહી શકતો હોય તો, ઉષ્ણત્વ દ્વારા જળસહવર્તી કોઇ પરમાણુમાં વહ્નિત્વ છે, તેમ અનુમાન થઇ શકે નહિ. તેથી સ્વભાવલિંગક જે અનુમાન પ્રસિદ્ધ છે, તેના વ્યવચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે; એ પ્રકારની વ્યવહારનયે ઋજુસૂત્રનયને આપત્તિ આપેલ છે, તે પણ પરાસ્ત જાણવી; કેમ કે ઉક્ત રીતિથી વિશેષ કરીને પ્રયોજ્ય-પ્રયોજકભાવમાં દોષ નથી.

તાત્પર્ય એ છે કે, પૂર્વે કહ્યું કે સાદશ્યમાં તિરોહિત એવા વૈસાદશ્યવાળા બીજાદિના અનુમાનનો સંભવ છે, એનાથી એ પ્રાપ્ત થયું કે, અન્યત્ર જે ગોધૂમના બીજ દ્વારા જે ગોધૂમનો અંકુર થાય છે, તત્સદશ જ આ બીજ છે; અને તેમાં રહેલ સાદશ્યમાં તિરોહિત છે વૈસાદશ્ય જેનું એવું બીજ, તે અંકુર પ્રતિ કારણ છે; એ રૂપ ઉક્ત રીતિથી એ પ્રાપ્ત થયું કે, તે ગોધૂમનું બીજ અને તે ગોધૂમના અંકુર પ્રત્યે વિશેષરૂપે પ્રયોજ્ય-પ્રયોજકભાવ છે. તેથી વ્યવહારે આપેલ અનુપલબ્ધિલિંગક અને સ્વભાવલિંગક અનુમાનના ભંગની આપત્તિરૂપ દોષનો અભાવ છે. તે આ રીતે - બીજત્વેન અંકુરત્વેન સામાન્યથી પ્રયોજ્ય-પ્રયોજકભાવ નથી, પરંતુ ગોધૂમના તદ્બીજ અને ગોધૂમના તદ્અંકુરરૂપ વિશેષરૂપે પ્રયોજ્ય-પ્રયોજકભાવ છે; અને તેનાથી એ પ્રાપ્ત થાય કે, ગોધૂમના તે બીજની કોઇક ક્ષણ ગોધૂમના તે અંકુરક્ષણની કુર્વદ્રૂપત્વવાળી છે, તેથી અન્ય બીજ=શાલિનું બીજ, ગોધૂમના અંકુર પ્રતિ કારણ બનતું નથી, કેમ કે તે શાલિના બીજ અને ગોધૂમના અંકુર વચ્ચે પ્રયોજ્ય-પ્રયોજકભાવ નથી, પરંતુ ગોધૂમના જે બીજથી ગોધૂમનો જે અંકુર પેદા થાય છે, તે બંને વચ્ચે પ્રયોજ્ય-પ્રયોજકભાવ છે. તેથી તેની કોઇક ક્ષણ એવી છે, જે કુર્વદ્રૂપત્વવાળી છે, તેથી જ તે ગોધૂમનું બીજ પ્રયોજકરૂપ બને છે. માટે જ્યાં પ્રયોજ્ય-પ્રયોજકભાવ હોય તેમાં જ કુર્વદ્રૂપવાળી ક્ષણનું અનુમાન કરાય છે, અન્યત્ર નહીં, તેથી જે બીજ અંકુરક્ષણનું પ્રયોજક છે તેમાં જ કુર્વદ્રૂપનું અનુમાન હોવાથી વિરુદ્ધભાવનો એકત્ર સમાવેશ થતો નથી, તેથી વિરુદ્ધભાવોનો એકત્ર સમાવેશ થઇ શકે તો અનુપલબ્ધિક અનુમાન થઇ શકે નહીં, એ પ્રકારની આપત્તિ વ્યવહારનય આપી શકે નહીં કેમ કે પ્રયોજ્ય-પ્રયોજકભાવવાળી વસ્તુમાં યદ્યપિ પૂર્વક્ષણમાં કુર્વત્ત્વ અને બીજત્વ નથી, પરંતુ પ્રયોજકત્વ અને બીજત્વ છે, અને તે પ્રયોજકત્વ જ ચરમક્ષણપ્રાપ્ત કુર્વત્ત્વ શબ્દથી વાચ્ય બને છે; માટે કુર્વત્ત્વ અને બીજત્વ વિરૂદ્ધ છે, અને તેનો એકત્ર સમાવેશ થાય છે, તેવું નથી.

### -: વ્યવહારનયની માન્યતા :-

**ઉત્થાન :-** પૂર્વમાં ઋજુસૂત્રનયની માન્યતા પ્રમાણે કાર્યકારણભાવની વ્યવસ્થા બતાવી. હવે વ્યવહારનયની અપેક્ષાએ બતાવે છે-

**ટીકા :- व्यवहारनयात्तु बीजमिव पृथिवीपाथःपवनादिकमप्यङ्कुरहेतुर्नियमतोऽन्वयव्यतिरेकानुविधानात्, अन्यथा तत्र प्रवृत्त्यभावप्रसङ्गाच्च, नह्यङ्कुरोत्पत्तिमनुपलभ्य प्रागेव बीजादौ तदनुगुणमतिशयमुपलभ्य कश्चित्प्रवर्त्तते। "क्व चित्कार्यानुगुणमतिशयमुपलभ्यान्यत्रापि तत्सादृश्यप्रतिसंधानात्संभावनयैव प्रवृत्तिरि"ति चेत्? न, स्वभावत एव तदुत्पत्तिसंभावनया बह्वायाससाध्ये कर्मणि प्रवृत्त्यनुपपत्तेः,**

"कृष्यादिप्रवृत्त्यैव-बीजमङ्कुरं जनयतीत्यस्य स्वभाव" इति चेत्? सोऽयं स्वभावः सहकार्यपेक्षामाददानो हेतुवादमेव द्रढयति, स्वेतरसहकारिसध्रीचीनानां सर्वेषामेव कारणानां कार्यजननस्वभावत्वात्, पूर्वं तु सहकारिवैकल्यप्रयुक्तकार्याभाववत्त्वस्वभावत्वेऽपि कार्योपधायकत्वस्वभावाभावादेव कार्यानुदयात्। न चैवं कार्योपधायकत्वानुपधायकत्वलक्षणविरुद्धधर्माध्यासाद्धेतुभङ्गप्रसङ्गः, कालभेदेनैकत्र भावाभावयोरविरुद्धत्वात्, क्षणिकत्वस्य स्वप्नेऽप्यप्रतीतेः। एतेन वर्त्तमानत्वाऽवर्त्तमानत्वलक्षणविरुद्धधर्माध्यासोऽपि निरस्तः, सदसत्सम्बन्धस्य ज्ञानादावविरोधदर्शनात्, प्रत्ययक्रमेणैवैकस्यानेकक्षणसंबन्धक्रमसंभवादिति।

❀ '**सहकारिवैकल्यप्रयुक्तकार्याभाववत्त्वस्वभावत्वेऽपि**' અહીં '**अपि**' છે તે '**एवकारार्थक**' છે.

**ટીકાર્થ :-** '**व्यवहारनयात्तु**' બીજની જેમ પૃથ્વી, પાથ=જલ, પવનાદિક પણ અંકુરના હેતુ છે, કેમ કે નિયમથી (સામગ્રીનો) અન્વય-વ્યતિરેક છે. અન્યથા=પૃથ્વી આદિને સામગ્રી ન માનો અને માત્ર કુર્વદ્રૂપત્વવાળા બીજને કારણ માનો તો, ત્યાં =પૃથ્વી આદિમાં, (અંકુરના અર્થીની) પ્રવૃત્તિના અભાવનો પ્રસંગ પ્રાપ્ત થશે. અને તે જ વાતને પુષ્ટ કરતાં કહે છે કે, અંકુરની ઉત્પત્તિને પામ્યા વગર પૂર્વમાં જ બીજાદિમાં અંકુરને અનુગુણ=અનુકૂળ, એવા અતિશયને પામીને કોઇ પ્રવૃત્તિ કરતું નથી.

'**क्वचित्**' વ્યવહારનયની સામે ઋજુસૂત્રનયની દૃષ્ટિવાળો કહે કે, કોઇક ઠેકાણે કાર્યને અનુગુણ=અનુકૂળ, એવા અતિશયને પ્રાપ્ત કરીને, અન્યત્ર પણ=બીજે ઠેકાણે પણ, બીજમાં તત્સાદૃશ્યનું પ્રતિસંધાન થવાના કારણે, સંભાવનાથી જ પ્રવૃત્તિ થાય છે. તો વ્યવહારનય કહે છે કે એમ ન કહેવું. કેમ કે સ્વભાવથી જ=બીજમાં રહેલા અતિશયરૂપ કુર્વદ્રૂપત્વ સ્વભાવથી જ, અંકુરની ઉત્પત્તિની સંભાવના હોય તો, બહુ આયાસ સાધ્ય એવા કર્મમાં=ક્રિયામાં=પૃથ્વીને ખેડવા, બીજ વાવવાદિરૂપ ક્રિયામાં જે પ્રવૃત્તિ દેખાય છે, તેની અનુપપત્તિ થશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અંકુરરૂપ કાર્યનો અર્થી અંકુરરૂપ કાર્યને કોઇક ઠેકાણે થતું જોઇને, તેને અનુરૂપ એવા અતિશયને બીજમાં જુવે છે; અને અન્ય ઠેકાણે પણ બીજમાં તત્સાદૃશ્યનું=સમાનતાનું, પ્રતિસંધાન હોવાને કારણે, કાર્યને અનુરૂપ અતિશયની સંભાવના તે બીજમાં છે તેમ માનીને, તે બીજમાં પ્રવૃત્તિ કરે છે; માટે કોઇ દોષ નથી; એ પ્રમાણે વ્યવહારનયને ઋજુસૂત્રનયની દૃષ્ટિવાળો કહે છે. તેને વ્યવહારનય કહે છે કે, એમ કહેવું યુક્ત નથી; કેમ કે બીજમાં રહેલા ચરમક્ષણના અતિશય વિશેષરૂપ કુર્વદ્રૂપત્વ સ્વભાવથી જ અંકુર ઉત્પત્તિની સંભાવના હોય તો, બહુ પ્રયત્નથી સાધ્ય ખેતી આદિની ક્રિયામાં લોકોની જે પ્રવૃત્તિ દેખાય છે, તેની અનુપપત્તિ થશે.

**ટીકાર્થ :-** '**कृष्यादि**' અહીં ઋજુસૂત્રનય આ પ્રમાણે કહે કે, કૃષ્યાદિમાં પ્રવૃત્તિથી જ બીજ અંકુરને પેદા કરે છે, એ પ્રમાણે આનો=બીજનો, સ્વભાવ છે; તો વ્યવહારનય કહે છે કે, તે આ સ્વભાવ સહકારીની અપેક્ષા રાખતો હેતુવાદને જ દૃઢ કરે છે; કેમ કે સ્વ=ઉપાદાન, અને તેનાથી ઇતર એવા સહકારીથી સધ્રીચીન=સહિત, એવા બધા જ કારણોનું (અર્થાત્ બધા જ ઉપાદાનાદિ કારણોનું) કાર્યજનનસ્વભાવપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જો બીજ કૃષિ આદિ પ્રવૃત્તિથી અંકુરને પેદા કરે તેવા સ્વભાવવાળું છે તેમ માનો તો, તેનાથી એ જ પ્રાપ્ત થાય છે કે, બીજ સહકારી કારણોની અપેક્ષા રાખતું કાર્યને કરે છે, પણ સહકારી કારણો વગર નહિ. તેથી બધા સહકારી, અંકુરરૂપ કાર્ય પ્રતિ હેતુ છે, તે વાતને જ સ્વભાવવાદ દૃઢ કરે છે. તેથી કૃષિ આદિ બધામાં હેતુવાદની સિદ્ધિ થશે; કેમ કે ઉપાદાન પોતાનાથી ઇતર સહકારીથી સહિત જ કાર્યજનનસ્વભાવવાળો છે, પણ નહીં કે સહકારી નિરપેક્ષ; તેથી સહકારીને પણ હેતુરૂપે માનવા જોઇએ, એમ પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, બીજ જો અંકુર પ્રત્યે કારણ છે અને સહકારીની અપેક્ષાએ કાર્ય કરે છે, તો તે બીજના પૂર્વમાં પણ કાર્યજનનસ્વભાવ વ્યવહારનયને માનવો પડશે; કેમ કે બીજ કુર્વદ્રૂપત્વેન કારણ નથી, પણ બીજત્વેન કારણ છે; તો પૂર્વમાં કાર્યનો અનુદય કેમ છે? અને જો કાર્યનો અનુદય હોવા છતાં તે બીજને કારણ કહી શકાય તો, અંકુર પ્રતિ જે કારણરૂપે નથી તેવા બીજથી અન્ય પદાર્થો પણ, અંકુરજનનસ્વભાવવાળા છે એમ માનવું પડશે. આ રીતની ઋજુસૂત્રનયની શંકાને સામે રાખીને વ્યવહારનય કહે છે-

**ટીકાર્થ :- 'पूर्वं तु'** પૂર્વમાં સહકારીવૈકલ્યપ્રયુક્ત કાર્યાભાવવત્ત્વસ્વભાવપણું હોતે છતે પણ, કાર્યઉપધાયકસ્વભાવનો અભાવ હોવાથી જ કાર્યનો અનુદય છે. (માટે કોઇ દોષ નથી.)

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, બીજ સિવાયની અન્ય વસ્તુથી અંકુરરૂપ કાર્યનો અનુદય એટલા માટે છે કે, ત્યાં કાર્યઅભાવત્વસ્વભાવ હોવાને કારણે કાર્યઉપધાયકસ્વભાવનો અભાવ છે; જ્યારે બીજમાં કાર્યોત્પત્તિની પૂર્વમાં કાર્યઅભાવત્વસ્વભાવ નથી, પરંતુ સહકારીવૈકલ્યપ્રયુક્ત કાર્યાભાવત્વસ્વભાવ છે; અને તેના કારણે કાર્યઉપધાયક (=કાર્યને કરનાર) સ્વભાવનો અભાવ છે; તેથી અંકુરરૂપ કાર્યનો ત્યાં અનુદય છે. પરંતુ જો સહકારી પ્રાપ્ત થાય તો ત્યાં કાર્ય અવશ્ય થાય છે, માટે બીજને કારણ માનવામાં કોઇ દોષ નથી.

**ટીકાર્થ :- 'न चैवं'** આ રીતે=કાર્યઉપધાયકત્વસ્વભાવના અભાવને કારણે જ પૂર્વમાં કાર્યનો અનુદય છે એ રીતે, કાર્યઉપધાયક અને અનુપધાયક લક્ષણ વિરુદ્ધ ધર્મના અધ્યાસથી હેતુના ભંગનો પ્રસંગ પ્રાપ્ત થશે એમ ન કહેવું; કેમ કે કાલભેદથી એક ઠેકાણે ભાવ-અભાવનું અવિરુદ્ધપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, વિરુદ્ધ એવા ભાવ અને અભાવનું કાલભેદને આશ્રયીને અવિરુદ્ધ કહેવું, એના કરતાં તો તે બંનેને જુદા માનીને પદાર્થ ક્ષણસ્થાયી છે તેમ માનવું સંગત છે. આ પ્રકારની ઋજુસૂત્રનયની શંકાને સામે રાખીને બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'क्षणिक'** ક્ષણિકત્વની સ્વપ્નમાં પણ અપ્રતીતિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વમાં કહ્યું એ રીતે, જ્યારે બીજથી કાર્ય થાય છે ત્યારે, તેનામાં કાર્યઉપધાયકસ્વભાવ= કાર્યને કરવાનો સ્વભાવ, છે, અને તેની પૂર્વમાં તે બીજમાં કાર્યઅનુપધાયક=કાર્યને ન કરવાનો સ્વભાવ, છે; તે

રૂપ વિરુદ્ધ ધર્મનો એક જ બીજરૂપ હેતુમાં અધ્યાસ=પ્રાપ્તિ થવાથી, તે બીજરૂપ હેતુમાં ભંગનો પ્રસંગ પ્રાપ્ત થશે.=પૂર્વબીજ કરતાં કાર્ય કરવાના સ્વભાવવાળું બીજ જુદું છે એમ માનવું પડશે. આ રીતે ઋજુસૂત્રનયની શંકાને સામે રાખીને વ્યવહારવાદી કહે છે કે, એમ ન કહેવું, કેમ કે કાલભેદથી એક ઠેકાણે ભાવ અને અભાવનું અવિરુદ્ધપણું છે. કહેવાનો આશય એ છે કે, દીર્ઘકાલસ્થાયી એવા બીજમાં, પૂર્વમાં કાર્યઉપધાયકત્વનો અભાવ અને પશ્ચાત્ કાર્યઉપધાયકત્વનો ભાવ અવિરુદ્ધ છે

અહીં પ્રશ્ન થાય કે, વિરુદ્ધ એવા ભાવ અને અભાવનું કાલભેદને આશ્રીને અવિરુદ્ધ કહેવું, એના કરતાં તો તે બંનેને જુદા માનીને પદાર્થ ક્ષણસ્થાયી છે તેમ માનવું સંગત છે; એ પ્રકારની ઋજુસૂત્રની શંકાને સામે રાખીને બીજો હેતુ કહે છે - ક્ષણિકત્વની સ્વપ્નમાં પણ અપ્રતીતિ છે,=પદાર્થ ક્ષણિક છે એ પ્રકારની પ્રતીતિ સર્વથા થતી નથી, પરંતુ દરેક પદાર્થો અનિયત એવા કિંચિત્ કાલસ્થાયી છે; એ રૂપે પ્રતીતિ થાય છે.

**ટીકાર્થ :- 'एतेन'** આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે કાલભેદથી એકત્ર ભાવ-અભાવનું અવિરુદ્ધપણું છે આના દ્વારા, વક્ષ્યમાણ ઋજુસૂત્રની આપત્તિ પણ નિરસ્ત થઇ ગઇ. અને તે ઋજુસૂત્રનયે આપેલ આપત્તિ આ પ્રમાણે છે - પદાર્થને નિત્ય માનો તો, પદાર્થમાં વર્તમાનકાલે વર્તમાનત્વ છે, અને ભૂતકાલવર્તી અને ભવિષ્યકાલવર્તી તે જ પદાર્થમાં, વર્તમાનકાલમાં જે વર્તમાનત્વ છે તેનો અભાવ છે; તેથી અવર્તમાનત્વ છે. આ રીતે એક જ પદાર્થમાં વર્તમાનત્વ અને અવર્તમાનત્વરૂપ વિરુદ્ધ ધર્મોનો અધ્યાસ છે, અર્થાત્ વિરુદ્ધ ધર્મો પ્રાપ્ત થાય છે; એ ઋજૂસૂત્રનયની માન્યતા પણ નિરસ્ત જાણવી. કેમ કે જ્ઞાનાદિમાં સદ્-અસદ્‌ના સંબંધના અવિરોધનું દર્શન છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જ્ઞાનાદિમાં સત્-અસત્‌ના સંબંધનો અવિરોધ છે તે કેમ સંભવે? કેમ કે ઋજુસૂત્રનયના મતે અસત્ પદાર્થ તુચ્છ છે, તેથી તેનો સંબંધ જ્ઞાનાદિમાં સંભવે નહિ. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :-** પ્રત્યયના ક્રમથી એક એવા ઘટાદિ વસ્તુનો અનેક ક્ષણની સાથે સંબંધના ક્રમનો સંભવ છે. **'इति'** શબ્દ વ્યવહારનયની માન્યતાની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, કોઇ વસ્તુ અમુક ટાઇમ સુધી અસ્તિત્વ ધરાવ્યા પછી નાશ પામે છે ત્યારે, તે વસ્તુનું તે પ્રકારનું જ્ઞાન થાય ત્યારે, એવી પ્રતીતિ થાય છે કે, આ વસ્તુ આટલા ટાઇમ સુધી સત્ હતી, ત્યાર પછી તે વસ્તુ નથી; તેથી તે વસ્તુનું સદ્-અસદ્‌રૂપે જે જ્ઞાન થાય છે, તેમાં સત્-અસત્‌ના સંબંધનો અવિરોધ દેખાય છે. તે જ રીતે પદાર્થમાં કાલભેદથી વર્તમાનત્વ અને અવર્તમાનત્વનો અવિરોધ દેખાય છે. **'ज्ञानादावविरोधदर्शनात्'** અહીં જ્ઞાનાદિમાં 'આદિ' પદથી ઇચ્છાનું ગ્રહણ કરવાનું છે, અને તેમાં અવિરોધ આ રીતે છે - કોઇ વ્યક્તિને પોતાને અપ્રિય એવા અલંકારગત સુવર્ણથી, પ્રિય એવા આભૂષણ બનાવવાની આકાંક્ષા હોય છે ત્યારે, અપ્રિયભાવની અસદ્‌રૂપે ઇચ્છા હોય છે, અને પ્રિયભાવની સદ્‌રૂપે ઇચ્છા હોય છે. આ રીતે ઇચ્છાના સત્-અસત્‌ના સંબંધનો અવિરોધ છે.

અહીં પ્રશ્ન થાય કે, જ્ઞાનાદિમાં સત્-અસતના સંબંધનો અવિરોધ છે તે કેમ સંભવે ? કેમ કે અસત્ પદાર્થ ઋજુસૂત્રનયના મતે તુચ્છ છે=શશશૃંગ તુલ્ય છે, તેથી અસત્ એવો પદાર્થ જગતમાં વિદ્યમાન નથી, તેથી તેનો

સંબંધ જ્ઞાનાદિમાં સંભવે નહિ. તેથી બીજો હેતુ કહે છે - પ્રત્યયના ક્રમથી એક એવા ઘટાદિ વસ્તુનો અનેક ક્ષણની સાથે સંબંધના ક્રમનો સંભવ છે, તેથી સત્-અસત્‌ના સંબંધનું જ્ઞાનાદિમાં અવિરોધનું દર્શન છે, અને તેના કારણે એક જ વસ્તુમાં વર્તમાનત્વ અને અવર્તમાનત્વનો અવિરોધ છે.

તાત્પર્ય એ છે કે, પ્રત્યયનો ક્રમ એ છે કે, કોઇ એક વસ્તુ અમુક કાલ સુધી રહે છે ત્યારે, પ્રથમ પ્રત્યય એટલે પ્રતીતિ થાય છે કે, આ વસ્તુ વિદ્યમાન છે. ત્યાર પછી તે વસ્તુ જ્યાં સુધી ટકે ત્યાં સુધી, એ ક્રમથી જ પ્રતીતિ થાય છે કે, પૂર્વ પૂર્વ ક્ષણોની સાથે વસ્તુનો સંબંધ પૂર્વ પૂર્વમાં હતો, વર્તમાનની ક્ષણોમાં વર્તમાન સંબંધ છે, અને પદાર્થની સાથે ભવિષ્યની ક્ષણોનો સંબંધ થવાનો છે તે ભવિષ્યનો સંબંધ, વર્તમાનમાં નથી અને ભૂતમાં ન હતો પરંતુ ભવિષ્યમાં થશે. એ રીતે પ્રતીતિના ક્રમથી એક જ વસ્તુનો અનેક ક્ષણની સાથે સંબંધના ક્રમનો સંભવ છે,=સંબંધ થાય છે, તેમ માની શકાય એવું છે. તેથી એક જ પદાર્થમાં વર્તમાનક્ષણની અપેક્ષાએ વર્તમાનમાં વર્તમાનત્વ, અને ભૂત-ભવિષ્યમાં વર્તમાનક્ષણનું અવર્તમાનત્વ માનવું, એ વિરુદ્ધ નથી.

## -: સંગ્રહનયની માન્યતા :-

**ટીકા :- सङ्ग्रहनयात्तु-अङ्कुरत्वाद्यवच्छिन्नं प्रति बीजत्वादिना हेतुत्वं, अतः कार्यस्य कारणस्य वा नैकजातीयत्वमाकस्मिकं, न वा यतः कुतश्चिदेव भवतः सर्वस्यैकजातीयत्वं सर्वजातीयत्वं वा, नाप्यन्यूनानतिरिक्तस्यैव दहनहेतोरदहनहेतुत्वे ततो भवन्नयंना ( ? यम ) दहनो वा स्यादुभयात्मको वा स्यादिति दूषणावकाशो।**

ॐ '**भवन्नयमदहनो वा**' આ પ્રમાણે પાઠ શુદ્ધ ભાસે છે.

**ટીકાર્થ :- 'सङ्ग्रह'** સંગ્રહનયથી વળી અંકુરત્વાદિ અવચ્છિન્નં પ્રતિ બીજત્વાદિનું હેતુપણું છે, આથી કરીને કાર્યનું એકજાતીયપણું અથવા તો કારણનું એકજાતીયપણું આકસ્મિક નથી, અથવા તો જે કોઇથી જ થતા એવા સર્વના એકજાતીયત્વ અને સર્વના સર્વજાતીયત્વરૂપ દોષની પ્રાપ્તિ ઋજુસૂત્રનયને છે તે સંગ્રહનયને નથી. વળી અન્યૂન-અનતિરિક્ત એવા દહનહેતુનું અદહનહેતુપણું હોતે છતે તેનાથી=દહનહેતુથી, થતું એવું આ=દહન, અદહન પણ થાય, અથવા ઉભયાત્મક પણ થાય; એ પ્રમાણે દૂષણનો અવકાશ નથી.


**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનય તદ્‌બીજ અને તદ્‌અંકુર પ્રત્યે કાર્યકારણભાવ માને છે, તેથી બીજત્વેન અંકુરત્વેન કાર્ય-કારણભાવ તે નયના મત પ્રમાણે નથી. આમ છતાં જ્યારે કોઇ બીજમાં પ્રવૃત્તિ થાય છે ત્યારે, તેનાથી અંકુરની જ નિષ્પત્તિ થાય છે, અન્ય કોઇ વસ્તુની નહીં, તેથી તદ્‌જાતીય કાર્યરૂપ તદ્‌બીજથી જે તદ્‌અંકુર પેદા થયો તે આકસ્મિક છે; કેમ કે કાર્યાર્થીને તેવો નિર્ણય ન હતો, કે આ બીજથી અંકુરરૂપ કાર્ય જ થશે, અન્ય કાર્ય નહિ થાય; કેમ કે ઋજુસૂત્રનય બીજ અને અંકુરરૂપ કાર્ય પ્રતિ સામાન્ય કાર્ય-કારણભાવ માનતો નથી. તે જ રીતે અંકુરરૂપ કાર્ય પ્રતિ કારણરૂપે અન્ય ઠેકાણે જે બીજની પ્રાપ્તિ છે, તે પણ આકસ્મિક છે; કેમ કે કાર્યાર્થીને અંકુર પ્રત્યે બીજ જ કારણ છે તેવું જ્ઞાન નહિ હોવા છતાં, અંકુરરૂપ કાર્ય પેદા થાય છે ત્યારે, અવશ્ય તદ્‌જાતીય

એવા બીજમાં પ્રવૃત્તિ હોય છે, અન્યમાં નહિ; તેથી કારણના એકજાતીયપણાની આકસ્મિકત્વની પ્રાપ્તિ થઇ.

અહીં વિશેષ એ છે કે, ઋજુસૂત્રનય, જેનાથી કાર્ય પેદા થયું તે તદ્બીજ અને તદ્અંકુર વચ્ચે કાર્ય-કારણભાવ માને છે; જ્યારે વ્યવહારનય, શાલિબીજ અને શાલિઅંકુર પ્રત્યે વ્યવહારને ઉપયોગી એવા કાર્ય-કારણભાવને માને છે; આમ છતાં વ્યવહારનયને કાર્ય-કારણના એકજાતીયત્વના આકસ્મિકત્વનો પ્રસંગ નથી; કેમ કે શાલિબીજત્વ અને શાલિઅંકુરત્વના કાર્ય-કારણભાવના ગ્રહપૂર્વક જ પ્રવૃત્તિ હોય છે. અને સંગ્રહનય વ્યવહાર ઉપર ચાલતો નહિ હોવાથી અને સંગ્રહાત્મક દૃષ્ટિવાળો હોવાથી, અંકુરત્વેન અને બીજત્વેન સામાન્ય કાર્ય-કારણભાવ માને છે, તેથી સંગ્રહનયને ઋજુસૂત્રને પ્રાપ્ત એવી કાર્ય-કારણના એકજાતીયપણાના આકસ્મિકત્વની પ્રાપ્તિ સુતરામ્ નથી.

**'न वा'** - અથવા તો જે કોઇથી જ થતા એવા સર્વના એકજાતીયત્વરૂપ દોષ નંબર-૧ અને સર્વના સર્વજાતીયત્વરૂપ દોષ નંબર-૨ની પ્રાપ્તિ ઋજુસૂત્રને આવે છે, તે સંગ્રહનયને આવતી નથી. તેમાં દોષ નંબર-૧નું તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનય તદ્બીજ અને તદ્અંકુર વચ્ચે કાર્ય-કારણભાવ માને છે, તેથી બીજત્વેન અંકુરત્વેન કાર્ય-કારણભાવ તેના મતમાં નથી; પરંતુ તદ્બીજ કરતાં વિલક્ષણ એવા અન્ય બીજમાં કોઇની પ્રવૃત્તિથી જે અંકુરરૂપ કાર્ય પેદા થાય છે, તે તદ્બીજથી પેદા થયેલા તદ્અંકુરમાં રહેલી જે અંકુરત્વ જાતિ છે, તે જાતિવાળું જ આ કાર્ય છે. તેનાથી એ પ્રાપ્ત થાય છે કે, તદ્બીજ કરતાં વિલક્ષણ એવા બીજથી અંકુરત્વરૂપ એકજાતીય કાર્ય થઇ શકે, તો તદ્બીજ કરતાં વિલક્ષણ એવા તંતુથી એકજાતીય કાર્ય પેદા થવું જોઇએ.=અંકુરત્વંજાતીય કાર્ય પેદા થવું જોઇએ. આ રીતે જે કોઇથી થનારી વસ્તુ એકજાતીય માની શકાય છે, તો જે કોઇનાથી થનારી સર્વવસ્તુને એકજાતીય માનવાનો પ્રસંગ સંગ્રહનય ઋજુસૂત્રનયને આપે છે, અને પોતાના મતમાં તે દોષ નથી એમ કહે છે.

**ઋજુસૂત્રનયને આવતા પ્રથમ દોષનું વિશેષ સ્વરૂપ :-**





નંબર-૧ અને નંબર-૨ બીજત્વેન એકરૂપ હોવા છતાં, નંબર-૧ તદ્બીજથી નંબર-૨ બીજ વિલક્ષણ છે, અને તે જ રીતે નંબર-૧ તદ્બીજથી નંબર-૩ તંતુ પણ વિલક્ષણ છે, અને નંબર-૧ તદ્બીજથી નંબર-૪ તદ્અંકુરરૂપ કાર્ય પેદા થયું તે, અંકુરત્વેન એકજાતીય હોવા છતાં તદ્બીજ કરતાં વિલક્ષણ એવા નંબર-૨ બીજથી નંબર-૫ એકજાતીય કાર્ય- તદ્અંકુરજાતીયકાર્ય પેદા થાય છે એમ પ્રાપ્ત થયું. તે જ રીતે વિલક્ષણ એવા નંબર-૩ તંતુથી

પણ નંબર-૫ તદ્અંકુરજાતીયકાર્ય માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

વળી બીજો દોષ ઋજુસૂત્રનયને એ પ્રાપ્ત થાય છે કે, તદ્બીજ કરતાં વિલક્ષણ એવા જે કોઈથી થતાં કાર્યોનું ભિન્ન જાતીયપણું=અંકુરત્વજાતીય કરતાં ભિન્નજાતીયપણું, પણ જો તમને (ઋજુસૂત્રનયને) માન્ય હોય તો, સર્વનું સર્વજાતીયપણું પણ તમારે (ઋજુસૂત્રનયે) માનવું પડશે. તાત્પર્ય એ છે કે, જેમ તદ્બીજથી વિલક્ષણ એવા તંતુથી પટત્વજાતીય કાર્ય પેદા થઈ શકે છે, અને તદ્બીજથી વિલક્ષણ એવા અન્ય બીજથી અંકુરત્વ જાતીય પણ કાર્ય પેદા થઈ શકે છે; તે રીતે અન્ય અન્ય જાતીય પણ કાર્ય તદ્બીજથી વિલક્ષણ એવા બીજથી થવાં જોઈએ; કેમ કે તદ્બીજથી વિલક્ષણત્વ સર્વત્ર સમાન છે. માટે તદ્બીજથી વિલક્ષણ એવા બીજથી સર્વજાતીય કાર્ય થવાં જોઈએ, એમ સંગ્રહનય ઋજુસૂત્રનયને કહે છે. અને આ બીજો દોષ પણ વ્યવહારનય ગોધૂમબીજત્વેન-ગોધૂમઅંકુરત્વેન કાર્ય-કારણભાવ માનતો હોવાથી આવતો નથી અને સંગ્રહનય બીજત્વેન-અંકુરત્વેન કાર્ય કારણભાવ માનતો હોવાથી આવતો નથી.

**ઋજુસૂત્રનયને આવતા દ્વિતીય દોષનું વિશેષ સ્વરૂપ :-**




સર્વજાતીય કારણથી સર્વજાતીય કાર્ય માનવાની આપત્તિ આવે.

નંબર-૧ તદ્બીજ કરતાં વિલક્ષણ નંબર-૨ તંતુથી, નંબર-૩ પટ થઈ શકે, અને નંબર-૧ તદ્બીજ કરતાં વિલક્ષણ નંબર-૪ બીજથી, નંબર-૫ અંકુરત્વજાતીય કાર્ય પણ થઈ શકે તો એ પ્રાપ્ત થાય કે, તદ્બીજ કરતાં વિલક્ષણ એવા તંતુથી અંકુરત્વથી ભિન્નજાતીય એવું પટત્વ કાર્ય થઈ શકે છે અને તદ્બીજ કરતાં વિલક્ષણ એવા બીજથી અંકુરત્વજાતીય પણ કાર્ય થઈ શકે છે, તેથી સર્વજાતીય કારણથી સર્વજાતીય કાર્ય માનવાની આપત્તિ આવે.

**'नाप्यन्यूनानतिरिक्तस्यैव'** વળી ઋજુસૂત્રને પ્રાપ્ત થતો વક્ષ્યમાણ આ પણ દોષ સંગ્રહનયને પ્રાપ્ત થશે નહિ. ઋજુસૂત્રનયને દોષ આ પ્રમાણે છે - ઋજુસૂત્રનય પદાર્થને ક્ષણિક માને છે, તેથી દહનના હેતુભૂત એવું ઇંધન જ્યારે દહનરૂપે પરિણામ પામે છે ત્યારે, તેની પૂર્વની ક્ષણમાં કુર્વદ્રૂપત્વવાળું હોય છે. પરંતુ તેની પૂર્વ પૂર્વ ક્ષણોમાં તેવું હોતું નથી. તેથી પૂર્વની ક્ષણોવાળું તે ઇંધન દહનનો હેતુ બનતું નથી. પરંતુ ઉત્તરવર્તી થતા અન્ય ઇંધનનો હેતુ છે, તેથી અદહનનો હેતુ છે અને તે દહનનો હેતુ અતિ અલ્પ પ્રમાણમાં હોય તો પણ દહન પેદા ન કરી શકે, અને દહન પેદા થવા માટે આવશ્યક પ્રમાણ કરતાં અધિક પ્રમાણમાં હોય તો પણ, તેના સંપર્કમાં આવતા અગ્નિને બુઝવી નાંખવાનું કાર્ય પણ કરે છે, તેથી તે ઇંધન દહનના પરિણામને પામતું નથી. માટે

અન્યૂન અનતિરિક્ત એવા દહનહેતુને અહીં ગ્રહણ કરેલ છે અને તે અન્યૂન અનતિરિક્ત એવા દહનનો હેતુ એવું પણ ઇંધન કુર્વદ્રૂપત્વની ક્ષણ કરતાં પૂર્વની ક્ષણોમાં અદહનનો હેતુ બને છે, તેથી દહન હેતુથી થતું એવું જે દહન છે તે અદહન પણ થાય અથવા ઉભયાત્મક પણ થાય; કેમ કે દહનના હેતુભૂત એવું ઇંધન અદહનનો પણ હેતુ છે, તેથી તે ઇંધનથી પેદા થયેલું દહન અદહન પણ થવું જોઇએ; અથવા તો તે ઇંધન દહન અને અદહન ઉભયનો હેતુ છે, તેથી તે ઇંધનથી પેદા થયેલું દહન ઉભયાત્મક થવું જોઇએ.

અહીં વિશેષ એ છે કે, કુર્વદ્રૂપત્વની પૂર્વક્ષણોવાળું ઇંધન અદહનનો હેતુ છે, અર્થાત્ દહનભિન્ન એવા સજાતીય અન્ય ઇંધનનો હેતુ છે, તેથી અદહનના હેતુભૂત એવા તે ઇંધનથી જે અદહનસ્વરૂપ અન્ય ઇંધન પેદા થયું, તેમ કુર્વદ્રૂપત્વક્ષણવાળા ઇંધનથી પણ, દહનથી અન્ય એવું અદહનસ્વરૂપ કાર્ય થવું જોઇએ; અથવા તો તે ઇંધન દહન-અદહન ઉભયનો હેતુ હોવાથી, દહન-અદહનરૂપ બે કાર્યોની પ્રાપ્તિ ત્યાં થવી જોઇએ. આ પ્રકારની આપત્તિ સંગ્રહનય ઋજુસૂત્રનયને, દરેક ક્ષણવર્તી તે ઇંધનને પોતાની માન્યતા પ્રમાણે એકરૂપ ગ્રહણ કરીને આપે છે. કેમ કે પ્રતીતિ તેવી જ થાય છે કે, દરેક ક્ષણવર્તી તે ઇંધન એકરૂપ જ છે. અને સંગ્રહનયના મતમાં પૂર્વોક્ત દૂષણનો અવકાશ રહેતો નથી, કેમ કે તે ઇંધન દહનનો હેતુ છે અદહનનો નહીં. કેવલ પૂર્વક્ષણોમાં અન્ય સામગ્રીનું સમવધાન નહીં હોવાના કારણે દહનના હેતુભૂત ઇંધનથી દહનરૂપ કાર્ય પેદા થતું નથી, પરંતુ ઇંધન તે વખતે પણ દહનનો હેતુ છે અદહનનો નહીં, તેથી સંગ્રહનયના મતે દૂષણનો અવકાશ નથી.

### -: નૈગમનયની માન્યતા :-

**ટીકા :- नैगमस्य तु सामान्यविशेषविश्रान्तस्य यथाक्रमं सङ्ग्रहव्यवहारान्तर्भविष्णुतया न ह्याभ्यां विषयविभागोऽतिरिच्यते।**

**ટીકાર્થ :-** વળી સામાન્ય અને વિશેષમાં વિશ્રાંતિ પામનાર નૈગમનયનો, યથાક્રમે સંગ્રહનય અને વ્યવહારનયમાં અંતર્ભાવ થવાનો સ્વભાવ હોવાથી, આ બંનેથી=સંગ્રહ અને વ્યવહારથી, વિષયવિભાગ અધિક નથી.

### -: શબ્દનયોની માન્યતા :-

**ટીકા :- शब्दनयास्तु प्रायः ऋजुसूत्रसमानविषया एव।**

**ટીકાર્થ :-** વળી શબ્દનયો પ્રાયઃ ઋજુસૂત્રના સમાન વિષયવાળા જ છે.

### -: પ્રમાણદૃષ્ટિની માન્યતા :-

**ટીકા :- इति नयसमूहात्मकप्रमाणार्पणात् सर्वं वस्तु स्वभावसाध्यमपि बाह्यकारणसाध्यमपि,**

**न च हेतौ सहकारिवैचित्र्यानुप्रवेशेनैव कार्यवैचित्र्यसिद्धौ किं स्वभाववैचित्र्यानुप्रवेशेन? इति वाच्यं, विचित्रसहकारिसंबन्धस्यैव तत्स्वभावतया तद्वैचित्र्ये स्वभाववैचित्र्यावश्यकत्वात्। अत एव द्रव्यस्य**

**नित्यत्वेऽपि कथंचित्तत्स्वभावभूतक्षणिकपरिणामयोगान्नित्यत्वसंवलितः क्षणभङ्गोऽपि सङ्गच्छते। एतेने शिंशपासामग्रीव्यापकसामग्र्यन्तर्भाविनो नोदनादयो यदि शिंशपास्वभावभूतास्तर्हि तन्निबन्धना चलदलादिरूपता पलाशादौ न स्याद्, यदि पुनरतत्स्वभावभूता एव सहकारिणस्तदा तल्लाभेन निर्विशेषयैव शिंशपया चलस्वभावत्वारंभप्रसङ्ग इति परास्तम्, तव नोदनादिसंबन्धस्येव मम तत्स्वभावत्ताया-स्तत्रैवानभ्युपगमात्, अपृथग्भावमात्रेण व्यवस्थितेरेव स्वभावार्थत्वात्॥४४॥**

**ટીકાર્થ :-** **'इति'** એથી કરીને=પૂર્વમાં ઋજુસૂત્રનય, વ્યવહારનય અને સંગ્રહનયનું કથન કર્યું અને એ ત્રણ નયોની માન્યતા બતાવ્યા પછી નૈગમનયનો સંગ્રહનય અને વ્યવહારનયમાં અંતર્ભાવ બતાવ્યો, અને ત્યાર પછી શબ્દાદિનયો ઋજુસૂત્રના સમાન વિષયવાળા બતાવ્યા, એથી કરીને નયસમૂહાત્મક પ્રમાણના અર્પણથી સર્વ વસ્તુ સ્વભાવસાધ્ય પણ છે (અને) બાહ્યકારણસાધ્ય પણ છે.

❀ **'स्वभावसाध्यमपि'** - સર્વ વસ્તુ સ્વભાવસાધ્ય પણ છે અને **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે બાહ્યકારણસાધ્ય પણ છે. અને **'बाह्यकारणसाध्यमपि'** અને બાહ્યકારણસાધ્ય પણ છે, અહીં **'अपि'**થી એ સમુચ્ચય થાય છે કે સ્વભાવસાધ્ય પણ છે.

**ભાવાર્થ :-** ઋજુસૂત્રનય અને શબ્દનય પ્રમાણે કુર્વદ્રૂપત્વથી સર્વ કાર્ય થાય છે, તેથી સ્વભાવસાધ્ય કાર્ય છે; વ્યવહારનય અને સંગ્રહનય સહકારીચક્રને પણ કારણ માને છે માટે બાહ્યકારણસાધ્ય કાર્ય છે. તેથી પ્રમાણ અર્પણથી સર્વ વસ્તુ સ્વભાવસાધ્ય પણ છે અને બાહ્યકારણસાધ્ય પણ છે.

**ઉત્થાન :-** આ રીતે સ્યાદ્વાદીએ પ્રમાણ અર્પણથી સર્વ વસ્તુને સ્વભાવસાધ્ય છે અને બાહ્યકારણસાધ્ય છે એમ સ્થાપન કર્યું, ત્યાં વ્યવહારનયની શંકાનું ઉદ્ભાવન કરીને સમાધાન કરે છે.

**ટીકાર્થ :-** **'न च हेतौ'** વ્યવહારનય આ પ્રમાણે કહે કે, ઉપાદાનહેતુમાં સહકારીવૈચિત્ર્યના અનુપ્રવેશથી જ કાર્યના વૈચિત્ર્યની સિદ્ધિ થયે છતે, ઋજુસૂત્રાદિ નયો કાર્યના ભેદથી સ્વભાવનુ વૈચિત્ર્ય સ્વીકારે છે તેના અનુપ્રવેશથી શું? અર્થાત્ સ્વભાવવૈચિત્ર્યના અનુપ્રવેશની જરૂર નથી. તેનું નિરાકરણ કરતાં પ્રમાણદષ્ટિવાળો કહે છે કે, એમ ન કહેવું, કેમ કે વિચિત્ર સહકારીસંબંધનું જ તત્સ્વભાવપણું હોવાથી, તેના=સહકારીના વૈચિત્ર્યમાં સ્વભાવનું વૈચિત્ર્ય આવશ્યક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, એક જ માટીના મોટા પિંડના બે વિભાગ કરીને એકમાંથી ઘટ નિષ્પન્ન કરવામાં આવે અને અન્યમાંથી રમકડાં બનાવવામાં આવે ત્યારે, તે કાર્યનું વૈચિત્ર્ય સહકારીના વૈચિત્ર્યથી થયેલ છે, એમ વ્યવહારનય માને છે; અને માટીના તે બંને પિંડોનો સ્વભાવ સર્વથા સમાન છે, તેમ તે માને છે; એ રીતે કાર્યના વૈચિત્ર્યની સંગતિ સહકારીના વૈચિત્ર્યથી વ્યવહારનય કરે છે. પરંતુ ઋજુસૂત્રાદિનય કાર્યના ભેદથી ઉપદાનરૂપ

હેતુના સ્વભાવભેદને માને છે. તેથી તે બંને માટીના પિંડના તે તે કાર્યને અનુકૂળ એવા સ્વભાવવૈચિત્ર્યને ઋજુસૂત્રાદિ નય માને છે, અને તે ઋજુસૂત્રાદિનયની દષ્ટિને પ્રમાણદષ્ટિવાળો સ્વીકારે છે. તે પ્રમાણદષ્ટિવાળાને વ્યવહારનય કહે છે કે, આ રીતે સ્વભાવવૈચિત્ર્ય માનવાની જરૂર નથી. તેનું નિરાકરણ કરતાં પ્રમાણદષ્ટિવાળો કહે છે કે, તમારે એમ ન કહેવું; કેમ કે વિચિત્ર સહકારી સંબંધનું જ ઉપાદાન હેતુનું સ્વભાવપણું હોવાથી સહકારીના વૈચિત્ર્યમાં સ્વભાવવૈચિત્ર્ય આવશ્યક છે.

તાત્પર્ય એ છે કે, વિચિત્ર પ્રકારના સહકારીના સંબંધને પ્રાપ્ત કરવો, તે ઉપાદાનહેતુનો સ્વભાવ છે. તેથી જ્યારે ઉપાદાનહેતુ સમાન સહકારી પ્રાપ્ત કરે ત્યારે, સ્વભાવભેદ માનવાની જરૂર રહેતી નથી; પરંતુ જ્યારે અન્ય પ્રકારના સહકારી પ્રાપ્ત કરે, ત્યારે તે ઉપાદાનનો સ્વભાવ પણ અન્ય પ્રકારનો છે તેમ માનવું જોઇએ. તેથી સામાન્યથી જોતાં એક માટીમાંથી બનેલા ઘટ અને રમકડામાં એકરૂપતા હોવા છતાં, વાસ્તવિક રીતે જોતાં ભિન્ન પ્રકારના સહકારીના સંબંધનો સ્વભાવ તે બંનેનો જુદો છે.

**ટીકાર્થ :- 'अत एव'** - આથી કરીને જ=પ્રમાણપક્ષે પૂર્વમાં કહ્યું કે, વિચિત્ર સહકારીસંબંધનું જ ઉપાદાનહેતુનું સ્વભાવપણું હોવાના કારણે, સહકારીના વૈચિત્ર્યમાં સ્વભાવવૈચિત્ર્ય આવશ્યક છે, આથી કરીને જ, દ્રવ્યના નિત્યપણામાં પણ કથંચિત્ તત્સ્વભાવભૂત=દ્રવ્યના સ્વભાવભૂત, એવા ક્ષણિક પરિણામના યોગથી નિત્યત્વથી સંવલિત ક્ષણભંગ પણ સંગત થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે; પ્રમાણદષ્ટિથી પદાર્થ એક-અનેક સ્વભાવવાળો છે તેથી, જેમ રમકડાં અને ઘટમાં માટી મૃદ્દ્રવ્યત્વેન એક સ્વભાવવાળી હોવા છતાં, ભિન્ન સહકારીના સંબંધના સ્વભાવરૂપે ભિન્ન સ્વભાવવાળી છે; તેમ દ્રવ્ય પણ દ્રવ્યરૂપે નિત્ય હોવા છતાં, એકાંતે નિત્ય નહિ હોવાના કારણે, કથંચિત્ દ્રવ્યના સ્વભાવભૂત ક્ષણિક પરિણામના યોગથી, તે દ્રવ્યમાં નિત્યત્વથી સંવલિત ક્ષણભંગ પણ સંગત થાય છે.

**ટીકાર્થ :- 'एतेन'** આના દ્વારા વ્યવહારનયે ઋજુસૂત્રનયને આપેલી વક્ષ્યમાણ આપત્તિ પણ પરાસ્ત છે. આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે સહકારીનું વૈચિત્ર્યપણું હોતે છતે ઉપાદાનમાં સ્વભાવનું વૈચિત્ર્યપણું માનવું આવશ્યક છે, આના દ્વારા, શિંશપાની સામગ્રીની વ્યાપક સામગ્રીના અંતર્ભાવિ નોદનાદિ, જો શિંશપાના સ્વભાવભૂત હોય તો, તન્નિબંધના ચલદલાદિરૂપતા=નોદનાદિનિબંધના, પલાશના પાંદડામાં કંપનસ્વરૂપ ચલદલાદિરૂપતા, પલાશાદિમાં થવી જોઇએ નહિ. વળી જો (નોદનાદિ) અતત્સ્વભાવભૂત જ સહકારી છે, તો તેના લાભથી=નોદનાદિરૂપ સહકારીના લાભથી, નિર્વિશેષ જ એવા શિંશપા વડે=નોદનાદિની પ્રાપ્તિ પૂર્વમાં જેવું શિંશપા નોદનાદિ સ્વભાવ વગરનું હતું, તેવા જ શિંશપા વડે, ચલસ્વભાવત્વના આરંભનો પ્રસંગ ઋજુસૂત્રનયને પ્રાપ્ત થશે, એ પણ પરાસ્ત જાણવું. કેમ કે તમને=વ્યવહારનયને,જેમ નોદનાદિ સંબંધનો શિંશપામાં જ કેવલ અભ્યુપગમ નથી, પરંતુ સર્વત્ર અભ્યુપગમ છે; તેમ મને=ઋજુસૂત્રને, તત્સ્વભાવતાનો=નોદનાદિ સંબંધની સ્વભાવતાનો, ત્યાં જ=શિંશપામાં જ અનભ્યુપગમ છે. (અર્થાત્ નોદનાદિ સંબંધનો સ્વભાવ જેમ શિંશપામાં છે, તેમ પલાશાદિમાં પણ તેનો અભ્યુપગમ છે; માટે કોઇ દોષ નથી.)

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જે વસ્તુનો જે સ્વભાવ હોય તે સ્વભાવ તેને છોડીને અન્યત્ર રહી શકે નહિ, તેથી નોદનાદિના સંબંધને પ્રાપ્ત કરવાનો સ્વભાવ શિંશપામાં સ્વીકારીએ તો, નોદનાદિના સંબંધને પ્રાપ્ત કરવાનો સ્વભાવ પલાશમાં ઉપલબ્ધ થઇ શકે નહિ. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'अपृथग्भावमात्रेण'** અપૃથગ્ભાવમાત્રથી વ્યવસ્થિતિનું જ સ્વભાવ અર્થપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, શિંશપા જે વખતે કંપન અવસ્થાને પામે છે, તેની પૂર્વક્ષણમાં તેના કંપનને અનુકૂળ એવી નોદનચેષ્ટા કોઇ વ્યક્તિ કરે, ત્યાર પછી તે કંપનને પામે છે; અને ઋજુસૂત્રનયના મત પ્રમાણે પદાર્થ ક્ષણિક હોવાને કારણે, પૂર્વ પૂર્વ ક્ષણની શિંશપા ઉત્તર ઉત્તર શિંશપાને પેદા કરે છે, તે સદૃશ સંતતિરૂપ શિંશપાની નિષ્પત્તિ છે, તેથી શિંશપાની નિષ્પત્તિની સામગ્રી તેની પૂર્વવર્તી શિંશપા જ છે, અને તે સામગ્રીની વ્યાપક સામગ્રી તે શિંશપા અને શિંશપા વૃક્ષને કંપન કરાવવા માટે થતી નોદનાદિની ક્રિયા છે, જે કંપનાત્મક શિંશપાને પેદા કરે છે, તેથી તે શિંશપા સામગ્રીની વ્યાપક સામગ્રીમાં અંતર્ભાવિ એવા નોદનાદિ છે. હવે જો તે નોદનાદિ શિંશપાના સ્વભાવભૂત હોય તો, તે નોદનાદિને કારણે શિંશપામાં કંપનરૂપ કાર્ય પેદા થાય છે તે, કેવલ શિંશપામાં જ થવું જોઇએ, અન્ય પલાશાદિમાં નહિ; કેમ કે તે નોદનાદિ શિંશપાનો જ સ્વભાવ છે, તેથી તે નોદનાદિ શિંશપાને છોડીને અન્ય વૃક્ષમાં રહી શકે નહિ. પરંતુ જ્યારે પલાશાદિ વૃક્ષમાં પણ પ્રત્યક્ષ નોદનાદિકૃત કંપન દેખાય છે, માટે નોદનાદિને શિંશપાના સ્વભાવભૂત માની શકાશે નહિ; અને વળી જો તે નોદનાદિને અતત્સ્વભાવભૂત એવા સહકારી તરીકે ઋજુસૂત્રનય સ્વીકાર કરે, તો સહકારી એવા નોદનાદિના લાભ વડે પૂર્વનું જ શિંશપા જેવા સ્વભાવવાળું હતું તેવા જ સ્વભાવવાળું, છતાં પૂર્વ કરતાં વિલક્ષણ એવા કંપન સ્વભાવવાળા શિંશપાને પેદા કર્યું, તેમ ઋજુસૂત્રનયે માનવું પડશે; અને તેથી સહકારીનું વૈચિત્ર્ય એ જ કાર્યના વૈચિત્ર્યનો નિયામક છે, પરંતુ સહકારીના વૈચિત્ર્યના કારણે ઉપાદાનરૂપ શિંશપાના સ્વભાવમાં કોઇ વૈચિત્ર્ય નથી, તેમ માનવાનો ઋજુસૂત્રનયને પ્રસંગ પ્રાપ્ત થશે; અને જો ઋજુસૂત્રનય તેમ સ્વીકારે તો, વ્યવહારનયની માન્યતા સાથે તે એક બની જાય. પરંતુ પૂર્વમાં કહ્યું કે, સહકારીના વૈચિત્ર્યમાં સ્વભાવવૈચિત્ર્ય આવશ્યક છે, તેનાથી ઋજુસૂત્રનયને આવતી તે આપત્તિનું નિરાકરણ થઇ ગયું; અને તેને જ સ્પષ્ટ કરતાં કહે છે -

વ્યવહારને જેમ નોદનાદિ સંબંધનું શિંશપામાં જ કેવલ અભ્યુપગમ નથી, પરંતુ શિંશપા-પલાશાદિ સર્વત્ર અભ્યુપગમ છે, તેમ મને નોદનાદિ સંબંધની સ્વભાવતાનું શિંશપામાં જ અનભ્યુપગમ છે.=નોદનાદિ સંબંધનો સ્વભાવ જેમ શિંશપામાં છે, તેમ પલાશાદિમાં પણ છે; માટે કોઇ દોષ નથી.

અહીં વ્યવહારનય શંકા કરે કે, જે જેનો સ્વભાવ હોય તે તેને છોડીને અન્યત્ર રહી શકે નહિ; અને મારા મત પ્રમાણે નોદનાદિ સંબંધ એ સહકારી છે, તેથી તે સહકારીની ઉપલબ્ધિ જેમ શિંશપાની સાથે થઇ શકે, તેમ પલાશાદિમાં થઇ શકે છે; જ્યારે ઋજુસૂત્રનયના મતે નોદનાદિના સંબંધને પ્રાપ્ત કરવાનો સ્વભાવ શિંશપામાં સ્વીકારવા જતાં પલાશાદિમાં તેની ઉપલબ્ધિ થઇ શકશે નહિ, તેથી ત્યાં ચલદલાદિરૂપતાની પ્રાપ્તિ માની શકાશે નહિ. તેના નિવારણ માટે ઋજુસૂત્રનય બીજો હેતુ કહે છે - અપૃથગ્ભાવમાત્રથી વ્યવસ્થિતિનું જ સ્વભાવ અર્થપણું છે.

તાત્પર્ય એ છે કે, નોદન એ વસ્તુના કંપનને અનુકૂળ એવી પુરુષની ક્રિયા છે, અને તે ક્રિયા જ્યારે

શિંશપાના વૃક્ષ સાથે કરવામાં આવે છે, ત્યારે પુરુષના પ્રયત્નજન્ય તે નોદનક્રિયાનો સંબંધ શિંશપાના વૃક્ષ સાથે શિંશપાવૃક્ષથી પૃથગ્રૂપે દેખાય છે, પરંતુ તે સંબંધને અનુકૂળ એવો જે શિંશપામાં સ્વભાવ છે, શિંશપાથી અપૃથગ્ભાવરૂપે રહેલ છે તેના કારણે તત્ક્ષણવર્તી શિંશપામાં નોદનક્રિયાનો સંબંધ થયો, પૂર્વક્ષણવર્તી શિંશપામાં નહિ. અને તે નોદનક્રિયાના સંબંધ થવાનો સ્વભાવ શિંશપાથી પૃથગ્રૂપે દેખાતો નથી, પરંતુ કાર્યના વૈચિત્ર્યથી અનુમેય અપૃથગ્ભાવરૂપે વ્યવસ્થિત તે સ્વભાવ ત્યાં છે; અને તે જ રીતે પલાશવૃક્ષમાં પણ જે ક્ષણવર્તી નોદનના સંબંધને અનુકૂળ સ્વભાવ વર્તતો હોય છે, ત્યારે ત્યાં પણ અવશ્ય નોદનક્રિયાનો સંબંધ થાય છે. તેથી એ પ્રાપ્ત થાય છે કે જે જેનો સ્વભાવ હોય તે અન્યત્ર ન જ હોય તેવું નહિ, પરંતુ તે સ્વભાવ તેનાથી અપૃથગ્ભાવમાત્રથી વ્યવસ્થિત હોવો જોઇએ. પરંતુ તત્સદૃશસ્વભાવ અન્યત્ર પણ રહે તો કોઇ દોષ નથી. જેમ ચેતનમાં ચૈતન્ય તેના સ્વભાવભૂત હોવા છતાં અન્ય ચેતનમાં પણ ચૈતન્ય તેના સ્વભાવભૂત રહી શકે છે.

આનાથી એ ફલિત થયું કે સ્થિતપક્ષ પ્રમાણે કાર્ય સ્વભાવસાધ્ય પણ છે તે સ્થાનમાં ઉપાદાનના સહકારીપ્રાપ્તિના સ્વભાવને કારણે કાર્યવૈચિત્ર્ય થાય છે, અને તે સ્થાનમાં બાહ્યસહકારીને કારણરૂપે સ્થિતપક્ષ સ્વીકારતો નથી, માટે સ્વભાવથી જ કાર્ય થાય છે એમ કહે છે, અને આ પ્રમાણે જ્યાં બાહ્યકારણ ગૌણ હોય ત્યાં જ નિશ્ચયનયને પ્રધાન કરીને સ્થિતપક્ષ કાર્યને સ્વભાવસાધ્ય કહે છે; અને જ્યાં બાહ્યસામગ્રીની પ્રધાનતાથી કાર્ય થાય છે ત્યાં વ્યવહારનયનું અવલંબન લઇને સ્થિતપક્ષ કહે છે કે કાર્ય બાહ્યકારણસાધ્ય છે.

## -: ગાથા-૪૪નો સંક્ષિપ્તસાર :-

કાર્ય-કારણભાવના વિષયમાં બૌદ્ધમતે સ્વભાવથી જ કાર્ય થાય છે અને નૈયાયિકમતે સામગ્રીકલાપથી= સામગ્રીના સમુદાયથી, કાર્ય થાય છે તેમ કહ્યું, અને આ બંને મત એકાંતવાદી છે. જ્યારે સ્યાદ્વાદી ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂતનયને આશ્રયીને સ્વભાવથી કાર્ય થાય છે તેમ માને છે, અને વ્યવહારનયને આશ્રયીને સામગ્રીકલાપથી કાર્ય થાય છે તેમ માને છે, અને સંગ્રહનયને આશ્રયીને સામાન્ય કાર્ય-કારણભાવ માને છે. જેમ કાર્યમાત્ર પ્રત્યે દ્રવ્યને કારણ તરીકે સંગ્રહનય માને છે, તેથી દ્રવ્યત્વેન-કાર્યત્વેન કાર્ય-કારણભાવ સ્વીકારે છે, જ્યારે વ્યવહારનય મૃદ્ત્વેન-ઘટત્વેન કાર્ય-કારણભાવ માને છે. વળી અવાંતર સંગ્રહનય બીજત્વેન-અંકુરત્વેન કાર્ય-કારણભાવ માને છે, જ્યારે વ્યવહારનય ગોધૂમબીજત્વેન અને ગોધૂમઅંકુરત્વેન કાર્ય-કારણભાવ માને છે અને ઋજુસૂત્રનય તદ્અંકુર પ્રત્યે તદ્બીજને જ કારણ માને છે. અર્થાત્ વર્તમાનમાં જે અંકુર ઉત્પન્ન થયો છે તે અંકુર પ્રત્યે તેના પૂર્વક્ષણવર્તી બીજને જ કારણ માને છે, પરંતુ ગોધૂમના બીજને ગોધૂમના અંકુર પ્રત્યે કારણ માનતો નથી. અને સર્વનયના સમૂહરૂપ પ્રમાણ, કોઇક સ્થાનને આશ્રયીને સ્વભાવથી કાર્ય માને છે, અને કોઇક સ્થાનને આશ્રયીને બાહ્ય સામગ્રીથી કાર્ય સ્વીકારે છે. પ્રમાણદૃષ્ટિ, જ્યાં સ્વભાવથી કાર્ય થાય છે ત્યાં પણ ગૌણરૂપે બાહ્ય સામગ્રીને સ્વીકારે છે, અને જ્યાં બાહ્ય સામગ્રીથી કાર્ય થાય છે ત્યાં પણ સ્વભાવને ગૌણરૂપે સ્વીકારે છે. દૃષ્ટાંત તરીકે મરુદેવાદિને સ્વભાવથી જ કાર્ય થયું તેમ સ્વીકારે છે, ત્યાં પણ અંતરંગ કાર્યને અનુકૂળ યત્ન સ્વીકારે છે, પરંતુ ત્યાં સ્વભાવ જ મુખ્ય છે; અથવા તો ભાગ્યવાદીને ભાગ્યથી જેમ મોદકમાં મુદ્રિકાનો ઉપલંભ થયો, ત્યાં પણ અંતરંગ કારણ તરીકે સ્વભાવરૂપે ભાગ્યને સ્વીકારે છે, તો પણ ત્યાં બાહ્ય કારણ તરીકે ઉદ્યમને પણ ગૌણરૂપે સ્વીકારે છે; અને જ્યાં બાહ્ય સામગ્રીથી ઘટ થાય છે ત્યાં પણ, માટીમાં તે કારણસામગ્રીનો આક્ષેપક સ્વભાવ સ્વીકારે છે; તેથી ત્યાં બાહ્ય કારણ પ્રધાનરૂપે છે તો પણ, અંતરંગ કારણ સ્વભાવ પણ સ્યાદ્વાદીને

માન્ય છે. જ્યારે નૈયાયિક, એકાંતવાદી હોવાને કારણે, બાહ્ય સામગ્રીથી ઘટ થાય છે ત્યાં માટીમાં ઘટનો સ્વભાવ સ્વીકારે છે, તો પણ બાહ્ય સામગ્રીનો આક્ષેપક સ્વભાવ માટીમાં સ્વીકારતો નથી.

આનાથી એ પ્રાપ્ત થાય કે, પ્રમાણ જ્યાં બાહ્યકારણોથી કાર્ય થાય છે તેમ સ્વીકારે છે, ત્યાં પણ એકાંતવાદી નૈયાયિકથી જુદો પડે છે; કેમ કે નૈયાયિક માટીમાં ઘટનો સ્વભાવ સ્વીકારે છે, અને દંડ-ચક્ર-ચીવરાદિ સામગ્રીથી ઘટ થાય છે તેમ સ્વીકારે છે, તો પણ માટીનો ઇતર આક્ષેપક સ્વભાવ સ્વીકારતો નથી; જ્યારે પ્રમાણવાદી માટીમાં ઘટ થવાનો સ્વભાવ સ્વીકારે છે, તેમ ઇતર સામગ્રી આક્ષેપક સ્વભાવ પણ સ્વીકારે છે, અને ઇતર સામગ્રીની પ્રાપ્તિથી ઘટકાર્ય થાય છે તેમ માને છે. વળી બૌદ્ધ જ્યાં સ્વભાવથી કાર્ય થાય છે તેમ માને છે, ત્યાં તે ઇતર સામગ્રીને અવજર્યસન્નિધિરૂપે સ્વીકારે છે અને કાર્ય એકાંતે સ્વભાવથી જ થાય છે તેમ તે માને છે; જ્યારે પ્રમાણ સ્વભાવથી કાર્ય થાય છે ત્યાં પણ ગૌણરૂપે ઇતર સામગ્રીને કારણ તરીકે સ્વીકારે છે, અને આથી જ મરુદેવાદિને કેવલજ્ઞાન સ્વભાવથી જ થયું ત્યાં પણ, તેને અનુરૂપ અંતરંગ યત્ન છે તે પુરુષકારરૂપ છે, અને તે બાહ્યકારણરૂપ છે. તેથી એકાંતવાદી બૌદ્ધ કરતાં સ્યાદ્વાદીની દૃષ્ટિમાં ભેદ પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ એ છે કે, મૂળ ગાથા-૪૪માં કહ્યું કે, સર્વ કાર્ય નિશ્ચયને આશ્રયીને સ્વભાવથી થાય છે, અને વ્યવહારને આશ્રયીને બાહ્યનિમિત્તોથી થાય છે; અને ત્યાર પછી ટીકામાં બૌદ્ધ અને નૈયાયિકની માન્યતા બતાવીને સ્યાદ્વાદીની માન્યતા બતાવી. ત્યાં સાત નયોથી સ્વભાવવાદ અને હેતુવાદની ચર્ચા કરી અને ત્યારપછી પ્રમાણની માન્યતાનું સ્થાપન કર્યું, પરંતુ નિશ્ચયનય અને વ્યવહારનયનું કથન બતાવ્યું નહિ. તેનું તાત્પર્ય એ છે કે, ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢનય અને એવંભૂતનય પર્યાયાર્થિકનય છે, અને એને જ અહીં નિશ્ચયનયથી ગ્રહણ કરવાના છે; અને વ્યવહારનય, સંગ્રહનય અને નૈગમનય દ્રવ્યાર્થિકનય છે, અને તે ત્રણ નયનો સંગ્રહ વ્યવહારનયથી કરવાનો છે. તેનાથી એ પ્રાપ્ત થાય કે, નિશ્ચયનય અંતરંગ કારણરૂપ સ્વભાવથી કાર્ય થાય છે તેમ માને છે, અને વ્યવહારનય બાહ્ય સામગ્રીથી કાર્ય થાય છે તેમ માને છે, અને પ્રમાણ બાહ્ય અને અંતરંગ ઉભય કારણથી કાર્ય થાય છે તેમ માને છે.**॥૪૪॥**

**અવતરણિકા :-** **अथान्तरङ्गबहिरङ्गहेत्वोरपेक्षासाम्यात् प्रमाणतस्तुल्यत्वमिति मनसि निधाय साक्षेपपरिहारं विचारयति-**

**અવતરણિકાર્થ :-** પૂર્વ ગાથા-૪૪માં કહ્યું કે નિશ્ચયથી સર્વ કાર્યોનો સ્વભાવથી જ સંભવ છે અને વ્યવહારથી બાહ્ય કારણ જન્ય પણ છે. આથી વાસ્તવિક રીતે બાહ્ય કારણમાં જે પ્રવૃત્તિ દેખાય છે, તે પ્રમાણની દૃષ્ટિએ અનુપપન્ન નથી.

હવે અંતરંગ હેતુભૂત સ્વભાવનું અને બહિરંગ હેતુભૂત પુરુષકારનું કાર્ય પ્રતિ અપેક્ષાથી સામ્યપણું છે, તેથી પ્રમાણથી તે બંને હેતુનું તુલ્યપણું છે; એ રીતે મનમાં સ્થાપન કરીને સાક્ષેપ પરિહારનો વિચાર કરે છે-

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે ગાથા-૪૪ની અવતરણિકામાં કહ્યું કે, મરુદેવાદિને સ્વભાવથી જ નિર્વાણલાભ થયેલ હોવાને કારણે બાહ્ય ક્રિયાઓમાં પ્રેક્ષાવાનની પ્રવૃત્તિ કેમ થાય? તેના સમાધાનમાં નિશ્ચય અને વ્યવહારદૃષ્ટિથી સ્વભાવ અને પુરુષકારથી કાર્યની સંગતિ કરીને પુરુષકારની ઉપપત્તિ બતાવી, ત્યાં નિશ્ચયને અભિમત જે

સ્વભાવ છે તે જીવના પારિણામિકભાવરૂપ છે, જ્યારે અહીં અવતરણિકામાં અંતરંગ હેતુરૂપે સ્વભાવની વિવક્ષા હોવા છતાં ટીકામાં અંતરંગ હેતુરૂપે અદષ્ટને ગ્રહણ કરેલ છે કે જે કર્મરૂપ છે; તેનું તાત્પર્ય એ છે કે, યદ્યપિ પાંચ કારણોમાં સ્વભાવ અને કર્મ એ પૃથક્ કારણરૂપ છે, પરંતુ મરુદેવાદિને સ્વભાવથી કેવલજ્ઞાન પ્રાપ્ત થયું, ત્યાં તેમનો તથાભવ્યત્વરૂપ સ્વભાવ છે. તે જ અનાદિકાળથી કાર્યને અનનુકૂળરૂપે તેમનામાં વર્તતો હતો. ફક્ત જ્યારે તે સ્વભાવ કાર્યને અનુકૂળ પ્રવર્તવા લાગ્યો, ત્યારે તે સ્વભાવ પરિપાક પામ્યો, જે મોક્ષને અનુકૂળ એવા કર્મોના ક્ષયોપશમભાવરૂપ જ છે. તેથી તે સ્વભાવ જ્યારે વ્યાપૃત થાય છે, ત્યારે તે ક્ષયોપશમભાવને પામેલા કર્મરૂપ જ બને છે. તેથી, જ્યારે અંતરંગ કાર્ય મોક્ષરૂપ લેવામાં આવે છે, ત્યારે તથાભવ્યત્વરૂપ સ્વભાવ જ ક્ષયોપશમભાવને પામેલા કર્મરૂપ થઇ ક્ષાયિકભાવમાં વિશ્રાંત પામે છે; અને જ્યારે મોક્ષની પ્રાપ્તિરૂપ કાર્ય થાય છે, ત્યારે તથાભવ્યત્વનો નાશ થાય છે. તેથી મરુદેવાદિને કેવળજ્ઞાન પુરુષકારરૂપ બહિર્હેતુથી થયેલ નથી, પરંતુ સ્વભાવથી જ કેવલજ્ઞાન પ્રાપ્ત થયેલ છે; તેમ ગાથા-૪૪ની અવતરણિકામાં કહેલ છે. યદ્યપિ મરુદેવાદિને સ્વભાવથી જ્યારે કેવળજ્ઞાન થાય છે, ત્યારે અંતરંગરૂપે તે ક્ષયોપશમભાવને અનુકૂળ એવો યત્ન વર્તે જ છે; પરંતુ અહીં પુરુષકાર તરીકે મોક્ષને અનુકૂળ એવી બાહ્ય આચરણા ગ્રહણ કરેલ છે, અને તેવો પુરુષકાર મરુદેવાદિને નથી, તેથી સ્વભાવથી જ કેવળજ્ઞાનની નિષ્પત્તિ કહેલ છે. અને ધનાદિ બાહ્ય વસ્તુની પ્રાપ્તિરૂપ કાર્ય લેવામાં આવે, ત્યારે અંતરંગ રીતે પુણ્યપ્રકૃતિનો ઉદય અને બાહ્ય રીતે વ્યાપારાદિમાં કરાતા યત્નરૂપ પુરુષકાર કારણ બને છે.

ગાથા :- **अब्भन्तरबज्झाणं बलिआबलियत्तणं ति जइ बुद्धी ।**
**णणु कयरं अबलत्तं वेचित्तं वावि वेसम्मं ॥४५॥**

( अभ्यन्तरबाह्यानां बलिकाबलिकत्वमिति यदि बुद्धिः । ननु कतरदबलत्वं वैचित्र्यं वापि वैषम्यम् ॥४५॥ )

**णिप्फत्ती व फलट्ठा अणिययजोगो फलेण वा सद्धिं ।**
**पढमे समसामग्गी बिइए वावारवेसम्मं ॥४६॥**

(निष्पत्तिर्वा फलार्थं अनियतयोगः फलेन वा सार्द्धम् । प्रथमे समसामग्री द्वितीये व्यापारवैषम्यम् ॥४६॥)

**तइए दोण्हवि समया चउत्थपक्खो पुणो असिद्धोत्ति ।**
**तेण समावेक्खाणं दोण्हवि समयत्ति वत्थुठिई ॥४७॥**

(तृतीये द्वयोरपि समता चतुर्थपक्षः पुनरसिद्ध इति । तेन समापेक्षयोर्द्वयोरपि समतेति वस्तुस्थितिः ॥४७॥)

**ગાથાર્થ :- અભ્યંતર અને બાહ્ય કારણોમાં અભ્યંતર કારણોનું બલિકપણું છે અને બાહ્ય કારણોનું અબલિકપણું છે, એ પ્રમાણેની જો બુદ્ધિ હોય તો, 'ननु'થી સિદ્ધાંતકાર પૂછે છે કે, અબલપણું 'कतरद्'=કયું છે? શું વૈચિત્ર્ય એ અબલપણું છે? અથવા તો વૈષમ્ય એ અબલપણું છે? ॥૪૫॥**

**ગાથાર્થ :- અથવા તો ફલાર્થ નિષ્પત્તિ છે, (એ અબલપણું છે?) અથવા તો ફલની સાથે અનિયત યોગ છે, (તે અબલપણું છે?). તેમાં પ્રથમ વિકલ્પનો જવાબ આપે છે કે, પ્રથમ વિકલ્પમાં સમ સામગ્રી છે (તેથી બાહ્ય**

કારણોમાં અબલપણું નથી). બીજા વિકલ્પમાં વ્યાપારનું વૈષમ્ય છે. (તેથી બાહ્ય કારણોમાં અબલપણું નથી.) ॥૪૬॥

**ગાથાર્થ :-** ત્રીજા વિકલ્પમાં બંનેની પણ સમતા છે, (તેથી બાહ્ય કારણોમાં અબલપણું નથી.) અને ચોથો વિકલ્પ અસિદ્ધ છે. **'इति'** શબ્દ પ્રશ્નના ઉત્તરની સમાપ્તિ સૂચક છે. તે કારણથી=ચારે વિકલ્પોથી અભ્યંતરનું બલિકપણું સિદ્ધ થતું નથી તે કારણથી, સમ અપેક્ષાવાળા એવા બંનેની પણ સમતા=સમાનતા, છે. એ પ્રમાણે વસ્તુસ્થિતિ છે.॥૪૭॥

**ઉત્થાન :-** ગાથા-૪૫માં પ્રથમ વિકલ્પમાં કહ્યું કે, કાર્યનિષ્પત્તિમાં અંતરંગ હેતુના વૈચિત્ર્યથી કાર્યનું વૈચિત્ર્ય છે, તેથી બહિરંગ કરતાં અંતરંગ હેતુ બલવાન છે. તેના નિરાકરણરૂપે ગાથા-૪૬માં કહ્યું કે, અંતરંગ અને બહિરંગ હેતુની સમાન સામગ્રી છે. તેની વિચારણા કરતાં ટીકામાં કહે છે-

**ટીકા :-** **''अन्तरङ्गो हेतुरदृष्टाख्यो बलवान्, बाह्यस्तूद्यमादिरूपो न तथे''ति केचिद्वदन्ति। तत्र तेषां यद्ययमाशयो यत् नानापुरुषाणामेकजातीयव्यापारभाजामपि धनप्राप्त्यादितारतम्यं यत्तारतम्याधीनं तस्यैव बलवत्त्वमिति तत्रोच्यते-किमुद्यममनपेक्ष्यैव दैवमाहत्यफलं जनयत्यपेक्ष्य वा? आद्योऽनभ्युपगमदुःस्थो, द्वितीयेऽपेक्षारूपं बलं द्वयोस्तुल्यमेव, कार्योत्कर्षप्रयोजकोत्कर्षरूपम् तु तन्न सार्वत्रिकं, क्वाचित्कं तु बाह्यकारणेऽपि निराबाधमेव। ''सुखदुःखादिवैचित्र्यं कर्मवैचित्र्यादेवेत्येतावान् विशेष'' इति चेत्? काममभिमतमेतत्।**

**ટીકાર્થ :-** **'अन्तरङ्गो'** - અંતરંગ હેતુ અદૃષ્ટ બલવાન છે, વળી ઉદ્યમાદિરૂપ બાહ્ય (હેતુ) તેવો નથી=બલવાન નથી, એ પ્રમાણે કેટલાક કહે છે.

❀ **'उद्यमादिरूपो'** અહીં 'આદિ' પદથી બાહ્ય સામગ્રી ગ્રહણ કરવી.

ત્યાં=કેટલાકના તે કથનમાં, તેઓનો જો આ આશય છે (કે) એક જાતીય વ્યાપારવાળા પણ નાના પુરુષોનું જે ધનપ્રાપ્તિ આદિનું તારતમ્ય છે, તે જેના તારતમ્યને આધીન છે તેનું જ બલવાનપણું છે. આ પ્રકારના કેટલાકના કથનમાં જવાબ કહેવાય છે- શું ઉદ્યમની અપેક્ષા રાખ્યા વગર જ દૈવ આહત્ય ફળને=ક્યારેક થતા ફળને, પેદા કરે છે? કે અપેક્ષા રાખીને આહત્યફળને પેદા કરે છે? આદ્ય વિકલ્પ અનભ્યુપગમ=ઉદ્યમની અપેક્ષા રાખ્યા વગર દૈવ ફળ આપે છે તેનો અસ્વીકાર હોવાને કારણે દુઃસ્થ છે. બીજા વિકલ્પમાં અપેક્ષારૂપ બળ બંનેનું સરખું જ છે. વળી કાર્યના ઉત્કર્ષનું પ્રયોજક એવું ઉત્કર્ષરૂપ તે=બળ, (અંતરંગમાં) સાર્વત્રિક નથી, ક્યારેક બાહ્ય કારણમાં પણ તેવું બળ નિરાબાધ જ છે. અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે સુખ-દુઃખાદિનું વૈચિત્ર્ય કર્મના વૈચિત્ર્યથી છે, આ પ્રકારે અંતરંગ હેતુમાં આટલો વિશેષ છે. તેના સમાધાનરૂપે સ્થિતપક્ષી કહે છે કે, આ કથન અમને અત્યંત અભિમત છે.

❀ '**यत्तारतम्याधीनं**'માં જે '**यद्**' શબ્દ છે, તેનો ષષ્ઠીથી સમાસ ખુલશે અને તેનો અન્વય '**आशयो**' પછી '**यत्**' છે તેની સાથે છે. અને '**यत्तारतम्याधीनं**' માં જે ષષ્ઠી અર્થક '**यत्**' છે, તેનો '**तस्य**' સાથે સંબંધ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે ધનાદિતારતમ્ય જેના તારતમ્યને આધીન છે અર્થાત્ અદૃષ્ટના તારતમ્યને આધીન છે, તેનું જ અર્થાત્ અદૃષ્ટનું જ, બલવાનપણું છે.

❀ '**आहत्यफळ**'થી એ કહેવું છે કે લગભગ પ્રયત્ન ન દેખાતો હોય ને કાર્ય થાય છે તેવું ક્યારેક બને છે, તે આહત્ય ફળ છે, જેમાં ભાગ્ય પ્રધાન છે.

**ભાવાર્થ :-** અંતરંગહેતુ અદૃષ્ટ બલવાન છે, પરંતુ ઉદ્યમાદિરૂપ બાહ્ય હેતુ બલવાન નથી; એમ કેટલાક કહે છે. તે કેટલાકના કથનમાં તેઓનો જો આ આશય છે કે, એકજાતીય વ્યાપારવાળા પણ જુદા જુદા પુરુષોનું જે ધનપ્રાપ્તિ આદિનું તારતમ્ય છે, તે જેના તારતમ્યને આધીન છે, તેનું જ બલવાનપણું છે.

તાત્પર્ય એ છે કે, એક સરખા પ્રયત્નવાળા પણ ભિન્ન ભિન્ન પુરુષોનો ધનપ્રાપ્તિ આદિમાં સમાન યત્ન છે, છતાં કોઇને ધનની પ્રાપ્તિ ઓછી થાય છે, બીજાને અધિક થાય છે, એ રૂપ તારતમ્ય જેના=અંતરંગ અદૃષ્ટના, તારતમ્યને આધીન છે, તે અદૃષ્ટનું જ બલવાનપણું છે. કેમ કે પ્રયત્ન સરખો હોવા છતાં ધનપ્રાપ્તિમાં તરતમતાની પ્રાપ્તિ અદૃષ્ટને કારણે જ થઇ છે; માટે અદૃષ્ટ જ બલવાન છે. આ પ્રકારના કેટલાકના કથનમાં જવાબ કહેવાય છે કે, શું ઉદ્યમની અપેક્ષા રાખ્યા વગર દૈવ ક્યારેક થતા ફળને પેદા કરે છે? કે અપેક્ષા રાખીને ક્યારેક થતા ફળને પેદા કરે છે? તેનું નિરાકરણ કરતાં કહે છે કે, ઉદ્યમની અપેક્ષા રાખ્યા વગર દૈવ ફલને પેદા કરે છે, એ રૂપ ઉદ્યમનો અનભ્યુપગમ અસ્વીકૃત હોવાને કારણે પ્રથમ વિકલ્પ અસંગત છે. કેમ કે સંસારમાં સર્વત્ર સર્વથા બાહ્ય પ્રયત્ન વગર ધનપ્રાપ્તિ આદિની સંભવિતતા દેખાતી નથી. યદ્યપિ ક્વચિત્ કોઇ વ્યક્તિ પોતે ઉદ્યમ ન કરે, પરંતુ અન્ય કોઇ વ્યક્તિ તેના ઘરે આવીને ધન મૂકી જાય ત્યાં પણ, અન્ય કોઇ વ્યક્તિના ધનઅર્પણને અનુકૂળ એવો ઉદ્યમ આવશ્યક છે જ. તેથી બાહ્ય ઉદ્યમ આદિથી નિરપેક્ષ કેવલ અંતરંગહેતુથી કાર્ય થતું નથી. તેથી પ્રથમ વિકલ્પ અસંગત છે.

વળી બીજા વિકલ્પમાં કાર્ય પેદા કરવા માટે જેમ બાહ્ય હેતુ અંતરંગની અપેક્ષા રાખે છે તેમ અંતરંગ હેતુ બાહ્યની અપેક્ષા રાખે છે, તેથી અપેક્ષારૂપ બળ બાહ્ય અને અંતરંગ બંનેમાં સમાન જ છે; માટે અંતરંગ બલવાન છે, તેમ કહી શકાશે નહિ. અને કાર્યના ઉત્કર્ષનું પ્રયોજક એવું ઉત્કર્ષરૂપ બળ, જો અંતરંગ હેતુમાં છે પણ બાહ્યમાં નથી એમ જો પૂર્વપક્ષી કહે તો, કહે છે કે કાર્યના ઉત્કર્ષનું પ્રયોજક એવું ઉત્કર્ષરૂપ બળ, સાર્વત્રિક અંતરંગમાં જ છે એવું નથી, ક્યારેક બાહ્ય કારણોમાં પણ તેવું બળ નિરાબાધ જ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષે કહ્યું કે સમાન પ્રયત્નવાળાને પણ ધનપ્રાપ્તિનું તારતમ્ય અદૃષ્ટને આધીન છે, તેથી અધિક ધનપ્રાપ્તિરૂપ કાર્યના ઉત્કર્ષનું પ્રયોજક એવું ઉત્કર્ષરૂપ બળ અદૃષ્ટમાં છે; અર્થાત્ અદૃષ્ટમાં એવો ઉત્કર્ષ છે કે જેના કારણે સમાન યત્ન હોવા છતાં કાર્યના ઉત્કર્ષની પ્રાપ્તિ થઇ; તેથી અદૃષ્ટ બલવાન છે, એમ પૂર્વપક્ષીના કથનનું તાત્પર્ય છે. તેના સમાધાનરૂપે સ્થિતપક્ષ કહે છે કે, કોઇક ઠેકાણે બાહ્ય કારણોમાં પણ એવો ઉત્કર્ષ નિરાબાધ જ છે, જેમ બે વ્યક્તિ બાહ્ય યત્ન સમાન કરતી હોય ત્યારે, બંનેને ધનની પ્રાપ્તિ સમાન થાય છે; પછી તેમાંથી કોઇ અન્ય વ્યક્તિ વિશેષ ઉદ્યમ કરે ત્યારે, તેને કાર્યનો ઉત્કર્ષ તે વિશેષ યત્નને કારણે દેખાય જ છે.

અહીં પૂર્વપક્ષી કહે છે કે, એ અપેક્ષાએ ભલે અંતરંગ અને બહિરંગ સમાન હોય, પરંતુ સુખ-દુ:ખાદિનું વૈચિત્ર્ય કર્મના વૈચિત્ર્યથી જ છે, એ પ્રકારની આટલી અંતરંગ હેતુમાં વિશેષતા છે. માટે અંતરંગ હેતુ જ બળવાન છે. તેના સમાધાનરૂપે સ્થિતપક્ષી કહે છે કે, સુખ-દુ:ખનું વૈચિત્ર્ય કર્મના વૈચિત્ર્યને કારણે જ છે, એ અપેક્ષાએ અંતરંગ બલવાન છે, એ અમને અભીષ્ટ જ છે.

**ઉત્થાન :-** સ્થિતપક્ષને સુખ-દુ:ખના વૈચિત્ર્યનું નિયામક કર્મવૈચિત્ર્ય જ અત્યંત અભિમત છે. તેમાં દૃષ્ટાંત આપે છે-

**ટીકા :- श्रूयते हि ''उद्यमभाग्यविवादबद्धाभिनिवेशयोः श्रेष्ठिनोर्विवादभञ्जनाय भूपालादिष्टेन मन्त्रिणा तदप्रतिबोधखिन्नेन निर्जलकूपे प्रवेशितयोस्तयोर्मध्याह्नसमये क्षुत्क्षामकुक्षितां संभाव्य करुणया प्रदापितयोर्मोदकयोरुद्यमभाग्यातिरेकाद्द्वयोर्लाभाऽविशेषेऽपि परीक्षाभाजनीभूतान्तर्गतरत्नमय-मुद्रिकाप्रतिलम्भो भाग्यवादिन एव श्रेष्ठिनो नान्यस्येति'' केवलं भाग्यस्योद्यमानपेक्षावाद एव स्याद्वादिनां निरसनीय इति। अपि च भाग्यवैचित्र्यमपि प्राक्तनतत्तत्कर्मव्यापाररूपोद्यमवैचित्र्यादेवेति न महाननयोः प्रतिविशेषः।**

**ટીકાર્થ :-** શાસ્ત્રમાં પુરુષાર્થવાદી અને ભાગ્યવાદી એવા બે શ્રેષ્ઠીઓની વાત સંભળાય છે - ઉદ્યમ અને ભાગ્યના વિવાદમાં બદ્ધ અભિનિવેશવાળા બે શ્રેષ્ઠીઓના વિવાદનું ભંજન કરવા માટે, રાજા વડે આદિષ્ટ એવા મંત્રીએ, તેમને પ્રતિબોધ નહિ થવાના કારણે ખિન્ન થવાથી તે બંનેને નિર્જલ કૂવામાં પ્રવેશ કરાવ્યો. અને પ્રવેશ કરાવાયેલા તે બંનેની મધ્યાહ્ન સમયે ક્ષુધાથી ક્ષામકુક્ષિતાની=ભૂખ્યા થવાની, સંભાવના કરીને, કરૂણા વડે આપેલા એવા મોદકનો, ઉદ્યમ અને ભાગ્યના અતિરેકથી બંનેને લાભનો અવિશેષ હોવા છતાં પણ, પરીક્ષાના ભાજનીભૂત અંતર્ગત રત્નમય મુદ્રિકાનો પ્રતિલંભ ભાગ્યવાદી જ શ્રેષ્ઠીને થયો, અન્યને=ઉદ્યમવાદીને, ન થયો. **'इति'** શબ્દ દૃષ્ટાંતની સમાપ્તિ સૂચક છે. ફક્ત ભાગ્યનો ઉદ્યમઅનપેક્ષાવાદ જ સ્યાદ્વાદીને નિરસનીય છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, યદ્યપિ ઉદ્યમ અને ભાગ્યના વિષયમાં પ્રસ્તુત દૃષ્ટાંતમાં કહેલ એવો વિવાદ કોઇ કરે એટલા માત્રથી, દૃષ્ટાંતમાં કહ્યા મુજબ ભાગ્યના પક્ષકારને રત્નમય મુદ્રિકાનો પ્રતિલંભ થાય જ તેવી વ્યાપ્તિ હોઇ શકે નહિ; પરંતુ સામાન્યથી બહુ ભાગ્યશાળી હોય તે લોકો જ ઉદ્યમ કરતાં સર્વત્ર ભાગ્યને કારણે સફળ થતા હોવાને કારણે ભાગ્ય તરફ પક્ષપાતવાળા બને છે. જ્યારે તેવું ભાગ્ય જે વ્યક્તિનું હોતું નથી, અને તે વ્યક્તિ વિચારશીલ હોય તો તેને સર્વત્ર કાર્યસાધક તરીકે ઉદ્યમ દેખાય છે; અને તેથી જ બે વ્યક્તિઓ વચ્ચેના વિવાદને ગ્રહણ કરીને એ બતાવેલ છે કે, ઉદ્યમરહિત એવો પણ ભાગ્યવાદી ભાગ્યના અતિશયને કારણે અન્યના ઉદ્યમથી તત્સદૃશ મોદકને તો પ્રાપ્ત કરે જ છે, પરંતુ ભાગ્યના અતિરેકને કારણે રત્નની મુદ્રિકાને પણ પ્રાપ્ત કરે છે; અને તત્પ્રાપ્તિજન્ય સુખની પ્રાપ્તિ કર્મના વૈચિત્ર્યને કારણે જ ત્યાં થયેલ છે, જ્યારે ઉદ્યમવાદીને યદ્યપિ ક્ષુધાના નિવારણરૂપ સુખની પ્રાપ્તિ થઇ તો પણ ભાગ્યવાદી જેવું અતિશય સુખ તેને પ્રાપ્ત થયું નહિ. તેથી સુખના વૈચિત્ર્ય પ્રતિ કર્મનું વૈચિત્ર્ય જ હેતુ છે, એમ સ્થિતપક્ષને માન્ય જ છે, કેવલ ભાગ્યનો ઉદ્યમનિરપેક્ષવાદ જ સ્યાદ્વાદીને નિરસનીય છે. યદ્યપિ પ્રસ્તુત દૃષ્ટાંતમાં ભાગ્યવાદીએ કોઇ પ્રકારનો ઉદ્યમ કર્યો હોય તેવું સામાન્યથી

દેખાતું નથી, તેથી ત્યાં ઉદ્યમઅનપેક્ષાવાદ જ પ્રાપ્ત થાય; તો પણ ઉદ્યમવાદીના ઉદ્યમથી જ ભાગ્યવાદીને મોદકની પ્રાપ્તિ થઈ છે, કેમ કે ઉદ્યમવાદીએ કૂવામાં ભૂખ લાગવાથી ખાવાની શોધ કરી, તેને બે લાડવા કૂવામાં મૂકેલા મળ્યા, કરુણાથી એક લાડવો તેણે ભાગ્યવાદીને આપ્યો, ભાગ્યવાદીના ભાગ્યના પ્રકર્ષને કારણે મુદ્રિકાવાળો લાડવો તેને મળ્યો, તેથી સર્વથા કોઈપણ વ્યક્તિના ઉદ્યમ વગર ફક્ત ભાગ્યથી જ મોદક કે મુદ્રિકાનો પ્રતિલંભ થયો નથી; તેથી ત્યાં ઉદ્યમસાપેક્ષ જ ભાગ્યથી કાર્ય થયું છે; પરંતુ ત્યાં ઉદ્યમ યત્કિંચિત્ માત્ર છે અને ભાગ્ય જ મુખ્ય છે, તેથી ભાગ્યથી જ તે પ્રાપ્ત થયું છે; તેવો વ્યવહાર ત્યાં પ્રવર્તે છે.

**ઉત્થાન :-** ભાગ્ય અને ઉદ્યમ પરસ્પર અપેક્ષા રાખે છે તેથી તુલ્ય બળવાળા છે, એમ પૂર્વમાં સ્થિતપક્ષે સ્થાપન કર્યું; અને પછી સુખ-દુ:ખના વૈચિત્ર્યના નિયામકરૂપે ભાગ્ય બલવાન છે, એમ પણ સ્વીકાર કર્યો; અને ત્યારપછી પરસ્પરની અપેક્ષા રાખવાને કારણે ભાગ્ય અને ઉદ્યમ બંને તુલ્ય બળવાળા છે, એમ સ્યાદ્વાદથી સ્થાપન કર્યું. અને હવે **'अपि च'** થી બીજી વિશેષતા બતાવે છે-

**ટીકાર્થ :- 'अपि च'** અને વળી ભાગ્યનું વૈચિત્ર્ય પણ પ્રાક્તન તે તે ક્રિયારૂપ ઉદ્યમના વૈચિત્ર્યથી જ છે, એથી કરીને, આ બંનેમાં=ભાગ્ય અને ઉદ્યમમાં, મોટો પ્રતિવિશેષ=ભેદ નથી.

❀ **'भाग्यवैचित्र्यमपि'** અહીં **'अपि'**થી એ કહેવું છે કે, સુખદુ:ખાદિનું વૈચિત્ર્ય તો કર્મ(ભાગ્ય)ના વૈચિત્ર્યથી છે, પરંતુ ભાગ્યનું વૈચિત્ર્ય પણ પ્રાક્તન ક્રિયાવ્યાપારરૂપ ઉદ્યમના વૈચિત્ર્યથી છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જેમ સુખદુ:ખના વૈચિત્ર્યના નિયામકરૂપે જેમ ભાગ્યની વિશેષતા છે, તેમ તે ભાગ્યના વૈચિત્ર્યના નિયામકરૂપે પૂર્વનો ઉદ્યમ જ નિયામક છે. એથી ભાગ્ય અને ઉદ્યમમાં બહુ ભેદ નથી.

❀ અંતરંગ હેતુને બલવાન કહેનાર અને બહિરંગ હેતુને અબલવાન કહેનારની સામે ગાથા-૪૫માં સ્થિતપક્ષે **'ननु'**થી ચાર વિકલ્પો પાડ્યા. તેમાં પ્રથમ વિકલ્પ બહિરંગને અબલવાન સ્થાપન કરવા માટે અંતરંગના વૈચિત્ર્યથી જ કાર્યનું વૈચિત્ર્ય થાય છે તે છે, અને તેના નિરાકરણરૂપે ગાથા-૪૬માં કહ્યું કે, પ્રથમ વિકલ્પમાં સમ સામગ્રી છે. અર્થાત્ કાર્યના વૈચિત્ર્યમાં અંતરંગ અને બહિરંગ સમાન સામગ્રીરૂપે છે. એમ કહીને સ્થિતપક્ષે અંતરંગ હેતુને બલવાન કહેનાર ઋજુસૂત્રનયનું નિરાકરણ કર્યું. તે કથન ટીકામાં **"अन्तरङ्गो....થી...न महाननयोः प्रतिविशेषः।"** ત્યાં સુધી પુરૂં થાય છે.

**ઉત્થાન :-** ગાથા-૪૫માં બીજો વિકલ્પ પાડતાં કહ્યું કે, અંતરંગ હેતુના વૈષમ્યથી કાર્યનું વૈષમ્ય છે, તેથી બાહ્ય હેતુ કરતાં અંતરંગ હેતુ બલવાન છે. તેનું નિરાકરણ કરતાં ગાથા-૪૬માં કહ્યું કે, વ્યાપારના વૈષમ્યથી કાર્યનું વૈષમ્ય છે, અંતરંગ હેતુના વૈષમ્યથી નહિ. તેની વિચારણા કરતાં ટીકામાં કહે છે-

**ટીકા :- अथैकजातीयदुग्धपानादेरेव कस्यचित्सुखं भवति कस्यचिद्दुःखमित्यदृष्टमेव बलवन्न तु बाह्यो हेतुरिति चेत्? न, विचित्रादृष्टवशान्मधुररसविपरीतरसोद्बोधादिदृष्टद्वारैव ततो दुःखोदयात्, तस्य व्यापारभेदेन सुखदुःखयोर्द्वयोरपि हेतुत्वाद्, न हि दृष्टकारणमसंपाद्यैवादृष्टं भोगजनकं येनैकान्ततो बलवत्स्याद्।**

**ટીકાર્થ :-** અદષ્ટને બલવાન માનનાર વ્યક્તિ **'अथ'**થી કહે છે કે, એકજાતીય દુગ્ધપાનથી જ કોઇ વ્યક્તિને સુખ થાય છે, કોઇકને દુઃખ થાય છે; એથી કરીને અદષ્ટ જ બલવાન છે, બાહ્ય હેતુ નહિ. તેના સમાધાનરૂપે કહે છે કે, એ વાત બરાબર નથી, કેમ કે વિચિત્ર એવા અદષ્ટના વશથી મધુરરસથી વિપરીત રસના ઉદ્‌બોધાદિ દષ્ટ દ્વારા જ=દષ્ટ કારણ દ્વારા જ, તેનાથી=દૂધથી, દુઃખનો ઉદય થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિને દુગ્ધપાનથી દુઃખ ઉત્પન્ન થાય છે, તે વ્યક્તિને પણ બાહ્યકારણનિરપેક્ષ ફક્ત અદષ્ટથી જ દુઃખ ઉત્પન્ન થતું નથી, કે જેથી અદષ્ટ બલવાન બને; પરંતુ વિચિત્ર પ્રકારના પૂર્વમાં ઉપાર્જિત અદષ્ટના વશથી, તેવા જ પ્રકારના શરીરની પ્રાપ્તિ તે વ્યક્તિને થાય છે, જેના કારણે આહ્લાદને પેદા કરે એવા મધુરરસથી વિપરીત એવા રસનો, કે જે તે વ્યક્તિને અણગમાનું કારણ બને તેવા પ્રકારના સ્વાદની અનુભૂતિ કરાવે તેવા રસનો ઉદ્‌બોધ દુગ્ધપાનથી થાય છે. **'दुग्धपानादि'** અહીં 'આદિ' પદથી એ ગ્રહણ કરવું છે કે, તે વ્યક્તિની ઇન્દ્રિયોને મધુરરસથી વિપરીત રસના ઉદ્‌બોધ દ્વારા ઉપઘાત થાય છે, ઇત્યાદિરૂપ દષ્ટ દ્વારા જ દુગ્ધપાનથી તેને દુઃખનો ઉદય થાય છે. તેથી ત્યાં અદષ્ટ ફક્ત તેવા પ્રકારની શરીરની રચના પ્રત્યે કારણરૂપ બનીને દુઃખનું કારણ બને છે, અને બાહ્યસામગ્રી રસ ઉદ્‌બોધાદિરૂપે કારણ બનીને દુઃખનું કારણ બને છે. માટે ફક્ત અદષ્ટ ત્યાં નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, એક જ પ્રકારનું દુગ્ધપાન એકને મધુરરસનો ઉદ્‌બોધ કરે છે, જ્યારે અન્યને વિપરીત રસનો ઉદ્‌બોધ કરે છે, અને તે દ્વારા સુખ-દુઃખ થાય છે, એ કેમ સંભવે? કેમ કે તે દુગ્ધપાન એકને મધુરરસનો ઉદ્‌બોધ કરી શકે છે તેમ અન્યને પણ મધુરરસનો ઉદ્‌બોધક કેમ થતો નથી? તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'तस्य'** તેનું=દુગ્ધપાનનું વ્યાપારના ભેદથી=મધુરરસનો ઉદ્‌બોધ કે તદ્વિપરીત રસના ઉદ્‌બોધરૂપ વ્યાપારના ભેદથી, સુખ-દુઃખ બંનેમાં પણ હેતુપણું છે. (તેથી બંનેનો હેતુ હોવાને કારણે ભિન્ન ભિન્ન વ્યાપાર દ્વારા બંને પ્રકારનાં પણ કાર્ય કરે છે, માટે બાહ્ય કારણ વગર વસ્તુ ફક્ત અદષ્ટથી જ થાય છે તે સંગત નથી; અને ઉપરોક્ત કથનની પુષ્ટિ કરતાં કહે છે,) દષ્ટ કારણને સંપાદન કર્યા વગર જ અદષ્ટ ભોગજનક નથી, કે જેથી એકાંતથી બલવાન થાય.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, અદષ્ટ, તેવા પ્રકારના શરીરની રચના સંપાદન કરીને, તેના દ્વારા દુગ્ધપાનથી મધુર કે તદ્વિપરીત રસના ઉદ્‌બોધરૂપ દષ્ટ કારણ સંપાદન કરીને, સુખ કે દુઃખરૂપ ભોગનું જનક બને છે. તેથી એકાંતથી અદષ્ટ બલવાન નથી.

ઋજુસૂત્રનય અંતરંગહેતુને બળવાન સ્થાપન કરવા માટે પ્રયત્ન કરે છે. તેનું નિરાકરણ કરવા માટે સ્થિતપક્ષે જે ચાર વિકલ્પો પાડ્યા, તેમાં બાહ્યકારણ સમાન છતાં અંતરંગકારણના વૈષમ્યથી ફળ વિષમ થાય છે એ બીજો વિકલ્પ છે. તેનું નિરાકરણ કરતાં ગાથા-૪૬માં સ્થિતપક્ષે કહ્યું કે, બાહ્યકારણના વ્યાપારના વૈષમ્યથી ફળવૈષમ્ય છે. અને તે બીજા વિકલ્પનું કથન **"अथ .......... बलवत्स्याद्।"** અહીં પુરું થાય છે.

**ઉત્થાન :-** ગાથા-૪૬માં કહ્યું કે, સુખ-દુઃખરૂપ ફળને માટે બાહ્યસામગ્રીની નિષ્પત્તિ અંતરંગકારણથી થાય છે, તેથી અંતરંગહેતુ બલવાન છે. તેનું નિરાકરણ કરતાં ગાથા-૪૭માં કહ્યું કે બંનેની પણ=અંતરંગ અને બહિરંગકારણ બંનેની પણ, સમતા=સમાનતા, છે. તે બતાવતાં ટીકાકાર કહે છે-

**ટીકા :- अथ भोगार्थं दृष्टकारणोपसंपादकत्वमेवादृष्टस्य बलवत्त्वमिति चेत्? न, प्राक्तनतत्तत्कर्मणोऽपि भोगार्थमदृष्टजनकत्वरूपबलवत्त्वस्य तुल्यत्वात्।**

**ટીકાર્થ :-** '**अथ**'થી અદૃષ્ટને બલવાન માનનાર આ પ્રમાણે કહે કે ભોગ માટે=સુખદુઃખરૂપ ફળ માટે, દૃષ્ટકારણોનું સંપાદકપણું=સંપાદન કરી આપવું, એ જ અદૃષ્ટનું બલવાનપણું છે, તો તેનો ઉત્તર આપતાં કહે છે કે, એમ ન કહેવું; કેમ કે પૂર્વના તે તે કર્મનું પણ=તે તે ક્રિયાનું પણ, ભોગાર્થ અદૃષ્ટજનકત્વરૂપ બળવાનપણાનું તુલ્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ત્રીજા વિકલ્પમાં મૂળ શ્લોકમાં કહેલ કે ફલાર્થ નિષ્પત્તિ; તેનાથી એ પ્રાપ્ત થયું કે, સુખદુઃખરૂપ ફલને માટે બાહ્યસામગ્રીની નિષ્પત્તિ અદૃષ્ટથી થાય છે, માટે અદૃષ્ટ બળવાન છે; તે જ વાત ટીકામાં '**अथ भोगार्थं**'થી બતાવી કે સુખદુઃખના ફળના ભોગ માટે દૃષ્ટકારણરૂપ શરીરની તે તે પ્રકારરૂપ રચનાનું સંપાદકપણું અદૃષ્ટમાં જ છે; માટે તે બળવાન છે; અને તેનું નિરાકરણ મૂળ શ્લોકમાં કર્યું કે, ત્રીજા વિકલ્પમાં બંનેમાં પણ સમતા છે. તે વાત ટીકામાં '**इति चेत् न**' કહીને '**प्राक्तन...........तुल्यत्वात्।**' જે હેતુ કહ્યો, તેનાથી બતાવ્યું કે સુખદુઃખના ભોગ માટે બાહ્ય કારણનું સંપાદક જેમ અદૃષ્ટ છે, તેમ તે અદૃષ્ટને પેદા કરનાર પૂર્વ ભવનો તે જીવનો ઉદ્યમ છે, તેથી ઉદ્યમમાં અને અદૃષ્ટમાં સમાનતા છે; માટે અદૃષ્ટ જ બળવાન છે બાહ્ય ઉદ્યમ નહિ તેમ ઋજુસૂત્રનય કહી શકશે નહિ, એ પ્રમાણે સ્થિતપક્ષ કહે છે.

**ઉત્થાન :-** અભ્યંતરયોગને બલવાન સ્થાપનાર પૂર્વપક્ષના કથનમાં ગાથા-૪૬માં ચોથો વિકલ્પ કહ્યો કે, ફલની સાથે અનિયતયોગ છે.=ફલની સાથે બાહ્ય કારણનો અનિયતયોગ છે અને અભ્યંતર કારણનો નિયતયોગ છે, તેથી અભ્યંતર બલવાન છે. અને તેના નિરાકરણરૂપે ગાથા-૪૭માં કહ્યું કે, ચોથો વિકલ્પ અસિદ્ધ છે=ફળની સાથે બાહ્ય કારણનો અનિયતયોગ અસિદ્ધ છે. એ જ વાત ટીકામાં '**अथ**'થી બતાવતાં કહે છે-

**ટીકા :- अथ बाह्यहेतोः फलेन न नियतो योगोऽन्तरङ्गस्य तु नियत इति चेत्? न, असिद्धेः, घटादौ मृत्पिण्डादेरपि नियतापेक्षासत्त्वात्। यत्र तु विनापि द्रव्यदानादिकं भावदानादिनैव पुण्यसंपत्तिर्जीर्णाभिनव-श्रेष्ठिप्रबन्धेन श्रूयते तत्र द्रव्यदानादेर्घटे दण्डादिवदहेतुत्वात्, तृप्तौ तन्दुलक्रयणादेरिव प्रयोजकत्वमात्रादेव न क्षतिः, हेतुत्वे वा पुण्यसंपत्ताववान्तरजातिरस्तु सामान्यतो हेतुत्वादेव** "[१] णेगंतिओ अणच्चंतिओ अ जं **दव्वओ तेणं" ति वचनस्य सङ्गतेः।**

---

१. अनैकान्तिकोऽनात्यन्तिकश्च यद् द्रव्यतस्तेन ।

**ટીકાર્થ :-** અંતરંગ હેતુને બલવાન માનનાર '**अथ**'થી આ પ્રમાણે કહે કે, બાહ્યહેતુનો ફલની સાથે નિયતયોગ નથી પરંતુ અંતરંગનો નિયતયોગ છે; તેનો ઉત્તર આપતાં કહે છે કે, તે વાત બરાબર નથી; કેમ કે અસિદ્ધિ છે.= બાહ્યનો નિયતયોગ નથી એ વાત અસિદ્ધ છે, કેમ કે ઘટાદિમાં મૃત્પિંડાદિની પણ નિયત અપેક્ષા હોય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જેમ કર્મબંધ પ્રત્યે કે નિર્જરા પ્રત્યે ચોક્કસ અધ્યવસાય નિમિત્ત કારણ છે, અર્થાત્ તે અધ્યવસાય થાય તો અવશ્ય કર્મબંધ કે નિર્જરા થાય તે નિયત છે, તેને મુખ્ય કરીને ઋજુસૂત્રનય અંતરંગ હેતુને બલવાન કહે છે; તેની સામે સ્થિતપક્ષ કહે છે કે, બાહ્યહેતુનો અનિયતયોગ છે એમ નથી, આથી જ બાહ્ય ઘટાદિ પ્રત્યે મૃત્પિંડાદિનો નિયતયોગ છે.=મૃત્પિંડથી જ ઘડો થાય છે, તંતુથી જ પટ થાય છે, આ પ્રકારનો નિયતયોગ છે; તેથી જ કાર્યનો અર્થી નિયત કારણમાં પ્રવૃત્તિ કરે છે.

અહીં વિશેષ એ છે કે, અંતરંગ હેતુને માનનાર સ્વભાવને કારણ કહે છે; જેમ ઋજુસૂત્રનય કુર્વદ્રૂપત્વને જ કારણ કહે છે અને તે સ્વભાવના સ્થાને જ અંતરંગ હેતુરૂપ અદૃષ્ટને સ્વીકારે છે, કેમ કે કર્મવાળા જીવનો અદૃષ્ટરૂપે તેવો અંતરંગ પરિણામ છે, તેથી જ કાર્ય થાય છે. અને તે રીતે સ્વીકારીએ તો ઘટાદિ પ્રત્યે માટીમાં કુર્વદ્રૂપત્વ સ્વભાવ એ જ અંતરંગ હેતુ પ્રાપ્ત થાય. પરંતુ અહીં કહ્યું કે, ઘટાદિમાં મૃત્પિંડાદિનો નિયતયોગ છે, ત્યાં ઘટાદિની પ્રાપ્તિ કરવાનું જેનું પુણ્ય છે તે અંતરંગ હેતુ છે, અને કુંભારનો પ્રયત્ન-મૃત્પિંડાદિ બાહ્ય હેતુ છે. તેથી ઘટાદિની પ્રાપ્તિ પ્રત્યે અંતરંગ હેતુરૂપે અદૃષ્ટ અને બાહ્ય હેતુ તરીકે મૃત્પિંડાદિ કારણ છે; અને જેમ અંતરંગ હેતુ કાર્ય પ્રત્યે નિયત છે, તેમ ઘટાદિ કાર્ય પ્રત્યે મૃત્પિંડાદિ બાહ્ય હેતુ પણ નિયત છે. એ પ્રકારનો સ્થિતપક્ષનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સ્થાપન કર્યું કે, કાર્ય પ્રત્યે અંતરંગહેતુની જેમ બાહ્યહેતુની પણ નિયત અપેક્ષા છે, ત્યાં પ્રશ્ન થાય કે જીરણશ્રેષ્ઠીના પ્રસંગમાં બાહ્યહેતુરૂપ દ્રવ્યદાનાદિ વગર અંતરંગહેતુરૂપ ભાવદાનથી જ કાર્ય થયેલું દેખાય છે. તેથી સર્વ કાર્ય પ્રત્યે સર્વત્ર અંતરંગહેતુ નિયત છે અને બાહ્યહેતુ અનિયત છે, માટે અંતરંગહેતુ બલવાન છે એમ સ્વીકારવું જોઇએ. તેના નિરાકરણરૂપે સ્થિતપક્ષ '**यत्र**' થી કહે છે.

**ટીકાર્થ :-** '**यत्र तु**' - વળી જ્યાં દ્રવ્યદાનાદિક વિના પણ ભાવદાનાદિથી જ પુણ્યસંપત્તિ જીરણશ્રેષ્ઠી અને અભિનવશ્રેષ્ઠીના પ્રબંધથી સંભળાય છે, ત્યાં દ્રવ્યદાનાદિનું જેમ ઘટમાં દંડાદિનું હેતુપણું છે તેમ હેતુપણું નથી;(પરંતુ) તૃપ્તિમાં તંદુલક્રયણાદિની જેમ પ્રયોજકપણુંમાત્ર હોવાથી જ ક્ષતિ નથી. અથવા દંડાદિની જેમ હેતુપણું માનવામાં, પુણ્યસંપત્તિમાં દ્રવ્યદાનાદિથી જન્ય અવાંતર જાતિ હો, કેમ કે સામાન્યથી હેતુપણું છે. સામાન્યથી હેતુપણું કેમ છે, તેમાં હેતુ કહે છે - "**णेगंतिओ अणच्चंतिओ अ जं दव्वओ तेणं**" એ પ્રમાણે વચનની સંગતિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, યદ્યપિ પૂર્વમાં બહિરંગહેતુ તરીકે ઉદ્યમ અને અંતરંગહેતુ તરીકે અદૃષ્ટને ગ્રહણ કરેલ છે; અને અહીં બહિરંગહેતુ તરીકે દ્રવ્યદાન અને અંતરંગહેતુ તરીકે ભાવદાન ગ્રહણ કરેલ છે; જે પુણ્યાનુબંધિપુણ્યના કારણરૂપ છે, અને જીવના અધ્યવસાયરૂપ છે; આમ છતાં, તેનાથી અદૃષ્ટાખ્યહેતુ બલવાન

છે, તે સામાન્યથી જોતાં સિદ્ધ થઇ શકે નહિ. કેમ કે ભાવદાન અધ્યવસાયરૂપ હોવાના કારણે અંતરંગહેતુરૂપ અધ્યવસાય બલવાન છે તેમ પ્રાપ્ત થાય તો પણ, જેમ મોક્ષ પ્રત્યે અંતરંગહેતુ ક્ષયોપશમભાવરૂપ કર્મ બને છે, અને બહિરંગહેતુ વ્યવહારિક બાહ્યક્રિયારૂપ પુરુષકાર બને છે, તેમ પ્રસ્તુતમાં પણ દ્રવ્યદાનાદિ પુરુષકારરૂપ છે, અને ભાવદાનાદિ ક્ષયોપશમભાવઆપન્ન અદૃષ્ટરૂપ છે, માટે કોઇ દોષ નથી. કેવલ ક્ષયોપશમભાવરૂપ કર્મ અને તેનાથી નિષ્પન્ન જે અધ્યવસાય તે બંનેની અભેદ વિવક્ષાથી અદૃષ્ટરૂપ અંતરંગહેતુ જ ભાવદાનરૂપે ગ્રહણ કરવામાં આવેલ છે.

અહીં વિશેષ એ છે કે, દ્રવ્યદાનનું ઘટમાં દંડાદિની જેમ અહેતુપણું છે એમ કહ્યું, ત્યાં વ્યતિરેકદૃષ્ટાંત ગ્રહણ કરવાનું છે; કેમ કે વ્યવહારનયથી દંડાદિ હેતુરૂપે પ્રસિદ્ધ છે. પરંતુ જો અન્વયદૃષ્ટાંતરૂપ ગ્રહણ કરીને દંડાદિને પ્રયોજકરૂપે સ્વીકારીએ, તો **'तृमौ ............ न क्षतिः'** એ પ્રકારનું આગળનું વચન સંગત થાય નહિ, અને દંડાદિ ઘટ પ્રત્યે અપેક્ષાએ પ્રયોજક પણ માન્ય છે, કેમ કે જ્યાં હસ્તાદિથી ચક્રભ્રમણ થાય છે ત્યાં નયભેદથી દંડને પ્રયોજક પણ માનેલ છે, પરંતુ પ્રસ્તુતમાં વ્યવહારનયને અભિમત હેતુત્વનો સ્વીકાર કરીને વ્યતિરેકદૃષ્ટાંત ગ્રહણ કરેલ છે.

દ્રવ્યદાનનું હેતુપણું સ્વીકારે છતે તેનાથી પ્રાપ્ત થતી પુણ્યસંપત્તિ છે તેને અવાંતરજાતિરૂપે કહેલ છે, તેનું તાત્પર્ય એ છે કે, નિશ્ચયનયની દૃષ્ટિથી કાર્યના ભેદમાં કારણનો અવશ્ય ભેદ હોય છે. તે જ રીતે કારણના ભેદથી પણ કાર્યનો ભેદ અવશ્ય હોવો જોઇએ. તેથી જીર્ણશ્રેષ્ઠી જ્યારે દાનની ભાવના કરતા હતા ત્યારે, જે ઉત્તમકોટિનો ભાવદાનનો પરિણામ હતો, તે ઉત્તરોત્તર વૃદ્ધિમત્ પરિણામવાળો યાવત્ ક્ષપકશ્રેણિ આસન્નભાવવાળો હતો, તો પણ તે વખતે જો સાક્ષાત્ ભગવાન પધાર્યા હોત અને દાનની ક્રિયા વર્તતી હોત, તો પ્રવર્ધમાન તે ભાવમાં દાનક્રિયાની ચેષ્ટાને અનુરૂપ વૈજાત્ય અવશ્ય હોત; અને તત્કૃત પુણ્યસંપત્તિમાં પણ વૈજાત્ય પ્રાપ્ત થાત.

યદ્યપિ મોક્ષને અનુકૂળત્વરૂપ પરિણામનું ઉભયત્ર સામ્ય હોઇ શકે, તો પણ દાનને અનુકૂળ ચેષ્ટાજન્ય કોઇ પરિણામનું વૈસાદૃશ્ય ત્યાં અવશ્ય હોવું જોઇએ, જે કેવળ દાનની ક્રિયા વગર પ્રાપ્ત થઇ શકે નહિ; તેથી તજ્જન્ય પુણ્યસંપત્તિની કોઇ અવાંતર જાતિ માનવી જોઇએ. જેમ મૃદ્ત્વેન ઘટત્વેન કાર્ય-કારણભાવ હોવા છતાં માટીમાં કોઇ રંગ વિશેષ નાંખવાથી ઘટની વિશેષ રંગવાળી અવાંતર જાતિ પેદા થાય છે, તેમ ત્યાં પણ અવાંતર જાતિ સ્વીકારવી જોઇએ. અને તેમાં હેતુ કહે છે કે સામાન્યથી દાનનું હેતુપણું હોવાથી જ પુણ્યસંપત્તિમાં અવાંતર જાતિ છે. તેનું તાત્પર્ય એ છે કે, દાન દાનત્વેન હેતુ છે પણ દ્રવ્યદાનત્વેન કે ભાવદાનત્વેન હેતુ નથી. તેથી જેમ મૃદ્ મૃદ્ત્વેન હેતુ છે અને રક્તમૃદ્થી જેમ ઘટની અવાંતર જાતિ પેદા થાય છે, તેમ દ્રવ્યદાનથી અવાંતર જાતિ પેદા થાય છે.

અહીં સામાન્યથી દાનનું હેતુપણું છે તેમ કહ્યું, તો સામાન્યથી દાનનું હેતુપણું કેમ છે? તેમાં હેતુ કહે છે કે "જે કારણથી અનૈકાંતિક અને અનાત્યંતિક છે, તે કારણથી દ્રવ્યથી છે" એ પ્રકારના વચનથી સંગતિ છે. તેનું તાત્પર્ય એ છે કે, જેમ રક્તમૃદ્ વગર પણ ઘટ પેદા થઇ શકે છે, તેથી રક્તમૃદ્ એકાંતે કારણ નથી; અને જેના સાન્નિધ્યમાં અન્ય કારણની અપેક્ષા ન રહે તેને આત્યંતિક કારણ કહેવાય. જેમ ભાવદાન અન્ય સામગ્રી નિરપેક્ષ અવશ્ય પુણ્યપ્રાપ્તિ કરે છે, પરંતુ દ્રવ્યદાન તો ભાવની વૃદ્ધિ દ્વારા જ પુણ્ય પેદા કરે છે, તેથી અનાત્યંતિક છે; અને આ વચન તો જ સંગત થાય કે પુણ્યસંપત્તિમાં દાનત્વેન દાનને હેતુ માનવામાં આવે; કેમ કે જ્યાં જ્યાં પુણ્યસંપત્તિ થાય છે ત્યાં દાનત્વેન દાન જોઇએ, પણ દ્રવ્યદાનત્વેન દાન નહિ. તેથી જ્યારે સામાન્યથી હેતુ-હેતુમદ્ ભાવ છે,

ત્યારે કાર્યમાં પણ અવશ્ય તે હેતુમાં રહેલી વિશેષતાકૃત વિશેષતા થાય છે, માટે દ્રવ્યદાનથી વિશિષ્ટ ભાવદાન હોય ત્યારે ખાલી ભાવદાનથી થતા પુણ્ય કરતાં વિશેષ પુણ્ય અવશ્ય થાય છે. તેથી તે પુણ્યસંપત્તિરૂપ કાર્યની અવાંતર જાતિ દ્રવ્યદાનને કારણે પેદા થાય છે તેમ માનવું ઉચિત છે.

અહીં પ્રશ્ન એ થાય કે, જ્યારે દાનત્વેન દાનહેતુ છે ત્યારે કેવલ દ્રવ્યદાન જે અભિનવશ્રેષ્ઠીમાં હતું ત્યાં પણ પુણ્યસંપત્તિરૂપ કાર્ય અવશ્ય પેદા થવું જોઇએ. તો અભિનવશ્રેષ્ઠીએ દાન આપ્યું છતાં ફળપ્રાપ્તિ કેમ ન થઇ? તેનું સમાધાન એ ભાસે છે કે, જે પરિણામનિરપેક્ષ કેવલ ચેષ્ટારૂપ દ્રવ્યદાન છે તે હેતુરૂપ નથી, પરંતુ દાનને અનુકૂળ આદરાદિ ચેષ્ટાથી યુક્ત એવું દાન જ, આદરના અતિશય દ્વારા, અવાંતરજાતિરૂપ કાર્યને કરે છે. તેથી તેવું કારણ ત્યાં નહિ હોવાના કારણે ત્યાં કાર્યનિષ્પત્તિ થતી નથી.

**ગાથાર્થ** :- ગાથા-૪૫-૪૬-૪૭ની ટીકાના નિગમનરૂપે '**तस्माद्**'થીકહે છે-

**ટીકા** :- **तस्मादन्तरङ्गबहिरङ्गयोर्द्वयोरपेक्षामात्रात्तुल्यत्वमेवेति वस्तुस्थितिः॥४५॥४६॥४७॥**

**ટીકાર્થ** :- તે કારણથી, અંતરંગ અને બહિરંગ એવાં બંને કારણોમાં અપેક્ષામાત્રથી તુલ્યપણું જ છે, એ પ્રમાણે વસ્તુસ્થિતિ છે.

**ભાવાર્થ** :- પૂર્વમાં અંતરંગહેતુને બળવાન સ્થાપન કરવા માટે ચાર વિકલ્પો પાડ્યા, અને તેનું નિરાકરણ સ્થિતપક્ષે કર્યું. તે રીતે સ્થિતપક્ષ પ્રમાણે અંતરંગ અને બહિરંગહેતુની પરસ્પર અપેક્ષા હોવાથી તુલ્યપણું જ છે.=કોઇક સ્થાનમાં અંતરંગ હેતુ બલવાન છે, જ્યારે કોઇક સ્થાનમાં બહિરંગહેતુ બલવાન હોય તો પણ, અંતરંગહેતુ બહિરંગહેતુની અપેક્ષા રાખ્યા વગર કાર્ય કરતો નથી, અને બહિરંગહેતુ અંતરંગહેતુની અપેક્ષા રાખ્યા વગર કાર્ય કરતો નથી. એ અપેક્ષાએ કાર્ય પ્રત્યે અંતરંગ અને બહિરંગહેતુ બંને હેતુરૂપે સમાન છે **॥૪૫-૪૬-૪૭॥**

## -: ગાથા-૪૫-૪૬-૪૭નો સંક્ષિપ્તસાર :-

ઋજુસૂત્રાદિ ચાર નયો જે નિશ્ચયનયરૂપ છે તે અંતરંગહેતુને બલવાન કહે છે, અને તેમની યુક્તિને સામે રાખીને સ્થિતપક્ષે બંનેનું તુલ્યપણું સ્થાપન કરવા માટે ગાથા-૪૫-૪૬માં ચાર વિકલ્પ પાડેલ છે. ત્યાં પ્રથમ વિકલ્પથી નિશ્ચયનયને એ કહેવું છે કે, કાર્યનું વૈચિત્ર્ય અંતરંગહેતુના વૈચિત્ર્યથી થાય છે, માટે અંતરંગહેતુ બલવાન છે. ત્યાં સ્થિતપક્ષે સ્થાપન કર્યું કે, કાર્યની નિષ્પત્તિ પ્રત્યે બંનેની કારણતા સમાન જ છે. કોઇ સ્થાનમાં અંતરંગહેતુ મુખ્યરૂપે હોય છે, તેમ કોઇક સ્થાનમાં બહિરંગહેતુ પણ મુખ્યરૂપે હોય છે.

જેમ મરુદેવા માતાને કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ, ત્યાં અંતરંગહેતુરૂપ તેવા પ્રકારનો તેમનો ક્ષયોપશમભાવ જ બલવાન કારણ બન્યો, તો પણ તે ક્ષયોપશમને અનુકૂળ યત્નરૂપ ઉદ્યમ પણ ત્યાં હતો જ. તે જ રીતે ભાગ્યવાદી અને ઉદ્યમવાદીના સ્થાનમાં પણ ભાગ્યવાદીનો તથાવિધ લાભાંતરાયનો ક્ષયોપશમભાવ ઉત્કટ હતો, તેથી તે મુખ્ય હતો તો પણ, મોદક આપનારનો ઉદ્યમ અને ભાગ્યવાદી દ્વારા મોદક ગ્રહણ કરવાનો ત્યાં ઉદ્યમ હતો જ;

તેથી કાર્ય ઉભયથી જ થયેલ છે. અને અન્ય ઘણા સ્થાનોમાં જીવ ઉદ્યમ દ્વારા જ ભાગ્યને અનુકૂળ બનાવી શકે છે, તેમ સંયમાદિ સાધનારૂપ ઉદ્યમ દ્વારા જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. તેથી જ જેઓ સંયમયોગમાં અપ્રમાદભાવવાળા છે, તેઓને કેવલજ્ઞાનની પ્રાપ્તિ ઉદ્યમથી જ થાય છે. આમ છતાં ત્યાં પણ અંતરંગહેતુરૂપ ક્ષયોપશમભાવ કારણ છે જ. તેથી સર્વત્ર અંતરંગ અને બહિરંગહેતુની સમસામગ્રી છે.

બીજા વિકલ્પમાં નિશ્ચયનયને એ કહેવું છે કે, અંતરંગહેતુના વૈષમ્યથી કાર્યનું વૈષમ્ય પેદા થાય છે, માટે અંતરંગહેતુ જ બલવાન છે. તેની સામે સ્થિતપક્ષ કહે છે કે, બાહ્યહેતુરૂપ વ્યાપારના વૈષમ્યથી જ કાર્યનું વૈષમ્ય છે; તેથી અંતરંગ અને બહિરંગહેતુ સમાનરૂપે કાર્ય પ્રત્યે કારણ છે.

ત્રીજા વિકલ્પમાં નિશ્ચયનયને એ કહેવું છે કે, ફલની પ્રાપ્તિનાં બાહ્યકારણો અંતરંગહેતુથી જ પ્રાપ્ત થાય છે, તેથી અંતરંગહેતુ બલવાન છે. તેની સામે સ્થિતપક્ષ કહે છે કે, પૂર્વભવના પ્રયત્નથી જ તેવું કર્મ પ્રાપ્ત થયેલ છે, તેથી ઉદ્યમથી જ અંતરંગહેતુરૂપ અદૃષ્ટની પ્રાપ્તિ દ્વારા વર્તમાનમાં બાહ્ય સામગ્રીની પ્રાપ્તિ થયેલ છે. તેથી ફળની નિષ્પત્તિ પ્રત્યે અંતરંગ અને બહિરંગહેતુ બંને સમાન કારણ છે.

ચોથા વિકલ્પમાં નિશ્ચયનયને એ કહેવું છે કે, કાર્યની નિષ્પત્તિ સાથે અંતરંગહેતુનો નિયતયોગ છે અને બહિરંગહેતુનો નિયતયોગ નથી. તેના જવાબરૂપે સ્થિતપક્ષ કહે છે કે, કાર્ય પ્રત્યે અંતરંગહેતુ નિયત છે તે સિદ્ધ નથી. તેથી કાર્ય પ્રત્યે અંતરંગ અને બહિરંગહેતુ ઉભયની સમાન કારણતા છે.

**અવતરણિકા :- अथ निश्चयनयविभागमुपदर्शयति-**

**અવતરણિકાર્થ :-** હવે નિશ્ચયનય વડે (કાર્યના) વિભાગને દેખાડે છે.

**ગાથા :-** **णिच्छयओ सकयं चिय सव्वं णो परकयं हवे वत्थु ।**
**परिणामावंझत्ता ण यवंझं दाणहरणाइ ॥४८॥**

( निश्चयतः स्वकृतमेव सर्वं नो परकृतं भवेद्वस्तु । परिणामाऽवन्ध्यत्वात्र चाऽवन्ध्यं दानहरणादि ॥४८॥ )

**ગાથાર્થ :- નિશ્ચયથી સર્વ વસ્તુ સ્વકૃત જ છે, પરકૃત નથી. (અહીં પ્રશ્ન થાય કે તો પછી દાન-હરણાદિ નિષ્ફળ જશે, તો તેના જવાબરૂપે કહે છે-) અને પરિણામનું અવંધ્યપણું હોવાથી દાનહરણાદિ અવંધ્ય નથી.**

**ટીકા :- यद्यपि प्रागपि किञ्चिन्निश्चयनयमतमुपादर्शि तथापि तत् प्रमाणनिरूपणोपष्टम्भाय, इह तु स्वतन्त्रतया तत्प्रदर्श्यत इति ध्येयम्।**

**ટીકાર્થ :- 'यद्यपि'** – જો કે પૂર્વમાં પણ ગાથા-૪૪ની અવતરણિકામાં કાંઈક નિશ્ચયનય બતાવ્યો તે પ્રમાણનિરૂપણના ઉપષ્ટંભ માટે હતો. અહીં વળી સ્વતંત્રપણાથી તે=નિશ્ચયનયનો મત, બતાવાય છે એ પ્રમાણે જાણવું.

**ટીકા :- तत्र निश्चयतः सर्वं सुखदुःखादिकं पुण्यपापरूपस्वपरिणामकृतमेव न तु परकृतं, शुभाशुभपरिणामप्रसूतसुखदुःखहेतुपुण्यपापविपाककालेऽवर्जनीयसन्निधितया स्थितानां बाह्यनिमित्तानामुपचारमात्रेणैव हेतुत्वात्। नन्वेवं सुपात्रदानपरवित्तहरणादीनां निष्फलत्वं स्यात्, स्वगतफलस्य पराऽसाध्यत्वादिति चेत्? इदमित्थमेव, दानचौर्यादौ स्वगतानुग्रहोपघातपरिणामप्रसूतपुण्यपापाभ्यामेव सुखदुःखादिफलोपगमात्।**

**तदुक्तं विशेषावश्यके-**

[1] जइ सव्वं सकयं चिय न दाणहरणाइ फलमिहावन्नं ।
नणु जत्तो च्चिय सकयं तत्तो चिय तप्फलं जुत्तं ॥ [ ३२३६ ]
[2] दाणाइ पराणुग्गहपरिणामविसेसओ सओ चेव ।
पुन्नं हरणाइ परोवघायपरिणामओ पावं ॥ [ ३२३७ ]
[3] तं पुन्नं पावं वा ठियमत्तणि बज्झपच्चयावेक्खं ।
कालंतरपागाओ देइ फलं न परओ लब्भं ॥ [ ३२३८ ] ति ॥४८॥

**ટીકાર્થ :- 'तत्र'** અવ્યય પ્રસ્તાવાર્થક=પ્રારંભ અર્થક છે. નિશ્ચયનયથી સર્વ સુખ-દુઃખાદિ પુણ્ય-પાપરૂપ સ્વપરિણામકૃત જ છે, પરકૃત નથી. કેમ કે શુભાશુભ પરિણામથી પ્રસૂત સુખ-દુઃખના હેતુભૂત પુણ્ય-પાપના વિપાકકાળમાં અવર્જ્યસન્નિધિરૂપે સ્થિત એવા બાહ્ય નિમિત્તોનું ઉપચારમાત્રથી જ હેતુપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનયની દૃષ્ટિથી જે સુખ-દુઃખાદિની અનુભૂતિ થાય છે તે પુણ્ય અને પાપરૂપ= શુભ અને અશુભરૂપ, સ્વપરિણામકૃત જ છે=સ્વઅધ્યવસાયકૃત જ છે, પરંતુ પરકૃત=બાહ્યનિમિત્તકૃત નથી. યદ્યપિ જેવા જેવા સ્રક્-ચંદનાદિરૂપ બાહ્ય નિમિત્તો પ્રાપ્ત થાય છે, તેવા તેવા સુખ-દુઃખાદિનો અનુભવ થાય છે; તો પણ વસ્તુતઃ પોતાના પૂર્વકૃત શુભાશુભ પરિણામથી પ્રસૂત=પેદા થયેલ, એવાં પુણ્ય-પાપરૂપ જે કર્મ છે, તેના દ્વારા જ સુખ-દુઃખ થાય છે, તેથી બાહ્ય નિમિત્તો અવર્જ્યસંનિધિરૂપે છે.

અહીં વિશેષ એ છે કે, વિપાકપ્રાપ્ત કર્મ પણ જીવદ્રવ્યથી ભિન્ન જ છે. તેથી તેના દ્વારા સુખ-દુઃખાદિ પ્રાપ્ત થાય છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પોતાના શુભાશુભ પરિણામથી પ્રસૂત=પેદા થયેલ, એવા પુણ્યપાપના વિપાકને નિમિત્ત કરીને જીવ પોતે જ સુખ-દુઃખરૂપે પરિણામ પામે છે. તેથી જીવનો પોતાનો શુભાશુભ પરિણામ જ પુણ્ય-પાપના નિમિત્તને આશ્રયીને સુખ-દુઃખને પેદા કરે છે. માટે પુણ્ય-પાપ પણ સુખ-દુઃખ પ્રત્યે નિમિત્તમાત્ર છે. ઉપાદાન કારણ તો સ્વપરિણામ જ છે. આમ છતાં કર્મ આત્મામાં રહે છે, તેથી આત્માની સાથે કથંચિત્ તેનો અભેદ સ્વીકારનાર દૃષ્ટિથી, શુભાશુભ પરિણામ પુણ્યપાપ દ્વારા સુખ-દુઃખાદિ ફળ આપે છે, તેમ કહેલ છે.

---

१. यदि सर्वं स्वकृतमेव न दानहरणादिफलमिहापन्नम् । ननु यत एव स्वकृतं तत एव तत्फलं युक्तम् ॥
२. दानादिपरानुग्रहपरिणामविशेषतः स्वत एव । पुण्यं हरणादि परोघातपरिणामतः पापम् ॥
३. तत्पुण्यं पापं वा स्थितमात्मनि बाह्यप्रत्ययापेक्षम् । कालान्तरपाकाद् ददति फलं न परतो लभ्यम् ॥

**ટીકાર્થ :-** **'नन्वेवं' 'ननु'** થી પૂર્વપક્ષી શંકા કરતાં આ પ્રમાણે કહે કે, આ રીતે=નિશ્ચયનયથી સર્વ વસ્તુ સ્વપરિણામકૃત છે પરકૃત નથી એ રીતે, સુપાત્રદાન અને પરવિત્તહરણાદિ નિષ્ફળ જશે; કેમ કે સ્વગત ફળનું પરથી અસાધ્યપણું છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, આ આમ જ છે; કેમ કે દાનચૌર્યાદિમાં સ્વગત અનુગ્રહ અને ઉપઘાત પરિણામથી પ્રસૂત પુણ્યપાપ દ્વારા જ સુખ-દુઃખાદિ ફળનો ઉપગમ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સુપાત્રદાન એ દેય એવા બાહ્યપુદ્ગલો અને આત્માથી ભિન્ન એવા શરીરની ચેષ્ટારૂપ ક્રિયા છે, અને એ રીતે પરધનહરણ છે. તેથી પર એવા શરીર દ્વારા અને દેય-હરણીય પુદ્ગલો દ્વારા આત્મગત ફળની પ્રાપ્તિ થઇ શકે નહિ. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારે જે કહ્યું કે, "આ આમ જ છે" અર્થાત્ બાહ્યચેષ્ટારૂપ સુપાત્રદાન અને પરવિત્તહરણાદિ નિષ્ફળ જ છે; તો પણ દાન-ચૌર્યાદિમાં બીજાને અનુગ્રહ કરવાનો પરિણામ અને ઉપઘાત કરવાનો પરિણામ જીવગત પેદા થાય છે, અને તેનાથી પેદા થયેલ પુણ્ય-પાપ દ્વારા જ સુખ-દુઃખાદિરૂપ ફળની પ્રાપ્તિ છે.

**ટીકાર્થ :-** **'तदुक्तं'** - તે વિશેષાવશ્યકમાં કહેલ છે-

**'जइ'** જો સર્વ સ્વકૃત જ છે, તો દાનહરણાદિ ફળ અહીંયાં=સંસારમાં, પ્રાપ્ત થશે. ( તેનો ઉત્તર આપતાં કહે છે-) ખરેખર જે કારણથી જ (તે દાનહરણાદિ) સ્વકૃત છે, તે કારણથી જ તેનું ફલ યુક્ત છે.

**'दाणाइ'** દાનાદિરૂપ પરઅનુગ્રહના પરિણામવિશેષથી દાતાને સ્વતઃ જ પુણ્ય પ્રાપ્ત થાય છે, (અને) હરણાદિરૂપ પરઉપઘાત પરિણામથી હરનારને સ્વતઃ જ પાપ પેદા થાય છે.

**'तं पुन्नं'** (સ્વપરિણામજનિત) તે પુણ્ય અને પાપ આત્મામાં રહેલું છે, પરંતુ બાહ્યપ્રત્યયઅપેક્ષ= બાહ્યનિમિત્તમાત્રની અપેક્ષાવાળું, કાલાંતરમાં વિપાકથી ફળ આપે છે, એથી કરીને પરથી લભ્ય ફળ નથી.

**'ति'** સાક્ષીપાઠના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે ટીકામાં **'तत्र निश्चयतः'** ....થી વિશેષાવશ્યકની સાક્ષી આપી તેમાં વ્યવહારઉપજીવી નિશ્ચયનયનું ગ્રહણ છે, અને તેથી જ આત્મા પોતાના અધ્યવસાયથી પુણ્ય-પાપ બાંધે છે તેમ કહ્યું. અહીં વ્યવહારઉપજીવી નિશ્ચયનયની દૃષ્ટિ એ છે કે, તે નય દાનહરણાદિ ક્રિયાને પુણ્ય-પાપબંધના કારણરૂપે સ્વીકારતો નથી, પરંતુ દાનહરણાદિ ક્રિયાકાળમાં પોતાનામાં વર્તતા શુભ-અશુભ ભાવોને પુણ્ય કે પાપબંધના કારણરૂપે તે સ્વીકારે છે.**॥૪૮॥**

**અવતરણિકા :- ननु तथापि परिणामफलमुक्तं न तु दानहरणयोरित्यपरितोषं परिहरन्नाह-**

**અવતરણિકાર્થ :-** પૂર્વ ગાથા-૪૮માં જે કથન કર્યું તેમાં **'ननु'** થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે તો પણ પરિણામનું ફલ કહ્યું પરંતુ દાનહરણાદિનું નહિ, એ પ્રકારે અપરિતોષનો પરિહાર કરતાં ગ્રંથકાર કહે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વ ગાથા-૪૮માં કહ્યું કે સુપાત્રદાન અને પરવિત્તહરણ કાંઇ ફળ આપતા નથી, પરંતુ સ્વગત અનુગ્રહ અને ઉપઘાત પરિણામથી જે પુણ્ય-પાપ પેદા થાય છે, તેનાથી ફળ થાય છે એમ કહ્યું. એ કથન સ્વગતપરિણામના ફળને બતાવે છે, તેથી દાન-હરણાદિનું કોઇ ફલ ન હોવાથી દાન-હરણાદિ ક્રિયામાં ઉત્સાહ વગેરે પ્રાપ્ત થાય નહીં. તેથી કહે છે-

**ગાથા :-** **दिन्तो व हरन्तो वा ण य किञ्चि परस्स देइ अवहरइ ।**
**देइ सुहपरिणामं हरइ व तं अप्पणो चेव ।।४९।।**

( दद्वा हरन्वा न च किञ्चित्परस्य ददाति अपहरति । ददाति शुभं परिणामं हरति वा तमात्मन एव ।।४९।। )

**ગાથાર્થ :- આપતો કે હરણ કરતો, કાંઇપણ બીજાને આપતો નથી કે (બીજાનું) હરણ કરતો નથી. શુભ પરિણામ આપે છે અથવા આત્માના જ તેને=શુભપરિણામને, હરણ કરે છે.**

**ટીકા :- सुपात्रादौ दानं ददता हि स्वस्यैवापरानुग्रहबुद्ध्या शुभोपयोगो दीयते, एवं परवित्तमपहरताप्युपघातपरिणामात् स्वस्यैव शुभोपयोगो ह्रियते, न तु परस्य किञ्चिद्दीयतेऽपह्रियते वा ।।४९।।**

**ટીકાર્થ :- 'सुपात्रादौ'** સુપાત્રાદિમાં દાન આપનાર વડે સ્વને જ પરાનુગ્રહ બુદ્ધિથી શુભ ઉપયોગ અપાય છે. એ પ્રમાણે પરધનને હરણ કરનાર વડે પણ ઉપઘાત પરિણામથી સ્વનો જ શુભ ઉપયોગ હરાય છે, પરંતુ પરને કાંઇ અપાતું નથી કે હરણ કરાતું નથી.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, સુપાત્રદાનમાં સ્વને શુભ ઉપયોગ અપાય છે અને ધનહરણમાં શુભ ઉપયોગ હરાય છે, એમ કહ્યું ત્યાં પ્રશ્ન થાય કે, દાન પૂર્વે પણ જે વ્યક્તિને અન્ય કોઇ પદાર્થવિષયક અતિશય શુભ ઉપયોગ હોય, અને તે વ્યક્તિ દાન આપે, ત્યારે જો દાનક્રિયામાં સામાન્ય શુભ ઉપયોગ હોય, તો શુભ ઉપયોગ અપાય છે એમ કેમ કહેવાય? અને જે વ્યક્તિ કોઇનું ધન હરણ કરે છે, તે વ્યક્તિને પૂર્વમાં કોઇ અન્ય પદાર્થવિષયક અશુભ ઉપયોગ વર્તતો હોય, તો તે વ્યક્તિને ધનહરણ દ્વારા શુભ ઉપયોગ હરાય છે તેમ કેમ કહી શકાય?

તેનું તાત્પર્ય એ છે કે, આત્માનો સહજભૂત ઉદાત્ત આશયરૂપ શુભ ઉપયોગ જે શક્તિરૂપે છે, તે સુપાત્રદાનાદિમાં આવિર્ભાવ પામે છે. પૂર્વમાં અન્ય ક્રિયાથી તથાવિધ શુભ ઉપયોગ આવિર્ભાવ પામેલ, જ્યારે અહીં દાનની ક્રિયાથી તથાવિધ શુભ ઉપયોગ આવિર્ભાવ પામે છે; અને જે વ્યક્તિને પૂર્વમાં અશુભ ઉપયોગ વર્તે છે, તે અન્ય પદાર્થવિષયક અશુભ ઉપયોગ છે, અને હરણની ક્રિયાથી અન્ય પ્રકારનો અશુભ ઉપયોગ પ્રાપ્ત થાય છે, અને તેનાથી આત્માની સહજ પ્રકૃતિરૂપ શુભ ઉપયોગ અતિશયિત પ્રચ્છન્ન થાય છે, તેને જ ધનહરણાદિથી શુભ ઉપયોગ હરણ થાય છે, તેમ કહેલ છે.**॥૪૯॥**

**અવતરણિકા :- तथाहि-**

**અવતરણિકાર્થ :-** ઉપરમાં કહ્યું કે, દાન આપનાર વડે સ્વને જ શુભ ઉપયોગ અપાય છે, અને હરણ કરનાર વડે સ્વનો જ શુભ ઉપયોગ હરાય છે, તે જ વસ્તુ **'तथाहि'**થી બતાવે છે-

ગાથા :- **ण य धम्मो व सुहं वा परस्स देयं ण यावि हरणिज्जं ।**
**कयणासाऽकयभोगप्पमुहा दोसा फुडा इहरा ॥५०॥**

(न च धर्मो वा सुखं वा परस्य देयं न चापि हरणीयम् । कृतनाशाकृतभोगप्रमुखा दोषाः स्फुटा इतरथा ॥५०॥)

**ગાથાર્થ :- ધર્મ અથવા સુખ પરને દેય પણ નથી અને હરણીય પણ નથી. ઈતરથા કૃતનાશ, અકૃતભોગ (આગમ) પ્રમુખ દોષો છે.**

**ટીકા :- न हि स्वगतो धर्मः परस्य केनचित् प्रसन्नेनापि सता दातुं शक्यते, न वा कुपितेन तेन परस्य धर्मोऽपहर्त्तुं शक्यते, प्रसादकोपविषयप्राणिनामकस्माद्धर्माधर्मदानेऽकृताधर्मागमकृताऽधर्मनाश-कृतधर्मनाशाऽकृतधर्मागम( ऽकृताऽधर्मागम )प्रसङ्गादन्यान्यधर्माऽधर्मच्छेदसन्धानाभ्यां सङ्करैकत्वादिप्रसङ्गाच्च।**

❀ અહીં '**अकृतधर्मागम**' પાઠ છે તે અશુદ્ધ ભાસે છે. ત્યાં '**अकृताऽधर्मागम**' પાઠની સંભાવના છે.

**ટીકાર્થ :- 'न हि'** પ્રસન્ન થયેલા છતાં પણ કોઈના વડે સ્વગત ધર્મ પરને આપવા માટે શક્ય નથી જ, અથવા કુપિત એવા તેના વડે પરનો ધર્મ હરણ કરવા માટે શક્ય નથી. કેમ કે પ્રસાદ અને કોપના વિષયભૂત પ્રાણીઓને અકસ્માત્ ધર્મના દાનમાં, અકૃતધર્મનો આગમ અને કૃતઅધર્મનો નાશ; અને અધર્મના દાનમાં, કૃતધર્મનો નાશ અને અકૃતઅધર્મના આગમનો પ્રસંગ છે.

**ભાવાર્થ :- 'अकस्मात्'** અહીં 'અકસ્માત્' એટલા માટે કહેલ છે કે, પ્રસાદના વિષયભૂત પ્રાણીઓને ધર્મનું દાન તે વ્યક્તિના ધર્મના આચરણ વગર કોઈ વડે કરાય, ત્યારે તે 'અકસ્માત્' દાન છે. કેમ કે અર્થનું દાન જ્યારે કરવામાં આવે છે ત્યારે અવશ્ય તે વ્યક્તિનું તત્પ્રાપ્તિને અનુકૂળ કર્મ હોય છે, તેથી તે 'અકસ્માત્' દાન નથી; જ્યારે ધર્મની પ્રાપ્તિકાળમાં, ધર્મને અનુકૂળ તે વ્યક્તિનો કોઈ યત્ન ન હોય અને ખુશ થઈને કોઈ વ્યક્તિ તેને ધર્મનું દાન કરે તો તે '**अकस्मात्**' દાન કહેવાય; પરંતુ કોઈ ધર્મનો ઉપદેશ આપે અને તેનાથી સાંભળનારમાં સ્વપ્રયત્નથી જે ધર્મ પેદા થાય છે તેનું ગ્રહણ અહીં કરવું નથી તે '**अकस्मात्**' શબ્દથી બતાવેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, સ્વગત ધર્મ, પ્રસન્ન થયેલા પણ કોઈ વડે પરને આપવા માટે શક્ય નથી, અને કુપિત

એવા તેના વડે પરનો ધર્મ હરણ કરવા માટે શક્ય નથી. તેમાં કૃતધર્મનાશ આદિનો પ્રસંગ કહ્યો, અને તે જ વાતને બીજા હેતુથી અન્ય દોષો બતાવવા દ્વારા પુષ્ટ કરે છે.

**ટીકાર્થ :- 'अन्यान्य'.....** અન્ય વડે, અન્યના ધર્મ અને અધર્મના છેદ અને સંધાન દ્વારા, સંકર અને એકત્વાદિનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, તમારો ધર્મ કે અધર્મ તમે અન્યને આપો, તેથી તમારામાંથી તે ધર્મ કે અધર્મનો છેદ થશે અને લેનારમાં તે બંનેનું સંધાન થશે. તેને કારણે સામી વ્યક્તિમાં તમારા અને એના ધર્મ અને અધર્મનું મિશ્રણ થશે, તે સંકર દોષ છે. તે આ રીતે-

જ્યારે કોઇ જીવે પ્રસન્ન થઇ બીજા જીવને ધર્મ આપ્યો, ત્યારે સામી વ્યક્તિના અધર્મનો છેદ થાય અને તમારા ધર્મનું તેનામાં સંધાન થાય, તેથી આપનાર જીવનો પરિણામ અને લેનાર જીવના પરિણામનું મિશ્રણ થવાનો પ્રસંગ આવે. પરંતુ એક બીજાના પરિણામનું મિશ્રણ થવું સંભવે નહીં. તેથી અન્ય વડે અન્યને ધર્મ કે અધર્મના છેદ અને સંધાન દ્વારા આવા પરિણામોના મિશ્રણ થવા રૂપ સંકરનો પ્રસંગ આવશે. એ જ રીતે ધર્મ આપનાર અને લેનાર બંનેના પરિણામોનું રૂપાંતર થતાં, અર્થાત્ એકના પરિણામો અન્યના પરિણામરૂપે પરિણમી જવાથી, બંનેના પરિણામોને એક થઇ જવાની આપત્તિ આવશે. અર્થાત્ એનો ધર્મ અને મારો ધર્મ અથવા તો એનો અધર્મ અને મારો અધર્મ બેય એકરૂપ થઇ જવાનો પ્રસંગ આવશે. કેમ કે મેં ધર્મ કરેલ હોય અને પ્રસન્ન થયેલ વ્યક્તિ તેનો ધર્મ મને આપે તો તે બે એકત્વભાવને પામે.

સંકર-એકત્વાદિમાં 'આદિ'થી એ ગ્રહણ કરવાનું છે કે, બંનેના પરિણામો એક થઇ જવાથી સ્વ-પરનો વિભાગ નહિ રહે, અને તેના કારણે બંને વ્યક્તિને એક માનવાનો પ્રસંગ આવશે.

અહીં વિશેષ એ છે કે, બેના પરિણામો સંકર એટલે મિશ્રણભાવરૂપે પ્રાપ્ત થવા, અથવા બેના પરિણામો એકસ્વરૂપે થઇ જવારૂપ એકત્વ પ્રસંગ આવશે; જેમ લાલ પરમાણુ અને સફેદ પરમાણુનું મિશ્રણ થવાથી ગુલાબી રંગ પ્રાપ્ત થાય છે તે સંકરરૂપ છે, તેમ પ્રસ્તુતમાં આપનાર વ્યક્તિ અને લેનાર વ્યક્તિના ભાવોનો સંકર થાય. અને કેટલીક વખત પુદ્ગલોમાં એક બીજાના સંસર્ગથી બંનેમાં એકત્વની પ્રાપ્તિ થાય છે, જેમ બે પરમાણુમાં, પરસ્પર એક ક્ષેત્રમાં મળેલા હોય તો પણ સ્કંધરૂપ ન બન્યા હોય ત્યારે તે બેમાં એકત્વનો પરિણામ નથી; અને જ્યારે દ્વ્યણુકસ્કંધ બને છે ત્યારે, તે બે પરમાણુ એકસ્વરૂપે બની જાય છે, અર્થાત્ દ્વ્યણુકસ્કંધરૂપ એકત્વ પરિણામને પામે છે, તેમ આપનાર વ્યક્તિ અને લેનાર વ્યક્તિના ભાવોમાં એકત્વની પ્રાપ્તિ થાય.

**ટીકા :- एवं स्वफलदानहरणपक्षेऽपि दोषा भावनीयाः। न ह्येकजीवपर्यायाः परपर्याया भवितुमर्हन्ति, तेषां ततोऽभिन्नत्वाद्॥५०॥**

❀ 'हि' શબ્દ 'યસ્માદ્' અર્થક છે.

**ટીકાર્થ :- 'एवं'** એ પ્રમાણે અર્થાત્ સ્વગત ધર્મ અને અધર્મના દાન તથા હરણમાં દોષો કહ્યા એ પ્રમાણે, સ્વનું ફળ=ધર્મનું ફળ સુખ અને અધર્મનું ફળ દુઃખ, તેના દાન અને હરણ પક્ષમાં પણ દોષો ભાવવા.

**'न हि'** પૂર્વમાં બતાવ્યું કે સ્વગત દાનહરણપક્ષમાં દોષો છે, એ રીતે સ્વફળ દાનહરણપક્ષમાં પણ દોષો છે. તે બંને પક્ષમાં હેતુ કહે છે - એક જીવના પર્યાયો પરપર્યાય થવા માટે યોગ્ય નથી=એક જીવના પર્યાયરૂપ ધર્મ અને અધર્મ અને તેના ફળરૂપ સુખ અને દુઃખ, પરપર્યાય થઇ શકતા નથી. કેમ કે તેઓનું=એક જીવના પર્યાયોનું, તેનાથી=તે જીવથી અભિન્નપણું છે.**॥૫૦॥**

**અવતરણિકા :- ननु तथापि भक्तादिपुद्गलद्रव्यमेव देयमपहरणीयं च भविष्यतीत्याशङ्कयामाह-**

**અવતરણિકાર્થ :- 'ननु'** થી પૂર્વપક્ષી કહે છે કે, તો પણ=સ્વગત ધર્મ-અધર્મ, અથવા તો સ્વગત ધર્મ-અધર્મનું ફળ સુખ-દુઃખ, પરને આપી શકાતું નથી તો પણ, ભક્તાદિપુદ્ગલ દ્રવ્ય જ દેય અને અપહરણીય થશે. એ પ્રકારની આશંકામાં કહે છે-

**ગાથા :-** **भत्ताइपोग्गलाण वि ण दाणहरणाइ होइ जीवस्स ।**
**जइ तं सं चिय हुज्जा तो दिज्जा वा अवहरिज्जा ॥५१॥**

( भक्तादिपुद्गलानामपि न दानहरणादि भवति जीवस्य । यदि तत्स्वमेव भवेत् तदा दद्याद्वाऽपहरेत् ॥५१॥ )

**ગાથાર્થ :-** ભક્તાદિ પુદ્ગલનું પણ જીવને દાન અને હરણ નથી. જો તે અર્થાત્ પુદ્ગલ દ્રવ્ય, સ્વકીય હોય તો જ આપી શકાય કે અપહરી શકાય.

**ટીકા :- स्वद्रव्यस्यानुजिघृक्षया हि परार्पणं दानं, परकीयस्य चादत्तस्यैव स्वीकारो हरणमुभयमपीदं निश्चयतो निर्मूलमेव, परद्रव्यस्य स्वत्वाऽसंभवात् ॥५१॥**

**ટીકાર્થ :- 'स्वद्रव्यस्य'** અનુગ્રહ કરવાની ઇચ્છાથી સ્વદ્રવ્યનું પરને અર્પણ કરવું તે દાન છે અને અદત્ત જ પરકીય દ્રવ્યનો સ્વીકાર કરવો તે હરણ છે. ઉભય પણ આ=પરદ્રવ્યનું દાન અને હરણ, નિશ્ચયથી નિર્મૂલ જ છે, કેમ કે પરદ્રવ્યના સ્વત્વનો અસંભવ છે.

✽ **'परद्रव्यस्य'** અહીં ષષ્ઠી સપ્તમી અર્થક છે.**॥૫૧॥**

**અવતરણિકા :- तथाहि-**

**અવતરણિકાર્થ :-** પૂર્વમાં કહ્યું કે ઉભય પણ આ અર્થાત્ પરદ્રવ્યનું દાન અને હરણ, નિશ્ચયથી નિર્મૂલ જ છે, એ જ વાત '**तथाहि**'થી બતાવે છે-

**ગાથા :-** **जोगवसेणुवणीया इट्ठाणिट्ठा य पोग्गला जे हु ।**
**अण्णा ते जीवाउ जीवो अण्णो अ तेहिन्तो ॥५२॥**

( योगवशेनोपनीता इष्टा अनिष्टाश्च पुद्गला ये खलु । अन्ये ते जीवाज्जीवोऽन्यश्च तेभ्यः ॥५२॥ )

**ગાથાર્થ :- યોગના વશથી ઉપનીત જે ઇષ્ટ અને અનિષ્ટ પુદ્ગલો છે, તે જીવથી અન્ય છે અને જીવ પણ તેઓથી=પુદ્ગલોથી, અન્ય છે.**

**ટીકા :- रागद्वेषपारवश्यात् कोपप्रसादादिपरिणताश्चित्तपुद्गलाः स्तुतिनिन्दादिपरिणताश्च वचनपुद्गलाः सुगन्धदुर्गन्धादिपर्यायपरिणता ग्रहणयोग्यपुद्गलाश्चानियन्त्रितैर्मनोवाक्काययोगैरुपनीयमाना अदान्तेन्द्रियाणामिच्छाद्वेषविषयीभवन्तोऽपि सर्वथा पृथग्भावभाजनतया न जातु जीवस्य स्वभावं भजन्ते, ज्ञानवत्त्वाऽज्ञानवत्त्वाभ्यां जीवपुद्गलयोरन्यत्वात् ॥५२॥**

**ટીકાર્થ :-** (પરના) કોપપ્રસાદાદિપરિણત ચિત્તપુદ્ગલો, (પરના) સ્તુતિનિંદાપરિણત વચનપુદ્ગલો અને સુગંધ દુર્ગંધાદિપર્યાયપરિણત એવા ગ્રહણયોગ્ય પુદ્ગલો, અનિયંત્રિત મન-વચન-કાયા વડે કરીને, રાગ-દ્વેષના પારવશ્યથી અદાંત ઇન્દ્રિયવાળાને ઇચ્છા અને દ્વેષના વિષયવાળા થવા છતાં પણ, સર્વથા પૃથગ્ભાવની ભાજનતા હોવાને કારણે, ક્યારે પણ જીવના સ્વભાવને પ્રાપ્ત કરતા નથી. કેમ કે જ્ઞાનવત્ત્વ અને અજ્ઞાનવત્ત્વ દ્વારા જીવ અને પુદ્ગલનું અન્યપણું છે.

**ભાવાર્થ :-** પરના કોપાદિપરિણત પુદ્ગલો દ્વેષનો વિષય થાય છે અને પ્રસાદાદિપરિણત પુદ્ગલો ઇચ્છાનો વિષય થાય છે; તો પણ જીવના પરિણામરૂપે તે થતાં નથી, તેથી જીવ તેને ગ્રહણ કરતો નથી, એ પ્રકારનો નિશ્ચયનયનો આશય છે.**॥૫૨॥**

**અવતરણિકા :- नन्वेवं समुच्छिन्ना स्वपरद्रव्यादिव्यवस्थेत्यत्राह-**

**અવતરણિકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, આ પ્રમાણે=ગાથાનં-૫૧ અને ૫૨માં કહ્યું કે જીવથી પુદ્ગલ દ્રવ્ય જુદું છે, તેથી તેનું દાન-હરણ થઇ શકે નહિ એ પ્રમાણે, સ્વ અને પરદ્રવ્યાદિની વ્યવસ્થા નાશ પામશે, એથી કરીને કહે છે -

ગાથા :- तम्हा सपरविभागो पोग्गलदव्वंमि णत्थि णिच्छयओ ।
भोगाभोगविसेसा व्यवहारा चेव सपरत्तं ।।५३।।

( तस्मात्स्वपरविभागः पुद्गलद्रव्ये नास्ति निश्चयतः । भोगाभोगविशेषाद् व्यवहारादेव स्वपरत्वम् ।।५३।। )

**ગાથાર્થ :-** તે કારણથી, અર્થાત્ જીવ પુદ્ગલથી અન્ય છે અને પુદ્ગલ જીવથી અન્ય છે એ પ્રમાણે પૂર્વના શ્લોકમાં કહ્યું તે કારણથી, પુદ્ગલદ્રવ્યમાં સ્વ-પરનો વિભાગ નિશ્ચયથી નથી, ભોગ અને અભોગના વિશેષ કારણે વ્યવહારનયથી જ સ્વપરનો વિભાગ છે.

**ટીકા :-** **आत्मना सह तादात्म्यवृत्तिमभजन्तः पुद्गलाः सर्वेऽपि सर्वथा प्रत्यस्तमितस्वपरविभागसंकथा एव, व्यवहारस्तु वदति 'इदं मदीयमिदं परकीयं' इत्यबाधितव्यवहारात् स्वभोगयोग्यं वस्तु स्वकीयं, परभोगयोग्यं च परकीयमिति। योग्यपदमहिम्ना धर्माविरोधिस्वभोगसाधनत्वार्थपर्यवसानान्न परकीयेऽपि स्वभोगसंभवादतिप्रसङ्गो, धर्मश्चात्र स्थूलाऽस्तेयादिरूपो ग्राह्य इति नातिप्रसङ्गः। अन्यायोपार्जिते तु स्वत्वव्यवहारो भ्रान्त एव। न चोपदर्शितभोगसाधनत्वस्य धनस्वरूपत्वे क्रयात्पूर्वं विक्रयादुत्तरं च तत्सत्त्वादक्रीतविक्रीतयोरपि स्वत्वापत्तिरितिवाच्यं, येन रूपेण धर्माविरोधिभोगसाधनता तद्रूपवत्त्वस्य वाच्यत्वात्।**

**ટીકાર્થ :-** **'आत्मना'** આત્માની સાથે તાદાત્મ્યવૃત્તિને નહિ ભજતાં પુદ્ગલો સર્વે પણ, સર્વથા, પ્રત્યસ્તમિત સ્વપરના વિભાગની સંકથાવાળા જ છે, અર્થાત્ પુદ્ગલદ્રવ્યમાં સ્વ-પરનો વિભાગ નથી.

વળી વ્યવહાર(નય) કહે છે - આ મારું અને આ પારકું એ પ્રમાણે અબાધિત વ્યવહાર હોવાથી સ્વભોગયોગ્ય વસ્તુ સ્વકીય અને પરભોગયોગ્ય વસ્તુ પરકીય છે.

**ઉત્થાન :-** વ્યવહારનયને માન્ય બાહ્ય પદાર્થવિષયક સ્વ-પર વિભાગમાં આવતા દોષોને દૂર કરવા માટે કહે છે-

**ટીકાર્થ :-** **'योग्यपदमहिम्ना'** યોગ્યપદના મહિમાથી ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ અર્થ પર્યવસાન થતો હોવાથી પરકીયમાં પણ સ્વભોગ સંભવ હોવાથી અતિપ્રસંગ આવશે નહિ.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્વભોગયોગ્યનો અર્થ ધર્મઅવિરોધી સ્વભોગસાધનમાં ફલિત થાય છે, તેથી બીજાની વસ્તુ વાપરનાર ચોર વગેરેને તે વસ્તુ સ્વભોગનું સાધન હોવા છતાં તેમાં સ્વત્વનો વ્યવહાર કરવારૂપ અતિપ્રસંગ આવશે નહિ, કારણ કે ચોરાદિથી થતો ભોગ એ ધર્મવિરોધી છે પણ અવિરોધી નથી.

અહીં **'योग्य'** પદના મહિમાથી ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ અર્થ એ રીતે પ્રાપ્ત થયો કે, યોગ્યનો અર્થ એ છે કે જે ભોગવતાં બલવાન અનિષ્ટ પેદા ન થાય; જ્યારે ધર્મનો વિરોધી એવો જે ભોગયોગ્ય પદાર્થ છે,

તે ભોગવતાં આ લોકમાં પણ બલવાન અનિષ્ટ પેદા થાય છે; કેમ કે ચૌર્યાદિથી ગ્રહણ કરાયેલા પદાર્થમાં આ લોકમાં પણ રાજદંડાદિ પ્રાપ્ત થાય છે અને પરલોકમાં પણ અનર્થ થાય છે. તેથી યોગ્યનો અર્થ કેવલ ભોગવી શકાય એ પ્રમાણે ન કરતાં ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ ગ્રહણ કરેલ છે.

**ટીકાર્થ :- 'धर्मश्चात्र'** અહીં ધર્મ, સ્થૂલ અસ્તેયાદિ ગ્રાહ્ય છે. એથી કરીને અતિપ્રસંગ નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્થૂલ અસ્તેયાદિ ગ્રહણ ન કરતાં સૂક્ષ્મ અસ્તેયાદિ ગ્રહણ કરવામાં આવે તો અતિપ્રસંગ પ્રાપ્ત થાય છે. તે આ રીતે - જો સૂક્ષ્મ અસ્તેયાદિ ધર્મપદથી ગ્રહણ કરવામાં આવે તો, નીતિમાન ગૃહસ્થનું ધન, ધર્મઅવિરોધી નહિ હોવાને કારણે સ્વભોગયોગ્ય બનશે નહિ; માટે તેના ધનને સ્વકીય માની શકાશે નહિ, તેથી તેને પરકીય માનવાનો અતિપ્રસંગ આવશે, તે અતિપ્રસંગ સ્થૂલ અસ્તેયાદિ ગ્રહણ કરવાથી નહિ આવે.

**ઉત્થાન :-** અહીં સ્વભોગયોગ્યત્વ એ સ્વકીય છે, એ લક્ષણ કરીને યોગ્યપદના મહિમા વડે કરીને જે વિશેષ અર્થ કર્યો, તેનાથી અન્યાયઉપાર્જિત ધનમાં જે સ્વત્વનો વ્યવહાર થાય છે, ત્યાં લક્ષણની અવ્યાપ્તિ આવશે. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'अन्याय'** વળી અન્યાયઉપાર્જિત ધનમાં જે સ્વત્વનો વ્યવહાર છે, તે સ્વત્વનો વ્યવહાર ભ્રાંત જ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, અન્યાયઉપાર્જિત ધનમાં સ્વત્વનો વ્યવહાર ભ્રાંત કેમ છે? અર્થાત્ નથી, કેમ કે શુક્તિમાં રજતનું જ્ઞાન થયા પછી, પ્રવૃત્તિ કર્યા પછી શુક્તિની પ્રાપ્તિ થાય છે, રજતની નહિ; તેથી તે વ્યવહાર ભ્રાંત છે. તેમ પ્રસ્તુતમાં સ્વત્વનો વ્યવહાર કર્યા પછી તે ભ્રાંત છે, તેનો નિર્ણાયક કોઇ નથી. તે શંકાનું સમાધાન એ છે કે, ખરેખર જે વસ્તુને ભોગવવાથી વર્તમાનમાં અને જન્માંતરમાં અનર્થ થવાની પૂરી શક્યતા છે, કદાચ તથાવિધ પુણ્યને કારણે અન્યાયઉપાર્જિત ધનથી અનર્થ અટકી જાય તો પણ, ભાવિનું અનર્થ તો પાછળથી પશ્ચાત્તાપાદિથી કર્મનાશ થાય તો જ અટકી શકે; તેથી ત્યાં અનર્થ પ્રાપ્ત થવાની પૂરી સંભાવના રહે છે. અને તેને કારણે ઇષ્ટસાધનત્વની બુદ્ધિથી થનારું સ્વત્વ ત્યાં હોઇ શકે નહીં, પરંતુ અનિષ્ટના સાધનમાં પણ, ઇષ્ટના બલવાન સાધનપણાના ભ્રમને કારણે, ત્યાં સ્વત્વનો વ્યવહાર થાય છે.

**ટીકાર્થ :- 'न च'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, ઉપદર્શિતભોગસાધનત્વનું ધનસ્વરૂપપણું હોતે છતે, ક્રયથી પૂર્વમાં અને વિક્રયથી ઉત્તરમાં તેનું=ધનસ્વરૂપત્વનું, સ્વત્વ હોવાથી, ક્રીત (પૂર્વે) અને વિક્રીતમાં પણ સ્વત્વની આપત્તિ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એમ ન કહેવું. કેમ કે જે સ્વરૂપથી ધર્મઅવિરોધી એવી ભોગસાધનતા છે, તદ્રૂપવત્ત્વનું વાચ્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ એ જ સ્વભોગયોગ્ય છે; એવો અર્થ કરવાથી એ પ્રાપ્ત થયું કે, ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ જેમ ભોગસામગ્રીમાં છે, તેમ ધનમાં પણ છે; અને જે ધનથી વસ્તુ

ખરીદ કરાય છે, તે વસ્તુ ખરીદ કરવા પૂર્વે પણ ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ યદ્યપિ ત્યાં નથી તો પણ, સ્વભોગસાધનત્વરૂપે ધનસ્વરૂપત્વ ગ્રહણ કરવામાં આવે તો, તે ભોગ્ય વસ્તુને ખરીદવા માટેનું જે ધન પોતાની પાસે છે, તે ધનમાં જે ધનસ્વરૂપત્વ છે, તે જ તદ્ વસ્તુવિષયક હોવાથી, નહિ ખરીદાયેલ તે વસ્તુમાં સ્વત્વ માનવાની આપત્તિ આવશે. અને જે વસ્તુ વેચી નાંખી છે તેની અંદર યદ્યપિ ધર્મઅવિરોધી ભોગસાધનત્વ વાસ્તવિક રીતે નથી, તો પણ સાધનત્વપદથી વિક્રયથી પ્રાપ્ત જે ધન છે તેને જ ગ્રહણ કરવામાં આવે તો, તેવું ધનસ્વરૂપત્વ ત્યારે હોવાથી, વિક્રીત વસ્તુમાં પણ સ્વત્વ માનવાની આપત્તિ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે જે રૂપે ધર્મઅવિરોધી ભોગસાધનતા છે, તદ્રૂપત્વ જ લક્ષણરૂપે અહીં ગ્રહણ કરવાનું છે. તેથી પ્રસ્તુતમાં ભોગ્ય વસ્તુ ભોગ્યપદાર્થત્વરૂપેણ ધર્મઅવિરોધી ભોગસાધન છે, પરંતુ ભોગ્યવસ્તુમાં રહેલ ધનસ્વરૂપત્વરૂપે ધર્મઅવિરોધી ભોગસાધન નથી.

અહીં વિશેષ એ છે કે, પૂર્વમાં બતાવ્યું કે, યોગ્યપદના મહિમાથી ધર્મઅવિરોધી સ્વભોગસાધનત્વ અર્થમાં પર્યવસાન થશે; ત્યાં વચમાં કોઈએ શંકા કરી કે, ઉપદર્શિતભોગસાધનત્વનું ધનસ્વરૂપત્વ માનશો તો, વસ્તુની ખરીદી કર્યા પૂર્વે અને વેચ્યા પછી પણ સ્વત્વની આપત્તિ આવશે. તેનું તાત્પર્ય અને તે આપત્તિનું નિવારણ જે ગ્રંથકારે કર્યું, તેનો ભાવ એ છે કે, વસ્તુને વેચ્યા પછી જે સ્વત્વની આપત્તિ આપવામાં આવી છે, ત્યાં વસ્તુ ભોગ્યપદાર્થત્વરૂપેણ સ્વભોગયોગ્ય રહેતી નથી, પરંતુ તેનાથી પ્રાપ્ત એવું ધન તે વખતે હોય છે, તેથી સ્વભોગનું સાધનત્વ તે ધનમાં છે; અને તે ધનનું ધનરૂપત્વેન તે વસ્તુથી અભેદ છે, કેમ કે તે વસ્તુના વેચાણથી જ તે ધનની પ્રાપ્તિ થયેલી છે. તેથી 'સ્વજનકતા સંબંધ'થી ધન વસ્તુમાં રહે છે, તેથી ધન અને વસ્તુનો અભેદ છે, અને તેને કારણે વસ્તુ વેચ્યા પછી પણ સ્વભોગસાધનત્વ લક્ષણ તે વસ્તુમાં પ્રાપ્ત થશે; કેમ કે ધન સ્વરૂપે તે વસ્તુ વિદ્યમાન છે અને તેથી વેચાયેલી વસ્તુમાં પણ સ્વત્વ માનવાની આપત્તિ આવશે. આ પ્રકારનું પૂર્વપક્ષીનું તાત્પર્ય છે, અને તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે કહ્યું કે, ભોગસાધનત્વ ભોગયોગ્યપદાર્થત્વરૂપેણ છે. તેથી વિક્રય પછી તે વસ્તુ ભોગયોગ્યપદાર્થત્વરૂપેણ નથી, માટે ત્યાં સ્વત્વ માનવાની આપત્તિ આવશે નહીં. આ વિક્રય પછી બતાવ્યું, એ જ રીતે ક્રય પૂર્વે પણ વસ્તુ ધનરૂપત્વેન છે, ભોગયોગ્યપદાર્થત્વરૂપેણ નથી, તેથી ક્રય પૂર્વે પણ સ્વત્વ માનવાની આપત્તિ આવશે નહિ.

**ઉત્થાન :-** ક્રય અને વિક્રયના પૂર્વ અને ઉત્તરમાં સ્વત્વની આપત્તિનું નિવારણ સિદ્ધાંતકારે ઉપરમાં સ્વભોગસાધનતાના સ્વરૂપના ભેદથી કર્યું. તે વિષયમાં તે દોષનું નિવારણ બીજાઓ કઈ રીતે કરે છે તે કહે છે-

**ટીકા :- परे त्वाहुः – क्वचिद्विक्रयप्रागभावविशिष्टः क्रयविनाशः क्वचिद्दानादिप्रागभावविशिष्टः प्रतिग्रहध्वंसश्चेत्येवमननुगतं स्वत्वं वाच्यम्, दानादिप्रागभावविशिष्टः प्रतिग्रहादिध्वंसा अतिरिक्तस्वत्वत्वेनानुगता वा तथेति।**

❀ અહીં દાનાદિમાં 'આદિ'પદથી વિક્રય ગ્રહણ કરવું; અને '**क्वचिद्विक्रयप्रागभावविशिष्ट**' એમ કહ્યું છે ત્યાં '**क्वचिद्विक्रयादिप्रागभावविशिष्ट**' પાઠ હોવો જોઈએ; અને ત્યાં 'આદિ'પદથી દાનનું ગ્રહણ આવશ્યક છે; કેમ કે દાનથી પણ સ્વત્વનો નાશ થાય છે.

**ટીકાર્થ :-** વળી બીજાઓ કહે છે - કોઇક વખત વિક્રયાદિના પ્રાગભાવથી વિશિષ્ટ એવો ક્રયવિનાશ, અને કોઇક વખત દાનાદિના પ્રાગભાવથી વિશિષ્ટ એવો પ્રતિગ્રહના ધ્વંસરૂપ સ્વત્વ પદાર્થ છે, એ પ્રમાણે અનનુગત સ્વત્વ કહેવું. અથવા દાનાદિપ્રાગભાવવિશિષ્ટ પ્રતિગ્રહાદિ ધ્વંસો અતિરિક્ત સ્વત્વત્વેન=સ્વત્વપણાથી, અનુગત તે પ્રમાણે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ક્રયની આદ્ય ક્ષણ વસ્તુમાં સ્વત્વની જનક છે, તેથી આદ્યક્રયક્ષણમાં સ્વત્વ હોતું નથી. જ્યારે દ્વિતીયાદિ ક્ષણોમાં ક્રયજન્ય સ્વત્વ હોય છે, તે વખતે ક્રયનો વિનાશ હોય છે; અને વિક્રય પછી સ્વત્વનો ધ્વંસ થાય છે, તેથી વિક્રયની પૂર્વ ક્ષણ સુધી વિક્રયનો પ્રાગભાવ હોય છે; પરંતુ ક્રયપૂર્વમાં પણ વિક્રયનો પ્રાગભાવ હોય જ છે, તો પણ વિક્રયના પ્રાગભાવથી વિશિષ્ટ એવો ક્રયવિનાશ, ક્રયની બીજી ક્ષણથી માંડીને વિક્રયની પૂર્વક્ષણ સુધી જ હોય છે; અને ત્યાં સુધી જ વસ્તુમાં સ્વત્વનો વ્યવહાર થાય છે, અને તે જ સ્વત્વરૂપ છે. પરંતુ ક્યારેક ક્રયથી વસ્તુમાં સ્વત્વ આવતું નથી, કેમ કે કોઇ વ્યક્તિ દાનરૂપે આપે ત્યારે દાનના સ્વીકારથી પણ સ્વત્વ પેદા થાય છે, જે પ્રતિગ્રહના ધ્વંસરૂપ છે; અને એ જ વસ્તુ બીજાને દાન આપવાથી સ્વત્વનો અભાવ થાય છે. તેથી જ્યાં સુધી દાન કે વિક્રય ન કરવામાં આવે ત્યાં સુધી તેમાં સ્વત્વ રહે છે. તેથી દાનાદિના પ્રાગભાવથી વિશિષ્ટ એવા પ્રતિગ્રહના ધ્વંસરૂપ સ્વત્વને કહેલ છે. આ રીતે બે પ્રકારે વસ્તુમાં સ્વત્વની પ્રાપ્તિ થાય છે તેથી સ્વત્વ અનનુગત માનવું પડે.

પૂર્વે બેમાં સ્વત્વ અનનુગત બતાવ્યું. હવે અનુગત કઇ રીતે ગ્રહણ થઇ શકે તે '**वा**'થી બતાવે છે -

'**दानादि**' દાનાદિપ્રાગભાવવિશિષ્ટ એવા પ્રતિગ્રહાદિ ધ્વંસો સ્વત્વરૂપ છે. તે બે પ્રકારના છે. ૧. પ્રતિગ્રહધ્વંસરૂપ અને ૨. ક્રયવિનાશરૂપ. કેમ કે પ્રતિગ્રહાદિમાં '**आदि**'પદથી ક્રયવિનાશનું ગ્રહણ છે અને એ બંનેમાં અતિરિક્ત એવું સ્વત્વત્વ છે, અને તેનાથી અનુગત એવા દાનાદિ પ્રાગભાવવિશિષ્ટ એવા પ્રતિગ્રહાદિ ધ્વંસો સ્વત્વરૂપ છે.

❀ અહીં દાનાદિમાં 'આદિ'પદથી વિક્રય ગ્રહણ કરવું, અને પ્રતિગ્રહાદિમાં 'આદિ'પદથી ક્રય ગ્રહણ કરવું.

આ રીતે પરના મતે અનુગત કે અનનુગત એવો ક્રયવિનાશ કે પ્રતિગ્રહધ્વંસ સ્વત્વરૂપ છે. તેથી ક્રયના પૂર્વમાં કે વિક્રયના ઉત્તરમાં સ્વત્વ માનવાની આપત્તિ આવશે નહિ. એમ પૂર્વ સાથે સંબંધ છે.

**ટીકા :- केचित्तु- "स्वत्वमतिरिक्तमेव, अन्यस्य दुर्वचत्वात्, प्रतिग्रहादीनां चैकशक्तिमत्तयानुगतानां तद्धेतुत्वात्" इत्याहुः-तदसत्, उक्तेनैवोपपत्तावतिरेककल्पनाया अन्याय्यत्वादिति दिग् ॥५३॥**

**ટીકાર્થ :- 'केचित्तु'** વળી કેટલાક સ્વત્વને અતિરિક્ત જ માને છે. કેમ કે અન્યનું=અતિરિક્તથી અન્યનું, દુર્વચપણું છે. (અન્યનું= પદાર્થથી અતિરિક્ત એવું જે સ્વત્વ છે તેનાથી અન્યનું=પદાર્થના સ્વરૂપરૂપે સ્વત્વનું, દુર્વચપણું છે.) કેમ કે એક શક્તિમત્પણા વડે અનુગત એવા પ્રતિગ્રહાદિનું તેનું=સ્વત્વનું, હેતુપણું છે, એમ કેટલાક કહે છે તે અસત્ છે, એ પ્રમાણે ગ્રંથકાર કહે છે; કેમ કે ઉક્ત વડે જ ઉપપત્તિ હોતે છતે અતિરેકની કલ્પનાનું અન્યાય્યપણું છે. એ પ્રમાણે દિશાસૂચન છે.

**ભાવાર્થ :-** પૂર્વમાં સિદ્ધાંતકારે પદાર્થસ્વરૂપે જ સ્વત્વ સ્વીકારેલ, અને 'પરે' વિશિષ્ટવિનાશસ્વરૂપ સ્વત્વ સ્વીકારેલ; અને કેટલાક કહે છે કે, પદાર્થમાં ક્રય પછી કે પ્રતિગ્રહ પછી એક નવું સ્વત્વ પેદા થાય છે, જે પદાર્થથી અતિરિક્ત છે; કેમ કે અન્યનું દુર્વચપણું છે, અર્થાત્ પદાર્થના સ્વરૂપરૂપે સ્વત્વનું દુર્વચપણું છે. અને તેમાં જે હેતુ તરીકે **'एकशक्तिमत् ......तद्धेतुत्वात्'** કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, પ્રતિગ્રહ અને 'આદિ'પદથી ક્રય, તે બંનેનું સ્વત્વ પ્રતિ હેતુપણું છે; પરંતુ તે બંનેમાંથી એકની સત્તા હેતુ છે, તેથી એકના સદ્ભાવમાં અન્યનો અભાવ હોવા છતાં કાર્ય પેદા થાય તો બંને હેતુઓ વ્યભિચારી પ્રાપ્ત થાય; તેથી પ્રતિગ્રહ અને ક્રયમાં અનુગત એવી એક શક્તિ સ્વીકારી છે, જે કાર્ય પ્રતિ હેતુ છે; તેથી બંને હેતુઓ અનુગતએકશક્તિરૂપે હેતુ હોવાથી વ્યભિચારી બનતા નથી, અને અનુગતએકશક્તિરૂપે પ્રતિગ્રહ અને ક્રયનું હેતુપણું હોવાના કારણે પદાર્થમાં પૂર્વે સ્વત્વ નહોતું તે પેદા થયું; માટે હેતુથી જન્ય એવું સ્વત્વ ભોગ્યપદાર્થથી અતિરિક્ત જ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, સ્વત્વ ભોગ્યપદાર્થમાં અતિરિક્ત જ છે એમ જે કેટલાકે કહ્યું, તે વાત બરાબર નથી. કેમ કે ઉક્ત વડે=સિદ્ધાંતકાર વડે, તે પદાર્થના સ્વરૂપરૂપે જ સ્વત્વ કહ્યું, અથવા પરે જે વિશિષ્ટવિનાશરૂપ સ્વત્વ કહ્યું, તેના વડે સ્વત્વની સંગતિ થયે છતે, એક નવા પદાર્થરૂપ સ્વત્વની કલ્પનાનું અન્યાયપણું છે.

આશય એ છે કે ગ્રંથકારના મતમાં કે પરના મતમાં ભોગ્યપદાર્થથી અતિરિક્ત પદાર્થની કલ્પના થતી નથી તેથી લાઘવ છે, જ્યારે '**केचित्**'ના મતમાં નવા પદાર્થની કલ્પના હોવાને કારણે ગૌરવ છે.॥૫૩॥

**અવતરણિકા :- अथोपदर्शितव्यवहारमतं निश्चयनयवादी दूषयति-**

**અવતરણિકાર્થ :-** પૂર્વમાં બતાવેલ વ્યવહારમતને નિશ્ચયનયવાદી દૂષણ આપતાં કહે છે-

**ગાથા :-** **पुण्णपयडीण उदए भोगो भोगंतरायविलएणं ।**
**जइ णियवित्तेणं चिय तो भोगो किण्ण किविणाणं ॥५४॥**

( पुण्यप्रकृतीनामुदये भोगो भोगान्तरायविलयेन । यदि निजवित्तेनैव तद् भोगः किन्न कृपणानाम् ॥५४॥ )

**ગાથાર્થ :- ભોગાંતરાયકર્મના વિલયથી પુણ્યપ્રકૃતિના ઉદયમાં ભોગ થાય છે. જો નિજ વિત્તથી જ તે=ભોગ, થાય તો કૃપણને કેમ ભોગ નથી?**

**ટીકા :- भोगान्तरायकर्मक्षयोपशमसध्रीचीनसातवेदनीयादिपुण्यप्रकृतिविपाकोदयादेव हि जन्तूनां भोग उपजायते, न तु स्ववित्तमात्रादेव, अन्यथा कृपणानामपि स्ववित्ते उपभोगप्रसङ्गात्, न चैवमस्ति, तथा च श्रूयते-**

"न दातुं नोपभोक्तुं च शक्नोति कृपणः श्रियम् ।
किं तु स्पृशति हस्तेन नपुंसक इव स्त्रियम् ॥" [ ] इति ।

**तस्मात् स्वभोगसाधनत्वरूपं स्वत्वं वित्तादौ संभवत्येव न, तत्सत्त्वेऽपि भोगाभावेन व्यभिचारात्।**

**ટીકાર્થ :- 'भोगान्तराय'** ભોગાંતરાયકર્મના ક્ષયોપશમથી સહિત સાતાવેદનીયાદિ પુણ્યપ્રકૃતિના વિપાકોદયથી જ પ્રાણીઓને ભોગ સંપન્ન થાય છે, પરંતુ સ્વવિત્તમાત્રથી જ નહિ. તેમાં હેતુ કહે છે - અન્યથા અર્થાત્ સ્વવિત્તમાત્રથી જ ભોગ માનો તો કૃપણોને પણ સ્વવિત્તમાં ઉપભોગનો પ્રસંગ છે, અને એ પ્રમાણે નથી.

**ટીકાર્થ :- 'तथा च'** - અને તે પ્રમાણે સંભળાય છે -

**'न दातुं '** કૃપણ, લક્ષ્મીને આપવા માટે કે ભોગવવા માટે સમર્થ નથી, પરંતુ હાથ વડે જેમ નપુંસક સ્ત્રીનો સ્પર્શ કરે તેમ સ્પર્શ કરે છે.

**'इति'** ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :- 'तस्मात्'** - તે કારણથી=ભોગાંતરાયકર્મના ક્ષયોપશમથી સધ્રીચીન સાતાવેદનીયાદિ પુણ્યપ્રકૃતિના વિપાકોદયથી જ પ્રાણીઓને ભોગ સંપન્ન થાય છે, પરંતુ સ્વવિત્તમાત્રથી જ નહિ; તે કારણથી, સ્વભોગસાધનત્વરૂપ સ્વત્વ વિત્તાદિમાં સંભવતુ જ નથી. કેમ કે તેના=ધનના, સત્ત્વમાં પણ ભોગનો અભાવ હોવાથી વ્યભિચાર છે.

**ટીકા :- अथ प्रत्येकमीदृशो व्यभिचारो न दोषाय, सामग्र्या एव कार्याऽव्यभिचारनियमादिति चेत्? न, यस्य कार्यजनने न विलंबस्तस्यैव परमार्थतो हेतुतया तदानीमवर्जनीयसंनिधितयोपसेदुषां परेषामुपचार-मात्रेणैव हेतुत्वात् ।।५४।।**

**ટીકાર્થ :- 'अथ' - 'अथ'**થી વ્યવહારવાદી કહે કે, પ્રત્યેકમાં આવો વ્યભિચાર દોષ માટે નથી, કેમ કે સામગ્રીથી જ કાર્યના અવ્યભિચારનો નિયમ છે. ત્યાં નિશ્ચયનયવાદી કહે છે કે, એ પ્રમાણે ન કહેવું. કેમ કે જેના કાર્યજનનમાં વિલંબ નથી, તેનું જ પરમાર્થથી હેતુપણું હોવાથી, ત્યારે અવજર્યસન્નિધિપણા વડે કરીને પ્રાપ્ત થયેલા પરનું=ધનનું, ઉપચારમાત્રથી જ હેતુપણું છે. આ કથન વ્યવહારઉપજીવી અશુદ્ધ નિશ્ચયનયનું છે.

❀ અહીં કુર્વદ્રૂપત્વને કારણ માનનાર નિશ્ચયનયનું ગ્રહણ છે. તે ભોગાંતરાયના ક્ષયોપશમથી વિશિષ્ટ પુણ્યપ્રકૃતિ હોય તો અવશ્ય કાર્ય થાય માટે તેને કારણ માને છે, અને બાહ્ય એવા પણ કર્મનો આત્મા સાથે અભેદ કરીને કારણ કહે છે, તેથી તે વ્યવહારઉપજીવી નિશ્ચયનય છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, ગાથા-૫૩માં કહ્યું કે, આત્માની સાથે તાદાત્મ્યવૃત્તિને નહિ ધારણ કરતા એવા બધા પણ પુદ્ગલોમાં સ્વ-પર વિભાગની સંકથા નથી; અર્થાત્ બધા પર જ છે, એમ નિશ્ચયનય માને છે. જ્યારે વ્યવહારના મતે સ્વ-પરનો વિભાગ છે; અને તે વ્યવહારના મતને જ જ્યારે દૂષિત કરવો છે ત્યારે, પુણ્યપ્રકૃતિના વિપાકથી જંતુને ભોગ થાય છે એ પ્રકારનું કથન નિશ્ચયનય કહે તો, પરપદાર્થનો ભોગ નિશ્ચયનયને માન્ય છે, તેમ પ્રાપ્ત થાય; જે નિશ્ચયનયને ઇષ્ટ નથી. તેથી તેનું તાત્પર્ય એ છે કે, સ્વભોગસાધનત્વરૂપ સ્વત્વ વિત્તાદિમાં સંભવતું નથી, પરંતુ આત્માની સાથે તાદાત્મ્યવૃત્તિવાળા ભાવોમાં જ સંભવે છે, તે બતાવવું છે. અને તેની સિદ્ધિ માટે કહે છે કે, વ્યવહારને અભિમત ભોગ પણ ભોગ્ય વસ્તુ પોતાની પાસે છે એટલામાત્રથી થતો નથી, પરંતુ

ભોગાંતરાયકર્મના ક્ષયોપશમથી યુક્ત એવી પુણ્યપ્રકૃતિના વિપાકથી ભોગ થાય છે. પરંતુ આ પણ નિશ્ચયનયને અભિમત નથી, છતાં વ્યવહારનયને અભિમત જે ભોગ થાય છે, તેમાં પણ ભોગયોગ્ય વસ્તુ પોતાને આધીન છે તેનાથી ભોગ થાય છે એમ નથી, પરંતુ પુણ્યપ્રકૃતિનો ઉદય છે તેનાથી થાય છે; તે રૂપ સૂક્ષ્મ અવલોકન કર્યું, તે નિશ્ચયનયની દૃષ્ટિ છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, પદાર્થને સૂક્ષ્મરૂપે જોવો તે નિશ્ચયનયની દૃષ્ટિ છે; અને તે વખતે પણ કર્મથી પોતાના આત્માને ભિન્નરૂપે જોયા વગર જ, નિશ્ચયનયે પ્રસ્તુતમાં જે યુક્તિ આપી, કે ભોગાંતરાયકર્મના ક્ષયોપશમથી યુક્ત એવી પુણ્યપ્રકૃતિના વિપાકથી ભોગ થાય છે, તે સ્થાનને આશ્રયીને તે નિશ્ચયનય, વ્યવહારઉપજીવી નિશ્ચયનય છે; કેમ કે વ્યવહારનય આત્મા અને કર્મનો અભેદ માને છે, તેમ પ્રસ્તુતમાં નિશ્ચયનયે પણ કર્મ અને આત્માનો અભેદ સ્વીકારીને, વ્યવહારનયે ભોગ્યવસ્તુને આધીન ભોગની પ્રાપ્તિ સ્વીકારી તેનું નિરાકરણ કરીને, પુણ્યપ્રકૃતિને આધીન ભોગ બતાવવા યત્ન કર્યો; તેથી વ્યવહાર ઉપર જીવનાર આ નિશ્ચયનય છે.॥૫૪॥

**અવતરણિકા :-** **अथैवं परस्मिन्नपि स्वत्वाभिमानिनामपायमाविष्कुरुते-**

**અવતરણિકાર્થ :-** આ પ્રમાણે=પૂર્વમાં નિશ્ચયનયવાદીએ વ્યવહારનયવાદીને કહ્યું કે તમે જે સ્વત્વ બતાવ્યું તે વાસ્તવિક નથી એ પ્રમાણે, પરમાં પણ સ્વત્વના અભિમાની એવા વ્યવહારનયને અપાય બતાવતાં કહે છે-

**ગાથા :-** **जो परदव्वंमि पुणो करेइ मूढो ममत्तसंकप्पं ।**
**सो कह आयसहावं गिद्धो विसएसु उवलहइ ॥५५॥**

( यः परद्रव्ये पुनः करोति मूढो ममत्वसङ्कल्पम् । स कथमात्मस्वभावं गृद्धो विषयेषूपलभते ॥५५॥ )

**ગાથાર્થ :-** **જે મૂઢ જીવ પરદ્રવ્યમાં મમત્વ સંકલ્પ કરે છે, તે વિષયોમાં ગૃદ્ધ, કેવી રીતે આત્મસ્વભાવને પામી શકે?**

**ટીકા :-** **यः खलु परद्रव्ये मोहमूलकप्रवृत्त्युपजनितवासनाबलविलुप्तविविक्तस्वभावभावनतया मृगतृष्णायामिवाम्भोभरसंभावनां भावयति निरन्तरं ममकारभावनां, स कथं जाग्रति प्रतिपक्षे तद्विपरीतामात्मस्वभावभावनामासेवितुं प्रभवति?**

**ટીકાર્થ :-** **'यः खलु'** પરદ્રવ્યમાં મોહમૂલક પ્રવૃત્તિથી ઉપજનિત વાસનાના બલથી વિલુપ્ત વિવિક્તસ્વભાવની ભાવનતા હોવાને કારણે, જે ખરેખર મૃગતૃષ્ણામાં પાણીના સમૂહની સંભાવનાની જેમ નિરંતર મમકાર ભાવનાને ભાવે છે, તે પ્રતિપક્ષ જાગૃત હોતે છતે, અર્થાત્ મમકારભાવનારૂપ પ્રતિપક્ષ જાગૃત હોતે છતે, કેવી રીતે તદ્વિપરીત અર્થાત્ મમત્વભાવનાથી વિપરીત, આત્મસ્વભાવભાવનાને કરવા માટે સમર્થ થાય?

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, મમકારભાવના પ્રાપ્ત થયે છતે, મમકારથી વિપરીત એવી આત્મસ્વભાવભાવના થઇ શકતી નથી. તે આત્મસ્વભાવભાવના એ છે કે, નિશ્ચયનયથી એક ક્ષેત્રમાં રહેલા પુદ્ગલોની સાથે આત્માને લેશ પણ સંબંધ નથી.

તાત્પર્ય એ છે કે, કોઇ દ્રવ્ય અન્ય દ્રવ્યના પરિણામને પ્રાપ્ત કરતું નથી અને અન્ય દ્રવ્યમાં સ્વપરિણામને કરતું નથી, પરંતુ આત્મા આત્મદ્રવ્યની સાથે તાદાત્મ્યભાવે વર્તતા એવા સ્વપરિણામમાં જ પ્રતિષ્ઠિત છે, અને તે સ્વપરિણામ વીતરાગભાવસ્વરૂપ છે;=રાગાદિના લેશ પણ સંસ્પર્શરહિત જ્ઞાતા-દ્રષ્ટાભાવરૂપ ચેતનાની પરિણતિરૂપ છે; અને તે જ વાસ્તવિક સ્વત્વ છે. એ પ્રકારે પોતાના વીતરાગસ્વરૂપ પ્રત્યે રુચિનો અતિશય થાય એ રીતે, પુનઃ પુનઃ બુદ્ધિને સ્પર્શ થાય એ રીતે, અર્થાત્ આત્મપરિણામનો સ્પર્શ થાય એ રીતે, ચિંતન કરવું તે આત્મસ્વભાવભાવના છે.

**ઉત્થાન :-** અહીં કોઇ શંકા કરે કે, મમકારભાવનામાં પોતાનાથી પૃથક્ભૂત એવા ધનાદિમાં સ્વીયત્વજ્ઞાન હોય છે, અને આત્મસ્વભાવભાવનામાં પોતે સર્વ દ્રવ્યોથી ભિન્ન છે એવું જ્ઞાન હોવાથી, સર્વ દ્રવ્યોમાં સ્વભિન્નત્વ જ્ઞાન છે; અને બાહ્ય પદાર્થોમાં જ્યાં સ્વીયત્વ બુદ્ધિ છે, ત્યાં પણ તે પોતાનાથી ભિન્ન છે, તે પ્રકારની બુદ્ધિમાં વિરોધ આવતો નથી; માટે પરદ્રવ્યમાં સ્વીયત્વજ્ઞાન હોવા છતાં, પરદ્રવ્યમાં સ્વભિન્નત્વનું જ્ઞાન હોવાથી, આત્મસ્વભાવભાવના થઇ શકશે. તેથી કહે છે-

**ટીકા :- अथ स्वीयत्वज्ञानं न स्वभिन्नत्वज्ञानविरोधीति चेत्? न, परत्र स्वीयत्वज्ञाननिबन्धनदृढतर-रागवासनापरंपराया एव वीतरागस्वभावभावनाप्रतिकूलत्वात्, ममकारस्याहङ्कारसामग्रीभूतत्वाच्च। अपि चैवं विषयेष्वेव प्रतिबद्धस्यास्य कथं स्वद्रव्यमात्रप्रतिबन्धो? वस्तुतस्तु स्वीयत्वमपि स्वत्वपर्यवसन्नमेव, परम्परासंबन्धस्य निश्चयनयवादिनाऽनभ्युपगमादन्यथा येन केनचित् संबन्धेन सर्वस्य सर्वसंबन्धितया-ऽसंबन्धव्यवहारस्य कथाशेषताप्रसङ्गात्।**

**ટીકાર્થ :- 'अथ'** સ્વીયત્વજ્ઞાન સ્વભિન્નત્વ જ્ઞાનનો વિરોધી નથી, આ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો તે બરાબર નથી. કેમ કે પરત્ર સ્વીયત્વજ્ઞાનનિબંધન દૃઢતર રાગવાસનાની પરંપરાનું જ, વીતરાગસ્વભાવની ભાવનાને પ્રતિકૂળપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિને રાગાદિ વર્તતા હોય, તે પણ જો વીતરાગસ્વભાવભાવના કરે તો ધીરે ધીરે તેના રાગાદિ ક્ષીણ થાય છે; પરંતુ જેને પરવસ્તુમાં સ્વીયત્વનું જ્ઞાન થાય છે, તેમને તે જ્ઞાનને કારણે સ્વીયત્વજ્ઞાન થવાના પૂર્વે જે રાગાદિ હતા, તે દૃઢતર થાય છે, અને તે રાગની વાસના=સંસ્કારો, આત્મામાં અતિશયિત થતા જાય છે; અને ભિન્ન ભિન્ન પદાર્થમાં સ્વીયત્વના જ્ઞાનને કારણે, સતત અન્ય અન્ય વિષયક રાગાદિ થવાના કારણે, તે વાસનાની પરંપરા ચાલે છે; અને તેના કારણે જીવ વીતરાગસ્વભાવભાવના કરી શકતો નથી.

યદ્યપિ પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, સ્વીયત્વજ્ઞાન છે ત્યાં પણ સ્વભિન્નત્વજ્ઞાન થઇ શકે છે, તેનું નિરાકરણ સામાન્યથી જોતાં વીતરાગસ્વભાવની ભાવનાનું પ્રતિકૂલપણું કહેવાથી થતું નથી. પરંતુ સ્વભિન્નત્વજ્ઞાન વીતરાગસ્વભાવની ભાવનાને અનુકૂળ છે, કેમ કે જીવને પોતાનાથી આ ભિન્ન છે એવું જ્ઞાન થવાના કારણે, બધા પદાર્થો પ્રત્યે તે રાગાદિરહિત ભાવવાળો થાય છે. તેથી જે સ્વભિન્નત્વજ્ઞાન વીતરાગભાવને અનુકૂળ નથી, તે તત્ત્વથી સ્વભિન્નત્વજ્ઞાન જ નથી.

જેમ સામાન્ય સંસારી જીવોને મરણનું જ્ઞાન સુનિશ્ચિત હોવા છતાં નિઃશંકથી જીવે છે તેઓને, તત્ત્વથી મરણનું જ્ઞાન નથી; તેમ બાહ્ય પદાર્થોમાં જેઓ સ્વીયત્વનું જ્ઞાન કરે છે, તેઓને તાત્ત્વિક એવું સ્વભિન્નત્વજ્ઞાન થતું નથી; તેથી જ તેઓને ત્યાં મમકાર થાય છે. માટે એ પ્રાપ્ત થયું કે, પરમાં સ્વીયત્વજ્ઞાન એ તાત્ત્વિક સ્વભિન્નત્વજ્ઞાનનું વિરોધી છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે, ધનાદિમાં જ્યારે સ્વીયત્વબુદ્ધિ થાય છે, તે જ વખતે ત્યાં સ્વભિન્નત્વનું જ્ઞાન પ્રતીત જ છે, છતાં તે વીતરાગભાવને કેમ પેદા કરતું નથી? તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'ममकारस्य'** - મમકારનું અહંકારની સામગ્રીભૂતપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, બાહ્ય પદાર્થોમાં સ્વીયત્વજ્ઞાન થવાના કારણે જે મમકાર પેદા થાય છે, તે, જીવને શરીરમાં જે અહંકારની બુદ્ધિ છે,=સ્વઅભિન્નત્વની બુદ્ધિ છે, તેને અતિશય કરવામાં કારણીભૂત છે. (યદ્યપિ વીતરાગભાવના કરનારને પણ, સર્વથા શરીરમાં અહંકારબુદ્ધિ અને બાહ્યપદાર્થોમાં મમકાર બુદ્ધિ ન જ હોય તેમ નહીં; પરંતુ વીતરાગભાવનાને કારણે તે અહંકારબુદ્ધિ અને મમકારબુદ્ધિ ક્ષીણ થાય છે.) અને તે જ રીતે શરીરમાં અહંકારની બુદ્ધિને કારણે, શરીરને ઉપકારી એવા ધનાદિમાં જીવને મમકાર થાય છે. અને બાહ્ય પદાર્થમાં સ્વીયત્વજ્ઞાનને કારણે તે મમકાર જેમ જેમ વૃદ્ધિ પામે છે, તેમ તેમ શરીરમાં અહંકારબુદ્ધિ વૃદ્ધિ પામે છે. કેમ કે બાહ્ય પદાર્થો પોતાને ઉપયોગી છે તેથી મમકારભાવ થયો, પરંતુ તે ઉપયોગિતા આત્માને નથી પણ શરીરને છે, આમ છતાં શરીરની તે ઉપયોગિતાને જીવ પોતાની માને છે તેથી શરીરમાં અહંકારબુદ્ધિ થાય છે; અને જેમ જેમ બાહ્ય પદાર્થમાં મમકાર વૃદ્ધિ પામે છે, તેમ તેમ શરીરમાં અહંકાર વૃદ્ધિ પામે છે. આમ, અહંકાર એ શરીરની સાથે સ્વઅભિન્નત્વજ્ઞાનસ્વરૂપ છે, અને મમકારસ્વરૂપ સ્વીયત્વજ્ઞાન તેની સામગ્રીભૂત છે, તેથી સ્વીયત્વજ્ઞાન સ્વભિન્નત્વજ્ઞાનનું વિરોધી છે. તેથી બાહ્ય પદાર્થમાં સ્વીયત્વજ્ઞાન વીતરાગભાવનાનું વિરોધી છે.

**ટીકાર્થ :- 'अपि च'** અને વળી આ રીતે=બાહ્ય પદાર્થોને પોતાનાથી ભિન્ન માનવા છતાં, જે ત્યાં સ્વીયત્વનું જ્ઞાન કરે છે એ રીતે, વિષયોમાં પ્રતિબદ્ધ એવા તેમને કેવી રીતે સ્વદ્રવ્યમાત્રમાં પ્રતિબંધ સંભવે?

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, આત્મસ્વભાવભાવના દ્વારા જીવને સ્વદ્રવ્યમાત્રમાં પ્રતિબંધ નિષ્પન્ન કરવાનો છે. જ્યારે પરદ્રવ્યમાં જે વ્યક્તિ સ્વીયત્વજ્ઞાન કરે છે, તે પરદ્રવ્યરૂપ વિષયોમાં પ્રતિબદ્ધ થવાને કારણે, આત્મસ્વભાવભાવના દ્વારા નિષ્પાદ્ય એવા સ્વદ્રવ્યમાત્રમાં, પ્રતિબંધ કેવી રીતે કરી શકે? અર્થાત્ ન કરી શકે.

**ટીકાર્થ :- 'वस्तुतः'** વળી વાસ્તવિક રીતે=નિશ્ચયનયની દૃષ્ટિથી, સ્વીયત્વ પણ સ્વત્વમાં પર્યવસન્ન જ છે=સ્વત્વ તો સ્વત્વરૂપ છે પરંતુ સ્વીયત્વ પણ સ્વત્વરૂપ જ છે; કેમ કે પરંપરાસંબંધનો નિશ્ચયનયવાદી વડે સ્વીકાર કરાયેલો નથી. અન્યથા=પરંપરાસંબંધનો સ્વીકાર કરીએ તો, જે કોઇ પણ સંબંધથી સર્વનું સર્વસંબંધીપણું હોવાને કારણે, અસંબંધવ્યવહારના કથાશેષતાનો પ્રસંગ આવે છે.=અસંબંધનો વ્યવહાર કરી નહિ શકાય.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનયને તાદાત્મ્યસંબંધ જ અભિમત છે. તેથી આત્માના ભાવોમાં તે સ્વીયત્વબુદ્ધિ કરે છે; અને સ્વીયત્વ સ્વત્વમાં એ રીતે પર્યવસાન પામે છે કે, દરેક પદાર્થ પોતાના ભાવરૂપે છે, તેથી તે ભાવથી પદાર્થ સર્વથા અપૃથગ્ભૂત હોવાથી, તે પદાર્થ તે ભાવરૂપ જ છે; તેથી તે પદાર્થના ભાવોને સ્વીય કહો કે પદાર્થસ્વરૂપ છે તેમ કહો, તે એક જ વસ્તુ છે. અને જો બાહ્ય પદાર્થોમાં સ્વીયત્વબુદ્ધિ કરવામાં આવે, તો તે બાહ્ય પદાર્થરૂપે પોતે છે, તેમ જ તેને પ્રાપ્ત થાય.

**ટીકા :- तस्माद्रागद्वेषवशादेव स्वपरविभागव्यवसितिर्लोकानां न तु परमार्थत इति स्थितम्।।५५।।**

**ટીકાર્થ :- 'तस्माद्'** તે કારણથી=સ્વીયત્વ સ્વત્વમાં પર્યવસાન પામે છે, માટે બાહ્ય પદાર્થમાં સ્વપરનો વિભાગ નથી પરંતુ બાહ્ય પદાર્થો આત્મા માટે કેવલ પર જ છે; તે કારણથી, રાગ-દ્વેષના વશથી જ લોકોને (બાહ્ય પદાર્થમાં) સ્વ-પર વિભાગની વ્યવસિતિ=જ્ઞાન, છે, પરંતુ પરમાર્થથી નથી. એ પ્રમાણે સ્થિત છે.**।।૫૫।।**

**અવતરણિકા :- तद्भावनामपनिनीषुभिः पुनरध्यात्मभावनैवाश्रयणीयेति तन्माहात्म्यमुपदर्शयति-**

**અવતરણિકાર્થ :-** તદ્ભાવનાને=મમકારની ભાવનાને, દૂર કરવાની ઇચ્છાવાળાએ, વળી અધ્યાત્મભાવના જ આશ્રય કરવા યોગ્ય છે. એથી કરીને તેના માહાત્મ્યને=અધ્યાત્મભાવનાના માહાત્મ્યને દેખાડે છે-

ગાથા :- **णाहं होमि परेसिं ण मे परे णत्थि मज्झमिह किंची ।**
**इयं आयभावणाए रागद्दोसा विलिज्जन्ति ।।५६।।**

( नाहं भवामि परेषां न मे परे नास्ति ममेह किञ्चित् । इत्यात्मभावनया रागद्वेषौ विलीयेते ।।५६।। )

**ગાથાર્થ :- હું પરનો નથી, પર મારા નથી. વળી અહીં=સંસારમાં, ધનાદિ કાંઇ પણ મારું નથી. એ પ્રમાણે આત્મભાવનાથી રાગ અને દ્વેષ વિલીન થાય છે.**

**ભાવાર્થ :-** અવતરણિકાનો શ્લોકની સાથે સંબંધ એ રીતે છે કે, હું કોઇનો નથી, કોઇ મારું નથી, અને મારું કાંઇ નથી એ જાતની વિચારણા જ્યારે હૈયાને સ્પર્શે એ રીતે કરવામાં આવે છે ત્યારે, તે આત્મસ્વરૂપની ભાવના છે, અને તે અધ્યાત્મભાવના છે.=આત્મામાં અધ્યાત્મને પેદા કરવાને અનુકૂળ એવી આત્મસ્વરૂપની ભાવના છે. અને તે અધ્યાત્મની ભાવનાથી આત્માનો પરપદાર્થમાં જે સંશ્લેષ છે, તે હીન - હીનતર થતો જાય છે. તે સ્વરૂપ

જ અધ્યાત્મ છે, અને તે અધ્યાત્મભાવનાથી આત્મામાં અધ્યાત્મભાવ અતિશયિત થાય છે, અને તેનાથી અધ્યાત્મના પ્રતિપક્ષભૂત રાગદ્વેષની પરિણતિ વિલીન પામે છે, તે અધ્યાત્મનું માહાત્મ્ય છે.

**ટીકા :- अनात्मविदामेव हि सर्वदु:खमूलरागद्वेषप्रभवः, तौ च तत्प्रतिपक्षात्मज्ञाने सति विलीयेते तत्त्वात्मज्ञानं परमार्थतो वीतरागाणामेव, तेषामेव दु:खक्षयरूपतत्फलसंभवात्, अन्तःकरणखेद-निरासस्यैवानाकुलत्वभावनारूपज्ञानफलत्वात्, तदुक्तं-**

आत्माऽज्ञानभवं दु:खमात्मज्ञानेन हन्यते ।
तपसाप्यात्मविज्ञानहीनैश्छेत्तुं न शक्यते ॥ इति [योगशास्त्र ४-३]

**ટીકાર્થ :- 'अनात्म'** અનાત્મવિદ્‌ને જ સર્વ દુઃખના મૂળભૂત રાગ-દ્વેષનો પ્રભવ છે, અને તે=રાગ-દ્વેષ, તત્પ્રતિપક્ષ આત્મજ્ઞાન હોતે છતે વિલય=નાશ, પામે છે; અને તે આત્મજ્ઞાન પરમાર્થથી વીતરાગને જ છે; કેમ કે તેઓને જ દુઃખક્ષયરૂપ તત્ફળનો=આત્મજ્ઞાનના ફળનો, સંભવ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, વીતરાગને પણ અસાતાના ઉદયકૃત દુઃખ હોઇ શકે છે, તો દુઃખક્ષયરૂપ તેનું ફળ ત્યાં છે, તેમ કઇ રીતે કહી શકાય? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'अन्तःकरण'** અંતઃકરણના ખેદના નિરાસનું જ અનાકુલત્વભાવનારૂપ જ્ઞાનનું ફળપણું છે.

**'तदुक्तं'** - તે કહ્યું છે - **'आत्म'** આત્માના અજ્ઞાનથી થયેલું દુઃખ, આત્મજ્ઞાનથી નાશ પામે છે. તપ દ્વારા પણ આત્મવિજ્ઞાનથી રહિત એવા જીવો વડે ( આત્માના અજ્ઞાનથી થયેલ દુઃખનો ) ઉચ્છેદ કરવા માટે શક્ય નથી.

**ભાવાર્થ :-** અહીં અનાત્મવિદ્ તેઓ છે, કે જેઓ પોતાનાથી ભિન્ન એવા પુદ્ગલાદિને પોતાના માને છે, અને દેહાદિરૂપ જ હું છું એમ માને છે. આમ છતાં, જ્યારે અભવ્યાદિ પણ પરલોક માટે સુનિશ્ચિત હોય છે ત્યારે પરલોકપ્રધાન બનીને સુદઢ રીતે સંયમાદિમાં યત્ન કરે છે ત્યારે પણ-યદ્યપિ તેઓ બાહ્ય ભોગ્ય પદાર્થોને અને શરીરને ગૌણ કરીને જીવે છે, ત્યારે તેને શરીરાદિમાં પૃથક્પણાની બુદ્ધિ અવશ્ય વર્તે છે; તેથી શરીરાદિને ગૌણ કરીને તેનાથી ભિન્ન એવા પોતાના માટે તેમનો સર્વ યત્ન છે તો પણ તેઓ અનાત્મવિદ્ છે. કેમ કે તત્ત્વથી આત્મવિદ્ તે જ છે, કે જેને શરીર અને બાહ્ય પદાર્થોથી પૃથક્ભૂત એવી ચેતનાના જે શુદ્ધ ભાવો છે, તેનું આછું આછું પણ દર્શન થવાથી તે ભાવો પ્રત્યે અત્યંત રુચિ પેદા થાય છે, અને તેનાથી વિરુદ્ધ દેહાદિના સંબંધથી થનારા ભાવો પ્રત્યે નિર્ગુણતાના ભાનને કારણે અરુચિ થાય છે. તેથી તેમને સમ્યગ્ અવલોકનપૂર્વક આત્મગુણો પ્રત્યે રાગ અને દોષો પ્રત્યે દ્વેષ સ્ફુરાયમાન હોય છે. અને તે પ્રશસ્તભાવને પામેલા રાગ-દ્વેષ, દાહ્ય એવા કચરાને બાળીને વહ્નિ જેમ સ્વતઃ નાશ પામે છે, તેની જેમ વિનાશશીલ છે. કેમ કે અતત્ત્વભૂત આત્માના ભાવો પ્રત્યે વર્તતો દ્વેષ, તે ભાવોને આત્મામાં સ્ફુરણ થતાં અવરોધ કરે છે; અને જ્યારે તે ભાવો સર્વથા સ્ફુરણ ન થઇ શકે તે અવસ્થાને પ્રાપ્ત કરે, ત્યારે દ્વેષ સ્વતઃ વિનાશ પામે છે; કેમ કે તે ભાવો આત્મામાં ઉત્પન્ન ન થઇ શકે તે માટે

વિવેકી આત્મા સમ્યગ્જ્ઞાનપૂર્વક તે ભાવો પ્રત્યે દ્વેષ કરે છે. અને તે જ રીતે ગુણો પ્રત્યેનો રાગ પણ ગુણોની અનતિશયતાની કક્ષા સુધી જ વર્તે છે, પરંતુ જ્યારે તે ગુણો રાગ વગર સહજ સ્ફુરણ થાય તેવી કક્ષા પ્રાપ્ત થાય, ત્યારે તે ગુણો સર્વત્ર ઉદાસીનતાના ભાવરૂપ વીતરાગભાવમાં જ પરિણમન પામે છે.

તાત્પર્ય એ છે કે, જ્યારે આત્માને ગુણોનો રાગ થાય છે, ત્યારે તે રાગના વિષયભૂત ગુણો તે વીતરાગભાવસ્વરૂપ છે, તેથી આદ્યકક્ષામાં જીવને વીતરાગતાના રાગથી વીતરાગ પ્રત્યેની બહુમાનાદિની ક્રિયા દ્વારા વીતરાગ પ્રત્યે અભિમુખભાવ થતો જાય છે, જે રાગની અતિશયતા પામતો જાય છે, અને અતિશયિત વીતરાગતાનો રાગ જ્યારે સત્ત્વના પ્રકર્ષને કરાવી શકે તે ભૂમિકાનો પ્રાપ્ત થાય, ત્યારે રાગ સ્વયં નાશ પામે છે અને વીતરાગભાવ સ્ફુરણ થવા માંડે છે.

અહીં અનાત્મવિદ્‌ને જ સર્વ દુઃખના મૂળભૂત રાગ-દ્વેષનો પ્રભવ છે એમ કહ્યું; ત્યાં વિશેષ એ છે કે, યદ્યપિ આદ્યકક્ષાવાળા આત્મવિદ્‌ને પણ પ્રશસ્ત રાગ-દ્વેષ હોય છે, અને તે ઉત્તરોત્તર અતિશયતાને પામતા હોય છે, તો પણ અપ્રશસ્ત રાગ-દ્વેષના ઉન્મૂલનમાં તે પ્રશસ્ત કષાય કારણભૂત બને છે, અને અંતે સર્વથા રાગ-દ્વેષના અભાવમાં વિશ્રાંત થાય છે; તેથી ફળની અપેક્ષાએ તેઓ આત્મવિદ્ છે. તો પણ હજુ અંતઃકરણના ખેદના નાશરૂપ ફળ થયું નથી, તે અપેક્ષાએ તેઓને આત્મવિદ્ ન કહેતાં વીતરાગને જ પરમાર્થથી આત્મવિદ્ કહેલ છે.

અહીં સર્વ દુઃખના મૂળરૂપ જે રાગ-દ્વેષ કહ્યા છે, તે સર્વ દુઃખ શાતા-અશાતારૂપ નહીં; પરંતુ આત્માની આકુળતાના પરિણામરૂપ જે દુઃખ છે, તે રાગ-દ્વેષ પ્રભવ છે. યદ્યપિ જે પદાર્થ પ્રત્યે રાગ હોય છે, અને પુણ્યથી તે પદાર્થની પ્રાપ્તિ થાય છે ત્યારે રાગપ્રભવ દુઃખ દેખાતું નથી; પરંતુ વસ્તુતઃ ત્યારે પણ જે પદાર્થ પ્રત્યે રાગ છે, તે પદાર્થના વ્યાઘાતક પદાર્થ પ્રત્યે અવશ્ય દ્વેષ હોય છે. ક્વચિત્ તે બહુ અતિશયિત ન હોય તો પણ, જીવને તે ઇષ્ટ પદાર્થોનો વ્યાઘાત ન થાય તેવી આકાંક્ષા હોય છે; તેથી ઇષ્ટના વ્યાઘાતક પદાર્થના નિવર્તનનો પરિણામ પણ હોય છે, તે દ્વેષરૂપ છે. તેથી રાગકાળમાં પણ પ્રાપ્તપદાર્થના રક્ષણની આકાંક્ષા, અને તેના વ્યાઘાતકની નિવૃત્તિની આકાંક્ષાદિ આકુળતારૂપ, અરતિના પરિણામસ્વરૂપ દુઃખ ત્યાં વર્તે છે. ફક્ત જ્યારે તે રાગ-દ્વેષ પ્રશસ્ત પ્રશસ્તતર ભાવને પામતા જાય છે, ત્યારે તે આકુળતાના જનક બનતા નથી; પરંતુ ઉત્તરોત્તર અપ્રશસ્ત રાગાદિકૃત જે આકુળતા છે, તેની મંદતાના જનક બને છે.

વળી તે આત્મજ્ઞાન પરમાર્થથી વીતરાગને જ છે; કેમ કે તેઓને જ દુઃખક્ષયરૂપ આત્મજ્ઞાનના ફળનો સંભવ છે. તેનો ભાવ એ છે કે, બીજાઓને દુઃખ પ્રશસ્ત રાગને કારણે અલ્પ અલ્પતર થતું હોય છે તો પણ, સર્વથા આકુળતાના ક્ષયરૂપ દુઃખક્ષય વીતરાગને જ છે. તેથી કાર્યની નિષ્પત્તિની અપેક્ષાએ આત્મજ્ઞાન ત્યાં જ છે, માટે પરમાર્થથી વીતરાગને જ આત્મજ્ઞાન છે, એમ કહ્યું છે.

અહીં પ્રશ્ન થાય કે, વીતરાગને પણ અસાતાના ઉદયકૃત દુઃખ હોઇ શકે છે; તો દુઃખક્ષયરૂપ આત્મજ્ઞાનનું ફલ ત્યાં છે, એમ કેમ કહેવાય? તેથી કહે છે કે, અંતઃકરણના ખેદના નિરાસનું જ, અનાકુળત્વભાવનારૂપ જ્ઞાનનું ફળપણું છે.

તાત્પર્ય એ છે કે, અનાકુળત્વભાવનારૂપ આત્મજ્ઞાન છે, અને તે વૃદ્ધિને પામતું અંતઃકરણના ખેદનો નિરાસ કરે છે; અને અંતે તે અનાકુળત્વભાવનારૂપ જ્ઞાન વીતરાગતામાં નિષ્ઠાને પામે છે ત્યારે, પરિપૂર્ણ અંતઃકરણના ખેદનો નિરાસ કરે છે. અને અહીં અંતઃકરણનો ખેદ બાહ્ય પદાર્થો પ્રત્યે રાગ-દ્વેષને કારણે થયેલા જીવના આકુળતાપરિણામરૂપ જ છે, અને આત્મવિદ્‌ને તે જ દુઃખનો ક્ષય અહીં ગ્રહણ કરેલ છે.

**ટીકા :- यत्तु ज्ञानं रागद्वेषनिरासाय न प्रभवेत्, न तन्निश्चयतो ज्ञानमपि, अत एव चरणभङ्गे निश्चयतो ज्ञानदर्शनयोर्भङ्ग एव, व्यवहारतस्तु तद्भजनेति गीयते। तदुक्तं-**

[१] णिच्छयणयस्स चरणस्सुवघाए नाणदंसणवहोवि।
ववहारस्स उ चरणे हयम्मि भयणा उ सेसाणं॥ ति [पञ्चाशक ११-४५]

**निश्चयो हि फलं कुर्वदेव कारणमभ्युपैति, व्यवहारस्तु कुशूलनिहितबीजवत् स्वरूपयोग्यमपीति विशेष इति ध्येयम्।**

**ટીકાર્થ :- 'यत्तु'** વળી જે જ્ઞાન રાગ-દ્વેષના નિરાસ માટે સમર્થ નથી, તે નિશ્ચયથી જ્ઞાન જ નથી. આથી કરીને જ=જે જ્ઞાન રાગ-દ્વેષના નિરાસ માટે સમર્થ નથી, તે નિશ્ચયથી જ્ઞાન જ નથી આથી કરીને જ, ચરણના ભંગમાં નિશ્ચયથી જ્ઞાન-દર્શનનો ભંગ જ છે. વળી વ્યવહારથી તેની ભજના છે એ પ્રમાણે કહેવાય છે, અર્થાત્ વ્યવહારથી ચરણના ભંગમાં જ્ઞાનદર્શન હોય પણ ખરા અને ન પણ હોય. **'तदुक्तं'**-તે કહેલું છે-

નિશ્ચયનયને ચરણના ઉપઘાતમાં જ્ઞાન-દર્શનનો વધ પણ છે. વળી વ્યવહારને ચરણનો નાશ હોતે છતે શેષની=જ્ઞાન-દર્શનની, ભજના છે.

**ટીકાર્થ :- 'निश्चयो'** નિશ્ચય(નય) ફલ કરતા જ કારણને કારણ તરીકે સ્વીકારે છે. વળી વ્યવહાર(નય) કુશૂલનિહિતબીજની જેમ સ્વરૂપયોગ્યને પણ કારણ માને છે, એ પ્રમાણે વિશેષ છે એમ વિચારવું. (આથી જ પૂર્વમાં નિશ્ચયનયને આશ્રયીને વીતરાગને જ આત્મવિદ્ કહેલ છે, એ પ્રકારે યોજન છે.)

**ટીકા :- एवं चात्मज्ञाने सत्यात्माऽज्ञानविलयात् तत्प्रयुक्तरागद्वेषविलये तन्मूलकाऽरतिपरिणामरूपदुःख-विलय एवेति व्यवतिष्ठते, तेनात्मज्ञाने सति दुःखविलये क्षुत्पिपासादिकमपि न भवत्येवेति परेषां प्रत्याशावल्ली समुन्मूलिता भवति, क्षुधादिपरिणामस्य ज्ञानाऽनाश्यत्वादिति स्फुटीभविष्यत्यग्रे ॥५६॥**

**ટીકાર્થ :- 'एवं'** અને એ પ્રમાણે=ઉપરમાં પરમાર્થથી આત્મજ્ઞાન વીતરાગને જ છે ઇત્યાદિ જે સર્વ કહ્યું એ પ્રમાણે, આત્મજ્ઞાન હોતે છતે, આત્માના અજ્ઞાનના વિલયથી તત્પ્રયુક્ત=અજ્ઞાનપ્રયુક્ત, રાગ-દ્વેષનો વિલય થયે છતે, તન્મૂલક=રાગ-દ્વેષમૂલક, અરતિપરિણામરૂપ દુઃખનો વિલય જ છે, એ પ્રમાણે વ્યવસ્થિત છે.
**'तेन'** તે કારણથી=આત્મજ્ઞાન દ્વારા પરંપરાએ અરતિપરિણામરૂપ દુઃખનો વિલય થાય છે તે કારણથી, આત્મજ્ઞાન હોતે છતે, દુઃખના વિલયમાં ક્ષુધા-પિપાસાદિ પણ ન થાય જ, એ પ્રમાણે પરની=દિગંબરની, વિપરીત આશારૂપી વેલડી મૂલથી નાશ પામે છે; કેમ કે ક્ષુધાઆદિ પરિણામનું જ્ઞાનથી અનાશ્યપણું છે, એ પ્રમાણે આગળમાં સ્પષ્ટ કરશે.॥૫૬॥

---

१. निश्चयनयस्य चरणस्योपघाते ज्ञानदर्शनवधोऽपि। व्यवहारस्य तु चरणे हते भजना तु शेषयोः॥

**અવતરણિકા :- अथ परिणामस्यैव फलमभिष्टौति-**

**અવતરણિકાર્થ :-** હવે પરિણામના જ ફળની સ્તુતિ કરે છે-

**ભાવાર્થ :-** ગાથા-૫૬ની અવતરણિકામાં કહેલ કે, મમત્વભાવનાને દૂર કરવાની ઈચ્છાવાળાએ, અધ્યાત્મભાવના આશ્રયણ કરવા યોગ્ય છે; અને તે અધ્યાત્મભાવનાથી નિષ્પન્ન થતો જીવનો જે પરિણામ છે, તે પરિણામનું ફળ મોક્ષ છે, તે બતાવીને તે પરિણામના જ ફળની મહત્તા બતાવે છે-

**ગાથા :-** **तो परिणामाउ च्चिय बन्धो मोक्खो व णिच्छयणयस्स ।**
**णेगंतिया अणच्चंतिया पुणो बाहिरा जोगा ।।५७।।**

( तत्परिणामादेव बन्धो मोक्षो वा निश्चयनयस्य । नैकान्तिका अनात्यन्तिकाः पुनर्बाह्या योगाः ।।५७।। )

ગાથાર્થ :- તે કારણથી=ગાથા-૪૮થી ૫૬ સુધીમાં જે નિશ્ચયનયની માન્યતા બતાવી, તેનું નિગમન કરતાં કહે છે કે, તે કારણથી, નિશ્ચયનયને પરિણામથી જ બંધ અને મોક્ષ છે. વળી બાહ્ય યોગો નૈકાન્તિક અને અનાત્યંતિક છે.

**ટીકા :- जीवस्य हि द्विविधः परिणामो विशिष्टोऽविशिष्टश्च, आद्यः परोपरागप्रवर्त्तितशुभाऽशुभाऽङ्गतया द्विविधोऽन्त्यस्तु स्वद्रव्यमात्रप्रवृत्ततयैकविध एव। जीवश्चोपदर्शितान्यतरस्वपरिणाममेव कुरुते, न तु परपरिणामं, एकक्षेत्रतयाऽवस्थितानामपि पुद्गलानां तदुपादानहानाऽयोग्यतया तत्कर्मत्वाभावात्, स्वतन्त्रप्राप्यस्यैव कर्मत्वात्।**

**ટીકાર્થ :- 'जीवस्य'** જીવના વિશિષ્ટ અને અવિશિષ્ટ બે પ્રકારના પરિણામ છે. આદ્ય=વિશિષ્ટ પરિણામ, પરઉપરાગથી પ્રવર્તિત શુભાશુભ અંગપણારૂપે બે પ્રકારનો છે. વળી અંત્ય=અવિશિષ્ટ પરિણામ, સ્વદ્રવ્યમાત્ર પ્રવૃત્તિપણાથી એક પ્રકારે જ છે.

❀ **'पुद्गलानां'** અહીં ષષ્ઠી સપ્તમી અર્થક છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનયના મતે પુદ્ગલ અને આત્મા બે ભિન્ન પદાર્થો છે. પુદ્ગલનો પરિણામ આત્માને પ્રાપ્ત થતો નથી અને આત્માનો પરિણામ પુદ્ગલને પ્રાપ્ત થતો નથી. આમ છતાં, મોહનીયકર્મની ઉદયમાન પ્રકૃતિને નિમિત્ત કરીને, બાહ્ય એવા અરિહંતાદિના ગુણોને જોઇને, તેઓના ઉપરાગથી પ્રવર્તિત શુભ ભાવ જીવમાં આવિર્ભાવ પામે છે. તે શુભ ભાવ પરથી પેદા કરાયેલ નથી, પરંતુ જીવ સ્વતઃ જ પરના નિમિત્તથી તે ભાવ કરે છે. તેથી બાહ્ય એવા તીર્થંકરાદિ અને અભ્યંતર એવા કર્મરૂપ પર પદાર્થને નિમિત્તરૂપે ગ્રહણ કરીને જે ભાવ પ્રવર્તે છે, તે પરઉપરાગથી પ્રવર્તિત છે. તે જ રીતે અશુભ બાહ્ય વિષયનું અવલંબન લઇને જીવ જ્યારે

પરિણામ કરે છે, ત્યારે તે અશુભ ભાવ પરઉપરાગથી પ્રવર્તિત છે. આ બંને પ્રકારના પરઉપરાગપ્રવર્તિત ભાવો જીવના વિશિષ્ટ પરિણામરૂપ છે. અને જ્યારે જીવ બાહ્ય પદાર્થને નિમિત્તરૂપે ગ્રહણ કરતો નથી, ત્યારે તે પદાર્થોના નિમિત્તે પ્રવર્તતો પરિણામ જીવમાં થતો નથી; તે વખતે સ્વદ્રવ્યમાત્રથી પ્રવૃત્ત એવો એક જ પ્રકારનો ભાવ થાય છે, જે અવિશિષ્ટ એકસ્વરૂપ છે.

**ટીકાર્થ :- 'जीवश्च'** અને જીવ, ઉપદર્શિત અન્યતર સ્વપરિણામને જ કરે છે, પરંતુ પરપરિણામ કરતો નથી; કેમ કે એક ક્ષેત્રપણા વડે અવસ્થિત પણ પુદ્ગલોમાં તદ્ ઉપાદાન-હાનની અયોગ્યતા હોવાને કારણે,=જીવ વડે ઉપાદાન-હાનની અયોગ્યતા હોવાના કારણે, તત્કર્મત્વનો=જીવના કર્મત્વનો, અભાવ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જીવના પ્રયત્નનું કર્મ, પુદ્ગલદ્રવ્ય કેમ થતું નથી? તેથી તેમાં હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'स्वतन्त्र'** - સ્વતંત્રથી પ્રાપ્યનું જ=સ્વતંત્ર એવા કર્તાથી પ્રાપ્યનું જ, કર્મપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જીવ, ઉપદર્શિત અન્યતર સ્વપરિણામને જ કરે છે, પરંતુ પરપરિણામને જીવ કરતો નથી; અર્થાત્ માટીમાંથી ઘટ બનાવવારૂપ જે માટીનો ઘટપરિણામ થાય છે, તે રૂપ પરપરિણામ જીવ કરતો નથી; તે જ રીતે ઔદારિક કે કાર્મણવર્ગણાના પુદ્ગલોને શરીરરૂપે કે કર્મરૂપે પરિણામ પણ જીવ કરતો નથી. કેમ કે એક ક્ષેત્રપણા વડે અવસ્થિત પણ શરીરનાં કે કર્મનાં પુદ્ગલોમાં જીવ વડે ગ્રહણ અને હાનની યોગ્યતા નહીં હોવાના કારણે, જીવની ક્રિયાના વિષયભૂત તે પદાર્થો બનતા નથી.

અહીં પ્રશ્ન થાય કે, જીવના પ્રયત્નનું કર્મ, પુદ્ગલદ્રવ્ય કેમ બનતું નથી? તેમાં **'स्वतन्त्र..........कर्मत्वात्'** હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, સ્વતંત્ર એવા કર્તાની કૃતિનો જે વિષય હોય તે જ કર્મ કહેવાય, પરંતુ તે પુદ્ગલો જીવથી ગ્રહણની યોગ્યતાને ધારણ કરતા નથી, તેથી જીવથી તે પ્રાપ્ય નથી; ફક્ત તે પુદ્ગલો એક ક્ષેત્રમાં હોવાને કારણે જીવ તે પુદ્ગલોને ગ્રહણ કરે છે તેવો જીવને ભ્રમ વર્તે છે. વસ્તુતઃ જીવના પ્રયત્નથી જીવમાં વિશિષ્ટ કે અવિશિષ્ટ પરિણામ જ પેદા થાય છે, અને જીવના તે પ્રયત્નને નિમિત્ત કરીને બાહ્ય પદાર્થો સ્વતઃ તે તે રૂપે પરિણામ પામે છે; એ પ્રકારનો નિશ્ચયનયનો આશય છે.

**ટીકા :- कथं तर्हि ज्ञानावरणादिद्रव्यकर्मबन्ध इति चेत्? आत्मनो रागद्वेषरूपं भावकर्म निमित्तीकृत्य योगद्वारा निविशमानानां स्वत एवोपात्तवैचित्र्याणां ज्ञानावरणादिभावपरिणतेरुपचारात् इति गृहाण।**

**ટીકાર્થ :- 'कथं'** અહીં પૂર્વપક્ષી કહે છે કે, તો પછી જ્ઞાનાવરણાદિદ્રવ્યકર્મબંધ કેવી રીતે છે?
તેનો ઉત્તર આપતાં કહે છે - આત્માના રાગ-દ્વેષરૂપ ભાવકર્મને નિમિત્ત કરીને, યોગ દ્વારા (આત્મામાં) નિવિશમાન, (અને) સ્વતઃ જ ઉપાત્ત વૈચિત્ર્યનો=વિચિત્ર એવા કર્મપુદ્ગલોનો, જ્ઞાનાવરણાદિ ભાવ પરિણતિના ઉપચારથી, (જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપે વ્યવહાર થાય છે) એ પ્રમાણે તું ગ્રહણ કર.

❀ અહીં ....... '**निविशमानानां स्वत एवोपात्तवैचित्र्याणां**'માં ષષ્ઠી વિભક્તિનો અન્વય જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મરૂપે વ્યવહાર થાય છે તેની સાથે છે અને તેમાં '**ज्ञानावरणादिभावपरिणतेरूपचारात्**' હેતુ છે.

**ઉત્થાન :- 'जीवस्य ....... इति गृहाण'।** સુધીના કથનનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तस्मात् पुण्यपापपरिणामादेवात्मनो बन्धस्तत्तत्कर्मणां तत्तद्विपाककाले च सुखदुःखरूपं फलमपीति स्थितम्।**

**ટીકાર્થ :- 'तस्मात्'** - તે કારણથી પુણ્ય-પાપના પરિણામથી જ=જીવના પુણ્યને અનુકૂળ એવા શુભ અને પાપને અનુકૂળ એવા અશુભ પરિણામથી જ, આત્માને બંધ છે; અને તે તે કર્મના તે તે વિપાકકાળમાં (આત્માને પુણ્ય અને પાપના પરિણામથી) સુખ-દુઃખરૂપ ફળ પણ છે; એ પ્રમાણે સ્થિત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વમાં વિશિષ્ટ અને અવિશિષ્ટ બે પ્રકારના જીવના પરિણામ કહ્યા, તેમાં જે વિશિષ્ટ પરિણામ છે, તેને પણ બે પ્રકારનો કહેલ છે. તેમાં જે શુભ પરિણામ કહ્યો તે ભાવપુણ્યરૂપ છે, અને જે અશુભ પરિણામ છે તે ભાવપાપરૂપ છે. તે બે પ્રકારના પુણ્ય અને પાપના પરિણામથી જ આત્માને દ્રવ્યકર્મનો બંધ થાય છે; અને બંધાયેલાં તે તે કર્મોનો તે તે વિપાકકાળ જ્યારે પ્રગટ થાય છે, ત્યારે જીવ સુખ અને દુઃખરૂપે પરિણામ પામે છે. તેથી જીવના ભાવપરિણામરૂપ પુણ્ય અને પાપના ફળરૂપ સુખ-દુઃખની પ્રાપ્તિ થાય છે, અને ભાવકર્મ જેમ જીવના પરિણામરૂપ છે તેમ સુખ અને દુઃખ પણ જીવના પરિણામરૂપ છે. તે બંને પરિણામો વચ્ચે કાર્ય-કારણભાવ છે. જ્યારે આત્મા સાથે એક ક્ષેત્રમાં રહેલા દ્રવ્યકર્મનો આત્મા સાથે એકક્ષેત્રરૂપ સંબંધ છે, પણ જીવની સાથે એકત્વરૂપ પરિણામ નથી; અને જીવ પોતાના પરિણામથી દ્રવ્યકર્મને પરિણમન પમાડતો નથી, પરંતુ દ્રવ્યકર્મ સ્વતઃ પરિણામ પામે છે, કેવલ તે જીવના પરિણામને નિમિત્ત કરે છે. અને કર્મના ઉદયકાળમાં પણ તે કર્મનો ઉદય સુખ-દુઃખને પેદા કરતો નથી, પરંતુ ઉદયમાન તે કર્મને નિમિત્ત કરીને, જીવ સ્વતઃ જ સુખ-દુઃખરૂપે પરિણમન પામે છે; એ પ્રકારે નિશ્ચયનયનું તાત્પર્ય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં શુદ્ધનિશ્ચયનયથી કહ્યું કે, જીવ બે પ્રકારના પરિણામો કરે છે, પરંતુ પરપરિણામને કરતો નથી; અને ત્યાં વિશિષ્ટ પરિણામને શુભાશુભરૂપ બે પ્રકારનો સ્વીકાર્યો. હવે શુદ્ધતર નિશ્ચયનયને આશ્રયીને વિશિષ્ટ પરિણામ પણ વસ્તુતઃ એકરૂપ જ છે, તે કહે છે-

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, એક વિવક્ષાથી પ્રમાણના વ્યવહારનય, અશુદ્ધ નિશ્ચયનય અને શુદ્ધ નિશ્ચયનય; આ રીતે વિભાગ થાય છે; અને વ્યવહારનય કરતાં નિશ્ચયનય શુદ્ધ હોવાથી, બીજી રીતે વિવક્ષા કરતાં નિશ્ચયનયના શુદ્ધ નિશ્ચયનય, શુદ્ધતર નિશ્ચયનય અને શુદ્ધતમ નિશ્ચયનય એ રીતે પણ વિભાગ થાય છે. અહીં આ બીજા પ્રકારની વિવક્ષા દર્શાવેલ છે. તે આ રીતે- વ્યવહારનય આત્માને પરપરિણામનો કર્તા માને છે, તેથી તે અશુદ્ધનય છે; જ્યારે નિશ્ચયનય આત્માને સ્વપરિણામનો કર્તા માને છે, એ અપેક્ષાએ વ્યવહારનય કરતાં નિશ્ચયનય શુદ્ધ

છે; અને તે શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિથી, વિશિષ્ટ પરિણામ શુભ-અશુભરૂપ બે પ્રકારના છે. જ્યારે શુદ્ધતર નિશ્ચયનય સૂક્ષ્મ જોનારો છે, અને તે પુણ્ય અને પાપ પરિણામને એક અશુદ્ધરૂપે જ સ્વીકારે છે; અને શુદ્ધતમ નિશ્ચયનય અવિશિષ્ટ શુદ્ધ પરિણામને જ સ્વીકારે છે. અહીં શુદ્ધતર નિશ્ચયનયને આશ્રયીને કહે છે.

**ટીકા :- पुण्यपापपरिणामावप्यशुद्धरूपतया वस्तुत एकरूपावेव, तत्फलयोरपि सुखदुःखयोरत्यन्तमभिन्नत्वात्, न हि पुण्यफलमपि चक्रवर्त्यादिसुखं परमार्थतः सुखं, अङ्गनासम्भोगादिविषयौत्सुक्यजनितारतिरूपदुःखप्रतीकारमात्रत्वात्तस्य। न च विपर्ययोऽपि सुवचः, प्रत्यक्षबाधात् तदुक्तं-**

[१] पुण्णफलं दुक्खं चिय कम्मोदयओ फलं व पावस्स।
नणु पावफलेवि समं, पच्चक्खविरोहिया चेव ॥ **( वि. भा. २००४ )**

[२] जत्तो च्चिय पच्चक्खं सोम्म ! सुहं णत्थि दुक्खमेवेदं।
तप्पडियारविभिण्णं तो पुण्णफलंति दुक्खं ति ॥ **( वि. भा. २००५ )**

[३] विसयसुहं दुक्खं चिय दुक्खपडियारओ तिगिच्छव्व।
तं सुहमुवयाराओ, ण य उवयारो विणा तत्तं ॥ **( वि. भा. २००६ )**

❀ '**तत्फलयोरपि**' અહીં '**अपि**' શબ્દ '**एवकार**' અર્થક છે અને '**न हि पुण्यफलमपि**' અહીં '**हि**' શબ્દ '**यस्मात्**' અર્થક છે.

**ટીકાર્થ :- 'पुण्यपाप'** - પુણ્યપાપપરિણામ પણ અશુદ્ધપણારૂપે વસ્તુતઃ એકરૂપ જ છે, કેમ કે તેના ફલરૂપ જ અર્થાત્ પુણ્યપાપના ફલરૂપ જ સુખ-દુઃખનું અત્યંત અભિન્નપણું છે. જે કારણથી પુણ્યનું ફલ પણ ચક્રવર્ત્યાદિ સુખ, પરમાર્થથી સુખ નથી; કેમ કે તેનું અર્થાત્ ચક્રવર્ત્યાદિ સુખનું, અંગનાસંભોગાદિ વિષયના ઉત્સુકપણાથી જનિત અરતિરૂપ દુઃખનું પ્રતીકારમાત્રપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, શુદ્ધ નિશ્ચયનય જીવના વિશિષ્ટ પરિણામનો શુભ-અશુભરૂપે જે વિભાગ પાડે છે, તે પુણ્યપાપના પરિણામરૂપ જ છે. અર્થાત્ પુણ્યબંધને અનુકૂળ એવો જે શુભ અધ્યવસાય, અને પાપબંધને અનુકૂળ એવો જે અશુભ અધ્યવસાય, તે બંનેનો જુદો વિભાગ કરે છે. પરંતુ શુદ્ધતર નિશ્ચયનય શુભ-અશુભ બંને પરિણામો આત્માના સ્વભાવભૂત નથી, પરંતુ પરઉપરાગથી પ્રવર્તિત છે તેથી, તેને અશુદ્ધરૂપ એક સ્વરૂપે જ સ્વીકારે છે. અને તેમાં તે યુક્તિ આપે છે કે, તે બે પરિણામના ફલરૂપે જીવને જે સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે, તે

---
૧. पुण्यफलं दुःखमेव कर्मोदयतः फलमिव पापस्य। ननु पापफलेऽपि समं प्रत्यक्षविरोधिता चैव ॥
૨. यत एव प्रत्यक्षं सौम्य! सुखं नास्ति दुःखमेवेदम्। तत्प्रतीकारविभक्तं ततः पुण्यफलमिति दुःखमिति ॥
૩. विषयसुखं दुःखमेव दुःखप्रतीकारतश्चिकित्सेव। तत्सुखमुपचारान्नोपचारो विना तथ्यम् ॥

બેમાં જુદાપણું નથી. યદ્યપિ સુખ એ જીવને અનુકૂળ વેદનરૂપ છે અને દુઃખ એ પ્રતિકૂળ વેદનરૂપ છે, તેથી તે અપેક્ષાએ તે જુદા હોવા છતાં જુદા કેમ નથી? તે બતાવવા અર્થે કહે છે કે - પુણ્યનું ફળ જે ચક્રવર્ત્યાદિક સુખ છે, તે પણ વાસ્તવિક જીવમાં વર્તતી ઉત્સુકતાને કારણે, જે અરતિનો પરિણામ વર્તે છે, તે રૂપ દુઃખના પ્રતીકારમાત્રરૂપ છે. આનાથી એ ફલિત થયું કે, જેમ મોટો ઘડો હોય તે પણ ઘટ છે અને નાનો ઘડો હોય તે પણ ઘટ છે; તેમ સંસારી જીવોને જ્યારે પાપનો ઉદય હોય છે ત્યારે અરતિરૂપ દુઃખ વર્તે છે, અને પુણ્યનો ઉદય હોય ત્યારે, ઉત્સુકતાને કારણે જે અરતિ હોય છે, તે ભોગસામગ્રી મળવાથી કાંઈક અલ્પ થાય છે. તેથી પાપના ઉદયકાળમાં જે અરતિ છે, તે પ્રતીકારસામગ્રીના અભાવને કારણે અધિક દુઃખરૂપ છે, અને પુણ્યના ઉદયકાળમાં પ્રતીકારસામગ્રી પ્રાપ્ત થવાથી તે અરતિનું દુઃખ કાંઈક અલ્પમાત્રામાં છે; તેથી દુઃખરૂપે બંને પરિણામો સમાન છે. માટે જ પુણ્યપાપના ફળને અભિન્નરૂપે નિશ્ચયનય સ્વીકારે છે.

અહીં વિશેષ એ છે કે, શાતાવેદનીયથી જીવને અનુકૂળ વેદન ઉત્પન્ન થાય છે; પરંતુ સંસારી જીવોને પુણ્યના ઉદયના કાળમાં શાતા સહવર્તી વિષયોમાં ઉત્સુકતા પણ વર્તતી હોય છે, અને વિષયોની અપ્રાપ્તિકાળ સુધી ત્યાં અરતિરૂપ દુઃખ હોય છે, અને વિષયોના પ્રાપ્તિકાળમાં તે દુઃખનો પ્રતીકાર થાય છે; અને સામાન્યથી ઘાતી પ્રકૃતિના સાન્નિધ્યમાં અઘાતી પ્રકૃતિ પણ ઘાતી જેવી જ છે, તે દૃષ્ટિને સામે રાખીને, પુણ્યપાપના ફળને દુઃખરૂપ બતાવેલ છે. પરંતુ જેમનો મોહ નાશ થયો છે, તેઓને શાતાવેદનીયકર્મથી કેવલ શાતાનો જ અનુભવ થાય છે, પણ ઔત્સુક્ય કે અરતિનો પરિણામ થતો નથી; તેથી અરતિરૂપ દુઃખ તેઓને નથી, અને અરતિરૂપ દુઃખના પ્રતીકારરૂપ સુખનો પરિણામ પણ તેઓને નથી; તેથી તેઓના સુખને નિશ્ચયનય પણ પ્રાયઃ દુઃખરૂપ કહી શકશે નહિ. પરંતુ તેવું વેદન વીતરાગને જ હોય છે, તેથી તેની વિવક્ષા કરેલ નથી એમ ભાસે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, પાપનું ફળ દુઃખ છે, અને પુણ્યનું ફળ દુઃખનો પ્રતીકાર છે; ત્યાં કોઈને શંકા થાય કે, ઉપરોક્ત કથન કરતાં વિપરીત સ્વીકારીએ તો શું વાંધો? અર્થાત્ પુણ્યનું ફળ સુખ છે, અને પાપનું ફળ સુખનો પ્રતીકાર છે; તેમ માનીએ તો શું વાંધો? તેથી કહે છે -

**ટીકાર્થ :- 'न च'** અને વિપર્યય પણ, અર્થાત્ પુણ્યનું ફળ સુખ અને પાપ એ સુખના પ્રતીકારરૂપ છે, એ પ્રમાણે વિપર્યય પણ, સુવચ નથી; કેમ કે પ્રત્યક્ષ બાધ છે.

**ભાવાર્થ :-** અહીં પ્રત્યક્ષબાધ એ છે કે, અશાતામાં વિહ્વળ થયેલા જીવોને અરતિનો પરિણામ પ્રત્યક્ષથી દેખાય છે, પરંતુ રતિરૂપ સુખના પ્રતીકારરૂપ અલ્પરતિ ત્યાં દેખાતી નથી; તેથી ત્યાં સુખના પ્રતીકારરૂપ પાપનું ફળ સ્વીકારવું, તે પ્રત્યક્ષ વિરોધી છે.

**'पुण्यपाप ............ प्रत्यक्षबाधात्'** એ કથનમાં **तदुक्तं**થી સાક્ષી કહે છે-

**ટીકાર્થ :- पुण्णफलं** - કર્મનો ઉદય હોવાને કારણે પાપના ફલની જેમ પુણ્યનું ફળ દુઃખરૂપ જ છે. **'ननु'**થી શંકા કરે છે કે, પાપના ફળમાં પણ સમાન છે. અર્થાત્ પાપનું ફળ સુખરૂપ છે એ પ્રમાણે સમાન છે. તો કહે છે કે એમ કહેવામાં પ્રત્યક્ષ વિરોધિતા છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, **'ननु'** થી કોઇ શંકા કરે કે, પાપનું ફળ સુખ છે; કેમ કે કર્મોદયથી કરાયેલું છે, પુણ્યફળની જેમ. તેને ગ્રંથકાર કહે છે કે, એ પ્રકારનું અનુમાન થઇ શકે નહિ; કેમ કે પ્રત્યક્ષ વિરોધિતા છે: અને એ જ વાતને વિ.ભા.ગાથા-૨૦૦૫માં બતાવે છે.

પ્રત્યક્ષ વિરોધિતામાં હેતુ કહે છે -

**'जत्तो च्चिय'** - જે કારણથી જ હે સૌમ્ય ! આ પાપનું ફળ પ્રત્યક્ષ સુખ નથી, દુઃખ જ છે; તે કારણથી તેના પ્રતીકારથી=દુઃખના પ્રતીકારથી, વિભક્ત પુણ્યનું ફળ છે, એથી કરીને પુણ્યનું ફળ દુઃખ છે.

**'ति'** કથનની સમાપ્તિ સૂચક છે.

**'विसयसुहं'** દુઃખના પ્રતીકારરૂપ હોવાથી, ચિકિત્સાની જેમ વિષયસુખ પણ દુઃખ જ છે, અને ઉપચારથી તે સુખ છે, અને ઉપચાર તથ્ય વિના થતો નથી.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, આ રીતે સર્વ પુણ્યફળને દુઃખરૂપે સિદ્ધ કરવાથી, જગતમાં સુખ નામનો પદાર્થ અપ્રસિદ્ધ થશે. તેથી વિ.ભા.ગાથા-૨૦૦૬ શ્લોકના ઉત્તરાર્ધમાં કહે છે કે, પુણ્યફળમાં સુખનો ઉપચાર કર્યો છે, તેથી સુખ નામનો પદાર્થ ક્યાંક હોવો જોઇએ. અને તે વિ.ભા. ગાથા-૨૦૦૭માં કહે છે કે, તે સુખ મોક્ષમાં છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સ્થાપન કર્યું કે, પુણ્યનું ફળ દુઃખ છે, અને એ જ અનુભવથી બતાવ્યું. હવે મૂળગાથામાં કહેલ કે, પરિણામથી જ મોક્ષ છે, તેને બતાવતાં કહે છે-

**ટીકા :- परोक्षज्ञानार्थमुपसर्पतां हि छद्मस्थानां तत्सामग्रीभूतेष्विन्द्रियेषु प्रवृत्तमैत्रीवशोदीर्णमहामोहानल-ज्वालोपतापप्रायतृष्णा ( ? तृष्णायाः ) परमार्थतो दुःखरूपतया जनितदुःखवेगमसहमानानामिन्द्रियाणि व्याधिस्थानीयतामिष्टविषयाश्च तत्साम्यस्थानीयतामाबिभ्रतीति कथं न दुःखप्रतीकाररूपतयैतत्सुखं पर्यवस्यति? इति पारमार्थिकसुखजनकादविशिष्टाद्धर्मपरिणामाद् दुःखजनको विशिष्टपरिणामो विलीयते, स एव मोक्ष इति स्थितं, "धर्माधर्मक्षये मोक्षः" इति वचनात्। ततः परिणामादेव बन्धमोक्षाविति स्थितम्।**

**ટીકાર્થ :-** પરોક્ષજ્ઞાન માટે પ્રયત્ન કરતા છદ્મસ્થોની તત્સામગ્રીભૂત અર્થાત્ પરોક્ષજ્ઞાનની સામગ્રીભૂત ઇંદ્રિયોમાં, પ્રવૃત્તમૈત્રીના વશથી ઉદીર્ણ, મહામોહરૂપ અગ્નિની જ્વાલાના ઉપતાપ સદૃશ તૃષ્ણાનું, પરમાર્થથી દુઃખરૂપપણું હોવાને કારણે, (તૃષ્ણાથી) જનિત દુઃખના વેગને નહિ સહન કરતા એવા જીવોની ઇંદ્રિયો, વ્યાધિસ્થાનીય છે; અને ઇષ્ટ વિષયો, તેના સામ્યસ્થાનીયતાને ધારણ કરે છે. એથી કરીને, આ સુખ અર્થાત્ સંસારનું સુખ, દુઃખના પ્રતીકારરૂપે કેમ પર્યવસિત ન થાય? અર્થાત્ પર્યવસિત થાય. એથી કરીને પારમાર્થિક સુખજનક અવિશિષ્ટ ધર્મપરિણામથી, દુઃખજનક વિશિષ્ટ પરિણામ વિલીન થાય છે, અને તે જ મોક્ષ છે; એ પ્રમાણે સ્થિત છે. કેમ કે ધર્મ અને અધર્મનો ક્ષય થયે છતે મોક્ષ છે; એ પ્રમાણે વચન છે.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, જીવને ઇંદ્રિયની સાથે અનાદિકાળનો સંબંધ હોવાથી પ્રવૃત્તમૈત્રી છે; અને તે મૈત્રીને કારણે, ઇંદ્રિયોને જે અનુકૂળ હોય તેમાં જ જીવને રુચિ પેદા થાય છે. તેથી પ્રવૃત્તમૈત્રીવશ ઉદીર્ણ એવી મહામોહરૂપ અગ્નિની જ્વાલાના ઉપપાત સદૃશ તૃષ્ણા કહેલ છે. અને ઇંદ્રિયોથી તૃષ્ણા પેદા થાય છે તેથી તૃષ્ણારૂપ દુઃખને પેદા કરનાર ઇંદ્રિયો હોવાથી ઇંદ્રિયોને વ્યાધિસ્થાનીય કહેલ છે.

**ઉત્થાન :-** ટીકાના પ્રારંભથી માંડીને **'इति वचनात्'** સુધીના કથનનું નિગમન કરતાં **'ततः'** થી કહે છે-

**ટીકાર્થ :-** **'ततः'** - તે કારણથી પરિણામથી બંધ અને મોક્ષ છે, એ પ્રમાણે સ્થિત છે.

**ટીકા :- ये तु परप्राणव्यपरोपणबहिरंगयतिलिंगादयो बाह्या बंधमोक्षहेतवस्ते नैकान्तिका न वात्यन्तिकाः तत्सद्भावासद्भावाभ्यामपि फलासद्भावसद्भावदर्शनात्।**

**ટીકાર્થ :-** **'ये तु'** જે વળી પરપ્રાણવ્યપરોપણ અને બહિરંગયતિલિંગાદિ બંધ અને મોક્ષના હેતુઓ છે, તે એકાંતિક નથી અને આત્યંતિક નથી; કેમ કે તેના સદ્ભાવ અને અસદ્ભાવથી પણ ફલના સદ્ભાવ અને અસદ્ભાવનું દર્શન છે.

**ભાવાર્થ :-** વ્યવહારનય પરપ્રાણવ્યપરોપણને બંધનું કારણ માને છે, અને બાહ્ય સાધુવેષને મોક્ષનું કારણ માને છે; અને તે બાહ્યદૃષ્ટિથી બંધ અને મોક્ષનાં કારણો દેખાય તેવાં છે, તેથી તેને બાહ્ય કારણો કહ્યાં. અને નિશ્ચયનય તે બાહ્ય કારણોને એકાંતિક અને આત્યંતિક નથી એમ કહીને, મોક્ષ પ્રત્યે તેની કારણતા નથી તેમ સ્થાપન કરે છે; કેમ કે નિશ્ચયનય એકાંતિક અને આત્યંતિક કારણને જ કારણરૂપે માને છે. અને તે બાહ્ય કારણો એકાંતિક અને આત્યંતિક કારણ નથી, તેમાં યુક્તિ બતાવે છે કે, (૧) બાહ્ય કારણનો સદ્ભાવ હોય છતાં ફળનો અસદ્ભાવ દેખાય છે. જેમ કોઇએ હિંસા કરી છતાં નરકરૂપ ફળ તેને પ્રાપ્ત ન થયું. એ જ પ્રમાણે બાહ્ય કારણ યતિલિંગ ધારણ કરે છે, છતાં મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ થતી નથી; અને (૨) બાહ્ય કારણોનો અસદ્ભાવ હોય છતાં ફલનો સદ્ભાવ દેખાય છે. જેમ કોઇએ બાહ્ય હિંસા નથી કરી છતાં નરકમાં જાય છે. અને બાહ્ય કારણ યતિલિંગ વિના પણ, ભરતાદિને કેવલજ્ઞાન થયું છે. અને (૩) બાહ્યકારણ વિદ્યમાન હોય ત્યારે ફલનો સદ્ભાવ પણ પ્રાપ્ત થાય છે. જેમ બાહ્ય હિંસા કરતો હોય, ત્યારે કર્મબંધની પ્રાપ્તિ થાય છે; અને બાહ્ય સાધુનો વેષ વિદ્યમાન હોય, ત્યારે મોક્ષસ્વરૂપ ફળની પ્રાપ્તિ થાય છે. તે જ રીતે (૪) બાહ્ય કારણના અસદ્ભાવમાં ફલનો અસદ્ભાવ પણ હોય છે. જેમ બાહ્ય હિંસા નથી, તો નરકાદિની પ્રાપ્તિ થતી નથી; અને બહિરંગ યતિલિંગ વિના મોક્ષની પ્રાપ્તિ થતી નથી. તેથી બાહ્ય કારણના સદ્ભાવ અને અસદ્ભાવમાં ફલના સદ્ભાવ અને અસદ્ભાવનો અનેકાંત છે. અને વળી બાહ્ય કારણને આત્યંતિક નથી તેમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, કોઇ જીવ બાહ્ય હિંસા ઘણી કરે, તો પણ અલ્પ ફળ મળે; અને કોઇ જીવ બાહ્ય હિંસા અલ્પ કરે, તો પણ ઘણું ફળ મળે; તેમ પણ પ્રાપ્ત થાય છે. તેવી રીતે કોઇ જીવ સંયમની ઘણી આચરણા કરે, તો પણ સામાન્ય ફળ પ્રાપ્ત કરે; અને કોઇ જીવ અલ્પ આચરણા કરે, તો પણ

કેવળજ્ઞાનરૂપ ફળને પ્રાપ્ત કરે, જેમ અઇમુત્તામુનિએ કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેથી બાહ્ય આચરણાની તરતમતા પ્રમાણે ફળની તરતમતા નથી, પરંતુ જેમ પરિણામની વિશુદ્ધિ થાય તેમ ફળ અધિક મળે, અને પરિણામની વિશુદ્ધિ અલ્પ હોય તો ફળ અલ્પ મળે; એ પ્રમાણે ભાવને આશ્રયીને તરતમતા છે, તેથી પરિણામ એ આત્યંતિક કારણ છે. માટે બાહ્ય કારણને કારણરૂપે નિશ્ચયનય સ્વીકારતો નથી. આનાથી એ ફલિત થયું કે, નિશ્ચયનયે પરિણામથી જ બંધ અને મોક્ષ છે એમ સ્થાપન કર્યું, અને વ્યવહારને અભિમત બંધના કારણરૂપે પરપ્રાણવ્યપરોપણ અને મોક્ષના કારણરૂપે યતિલિંગાદિને અનૈકાંતિક અને અનાત્યંતિક સ્થાપીને અકારણરૂપે સિદ્ધ કર્યાં.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, નિશ્ચયનયની દૃષ્ટિએ પરિણામથી બંધ અને મોક્ષ છે; જ્યારે બહિરંગ ક્રિયા કે બહિરંગ યતિલિંગાદિ મોક્ષના હેતુ તરીકે વ્યવહારને અભિમત છે; અને તે અનૈકાંતિક અને અનાત્યંતિક છે તે કથનમાં, દિગંબરની માન્યતા પ્રમાણે યથાજાતલિંગ પણ એકાંતિક છે; તેનું નિરાકરણ કરવા **'स्यादेतत्'** થી દિગંબરની માન્યતાનું સ્થાપન કરે છે.

**ટીકા :- स्यादेतत्-यथाजातलिङ्गं मोक्षसामग्र्यां निविशमानमव्यभिचारि भविष्यति तदुपलम्भ एवोपचरितासद्भूतव्यवहारेण विषयादिनिवृत्त्याऽशुद्धनिश्चयनयेनाभ्यन्तराऽव्रतपरिणामं त्यक्त्वा शुभप्रवृत्तिरूपाणि व्यवहारव्रतानि परिपाल्य, त्रिगुप्तिलक्षणसमाधिकाले तान्यपि परित्यज्य केवलज्ञानोपलंभात्, भरतादीनामपि तथैव प्रवृत्तेः, स्तोककालतया परं स्थूलदृष्टिभिस्तथाऽनाकलनात्। तदुक्तम्**

"पञ्चमुष्टिभिरुत्पाट्य त्रुट्यन् बन्धस्थितीन् कचान्।
लोचानन्तरमेवापद्राजन्! श्रेणिक! केवलम्॥" **इति**। [ ]

**मैवं, शक्यपरिहारस्यापि ध्यानसामग्रीवशात् परिजिहीर्षादिकं विनाऽपरिहारे वाक्कायसंवृत्तिसमत्वलक्षण-त्रिगुप्तिसाम्राज्ये केवलज्ञानाऽप्रतिरोधात्।**

**ટીકાર્થ :- 'स्यादेतत्'** અહીં દિગંબર આ પ્રમાણે કહે કે, મોક્ષની સામગ્રીમાં જેમ અવિશિષ્ટ પરિણામ આવશ્યક છે, તેમ યથાજાતલિંગ પણ નિવિશમાન અવ્યભિચારી થશે; કેમ કે તદુપલંભમાં જ=યથાજાતલિંગના ઉપલંભમાં જ, ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહારનયથી વિષયાદિની નિવૃત્તિ કરીને, (અને) અશુદ્ધ નિશ્ચયનયથી અભ્યંતર અવ્રત પરિણામનો ત્યાગ કરીને, (અને) શુભ પ્રવૃત્તિરૂપ વ્યવહારવ્રતોનું પાલન કરીને, ત્રણ ગુપ્તિલક્ષણ સમાધિ કાળમાં તેઓનો=શુભપ્રવૃત્તિરૂપ વ્યવહારવ્રતોનો, પણ ત્યાગ કરીને કેવલજ્ઞાનનો ઉપલંભ થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, યથાજાતલિંગના ઉપલંભમાં જ આ ક્રમથી કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે, ત્યાં શંકા થાય કે, ભરતાદિને યથાજાતલિંગ વગર પણ કેવલજ્ઞાન થયેલ, તેથી ત્યાં વ્યભિચાર છે. તેના નિવારણ માટે પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :-'भरतादीनाम्'** ભરતાદિને પણ તે પ્રકારે જ પ્રવૃત્તિ હોવાથી કેવલજ્ઞાન થયેલ. પરંતુ (યથાજાતલિંગના ગ્રહણથી માંડીને કેવલજ્ઞાનની વચમાં) અલ્પકાળપણું હોવાથી સ્થૂલદૃષ્ટિ વડે તે પ્રકારે જણાતું નથી.

ભરતાદિને તે જ પ્રકારે કેવલજ્ઞાન થયેલ. તેમાં **'तदुक्तम्'**થી સાક્ષી આપે છે-

**ટીકાર્થ :- 'पञ्चमुष्टिभिः'** હે રાજન ! શ્રેણિક ! પાંચ મુષ્ટિ વડે વાળોને ઉખેડીને બંધની સ્થિતિને તોડતા લોચની અનંતર જ કેવલ પ્રાપ્ત કર્યું.

**'इति'** ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** દિગંબરના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

**ટીકાર્થ :- 'मैवं'** એમ ન કહેવું=યથાજાતલિંગના ઉપલંભમાં કેવલજ્ઞાન થાય છે અને તેના વિના કેવલજ્ઞાન થતું નથી, તેમ ન કહેવું. કેમ કે ધ્યાનસામગ્રીના વશથી પરિહાર કરવાની ઇચ્છાદિ વિના શક્ય પરિહારનો પણ અપરિહાર હોતે છતે, વાક્કાયસંવૃત્તિ અને (મનની સંવૃત્તિરૂપ) સમત્વલક્ષણ ત્રિગુપ્તિના સામ્રાજ્યમાં, કેવલજ્ઞાનનો અપ્રતિરોધ છે.

**ભાવાર્થ :- 'स्यादेतत्'** થી જે કથન કર્યું તેનું તાત્પર્ય એ છે કે, યથાજાતલિંગને ગ્રહણ કર્યા પછી જ વિષયાદિની નિવૃત્તિ થાય છે, તે નિશ્ચયનયની દૃષ્ટિએ સંભવિત નથી. કેમ કે નિશ્ચયનયથી વિષયાદિથી જીવ સદા નિવૃત્ત છે, કારણ કે નિશ્ચયનયના મત પ્રમાણે પરદ્રવ્યને પરદ્રવ્યની સાથે સંબંધ જ સંભવતો નથી. તેથી વિષયાદિથી જીવ સદા નિવૃત્ત છે, પરંતુ ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી વિષયોની નિવૃત્તિ થઇ શકે છે.

તાત્પર્ય એ છે કે વ્યવહારનયના (૧) અનુપચરિત સદ્ભૂતવ્યવહારનય, (૨) અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય, (૩) ઉપચરિત સદ્ભૂતવ્યવહારનય અને (૪) ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય એ પ્રમાણે ચાર વિકલ્પો સંભવે છે.

વ્યવહારનય આત્માના ગુણોનો ભેદ કરીને સંબંધનું ગ્રહણ કરે છે. જેમ આત્માનું કેવલજ્ઞાન, આત્માનું મતિજ્ઞાન ઇત્યાદિ. જ્યારે નિશ્ચયનય સ્વગુણોનો અભેદ જ સ્વીકારે છે.

**અનુપચરિત સદ્ભૂતવ્યવહારનય :-** 'આત્માનું કેવલજ્ઞાન' એ કથન અનુપચરિત સદ્ભૂતવ્યવહારનયથી થઇ શકે છે, કેમ કે આત્માનો કેવળજ્ઞાનની સાથે સંબંધ ઉપચરિત નથી.

**ઉપચરિત સદ્ભૂતવ્યવહારનય :-** 'આત્માનું મતિજ્ઞાન' એ કથન ઉપચરિત સદ્ભૂતવ્યવહારનયથી થઇ શકે છે, કેમ કે જ્ઞાન એ આત્માનો ગુણ છે તેથી તે સદ્ભૂત છે. આમ છતાં મતિજ્ઞાન એ ક્ષયોપશમભાવનો ગુણ છે, ક્ષાયિકભાવનો ગુણ નથી, તેથી ઉપચરિત છે.

**અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનય :-** 'આત્માનું શરીર' એ કથન અનુપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી થઇ શકે છે, કેમ કે આત્માનો શરીર સાથે વ્યવહારથી સંબંધ પ્રતીત થાય છે, તેથી આત્મા અને શરીરનો સંબંધ ઉપચરિત નથી. પરંતુ અસદ્ભૂત એટલા માટે છે કે, શરીર એ આત્માના પરિણામરૂપ નથી.

**ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનય :-** 'આત્માના વિષયો' એ કથન ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી થઇ શકે છે, કેમ કે આત્માનો વિષયો સાથે ઉપચારથી સંબંધ સંભવે છે. કારણ કે વ્યવહારમાં પણ ભોગ્ય પદાર્થો પ્રત્યક્ષથી પૃથક્રૂપે પ્રતીત થાય છે, તો પણ આત્મા સાથે ઉપચારથી ભોગ્ય પદાર્થના સંબંધનો વ્યવહાર પ્રવર્તે છે.

આ રીતે ભોગ્યપદાર્થનો આત્મા સાથે ઉપચારથી વ્યવહાર પ્રવર્તે છે, તેથી ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી યથાજાતલિંગ ગ્રહણ કર્યા પછી જ વિષયાદિની નિવૃત્તિ થાય છે, તેમ દિગંબરને કહેવું છે. વળી નિશ્ચયનય પરિણામને જ માને છે, અને અશુદ્ધ નિશ્ચયનય અશુદ્ધ પરિણામને માને છે. તેથી અશુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ યથાજાતલિંગ ગ્રહણ કર્યા પછી અભ્યંતર અવ્રતપરિણામનો ત્યાગ થાય છે, અને ત્યાર પછી સમિતિ-ગુપ્તિઆદિરૂપ પાંચ મહાવ્રતસ્વરૂપ વ્યવહારવ્રતોનું પાલન થાય છે; અને તે વ્રતપાલનનો જ્યારે અતિશય થાય છે, ત્યારે સર્વ અશુભ સંસ્કારો ઉચ્છેદ પામે છે; અને તે વખતે ત્રણ ગુપ્તિરૂપ સમાધિકાળ પ્રાપ્ત થાય છે, અને તે ત્રિગુપ્તિલક્ષણ સમાધિકાળમાં, વ્યવહારવ્રતોનો ત્યાગ કરીને, કેવલજ્ઞાનનો ઉપલંભ થાય છે; એમ દિગંબરને કહેવું છે.

અહીં ત્રિગુપ્તિલક્ષણસમાધિકાળ એ છે કે, પ્રથમ ભૂમિકામાં જીવને અશુભ સંકલ્પ-વિકલ્પ પ્રવર્તતા હોય છે. તે અશુભ સંકલ્પ-વિકલ્પોની નિવૃત્તિ માટે શુભપ્રવૃત્તિરૂપ વ્યવહારવ્રતો છે. તે વ્યવહારવ્રતોમાં સમ્યક્ કસરત કરીને અશુભ પ્રવૃત્તિના ઉત્પાદક સંસ્કારોનો જ્યારે ઉચ્છેદ થાય છે, ત્યારે જીવને વિષયો તરફ જવાનો અવકાશ જ રહેતો નથી. તેથી જીવની વિશ્રાંતિનું અન્ય કોઇ અવલંબન નહિ રહેવાથી, આત્મમાત્રમાં વિશ્રાંત રહી શકે તેવો કાળ પ્રાપ્ત થાય છે અને તે જ ત્રિગુપ્તિલક્ષણસમાધિકાળ છે. અને તે ત્રિગુપ્તિલક્ષણસમાધિકાળમાં વ્યવહારવ્રતો અનુપયોગી હોવાથી, તે વ્યવહારવ્રતોને છોડીને જીવ આત્મમાત્રમાં વિશ્રાંત થાય છે.=શુદ્ધ આત્માના સ્વરૂપમાં એકાગ્રભાવને પામે છે. અને તેનાથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે મોક્ષની સામગ્રીમાં યથાજાતલિંગ પણ અવ્યભિચારી કારણ છે, એમ દિગંબરનો આશય છે.

અહીં વિશેષ એ છે કે, જે વ્યક્તિ સમ્યગ્ પ્રકારે યથાજાતલિંગને ગ્રહણ કરે છે, તે વ્યક્તિનો યત્ન ત્રણ પ્રકારનો છે. (૧)બાહ્ય વિષયના ત્યાગનો, (૨) અભ્યંતર અવ્રતના પરિણામના ત્યાગનો અને (૩) વ્યવહારવ્રતના પાલનનો.

નિશ્ચયનયની દૃષ્ટિથી વિષયોથી જીવની સદા નિવૃત્તિ હોવાથી તેમાં યત્ન સંભવતો નથી, તેથી તે યત્નને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનયથી ગ્રહણ કરેલ છે. અને અંતરંગ જે અવ્રતના પરિણામનો ત્યાગ છે, તે પણ વ્યવહારનયથી સંભવિત નથી, તેમ જ શુદ્ધ નિશ્ચયનયથી પણ સંભવિત નથી, પરંતુ અશુદ્ધ નિશ્ચયનયથી સંભવિત છે. કેમ કે વ્યવહારનયની દૃષ્ટિએ બાહ્ય પદાર્થનો ત્યાગ સંભવે, અને શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ આત્માને અવ્રતનો પરિણામ જ હોતો નથી, કે જેથી તેનો ત્યાગ સંભવે; તેથી અશુદ્ધ નિશ્ચયનયથી અભ્યંતર અવ્રતના પરિણામનો ત્યાગ અહીં ગ્રહણ કરેલ છે, અને વ્યવહારવ્રતોનું પાલન વ્યવહારનયની દૃષ્ટિથી ગ્રહણ કરેલ છે. તેથી ઉપચરિત અસદ્ભૂત વ્યવહારનય, અશુદ્ધ નિશ્ચયનય અને વ્યવહારનયની દૃષ્ટિથી કુલ ત્રણ પ્રકારનો યત્ન ત્યાં ગ્રહણ કરેલ છે, અને ત્યાર પછી ત્રણ ગુપ્તિનુ સામ્રાજ્ય પ્રગટે ત્યારે કેવલજ્ઞાન થાય છે. તેથી દિગંબરને એ કહેવું છે કે, એ ત્રણ પ્રકારના યત્નમાં ઉપચરિત અસદ્ભૂતવ્યવહારનયથી વિષયની નિવૃત્તિ આવશ્યક છે, અને તે યથાજાતલિંગ ગ્રહણ કર્યા વગર સંભવે નહિ; તેથી મોક્ષની સામગ્રીમાં યથાજાતલિંગ પણ અવ્યભિચારી કારણ છે.

અહીં પ્રશ્ન થાય કે, ભરતાદિને તો યથાજાતલિંગ વગર જ કેવલજ્ઞાનની પ્રાપ્તિ થઇ છે, તેથી યથાજાતલિંગને કારણ માનવામાં વ્યભિચાર આવશે. તેનો ઉત્તર આપતાં દિગંબર કહે છે કે, ભરતાદિને પણ તે પ્રકારે જ પ્રવૃત્તિ હોવાથી કેવલજ્ઞાન થયેલ; પરંતુ યથાજાતલિંગના ગ્રહણથી માંડીને કેવલજ્ઞાનની વચ્ચે અલ્પકાળ હોવાથી સ્થૂલ દૃષ્ટિવાળા જીવો વડે તે પ્રમાણે જણાતું નથી. અને **'तदुक्तं'** થી સ્વકથનની પુષ્ટિ કરવા દિગંબરે સાક્ષીપાઠ **पञ्चमुष्टिभिः .........** આપેલ છે. તેનું નિરાકરણ કરતાં **'मैवं'**થી ગ્રંથકારે જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, યથાજાતના લિંગના ઉપલંભના પૂર્વોક્ત ક્રમથી કેવલજ્ઞાન થાય છે, તેના વિના કેવલજ્ઞાન થતું નથી, એવું નથી. કેમ કે જ્યારે તત્ત્વચિંતનમાં ચડવાથી ધ્યાનની સામગ્રી પ્રાપ્ત થાય છે, તેના વશથી, અર્થાત્ તત્ત્વચિંતનના કારણે ધ્યાન પેદા થવાને અનુકૂળ ચિત્તની ભૂમિકા પેદા થાય છે તેના વશથી, જેનો પરિહાર શક્ય છે એવા ગૃહસ્થવેષાદિનો પણ પરિહાર કરવાની ઇચ્છાદિ નહિ હોવાને કારણે અપરિહાર હોતે છતે, વચનની સંવૃત્તિરૂપ, કાયાની સંવૃત્તિરૂપ અને સમત્વલક્ષણ મનની સંવૃત્તિરૂપ ત્રિગુપ્તિના સામ્રાજ્યમાં, કેવલજ્ઞાનનો અપ્રતિરોધ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં એ બતાવ્યું કે, નિશ્ચયનયની દૃષ્ટિથી પરિણામથી જ મોક્ષ છે; ત્યાં દિગંબર માન્યતા પ્રમાણે, મોક્ષસામગ્રીમાં યથાજાતલિંગ પણ આવશ્યક છે, તેના વગર મોક્ષ સંભવે નહિ; તેનું સ્થાપન કરીને નિરાકરણ કર્યું. હવે વળી કોઇ કહે છે કે, જીવરક્ષણાદિપ્રવૃત્તિરૂપ બાહ્ય વ્રત પણ કેવલજ્ઞાનમાં વિઘ્નભૂત છે; અને આ જાતની માન્યતા આધ્યાત્મિકોની છે, અને તે આધ્યાત્મિકો પરિણામ પ્રત્યે અતિનિવિષ્ટ દૃષ્ટિવાળા હોવાથી, પરિણામને ઉપકારક જે બાહ્ય આચાર છે, તે પણ તેમને મોક્ષમાં વિઘ્નભૂત લાગે છે. તેમની માન્યતા બતાવીને નિરાકરણ કરતાં કહે છે-

**ટીકા :- यैः पुनरुच्यते-**

'अव्रतानि परित्यज्य व्रतेषु परिवेष्टितः ।
त्यजेत्तान्यपि संप्राप्य परमं पदमात्मना ॥ [ ]

**इति, तेषामयमाशयो, यद् जीवघातादिनिवृत्तावपि जीवरक्षणादिप्रवृत्तिरेकदेशव्रतविकल्परूपा रागाऽविनाभाविनी निर्विकल्पकसमाधिविरोधिनीति कथं पुनरसौ न सौमनस्य प्रतिपन्थी? समाधीच्छयाऽन्यथा वा समाधेरिव रक्षणेच्छयाऽन्यथा वा जीवरक्षणादिप्रवृत्तेर्वीतरागत्वाऽविरोधित्वात्।**

**ટીકાર્થ :- 'यैः पुनः'** જેઓ વળી કહે છે - અવ્રતોનો ત્યાગ કરીને વ્રતોમાં પરિવેષ્ટિત એવો મુનિ આત્મા દ્વારા=સ્વપ્રયત્નથી, પરમપદને સંપ્રાપ્ત કરીને=નિર્વિકલ્પક સમાધિને પ્રાપ્ત કરીને, તેનો પણ=વ્રતોનો પણ, ત્યાગ કરે છે, એ પ્રમાણે તેઓનો આ આશય છે. તેઓના આશયને **'यद्'**થી બતાવતાં કહે છે - (**'यद्'** શબ્દ **'यदुत'** અર્થમાં છે.) જીવઘાતાદિની નિવૃત્તિ હોવા છતાં પણ એકદેશવ્રતવિકલ્પરૂપ જીવરક્ષણાદિની પ્રવૃત્તિ, રાગ સાથે અવિનાભાવિની નિર્વિકલ્પક સમાધિની વિરોધિની છે. એથી કરીને કેવી રીતે વળી આ=આશય, સૌમનસ્યનો પ્રતિપંથી નથી? અર્થાત્ આધ્યાત્મિકોનો આ આશય સૌમનસ્યનો પ્રતિપંથી છે. કેમ કે સમાધિની ઇચ્છાથી સમાધિની જેમ અથવા અન્યથા=બીજી રીતે, સમાધિની જેમ, રક્ષણની ઇચ્છાથી જીવરક્ષણાદિની પ્રવૃત્તિનું અથવા અન્યથા=બીજી રીતે, જીવરક્ષણાદિ પ્રવૃત્તિનું વીતરાગત્વની સાથે અવિરોધીપણું છે.

✽ '**यैः पुनरुच्यते**'થી કહ્યું તે કથન '**वीतरागत्वाऽविरोधित्वात्**' અહીં પુરું થાય છે. તાત્પર્ય એ છે કે, બીજા કોઇ જીવરક્ષાની પ્રવૃત્તિને નિર્વિકલ્પક સમાધિની વિરોધી કહીને બાહ્યક્રિયાને મોક્ષની વ્યાઘાતક કહે છે, તેનું નિરાકરણ અહીં પૂરું થાય છે.

**ભાવાર્થ :-** આધ્યાત્મિકોનો આશય એ છે કે, વ્રત એ આત્માના અસંયમના ત્યાગરૂપ સ્વપરિણામમાં રહેવા માટેની આચરણારૂપ છે. તે વ્રતોનો એક દેશ જીવરક્ષાદિની ક્રિયારૂપ છે. તેથી જીવરક્ષણાદિની પ્રવૃત્તિ એકદેશવ્રત વિકલ્પરૂપ છે, અર્થાત્ જીવરક્ષાનું પાલન કરવાની ઇચ્છાથી જન્ય પ્રવૃત્તિરૂપ છે. તેથી ઇચ્છારૂપ રાગવાળી તે પ્રવૃત્તિ છે. માટે રાગ સાથે અવિનાભાવિની તે પ્રવૃત્તિ હોવાથી, નિર્વિકલ્પક સમાધિ સાથે તે પ્રવૃત્તિનો વિરોધ છે. તેનો ઉત્તર આપતાં સિદ્ધાંતકારે '**समाधीच्छया ....... ऽविरोधित्वात्**', સુધી જે હેતુ કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે કોઇ વ્યક્તિને ચિત્તની સમાધિની ઇચ્છા થાય, અને તેથી તે વ્યક્તિ ચિત્તની સમાધિ માટે યત્ન કરે, અને તે યત્ન દ્વારા સમાધિને પ્રાપ્ત કરે, ત્યાં સમાધિની ઇચ્છારૂપ રાગથી પ્રવૃત્તિ હોવા છતાં, સમાધિની પ્રાપ્તિ વીતરાગત્વની વિરોધી નથી. અને સમાધિની ઇચ્છા વગર પણ, કોઇ બાહ્ય નિમિત્તને જોઇને સહજ રીતે ચિત્ત સમાધિદશાને પામે, તો પણ તે સમાધિ વીતરાગત્વની વિરોધી નથી. કેમ કે સમાધિ એ વીતરાગત્વને અનુકૂળ એવા ચિત્તના સ્વસ્થ પરિણામરૂપ છે. તે જ રીતે કોઇ વ્યક્તિને જીવરક્ષાની ઇચ્છાથી જીવરક્ષામાં પ્રવૃત્તિ થાય, તેમ જ કોઇ વ્યક્તિને બધા જીવો પ્રત્યે પોતાના તુલ્યત્વરૂપ સમત્વબુદ્ધિ થવાના કારણે જીવરક્ષણમાં પ્રવૃત્તિ થાય, તો તે જીવરક્ષણની પ્રવૃત્તિ વીતરાગત્વની વિરોધી નથી. કેમ કે જીવરક્ષણનો પરિણામ, એ વીતરાગત્વને અનુકૂળ એવા સર્વ જીવો પ્રત્યે પોતાના તુલ્ય બુદ્ધિને પેદા કરવાને અનુકૂળ કે પેદા થયેલ ભાવને અતિશય કરવાને અનુકૂળ એવા પ્રયત્નરૂપ છે.

**ઉત્થાન :-** '**स्यादेतत्**'થી દિગંબરે મોક્ષના અંગરૂપે દ્રવ્યલિંગને પણ અવિનાભાવીરૂપે સ્થાપન કર્યું તેનું નિરાકરણ કર્યું. વળી આધ્યાત્મિકો મોક્ષના અંગરૂપ એવા વ્યવહારવ્રતોને પણ નિર્વિકલ્પક સમાધિના વિરોધરૂપે સ્થાપન કરીને મોક્ષમાં અકારણ કહે છે; તેનું '**यै पुनरुच्यते**' થી કથન કરીને નિરાકરણ કર્યું. હવે પૂર્વમાં દિગંબરનું નિરાકરણ કરતાં કહેલું કે, ત્રણ ગુપ્તિનું સામ્રાજ્ય પ્રાપ્ત થયે છતે કેવલજ્ઞાન થાય છે; તે વાતને જ મોક્ષના કારણરૂપે અવિનાભાવરૂપે સ્થાપન કરતાં કહે છે-

**ટીકા :-** त्रिगुप्तिसाम्राज्यं पुनः केवलज्ञानसामग्रीभूतमवश्यमेष्टव्यमेव। तच्चेदम् -
**आर्त्तरौद्रध्यानानुबन्धिकल्पनाजालवियोगः परममाध्यस्थ्यपरिणतिर्योगनिरोधावस्थाभावी सर्वथा मनोनिरोधश्चेति त्रिधा मनोगुप्तिः। वाग्गुप्तिरपि मौनावलम्बनेन सर्वथा वा तन्निरोधरूपा मुखवस्त्राच्छादित-मुखेन संभाषणादिना वाक्संवृत्तिरूपा वा। कायगुप्तिरप्युपसर्गाद्युपनिपातेऽपि निश्चलता योगनिरोधे सर्वथा चेष्टापरिहारो वा शयनासनादिषु सिद्धान्तोक्तयतनाप्रकारेण चेष्टानियमरूपा च। तदुक्तम्-** ( योगशास्त्र १/४१-४२-४३-४४ )

विमुक्तकल्पनाजालं, समत्वे सुप्रतिष्ठितम् । आत्मारामं मनस्तज्ज्ञैर्मनोगुप्तिरुदाहृता ॥
संज्ञादिपरिहारेण यन्मौनस्यावलम्बनम् । वाग्वृत्तेः संवृतिर्वा या सा वाग्गुप्तिरिहोच्यते ॥
उपसर्गप्रसङ्गेऽपि कायोत्सर्गजुषो मुनेः । स्थिरीभावः शरीरस्य, कायगुप्तिर्निगद्यते ॥
शयनासननिक्षेपादानचङ्क्रमणेषु च । स्थाने च चेष्टानियमः कायगुप्तिस्तु सा परा ॥

**ટીકાર્થ :- त्रिगुप्तिसाम्राज्यं'** વળી ત્રિગુપ્તિસામ્રાજ્યને કેવલજ્ઞાનની સામગ્રીભૂત અવશ્ય જાણવું જ, અને તે આ છે-

(૧) આર્તરૌદ્રધ્યાનઅનુબંધી કલ્પનાજાલનો વિયોગ, (૨) પરમમાધ્યસ્થ્યપરિણતિ અને (૩) યોગનિરોધઅવસ્થાભાવી સર્વથા મનનો નિરોધ. આ પ્રમાણે ત્રણ પ્રકારે મનોગુપ્તિ છે. વાગ્ગુપ્તિ પણ (૧) મૌનના અવલંબનથી (૨) અથવા સર્વથા વચનયોગનિરોધરૂપ અને (૩) મુખવસ્ત્રથી આચ્છાદિત મુખથી સંભાષણાદિ વડે વાક્સંવૃત્તિરૂપ ત્રણ પ્રકારે છે. કાયગુપ્તિ પણ (૧) ઉપસર્ગાદિ ઉપનિપાતમાં પણ નિશ્ચલતા, (૨) યોગનિરોધમાં સર્વથા ચેષ્ટાપરિહારરૂપ અને (૩) શયન-આસનાદિમાં સિદ્ધાંતમાં ઉક્ત યતના પ્રકારથી ચેષ્ટાનિયમરૂપ છે.

તે જ કહેવાયું છે. (યોગશાસ્ત્ર શ્લોક ૧/૪૧-૪૨-૪૩-૪૪માં)

**'विमुक्त'** – કલ્પનાજાલથી વિમુક્ત, સમત્વમાં સુપ્રતિષ્ઠિત અને આત્મામાં રમણ કરતું મન, તેના જાણકાર વડે મનોગુપ્તિ કહેવાયેલ છે.

**'संज्ञादि'** – સંજ્ઞાદિના પરિહારથી જે મૌનનું અવલંબન અથવા વાગ્વૃત્તિની સંવૃત્તિ, તે અહીં વચનગુપ્તિ કહેવાય છે.

**'उपसर्ग'** – ઉપસર્ગ પ્રસંગમાં પણ કાયોત્સર્ગયુક્ત મુનિના શરીરનો સ્થિરીભાવ, તે કાયગુપ્તિ કહેવાયેલ છે.

**'शयन'** શયન, આસન, નિક્ષેપ, આદાન અને ચંક્રમણમાં અને સ્થાનમાં ચેષ્ટાનિયમ, તે વળી પરા કાયગુપ્તિ છે.

**ભાવાર્થ :-** (૧) આર્તધ્યાન અને રૌદ્રધ્યાનની અનુબંધી=ફલવાળી, એવી કલ્પનાજાલનો વિયોગ, એ પ્રથમ પ્રકારની મનોગુપ્તિ છે. જે મુનિ તપ-ત્યાગ અને સંયમના શુભ વિકલ્પોમાં જ ચિત્તને વ્યાપૃત કરે છે તે શુભયોગવાળા મુનિને આ પ્રથમ મનોગુપ્તિ હોય છે, અને દેશવિરતિધરને જ્યારે ધર્મઅનુષ્ઠાનમાં શુભ વિકલ્પો પ્રવર્તતા હોય ત્યારે આ પ્રથમ મનોગુપ્તિ હોય છે, અને અપુનર્બંધકને જ્યારે સત્પ્રવૃત્તિવિષયક શુભ સંકલ્પ-વિકલ્પો પ્રવર્તતા હોય ત્યારે બીજરૂપે આ પ્રથમ મનોગુપ્તિ હોય છે. (૨) અને પરમમાધ્યસ્થ્યપરિણતિરૂપ બીજી મનોગુપ્તિ શુદ્ધ ઉપયોગવાળા મુનિને જ હોય છે; જે નિર્વિકલ્પ દશારૂપ છે, અને ક્ષપકશ્રેણિ-ઉપશમશ્રેણિને અભિમુખ છે, યાવત્ સંસાર અને મોક્ષ પ્રત્યે સમાન ચિત્તરૂપ છે. (૩) અને શૈલેશી અવસ્થામાં ચરમ મનોગુપ્તિ હોય છે.

(૧) વચનગુપ્તિ પણ મૌનના અવલંબનથી, કે જે મુનિને બોલવાનું કોઇ પ્રયોજન ન હોવાથી, બાહ્ય કે અંતર જલ્પાકારરૂપે વચનનો નિરોધ કરીને, કેવલ શાસ્ત્રના તત્ત્વમાં ન્યસ્ત માનસવાળો કે ધ્યાનમાં મગ્ન હોય ત્યારે વર્તે છે; તે જ રીતે દેશવિરતિધરને પણ સામાયિકાદિ કાળમાં તથાવિધ યત્ન વખતે વર્તે છે; અને અપુનર્બંધકને

પણ મૌનનું અવલંબન કરીને શાસ્ત્રાનુસારી પદાર્થમાં ન્યસ્ત માનસ હોય છે ત્યારે બીજરૂપે વર્તે છે. (૨) અને સર્વથા વચનનિરોધરૂપ બીજા પ્રકારની વચનગુપ્તિ શૈલેશીકરણના યત્નથી થાય છે. (૩) અને વાગ્સંવૃત્તિરૂપ વચનગુપ્તિ, મુનિને કે સામાયિકાદિમાં દેશવિરતિધરને અને અપુનર્બંધકને બીજરૂપે વાગ્સમિતિ કાળ સહવર્તી હોય છે.

(૧) ઉપસર્ગાદિમાં નિશ્ચલતારૂપ કાયગુપ્તિ, અપ્રમત્ત મુનિને હોય છે, અને અપ્રમત્ત દેશવિરતિધર શ્રાવકોને પણ હોય છે, અને અપુનર્બંધકને બીજરૂપે હોય છે. (૨) અને સર્વથા ચેષ્ટાપરિહારરૂપ કાયગુપ્તિ, યોગનિરોધ અવસ્થામાં હોય છે. (૩) અને ચેષ્ટાનિયમરૂપ કાયગુપ્તિ, સર્વવિરતિધરને હોય છે, અને સામાયિક પૌષધાદિમાં દેશવિરતિધરને હોય છે, અને અપુનર્બંધકને બીજરૂપે હોય છે.

**ટીકા :- अथात्रापि प्रवृत्तिपरिणामरूपा गुप्तिर्निवृत्तिपरिणामविरोधिनीति चेत्? हन्त तर्हि निवृत्तिपरिणामोऽपि मनोयोगप्रवृत्तिपरिणाम एवेति स्वमपि स्वयं विरुन्ध्यात्। परप्रवृत्तिः स्वप्रवृत्तिविरोधिनीति चेत्? न, शुक्लध्यानसंपृक्तान्तर्जल्पविकल्पस्यापि तथात्वाऽऽपत्तेः। 'बाह्यप्रवृत्तिस्तथेति' चेत्? न, प्रवृत्तेरबाह्यत्वात्, बाह्यविषयत्वस्य च निर्वक्तुमशक्यत्वात्, 'एकदेशनिवृत्तिः सर्वनिवृत्तिविरोधिनीति' चेत्? न, कार्त्स्न्येन योगनिवृत्तेस्तदानीमभावात्, विकल्पनिवृत्तेश्चान्तःपरिणाममात्रसाध्यत्वात्।**

**ટીકાર્થ :- 'अथ'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, અહીં પણ=ઉપરમાં કહેલ ત્રણ પ્રકારના ગુપ્તિ પરિણામમાં પણ, પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ, નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિની વિરોધી છે. તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે, તો પછી નિવૃત્તિનો પરિણામ પણ મનોયોગપ્રવૃત્તિપરિણામરૂપ જ છે. એથી કરીને સ્વયં=પોતે સ્વનો પણ વિરોધી થાય.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, મનોગુપ્તિમાં જે પ્રથમ મનોગુપ્તિ છે તે પ્રવૃત્તિપરિણામરૂપ છે; અને વાગ્ગુપ્તિમાં વાગ્સંવૃત્તિરૂપ જે વચનગુપ્તિ છે તે પ્રવૃત્તિપરિણામરૂપ છે; અને કાયગુપ્તિમાં ચેષ્ટાના નિયમરૂપ કાયસંવૃત્તિ છે, તે પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ છે. તે ત્રણેય પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ તેનાથી અન્ય નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિની વિરોધી છે. તેથી તેના દ્વારા પરમમાધ્યસ્થ્યપરિણતિરૂપ નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિનો, અને યોગનિરોધરૂપ નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિનો, પ્રાદુર્ભાવ શી રીતે થઇ શકે? એમ પૂર્વપક્ષીનું તાત્પર્ય છે; અને કેવલજ્ઞાનમાં જે ત્રિગુપ્તિનું સામ્રાજ્ય અપેક્ષિત છે, ત્યાં નિવૃત્તિપરિણામરૂપ જ ગુપ્તિ જોઇએ, એમ પૂર્વપક્ષીનો આશય છે. તેના સમાધાનરૂપે **'हन्त तर्हि .......विरुन्ध्यात्।'** સુધી જે કથન કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, મનોગુપ્તિમાં પરમમાધ્યસ્થ્યપરિણતિરૂપ જે નિવૃત્તિપરિણામ છે, તે જગતના તમામ પદાર્થો પ્રત્યે પરમમાધ્યસ્થ્યથી યુક્ત એવા ધ્યાનના પરિણામરૂપ છે; અને તે મનોયોગના પ્રવૃત્તિપરિણામરૂપ છે. તે જ રીતે વચન અને કાયાનો જે સમ્યગ્ નિરોધ માટેનો યત્ન છે, તે પણ મનોયોગના પ્રવૃત્તિપરિણામરૂપ છે. એથી કરીને જે નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ છે, તે પોતે પણ અપેક્ષાએ પ્રવૃત્તિપરિણામરૂપ છે. માટે તે નિવૃત્તિપરિણામ સ્વયં પોતાનો વિરોધી થશે. અને જો તે નિવૃત્તિપરિણામ સ્વયં પોતાનો વિરોધી નથી એમ સ્વીકારો, તો તે જ રીતે પ્રવૃત્તિપરિણામરૂપગુપ્તિ પણ, નિવૃત્તિપરિણામરૂપગુપ્તિની વિરોધી નથી; પરંતુ તેને અનુકૂળ છે.

**ટીકાર્થ :- 'परप्रवृत्तिः'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ પ્રત્યે પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ વિરોધી નથી એમ તમે સિદ્ધ કર્યું, તો પણ પરપ્રવૃત્તિ સ્વપ્રવૃત્તિની વિરોધી છે.=પુદ્‌ગલમાં કરાતી પ્રવૃત્તિ આત્મામાં કરાતી પ્રવૃત્તિની વિરોધી છે. તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે શુક્લધ્યાનસંપૃક્ત અંતર્જલ્પવિકલ્પની પણ તથાપણાની આપત્તિ આવશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, યદ્યપિ નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ પણ પ્રવૃત્તિરૂપ છે, તો પણ તે પુદ્‌ગલની પ્રવૃત્તિરૂપ નથી, પરંતુ પુદ્‌ગલના ભાવોમાંથી નિવૃત્ત થવારૂપ મનોયોગની પ્રવૃત્તિરૂપ પરિણામસ્વરૂપ છે. પરંતુ જે પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ છે તે આત્માથી ભિન્ન એવા પુદ્‌ગલોમાં પ્રવૃત્તિસ્વરૂપ છે, તેથી તે પરપ્રવૃત્તિ આત્મામાં પ્રવૃત્તિ કરવારૂપ સ્વપ્રવૃત્તિની વિરોધી છે, માટે નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ કે જે સ્વપ્રવૃત્તિપરિણામસ્વરૂપ છે તેને જ ગુપ્તિરૂપે માનવી આવશ્યક છે; પરંતુ પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિને ગુપ્તિરૂપે માનવી ઉચિત નથી; એમ પૂર્વપક્ષીનું તાત્પર્ય છે. તેના સમાધાન રૂપે **'शुक्लध्यान ....... ऽऽपत्तेः।'** સુધીનો જે હેતુ કહ્યો તેનું તાત્પર્ય એ છે કે, શ્રેણિમાં જ્યારે શુક્લધ્યાન પ્રવર્તે છે ત્યારે, શુક્લધ્યાન શ્રુતના અંતર્જલ્પવિકલ્પરૂપ ધ્યાનસ્વરૂપે પ્રવર્તે છે, તે મનોયોગરૂપ અથવા તો કદાચ ભાષારૂપવચન હોય તો વચનયોગરૂપ હોવાના કારણે, મનોવર્ગણા કે ભાષાવર્ગણાના પુદ્‌ગલોમાં પ્રવૃત્તિસ્વરૂપ છે. તેથી તે પરપ્રવૃત્તિરૂપ હોવાના કારણે, શુક્લધ્યાનમાં આત્મામાં પ્રતિષ્ઠાન થવારૂપ જે સ્વપ્રવૃત્તિ છે, તેની વિરોધી પરપ્રવૃત્તિ બનશે.

**ટીકાર્થ :- 'बाह्य'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, બાહ્યપ્રવૃત્તિ છે તે રૂપ પરપ્રવૃત્તિ તે પ્રમાણે છે=આત્માની સ્વપ્રવૃત્તિ સાથે વિરોધી છે. તેના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે પ્રવૃત્તિનું અબાહ્યપણું છે અને બાહ્યવિષયપણાનું નિર્વચન કરવા માટે અશક્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીને એ કહેવું છે કે, બાહ્યપ્રવૃત્તિ છે તે રૂપ પરપ્રવૃત્તિ આત્માની સ્વપ્રવૃત્તિ સાથે વિરોધી છે; જ્યારે શુક્લધ્યાનકાળમાં અંતર્જલ્પવિકલ્પરૂપ જે પરપ્રવૃત્તિ છે, તે અંતરંગ હોવાના કારણે, આત્માની સ્વપ્રવૃત્તિ સાથે વિરોધી નથી. તેનું સમાધાન કરતાં કહ્યું કે, પ્રવૃત્તિનું અબાહ્યપણું છે અને બાહ્યવિષયપણાનું નિર્વચન અશક્ય છે. તેનું તાત્પર્ય એ છે કે, જે પ્રવૃત્તિ જીવના પરિણામરૂપ છે, તેને બાહ્ય કહી શકાય નહિ. તેથી પૂર્વપક્ષી કહે છે કે, પ્રવૃત્તિ ભલે જીવપરિણામરૂપ હોય, પરંતુ પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ છે તેનો વિષય બાહ્ય છે, તેથી બાહ્યવિષયત્વરૂપ બાહ્યપ્રવૃત્તિ સ્વપ્રવૃત્તિની વિરોધી છે. તેથી બીજો હેતુ કહે છે કે, પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિમાં બાહ્ય વિષયપણાનું કથન કરવું શક્ય નથી, કેમ કે બાહ્યવિષયપ્રવૃત્તિ તે જ કહેવાય કે જેનાથી જીવ પુદ્‌ગલોમાં પ્રવર્તતો હોય, અને કર્મને બાંધતો હોય; જ્યારે પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ તો જીવને સંસારના ભાવોમાંથી નિવૃત્ત કરીને સંયમને અભિમુખ કરનારી છે. તેથી પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ બાહ્ય વિષયક છે તેમ કહી શકાય નહિ.

**ટીકાર્થ :- 'एकदेश'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, એકદેશનિવૃત્તિ સર્વનિવૃત્તિની વિરોધી છે. તેનું સમાધાન કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે કાર્ત્સ્ન્યથી=સંપૂર્ણપણાથી, યોગનિવૃત્તિનો ત્યારે અભાવ છે અને વિકલ્પનિવૃત્તિનું અન્તઃપરિણામમાત્ર સાધ્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિમાં નિયંત્રિત પ્રવૃત્તિ હોવાના કારણે એકદેશની નિવૃત્તિ છે, જ્યારે નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ સર્વનિવૃત્તિરૂપ છે; અને એકદેશની નિવૃત્તિ સર્વ નિવૃત્તિની વિરોધી છે, તેથી પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ માનવી યુક્ત નથી; કેમ કે સર્વનિવૃત્તિની તે સાધક નથી પરંતુ બાધક છે; અને સર્વનિવૃત્તિરૂપ જ ગુપ્તિ કેવલજ્ઞાન માટે આવશ્યક છે. તેના જવાબરૂપે સિદ્ધાંતકાર કહે છે કે તેમ ન કહેવું, કેમ કે નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિકાળમાં પણ, સંપૂર્ણપણાથી યોગનિવૃત્તિ નહિ હોવાના કારણે, સંપૂર્ણપણાથી યોગનિવૃત્તિનો ત્યારે અભાવ છે, તેથી તે વખતે પણ એકદેશનિવૃત્તિ માનવી પડશે; અને એકદેશનિવૃત્તિ સર્વનિવૃત્તિની વિરોધી હોય તો, નિવૃત્તિપરિણામરૂપ ગુપ્તિને પણ ગુપ્તિ કહી શકાશે નહિ.

અહીં પૂર્વપક્ષી શંકા કરે કે, સંપૂર્ણપણાથી યોગની નિવૃત્તિ ચૌદમા ગુણસ્થાનકે હોવાને કારણે, સર્વ કર્મના ક્ષયની સાધક યોગનિવૃત્તિ ક્ષપકશ્રેણિમાં ભલે ન હોય, પણ ક્ષપકશ્રેણિમાં વિકલ્પની નિવૃત્તિ છે, અને તે નિવૃત્તિરૂપ ગુપ્તિ કેવલજ્ઞાન માટે આવશ્યક છે, અને પ્રવૃત્તિપરિણામરૂપગુપ્તિ બાધક છે, કેમ કે ત્યાં વિકલ્પની નિવૃત્તિ નથી; એ પ્રકારે પૂર્વપક્ષીના આશયને સામે રાખીને, બીજો હેતુ કહે છે કે, વિકલ્પની નિવૃત્તિનું અંતઃપરિણામમાત્ર સાધ્યપણું છે. તેનું તાત્પર્ય એ છે કે, ક્ષપકશ્રેણિકાળમાં યદ્યપિ વિકલ્પની નિવૃત્તિ છે, અને પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિમાં વિકલ્પો પ્રવર્તે છે, તો પણ વિકલ્પોની નિવૃત્તિ બાહ્યપ્રવૃત્તિના નિવર્તનથી સાધ્ય નથી, પરંતુ બાહ્યપ્રવૃત્તિ વર્તતી હોય તો પણ, વિકલ્પની નિવૃત્તિને અનુકૂળ અંતરંગ પરિણામ પેદા થાય તો, વિકલ્પની નિવૃત્તિ થઇ શકે છે; અને બાહ્ય નિવૃત્તિ હોવા છતાં વિકલ્પની નિવૃત્તિને અનુકૂળ અંતરંગ પરિણામ પેદા ન થાય તો, વિકલ્પો નિવર્તન પામતા નથી. તેથી બાહ્યપ્રવૃત્તિરૂપ જે પ્રવૃત્તિરૂપ ગુપ્તિ છે, તે વિકલ્પનિવૃત્તિની વ્યાઘાતક છે, તેમ કહી શકાય નહિ. પરંતુ અશુભ વિકલ્પની પરંપરાના નિવર્તન દ્વારા, પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ વિકલ્પની નિવૃત્તિને અનુકૂળ એવા અંતઃપરિણામને પેદા કરવામાં સહાયક છે. તેથી તેના દ્વારા જો અંતઃપરિણામ પેદા થઇ જાય તો, વિકલ્પોની નિવૃત્તિ થઇ શકે. તેથી સર્વનિવૃત્તિરૂપ વિકલ્પનિવૃત્તિ છે, તેના એકદેશનિવૃત્તિરૂપ જે પ્રવૃત્તિપરિણામરૂપ ગુપ્તિ છે, તે વિરોધી માની શકાય નહિ.

**ટીકા :- अथ शुभाऽशुभवाक्कायव्यापाररूपबाह्यक्रियायाः शुभाऽशुभमनोविकल्परूपाभ्यन्तरक्रियायाश्च निवृत्तिः परमचारित्रम्, तदुक्तं द्रव्यसङ्ग्रहे-**

[1]"बहिरब्भन्तरकिरियारोहो भवकारणप्पणासट्ठम् ।
नाणिस्स जं णिजुत्तं तं परमं सम्मचारित्तं ॥ ति, (४६)

**तच्च कथं बहिःक्रियायां संभवति? इति चेत्? न, तदानीमपि हेतुभूतान्तर्विकल्पोपक्षयादेव केवलोपलम्भादिति शतशः प्रतिपादितत्वात्, बहिःक्रियायास्तद्विरोधित्वे च सूक्ष्मकायक्रियाया अपि तद्विरोधित्वप्रसङ्गात्, स्थूलक्रियात्वेन तद्विरोधित्वेऽतिप्रसङ्गात्, मोहपूर्वकक्रियात्वेन विरोधित्वे च मोहत्वेनैव तथात्वौचित्यादिति निश्चयनयनिष्कर्षात्।**

---

१. बाह्याभ्यन्तरक्रियारोधो भवकारणप्रणाशार्थम् । ज्ञानिनो यन्नियुक्तं तत्परमं सम्यक्चारित्रम् ॥

**ટીકાર્થ :- 'अथ'** અહીં પૂર્વપક્ષી કહે છે કે, શુભાશુભ વચન તથા કાયવ્યાપારરૂપ બાહ્યક્રિયાની અને શુભાશુભ મનોવિકલ્પરૂપ અભ્યંતર ક્રિયાની નિવૃત્તિ પરમચારિત્ર છે.

તે દ્રવ્યસંગ્રહમાં કહેલું છે - ભવના કારણના પ્રણાશ માટે જે જ્ઞાનીનો બાહ્ય અને અભ્યંતર ક્રિયાનો નિરોધ નિયુક્ત છે, અર્થાત્ આત્મા સાથે જોડાયેલ છે, તે પરમ સમ્યક્ચારિત્ર છે; અને તે બાહ્યક્રિયામાં કેવી રીતે સંભવી શકે? તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે ત્યારે પણ=જ્યારે બાહ્યક્રિયા વર્તે છે ત્યારે પણ, હેતુભૂત એવા અંતઃવિકલ્પના ઉપક્ષયથી જ=કેવલજ્ઞાનના હેતુભૂત એવા અંતઃવિકલ્પના ઉપક્ષયથી જ, કેવલજ્ઞાનનો ઉપલંભ થાય છે, એ કથન સેંકડો વાર=અનેકવાર, પ્રતિપાદન કર્યું છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, અભ્યંતર ક્રિયા ભલે પરમચારિત્રની વિરોધી ન થાય, પરંતુ બાહ્યક્રિયા તો વિરોધી થશે ને? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'बहिः'** બાહ્યક્રિયાના તદ્વિરોધીપણામાં=પરમચારિત્રના વિરોધીપણામાં, સૂક્ષ્મકાયક્રિયાનો પણ તદ્વિરોધીપણાનો=પરમચારિત્રના વિરોધીપણાનો, પ્રસંગ આવશે. અને ચૌદમા ગુણસ્થાનક પહેલાં સૂક્ષ્મકાયક્રિયા તો અવશ્ય હોય જ છે તેથી ક્ષપકશ્રેણીમાં પણ પરમચારિત્ર માની શકાશે નહિ.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, સ્થૂલક્રિયાત્વેન વિરોધી કહીશું, સૂક્ષ્મક્રિયાને નહિ. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'स्थूल'** સ્થૂલક્રિયાત્વેન તદ્વિરોધીપણામાં અર્થાત્ પરમચારિત્રના વિરોધીપણામાં અતિપ્રસંગ આવે છે.

ભાવાર્થ :- તાત્પર્ય એ છે કે, સ્થૂલ બાહ્યક્રિયા વિરોધી છે, અને સૂક્ષ્મ નહિ; એમ કહેશો તો કેવલીઓને પણ વિહાર-ઉપદેશાદિરૂપ સ્થૂલ બાહ્યક્રિયાઓ હોવાથી, પરમચારિત્ર નાશ થવાની આપત્તિ આવશે; અને તેમને પણ અપકૃષ્ટ ચારિત્રવાળા બની જવાનો અતિપ્રસંગ આવશે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, મોહપૂર્વકની ક્રિયાઓ જ પરમચારિત્રનો વિરોધ કરનારી છે અને કેવલીઓને મોહપૂર્વકની ક્રિયા નથી, માટે અતિપ્રસંગ નહિ આવે. તો કહે છે-

**ટીકાર્થ :- 'मोहपूर्वक'** મોહપૂર્વકક્રિયાત્વેન વિરોધીપણામાં મોહત્વથી જ તથાત્વનું ઉચિતપણું છે. અર્થાત્ મોહપૂર્વકની ક્રિયાને વિરોધી માનવા કરતાં મોહને જ વિરોધી માનવો ઉચિત છે, એ પ્રમાણે નિશ્ચયનયનો નિષ્કર્ષ છે.

**ઉત્થાન :-** શ્લોકના પ્રારંભથી માંડીને **'निश्चयनयनिष्कर्षात्'** સુધીના કથનનું નિગમન કરતાં કહે છે -

**ટીકા :- तस्मात् स्वपरिणामस्यैव स्वकार्यसिद्धिक्षमत्वाद् बाह्ययोगानामकिञ्चित्करतेति स्थितम्। यदाहुः-**

[१] परमरहस्समिसीणं समत्तगणिपिडगझरियसाराणं।
परिणामियं पमाणं निच्छयमवलंबमाणाणं ॥ ति (ओघ नि. १०९८) ॥५७॥

**ટીકાર્થ :-** તે કારણથી સ્વપરિણામનું જ સ્વકાર્યસિદ્ધિક્ષમપણું છે, બાહ્ય યોગોની અકિંચિત્કરતા છે; એ પ્રમાણે સ્થિત છે. જે કારણથી કહ્યું છે -

**'परम'** નિશ્ચયનયનું અવલંબન કરનારા, સમસ્ત ગણિપિટકના અર્થાત્ દ્વાદશાંગીના ઝરિતસારને પામેલા, ઋષિઓનું પરિણામ પ્રમાણ છે. (અને) આ પરમ રહસ્ય છે.**॥૫૭॥**

**અવતરણિકા :- उक्तमेव विशिष्य विवेचयति-**

**અવતરણિકાર્થ :-** ઉક્ત વાતનું જ=સ્વપરિણામનું જ, સ્વકાર્યસિદ્ધિમાં સમર્થપણું છે, એ વાતનું જ વિશેષ કરીને વિવેચન કરે છે -

**ગાથા :-** **सिद्धी णिच्छयओ च्चिय, दोण्हं संजोगओ अ छेयत्तम् ।**
**कत्थइ दोण्हवि उवओगो तुल्लवं चेव ॥५८॥**

( सिद्धिर्निश्चयत एव द्वयोः संयोगतश्च छेकत्वम् । कुत्रचित् द्वयोरपि उपयोगस्तुल्यवदेव ॥५८॥ )

**ગાથાર્થ :- સિદ્ધિ નિશ્ચયથી જ છે=નિશ્ચયને અભિમત એવા ભાવલિંગથી જ છે, અને બેના સંયોગથી છેકપણું છે =નિશ્ચયને અભિમત ભાવલિંગથી સહિત એવા દ્રવ્યલિંગના સંયોગથી છેકપણું=નમસ્કરણ યોગ્યતા છે, અને કોઈક ઠેકાણે=જ્ઞાન-ક્રિયાસ્થળમાં, બંનેનો પણ ઉપયોગ સમાન જ છે.**

❀ સંવેગી ઉપાશ્રયની હસ્તપ્રતિમાં **'कत्थइ'** પાઠ છે અને આ જ ગાથાની ટીકામાં આગળ **अत एवाह-** **'कत्थइ दोण्हवि उवओगो तुल्लवं चेव'** એ પ્રમાણે ગાથાનું પ્રતીક છે ત્યાં પણ **'कत्थइ'** પાઠ છે, તેથી એ મુજબ અમે અહીં ગાથામાં **'कत्थइ'** પાઠ રાખેલ છે. આ સ્થાને પાટણની હસ્તપ્રતિમાં **'कत्थइ'**[२] આ પ્રમાણે પાઠ છે, તે મુજબ છાયામાં **'कुत्रचित् कुत्रचित्'** કરેલ છે તે વિચારવું. અમે અહીં **'कत्थइ'** પાઠ મુજબ **'कुत्रचित्'** રાખેલ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, મોક્ષની પ્રાપ્તિ દ્રવ્યલિંગથી નથી પણ ભાવલિંગથી છે; એ પ્રમાણે નિશ્ચયનયનું વચન છે, અને મોક્ષની પ્રાપ્તિમાં વ્યવહારનયને અભિમત જે બાહ્ય આચરણા છે, તેને નિશ્ચયનય અવજર્યસન્નિધિરૂપે સ્વીકારે છે, અને તેથી જ કોઈક ઠેકાણે બાહ્ય ક્રિયા વગર પણ ભાવથી કાર્યની નિષ્પત્તિ થાય છે; અને ભાવની

१. परमरहस्यमृषीणां समस्तगणिपिटकझरितसाराणाम् । पारिणामिकं प्रमाणं निश्चयमवलम्बमानानाम् ॥

સાથે કાર્યની વ્યાપ્તિ છે, તેથી નિશ્ચયથી સિદ્ધિ છે તેમ કહેલ છે. અને જ્ઞાન-ક્રિયાસ્થળમાં મોક્ષનું કારણ વ્યવહારનયને જ્ઞાન અભિમત છે, અને નિશ્ચયનયને ચારિત્ર અભિમત છે; કેમ કે ચારિત્ર મોક્ષ પ્રત્યે અનંતર કારણરૂપ છે, અને જ્ઞાન એ ચારિત્રના કારણરૂપ છે; અને જ્ઞાન સન્માર્ગના સમ્યગ્ પરિચ્છેદનમાં વિશ્રાંત થાય છે, અને ચારિત્ર સન્માર્ગમાં સમ્યગ્ અંતરંગ પ્રયાણમાં વિશ્રાંત થાય છે, જે પરાકાષ્ઠાને પામીને મોક્ષરૂપ કાર્યને પેદા કરે છે. આ રીતે મોક્ષ પ્રત્યે ચારિત્ર સાક્ષાત્ કારણ હોવાથી નિશ્ચયનય ચારિત્રને મોક્ષના કારણ તરીકે સ્વીકારે છે, અને જ્ઞાનને ચારિત્રના કારણ તરીકે માને છે, મોક્ષના કારણ તરીકે જ્ઞાનને નિશ્ચયનય સ્વીકારતો નથી. અને વ્યવહારનય કહે છે કે જ્ઞાન, ચારિત્ર દ્વારા મોક્ષ પ્રત્યે કારણ છે, તેથી ચારિત્ર વ્યાપારસ્થાનીય છે, મોક્ષની પ્રાપ્તિ તો સમ્યગ્ જ્ઞાનથી થાય છે; કેમ કે સમ્યગ્જ્ઞાન વગર ચારિત્ર પણ સમ્યગ્ નહિ હોવાના કારણે, ફલઅસાધક છે. તેથી મોક્ષનો અર્થી જીવ સમ્યગ્જ્ઞાનમાં જ પ્રયત્ન કરે છે, અને સમ્યગ્જ્ઞાન સ્વયં સમ્યગ્યત્નને પેદા કરીને ચારિત્રની નિષ્પત્તિ કરે છે. માટે કાર્યાર્થીનો જેમાં યત્ન હોય તે જ ખરેખર કારણ કહેવાય, તેથી જ્ઞાનને જ મોક્ષ પ્રત્યે કારણ માનવું ઉચિત છે. અને સ્થિતપક્ષ, જ્ઞાન અને ક્રિયાને મોક્ષ પ્રત્યે તુલ્ય કારણરૂપે સ્વીકારે છે; કેમ કે જ્ઞાન વગર ક્રિયા સમ્યગ્ થતી ન હોવાથી નિષ્ફળ જાય છે, અને જ્ઞાન પણ ક્રિયાને પેદા કર્યા વગર કાર્યક્ષમ બનતું નથી; તેથી જ્ઞાનને માનનાર વ્યવહારનયનો અને ક્રિયાને માનનાર નિશ્ચયનયનો તુલ્યવદ્=સમાન, ઉપયોગ છે. અને બાહ્યક્રિયાને કારણ માનનાર વ્યવહાર અને ભાવલિંગને કારણ માનનાર નિશ્ચય, એ બંનેનું ગ્રહણ કરીએ ત્યારે નિશ્ચયથી જ સિદ્ધિ છે તેમ પ્રાપ્ત થાય છે, માત્ર બાહ્ય ક્રિયા તો ભાવલિંગમાં નિમિત્તમાત્રરૂપે ઉપકારક છે.

ટીકા:- **इह हि निश्चयव्यवहारयोर्बलवत्त्वाऽबलवत्त्वे विचार्यमाणे सिद्धिस्तावदात्मनो मोक्षलक्षणा नैश्चयिकेन भावलिङ्गेनैवेति निश्चय एव बलवान्। नमस्करणार्हतारूपं छेकत्वं भावलिङ्गसध्रीचीन द्रव्यलिङ्गस्यैवेति तस्यापि बलवत्त्वं, तदुक्तं वंदनकनिर्युक्तौ-**

[1]रूप्पं टंकं विसमाहयक्खरं ण विय रूवगो च्छेओ।
दुण्हंपि समाओगे रूवो च्छेयत्तणमुवेइ ॥ (११३८)
[2] रूप्पं पत्तेयबुहा, टंकं जे लिंगधारिणो समणा।
दव्वस्स य भावस्स य, छेओ समणो समाओगे ॥ त्ति (११३९)

**अत्र हि रूप्यमशुद्धं टंकं विषमाहताक्षरमिति चरकादिषु प्रथमो भङ्गो, रूप्यमशुद्धं टंकं समाहताक्षरमिति द्वितीयः पार्श्वस्थादिषु, रूप्यं शुद्धं टंकं विषमाहताक्षरमिति प्रत्येकबुद्धादिषु तृतीयो, रूप्यं शुद्धं टंकं समाहताक्षरमिति चतुर्थः शुद्धवेषसाधुषु। अयमेव चाविकलार्थक्रियाकारितयोपादेयो, भावलिङ्गस्य सर्वत्र यथावन्निश्चेतुमशक्यत्वात्।**

**ટીકાર્થ :- 'इह हि'** – ખરેખર અહીં અર્થાત્ નિશ્ચય અને વ્યવહારના બલવાનપણાની અને અબલવાનપણાની વિચારણામાં, આત્માની મોક્ષલક્ષણા સિદ્ધિ નૈશ્ચયિક એવા ભાવલિંગથી જ છે, એથી કરીને નિશ્ચય જ બલવાન

---

१. रूपं टंकं विषमाहताक्षरं नापि रुपकश्छेकः। द्वयोरपि समायोगे रुपश्छेकत्वमुपैति ॥

२. रूपं प्रत्येकबुद्धाष्टंकं ये लिङ्गधारिणः श्रमणाः। द्रव्यस्य च भावस्य च छेकः श्रमणः समायोगे ॥

છે. ભાવલિંગ સધ્રીચીન દ્રવ્યલિંગનું જ નમસ્કરણઅર્હતારૂપ છેકત્વ છે. એથી કરીને તેનું પણ=દ્રવ્યલિંગનું પણ, બલવાનપણું છે.

'**तदुक्तं**' - તે વંદનક નિર્યુક્તિમાં કહ્યું છે-

'**रूप्पं**' - રૂપું અને વિષમાક્ષર ટાંકવાળો એવો રૂપિયો વ્યવહારયોગ્ય નથી. બંનેના પણ સમાયોગમાં અર્થાત્ શુદ્ધ રૂપું અને સાચી ટાંક એ બંનેના સમાયોગમાં, રૂપિયો વ્યવહારયોગ્યતાને પામે છે.

'**रूप्पं**' - રૂપાના સ્થાને પ્રત્યેકબુદ્ધ છે અને લિંગધારી શ્રમણો ટાંક જેવા છે. દ્રવ્ય અને ભાવના સમાયોગમાં શ્રમણ છેક અર્થાત્ નમસ્કરણ યોગ્ય છે. '**त्ति**' શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ છે.

**ભાવાર્થ :-** સાધુવેષ ધારણ નથી કર્યો એવા પ્રત્યેકબુદ્ધ ચાંદી જેવા છે, અને ભાવ વગરના લિંગધારી શ્રમણો છાપ જેવા છે, અને સાધુવેષ ધારણ કરેલ છે અને ભાવસાધુપણું છે એવા શ્રમણો નમસ્કરણયોગ્ય છે.

**ટીકાર્થ :- 'अत्र'** - અહીંયાં અર્થાત્ વંદનકનિર્યુક્તિના કથનમાં (૧) રૂપ્ય અશુદ્ધ અને વિષમાક્ષર ટંક એ પ્રમાણે પ્રથમ ભંગ ચરકાદિમાં છે, (૨) રૂપ્ય અશુદ્ધ અને સમાહતાક્ષર ટંક એ પ્રમાણે દ્વિતીય ભંગ પાર્શ્વસ્થાદિમાં છે, (૩) રૂપ્ય શુદ્ધ અને વિષમાહતાક્ષર ટંક એ પ્રમાણે ત્રીજો ભંગ પ્રત્યેકબુદ્ધાદિમાં છે અને (૪) રૂપ્ય શુદ્ધ અને સમાહતાક્ષર ટંક એ પ્રમાણે ચોથો ભાંગો શુદ્ધવેષધારી સાધુમાં છે.

**ટીકાર્થ :- 'अयमेव'** આ જ=શુદ્ધવેષવાળા સાધુમાં વર્તતો ચોથો વિકલ્પ જ, અવિકલ અર્થક્રિયાકારીપણું હોવાના કારણે ઉપાદેય છે, કેમ કે ભાવલિંગનું સર્વત્ર યથાવત્ નિશ્ચય કરવા માટે અશક્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, વંદનને અનુકૂળ એવું અવિકલ અર્થક્રિયાકારીપણું ભાવલિંગ સધ્રીચીન=સહિત, દ્રવ્યલિંગમાં છે માટે તે ઉપાદેય છે; અને કેવલ ભાવલિંગવાળા પ્રત્યેકબુદ્ધાદિ છે, તેમાં વિકલ અર્થપણું છે, કેમ કે ભાવલિંગ પામેલા એવા કેવળીને પણ દેવતાઓ વેષ આપ્યા પછી જ નમસ્કારાદિ કરે છે. આમ છતાં, ગુણસંપત્તિરૂપ ભાવલિંગ તેઓમાં હોવાને કારણે, તે અંશમાં નમસ્કરણયોગ્યતા તેઓમાં છે; આમ છતાં અર્થક્રિયાકારીપણા વડે આ ચોથો વિકલ્પ જ ઉપાદેય છે.

અહીં પ્રશ્ન થાય કે, ખરેખર નમસ્કરણયોગ્ય ગુણસંપત્તિ જ છે, તો દ્રવ્યલિંગરહિત એવા ભાવલિંગવાળાને ઉપાદેય કેમ ન કહ્યા? તેથી કહે છે -

ભાવલિંગનો ક્વચિત્ યથાવત્ નિશ્ચય થઈ શકે તો પણ, સર્વત્ર યથાવત્ નિશ્ચય થવો અશક્ય છે, માટે વ્યવહાર કરવો દુષ્કર બને; તેથી ભાવલિંગના પ્રતિસંધાનપૂર્વક દ્રવ્યલિંગને જ નમસ્કારરૂપ વ્યવહાર માટે સ્વીકારાયેલ છે. યદ્યપિ ભાવલિંગનો નિર્ણય દુષ્કર છે તો પણ, બાહ્યલિંગ દ્વારા ભાવલિંગનો સમ્યગ્ નિર્ણય કરવા માટે યતમાનને ક્વચિત્ માયાદિને કારણે ભ્રમ થાય તો પણ, તેને નમસ્કારનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. તેથી જ દ્રવ્યલિંગથી પ્રતિસંધાન પામેલ ભાવલિંગવાળી વ્યક્તિને નમસ્કાર કરવા માટે ઉપાદેય તરીકે ગ્રહણ કરેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, ભાવલિંગનો સર્વત્ર યથાવત્ નિર્ણય થઇ શકે તેમ નથી, ત્યાં કોઇ શંકા કરતાં કહે છે-

**ટીકા :- 'तर्हि द्रव्यलिङ्गमेव वन्दनीयमस्त्वि'ति चेत्? भवेदेव यत्र गुणाधिकत्वं प्रतिसन्धीयते। कस्तत्प्रतिसन्धानोपायः? इति चेत्? आलयविहारादिव्यवहारपाटवोपदर्शनमित्याकलय।**
**यदागमः-**

[१] आलएणं विहारेणं ठाणाचंकमणेण य ।
सक्को सुविहिओ णाउं भासावेणइएण य ॥ त्ति (आव. नि. ११४८)

**लिङ्गिनि पार्श्वस्थत्वादिप्रतिसन्धाने तु तदवन्दनीयमेव।**

**ટીકાર્થ :- 'तर्हि'** તો દ્રવ્યલિંગ જ વંદનીય હો. કહેવાનો ભાવ એ છે કે, દ્રવ્યલિંગવાળામાં પણ ભાવલિંગનો નિર્ણય અશક્ય છે, તેથી ભાવલિંગયુક્ત દ્રવ્યલિંગનો નિર્ણય દુષ્કર બનશે. માટે દ્રવ્યલિંગને જ વંદનીય માનવું ઉચિત છે. તેના જવાબરૂપે કહે છે-
**'भवेदेव'** દ્રવ્યલિંગ વંદનીય બને જ, જ્યાં ગુણાધિકપણું પ્રતિસંધાન કરાય છે.

**ભાવાર્થ :-** કહેવાનો ભાવ એ છે કે, ગુણાધિકત્વનો નિર્ણય છદ્મસ્થ માટે અશક્ય છે, છતાં જ્યાં લિંગ દ્વારા પ્રતિસંધાન થતું હોય તેવું દ્રવ્યલિંગ જ વંદનીય છે, માત્ર દ્રવ્યલિંગ વંદનીય નથી.

**ટીકાર્થ :- 'कस्तर्हि'** તેના પ્રતિસંધાનનો ઉપાય શું છે? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, કહે છે કે આલય-વિહારાદિ વ્યવહારના પટુપણાનું દર્શન એ પ્રમાણે તું જાણ. અર્થાત્ સાધુમાં આલય-વિહારાદિ વ્યવહારનું સારાપણું દેખાતું હોય તે જ ગુણાધિકના પ્રતિસંધાનનો ઉપાય છે, એમ તું જાણ.
જે કારણથી આગમ છે -
**'आलयेण'** - આલયથી, વિહારથી, સ્થાન અને આચંક્રમણથી, ભાષાવૈનયિકથી સુવિહિત છે, એ પ્રમાણે જાણવું શક્ય છે.
**'त्ति'** શબ્દ ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.
**'लिङ्गिनि'**- વળી લિંગિમાં પાર્શ્વસ્થાદિના પ્રતિસંધાનમાં તે=દ્રવ્યલિંગ અવંદનીય જ છે.

**ટીકા :- अथाऽतीर्थकरत्वप्रतिसन्धानेऽपि प्रतिमावन्दनादिवाऽसाधुत्वप्रतिसन्धानेऽपि तल्लिङ्गवन्दनादध्यात्म-शुद्धिरबाधितैव।**
**तदुक्तं-**

---
१. आलयेन विहारेण स्थानाऽऽचङ्क्रमणेन च । शक्यः सुविहितो ज्ञातुं भाषावैनयिकेन च ॥

[1] तित्थयरगुणा पडिमासु णत्थि णिस्संसयं वियाणंतो ।
तित्थयरंति णमंतो सो पावइ णिज्जरं विउलं ॥ (आव. नि. ११३०)
[2] लिंगं जिणपन्नत्तं एवं णमंतस्स णिज्जरा विउला ।
जइवि गुणविप्पहीणं, वंदइ अज्झप्पसोहीए ॥ (आव. नि. ११३१)

**मैवं शङ्किष्ठाः, तल्लिङ्गवन्दने तद्गतसावद्यक्रियानुमोदनावद्यप्रसङ्गात्, प्रतिमायां तु तदभावात्। उक्तं च–**

[3] सन्ता तित्थयरगुणा तित्थयरे तेसिमं तु अज्झप्पं।
ण य सावज्जा किरिया, इयरेसु धुवा समणुमन्ना ॥ त्ति (आव.नि.११३२)

**ટીકાર્થ :- 'अथ'** અહીં પૂર્વપક્ષી કહે કે, અતીર્થંકરણાના પ્રતિસંધાનમાં પણ પ્રતિમાના વંદનની જેમ, અસાધુત્વના પ્રતિસંધાનમાં પણ તેના=પાર્શ્વસ્થાદિના, લિંગના વંદનથી, અધ્યાત્મની શુદ્ધિ અબાધિત જ છે.

**'तदुक्तं'** – તે કહેલું છે –

**'तित्थयरगुणा'** તીર્થંકરના ગુણો પ્રતિમામાં નથી (એ પ્રમાણે) નિઃસંશય જાણતો, (અને) તીર્થંકર છે એ પ્રમાણે નમતો, તે વિપુલ નિર્જરાને પામે છે.

**'लिङ्गं'** જો કે ગુણવિપ્રહીન છે (તો પણ), જિનપ્રજ્ઞપ્તલિંગને અધ્યાત્મની વિશુદ્ધિથી વંદે છે; એ રીતે નમનારને વિપુલ નિર્જરા થાય છે.

**'मैवं'** તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. કેમ કે તેના=પાર્શ્વસ્થાદિના, લિંગના વંદનમાં, તેમાં રહેલ સાવદ્ય ક્રિયાની અનુમોદનાથી, અવદ્યનો પ્રસંગ છે; વળી પ્રતિમામાં તેનો અભાવ છે.

**'उक्तं च'** અને કહેલું છે –

**'सन्ता'** તીર્થંકરમાં તીર્થંકરના ગુણો છે, વળી તેઓનો આ અધ્યાત્મ છે, અર્થાત્ નમસ્કાર કરનારાઓનો આ અધ્યાત્મ છે=ચિત્ત છે; અર્થાત્ તીર્થંકરમાં તીર્થંકરના ગુણો છે, અને તેઓની આ પ્રતિમા છે, એ પ્રકારનું ચિત્ત છે; અથવા તો તીર્થંકરના ગુણો છે, અને તેઓને અમે નમસ્કાર કરીએ છીએ, એ પ્રકારનું ચિત્ત છે; અને પ્રતિમામાં સાવદ્યક્રિયા નથી, તેથી ત્યાં અનુમોદના નથી; અને ઇતરમાં=પાર્શ્વસ્થાદિમાં સાવદ્યક્રિયા છે, તેથી પાર્શ્વસ્થાદિને પ્રણામ કરનારને નક્કી સાવદ્યક્રિયાની અનુમોદના છે.

**ઉત્થાન :-** પૂર્વમાં **'मैवं शङ्किष्ठाः'** માં જે હેતુ આપ્યો, અને **'तदुक्तं'** થી આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૨ની જે સાક્ષી આપી, તેનો ભાવ બતાવતાં કહે છે–

१. तीर्थंकरगुणाः प्रतिमासु न सन्ति निःसंशयं विजानन् । तीर्थंकर इति नमन् स प्राप्नोति निर्जरां विपुलाम् ॥
२. लिङ्गं जिनप्रज्ञप्तमेवं नमतः निर्जरा विपुला । यद्यपि गुणविप्रहीणं वन्दतेऽध्यात्मशुद्ध्या ॥
३. सन्तः तीर्थंकरगुणास्तीर्थंकरे तेषामिदमध्यात्मम् । न च सावद्या क्रिया इतरेषु ध्रुवा समनुज्ञा ॥

**ટીકા :- अयं भावः- द्रव्यलिङ्गं हि तद्वति स्वत एव गुणवत्त्वप्रतिसन्धापकतया स्वसमानाधिकरणगुणवत्त्वप्रतिसन्धापकतया वा नमस्कर्त्तव्यतायामुपयोगि सत्तद्विषयकमुत्साहमाधायाध्यात्मशुद्ध्यै प्रभविष्णु, न तु प्रतिमादिवत् तटस्थतयैव स्वसदृशभावस्मारकतया, तथा च द्रव्यलिङ्गं सावद्यस्वाश्रयविषयकोत्साहाधायकतया धर्मप्रतिपंथि, न तु प्रतिमा, तत्र गुणत्वाज्ञानाद्।**

❀ **'तत्र गुणत्वाज्ञानाद्।'** પાઠ છે ત્યાં **'तत्र गुणवत्त्वाज्ञानाद्।'** પાઠની સંભાવના છે, અને તે મુજબ અર્થ કરેલ છે.

**ટીકાર્થ :- 'अयं भावः-'** દ્રવ્યલિંગ તદ્વાનમાં=દ્રવ્યલિંગવાનમાં, સ્વતઃ જ ગુણવત્ત્વપ્રતિસંધાપકપણાથી, અથવા સ્વસમાનાધિકરણગુણવત્ત્વપ્રતિસંધાપકપણાથી, નમસ્કર્તવ્યતામાં ઉપયોગી થતું તદ્વિષયક ઉત્સાહ આધાન કરીને, અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ છે; પરંતુ પ્રતિમાદિની જેમ તટસ્થપણાથી જ સ્વસદૃશભાવસ્મારકપણાથી નહિ. અને તે પ્રમાણે દ્રવ્યલિંગ સાવદ્યસ્વાશ્રયવિષયક ઉત્સાહઆધાયકપણાથી ધર્મનો પ્રતિપંથી છે; પરંતુ પ્રતિમા નહિ, કેમ કે ત્યાં=પ્રતિમામાં, ગુણવત્ત્વનું અજ્ઞાન છે.

**ભાવાર્થ :-** દ્રવ્યલિંગ દ્રવ્યલિંગવાળામાં સ્વતઃ જ ગુણવત્ત્વના પ્રતિસંધાપકપણાથી,=જે વ્યક્તિનો પૂર્વમાં પરિચય છે, અને તેમાં રહેલી ગુણસંપત્તિનું પોતાને જ્ઞાન છે, તે વ્યક્તિને ફરી જોતાંની સાથે તે વ્યક્તિનું દ્રવ્યલિંગ ભૂતકાળમાં તે વ્યક્તિમાં જોયેલ ગુણોની ઉપસ્થિતિ કરાવે છે. યદ્યપિ તે ગુણો સાક્ષાત્ કાર્યરૂપે અત્યારે દેખાતા નથી; કેમ કે ગુણો તો ચેષ્ટાથી જણાય છે, અને તેવી ચેષ્ટા અત્યારે કોઇ પ્રકારની ન હોવા છતાં, પૂર્વે પરિચિત એવી તે વ્યક્તિનું દ્રવ્યલિંગ, સ્વતઃ જ ભૂતકાળમાં જોયેલા તેવા ગુણોનું પ્રતિસંધાન કરાવે છે, અને તે રીતે નમસ્કર્તવ્યતામાં ઉપયોગી બને છે. અથવા દ્રવ્યલિંગ તદ્વાનમાં સ્વસમાનાધિકરણગુણવત્ત્વપ્રતિસંધાપકપણાથી, નમસ્કર્તવ્યતામાં ઉપયોગી છે.=અપરિચિત એવા મુનિવેષધારીને જોઇને, દ્રવ્યલિંગના અધિકરણમાં ગુણ હોય છે એવો સામાન્ય બોધ હોવાના કારણે, જ્યાં સુધી વિશેષ પરિચય ન થાય ત્યાં સુધી તે વ્યક્તિનું દ્રવ્યલિંગ તે દ્રવ્યલિંગવાળામાં ગુણવત્ત્વની સંભાવના હોવાના કારણે, સ્વસમાનાધિકરણ=દ્રવ્યલિંગસમાનાધિકરણ, ગુણવત્ત્વનું પ્રતિસંધાન કરાવે છે, અને તે રીતે નમસ્કર્તવ્યતામાં ઉપયોગી બને છે. પરંતુ આ બીજા પ્રકારના પ્રતિસંધાનમાં ગુણોનો વિશેષ નિર્ણય નહિ હોવાના કારણે થોભવંદનાદિનો વ્યવહાર છે; જ્યારે પ્રથમ પ્રકારના પ્રતિસંધાનમાં અન્ય વંદન પણ થાય છે. આ બંને પ્રકારના પ્રતિસંધાનપૂર્વક, ઉત્સાહને આધાન કરીને દ્રવ્યલિંગ અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ છે; પરંતુ પ્રતિમાની જેમ તટસ્થપણું હોવાને કારણે સ્વસદૃશભાવસ્મારકપણાથી અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ નથી.

તાત્પર્ય એ છે કે, પ્રતિમા ગુણ અને દોષ બંનેથી રહિત છે, તેથી ગુણ-દોષની અપેક્ષાએ પ્રતિમામાં તટસ્થતા છે; અને તેથી જ પ્રતિમાની જેવા પ્રકારની પ્રશમાદિ મુદ્રાવાળી આકૃતિ છે, તત્સદૃશ ભાવોનું સ્મરણ કરાવવા દ્વારા, તદ્વિષયક નમસ્કારના ઉત્સાહનું આધાન કરીને, પ્રતિમા અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ બને છે. પરંતુ મુનિનું દ્રવ્યલિંગ ક્વચિત્ ગુણયુક્ત હોય અને ક્વચિત્ દોષયુક્ત પણ હોય છે, તેથી ત્યાં તેવા પ્રકારની તટસ્થતા નથી. તેથી દ્રવ્યલિંગના સદૃશ ભાવસ્મરણ કરાવવા દ્વારા, તદ્વિષયક નમસ્કારના ઉત્સાહનું આધાન

કરીને, દ્રવ્યલિંગ અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ બનતું નથી. પરંતુ પૂર્વમાં કહેલા બે પ્રકારના ગુણવત્ત્વના પ્રતિસંધાપકપણાથી દ્રવ્યલિંગ અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ બને છે; અને તે રીતે=પ્રતિમાની જેમ સ્વસદૃશભાવસ્મારકપણાથી દ્રવ્યલિંગ અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ નથી, પરંતુ પૂર્વોક્ત બે પ્રકારના ગુણવત્ત્વના પ્રતિસંધાપકપણાથી દ્રવ્યલિંગ અધ્યાત્મની શુદ્ધિ માટે સમર્થ છે તે રીતે; દ્રવ્યલિંગ સાવદ્ય સ્વાશ્રયવિષયક નમસ્કારના ઉત્સાહઆધાયકપણાથી ધર્મનું પ્રતિપંથી છે. કેમ કે નિર્ગુણ એવા પાર્શ્વસ્થાદિમાં ગુણવત્ત્વનું પ્રતિસંધાન થાય છે, અને નિર્ગુણમાં ગુણવત્ત્વનું પ્રતિસંધાન એ તેમની સાવદ્યક્રિયાની અનુમતિરૂપ છે, તેથી તે ધર્મનું પ્રતિપંથી છે, પરંતુ પ્રતિમા નહિ. આ પ્રતિમા વીતરાગતા આદિ ગુણવાળી છે તેવું જ્ઞાન થતું નથી, પરંતુ પ્રતિમાને જોતાં વીતરાગ સદૃશ આકૃતિવાળી આ પ્રતિમા છે તેવું સ્મરણ થાય છે. અને દ્રવ્યલિંગમાં ગુણ અને દોષ બંને સંભવિત હોવાને કારણે, જ્યારે નમસ્કારનો ઉત્સાહ થાય છે, ત્યારે અવશ્ય ત્યાં ગુણવત્ત્વનું જ્ઞાન હોવું જોઈએ. પરંતુ જ્યારે દ્રવ્યલિંગમાં સાવદ્યપ્રવૃત્તિ દેખાતી હોય, અને ગુણો ન દેખાતા હોય ત્યારે, તે દ્રવ્યલિંગ સાવદ્ય સ્વાશ્રયવિષયકઉત્સાહઆધાયકપણાથી ધર્મનું પ્રતિપંથી છે. અર્થાત્ દ્રવ્યલિંગનો આશ્રય જે સાધુ છે, તે સાવદ્યપ્રવૃત્તિવાળો છે; અને તેવા સાવદ્યપ્રવૃત્તિવાળા સાધુમાં દ્રવ્યલિંગને જોઈને, નમસ્કારનો ઉત્સાહ થાય તો તે નમસ્કાર કરનારને અધર્મની પ્રાપ્તિ થાય છે, પરંતુ ધર્મની પ્રાપ્તિ થતી નથી.

❀ ટીકામાં **'न तु प्रतिमा ......... तत्र गुणत्वाज्ञानाद्।'** પાઠ છે, ત્યાં **'गुणवत्त्वाज्ञानाद्'** પાઠની સંભાવના હોવાથી તે મુજબ અર્થ કરેલ છે; અને **'गुणत्वाज्ञानाद्'** પાઠ લઈએ તો આ રીતે અર્થઘટન કરવું - નિશ્ચયનયની દૃષ્ટિથી ગુણ-ગુણીનો અભેદ કરીને પ્રતિમા ગુણસ્વરૂપ છે તેથી અભેદ દૃષ્ટિથી પ્રતિમામાં ગુણત્વનું અજ્ઞાન છે, એ મુજબ સમજવું.

**ટીકા :- एतेन प्रतिमां नमस्कुर्वतामदेवे देवसंज्ञेति वदतो लुम्पकस्य शिरसि दत्तः प्रहारः।**

**ટીકાર્થ :- 'एतेन'** આના દ્વારા=પૂર્વમાં કહ્યું કે પ્રતિમા તટસ્થ હોવાને કારણે જ સ્વસદૃશભાવસ્મારકપણાથી અધ્યાત્મની શુદ્ધિનું કારણ છે, એના દ્વારા, પ્રતિમાને નમસ્કાર કરનારાઓની અદેવમાં દેવસંજ્ઞા છે, એ પ્રમાણે કહેતા એવા લુંપકના મસ્તકે પ્રહાર અપાયો.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પ્રતિમા પાષાણરૂપ હોવાને કારણે અદેવરૂપ છે, અને જે લોકો પ્રતિમાને નમસ્કાર કરે છે, તેઓને અદેવરૂપ તે પ્રતિમામાં દેવની સંજ્ઞા છે,=અદેવમાં દેવ તરીકેની માન્યતા છે; અને તે મૃષા માન્યતા છે, એ પ્રકારે કહેતા એવા લુંપકનું ખંડન થયું. કેમ કે પ્રતિમા સ્વસદૃશભાવસ્મારકપણાથી અધ્યાત્મની શુદ્ધિનું કારણ છે; પરંતુ તે મૃષારૂપ નથી, કેમ કે શાસ્ત્રમાં પ્રતિમાને દેવ કહેવા એ સ્થાપનાસત્યરૂપે સ્વીકારેલ છે.

**ટીકા :- अथैवं पार्श्वस्थत्वाद्यप्रतिसन्धानदशायामपि तल्लिङ्गवन्दनात् तत्सावद्यक्रियानुमतिप्रसङ्ग इति चेत्? न, पुनः पुनर्दर्शने तत्र तद्रूप्यनिश्चयसम्भवात्, अपूर्वदृष्टे तु दोषप्रतिसन्धानादिविरहे तत्र गुणसम्भावना-सम्भवाद्, अत एव तथैव तत्र सहसा वन्दनादिप्रवृत्तिः। उक्तं च-**

[१]अपुव्वं दट्ठूणं अब्भुट्ठाणं तु होइ कायव्वं ।
साहुंमि दिट्ठपुव्वे जहारिहं जस्स जं जोग्गं ॥ त्ति (आव. नि. ११२५)

**तथा च दोषवत्त्वेन ज्ञात एव गुणवत्त्वेन रुचिरनुचितेति फलितम्। उक्तं च-**

[२] जह वेलंबगलिंगं जाणंतस्स णमओ हवइ दोसो ।
णिद्धंधसमिय णाऊण वंदमाणे धुवो दोसो ॥ त्ति (आव. नि. ११४९)

**अत एव प्रतिमायामर्हदादेरिव तद्वेषे साध्वन्तरगुणाध्यारोपेण नमस्कारोऽपि प्रत्युक्तः, सावद्यकर्मयुक्ततया तस्याध्यारोपाऽविषयत्वादित्याहुः।**

**ટીકાર્થ :- 'अथ'** થી પૂર્વપક્ષી કહે છે કે, આ રીતે=પૂર્વમાં કહ્યું કે દ્રવ્યલિંગ સાવદ્યસ્વાશ્રયવિષયકઉત્સાહ-આધાયકપણાથી ધર્મનો પ્રતિપંથી છે એ રીતે, પાર્શ્વસ્થત્વાદિ અપ્રતિસંધાન દશામાં પણ તેના લિંગને વંદનથી તત્સાવદ્યક્રિયાની=તેમનામાં રહેલ સાવદ્યક્રિયાની, અનુમતિનો પ્રસંગ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે વારંવાર દર્શનમાં ત્યાં=પાર્શ્વસ્થાદિમાં, તદ્રૂપપણાના નિશ્ચયનો સંભવ છે, અર્થાત્ પાર્શ્વસ્થાદિરૂપ નિશ્ચયનો સંભવ છે. અને અપૂર્વદષ્ટમાં દોષપ્રતિસંધાનાદિનો વિરહ હોતે છતે, ત્યાં ગુણની સંભાવનાનો સદ્ભાવ હોવાથી, પૂર્વમાં કહેલ સ્વસમાનાધિકરણગુણવત્ત્વના પ્રતિસંધાપકપણાથી, તેમનું દ્રવ્યલિંગ નમસ્કારમાં ઉપયોગી છે. ફક્ત અપૂર્વદર્શનકાળમાં તેમની અમુક પ્રવૃત્તિથી દોષનું પ્રતિસંધાન થતું હોય તો, ત્યાં ગુણની સંભાવનાનો અસંભવ છે. તેથી ત્યાં વંદનાદિ પ્રવૃત્તિ ન થાય.

**ટીકાર્થ :- 'अत एव'** આથી કરીને જ=અપૂર્વદષ્ટમાં દોષપ્રતિસંધાનાદિનો વિરહ હોતે છતે, ગુણની સંભાવના છે; આથી કરીને જ, તે પ્રમાણે જ ત્યાં સહસા વંદનાદિ પ્રવૃત્તિ છે, (ફક્ત ઉચિતપ્રવૃત્તિરૂપ અભ્યુત્થાનસ્વરૂપ જ સહસા વંદનાદિ પ્રવૃત્તિ છે.) અન્ય સર્વ પ્રકારે વંદનાદિ પ્રવૃત્તિ નથી. જ્યારે ગુણવાનનો નિર્ણય થાય છે ત્યારે, જે પ્રમાણે યોગ્ય હોય તે પ્રમાણે વંદનક્રિયા ઉચિત છે.

તેમાં સાક્ષીપાઠ આપતાં કહે છે-

**'तदुक्तं'** - તે કહ્યું છે - વળી અપૂર્વ જોઇને અભ્યુત્થાન કર્તવ્ય છે. (અને) દષ્ટપૂર્વ સાધુમાં યથાયોગ્ય જેને જે યોગ્ય હોય તે કરવું.

**ટીકાર્થ :- 'तथा च'** અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે, અપૂર્વદષ્ટમાં દોષપ્રતિસંધાનનો વિરહ હોતે છતે, ગુણની સંભાવનાનો સદ્ભાવ છે, તેથી કરીને ત્યાં સહસા અભ્યુત્થાનરૂપે વંદનાદિ પ્રવૃત્તિ છે; અને જ્યારે ગુણરહિત છે એવો નિર્ણય થાય છે ત્યારે વંદનાદિનો નિષેધ છે. તે રીતે, દોષવત્ત્વરૂપે જ્ઞાતમાં જ ગુણવત્ત્વરૂપે રુચિ અનુચિત છે.

---

१. अपूर्वं दृष्ट्वाऽभ्युत्थानं तु भवति कर्त्तव्यम् । साधौ दृष्टपूर्वे यथार्हं यस्य यद्योग्यम् ॥
२. यथा विडम्बकलिंगं जानतो नमतो भवति दोषः । निर्ध्वंसमेव ज्ञात्वा वन्दति ध्रुवो दोषः ॥

**ટીકાર્થ :-** **'उक्तं च'** અને કહ્યું છે- **'जह'** - જેમ વિડંબક લિંગ છે એ પ્રમાણે જાણતા એવા નમસ્કાર કરનારને દોષ થાય છે, એ પ્રમાણે નિર્ધ્વંસને જાણીને વંદન કરતે છતે (વંદન કરનારને) ધ્રુવ દોષ છે.

**ટીકાર્થ :-** **'अत एव'** આથી કરીને જ=દોષવત્ત્વરૂપે જ્ઞાતમાં જ ગુણવત્ત્વરૂપે રુચિ અનુચિત છે, આથી કરીને જ, પ્રતિમામાં અરિહંતાદિના અધ્યારોપથી નમસ્કાર થાય છે તેમ, તેના વેષમાં=પાર્શ્વસ્થાના વેષમાં, સાધ્વન્તરના= બીજા સાધુના, ગુણના આરોપ દ્વારા નમસ્કાર કરવો જોઇએ, એ પણ પ્રત્યુક્ત છે. કેમ કે તેનું=પાર્શ્વસ્થાદિના વેષનું, સાવદ્યકર્મયુક્ત હોવાના કારણે અધ્યારોપનું અવિષયપણું છે, એ પ્રમાણે કહે છે.

**ટીકા :- स्यादेतत्-सावद्यकर्मयुक्तता न साधुत्वाभावव्याप्यत्वेन प्रतिसंहिता साधुत्वाध्यारोपप्रतिबन्धिका, विशेषदर्शनतोऽप्याहार्यारोपप्रवृत्तेः, अन्यथा प्रतिमादावप्यर्हत्त्वाभावव्याप्यपौद्गलिकत्वज्ञाने तदभेदाध्यवसायाऽसंभवादिति चेत्? न, आहार्यारोपजनिकाया इच्छाया विधिनियन्त्रिततयैव प्रवृत्तेः, न च विधिर्योग्यतामपुरस्कृत्य प्रवर्त्तते, कथमन्यथा जन्मादिसमयं विना शक्रादयोऽपि द्रव्यभगवज्जीवेषु भावभगवत्त्वमध्यारोप्य शक्रस्तवादिकं न पठेयुः?**

**ટીકાર્થ :-** **'स्यादेतत्'** અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, સાધુત્વના અભાવની સાથે વ્યાપ્યપણાથી પ્રતિસંહિત એવી સાવદ્યકર્મની યુક્તતા, સાધુત્વઅધ્યારોપની પ્રતિબંધિકા નથી; કેમ કે વિશેષદર્શનથી પણ આહાર્યઆરોપની પ્રવૃત્તિ છે.=આ પાર્શ્વસ્થ છે, એ પ્રકારના વિશેષદર્શનથી પણ તેમાં સાધુત્વનો આહાર્ય આરોપ થઇ શકે છે. **'अन्यथा'** એવું ન માનો તો=વિશેષદર્શનથી *આહાર્યઆરોપની પ્રવૃત્તિ છે એવું ન માનો તો, પ્રતિમાદિમાં પણ અર્હત્ત્વના અભાવની સાથે વ્યાપ્ય એવા પૌદ્ગલિકત્વનું જ્ઞાન થયે છતે, તદ્ અભેદના અધ્યવસાયનો=અર્હત્ત્વના અભેદના અધ્યવસાયનો, અસંભવ થશે. ( આ પ્રમાણે પૂર્વપક્ષીનું કથન છે.) **'न'** તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે વિધિનિયંત્રિતપણા વડે જ આહાર્યઆરોપજનિકા એવી ઇચ્છાની પ્રવૃત્તિ છે; અને યોગ્યતાને આગળ કર્યા વગર વિધિ પ્રવર્તતી નથી.

*આહાર્યઆરોપ :- આ પથ્થરની મૂર્તિ છે તેવું જ્ઞાન હોવા છતાં તત્સદૃશ આકારમાં આ ભગવાન છે એવો જે આરોપ કરાય તે આહાર્ય આરોપ કહેવાય.

યોગ્યતાને આગળ કર્યા વગર વિધિ પ્રવર્તતી નથી, તેને જ પુષ્ટ કરતાં કહે છે -

**ટીકાર્થ :-** **'कथमन्यथा'** અન્યથા=યોગ્યતાને આગળ કર્યા વગર વિધિ પ્રવર્તતી હોય તો, જન્માદિ સમયને છોડીને શક્રાદિ પણ દ્રવ્યભગવાનના જીવમાં ભાવભગવાનપણાનો અધ્યારોપ કરીને શક્રસ્તવ કેમ ન બોલે? અર્થાત્ બોલવું જોઇએ.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પાર્શ્વસ્થામાં સાવદ્યકર્મયુક્તતા છે, તેથી સાધુપણાનો અભાવ છે તો પણ સાધુપણાનો આરોપ થઇ શકે છે, એ પ્રકારે પૂર્વપક્ષીને કહેવું છે. અને તેમાં પૂર્વપક્ષી યુક્તિ આપે છે કે, વિશેષ દર્શનને કારણે

પણ આહાર્ય આરોપની પ્રવૃત્તિ છે. અર્થાત્ પાર્શ્વસ્થામાં સાધુત્વનો અભાવ છે, એ પ્રકારનું વિશેષ દર્શન હોવા છતાં પણ, આહાર્ય આરોપ કરીને વંદનાદિ વ્યવહાર થઇ શકે છે. અને તેમ ન થતું હોય તો, ભગવાનની પ્રતિમામાં પણ સ્પષ્ટ દેખાય છે કે આ પ્રતિમા પુદ્ગલની બનેલી છે તેથી અરિહંતના અભેદનો અધ્યવસાય થવો જોઇએ નહિ, છતાં પ્રતિમામાં જેમ અભેદ અધ્યવસાય થઇ શકે છે, તેમ પાર્શ્વસ્થામાં પણ સાધુત્વનો આરોપ થઇ શકે છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું, અને તેમાં **'आहार्य ..... प्रवृत्तेः'** હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, પ્રતિમામાં પણ તદ્અભેદનો અધ્યવસાય આહાર્ય આરોપથી થાય છે, પરંતુ તે શાસ્ત્રની વિધિથી નિયંત્રિત રીતે થાય છે. અપ્રતિષ્ઠિત પ્રતિમામાં એવો અભેદનો અધ્યવસાય થતો નથી, કેમ કે ત્યાં વિધિ પ્રવર્તતી નથી. તે જ રીતે પાર્શ્વસ્થાદિમાં પણ આહાર્ય આરોપની ઇચ્છા થતી નથી, કેમ કે તે પ્રકારની વિધિ નથી. ત્યાં વિધિ કેમ પ્રવર્તતી નથી? તો કહે છે - વિધિ યોગ્યતાને આગળ કર્યા વગર પ્રવર્તતી નથી. અર્થાત્ ફક્ત દ્રવ્યલિંગને સામે રાખીને ત્યાં સાધુત્વનો અધ્યારોપ કરવા માટે વિધિ પ્રવર્તતી નથી, પરંતુ વિધિ યોગ્યતાને આગળ કરીને પ્રવર્તે છે. અને તે વાતને જ પુષ્ટ કરતાં કહે છે - જન્માદિ કલ્યાણકોને છોડીને ઇંદ્રાદિ પણ દ્રવ્યભગવાનના જીવમાં ભાવભગવાનનો અધ્યારોપ કરીને શક્રસ્તવાદિ કેમ બોલતા નથી? અર્થાત્ બોલવું જોઇએ.

કહેવાનો આશય એ છે કે, વિધિ, યોગ્યતાને આગળ કર્યા વગર પ્રવર્તતી હોય તો, ચરમભવમાં જન્માદિ સમયને છોડીને=ચ્યવન, જન્મ અને દીક્ષાકલ્યાણકને છોડીને, પૂર્વભવમાં કે ચરમભવમાં પણ, શક્રો ભાવઅધ્યારોપ કરીને શક્રસ્તવ બોલતા નથી. ફક્ત ચરમભવમાં જ ભાવતીર્થંકરની અવસ્થા પૂર્વે કલ્યાણકરૂપ યોગ્યતાને આગળ કરીને આરોપની વિધિ પ્રવર્તે છે; તેથી ત્યાં અધ્યારોપ થાય છે, તે સિવાય અધ્યારોપ થતો નથી. તે જ રીતે પાર્શ્વસ્થાદિ લિંગમાં ભાવસાધુપણાનો આરોપ કરીને વંદનાદિ વિધિ થઇ શકે નહિ; કેમ કે ત્યાં અધ્યારોપની યોગ્યતા નથી, જેમ જન્માદિકલ્યાણકો સિવાય દ્રવ્યભગવાનમાં પણ ભાવભગવાનના અધ્યારોપની યોગ્યતા સ્વીકારવામાં આવી નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે વિધિ, યોગ્યતાને આગળ ક્યા વગર પ્રવર્તતી નથી; અન્યથા શક્રાદિ પણ દ્રવ્યભગવાનના જીવમાં ભાવભગવત્પણાનો અધ્યારોપ કરીને, ચરમભવના જન્માદિ સમયને છોડીને, પૂર્વભવમાં કે ચરમભવમાં પણ શક્રસ્તવાદિ કરે; પરંતુ તેઓ કરતા નથી. તેનાથી એ નક્કી થયું કે, અધ્યારોપની યોગ્યતા હોય ત્યાં જ વિધિ પ્રવર્તે છે. ત્યાં **'अथ'** થી પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે-

**ટીકા :- अथ द्रव्यशब्दो योग्यतायामेव रूढः, तदुक्तं पञ्चाशके-**

[1] समयम्मि दव्वसद्दो, पायं जं जोग्गयाइ रूढोत्ति ।
णिरुवचरिओ अ बहुहा, पओगभेओवलंभाओ ॥
[2] मिउपिंडो दव्वघडो, सुसावगो तह य दव्वसाहुत्ति ।
साहू य दव्वदेवो, एमाइ सुए जओ भणियं ॥ ति॥ (६/१०-११)

---

१. समये द्रव्यशब्दः प्रायः यद् योग्यतायां रूढ इति । निरुपचरितश्च बहुधा प्रयोगभेदोपलम्भात् ॥

२. मृत्पिडो द्रव्यघटः सुश्रावकस्तथा च द्रव्यसाधुरिति । साधुश्च द्रव्यदेव एवमादि श्रुते यतो भणितम् ॥

**तथा च येन पर्यायेण भाविभूतभावजनकत्वं वस्तुनस्तमेव पर्यायं पुरस्कृत्य तस्य द्रव्यत्वव्यपदेशः प्रवर्त्तते, अत एव शय्यासंस्तारकादिगतस्याऽऽवश्यकज्ञशरीरस्य, द्रव्यावश्यकत्वं, न तु लोष्ट्वादिपर्यायेण परिणंस्यत इति तत्र तत्र व्यवस्थितम्, इति तत्पर्यायविशिष्ट एव द्रव्ये कारणे कार्योपचाररूपो भावाध्यारोपः सङ्गच्छते, कथं पुनरयमेव न्यायः स्थापनायामायोज्यते? इति चेत्? मैवं, "दव्वजिणा जिणजीवा" इत्यविशिष्टोक्तेरर्हज्जीवरूपाया भावार्हत्त्वोपादानत्वयोग्यताया आकालमैकरूपतयैवाकलनात्, सहकारिविशेषसन्निधानजनितातिशयरूपाणामेकभविकबद्धायुष्काभिमुखनामगोत्रभावयोग्यतानामेव तत्तद्व्यवहारकार्यजनकत्वात्,**

❀ અહીં કહ્યું કે '**अथ द्रव्यशब्दो योग्यतायामेव रूढः**' તેનો અન્વય આગળમાં '**इति तत्पर्यायविशिष्ट**' સાથે છે. તે આ રીતે- દ્રવ્યશબ્દ યોગ્યતામાં જ રૂઢ છે; ત્યાર પછી '**तदुक्तं**' થી પંચાશકની તેમાં સાક્ષી આપી, અને '**तथा च ......व्यवस्थितम्**' સુધી તેની સિદ્ધિ કરી અને પછી કહ્યું કે, એથી કરીને તત્પર્યાયવિશિષ્ટ જ દ્રવ્યરૂપ કારણમાં કાર્યના ઉપચારરૂપ ભાવઅધ્યારોપ સંગત થાય છે. વળી આ જ ન્યાય સ્થાપનામાં કેવી રીતે ઘટે? એ પ્રકારે પૂર્વપક્ષીની શંકા છે.

**ટીકાર્થ :-** '**अथ**' દ્રવ્યશબ્દ યોગ્યતામાં જ રૂઢ છે. તેમાં પંચાશકની સાક્ષી આપતાં કહે છે -
'**समयम्मि**' - જે કારણથી શાસ્ત્રમાં દ્રવ્યશબ્દ પ્રાયઃ યોગ્યતામાં રૂઢ છે, અને બહુધા પ્રયોગભેદનો ઉપલંભ હોવાથી નિરુપચરિત છે. તે પ્રયોગભેદનો ઉપલંભ કહે છે-
'**मिउपिंडो**' જે કારણથી શ્રુતમાં માટીનો પિંડ દ્રવ્યઘટ છે; તથા સુશ્રાવક દ્રવ્યસાધુ છે, અને સાધુ દ્રવ્યદેવ છે; ઇત્યાદિ કહેલ છે.
'**त्ति**' પંચાશકના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :-** '**तथा च**' અને એ રીતે=દ્રવ્યશબ્દ યોગ્યતામાં રૂઢ છે એ રીતે, જે પર્યાયરૂપે વસ્તુનું ભાવિભૂતભાવજનકપણું છે, તે જ પર્યાયને આગળ કરીને તેનો દ્રવ્યત્વ વ્યપદેશ પ્રવર્તે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, કોઇ વ્યક્તિ આ ભવમાં ભાવિમાં રાજા થવાનો હોય કે ભૂતકાળમાં રાજા થયેલો હોય તો વર્તમાનમાં મનુષ્યપર્યાયરૂપે ભાવિ કે ભૂતકાળના રાજાભાવનું જનકપણું છે. તે જ પર્યાયને=આ ભાવરૂપ મનુષ્યપર્યાયને આગળ કરીને, તેનો વ્યપદેશ=તે ભાવનો વ્યપદેશ, અર્થાત્ રાજાભાવનો દ્રવ્યત્વરૂપે વ્યપદેશ પ્રવર્તે છે=આ દ્રવ્યરાજા છે એ પ્રકારે વ્યપદેશ પ્રવર્તે છે.

**ટીકાર્થ :-** '**अत एव**' આથી કરીને જ=જે પર્યાયથી ભાવિ-ભૂત-ભાવજનકપણું છે, તે પર્યાયને આગળ કરીને, દ્રવ્યત્વરૂપે વ્યપદેશ પ્રવર્તે છે, આથી કરીને જ, શય્યાસંસ્તારક આદિગત એવા આવશ્યકજ્ઞના શરીરનું દ્રવ્યઆવશ્યકપણું છે, પરંતુ લોષ્ટુ આદિ પર્યાયરૂપે નાશ પામતા એવા આવશ્યકજ્ઞના શરીરનું નહિ; એ પ્રમાણે ત્યાં ત્યાં વ્યવસ્થિત છે. અર્થાત્ તે તે શાસ્ત્રમાં વ્યવસ્થિત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, આવશ્યકને જાણનાર વ્યક્તિ આવશ્યકની ક્રિયામાં ઉપયુક્ત હોય છે ત્યારે, તે વ્યક્તિ ભાવઆવશ્યક કહેવાય, અને **'अणुवओगो दव्वं'** એ કથનને આશ્રયીને, આવશ્યકની ક્રિયામાં અનુપયુક્ત હોય ત્યારે, તે વ્યક્તિ દ્રવ્યઆવશ્યક કહેવાય. અને ભાવઆવશ્યક કરનાર વ્યક્તિનું શરીર પણ અપેક્ષાએ દ્રવ્યઆવશ્યક કહેવાય, કેમ કે તે વ્યક્તિનું શરીર પણ ભાવને પેદા કરવામાં સહાયક છે; માટે ભાવનું જે કારણ બને તે દ્રવ્ય કહેવાય, એ અપેક્ષાએ ભાવઆવશ્યક કરનાર વ્યક્તિનું શરીર પણ દ્રવ્યઆવશ્યક કહેવાય. તેથી જ્યારે તે વ્યક્તિ મૃત્યુ પામે છે ત્યારે, તેના શરીરને ભાવઆવશ્યક કરનાર વ્યક્તિની સાથે કથંચિત્ અભેદ હોવાને કારણે દ્રવ્યઆવશ્યક કહેવાય છે; અને તે શરીર બાળી નાંખ્યા પછી માટી આદિ રૂપે પરિણામ પામે છે ત્યારે, તે દ્રવ્યઆવશ્યક કહેવાતું નથી.

અહીં વિશેષ એ છે કે, નોઆગમથી ભાવઆવશ્યક એ કહેવાય કે, જ્યારે મુનિ મુનિભાવ[illegible]ત કરે છે ત્યારથી માંડીને જીવન સુધી ભાવઆવશ્યકરૂપ છે; અને મુનિભાવની પ્રાપ્તિ પૂર્વે ભવ્યશરીરરૂપ દ્રવ્યઆવશ્યક છે, અને મૃત્યુ પછી તેનું શરીર જ્યાં સુધી વિનાશ પામતું નથી, ત્યાં સુધી જ્ઞશરીરરૂપ દ્રવ્યઆવશ્યક છે.

અહીં ટીકામાં **'परिणंस्यतः'** એ **'परिणंस्यत्'** વર્તમાન કૃદંતનું ષષ્ઠીનું રૂપ છે, અને તે આવશ્યકજ્ઞના શરીરનું વિશેષણ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, નાશ પામતું એવું આવશ્યકજ્ઞના શરીરનું દ્રવ્યઆવશ્યકપણું નથી; એ પ્રમાણે ત્યાં ત્યાં=તે તે આગમોમાં વ્યવસ્થિત છે.

**ટીકાર્થ :-** **'इति'** આથી કરીને=જે પર્યાયથી ભાવનું કારણ છે તે જ પર્યાયથી દ્રવ્યત્વરૂપે વ્યપદેશ છે, અન્ય પર્યાયથી નહિ; આથી કરીને, તત્પર્યાયવિશિષ્ટ જ દ્રવ્યરૂપ કારણમાં=ભાવના કારણીભૂત પર્યાયથી વિશિષ્ટ જ દ્રવ્યરૂપ કારણમાં, કાર્યના ઉપચારરૂપ ભાવનો અધ્યારોપ સંગત થાય છે. વળી આ જ ન્યાય સ્થાપનામાં કેવી રીતે સંગત થાય? એ પ્રકારે પૂર્વપક્ષી કહે છે.

**ભાવાર્થ :-** કહેવાનો આશય એ છે કે, જે પ્રમાણે ચરમભવમાં તીર્થંકરના જીવો તે જ ભવમાં ભાવતીર્થંકર થાય છે, તેથી તે ચરમભવરૂપ પર્યાયથી વિશિષ્ટ એવા તીર્થંકરના જીવરૂપ દ્રવ્યકારણમાં, કેવળજ્ઞાન પૂર્વે ભાવતીર્થંકરનો અધ્યારોપ સંગત થાય છે, અન્ય ભવમાં નહિ; કેમ કે તત્પર્યાયવિશિષ્ટ એવું દ્રવ્યરૂપકારણ ચરમ ભવ છે, અન્ય ભવો નથી. અને આ ન્યાય સ્થાપનામાં કેવી રીતે સંગત થાય?

તાત્પર્ય એ છે કે, અતિશયિત એવા દ્રવ્યરૂપ કારણમાં કાર્યનો અધ્યારોપ સંગત છે, જેમ - ચરમભવમાં અતિશયિત યોગ્યતારૂપ દ્રવ્યતીર્થંકરમાં ભાવતીર્થંકરનો અધ્યારોપ સંગત છે; પરંતુ સ્થાપના તો કારણરૂપ જ નથી, તેથી કાર્યરૂપ ભાવઅધ્યારોપ ત્યાં=સ્થાપનામાં, કેવી રીતે સંગત થાય? આ પ્રકારે પૂર્વપક્ષીની શંકા છે.

**ટીકાર્થ :-** **'मैवं'** પૂર્વપક્ષીની શંકાનો ઉત્તર આપતાં **'मैवं'**થી ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે-

**ટીકાર્થ :-** **'दव्वजिणा'** - "દ્રવ્યજિન જિનેશ્વરના જીવો છે" એ રીતે અવિશિષ્ટ ઉક્તિ હોવાથી, અર્હદ્જીવરૂપ ભાવઅર્હત્ત્વના ઉપાદાનત્વની યોગ્યતાનું, આકાલ એકરૂપપણા વડે જ આકલન હોવાથી, સહકારીવિશેષના સન્નિધાનથી જનિત એવા અતિશયરૂપવાળી વ્યક્તિઓની એકભવિકભાવ, (અથવા) બદ્ધાયુષ્કભાવ, (અથવા)

અભિમુખનામગોત્રભાવરૂપ યોગ્યતાનું જ, તે તે વ્યવહારકાર્યનું જનકપણું છે. તેથી પૂર્વપક્ષીની વાત સંગત નથી. (એ પ્રમાણે અન્વય સમજવો.)

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, **"दव्वजिणा जिणजीवा"** એ પ્રમાણે અવિશિષ્ટ ઉક્તિ છે, તેથી ભાવતીર્થંકરની પ્રાપ્તિથી પૂર્વના સર્વકાળમાં યોગ્યતા એકરૂપે જણાય છે. આમ છતાં, સર્વકાળમાં ભગવાનના જીવને ભાવજિનનો અધ્યારોપ કરીને પૂજવામાં આવતા નથી, માટે વિશેષ કક્ષામાં જ દ્રવ્યજિનમાં ભાવજિનનો અધ્યારોપ થાય છે. અને તે વિશેષ કક્ષા બતાવતાં કહે છે - તીર્થંકરના જીવો ત્રીજા ભવમાં તીર્થંકરનામકર્મને અનુકૂળ આરાધના કરે છે ત્યારે, તે આરાધનારૂપ સહકારીવિશેષના સન્નિધાનથી જનિત એવા અતિશયરૂપ, તીર્થંકરના જીવસ્વરૂપ ઉપાદાનથી એકભવિકાદિ ત્રણ પ્રકારની યોગ્યતાનું જ, તે તે વ્યવહારકાર્યનું જનકપણું છે. અર્થાત્ તેમાં ભાવભગવત્ત્વનો આરોપ કરીને, ઉચિત ભક્તિ કરવારૂપ, તે તે વ્યવહારકાર્યનું જનકપણું છે. તેથી એ પ્રાપ્ત થયું કે, તત્પર્યાયવિશિષ્ટ દ્રવ્યરૂપ કારણમાં કાર્યના ઉપચારરૂપ ભાવઅધ્યારોપ સંગત થાય છે, એમ જે પૂર્વપક્ષીએ કહ્યું, તે સંગત થતું નથી; પરંતુ અતિશયરૂપ ઉપાદાનની આ ત્રણ પ્રકારની યોગ્યતામાં, ભાવઅધ્યારોપ સંગત થાય છે. અર્થાત્ ઉપાદાન કારણમાં કાર્યના ઉપચારરૂપ ભાવઅધ્યારોપ સંગત થતો નથી, પરંતુ અતિશયિત દ્રવ્યમાં ભાવઅધ્યારોપ સંગત થાય છે. માટે પૂર્વપક્ષીનું કથન સંગત નથી.

અહીં વિશેષ એ છે કે, ત્રણ પ્રકારની યોગ્યતાનું તે તે વ્યવહારકાર્યનું જનકપણું છે, એમ કહ્યું; તેનાથી યદ્યપિ એ પ્રાપ્ત છે કે, યોગ્યતા, કારણરૂપ દ્રવ્યમાં છે, અને ત્યાં જ ભાવઅધ્યારોપ થાય છે, અને તે ભાવઅધ્યારોપ કારણમાં કાર્યના ઉપચારસ્વરૂપ છે. આમ છતાં, જેમાં અધ્યારોપ કરવામાં આવેલ છે તે ભાવનું ઉપાદાન કારણ છે તેને કારણે ત્યાં અધ્યારોપ કરવામાં આવતો નથી, પરંતુ તે દ્રવ્યમાં રહેલી યોગ્યતાવિશેષ છે તેને કારણે અધ્યારોપ કરવામાં આવે છે. તેથી પૂર્વપક્ષીએ કહેલ કે, ઉપાદાન કારણમાં ભાવનો અધ્યારોપ થઇ શકે પરંતુ સ્થાપનામાં અધ્યારોપ થઇ શકે નહિ, એ વાત સંગત નથી. આથી કરીને જ ઉપાદાન દ્રવ્યમાં જે એકભવિકાદિ ત્રણ પ્રકારની વિશેષ યોગ્યતાઓ છે, ત્યાં અધ્યારોપ થઇ શકે છે; તેમ સ્થાપનામાં પણ પ્રતિષ્ઠાવિધિ દ્વારા જ્યારે અતિશય વર્તે છે ત્યારે ભાવઅધ્યારોપ થઇ શકે છે. આ પ્રકારના આશયને સ્વયં આગળ સ્પષ્ટ કરે છે.

**ટીકા :- विवेचितं चेदं द्रव्यालोके, तथा च "यथाऽतिशयितद्रव्य एव भावाध्यारोपस्तथातिशयितस्थापनायामपीति प्रतिपत्तव्यं, अतिशयश्च द्रव्ये भावजननाभिमुख्यादिः, स्थापनायां तु विहितत्वप्रतिसंधानादिरविहिताचरणे आज्ञाविराधनादिदोषसंभवादिति द्रष्टव्यम्।**

**ટીકાર્થ :-** અને આ વાત=સહકારીવિશેષસન્નિધાનજનિત અતિશયરૂપ એવી એકભવિકાદિ યોગ્યતાનું જ તે તે વ્યવહારકાર્યનું જનકપણું છે એ વાત, દ્રવ્યાલોકમાં વિવેચન કરાઇ છે. (આ સૂચન અધિક જિજ્ઞાસુને ત્યાંથી જોવા માટે છે.)

**ટીકાર્થ :- 'तथा च'** અને એ રીતે=પૂર્વમાં કહ્યું કે આ ત્રણ પ્રકારની યોગ્યતાનું તે તે વ્યવહારકાર્યનું જનકપણું છે તે રીતે, જે પ્રમાણે અતિશયિત દ્રવ્યમાં ભાવનો અધ્યારોપ થાય છે, તે પ્રમાણે અતિશયિત સ્થાપનામાં પણ

ભાવનો અધ્યારોપ થાય છે, એ પ્રમાણે સ્વીકારવું

કહેવાનો આશય એ છે કે પૂર્વમાં **'कथं पुनः ...... आयोज्यते'**થી પૂર્વપક્ષીએ કહેલ કે, સ્થાપનામાં આ ન્યાય કેવી રીતે ઘટશે? અર્થાત્ નહિ ઘટે. તેનું સમાધાન અહીં પ્રાપ્ત થાય છે. કેમ કે જે પ્રમાણે અતિશયિત દ્રવ્યમાં ભાવનો અધ્યારોપ થઇ શકે છે તેમ અતિશયિત સ્થાપનામાં પણ ભાવનો અધ્યારોપ થઇ શકે છે.

**ઉત્થાન :-** દ્રવ્યમાં અને સ્થાપનામાં અતિશય શું છે તે બતાવે છે-

**ટીકાર્થ :-** **'अतिशयश्च'** અને દ્રવ્યમાં જે ભાવજનન અભિમુખ્યાદિ ભાવ છે, તે અતિશય છે. અને સ્થાપનામાં વિહિતત્વનું પ્રતિસંધાનાદિ છે, તે અતિશય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, દ્રવ્યમાં=ભાવની નિષ્પત્તિના કારણીભૂત એવા દ્રવ્યમાં, પૂર્વોક્ત ત્રણ પ્રકારની યોગ્યતા જ્યારે વર્તે છે, ત્યારે તે દ્રવ્ય ભાવજનનને અભિમુખ છે; અને તે દ્રવ્યમાં રહેલ ભાવજનન અભિમુખ્યાદિ ભાવો છે, તે અતિશય છે.

❀ અહીં **'भावजननाभिमुख्यादिः'** કહ્યું ત્યાં **'आदि'** પદથી ભાવજનન ક્રિયા ગ્રહણ કરવાની છે. વળી સ્થાપનામાં જ્યારે જિનમૂર્તિમાં પ્રતિષ્ઠાદિ વિધાનો કરાયાં હોય છે ત્યારે તેનો અધ્યારોપ વિહિત હોય છે, અને જે પ્રતિમામાં પ્રતિષ્ઠાદિ કરાયેલ નથી ત્યાં અધ્યારોપ વિહિત નથી. તેથી જ્યાં વિહિતપણાનું પ્રતિસંધાનાદિ છે તે જ સ્થાપનાનિષ્ઠ અતિશય છે.

❀ અહીં **'विहितत्वप्रतिसंधानादिः'** કહ્યું ત્યાં **'आदि'**પદથી પ્રતિમામાં ખંડિતપણાનો અભાવ આવશ્યક છે તેનું ગ્રહણ કરવું.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, પ્રતિમામાં ભાવનું સ્મરણ થાય તેવો પ્રશમાદિ ગુણોથી યુક્ત આકાર હોય છે, તેથી પ્રતિષ્ઠાદિ થયેલ ન હોય ત્યાં, વિહિતત્વનું પ્રતિસંધાનાદિ ન હોવા છતાં પણ, પ્રશમાદિરૂપ આકૃતિનો અતિશય માનીને ભાવઅધ્યારોપ કરવામાં શું વાંધો છે? તેથી કહે છે-

**ટીકાર્થ :-** **'अविहिताचरणे'** અવિહિતના આચરણમાં આજ્ઞાવિરાધનાદિ દોષોનો સંભવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જ્યાં પ્રતિષ્ઠા થયેલ નથી ત્યાં અધ્યારોપ કરવાનું શાસ્ત્રમાં અવિહિત છે. આમ છતાં અધ્યારોપ કરવામાં આવે તો આજ્ઞાવિરાધનાદિ દોષો લાગે છે. (આથી પાર્શ્વસ્થાના સાધુવેષમાં સાધ્વન્તરના = અન્ય સુસાધુના, ગુણનો અધ્યારોપ કરીને વંદનાદિ કરવામાં, શાસ્ત્રનું અવિધાન હોવાથી આજ્ઞાવિરાધનાદિ દોષો લાગે.)

**ટીકા :- एतेन प्रतिमायां सावद्यक्रियारूपदोषाऽभावेऽधर्माजननवन्निरवद्यक्रियाऽभावे धर्मजननमपि न युक्तम्, तदुक्तं-**

[१] "जह सावज्जा किरिया, नत्थि य पडिमासु एवमियरा वि ।

तयभावे णत्थि फलं अह होउ अहेउगं होउ ।। [आव.नि.१३३]

**त्ति प्रत्युक्तम्, न हि नमस्करणीयगता क्रिया नमस्कर्तुः फलं जनयतीति स्याद्वादिनः सङ्गिरन्ते, अपि तु तमालम्ब्य प्रवृत्तः स्वगतशुभसङ्कल्प एव स्वस्य शुभफलप्रद इति। तदुक्तं-**

[२] जिणसिद्धा दिंति फलं पूआए केण वा पवन्नमिणं ।

धम्माधम्मणिमित्तं फलं इहं सव्वजीवाणं ।। ति। [वि.आ.भा. ३२३०]

❀ '**न युक्तम्**'નો અન્વય '**प्रत्युक्तम्**' સાથે છે.

**ટીકાર્થ :-** આનાથી અર્થાત્ અતિશયિત દ્રવ્યમાં જ ભાવનો અધ્યારોપ છે, અને તે પ્રમાણે અતિશયિત સ્થાપનામાં પણ છે, એ પ્રમાણે કહ્યું અને અતિશય શું છે તે બતાવ્યું. આનાથી, પ્રતિમામાં સાવદ્યક્રિયારૂપ દોષના અભાવમાં અધર્મના અજનનની જેમ, નિરવદ્ય ક્રિયાના અભાવમાં ધર્મજનન પણ યુક્ત નથી; એ પ્રમાણે કોઈ કહે છે તે પ્રત્યુક્ત છે.

'**तदुक्तं**'થી તેમાં સાક્ષી કહે છે. તેનો ભાવ આ પ્રમાણે છે-

'**जह**' જેમ પ્રતિમામાં સાવદ્ય ક્રિયા નથી, તેમ ઇતર પણ અર્થાત્ નિરવદ્ય ક્રિયા પણ નથી. અને તેના અર્થાત્ નિરવદ્યક્રિયાના અભાવમાં, ફળ અર્થાત્ પુણ્યલક્ષણફળ નથી; અને જો ફળ હોય તો ફળની ઉત્પત્તિ અહેતુક માનવી પડે.

'**न युक्तम्......प्रत्युक्तं**' કહ્યું, તેમાં હેતુ કહે છે-

'**न हि**' નમસ્કરણીયમાં રહેલ ક્રિયા, નમસ્કર્તાને ફળ પેદા કરે છે; એ પ્રમાણે સ્યાદ્વાદીઓ માનતા નથી. પરંતુ તેને અર્થાત્ નમસ્કરણીયને આલંબન કરીને પ્રવૃત્ત સ્વગત શુભ સંકલ્પ જ, સ્વને શુભ ફળ આપનારો છે.

'**इति**' કથનની સમાપ્તિ સૂચક છે.

સ્વગત શુભ સંકલ્પ જ સ્વને શુભ ફળ આપનારો છે, તેમાં '**तदुक्तं**' થી સાક્ષી આપે છે. તેનો ભાવ આ પ્રમાણે છે-

'**जिणसिद्धा**' જિનેશ્વરો અને સિદ્ધો પૂજાનું ફલ આપે છે, આ કોના વડે સ્વીકારેલ છે? અહીં અર્થાત્ સંસારમાં સર્વ જીવોને ધર્મ અને અધર્મનિમિત્તે ફળ મળે છે.

---

१. यथा सावद्या क्रिया नास्ति च प्रतिमासु एवमितरापि । तदभावे नास्ति फलमथ भवत्वहेतुकं भवतु ।।

२. जिनसिद्धा ददति फलं पूजायाः केन वा प्रपन्नमिदम् । धर्माधर्मनिमित्तं फलमिह सर्वजीवानाम् ।।

**ભાવાર્થ :-** પૂર્વમાં કહ્યું કે, જે પ્રકારે અતિશયિત દ્રવ્યમાં ભાવનો અધ્યારોપ થઇ શકે છે, તેમ અતિશયિત સ્થાપનામાં પણ ભાવનો અધ્યારોપ થઇ શકે છે, તેથી એના દ્વારા વક્ષ્યમાણ કથન પણ પ્રત્યુક્ત થાય છે. અને વક્ષ્યમાણ કથન એ છે કે, પ્રતિમામાં જેમ સાવદ્યક્રિયા નથી તેમ નિરવદ્યક્રિયા પણ નથી; તેથી પ્રતિમાની પૂજા કરવાથી જેમ સાવદ્યક્રિયાના અભાવને કારણે પાપ બંધાતુ નથી, તેમ નિરવદ્યક્રિયાના અભાવને કારણે પુણ્ય પણ બંધાય નહિ; એ પ્રમાણે કોઇ કહે છે તે પ્રત્યુક્ત છે. અને તેમાં હેતુ કહે છે કે, વંદનીય વસ્તુગત સાવદ્ય કે નિરવદ્ય ક્રિયા ફળ પેદા કરતી નથી, પરંતુ વંદનીય વસ્તુને અવલંબીને પ્રવૃત્ત થયેલો શુભ સંકલ્પ જ સ્વને=વંદન કરનારને, ફળ આપે છે. તેથી પ્રતિમામાં નિરવદ્યક્રિયા નહિ હોવા છતાં, પ્રતિમાને અવલંબીને થતા શુભ ભાવોથી વંદન કરનારને શુભ ફળ થાય છે.

અહીં વિશેષ એ છે કે, જે જીવ પાસત્થાદિના લિંગમાં પાસત્થાપણાનું જ્ઞાન હોવા છતાં અન્ય સાધુનો અધ્યારોપ કરે છે, તેને પણ તે લિંગ દ્વારા સુસાધુનું સ્મરણ અવશ્ય થવાનું; અને તેનાથી ઉત્પન્ન થતો "આ સાધુ છે" એ પ્રકારનો ભાવ જ્યારે હૈયામાં વર્તતો હોય ત્યારે એમ જ લાગે કે, તેનું હૈયું લિંગ દ્વારા ગુણોનું સ્મરણ કરે છે; અને તેના કારણે સાધુ પ્રત્યે આદરવાળો થઇને તે જીવ નમસ્કાર કરે છે, તેથી તે જીવનું સામાન્યથી શુભચિત્ત છે તેમ લાગે, તેથી તેનું શુભ ફળ પણ અવશ્ય પ્રાપ્ત થવું જોઇએ. પરંતુ તત્ત્વથી, વ્યક્ત ઉપયોગાત્મક ઉપરોક્ત શુભ ચિત્ત વર્તતું હોવા છતાં, પાસત્થાવર્તી દોષો પણ તેને જ્ઞાત હોવાથી, પાસત્થાદિની ઉપેક્ષા કરવાનો ભાવ પણ તેના ચિત્તમાં વર્તે છે; અને ભગવાનની આજ્ઞા પણ તે અધ્યારોપનો નિષેધ કરે છે, તેથી ભગવાનની આજ્ઞાની ઉપેક્ષાનો ભાવ પણ ત્યાં વર્તે છે; અને ભગવાનની આજ્ઞાની ઉપેક્ષા કરીને નિર્ગુણીમાં પણ ગુણનો અધ્યારોપ કરવાની અનુચિત રુચિ પણ ત્યાં વર્તે છે; અને તે રુચિ બલવાન હોવાથી પ્રવૃત્તિની નિયામક બને છે. અને પોતાની સૂક્ષ્મ પ્રજ્ઞાથી જો સમ્યગ્ અવલોકન કરવા પ્રયત્ન કરે તો, પાસત્થાદિ નિર્ગુણ છે તેમ જોવાનું તેનામાં સામર્થ્ય છે, તેમ છતાં તેની ઉપેક્ષા કરીને આત્મવંચના પણ કરે છે; અને તત્ત્વનો જ ફક્ત મારે પક્ષપાત કરવો જોઇએ એવી મનોવૃત્તિનો ત્યાં અભાવ વર્તે છે. આ બધા અનુચિત ભાવો, વ્યક્ત ઉપયોગમાં ન હોવા છતાં જ્યારે બલવાન વર્તતા હોય ત્યારે, ગુણોનું સ્મરણ હોવા છતાં તત્કૃત ફલને બદલે બલવાન તે ભાવો ફલપ્રદ બને છે. જેમ જમાલિને ઉત્સૂત્રભાષણ પછી પણ, સંયમમાં સુદૃઢ યત્ન અને મોક્ષની આકાંક્ષાદિ હોવાને કારણે સમિતિગુપ્તિનો સમ્યગ્ યત્ન વર્તતો હતો ત્યારે પણ, **'कडेमाणे कडे'** એ વચનના અસમ્યગ્ સ્વીકારરૂપ વર્તતો તેનો અસદ્ગ્રહનો પરિણામ બલવાન હોવાથી, તેમનો સર્વ ઉદ્યમ મોક્ષમાર્ગની સર્વથા બહાર હતો. તેથી પ્રવર્તતા શુભ ભાવો જ કર્મબંધ કે નિર્જરામાં નિયામક નથી, પરંતુ ચિત્તવૃત્તિની સમ્યક્ વિધિપૂર્વકની સ્વચ્છતા હોય તો જ પ્રવર્તતા શુભ ભાવો તેની અતિશયતા કરીને ફલપ્રદ બને છે.

**ઉત્થાન :-** સ્વગત શુભ સંકલ્પ જ સ્વને શુભ ફલ આપે છે તેમ કહ્યું, તો પ્રતિમાદિ કેવી રીતે ઉપકાર કરે છે? એ પ્રમાણે પૂર્વપક્ષી કહે, તો કહે છે-

**ટીકા:- ननु तर्हि प्रतिमादयः कथमुपकुर्वन्ति? इति चेत्? प्रशमरसनिमग्नमित्यादिभगवद्गुणभावना-जनितमनोविशुद्धिहेतुतयेति गृहाण। उक्तं च-**

¹ 'कामं उभयाभावो तहवि फलं अत्थि मणविसुद्धीए।

तीए पुण मणविसुद्धीइ, कारणं होंति पडिमाओ [आव.नि.११३४] त्ति ॥

**ટીકાર્થ :- 'प्रशमरस'** પ્રશમરસનિમગ્ન ઇત્યાદિ ભગવદ્ગુણભાવનાથી જનિત મનોવિશુદ્ધિના હેતુપણાથી પ્રતિમાદિ ઉપકાર કરે છે, એ પ્રમાણે ગ્રહણ કર. અને કહ્યું કે -

**'कामं'** (પ્રતિમામાં) સાવદ્ય અને નિરવદ્ય બંને ક્રિયાનો અભાવ છે, આ અનુમત છે તો પણ, મનવિશુદ્ધિથી (નમસ્કાર કરનારને) ફલપ્રાપ્તિ થાય છે. વળી તે મનવિશુદ્ધિનું કારણ પ્રતિમાઓ છે.

**ટીકા :- अथैवं पार्श्वस्थादिद्रव्यलिङ्गमपि मुनिगुणसङ्कल्पकारणतया मनःशुद्ध्यै वन्दनीयमस्तु इति चेत्? कोऽयं सङ्कल्पः? ( १ ) किं द्रव्ये भावाध्यारोपरूपः? ( २ ) उत स्थापनायां तदारोपरूपः? ( ३ ) आहोस्वित्तटस्थतयैव भावानुमानं? ( ४ ) अथवा भावानुस्मरणं?।**

**ટીકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, આ પ્રમાણે અર્થાત્ **'ननु'**થી જે પ્રશ્ન કર્યો અને તેનો ઉત્તર આપ્યો કે મનોવિશુદ્ધિહેતુપણાથી પ્રતિમાદિ ઉપકાર કરે છે એ પ્રમાણે, પાર્શ્વસ્થાદિ દ્રવ્યલિંગ પણ મુનિગુણસંકલ્પના કારણપણાથી મનશુદ્ધિ માટે વંદનીય હો....

તેનો ઉત્તર આપતાં કહે છે કે, આ અર્થાત્ મુનિગુણસંકલ્પ શું છે?

(૧) શું દ્રવ્યમાં ભાવના અધ્યારોપરૂપ છે?

(૨) અથવા સ્થાપનામાં તદ્ આરોપરૂપ અર્થાત્ ભાવના અધ્યારોપરૂપ છે?

(૩) અથવા તટસ્થપણાથી જ ભાવનું અનુમાન કરવું તે છે?

(૪) અથવા ભાવનું સ્મરણ કરવું તે છે?

**ટીકા :- तत्र न प्रथमः, प्रतिमायामिव द्रव्यलिङ्गे भावकारणत्वघटकरूपनिरवद्यक्रियाया योगमनपेक्ष्य प्रशस्तभावाध्यारोपाऽप्रवृत्तेः प्रवर्त्तमानस्य चायोग्ये योग्याध्यवसायरूपतयाऽशुभसङ्कल्परूपतया प्रत्युत क्लिष्टकर्मबन्धकारणत्वात्। अत एव द्रव्यलिङ्गप्रतिमयोः सावद्यनिरवद्यक्रियोभयसत्त्वाऽसत्त्वाभ्यां विशेष आवेदितो भवति। उक्तं च-**

² जइवि अ पडिमाउ जहा, मुणिगुणसंकप्पकारणं लिंगं।

उभयमवि अत्थि लिंगे, ण य पडिमासूभयं अत्थि त्ति ॥ [आव.नि.११३५]

**इदं खल्वत्र तात्पर्य- यत् प्रतिमायामर्हद्बुद्धिः स्थापनाभावाभेदाध्यवसायपर्यवसायिनी, सा च स्वालम्बनस्य प्रतिष्ठादिरूपामेव योग्यतामपेक्ष्य प्रशस्यते। या तु पार्श्वस्थादिद्रव्यलिङ्गे साधुबुद्धिः सा तु निरवद्यक्रियाघटितं द्रव्यत्वमेवानपेक्ष्य प्रवर्त्तमाना विपर्यासरूपतया कथं प्रशस्यताम्?**

---

१. काममुभयाभावस्तथापि फलमस्ति मनोविशुद्धेः। तस्याः पुनर्मनोविशुद्धेः कारणं भवन्ति प्रतिमाः ॥

२. यद्यपि च प्रतिमा यथा मुनिगणसंकल्पकारणं लिङ्गम्। उभयमप्यस्ति लिङ्गे, न च प्रतिमासूभयमस्ति ॥

**अथ द्रव्यलिङ्गे द्रव्यत्वाभाववचनं कुतो न व्याहन्यते? इति चेत्? न, अत्र द्रव्यपदस्याप्रधानार्थकत्वात् उपचारतोऽप्रधानार्थकस्यापि द्रव्यपदस्य क्वचिद्दर्शनात्। तदुक्तं पञ्चाशके-**

[१] 'अप्पाहन्ने वि इहं कत्थइ दिट्ठो उ दव्वसद्दो त्ति ।

अंगारमद्दओ जह दव्वायरिओ सयाऽभव्वो ॥ त्ति ॥[६-१३][उप.पद-२५४]

**ટીકાર્થ :-** '**तत्र**' તેમાં અર્થાત્ ચાર વિકલ્પો પાડ્યા તેમાં, પ્રથમ વિકલ્પ બરાબર નથી; કેમ કે પ્રતિમાની જેમ દ્રવ્યલિંગમાં ભાવકારણત્વઘટકરૂપ નિરવદ્યક્રિયાના યોગની અપેક્ષા રાખ્યા વગર, પ્રશસ્ત ભાવના અધ્યારોપની અપ્રવૃત્તિ છે, અને પ્રવર્તમાનને=દ્રવ્યલિંગમાં ભાવકારણત્વઘટકરૂપ નિરવદ્યક્રિયાના યોગની અપેક્ષા રાખ્યા વગર પ્રશસ્ત ભાવના અધ્યારોપની પ્રવૃત્તિમાં પ્રવર્તમાનને, અયોગ્યમાં યોગ્ય અધ્યવસાયરૂપપણું છે; અને તેના કારણે અશુભસંકલ્પરૂપપણું હોવાથી પ્રત્યુત ક્લિષ્ટ કર્મબંધનું કારણ છે.

**ભાવાર્થ :-** ચાર વિકલ્પમાં પ્રથમ વિકલ્પ બરાબર નથી, કેમ કે ફક્ત દ્રવ્યલિંગ ભાવનું કારણ નથી, પરંતુ નિરવદ્યક્રિયાવિશિષ્ટ દ્રવ્યલિંગ ભાવનું કારણ છે. અને ભાવકારણત્વનાં બે અંગો છે (૧) નિરવદ્યક્રિયા અને (૨) દ્રવ્યલિંગ. તેથી ભાવકારણત્વના ઘટકરૂપ નિરવદ્યક્રિયા છે. તે નિરવદ્યક્રિયાના યોગની અપેક્ષા રાખ્યા વગર દ્રવ્યલિંગમાં ભાવસાધુનો અધ્યારોપ થઇ શકે નહિ. જેમ પ્રતિમામાં નિરવદ્યક્રિયાની અપેક્ષા રાખ્યા વગર ભાવનો અધ્યારોપ થાય છે, તેમ દ્રવ્યલિંગમાં ભાવનો અધ્યારોપ થઇ શકે નહિ. (અહીં પ્રતિમાનું દૃષ્ટાંત વ્યતિરેકથી જાણવું). આમ છતાં, નિરવદ્યક્રિયાની અપેક્ષા રાખ્યા વગર પ્રશસ્ત ભાવનો અધ્યારોપ કરીને પ્રવર્તમાનને, અયોગ્યમાં યોગ્ય અધ્યવસાયરૂપપણું હોવાથી, અશુભ સંકલ્પ છે. તેથી તે અશુભ સંકલ્પ ક્લિષ્ટ કર્મબંધનું કારણ બને છે.

અહીં અશુભ સંકલ્પ એ અતત્ત્વમાં તત્ત્વબુદ્ધિરૂપ છે, તેથી તે અસદ્ગ્રહરૂપ છે, અને તેને કારણે ક્લિષ્ટ મિથ્યાત્વમોહનીયના બંધનું કારણ, તે અધ્યવસાય બને છે.

**ટીકાર્થ :-** '**अत एव**' આનાથી જ=પૂર્વ કથનમાં પ્રતિમાનું વ્યતિરેક દૃષ્ટાંત બતાવ્યું, અને દ્રવ્યલિંગમાં ભાવકારણત્વના ઘટકરૂપ નિરવદ્યક્રિયાની અપેક્ષાએ પ્રશસ્ત ભાવ થાય છે, અને નિરવદ્યક્રિયાની અપેક્ષા વગર પ્રશસ્ત ભાવ થતો નથી એમ કહ્યું. આનાથી જ, દ્રવ્યલિંગ અને પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય ક્રિયારૂપ ઉભયના સત્ત્વ અને અસત્ત્વ દ્વારા વિશેષ આવેદિત થાય છે=જણાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, દ્રવ્યલિંગમાં સાવદ્ય અને નિરવદ્ય ક્રિયારૂપ ઉભયનું સત્ત્વ છે, અને પ્રતિમામાં સાવદ્ય અને નિરવદ્ય ક્રિયારૂપ ઉભયનું અસત્ત્વ છે; તેનાથી દ્રવ્યલિંગ અને પ્રતિમા એ બેમાં જે ભેદ છે, તે જણાય છે.

'**उक्तं च**'થી તેમાં સાક્ષી આપતાં કહે છે-

---

૧. अप्राधान्येऽपीह क्वचिद् दृष्टस्तु द्रव्यशब्द इति । अङ्गारमर्दको यथा द्रव्याचार्यो सदाऽभव्यः ॥

**ટીકાર્થ :- 'जइवि'** પ્રતિમાની જેમ મુનિગુણના સંકલ્પનું કારણ દ્રવ્યલિંગ જો કે છે તો પણ પ્રતિમાની સાથે વૈધર્મ્ય છે. જે કારણથી લિંગમાં સાવદ્યકર્મ અને નિરવદ્યકર્મ ઉભય પણ છે અને પ્રતિમામાં ઉભય નથી, કેમ કે પ્રતિમામાં સાવદ્યકર્મ નથી.

**વિશેષાર્થ :-** અહીં આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૫નું જોડાણ આ રીતે છે-

❀ ગાથામાં **'पडिमाउ'** પછી જે **'यथा'** છે તેનો અન્વય **'प्रतिमा'** સાથે છે.

❀ ગાથાના ઉત્તરાર્દ્ધ પૂર્વે **'यतः'** અધ્યાહાર છે.

❀ **'यद्यपि'**ની સાથે સંબંધ ધરાવતો **'तथापि'**નો ભાગ અધ્યાહાર છે તે આ પ્રમાણે - તો પણ પ્રતિમાની સાથે વૈધર્મ્ય છે.

❀ પૂર્વમાં **"अत एव........विशेष आवेदितो भवति"** એમ કહ્યું ત્યાં દ્રવ્યલિંગ અને પ્રતિમાનો જે ભેદ છે તે બતાવવા માટે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૩૫ની સાક્ષી આપેલ છે.

**ઉત્થાન :- 'अत एव'**ની પૂર્વે **तत्र न प्रथमः** એમ કહીને તેમાં જે હેતુ કહ્યો, તેનું તાત્પર્ય **'इदं खलु'**થી કહે છે-

**ટીકાર્થ :- 'इदं'** અહીં ખરેખર આ તાત્પર્ય છે. અર્થાત્ પ્રથમ વિકલ્પ બરાબર નથી, તેમાં આ તાત્પર્ય છે - પ્રતિમામાં, સ્થાપના અને ભાવનિક્ષેપાના અભેદ અધ્યવસાયમાં પર્યવસાન પામનારી જે અર્હદ્બુદ્ધિ છે, તે સ્વઆલંબનની પ્રતિષ્ઠાદિરૂપ જ યોગ્યતાની અપેક્ષાએ પ્રશસ્ત છે,=સ્વ એટલે અર્હદ્બુદ્ધિ, તેના આલંબનરૂપ પ્રતિમાની પ્રતિષ્ઠાદિરૂપ યોગ્યતા તેની અપેક્ષાએ પ્રશસ્ત છે; પરંતુ જે પાસત્થાદિ દ્રવ્યલિંગમાં સાધુબુદ્ધિ છે, તે વળી નિરવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વની અપેક્ષા વગર, પ્રવર્તમાન વિપર્યાસરૂપપણું હોવાને કારણે કેવી રીતે પ્રશસ્ત કહેવાય? અર્થાત્ ન કહેવાય.

❀ ટીકામાં **'यत्'** છે ત્યાં **'या'** પાઠની સંભાવના છે.

**ભાવાર્થ :-** પ્રતિમામાં પ્રતિષ્ઠાદિરૂપ યોગ્યતાને આશ્રયીને ભાવતીર્થંકરના અભેદની બુદ્ધિ કરવી એ ઉચિત છે, પરંતુ પ્રતિષ્ઠાદિરૂપ યોગ્યતા ન હોય અને ભાવતીર્થંકરની અભેદબુદ્ધિ કરવામાં આવે તો તે ઉચિત ગણાય નહિ. તે જ રીતે પાર્શ્વસ્થાદિના સાધુવેષમાં નિરવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વ નથી, તેથી ત્યાં સાધુબુદ્ધિ કરવી તે પ્રશસ્ત નથી, અર્થાત્ પાર્શ્વસ્થાદિમાં દ્રવ્યસાધુવેષ છે પરંતુ તેમાં સાવદ્યક્રિયા છે, તેથી તેનું દ્રવ્યલિંગ સાવદ્યક્રિયાથી ઘટિત છે પરંતુ નિરવદ્યક્રિયાથી ઘટિત નથી; જ્યારે વંદન માટેની યોગ્યતારૂપે નિરવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વ સ્વીકારવું તે ઉચિત છે, પરંતુ સાવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વ વંદન માટે અયોગ્ય છે. તેથી ત્યાં સાધુત્વબુદ્ધિ કરવી તે વિપર્યાસરૂપ હોવાને કારણે વંદનક્રિયા પ્રશસ્ત બને નહિ, પરંતુ પાપનું કારણ થાય.

**ઉત્થાન :- 'यत् ............... कथं प्रशस्यताम्'** એ પ્રકારના પૂર્વના કથનમાં કહ્યું કે, પાર્શ્વસ્થાદિ દ્રવ્યલિંગમાં જે સાધુબુદ્ધિ છે તે નિરવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વની અપેક્ષા વગર પ્રવર્તે છે. એનાથી એ પ્રાપ્ત થયું કે, પાર્શ્વસ્થાદિ દ્રવ્યલિંગમાં નિરવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વ નથી. તેથી પૂર્વપક્ષી **'अथ'**થી શંકા કરતાં કહે છે -

**ટીકાર્થ :- 'अथ'** દ્રવ્યલિંગમાં દ્રવ્યત્વના અભાવનું વચન કેમ હણાશે નહિ? અર્થાત્ પરસ્પર વ્યાઘાત પામશે. અર્થાત્ પાર્શ્વસ્થાદિના વેષમાં દ્રવ્યલિંગ કહેવું, અને વળી નિરવદ્યક્રિયાઘટિત દ્રવ્યત્વ તેમાં નથી એમ કહેવું, એ પરસ્પર વિરોધી વચન છે. એ પ્રકારે પૂર્વપક્ષીની શંકામાં કહે છે કે તારી વાત બરાબર નથી.

**'अत्र'** કેમ કે અહીંયાં અર્થાત્ પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગમાં, જે દ્રવ્યપદ છે તે અપ્રધાનાર્થક છે. અને તેની પુષ્ટિ કરવા માટે હેતુ કહે છે-

**'उपचारतो'** - ઉપચારથી અપ્રધાનાર્થક પણ દ્રવ્યપદનું ક્વચિત્ દર્શન છે. અર્થાત્ શાસ્ત્રમાં કોઇ ઠેકાણે અપ્રધાનાર્થક દ્રવ્યપદ પણ દેખાય છે. તે પંચાશકમાં કહેલું છે-

**'अप्पाहन्ने'**અહીં=શાસ્ત્રમાં, અપ્રધાનાર્થક દ્રવ્યશબ્દ ક્વચિત્ જોવાયેલ છે. જેમ સદા અભવ્ય અંગારમર્દક દ્રવ્યાચાર્ય છે.

**ટીકા :- नापि द्वितीयो, अयोग्यस्य योग्याभेदाध्यारोपाविषयत्वादेव, अन्यथा विडम्बकलिङ्गस्याप्युपास्यत्वापत्तेः। वेषवतोऽयोग्यत्वेऽपि वेषो नायोग्य इति चेत्? न, तत्रापि प्रवचनहीलनानुगुणत्वाद्ययोग्यतासत्त्वात्, चौरसंसर्गिणोऽपि चौरप्रायत्वाच्च।**

ॐ **'प्रवचनहीलनानुगुणत्वादि'** અહીં **'आदि'** છે. તેનાથી **'आज्ञाविराधनत्वादि'** લઇ શકાય.

**ટીકાર્થ :- 'अयोग्यस्य'** બીજો ભાંગો પણ બરાબર નથી. કેમ કે અયોગ્યનું યોગ્યની સાથે અભેદ અધ્યારોપનું અવિષયપણું જ છે, અન્યથા વિડંબકના લિંગને પણ ઉપાસ્યપણાની આપત્તિ આવે છે.

અહીં પૂર્વપક્ષી કહે કે, વેષવાળાનું અયોગ્યપણું હોવા છતાં વેષ અયોગ્ય નથી. તો કહે છે કે એમ ન કહેવું, કેમ કે ત્યાં પણ અર્થાત્ વેષમાં પણ; પ્રવચનહીલના અનુગુણત્વાદિ અયોગ્યતા રહેલી છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, વેષવાળો પ્રવચનહીલના કરે છે, વેષ પ્રવચનહીલના કરતો નથી; તેથી વેષ ખરાબ ન કહેવાય. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'चौरसंसर्गिणो'** - ચોરના સંસર્ગીનું પણ ચોરસદૃશપણું છે.

**ઉત્થાન :-** બીજો વિકલ્પ બરાબર નથી એ વાત કરીને, તેને જ પુષ્ટ કરતાં **'अपि च'**થી કહે છે-

**ટીકા :-** अपि च गुणवदभेदाध्यारोपस्य तद्गतोत्कर्षवत्त्वप्रतीतिः प्रयोजनमत एव 'गङ्गायां घोषः' इत्यत्र गङ्गापदस्य गङ्गातीरे लक्षणया तत्र गङ्गाभेदाध्यवसायादेव शैत्यपावनत्वादिकं प्रतीयत इति शास्त्रीय प्रवादः, अन्यथा 'गङ्गायां घोषः' इति प्रयोगस्य 'गङ्गातटे घोषः' इति प्रयोगादविशेषापत्तेः। अत एव रूपकालङ्कारादिगर्भतत्तद्वृत्तघटितस्तुतिस्तोत्रादिप्रणयनोद्भूतप्रभूतभक्तिप्राग्भाराद्विपुलनिर्जरालाभो भगवतः स्तुतिकृताम्। एतेन प्रतिमायां "तीर्थंकरोऽयं मोक्षदो भवतु" इत्यादि मृषाभाषाप्रयोगः कर्मबन्धायेति वदन् लुम्पकः स्वयमेव स्वशिरसि भूतायत्त इव धूलिं प्रक्षिपन्नवगन्तव्यो, विशिष्टभक्त्या भाषितयोस्तादृशस्तुतिप्रयोजिकयोः स्थापनायाचनादिसत्यासत्यामृषाभाषयोः श्रेयोमूलत्वात्, स्थाप्यस्थापनयोरुपमेयोपमानयोश्च भाषाविशेषेण भेदतिरोधानतारतम्येणैव भक्तितारतम्योद्भवदर्शनात्, अत एव लाक्षणिकप्रयोगेऽपि सारोपासाध्यवसानामूलकयोस्तयोः स्फुट एव विशेष इति। तथा च द्रव्यलिङ्गे भावलिङ्गाध्यारोपात्तत्रातिशयितत्वप्रतिसन्धानेऽवर्जनीयसन्निधिकतया तद्वत्यप्यतिशयितत्वप्रतिसंधाने तदनुमतिप्रयुक्तो दोषः कथङ्कारं वारणीयः?

इदमेवाभिप्रेत्योक्तं-

[१]णियमा जिणेसु उ गुणा पडिमाउ द्दिस्स जे मणे कुणइ ।
अगुणे उ वियाणंतो कं णमउ मणे गुणं काउं ॥ [आव.नि.११३६]

❀ '**अपि च.... प्रयोजनम्**' સુધી કહ્યું, તેનો અન્વય '**तथा च द्रव्यलिंगे कथङ्कारं वारणीयः?**' કહ્યું, તેની સાથે છે.

❀ '**अत एव गङ्गायां घोषः ............ स्फुट एव विशेष इति।** સુધી વચ્ચેનું જે કથન છે, તે તેની પુષ્ટિ માટે છે-

**ટીકાર્થ :-** '**अपि च**' અને વળી ગુણવદ્ના અભેદ-અધ્યારોપનું પ્રયોજન, તદ્ગત ઉત્કર્ષવત્ત્વની પ્રતીતિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ભગવાનની મૂર્તિમાં ગુણવાન એવા ભગવાનના અભેદના અધ્યારોપનું પ્રયોજન, ભગવાનની મૂર્તિગત ઉત્કર્ષવત્ત્વની પ્રતીતિ છે; અને તે પ્રતીતિ થયા પછી તેની પૂજા આદિથી ફલની પ્રાપ્તિ થાય છે.

**ટીકાર્થ :-** '**अत एव**' આથી કરીને જ=ગુણવદ્ના અભેદના અધ્યારોપનું પ્રયોજન તદ્ગત ઉત્કર્ષવત્ત્વની પ્રતીતિ કરાવવી તે છે, આથી કરીને જ, '**गङ्गायां घोषः**' એ પ્રયોગમાં ગંગાપદની ગંગાતીરમાં લક્ષણા હોવાને કારણે, ત્યાં=ગંગાતીરમાં, ગંગાના અભેદના અધ્યવસાયથી જ શીતળતા-પાવનપણું આદિ પ્રતીત થાય છે. એ પ્રમાણે શાસ્ત્રીય પ્રવાદ છે.

'**अन्यथा**' એવું ન માનો તો=ગંગાના અભેદઅધ્યવસાયથી ગંગાતીરમાં ઉત્કર્ષની પ્રતીતિ થાય છે, એવું ન

१. नियमाज्जिनेषु तु गुणाः प्रतिमाः दृष्ट्वा यान् मनसि करोति । अगुणांस्तु विजानन् कं नमतु मनसि गुणं कृत्वा?॥

માનો તો, 'ગંગામાં ઘોષ' છે એ પ્રયોગનો 'ગંગાતીરમાં ઘોષ' છે એ પ્રમાણે પ્રયોગથી અવિશેષની આપત્તિ છે. અર્થાત્ સમાન માનવાની આપત્તિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ગંગામાં ઘોષ(ગાયોને બાંધવાનું સ્થાન, ગમાણ) છે એ પ્રયોગથી, એ ઘોષ જે તીર ઉપર છે તે શીતળ અને પવિત્ર છે તેવી પ્રતીતિ થાય છે. કેમ કે લક્ષણાથી ગંગાપદની ગંગાતીરમાં ઉપસ્થિતિ કરવાને કારણે, તીરમાં જે શીતળતા-પવિત્રપણું આદિ ઉત્કર્ષ નથી, તે પણ ગંગાના અભેદના અધ્યવસાયથી પ્રતીત થાય છે; અને ગંગાતટમાં ઘોષ છે એ પ્રયોગથી, ગંગાતટ ઘોષનું અધિકરણ છે એટલી જ પ્રતીતિ થાય છે. અને આ બંને પ્રયોગ ભિન્ન ભિન્ન પ્રતીતિ કરાવે છે તે માન્ય છે; પરંતુ અભેદના અધ્યવસાયથી, જો તીરમાં શીતળતા-પવિત્રતાદિની પ્રતીતિ થતી ન હોય તો, બંને પ્રયોગ સરખા માનવાની આપત્તિ આવશે.

આ '**अत एव**' ...... કથનથી એ સિદ્ધ કર્યું કે, જેમ ગંગામાં ઘોષ છે એ પ્રયોગમાં ગંગા અને ઘોષનો અભેદઅધ્યવસાય કરવાથી શૈત્ય-પાવનત્વાદિક પ્રતીત થાય છે; તેમ જિનપ્રતિમામાં ગુણવાન એવા ભાવઅરિહંતનો અભેદઅધ્યારોપ કરવાથી, તદ્ગત=પ્રતિમાગત, ભગવાનના ગુણની પ્રતીતિ થાય છે તે પ્રતિમાગત ઉત્કર્ષવત્ત્વની પ્રતીતિ કરાવવા સ્વરૂપ છે.

**ટીકાર્થ :-** '**अत एव**' આથી કરીને જ=ગુણવદ્ અભેદઅધ્યારોપનું તદ્ગત ઉત્કર્ષવત્ત્વની પ્રતીતિ કરાવવી એ પ્રયોજન છે, આથી કરીને જ, રૂપક અલંકારાદિ ગર્ભમાં છે જેને તેવા, તે તે વૃત્તથી=તે તે શ્લોકથી, ઘટિત સ્તુતિસ્તોત્રાદિના પ્રણયનથી=રચનાથી, ઉદ્ભૂત થયેલા પ્રભૂત ભક્તિ પ્રાગ્ભારના કારણે, ભગવાનની સ્તુતિ કરનારને વિપુલ નિર્જરા થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ભગવાનની પુંડરીકની ઉપમાથી કે સિંહની ઉપમાથી નમુત્થુણં આદિ સૂત્રમાં સ્તુતિ કરાયેલ છે તે રૂપક અલંકારથી, ભગવાન કર્મની સામે સિંહ જેવા પરાક્રમશીલ અને પુંડરીક જેવા નિર્લેપ છે તેવી ઉપસ્થિતિ, સિંહ અને પુંડરીકનો ભગવાનની સાથે અભેદ કરવાથી થાય છે. બાહ્ય ગુણવાળા એવા સિંહ અને પુંડરીકનો ભગવાનમાં જે અભેદઅધ્યારોપ છે, તે ભગવાનમાં તેવા પ્રકારના વિશેષ સ્વરૂપની પ્રતીતિ કરાવે છે અને તેનાથી ભગવાન પ્રત્યે અતિશયિત ભક્તિ પ્રાદુર્ભાવ થાય છે અને તેના કારણે સ્તુતિ કરનારને વિપુલ નિર્જરા પ્રાપ્ત થાય છે.

**ટીકાર્થ :-** '**एतेन**' આના વડે=રૂપકાદિગર્ભસ્તુતિ-સ્તોત્ર દ્વારા ઉત્પન્ન થયેલ પ્રભૂત ભક્તિના પ્રાગ્ભારથી વિપુલ નિર્જરાલાભ થાય છે, એના વડે, "આ તીર્થંકર છે, મોક્ષ આપનારા થાઓ" ઇત્યાદિ મૃષાભાષાપ્રયોગ કર્મબંધ માટે થાય છે, એ પ્રમાણે કહેતો લુંપક, સ્વયં જ પોતાના મસ્તક ઉપર ભૂતાયત્તની=ભૂતાવિષ્ટની, જેમ ધૂળ નાંખતો જાણવો.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જેમ ભૂતાવિષ્ટ માણસ પોતાના મસ્તક ઉપર ધૂળ નાંખવાની અનુચિત પ્રવૃત્તિરૂપ ચેષ્ટા કરે છે, તેમ પ્રતિમાને તીર્થંકર કહેવા અને તેમની પાસે મોક્ષની માંગણી કરવી એ વચન, ખરેખર નિર્જરાનાં

કારણભૂત છે, છતાં તેને કર્મબંધનાં કારણભૂત કહેવાં તે ભૂતાવિષ્ટના જેવી અનુચિત પ્રવૃત્તિરૂપ ચેષ્ટા છે.

અહીં વિશેષ એ છે કે, જેમ રૂપક અલંકારમાં સિંહની સાથે ભગવાનનો અભેદ કરવાથી ભગવાનનું વિશિષ્ટ સ્વરૂપ ઉપસ્થિત થાય છે, અને તેનાથી પેદા થતા ભાવના અતિશયને કારણે વિપુલ નિર્જરા થાય છે, તેમ પ્રતિમામાં ભાવઅરિહંતનો અભેદ કરવાથી વિશેષ ભાવ થાય છે. તેથી વિશેષ ભાવજન્ય નિર્જરા માટે પ્રતિમામાં '**तीर्थंकरोऽयं**' એવી બુદ્ધિ થાય છે. માટે લુંપકનું વચન અસંગત છે.

**ઉત્થાન :-** તે લુંપકનું વચન અસંગત કેમ છે? તેમાં હેતુ કહે છે -

**ટીકાર્થ :-** '**विशिष्ट**' વિશિષ્ટ ભક્તિથી ભાષિત, તેવા પ્રકારની સ્તુતિની પ્રયોજિકા સ્થાપનાસત્ય ભાષાનુ અને યાચનાદિ અસત્યામૃષા ભાષાનું શ્રેયોમૂલપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, "આ તીર્થંકર છે" એ સ્થાપનાસત્યરૂપ ભાષા છે અને "મોક્ષ આપનારા થાઓ" એ યાચના અસત્યઅમૃષાભાષારૂપ છે. કેમ કે સ્થાપનારૂપે જિનપ્રતિમા પ્રતિષ્ઠિત હોવાથી સ્થાપનાસત્યરૂપ છે, અને ભગવાન વાસ્તવિક મોક્ષ આપનારા નથી, છતાં તેમની પાસે "મોક્ષ આપો" એ માંગણી કરવી, તે મોક્ષપ્રાપ્તિમાં નિમિત્તરૂપ બને છે, તેથી તે અસત્યઅમૃષારૂપ વ્યવહારભાષા છે. અને આ બંને ભાષાઓ ભગવાનની સ્તુતિ કરવાના પ્રયોજનથી બોલાયેલી છે. તેથી આ બંને ભાષા શ્રેયનું=કલ્યાણનું કારણ બને છે. માટે આ બંને ભાષાપ્રયોગ કર્મબંધ માટે થાય એમ કહેવું તે અસંગત છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, વિશિષ્ટ ભક્તિથી બોલાયેલી ઉક્ત બંને ભાષા કલ્યાણનું કારણ છે. ત્યાં પ્રશ્ન થાય કે, વિશિષ્ટ ભક્તિ હૈયામાં પેદા કરવાની છે, તે માટે પ્રતિમાથી ભિન્ન એવા ભાવતીર્થંકરનો પ્રતિમામાં અભેદ કરવાનું, અને ઉપમેયથી ભિન્ન એવા ઉપમાનનો રૂપક અલંકારમાં અભેદ કરવાનું પ્રયોજન શું છે? એથી કહે છે-

**ટીકાર્થ :-** '**स्थाप्य**' સ્થાપ્ય અને સ્થાપનામાં અને ઉપમેય અને ઉપમાનમાં, ભાષાવિશેષ દ્વારા ભેદના તિરોધાનના તારતમ્યથી જ, ભક્તિના તારતમ્યના ઉદ્ભવનું દર્શન થાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ઉક્ત ભાષાવિશેષ દ્વારા જેમ જેમ બુદ્ધિની અંદર સ્થાપ્ય એવા ભાવતીર્થંકર અને સ્થાપના એ બેના ભેદનું તિરોધાન થતું જાય છે, અને મૂર્તિ સાક્ષાત્ ભાવતીર્થંકરરૂપ પ્રતીત થાય છે; અને ઉપમેય એવા ભાવતીર્થંકર (ભગવાન) સિંહની ઉપમા દ્વારા કર્મની સામે સાક્ષાત્ સિંહ જેવા પરાક્રમવાળા પ્રતીત થાય છે; તેમ તેમ સ્થાપ્ય અને સ્થાપનાના અભેદને કારણે પ્રતિમા પ્રત્યે ભક્તિનો અતિશય ઉદ્ભવ થાય છે, અને ઉપમાન અને ઉપમેયના ભેદના તિરોધાનને કારણે ઉપમેય એવા ભાવતીર્થંકર પ્રત્યે સિંહાદિની ઉપમા દ્વારા ભક્તિની અતિશયતાનો ઉદ્ભવ થાય છે.

**ટીકાર્થ :-** '**अत एव**' આથી કરીને જ=ભાષાવિશેષ દ્વારા ભેદના તિરોધાનના તારતમ્યથી, ભક્તિનું તારતમ્ય

ઉદ્ભવ પામે છે. આથી કરીને જ, લાક્ષણિક પ્રયોગમાં પણ સારોપ અને સાધ્યવસાનામૂલક એવા તે બંને પ્રયોગોનો સ્પષ્ટ જ વિશેષ=ભેદ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, લાક્ષણિક પ્રયોગમાં સારોપ પ્રયોગ અને સાધ્યવસાના પ્રયોગ હોય છે. જેમ **'सोऽहं'** પ્રયોગ થાય છે, ત્યાં **'सो'** શબ્દ પરમાત્માનો વાચક છે અને **'अहं'** શબ્દ સ્વનો વાચક છે. આ **'सोऽहं'** પ્રયોગમાં પરમાત્માનો સ્વમાં આરોપ છે, માટે આ સારોપ પ્રયોગ છે. અને **'अहं अहं'** એ પ્રકારના પ્રયોગમાં પ્રથમ **'अहं'** શબ્દ પરમાત્માના સ્વરૂપનો વાચક છે અને બીજો **'अहं'** શબ્દ સ્વનો વાચક છે. આ **'अहं अहं'** નો પ્રયોગ 'સાધ્યવસાના' પ્રયોગ છે, કેમ કે પરમાત્મસ્વરૂપ હું છું તેમ એકરૂપપણાની ઉપસ્થિતિનો ભાવ છે. તેથી પ્રથમ સારોપ પ્રયોગ કરતાં બીજા પ્રકારના સાધ્યવસાના પ્રયોગમાં ભેદનું તિરોધાન અતિશયિત હોય છે. તેથી સારોપ પ્રયોગ કરતાં સાધ્યવસાના પ્રયોગકાળમાં યોગીપુરુષ પરમાત્માને અતિશય આસન્નભાવવાળો બને છે. તેથી ત્યાં ભક્તિનો અતિશય વર્તે છે. આ રીતે આ બંને પ્રયોગમાં સ્પષ્ટ ભેદ છે.

આનાથી એ કહેવું છે કે, જેમ સારોપ લાક્ષણિક પ્રયોગ અને સાધ્યવસાના લાક્ષણિક પ્રયોગ બંને લક્ષણાથી થાય છે, છતાં સારોપ પ્રયોગ કરતાં સાધ્યવસાના પ્રયોગમાં પરમાત્મા સાથે અભેદનો અતિશય હોય છે, તેથી ત્યાં અતિશય ભક્તિ વર્તે છે; તે જ રીતે સ્થાપ્ય અને સ્થાપનાનો અને ઉપમેય અને ઉપમાનનો ભાષાવિશેષ દ્વારા જેમ જેમ અભેદનો અતિશય થાય છે, તેમ તેમ ભક્તિનો અતિશય થાય છે. તેથી નિર્જરા વિશેષ અર્થાત્ વિપુલ નિર્જરા થાય છે. માટે પ્રતિમામાં **'तीर्थंकरोऽयं' 'मोक्षदो भवतु'** એ પ્રકારના પ્રયોગો ભક્તિપ્રકર્ષ માટે કરવા ઉચિત છે.

**ટીકાર્થ :-** **'तथा च'** અને તે રીતે=પૂર્વમાં **'गुणवद् .......... प्रयोजनम्'** સુધીનું કથન કર્યું તે રીતે=ગુણવદ્ અભેદઅધ્યારોપનું પ્રયોજન તદ્ગત ઉત્કર્ષવત્ત્વની પ્રતીતિ છે તે રીતે, દ્રવ્યલિંગમાં ભાવલિંગનો અધ્યારોપ કરવાથી, ત્યાં=દ્રવ્યલિંગમાં, અતિશયિતપણાનું પ્રતિસંધાન થયે છતે, અવજર્યસંનિધિકપણું હોવાના કારણે તદ્વાનમાં પણ=દ્રવ્યલિંગવાળી વ્યક્તિમાં પણ, અતિશયિતપણાના પ્રતિસંધાનમાં (તેનામાં રહેલા જે દોષો છે) તેની અનુમતિપ્રયુક્ત દોષ કેવી રીતે વારણ થઇ શકે? અર્થાત્ ન થઇ શકે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, દ્રવ્યલિંગમાં ભાવલિંગના અધ્યારોપના કારણે દ્રવ્યલિંગવાળી વ્યક્તિમાં પણ જે અતિશયિતપણાનું પ્રતિસંધાન થાય છે, તેનાથી તે વ્યક્તિમાં રહેલા જે દોષો છે તે જ અર્થથી અતિશયિતત્વરૂપે પ્રાપ્ત થાય છે. તેથી તેના દોષો પ્રત્યે આદર-બહુમાનાદિની અભિવ્યક્તિ થાય છે. માટે તે વ્યક્તિના દોષોનું અનુમોદન થાય છે અને તે વ્યક્તિના દોષસેવનમાં પોતાનાં આદર-બહુમાનાદિ કારણ બને છે. તે રીતે પણ તે વ્યક્તિના દોષોનું અનુમોદન થાય છે, તે કેવી રીતે વારણ થઇ શકે? આ રીતે **'अपि च'** થી કરેલા કથનનો અન્વય **'कथङ्कारं वारणीयः?'** સાથે છે.

**ટીકાર્થ :-** **'इदमेवाभिप्रेत्योक्तं'** - આને જ=**'अपि च ........... प्रयोजनम्'** અને **'तथा च ......... कथङ्कारं वारणीयः?'** આ સંપૂર્ણ કથનને અભિપ્રેત કરીને આવશ્યકનિર્યુક્તિમાં કહ્યું છે -

**'णियमा'** જિનોમાં નિયમા ગુણો છે, પ્રતિમાને જોઇને જેને=જિનોના ગુણોને, મનમાં કરે છે. વળી (પાસત્થાદિમાં) અગુણોને જાણતો કયા ગુણોને મનમાં કરીને નમસ્કાર કરે?

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, પાસત્થાને વંદન કરવામાં તેના દોષોની અનુમતિ પ્રાપ્ત થશે. તેના નિવારણરૂપે **'अथ'**થી પૂર્વપક્ષી કહે છે-

**ટીકા :- अथ यद्धर्मावच्छेदेनोत्कर्षवत्त्वज्ञानं तद्धर्मावच्छेदेनैव तदनुमितिरिति चेत्? तथापि त्वदुक्तरीत्या पार्श्वस्थत्वाद्यवच्छेदेनापि साध्वभेदाध्यारोपादिसामग्र्योत्कर्षवत्त्वज्ञानात्तदवच्छेदानुमत्या कथं न प्रमादोपबृंहणम्॥**

**अत एवोक्तं-**

[१] किइकम्मं च पसंसा सुहसीलजणम्मि कम्मबंधाय ।
जे जे पमायठाणा ते ते उववूहिआ हुंति ॥ त्ति। [आव. नि. ११९२]

**ટીકાર્થ :- 'अथ'** જે ધર્માવચ્છેદેન=લિંગધર્માવચ્છેદેન, ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન છે, તદ્ધર્માવચ્છેદેન જ તેની અનુમતિ છે.=લિંગધર્માવચ્છેદેન પાસત્થાદિને કરાતા વંદનથી તેની અનુમતિ છે. આ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે, તો પણ તમારી કહેવાયેલી રીતિથી=જે ધર્મરૂપે ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન છે, તે ધર્મરૂપે જ તેની અનુમતિ છે. એ પ્રમાણે તમારી કહેવાયેલી રીતિથી, પાર્શ્વસ્થત્વાદિ અવચ્છેદેન પણ=અવચ્છેદરૂપે પણ, સાધુઅભેદના અધ્યારોપાદિની સામગ્રી હોવાને કારણે ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન હોવાથી તદ્ અવચ્છેદમાં=પાર્શ્વસ્થત્વાદિ અવચ્છેદમાં, અનુમતિ હોવાના કારણે પ્રમાદની ઉપબૃંહણા કેમ ન થાય? અર્થાત્ થાય.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષીને એ કહેવું છે કે, પાસત્થાના પાર્શ્વસ્થભાવને સામે રાખીને ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન નથી, પરંતુ સાધુલિંગ અવચ્છેદથી ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન છે; તેથી પાસત્થાદિને વંદન કરવાથી તેના લિંગની અનુમોદના થાય છે, પણ તેના પાર્શ્વસ્થભાવની અનુમોદના થતી નથી. તેના ખુલાસારૂપે **'तथापि'** ...... થી ગ્રંથકાર કહે છે - તો પણ પૂર્વપક્ષીની કહેવાયેલી પદ્ધતિથી પુરોવર્તી પાસત્થામાં જેમ લિંગભાવ છે, તેમ પાર્શ્વસ્થભાવ પણ છે, અને ત્યાં સાધુઅભેદનો અધ્યારોપ કરવાથી પાર્શ્વસ્થભાવ પણ સાધુઅભેદના અધ્યારોપની સામગ્રીરૂપ છે. તેથી તે રૂપે પણ ત્યાં ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન થશે. તેથી તેના પાર્શ્વસ્થભાવની અનુમોદના પ્રાપ્ત થશે.

અહીં વિશેષ એ છે કે, વિચારરૂપે ભલે પાર્શ્વસ્થાદિના લિંગમાં અભેદબુદ્ધિનો આશય હોય, છતાં પુરોવર્તી પદાર્થ દોષવાળો છે એવો પોતાની બુદ્ધિથી નિર્ણય થતો હોય તો પણ તેની ઉપેક્ષા કરીને ત્યાં અભેદનો આરોપ કરે છે ત્યારે, અર્થથી પ્રાપ્ત એવો તેનો પાર્શ્વસ્થભાવ પણ અભેદની સામગ્રી બની જાય છે; કેમ કે તેની બુદ્ધિમાં વિચાર નહિ હોવા છતાં તે દૃષ્ટ છે. તેથી તે રૂપે ઉત્કર્ષવત્ત્વનું જ્ઞાન થાય છે અને તેના કારણે તેના પ્રમાદને ઉત્કર્ષ જોવારૂપે ઉપબૃંહણાનો પરિણામ હોય છે.

---

१. कृतिकर्म च प्रशंसा सुखशीलजने कर्मबन्धाय । यानि यानि प्रमादस्थानानि तानि तान्युपबृंहितानि भवन्ति ।।

**ટીકાર્થ :- 'अत एवोक्तं'**- આથી કરીને જ અર્થાત્ પાર્શ્વસ્થાદિને વંદન કરવાથી તેના પ્રમાદની ઉપબૃંહણા થાય છે, આથી કરીને જ, કહ્યું છે-

**'किइकम्मं'** સુખશીલ જનમાં કૃતિકર્મ અને પ્રશંસા કર્મબંધ માટે થાય છે. (અને તે કરવાથી) જે જે પ્રમાદનાં સ્થાનો છે, તે તે સ્થાનો ઉપબૃંહિત થાય છે.
**'त्ति'** આવશ્યકના ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- ये तु तद्विषयककृतिकर्मप्रशंसे कारणप्राप्ते ते तु स्वारसिकतदुत्कर्षज्ञानाऽजनकतया न तद्गतप्रमादोपबृंहणप्रवणे। अत एवेत्थं तद्विधानमस्मार्षुः- [ आ. नि. ११२६-२७-२८ ]**

[१] मुक्कधुरासंपागडसेवीचरणकरणपब्भट्ठे ।
लिङ्गावसेसमित्ते जं कीरइ तं पुणो वुच्छं ॥
[२] वायाइ नमुक्कारो हत्थुस्सेहो य सीसनमणं च ।
संपुच्छणऽच्छणं छोभवंदणं वंदणं वावि ॥
[३] परियायपरिसपुरिसे खित्तं कालं च आगमं णच्चा ।
कारणजाए जाए जहारिहं जस्स जं जोग्गं ॥
[४] परियायबंभचेरं परिसं विणीया सि(इ) पुरिस णच्चा वा ।
कुलकज्जादायत्ता, आघ्रवउ गुणागमसुअं वा ॥ [भा. २०४]
[५] एयाईं अकुव्वंतो जहारिहं अरिहदेसिए मग्गे ।
ण हवइ पवयणभत्ती, अभत्तिमंतादयो दोसा ॥ त्ति [आ. नि. ११२९]

**ટીકાર્થ :- 'ये तु'** જે વળી તેના અર્થાત્ પાર્શ્વસ્થાદિ વિષયક કૃતિકર્મ અને પ્રશંસા કારણપ્રાપ્ત અર્થાત્ અપવાદિક છે તે, *સ્વારસિક તદુત્કર્ષજ્ઞાનનું અજનકપણું હોવાને કારણે, તદ્ગત અર્થાત્ પાર્શ્વસ્થાદિગત પ્રમાદની ઉપબૃંહણામાં સમર્થ નથી.
* સ્વ ઇચ્છાથી કરાય તે સ્વારસિક.

---

१. मुक्तधूः संप्रकटसेवीचरणकरणप्रभ्रष्टः । लिङ्गावशेषमात्रे यत्क्रियते तत्पुनर्वक्ष्ये ॥
२. वाचा नमस्कारो हस्तोच्छ्रयश्च शिरोनमनं च । सम्प्रच्छनमासनं छोभवंदनं वंदनं वाऽपि ॥
३. पर्यायपरिषत्पुरुषान् क्षेत्रं कालं चागमं ज्ञात्वा । कारणजाते जाते यथार्हं यस्य यद्योग्यम् ॥
४. पर्यायो ब्रह्मचर्यं परिषद् विनीतास्य पुरुषं ज्ञात्वा वा । कुलकार्याण्यायत्तान्याख्यातो गुणाऽऽगमश्रुतं वा ॥
५. एतान्यकुर्वतो यथार्हमर्हद्दर्शिते मार्गे । न भवति प्रवचनभक्तिरभक्त्यादयो दोषाः ॥

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, પાર્શ્વસ્થાદિને કારણપ્રાપ્ત વંદનમાં તદ્દઉત્કર્ષજ્ઞાનજનકપણું સ્વારસિક નથી, જ્યારે અપવાદિક કારણ વગર પાર્શ્વસ્થાદિના વંદનમાં તદ્દઉત્કર્ષજ્ઞાનજનકપણું સ્વારસિક છે. તેથી ત્યાં પ્રમાદનું ઉપબૃંહણ છે.

કહેવાનો ભાવ એ છે કે, જેને વંદન કરવામાં આવે છે ત્યાં ઉત્કર્ષનું જ્ઞાન અવશ્ય હોય છે. પરંતુ જે વ્યક્તિ લોકમાં પોતાની હીનતા ન દેખાય એવા આશયથી અથવા કોઈની સાથે અળખામણા ન થવું પડે તેવા આશયથી અથવા "આપણે બહુ વિચાર ન કરવો, વેશને જોઈને વંદન કરવું" તેવા નિર્વિચારક આશયથી વંદન કરવાને અભિમુખ છે, તેમને સ્વારસિક તદ્દઉત્કર્ષનું જ્ઞાન છે. કેમ કે પોતાનામાં વર્તતા મોહભાવને કારણે, શાસનહીલનાદિ કારણો હોવા છતાં ગુણનિરપેક્ષ વંદનનો ભાવ થાય છે, તેથી તે સ્વારસિક ઉત્કર્ષનું જ્ઞાન છે. અને કારણપ્રાપ્તમાં તો વિશેષ તાત્ત્વિક લાભને સામે રાખીને તદ્દઉત્કર્ષનું જ્ઞાન છે, તેથી તે સ્વારસિક નથી. ભગવાનના વચનના કારણે તે તે સંયોગોમાં વિશેષ લાભના અર્થીપણાથી તેના ઉત્કર્ષનું જ્ઞાન હોય, તે શાસનની હીલનાનું કારણ બનતું નથી, પરંતુ ઉન્નતિનું કારણ બને છે. તેથી ત્યાં તદ્ગત પ્રમાદનું ઉપબૃંહણ નથી, પરંતુ ઉચિતપ્રવૃત્તિરૂપ કર્તવ્ય હોવાથી નિર્જરાનું કારણ બને છે.

**ટીકાર્થ :- 'अत एव'.....** આથી કરીને જ=પાર્શ્વસ્થાદિને અપવાદિક વંદન પ્રમાદદોષની ઉપબૃંહણામાં સમર્થ નથી; આથી કરીને જ, આ પ્રકારે, તેના=પાર્શ્વસ્થાદિના, વંદનના વિધાનને શાસ્ત્રકારોએ કહ્યું છે-

**'मुक्कधुरा'** - ત્યાગ કરેલ છે સંયમની ધુરા જેણે એવા, મૂલગુણ તથા ઉત્તરગુણના સમુદાયને સંપ્રકટ સેવનારા, ચરણકરણથી ભ્રષ્ટ થયેલા એવા કેવલ દ્રવ્યલિંગયુક્તમાં જે કરાય છે, તે વળી કહેવાય છે-

✽**'जं कीरइ तं अओ वुच्छं'** મુ.પુ. પાઠ છે ત્યાં આવશ્યકની મુ.પ્રતમાં **जं कीरइ तं पुणो वुच्छं** પાઠ છે અને તે પુનઃ શબ્દ વિશેષણ અર્થમાં છે. અને તેનું તાત્પર્ય એ છે કે, મુક્તધુરાદિવાળા પાસત્થામાં પણ અપવાદરૂપ કારણને આશ્રયીને જે વાચાદિથી નમસ્કાર કરાય છે. તે વળી કહેવાય છે; પરંતુ કારણના અભાવમાં તો તેઓને વંદન કરવાનો પ્રતિષેધ જ પ્રાપ્ત છે, તે કહેવાતું નથી. તેથી અહીં આ વિશેષતા બતાવવા અર્થે **'पुनः'** શબ્દનો પ્રયોગ છે. અહીં **'मुक्कधुरासंपागडसेवीचरणकरणपब्भट्ठे'** આખો સામાસિક પદ છે. સમાસ આ રીતે જાણવો -**'मुक्तधूः सम्प्रकटसेवी चासौ चरणकरणप्रभष्टश्च तस्मिन्'**

**'वायाइ'** - નિર્ગમભૂમિ આદિમાં જોવાયેલાને વાચા=અભિલાપ કરાય છે, એના કરતાં ગુરુતર પુરુષકાર્યની અપેક્ષા હોય તો તેને નમસ્કાર કરાય છે, એનાથી વિશેષકાર્યના પ્રયોજનમાં અભિલાપ-નમસ્કારયુક્ત હસ્તોચ્છ્રય અર્થાત્ હાથ ઊંચો કરાય છે. એ પ્રમાણે વિશેષ વિશેષ પુરુષકાર્યની અપેક્ષામાં શિરોનમન અર્થાત્ ઉત્તમાંગ વડે નમસ્કાર કરવો, સંપૃચ્છા કરવી=ક્ષેમકુશળની પૃચ્છા કરવી.

**'अच्छणं'** - તેની બાજુમાં કેટલોક કાળ બેસી વાર્તાલાપ કરવો, તેના ઉપાશ્રયે - સ્થાને જઈને આરભટીવૃત્તિથી અર્થાત્ ગમે તેમ વંદન કરવું, અથવા પરિશુદ્ધ વંદન કરવું.

**'परियाय'** (આ વાઙ્નમસ્કારાદિ પણ) પર્યાય, પરિષદ્ અને પુરુષને જાણીને તથા ક્ષેત્ર, કાલ અને આગમને જાણીને, કારણ ઉત્પન્ન થયે છતે યથાર્હ જેને જે યોગ્ય હોય તે તેને કરવું.

ભાષ્યકાર તેનો અર્થાત્ પર્યાય વગેરે શબ્દનો અવયવાર્થ કહે છે-

**'परियायबंभचेरं'** પર્યાય બ્રહ્મચર્યરૂપ, પર્ષદા વિનીત છે કે કેવી છે? અને પુરુષ કેવો છે? તે જાણીને, અર્થાત્ કુલકાર્યાદિ તેને આધીન કેવા છે? **'आघवउ'** તે ક્ષેત્રમાં તે કેવો આખ્યાત અર્થાત્ પ્રસિદ્ધ છે, કે જેના બળથી ત્યાં રહી શકાય, **'गुण'** દુષ્કાળમાં પ્રતિજાગરણ કરી શકે તેવો છે, એ રૂપ ગુણની પ્રાપ્તિ કેવી છે, **'आगम'** આગમ અર્થાત્ સૂત્રાર્થ ઉભયરૂપ અને **'सुअं'** શ્રુત અર્થાત્ સૂત્ર તેની પાસેથી પ્રાપ્ત થાય તેવું છે. (આ પ્રમાણે પર્યાયાદિને જાણીને, યથાર્હ જેને જે યોગ્ય હોય તે તેને કરવું.)

❀ **'कुलकज्जादायत्ता'** - અહીં **कुलकार्यादीनि अनेन आयत्तानि** આ પ્રમાણે સમાસ છે. કુલકાર્યાદિમાં આદિથી ગણ અને સંઘનું કાર્ય લેવું.

**'एयाइं'** - આ અર્થાત્ વાઙ્નમસ્કારાદિ (કષાયના ઉત્કટપણાથી) નહિ કરનારને, યથાયોગ્ય અર્હદ્દેશિત માર્ગમાં પ્રવચનભક્તિ નથી; તેથી કરીને અભક્તિ આદિ દોષો છે. આદિ શબ્દથી સ્વાર્થભ્રંશ, બંધનાદિ દોષો જાણવા.

**ટીકા :- तथा च कारणिकतद्वन्दनप्रवृत्तेरभक्तिमत्त्वादिदोषपरिजिहीर्षयैव प्रवृत्तत्वात् प्रवचनभक्त्यादिको गुण एव, न तु दोष इति द्रष्टव्यम्। दृष्ट्वा च तादृशं कारणं तथाऽऽचरणीयं, न तु स्वरसतस्तत्र प्रवृत्त्युत्तरं यादृच्छिकालम्बनमुद्भावनीयं, तादृशालम्बनस्य प्रमादाचरणपर्यवसितत्वात्।**

**यदागमः-**

[1]आलंबणाण भरिओ लोगो जीवस्स अजउकामस्स ।
जं जं पिच्छइ लोए तं तं आलंबणं कुणइ ॥ त्ति। [आ.नि. ११८८]

**ટીકાર્થ :-** અને તે પ્રમાણે=પૂર્વની ગાથાઓમાં પાર્શ્વસ્થાદિને અપવાદિક વંદન કરવાનું બતાવ્યું તે પ્રમાણે, કારણિક તદ્વન્દનાદિ પ્રવૃત્તિનું અર્થાત્ પાર્શ્વસ્થાદિને વંદનાદિ પ્રવૃત્તિનું, અભક્તિમત્ત્વાદિ દોષોને ત્યાગ કરવાની ઇચ્છાથી જ પ્રવૃત્તપણું હોવાથી, પ્રવચનભક્ત્યાદિક ગુણ જ છે પરંતુ દોષ નથી, એ પ્રમાણે જાણવું. અને તેવા પ્રકારનું કારણ જોઇને તે પ્રમાણે આચરણ કરવું જોઇએ, પરંતુ સ્વરસથી ત્યાં અર્થાત્ પાર્શ્વસ્થાદિમાં પ્રવૃત્તિ પછી યાદચ્છિક આલંબન ઉદ્ભાવન કરવું જોઇએ નહિ; કેમ કે તાદશ આલંબનનું, અર્થાત્ પ્રવૃત્તિ પછી યાદચ્છિક આલંબનનું પ્રમાદાચરણમાં પર્યવસિતપણું છે.

**'यदागमः'** જે કારણથી આગમ આ પ્રમાણે છે-

**'आलंबणाण'** અયતનાની ઇચ્છાવાળા જીવને અર્થાત્ પ્રમાદીજીવને, લોક આલંબનથી ભરેલો છે. જે જે લોકમાં તે જુએ છે તે તે આલંબન કરે છે.

**ટીકા :- यत्तु द्रव्यलिङ्गे भावलिङ्गाध्यारोप इव प्रतिमादावप्यर्हदभेदारोपो न युक्तः, आरोपस्य मिथ्यात्वादिति**

१. आलंबनैः भृतो लोको जीवस्याऽयतनाकामस्य । यद्यद् पश्यति लोके तत्तदालंबनं करोति ॥

**लुम्पकस्य मतं तदपमतं, तेनापि मुखवस्त्रिकादौ गुरुपादकल्पनयैव वन्दनकादिदानात्,** [1] 'चित्तभित्तिं ण णिज्झाए णारिं वा सुअलंकियं' इत्याद्यागमबाधप्रसङ्गाच्च।

**ટીકાર્થ :- 'यत्तु'** દ્રવ્યલિંગમાં ભાવલિંગના અધ્યારોપની જેમ પ્રતિમાદિમાં પણ અર્હદ્ અભેદનો આરોપ છે તે યુક્ત નથી; કેમ કે આરોપનું મિથ્યાપણું છે, એ પ્રમાણે જે લુંપકનો મત છે તે અપમત છે. કેમ કે તેના વડે પણ=લુંપક વડે પણ, મુખવસ્ત્રિકાદિમાં ગુરુચરણની કલ્પનાથી જ વંદનકાદિ દાન છે.

**ઉત્થાન :-** લુંપકના મતના નિરાકરણમાં પ્રથમ હેતુ આપ્યો કે, તેના વડે પણ મુખવસ્ત્રિકામાં ગુરુપાદની કલ્પનાથી વંદન કરાય છે. અહીં કોઈને શંકા થાય કે, જેમ દ્રવ્યલિંગમાં ભાવલિંગનો અધ્યારોપ અનુચિત છે, તેમ પ્રતિમામાં પણ ભગવાનના અભેદના આરોપને અનુચિત સ્વીકારી લઈએ અને લુંપક મુખવસ્ત્રિકામાં ગુરુપાદની કલ્પના કરે છે તે પણ અનુચિત સ્વીકારી લઈએ તો શું વાંધો ? તેથી બીજો હેતુ કહે છે -

**'चित्तभित्तिं'** - અને ચિત્રભીંતમાં રહેલી અલંકૃત નારીનું ધ્યાન ન કરવું જોઈએ, ઈત્યાદિ આગમના બાધનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ચિત્રમાં દોરાયેલી નારીના ધ્યાનથી જીવને રાગાદિ થાય છે અને તેથી જ તેના ધ્યાનનો આગમમાં નિષેધ કરેલો છે. તે જ રીતે ભગવાનની પ્રતિમાનું ધ્યાન કરવાથી શુભ ભાવ થાય છે, તેથી ચિત્રભિત્તિનારીના આગમવચનથી પ્રતિમાની પૂજ્યતાની સિદ્ધિ થાય છે. તેથી જો પ્રતિમામાં અરિહંતના અભેદનો સ્વીકાર કરીને પૂજા કરવાનું સ્વીકારવામાં ન આવે તો, **"चित्तभित्तिं'** એ પ્રકારનું આગમવચન પણ અપ્રમાણ છે, એમ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. કેમ કે પ્રતિમામાં અરિહંતના અભેદથી શુભ ભાવ થતો નથી તેમ માનીએ તો, ભીંતમાં ચિત્રાયેલી નારીના ધ્યાનથી પણ રાગ થતો નથી; તેમ માનવાનો પ્રસંગ આવે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે પ્રતિમામાં અરિહંતનો અભેદ સ્વીકારવામાં ન આવે તો **'चित्तभित्तिं'** ઈત્યાદિ આગમના બાધનો પ્રસંગ પ્રાપ્ત થશે, ત્યાં પૂર્વપક્ષી **'चित्तभित्तिं'** ઈત્યાદિ આગમની સંગતિ કરતાં કહે કે, નારીપદનું નાનાઅર્થપણું સ્વીકારીશું તો આગમની અનુપપત્તિ નહિ થાય. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર **'न च'** થી કહે છે-

**ટીકા :- न च तत्र नारीपदस्य नानार्थकत्वान्नानुपपत्तिः, न हि तटस्थतया चित्रितकामिनीं प्रतिसन्दधानस्य कामविकारादिप्रादुर्भावो, अपि तु साक्षात्कामिनीमेव पुरःस्फुरन्तीमाकलयत इति।**

**ટીકાર્થ :- 'न च तत्र'** ત્યાં=ચિત્રભિત્તિનારીનું ધ્યાન ન કરવું તે આગમમાં અનુપપત્તિ નથી એમ ન કહેવું, કેમ કે નારીપદનું નાનાઅર્થપણું છે. ચિત્રિત કામિનીને તટસ્થપણાથી (=ચિત્રિત નારીને ચિત્રિતરૂપે જોવી, અને

---

૧.શ્રી દશવૈકાલિક સૂત્ર ૮-૫૫ એનો ઉત્તરાર્ધ- भक्खरं पिव दट्ठूणं दिट्ठिं पडिसमाहरे ॥
चित्रभित्तिं न निर्ध्यायेत् नारीं वा स्वलङ्कृताम् । भास्करमिव दृष्ट्वा दृष्टिं प्रतिसमाहरेत् ॥

ભાવનારીને ભાવનારીરૂપે જોવી, પરંતુ ચિત્રિત નારીમાં ભાવનારીનો ઉપચાર ન કરવો; એ રૂપ મધ્યસ્થપણાથી) પ્રતિસંધાન કરનાર પુરુષને કામવિકાર પ્રાદુર્ભાવ થતો નથી, પરંતુ આગળમાં સ્ફુરાયમાન થતી સાક્ષાત્ કામિનીને જ જાણતા એવા પુરુષને (કામવિકાર થાય છે.)
**'इति'** શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નારીપદને નામાદિ ચાર નિક્ષેપારૂપે નાનાર્થક કહીને લુંપકને એ કહેવું છે કે, **'चित्तभित्तिं'**- નારીને કહેનાર આગમવચનમાં સ્થાપનાનિક્ષેપારૂપ નારીને ગ્રહણ કરીને તેના ચિંતવનનો નિષેધ કરેલ છે, તેથી તે વચનના બળથી પ્રતિમામાં ભાવઅરિહંતના અભેદનો આરોપ થઇ શકે નહિ. તેના જવાબરૂપે ગ્રંથકાર કહે છે કે, સ્થાપનાનિક્ષેપારૂપ નારીમાં પણ ભાવનારીનો અભેદઅધ્યારોપ થાય છે ત્યારે જ વિકાર પેદા થાય છે, પરંતુ ભાવનારીનો અભેદ અધ્યવસાય કર્યા વગર સ્થાપનાનિક્ષેપારૂપ નારીને જોવાથી વિકાર પેદા થાય નહિ. તેથી જેમ સ્થાપનાનારીમાં ભાવનારીના અભેદની બુદ્ધિથી જ વિકાર પેદા થાય છે, તેમ સ્થાપનાનિક્ષેપારૂપ પ્રતિમામાં ભાવતીર્થંકરની અભેદબુદ્ધિથી જ ભગવાન પ્રત્યે પૂજ્યભાવની વૃદ્ધિ થાય છે. તેથી **चित्तभित्तिं .....** એ પ્રકારના આગમવચનને પ્રમાણરૂપે સ્વીકારીએ તો પ્રતિમામાં અભેદ આરોપ માનવો તે ઉચિત સિદ્ધ થાય.

**ઉત્થાન :-** વળી પ્રતિમામાં અરિહંતનો અભેદઅધ્યારોપ યુક્ત છે, તેની પુષ્ટિ અર્થે **'यथा च'**થી કહે છે -

**ટીકા :- यथा चात्राशुभसङ्कल्पस्य पापजनकत्वं तथा प्रतिमादौ शुभसङ्कल्पस्य पुण्यजनकत्वमपि, इति किं जाल्मेन सहाधिकविचारणया।**

**ટીકાર્થ :- 'यथा'** અને જે પ્રમાણે અહીંયાં=ચિત્રભિત્તિનારીમાં, અશુભ સંકલ્પનું પાપજનકપણું છે, તે પ્રમાણે પ્રતિમાદિમાં શુભ સંકલ્પનું પુણ્યજનકપણું પણ છે. એથી કરીને જાલ્મ એવા લુંપકની સાથે અધિક વિચારણાથી સર્યું.

**ટીકા :- यत्तु द्रव्ये भावाभेदस्तात्त्विक एव, स्थापनायां स्थाप्याभेदस्तु न तथेति तन्न, तद्धर्मविशिष्टस्यान्यधर्मविशिष्टेन सहातद्भावभावात्, अन्यथा तद्विषयकोपचारस्य निर्मूलकत्वप्रसङ्गात्।**

**ટીકાર્થ :- 'यत्तु'** વળી જે દ્રવ્યમાં ભાવનો અભેદ છે તે તાત્ત્વિક જ છે. વળી સ્થાપનામાં સ્થાપ્યનો અભેદ તેવો નથી; એ પ્રમાણે પૂર્વપક્ષી=લુંપક, કહે છે તે બરાબર નથી. તેમાં હેતુ કહે છે-

**'तद्धर्म'**- તદ્ધર્મવિશિષ્ટનું અન્યધર્મવિશિષ્ટની સાથે અતદ્ભાવ છે. અન્યથા તદ્વિષયક ઉપચારના નિર્મૂલકપણાનો પ્રસંગ છે.

**ભાવાર્થ :- 'यत्तु'**થી પૂર્વપક્ષીનું એ કહેવું છે કે, દ્રવ્ય જ ભાવરૂપે પરિણામ પામે છે, તેથી દ્રવ્યમાં ભાવનો અભેદ

તાત્ત્વિક જ છે. જેમ માટીરૂપ દ્રવ્ય જ ઘટરૂપે પરિણામ પામે છે અને દ્રવ્યતીર્થંકર જ ભાવતીર્થંકર થાય છે, તેથી દ્રવ્યમાં ભાવનો અભેદ તાત્ત્વિક જ છે; જ્યારે સ્થાપના સ્થાપ્યરૂપે પરિણામ પામતી નથી, અર્થાત્ પ્રતિમા ક્યારેય ભાવતીર્થંકરરૂપ બનતી નથી; તેથી પ્રતિમામાં સ્થાપ્ય એવા ભગવાનનો અભેદ તાત્ત્વિક નથી. તેના નિરાકરણરૂપે '**तद्धर्मविशिष्ट ...... प्रसङ्गात्**' સુધી ગ્રંથકારે જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, દ્રવ્ય અને ભાવ વચ્ચે વાસ્તવિક ભેદ છે. આથી જ દ્રવ્યમાં ભાવના અભેદનો ઉપચાર થાય છે. તેથી દ્રવ્યમાં ભાવનો અભેદ પણ તાત્ત્વિક નથી ઔપચારિક છે. તે જ રીતે સ્થાપના અને સ્થાપ્ય વચ્ચેનો અભેદ પણ ઔપચારિક જ છે. તેથી દ્રવ્યમાં ભાવનો અભેદ તાત્ત્વિક છે એમ કહીને સ્થાપનામાં સ્થાપ્યના અભેદનું નિરાકરણ કરવું તે અનુચિત છે. '**तद्धर्मविशिष्ट ...... प्रसङ्गात्**' સુધી જે પંક્તિ છે, તેનો શબ્દાન્વય આ રીતે છે-

જેમ માટીનો પિંડ દ્રવ્યઘટ છે અને ઘટ અવસ્થા ભાવઘટ છે, તેને લઇને યોજન કરીએ તો, તદ્ધર્મવિશિષ્ટનું અર્થાત્ પિંડ અવસ્થાથી વિશિષ્ટ એવી માટીનું, અન્યધર્મવિશિષ્ટની સાથે અર્થાત્ ઘટધર્મવિશિષ્ટ માટીની સાથે અતદ્ભાવ છે. અર્થાત્ પિંડઅવસ્થાવિશિષ્ટ માટી તે ઘટઅવસ્થાવિશિષ્ટ માટીરૂપ નથી, પરંતુ ભિન્ન અવસ્થારૂપ છે. તેથી પિંડઅવસ્થાવિશિષ્ટ માટીરૂપ દ્રવ્યમાં ઘટઅવસ્થાવિશિષ્ટ માટીરૂપ ભાવઘટનો અભેદ એ તાત્ત્વિક નથી પરંતુ ઔપચારિક છે. અને ઔપચારિક ન માનીએ અને તાત્ત્વિક માનીએ તો તદ્વિષયક ઉપચારના નિર્મૂલકપણાનો પ્રસંગ આવશે. અર્થાત્ દ્રવ્યઘટમાં ભાવઘટના અભેદ ઉપચારને નિર્મૂલ થવાનો પ્રસંગ આવશે.

અહીં ત્રીજો વિકલ્પ તટસ્થતાથી જ ભાવનું અનુમાન કરવું તે છે. તેનું તાત્પર્ય એ છે કે, કોઇ વ્યક્તિ પાર્શ્વસ્થાદિ વ્યક્તિને જુએ અને પોતાની તટસ્થ બુદ્ધિથી પદાર્થને જોતાં તેને દેખાય કે, પુરોવર્તી વ્યક્તિ શિથિલાચારવાળી છે, તેથી તેનામાં ભાવસાધુપણું નથી; પરંતુ ભાવસાધુની સાથે સંબંધવાળો એવો સાધુનો વેષ તેણે ધારણ કર્યો છે, અને તે વેશના બળથી ભાવસાધુનું ત્યાં અર્થાત્ પાસત્થામાં તે અનુમાન કરે છે. જેમ અગ્નિની સાથે ધૂમનો સંબંધ છે, તેથી ધૂમને જોઇને કોઇ વ્યક્તિ અગ્નિનું અનુમાન કરે, તેમ પાર્શ્વસ્થામાં રહેલ સાધુવેશને જોઇને તે સાધુવેશની સાથે સંકળાયેલ ભાવસાધુપણાનું તે અનુમાન કરે છે; અને તે અનુમાન કરીને તેને વંદન કરે તો શું વાંધો છે? એમ પૂર્વપક્ષીનો આશય છે. તેનું નિરાકરણ '**नापि तृतीयो**'થી કરે છે.

**ટીકા :- नापि तृतीयो, द्रव्यलिङ्गस्य भावलिङ्गाविनाभावित्वाभावेन तदनुमापकत्वाऽसंभवात्, तदविनाभाविसुविहितद्रव्यलिङ्गस्य च तत्राऽप्रतिसन्धानात्।**

**ટીકાર્થ :-** દ્રવ્યલિંગનો ભાવલિંગની સાથે અવિનાભાવિપણાનો અભાવ હોવાને કારણે, તદ્ અનુમાપકત્વનો અર્થાત્ ભાવલિંગના અનુમાપકત્વનો દ્રવ્યલિંગમાં અસંભવ છે, અને તદ્ અવિનાભાવિ અર્થાત્ ભાવલિંગ સાથે અવિનાભાવિ, સુવિહિત દ્રવ્યલિંગનું ત્યાં=પાર્શ્વસ્થાદિમાં અપ્રતિસંધાન છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જેમ કોઇ વ્યક્તિ "**पर्वतो धूमवान् वह्नेः**" એમ અનુમાન કરે, ત્યાં વહ્નિની સાથે ધૂમનો અવિનાભાવ નથી, પરંતુ આર્દ્રેંધનસંયુક્ત વહ્નિની સાથે ધૂમનો અવિનાભાવ છે, તેથી વહ્નિના બળથી ધૂમનું અનુમાન થઇ શકે નહિ. તે રીતે સાધુનું દ્રવ્યલિંગ ભાવલિંગની સાથે અવિનાભાવિ નથી, પરંતુ આર્દ્રેંધનસંયુક્ત વહ્નિ જેમ ધૂમ સાથે અવ્યભિચારી છે તેમ સુવિહિત સાધુનું દ્રવ્યલિંગ અર્થાત્ સારી વિધિઓથી

સેવાતું એવું દ્રવ્યલિંગ, ભાવલિંગની સાથે અવ્યભિચારી છે. અને પાસત્થાદિમાં વર્તતું દ્રવ્યલિંગ વહ્નિ જેમ ધૂમ સાથે વ્યભિચારી છે તેમ વ્યભિચારી હોવાને કારણે, તેનાથી ભાવસાધુપણાનું અનુમાન થઇ શકે નહિ.

**ઉત્થાન :-** અહીં ચોથો વિકલ્પ ભાવનું અનુસ્મરણ છે. અર્થાત્ પાર્શ્વસ્થાદિને જોઇને ભાવસાધુનું અનુસ્મરણ થાય છે; અને તેને કારણે પાર્શ્વસ્થાદિને વંદન કરીએ તો શું દોષ છે? એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે. તેને સામે રાખીને નિરાકરણ કરતાં કહે છે-

**ટીકા :- नापि चतुर्थः, तद्द्रव्यलिङ्गस्य येन सह संबन्धग्रहस्तत्राऽसाधुत्वज्ञाने जाग्रति साधुत्वप्रकारक-स्मरणाऽसंभवात्, साध्वन्तरेऽगृहीतसंबन्धकस्य च तस्य तत्स्मारकत्वाऽयोगात्।**

**ટીકાર્થ :-** ચોથો વિકલ્પ પણ બરાબર નથી. તેમાં હેતુ કહે છે-
**'तद्'** - તદ્ દ્રવ્યલિંગનો અર્થાત્ જે દ્રવ્યલિંગને જોઇને ભાવસાધુનું સ્મરણ કરવા પ્રયત્ન કરે છે, તે દ્રવ્યલિંગનો જેની સાથે સંબંધ ગ્રહ થાય છે ત્યાં, અસાધુત્વનું જ્ઞાન જાગૃત થયે છતે, સાધુત્વપ્રકારક સ્મરણનો અસંભવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પોતે જે દ્રવ્યલિંગને જુએ છે તે દ્રવ્યલિંગનો પાર્શ્વસ્થાદિની સાથે સંબંધ છે અને પાર્શ્વસ્થાદિના શિથિલાચારને જોઇને ત્યાં અસાધુત્વનું જ્ઞાન થયું છે; તેથી તે પાસત્થામાં સાધુત્વપ્રકારક સ્મરણ દ્રવ્યલિંગના બળથી થઇ શકે નહિ. કેમ કે દ્રવ્યલિંગની સાથે સાધુપણાનો અવિનાભાવી સંભવ નથી, પરંતુ સુવિહિત દ્રવ્યલિંગનો જ સાધુપણા સાથે અવિનાભાવી સંબંધ છે.

**ઉત્થાન :-** અહીં પૂર્વપક્ષી કહે કે, પાર્શ્વસ્થાના વેષને જોઇને અન્ય ભાવસાધુમાં વર્તતા સાધુભાવનું સ્મરણ કરીને પાર્શ્વસ્થાના વેષને વંદન કરીશું, તો શું વાંધો છે? તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'साध्वन्तरे'** - સાધ્વંતરમાં અગૃહીત સંબંધવાળા એવા તે વેષનો તત્સ્મારકત્વનો અયોગ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પુરોવર્તી વેષ પાર્શ્વસ્થા સાથે સંબંધવાળો ગ્રહણ થાય છે, પરંતુ સુસાધુ સાથે સંબંધવાળો છે તેમ ગ્રહણ થતું નથી. તેથી તે વેષના બળથી અન્ય ભાવસાધુમાં રહેલા ગુણોનું સ્મરણ થઇ શકે નહિ. તેથી ભાવસાધુના ગુણોનું સ્મરણ કરીને પાર્શ્વસ્થાદિના વેષને નમસ્કાર કરી શકાય નહિ. માટે ચોથો વિકલ્પ બરાબર નથી.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, અન્ય સુસાધુમાં અગૃહીત સંબંધવાળું પાર્શ્વસ્થાદિનું દ્રવ્યલિંગ છે, તેથી તે દ્રવ્યલિંગ દ્વારા ભાવસાધુના ગુણોનું સ્મરણ થઇ શકે નહિ. ત્યાં પૂર્વપક્ષી ભાવસાધુના ગુણનું સ્મરણ કેવી રીતે થઇ શકે તેના માટે **'अथ'**થી બતાવે છે.

**ટીકા :- अथ पार्श्वस्थादिलिङ्गदर्शने सद्यो ( ? सदृश ) दर्शनोद्बोधितसंस्कारसध्रीचीनपूर्वानुभवबलादेव विशिष्टसाधुगुणस्मरणसंभव इति चेत्? न, शीतलविहारिणि वेषमात्रेण सादृश्यप्रतिसंधानाऽसंभवात्, तद्भिन्नत्वे सति तद्वृत्तिभूयोधर्मवत्त्वेन सादृश्यव्यवहारात्, अन्यथा सर्वस्य सर्वसदृशत्वापत्तेः ।**

**ટીકાર્થ :- 'अथ'** પાર્શ્વસ્થાદિ લિંગદર્શનમાં સદશદર્શનથી ઉદ્બોધિત સંસ્કારથી યુક્ત પૂર્વ અનુભવના બળથી જ વિશિષ્ટ સાધુગુણના સ્મરણનો સંભવ છે. એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો ગ્રંથકાર કહે છે કે, તે બરાબર નથી.
**'शीतलविहारिणि'** - કેમ કે શીતલવિહારીમાં વેશમાત્રથી સાદશ્યના પ્રતિસંધાનનો અસંભવ છે.
તે કેમ છે? તેમાં હેતુ કહે છે-
**'तद्भिन्नत्वे'** - તદ્ભિન્નત્વ હોતે છતે તદ્વૃત્તિભૂયોધર્મવત્ત્વથી સાદશ્યનો વ્યવહાર છે
**'अन्यथा'** - અન્યથા અર્થાત્ ઉપરોક્ત સાદશ્યનો વ્યવહાર છે એવું ન માનો તો, સર્વને સર્વસદશપણાની આપત્તિ આવે છે.

**ભાવાર્થ :-** અહીં **'अथ'**થી કહેલ પૂર્વપક્ષના કથનનું તાત્પર્ય એ છે કે, પૂર્વમાં કોઇ સુસાધુને પોતે જોયેલ છે અને તેના વેષ જેવો જ વેષ પાર્શ્વસ્થાદિના લિંગના દર્શનમાં તેને દેખાય છે. તેથી તે સદશદર્શનથી સંસ્કાર જાગ્રત થાય છે, અને તે સંસ્કારથી યુક્ત પૂર્વના અનુભવના બળથી જ પોતાને વિશિષ્ટ એવા સાધુના ગુણનું સ્મરણ થાય છે, અને તેથી હૈયામાં તેમના પ્રત્યે બહુમાન થવાથી, તેવા વેષધારીને નમસ્કાર કરીએ તો શું વાંધો? એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે

અહીં વિશેષ એ છે કે, પૂર્વનો સુસાધુદર્શન વખતનો અનુભવ તે વખતે જ હોય છે; વર્તમાનમાં જ્યારે પાર્શ્વસ્થાને જુએ છે ત્યારે તે અનુભવ સ્મરણરૂપે આવી શકે છે, પરંતુ અનુભવરૂપે તો વર્તમાનમાં પૂર્વનો અનુભવ હોઇ શકે નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે, પૂર્વના અનુભવથી આત્માને સુસાધુ અને વેષ વચ્ચેના સંબંધનું ગ્રહણ થાય છે અને વર્તમાનમાં પાર્શ્વસ્થાદિના લિંગને જોવાથી તે સંસ્કારો જાગૃત થાય છે અને તેને કારણે વર્તમાનમાં વિશિષ્ટ સાધુગુણનું સ્મરણ તે વેષધારી પાસત્થામાં થાય છે. તેથી એમ કહેવું જોઇએ કે, પૂર્વના અનુભવના બળથી પડેલા સંસ્કારનો, સદશદર્શનને કારણે ઉદ્બોધ થવાથી, વિશિષ્ટ સાધુગુણનું સ્મરણ થાય છે. પરંતુ તેમ ન કહેતાં, પૂર્વના અનુભવના બળથી વિશિષ્ટ સાધુગુણનું સ્મરણ થાય છે તેમ કહ્યું. તેનું કારણ પૂર્વના અનુભવને સ્મરણમાં પ્રધાન હેતુ તરીકે બતાવવો છે, અને પૂર્વના અનુભવથી થતા સદશદર્શનથી ઉદ્બોધિત સંસ્કારને વિશેષણ રૂપે કહેલ છે. તે આ રીતે-

સ્વનિરૂપિતજનકતાસંબંધથી સદશદર્શનથી ઉદ્બોધિત સંસ્કાર પૂર્વ અનુભવમાં રહે છે. એનાથી યુક્ત એવો પૂર્વનો અનુભવ સાધુગુણના સ્મરણનું કારણ છે.

તેના નિરાકરણ રૂપે ગ્રંથકાર કહે છે કે, શિથિલાચારી એવા પાસત્થામાં સુસાધુ સદશ વેષ છે, એટલા માત્રથી સુસાધુ સદશ ગુણો છે, એ પ્રકારના સાદશ્યના પ્રતિસંધાનનો અસંભવ છે. તેથી તેવા પાસત્થાના લિંગમાં સુસાધુના ગુણનું સ્મરણ કરીને નમસ્કાર થઇ શકે નહિ. અહીં શીતલવિહારીમાં સાદશ્યના પ્રતિસંધાનનો અસંભવ છે તેમ કહ્યું, અને તેમાં હેતુ કહ્યો કે, તેનાથી ભિન્ન હોય અને તદ્ગત ભૂયોધર્મવાળો હોય તેને સાદશ્ય કહેવાય; અને પ્રસ્તુત પાસત્થામાં ફક્ત વેષ સદશ છે, પરંતુ તદ્વૃત્તિભૂયોધર્મ નથી. અર્થાત્ જેમ વેષ સદશ છે, તેમ આચાર

પણ સદૃશ હોય તો તેનાથી ભિન્ન વ્યક્તિમાં તદ્વૃત્તિભૂયોધર્મવત્ત્વ છે તેમ કહી શકાય, અને તેવું સાદૃશ્ય તો સુવિહિત વેષધારીમાં સંભવે, અને જો વેષમાત્રથી સાદૃશ્ય સ્વીકારીએ તો સંસારી જીવોને પણ મનુષ્યરૂપે સદૃશ સ્વીકારવાની આપત્તિ આવે.

**ઉત્થાન :-** અહીં કોઈને પ્રશ્ન થાય કે, જેમ પ્રતિમામાં ભગવાનની આકૃતિમાત્રનું સામ્ય છે, છતાં તમે ભગવાનના ગુણોનું સ્મરણ કરો છો અને તે રીતે સ્મરણ કરીને ભગવાનને વંદનાદિ વ્યવહાર કરો છો; તે જ રીતે સુસાધુના વેષનું સાદૃશ્ય શિથિલાચારીમાં છે, તો જિનપ્રતિમાની જેમ ત્યાં પણ વેષમાત્રના સાદૃશ્યથી ગુણનું સ્મરણ કરીને વંદન કરવામાં શું વાંધો છે? તેથી કહે છે-

**ટીકા:-न च सद्भावस्थापना सादृश्यप्रतिसंधानं विना स्थाप्यस्मरणाय प्रभवति, यद्यप्युत्सर्गतः स्थापनायां स्थाप्याभेदाध्यवसाय एव संभवी तथापि वासनाऽदार्ढ्ये क्वचित्तटस्थतयाऽपि तत्स्मरणं शुभाध्यवसायमाधत्ते इत्येवं स्मरणाधायकतयाऽपि स्थापनोपयोग इति ध्येयम्। न चात्र तत्संभवति ।**

**ટીકાર્થ :- 'न च'** સદ્ભાવ સ્થાપના, સાદૃશ્યના પ્રતિસંધાન વિના સ્થાપ્યના સ્મરણ માટે સમર્થ થતી નથી. જો કે ઉત્સર્ગથી સ્થાપનામાં સ્થાપ્યનો અભેદ અધ્યવસાય જ સંભવે છે, તો પણ વાસનાના અદઢપણામાં ક્વચિત્ તટસ્થપણાથી પણ તેનું સ્મરણ શુભ અધ્યવસાયને કરે છે. એથી કરીને આ રીતે અર્થાત્ **'तथापि.......माधत्ते'** સુધી કહ્યું એ રીતે, સ્મરણઆધાયકપણાથી પણ સ્થાપનાનો ઉપયોગ છે, એ પ્રમાણે જાણવું. અને અહીંયાં=પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગમાં, તેનો=લિંગના દર્શનથી સુસાધુના ગુણના સ્મરણનો, સંભવ નથી.

**ભાવાર્થ :-** આપણે ત્યાં સ્થાપના બે પ્રકારની છે. (૧) સદ્ભાવ સ્થાપના અને (૨) અસદ્ભાવ સ્થાપના. સદ્ભાવ સ્થાપનામાં દૃષ્ટાંત તરીકે પ્રતિમાદિ છે અને અસદ્ભાવ સ્થાપનામાં દૃષ્ટાંત અક્ષાદિ છે. સદ્ભાવ સ્થાપનામાં ભગવાનની પ્રશમાદિ મુદ્રાની સાદૃશ્ય મુદ્રાવાળી પ્રતિમા હોવાથી, સ્થાપ્ય એવા ભગવાનનું સ્મરણ કરવા સમર્થ થાય છે. જો કે ઉત્સર્ગથી સ્થાપનામાં સ્થાપ્યનો અભેદ અધ્યવસાય જ સંભવે છે, કેમ કે પ્રતિષ્ઠાકાળમાં પ્રતિમામાં વિધિપૂર્વક અભેદારોપ કરવામાં આવે છે. તેથી વિહિતત્વના પ્રતિસંધાનને કારણે પ્રતિમા પૂજ્ય બને છે. તેથી શાસ્ત્રની મર્યાદાને જે જાણતો હોય તે જીવને અભેદ અધ્યવસાય થાય છે, તેથી ઉત્સર્ગથી કહેલ છે. આમ છતાં, તેવા પ્રકારની ઉપસ્થિતિ શાસ્ત્રના બળથી જેને ન હોય તે જીવને આ મૂર્તિમાં સ્થાપ્યનો અભેદ છે એવી વાસના અદઢ હોય છે. તેથી તે જીવ માત્ર એટલું જ જાણે છે કે, ભગવાનની અંજનશલાકા થયેલ છે, (પરંતુ વાસ્તવિક જે ભગવાન છે તત્સ્વરૂપ આ પ્રતિમા નથી એમ તે જીવને બોધ હોય છે, તેથી "જિનપ્રતિમા જિન સરખી છે" એવી દઢ વાસના તે વ્યક્તિને હોતી નથી.) ત્યારે કોઈક વખતે તટસ્થપણાથી પણ સદૃશ આકૃતિને કારણે ભગવાનનું સ્મરણ થાય છે. અર્થાત્ સ્થાપ્ય અને સ્થાપનામાં અભેદ બુદ્ધિ કર્યા વગર, તટસ્થપણાથી વસ્તુનું અવલોકન કરે ત્યારે તેને પ્રતીત થાય છે કે, પુરોવર્તી પદાર્થ સાક્ષાત્ ભગવાન નથી, પરંતુ પાષાણાદિમાંથી નિર્માણ કરાયેલી આ ભગવાનની આકૃતિ છે. એ પ્રમાણે તટસ્થપણાથી અવલોકન કરે છે તો પણ આ ભગવાનની મૂર્તિ છે એવું જ્ઞાન હોવાને કારણે મૂર્તિને જોઈને ભગવાનના ગુણોનું સ્મરણ શુભ અધ્યવસાય ઉત્પન્ન કરે છે.

કેવલ અભેદબુદ્ધિમાં જેવો ઉત્તમ અધ્યવસાય હોય છે, તેનાથી અપકૃષ્ટ અધ્યવસાય તટસ્થપણાથી અવલોકન કરનારને હોય છે, અને અભેદબુદ્ધિમાં જેમ અતિશયતા આવે છે તેમ અધિક ઉત્તમ અધ્યવસાય થાય છે. આ રીતે સ્મરણઆધાયકપણાથી પણ સ્થાપનાનો ઉપયોગ છે એમ જાણવું, અને પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગમાં તેનો સંભવ નથી. અર્થાત્ પાર્શ્વસ્થાના લિંગના દર્શનથી સુસાધુના ગુણના સ્મરણનો સંભવ નથી; કેમ કે લિંગધારીમાં દોષના સદ્ભાવનું દર્શન છે.

**ટીકા :- इति किमतिप्रसक्तानुप्रसक्त्या?**

**ટીકાર્થ :-** આ પ્રમાણે=ચાર વિકલ્પો વડે બતાવ્યું એ પ્રમાણે, અતિપ્રસક્ત એવી અનુપ્રસક્તિથી સર્યું.

'**इति**' શબ્દ ચારે વિકલ્પોની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ચાર વિકલ્પો પાડ્યા એની પૂર્વમાં પ્રતિમાદિ કેવી રીતે ઉપકારી થાય છે, એ પ્રકારની શંકાના સમાધાનમાં કહેલ કે, પ્રશમરસનિમગ્ન ઇત્યાદિ સ્તુતિ બોલવાથી ભગવદ્ગુણોની ભાવનાથી જનિત મનોવિશુદ્ધિના હેતુપણા વડે કરીને પ્રતિમા ઉપકારી થાય છે. એની સામે પૂર્વપક્ષીએ, આ પ્રમાણે પાર્શ્વસ્થાદિ દ્રવ્યલિંગ પણ મુનિગુણસંકલ્પના કારણપણાથી મનશુદ્ધિ માટે વંદનીય હો, આ અનુપ્રસક્તિ આપી. અને આ અનુપ્રસક્તિ ચાર વિકલ્પો પાડીને અતિપ્રસક્ત છે, એમ ગ્રંથકારે સિદ્ધ કર્યું. અર્થાત્ પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગને મુનિગુણસંકલ્પના કારણપણા વડે કરાતું વંદન મનશુદ્ધિને બદલે મનની અશુદ્ધિના કારણરૂપે અતિપ્રસક્ત છે. માટે પૂર્વપક્ષીએ જે અનુપ્રસક્તિ આપેલ તે અતિપ્રસક્ત હોવાને કારણે માની શકાય નહીં.

અહીં વિશેષ એ છે કે પ્રસક્તિ તેને કહેવાય કે જે પોતાનો સિદ્ધાંત છે તેને વ્યાઘાત થતો હોય તેવું કથન હોય. અને ત્યાં (૧) કેટલીક પ્રસક્તિ એવી હોય કે જે સામાન્યથી પ્રસક્તિરૂપ લાગે, પણ વાસ્તવિક પ્રસક્તિ નથી, તેથી તેનું નિવારણ થઇ શકે. (૨) જ્યારે કેટલીક પ્રસક્તિ નિવારણ ન થઇ શકે તેવી હોય છે.

(૧) જેમ સાધુ પૂર્ણ અહિંસા પાળે છે, તેવી માન્યતા સામે કોઇ પ્રસક્તિ આપે કે, સાધુએ ષટ્કાયનું પાલન કરવું હોય તો તેણે વિહારાદિ ન કરવાં જોઇએ. તેથી વિહાર ન કરવાની ત્યાં પ્રસક્તિ પ્રાપ્ત થાય. આ રીતે પ્રસક્તિ પોતે માનેલા સિદ્ધાંતમાં આવે છે, અને આ પ્રસક્તિ સામાન્ય દૃષ્ટિથી પ્રસક્તિરૂપ લાગે, વસ્તુતઃ પ્રસક્તિ નથી, કેમ કે તેનું નિવારણ થઇ શકે છે.

(૨) જ્યારે બીજા પ્રકારની પ્રસક્તિ, જેમ કે '**यत् सत् तत् क्षणिकं**' આ એકાંત અનિત્યવાદીની માન્યતા છે. તેના સિદ્ધાંત સામે કહી શકાય કે, જો સર્વ પદાર્થ ક્ષણિક હોય તો ભૂતકાળમાં જોયેલી વસ્તુનું જે સ્મરણ થાય છે, તે ન થવાનો પ્રસંગ આવે. અને ક્ષણિકવાદી આ કથનનું નિરાકરણ કરી શકશે નહિ. આ રીતે કેટલીક પ્રસક્તિઓનું નિવારણ થઇ ન શકે તેવી હોય છે, જે વાસ્તવિક દોષરૂપ છે.

જ્યારે અનુપ્રસક્તિમાં સિદ્ધાંત નથી હોતો, પરંતુ ત્યાં એવું હોય છે કે, જો તમે આવું માનશો તો તમારે આ પણ માનવું પડશે. ત્યાં તે અનુપ્રસક્તિ નિવારવાની આવે, અને નિવારી ન શકાય તો સ્વીકારવાની આવે. જેમ સાધુ ષટ્કાયનું પાલન કરનાર હોય છે, તો તેણે સાધ્વીજીના સંયમરક્ષણાર્થે અપવાદથી પણ કાલિકસૂરિએ

યુદ્ધ કરેલ તેમ યુદ્ધ કરાય નહિ; આ પ્રકારની કોઈ પ્રસક્તિ આપે ત્યાં, અનુપ્રસક્તિ એ પ્રાપ્ત થાય કે, જો સાધ્વીજીના શિયળના રક્ષણ માટે અપવાદથી યુદ્ધ કરી શકાય, તો કોઈ રાજાના પ્રાણ બચાવવા માટે પણ સાધુએ યુદ્ધ કરવું જોઈએ. આનાથી એ પ્રાપ્ત થયું કે, ષટ્કાયપાલનના સિદ્ધાંત સામે, સામાન્યથી વિરોધી એવું યુદ્ધનું અપવાદિક વિધાન સામે રાખીને, તેના જેવો જ દોષ આપવો તે અનુપ્રસક્તિ છે. પરંતુ જો આ અનુપ્રસક્તિ નિવારણ ન કરી શકાય તો જે અનુપ્રસક્તિ આપી તેને પણ સિદ્ધાંત તરીકે ગ્રહણ કરવી જોઈએ. જેમ પ્રસ્તુતમાં સાધ્વીજીના શિયળના રક્ષણ માટે અપવાદિક યુદ્ધ કરવું એ માન્ય છે, તેમ રાજાના પ્રાણરક્ષણ માટે યુદ્ધ કરવું એ પણ માન્ય કરવું પડે. અને તે અનુપ્રસક્તિ અતિપ્રસક્ત હોય તો તે બતાવી તેનું નિરાકરણ કરી શકાય. જેમ પ્રસ્તુતમાં સાધ્વી અર્થક કાલિકસૂરિએ યુદ્ધ કરેલ, પણ અસંયમી અર્થક યુદ્ધ કરેલ ન હતું; તેથી રાજાનું રક્ષણ કરવા માટે યુદ્ધ કરવારૂપ જે અનુપ્રસક્તિ છે, તે અસંયમના પોષણમાં અતિપ્રસક્ત છે. તે જ રીતે પ્રસ્તુતમાં પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગને, મુનિગુણસંકલ્પના કારણપણાથી કરાતું વંદન, મનની અશુદ્ધિના કારણરૂપે અતિપ્રસક્ત છે. માટે પ્રતિમાની જેમ તેનાથી મનની શુદ્ધિ થઈ શકે નહિ.

## -: પાર્શ્વસ્થાદિલિંગમાં મુનિગુણસંકલ્પવિષયક ચાર વિકલ્પોનું તાત્પર્ય :-

**(૧) દ્રવ્યમાં ભાવનો અધ્યારોપ :-** પૂર્વપક્ષીએ સૌ પ્રથમ પાર્શ્વસ્થાદિનું દ્રવ્યલિંગ છે તેમાં ભાવનો અધ્યારોપ કર્યો. પરંતુ પાર્શ્વસ્થાદિનું દ્રવ્યલિંગ અપ્રધાન છે, કેમ કે નિરવદ્યક્રિયાઘટિત એવું દ્રવ્યત્વ પાર્શ્વસ્થાદિમાં નથી. માટે તેના દ્રવ્યલિંગમાં ભાવનો અધ્યારોપ થઈ શકે નહિ. તેથી બીજો વિકલ્પ પાડે છે, તે આ રીતે-

**(૨) સ્થાપનામાં ભાવનો અધ્યારોપ :-** પૂર્વપક્ષીએ બીજો વિકલ્પ એ પાડ્યો કે, પાર્શ્વસ્થાદિના દ્રવ્યલિંગમાં ભાવનો અધ્યારોપ ન થાય તો પણ, પાર્શ્વસ્થાદિના વેષરૂપ જે મુનિની આકૃતિ છે, તે રૂપ સ્થાપનામાં ભાવનો અધ્યારોપ કરીને સંગતિ કરીશું; આ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. ત્યાં ગ્રંથકાર કહે છે કે, અયોગ્યની સાથે તે વેષ સંસર્ગી હોવાના કારણે, સ્થાપનામાં=પાર્શ્વસ્થાદિના વેષમાં, ભાવનો આરોપ થઈ શકશે નહિ; અન્યથા વિડંબકમાં પણ આરોપ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. તેથી આ દોષનું નિવારણ કરવા માટે પૂર્વપક્ષી ત્રીજો વિકલ્પ પાડે છે, તે આ રીતે-

**(૩) તટસ્થપણાથી ભાવાનુમાન :-** અયોગ્ય એવા પાર્શ્વસ્થાદિની સાથે વેષ સંસર્ગી હોવાને કારણે ભાવનો આરોપ થઈ શકતો નથી, માટે પૂર્વપક્ષીએ ત્રીજો વિકલ્પ એ પાડ્યો કે, તટસ્થપણાથી ભાવનું અનુમાન કરીશું. અર્થાત્ પાર્શ્વસ્થાદિ દ્રવ્ય અને તેનો વેષ એ બંનેનો અભેદ કરવાને બદલે, તટસ્થતા રાખીને તે બંને જુદા છે એ રૂપે જોઈશું. તેથી અયોગ્ય એવા પાર્શ્વસ્થાદિથી પૃથક્ભૂત એવો પાર્શ્વસ્થાદિનો વેષ, ભાવનું અનુમાન કરાવશે. તેના કારણે વંદન કરીશું, જેથી બીજા વિકલ્પમાં બતાવાયેલ વિડંબકને ઉપાસ્ય માનવાનો દોષ નહિ આવે.

યદ્યપિ વિડંબકમાં પણ વેષ છે, તેથી આ વિકલ્પ પ્રમાણે વિડંબક પણ વંદનીય બનશે એવું લાગે; પરંતુ વેષ અને વ્યક્તિને તટસ્થપણાથી પૃથક્ કરેલ હોવાથી, તે વેષથી અનુમિત સાધુપણાના ભાવ પ્રત્યે પૂજ્યબુદ્ધિપૂર્વકનું વંદન છે, પરંતુ વિડંબક એવી વ્યક્તિ પ્રત્યે વંદન નથી; કેમ કે તે વેષથી પૃથક્રૂપે ઉપસ્થિત છે. માટે વિડંબકને

ઉપાસ્ય માનવાનો દોષ નહિ આવે. આ પ્રમાણે પૂર્વપક્ષીએ ત્રીજો વિકલ્પ પાડ્યો. આ વિકલ્પનું નિવારણ કરતાં ગ્રંથકાર કહે છે કે, સાધુના વેષરૂપ દ્રવ્યલિંગ, સાધુની પરિણતિરૂપ ભાવલિંગની સાથે અવિનાભાવી નથી; તેથી તટસ્થપણાવડે પાસત્થાના લિંગને જુદું ગ્રહણ કરવામાં આવે તો પણ, તેનાથી ભાવસાધુનું અનુમાન થઇ શકે નહિ. આ રીતે ત્રીજા વિકલ્પનું નિરાકરણ કરવાથી પૂર્વપક્ષી ચોથો વિકલ્પ પાડે છે. તે આ રીતે-

(૪) **ભાવનું અનુસ્મરણ :-** પૂર્વપક્ષી ચોથો વિકલ્પ ગ્રહણ કરીને કહે છે કે, અમે ભાવલિંગનું સ્મરણ કરીશું. અર્થાત્ પાસત્થાના દ્રવ્યવેષને જોઇને સંયમીમાં વર્તતા ભાવલિંગનું અમે સ્મરણ કરીશું, અને તે રીતે પાસત્થાને વંદન કરીશું; તેથી કોઇ દોષ નથી. તેનું નિરાકરણ ગ્રંથકારે એ કર્યું કે, પાસત્થામાં અસાધુત્વપ્રકારક જ્ઞાન જાગ્રત હોવાને કારણે, સાધુત્વપ્રકારક સ્મરણ થઇ શકે નહિ. માટે આ ચારે વિકલ્પરૂપ સંકલ્પ મનશુદ્ધિનું કારણ બની શકતા નથી.

અહીં વિશેષ એ છે કે, પ્રથમ વિકલ્પથી આવતા દોષના નિવારણ માટે પાછળનો વિકલ્પ પાડવામાં આવે છે. એમ કરતાં પછીના બધા વિકલ્પોમાં પૂર્વ પૂર્વના વિકલ્પના દોષનું નિવારણ હોવા છતાં, નવા દોષની પ્રાપ્તિ થાય તો તે દરેક વિકલ્પો દોષવાળા છે એમ સિદ્ધ થાય છે; અને અંતિમ વિકલ્પ જો દોષરહિત છે એમ સિદ્ધ થાય, તો તે વાત તે વિકલ્પથી સ્વીકારવી જોઇએ. પરંતુ પ્રસ્તુતમાં ચોથા વિકલ્પમાં પણ દોષ આવે છે, તેથી ચારે વિકલ્પોથી પાસત્થાદિનું દ્રવ્યલિંગ વંદનીય સિદ્ધ થતું નથી.

**ઉત્થાન :-** ગાથા-૫૮ની ટીકાના પ્રારંભથી અહીં સુધી જે કથન કર્યું તેનું નિગમન કરી, ગાથા-૫૮ના ઉત્તરાર્ધનું યોજન કરતાં કહે છે-

**ટીકા :- तस्माद् द्रव्यलिङ्गभावलिङ्गयोर्व्यवहारनिश्चययोः समायोगे च्छेकत्वमेव, केवलज्ञानादिरूपार्थक्रिया तु निश्चयादेव ।**

**ટીકાર્થ :- 'तस्माद्'** તે કારણથી, વ્યવહારને અભિમત દ્રવ્યલિંગ અને નિશ્ચયને અભિમત ભાવલિંગના સમાયોગમાં જ છેકત્વ છે. અર્થાત્ બેના સમાયોગમાં જ નમસ્કરણયોગ્યતા છે. વળી કેવલજ્ઞાનાદિરૂપ અર્થક્રિયા નિશ્ચયથી જ છે, અર્થાત્ નિશ્ચયને અભિમત એવા ભાવલિંગથી જ છે, પણ દ્રવ્યલિંગથી કે દ્રવ્યલિંગ અને ભાવલિંગ ઉભયથી નથી.

**ટીકા :- न चायमपि निश्चयो व्यवहारमनन्तर्भाव्य न प्रवर्त्तेत सहस्रसङ्ख्येव पंचशतीमिति वाच्यं, अन्तर्भावो हि स्वसामग्रीव्याप्यसामग्रीकत्वं स्वविषयत्वव्याप्यविषयताकत्वं स्वकार्यतावच्छेदकव्याप्यकार्यतावच्छेदककत्वं स्वस्वरूपभेदमात्रातिरोहितैकत्वशालित्वं वा। नायं निश्चयेऽसद्भूतव्यवहारस्य संभवति, अपि तु शुद्धव्यवहारस्य, अत एवाह- ''कत्थइ दोण्हवि उवओगो तुल्लं चेव'' त्ति, कुत्रचिद् ज्ञानक्रियादिस्थले द्वयोर्ज्ञानक्रिययोस्तुल्यवदेवोपयोगः।**

**ટીકાર્થ :- 'न चायं'** જેમ સહસ્ર સંખ્યા પાંચસો સંખ્યાનો અંતર્ભાવ કરીને પ્રવર્તે છે, તેમ આ પણ નિશ્ચય=કેવલજ્ઞાનરૂપ કાર્ય જેનાથી થાય છે એ પણ નિશ્ચય, વ્યવહારને અંતર્ભાવ કર્યા વગર પ્રવર્તતો નથી, એમ ન કહેવું; કેમ કે અંતર્ભાવ ચાર પ્રકારના છે.

(૧) સ્વસામગ્રીવ્યાપ્યસામગ્રીકત્વ, (૨) સ્વવિષયત્વવ્યાપ્યવિષયતાકત્વ, (૩) સ્વકાર્યતાવચ્છેદક-વ્યાપ્યકાર્યતાવચ્છેદકકત્વ અને (૪) સ્વસ્વરૂપભેદમાત્ર-અતિરોહિત-એકત્વશાલિત્વ.

**ટીકાર્થ :-'मायं '** (અને) નિશ્ચયમાં અસદ્ભૂતવ્યવહારનો આ=અંતર્ભાવ, સંભવતો નથી, પરંતુ શુદ્ધવ્યવહારનો (અંતર્ભાવ) સંભવે છે. આથી કરીને જ=અસદ્ભૂતવ્યવહારનો અંતર્ભાવ સંભવતો નથી, પરંતુ શુદ્ધવ્યવહારનો સંભવે છે; આથી કરીને જ, કહે છે-

❀ **'अत एवाह'** - થી ગાથાના ઉત્તરાર્દ્ધનું ઉત્થાન કરેલ છે.

**ટીકાર્થ :- 'कत्थइ'** કોઇ ઠેકાણે = જ્ઞાન-ક્રિયાદિ સ્થળમાં બંનેનો પણ = જ્ઞાન અને ક્રિયાનો પણ, તુલ્યવદ્ જ= સમાન જ ઉપયોગ છે.

❀ **''कत्थइ.......... चेव''** સુધી મૂળગાથાનું પ્રતીક છે.

❀ **'द्वयोर्ज्ञानक्रिययोः'**=પાઠ છે ત્યાં **'द्वयोरपि ज्ञानक्रिययोरपि'** એ પ્રમાણે પાઠની સંભાવના છે, કેમ કે મૂળગાથામાં **'दोण्हवि'** શબ્દ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે કેવલજ્ઞાનાદિરૂપ અર્થક્રિયા નિશ્ચયથી થાય છે એમ કહ્યું, તે ભાવલિંગરૂપ નિશ્ચય જાણવો. અહીં ભાવલિંગ શબ્દથી, કેવલજ્ઞાન પ્રત્યે કારણરૂપ એવો જીવનો જ્ઞાન અને ચારિત્રરૂપ અંતરંગ પરિણામ ગ્રહણ કરવાનો છે. અને તે પરિણામમાં શુદ્ધવ્યવહારને અભિમત જ્ઞાનનો પરિણામ અંતર્ભાવ પામે છે, પરંતુ અસદ્ભૂતવ્યવહારનો નિશ્ચયમાં અંતર્ભાવ થતો નથી; કેમ કે અસદ્ભૂતવ્યવહારે દ્રવ્યલિંગને કેવલજ્ઞાનાદિરૂપ અર્થક્રિયાનું કારણ સ્વીકારે છે. અહીં અસદ્ભૂત એટલા માટે કહેલ છે કે, તે બાહ્યચેષ્ટાત્મક ક્રિયાને કેવલજ્ઞાનાદિરૂપ જીવની અંતરંગ પરિણતિના કારણરૂપે સ્વીકારે છે. વાસ્તવિક રીતે જીવની કેવલજ્ઞાનાદિરૂપ અંતરંગ પરિણતિ પ્રત્ય તેને અનુકૂળ એવું ભાવલિંગ છે તેને જ કારણ માની શકાય; પણ દ્રવ્યલિંગને કારણ માની શકાય નહિ. તેથી જીવથી પૃથક્ભૂત એવા દ્રવ્યલિંગને કારણરૂપે સ્વીકારવું તે અસદ્ભૂત પદાર્થનું કથન છે. વળી આ દ્રવ્યલિંગ વગર ફક્ત ભાવલિંગથી કેવલજ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે, તેથી કેવલજ્ઞાનની પ્રાપ્તિ નિશ્ચયથી જ થાય છે એમ કહ્યું છે, અને ભાવલિંગરૂપ નિશ્ચયની કુક્ષિમાં પ્રવિષ્ટ એવા જ્ઞાન-ક્રિયારૂપ અંશોને ગ્રહણ કરીને કહ્યું કે, શુદ્ધવ્યવહારનો અંતર્ભાવ નિશ્ચયમાં થઇ શકે છે.

અહીં વિશેષ એ છે કે, જ્ઞાન અને ક્રિયાથી કેવલજ્ઞાનાદિની પ્રાપ્તિ થાય છે અને નિશ્ચયનય કેવલજ્ઞાનનું સાક્ષાત્ કારણ ચારિત્ર માને છે; જ્યારે વ્યવહારનય ચારિત્રના કારણ એવા જ્ઞાનને કેવલજ્ઞાનનું કારણ માને છે, અને કહે છે કે, ક્રિયા દ્વારા જ્ઞાન કેવલજ્ઞાનનું કારણ છે, જેમ દંડ ભ્રમિ દ્વારા ઘટનું કારણ છે. તેથી નિશ્ચયનયને મોક્ષનું કારણ ચારિત્ર અભિમત છે, અને શુદ્ધવ્યવહારનયને મોક્ષનું કારણ જ્ઞાન અભિમત છે; પરંતુ ભાવલિંગથી જ મોક્ષ માનનાર નિશ્ચયનયની કુક્ષિમાં જીવના મોક્ષને અનુકૂળ ભાવરૂપ જ્ઞાન અને ચારિત્ર બંને પ્રાપ્ત થાય છે,

તેથી શુદ્ધવ્યવહારનો નિશ્ચયનયમાં અંતર્ભાવ થાય છે તેમ કહેલ છે. અને અસદ્ભૂતવ્યવહારનય બાહ્ય સંયમની આચરણાને મોક્ષનું કારણ કહે છે, અને બાહ્ય આચરણા વગર મરુદેવા આદિને કેવલજ્ઞાન થાય છે, તેથી અસદ્ભૂતવ્યવહારનો અંતર્ભાવ નિશ્ચયનયમાં થતો નથી તેમ કહેલ છે. આનાથી એ પ્રાપ્ત થયું કે જે જીવ કેવલજ્ઞાનને પ્રાપ્ત કરે છે, તે નિયમા જ્ઞાન અને ક્રિયા દ્વારા પ્રાપ્ત કરે છે. તેથી શુદ્ધવ્યવહારથી સંવલિત એવા નિશ્ચયથી જ સિદ્ધિ હોવા છતાં અસદ્ભૂતવ્યવહારનયથી અસંવલિત જ નિશ્ચયનયથી કેવલજ્ઞાનથી સિદ્ધિ છે. આ રીતે, કેવલજ્ઞાનાદિ અર્થક્રિયા નિશ્ચયથી જ છે એમ કહ્યું ત્યાં, **'एवकार'** અસદ્ભૂતવ્યવહારનયનો વ્યવચ્છેદ કરે છે, પણ શુદ્ધવ્યવહારનો વ્યવચ્છેદ કરતો નથી.

## -: ચાર પ્રકારના અંતર્ભાવનું સ્વરૂપ :-

(૧) **સ્વસામગ્રીવ્યાપ્યસામગ્રીકત્વરૂપ** અંતર્ભાવ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે - સ્વ=ઘટ, તેની સામગ્રી મૃદ્= માટી છે. તેની વ્યાપ્ય સામગ્રી નીલમૃદ્=નીલમાટી છે અને વ્યાપ્યસામગ્રીક નીલમૃદ્થી નિષ્પન્ન થયેલ નીલઘટ છે. તેમાં રહેલું વ્યાપ્યસામગ્રીકત્વ છે, તે અંતર્ભાવ પદાર્થ છે. અર્થાત્ ઘટમાં નીલઘટનો અંતર્ભાવ છે અને તે નીલઘટમાં રહેલુ વ્યાપ્ય સામગ્રીકત્વ તેમાં રહેલો અંતર્ભાવ નામનો પદાર્થ છે.

પ્રસ્તુતમાં તેનું યોજન કરતાં બતાવે છે - સ્વ=ભાવલિંગ, તેની સામગ્રી અંતરંગ યત્નરૂપ છે. તેની વ્યાપ્ય સામગ્રી જ્ઞાન અને ક્રિયામાં વર્તતો અંતરંગ યત્ન છે. તેથી વ્યાપ્યસામગ્રીક જ્ઞાન અને ક્રિયા બન્યાં અને વ્યાપ્યસામગ્રીકત્વ જ્ઞાન અને ક્રિયા બંનેમાં છે. તેથી જ્ઞાનરૂપ જે શુદ્ધવ્યવહાર છે, તેનો અંતર્ભાવ ભાવલિંગરૂપ નિશ્ચયમાં થાય છે. અને દ્રવ્યલિંગરૂપ અસદ્ભૂતવ્યવહાર છે, તેનો અંતર્ભાવ ભાવલિંગરૂપ નિશ્ચયમાં થતો નથી. કેમ કે સ્વસામગ્રીવ્યાપ્યસામગ્રીકત્વ જ્ઞાનમાં છે, ચારિત્રની બાહ્ય આચરણામાં નથી.

(૨)**સ્વવિષયત્વવ્યાપ્યવિષયતાકત્વરૂપ** અંતર્ભાવ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે - બીજો વિકલ્પ વિષયને આશ્રયીને કરેલ છે. તે આ રીતે - સ્વ=ભાવલિંગ, તેનો વિષય જ્ઞાન અને ક્રિયા છે. તેમાં રહેલી સ્વવિષયની વ્યાપ્યવિષયતા જ્ઞાનમાં છે. તેથી સ્વવિષયવ્યાપ્યવિષયતાક જ્ઞાન બન્યું. શુદ્ધવ્યવહારનય જ્ઞાનને મોક્ષના કારણરૂપે માને છે. તેથી ભાવલિંગને કારણ માનનાર નિશ્ચયનયમાં શુદ્ધવ્યવહારનો અંતર્ભાવ થાય છે અને અસદ્ભૂતવ્યવહાર દ્રવ્યલિંગને કારણ માને છે, તેથી ભાવલિંગને કારણ માનનાર નિશ્ચયનયમાં અસદ્ભૂતવ્યવહારનો અંતર્ભાવ સંભવતો નથી. કેમ કે મરુદેવા આદિને બાહ્યલિંગ વગર જ કેવલજ્ઞાન થયેલ છે, તેથી બાહ્ય આચારને મોક્ષનું કારણ કહેનાર અસદ્ભૂતવ્યવહારનયનો અંતર્ભાવ નિશ્ચયનયમાં થતો નથી.

(૩) **સ્વકાર્યતાવચ્છેદકવ્યાપ્યકાર્યતાવચ્છેદકકત્વરૂપ** અંતર્ભાવ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે - સ્વ=કારણ, પ્રસ્તુતમાં ભાવલિંગનું કારણ જ્ઞાનક્રિયામાં વર્તતો અંતરંગ યત્ન છે. તેની કાર્યતા ભાવલિંગમાં છે. તેનો અવચ્છેદક ભાવલિંગત્વ છે. તેનું વ્યાપ્યકાર્ય જ્ઞાન છે. તેથી વ્યાપ્યકાર્યતાવચ્છેદક જ્ઞાનત્વ છે અને વ્યાપ્યકાર્યતાવચ્છેદકક જ્ઞાનમાં વર્તતો યત્ન છે. માટે જ્ઞાનમાં રહેલ યત્નરૂપ જ સ્વકાર્યતાવચ્છેદકવ્યાપ્યકાર્યતાવચ્છેદકકત્વરૂપ અંતર્ભાવ પદાર્થ છે.

અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનયને કેવલજ્ઞાનનું કારણ ભાવલિંગ અભિમત છે, જે જ્ઞાન-ક્રિયા ઉભય સ્વરૂપ છે. અને તે ભાવલિંગમાં કાર્યતાવચ્છેદક ભાવલિંગત્વ છે અને તેનું વ્યાપ્યકાર્ય જ્ઞાન છે અને તે જ્ઞાનમાં વ્યાપ્યકાર્યતા છે અને તે વ્યાપ્યકાર્યતાનો અવચ્છેદક જ્ઞાનત્વ છે અને તે વ્યાપ્યકાર્યતાનો અવચ્છેદકક = વ્યાપ્યકાર્યતાનો અવચ્છેદક છે જેને તેવો જ્ઞાનનિષ્ઠ યત્ન છે, તે જ અંતર્ભાવ પદાર્થ છે. માટે ભાવલિંગરૂપ નિશ્ચયમાં શુદ્ધવ્યવહારનો અંતર્ભાવ થાય છે, અને અસદ્ભૂતવ્યવહારનયનો અંતર્ભાવ થતો નથી.

(૪) **સ્વસ્વરૂપભેદમાત્ર-અતિરોહિત-એકત્વશાલિત્વ** અંતર્ભાવ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે- સ્વ=જ્ઞાન, તેનું સ્વરૂપ જ્ઞાનત્વ છે. તે રૂપે ભાવલિંગની સાથે જ્ઞાનનો ભેદમાત્ર અતિરોહિત છે તેવું જ્ઞાન ભાવલિંગની સાથે જે એકત્વશાલિ છે, તેમાં રહેલું એકત્વશાલિત્વ તે અંતર્ભાવ છે.

અહીં વિશેષ એ છે કે, સ્વસ્વરૂપનો ભેદમાત્ર અતિરોહિત છે જેમાં, એવું ભાવલિંગની સાથે એકપણું જ્ઞાનમાં છે, તેથી જ્ઞાન એકત્વશાલિ છે. તે જ્ઞાનમાં રહેલું સ્વસ્વરૂપભેદમાત્ર-અતિરોહિત-એકત્વશાલિત્વ, અંતર્ભાવ પદાર્થ છે.

કહેવાનો આશય એ છે કે, ભાવલિંગ એ જ્ઞાનક્રિયાની સમ્યગ્ આચરણારૂપ છે. આમ છતાં જ્ઞાનનું પોતાનું સ્વરૂપ જ્ઞાનત્વેન ભાવલિંગથી પૃથક્રૂપ છે. તેથી જ્ઞાનનો પોતાના સ્વરૂપનો ભેદમાત્ર=સંપૂર્ણ ભેદ, તિરોધાન નથી અને જ્ઞાન એ ભાવલિંગસ્વરૂપ જ છે, એ અપેક્ષાએ જ્ઞાનનો ભેદ ભાવલિંગમાં તિરોધાન પણ છે. આ રીતે જ્ઞાનના સ્વરૂપનો ભેદમાત્ર અતિરોધાન હોય એવું જ્ઞાનનું એકત્વ ભાવલિંગમાં છે, અને શુદ્ધવ્યવહારને કેવલજ્ઞાનના કારણ તરીકે જ્ઞાન અભિમત છે, તેથી શુદ્ધવ્યવહારનો અંતર્ભાવ નિશ્ચયમાં થાય છે; પરંતુ અસદ્ભૂતવ્યવહારનો અંતર્ભાવ નિશ્ચયમાં થતો નથી, કેમ કે બાહ્ય આચરણાનું ઉપરમાં બતાવેલ તેવું એકત્વશાલિત્વ ભાવલિંગમાં નથી.

## -: ચાર વિકલ્પોમાં વિશેષતા :-

અહીં અંતર્ભાવ પદાર્થને બતાવવા ચાર વિકલ્પો પાડ્યા, તે ચાર વિકલ્પોમાં વિશેષતા આ રીતે છે-

(૧) પ્રથમ વિકલ્પમાં વ્યાપકકાર્યમાં વ્યાપ્યકાર્યનો અંતર્ભાવ છે.

(૨) બીજા વિકલ્પમાં વ્યાપકવિષયમાં વ્યાપ્યવિષયનો અંતર્ભાવ છે.

(૩) ત્રીજા વિકલ્પમાં ભાવલિંગમાં યત્નરૂપ વ્યાપકકારણમાં, જ્ઞાનમાં યત્નરૂપ વ્યાપ્યકારણનો અંતર્ભાવ છે. ભાવલિંગ અને જ્ઞાન કાર્ય છે અને તે બંનેમાં વર્તતો યત્ન કારણ છે.

(૪) ચોથા વિકલ્પમાં કથંચિત્ સ્વરૂપ અભેદરૂપ અંતર્ભાવ છે.

આ ચાર વિકલ્પો સિવાય અંતર્ભાવ નામનો પદાર્થ સંભવતો નથી. તેથી ચાર વિકલ્પો જ પાડ્યા છે.

**ઉત્થાન :-** મૂળ ગાથાના ઉત્તરાર્ધમાં કહેલ કે જ્ઞાન-ક્રિયાથી મોક્ષ થાય છે, એ સ્થાનમાં જ્ઞાન-ક્રિયાનો સમાન ઉપયોગ છે તે બતાવવા માટે જ્ઞાનનય=વ્યવહારનય, અને ક્રિયાનય=નિશ્ચયનયનો પરસ્પર આક્ષેપપરિહાર '**तथाहि**'થી બતાવે છે.-

**ટીકા :- तथाहि-ज्ञाननयो मन्यते-ज्ञानमेव मुख्यं न क्रिया, मिथ्याज्ञानात् प्रवृत्तस्य फलाऽसंवादात्। तदुक्तमन्यैरपि-**

विज्ञप्तिः फलदा पुंसां, न क्रिया फलदा मता ॥
मिथ्याज्ञानात् प्रवृत्तस्य फलासंवाददर्शनात् ॥ **इति** ।

**तथाऽऽगमेऽप्युक्तं-**

[१] पढमं नाणं तओ दया [श्री दशवै. अध्य. ४]

[२] जं अन्नाणी कम्मं खवेइ । [पंचवस्तु-५६४], तथा

[३] पावाउ विणिवत्ती पवत्तणा तह य कुसलपक्खंमि ।
विणयस्स य पडिवत्ती, तिण्णिवि नाणे समप्पंति ॥ [ ]

**इदं च क्षायोपशमिकज्ञानमाश्रित्योक्तं क्षायिकमाश्रित्यापि ज्ञानस्यैव प्राधान्यं, न हि केवलज्ञानमनवाप्य तीर्थकरादयोऽपि सिद्धिमध्यासत इति। ततो ज्ञानमेव कारणत्वात्प्रधानं क्रिया तु तत्कार्यतया गौणीति।**

❀ '**न हि केवलज्ञानमनवाप्य**' - અહીં '**हि**' યસ્માદર્થક છે.
❀ '**सिद्धिमध्यासत इति**' - અહીં '**इति**' ક્ષાયોપશમિક અને ક્ષાયિક જ્ઞાનને આશ્રયીને જ્ઞાનની પ્રધાનતા ખ્યાપન કરી, તે કથનની સમાપ્તિ સૂચક છે.

**ટીકાર્થ :- 'तथाहि'** - તે આ પ્રમાણે - જ્ઞાનનય માને છે કે જ્ઞાન જ મુખ્ય છે, ક્રિયા નહિ. કેમ કે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્તને ફલનો અસંવાદ છે. અન્ય વડે પણ તે કહેવાયું છે-
'**विज्ञप्तिः**' - વિજ્ઞપ્તિ=જ્ઞાન, પુરુષને ફળદાયક બને છે, ક્રિયા ફલ આપનારી કહેલી નથી. કેમ કે મિથ્યાજ્ઞાનથી પ્રવૃત્તને ફલના અસંવાદનું=અભાવનું, દર્શન થાય છે.
'**इति**' - અન્યના ઉદ્ધરણના કથનની સમાપ્તિસૂચક છે. તે પ્રમાણે આગમમાં પણ કહેલ છે-
'**पढमं**'- પ્રથમ જ્ઞાન અને પછી દયા છે.
'**जं अन्नाणी**' - (બહુક્રોડો વર્ષમાં પણ) જે અજ્ઞાની કર્મ ખપાવે છે, (તે ત્રણે ગુપ્તિથી ગુપ્ત જ્ઞાની શ્વાસોચ્છ્વાસ માત્રથી ખપાવે છે.) અને -
'**पावाउ**' – પાપથી વિનિવૃત્તિ તથા કુશલપક્ષમાં પ્રવર્તના અને વિનયની પ્રતિપત્તિ, (આ) ત્રણે પણ જ્ઞાન હોતે છતે સમ્યગ્ પ્રાપ્ત થાય છે.
'**इदं च**' – અને આ=જ્ઞાનનયે જે કહ્યું તે, ક્ષાયોપશમિક જ્ઞાનને આશ્રયીને કહેલું છે. ક્ષાયિક જ્ઞાનને આશ્રયીને

---

१. पढमं नाणं तओ दया एवं चिट्ठइ सव्व संजए । अन्नाणी किं काही किंवा नाहीइ छेअपावगं ॥
प्रथमं ज्ञानं ततो दया, एवं तिष्ठति सर्वसंयतः । अज्ञानी किं करिष्यति? किंवा ज्ञास्यति छेकपापकम् ॥
२. जं अन्नाणी कम्मं खवेइ बहुआइं वासकोडीहिं । तं नाणी तिहिं गुत्तो खवेइ उसासमित्तेण ॥
यदज्ञानी कर्म क्षपयति बहुभिः वर्षकोटिभिः । तज्ज्ञानी त्रिभिर्गुप्तः क्षपयति उच्छ्वासमात्रेण ॥
३. पापात् विनिवृत्तिः प्रवर्त्तना तथा च कुशलपक्षे । विनयस्य च प्रतिपत्तिस्त्रीण्यपि ज्ञाने समाप्यन्ते ॥

પણ જ્ઞાનનું જ પ્રધાનપણું છે. જે કારણથી તીર્થંકરાદિ પણ કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યા વગર સિદ્ધિ પામતા નથી.

**'ततो'** - તે કારણથી=ક્ષાયોપશમિક અને ક્ષાયિક જ્ઞાન બંનેને આશ્રયીને જ્ઞાનની પ્રધાનતા દર્શાવી. તેનું નિગમન કરતાં કહે છે કે, તે કારણથી જ્ઞાન જ કારણ હોવાથી પ્રધાન છે. વળી ક્રિયા તત્કાર્ય=જ્ઞાનનું કાર્ય, હોવાથી ગૌણ છે.

**'गौणीति'** - અહીં **इति** છે તે જ્ઞાનનયના કથનની સમાપ્તિ સૂચક છે.

ઘટનો અર્થી ઘટસામગ્રીરૂપે દંડમાં પ્રવૃત્તિ કરે છે, તેથી તે મુખ્ય છે; અને તે દંડના કાર્યરૂપે ભ્રમિ પ્રાપ્ત થાય છે, પણ સાક્ષાત્ ઘટની સામગ્રી ભ્રમિ નથી, તેથી તે ગૌણ છે; તે રીતે મોક્ષના અર્થીની સાક્ષાત્ જ્ઞાનમાં પ્રવૃત્તિ છે, તેથી તે મુખ્ય છે; અને જ્ઞાનના કાર્યરૂપ ક્રિયા ગૌણ છે, એ પ્રકારે જ્ઞાનનયનો આશય છે.

**ટીકા :- क्रियानयस्त्वाह-क्रिया हि फलदायिनी, ज्ञानस्यापि तज्जननेनैवोपक्षीणत्वात्, जानतोऽपि क्रियां विना फलप्राप्त्यश्रवणात्। तदुक्तमन्यैरपि-**

क्रियैव फलदा पुंसां, न ज्ञानं फलदं मतम् ।
यतः स्त्रीभक्ष्यभोगज्ञो, न ज्ञानात् सुखितो भवेत् ॥ इति ।

**तथाऽऽगमेऽप्युक्तम्-** [1] सुबहुंपि.....

[2] नाणं सविसयणिययं, न नाणमेत्तेण कज्जणिप्फत्ती ।
मग्गण्णू दिट्ठंतो होइ सचेट्ठो अचेट्ठो य ॥
[3] आउज्जनट्टकुसलावि नट्टिआ, तं जणं ण तोसेइ ।
जोगं अजुंजमाणी णिंदं खिसं च सा लहइ ॥
[4] इय नाणलिंगसहिओ, काइअजोगं ण जुंजइ जो उ ।
ण लहइ स मुक्खसुक्खं लहइ अ णिंदं सपक्खाउ ॥
[5] जाणंतो वि य तरिउं, काइअजोगं ण जुंजइ जो उ ।
सो वुज्झइ सोएणं एवं नाणी चरणहीणो ॥ [आव.नि.११४३-४४-४५-४६]

तथा [6] जहा खरो०-

---

१. सुबहुंपि सुयमहीयं किं काही? चरणविप्पहीणस्स । अंधस्स जह पलित्ता दीवसयसहस्सकोडीवि ॥ (आव.नि.९८)
सुबह्वपि श्रुतमधीतं किं करिष्यति चरणविप्रहीणस्य । अन्धस्य यथा प्रदीप्ता दीपशतसहस्रकोटिरपि ॥

२. ज्ञानं स्वविषयनियतं न ज्ञानमात्रेण कार्यनिष्पत्तिः । मार्गज्ञो दृष्टान्तो भवति सचेष्टोऽचेष्टश्च ॥

३. आतोद्यनृत्तकुशलापि नर्त्तकी तं जनं न तोषयति । योगमयुञ्जन्ती निन्दां खिसा च सा लभते ॥

४. एवं लिङ्गज्ञानसहितः काययोगं न युङ्क्ते यस्तु । न लभते स मोक्षसौख्यं लभते च निंदां स्वपक्षतः ॥

५. जानन्नपि च तरितुं काययोगं न युङ्क्ते यो तु । स उह्यते श्रोतसैवं ज्ञानी चरणहीनः ॥

६. जहा खरो चंदणभारवाही भारस्स भागी न हु चंदणस्स ।
एवं खु नाणी चरणेण हीणो णाणस्स भागी न हु सुग्गइए ॥ ( आ.नि.१०० )
यथा खरश्चन्दनभारवाही भारस्य भागी न खलु चन्दनस्य । एवं खलु ज्ञानी चरणेन हीनो ज्ञानस्य भागी न खलु सुगतेः ॥

**इदं च क्षायोपशमिकीं क्रियामाश्रित्योक्तं, क्षायिकमपि चारित्रमेव प्रधानं, न हि केवलिनोऽपि शैलेश्यवस्थाभाविनीं सर्वसंवररूपां चारित्रक्रियामनुपलभ्य निर्वाणभाजो भवन्तीति। तथा चानन्तर्येण फलहेतुत्वात् क्रियैव प्रधाना पारम्पर्येण कारणत्वाज्ज्ञानं तु गौणमिति।**

**ટીકાર્થ :- 'क्रियानयः'** વળી ક્રિયાનય કહે છે કે, ક્રિયા જ ફલદાયિની છે. કેમ કે તજ્જનન દ્વારા જ=ક્રિયાના જનન દ્વારા જ, જ્ઞાનનું પણ ઉપક્ષીણપણું છે. અહીં **'अपि'**થી એ કહેવું છે કે, બાહ્ય નિમિત્તોનું અવજર્યસન્નિધિરૂપે ઉપક્ષીણપણું છે, પરંતુ જ્ઞાનનું પણ ક્રિયાજનન દ્વારા જ ઉપક્ષીણપણું છે; અર્થાત્ ચરિતાર્થપણું છે.

**ઉત્થાન :-** ક્રિયાજનન દ્વારા જ્ઞાન ચરિતાર્થ કેમ છે, તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'जानतोऽपि'** - જાણતાને પણ ક્રિયા વિના ફલપ્રાપ્તિનું અશ્રવણ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ક્રિયાનય માને છે કે, જ્ઞાન, ક્રિયાને પેદા કરીને ચરિતાર્થ થઇ જાય છે, પરંતુ મોક્ષની પ્રાપ્તિ પ્રત્યે તે કારણ નથી, મોક્ષની પ્રાપ્તિ તો ક્રિયાથી જ થાય છે. જેમ કુલાલનો પિતા કુલાલને પેદા કરીને ચરિતાર્થ થઇ જાય છે અને ઘટ પ્રત્યે કુલાલ જ કારણ છે, કુલાલનો પિતા નહિ; તેમ મોક્ષ પ્રત્યે ક્રિયા જ કારણ છે, જ્ઞાન નહિ. અને તેની પુષ્ટિ માટે કહે છે કે, જાણવા છતાં પણ ક્રિયા વગર ફલની પ્રાપ્તિનું અશ્રવણ છે. એનાથી એ પ્રાપ્ત થાય છે કે, ક્રિયાથી જ ફલની પ્રાપ્તિ છે, જ્ઞાનથી નહિ. કેમ કે જો જ્ઞાનથી ફલની પ્રાપ્તિ થતી હોત તો, ક્રિયા વગર જાણનારને ફલની પ્રાપ્તિ થવી જોઇએ. પરંતુ ક્રિયા વગર ફલ પ્રાપ્ત થતું નથી. માટે મોક્ષપ્રાપ્તિરૂપ ફલ પ્રત્યે ક્રિયા જ કારણ છે; જ્ઞાન ક્રિયાને પેદા કરીને ચરિતાર્થ થઇ જાય છે.

અન્યો વડે પણ તે કહેવાયેલું છે-

**ટીકાર્થ :- 'क्रियैव'** - ક્રિયા જ પુરુષને ફલ આપનારી છે, જ્ઞાન ફલ આપનારું કહેલ નથી. જે કારણથી સ્ત્રી અને ભક્ષ્ય ભોગનો જાણકાર (તેના) જ્ઞાનથી સુખી થતો નથી.

**'इति'** - અન્યના ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

**'तथाऽऽगमेऽप्युक्तम्'**-

તે પ્રમાણે આગમમાં પણ કહ્યું છે કે-

**'सुबहुंपि......** આ આવશ્યક નિર્યુક્તિની ૯૮મી ગાથા છે. તેનો અર્થ આ પ્રમાણે - ચરણરહિતને સુબહુ પણ અધીત=ભણેલું, એવું શ્રુત શું કરશે? જેમ લાખો ક્રોડ પણ પ્રગટાવેલા દીવા આંધળાને શું કરે?

**ભાવાર્થ :-** અહીં પ્રશ્ન થાય કે, શ્રુત એ ચક્ષુસ્થાનીય છે, તેને અંધના દૃષ્ટાંતથી કેમ કહેલ છે? તેનું તાત્પર્ય આવશ્યકનિર્યુક્તિ ગાથા-૯૯થી એ પ્રાપ્ત થાય છે કે, ચારિત્ર ચક્ષુસ્થાનીય છે અને શ્રુત એ પ્રદીપસ્થાનીય છે. તેથી ચારિત્રરહિત ગમે તેટલું શ્રુત ભણે તો પણ તેને તત્ત્વ દેખાતું નથી, પરંતુ ચરિત્ર સહિત થોડું પણ શ્રુત ભણે તેને તત્ત્વ દેખાય છે.

અહીં વિશેષ એ છે કે, આગમ અધ્યયનનો અધિકારી ચારિત્રી જ કહેલ છે. કેમ કે ચારિત્રી સમિતિ-ગુપ્તિને સેવતો સંયમના ભાવોનું વેદન કરે છે અને શ્રુતાભ્યાસથી શ્રુતરૂપ દીપક દ્વારા તે ભાવોના સૂક્ષ્મભાવોને ચારિત્રી જુએ છે, જે મોક્ષ પ્રત્યે આસન્નકારણરૂપ છે; જ્યારે ચારિત્રરહિત સંયમના ભાવોનું વેદન કરતો નથી તેથી પોતાને પ્રાપ્ત થયેલ ભાવથી ઉપરની કક્ષાના ભાવને શ્રુત દ્વારા અવગાહન કરી શકતો નથી. તેથી ચરણરહિતને અંધસ્થાનીય કહેલ છે.

**ટીકાર્થ :- 'नाणं'** - જ્ઞાન સ્વવિષયમાં નિયત છે = જ્ઞાનનો પોતાનો વિષય બોધ કરાવવો તે છે. તેમાં જ તે નિયત છે=પૂર્ણ છે, પરંતુ ફલપ્રાપ્તિમાં પૂર્ણ નથી. (કેમ કે) જ્ઞાનમાત્રથી કાર્યની નિષ્પત્તિ થતી નથી. સચેષ્ટ અને અચેષ્ટ માર્ગને જાણનાર તેમાં દૃષ્ટાંત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, માર્ગનો જાણકાર હોય પરંતુ ચાલવાની ક્રિયા ન કરે તો સ્થાને પહોંચતો નથી, પરંતુ ચાલવા વગેરેની ક્રિયા કરે તો જ સ્થાને પહોંચે છે. તેમ જ્ઞાન પણ પરિચ્છિત્તિમાં વિશ્રાંત પામે છે, પરંતુ મોક્ષરૂપ ફળની પ્રાપ્તિ ક્રિયાથી જ થાય છે. આ પ્રમાણે ક્રિયાનયનું વક્તવ્ય છે.

**ટીકાર્થ :- 'आउज्ज'** - વાજિંત્ર અને નૃત્યમાં કુશલ પણ નર્તકી યોગને અર્થાત્ નૃત્યને નહિ કરતી, તે જનને=જે લોકો તેનું નૃત્ય જોવા ઉત્સુક થઈને આવેલા છે તે જનને, ખુશ કરતી નથી અને તે નિંદા અને ખિંસાને પામે છે. **'इय नाणलिंग'** - એ પ્રમાણે અર્થાત્ નર્તકીની જેમ, જ્ઞાન અને લિંગથી સહિત=જ્ઞાન અને સાધુવેશથી યુક્ત એવો પણ જે સાધુ, કાયિકયોગને અર્થાત્ સમિતિઆદિરૂપ કાયિકયોગને પ્રવર્તાવતો નથી, તે મોક્ષસુખને પામતો નથી અને સ્વપક્ષથી અર્થાત્ બીજા સાધુઓ તરફથી નિંદાને પામે છે.

❀ અહીં **'नाणलिंगसहिओ'** પાઠ છે ત્યાં આવશ્યકનિર્યુક્તિમાં **'लिंगनाणसहिओ'** પાઠ છે.

**'जाणंतो वि'** - જાણતો પણ તરવાની ઈચ્છાવાળો, જે વળી કાયિકયોગને અર્થાત્ હાથ-પગ હલાવવારૂપ કાયિક ક્રિયાને કરતો નથી, તે પાણીના સ્રોત વડે=પ્રવાહ વડે, ડૂબે છે. એ પ્રમાણે ચરણહીન જ્ઞાની પણ (ભવસમુદ્રમાં) ડૂબે છે.

**'तथा जहा खरो'**૦ -

જે પ્રમાણે ચંદનના ભારને વહન કરનાર ગધેડો ભારનો ભાગી થાય છે, ચંદનનો નહિ; એ પ્રમાણે ચરણથી હીન એવો જ્ઞાની જ્ઞાનનો ભાગી થાય છે, સુગતિ અર્થાત્ મોક્ષગતિનો નહિ.

**ભાવાર્થ :-** અહીં 'સુગતિ' પદથી સદ્ગતિ ગ્રહણ કરવાની નથી, પરંતુ મોક્ષગતિ ગ્રહણ કરવાની છે; એ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૦૦ની ટીકામાં કહેલ છે. તેથી જ્ઞાનના ભારને વહન કરવા છતાં ચારિત્રરહિત મોક્ષગતિને પ્રાપ્ત કરતો નથી.

**ટીકાર્થ :- 'इदं च'** - અને આ=ક્રિયાનયે જે કહ્યું તે, ક્ષાયોપશમિકી ક્રિયાને આશ્રયીને કહેલું છે. ક્ષાયિક પણ ચારિત્ર જ પ્રધાન છે, જે કારણથી કેવલીઓ પણ શૈલેશી અવસ્થાભાવી સર્વસંવરરૂપ ચારિત્રક્રિયાને પામ્યા વગર નિર્વાણને ભજનારા થતા નથી.

❀ **'निर्वाणभाजो भवन्ति'** પછી **'इति'** છે, તે ક્ષાયોપશમિક અને ક્ષાયિક ક્રિયાને આશ્રયીને કથન કર્યું, તેની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :- 'क्रियानयस्त्वाह ............. भवन्तीति'** સુધી જે કથન કર્યું, તેનાથી એ પ્રાપ્ત થયું કે, મોક્ષ પ્રત્યે અનંતર કારણ ક્રિયા છે માટે તે જ મુખ્ય છે. તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'तथा च'** - અને તે રીતે અનંતરપણાથી ફલનું હેતુપણું હોવાથી ક્રિયા જ પ્રધાન છે. વળી જ્ઞાન પરંપરાએ કારણ હોવાથી ગૌણ છે.

❀ **'गौणम्'** પછી **'इति'** છે, તે ક્રિયાનયના વક્તવ્યની સમાપ્તિ સૂચક છે.

**ટીકા :- अत्रायं स्थितपक्षो-अविनाभावित्वानन्तरभावित्वयोर्द्वयोरेवाऽविशेषात्तुल्यत्वमेव तयोः, न हि ज्ञानं विनेव प्रवृत्तिं विनापि फलमुत्पद्यते, न वा भक्ष्यभोगादिप्रवृत्तिकाले शैलेश्यवस्थायां वा ज्ञानं नास्तीति।**

**ટીકાર્થ :-** અહીં અર્થાત્ જ્ઞાનનયે પોતાનું વક્તવ્ય કહ્યું અને ક્રિયાનયે પોતાનું વક્તવ્ય કહ્યું ત્યાં, આ પ્રમાણે= વક્ષ્યમાણ સ્થિતપક્ષ=પ્રમાણપક્ષ છે.

**'अविनाभावित्व'** - બંનેના જ=જ્ઞાન અને ક્રિયાના જ, અવિનાભાવિત્વ અને અનંતરભાવિત્વનો અવિશેષ હોવાથી તે બંનેનું=જ્ઞાન અને ક્રિયાનું, તુલ્યપણું જ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્થિતપક્ષ પ્રમાણે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન અને ક્રિયા બંને અવિનાભાવી છે, બાહ્યલિંગ મોક્ષરૂપ કાર્ય પ્રત્યે બહુલતાએ વ્યાપ્તિવાળું હોવા છતાં અવિનાભાવી નથી, પરંતુ જ્ઞાન અને ક્રિયા બંનેમાંથી કોઈની બહુલતાએ વ્યાપ્તિ નથી, પરંતુ સંપૂર્ણ વ્યાપ્તિ છે; તેથી જ્યાં જ્યાં મોક્ષરૂપ કાર્ય થાય ત્યાં ત્યાં બંનેનું અસ્તિત્વ અવશ્ય જોઈએ. અને તે જ રીતે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન અને ક્રિયાનું અનંતરભાવિપણું પણ તુલ્ય જ છે. અર્થાત્ મોક્ષની નિષ્પત્તિની પૂર્વક્ષણમાં પૂર્ણ જ્ઞાન અને સર્વસંવરરૂપ પૂર્ણ ચારિત્ર અવશ્ય હોય છે. તેથી કાર્યમાં અંતર વગર ભાવિત્વ=હોવાપણું, જ્ઞાન અને ક્રિયા બંનેમાં સમાન છે. તેથી મોક્ષના કારણ તરીકે જ્ઞાન અને ક્રિયા બંને સમાન છે, એમ સ્થિતપક્ષનું કહેવું છે.

અહીં વિશેષ એ છે કે, ક્રિયાને પેદા કરીને જ્ઞાન ચરિતાર્થ થઈ જાય છે અને ક્રિયાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેમ નિશ્ચયનય માને છે, અને તે પ્રમાણે વિચારીએ તો અનંતરભાવિરૂપે ક્રિયા પ્રાપ્ત થાય અને જ્ઞાન મોક્ષરૂપ

કાર્યમાં ક્રિયાના પૂર્વભાવિરૂપે પ્રાપ્ત થાય. પરંતુ સ્થિતપક્ષ કહે છે કે, નિશ્ચયનય કહે છે તેવું નથી; પણ મોક્ષરૂપ કાર્યની પૂર્વક્ષણમાં જ્ઞાન અને ક્રિયા બંને વિદ્યમાન છે. તેથી ચૌદમા ગુણસ્થાનકની ચરમક્ષણમાં કેવલજ્ઞાન અને સર્વસંવરરૂપ ચારિત્ર બંને વિદ્યમાન છે, અને તેનાથી જ મોક્ષરૂપ કાર્ય થાય છે. તેથી અનંતરભાવિપણું જ્ઞાન અને ક્રિયા બંનેમાં સમાન છે. માટે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન અને ક્રિયા બંને સમાન કારણ છે, ફક્ત ક્રિયા નહિ. અને તેની જ પુષ્ટિ કરવા માટે **'न हि'** ......... થી કહે છે-

**ટીકાર્થ :- 'न हि'** – જેમ જ્ઞાન વગર ફલ પેદા થતું નથી, તેમ પ્રવૃત્તિ વગર પણ ફળ પેદા થતું નથી. આ પ્રમાણે કહીને સ્થિતપક્ષે જ્ઞાનનયને એ બતાવ્યું કે, જેમ મોક્ષ પ્રત્યે જ્ઞાન અવિનાભાવી છે તેમ પ્રવૃત્તિ પણ અવિનાભાવી છે.

**ઉત્થાન :- 'न वा'**થી હવે જે કહે છે તેનાથી, મોક્ષ પ્રત્યે જેમ ક્રિયા અનંતરભાવી છે, તેમ જ્ઞાન પણ અનંતરભાવી છે; તે બતાવતાં કહે છે-

**'न वा'** – ભક્ષ્યભોગાદિ પ્રવૃત્તિકાલમાં કે શૈલેશી અવસ્થામાં જ્ઞાન નથી, એમ નહિ.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પ્રવૃત્તિથી જ્યારે ફળ નિષ્પન્ન થાય છે ત્યારે ત્યાં જ્ઞાન પણ છે જ. તેથી કાર્ય પ્રત્યે બંનેનું અનંતરભાવીપણું છે જ.

**ઉત્થાન :-** સ્થિતપક્ષે આ રીતે જ્ઞાન અને ક્રિયાના વિષયમાં પોતાનું વક્તવ્ય કહ્યું. તેની સામે જ્ઞાનનય પ્રશ્ન કરે છે-

**ટીકા :- 'प्रवृत्तिमात्रं न फलप्रदमि'ति चेत्? ज्ञानमात्रमपि न तथा। 'संवादिज्ञानं फलजनकमि'ति चेत्? संवादिनी प्रवृत्तिरपि तथा।**

**ટીકાર્થ :-** પ્રવૃત્તિમાત્ર ફલપ્રદ નથી. માટે મોક્ષ પ્રત્યે જ્ઞાન જ મુખ્ય છે, ક્રિયા નહિ. તેની સામે સ્થિતપક્ષ કહે છે-
**'ज्ञानमात्रमपि'** – જ્ઞાનમાત્ર પણ તેવું નથી=ફલપ્રદ નથી. અર્થાત્ ફલ પ્રત્યે જ્ઞાન અને પ્રવૃત્તિની સમાનતા છે, પરંતુ જ્ઞાનની મુખ્યતા નથી. તેની સામે જ્ઞાનનય કહે છે-
**'संवादिज्ञानं'** – સંવાદિજ્ઞાન ફલજનક છે. અર્થાત્ જ્ઞાનમાત્ર ભલે ફલજનક ન હોય, પરંતુ સંવાદિજ્ઞાન અવશ્ય ફલજનક છે. તેથી જ્ઞાન જ મુખ્ય છે, પરંતુ પ્રવૃત્તિ નહિ. સ્થિતપક્ષ તેનો જવાબ આપે છે-
**'संवादिनी'** – સંવાદિની પ્રવૃત્તિ પણ તેવી છે=ફળજનક છે. (તેથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે બંનેની તુલ્યતા જ છે.)

ટીકાઃ- **स्यादेतत्-ज्ञानस्य प्रवृत्तावेव हेतुता, फलप्राप्तिस्तु प्रवृत्तेरेव। न च प्रवृत्तिकाले ज्ञानमप्यस्त्येवेति**

**तस्य फलहेतुत्वमित्युक्तमेवेति वाच्यं, घटे दण्डरूपवत्तत्र तस्याऽन्यथासिद्धत्वादिति। मैवं,** '[1]नाणकिरियाहिं मोक्खो' **इति वचनात्,**

[2] पारंपरप्पसिद्धी दंसणनाणेहि होइ चरणस्स।
पारंपरप्पसिद्धी जह होइ तहन्नपाणाणं ॥ [आव. नि. ११६६]

**इति वचनाच्च ज्ञानस्य क्रियाद्वारेण मोक्षजनकत्वकल्पनात्। न च द्वारेण द्वारिणोऽन्यथासिद्धिरस्ति, अन्यथा दंडादेरपि चक्रभ्रम्यादिना घटादावन्यथासिद्धिप्रसङ्गात्।**

**ટીકાર્થ :-** સ્થિતપક્ષ કહે છે કે, ક્રિયાવાદીના મતે આ પ્રમાણે થાય -
'**ज्ञानस्य**' - જ્ઞાનની પ્રવૃત્તિમાં જ હેતુતા છે, ફળપ્રાપ્તિ તો પ્રવૃત્તિથી જ છે.
અહીં પોતાની વાતની પુષ્ટિ કરવા માટે ક્રિયાનય કહે છે-
'**न च प्रवृत्तिकाले**' - પ્રવૃત્તિકાલમાં જ્ઞાન પણ છે, એથી કરીને તેનું= જ્ઞાનનું, ફલહેતુપણું છે, (આ પ્રમાણે સ્થિતપક્ષ દ્વારા પહેલાં કહેવાયું છે.) એ પ્રમાણે ન કહેવું.
'**घटे**' - કેમ કે ઘટમાં દંડના રૂપની જેમ ત્યાં=ફળપ્રાપ્તિમાં, જ્ઞાનનું અન્યથાસિદ્ધપણું છે.
'**इति**'- ક્રિયાનયના કથનની સમાપ્તિ સૂચક છે.
હવે ક્રિયાવાદીને સ્થિતપક્ષ કહે છે -
'**मैवं**' - એ પ્રમાણે ન કહેવું, કેમ કે "**नाणकिरियाहिं मोक्खो**" એ પ્રમાણે વચન છે. અને "**पारंपरप्पसिद्धी ......... तहन्नपाणाणं**" એ વચન હોવાથી, જ્ઞાનની ક્રિયારૂપ દ્વારથી મોક્ષજનકપણાની કલ્પના છે.
અહીં ક્રિયાનય કહે છે કે, મોક્ષ પ્રત્યે ક્રિયા જ કારણ છે અને જ્ઞાન અન્યથાસિદ્ધ છે.
તેનો ઉત્તર આપતાં સ્થિતપક્ષ કહે છે-
'**न च द्वारेण**' - વ્યાપાર દ્વારા વ્યાપારીની અન્યથાસિદ્ધિ થતી નથી. અન્યથા=વ્યાપાર દ્વારા વ્યાપારીની અન્યથાસિદ્ધિ છે એવું કહો તો, દંડાદિનો પણ ચક્રભ્રમ્યાદિ (વ્યાપાર) દ્વારા ઘટાદિમાં અન્યથાસિદ્ધિનો પ્રસંગ આવે છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે ક્રિયાવાદીને એ કહેવું છે કે, પ્રવૃત્તિ પ્રત્યે જ્ઞાન હેતુ છે અને ફળ પ્રવૃત્તિથી પ્રાપ્ત થાય છે; તેથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે ક્રિયા જ હેતુ છે, જ્ઞાન તો પ્રવૃત્તિ પ્રત્યે હેતુ છે, મોક્ષ પ્રત્યે નહિ. અને તે જ વાતને પુષ્ટ કરવા માટે ક્રિયાનય સ્થિતપક્ષને કહે છે કે પ્રવૃત્તિકાળમાં પણ જ્ઞાન વિદ્યમાન છે એટલામાત્રથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે પ્રવૃત્તિની જેમ જ્ઞાન પણ કારણ છે તેમ સ્વીકારી શકાય નહિ; કેમ કે ઘટરૂપ કાર્ય કરતી વખતે દંડ વિદ્યમાન હોય છે તેમ દંડનું રૂપ પણ વિદ્યમાન હોય છે, પરંતુ દંડનું રૂપ ઘટ પ્રત્યે કારણ નથી, પરંતુ અન્યથાસિદ્ધ છે. તે જ રીતે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે પ્રવૃત્તિ કારણ છે અને તે જ વખતે જ્ઞાન વિદ્યમાન છે, તો પણ જ્ઞાન મોક્ષ પ્રત્યે કારણ

१. नाणकिरियाहि मोक्खो तम्मयमावस्सयं जओ तेण। तव्वक्खाणरम्भो कारणओ कज्जसिद्धित्ति ॥ (वि.आ.भा.३)
ज्ञानक्रियाभ्यां मोक्षस्तन्मयमावश्यकं यतस्तेन। तद्व्याख्यानारम्भः कारणतः कार्यसिद्धिरिति ॥
२. पारंपर्यप्रसिद्धिर्दर्शनज्ञानाभ्यां भवति चरणस्य। पारम्पर्यसिद्धिर्यथा भवति तथाऽन्नपानयोः।

નથી; પરંતુ દંડના રૂપની જેમ અન્યથાસિદ્ધ છે. આ પ્રમાણે કહીને ક્રિયાનયે એ સ્થાપન કર્યું કે, ફલની પ્રાપ્તિ પ્રવૃત્તિથી જ છે. અહીં સ્થિતપક્ષ કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ છે એ પ્રમાણે શાસ્ત્રવચન છે. જો મોક્ષ ક્રિયાથી જ થતો હોત તો શાસ્ત્રવચન પણ તે જ પ્રકારે હોવું જોઇએ. પરંતુ "**नाणकिरियाहिं मोक्खो**" એ શાસ્ત્રવચનથી જ સિદ્ધ થાય છે કે મોક્ષ પ્રત્યે બંનેની કારણતા છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જો મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયા બંને કારણ છે અને બંને અનંતરભાવી છે, તો પછી જ્ઞાનને ક્રિયા દ્વારા મોક્ષજનક કેમ કહ્યું? સાક્ષાત્ જ્ઞાનને મોક્ષજનક કેમ ન કહ્યું? તેથી સ્થિતપક્ષ કહે છે કે-

**ટીકાર્થ :- 'पारंपर'......** એ વચન હોવાથી જ્ઞાનના ક્રિયારૂપ વ્યાપાર દ્વારા મોક્ષજનકત્વની કલ્પના છે.
**पारंपर......** આવશ્યક નિર્યુક્તિ - ૧૧૬૬ શ્લોકનો અર્થ આ પ્રમાણે છે-
દર્શન-જ્ઞાન વડે કરીને ચારિત્રની પરંપરાએ સિદ્ધિ છે. જે પ્રકારે પરંપરાએ સિદ્ધિ થાય છે, તે પ્રકારે અન્ન-પાનના વિષયમાં (લોકમાં પ્રતીત છે.)

**ભાવાર્થ :-** અહીં ચારિત્રની પારંપર પ્રસિદ્ધિ કહી તેનું તાત્પર્ય એ છે કે, ચારિત્રની પ્રાપ્તિ પ્રયત્નથી સીધી થતી નથી, પરંતુ દર્શન અને જ્ઞાનથી થાય છે. દર્શન-જ્ઞાનમાં પ્રયત્નપૂર્વક ચારિત્રમાં પ્રયત્ન કરવાથી ચારિત્રની પ્રાપ્તિ થાય છે. તેથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણે મુખ્ય છે. અને આ પારંપર પ્રસિદ્ધિ જે પ્રકારે થાય છે તે પ્રકારે અન્ન-પાનના વિષયમાં લોકમાં પ્રતીત છે. એનો ભાવ એ છે કે, અન્નાર્થી, ભોજન માટે સ્થાલી, ઇંધન અને તંદુલાદિને ગ્રહણ કરે છે, પાનાર્થી દ્રાક્ષાદિને પણ ગ્રહણ કરે છે; તે પ્રમાણે અહીં દર્શન, જ્ઞાન અને ચારિત્ર ત્રણેની પ્રધાનતા છે. તેથી એ ફલિત થાય છે કે, જ્ઞાનથી ચારિત્ર દ્વારા મોક્ષની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, સાક્ષાત્ ચારિત્રમાં યત્ન કરવાથી ચારિત્રની પ્રસિદ્ધિ નથી, કેમ કે અજ્ઞાની ક્રિયામાં પ્રવૃત્તિ કરે છે છતાં ચારિત્રની પ્રસિદ્ધિ નથી; પરંતુ જ્ઞાન-દર્શનથી નિયંત્રિત પ્રવૃત્તિ કરવાથી ચારિત્ર અવશ્ય પેદા થાય છે, તેથી પરંપરાએ પ્રસિદ્ધિ કહેલ છે. બાકી સામાન્યથી જોતાં તો પરંપરા ત્યારે કહેવાય કે, સિદ્ધિની પ્રાપ્તિ ચારિત્રથી છે અને ચારિત્રની પ્રાપ્તિ દર્શન-જ્ઞાનથી છે, તેથી સિદ્ધિની પ્રસિદ્ધિ પરંપરાએ દર્શન-જ્ઞાનથી છે; છતાં ઉપરોક્ત વિશેષ દૃષ્ટિથી ચારિત્રની દર્શન-જ્ઞાન દ્વારા પરંપરાએ પ્રસિદ્ધિ કહેલ છે.

આનાથી સ્થિતપક્ષને એ કહેવું છે કે, આવશ્યકનિર્યુક્તિ ગાથા-૧૧૬૬ પ્રમાણે પણ મોક્ષ પ્રત્યે ક્રિયાની જેમ જ્ઞાન કારણ છે. જેમ ઘટ પ્રત્યે દંડ ભ્રમિ દ્વારા કારણ છે, પરંતુ ઘટ પ્રત્યે જેમ દંડનું રૂપ અન્યથાસિદ્ધ છે, તેમ જ્ઞાન અન્યથાસિદ્ધ નથી. અને જ્ઞાન-ક્રિયા બંનેમાં અનંતરભાવિપણું પણ છે, તેથી કાર્યની પૂર્વક્ષણમાં બંનેનું અસ્તિત્વ છે. અને જ્ઞાન પ્રથમ નિષ્પન્ન થાય છે અને કાર્યની પૂર્વક્ષણ સુધી તે અસ્તિત્વ ધરાવે છે; અને તે જ્ઞાન દ્વારા જ ક્રિયારૂપ દ્વાર (વ્યાપાર) પેદા થાય છે અને તે ક્રિયારૂપ દ્વાર પણ મોક્ષરૂપ કાર્યની પૂર્વક્ષણ સુધી અવશ્ય હોય છે. તેથી મોક્ષરૂપ કાર્ય પ્રતિ ફક્ત ક્રિયા કારણ છે અને જ્ઞાન અન્યથાસિદ્ધ છે, એમ જે ક્રિયાનય કહે છે, તે વાત ઉચિત નથી. અને પૂર્વમાં ક્રિયાનયે સ્થાપન કર્યું કે, ઘટમાં દંડના રૂપની જેમ જ્ઞાનનું મોક્ષ પ્રત્યે અન્યથાસિદ્ધપણું છે, તેના નિવારણ માટે **न च.......** થી કહે છે કે, દ્વાર દ્વારા દ્વારીનું=વ્યાપાર દ્વારા વ્યાપારીનું, અન્યથાસિદ્ધપણું

નથી. અને એવું ન માનો તો દંડાદિરૂપ દ્વારીનું પણ ચક્રભ્રમ્યાદિરૂપ દ્વાર દ્વારા ઘટાદિરૂપ કાર્યમાં અન્યથાસિદ્ધિ માનવાનો પ્રસંગ આવશે. આમ કહીને સ્થિતપક્ષે એ સ્વીકાર કર્યો કે, ક્રિયા દ્વારા જ્ઞાન મોક્ષનું કારણ છે અને મોક્ષરૂપ કાર્યની પૂર્વક્ષણમાં બંનેનું અસ્તિત્વ સમાન છે માટે મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયા બંનેની તુલ્ય કારણતા છે.

**ઉત્થાન :-** પૂર્વમાં ક્રિયાનયે મોક્ષના કારણરૂપે ક્રિયાને સ્થાપન કરવા માટે, જ્ઞાનને મોક્ષ પ્રત્યે અન્યથાસિદ્ધ સ્થાપન કર્યું. તેનું નિરાકરણ કરીને સ્થિતપક્ષે એ સ્થાપન કર્યું કે, મોક્ષ પ્રત્યે જ્ઞાન અને ક્રિયા બંને સમાન કારણ છે અને ક્રિયા દ્વારા જ્ઞાન મોક્ષ પ્રત્યે કારણ છે. ત્યાં કોઇને શંકા થાય કે, ચારિત્રની પ્રાપ્તિ ચારિત્રાવરણના ક્ષયથી જ થાય છે, જ્ઞાનથી નહિ. તેનું નિરાકરણ કરવા માટે સ્થિતપક્ષ કહે છે-

**ટીકા :- अथ चारित्रं चारित्रावरणक्षयादेव, न ज्ञानादिति चेत्? मैवं, प्रवृत्तिरूपचारित्रजनकचिकीर्षाया ज्ञानाधीनत्वात्, योगनिरोधस्यापि विशिष्टोपयोगसाध्यत्वाच्च।**

**ટીકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, ચારિત્ર ચારિત્રાવરણના ક્ષયથી જ થાય છે, જ્ઞાનથી નહિ. તેનો ઉત્તર આપતાં સ્થિતપક્ષ કહે છે કે, એમ ન કહેવું, કેમ કે પ્રવૃત્તિરૂપ ચારિત્રજનક ચિકીર્ષાનું જ્ઞાનાધીનપણું છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, યોગનિરોધ તો જ્ઞાનાધીન નથી; માટે જ્ઞાન સર્વસંવરરૂપ ચારિત્ર દ્વારા મોક્ષનું કારણ છે તેમ કહેવાશે નહિ. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'योगनिरोध'** યોગનિરોધનું પણ વિશિષ્ટ એવા (કેવલજ્ઞાનના) ઉપયોગથી સાધ્યપણું છે. (તેથી જ્ઞાન દ્વારા સર્વસંવરની પ્રાપ્તિ થાય છે.)

**ભાવાર્થ :-** ક્રિયાનયને એ કહેવું છે કે, ચારિત્ર ચારિત્રાવરણકર્મના ક્ષયથી થાય છે, જ્ઞાનથી નહિ. તેથી એ પ્રાપ્ત થાય કે, જ્ઞાન, ચારિત્ર દ્વારા મોક્ષનું કારણ છે માટે જ્ઞાન પણ પ્રધાન છે, એ પ્રમાણે સ્થિતપક્ષની માન્યતા છે તે સંગત થતી નથી. તેનો ઉત્તર આપતાં સ્થિતપક્ષ કહે છે કે એમ ન કહેવું, અને તેમાં **'प्रवृत्तिरूप'**થી હેતુ કહ્યો. તેનું તાત્પર્ય એ છે કે, જ્ઞાનને કારણે ચિકીર્ષા પેદા થાય છે અને તે ચિકીર્ષા પ્રવૃત્તિરૂપ ચારિત્રને પેદા કરે છે અને તેનાથી ચારિત્રાવરણકર્મનો ક્ષયોપશમાદિ થાય છે, તેથી પરિણતિરૂપ ચારિત્ર પ્રાપ્ત થાય છે; માટે ચારિત્રનો ઇચ્છુક જ્ઞાનમાં પ્રવૃત્તિ કરે છે. માટે જ્ઞાન ચારિત્ર દ્વારા મોક્ષ પ્રત્યે કારણ છે, તે સંગત જ છે.

અહીં પ્રશ્ન થાય કે, યોગનિરોધ તો જ્ઞાનાધીન નથી, માટે જ્ઞાન સર્વસંવરરૂપ ચારિત્ર દ્વારા મોક્ષનું કારણ છે તેમ કહેવાશે નહિ. તેથી સ્થિતપક્ષ બીજો હેતુ કહે છે કે, યોગનિરોધ પણ કેવલજ્ઞાનના વિશિષ્ટ ઉપયોગથી સાધ્ય હોવાથી, જ્ઞાન દ્વારા સર્વસંવરની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, તેરમા ગુણસ્થાનકમાં કેવલજ્ઞાન પ્રગટે છે, પરંતુ કેવલજ્ઞાન પ્રગટ્યા પછી બધા કેવલીઓને તરત જ યોગનિરોધની પ્રવૃત્તિ હોતી નથી, પણ આયુષ્યના અંતકાળમાં યોગનિરોધની પ્રવૃત્તિ કેવલીઓ કરે છે; તેથી પૂર્વના કેવલજ્ઞાનના ઉપયોગ કરતાં યોગનિરોધકાલમાં કેવલજ્ઞાનનો વિશિષ્ટ ઉપયોગ વર્તે છે, કે જે

ઉપયોગને કારણે યોગનો નિરોધ થાય છે. તેથી યોગનિરોધ પણ વિશિષ્ટ એવા કેવલજ્ઞાનના ઉપયોગથી થાય છે, માટે જ્ઞાન દ્વારા જ સર્વસંવરની પ્રાપ્તિ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સ્થિતપક્ષે જ્ઞાનને ક્રિયા દ્વારા મોક્ષજનક છે એમ સિદ્ધ કરીને, જ્ઞાન અને ક્રિયા ઉભયનું મોક્ષજનકપણું સ્થાપન કર્યું; અને **'अपि च'** થી જ્ઞાન અને ક્રિયા બંનેનું સાક્ષાત્ મોક્ષજનકપણું નયવિશેષથી બતાવતાં કહે છે-

**ટીકા :- अपि च, ऋजुसूत्रनयमतेऽपि केवलज्ञानमपि क्षणपरम्परापर्यवसन्नमेव, तत्र च शैलेशीचरमक्षणो ज्ञानचारित्रभावेन परस्परमुपश्लिष्टस्वभाव एव मोक्षजनक इति तत्क्षणत्वेन द्वयोर्जनकत्वं तुल्यमेव। न च तथाजनकतायामतिप्रसङ्गः, तत्क्षणपरिणतात्मनः तद्धेतुतया स्याद्वादप्रवेशेनाऽनतिप्रसङ्गात्। न च ज्ञाननिरूपितत्वचारित्रनिरूपितत्वलक्षणविरुद्धधर्माध्यासादेकस्य तत्क्षणस्य भेदप्रसङ्ग इति वाच्यम्, एकत्र ज्ञाने नीलपीतादिनानाज्ञेयाकाराणामिवान्यत्रापि युगपन्नानाधर्माणां समावेशस्याऽविरुद्धत्वादिति दिग्।**

**ટીકાર્થ :- 'अपि च'** અને વળી (ઋજુસૂત્રનયના મતે) કેવલજ્ઞાન પણ ક્ષણપરંપરા-પર્યવસન્ન જ છે, અને ત્યાં= ઋજુસૂત્રનયના મતમાં, જ્ઞાનચારિત્રભાવરૂપે પરસ્પર ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી જ શૈલેશીની ચરમક્ષણ મોક્ષજનક છે. એથી કરીને તત્ક્ષણત્વેન=ચરમક્ષણપણા વડે કરીને, ઋજુસૂત્રનયના મતમાં પણ, બંનેનું=જ્ઞાન-ચારિત્ર બંનેનું, મોક્ષજનકપણું તુલ્ય છે. અને તે પ્રકારની જનકતામાં અતિપ્રસંગ નથી, કેમ કે તત્ક્ષણપરિણત આત્માનું=જ્ઞાનચારિત્રભાવરૂપે પરસ્પર ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી ચરમક્ષણથી પરિણત આત્માનું, તદ્ધેતુપણાથી=મોક્ષહેતુપણાથી, સ્યાદ્વાદના પ્રવેશ વડે અતિપ્રસંગ નથી.

**ભાવાર્થ :-** ઋજુસૂત્રનય કેવલજ્ઞાનની પણ ક્ષણપરંપરા સ્વીકારે છે. તેથી તેરમા ગુણસ્થાનકમાં કેવલજ્ઞાન પ્રગટ્યા પછી કેવલજ્ઞાનની ક્ષણપરંપરા ચાલુ રહે છે, અને શૈલેશીની ચરમક્ષણમાં જેમ કેવલજ્ઞાનની ક્ષણપરંપરા ચાલુ છે, તેમ ચારિત્રની પણ ક્ષણપરંપરા ચાલુ રહે છે. તેથી જે જીવ શૈલેશીની ચરમક્ષણમાં આવે છે, તેની તે ચરમક્ષણ જ્ઞાન અને ચારિત્રના પરિણામરૂપે પરસ્પર ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી પ્રાપ્ત થાય છે. અને શૈલેશીની ચરમક્ષણ જ મોક્ષ પ્રત્યે કારણ છે, તેમ ઋજુસૂત્રનય માને છે, તેથી મોક્ષ પ્રત્યે યોગનિરોધની ચરમક્ષણ મોક્ષનું કારણ નથી, પરંતુ ચરમક્ષણપણાવડે કરીને શૈલેશીની ચરમક્ષણ મોક્ષ પ્રત્યે કારણ છે. અને તે ચરમક્ષણ જ્ઞાન અને ચારિત્ર ઉભયભાવથી ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી હોવાથી, મોક્ષ પ્રત્યે ઋજુસૂત્રનયના મતમાં પણ જ્ઞાન અને ચારિત્ર બેયનું જનકપણું સમાન જ છે. અર્થાત્ સ્થિતપક્ષના મત પ્રમાણે તો જ્ઞાન-ચારિત્રનું મોક્ષજનકપણું છે, પરંતુ ઋજુસૂત્રનયના મતમાં પણ જ્ઞાન અને ચારિત્ર બંનેનું મોક્ષજનકપણું સમાન જ છે.

અહીં કોઇ શંકા કરે કે, તે પ્રકારની જનકતા સ્વીકારવામાં ઋજુસૂત્રનયને અતિપ્રસંગ આવશે. તે આ પ્રમાણે -ઋજુસૂત્રનય અનુગત કોઇ દ્રવ્ય સ્વીકારતો નથી. તેથી કોઇ એક જીવની શૈલેશીની ચરમક્ષણ સ્વીકારીને તેમાં વર્તતા જ્ઞાનના પરિણામને અને તે જ વખતે કોઇ અન્ય જીવની શૈલેશીની ચરમક્ષણ સ્વીકારીને તેમાં વર્તતા

ચારિત્રના પરિણામને ગ્રહણ કરીને, તે ઉભયથી મોક્ષરૂપ કાર્ય પેદા થયું છે, તેમ માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય છે. કેમ કે જેમ કેવલજ્ઞાનની ક્ષણપરંપરા અને ચારિત્રની ક્ષણપરંપરા ઋજુસૂત્રનય સ્વીકારે છે, તેમ તે બેના આધારરૂપ કોઇ એક દ્રવ્યને તે સ્વીકારતો નથી. તેથી અન્ય જીવની જ્ઞાનક્ષણ અને અન્ય જીવની ચારિત્રક્ષણને ગ્રહણ કરીને, મોક્ષજનક માનવાનો અતિપ્રસંગ ઋજુસૂત્રનયને પ્રાપ્ત થાય. તેના નિવારણ માટે ગ્રંથકાર કહે છે કે, તત્ક્ષણપરિણત આત્માના તદ્ધેતુપણાથી અર્થાત્ મોક્ષહેતુપણાથી સ્યાદ્વાદનો પ્રવેશ થાય છે અને તેથી અતિપ્રસંગ નથી.

તાત્પર્ય એ છે કે, ચરમક્ષણપરિણત આત્મા મોક્ષનો હેતુ છે અને તેથી સ્યાદ્વાદનો પ્રવેશ થાય છે, અર્થાત્ ઋજુસૂત્રનયે ચરમક્ષણને મોક્ષજનક સ્વીકારી અને તે ચરમક્ષણને જ્ઞાન અને ચારિત્રભાવથી ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી સ્વીકારી, તેથી અતિપ્રસંગની પ્રાપ્તિ આવતી હતી, કેમ કે એકાંતવાદ ઉપર ચાલનાર ઋજુસૂત્રનય સર્વથા દ્રવ્યનો અપલાપ કરે છે, તેથી આધારભૂત દ્રવ્યોનો અસ્વીકાર થવાથી અતિપ્રસંગની પ્રાપ્તિ થઇ, પણ સ્યાદ્વાદીને તો જે ઋજુસૂત્રનય માન્ય છે તે એકાંતે માન્ય નથી, અને તેથી જ સ્યાદ્વાદને માન્ય ઋજુસૂત્રનય સમ્યગ્ ઋજુસૂત્રનય છે, અને તે સમ્યગ્ ઋજુસૂત્રનય દ્રવ્યનો સ્વીકાર ગૌણરૂપે કરે છે; અને તેથી જ તે સમ્યગ્ ઋજુસૂત્રનય નિત્યત્વથી સંવલિત એવા અનિત્યત્વનો જ સ્વીકાર કરે છે. તેથી અનિત્યત્વના સ્વીકારની કુક્ષિમાં ગૌણરૂપે નિત્ય એવો આત્મા અર્થથી પ્રાપ્ત થાય છે. અને સમ્યગ્ ઋજુસૂત્રનયને સામે રાખીને કહ્યું કે, ચરમક્ષણપરિણત એવો આત્મા જે નિત્યરૂપ છે, તે જ મોક્ષ પ્રત્યે હેતુ છે. અને ચરમક્ષણપરિણત એવા આત્માને હેતુરૂપે સ્વીકારવાથી સ્યાદ્વાદનો અહીં પ્રવેશ થાય છે, કેમ કે જેમ ઋજુસૂત્રનય ક્ષણિકવાદને સ્વીકારે છે, તેમ ગૌણરૂપે આત્માને પણ સ્વીકારે છે. આ રીતે સ્યાદ્વાદના પ્રવેશથી અતિપ્રસંગ પ્રાપ્ત થશે નહિ.

આનાથી એ ફલિત થયું કે, દરેક નયને એકાંતે સ્વમાન્યતા સ્વીકારવામાં જે દોષ પ્રાપ્ત થાય છે, તે સ્યાદ્વાદીને પ્રાપ્ત થતો નથી, કેમ કે સ્યાદ્વાદીને ગૌણરૂપે અન્ય નય પણ સ્વીકૃત છે. તેથી સ્યાદ્વાદી જ્યારે ઋજુસૂત્રનયથી વિચારતો હોય ત્યારે પણ, ગૌણરૂપે નિત્ય આત્માનો સ્વીકાર કરે છે. તેથી જ અતિપ્રસંગ પ્રાપ્ત થતો નથી.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે, જ્ઞાનચારિત્રભાવરૂપે પરસ્પર ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી ચરમક્ષણ મોક્ષજનક છે, તેથી એ પ્રાપ્ત થયું કે ચરમક્ષણમાં જ્ઞાનનિરૂપિતત્વ અને ચારિત્રનિરૂપિતત્વ છે. માટે વિરુદ્ધ ધર્માધ્યાસને કારણે એક એવી તે ક્ષણના ભેદનો પ્રસંગ આવશે. તેથી કહે છે -

**ટીકાર્થ :- 'न च'** જ્ઞાનનિરૂપિતત્વ અને ચારિત્રનિરૂપિતત્વરૂપ વિરુદ્ધ ધર્મના અધ્યાસને કારણે, એક એવી તે ક્ષણના ભેદનો પ્રસંગ આવશે એમ ન કહેવું, કેમ કે જ્ઞાનમાં નીલપીતાદિ નાના જ્ઞેયાકારોના એકત્ર સમાવેશની જેમ=એક કાલવર્તી જે જ્ઞાન છે, તેમાં એક ઠેકાણે નાના જ્ઞેયાકારોનો સમાવેશ થાય છે તેમ, અન્યત્ર પણ=ચરમક્ષણમાં પણ, યુગપદ્=એકીસાથે નાના ધર્મના સમાવેશનું અવિરુદ્ધપણું છે.

**ભાવાર્થ :- 'एकत्र ज्ञाने'** અહીં એકત્ર એટલા માટે કહેલ છે કે, કોઇ જીવના જ્ઞાનમાં પ્રથમ નીલાકાર પછી પીતાકાર એ પ્રમાણે ક્રમશઃ નાના જ્ઞેયકારોનો બોધ થાય છે, તે ભિન્ન ભિન્ન જ્ઞાનની સંતતિ છે. તેને અહીં ગ્રહણ

કરવાનું નથી; પરંતુ એક ક્ષણના જ્ઞાનમાં નીલપીતાદિ નાના જ્ઞેયાકારોનો એકત્ર સમાવેશ છે, અર્થાત્ વર્તમાન ક્ષણની જ્ઞાનપરિણતિમાં સમાવેશ છે, તેનું ગ્રહણ કરવાનું છે, જે ચિત્રરંગવાળા પટના જ્ઞાનમાં થાય છે.

**ઉત્થાન :-** આ રીતે સ્થિતપક્ષે જ્ઞાન-ક્રિયારૂપ સમુદાયને મોક્ષના કારણ તરીકે સ્થાપન કર્યું. તેથી એ પ્રાપ્ત થાય કે ફક્ત જ્ઞાન કે ફક્ત ક્રિયા મોક્ષનું કારણ નથી. ત્યાં '**ननु**'થી શંકા કરતાં કહે છે-

**ટીકા :- ननु ज्ञानक्रिययोः प्रत्येकं मुक्तिजनकशक्त्यभावात्समुदायेऽपि कथं तज्जननम्? उक्तं च- [ वि. भा. ११६३ ]**

[१] पत्तेयमभावाउ णिव्वाणं समुदियासु वि ण जुत्तं ।
नाणकिरियासु वोत्तुं सिकतासमुदायतेल्लं व ॥ **त्ति चेत्?**

**मैवं, प्रत्येकं देशोपकारिणः समुदायस्य सर्वोपकारकत्वात्। उक्तं च- [ वि. भा. ११६४ ]**

[२] वीसुं ण सव्वह च्चिय सिकयातेल्लं व साहणाभावो ।
देसोवगारिया जा सा समवायंमि संपुण्णा ॥ **त्ति** ।

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, પ્રત્યેક એવા જ્ઞાન-ક્રિયામાં મુક્તિજનક શક્તિનો અભાવ હોવાથી સમુદાયમાં પણ કેવી રીતે તજ્જનન=મુક્તિજનન થઇ શકે? અર્થાત્ ન થઇ શકે.
'**उक्तं च**'થી તેમાં વિશેષાવશ્યકની સાક્ષી આપે છે-
'**पत्तेय**' - પ્રત્યેકમાં અર્થાત્ પ્રત્યેક એવા જ્ઞાન-ક્રિયામાં અભાવ હોવાથી, સમુદિત એવા જ્ઞાન-ક્રિયામાં પણ નિર્વાણ યુક્ત નથી, સિક્તાસમુદાયમાં તેલની જેમ.

**ભાવાર્થ :-** જેમ પ્રત્યેક રેતીના કણમાં તેલ નથી, તો રેતીના સમુદાયમાં તેલ હોતું નથી, તેમ પ્રત્યેક એવા જ્ઞાન અને ક્રિયામાં મુક્તિજનનશક્તિનો અભાવ છે, તો તેના સમુદાયમાં કેવી રીતે મુક્તિજનનશક્તિ હોઇ શકે? અર્થાત્ ન હોઇ શકે. એ પ્રમાણે પૂર્વપક્ષીનો કહેવાનો ભાવ છે.

**ટીકાર્થ :-** '**मैवं**' - **मैवं**થી ગ્રંથકાર કહે છે કે તે પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે-
'**प्रत्येकं**' - પ્રત્યેક એવા દેશોપકારીના સમુદાયનું સર્વઉપકારકપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પ્રત્યેક દંડ, ચક્ર, ચીવર, કુલાલ વગેરે દેશોપકારી છે અને તેનો સમુદાય સર્વોપકાર કરે છે અર્થાત્ ઘટરૂપ કાર્ય કરે છે. તે પ્રમાણે પ્રત્યેક એવા જ્ઞાન-ક્રિયામાં દેશોપકારિતા છે, તેથી તેનો સમુદાય સર્વોપકાર કરે છે, અર્થાત્ મોક્ષરૂપ કાર્ય કરે છે.

---

१. प्रत्येकमभावान्निर्वाणं समुदितयोरपि न युक्तम् । ज्ञानक्रिययोर्वक्तुं सिकतासमुदायतैलमिव ॥
२. विष्वक् न सर्वथैव सिकतातैलमिव साधनाभावः । देशोपकारिता या सा समवाये संपूर्णा ॥

**ટીકાર્થ :-** '**उक्तं च**' - અને કહ્યું છે-

'**वीसुं ण**' - સિક્તાતેલની જેમ પ્રત્યેક એવા જ્ઞાન-ક્રિયામાં સર્વથા જ સાધનઅભાવ=કારણનો અભાવ, નથી. (જ્ઞાન-ક્રિયા પ્રત્યેકમાં) જે દેશોપકારિતા છે, તે સમવાયમાં સંપૂર્ણ છે.

❀ પ્રસ્તુતમાં સિક્તાતેલની જેમ, એ દૃષ્ટાંત વ્યતિરેક દૃષ્ટાંત સમજવું. અર્થાત્ સિક્તાકણોમાં જેમ સર્વથા તેલનો અભાવ છે, તેમ જ્ઞાન અને ક્રિયામાં મોક્ષસાધનતાનો સર્વથા અભાવ નથી; પરંતુ પૃથક્ એવા જ્ઞાન અને ક્રિયામાં દેશોપકારિતા છે. તેથી બેના સમુદાયથી મોક્ષરૂપ કાર્ય થાય છે.

**ટીકા :- ननु केयं देशोपकारिता? किं सूक्ष्मकार्यजनकता उत तदभिव्यञ्जकता आहोस्वित् सामग्र्येकदेशत्वं? नाद्यः, दण्डचक्रादेरपि प्रत्येकं सूक्ष्मघटजननप्रसङ्गात्। न द्वितीयो, अलब्धात्मलाभस्य तस्याऽभिव्यक्त्यसंभवात्, सति वस्तुनि ज्ञानजननयोग्यं ह्यभिव्यञ्जकमुच्यते प्रदीपादिवदिति। न च दण्डादिना प्रत्येकमभिव्यज्यमानमपि सूक्ष्मं घटमीक्षामहे। अलक्षणीयतत्सूक्ष्मतायां चाभिव्यक्तिवचो-विरोधोऽतिप्रसङ्गश्च। तृतीये तु सामग्र्येकदेशत्वमपि तज्जनकत्वपर्यवसन्नं न प्रत्येकमितरत्तु दुर्वचमिति चेत्? न, सहकारिवैकल्यप्रयुक्तकार्याभाववत्त्वरूपाया एव देशोपकारितायाः सार्वत्रिक्याः प्रत्येकमभि-धित्सितत्वात्, क्वचित्तु तिलादिषु प्रत्येकं तैलादिकं प्रति देशोपकारिता सूक्ष्मतदुपधानरूपा तत् कार्यमहत्त्वस्य कारणमहत्त्वाधीनत्वात्, क्वचित्तु भ्रमिघ्राण्याद्यतिशयितसमूहरूपमदकार्यं प्रति गुडद्राक्षेक्षुरसादिषु तदवयवजनकत्वरूपा सा, तदुक्तं-** "[१] भमिघणिवितण्हयाई पत्तेयं पि हु जहा मयंगेसु" **त्ति।**

**ટીકાર્થ :-** '**ननु**'થી પૂર્વપક્ષી કહે છે કે, આ દેશોપકારિતા શું છે? (અર્થાત્ દેશોપકારિતા કોઈ પદાર્થરૂપ નથી.) (૧) શું સૂક્ષ્મકાર્યજનકતા છે? (૨) અથવા શું તદભિવ્યંજકતા છે? (૩) અથવા શું સામગ્રીએકદેશપણું છે?

આ ત્રણ વિકલ્પોમાંથી આદ્યપક્ષ અર્થાત્ સૂક્ષ્મકાર્યજનકતારૂપ દેશોપકારિતા માની શકાય તેમ નથી, કેમ કે તેમ માનવામાં પ્રત્યેક એવા દંડ-ચક્રાદિનું પણ સૂક્ષ્મ-ઘટ-જનનનો પ્રસંગ આવે છે.

બીજો પક્ષ અર્થાત્ તદભિવ્યંજકતારૂપ દેશોપકારિતા પણ માની શકાય તેમ નથી, કેમ કે અલબ્ધ આત્મસ્વરૂપવાળા તેની અર્થાત્ ઘટની અભિવ્યક્તિનો અસંભવ છે. અર્થાત્ જ્યાં સુધી ઘટાદિ કાર્યે પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું નથી, ત્યાં સુધી દંડાદિ તે ઘટાદિની અભિવ્યક્તિ કઇ રીતે કરી શકે?

જે કારણથી વસ્તુ હોતે છતે જ્ઞાનજનનયોગ્ય અભિવ્યંજક કહેવાય છે, પ્રદીપની જેમ, અને પ્રત્યેક એવા દંડાદિથી અભિવ્યજ્યમાન અર્થાત્ અભિવ્યક્ત થતો એવો સૂક્ષ્મ ઘડો અમે જોતા નથી.

**ઉત્થાન :-** અહીં કોઇ શંકા કરે કે, દંડાદિથી સૂક્ષ્મ ઘટ અભિવ્યક્ત થાય છે, પરંતુ તે સૂક્ષ્મતા અલક્ષણીય છે. તેથી કહે છે-

---

૧. भमिघणिवितण्हयाई पत्तेयं पि हु जहा मयंगेसु। तह जइ भूएसु भवे चेया तो समुदये होज्जा॥ (वि.भा.१६५३)

भ्रमिघ्राणिवितृष्णादयः प्रत्येकमपि खलु यथा मदङ्गेषु। तथा यदि भूतेषु भवेच्चेतना ततः समुदये भवेत्॥

**'अलक्षणीय'** - અલક્ષણીય એવી તત્સૂક્ષ્મતામાં અર્થાત્ ઘટની સૂક્ષ્મતામાં, અભિવ્યક્તિ વચનનો વિરોધ આવશે અને અતિપ્રસંગ આવશે.

**'तृतीये तु'** - વળી ત્રીજી દેશોપકારિતા જે સામગ્રીએકદેશત્વરૂપ છે તે વિકલ્પમાં સામગ્રીનું એકદેશપણું પણ તજ્જનકત્વમાં પર્યવસાન પામતું પ્રત્યેક નથી.

**'इतरत्तु'** - વળી આ ત્રણ વિકલ્પોથી ઇતર કોઇ વિકલ્પ દુર્વચ છે. આ પ્રમાણે **'ननु'**થી પૂર્વપક્ષીએ જે કહ્યું, તેનો ઉત્તર ગ્રંથકાર આપે છે કે, તારી વાત બરાબર નથી. તેમાં હેતુ કહે છે-

**'सहकारि'** - સહકારીવૈકલ્યપ્રયુક્ત-કાર્યાભાવવત્ત્વસ્વરૂપ જ સાર્વત્રિક-દેશોપકારિતાનું પ્રત્યેકમાં અભિધિત્સિત્પણું છે, અર્થાત્ પ્રત્યેક કાર્યના પ્રત્યેક કારણમાં આવી દેશોપકારિતા કથિત છે; માટે પૂર્વપક્ષીની વાત બરોબર નથી. એ પ્રમાણે અન્યવ છે.

**'क्वचित्तु'** - વળી ક્યારેક પ્રત્યેક એવા તિલાદિમાં તિલાદિ પ્રતિ સૂક્ષ્મતદુપધાનરૂપ દેશોપકારિતા છે, કેમ કે તેના કાર્યમહત્ત્વનું કારણમહત્ત્વને આધીનપણું છે.

**'क्वचित्तु'** - વળી ક્યારેક ભ્રમિ-ઘ્રાણિ આદિ અતિશયિત સમૂહરૂપ મદકાર્ય પ્રતિ ગુડ, દ્રાક્ષા અને ઇક્ષુરસાદિમાં તદવયવજનકરૂપ તે=દેશોપકારિતા, છે.

**'तदुक्तं'** - તે કહ્યું છે -

**'भमिघणि'** - જે પ્રકારે ભ્રમિ, ઘ્રાણિ અને વિતૃષ્ણાદિ પ્રત્યેક પણ મદના અંગોમાં છે, તેમ જો (પૃથ્વી આદિ) ભૂતોમાં ચેતના હોય, તો જ એના સમુદાયમાં ચેતના હોઇ શકે. આ વિશેષાવશ્યક સાક્ષીગાથાના પૂર્વાર્દ્ધનું જ ફક્ત પ્રસ્તુતમાં પ્રયોજન છે. ઉત્તરાર્દ્ધ તો ત્યાં નાસ્તિકમતના નિરાકરણ માટે, પાંચ ભૂતથી અતિરિક્ત આત્મા છે, તે સિદ્ધ કરવા માટે છે. તેમાં **'भ्रमिघ्राणि'** દૃષ્ટાંત તરીકે કહેલ છે.

**ભાવાર્થ :- 'ननु केयं देशोपकारिता?'** આ દેશોપકારિતા શું છે? એમ કહીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે, દેશોપકારિતા જે ત્રણ વિકલ્પોથી બતાવી તે ત્રણે વિકલ્પોથી ઘટતી નથી અને ચોથો કોઇ વિકલ્પ નથી. માટે દેશોપકારિતાના સમુદાયનું સર્વોપકારકપણું છે અને તેના દ્વારા પ્રત્યેક એવા જ્ઞાન-ક્રિયામાં દેશોપકારિતા હોવાથી, તેના સમુદાયમાં સર્વોપકારકપણું અર્થાત્ મોક્ષરૂપ કાર્ય કરવાપણું છે, તે ઘટી શકતું નથી. તેમાં પૂર્વપક્ષી પ્રથમ સૂક્ષ્મકાર્યજનકતારૂપ દેશોપકારિતા છે તે સંગત નથી, તે બતાવે છે; અને કહે છે કે, સૂક્ષ્મકાર્યજનકતારૂપ દેશોપકારિતા સ્વીકારીએ તો, પ્રત્યેક એવા દંડ-ચક્રાદિથી પણ સૂક્ષ્મ ઘટ પેદા થાય છે તેમ માનવું પડે, જે સંગત નથી. તેથી પ્રત્યેક એવા દંડ-ચક્રાદિમાં સૂક્ષ્મકાર્યજનકતારૂપ દેશોપકારિતા નથી, તેમ પ્રસ્તુતમાં જ્ઞાન-ક્રિયા પ્રત્યેકમાં સૂક્ષ્મકાર્યજનકત્વરૂપ દેશોપકારિતા માની શકાય નહિ.

બીજો વિકલ્પ તદભિવ્યંજકતારૂપ છે=સૂક્ષ્મકાર્ય-અભિવ્યંજકતારૂપ છે, અને તે પણ બરાબર નથી. તે બતાવતાં કહે છે કે, જે ઘટાદિ કાર્યો હજુ પ્રગટ થયાં નથી તેને પ્રત્યેક એવા દંડાદિ અભિવ્યક્ત કરે છે, તેમ કહી શકાય નહિ. કેમ કે વસ્તુ વિદ્યમાન હોય તેને જ્ઞાનજનનયોગ્ય બતાવવું તે અભિવ્યંજક પદાર્થ છે, જેમ વિદ્યમાન ઘટને પ્રદીપ અભિવ્યક્ત કરે છે; પરંતુ જે ઘટ હજુ પ્રગટ થયો નથી તેવા ઘટને, દંડ-ચક્રાદિમાંથી કોઇ એક, તેનો સૂક્ષ્મ અભિવ્યંજક છે, તેમ સ્વીકારી શકાય નહિ. અને તે જ બતાવે છે કે, દંડાદિ પ્રત્યેક દ્વારા અભિવ્યક્ત થતો સૂક્ષ્મ ઘટ અમે ક્યાંય જોયો નથી.

**'अलक्षणीय'**- અલક્ષણીય એવી ઘટની સૂક્ષ્મતામાં અભિવ્યક્તિ વચનનો વિરોધ આવશે અને અતિપ્રસંગ આવશે, તેમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, અલક્ષણીય એવો સૂક્ષ્મ ઘટ છે તેમ કહો છો અને દંડાદિથી અભિવ્યજ્યમાન કહો છો, એ કથન પરસ્પર વિરુદ્ધ છે; કેમ કે અભિવ્યજ્યમાન એટલે લક્ષણીય, પણ નહિ કે અલક્ષણીય કહી શકાય. અને જો દંડાદિ વડે અલક્ષણીય સૂક્ષ્મ ઘટ અભિવ્યક્ત થાય છે તેમ સ્વીકારી લઈએ, તો પણ દંડાદિ વડે અલક્ષણીય સૂક્ષ્મ પટાદિ કાર્યો અભિવ્યક્ત થાય તેમ માનવાનો અતિપ્રસંગ આવે, કેમ કે જેમ પટાદિ ત્યાં દેખાતા નથી તેમ ઘટાદિ પણ ત્યાં દેખાતા નથી. છતાં દંડાદિ વડે અલક્ષણીય સૂક્ષ્મ ઘટ અભિવ્યક્ત થાય છે તેમ કહો, તો દંડાદિ વડે અલક્ષણીય સૂક્ષ્મ પટાદિ કાર્યો પણ અભિવ્યક્ત થાય, એમ કહેવામાં કોઈ નિષેધ થઈ શકે નહીં. માટે દંડાદિથી સૂક્ષ્મ ઘટ અભિવ્યક્ત થતો નથી. તે રીતે પ્રસ્તુતમાં જ્ઞાન-ક્રિયા પ્રત્યેકમાં સૂક્ષ્મકાર્યઅભિવ્યંજકત્વરૂપ દેશોપકારિતા માની શકાય નહિ.

વળી ત્રીજા વિકલ્પમાં સામગ્રીનું એકદેશપણું તજ્જનકત્વમાં પર્યવસાન પામે છે તેમ કહ્યું. તેનું તાત્પર્ય એ છે કે, જ્ઞાન અને ક્રિયા ઉભય મોક્ષના જનક છે, પરંતુ બંને જ્યારે સાથે વિદ્યમાન હોય ત્યારે મોક્ષની સામગ્રી બને છે. કેમ કે તે બંને જ્યારે સાથે હોય ત્યારે બંનેમાં સામગ્રીએકદેશત્વ છે, તેથી તે સામગ્રીનું એકદેશત્વ મોક્ષજનકત્વમાં જ પર્યવસાન પામે છે. પરંતુ જ્ઞાન-ક્રિયા જ્યારે પ્રત્યેક હોય, ત્યારે પ્રત્યેકમાં સામગ્રીએકદેશત્વ નથી; કેમ કે મોક્ષરૂપ કાર્યનું જનકત્વ ત્યાં વર્તતું નથી. જેમ સ્કંધનો એક દેશ સ્કંધની સાથે વર્તતા પરમાણુને કહેવામાં આવે છે, પરંતુ સ્કંધથી પૃથક્ભૂત એવા પરમાણુને સ્કંધનો દેશ કહેવાતો નથી; તેમ એકલો દંડ હોય તો તે ઘટજનન કોઈ વ્યાપારવાળો નથી, પરંતુ ઘટની બધી સામગ્રી ભેગી થાય ત્યારે જ દંડમાં સામગ્રીએકદેશત્વ હોય છે, અને તે વખતે દંડમાં પણ ઘટજનકત્વનો ભાવ ઘટજનનને અનુકૂલ વર્તતો હોય છે. આનાથી એ ફલિત થયું કે, જ્યારે જ્ઞાન અને ક્રિયા બંને સાથે વિદ્યમાન છે, ત્યારે તેમાં સામગ્રીએકદેશત્વ છે અને તે મોક્ષજનકત્વમાં પર્યવસાન પામે છે અને એકલું જ્ઞાન કે એકલી ક્રિયા હોય તેમાં સામગ્રીએકદેશત્વ નથી, માટે ત્યાં દેશોપકારિતા ઘટી શકે નહિ.

આ રીતે આ ત્રણ પ્રકારની દેશોપકારિતા સંગત નથી, એમ પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું; તેનું નિરાકરણ કરતાં **'न'** થી ત્રણ પ્રકારની દેશોપકારિતા કઈ રીતે સંગત છે, તે બતાવતાં ગ્રંથકાર કહે છે-

અહીં સહકારીવૈકલ્યપ્રયુક્ત-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા કહી. તે ત્રણ પ્રકારની છે.

(૧) સહકારીવૈકલ્યપ્રયુક્ત-સર્વથા-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા

(૨) સૂક્ષ્મતદુપધાનરૂપ દેશોપકારિતા, તે સૂક્ષ્મતદુપધાનરૂપ હોવા છતાં, સહકારીવૈકલ્યપ્રયુક્ત-મહત્ત્વસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ છે.

(૩) તદવયવજનકરૂપ દેશોપકારિતા, તે તદવયવજનકરૂપ હોવા છતાં સહકારીવૈકલ્યપ્રયુક્ત-સમુદાયસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ છે.

(૧) દંડમાં સહકારી-વૈકલ્ય-પ્રયુક્ત કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા છે, એ સર્વથા-કાર્યાભાવવત્ત્વરૂપ છે. એ જ રીતે ચક્ર, કુલાલ વગેરે તથા પટની સામગ્રી તંતુ, વણકર વગેરે પ્રત્યેકમાં, સર્વથા-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા છે.

અહીં વિશેષ એ છે કે, ઘટની સામગ્રીભૂત દંડાદિમાં જે કાર્યાભાવવત્ત્વ છે, તે સહકારીવૈકલ્યપ્રયુક્ત-

કાર્યાભાવવત્ત્વરૂપ છે. તેથી દંડાદિમાં દેશોપકારિતા છે, પરંતુ તંતુમાં જે ઘટરૂપ કાર્યાભાવવત્ત્વ છે, તે સહકારીવૈકલ્યપ્રયુક્ત નથી. કેમ કે તંતુને દંડાદિ ઘટની સામગ્રી મળે તો પણ ઘટરૂપ કાર્ય થાય નહિ. તેથી ઘટરૂપ કાર્યની દેશોપકારિતા, તંતુ વગેરેમાં નથી. યદ્યપિ કાર્યાભાવ સમવાયસંબંધથી તેના ઉપાદાનમાં હોય છે, તો પણ 'સ્વજનકતાસંબંધથી' દંડાદિ કારણોમાં પણ કાર્યાભાવ હોય છે. તેથી ત્યાં સહકારીવૈકલ્યપ્રયુક્ત-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા કહેલી છે.

(૨) તલના પ્રત્યેક દાણામાં સૂક્ષ્મતદુપધાનરૂપ કાર્ય છે અર્થાત્ સૂક્ષ્મ તેલ વિદ્યમાન છે, છતાં સહકારીવૈકલ્યપ્રયુક્ત મહત્ત્વસ્વરૂપ કાર્યાભાવવત્ત્વરૂપ તે દેશોપકારિતા છે.

અહીં વિશેષ એ છે કે, આ બીજા પ્રકારની કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા તલના પ્રત્યેક દાણામાં હોય છે, જેમ પ્રત્યેક તલમાં અંશથી તેલ હોય છે અને તલના સમુદાયમાં તે તેલરૂપ કાર્ય અતિશયિત હોય છે. વળી આ બીજા પ્રકારની દેશોપકારિતા સર્વથા-કાર્યાભાવવત્ત્વરૂપ નથી, પરંતુ સૂક્ષ્મ કાર્ય ઉપધાનરૂપ હોવા છતાં, મહત્ત્વરૂપ કાર્યાભાવવત્ત્વરૂપ છે. અર્થાત્ સૂક્ષ્મ રીતે તેલરૂપ કાર્ય પ્રત્યેક તલમાં વિદ્યમાન છે, અને તેનું કાર્યમહત્ત્વ કારણમહત્ત્વને આધીન છે; અર્થાત્ ઘણા તલના સમુદાયમાંથી ઘણું તેલ નીકળે છે, તેથી પ્રત્યેક તલના દાણામાં સૂક્ષ્મતદુપધાનરૂપ દેશોપકારિતા છે, તે સહકારીવૈકલ્યપ્રયુક્ત-મહત્ત્વસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા છે.

(૩) મદના અવયવો મહુડાના ફૂલો, ગોળ-દ્રાક્ષાદિ, પાણીમાં અવયવજનકરૂપ કાર્ય છે. અર્થાત્ પ્રત્યેક અવયવનું કાર્ય ત્યાં દેખાય છે, છતાં સહકારીવૈકલ્યપ્રયુક્ત-સમુદાયરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ તે દેશોપકારિતા છે.

અહીં વિશેષ એ છે કે, આ ત્રીજા પ્રકારની કાર્યાભાવવત્ત્વરૂપ-દેશોપકારિતા તદ્અવયવજનકત્વરૂપ હોવા છતાં, સમુદાયસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ છે. જેમ મહુડાના ફૂલો ચિત્તભ્રામક શક્તિના કારણભૂત છે, પ્રાણિ અર્થાત્ તૃપ્તિજનક શક્તિ ગોળ દ્રાક્ષાદિમાં છે અને વિતૃષ્ણાકરણશક્તિ અર્થાત્ તૃષા રહિત કરવાની શક્તિ પાણીમાં છે. તે દરેક અંગ પોતપોતાના સ્વતંત્ર કાર્યને પૃથક્રૂપે પેદા કરે છે અને બધા ભેગા વર્તે છે ત્યારે, તે તે અવયવથી જન્ય સમૂહાત્મક કાર્ય પેદા થાય છે. તેથી મદના પ્રત્યેક અંગમાં તદવયવજનકરૂપ દેશોપકારિતા છે, તે સહકારીવૈકલ્યપ્રયુક્ત-સમુદાયસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા છે.

**ટીકા :- एतेन तस्यास्तदानीं तैरुत्पाद्यत्वेनास्वीकारात् मृत्पिंडदंडकुलालादिसामग्र्या घटवदिति दृष्टान्तः कार्यमात्रतायां द्रष्टव्यो, न तु प्रत्येकाऽजनककारणकार्यतायां, उक्तभाषाविरोधप्रसङ्गादित्यवधेयम्।**

❀ '**एतेन**' નો અન્વય '**इति अवधेयम्**' ની સાથે છે.

**ટીકાર્થ :-** આનાથી, અર્થાત્ પૂર્વમાં સહકારીવૈકલ્યપ્રયુક્ત-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા સર્વત્ર કહી છે અને તેનું જ વિશેષ રીતે ત્રણ પ્રકારનું કથન કર્યું. આનાથી, આ પ્રમાણે જાણવું.
અને તે જ બતાવે છે-

**'तस्याः'** - તેનાથી અર્થાત્ દેશોપકારિતાથી **तदानीं**=તે વખતે, **तैः**=આચાર્ય વડે, ઉત્પાદ્યપણા વડે (કાર્યનો) અસ્વીકાર હોવાથી મૃત્પિંડ, દંડ, કુલાલાદિ સામગ્રી દ્વારા ઘટની જેમ, એ પ્રમાણે દૃષ્ટાંત કાર્યમાત્રમાં જાણવું, પરંતુ પ્રત્યેક અજનક છે કારણ જેને, એવી કાર્યતામાં દૃષ્ટાંત ન સમજવું. કેમ કે ઉક્ત ભાષાના વિરોધનો પ્રસંગ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, વિશેષાવશ્યકભાષ્યમાં આચાર્ય વડે, (આ દેશોપકારિતા) જ્યારે સામગ્રી એકઠી ન હોય અને સહકારીનું વૈકલ્ય હોય ત્યારે, તે દેશોપકારિતાથી કાર્ય ઉત્પન્ન થતું નથી, માટે કાર્યના ઉત્પાદ્યપણા વડે તે દેશોપકારિતાને સ્વીકારેલ નથી. યદ્યપિ તે વખતે સૂક્ષ્મતદુપધાનરૂપ કાર્ય કે અવયવજનકરૂપ કાર્ય કોઇ ઠેકાણે દેખાય છે, છતાં ત્યાં મહત્ત્વસ્વરૂપ કે સમુદાયસ્વરૂપ કાર્ય વિવક્ષિત છે, તે કાર્ય નહીં હોવાના કારણે, કાર્યના ઉત્પાદ્યપણા વડે તે દેશોપકારિતાને સ્વીકારતા નથી. તેથી દંડ, મૃત્પિંડ, કુલાલાદિ સામગ્રી વડે ઘટની જેમ, એ દૃષ્ટાંત વિશેષાવશ્યકમાં આપેલ છે, તે કાર્યસામાન્યમાં જાણવું. અર્થાત્ સૂક્ષ્મતદુપધાનરૂપ કાર્યમાં કે અવયવજનકરૂપ કાર્યમાં ન જાણવું, પરંતુ અપેક્ષિત મુખ્ય કાર્ય જે છે, તે કાર્યસામાન્યમાં જાણવું; પણ નહીં કે પ્રત્યેક અજનક છે કારણ જેને, એવી કાર્યતામાં. અર્થાત્ દંડાદિ પ્રત્યેક, ઘટરૂપ કાર્યને પેદા કરતાં નથી, પરંતુ સામગ્રી એકઠી થાય છે ત્યારે કાર્યને પેદા કરે છે; તેથી પ્રત્યેક અજનક છે કારણ જેને એવી કાર્યતામાં, દૃષ્ટાંતને સ્વીકારીએ તો ઉપરમાં જે પરિભાષા કરી તેનો વિરોધ આવે છે. તે વિરોધ આ રીતે છે-

ઉપરમાં જે પરિભાષા કરી તે પરિભાષા એ છે કે, સહકારીવૈકલ્યપ્રયુક્ત-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા ત્રણ રીતે બતાવી.

(૧) સર્વથાકાર્યાભાવવત્ત્વરૂપ (૨) સૂક્ષ્મતદુપધાનરૂપ (૩)તદવયવજનકરૂપ

હવે અહીં **'मृत्पिण्डदंडकुलालादिसामग्र्या घटवद्'** એ દૃષ્ટાંત પ્રત્યેક અજનક-કારણકાર્યતામાં લઇએ તો, દંડાદિમાં દેશોપકારિતા ઘટે, બાકી તેલાદિમાં કે મદના અંગોમાં દેશોપકારિતા ન ઘટે; કેમ કે તે પ્રત્યેક સૂક્ષ્મતદુપધાનરૂપ કાર્ય કે તદવયવજનકરૂપ કાર્ય કરે છે. તેથી વિવક્ષિત કાર્યમાત્રતામાં આ દૃષ્ટાંત લેવાથી, દંડાદિમાં સર્વથા-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા, તેલાદિમાં વિવક્ષિત મહત્ત્વસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા અને મદના અંગોમાં વિવક્ષિત સમુદાયસ્વરૂપ-કાર્યાભાવવત્ત્વરૂપ દેશોપકારિતા ઘટે છે. આ રીતે વિશેષાવશ્યકમાં કહેલ દૃષ્ટાંત, કાર્યમાત્રતામાં ઘટાવવાથી પૂ.ઉપાધ્યાયજી મહારાજે કરેલ ઉક્ત પરિભાષાનો વિરોધ આવતો નથી.

**ટીકા :- ज्ञानचारित्रयोश्च कृत्स्नकर्मक्षयलक्षणं मोक्षरूपकार्यं प्रति निर्ज्जरारूपदेशकर्मक्षयजनकत्वं देशोपकारित्वं प्रत्येकमविशिष्टमिति प्रतिभाति॥५८॥**

**ટીકાર્થ :- 'ज्ञान'** અને જ્ઞાન-ચારિત્રના કૃત્સ્નકર્મક્ષયલક્ષણ મોક્ષરૂપ કાર્ય પ્રતિ, નિર્જરારૂપ દેશકર્મક્ષયજનકત્વરૂપ દેશોપકારીપણું, પ્રત્યેક એવા જ્ઞાન અને ક્રિયામાં અવિશિષ્ટ છે; એ પ્રમાણે પ્રતિભાસે છે.

**ભાવાર્થ :-** પ્રસ્તુતમાં જ્ઞાન અને ચારિત્રમાં તદવયવજનકરૂપ દેશોપકારિતા ઘટે છે. જેમ મદના પ્રત્યેક અંગો

મહુડાના ફૂલો, ગોળ, દ્રાક્ષાદિ વગેરે પ્રત્યેકનું કાર્ય કરે છે અને મદિરાથી સમુદાયનું કાર્ય થાય છે, તે પ્રમાણે જ્ઞાન સ્વસાધ્ય નિર્જરા કરે છે અને ચારિત્ર સ્વસાધ્ય નિર્જરા કરે છે; જ્યારે સમુદિત એવા જ્ઞાન અને ક્રિયા કૃત્સ્નકર્મક્ષયલક્ષણ મોક્ષરૂપ કાર્ય કરે છે. તેથી જ્ઞાન અને ક્રિયા પ્રત્યેકમાં દેશોપકારિતા અવિશિષ્ટ છે; એ પ્રમાણે પ્રતિભાસે છે, તેમ ઉપાધ્યાયજી મહારાજ કહે છે.

## -: સ્થિતપક્ષના કથનનો સારાંશ :-

**'अत्रायं स्थितपक्षः' .....**

સ્થિતપક્ષે જે કહ્યું, તેનું સંક્ષિપ્ત કથન આ પ્રમાણે છે -

સૌ પ્રથમ સ્થિતપક્ષે કહ્યું કે, મોક્ષરૂપ કાર્ય પ્રત્યે અવિનાભાવિ અને અનંતરભાવિ એવા જ્ઞાન અને ચારિત્ર બંનેનું જ અવિશેષ હોવાથી તુલ્યપણું છે. ત્યારપછી સ્થિતપક્ષે જ્ઞાનનયને શિક્ષા આપી. ત્યાર પછી ક્રિયાનયને શિક્ષા આપી. ત્યારપછી ક્રિયાવાદી જ્ઞાનને અન્યથાસિદ્ધ કહે છે, તેને સ્થિતપક્ષે કહ્યું કે, **'नाणकिरियाहिं मोक्खो'** આ વચનથી જ્ઞાન અને ક્રિયા બંને મોક્ષ પ્રત્યે સમાન કારણ છે અને પારંપર પ્રસિદ્ધિથી પણ જ્ઞાન, ક્રિયા દ્વારા મોક્ષજનક છે. ત્યારપછી ક્રિયાનયવાદી કહે છે કે, ચારિત્ર, ચારિત્રાવરણકર્મના ક્ષયથી થાય છે, જ્ઞાનથી નહિ; તેથી ચારિત્ર જ પ્રધાન છે. તેનો ઉત્તર સ્થિતપક્ષે આપ્યો કે, પ્રવૃત્તિરૂપ ચારિત્રજનક ચિકીર્ષાનું જ્ઞાનાધીનપણું છે અને યોગનિરોધનું વિશિષ્ટઉપયોગસાધ્યપણું છે માટે જ્ઞાન પણ પ્રધાન છે.

આ રીતે સમુદિત એવા જ્ઞાન-ક્રિયા મોક્ષ પ્રત્યે કારણ છે તેમ સ્થાપન કર્યા પછી, સ્થિતપક્ષે વ્યવહારનયનું અવલંબન લઈને આત્માના પરિણામરૂપ જ્ઞાન-ક્રિયાને સ્વીકારીને મોક્ષની કારણતા બતાવી અને ઋજુસૂત્રનયનું અવલંબન લઈને જ્ઞાન-ક્રિયા ઉપશ્લિષ્ટ સ્વભાવવાળી શૈલેશીની ચરમક્ષણને મોક્ષના કારણરૂપે બતાવી.

ત્યારપછી પૂર્વપક્ષીએ કહ્યું કે, પ્રત્યેક એવા જ્ઞાન અને ક્રિયામાં મુક્તિજનનશક્તિનો અભાવ હોવાથી, સમુદાયમાં પણ મુક્તિજનન કેવી રીતે ઘટશે? તેનો ઉત્તર આપ્યો કે, પ્રત્યેક એવા દેશોપકારિતાના સમુદાયનું સર્વોપકારકપણું છે.

ત્યારપછી પૂર્વપક્ષીએ કહ્યું કે, દેશોપકારિતા શું છે? અર્થાત્ ત્રણ વિકલ્પો બતાવીને કહ્યું કે તેનાથી દેશોપકારિતા ઘટી શકતી નથી અને ચોથો વિકલ્પ દુર્વચ છે, તેથી દેશોપકારિતા કોઈ પદાર્થ નથી કે જેનાથી પ્રત્યેક એવા દેશોપકારી જ્ઞાન-ક્રિયાનું સર્વોપકારકપણું અર્થાત્ મોક્ષપ્રાપ્તિ પ્રત્યે સાધનપણું ઘટી શકે. તે પૂર્વપક્ષીના કથન સામે દેશોપકારિતા પદાર્થ શું છે તે ગ્રંથકારે બતાવ્યું, અને તેના દ્વારા પ્રસ્તુતમાં કૃત્સ્નકર્મક્ષયલક્ષણ મોક્ષરૂપ કાર્ય પ્રત્યે, જ્ઞાન અને ચારિત્ર બંનેમાં સ્વસાધ્ય નિર્જરારૂપ દેશકર્મક્ષયજનકપણું છે, અર્થાત્ તદવયવજનકરૂપ દેશોપકારિતા જ્ઞાન અને ચારિત્ર બંનેમાં સમાન છે અને પ્રત્યેક એવા દેશોપકારીના સમુદાયનું સર્વોપકારકપણું છે; તે સિદ્ધ કર્યું. તેથી મોક્ષરૂપ કાર્ય પ્રતિ જ્ઞાન અને ચારિત્ર બંને તુલ્ય=સમાન કારણ છે, એ પ્રમાણે સ્થિતપક્ષે રજૂઆત કરી.**॥૫૮॥**

**અવતરણિકા :- एवं ज्ञानक्रिययोस्तुल्यत्वमुपदिश्य विशेषमावेदयति-**

**અવતરણિકાર્થ :-** એ પ્રમાણે, અર્થાત્ ગાથા નં-૫૮માં જ્ઞાનનયે જ્ઞાનની પ્રધાનતા દર્શાવી, ત્યારપછી ક્રિયાનયે ક્રિયાની પ્રધાનતા દર્શાવી, અને સ્થિતપક્ષે બંનેની સમાલોચના કરી કહ્યું કે, જ્ઞાન-ક્રિયાનું તુલ્યપણું છે; એ પ્રમાણે, જ્ઞાન-ક્રિયાનું તુલ્યપણું ઉપદેશ કરીને વિશેષને જણાવે છે. અર્થાત્ જ્ઞાન અને ક્રિયામાં ક્રિયાની વિશેષતા છે, તે સ્થિતપક્ષ બતાવે છે-

ગાથા :- **तुल्लत्तमवेक्खाए णियमा समुदायजोगमहिगिच्च ।**
**किरिया विसिस्सए पुण नाणाउ सुए जओ भणियं ॥५९॥**

(तुल्यत्वमपेक्षया नियमात्समुदाययोगमधिकृत्य । क्रिया विशिष्यते पुनर्ज्ञानात् श्रुते यतो भणितम् ॥५९॥)

**ગાથાર્થ :- સમુદાયયોગને આશ્રયીને નિયમથી જ્ઞાન અને ક્રિયા બંનેને પરસ્પર અપેક્ષા હોવાને કારણે, જ્ઞાન અને ક્રિયા બંનેનું તુલ્યપણું છે. વળી જ્ઞાનથી ક્રિયા વિશેષ છે, જે કારણથી આગમમાં કહ્યું છે-**

**ભાવાર્થ :-** સ્થિતપક્ષની દૃષ્ટિએ સમુદાયને આશ્રયીને જ્ઞાનને ક્રિયાની અપેક્ષા છે અને ક્રિયાને જ્ઞાનની અપેક્ષા છે, અને એ રીતે બંને પરસ્પર અપેક્ષા રાખીને કાર્ય નિષ્પન્ન કરે છે; તેથી બંનેનું તુલ્યપણું છે. વળી જ્ઞાનથી ક્રિયામાં સ્થિતપક્ષની અપેક્ષાએ પણ વિશેષતા છે.

જ્ઞાનથી ક્રિયામાં જે વિશેષતા છે, તે હવે બતાવે છે-

ગાથા :- **जम्हा दंसणनाणा संपुन्नफलं न दिंति पत्तेयं ।**
**चारित्तजुआ दिंति हि विसिस्सए तेण चारित्तं ॥६०॥**

( यस्माद्दर्शनज्ञाने संपूर्णफलं न दत्तः प्रत्येकम् । चारित्रयुते दत्त एव विशिष्यते तेन चारित्रम् ॥६०॥ )

**ગાથાર્થ :- જે કારણથી પ્રત્યેક એવાં દર્શન અને જ્ઞાન સંપૂર્ણ ફલને આપતાં નથી, ચારિત્રયુક્ત દર્શન અને જ્ઞાન સંપૂર્ણ ફલ આપે જ છે, તેથી ચારિત્ર વિશેષ છે.**

**❀ મૂળગાથામાં 'हि' છે, તે 'एवकारार्थक' છે.**

**ટીકા :- यद्यपि मोक्षलक्षणे कार्ये ज्ञानक्रिये तुल्यवद् व्याप्रियेते तथापि कालतो देशतश्च स्वेतरसकलकारणसमवधानव्याप्यसमवधानकत्वलक्षणउत्कर्षश्चारित्रक्रियाया एव, न खलु षष्ठगुणस्थानभाविपरिणामरूपं चारित्रं चतुर्थगुणस्थानभाविपरिणामरूपं ज्ञानमन्तरेण, न वा चतुर्दशगुणस्थानचरमसमयभावि परमचारित्रं त्रयोदशगुणस्थानभावि केवलज्ञानमन्तरा संभवति। इत्थं च घटकारणेष्वपि दण्डादिषु चरमकपालसंयोग एवातिरिच्यते।**

**ટીકાર્થ :- 'यद्यपि'** જો કે મોક્ષરૂપ કાર્યમાં જ્ઞાન અને ક્રિયાનો તુલ્યવદ્ વ્યાપાર છે, તો પણ કાલથી અને દેશથી સ્વેતરસકલકારણસમવધાનવ્યાપ્યસમવધાનકત્વ લક્ષણ ઉત્કર્ષ ચારિત્રક્રિયાનું (ચારિત્રાત્મક ક્રિયાનું) જ છે. તેમાં હેતુ કહે છે-

**'षष्ठ'** - છઠ્ઠા ગુણસ્થાનકભાવી પરિણામરૂપ ચારિત્ર ચતુર્થ ગુણસ્થાનકભાવી પરિણામરૂપ જ્ઞાન વગર આવતું નથી, અથવા ચૌદમા ગુણસ્થાનકના ચરમસમયભાવી પરમચારિત્ર તેરમા ગુણસ્થાનકભાવી કેવલજ્ઞાન વગર સંભવતું નથી.

હવે તે જ વાતની પુષ્ટિ કરતાં કહે છે-

**'इत्थं'** આ રીતે અર્થાત્ સ્વેતરસકલકારણસમવધાનવ્યાપ્યસમવધાનકત્વ લક્ષણ ઉત્કર્ષ ચારિત્રાત્મક ક્રિયામાં છે, એ રીતે, ઘટના કારણભૂત પણ દંડાદિમાં ચરમકપાલસંયોગ જ અતિશયિત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્થિતપક્ષને જ્ઞાન કરતાં ચારિત્રની વિશેષતા શું છે તે બતાવવી છે, અને તે વિશેષતા એ છે કે, ચારિત્ર હોય ત્યાં નિયમા જ્ઞાન-દર્શન હોય છે, અને જ્ઞાન-દર્શન હોય ત્યાં ચારિત્ર ન પણ હોય, એ પ્રકારની વ્યાપ્તિ છે. તેથી ચારિત્રકાળમાં જ્ઞાન-દર્શનરૂપ અન્ય કારણ અવશ્ય હોય છે, તે જ ચારિત્રનો ઉત્કર્ષ છે; તે બતાવતાં કહે છે કે, જો કે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન-ક્રિયા સમાન કારણ છે, તો પણ કાળને આશ્રયીને અને રત્નત્રયીના આશ્રયભૂત વ્યક્તિરૂપ દેશને આશ્રયીને, સ્વ=ચારિત્ર, તેનાથી ઇતર જ્ઞાન અને દર્શન એ રૂપ સકલ કારણના સમવધાનની સાથે વ્યાપ્ય સમવધાનકત્વ ચારિત્રમાં છે, એ જ ચારિત્રનો ઉત્કર્ષ છે. કેમ કે ચારિત્ર છઠ્ઠા ગુણસ્થાનકમાં હોય છે અને જ્ઞાન ચોથા ગુણસ્થાનકમાં હોય છે, તેથી ચારિત્ર હોય ત્યાં ચોથા ગુણસ્થાનકવર્તી જ્ઞાન અવશ્ય હોય છે, માટે ચારિત્રનો ઉત્કર્ષ છે. તેવી જ રીતે ક્ષાયિકભાવને આશ્રયીને પણ ચૌદમા ગુણસ્થાનકમાં ચરમસમયભાવી પરમચારિત્ર હોય ત્યારે, તેરમા ગુણસ્થાનકભાવી કેવળજ્ઞાન અવશ્ય હોય છે; માટે ચારિત્ર સાથે જ્ઞાન નિયત છે, તેથી ચારિત્રનો ઉત્કર્ષ છે. અને એ જ વાત દૃષ્ટાંત દ્વારા સ્પષ્ટ કરે છે કે, ચરમકપાલનો સંયોગ હોય ત્યારે દંડાદિ સર્વ કારણો અવશ્ય હોય છે. માટે બધા કારણોમાં ચરમકપાલસંયોગ વિશેષ કહેવાય છે. તે જ રીતે પ્રસ્તુતમાં ચારિત્રની વિશેષતા છે.

**ઉત્થાન :-** સ્થિતપક્ષે ચારિત્રનો ઉત્કર્ષ બતાવ્યો, ત્યાં વ્યવહારનય જ્ઞાનનો પણ ઉત્કર્ષ બતાવવા માટે **'अथ'**થી કહે છે-

**ટીકા :- अथ स्वप्रयोज्यविजातीयसंयोगसम्बन्धेन दण्डादेः स्वप्रयोज्यातिशयितचारित्रसंबंधेन ज्ञानादेश्च स्वेतरसकलकारणसमवधानव्याप्यसमवधानकत्वं निर्बाधमिति चेत्? न, स्वतस्तथात्वस्य विशेषार्थत्वात्, स्वतस्त्वं च समवधाने कारणान्तराघटितत्वमित्याद्यूहनीयम् ॥ ५९-६० ॥**

**ટીકાર્થ :- 'अथ'** સ્વપ્રયોજ્યવિજાતીયસંયોગસંબંધથી દંડાદિનું અને સ્વપ્રયોજ્યઅતિશયિતચારિત્રસંબંધથી જ્ઞાનાદિનું સ્વેતરસકલકારણસમવધાનવ્યાપ્યસમવધાનકત્વ નિર્બાધ છે; એ પ્રમાણે જ્ઞાનનયવાદી કહે, તો તેને

સ્થિતપક્ષ કહે છે કે, એમ ન કહેવું. કેમ કે સ્વતઃ તથાત્વનું વિશેષાર્થપણું છે અને સ્વતસ્ત્વ સમવધાનમાં કારણાંતર અઘટિતપણું છે; ઇત્યાદિ વિચારવું.

**ભાવાર્થ :-** સ્થિતપક્ષે ઉત્કર્ષનું જે લક્ષણ કર્યું, એ લક્ષણ ચારિત્રમાં બતાવી ચારિત્રમાં ઉત્કર્ષ સ્થાપન કર્યું. એ જ લક્ષણ જ્ઞાનમાં સંગત કરવા માટે, વ્યવહારનય સંબંધવિશેષની કલ્પના કરીને, જ્ઞાનમાં પણ તેવા પ્રકારનો ઉત્કર્ષ નિર્બાધ છે; તે બતાવે છે. તે આ રીતે-

**સ્વ**=દંડાદિ, તત્પ્રયોજ્ય વિજાતીય ચરમકપાલસંયોગ આ સંબંધથી દંડાદિ જ્યાં હોય ત્યાં દંડથી અતિરિક્ત ઘટનાં યાવત્ કારણો અવશ્ય હોય છે. તેથી આ પરંપરાસંબંધથી દંડાદિમાં પણ ઉત્કર્ષની પ્રાપ્તિ થશે. એ રીતે સ્વ =જ્ઞાનાદિ અર્થાત્ ક્ષયોપશમભાવનું શ્રુતજ્ઞાન અને આદિથી સમ્યગ્દર્શન, તત્પ્રયોજ્ય અતિશયિત ચારિત્ર તે છઠ્ઠા ગુણસ્થાનકનું ભાવપરિણતિવાળું ચારિત્ર, અથવા સ્વ=ક્ષાયિકભાવનું જ્ઞાન, તત્પ્રયોજ્ય ચૌદમા ગુણસ્થાનકનું શૈલેશી અવસ્થાનું પરમચારિત્ર, આ સંબંધથી શ્રુતજ્ઞાન અથવા કેવલજ્ઞાન હોય ત્યારે, ત્યાં મોક્ષનાં યાવત્ કારણો અવશ્ય હોય છે. માટે આ પરંપરાસંબંધથી જ્ઞાનાદિમાં પણ ઉત્કર્ષની પ્રાપ્તિ થશે. તેથી ચરમકપાલસંયોગ અને ચારિત્રાત્મક ક્રિયામાં સ્થિતપક્ષે જેમ ઉત્કર્ષ બતાવ્યો, તેમ દંડાદિમાં અને જ્ઞાનમાં પણ ઉત્કર્ષ ઘટે છે. તેનું નિરાકરણ સ્થિતપક્ષ કરે છે કે, સ્વતઃ તથાત્વનું વિશેષાર્થપણું છે. અર્થાત્ સકલકારણસમવધાનવ્યાપ્યસમવધાનકત્વરૂપ જે ઉત્કર્ષનું લક્ષણ છે, તે ચારિત્રમાં સ્વતઃ છે અને જ્ઞાનમાં પરતઃ છે. તેથી જ્ઞાનમાં સ્વતઃ ઉત્કર્ષ પ્રાપ્ત થતું નથી અને પ્રસ્તુતમાં સ્વતઃ તેવા પ્રકારનો ઉત્કર્ષ ગ્રહણ કરવાનો છે અને તેવો સ્વતઃ ઉત્કર્ષ જ્ઞાનમાં નથી ચારિત્રમાં જ છે. કેમ કે સ્વતઃમાં સ્વતસ્ત્વ એ સમવધાનમાં કારણાંતર અઘટિતત્વરૂપ ગ્રહણ કરવાનું છે. જ્ઞાનમાં જ્યારે સકલકારણસમવધાનવ્યાપ્યસમવધાનકત્વ લાવવું છે, ત્યારે સંબંધની કુક્ષિમાં મોક્ષમાર્ગના કારણીભૂત એવા ચારિત્રને રાખવું પડે છે, માટે કારણાંતરઘટિતવ્યાપ્યસમવધાનકત્વ જ્ઞાનમાં છે, તેથી પરતઃ તથાત્વ છે; જ્યારે ચારિત્રનું સ્વતઃ તથાત્વ છે.**॥૫૯-૬૦॥**

**અવતરણિકા :- अथ निश्चयव्यवहारयोर्विषयविशेषमुक्तं स्वरूपयोरप्यतिदिशति-**

**અવતરણિકાર્થ :-** નિશ્ચય અને વ્યવહારનો વિષયવિશેષ કહેવાયો. હવે સ્વરૂપના પણ=નિશ્ચય-વ્યવહારના સ્વરૂપના પણ વિષયવિશેષનો અતિદેશ કરે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ગાથા-૫૮માં 'જ્ઞાન જ મુખ્ય છે' એમ સ્થાપન કરીને પ્રથમ વ્યવહારનયનો વિષય બતાવ્યો. તેની સામે 'ક્રિયા જ સાધક છે' એ પ્રમાણે જે ક્રિયાનયનું કથન છે, તે નિશ્ચયનયનું વક્તવ્ય છે, તે બતાવ્યું. ત્યારપછી સ્થિતપક્ષે બંનેનું સમાધાન કર્યું. આમ છતાં સ્થિતપક્ષે ગાથા-૫૯ અને ૬૦માં જ્ઞાન અને ક્રિયાનું તુલ્યપણું ઉપદેશ કરીને ક્રિયાનું વિશેષ આવેદન કર્યું. તેનાથી એ પ્રાપ્ત થયું કે, જ્ઞાન કરતાં ક્રિયામાં વિશેષતા છે એ રૂપ, નિશ્ચય અને વ્યવહારનો વિષયવિશેષ=વિષયભેદ, પૂર્વમાં બતાવ્યો. હવે પ્રસ્તુત ગાથા-૬૧માં નિશ્ચય અને વ્યવહારના સ્વરૂપનો પણ અતિદેશ કરે છે.

આશય એ છે કે ગાથા-૫૯/૬૦ પ્રમાણે વિષયવિશેષ હોવાને કારણે વ્યવહારનય કરતાં નિશ્ચયનય બલવાન

છે, તેમ નિશ્ચયનયનું સ્વરૂપવિશેષ હોવાને કારણે પણ, નિશ્ચયનય વ્યવહારનય કરતાં બલવાન છે, એ પ્રકારે ગાથા-૬૧માં અતિદેશ કરે છે.

ગાથા :- एवं ववहाराउ बलवन्तो णिच्छओ मुणेयव्वो ।
एगमयं ववहारो सव्वमयं णिच्छओ वत्ति ॥६१॥

( एवं व्यवहाराद्बलवान्निश्चयो मुणितव्यः । एकमतं व्यवहारः सर्वमतं निश्चयो वेति ॥६१॥ )

**ગાથાર્થ :- એ રીતે, અર્થાત્ ગાથા-૫૯-૬૦માં બતાવ્યું એ રીતે, વ્યવહાર કરતાં નિશ્ચય બલવાન જાણવો અથવા એકમત વ્યવહાર અને સર્વમત નિશ્ચય છે.**

**ભાવાર્થ** :- પૂર્વમાં ગાથા ૫૯-૬૦માં નિશ્ચય અને વ્યવહારનો વિષયવિશેષ બતાવ્યો, અર્થાત્ સકલકારણસમવધાનવ્યાપ્યસમવધાનકત્વ ચારિત્રમાં હોવાથી, જ્ઞાન કરતાં ચારિત્રનો ઉત્કર્ષ છે એ રૂપ વિષયવિશેષ, બતાવ્યો, તેનો '**एवं**' શબ્દ પરામર્શક છે.

અહીં ગાથાના પૂર્વાર્દ્ધનું કથન ગાથા-૫૯/૬૦ના નિગમનરૂપ છે અને ત્યારપછી તે પૂર્વાર્દ્ધના કથનથી ઉત્તરાર્દ્ધનું કથન અતિદેશરૂપ છે. વ્યવહાર કરતાં નિશ્ચયનો વિષયવિશેષ છે, એ રીતે વ્યવહાર કરતાં નિશ્ચયનું સ્વરૂપવિશેષ છે, તે અતિદેશ છે; અને વ્યવહાર કરતાં નિશ્ચયનું સ્વરૂપવિશેષ શું છે તે ગાથા-૬૧ના ઉત્તરાર્દ્ધમાં બતાવેલ છે.

**ટીકા :- विषयस्य बलवत्त्वादेव खलु व्यवहारनयान्निश्चयनयोऽतिरिच्यते। अथवा यस्य कस्यचिद्व्यवहारानुकूलस्यैकस्य नयस्य मतं व्यवहारोऽनुमन्यते, पारमार्थिकं सकलनयमतं तु निश्चयः, इति विषयबहुत्वादप्यस्य विशेष इति ध्येयम्।**

**ટીકાર્થ :- 'विषयस्य'** વિષયનું બલવાનપણું હોવાથી વ્યવહારનયથી નિશ્ચયનય અધિક છે=પૂર્વે ગાથા-૫૯-૬૦માં જ્ઞાન કરતાં ચારિત્રનો ઉત્કર્ષ બતાવ્યો. એ રીતે વિષયના બલવાનપણાને કારણે જ વ્યવહારનય કરતાં નિશ્ચયનય અધિક છે. ( આ જ વ્યવહારનય કરતાં નિશ્ચયનયનો વિષયવિશેષ છે.)

**'अथवा'** - અથવા જે કોઈ વ્યવહારને અનુકૂલ એવા એક નયનો મત છે તેને વ્યવહાર માને છે, વળી પારમાર્થિક સકલનયના મતને નિશ્ચય માને છે. એથી કરીને વિષયનું બહુલપણું હોવાથી પણ આનો=નિશ્ચયનો વિશેષ છે. (આ વ્યવહારના સ્વરૂપ કરતાં નિશ્ચયનયનો વિષયવિશેષ છે.)

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, દ્રવ્યાસ્તિકનય ચારે નિક્ષેપા માને છે, અને તે દ્રવ્યાસ્તિકનયનો મત વ્યવહારને અનુકૂલ છે, કેમ કે આ ચારે નિક્ષેપાથી પ્રાપ્ત એવા ઘટમાં ઘટશબ્દનો વ્યવહાર થાય છે; અને વ્યવહારને અનુકૂળ એવા આ દ્રવ્યાસ્તિકનયના મતને વ્યવહારનય માને છે. જ્યારે નિશ્ચયનય પારમાર્થિક એવા સકલનયના મતને

માને છે. અર્થાત્ સર્વનયો ભાવઘટને ઇચ્છે છે અને ભાવઘટ જ પારમાર્થિક ઘટ છે અને નિશ્ચયનય ભાવઘટને જ સ્વીકારે છે, તેથી સર્વનયોને માન્ય નિશ્ચયનયનો વિષય છે, એ રૂપ વિષયબહુત્વ નિશ્ચયનયનું છે. એ રીતે પ્રસ્તુતમાં વ્યવહારનય જ્ઞાનને માને છે, અર્થાત્ જ્ઞાન, ચારિત્ર દ્વારા મોક્ષનું કારણ છે તેમ વ્યવહારનય કહે છે. અને નિશ્ચયનય કહે છે કે, જ્ઞાન, ચારિત્રને પેદા કરી ચરિતાર્થ થઇ ગયું, તેથી મોક્ષનું કારણ ચારિત્ર છે. આ રીતે નિશ્ચયને માન્ય ચારિત્ર, વ્યવહારનયને પણ માન્ય છે. તેથી નિશ્ચયનો વિષય સર્વનયમાન્ય છે અને વ્યવહારનયને માન્ય એવું જ્ઞાન, નિશ્ચયનયને મોક્ષના કારણરૂપે માન્ય નથી પરંતુ ચારિત્રના કારણરૂપે માન્ય છે. આ રીતે વિષયબહુત્વ હોવાથી વ્યવહારનય કરતાં નિશ્ચયનયના સ્વરૂપનો વિશેષ છે.

ઉક્ત કથનમાં ભાષ્યની સાક્ષી આપે છે-

**ટીકા :- उक्तं च भाष्ये ( ३५९० )**

[१] अहवेगनयमयं चिय ववहारो जं न सव्वहा सव्वं ।

सव्वणयसमूहमयं विणिच्छओ जं जहाभूयं ॥ ॥ति॥ ॥६१॥

ꕥ ('અથવા' શબ્દ છે તે વિશેષાવશ્યકના પૂર્વશ્લોક સાથે વિકલ્પને બતાવવા માટે છે. અહીં તેનું પ્રયોજન નથી.)

**ટીકાર્થ :-** અને કહ્યું છે- એકનયમત જ વ્યવહાર છે=જે કોઇ પણ એક નયનો મત છે તે વ્યવહારનય સ્વીકારે છે. તેમાં હેતુ કહે છે- જે કારણથી સર્વથા સર્વ (સર્વ વસ્તુ) સર્વનયસમૂહમય નથી. શ્લોકના ઉત્તરાર્દ્ધમાં કહે છે - વિનિશ્ચય=નિશ્ચયનય જે, જે પ્રકારે છે, તે, તે પ્રકારે જ સ્વીકારે છે.

**ભાવાર્થ :-** સર્વથા સર્વ સર્વનયસમૂહમય નથી એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, વ્યવહારનય સર્વ પ્રકારે સર્વનયસમૂહમય વસ્તુને સ્વીકારતો નથી, જ્યારે નિશ્ચયનય જે વસ્તુ જે પ્રકારે છે તે વસ્તુ તે પ્રકારે જ સ્વીકારે છે; તેથી સર્વનયસમૂહમય છે. વિશેષાવશ્યકભાષ્યની ગાથામાં સર્વ શબ્દ છે તે સર્વવસ્તુનો પરામર્શક છે અને વ્યવહારનય સર્વનયને માન્ય એવી વસ્તુ સ્વીકારવા સમર્થ નથી, કેમ કે વ્યવહારનય સ્થૂલદર્શી છે. તેથી સર્વનયને સંમત એવા મોક્ષના કારણભૂત પરિણામ જ તેને મોક્ષના કારણરૂપે દેખાતા નથી, પરંતુ મોક્ષની કારણભૂત તેને બાહ્ય આચરણા દેખાય છે. આમ છતાં, બાહ્ય આચરણાને પરિણામની નિષ્પત્તિ દ્વારા મોક્ષના કારણ તરીકે વ્યવહારનય માને છે, જ્યારે નિશ્ચયનય યથાભૂત પરમાર્થને જોનારો હોવાથી, મોક્ષના કારણભૂત પરિણામને જ મોક્ષના કારણરૂપે સ્વીકારે છે; જે સર્વનયને મોક્ષના કારણરૂપે માન્ય જ છે. જ્યારે વ્યવહારને માન્ય બાહ્ય આચરણાને, ઋજુસૂત્રાદિ સૂક્ષ્મનય મોક્ષના કારણરૂપે સ્વીકારતા નથી.**॥૬૧॥**

**અવતરણિકા :- अथ समर्थितमेव निश्चयनयविशेषमसहमानो व्यवहारवादी सिंहावलोकितन्यायेन प्रत्यवतिष्ठते-**

---

१. अथवैकनयमतमेव व्यवहारो यत्र सर्वथा सर्वम् । सर्वनयसमूहमतं विनिश्चयो यद् यथाभूतम् ॥

**અવતરણિકાર્થ :-** પૂર્વ ગાથા નં. ૫૯-૬૦-૬૧માં સમર્થિત જ નિશ્ચયનયના વિશેષને સહન નહિ કરતો એવો વ્યવહારવાદી, સિંહાવલોકિત ન્યાયથી પ્રતીકાર કરે છે.

**ભાવાર્થ :-** અહીં સિંહાવલોકિત ન્યાય એ છે કે, ગાથા નં.૫૯-૬૦માં સ્થિતપક્ષે નિશ્ચયનયના વિશેષને સ્થાપન કર્યું, ત્યાં વ્યવહારનયે તેનું નિરાકરણ ન કર્યું. પરંતુ ત્યારપછી ફરી શ્લોક-૬૧માં સ્થિતપક્ષે નિશ્ચયનયના સ્વરૂપવિશેષનું સમર્થન કર્યું, તે સાંભળી લીધું. અને તે બંનેને સહન નહિ કરતો વ્યવહારવાદી, આગળનું સાંભળ્યા પછી, પાછળમાં જોવારૂપ સિંહાવલોકિત ન્યાયથી, ગાથા નં. ૫૯-૬૦માં સ્થિતપક્ષે જે નિશ્ચયનયનું સમર્થન કર્યું, તેનું નિરાકરણ કરતાં કહે છે-

**ગાથા :-** **अहिया जइ तुह किरिया अहियं नाणंपि तस्स हेउत्ति ।**
**कारणगुणाणुरूवा कज्जगुणा णेव विवरीया ।।६२।।**

(अधिका यदि तव क्रिया अधिकं ज्ञानमपि तस्य हेतुरिति । कारणगुणानुरूपाः कार्यगुणा नैव विपरीताः।।६२।।)

**ગાથાર્થ :- જો તને ક્રિયા અધિક છે, તો તેનો=ક્રિયાનો, હેતુ છે એથી કરીને જ્ઞાન પણ અધિક છે. જ્ઞાન અધિક કેમ છે? તેમાં હેતુ કહે છે- કારણગુણને અનુરૂપ કાર્યગુણો હોય, વિપરીત નહિ જ.**

**ટીકા :- यदि हि युक्तिकलापेन भवताऽतिशयवती क्रिया व्यवस्थापिता तर्हि सैव भगवती स्वकारणं ज्ञानमतिशयितमाह- 'स्वापेक्षया तस्यातिशयोऽस्तु न तु स्वकार्यापेक्षयेति' चेत्?** न, [१]"दासेण मे खरो कीओ दासो वि मे खरोवि मे।' **इति न्यायात् स्वकार्यकार्यस्यापि स्वकार्यत्वाविशेषात् ।**

**ટીકાર્થ :- 'यदि'** જો યુક્તિકલાપ વડે તમારા વડે=સ્થિતપક્ષ વડે, અતિશયવાળી ક્રિયા વ્યવસ્થાપિત કરાઇ, તો તે જ અતિશયવાળી ક્રિયા તેના કારણભૂત એવા જ્ઞાનને અતિશયિત કહે છે, કેમ કે કારણના અતિશય વગર કાર્યનો અતિશય હોય નહિ.

તેની સામે સ્થિતપક્ષ કહે છે-

**'स्वापेक्षया'** – સ્વઅપેક્ષાએ જ્ઞાનનો અતિશય હો, પણ નહીં કે સ્વકાર્યની અપેક્ષાએ.

તેના સમાધાન રૂપે વ્યવહારનય કહે છે કે તારી વાત બરાબર નથી. તેમાં હેતુ કહે છે-

**'दासेण मे'** – **'दासेण मे खरो कीओ दासो वि मे खरो वि मे।'** એ પ્રમાણે ન્યાય હોવાથી સ્વકાર્યકાર્યનું પણ સ્વકાર્યત્વ અવિશેષ છે અર્થાત્ સમાન છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સ્થિતપક્ષે પૂર્વે ક્રિયાની અતિશયતાને ખ્યાપન કરી. તેથી તેવી અતિશયવાળી ક્રિયાને પેદા કરનાર જ્ઞાન જ છે, તેથી તે ક્રિયાના અતિશયનું ખ્યાપન તે જ્ઞાનની અતિશયતાને જ કહે છે. અને

१. दासेन मे खरः क्रीतो दासोऽपि मे खरोऽपि मे ।

જ્ઞાનનો અતિશય સ્વઅપેક્ષાએ જ છે, પણ નહિ કે ક્રિયાની અપેક્ષાએ; કેમ કે અતિશયવાળી ક્રિયાને પેદા કરવા માટે જ્ઞાન જ સમર્થ છે એમ વ્યવહારનય કહે છે. આની સામે સ્થિતપક્ષ કહે છે કે તે સામર્થ્યરૂપ અતિશયતાને કારણે જ્ઞાનમાં ભલે અતિશયતા હો, પરંતુ જેમ ક્રિયામાં પોતાના કાર્યની અપેક્ષાએ અતિશયતા છે, તેમ જ્ઞાનમાં નથી. જેમ સર્વસંવરભાવને પ્રાપ્ત એવી ક્રિયા મોક્ષને પ્રાપ્ત કરાવવા સમર્થ બને છે, તેમ જ્ઞાન સમર્થ બનતું નથી; તેથી ક્રિયામાં સ્વકાર્યની અપેક્ષાએ અતિશયતા છે, તે રીતે જ્ઞાનમાં સ્વકાર્યની અપેક્ષાએ અતિશયતા નથી. તેના સમાધાનરૂપે વ્યવહાર કહે છે કે, તારી વાત બરાબર નથી. તેમાં હેતુ કહ્યો કે **'दासेण मे'** ....... એ ન્યાયથી સ્વકાર્યકાર્યનું પણ સ્વકાર્યત્વ અવિશેષ છે. તેનું તાત્પર્ય એ છે કે, "દાસ મારો છે તેથી તેનો ખરીદ કરેલો ગધેડો પણ મારો છે" એ ન્યાયથી, મારું અર્થાત્ જ્ઞાનનું કાર્ય ક્રિયા અને ક્રિયાનું કાર્ય મોક્ષ છે, તે પણ મારું જ અર્થાત્ જ્ઞાનનું જ કાર્ય થયું. તેથી સ્વકાર્યની અપેક્ષાએ પણ જ્ઞાનમાં અતિશયતા પ્રાપ્ત થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, અતિશયવાળી ક્રિયાને જ્ઞાન પેદા કરે છે, તેથી જ તેવી અતિશયવાળી ક્રિયાને પેદા કરનાર જ્ઞાન મુખ્ય છે. હવે વ્યવહારનય કહે છે કે, વ્યવહારનયની પરિભાષા છે કે, કાર્યનો અર્થી જેમાં મુખ્ય યત્ન કરે છે તે જ મુખ્ય કહેવાય, એ રીતે પણ મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન જ મુખ્ય છે. તે બતાવવા અર્થે **'अस्तु वा'**થી કહે છે-

**ટીકા :- अस्तु वोक्तातिशयशालिकार्यकत्वलक्षणः पारिभाषिक एव विशेषः। यथाहि मृत्तिकाऽपान्तरालवर्त्तिपिंडशिवककुसूलादीनि जनयन्ती न घटं प्रति मुख्यकारणतां जहाति, तथा ज्ञानमप्यान्तरालिकं सर्वसंवरं जनयन् मोक्षं प्रति तथेति तत्त्वम्।**

**ટીકાર્થ :- 'अस्तु वा'** અથવા ઉક્ત અતિશયશાલિકાર્યકત્વલક્ષણ પારિભાષિક જ વિશેષ જ્ઞાનમાં હો.

**'यथाहि'** - જે પ્રમાણે મૃત્તિકા, અપાન્તરાલવર્તી પિંડ, શિવક, કુસૂલાદિને પેદા કરતી, ઘટ પ્રતિ મુખ્ય કારણતાનો ત્યાગ કરતી નથી; તે પ્રમાણે જ્ઞાન પણ, અપાન્તરાલિક સર્વસંવરને પેદા કરતું, મોક્ષ પ્રતિ તે પ્રમાણે છે, અર્થાત્ મુખ્યકારણતાનો ત્યાગ કરતું નથી; એ પ્રમાણે તત્ત્વ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વમાં કહ્યું કે, ક્રિયાનું કાર્ય મોક્ષ છે, તેથી મોક્ષરૂપ અતિશયિત કાર્યને જે પેદા કરે તે અતિશયવાળું કહેવાય અને તે રીતે મોક્ષને પેદા કરનાર ક્રિયા છે, તેથી જ્ઞાન કરતાં ક્રિયામાં અતિશય છે. ત્યાં વ્યવહારનયે **'दासेण मे'** ....... એ પ્રકારના ન્યાયથી, મોક્ષરૂપ કાર્ય પણ જ્ઞાનથી જ થયું છે એમ સ્થાપન કરીને, પોતાનામાં અતિશય સ્થાપન કર્યો. હવે તેવા પ્રકારનો અતિશયશાલિકાર્યક અર્થાત્ ક્રિયાનયના કાર્યરૂપ જે મોક્ષરૂપ અતિશયવાળું કાર્ય છે, તેવું અતિશયશાલિકાર્યક જ્ઞાન છે અને તેવું અતિશયશાલિકાર્યકત્વ જ્ઞાનમાં છે અને તે પારિભાષિક જ વિશેષ જ્ઞાનમાં છે અને તેને જ સ્પષ્ટ કરતાં **'यथाहि'**....થી બતાવ્યું. તેનાથી એ પ્રાપ્ત થાય કે, જેમ ઘટનો અર્થી મુખ્ય પ્રયત્ન માટીમાં કરે છે, માટે માટી ઘટ પ્રત્યે મુખ્ય કારણ છે અને માટીની અવાંતર અવસ્થાઓ મુખ્ય કારણ નથી; તેવી રીતે મોક્ષનો અર્થી જ્ઞાનમાં મુખ્ય પ્રયત્ન કરે છે અને તેની અપાંતરાલ અવસ્થારૂપ સર્વસંવર જ્ઞાનથી પેદા થાય છે, તો પણ મોક્ષ પ્રત્યે મુખ્ય કારણ જ્ઞાન જ છે.

વિચારક જીવ જાણે છે કે યથા-તથા પ્રવૃત્તિથી મોક્ષ થઇ શકે નહિ, માટે મોક્ષના અર્થીએ સમ્યગ્જ્ઞાનમાં જ યત્ન કરવો જોઇએ; અને તે જ્ઞાન જ સમ્યક્ ક્રિયા કરાવીને મોક્ષનું કારણ બને છે. તેથી મોક્ષ પ્રત્યે મુખ્ય કારણ જ્ઞાન છે, એ પ્રકારનો વ્યવહારનયનો આશય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં વ્યવહારવાદીએ, સર્વસંવરરૂપ ક્રિયા પેદા કરવા દ્વારા મોક્ષ પ્રતિ પોતે અર્થાત્ જ્ઞાન મુખ્ય કારણ છે તે સિદ્ધ કર્યું, અને હવે '**अपि च**'... થી ક્રિયાનિરપેક્ષ જ્ઞાનથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે, તે બતાવે છે-

**ટીકા :- अपि च यथा मन्त्रानुस्मरणात् केवलादेव फलं दृश्यते तथा मोक्षोऽपि ज्ञानादेवेति तस्य मुख्यत्वम्** ॥६२॥

**ટીકાર્થ :-** '**अपि च**' અને વળી મંત્રના અનુસ્મરણમાત્રથી જ ફલ દેખાય છે ત્યાં જેમ ક્રિયાની આવશ્યકતા નથી, તેમ મોક્ષ પણ જ્ઞાનથી જ પ્રાપ્ત થઇ શકે છે; એથી કરીને તેનું અર્થાત્ જ્ઞાનનું મુખ્યપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સામાન્ય રીતે સર્વત્ર ફલની પ્રાપ્તિ યથાર્થબોધ અને તદ્ નિયંત્રિત પ્રવૃત્તિથી દેખાય છે અને તે અપેક્ષાએ મોક્ષરૂપ ફલ પણ જ્ઞાન અને ક્રિયા ઉભયની અપેક્ષા રાખે છે, પરંતુ મંત્રના અનુસ્મરણથી વિષનો અપહાર થતો દેખાય છે ત્યાં વિષના અપહારને અનુકૂલ કોઇ ક્રિયા દેખાતી નથી, પરંતુ જ્ઞાનની પરિણતિરૂપ જે મંત્રનું અનુસ્મરણ છે તે જ ફલને પ્રાપ્ત કરાવે છે; તેમ કેવલ જીવની જ્ઞાનપરિણતિથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે; એમ જ્ઞાનનયનું કહેવું છે.**॥૬૨॥**

**અવતરણિકા :- द्वितीयहेतुमपि दूषयति-**

**અવતરણિકાર્થ :-** બીજા હેતુને પણ દૂષિત કરે છે-

ગાથા નં.-૬૫માં સ્થિતપક્ષે કહેલ કે, વિષયના બલવાનપણાથી જ વ્યવહાર કરતાં નિશ્ચય અધિક છે. તેમાં વિષયના બલવાનપણારૂપ પ્રથમ હેતુનું નિરાકરણ ગાથા-૬૨માં વ્યવહારનયે કર્યું અને '**अथवा**'થી ગાથા-૬૧માં નિશ્ચયનયના સ્વરૂપની અધિકતામાં સ્થિતપક્ષે કહેલ કે નિશ્ચય સર્વનયમત છે, તેથી વ્યવહાર કરતાં અધિક છે, તે રૂપ બીજા હેતુને દૂષિત કરતાં કહે છે-

**ગાથા :-** **अह जइ सव्वणयमयं विणिच्छओ इगमयं च ववहारो ।**
**तो सो सयलादेसो विगलादेसो कहं होउ ॥६३॥**

(अथ यदि सर्वनयमतं विनिश्चय एकमतं च व्यवहारः। तत् स सकलादेशो विकलादेशः कथं भवतु? ॥६३॥)

**ગાથાર્થ :-** વ્યવહારવાદી '**अथ**' થી કહે છે - જો સર્વનયમત નિશ્ચય અને એકમત વ્યવહાર છે, તો તે નિશ્ચય, સકલાદેશ (પ્રમાણ) બની જશે. તેથી વિકલાદેશ (નય) કેવી રીતે થાય?

**ટીકા :- यदि नाम निश्चयनयः सर्वनयसमूहमास्कन्देत्तर्हि तदेकमूर्त्तिसकलादेशतां प्रतिपद्य विकलादेशरूपं नयलक्षणमेव परिजह्यात्। तथा चोक्तवचोव्याघात इति ॥६३॥**

**ટીકાર્થ :- 'यदि'** જો નિશ્ચયનય સર્વનયના સમૂહને પ્રાપ્ત કરે, તો સર્વનયના સમૂહરૂપ એકમૂર્તિસકલાદેશતાને સ્વીકારીને, વિકલાદેશરૂપ નયલક્ષણનો જ ત્યાગ કરશે અને તે રીતે ઉક્ત વચનનો વ્યાઘાત છે. અર્થાત્ શ્લોક નં.૬૧ની ટીકામાં કહ્યું કે, બહુત્વપણું હોવાને કારણે નિશ્ચયનો વિશેષ છે, એ વચનનો વ્યાઘાત છે. **'इति'** છે તે બીજા વિકલ્પના દૂષણના કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનય સર્વનયમત છે તેથી સકલાદેશતાને સ્વીકારે છે, તેથી નયનું લક્ષણ તેમાં ઘટતું નથી. માટે વ્યવહાર કરતાં નિશ્ચય વિશેષ છે તેમ કહી શકાય નહીં. કેમ કે તેમાં નયનું લક્ષણ વિકલાદેશરૂપ રહેતુ નથી.

અહીં વિશેષ એ છે કે, નિશ્ચયનય સર્વનયસંમત વસ્તુને માને છે અને તેમ કહેવાથી એ પ્રાપ્ત થાય કે, નિશ્ચયનય સકલાદેશરૂપ છે. અને સકલાદેશનો અર્થ એ થાય કે સંપૂર્ણ વસ્તુને ગ્રહણ કરનાર છે, તેથી સકલાદેશરૂપ નિશ્ચય હોવાથી તે પ્રમાણરૂપ છે. જ્યારે નય છે તે પ્રમાણરૂપ નથી પણ પ્રમાણના એકદેશરૂપ છે, આથી જ નય વિકલાદેશરૂપ છે. અને નયને સકલાદેશ કહેવાથી વિકલાદેશરૂપ નયના લક્ષણનો ત્યાં ત્યાગ થશે, તેથી તેને નયરૂપ કહી શકાશે નહિ. જેમ આ મારી માતા છે તેમ કહો તો તે વંધ્યા છે તેમ કહી શકાય નહિ, તેવી રીતે નિશ્ચયનયને સકલાદેશરૂપ કહો તો તેને નય કહી શકાય નહિ, અને નય કહો તો સકલાદેશ કહી ન શકાય.**॥૬૩॥**

**અવતરણિકા :- अत्र स्थितपक्षमालम्ब्य समादध्महे-**

**અવતરણિકાર્થ :-** અહીંયાં અર્થાત્ સ્થિતપક્ષે નિશ્ચયનું જે સમર્થન કરેલ ત્યાં વ્યવહારે ગાથા-૬૨માં દૂષણ આપ્યું, ત્યાં સ્થિતપક્ષનું અવલંબન કરીને સમાધાન અમે કરીએ છીએ. (સ્થિતપક્ષનું અવલંબન કરીને ગ્રંથકાર સમાધાન કરે છે-)

**ગાથા :-** **मुक्खामुक्खविभागो इच्छामित्तेण णत्थि एगंतो ।**
**जइ अत्थि तो वि नाणे चरणं सारो ति तं मोक्खं ॥६४॥**

( मुख्यामुख्यविभाग इच्छामात्रेण नास्त्येकान्तः । यद्यस्ति तदपि ज्ञाने चरणं सार इति तन्मुख्यम् ॥६४॥ )

**ગાથાર્થ :- ઇચ્છામાત્રથી એકાંતે મુખ્યામુખ્યનો વિભાગ નથી. જો છે તો પણ જ્ઞાનમાં ચારિત્ર સાર છે. એથી કરીને તે (ચારિત્ર) મુખ્ય છે.**

**ટીકા :- व्यवहारो हि स्वविषयं ज्ञानं प्रधानकारणत्वेनाभिमनुते, निश्चयस्तु स्वविषयं चरणं, तदनयोः कल्पनाकोटिमवलम्ब्य प्रवृत्तं विवादमपनेतुमुभयोः समीकरणप्रवणप्रमाणपक्षमन्तरा क इवान्यः प्रभवतु? यत्तु वस्तुपरिच्छेद एव ज्ञानस्य मुख्यो व्यापारः, तत्करणादेव च सहकारिकारणतया जीवस्य चारित्रक्रियां जनयत् तन्मोक्षं प्रति गौणतयोपयुज्यते, तदुक्तं- [ वि. भा. ११४२ ]**

[१] वत्थुपरिच्छेयफलं हवेज्ज किरियाफलं च तो नाणं ।

न उ निव्वत्तयमिट्ठं सुद्धं चिय जं तओऽभिहियं ॥ **त्ति, तदपि निश्चयनयानुसारेण द्रष्टव्यम्, व्यवहारतः सहकारस्याप्युपकारत्वात्। अत एव तत्रैवोक्तम्-**

[२] नाणं परंपरमणंतरा उ किरिया तयं पहाणयरं ।

जुत्तं कारणमह वा समयं तो दोन्नि जुत्ताइं ॥ ति [वि. भा. ११३७]

**ટીકાર્થ :- 'व्यवहारा'** વ્યવહારનય સ્વવિષય જ્ઞાનને પ્રધાનકારણપણા વડે માને છે. વળી નિશ્ચયનય સ્વવિષય ચારિત્રને પ્રધાનકારણપણા વડે માને છે. તે કારણથી નિશ્ચય અને વ્યવહારની કલ્પનાકોટિને અર્થાત્ કલ્પનાપ્રકારને અવલંબન કરીને પ્રવૃત્ત એવા વિવાદને દૂર કરવા માટે, ઉભયના સમીકરણમાં પ્રવણ એવા પ્રમાણપક્ષને છોડીને કોણ અન્ય સમર્થ થાય? અર્થાત્ કોઇ સમર્થ ન થાય.

**ઉત્થાન :-** અવતરણિકામાં કહ્યું કે, સ્થિતપક્ષનું અવલંબન લઇને વ્યવહારે આપેલ દૂષણનું અમે સમાધાન કરીએ છીએ. ત્યારપછી ટીકાનો પ્રારંભ કરતાં **'व्यवहारो हि..........प्रभवतु'** એ કથન દ્વારા બતાવ્યું કે, વ્યવહારનય મોક્ષ પ્રત્યે જ્ઞાનને પ્રધાન કારણ માને છે, અને નિશ્ચયનય મોક્ષ પ્રત્યે ચારિત્રને પ્રધાન કારણ માને છે. આ બંને નયના વિવાદનું સમાધાન સ્થિતપક્ષ સિવાય કોઇ કરી શકે તેમ નથી. પરંતુ તે સમાધાન માટે યત્નનો પ્રારંભ કરતાં, ગ્રંથકારને વિશેષાવશ્યકનું વિશેષ વક્તવ્ય સ્મૃતિનો વિષય બનતાં તે વક્તવ્ય પ્રમાણે, જ્ઞાન, મોક્ષ પ્રતિ ગૌણરૂપે સિદ્ધ થાય તેવી આપત્તિ આવે છે, અને સ્થિતપક્ષને અવલંબીને મોક્ષ પ્રતિ જ્ઞાન-ક્રિયા સમાન કારણરૂપ અભિમત છે, તેથી તેની સંગતિ કરતાં કહે છે-

**ટીકાર્થ :- 'यत्तु'** - જે વળી વસ્તુના પરિચ્છેદમાં જ જ્ઞાનનો મુખ્ય વ્યાપાર છે અને તેના કરણથી જ અર્થાત્ તે કરવાથી જ =તે પરિચ્છેદ કરવાથી જ, સહકારીકારણપણાથી જીવની ચારિત્રક્રિયાને પેદા કરતું તે=જ્ઞાન, મોક્ષ પ્રતિ ગૌણપણાથી ઉપયોગી છે, તે પણ નિશ્ચયનયના અનુસારે જાણવું. તેમાં હેતુ કહે છે - વ્યવહારથી સહકારનું પણ ઉપકારપણું છે.

❀ **'यत्तु'** નો અન્વય **'तदपि निश्चयानुसारेण'** તેની સાથે છે.

---

१. वस्तुपरिच्छेदफलं भवेत्क्रियाफलं च ततो ज्ञानम् । न तु निर्वर्त्तकमिष्टं शुद्धमेव यत् ततोऽभिहितम् ॥

२. ज्ञानं पारम्परमनन्तरा तु क्रिया तत्प्रधानतरम् । युक्तं कारणमथ वा समकं ततो द्वे युक्ते ॥

'**तदुक्तं**' તે વર્તિ વિશેષાવશ્યકમાં કહેલ છે.

'**वत्थु**' - તેથી કરીને જ્ઞાન વસ્તુપરિચ્છેદફલવાળું અને ક્રિયાફલવાળું થાય, પણ નહીં કે શુદ્ધ જ તે અર્થાત્ જ્ઞાન નિર્વર્તક ઇષ્ટ છે. જે કારણથી કહેવાયું છે.

❀ '**ततः**' નો અન્વય વિશેષાવશ્ય' ના પૂર્વ શ્લોક સાથે છે. (વિશેષાવશ્યક ગાથા-૧૧૪૨માં કહેલ '**तत्**' શબ્દ ના '**ततः**' અર્થમાં છે.)

❀ '**ततोऽभिहितम्**' નો અન્વય વિશેષાવશ્યકના પાછળના શ્લોક સાથે છે.

❀ '**ति**' છે તે સાક્ષીપાઠની સમાપ્તિ સૂચક છે.

'**अत एव**' આથી કરીને જ અર્થાત્ પૂર્વનું કથન નિશ્ચયનયાનુસારે છે, અને તેમાં જે હેતુ કહ્યો કે વ્યવહારથી સહકારનું પણ ઉપકારપણું છે, એથી કરીને જ, ત્યાં જ અર્થાત્ વિશેષાવશ્યકભાષ્યમાં જ, કહેવાયું છે -

'**नाणं**' (જો) જ્ઞાન પરંપરાએ અને અનંતર ક્રિયા હોય (તો) ક્રિયા પ્રધાનતર કારણ યુક્ત કહેવાય, **अह वा=अथ च** ખરેખર બંને સાથે છે, અર્થાત્ જ્ઞાન અને ક્રિયા મોક્ષરૂપ કાર્ય કરવામાં સાથે છે. તેથી કરીને મોક્ષરૂપ કાર્ય પેદા કરવામાં બંને યુક્ત અર્થાત્ સાથે છે.

**ભાવાર્થ :-** જ્ઞાનનો વસ્તુપરિચ્છેદ મુખ્ય વ્યાપાર છે અને વસ્તુનો પરિચ્છેદ કરવાથી ચારિત્રની ક્રિયા પેદા કરવામાં જ્ઞાન સહકારી બને છે. તેથી મોક્ષ પ્રત્યે મુખ્ય કારણ ચારિત્ર છે અને જ્ઞાન ગૌણ કારણ છે, એ પ્રકારનો ધ્વનિ વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૧૪૨માંથી નીકળે છે, અને તે જ સ્વીકારીએ તો ચારિત્ર જ મુખ્ય કારણ તરીકે સિદ્ધ થઇ જાય; જ્યારે સ્થિતપક્ષને ચારિત્ર અને જ્ઞાન બંનેને મોક્ષ પ્રત્યે સમાન કારણ તરીકે સ્થાપન કરવાં છે, તેથી કહે છે કે, આ પ્રકારનું વિશેષાવશ્યકભાષ્યનું કથન પણ નિશ્ચયનયના અનુસારે જાણવું, પરંતુ સ્થિતપક્ષની અપેક્ષાએ નહિ. અને પોતાની વાતની પુષ્ટિ કરવા માટે સ્થિતપક્ષ કહે છે કે, ચારિત્રને મોક્ષરૂપ કાર્ય કરવામાં જ્ઞાન સહકાર આપે છે, તે સહકાર પણ મોક્ષરૂપ કાર્યની નિષ્પત્તિ કરવામાં ઉપકાર કરનાર છે. તેથી મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જેમ ચારિત્ર કારણ છે, તેમ જ્ઞાન પણ કારણ છે. અને ચારિત્ર અને જ્ઞાન બંને સમાન કારણ છે, તે બતાવવા માટે વિશેષાવશ્યકભાષ્ય-૧૧૩૭મી ગાથાની સાક્ષી આપી અને સ્થાપન કર્યું કે, સ્થિતપક્ષ પ્રમાણે જ્ઞાન અને ક્રિયા મોક્ષ પ્રતિ સમાન કારણ છે.

વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૧૧૪૨માં '**वत्थुपरिच्छेयफलं**' કહ્યું તેનો ભાવ એ છે કે, જ્ઞાન વસ્તુના પરિચ્છેદફળવાળું છે અને તેથી ક્રિયાફળવાળું છે, પરંતુ શુદ્ધ જ તે જ્ઞાન મોક્ષનું નિર્વર્તક ઇષ્ટ નથી. આનાથી એ પ્રાપ્ત થયું કે, મોક્ષનું શુદ્ધ નિર્વર્તક ક્રિયા છે તેને નિષ્પન્ન કરીને જ્ઞાન ગૌણરૂપે મોક્ષનું નિર્વર્તક છે.

'**व्यवहारतः सहकारस्याप्युपकारत्वात्**' એમ કહ્યું તેનુ તાત્પર્ય એ છે કે, ચારિત્રક્રિયા જે મોક્ષરૂપ કાર્ય કરી રહી છે, તેમાં જ્ઞાન સહકારી છે. તેથી જ્ઞાનમાં મોક્ષરૂપ કાર્ય પ્રત્યે સહકાર છે અને તે સહકાર છે તે જ ઉપકાર છે = મોક્ષરૂપ કાર્યને જે ચારિત્ર પેદા કરે છે, તે ચારિત્રનો ઉપકાર છે; પરંતુ જ્ઞાન જે સહકાર આપે છે, તે પણ ઉપકાર છે. તેથી ચારિત્રમાં અને જ્ઞાનમાં ઉપકારત્વ સમાન હોવાને કારણે, જ્ઞાન ગૌણપણા વડે કરીને કારણ કહી શકાય નહિ.

અહીં વિશેષ એ છે કે જીવને મોક્ષરૂપ ફળ પ્રાપ્ત કરાવવામાં ચારિત્ર ઉપકારક છે, તેમ જ્ઞાન પણ ચારિત્રને કાર્ય કરવામાં સહકાર આપે છે, તેથી તે પણ સમાન જ ઉપકારક છે.

**ઉત્થાન :-** સ્થિતપક્ષનું અવલંબન કરીને ગ્રંથકાર ક્રિયાનય અને જ્ઞાનનયના કથનના વિવાદનું સમાધાન કરતાં કહે છે-

**ટીકા :- यदि हि अन्त्यानन्त्यविभागमुक्तातिशयशालिकार्यकत्वतद्विपर्ययविभागं चानादृत्य सामान्यतो द्वयोस्तुल्यवत् कारणत्वमेव जिज्ञासितं, तदा तथैव तत्परिच्छेत्तुं प्रमाणमुत्सहते। यदि तु तयोः कारणत्वं प्रतिसन्धायापि मुख्यत्वाऽमुख्यत्वजिज्ञासैव प्रवर्त्तते तदा मुख्यत्वमपि तयोरविशेषेणैव दर्शयन् प्रमाणतां पूरयितुमुत्सहेत, आपेक्षिकयोर्मुख्यत्वगौणत्वयोर्ह्रस्वत्वदीर्घत्वयोरिवाविरोधात्।**

**ટીકાર્થ :- 'यदि हि'** જો અંત્ય-અનંત્ય વિભાગનો અનાદર કરીને, અથવા ગાથા-૬૨માં વ્યવહાર કરેલ પારિભાષિક જ વિશેષરૂપ ઉક્ત અતિશયશાલિકાર્યકત્વ અને તદ્વિપર્યય વિભાગનો અનાદર કરીને, સામાન્યથી બંનેનું તુલ્યવત્ કારણપણું છે કે નહીં એવી જિજ્ઞાસા હોય તો, તે જ પ્રકારે=સામાન્યથી તુલ્યવત્ કારણપણું છે તે જ પ્રકારે, તેના પરિચ્છેદ માટે=કારણપણાના પરિચ્છેદ માટે, પ્રમાણ ઉત્સાહિત થાય છે.

**'यदि तु'** - અને જ્યારે વળી તે બંનેના કારણપણાનું પ્રતિસંધાન કરીને પણ, મુખ્યત્વ-અમુખ્યત્વવિષયક પોતાની જિજ્ઞાસા જ પ્રવર્તે છે ત્યારે, મુખ્યત્વ પણ તે બંનેનું અવિશેષથી જ દેખાડતો પ્રમાણ, પોતાની પ્રમાણતાને પૂરવા માટે ઉત્સાહિત થાય છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે સ્થિતપક્ષ જ્ઞાન અને ક્રિયાને સમાન કારણ સ્વીકારે છે, તો પણ તે બેમાં મુખ્ય કોણ છે? એવી જિજ્ઞાસા થાય તો સ્થિતપક્ષ જ્ઞાન-ક્રિયાની અવિશેષથી જ મુખ્યતા બતાવે છે. ત્યાં પ્રશ્ન થાય કે જો સ્થિતપક્ષને જ્ઞાન-ક્રિયાની મુખ્યતા સમાન જ માન્ય હોય તો ગાથા-૫૯/૬૦માં જ્ઞાન કરતાં ચારિત્રની વિશેષતા કેમ બતાવી? તેથી કહે છે-

**'आपेक्षिकयोः'** - આપેક્ષિક એવા મુખ્યત્વ અને ગૌણત્વનો, હ્રસ્વત્વ અને દીર્ઘત્વની જેમ અવિરોધ છે.

**ભાવાર્થ :- 'यदि हि'**થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, અંત્ય-અનંત્ય વિભાગને આશ્રયીને જો વિચારણા કરવામાં આવે, કે અંત્ય કારણ ચારિત્ર છે અને અનંત્ય કારણ જ્ઞાન છે, તેથી પ્રમાણ પણ તેનો આદર કરીને બંનેને ન્યાય આપે, તો અંત્ય કારણરૂપે ચારિત્રને જ મુખ્યરૂપે સ્વીકારી શકે. અને તે જ રીતે ગાથા-૬૨માં કહેલ ઉક્ત અતિશયશાલિકાર્યકત્વ જ્ઞાનમાં છે અને તદ્વિપર્યય ક્રિયામાં છે, તેનો આદર કરીને પ્રમાણ મુખ્યની વિચારણા કરે, તો જ્ઞાનને મુખ્ય અને ક્રિયાને ગૌણ તરીકે કહી શકે. પરંતુ તે બંનેનો અનાદર કરીને, સામાન્યથી મોક્ષરૂપ કાર્યને કરવારૂપે કારણપણું જ્ઞાન અને ક્રિયા બંનેમાં સમાન છે કે નહિ, એવી જ્યારે જિજ્ઞાસા થાય છે ત્યારે, પ્રમાણ તે બંનેમાં સમાન કારણપણું છે, તે પ્રમાણે કહે છે-

'**यदि तु**'થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, જ્ઞાન અને ક્રિયામાં કારણત્વનું પ્રતિસંધાન થયું ન હોય, પરંતુ તેમાં નિશ્ચયનયની દૃષ્ટિથી ક્રિયાનું કારણરૂપે પ્રતિસંધાન થાય અને જ્ઞાનનું પ્રયોજકરૂપે પ્રતિસંધાન થાય ત્યારે, તે બેમાં કોણ મુખ્ય છે અને કોણ અમુખ્ય છે એવી જિજ્ઞાસા પ્રવર્તતી નથી; પરંતુ જ્યારે સ્થિતપક્ષની દૃષ્ટિથી જ્ઞાન-ક્રિયા કારણરૂપે બંને સમાન હોવાને કારણે, બંનેમાં કારણત્વનું પ્રતિસંધાન થઈ જાય છે ત્યારે, તે બેમાં કોણ મુખ્ય કારણ છે એવી જિજ્ઞાસા પ્રવર્તે છે, તેથી કોઈક અપેક્ષાએ જ્ઞાન મુખ્ય છે, તો અન્ય કોઈક અપેક્ષાએ ક્રિયા પણ મુખ્ય છે, છતાં તેની વિવક્ષા કર્યા વગર મુખ્યતા બંનેમાં અવિશેષથી જ છે; તેમ પ્રમાણ દેખાડે છે.

'**प्रतिसन्धायापि**' - અહીં '**अपि**'થી એ કહેવું છે કે, જ્યારે સ્થિતપક્ષનું અવલંબન ન લેવામાં આવ્યું હોય ત્યારે મોક્ષ પ્રત્યે જ્ઞાન-ક્રિયાનું કારણપણું ન જણાય, પરંતુ સ્થિતપક્ષનું અવલંબન લઈને જ્ઞાન અને ક્રિયાનું મોક્ષ પ્રત્યે કારણરૂપે પ્રતિસંધાન કર્યા પછી પણ, મુખ્યામુખ્યત્વની જિજ્ઞાસા પ્રવર્તે છે ત્યારે, તે બંનેનું અવિશેષથી જ મુખ્યપણું દેખાડતો પ્રમાણ, પ્રમાણતાને પૂરે છે.

'**आपेक्षिकयोः**'થી કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, કોઈક અપેક્ષાએ કોઈક વસ્તુને હ્રસ્વ કહ્યા પછી, તે જ વસ્તુને કોઈ અન્ય અપેક્ષાએ દીર્ઘ કહીએ, તો તેમાં જેમ વિરોધ નથી; તેમ ક્રિયાને કે જ્ઞાનને કોઈક અપેક્ષાએ ગૌણ કહ્યા પછી કોઈ અન્ય અપેક્ષાએ મુખ્ય કહીએ, તો વિરોધ આવતો નથી. તે રીતે જ સ્થિતપક્ષે કોઈ અપેક્ષાએ જ્ઞાન કરતાં ચારિત્રની વિશેષતા ગાથા-૫૯/૬૦માં બતાવેલ છે, તેમાં દોષ નથી.

**ટીકા :- स्यादेतत्-ज्ञानं परिच्छेद एवोपक्षीणं सन्न मोक्षजनकमिति, मैवं, शिबिकावाहकपुरुषयोरिव ज्ञानक्रिययोरेकस्वभावेनाऽसहकारित्वात्, गतिक्रियायां नयनचरणयोरिव भिन्नस्वभावतयैव तयोः सहकारित्वात्, प्रकाशगुप्तिविशुद्ध्योः स्वभाववैचित्र्य एवानुप्रवेशाद् यदागमः-**

'[1] नाणं पयासयं सोहओ तवो संजमो य गुत्तिकरो ।

तिण्हंपि समाओगे मुक्खो जिणसासणे भणिओ । त्ति' [वि. भा. ११६१]

**यथा हि कचवरपूरितगृहविशुद्धये प्रदीपप्रज्वालनसंमार्जकपुरुषव्यापारणवातायनजालकादिस्थगनानि रेण्वादिप्रकाशबाह्यरेण्वादिप्रवेशनिषेधाभ्यन्तररेणुसंशोधनव्यापारतयोपयुज्यन्ते तथा जीवगृहविशुद्धयेऽपि ज्ञानतपःसंयमा अपि प्रकाशव्यवदानाऽनाश्रवव्यापारतयेति। एतत्तात्पर्यं-सर्वथा विरजस्कत्वं हि गृहविशुद्धिः, तत्र पूर्वरजोऽपनयने संमार्जनीमार्जनं, निःशेषतदपनयने च प्रदीपप्रकाशोऽनागततदभावे च स्वकारणविघटनद्वारा जालकस्थगनं निबन्धनमिति त्रयोपनिपातादार्थसमाजसिद्धा सा, तथा पूर्वकर्मापनयने तपः, कार्त्स्न्येन तदपनयने ज्ञानमनागतकर्माभावे च स्वकारणविघटनद्वारा संयमो हेतुः, इत्येतत्त्रयोपनिपाते सर्वथा निष्कर्मत्वलक्षणो मोक्षोऽप्यार्थसमाजसिद्ध एवेति मन्तव्यम्।**

**ટીકાર્થ :-** '**स्यादेतत्**' જ્ઞાન, પરિચ્છેદમાં જ ઉપક્ષીણ થતું મોક્ષજનક નથી એ પ્રમાણે ક્રિયાનય કહે, તેને સ્થિતપક્ષ કહે છે કે એમ ન કહેવું; કેમ કે શિબિકાવાહક પુરુષની જેમ જ્ઞાન-ક્રિયાનું એક સ્વભાવથી અસહકારીપણું છે. જ્ઞાન-ક્રિયાનું એક સ્વભાવથી અસહકારીપણું કેમ છે? તેમાં હેતુ કહે છે -

१. ज्ञानं प्रकाशकं शोधकं तपः संयमश्च गुप्तिकरः । त्रयाणामपि समायोगे मोक्षो जिनशासने भणितः ॥

**'गतिक्रियायां'** - ગતિક્રિયામાં નયન અને ચરણની જેમ ભિન્ન સ્વભાવપણાથી જ તે બેનું=જ્ઞાન અને ક્રિયાનું, સહકારીપણું છે.

જ્ઞાન અને ક્રિયા ભિન્ન સ્વભાવથી હેતુ કેમ છે? તેમાં હેતુ કહે છે-

**'प्रकाश'** - પ્રકાશની વિશુદ્ધિ અને ગુપ્તિની વિશુદ્ધિનું સ્વભાવવૈચિત્ર્યમાં અનુપ્રવેશ છે. સ્વભાવવૈચિત્ર્યમાં અનુપ્રવેશ કેમ છે? તેમાં હેતુ કહે છે-

**'यदागमः'** - જે કારણથી વિશેષાવશ્યકભાષ્યની ગાથા-૧૧૬૧ રૂપ આગમ છે.

વિશેષાવશ્યક ગાથા-૧૧૬૧નો અર્થ આ પ્રમાણે છે-

**'नाणं'** - જ્ઞાન પ્રકાશક છે, તપ શોધક છે અને સંયમ ગુપ્તિકર છે. ત્રણેનો પણ સમાયોગ થયે છતે જિનશાસનમાં મોક્ષ કહેલ છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, શિબિકાવાહકો જેમ શિબિકાના સ્થાનાંતર વહનરૂપ કાર્યને એક સ્વભાવથી જ કરવાના સ્વભાવવાળા છે, તે રીતે જો જ્ઞાન અને ક્રિયા એક સ્વભાવથી કાર્ય કરતા હોય તો, મોક્ષરૂપ કાર્ય પ્રતિ જ્ઞાન અને ક્રિયાને પૃથક્ માનવાની જરૂર રહે નહિ; કેમ કે આત્માને મોક્ષ તરફ ગમનક્રિયા કરવાના સ્વભાવરૂપે તે બંને એક છે તેમ કહેવું પડે. તે રીતે તો ક્રિયા જ મોક્ષજનક છે અને ક્રિયામાં જ્ઞાન અંતર્ભાવ પામે છે તેમ માનવું પડે. પરંતુ ગતિક્રિયામાં જેમ ચક્ષુ માર્ગને દેખાડવાના સ્વભાવથી હેતુ છે અને ચરણ જેમ સ્થાનાંતર કરણથી હેતુ છે, તે રીતે જ્ઞાન મોક્ષમાર્ગને દેખાડવામાં હેતુ છે અને ચારિત્ર મોક્ષમાર્ગને અનુકૂળ યત્ન કરવારૂપે હેતુ છે. તેથી મોક્ષરૂપ કાર્યના ભિન્ન ભિન્ન ઘટકપણા વડે તેઓ હેતુ હોવાથી, જ્ઞાન અને ક્રિયા બંનેથી જ મોક્ષરૂપ કાર્ય થાય છે તેમ માનવું પડે.

અહીં ભિન્ન સ્વભાવપણાથી જ્ઞાન અને ક્રિયાનું હેતુપણું છે, કેમ કે જ્ઞાન એ મોક્ષને અનુકૂળ પ્રકાશરૂપ વિશુદ્ધિસ્વરૂપ છે અને ચારિત્ર એ ગુપ્તિરૂપ વિશુદ્ધિસ્વરૂપ છે. તે બંને વૈચિત્ર્યનો સ્વભાવવૈચિત્ર્યમાં જ અનુપ્રવેશ છે અર્થાત્ તે બંને પ્રકારની વિશુદ્ધિ ભિન્ન સ્વભાવવાળી હોતે છતે મોક્ષરૂપ કાર્યમાં વિશ્રાંત પામે છે.

**ઉત્થાન :-** વિશેષાવશ્યક ગાથા-૧૧૬૧નો ભાવ ટીકામાં બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'यथाहि'** - જે પ્રમાણે કચરાથી ભરાયેલા ઘરની વિશુદ્ધિ માટે પ્રદીપનું પ્રજ્વલન રેણુ આદિના પ્રકાશન વ્યાપારથી ઉપયોગી છે, સંમાર્જક પુરુષનું વ્યાપારણ એ અભ્યંતર રેણુના સંશોધનથી ઉપયોગી છે અને વાતાયન-જાલકાદિનું સ્થગન, બાહ્ય રેણુ આદિના પ્રવેશના નિષેધ વ્યાપારથી ઉપયોગી છે; તે પ્રમાણે જીવગૃહની વિશુદ્ધિમાં પણ (૧) પ્રકાશવ્યાપારપણાથી જ્ઞાન, (૨) વ્યવદાનવ્યાપારપણાથી તપ અને (૩) અનાશ્રવવ્યાપારપણાથી સંયમ ઉપયોગી છે.

**ટીકાર્થ :- 'एतत्तात्पर्यं'** આનું તાત્પર્ય આ પ્રમાણે - સર્વથા રજરહિતપણું તે ગૃહવિશુદ્ધિ છે. ત્યાં=ગૃહવિશુદ્ધિમાં પૂર્વરજના અપનયનમાં=દૂર કરવામાં, સંમાર્જની દ્વારા (સાવરણી દ્વારા) માર્જન કરવું તે આવશ્યક છે. ત્યાર પછી નિઃશેષ રજના અપનયનમાં પ્રદીપનો પ્રકાશ આવશ્યક છે અને અનાગત એવા રજના અભાવમાં, રજના

કારણના વિઘટન દ્વારા,=રજની પ્રાપ્તિમાં કારણ વાતાયન દ્વારા પવનનું આગમન છે, કે જે રજને ગૃહમાં લાવવાનું કારણ છે, તેના વિઘટન દ્વારા, જાલકનું સ્થગન કારણ છે. એથી કરીને ત્રણના ઉપનિપાતથી અર્થસમાજસિદ્ધ તે ગૃહની વિશુદ્ધિ છે=ત્રણ પ્રકારના કારણોના ઉપનિપાતથી પ્રાપ્ત થનારા, ત્રણ પ્રકારના કાર્યસ્વરૂપ અર્થસમાજથી સિદ્ધ એવી ગૃહની વિશુદ્ધિ છે.

તે જ પ્રકારે પૂર્વકર્મના અપનયનમાં તપ કારણ છે, કાર્ત્સ્ન્યેન=સંપૂર્ણપણાથી, પૂર્વકર્મના અપનયનમાં જ્ઞાન કારણ છે અને અનાગત કર્મના અભાવમાં સ્વકારણ-વિઘટન દ્વારા સંયમ કારણ છે. એથી કરીને આ ત્રણનો ઉપનિપાત થયે છતે સર્વથા નિષ્કર્મત્વલક્ષણ મોક્ષ પણ અર્થસમાજસિદ્ધ જ છે, એ પ્રમાણે જાણવું.

**ભાવાર્થ :-** અહીં ત્રણ પ્રકારનો અર્થસમાજ એ છે કે, પ્રથમ સંમાર્જનીના (સાવરણીના) માર્જનથી સ્થૂલ પૂર્વરજનું અપનયન પ્રાપ્ત થયું. પછી પ્રદીપના પ્રકાશથી ઉત્તરભાવિ સંમાર્જનીના માર્જનથી જે નિઃશેષ રજનું અપનયન છે, તે યદ્યપિ સંમાર્જનીના માર્જનથી છે, તો પણ તેમાં પ્રદીપનો પ્રકાશ મુખ્ય કારણ છે, તેથી પ્રદીપના પ્રકાશનું કાર્ય નિઃશેષ રજનું અપનયન છે અને જાલકસ્થગનનું કાર્ય ભવિષ્યમાં આવનારી રજના અભાવ સ્વરૂપ છે. આ ત્રણ પ્રકારના અર્થસમાજથી સિદ્ધ એવી ઘરની વિશુદ્ધિ છે.

અહીં વિશેષ એ છે કે, ધર્મમાં મોક્ષમાર્ગના પ્રારંભરૂપે સૌ પ્રથમ બાહ્યતપ અને અભ્યંતર વિનયાદિ તપમાં યત્ન કરવામાં આવે છે. ત્યાર પછી વિશેષ પ્રકારનો શાસ્ત્રાભ્યાસ કર્યા પછી જ્ઞાનનો આવિર્ભાવ થાય છે ત્યારે, તપની ક્રિયા જ્ઞાનના કારણે અતિશયવાળી થઈને પૂર્વ સર્વ કર્મનું અપનયન (=દૂર) કરે છે, પરંતુ જ્ઞાનને કારણે તપ દ્વારા તે અતિશય નિર્જરા થઈ હોવાથી, જ્ઞાનથી સર્વ કર્મનું અપનયન છે એમ કહેલ છે. અને પૂર્વના સર્વ કર્મના અપનયન માટે કરાતા તપકાળમાં, આત્મામાં નવાં કર્મોના આગમનનું જે કારણ અસંયમભાવ છે, તેના વિઘટન દ્વારા સંયમ હેતુ છે.

યદ્યપિ તપ એ ઉત્તરગુણરૂપ હોવાથી, મૂલગુણરૂપ સંયમ કરતાં પણ જીવના અતિવિશુદ્ધ પરિણામરૂપ છે, પરંતુ તે જ્ઞાનના આવિર્ભાવથી ઉત્તરભાવિ નિઃશેષકર્મના અપનયનમાં સમર્થ એવો તે તપ ઉત્તરગુણરૂપ છે; જ્યારે અહીં વિશેષ જ્ઞાનના આવિર્ભાવ માટે પૂર્વમાં સામાન્ય રીતે ભવવૈરાગ્યાદિને પામીને જે જે તપ કરવામાં આવે છે, તેને તપશબ્દથી ગ્રહણ કરેલ છે, અને વિશેષ જ્ઞાન સહભાવી વિશેષ તપને જ્ઞાનમાં જ અંતર્ભાવ કરેલ છે.

**ટીકા :- एतेन स्वभावभेदो व्याख्यातो, व्यापारादिभेदस्यैव तदर्थत्वात्, कथमन्यथा दंडचक्रादीनामपि भिन्नस्वभावतया घटहेतुत्वं? इति।**

**ટીકાર્થ :- 'एतेन'** આના દ્વારા=પૂર્વમાં ગૃહવિશુદ્ધિનું દૃષ્ટાંત આપ્યું આના દ્વારા, જ્ઞાન અને ક્રિયાનો સ્વભાવભેદ વ્યાખ્યાત કરાયો, અર્થાત્ જ્ઞાન પ્રકાશસ્વભાવરૂપે અને તપ-સંયમરૂપ ક્રિયા વ્યવદાન અને અનાશ્રવવ્યાપારરૂપે મોક્ષ પ્રતિ હેતુ છે, એ રૂપ સ્વભાવભેદ કહેવાયો.
સ્વભાવભેદ વ્યાખ્યાત કરાયો તેમાં હેતુ કહે છે-

**'व्यापारादि'** - વ્યાપારાદિ ભેદનું જ તદર્થપણું છે, અન્યથા કેવી રીતે દંડ-ચક્રાદિનું પણ ભિન્ન સ્વભાવપણા વડે ઘટહેતુત્વ પ્રાપ્ત થાય?
**'इति'** - શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ગૃહવિશુદ્ધિના દૃષ્ટાંતથી જે જ્ઞાન,તપ અને સંયમનું મોક્ષ પ્રતિ હેતુપણું કહ્યું, તે જ્ઞાન, તપ અને સંયમમાં વ્યાપારભેદને બતાવનાર છે, અર્થાત્ ભિન્ન વ્યાપારરૂપે તે ત્રણેય મોક્ષ પ્રતિ હેતુ છે. અને તેમ ન માનો તો દંડ-ચક્રાદિ પણ ભિન્ન સ્વભાવપણા વડે ઘટ પ્રતિ હેતુ છે, તે કેવી રીતે કહી શકાય? તેથી જેમ ભિન્ન સ્વભાવપણા વડે દંડ-ચક્રાદિ ઘટ પ્રત્યે હેતુ છે, તેમ ભિન્ન સ્વભાવપણા વડે જ્ઞાન અને ક્રિયા મોક્ષ પ્રતિ હેતુ છે, તેથી મોક્ષ પ્રત્યે બંને મુખ્ય કારણ છે એમ સ્થિતપક્ષ કહે છે.

**ટીકા :- स्यादेतत्-सुशोधयितृप्रवृत्तौ शोध्यनिश्चयस्य नाशार्थिप्रवृत्तौ नाश्यनिश्चयस्य वा हेतुत्वात् कर्मापनिनीषुप्रवृत्तौ तन्निश्चयमात्रमुपयुज्यतां किमितरज्ञानेन? मैवं, यावत्सु हेयेषु हेयत्वज्ञानस्य ज्ञानविज्ञानक्रमेण श्रवणादेव संभवे ततः प्रत्याख्यानसंयमाऽनाश्रवतपोव्यवदानाक्रियत्वजननक्रमेण परमपदलाभोपदेशात्, तथा च प्रज्ञप्तौ संग्रहणीगाथा-[ २-५-१११ श्लोक-२१ ]**

'[१] सवणे नाणे य विन्नाणे पच्चक्खाणे अ संजमे ।
अणण्हए तवे चेव वोदाणे अकिरिआ सिद्धि ॥ त्ति ।

**तथा च सावद्ययोगनिवृत्तिनिरवद्ययोगप्रवृत्तिरूपचारित्रे हेयत्वोपादेयत्वज्ञानायैव विधिनिषेधवाक्यघटितं प्रवचनमुपयुज्यते। अत एव जघन्यतोऽष्टप्रवचनमातृश्रुतमप्युपदिश्यते, तावताऽप्युक्तप्रयोजनसंभवात्। तावत् श्रुतज्ञानोपजनितचारित्रप्रवृत्तेश्चाशुभयोगहानं साध्यं कर्महानं तूद्देश्यमिति विशेषः। एवं च रेणोरिव कर्मणः साक्षादपनयनाऽसंभवात् कथं दृष्टान्तः सुस्थ इति निरस्तम् समर्थितश्च ज्ञानस्य प्रकाशकतोपयोगोऽन्यथा हेयोपादेयविपर्यये विवेकासंभवात्। अत एव ज्ञानविरहितक्रियाया अल्पफलत्वमुक्तं, यथावज्ज्ञानस्यैव यथावत्प्रवृत्तिहेतुत्वात्।**

**ટીકાર્થ :- 'स्यादेतत्'** - આ પ્રકારે શંકા થાય, તે શંકા કહે છે-

સુશોધયિતાની પ્રવૃત્તિમાં શોધ્યના નિશ્ચયનું (હેતુપણું હોવાથી) અને નાશાર્થીની પ્રવૃત્તિમાં નાશ્યના નિશ્ચયનું હેતુપણું હોવાથી, (અને) કર્મ અપનિનીષુની પ્રવૃત્તિમાં તન્નિશ્ચયમાત્ર=કર્મનો નિશ્ચયમાત્ર, ઉપયોગી હો, ઈતરજ્ઞાનથી શું?

**ભાવાર્થ :-** આત્માને શુદ્ધ કરવાની પ્રવૃત્તિમાં શોધ્ય એવા આત્માનું જ્ઞાન આવશ્યક છે, અથવા કર્મના નાશના અર્થીની પ્રવૃત્તિમાં નાશ્ય એવા કર્મનું જ્ઞાન આવશ્યક છે, તેથી કર્મ દૂર કરવાની ઈચ્છાથી થતી પ્રવૃત્તિમાં કર્મનો નિશ્ચય આવશ્યક છે, તે સિવાય અન્ય જ્ઞાન આવશ્યક નથી. તેથી મોક્ષના કારણરૂપે જ્ઞાનને સ્વીકારીએ તો પણ

---

१. श्रवणे ज्ञाने च विज्ञाने प्रत्याख्याने च संयमे । अनंहस्के तपसि चैव व्यवदानेऽक्रिया सिद्धिः ॥

સર્વ શાસ્ત્રજ્ઞાનને મોક્ષના કારણરૂપે સ્વીકારી શકાય નહિ, પરંતુ આત્માનું જ્ઞાન શોધ્યરૂપે આવશ્યક છે અથવા તો કર્મનું જ્ઞાન નાશ્યરૂપે આવશ્યક બને, અન્ય જ્ઞાન નહિ.

**ટીકાર્થ :-** '**मैवं**' તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, એ પ્રમાણે ન કહેવું.=કર્મને દૂર કરવામાં કર્મનો નિશ્ચયમાત્ર જ ઉપયોગી છે, ઇતર જ્ઞાન નહિ; એ પ્રમાણે ન કહેવું. કેમ કે જ્ઞાન, વિજ્ઞાન ક્રમ વડે શ્રવણથી જ યાવત્ હેયમાં હેયત્વ જ્ઞાનનો સંભવ થયે છતે=ઉદ્ભવ થયે છતે, ત્યારપછી પ્રત્યાખ્યાન અને સંયમરૂપ અનાશ્રવ, અને તપસ્વરૂપ વ્યવદાન વડે અક્રિયત્વજનનના ક્રમથી પરમપદના લાભનો ઉપદેશ છે. અને તે પ્રમાણે પ્રજ્ઞપ્તિમાં સંગ્રહણી ગાથા છે=પ્રજ્ઞપ્તિસૂત્રમાં સંગ્રહ કરનારી ગાથા છે. પ્રજ્ઞપ્તિમાં સંગ્રહણી ગાથાનો અર્થ આ પ્રમાણે છે -

'**सवणे**' જ્ઞાન અને વિજ્ઞાનરૂપ શ્રવણ હોતે છતે, પ્રત્યાખ્યાન અને સંયમરૂપ અનંહસ્ક = પાપરહિત ભાવ હોતે છતે, તપરૂપ વ્યવદાન હોતે છતે અક્રિયાની સિદ્ધિ છે.

**ટીકાર્થ :-** '**तथा च**' - અને તે રીતે=પૂર્વમાં કહ્યું કે, જ્ઞાન, વિજ્ઞાનના ક્રમથી શાસ્ત્રના શ્રવણ દ્વારા હેયત્વનું જ્ઞાન થાય છે અને ત્યારપછી અનાશ્રવ અને તપરૂપ ચારિત્રની પ્રાપ્તિ થાય છે તે રીતે, સાવદ્યયોગની નિવૃત્તિ અને નિરવદ્યયોગની પ્રવૃત્તિરૂપ ચારિત્ર અર્થક હેયત્વ અને ઉપાદેયત્વના જ્ઞાન માટે જ, વિધિ-નિષેધ વાક્યઘટિત પ્રવચન ઉપયોગી છે.

**ભાવાર્થ :-** અહીં શંકાકારનો આશય એ છે કે, કોઇ વસ્તુની શુદ્ધિ કરવી હોય તો જેની શુદ્ધિ કરવાની હોય તે વસ્તુનો નિર્ણય આવશ્યક છે; અને કોઇ વસ્તુનો નાશ કરવો હોય તો નાશ્ય વસ્તુનો નિર્ણય આવશ્યક છે. એ રીતે મોક્ષ માટે કર્મનો નાશ કરવાનો છે, તેથી કર્મનો નિર્ણયમાત્ર મોક્ષ માટે ઉપયોગી છે; પરંતુ મોક્ષના કારણરૂપ જે શાસ્ત્રજ્ઞાન સ્થિતપક્ષ કહે છે, તેની આવશ્યકતા નથી. તેનું નિરાકરણ કરતા ગ્રંથકાર '**मैवं**'થી કહે છે કે એમ ન કહેવું. કેમ કે જે પ્રવૃત્તિ હેય છે તેમાં હેયપણાનું જ્ઞાન આવશ્યક છે અને તે જ્ઞાન શાસ્ત્રના શ્રવણથી જ્ઞાન-વિજ્ઞાનના ક્રમથી પ્રગટ થાય છે. અર્થાત્ શાસ્ત્રોનું શ્રવણ કરવામાં આવે તો પ્રથમ સામાન્ય જ્ઞાન થાય, પછી વિશેષ જ્ઞાન થાય છે. (આ મુજબ ક્રમથી જ્ઞાન થાય છે.) અને ત્યારપછી પ્રત્યાખ્યાન અને સંયમરૂપ અનાશ્રવભાવ પ્રગટે છે અને તપસ્વરૂપ વ્યવદાન પ્રગટે છે અને તેનાથી યોગનિરોધરૂપ અક્રિયત્વની પ્રાપ્તિ થાય છે અને તેનાથી પરમપદનો લાભ થાય છે. તેથી કર્મનાશરૂપ મોક્ષ પ્રત્યે માત્ર કર્મનું જ્ઞાન ઉપયોગી બને નહિ, પરંતુ હેય પદાર્થમાં હેયત્વનું જ્ઞાન અને ઉપાદેય પદાર્થમાં ઉપાદેયત્વનું જ્ઞાન આવશ્યક બને છે, અને તેની સાક્ષીરૂપે પ્રજ્ઞપ્તિમાં સંગ્રહણી ગાથા કહેલ છે. અને આ પ્રજ્ઞપ્તિના વચનથી એ સિદ્ધ થાય છે કે - પ્રથમ શાસ્ત્રશ્રવણ, તેનાથી જ્ઞાન-વિજ્ઞાન, પછી પ્રત્યાખ્યાન, સંયમ અને તપ દ્વારા અક્રિયત્વની પ્રાપ્તિ અને તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. તે રીતે સંયમની પ્રાપ્તિ અર્થે હેય-ઉપાદેયનું જ્ઞાન આવશ્યક બને છે અને તે જ્ઞાન કરવા માટે જ વિધિ-નિષેધ વાક્યઘટિત પ્રવચન ઉપયોગી છે. માટે નાશ્ય એવા કર્મના જ્ઞાનમાત્રથી મોક્ષની પ્રાપ્તિ થઇ શકે નહિ, પરંતુ હેય-ઉપાદેયના જ્ઞાનથી જ ક્રમે કરીને મોક્ષની પ્રાપ્તિ થઇ શકે.

**ટીકાર્થ :-** '**अत एव**' આથી કરીને જ=પૂર્વમાં કહ્યું કે, સાવદ્ય યોગની નિવૃત્તિ અને નિરવદ્ય યોગની પ્રવૃત્તિરૂપ

ચારિત્ર અર્થક હેયત્વ-ઉપાદેયત્વ જ્ઞાન જરૂરી છે, અને તે જ્ઞાન માટે વિધિ-નિષેધ વાક્યઘટિત પ્રવચન ઉપયોગી છે; આથી કરીને જ, જઘન્યથી પણ અષ્ટપ્રવચનમાતા વિષયક શ્રુતનો પણ ઉપદેશ અપાય છે. કેમ કે તેટલાથી પણ=અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનથી પણ, (ચારિત્રરૂપ) ઉક્ત પ્રયોજનનો સંભવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જો કે ચારિત્ર માટે હેયત્વ-ઉપાદેયત્વનું જ્ઞાન આવશ્યક છે; તેથી જ પ્રવચનમાં હેયત્વ-ઉપાદેયત્વનું જ્ઞાન કરવા માટે વિધિ-નિષેધાત્મક વર્ણન હોય છે, અને ઘણા જીવોને શાસ્ત્રઅભ્યાસના અતિશયથી જ ચારિત્ર પ્રગટે છે કે પ્રગટ થયેલ ચારિત્ર વિશુદ્ધ-વિશુદ્ધતર થાય છે; તો પણ તથાવિધ બુદ્ધિના સામર્થ્યના અભાવને કારણે જઘન્યથી અષ્ટપ્રવચનમાતાનું જ્ઞાન પણ ઉપદેશરૂપે અપાય છે. કેમ કે તેટલા જ્ઞાનથી પણ ચારિત્રમાં પ્રવૃત્તિ થઇ શકે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે ચારિત્ર માટે હેય-ઉપાદેયનું જ્ઞાન આવશ્યક છે અને હેય-ઉપાદેયના જ્ઞાન માટે વિધિ-નિષેધ વાક્યઘટિત પ્રવચન ઉપયોગી છે, ત્યાં શંકા થાય કે, વાસ્તવિક રીતે કર્મનાશ કરવા માટે જ્યારે યત્ન કરવો છે, ત્યારે પ્રવચનના જ્ઞાનથી ચારિત્રમાં યત્ન થાય છે, નહિ કે કર્મનાશમાં; તેથી કહે છે-

**ટીકાર્થ :-** '**तावत्**' - તેટલા શ્રુતજ્ઞાનથી ઉપજનિત ચારિત્રની પ્રવૃત્તિથી, અશુભયોગનું હાન સાધ્ય છે અને કર્મનું હાન ઉદ્દેશ્ય છે, એ પ્રમાણે વિશેષ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ચારિત્રની પ્રવૃત્તિ માટે ઉપયોગી શ્રુતજ્ઞાન '**तावत्**' શબ્દથી ગ્રહણ કરવાનું છે, પણ અષ્ટપ્રવચનમાતારૂપ જઘન્ય શ્રુતજ્ઞાન ગ્રહણ કરવાનું નથી. કોઇક જીવોને ચારિત્રની પ્રવૃત્તિ અષ્ટપ્રવચનમાતાના જ્ઞાનથી થઇ શકે છે, જ્યારે ઘણા જીવોને વિશદ એવા હેયત્વ-ઉપાદેયત્વના જ્ઞાનથી થઇ શકે છે, અને તેટલા શ્રુતજ્ઞાનથી ચારિત્રમાં પ્રવૃત્તિ કરવાથી સંસારના કારણભૂત એવા અશુભયોગનું હાન સાધ્ય બને છે; તેથી અશુભયોગના હાનના કારણે કર્મહાન સ્વતઃ પ્રાપ્ત થાય છે. પરંતુ સાક્ષાત્ કર્મનાશ માટે યત્ન, જેમ દંડથી ઘટનાશ થાય તેમ થઇ શકતો નથી. તેથી કર્મહાનને ઉદ્દેશીને ચારિત્રમાં પ્રવૃત્તિ થાય છે.

**ટીકાર્થ :-** '**एवं च**' અને આ રીતે=પૂર્વમાં જે '**स्यादेतत्**' થી શંકા ઉદ્ભવેલી અને તેના નિરાકરણ રૂપે '**मैवं**'થી જે ખુલાસો કર્યો કે, જ્ઞાન-વિજ્ઞાનના ક્રમ વડે શ્રવણથી જ હેયત્વ જ્ઞાનનો સંભવ છે અને ત્યારપછી પ્રત્યાખ્યાન-સંયમરૂપ અનાશ્રવ, તપરૂપ વ્યવદાન અને અક્રિયત્વના ક્રમથી પરમપદનો લાભ થાય છે અને તેની પુષ્ટિ માટે અંતે કહ્યું કે, શ્રુતજ્ઞાનથી જનિત ચારિત્રની પ્રવૃત્તિથી અશુભ યોગનું હાન એ સાધ્ય છે અને કર્મહાન એ ઉદ્દેશ્ય છે, એ પ્રકારે વિશેષ છે; એ પ્રમાણે કથન કર્યું એ રીતે, રેણુની જેમ કર્મના સાક્ષાત્ અપનયનનો અસંભવ હોવાને કારણે, પૂર્વમાં જે ગૃહનું દૃષ્ટાંત આપ્યું, તે કેવી રીતે સંગત થશે? એ નિરસ્ત જાણવું.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, ગૃહની અંદર રહેલ રેણુનો=રજનો, પ્રમાર્જનથી સાક્ષાત્ અપનયનનો સંભવ છે, તેમ જીવ ઉપર લાગેલા કર્મનું હસ્તાદિ ક્રિયાથી અપનયન કરવું સંભવિત નથી; તેથી દૃષ્ટાંત સંગત થશે નહિ, તેમ કોઇની માન્યતા છે, તે નિરસ્ત જાણવી. તે આ રીતે - શ્રુતજ્ઞાનના બળથી તપમાં જ્યારે સમ્યગ્ યત્ન પ્રવર્તે

છે, ત્યારે સાક્ષાત્ સાધ્ય અશુભ યોગનું હાન છે, પરંતુ તે કર્મહાનને ઉદ્દેશીને છે; કેમ કે અશુભ યોગના હાનની સાથે કર્મહાન અવિનાભાવી છે. તેથી તપમાં કરાયેલા યત્નથી કર્મનું અપનયન થાય છે=કર્મ દૂર થઇ જાય છે, માટે દૃષ્ટાંત સંગત છે. ફક્ત દૃષ્ટાંતમાં રજકણનું અપનયન એ સાક્ષાત્ સાધ્ય છે, જ્યારે દાર્ષ્ટાંતિકમાં અશુભયોગનું હાન એ સાક્ષાત્ સાધ્ય છે, પરંતુ કર્મહાન ઉદ્દેશ્ય છે; એટલો વિશેષ છે.

**ટીકાર્થ :- 'समर्थितश्च'** પૂર્વમાં **'एवं च'**થી જે કહ્યું, તેનાથી જ્ઞાનનો પ્રકાશકતારૂપ ઉપયોગ સમર્થિત કરાયો. કેમ કે અન્યથા=જો જ્ઞાન ન હોય તો, હેય-ઉપાદેયમાં વિપર્યય થયે છતે, ચારિત્રમાં જે પ્રવૃત્તિ છે તેમાં વિવેકનો અસંભવ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે પૂર્વમાં કહ્યું કે, જ્ઞાન-વિજ્ઞાનના ક્રમ વડે શ્રવણથી જ હેયત્વના જ્ઞાનનો સંભવ છે અને ત્યારપછી પ્રત્યાખ્યાન-સંયમરૂપ અનાશ્રવ, તપરૂપ વ્યવદાન અને અક્રિયત્વના ક્રમથી પરમપદનો લાભ પ્રાપ્ત થાય છે; એ કથનથી શ્રુતજ્ઞાન કર્મના નાશ માટે પ્રકાશકતારૂપે ઉપયોગી છે, એનું સમર્થન થયું. કેમ કે જો જ્ઞાન ન હોય તો હેય-ઉપાદેયમાં વિપર્યય થયે છતે, ચારિત્રની પ્રવૃત્તિમાં વિવેકનો અસંભવ છે; તેથી વિપર્યયવાળી તે ચારિત્રની પ્રવૃત્તિ, પરમપદના કારણભૂત એવી નિર્જરા માટે સમર્થ બનશે નહિ. તેથી જ્ઞાન એ સમ્યક્ પ્રવૃત્તિનું પ્રકાશક છે.

**ટીકાર્થ :- 'अत एव'** આથી કરીને જ=જ્ઞાનનો પ્રકાશકતારૂપ ઉપયોગ સમર્થિત કરાયો, આથી કરીને જ, જ્ઞાન વિરહિત ક્રિયાનું અલ્પફળપણું કહ્યું છે; કેમ કે યથાવત્ જ્ઞાનનું જ યથાવત્ પ્રવૃત્તિમાં હેતુપણું છે.

**ભાવાર્થ :-** જ્ઞાનરહિત ક્રિયાને અલ્પફળવાળી કહી છે, તેનું તાત્પર્ય એ છે કે, જેમ મંડુકચૂર્ણ ફરી સામગ્રી મળતાં મંડુકોને (દેડકાંને) પેદા કરી શકે છે, તેમ જ્ઞાનરહિત ક્રિયાથી થયેલ ક્લેશોનો નાશ ફરી સામગ્રી મળતાં પ્રાદુર્ભાવ પામે છે; જ્યારે જ્ઞાનપૂર્વકની ક્રિયાથી જે ક્લેશનાશ થાય છે, તે મંડુકના દગ્ધ ચૂર્ણ જેવો છે. માટે જ્ઞાનરહિત ક્રિયાથી જે ક્લેશ નાશ થાય છે તે સાંસારિક તુચ્છ ફળમાં વિશ્રાંતિ પામનારો છે, અને કદાચ અપુનર્બંધકદશા હોય તો પણ સમ્યગ્જ્ઞાનથી થતી ક્રિયા કરતાં તેનું અલ્પફળ કહ્યું છે. અને અભવ્ય જીવ પણ કષાયોના ઉપશમપૂર્વકની ક્રિયાથી નવમા ગ્રૈવેયક સુધી જઇ શકે છે, પરંતુ તેનો ઉપશમ નિરનુબંધ હોય છે; જ્યારે જ્ઞાનપૂર્વકની ક્રિયાથી થતો ઉપશમ સાનુબંધ હોય છે, તેથી મોક્ષફળમાં વિશ્રાંત પામે છે.

**ટીકા :- यदप्युक्तं 'ज्ञानमेव प्रधानं क्रियानिरपेक्षादेव मन्त्रानुस्मरणाद्विषघातनभोगमनादिदर्शनात्' इति तदप्यपेशलं, तत्रापि परिजपनादिक्रियासध्रीचीनमन्त्रोपयोगादेवोक्तफलसंभवात्, यदाह-**

[१] परिजवणाईकिरिया मन्तेसुवि साहणं ण तम्मत्तं ।
तन्नाणओ अ न फलं तन्नाणं जेणमक्किरियं ॥ [वि. आ. ११४०]

१. परिजपनादिक्रिया मन्त्रेष्वपि साधनं न तन्मात्रम् । तज्ज्ञानतश्च न फलं तज्ज्ञानं येनाऽक्रियम् ॥

**ટીકાર્થ :-** **'यदपि'** ક્રિયાથી નિરપેક્ષ જ મંત્રના અનુસ્મરણથી, વિષઘાત-નભોગમનાદિ દર્શન હોવાને કારણે, જ્ઞાન જ પ્રધાન છે; એ પ્રમાણે વ્યવહારવાદીએ ગાથા-૬૨માં છેલ્લે જે વળી કહ્યું છે, તે પણ અપેશલ છે. તેમાં હેતુ કહે છે-

**'तत्रापि'** - ત્યાં પણ અર્થાત્ મંત્રના અનુસ્મરણથી, વિષઘાત-નભોગમનાદિ દેખાય છે ત્યાં પણ, પરિજપનાદિ ક્રિયા સહિત મંત્રના ઉપયોગથી જ ઉક્ત ફલનો સંભવ છે.

**'यदाह'**થી તેમાં વિશેષાવશ્યકની સાક્ષી આપે છે-

**'परिजवणाईकिरिया'** - મંત્રોમાં પણ પરિજપનાદિ ક્રિયા સાધન છે, તન્માત્ર નથી. અર્થાત્ મંત્રાદિ માત્ર ફળનાં સાધન નથી અને તત્ જ્ઞાનથી=મંત્રના સ્મરણરૂપ જ્ઞાનથી, ફળની પ્રાપ્તિ થતી નથી; જે કારણથી તે જ્ઞાન=મંત્રના સ્મરણરૂપ તે જ્ઞાન, અક્રિય છે.

**ઉત્થાન :-** **'यदपि उक्तं'**થી સ્થિતપક્ષે જ્ઞાનવાદીને કહ્યું કે, મંત્રના અનુસ્મરણથી થતા કાર્યમાં પણ માત્ર જ્ઞાન જ કારણ નથી, પરંતુ જ્ઞાન અને ક્રિયા ઉભયથી જ ફળની પ્રાપ્તિ થાય છે. ત્યાં **'अथ'**થી જ્ઞાનવાદી કહે છે-

**ટીકા :- अथ परिजपनमपि धारावाहिकं तज्ज्ञानमेव, न तु क्रिया। न चाऽक्रियस्याऽऽकाशवत्कार्यजनकत्वमसङ्गतमिति वाच्यम्, क्रियायाः संयोगविभागादावेव हेतुत्वेन तां विनाऽऽकाशादावपि कार्यान्तराभ्युपगमादिति चेत्? सत्यं, तथाप्यत्र नभोगमनादिक्रियायास्तन्मन्त्रसङ्केतोपनिबद्धदेवतोपाहृततया क्रियानिरपेक्षत्वासिद्धेः, आह च-**

[१] तो तं कत्तो? भन्नइ तं समयणिबद्ध देवओवहिय ।

किरियाफलं चिय जओ न नाणमित्तोवओगस्स ॥ त्ति [वि. भा. ११४१]

**यथाहि-नभोगमनमुद्दिश्य देवताऽऽह्वानाय प्रवर्त्तमानस्य मन्त्रानुस्मरणं तत्प्रवृत्तिहेतुः तथा कर्मक्षयमुद्दिश्य चारित्रे प्रवर्त्तमानस्य प्रवचनज्ञानमपि तत्प्रवृत्तिहेतुः, अग्रिमफलं त्वविनाभावादिति परमार्थः।**

**ટીકાર્થ :-** **'परिजपन'** પરિજપન પણ ધારાવાહિક તે જ્ઞાન જ છે. અર્થાત્ મંત્રના અનુસ્મરણરૂપ જ્ઞાન જ છે, પરંતુ ક્રિયા નથી.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, જ્ઞાન તો અક્રિય છે, તેથી કાર્યજનક બની શકે નહિ. તેથી કહે છે-

**ટીકાર્થ :-** **'न चाऽक्रियस्य'** - અક્રિયનું પણ=અક્રિય એવા જ્ઞાનનું પણ, આકાશની જેમ કાર્યજનકપણું અસંગત છે, એ પ્રમાણે ન કહેવું. તેમાં હેતુ કહે છે-

**'क्रियायाः'** - ક્રિયાનું સંયોગ-વિભાગાદિમાં જ હેતુપણું હોવાથી, તેના વિના=ક્રિયા વિના, આકાશાદિમાં પણ અન્ય કાર્યોનો અભ્યુપગમ છે; એ પ્રમાણે જ્ઞાનવાદી કહે છે. તેને ગ્રંથકાર કહે છે કે, તારી વાત સાચી છે.

---

૧. ततस्तत्कुतो? भण्यते तत्समयनिबद्धदेवतोपाहृतम् । क्रियाफलमेव यतो न ज्ञानमात्रोपयोगस्य ॥

**'तथापि'** – તો પણ અહીંયાં અર્થાત્ મંત્રના અનુસ્મરણથી નભોગમનાદિ દેખાય છે ત્યાં, નભોગમનાદિ ક્રિયાનું તન્મંત્રસંકેતથી ઉપનિબદ્ધ દેવતાથી ઉપાહૃતપણું અર્થાત્ લઇ જવાપણું હોવાથી, ક્રિયાનિરપેક્ષત્વની અસિદ્ધિ છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નભોગમનાદિ ક્રિયામાં મંત્રનું અનુસ્મરણ તે વ્યક્તિનું છે અને મંત્રના અનુસ્મરણ સાથે સંકળાયેલ દેવતા નભોગમનાદિ કરાવવામાં પ્રવૃત્તિ કરાવે છે; તેથી નભોગમનાદિ કાર્ય, મંત્રના અનુસ્મરણ કરનારનું જ્ઞાન અને મંત્રના સંકેત સાથે જોડાયેલ દેવતાની ક્રિયા એ ઉભયથી જન્ય થયું. તેથી નભોગમનાદિ કાર્યમાં કારણ મંત્રનું અનુસ્મરણ અને દેવતાનો યત્ન બે થયાં. તેથી ક્રિયાનિરપેક્ષ એકલા જ્ઞાનથી નભોગમનાદિ ક્રિયા થતી નથી.

**ટીકાર્થ :- 'आह च'** – અને કહે છે-

**'तो तं कत्तो?'** – તેથી કરીને તે કોનાથી થાય? (તો) કહેવાય છે-

સમય અર્થાત્ સંકેતનિબદ્ધ દેવતાથી ઉપાહૃત તે=નભોગમન, ક્રિયાફલ જ છે. જે કારણથી જ્ઞાનમાત્ર ઉપયોગનું ફળ=નભોગમનરૂપ કાર્ય, નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નભોગમનરૂપ કાર્ય મંત્રના સંકેત સાથે જોડાયેલા દેવતાની ક્રિયાનું ફળ છે. કેવલ વ્યક્તિ મંત્રનું સ્મરણ કરે તેનાથી નભોગમન કાર્ય થતું નથી, પરંતુ મંત્રના સંકેત સાથે જોડાયેલ દેવતા નભોગમનાદિ કાર્યમાં પ્રવૃત્તિ કરાવે છે. તેથી સંકેતનું સ્મરણજ્ઞાન અને દેવતાની ક્રિયા ઉભય કારણથી જ નભોગમનાદિ કાર્ય થાય છે.

**ઉત્થાન :- 'तथापि'**થી જે કહ્યું અને **'आह च'**થી તેમાં વિશેષાવશ્યકની સાક્ષી આપી તે કથનનો પરમાર્થ બતાવતાં કહે છે-

**ટીકાર્થ :- 'यथाहि'** – જેમ નભોગમનને ઉદ્દેશીને દેવતાના આહ્વાન માટે પ્રવર્તમાનનું મંત્રાનુસ્મરણ, તત્પ્રવૃત્તિમાં =દેવતાની આહ્વાનની પ્રવૃત્તિમાં, હેતુ છે, તે પ્રમાણે કર્મક્ષયને ઉદ્દેશીને ચારિત્રમાં પ્રવર્તમાનનું પ્રવચનજ્ઞાન પણ, તત્પ્રવૃત્તિમાં=ચારિત્રની પ્રવૃત્તિમાં, હેતુ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, નભોગમનને ઉદ્દેશીને મંત્રનું અનુસ્મરણ દેવતાના આહ્વાનની પ્રવૃત્તિનો હેતુ બને અને કર્મક્ષયને ઉદ્દેશીને કરાતું પ્રવચનજ્ઞાન પણ ચારિત્રની પ્રવૃત્તિનો હેતુ બને, તો નભોગમન કે કર્મક્ષયરૂપ અગ્રિમફળ શાનાથી પ્રાપ્ત થાય? તેથી કહે છે-

**ટીકાર્થ :- 'अग्रिमफलं'** – વળી અગ્રિમફલ અવિનાભાવથી થાય છે. અર્થાત્ મંત્રના અનુસ્મરણમાં નભોગમનરૂપ અગ્રિમફળ, દેવતાના આહ્વાન સાથે અવિનાભાવ હોવાથી થાય છે; અને પ્રવચનજ્ઞાનમાં કર્મક્ષયરૂપ અગ્રિમફલ, ચારિત્રની સાથે અવિનાભાવ હોવાથી થાય છે. એ પ્રમાણે પરમાર્થ છે.

**ટીકા :- एतेन देवताऽऽह्वाने मन्त्रानुस्मरणं यथा केवलमेव हेतुस्तथा कार्यान्तरेष्वपि ज्ञानं केवलमेव तथेति परास्तम्, न हि चक्रभ्रमणे केवलो दंडो हेतुरिति घटेऽपि तन्निरपेक्षस्तथा।**

**ટીકાર્થ :- 'एतेन'** - આનાથી અર્થાત્ **'तथापि** થી **इति परमार्थः'** સુધી જે કહ્યું એનાથી, દેવતાના આહ્વાનમાં મંત્રનું અનુસ્મરણ જેમ કેવલ હેતુ છે, તેમ બીજાં કાર્યોમાં પણ જ્ઞાન કેવલ જ તે પ્રમાણે છે, અર્થાત્ હેતુ છે, તે અપાસ્ત થયું.

તેમાં હેતુ કહે છે-

**'न हि'** જે કારણથી ચક્રભ્રમણમાં કેવલ દંડ હેતુ છે, એથી કરીને ઘટમાં પણ તન્નિરપેક્ષ=ચક્રભ્રમણ-નિરપેક્ષ તે પ્રમાણે હેતુ નથી; અર્થાત્ ચક્રભ્રમણ-નિરપેક્ષ કેવલ દંડ હેતુ નથી, પરંતુ ચક્રભ્રમણથી જ દંડ ઘટ પ્રત્યે હેતુ છે. (તેમ કર્મક્ષયરૂપ કાર્ય પ્રત્યે પણ ક્રિયાનિરપેક્ષ માત્ર જ્ઞાન હેતુ નથી.)

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, દેવતાના આહ્વાનમાં મંત્રજાપ કેવલ હેતુ છે, તેમ ચારિત્રની પ્રાપ્તિ ફક્ત જ્ઞાનથી થાય છે; પરંતુ એટલા માત્રથી કાર્યાંતરમાં અર્થાત્ બીજાં કાર્યોમાં પણ ફક્ત જ્ઞાન હેતુ છે તેમ કહી શકાય નહિ. કેમ કે નભોગમનરૂપ કાર્ય પ્રત્યે મંત્રનું અનુસ્મરણ અને દેવતાની પ્રવૃત્તિ બે કારણ છે એમ સિદ્ધ થયું, તે રીતે નિર્જરારૂપ કાર્ય કે મોક્ષરૂપ કાર્ય કેવલ જ્ઞાનથી થાય નહિ, પરંતુ જ્ઞાન-ચારિત્ર ઉભયથી થાય છે. આનાથી એ પ્રાપ્ત થયું કે, દેવતાના આહ્વાન માટે મંત્રના અનુસ્મરણરૂપ ફક્ત જ્ઞાન જ કારણ છે, તેમ સર્વત્ર જ્ઞાન કારણ નથી; પરંતુ નભોગમનરૂપ કાર્ય પ્રત્યે મંત્રનું અનુસ્મરણ અને દેવતાની પ્રવૃત્તિ બે કારણ છે, તે પ્રમાણે ચારિત્રની પ્રાપ્તિ જ્ઞાનથી થાય, પણ મોક્ષરૂપ કાર્ય પ્રત્યે જ્ઞાન અને ચારિત્ર ઉભય કારણ છે.

**ઉત્થાન :-** દેવતાઆહ્વાનમાં પૂ.ઉપાધ્યાયજી મહારાજ સાહેબે ફક્ત જ્ઞાનને કારણ તરીકે સ્વીકારી લીધું, જ્યારે પૂ.મલયગિરિ મહારાજ દેવતાઆહ્વાનમાં પણ મંત્રના અનુસ્મરણરૂપ જ્ઞાન અને પરિજપન-પૂજનાદિ ક્રિયા સ્વીકારે છે. તેથી પૂ.ઉપાધ્યાયજી મહારાજ તથા પૂ.મલયગિરિજી મહારાજના વચનનો સ્થૂલથી વિરોધ દેખાય છે, તેનો પરિહાર કરતાં કહે છે-

**ટીકા :- यत्तु देवताऽऽह्वानेऽपि पुनः पुनः परिजपनपूजनादिक्रियापेक्षा मलयगिरिचरणैरभिदधे तत्तु क्काचित्कं वस्तुस्थितिमनुरुध्य, अन्यथा पूजनादेरपि पूर्वं ज्ञानस्यैव विश्रामात्, प्रथमज्ञानप्रवृत्त्योः समकालभाविन्योरपि कार्यकारणभावाभिप्रायाश्रयणाद्वेति सर्वमवदातम्।**

**ટીકાર્થ :- 'यत्तु'** જે વળી દેવતાના આહ્વાનમાં પણ ફરી ફરી પરિજપન અને પૂજનાદિ ક્રિયાની અપેક્ષા પૂ.મલયગિરિજી મહારાજ વડે કહેવાઇ, તે વળી ક્વચિત્ વસ્તુસ્થિતિને આશ્રયીને કહેવાઇ છે. અન્યથા અર્થાત્ ક્વચિત્ ન માનો અને દેવતાઆહ્વાનમાં સર્વ ઠેકાણે પરિજપનાદિ ક્રિયા માનો, તો પૂજનાદિના પૂર્વમાં પણ જ્ઞાનનો જ વિશ્રામ છે.

**ભાવાર્થ :- 'यत्तु'**થી જે કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પૂ.ઉપાધ્યાયજી મહારાજે પૂર્વમાં દેવતાઆહ્વાનમાં કેવલ મંત્રના અનુસ્મરણને કારણ તરીકે સ્વીકાર્યું, જ્યારે પૂ.મલયગિરિજી મહારાજ દેવતાઆહ્વાનમાં પણ મંત્રનું અનુસ્મરણ તથા પરિજપન-પૂજનાદિ ક્રિયાને કારણ માને છે. તેથી દેવતાઆહ્વાનમાં પણ બે હેતુ હોવાથી સ્થૂલથી બંને કથનનો વિરોધ આવે છે. તેનો પરિહાર કરતાં પૂ.ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે, દેવતાઆહ્વાન અર્થે પરિજપન-પૂજનાદિ ક્રિયા જે પૂ.મલયગિરિજી મહારાજે સ્વીકારી છે, ત્યાં પણ પૂજનાદિના પૂર્વમાં જ્ઞાનને જ પૂજનાદિ પ્રત્યે કારણ માનવું પડશે. તેથી દેવતાના આહ્વાન માટે કરાતાં પરિજપન-પૂજનાદિ ક્રિયા પ્રત્યે જ્ઞાન જ ફક્ત હેતુ છે, પરંતુ જ્ઞાન-ક્રિયા બંને નહિ. તેથી સર્વત્ર જ્ઞાન-ક્રિયાના હેતુનો સ્વીકાર પૂ.મલયગિરિજી મહારાજ પણ કરી શકશે નહિ.

**ઉત્થાન :-** પૂ.મલયગિરિજી મહારાજ પૂજનાદિના પૂર્વમાં જ્ઞાનને કારણ તરીકે સ્વીકારી લે, તો પણ દેવતાઆહ્વાનમાં તો મંત્રનું અનુસ્મરણ અને પૂજનાદિ ક્રિયા બંને સ્વીકારે છે; તેથી વિરોધ ઊભો જ રહે છે. તેથી તેના પરિહાર માટે બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'प्रथम'** - સમકાલભાવી પણ પ્રથમ જ્ઞાન અને પ્રવૃત્તિનું કાર્યકારણભાવના અભિપ્રાયનું આશ્રયણ કરવાથી ક્વચિત્ વસ્તુસ્થિતિને આશ્રયીને પૂ. મલયગિરિજી મહારાજનું કથન છે, એ પ્રમાણે સર્વ અવદાત છે. અર્થાત્ અમારું કથન અને પૂ.મલયગિરિજી મહારાજના કથનનો વિરોધ નથી; એ પ્રમાણે સર્વ અવદાત છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જે વ્યક્તિ નભોયાનવિદ્યા સાધે છે, તે પ્રથમ તે મંત્રને સાધવા માટે તદ્અધિષ્ઠાયક દેવનું પરિજપન અને પૂજનરૂપ ક્રિયા કરે છે, પરંતુ તે ક્રિયા તેના સમ્યક્ જ્ઞાનપૂર્વક હોય છે. તેથી તે જ્ઞાનનો ઉપયોગ અને પ્રવૃત્તિ સમકાલભાવી હોય છે. તે સમકાલભાવી પણ જ્ઞાન અને પ્રવૃત્તિનું કાર્યકારણભાવના અભિપ્રાયથી આશ્રયણ કરેલ છે, અર્થાત્ જ્ઞાન કારણરૂપ છે અને પ્રવૃત્તિ કાર્યરૂપ છે એ પ્રકારે આશ્રયણ કરેલ છે, તેથી દેવતાઆહ્વાનમાં પણ ક્રિયાની અપેક્ષા છે, એમ પૂ.મલયગિરિજી મહારાજે કહેલ છે. પરંતુ તે કથન પ્રથમ પ્રવૃત્તિની અપેક્ષાએ છે, જ્યારે વિદ્યા સિદ્ધ થાય છે ત્યારે મંત્રસ્મરણમાત્રથી દેવતાઆહ્વાન થાય છે. તેથી પ્રથમ મંત્ર સાધવાના કાલરૂપ ક્વચિત્ વસ્તુસ્થિતિને આશ્રયીને પૂ. મલયગિરિજી મહારાજનું કથન છે.

**ઉત્થાન :-** સ્થિતપક્ષ પોતાના કથનનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तदेवं निश्चयव्यवहारयोर्यादृच्छिको मुख्याऽमुख्यविभागोऽकिंचित्कर इत्युक्तम्।**

**ટીકાર્થ :- 'तदेवं'** આ રીતે નિશ્ચય અને વ્યવહારનો યાદચ્છિક મુખ્યામુખ્ય વિભાગ અકિંચિત્કર છે એમ કહેવાયું.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વમાં જ્ઞાનનયે અને ક્રિયાનયે પોતપોતાની દૃષ્ટિથી પોતાનું મુખ્યત્વ અને અન્યનું અમુખ્યત્વ સ્થાપન કર્યું, તે નિશ્ચય અને વ્યવહારનો યાદચ્છિક(સ્વઇચ્છા મુજબ) મુખ્યામુખ્ય વ્યવહાર છે, અને તે સ્થિતપક્ષની અપેક્ષાએ અકિંચિત્કર છે, એ પ્રમાણે સ્થિતપક્ષ દ્વારા કહેવાયું.

**ઉત્થાન :-** આ રીતે સ્થિતપક્ષે નિશ્ચય અને વ્યવહારના યાદચ્છિક મુખ્યામુખ્ય વિભાગને અકિંચિત્કર કહ્યો, તો પણ વ્યવહારવાદીનો મોક્ષ પ્રત્યે જ્ઞાનને મુખ્ય સ્વીકારવાનો અધ્યવસાય નિવર્તન પામે નહિ, તો તેને બોધ કરાવવા માટે સ્થિતપક્ષ કહે છે-

**ટીકા :- यदि पुनर्व्यवहारवादिनः स्वविषये ज्ञाने मुख्यत्वविवक्षा न निवर्त्तते तदा स एवं प्रतिबोधनीयो- ननु चरणमेव प्रधानं, तस्य ज्ञानसारत्वेनाभिधानात्, यदागमः-**

[१] सामाइअमाईअं सुअनाणं जाव बिंदुसाराओ ।
तस्सवि सारो चरणं सारो चरणस्स निव्वाणं ।। ति । [वि. भा. ११२६]

**अपि च ज्ञानमपि चरणयोगेनैव ज्ञानं, अन्यथा तस्याऽज्ञानादविशेषात्, आह च-**

तद् ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसस्तु कुतः शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ [ ]इति ।

**किञ्च, ज्ञाने मुख्यत्वं काल्पनिकं, चरणे तु कार्योपयोगि, न खलु मुख्यत्वेनोपचरितोऽपि दण्डश्चरमकपालसंयोगमनपेक्ष्य घटं जनयितुं प्रभुरिति दिग् ।।६४।।**

**ટીકાર્થ :- 'यदि'** જો વળી વ્યવહારવાદીની સ્વવિષય એવા જ્ઞાનમાં મુખ્યપણાની વિવક્ષા નિવર્તન પામતી નથી, ત્યારે તે (વ્યવહારવાદી) આ પ્રમાણે પ્રતિબોધ કરવા યોગ્ય છે-

ખરેખર ચરણ જ પ્રધાન છે, કેમ કે જ્ઞાનના સારરૂપે તેનું અર્થાત્ ચારિત્રનું અભિધાન છે.

**'यदागमः'** - જે કારણથી આગમ છે-

**'सामाइअ'** – સામાયિકાદિ યાવત્ બિંદુસાર સુધીનું શ્રુતજ્ઞાન છે, અર્થાત્ સામાયિકથી માંડીને બિંદુસાર પર્યંત ચૌદપૂર્વ સુધીનું શ્રુતજ્ઞાન છે, તેનો પણ સાર ચરણ છે, અને ચરણનો સાર નિર્વાણ છે.

**'त्ति'** – ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

**ઉત્થાન :-** હવે સ્થિતપક્ષ બીજી રીતે નિશ્ચયનયની દૃષ્ટિથી વ્યવહારવાદીને પ્રતિબોધ કરે છે-

**ટીકાર્થ :- 'अपि च'** વળી જ્ઞાન પણ ચારિત્રયોગથી જ જ્ઞાન છે, અન્યથા તેનું અર્થાત્ જ્ઞાનનું અજ્ઞાનથી અવિશેષ છે.

**'आह च'** – અને કહ્યું છે -

**'तद्'** - તે જ્ઞાન જ નથી, કે જે ઉદય પામે છતે રાગગણ વર્તે છે. સૂર્યના કિરણની આગળ રહેવા માટે અંધકારની ક્યાંથી શક્તિ હોય?

**'इति'** – ઉદ્ધરણની સમાપ્તિ સૂચક છે.

---

१. सामायिकादिकं श्रुतज्ञानं यावद् बिन्दुसारात् । तस्यापि सारश्चरणं सारश्चरणस्य निर्वाणम् ।।

**ઉત્થાન :-** '**किञ्च**'થી સ્થિતપક્ષ ત્રીજી રીતે વ્યવહારવાદીને પ્રતિબોધ કરે છે-

**ટીકાર્થ :-** '**किञ्च**' - જ્ઞાનમાં મુખ્યત્વ કાલ્પનિક છે, ચરણમાં વળી કાર્યોપયોગી છે. મુખ્યત્વપણાથી ઉપચરિત પણ દંડ, ચરમકપાલસંયોગની અપેક્ષા રાખ્યા વગર ઘટને પેદા કરવા માટે સમર્થ નથી, એ પ્રમાણે દિશા છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, વસ્તુતઃ મુખ્ય કારણ તે જ કહી શકાય કે, જેની પ્રાપ્તિ થાય ત્યારે અવશ્ય કાર્ય નિષ્પન્ન થાય. જેમ ચરમકપાલસંયોગ ઘટકાર્ય પ્રત્યે મુખ્ય કારણ છે, તેથી ચરમકપાલસંયોગ થાય એટલે ઘટકાર્ય નિષ્પન્ન થાય, તેથી ચરમકપાલસંયોગમાં મુખ્યત્વ છે; જ્યારે દંડમાં તેવું મુખ્યત્વ નથી, છતાં દંડમાં મુખ્યત્વપણાનો ઉપચાર થાય છે; કેમ કે કાર્યનો અર્થી દંડમાં સીધો પ્રયત્ન કરે છે, તેથી દંડમાં મુખ્યત્વનો ઉપચાર થાય છે. તેમ પ્રસ્તુતમાં ચારિત્રમાં ચરમકપાલસંયોગ જેવું મુખ્યત્વ છે, માટે મોક્ષરૂપ કાર્ય પ્રત્યે ચારિત્ર સાક્ષાત્ કારણ છે. આમ છતાં, જ્ઞાનનય પોતાની દૃષ્ટિવિશેષ રાખીને જ્ઞાનમાં મુખ્યત્વની કલ્પનામાત્ર કરે છે અને કહે છે કે મોક્ષનો અર્થી પહેલો પ્રયત્ન જ્ઞાનમાં કરે છે, તેથી જ્ઞાન મુખ્ય છે; પરંતુ જ્ઞાન પરંપરાએ કારણ હોવાને કારણે ત્યાં મુખ્યત્વ કાલ્પનિક છે.**॥૬૪॥**

**અવતરણિકા :- अथ द्वितीयहेतुदूषणमुद्दिधीर्षुराह -**

**અવતરણિકાર્થ :-** હવે બીજા હેતુના દૂષણનો ઉદ્ધાર કરવાની ઇચ્છાથી કહે છે-

ગાથા-૬૧માં સ્થિતપક્ષે નિશ્ચયનયનું વ્યવહારનય કરતાં જે વિશેષ છે તેનું સમર્થન કર્યું. તેમાં વ્યવહારનયે ગાથા-૬૨ અને ગાથા-૬૩માં દૂષણ આપ્યાં અને ગાથા-૬૪માં પ્રથમ દૂષણનું સમાધાન સ્થિતપક્ષે કર્યું અને વ્યવહારનયે આપેલ બીજા હેતુના દૂષણને દૂર કરવાની ઇચ્છાથી સ્થિતપક્ષ કહે છે-

**ગાથા :-** **सव्वणयमयत्तं पुण सव्वेसिं संमओ जओ विसओ ।**
**ण य णिच्छयस्स तेणं सयलादेसत्तमेगस्स ॥६५॥**

( सर्वनयमयत्वं पुनः सर्वेषां सम्मतो यतो विषयः । न च निश्चयस्य तेन सकलादेशत्वमेकस्य ॥६५॥ )

**ગાથાર્થ :- વળી જે કારણથી સર્વનયને સંમત વિષય સર્વનયમતત્વ છે, તે કારણથી એક એવા નિશ્ચયનયનું સકલાદેશપણું નથી.**

**ટીકા :- एतावदेव हि निश्चयस्य सर्वनयमयत्वं, सर्वनयमतत्वं वा यदस्य विषयो भावः सर्वेषां नयानां संमत इति तदाह भगवान् भाष्यकारः-** '[१]सव्वनया भावमिच्छंति' **त्ति, न चैतावतैव तद्वाक्यस्य सकलादेशत्वं, यौगपद्येन सकलधर्माऽप्रतिपादनात्,** '[२]प्रमाणप्रतिपन्नानन्तधर्मात्मकवस्तुनः कालादिभिरभेदवृत्ति-

१. सर्वे नया भावमिच्छन्ति ।

२. प्रमाणनयतत्त्वालोक सूत्र नं. ४/४४

प्राधान्यादभेदोपचाराद्वा यौगपद्येन प्रतिपादकं वचः सकलादेश' इति हि तल्लक्षणम्। **अयमर्थः- पर्यायार्थिकनयं गौणीकृत्य द्रव्यार्थिकं च प्रधानीकृत्य, तत्कालीनत्वलक्षणेन कालेन, तद्गुणत्वलक्षणेनाऽऽत्मरूपेण, तदाधारकत्वलक्षणेनार्थेन, तदविष्वग्भावलक्षणेन संबंधेन, तदनुरञ्जकत्वलक्षणेनोपकारेण, तदवगाहकावगाढत्वलक्षणेन गुणिदेशेन भेदप्रधानतत्संबन्धरूपेण संसर्गेण, एकशब्दवाच्यत्वलक्षणेन शब्देन च सह, यदैकधर्मेण सह सकलधर्माणामभेदवृत्तिः प्रतिसन्धीयते, यदा वा द्रव्यार्थिकनयगौणभावे पर्यायार्थिकनयमुख्यतायां च नाऽभेदवृत्तिरुज्जीवतीत्यभेदोपचार एवाश्रीयते तदैकेनापि शब्देनानेकधर्मप्रत्यायनमुख्येन तदात्मकतामापन्नस्यानेकाशेषधर्मरूपस्य वस्तुनो यौगपद्येन प्रतिपादनात् सकलादेशः। 'यदा तु भेदवृत्तिप्राधान्यात् भेदोपचाराद्वा नैकः शब्दोऽनेकधर्मप्रत्यायनक्षमस्तदा क्रमेण तावद्धर्माभिधायकं वाक्यं विकलादेशः' इति कथं न नयद्वयक्रमयुगपदर्पणमनपेक्ष्य सप्तभङ्ग्यप्रवृत्तौ तत्र प्रतिभङ्गनियतः सकलादेशत्वविचारोऽभित्तिचित्रार्पितः? इति।**

❀ **इति हि तल्लक्षणम्** અહીં **'हि'** શબ્દ યસ્માદર્થક છે.

**ટીકાર્થ :- 'एतावदेव'** નિશ્ચયનું આટલું જ સર્વનયમયત્વ કે સર્વનયમતત્વ છે, જે એનો=નિશ્ચયનો, વિષય ભાવ સર્વ નયોને સંમત છે. **'इति'** કથનની સમાપ્તિ સૂચક છે.

ભાષ્યકાર ભગવાન તે કહે છે - "સર્વ નયો ભાવને ઇચ્છે છે."

**'त्ति'** ઉદ્ધરણના કથનની સમાપ્તિ સૂચક છે.

**'न च'** - અને આટલા જ માત્રથી તે વાક્યનું સકલાદેશપણું નથી.

તેમાં હેતુ કહે છે-

**'यौगपद्येन'** યૌગપદ્ય અર્થાત્ એકી સાથે સકલ ધર્મનું અપ્રતિપાદન છે.

યુગપત્ સકલ ધર્મનું અપ્રતિપાદન કેમ છે? તેમાં હેતુ કહે છે-

જે કારણથી પ્રમાણપ્રતિપન્ન અનંતધર્માત્મક વસ્તુનું કાલાદિ સ્વરૂપે અભેદવૃત્તિ પ્રાધાન્યથી કે અભેદ ઉપચારથી એકી સાથે પ્રતિપાદક વચન સકલાદેશ છે, એ પ્રમાણે તેનું અર્થાત્ સકલાદેશનું લક્ષણ છે.

**'एतावत्'** થી **'तल्लक्षणम्'** સુધી જે કહ્યું તેનો અર્થ આ પ્રમાણે છે-

**ટીકાર્થ :- अयमर्थः-** પર્યાયાર્થિકનયને ગૌણ કરીને અને દ્રવ્યાર્થિકનયને પ્રધાન કરીને (૧)તત્કાલીનત્વલક્ષણ કાલરૂપે (૨) તદ્ગુણત્વલક્ષણ આત્મરૂપે (૩) તદાધારકત્વલક્ષણ અર્થરૂપે (૪) તદ્અવિષ્વગ્ભાવલક્ષણ=તદ્અપૃથગ્ભાવલક્ષણ સંબંધરૂપે (૫)તદનુરંજકત્વલક્ષણ ઉપકારરૂપે (૬) તદવગાહકઅવગાઢત્વલક્ષણ ગુણીદેશરૂપે (૭) ભેદપ્રધાનતત્સંબંધરૂપ સંસર્ગરૂપે (૮) એકશબ્દવાચ્યત્વલક્ષણ શબ્દરૂપે જે એક ધર્મની સાથે સકલ ધર્મોની અભેદવૃત્તિ પ્રતિસંધાન કરાય છે, અથવા દ્રવ્યાર્થિકનયના ગૌણભાવમાં અને પર્યાયાર્થિકનયની મુખ્યતામાં અભેદવૃત્તિ વર્તતી નથી, એથી કરીને અભેદ ઉપચાર જ આશ્રય કરાય છે ત્યારે, એક પણ શબ્દ દ્વારા

અનેક ધર્મોનો બોધ કરવાના અભિમુખભાવથી તદાત્મકતાને પામેલી અનેક અશેષધર્મરૂપ વસ્તુનું એકી સાથે પ્રતિપાદન થતું હોવાથી તે પ્રતિપાદક વચન સકલાદેશ છે. વળી જ્યારે ભેદવૃત્તિ પ્રાધાન્યથી અથવા ભેદ ઉપચારથી, એક શબ્દ અનેક ધર્મોની પ્રતીતિ કરાવવા સમર્થ નથી ત્યારે, ક્રમ વડે=જેટલા ધર્મો વસ્તુમાં છે તે સર્વ ધર્મોનું ક્રમ વડે અભિધાયક વાક્ય, વિકલાદેશ છે. એથી કરીને, નયદ્વયના ક્રમથી અર્પણની અને નયદ્વયના યુગપદ્ અર્પણની અપેક્ષા રાખ્યા વગર, સપ્તભંગીની અપ્રવૃત્તિ હોતે છતે, ત્યાં અર્થાત્ નિશ્ચયનય ભાવને ઇચ્છે છે એ કથનમાં, પ્રતિભંગમાં અનિયત સકલાદેશત્વનો વિચાર, શું ભીંત વગર ચિત્રામણ કરવા જેવો નથી? અર્થાત્ ભીંત વગર ચિત્રામણ કરવા જેવો છે.

❀ અહીં '**कालेन**', '**आत्मरूपेण**' વગેરે આઠે સ્થાનોમાં તૃતીયા છે તે સ્વરૂપ અર્થક છે.

❀ '**एकशब्दवाच्यत्वलक्षणेन शब्देन च सह**' અહીં '**सह**' અધિક ભાસે છે.

❀ '**विकलादेशः इति**' અહીં '**इति**' શબ્દ હેતુ અર્થક છે.

❀ '**सप्तभङ्ग्यप्रवृत्तौ**' સપ્તમી છે, તે હેતુ અર્થક છે.

**ભાવાર્થ** :- તાત્પર્ય એ છે કે, સપ્તભંગી બે પ્રકારની છે. (૧) સકલાદેશની સપ્તભંગી અને (૨) વિકલાદેશની સપ્તભંગી.

સકલાદેશની સપ્તભંગીને પ્રમાણરૂપે કહેવામાં આવે છે અને વિકલાદેશની સપ્તભંગીને નયરૂપે કહેવામાં આવે છે. સકલાદેશની સપ્તભંગી વસ્તુના એક ધર્મની સાથે સર્વ ધર્મનો અભેદ કરીને પ્રવર્તે છે. તેથી અનંતધર્માત્મક વસ્તુના પૂર્ણબોધસ્વરૂપ સકલાદેશની સપ્તભંગી છે તે પ્રમાણરૂપ છે. જ્યારે એક ધર્મની સાથે સર્વ ધર્મનો ભેદ કરીને કોઇ એક જ ધર્મની સપ્તભંગી બને છે, ત્યારે સાત ભાંગાઓ દ્વારા અનંતધર્માત્મક વસ્તુના એક જ ધર્મનો પૂર્ણ બોધ થાય છે, પરંતુ અનંતધર્માત્મક વસ્તુનો નહિ; તેથી તે વિકલાદેશરૂપ સપ્તભંગી છે, તે નયસ્વરૂપ છે.

અહીં સકલાદેશની સપ્તભંગી કરવા માટે અભેદવૃત્તિ કરવી હોય ત્યારે, પર્યાયાર્થિક નયને ગૌણ કરીને અને દ્રવ્યાર્થિકનયને પ્રધાન કરીને, તત્કાલીનત્વાદિ આઠ ધર્મરૂપે એક ધર્મની સાથે સકલધર્મની અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરાય છે. તેનો ભાવ એ છે કે, વસ્તુ અનંતધર્માત્મક છે. આમ છતાં, વચન દ્વારા તેનું કથન કરવું હોય ત્યારે, કોઇક એક ધર્મથી તેનું કથન થાય છે. જેમ '**घटोऽस्ति**' ત્યાં અસ્તિત્વધર્મથી ઘટનું કથન થાય છે. તે અસ્તિત્વધર્મની સાથે ઘટમાં રહેલા સકલ ધર્મનો અભેદ થઇ શકે છે. અને તે કરવા માટે દ્રવ્યાર્થિકનયનું અવલંબન લેવામાં આવે તો, દ્રવ્યાર્થિકનય, દ્રવ્યની સાથે દ્રવ્યમાં વર્તતા પર્યાયોનો અભેદ કરે છે તેથી, અભેદવૃત્તિની પ્રાપ્તિ થાય. અને અભેદવૃત્તિ કરીને એક અસ્તિત્વધર્મ સાથે ઘટમાં વર્તતા સર્વ ધર્મોનો, અસ્તિત્વધર્મ સાથે અભેદ હોવાથી, તત્કાલીનત્વાદિરૂપે અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરવામાં આવે તો, અસ્તિત્વધર્મના બોધની સાથે ઘટમાં રહેલા સર્વ ધર્મોનો પણ બોધ થાય છે. તેથી સાત ભાંગાઓ દ્વારા જ્યારે અસ્તિત્વધર્મનો પૂર્ણ બોધ થાય ત્યારે, તેની સાથે અભેદને પામેલા સર્વ ધર્મોનો બોધ પણ થઇ જાય છે. તેથી સકલાદેશની સપ્તભંગીથી ઘટરૂપ વસ્તુનો અનંતધર્માત્મકરૂપે બોધ થાય છે. આથી જ સકલાદેશની સપ્તભંગી પ્રમાણરૂપ કહેલ છે.

વળી સકલાદેશ, દ્રવ્યાર્થિકનયને ગૌણ કરીને અને પર્યાયાર્થિકનયને પ્રધાન કરીને કરવામાં આવે ત્યારે, એક ધર્મની સાથે સકલ ધર્મોની અભેદવૃત્તિની પ્રાપ્તિ થતી નથી, પરંતુ અભેદ ઉપચારનો આશ્રય કરાય છે, અને

તે અભેદ ઉપચાર કાલાદિ આઠને આશ્રયીને કરવામાં આવે છે. અને સકલાદેશની સપ્તભંગી અભેદવૃત્તિથી કરવા માટે દ્રવ્યાર્થિકનયને પ્રધાન કરવામાં આવે છે, અને અભેદ ઉપચારથી કરવા માટે પર્યાયાર્થિકનયને પ્રધાન કરવામાં આવે છે.

જ્યારે વિકલાદેશની સપ્તભંગી કરવા માટે પર્યાયાર્થિકનયને મુખ્ય કરવામાં આવે અને દ્રવ્યાર્થિકનયને ગૌણ કરવામાં આવે, ત્યારે ભેદવૃત્તિની પ્રાપ્તિ થાય છે; અને જ્યારે પર્યાયાર્થિકનયને ગૌણ કરવામાં આવે અને દ્રવ્યાર્થિકનયને મુખ્ય કરવામાં આવે, ત્યારે ભેદના ઉપચારની પ્રાપ્તિ થાય છે. તેથી વિકલાદેશની સપ્તભંગીમાં ભેદદૃષ્ટિ હોવાને કારણે એક શબ્દથી એક જ ધર્મનો બોધ થાય છે, અને તેમાં અનંતધર્માત્મક વસ્તુના એક જ ધર્મનો સાત ભાંગાઓ દ્વારા બોધ કરવામાં આવે છે, જેથી એક ધર્મનો પરિપૂર્ણ બોધ થાય છે, જે નયસ્વરૂપ છે. તેથી વિકલાદેશની સપ્તભંગી નયસ્વરૂપ છે અને સકલાદેશની સપ્તભંગી પ્રમાણરૂપ છે.

## -: કાલાદિ આઠનું સ્વરૂપ :-

**(૧) તત્કાલીનત્વલક્ષણ કાલ :-** ઘટરૂપ વસ્તુમાં જે કાળે અસ્તિત્વધર્મ રહેલ છે, તે કાળમાં ઘટત્વ, દ્રવ્યત્વ આદિ અનેક ધર્મો રહેલા છે. તેથી અસ્તિત્વધર્મની સાથે ઘટત્વાદિ ધર્મોનો અભેદ તત્કાલીનત્વરૂપે છે. અર્થાત્ જે કાળમાં અસ્તિત્વધર્મ છે તે કાળમાં જ અન્ય ધર્મો પણ છે. તેથી તત્કાલીનત્વ બધા ધર્મોમાં સમાન છે.

આનાથી એ પ્રાપ્ત થયું કે, બધા જ ધર્મો પોતપોતાના સ્વરૂપે જુદા છે; જેમ અસ્તિત્વધર્મ અસ્તિત્વરૂપે જુદો છે, ઘટત્વ ધર્મ ઘટત્વરૂપે જુદો છે. આમ છતાં બંનેમાં તત્કાલીનત્વ સમાન છે, કેમ કે એક કાળમાં તે બંને ધર્મો વર્તે છે. તે રીતે તત્કાલીનત્વ સ્વરૂપ સર્વ ધર્મમાં સમાન હોવાથી, તે રૂપે બધા ધર્મોનો પરસ્પર અભેદ છે.

**(૨) તત્ગુણત્વલક્ષણ આત્મસ્વરૂપ :-** જેમ ઘટનો અસ્તિત્વ ગુણ છે, તેમ ઘટનો ઘટત્વ ગુણ છે. માટે તત્ગુણત્વ બંનેમાં સમાન છે. અર્થાત્ ઘટગુણત્વ અસ્તિત્વમાં પણ છે અને ઘટત્વમાં પણ છે. તે રૂપે ઘટત્વ અને અસ્તિત્વનો અભેદ પ્રાપ્ત થાય. તેમ ઘટમાં વર્તતા સર્વ ધર્મોનો તત્ગુણત્વેન અભેદ પ્રાપ્ત થાય.

**(૩) તદાધારકત્વલક્ષણ અર્થ :-** ઘટમાં રહેલા અસ્તિત્વ ધર્મનો આધાર જેમ ઘટ છે, તેમ ઘટમાં રહેલા ઘટત્વ ધર્મનો આધાર પણ ઘટ છે. એ જ રીતે ઘટમાં રહેલ અનંત ધર્મોનો આધાર પણ ઘટ છે. તેથી તદાધારકત્વરૂપ અર્થથી ઘટમાં વર્તતા સર્વ ધર્મોનો પરસ્પર અભેદ છે.

**(૪) તદવિષ્વગ્ભાવલક્ષણ સંબંધ :-** જેમ ઘટની સાથે અસ્તિત્વધર્મનો અવિષ્વગ્ભાવસંબંધ=અપૃથક્ત્વભાવસંબંધ છે, તેમ ઘટત્વાદિ અન્ય ધર્મોનો પણ અવિષ્વગ્ભાવસંબંધ છે. તેથી તદવિષ્વગ્ભાવલક્ષણ સંબંધથી સર્વ ધર્મોનો પરસ્પર અભેદ છે.

**(૫) તદનુરંજકત્વલક્ષણ ઉપકાર :-** જેમ અસ્તિત્વધર્મ એ ઘટનો અનુરંજક છે, તેમ ઘટત્વધર્મ પણ ઘટનો અનુરંજક છે. તેથી તદનુરંજકત્વ અસ્તિત્વમાં અને ઘટત્વમાં સમાન છે અને તે જ એનો ઉપકાર છે. અર્થાત્ ઘટને પોતાના ગુણોથી તે ધર્મો અનુરંજિત કરે છે. એ રૂપ ઉપકારથી સર્વ ગુણોનો પરસ્પર અભેદ છે.

**(૬) તદવગાહકાવગાઢત્વલક્ષણ ગુણીદેશ :-** ઘટવર્તી અસ્તિત્વધર્મનો અવગાહક ઘટ છે અને તેનાથી અવગાઢ જે આકાશપ્રદેશ (ક્ષેત્ર) છે, તે ગુણીદેશ અર્થાત્ ગુણી એવા ઘટનો દેશ છે, અર્થાત્ ગુણીનું ક્ષેત્ર છે. અને તે સ્વરૂપે એક ધર્મની સાથે સર્વ ધર્મનો અભેદ છે. અર્થાત્ અસ્તિત્વધર્મ સાથે ગુણીદેશરૂપે સર્વ ધર્મનો અભેદ છે. જે અસ્તિત્વધર્મના ગુણી એવા ઘટનું ક્ષેત્ર છે, એ જ ઘટત્વધર્મના ગુણી એવા ઘટનું ક્ષેત્ર છે. એ રીતે અનંત ધર્મના ગુણીનો દેશ એક હોવાથી, ગુણીદેશરૂપે સર્વ ધર્મનો પરસ્પર અભેદ છે.

**(૭) ભેદપ્રધાનતત્સંબંધરૂપ સંસર્ગ :-** ભેદપ્રધાનતત્સંબંધરૂપ સંસર્ગરૂપે એક ધર્મની સાથે સકલ ધર્મોની અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, અવિષ્વગ્ભાવલક્ષણ સંબંધમાં અભેદ પ્રધાન હોય છે, અને સંસર્ગરૂપ સંબંધમાં ભેદ પ્રધાન હોય છે. અને ભેદપ્રધાન એવા જે અસ્તિત્વનો ઘટની સાથે સંબંધ છે, તે જ સંબંધ અન્ય ધર્મોનો ઘટની સાથે છે. તેથી સંસર્ગરૂપે એક ધર્મની સાથે સર્વ ધર્મોનો અભેદ પ્રતિસંધાન કરાય છે.

અહીં વિશેષ એ છે કે, સંબંધમાં પણ દ્રવ્યાર્થિકનયથી જોવામાં આવે ત્યારે અવિષ્વગ્ભાવ (કથંચિત્ તાદાત્મ્યભાવ) સંબંધની પ્રાપ્તિ થાય, અને પર્યાયાર્થિકનયથી જોવામાં આવે ત્યારે ભેદની પ્રધાનતા પ્રાપ્ત થાય. કેમ કે અવિષ્વગ્ભાવ સંબંધમાં અભેદ પ્રધાન છે અને દ્રવ્યાર્થિકનય અભેદને જુવે છે, તેથી બધા ધર્મોનો દ્રવ્યની સાથે અભેદ દેખાય છે. આમ છતાં બધા ધર્મોનો દ્રવ્યની સાથે કથંચિત્ ભેદ પણ છે. તેથી પર્યાયાર્થિકનયથી જોવામાં આવે ત્યારે સર્વ ધર્મોનો એક ધર્મીમાં સંસર્ગ માત્ર દેખાય, પરંતુ ધર્મી સાથે અભેદ ન દેખાય. તેથી એ પ્રાપ્ત થાય કે, સંબંધની વિવક્ષા કરવાની હોય ત્યારે, એક ધર્મની સાથે સકલ ધર્મની અભેદવૃત્તિનું પ્રતિસંધાન દ્રવ્યાર્થિકનયને આશ્રયીને કરાય છે, અને તે વખતે પર્યાયાર્થિકનય ગૌણ હોય છે અને દ્રવ્યાર્થિકનય મુખ્ય હોય છે; અને સંસર્ગની વિવક્ષા કરવાની હોય ત્યારે, પર્યાયાર્થિકનય પ્રધાન હોય છે, તેથી એક ધર્મની સાથે સકલ ધર્મના ભેદનું પ્રતિસંધાન મુખ્ય કરીને સકલ ધર્મોનો ઘટ સાથે સંસર્ગ છે તેમ પ્રતિસંધાન થાય છે.

**(૮) એકશબ્દવાચ્યત્વલક્ષણ શબ્દ :-** એકશબ્દવાચ્યત્વલક્ષણ શબ્દરૂપે એક ધર્મની સાથે સકલ ધર્મોની અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરાય છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, '**घटोऽस्ति**' એ પ્રકારના પ્રયોગમાં '**अस्ति**' એ પ્રકારનો શબ્દ અસ્તિત્વધર્મવાળા ઘટરૂપ વસ્તુનો વાચક છે, તેમ તે જ '**अस्ति**' શબ્દ અનંતધર્માત્મક એવી ઘટ વસ્તુનો વાચક છે. તેથી અસ્તિત્વરૂપ એક ધર્મની સાથે એકશબ્દવાચ્યત્વરૂપે સકલ ધર્મના અભેદની પ્રાપ્તિ થાય છે.

અહીં વિશેષ એ છે કે, '**घटोऽस्ति**' એ પ્રયોગમાં '**अस्ति**' શબ્દ અસ્તિત્વધર્મવાળા ઘટ શબ્દનો વાચક છે અને ઘટ પોતે અનંતધર્માત્મક વસ્તુ છે. તેથી '**अस्ति**' શબ્દથી જ અનંતધર્માત્મક વસ્તુરૂપ ઘટનું કથન થતું હોવાથી, '**अस्ति**' શબ્દ વાચ્યત્વરૂપે જ ઘટનિષ્ઠ સર્વ ધર્મોના અભેદની પ્રાપ્તિ થાય છે.

## -: સપ્તભંગીની નિષ્પત્તિ :-

વસ્તુના એક ધર્મને આશ્રયીને વિચારક વ્યક્તિને સાત પ્રકારની જિજ્ઞાસા થાય છે, તેથી સાત પ્રકારના પ્રશ્નો ઊઠે છે. અને તે સાત પ્રકારના પ્રશ્નોના જવાબરૂપ સાત ભાંગાઓ પડે છે, અને તે જ સપ્તભંગી વસ્તુ છે.

અને વિચારકને સાતથી વધારે જિજ્ઞાસા થઇ શકતી નથી, તે જ બતાવે છે કે સાત જિજ્ઞાસા પૂર્ણ થવાને કારણે એક ધર્મનો પરિપૂર્ણ બોધ સપ્તભંગીથી થાય છે. સપ્તભંગી કરવા માટે પ્રથમ ભાંગામાં એક નયનું અર્પણ (મુખ્ય) કરવામાં આવે છે, અને બીજા ભાંગામાં તેના પ્રતિપક્ષ નયનું અર્પણ કરવામાં આવે છે. ત્રીજા ભાંગામાં નયદ્વયનું ક્રમસર અર્પણ કરવામાં આવે છે, અને ચોથા ભાંગામાં નયદ્વયનું યુગપદ્ અર્પણ કરવામાં આવે છે. આ રીતે ચાર ભાંગાઓ ઘટરૂપ પૂર્ણ વસ્તુને ગ્રહણ કરીને કરવામાં આવે છે, અને પાછળના ત્રણ ભાંગા, ઘટરૂપ વસ્તુના એક દેશમાં એક નય અને અન્ય દેશમાં નયદ્વયના યુગપદ્ અર્પણને કરીને કરવામાં આવે છે. તેથી પાંચમો ભાંગો, એક દેશમાં એક નયનું અર્પણ કરીને અને અન્ય દેશમાં નયદ્વયનું યુગપદ્ અર્પણ કરીને બને છે. છઠ્ઠો ભાંગો, પાંચમાં ભાંગામાં ગ્રહણ કરાયેલ નયના પ્રતિપક્ષનયનું એક દેશમાં અર્પણ કરવામાં આવે છે અને બીજા દેશમાં યુગપદ્ નયદ્વયનું અર્પણ કરવામાં આવે છે. અને સાતમા ભાંગામાં, એક દેશમાં એક નયનું, બીજા દેશમાં પ્રતિપક્ષ એક નયનું અને ત્રીજા દેશમાં બંને નયનું યુગપદ્ અર્પણ કરવામાં આવે છે. તેથી સપ્તભંગી કરવા માટે હંમેશાં નયદ્વયનું ગ્રહણ થાય છે. આમ છતાં વિકલાદેશની સપ્તભંગી, અનંતધર્માત્મક વસ્તુના અનંત ધર્મોના કથનરૂપ નહિ હોવાથી અને એક જ ધર્મને સાત ભાંગાઓ દ્વારા પરિપૂર્ણ જણાવનાર હોવાથી, વિકલાદેશની સપ્તભંગીને નયસપ્તભંગી કહેવાય છે. જ્યારે સકલાદેશની સપ્તભંગી, એક ધર્મની સાથે સર્વ ધર્મોનો અભેદ થયેલો હોવાના કારણે, પરિપૂર્ણ વસ્તુનો બોધ કરાવનાર હોવાથી, પ્રમાણસપ્તભંગી કહેવાય છે.

અહીં વિશેષ એ છે કે, જેમ સર્વજ્ઞ અનંતધર્માત્મક વસ્તુને પરિપૂર્ણ જાણે છે, તેમ છદ્મસ્થ પણ સકલાદેશની સપ્તભંગીથી પરિપૂર્ણ વસ્તુને જાણે છે. તેથી સર્વજ્ઞના જ્ઞાનતુલ્ય જ સકલાદેશની સપ્તભંગીથી વસ્તુનો બોધ થાય છે. તો પણ સર્વજ્ઞ અનંતધર્મોને પ્રાતિસ્વિક અર્થાત્ જુદા જુદા રૂપે એક જ સમયમાં કેવલજ્ઞાનથી જાણે છે, જ્યારે છદ્મસ્થ સકલાદેશની સપ્તભંગીથી અનત ધર્મોનો એક ધર્મની સાથે અભેદ કરીને સમૂહરૂપે બોધ કરે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં સ્થિતપક્ષે કહ્યું કે, વ્યવહાર કરતાં નિશ્ચયની વિશેષતા છે કે, નિશ્ચય સર્વનયમતરૂપ છે, જ્યારે વ્યવહાર સર્વનયમતરૂપ નથી. તેની સામે વ્યવહારવાદીએ કહેલ કે, જો નિશ્ચયનય સર્વનયમતરૂપ હોય, તો તે સકલાદેશ બની જશે; અને સકલાદેશ એ પ્રમાણરૂપ છે, તેથી નિશ્ચયનયને નયરૂપે સ્વીકારી શકાશે નહિ. ત્યાં વ્યવહારનયે નિશ્ચયનય સર્વનયમત છે તે સર્વનયમતનો કોઇ સ્પષ્ટ અર્થ કરેલ નથી, પરંતુ સર્વનયને માન્ય છે તે જ નિશ્ચયને માન્ય છે તે વાત સ્વીકારીને, નિશ્ચયનયને પ્રમાણ માનવાની આપત્તિ આપેલ છે. તેથી સ્થિતપક્ષે પ્રસ્તુત ગાથા-૬૫ના પ્રારંભમાં સર્વનયમતનો અર્થ કરી બતાવ્યો કે, નિશ્ચયનયનો વિષય ભાવ છે, તે સર્વનયને માન્ય છે; તે પ્રકારનો સર્વનયમયત્વ કે સર્વનયમતત્વનો અર્થ છે. માટે નિશ્ચયનયને સકલાદેશ માનવાની આપત્તિ આવશે નહિ.

ત્યાં પ્રશ્ન થાય કે, સકલાદેશ અને વિકલાદેશ શું પદાર્થ છે? અને નિશ્ચયનયનો વિષય ભાવ છે, અને તે સર્વનયને માન્ય છે, એટલા માત્રથી તે સકલાદેશ કેમ બનતો નથી? તે પ્રકારની શંકાને સામે રાખીને **"अयमर्थः- ........ अभित्तिचित्रार्पितः इति।"** સુધીનું કથન છે. તેનાથી એ સ્પષ્ટ થાય છે કે, સકલાદેશમાં સપ્તભંગીની પ્રવૃત્તિ હોય છે, અને સકલાદેશની સપ્તભંગીથી પરિપૂર્ણ વસ્તુનું ગ્રહણ થાય છે, તેથી સકલાદેશ પ્રમાણવચનરૂપ હોય છે; અને પ્રમાણવચન બધા નયોના સંગ્રહરૂપ પદાર્થને સ્વીકારનાર છે, જ્યારે નિશ્ચયનય બધા નયોને માન્ય પદાર્થને સ્વીકારતો નથી; પરંતુ નિશ્ચયનયને માન્ય ભાવ છે તે બધા નયોને માન્ય છે, તેથી જ તે-સકલાદેશરૂપ

નથી. અને તે સકલાદેશરૂપ નથી તેથી નિશ્ચયનયનું કથન સપ્તભંગીના સાત ભાંગાઓ નિષ્પન્ન કરવામાં (બનાવવામાં) કારણ નથી, આમ છતાં નિશ્ચયનયને સકલાદેશ કહીને પ્રમાણ માનવાની આપત્તિ આપવી તે ભીંત વગર ચિત્ર કરવા જેવી હાસ્યાસ્પદ પ્રવૃત્તિ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, તો પછી વ્યવહારનય સ્થિતપક્ષને કઇ રીતે નિશ્ચયનય સકલાદેશરૂપ બનશે, એ પ્રકારની આપત્તિ આપે? તે શંકાને સામે રાખીને **'न खलु..........सिद्धिमध्यास्त ।'** સુધીનું કથન છે. તે બતાવે છે---

**ટીકા :- न खलु सकलादेशोपयोग्यभेदवृत्तिप्रतिसन्धायकतया निश्चयोपयोगः प्रतिपादयितुं भवतोपक्रान्तः, व्यवहारार्पितज्ञानहेतुकत्वपुरस्कारेणापि तत्प्रवृत्तेः, अपि तु स्वविषयमात्रेण सकलभङ्गोपग्राहकतया। न च तथात्वं तस्याद्यापि सिद्धिमध्यास्त।**

**ટીકાર્થ :- 'न खलु'** વળી સકલાદેશઉપયોગી અભેદવૃત્તિપ્રતિસંધાયકપણારૂપે નિશ્ચયનો ઉપયોગ કહેવા માટે તમારા વડે અર્થાત્ વ્યવહારનય વડે આરંભ કરાયો નથી, કેમ કે વ્યવહારઅર્પિત જ્ઞાનહેતુકત્વ પુરસ્કારથી પણ સપ્તભંગીની પ્રવૃત્તિ છે, પરંતુ સ્વવિષયમાત્રથી સકલભંગઉપગ્રાહકપણારૂપે (નિશ્ચયનયનો ઉપયોગ કહેવા માટે ઉપક્રાંત કરાયો છે.) અને નિશ્ચયનું તથાપણું અર્થાત્ સ્વવિષયમાત્રથી સકલભંગઉપગ્રાહકપણું, હજુ સુધી પણ સિદ્ધિને પામ્યું નથી.

સામાન્યથી દ્રવ્યાર્થિકનયને આશ્રયીને અભેદવૃત્તિ કરાય છે, આમ છતાં નિશ્ચયનયથી પણ અભેદવૃત્તિ પ્રાપ્ત થતી હશે, એમ ઉપરના કથનથી ફલિત થાય છે. તત્ત્વ બહુશ્રુત જાણે.

**ભાવાર્થ :-** સર્વનયમતત્વનો અર્થ ત્રણ રીતે થઇ શકે છે, તે આ રીતે-

(૧) નિશ્ચયનય જે માને છે તે સર્વ નય માને છે. તેથી નિશ્ચયનય સર્વનયમય છે. જેમ નિશ્ચયનય ભાવઘટને માને છે, તે ભાવઘટને અન્ય સર્વ નયો ઘટરૂપે સ્વીકારે છે.

(૨) સર્વ નયો જે માને છે, તેના સમુદાયરૂપ માન્યતા જે ધરાવે, તે સર્વનયમય કહેવાય. જેમ પ્રમાણવાક્ય સર્વનયના સમુદાયરૂપ છે અને તેથી પ્રમાણવાક્યને સર્વનયમત કહેવાય.

(૩) સકલાદેશ એ પ્રમાણરૂપ હોવાથી સર્વનયના સમુદાયરૂપ છે, અને સકલાદેશને ઉપયોગી એવી અભેદવૃત્તિનો પ્રતિસંધાયક નિશ્ચયનય છે, તેથી ઉપચારથી તેને પણ સર્વનયમય કહી શકાય. કેમ કે સર્વનયમય પ્રમાણવાક્યનો બોધ કરવામાં નિશ્ચયની ઉપયોગિતા છે. તેથી ઉપચારથી ત્રીજો વિકલ્પ સકલાદેશરૂપ પ્રાપ્ત થાય.

અહીં સકલાદેશમાં ઉપયોગી એવી અભેદવૃત્તિનો પ્રતિસંધાયક નિશ્ચયનય છે, તેનો ભાવ એ છે કે, નિશ્ચયનય ધર્મ-ધર્મીનો અભેદ કરે છે, જ્યારે વ્યવહારનય ધર્મ-ધર્મીનો ભેદ કરે છે. અને નિશ્ચયનય ધર્મ-ધર્મીનો અભેદ કરતો હોવાને કારણે, સકલાદેશ માટે ઉપયોગી એવી એક ધર્મની સાથે અન્ય સર્વધર્મની અભેદવૃત્તિ નિશ્ચયનયથી પ્રાપ્ત થાય છે. તેથી અભેદવૃત્તિનો પ્રતિસંધાયક નિશ્ચયનય છે, અને તેને જ કારણે કાલાદિ આઠેયને આશ્રયીને એક ધર્મની સાથે સકલધર્મની અભેદવૃત્તિની પ્રાપ્તિ થાય છે.

હવે અહીં સ્થિતપક્ષને એ કહેવું છે કે, આ ત્રીજા પ્રકારનો સર્વનયમતત્વનો અર્થ સામે રાખીને, વ્યવહારનયે નિશ્ચયનયને સકલાદેશ કહેવાની આપત્તિ આપેલ નથી. કેમ કે એ રીતે જો વ્યવહારનય આપત્તિ આપે તો વ્યવહારનય પણ સકલાદેશ બની શકે. કેમ કે સકલાદેશની સપ્તભંગી બનાવવા માટે વ્યવહારઅર્પિત જ્ઞાનહેતુકત્વ પુરસ્કારથી પણ પ્રવૃત્તિ થાય છે. તેથી સપ્તભંગી બનાવવામાં ઉપકારક હોવાથી વ્યવહારનયને પણ ઉપચારથી સકલાદેશ સ્વીકારી શકાય. અને જો વ્યવહારનય ઔપચારિક સકલાદેશના સ્વીકારથી નિશ્ચયનયને નયરૂપે અસ્વીકારની આપત્તિ આપે, તો વ્યવહારનય પણ ઔપચારિક રીતે સકલાદેશ હોવાને કારણે નયરૂપે અસિદ્ધ થાય. તેથી પૂર્વમાં કહેલ ત્રણ વિકલ્પમાંથી બીજા વિકલ્પને સામે રાખીને, વ્યવહારનયે નિશ્ચયનયને સકલાદેશરૂપે સ્વીકારવાની આપત્તિ આપેલ છે. તેને સામે રાખીને જ સ્થિતપક્ષ કહે છે કે, સ્વવિષયમાત્રથી સકલભંગના ઉપગ્રાહકપણાવડે કરીને નિશ્ચયના ઉપયોગને પ્રતિપાદન કરવા માટે વ્યવહારનયે ઉપક્રાંત કરેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, નિશ્ચયનયનો વિષય સર્વનયના સમુદાયરૂપ છે, અને તેથી જ સકલાદેશના સપ્તભંગીમાં સકલભંગનો ઉપગ્રાહક નિશ્ચયનય છે, અને તેથી નિશ્ચયનય પ્રમાણરૂપે પ્રાપ્ત થશે. આ ભાવને સામે રાખીને વ્યવહારનયે સ્થિતપક્ષને આપત્તિ આપેલ છે. તેની સામે સ્થિતપક્ષ કહે છે કે, નિશ્ચયનયનું તથાપણું અર્થાત્ સ્વવિષયમાત્રથી સકલભંગનું ઉપગ્રાહકપણું, હજુ સિદ્ધ થયું નથી, કે જેથી નિશ્ચયનયને પ્રમાણરૂપે કહેવાની આપત્તિ આવે.

આનાથી એ ફલિત થયું કે, ત્રણ વિકલ્પમાંથી બીજો વિકલ્પ સ્વીકારીએ, તો જ નિશ્ચયનય પ્રમાણરૂપ છે તેમ કહી શકાય. પરંતુ નિશ્ચયનય બીજા વિકલ્પરૂપે સર્વનયમયત્વરૂપ નથી, પણ પહેલા વિકલ્પરૂપે સર્વનયમયત્વરૂપ છે, એમ સ્થિતપક્ષને કહેવું છે. તેથી તેને સકલાદેશરૂપે સ્વીકારવાની આપત્તિ આવશે નહિ. અહીં સકલાદેશવચન અને પ્રમાણવચન એકાર્થવાચી છે.

અહીં "**व्यवहारार्पितज्ञानहेतुकत्वपुरस्कारेणापि**" જે કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, વ્યવહારનય મોક્ષના કારણરૂપે જ્ઞાનની અર્પણા (મુખ્ય) કરે છે. તેથી સપ્તભંગીના સાત ભાંગા કરવા અર્થે જ્યારે વ્યવહારનયની અર્પણા કરવામાં આવે, ત્યારે તે પ્રથમ ભાંગો કરે છે કે '**स्याज्ज्ञानमस्ति**' અર્થાત્ કથંચિત્ મોક્ષના કારણરૂપે જ્ઞાન છે. ત્યારપછી નિશ્ચયનયને અવલંબીને બીજો ભાંગો બન્યો કે, '**स्याज्ज्ञानन्नास्ति**' અર્થાત્ મોક્ષના કારણરૂપે જ્ઞાન નથી. આ રીતે સાતે ભાંગાની નિષ્પત્તિ કરવામાં યથાયોગ્ય વ્યવહારનય પણ કારણ બને છે. તેથી સકલાદેશની સપ્તભંગી પ્રત્યે કારણ બનતું હોવાથી ઉપચારથી તેને પણ સકલાદેશ કહી શકાય.

'**स्वविषयमात्रेण सकलभङ्गोपग्राहकतया**' કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પ્રમાણવાક્ય સ્વવિષયમાત્રથી સકલભંગનો ઉપગ્રાહક છે. કેમ કે પ્રમાણવાક્ય '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' એ પ્રમાણે માને છે. તેથી સાત ભાંગા કરવા માટે '**स्याज्ज्ञानमस्ति**' એ પ્રકારનો પ્રથમ ભાંગો થાય છે, ત્યારે જ્ઞાનને ગ્રહણ કરીને પ્રથમ ભાંગો બને છે. અને પ્રમાણને માન્ય ચારિત્રને ગ્રહણ કરીને '**स्याज्ज्ञानन्नास्ति**' એ પ્રકારનો બીજો ભાંગો થાય છે. તેથી પ્રમાણનો વિષય જ્ઞાન અને ચારિત્ર બંને હોવાથી, પ્રમાણના વિષયમાત્રથી બંને ભાંગા બની શકે છે. તે જ રીતે આગળના ભાંગા પણ બની શકે છે. તેથી પ્રમાણના વિષયમાત્રથી પ્રમાણ સકલભંગનો ઉપગ્રાહક છે, જ્યારે નય પોતાના વિષયમાત્રથી સકલભંગનો ઉપગ્રાહક નથી. આમ છતાં સ્થિતપક્ષને વ્યવહારનયે કહ્યું કે, તમે નિશ્ચયનયને સર્વનયમત માનો છો તેથી, તે સ્વવિષયમાત્રથી પ્રમાણની જેમ સકલભંગનો ઉપગ્રાહક થશે, અને

તેથી તેને પ્રમાણ માનવાની આપત્તિ આવશે. તેનો સ્થિતપક્ષે જવાબ આપ્યો કે, સ્વવિષયમાત્રથી સકલભંગઉપગ્રાહકપણું નિશ્ચયનયનું હજુ પણ સિદ્ધ થયું નથી.

**ઉત્થાન :-** અહીં **'न खलु'....** થી જે કથન કર્યું ત્યાં કહ્યું કે, સકલાદેશને ઉપયોગી એવી અભેદવૃત્તિના પ્રતિસંધાયકરૂપે નિશ્ચયનયનો ઉપયોગ છે તેને સ્વીકારીને વ્યવહારનયે આપત્તિ આપેલ નથી. તેનાથી એ ફલિત થયું કે, સકલાદેશની સપ્તભંગી કરવામાં અભેદવૃત્તિના પ્રતિસંધાયકરૂપે અર્થાત્ સકલાદેશના નિયામકરૂપે નિશ્ચયનય છે, જ્યારે વ્યવહારનય સકલાદેશના નિયામકરૂપે નથી. તે વાતને સામે રાખીને સ્થિતપક્ષ વ્યવહારનયને કહે છે-

**ટીકા :- सकलादेशनियामकत्वरूपं व्यवहारातिशायित्वं तु निश्चयस्य सर्वाभिमतविषयत्वमिव बाढमनुमन्यामह एव।**

**ટીકાર્થ :-** સકલાદેશના નિયામકત્વરૂપ વ્યવહારથી અતિશયિતપણું નિશ્ચયનયનું સર્વાભિમતવિષયત્વની જેમ અમે અત્યંત માનીએ છીએ જ .

**ભાવાર્થ :-** સ્થિતપક્ષ કહે છે કે, જેમ નિશ્ચયનયનું સર્વનયમયત્વ છે, તેમ સકલાદેશનિયામકત્વ પણ છે. જે વ્યવહાર કરતાં નિશ્ચયની વિશેષતા છે.

❀ અહીં **'सर्वाभिमतविषयत्वं'** એ 'સર્વનયમયત્વ'ના અર્થમાં છે.

**ઉત્થાન :-** સ્થિતપક્ષે સકલાદેશનિયામકરૂપે વ્યવહાર કરતાં નિશ્ચયનયનું અતિશયપણું બતાવ્યું, ત્યાં વ્યવહારનય પણ નિશ્ચયનય કરતાં જ્ઞાન-ક્રિયારૂપ વિષયદ્વયના વિસ્તારાત્મક સકલભંગઉપગ્રાહકત્વરૂપ બલવત્ત્વ પોતાનામાં છે તે બતાવે છે, તેનું સ્થિતપક્ષ નિરાકરણ કરે છે.

**ટીકા :- यत्तु** [1] "तवसंजमो अणुमओ णिग्गंथं पवयणं च ववहारो।" **इति वचनात् व्यवहारस्यैव ज्ञानक्रियारूपविषयद्वयविस्तारात्मकसकलभङ्गोपग्राहकत्वं बलवत्त्वाऽऽवेदकमिति तन्न, अपर्णान्तर-प्रयोजकनयान्तराभावे भङ्गसाकल्याऽसंभवाद्, व्यवहारेणापि ज्ञानस्य प्रधानतया तपःसंयमयोस्तूप-सर्जनतयैव हेतुत्वाभ्युपगमात्।**

**ટીકાર્થ :- 'यत्तु'** તપ-સંયમ અનુમત છે અને નિર્ગ્રંથપ્રવચન અને ચકારથી સમ્યગ્દર્શન તે વ્યવહારનય છે. આ પ્રકારના આવશ્યકનિર્યુક્તિના વચનથી વ્યવહારનું જ જ્ઞાન-ક્રિયારૂપ વિષયદ્વયના વિસ્તારાત્મક સકલભંગ-

---

१. आवश्यकनिर्युक्तिः अस्योत्तरार्द्धः- सद्दुज्जुसुयाण पुण निव्वाणं संजमो चेव ॥७८९॥
तपःसंयमोऽनुमतो नैर्ग्रन्थ्यं प्रवचनं च व्यवहारः । शब्दऋजुसूत्रयोः पुनर्निर्वाणं संयमश्चैव ॥

ઉપગ્રાહકત્વ છે તે બલવત્ત્વનું આવેદક છે, એ પ્રમાણે વ્યવહારનય કહે છે, તે બરાબર નથી. (અહીં '**यत्**' નો અન્વય '**तत्र**' ની સાથે છે.)

તેમાં હેતુ કહે છે-

અર્પણાંતર પ્રયોજક નયાંતરના અભાવમાં ભંગસાકલ્યનો અસંભવ છે.

**ઉત્થાન :-** અહીં શંકા થાય કે, આવશ્યકનિર્યુક્તિના વચન પ્રમાણે, વ્યવહારનયે જ્ઞાનનો અને તપ-સંયમનો બંનેનો સ્વીકાર કરેલ છે. તેથી જ્ઞાનનયને આશ્રયીને પ્રથમ ભાંગો કર્યા પછી ક્રિયાને આશ્રયીને બીજો ભાંગો થઇ શકે છે, તેથી અર્પણાંતરના પ્રયોજક નયાંતરનો ત્યાં અભાવ નથી. તેના નિરાકરણ રૂપે કહે છે-

'**व्यवहारेणापि**' - વ્યવહાર વડે પણ મોક્ષ પ્રત્યે જ્ઞાનને પ્રધાનતારૂપે અને તપ-સંયમને ગૌણપણારૂપે સ્વીકારેલ હોવાથી (અર્પણાંતરના પ્રયોજક નયાંતરનો અભાવ છે.)

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જ્ઞાન અને ક્રિયામાં પ્રથમ જ્ઞાનને અર્પણ કરીને એક ભાંગો પાડ્યા પછી, બીજી અર્પણા કરવામાં પ્રયોજક એવો નયાંતર અર્થાત્ અન્ય નય, જો ક્રિયારૂપ હોય તો તેને મુખ્ય કરીને બીજો ભાંગો પડી શકે, અને એ રીતે બધા ભાંગાઓ સંભવે. પરંતુ વ્યવહારનયના મતે આવશ્યકનિર્યુક્તિના વચન મુજબ યદ્યપિ જ્ઞાન અને ક્રિયા ઉભય અનુમત છે, તો પણ વ્યવહારનયે જ્ઞાનને પ્રધાનરૂપે અને તપ-સંયમને ગૌણરૂપે હેતુ તરીકે સ્વીકારેલ છે તેથી, જ્ઞાનનયની અર્પણા કરીને, ત્યારપછી અન્ય ભાંગાનો પ્રયોજક નયાંતરરૂપ ક્રિયાનય વ્યવહારનયના મતે મુખ્યરૂપે નથી. યદ્યપિ વ્યવહારનય તપ-સંયમને સ્વીકારે છે, પણ ગૌણરૂપે સ્વીકારે છે; તેથી તેની અર્પણા દ્વારા બીજો ભાંગો કરી શકાય નહિ, કેમ કે જેની અર્પણા કરાય તે મુખ્ય હોય, ગૌણ નહિ.

અહીં વિશેષ એ છે કે, પ્રમાણવાક્ય જ્ઞાન અને ક્રિયા ઉભયને પ્રધાનરૂપે સ્વીકારે છે, તેથી જ્ઞાનની અર્પણા કરીને પ્રથમ ભાંગો થઇ શકે અને ક્રિયાની અર્પણા કરીને બીજો ભાંગો થઇ શકે, અને ત્યારપછી યથાયોગ્ય ક્રમિક અને યુગપદ્ અર્પણા દ્વારા અન્ય ભાંગાઓ પણ થઇ શકે છે, તેથી પ્રમાણની સપ્તભંગી થઇ શકે છે. પરંતુ વ્યવહારનય તો જ્ઞાનને મુખ્યરૂપે સ્વીકારે છે, તેથી જ્ઞાનને અર્પણ કરીને વ્યવહારનય સપ્તભંગીના યથાયોગ્ય ભાંગાઓ કરી શકે; પરંતુ ક્રિયાને અર્પણ કરીને વ્યવહારનય ભાંગાઓ કરી શકે નહિ. કેમ કે તપસંયમરૂપ ક્રિયાને તે ગૌણરૂપે સ્વીકારે છે અને સંપૂર્ણ સપ્તભંગી કરવામાં વ્યવહારનયને નયાંતરની અપેક્ષા રહે છે.

અહીં અર્પણાનો **અર્થ મુખ્ય છે**. તેથી જે નય જેને મુખ્ય તરીકે સ્વીકારે તે જ અર્પણ કરીને તે ભાંગો કરી શકે.

**ઉત્થાન :-** પૂર્વમાં આવશ્યકનિર્યુક્તિના પાઠથી એ પ્રાપ્ત થયું કે, વ્યવહારનય પ્રવચન અને તપ-સંયમને સ્વીકારે છે અને ત્યાં પૂર્વમાં કહ્યું કે, વ્યવહારનય જ્ઞાનને પ્રધાનરૂપે સ્વીકારે છે અને તપ-સંયમને ગૌણરૂપે સ્વીકારે છે. તો પણ વ્યવહારનય ઉભયને અર્થાત્ જ્ઞાન અને ક્રિયાને સ્વીકારે જ છે. તેથી તેને સકલભંગઉપગ્રાહક માનવામાં શું વાંધો છે? એ પ્રકારની શંકાને સામે રાખીને કહે છે-

**ટીકા :- न हि स्वविषयप्रधानतया सकलाभ्युपगमेऽपि नयस्य प्रामाण्यमिष्टं, अन्यथा सामान्यविशेषोभयस्वीकारप्रवणस्योलूकदर्शनस्य प्रामाण्यप्रसङ्गात्, न चैवमिष्यते, यद्भाण भगवान्**

**भाष्यकार:**- [ वि. आ. भा. २१९५ ]

[१] दोहि वि णएहि णीयं सत्थमुलूएण तह वि मिच्छत्तं ।
जं सविसयप्पहाणत्तणेण अन्नोन्नणिरवेक्खं ॥ ति

❀ વિશેષાવશ્યક ગાથા ૨૧૯૫ મૂળમાં '**सविसयप्पहाणत्तणेण**' છે. ત્યાં તે ગાથાની ટીકામાં '**स्वस्वविषयप्राधान्याभ्युपगमेन**' આ રીતે અર્થ કરેલ છે. તથા શ્લોકમાં '**णिरवेक्खं**' છે. ત્યાં વિશેષાવશ્યક ભાષ્યમાં '**निरवेक्खा**' પાઠ છે. અને તે શુદ્ધ પાઠ લાગે છે.
❀ સકલભંગઉપગ્રાહક માનવું તે પ્રમાણરૂપે માનવારૂપ જ છે.

**ટીકાર્થ :-** સ્વવિષયના પ્રધાનપણારૂપે સકલના અભ્યુપગમમાં પણ અર્થાત્ સ્વીકારમાં પણ, નયનું પ્રામાણ્ય ઇષ્ટ નથી. અન્યથા અર્થાત્ સ્વવિષયના પ્રધાનપણારૂપે સકલના અભ્યુપગમમાં પણ નયનું પ્રામાણ્ય ઇષ્ટ હોય તો, સામાન્ય અને વિશેષ ઉભય સ્વીકારમાં નિપુણ એવા ઉલૂકદર્શનના પ્રામાણ્યનો પ્રસંગ છે, અને આ ઇષ્ટ નથી. જે ભગવાન ભાષ્યકારે કહ્યું છે-

'**दोहि वि**' - બે નય દ્વારા ઉલૂક વડે શાસ્ત્ર રચાયેલું છે, તો પણ મિથ્યાત્વ છે. જે કારણથી સ્વવિષયના પ્રધાનપણા વડે કરીને અન્યોન્ય નિરપેક્ષ એવા બે નય અર્થાત્ દ્રવ્યાસ્તિકનય અને પર્યાયાસ્તિકનય, ઉલૂકે સ્વીકાર્યા છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, કોઇ પણ નય સ્વવિષયના પ્રધાનપણા વડે કરીને સકલનો સ્વીકાર કરે, તો પણ નયને પ્રમાણ કહેવાય નહિ; પરંતુ સકલ વસ્તુને પ્રધાનરૂપે સ્વીકારે, તે જ પ્રમાણ વચન છે. અને આથી જ, વ્યવહારનય પ્રધાનરૂપે જ્ઞાનને સ્વીકારે છે અને ગૌણરૂપે તપ-સંયમને સ્વીકારે છે તેથી તે નયવચન છે; જ્યારે પ્રમાણવચન જ્ઞાનને પણ પ્રધાનરૂપે સ્વીકારે છે અને તપ-સંયમને પણ પ્રધાનરૂપે સ્વીકારે છે. અને નૈયાયિક-વૈશેષિકદર્શન સામાન્ય અને વિશેષ ઉભયને પ્રધાનરૂપે સ્વીકારતું હોવા છતાં, સામાન્ય અને વિશેષને અન્યોન્ય નિરપેક્ષ સ્વીકારે છે, તેથી તે દુર્નય છે.

આનાથી એ પ્રાપ્ત થાય કે, સુનય સ્વવિષયને પ્રધાન સ્વીકારે અને અન્ય નયના વિષયને ગૌણરૂપે સ્વીકારે, જ્યારે દુર્નય સ્વવિષયને માત્ર સ્વીકારે અને અન્યનયના વિષયને ન સ્વીકારે; અથવા સામાન્ય અને વિશેષરૂપ પરિપૂર્ણ વસ્તુને પણ, સ્વસ્વવિષયના પ્રાધાન્યથી સ્વીકારવા છતાં, પરસ્પર નિરપેક્ષ સ્વીકારે, તો તે દુર્નય બને.

ઉલૂક એક જ વસ્તુને સામાન્ય અને વિશેષરૂપે માનતો નથી. ઘટત્વાદિ જાતિ ઘટમાં માને છે, અને દ્રવ્ય-ગુણ અને કર્મ એ ત્રણમાં સત્તારૂપ જાતિ માને છે, અને પરમાણુમાં વિશેષ નામનો સ્વતંત્ર પદાર્થ માને છે. આ રીતે અન્યોન્ય નિરપેક્ષ સામાન્ય અને વિશેષને સ્વીકારે છે માટે તે દુર્નય છે. અને સ્યાદ્વાદી એક જ વસ્તુને દ્રવ્યાર્થિકનયથી સામાન્યરૂપે અને પર્યાયાર્થિકનયથી વિશેષરૂપે સ્વીકારે છે, તેથી તે સામાન્ય અને વિશેષને અન્યોન્ય સાપેક્ષ સ્વીકારે છે. અને તે સામાન્ય અને વિશેષને અન્યોન્ય સાપેક્ષ સ્વીકારવા છતાં, ગૌણ-મુખ્યભાવથી સ્વીકારે, ત્યારે નય બને છે; અને સામાન્ય અને વિશેષ બંનેને મુખ્ય સ્વીકારે, ત્યારે પ્રમાણ બને છે.

---

१. द्वाभ्यामपि नयाभ्यां नीतं शास्त्रमुलूकेन तथापि मिथ्यात्वम् । यत्स्वविषयप्रधानत्वेनाऽन्योन्यनिरपेक्षौ ॥

**ઉત્થાન :- 'न च तथात्वं तस्याद्यापि.....'**થી ગાથા-૬૫ની ટીકાની પૂર્ણાહુતિ સુધીનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तदेवं प्रत्येकं भङ्गोपग्राहकत्वं द्वयोस्तुल्यमेव बलं, प्रतिभङ्गं सकलादेशप्रयोजकतया तु निश्चयोऽतिरिच्यत इत्युक्तं॥६५॥**

**ટીકાર્થ :- 'तदेवं'** તે કારણથી, આ રીતે બંનેમાંથી પ્રત્યેકનું ભંગઉપગ્રાહકત્વરૂપ બલ તુલ્ય જ છે, અને પ્રતિભંગને આશ્રયીને સકલાદેશપ્રયોજક વડે નિશ્ચય અધિક છે, એ પ્રમાણે કહેવાયું.

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, નિશ્ચય અને વ્યવહાર બંનેનું, તે તે ભંગઉપગ્રાહકપણું છે. તે આ રીતે- જ્ઞાનને મુખ્ય કરીને વ્યવહારનય કહે કે મોક્ષના કારણરૂપે જ્ઞાન **'स्याद् अस्ति'**. નિશ્ચયનય ક્રિયાને મુખ્ય કરીને કહે કે મોક્ષ પ્રત્યે કારણરૂપે જ્ઞાન **'स्याद् नास्ति'** આ રીતે વ્યવહારનયે જ્ઞાનની અર્પણા કરીને **'अस्ति'** ભાંગો કર્યો, અને નિશ્ચયનયે જ્ઞાનની અનર્પણા કરીને **'नास्ति'** ભાંગો કર્યો. તેથી નિશ્ચયનય કે વ્યવહારનય સકલભંગના ઉપગ્રાહક નથી પરંતુ પ્રત્યેક ભંગના ઉપગ્રાહક છે. અને નયના અર્પણ-અનર્પણ દ્વારા જે ભંગની નિષ્પત્તિ થાય છે, તેમાં નિશ્ચયનયને આશ્રયીને પ્રત્યેક ભંગમાં અભેદવૃત્તિના પ્રતિસંધાનથી સકલાદેશની પ્રાપ્તિ થાય છે. તેથી સકલાદેશનો પ્રયોજક નિશ્ચય છે વ્યવહાર નહીં, માટે તે વ્યવહાર કરતાં સ્થિતપક્ષને અધિકરૂપે સંમત છે.**॥૬૫॥**

**અવતરણિકા :- एतदेव विवेचयति-**

**અવતરણિકાર્થ :-** આ જ વિવેચન કરે છે. અર્થાત્ પૂર્વશ્લોકના અંતે **'तदेवं'**થી નિગમન કરતાં કહ્યું કે, પ્રતિભંગ સકલાદેશના પ્રયોજકપણાવડે કરીને નિશ્ચય અધિક છે. એ જ વિવેચન કરે છે-

**ગાથા :-** **जेणं सयलादेसो अभेयवित्तीइ णिच्छयाधीणो ।**
**तेणेव सो पमाणं न पमाणं होइ ववहारो ॥६६॥**

( येन सकलादेशोऽभेदवृत्तौ निश्चयाधीनः । तेनैव स प्रमाणं न प्रमाणं भवति व्यवहारः ॥६६॥ )

**ગાથાર્થ :- જે કારણથી અભેદવૃત્તિ કરવામાં સકલાદેશ નિશ્ચયઆધીન છે, તે કારણથી જ તે પ્રમાણ છે અને વ્યવહાર પ્રમાણ નથી.**

**ટીકા :- न हि निश्चयनयवाक्यमेव सकलादेशः, अपि तु प्रमाणवाक्यं, तन्नियामकाभेदवृत्तिप्रतिसन्धायकतया च निश्चयोऽपि प्रमाणमित्युपचर्यते, न तु व्यवहारनयस्तथा, तत्रोक्तोपचारकारणाऽभावात् ॥६६॥**

**ટીકાર્થ :-** **'न हि'** જે કારણથી નિશ્ચયનયવાક્ય જ સકલાદેશ નથી, પરંતુ પ્રમાણવાક્ય (સકલાદેશ) છે, અને તન્નિયામક અર્થાત્ સકલાદેશનિયામક, અભેદવૃત્તિના પ્રતિસંધાયકપણા વડે નિશ્ચય પણ પ્રમાણ છે એ પ્રમાણે ઉપચાર કરાય છે. પરંતુ વ્યવહાર તથા નથી=પ્રમાણ નથી.

તેમાં હેતુ કહે છે-

**'तत्रोक्त'** - ત્યાં એટલે વ્યવહારનયમાં, ઉક્ત ઉપચારના કારણનો અભાવ છે=પ્રમાણના ઉપચારના કારણનો અભાવ છે અર્થાત્ સકલાદેશની પ્રયોજકતારૂપ જે ઉપચારનું કારણ તેનો અભાવ છે, તેથી વ્યવહારનય ઉપચારથી પણ પ્રમાણ નથી.

**ભાવાર્થ :-** સ્થિતપક્ષ વ્યવહારનયને કહે છે કે, નિશ્ચયનયનું વાક્ય સકલાદેશ નથી, પરંતુ પ્રમાણવાક્ય સકલાદેશ છે, કેમ કે પ્રમાણવાક્ય પરિપૂર્ણ વસ્તુનો સ્વીકાર કરે છે. તો પણ સકલાદેશના નિયામક અભેદવૃત્તિનું પ્રતિસંધાન કરવા માટે નિશ્ચયનય ઉપયોગી છે; કેમ કે નિશ્ચયનય ધર્મ-ધર્મીનો અભેદ કરે છે, જ્યારે વ્યવહારનય ધર્મ-ધર્મીનો ભેદ કરે છે. અને ધર્મ-ધર્મીનો અભેદ કરવાથી સર્વ ધર્મનો પરસ્પર અભેદ કરવો હોય તો, નિશ્ચયનય અભેદવૃત્તિનો પ્રતિસંધાયક બને છે, તેથી પ્રમાણવાક્યની નિષ્પત્તિ કરવામાં નિશ્ચયનય ઉપયોગી બને છે. જ્યારે વ્યવહારનય ભેદવૃત્તિનો પ્રતિસંધાયક હોવાને કારણે, સકલાદેશની સપ્તભંગી કરવામાં ઉપયોગી નથી. માટે વ્યવહારનય ઉપચારથી પણ પ્રમાણરૂપે કહેવાતો નથી, અને નિશ્ચયનય પ્રમાણવાક્યની નિષ્પત્તિનું કારણ હોવાથી ઉપચારથી પ્રમાણરૂપે કહી શકાય છે. એ પ્રકારની વ્યવહાર કરતા નિશ્ચયની વિશેષતા છે, એ વાત પ્રસ્તુત ગાથાથી સ્થિતપક્ષ બતાવે છે.**॥૬૬॥**

**અવતરણિકા :- यत्तु निरुपचरितविषयत्वरूपं निश्चयस्य बलवत्त्वमुपचरितविषयत्वरूपं च व्यवहारस्य दुर्बलत्वमिति परेषां मतं तदापातरमणीयमित्युपदिदर्शयिषुराह-**

**અવતરણિકાર્થ :-** જે વળી નિરુપચરિત વિષયત્વરૂપ નિશ્ચયનું બલવત્ત્વ, અને ઉપચરિત વિષયત્વરૂપ વ્યવહારનું દુર્બલત્વ, એ પ્રકારનો પરનો મત છે, તે આપાતથી રમણીય છે. એ બતાવવાની ઇચ્છાથી કહે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનય મોક્ષ પ્રતિ ચારિત્રને કારણ માને છે, જે સાક્ષાત્ કારણ હોવાને કારણે નિરુપચરિત કારણ છે, કેમ કે કાર્યને કરે તે કારણ કહેવાય. અને મોક્ષરૂપ કાર્યને ચરણક્રિયા પેદા કરે છે, માટે નિશ્ચયનો વિષય નિરુપચરિત છે, અને તે જ નિશ્ચયનું બલવત્ત્વ છે. જ્યારે વ્યવહારનયનો વિષય જ્ઞાન છે, અને મોક્ષના પ્રતિ સાક્ષાત્ કારણ ચારિત્ર છે અને ચારિત્રનું કારણ સમ્યગ્જ્ઞાન છે. વ્યવહારનય મોક્ષના કારણીભૂત ચારિત્રના કારણરૂપ જ્ઞાનને મોક્ષના કારણ તરીકે કહે છે. તેથી વ્યવહારનો વિષય ઉપચરિત છે અને તે જ વ્યવહારનું દુર્બલપણું છે, એ પ્રમાણે પરનો મત છે. તે પ્રથમ દૃષ્ટિએ જોતાં રમણીય છે, પરંતુ સૂક્ષ્મબુદ્ધિથી જોઇએ તો તેવો નથી. તે દેખાડવાની ઇચ્છાથી સ્થિતપક્ષ કહે છે-

ગાથા :- जमणुवयारोवि बलं कस्सइ णेगंतियं हवे तंपि ।
एगस्स मुक्खभावे णियमा अवरोवयारोत्ति ।।६७।।

(यदनुपचारोऽपि बलं कस्यचिन्नैकान्तिकं भवेत्तदपि । एकस्य मुख्यभावे नियमादपरोपचार इति ।।६७।।)

**ગાથાર્થ :-** કોઈક નયનું (નિશ્ચયનયનું) જે અનુપચાર પણ બલ છે તે પણ એકાંતિક નથી. કેમ કે એકના મુખ્યભાવમાં નિયમથી અપરનો ઉપચાર છે.

**ટીકા :- यैः खल्वनुपचरितविषयत्वरूपं निश्चयनयस्य बलमावेद्यते तैर्व्यवहारनयस्यापि तत्स्वीकर्त्तव्यमेव, निश्चयमुख्यतायां व्यवहारोपचारवद्व्यवहारमुख्यतायां निश्चयोपचारस्यापि संभवात्। न हि निक्षेपचतुष्टयनियतानां शब्दानामेकतरपक्षपातो विवक्षां विना संभवी ।**

**ટીકાર્થ :- 'यैः'** જેઓના વડે નિશ્ચયનું અનુપચરિત વિષયત્વરૂપ બલ કહેવાય છે, તેઓ વડે વ્યવહારનું પણ બલ સ્વીકારવું જોઈએ જ. કેમ કે નિશ્ચયની મુખ્યતામાં વ્યવહારના ઉપચારની જેમ, વ્યવહારની મુખ્યતામાં નિશ્ચયના ઉપચારનો પણ સંભવ છે.

**ઉત્થાન :-** વ્યવહારની મુખ્યતામાં નિશ્ચયના ઉપચારનો પણ સંભવ છે એમ કહ્યું, તેની પુષ્ટિ કરતાં કહે છે-

**ટીકાર્થ :- 'न हि'** - નિક્ષેપચતુષ્ટયનિયત એવા શબ્દોનો, એકતર નિક્ષેપમાં પક્ષપાત, વિવક્ષા વિના સંભવતો નથી.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પદાર્થની વિચારણામાં કોઈ નયથી જ્યારે વિચારણા કરાય છે, ત્યારે એક નયને મુખ્ય કરીને વિચારણા કરાય ત્યારે બીજો નય ગૌણ બને છે; અને જે ગૌણ છે તેને જ ઉપચરિત રીતે સ્વીકારવામાં આવે છે. તેથી જ્યારે નિશ્ચયનયને મુખ્ય કરવામાં આવે, ત્યારે વ્યવહારનય ઉપચારરૂપ કહેવાય. તે રીતે વ્યવહારનયની મુખ્યતાથી પદાર્થની વિચારણા કરવામાં આવે ત્યારે નિશ્ચયનય ગૌણ બને છે.

જેમ **"ज्ञानक्रियाभ्यां मोक्षः"** એ સ્થિતપક્ષ માને છે, ત્યાં વ્યવહારનય જ્ઞાનને મુખ્ય કરે છે અને ક્રિયાને ગૌણ કરે છે. તેથી તે કહે છે કે મોક્ષનું મુખ્ય કારણ જ્ઞાન છે અને જ્ઞાન, ક્રિયા દ્વારા મોક્ષની પ્રાપ્તિ કરાવે છે. તેથી ક્રિયા, જ્ઞાનના વ્યાપાર સ્થાને છે, પરંતુ મોક્ષ પ્રત્યે મુખ્ય કારણ તો જ્ઞાન છે. તેથી વ્યવહારનયના મતે વ્યાપારસ્થાનીય ક્રિયા ગૌણ છે અને દંડસ્થાનીય જ્ઞાન મુખ્ય છે. અને નિશ્ચયનય ક્રિયાને જ મુખ્ય કરે છે અને તે કહે છે કે જ્ઞાન તો ક્રિયાની નિષ્પત્તિ કરીને ચરિતાર્થ થયેલ છે, મોક્ષ પ્રત્યે તો ક્રિયા જ કારણ છે. તેથી નિશ્ચયનયની દૃષ્ટિએ મોક્ષ પ્રત્યે નિરુપચરિત કારણ ક્રિયા છે, અને ક્રિયાને પેદા કરનાર જ્ઞાન ઉપચારથી મોક્ષ પ્રત્યે કારણ કહી શકાય. અને તેની જ પુષ્ટિ કરવા માટે કહે છે કે, નિક્ષેપચતુષ્ટયનિયત એવા શબ્દોનો, એકતર નિક્ષેપમાં પક્ષપાત,

વિવક્ષા વગર સંભવે નહિ. તેનું તાત્પર્ય એ છે કે, દરેક શબ્દોથી વાચ્ય ચાર નિક્ષેપાઓ છે. આમ છતાં નિશ્ચયનય કહે છે કે, ભાવનિક્ષેપો જ વાસ્તવિક છે. તેથી નિશ્ચયનય ત્રણ નિક્ષેપાનો અસ્વીકાર કરીને ભાવનિક્ષેપા પ્રત્યે પક્ષપાત કરે છે, તે નયની વિવક્ષાને આધીન છે.

અહીં નિશ્ચયનયની વિવક્ષા એ છે કે, 'તદર્થક્રિયાકારી' વસ્તુને જ તદર્થથી વાચ્ય કરી શકાય. જેમ જલધારણરૂપ અર્થક્રિયા જે કરી શકે, તેને જ ઘટપદથી વાચ્ય કરી શકાય. અને આથી જ નિશ્ચયનય કહે છે કે, સ્થાપનારૂપ ઘટ જલધારણ કરવા સમર્થ નથી, છતાં જો તેને ઘટ કહી શકાય, તો પટને પણ ઘટ કહી શકાય. તેથી 'અર્થક્રિયાકારિત્વ'રૂપ વિવક્ષાને આધીન નિશ્ચયનય ભાવઘટને જ ઘટરૂપે સ્વીકારે છે. તો પણ સ્થિતપક્ષ કહે છે કે, વસ્તુતઃ ઘટાદિ દરેક શબ્દો નામાદિ ચારે નિક્ષેપામાં નિયત છે. માટે જ્યારે વિવક્ષાથી ચારે નિક્ષેપામાંથી નિશ્ચયનય ભાવરૂપ નિક્ષેપાનો પક્ષપાત કરે, ત્યારે નિશ્ચયની વિવક્ષાથી ભાવનિક્ષેપો અનુપચરિત છે, અને નામાદિ ત્રણ નિક્ષેપાઓ ઉપચરિત છે. અને જ્યારે વ્યવહારનય પોતાની વિવક્ષા કરે, ત્યારે વ્યવહારના મતે નામાદિ ત્રણ નિક્ષેપાઓ અનુપચરિત છે, અને ભાવ ઉપચરિત છે; કેમ કે વ્યવહારનય દ્રવ્યથી અભિન્ન ભાવને સ્વીકારતો નથી, તેથી વ્યવહારનયના મતે પ્રથમના ત્રણ નિક્ષેપાઓ અનુપચરિત છે અને ભાવનિક્ષેપો ઉપચરિત છે. અને જ્યારે કોઇ એક નયની વિવક્ષા ન હોય, પણ પ્રમાણથી નિક્ષેપાનો વિચાર કરવામાં આવે, ત્યારે દરેક શબ્દો ચારે નિક્ષેપામાં નિયત બને છે. આમ વિવક્ષાને આશ્રયીને એકતરનો પક્ષપાત કરીને નિશ્ચયનય ભાવને અનુપચરિત કહે છે, તે જ રીતે વ્યવહારનય પણ નામાદિ ત્રણ નિક્ષેપાને અનુપચરિત કહી શકે છે.

અહીં વિશેષ એ છે કે દ્રવ્યને પ્રધાન કરીને વ્યવહારનય પ્રથમના ત્રણ નિક્ષેપાને અનુપચરિત કહે છે, અને અર્થક્રિયાકારિત્વને મુખ્ય કરીને નિશ્ચયનય ભાવનિક્ષેપાને અનુપચરિત કહે છે. તે જ રીતે કાર્યનો અર્થી સાક્ષાત્ જેમાં યત્ન કરે તે કારણ કહેવાય, અને મોક્ષના અર્થીની સાક્ષાત્ જ્ઞાનમાં પ્રવૃત્તિ છે, તેથી જ્ઞાનને મોક્ષના અનુપચરિત કારણરૂપે વ્યવહારનય કહે છે. અને નિશ્ચયનય અનંતર કારણને કારણ કહે છે; અને મોક્ષનું અનંતર કારણ ચારિત્ર છે, જ્યારે જ્ઞાન તો ચારિત્રનું કારણ છે, અને જ્ઞાન, ક્રિયા દ્વારા મોક્ષનું કારણ છે, તેથી ઉપચારથી જ મોક્ષનું કારણ કહેવાય, તેમ કહે છે.

આનાથી એ ફલિત થયું કે જ્ઞાન-ક્રિયા સ્થળમાં અને નિક્ષેપચતુષ્ટયસ્થળમાં નિશ્ચયને મુખ્ય કરીએ તો વ્યવહારનું કથન ઉપચારથી છે, તેમ વ્યવહારને મુખ્ય કરીએ તો નિશ્ચયનું કથન પણ ઉપચારથી છે. આથી જ જ્ઞાન-ક્રિયાની ઉપચરિત-અનુપચરિત વાતમાં પુષ્ટિ કરવા માટે નિક્ષેપચતુષ્ટયનું કથન કરેલ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, ચારે નિક્ષેપામાં નિયત શબ્દોનો, એકતરનિક્ષેપામાં પક્ષપાત વિવક્ષા વગર થતો નથી. તેથી કોઇ વિવક્ષાથી નિશ્ચયનય પ્રધાન બની શકે અને કોઇ વિવક્ષાથી વ્યવહારનય પ્રધાન બની શકે. તેની સામે નિશ્ચયનય કહે છે કે, સકલનયસંમત ભાવ છે. તેથી નિશ્ચયનય જ પ્રધાન છે વ્યવહાર નહિ. તે પ્રકારની શંકાને સામે રાખીને કહે છે -

**ટીકા :- 'सकलनयसंमतो भाव एवानुपचरितार्थ' इति चेत्? तत्किं द्रव्यार्थिकस्य सकलनिक्षेपसङ्ग्राहिणः प्रमाणत्वमेव प्रतिपत्तुमीहसे? अथ नामादित्रयं द्रव्यार्थिकस्य मुख्योऽर्थो भावस्तु गौण एव, अत एव-**

[1] भावं चिय सद्दणया सेसा इच्छंति सव्वणिक्खेवे ।[ **वि. भा. २८४७ पूर्वार्द्धः** ]

[2] णामाइतियं दव्वट्ठियस्स भावो य पज्जवणयस्स । त्ति[ **वि.भा. ७५ पूर्वार्द्धः** ]

**भगवद्भाष्यकारवचोविरोधपरिहारः सामान्यविशेषभावेनेति चेत्? तर्हि भावोऽप्युपचरितः प्राप्त इत्यायुष्मतः प्रतिज्ञायाः का गतिः?**

**ટીકાર્થ :-'सकल'** સકલનયસંમત ભાવ જ અનુપચરિત અર્થ છે અર્થાત્ ભાવ સર્વનય માને છે, માટે અનુપચરિત છે. જ્યારે અન્ય નિક્ષેપા સર્વનયને માન્ય નથી માટે ઉપચરિત છે. તેની સામે સ્થિતપક્ષ કહે છે-

**तत्किं** – શું સકલ નિક્ષેપને સંગ્રહ કરનાર એવા દ્રવ્યાર્થિકનયને તું પ્રમાણરૂપે સ્વીકારવા ઇચ્છે છે? અર્થાત્ જો નિશ્ચયનય કહે કે, ભાવ અનુપચરિત છે, તો નિશ્ચયનયને દ્રવ્યાર્થિકનયને પ્રમાણ માનવાની આપત્તિ આવશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, સકલનયસંમત ભાવ જ અનુપચરિત અર્થ છે, એમ કહીને નિશ્ચયનય એ કહેવા માંગે છે કે, નિશ્ચયનયની અપેક્ષાએ ભાવ તો અનુપચરિત છે જ, એ સ્થિતપક્ષને માન્ય છે, પરંતુ સર્વનયના સ્થાનમાં ભાવ જ મુખ્ય છે, એ સ્થિતપક્ષ સ્વીકારતો નથી. તેથી તેને નિશ્ચયનય કહે છે કે, ભાવ બધા નયોને સંમત છે માટે ભાવ જ સર્વત્ર મુખ્ય છે, અર્થાત્ બધા નયોના સ્થાનમાં મુખ્ય છે. અને તે પ્રમાણે કહેવાથી એ પ્રાપ્ત થાય કે, દ્રવ્યાર્થિકનયના સ્થાને દ્રવ્ય તો મુખ્ય છે જ, પરંતુ ભાવ પણ મુખ્ય છે. અને એ દૃષ્ટિને સામે રાખીને સ્થિતપક્ષ નિશ્ચયનયને કહે છે કે, આ રીતે નિશ્ચયનય કહે તો ચારે નિક્ષેપાનો સંગ્રહ કરનાર દ્રવ્યાર્થિકનયને પ્રમાણ માનવાની તેને આપત્તિ આવશે. કેમ કે દ્રવ્યાર્થિકનય દ્રવ્યને પ્રધાન કરનાર છે તેથી તેના મતમાં નામાદિ ત્રણ નિક્ષેપા તો પ્રધાન છે જ, અને હવે નિશ્ચયના વચનથી દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ પણ ભાવ અનુપચરિતાર્થ થવાથી, ચારે નિક્ષેપા તેને મુખ્યરૂપે માન્ય થયા. તેથી દ્રવ્યાર્થિકનયને પ્રમાણ સ્વીકારવાની નિશ્ચયનયને આપત્તિ આવે છે.

તેના સમાધાનરૂપે **'अथ'**.......થી નિશ્ચયનય કહે છે -

**ટીકાર્થ :-'अथ'** – નામાદિ ત્રણ, દ્રવ્યાર્થિકનો મુખ્ય અર્થ છે અને ભાવ ગૌણ જ છે. આથી કરીને જ વિશેષાવશ્યક ભાષ્ય ગાથા ૨૮૪૭ના પૂર્વાર્દ્ધ, અને વિશેષાવશ્યકભાષ્ય ગાથા-૭૫ના પૂર્વાર્દ્ધની સાથે જે ભગવદ્ ભાષ્યકારના વચનનો વિરોધ છે, તેનો પરિહાર સામાન્ય-વિશેષ ભાવથી થાય છે. આ પ્રમાણે નિશ્ચયનય કહે, તો ગ્રંથકાર કહે છે -

**'तर्हि'** – તો પછી ભાવ પણ ઉપચરિત પ્રાપ્ત થયો. અર્થાત્ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ ભાવ ઉપચરિત પ્રાપ્ત થયો. એથી કરીને તારી પ્રતિજ્ઞાની શું સ્થિતિ થશે?

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનયે પ્રતિજ્ઞા કરેલ કે, ભાવ સર્વત્ર અનુપચરિત છે, તે પ્રતિજ્ઞા રહી નહિ. કેમ કે દ્રવ્યાર્થિકનયે ભાવને ગૌણરૂપે સ્વીકાર કર્યો, તો ભાવ ઉપચરિત છે તે સિદ્ધ થયું. તેથી નિશ્ચયનયે પ્રતિજ્ઞા કરી

१. भावमेव शब्दनयाः शेषा इच्छन्ति सर्वनिक्षेपान् । २. नामादित्रिकं द्रव्यार्थिकस्य भावश्च पर्यायनयस्य ।

હતી કે ભાવ અનુપચરિત છે, તે વાત સિદ્ધ ન થઇ.

❀ અહીં નિરુપચરિત-અનુપચરિત-મુખ્ય એ શબ્દો એકાર્થવાચી છે. તથા ઉપચરિત - ગૌણ એ શબ્દો એકાર્થવાચી છે.
વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૨૮૪૭ના પૂર્વાર્દ્ધનો અર્થ આ પ્રમાણે છે -
**'भावं'** – શબ્દનયો અર્થાત્ શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત નય ભાવને જ, અને શેષ નયો અર્થાત્ નૈગમાદિ ચાર નયો સર્વનિક્ષેપાને ઇચ્છે છે.
વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૭૫ના પૂર્વાર્દ્ધનો અર્થ આ પ્રમાણે છે-
**'णामाइ'** દ્રવ્યાર્થિકનયને નામાદિ ત્રણ અને પર્યાયનયને ભાવ (માન્ય છે.)

**ભાવાર્થ :-** અહીં વિશેષ એ છે કે, શેષ નયો ચારે નિક્ષેપાને ઇચ્છે છે એમ કહેવાથી, દ્રવ્યાર્થિકનય ચારે નિક્ષેપાને સ્વીકારે છે, એ અર્થ વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૨૮૪૭ના પૂર્વાર્દ્ધથી પ્રાપ્ત થયો. અને વિશેષાવશ્યક ગાથા ૭૫ના પૂર્વાર્દ્ધથી દ્રવ્યાર્થિકનય ત્રણ નિક્ષેપા સ્વીકારે છે, એ પ્રકારનો અર્થ પ્રાપ્ત થયો. તેથી સ્થૂલદષ્ટિથી બંને વચનોનો પરસ્પર વિરોધ છે. અને તેનો પરિહાર એ રીતે થયો કે, વિશેષાવશ્યક ગાથા ૨૮૪૭ના પૂર્વાર્દ્ધનું કથન સામાન્ય વિવક્ષાથી છે, એટલે દ્રવ્યાર્થિકનય ચારે નિક્ષેપા સ્વીકારે છે એમ કહ્યું. અને વિશેષાવશ્યક ગાથા ૭૫ના પૂર્વાર્દ્ધનું કથન વિશેષ વિવક્ષાથી છે, તેથી દ્રવ્યાર્થિકનય ત્રણ નય સ્વીકારે છે એમ કહ્યું. તેથી ભાષ્યકારના વચનનો વિરોધ રહેતો નથી. અને આ પ્રકારનું વચન વિશેષાવશ્યકમાં કહેવાનું પ્રયોજન, વિશેષાવશ્યકના અધિકારભેદને આશ્રયીને છે. અર્થાત્ વિશેષાવશ્યક ગાથા ૭૫ વખતે જુદો અધિકાર ચાલતો હતો, તેથી ત્યાં દ્રવ્યાર્થિકનય ત્રણ નિક્ષેપા સ્વીકારે છે એમ કહ્યું. અને વિશેષાવશ્યક ગાથા ૨૮૪૭ વખતે જુદો અધિકાર ચાલે છે, તે અધિકારના અનુસંધાન પ્રમાણે શેષ નયો ચારે નિક્ષેપા ઇચ્છે છે એમ કહ્યું. એ પ્રકારનો ખુલાસો પૂ.ઉપાધ્યાય યશોવિજયજી મહારાજે અન્ય ગ્રંથમાં કર્યો છે.

આનાથી એ ફલિત થયું કે, દ્રવ્યાર્થિકનય ચારે નિક્ષેપા માને છે, એ પ્રમાણે વિશેષાવશ્યકભાષ્યમાં કહ્યું, ત્યાં દ્રવ્યાર્થિકનય મુખ્ય ત્રણ નિક્ષેપા માને છે અને ભાવને ગૌણ માને છે, તે સર્વનો સંગ્રહ કરીને સામાન્યથી ચારે નિક્ષેપા માને છે એમ કહ્યું છે. અને વિશેષાવશ્યકભાષ્ય ગાથા ૭૫માં દ્રવ્યાર્થિકનય નામાદિ ત્રણ નિક્ષેપા માને છે એમ કહ્યું, તે દ્રવ્યાર્થિકનયને મુખ્યરૂપે અભિમત નામાદિ ત્રણ નિક્ષેપા છે, તેનું ગ્રહણ કરીને કહેલ છે. તેથી તે વચનના બળથી જ સિદ્ધ થાય છે કે, દ્રવ્યાર્થિકનય ભાવ નિક્ષેપાને ગૌણ માને છે. અને નિશ્ચયનય એમ કહે કે, દ્રવ્યાર્થિકનય ભાવને ગૌણ માને છે, માટે કોઇ વિરોધ નથી, તો તેના મતે ભાવ નિક્ષેપાનો ઉપચારરૂપે જ સ્વીકાર થયો. તેથી તે એમ નહિ કહી શકે કે, સર્વ નયથી ભાવ અનુપચરિત છે. પરંતુ નિશ્ચયનયની દૃષ્ટિએ ભાવ અનુપચરિત છે, જ્યારે વ્યવહારનયની દૃષ્ટિએ ભાવ ઉપચરિત છે, તેમ પણ નિશ્ચયનયને સ્વીકારવું પડ્યું, માટે નિશ્ચય જ અનુપચરિત છે, તેમ સ્થિતપક્ષ સ્વીકારતો નથી.

**ટીકા :- एतेन निश्चयबोध्यमेवार्थं लोकविदितप्रकारेण बोधयितुं व्यवहारव्यापारोऽनार्यबोधनायानार्यभाषाप्रयोक्तृश्रोत्रियप्राय इति वचो विचार्यमेव द्रष्टव्यं, प्रतिस्वं तयोर्भिन्नव्यापारोपदर्शनात्, नामादीनां चतुर्णां**

**पृथक् पृथक् कार्यकारित्वस्य तत्र तत्र प्रपञ्चितत्वात्, व्यवहारनिश्चयप्रतिपाद्यभेदाभेदादिधर्माणां सर्वत्र तुल्यत्वादेकतरानादरे उभयानादरप्रसङ्गात्, युक्तेस्तुल्यत्वाच्चेति दिग्।**

**ટીકાર્થ :- 'एतेन'** આના વડે અર્થાત્ પૂર્વમાં સિદ્ધ કર્યું કે, નિશ્ચયનય જેમ અનુપચરિત છે, તેમ અપેક્ષાએ વ્યવહારનય પણ સ્વસ્થાનમાં અનુપચરિત છે. આના વડે, વક્ષ્યમાણ એવા નિશ્ચયનયનું કથન પણ વિચારણીય જ જાણવું, અર્થાત્ સ્થિતપક્ષને અમાન્ય જ જાણવું.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનય જ નિરુપચરિત વિષયવાળો છે એ પ્રકારની નિશ્ચયનયની માન્યતાનું સ્થિતપક્ષે જેમ નિરાકરણ કર્યું, એ જ રીતે વક્ષ્યમાણ પણ નિશ્ચયનયનું કથન, સ્થિતપક્ષની દૃષ્ટિએ નિરાકરણીય છે.

નિશ્ચયનયનું વક્ષ્યમાણ કથન આ પ્રમાણે છે-

**ટીકાર્થ :- 'निश्चय'** - નિશ્ચયબોધ્ય જ અર્થ લોકવિદિત પ્રકારથી બોધ કરાવવા માટે, વ્યવહારનો વ્યાપાર અનાર્યને બોધ કરાવવા માટે અનાર્ય ભાષા બોલનાર બ્રાહ્મણ તુલ્ય છે, એ પ્રકારનું વચન વિચારણીય જ જાણવું. તેમાં હેતુ કહે છે - નિશ્ચયવ્યવહારનો પ્રતિસ્વભિન્ન વ્યાપાર દેખાય છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનયનું કહેવું છે કે, આત્મા ગુણથી અભિન્ન છે, તેથી શ્રુતસ્વરૂપે જે આત્મા છે તે શ્રુતકેવલી છે, અને ચૌદ પૂર્વના જ્ઞાનરૂપ શ્રુતની પ્રાપ્તિ પૂર્વે નિશ્ચયનયને શ્રુતકેવલી માન્ય નથી. તેથી શ્રુતકેવલીના પ્રતિપાદન માટે નિશ્ચયનયને આત્માથી શ્રુતને જુદું કલ્પવા માટે વ્યવહારનયનું અવલંબન લેવું પડે છે. અને વ્યવહારનયનું અવલંબન લઈને, આત્માથી જુદા એવા શ્રુતને તરતમતારૂપ ગ્રહણ કરીને, જેનામાં પરિપૂર્ણ અર્થાત્ ચૌદ પૂર્વનું શ્રુત હોય તેને નિશ્ચયનય શ્રુતકેવલી કહે છે, અને જેનામાં પરિપૂર્ણ શ્રુત નથી તેને શ્રુતકેવલી કહેતો નથી; અને આત્માથી પૃથક્રૂપે શ્રુત નિશ્ચયનયને અભિમત નથી, તો પણ અનાર્યને અનાર્યની ભાષામાં બ્રાહ્મણ તત્ત્વ સમજાવે, તેમ લોકને સમજાવવા માટે, વ્યવહારનયનું અવલંબન લઈને આત્માથી શ્રુતને પૃથક્રૂપે કલ્પીને, શ્રુતકેવલી કોણ છે તેનો બોધ નિશ્ચયનય કરાવી શકે છે. તેથી વ્યવહારનયનો ઉપયોગ નિશ્ચયનયના તત્ત્વને સમજાવવા પૂરતો છે, એ પ્રકારનું નિશ્ચયનું વચન વિચારણીય જાણવું, અર્થાત્ અસમંજસ જાણવું, એ પ્રમાણે સ્થિતપક્ષ કહે છે. કેમ કે નિશ્ચયનયનું કહેવું છે કે, મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં તત્ત્વને બતાવનાર નિશ્ચયનય જ છે, અને વ્યવહારનય તો લોકોને તે તત્ત્વ સમજાવવા માટે જ ફક્ત ઉપયોગી છે, પરંતુ વ્યવહારનય સ્વયં તત્ત્વ બતાવતો નથી. એ વાત સ્થિતપક્ષને માન્ય નથી, અને તેમાં હેતુ કહે છે કે, પ્રત્યેક એવા નિશ્ચયનય અને વ્યવહારનય એ બંનેનો મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિરૂપ ભિન્ન વ્યાપાર દેખાય છે. તેનું તાત્પર્ય એ છે કે, નિશ્ચયનય ક્રિયામાં પ્રવૃત્તિ કરાવે છે અને વ્યવહારનય જ્ઞાનમાં પ્રવૃત્તિ કરાવે છે, માટે બંનેનો ભિન્ન ભિન્ન વ્યાપાર દેખાય છે; અને મોક્ષને માટે જ્ઞાન અને ક્રિયા બંને ઉપકારી છે, તેથી નિશ્ચયબોધ્ય અર્થબોધ કરાવવા માટે વ્યવહારનો વ્યાપાર છે, એમ જે નિશ્ચયનય કહે છે, તે બરાબર નથી.

**ઉત્થાન :-** અહીં નિશ્ચયનય કહે છે કે, ખરેખર જ્ઞાન-ક્રિયા સ્થળને આશ્રયીને વ્યવહારનયની મોક્ષને અનુકૂળ પ્રવૃત્તિ ભલે સ્થિતપક્ષ કહે, તો પણ વ્યવહારનય નામાદિ ત્રણ નિક્ષેપાને આરાધ્ય કહે છે તે ઉચિત નથી, પરંતુ ભાવનિક્ષેપો જ કાર્યકારી છે અર્થાત્ ફલસાધક છે, અને નામાદિ ત્રણ નિક્ષેપા અકિંચિત્કર છે, માટે વ્યવહારનય અનાદરણીય છે. તેથી બીજો હેતુ કહે છે-

**ટીકાર્થ :- 'नामादीनां'** નામાદિ ચારેયનું પૃથક્ પૃથક્ કાર્યકારીપણાનું ત્યાં ત્યાં પ્રપંચિતપણું છે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, જેમ ભાવતીર્થંકરમાં વર્તતો ભાવ, યોગ્ય જીવને આદર ઉત્પન્ન કરીને નિર્જરાનું કારણ બને છે; તેમ તીર્થંકરનું નામસ્મરણ પણ નિર્જરાનું કારણ બને છે, અને તેમની સ્થાપના પણ યોગ્ય જીવને નિર્જરાનું કારણ બને છે, અને છદ્મસ્થ અવસ્થાવર્તી દ્રવ્યતીર્થંકરનું દર્શન પણ નિર્જરાનું કારણ બને છે. તેથી નિર્જરારૂપ કાર્યકારીપણું પૃથક્ પૃથક્ રૂપે સર્વ નિક્ષેપામાં છે. માટે ભાવ જ આદરણીય છે અને વ્યવહારને સંમત ત્રણ નિક્ષેપા આદરણીય નથી, એ કથન સ્થિતપક્ષને માન્ય નથી. સ્થિતપક્ષનું કહેવું એ છે કે, નિશ્ચયબોધ્ય અર્થ માટે વ્યવહારનો વ્યાપાર છે, તેમ પોતાના સ્થાનમાં તત્ત્વની પ્રાપ્તિ કરાવવામાં પણ વ્યવહારનો વ્યાપાર છે.

**ઉત્થાન :-** આ રીતે જ્ઞાન-ક્રિયા સ્થળમાં અને ચાર નિક્ષેપાની આરાધ્યતા સ્થાપન કરી તે સ્થળમાં વ્યવહારનય ભલે તત્ત્વને બતાવતો હોય તો પણ આત્માની સાથે પોતાના ગુણોનો અભેદ કરનાર નિશ્ચયનય જ વાસ્તવિક છે, જ્યારે વ્યવહારને અભિમત ભેદ કાલ્પનિક છે. વ્યવહારનો ઉપયોગ કેવલ નિશ્ચયબોધ્ય અર્થ લોકોને સમજાવવા માટે ઉપયોગી છે, વસ્તુતઃ વ્યવહારનયને અભિમત ગુણ-ગુણીનો ભેદ વાસ્તવિક નથી, એ જાતની નિશ્ચયની માન્યતાનું નિરાકરણ કરવા માટે સ્થિતપક્ષ કહે છે-

**ટીકાર્થ :- 'व्यवहार'** - વ્યવહાર-નિશ્ચય પ્રતિપાદ્ય ભેદાભેદાદિ ધર્મોનું સર્વત્ર તુલ્યપણું છે. તેથી તે બેમાંથી= ભેદાભેદાદિમાંથી એકતરના અનાદરમાં ઉભયના અનાદરનો પ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, નિશ્ચયનયને આત્માના ધર્મોનો આત્મા સાથે અભેદ અભિમત છે, જ્યારે વ્યવહારનયને તે ભેદરૂપે અભિમત છે, જ્યારે સ્થિતપક્ષને કથંચિદ્ ભેદ અને કથંચિદ્ અભેદરૂપે માન્ય છે. તેથી સ્થિતપક્ષ કહે છે કે, આત્માના ધર્મોનો આત્મા સાથે માત્ર અભેદ નથી, અને નિશ્ચયનયને જે અભેદ માન્ય છે તે પણ ભેદથી સંવલિત છે, અને વ્યવહારનયને જે ભેદ માન્ય છે તે પણ અભેદથી સંવલિત છે. તેથી દરેક ઠેકાણે ભેદાભેદાદિ ધર્મોનું સરખું સ્થાન છે. અને નિશ્ચયનય સર્વથા ભેદનો અનાદર કરે તો ભેદથી સંવલિત એવા અભેદનો પણ અનાદર પ્રાપ્ત થશે. તેથી નિશ્ચયનયને ઉભયના અનાદરનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે નિશ્ચયનયને અભેદ ઇષ્ટ હોય તો કથંચિદ્ ભેદ પણ સ્વીકારવો પડશે. ફક્ત નિશ્ચયનય ભેદસંવલિત અભેદ કહીને વિશેષણરૂપે ભેદને સ્વીકારી શકે, અને અભેદને વિશેષ્યરૂપે કહી શકે, જેથી ભેદ ગૌણ બને અને અભેદ મુખ્ય બને, પરંતુ સર્વથા ભેદનો નિષેધ કરી શકે નહિ.

❀ **'भेदाभेदादिधर्माणां'** અહીં 'આદિ' પદથી નિત્યાનિત્યાદિ ધર્મનું ગ્રહણ કરવું.

**ઉત્થાન** :- વળી નિશ્ચયની જેમ વ્યવહાર પણ સેવનીય છે, એ બતાવતાં કહે છે-

**ટીકાર્થ** :- **'युक्तेः'** નિશ્ચયને માન્ય ચારિત્ર છે અને વ્યવહારને માન્ય જ્ઞાન છે, ત્યાં મોક્ષને માટે ચારિત્ર ઉપયોગી છે તે સાધવા માટેની જેટલી નિશ્ચયનયની યુક્તિઓ છે, તેટલી જ યુક્તિઓ મોક્ષ પ્રત્યે જ્ઞાનને કારણ સ્વીકારવાની વ્યવહારનયની છે. તેથી જ્ઞાન અને ક્રિયાને મોક્ષના કારણરૂપે સ્વીકારવાની યુક્તિનું તુલ્યપણું છે.

**ટીકા** :- **स्यादेतत्-ऋजुसूत्रशब्दनयाश्च शुद्धा इतरे त्वशुद्धा इति नियमः कथं मुख्यामुख्यार्थकत्वं विना? इति, मैवं, व्यापकाव्यापकविषयत्वादिनैव शुद्धाशुद्धभेदव्यवस्थानात् अन्यथाऽतिप्रसङ्गादिति॥६७॥**

**ટીકાર્થ** :- **'स्यादेतत्'** સ્થિતપક્ષ નિશ્ચયનયને કહે છે કે, કદાચ તમે આ પ્રમાણે કહો કે, ઋજુસૂત્રાદિ નયો શુદ્ધ છે અને ઇતર=વ્યવહાર-સંગ્રહાદિ નયો અશુદ્ધ છે, એ પ્રકારનો નિયમ (જે શાસ્ત્રમાં છે તે) મુખ્ય - અમુખ્યપણા વગર કેવી રીતે સંભવે? અર્થાત્ ન સંભવે.
**'इति'** = એથી ઋજુસૂત્રાદિ નયો મુખ્યાર્થને કહેનારા છે=અનુપચરિત અર્થને કહેનારા છે, અને વ્યવહારાદિ નયો અમુખ્યાર્થને કહેનારા છે=ઉપચરિત અર્થને કહેનારા છે, તેથી નિરુપચરિત વિષયપણું નિશ્ચયનું છે, માટે નિશ્ચય બલવાન છે, એમ ન કહેવું. આ પ્રમાણે સ્થિતપક્ષ કહે છે.
❀ **'इति'** શબ્દ હેતુ અર્થક છે અને ત્યારપછીનું કથન અધ્યાહારરૂપે સમજવું.

**'मैवं'** માં હેતુ કહે છે-
**ટીકાર્થ** :- **'व्यापक'** (મુખ્યામુખ્યાર્થકત્વથી શુદ્ધાશુદ્ધનું વ્યવસ્થાન નથી પરંતુ) વ્યાપક-અવ્યાપક વિષયત્વાદિથી જ શુદ્ધાશુદ્ધ ભેદનું વ્યવસ્થાન છે. અન્યથા અતિપ્રસંગ છે.
**'इति'** શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

**ભાવાર્થ** :- તાત્પર્ય એ છે કે, જેમ જેમ વ્યાપક વિષય હોય તેમ તેમ અશુદ્ધ છે અને અવ્યાપક વિષય હોય તે શુદ્ધ છે, તે જાતની પરિભાષાથી શાસ્ત્રમાં શુદ્ધ-અશુદ્ધનો વ્યવહાર છે. અને દ્રવ્યાસ્તિકનયોનો વિષય વ્યાપક હોય છે તેથી વ્યાપક વિષયવાળા છે, અને ઉત્તરોત્તર નય તેમાં સંકોચ કરે છે તેથી અવ્યાપક વિષયવાળા છે. જેમ પ્રથમના ત્રણ નયો ચારેય નિક્ષેપાને ગ્રહણ કરે છે માટે વ્યાપક વિષયવાળા છે, અને ઋજુસૂત્રાદિનયો ભાવને જ ગ્રહણ કરે છે તેથી અવ્યાપક વિષયવાળા છે, તેને આશ્રયીને જ નયોનો શુદ્ધાશુદ્ધનો વ્યવહાર છે. આવું ન માનો તો, અર્થાત્ વ્યાપક-અવ્યાપક વિષયત્વાદિથી શુદ્ધ-અશુદ્ધ ભેદ ન માનો તો, અને મુખ્ય-અમુખ્ય અર્થને કારણે ભેદ માનો તો, અતિપ્રસંગ આવશે તે આ રીતે-

દરેક નયો સ્વસ્થાનમાં મુખ્યાર્થને કહેનારા છે અને પરસ્થાનમાં અમુખ્યાર્થને કહેનારા છે, કેમ કે સમ્યગ્ નય તે જ છે કે જે ગૌણરૂપે પરને પણ સ્વીકારે, તેથી પરને સ્વીકારે ત્યાં અમુખ્યાર્થ છે. અને આ રીતે ઋજુસૂત્રાદિનયે પણ પરસ્થાનમાં અમુખ્યાર્થ હોવાથી અશુદ્ધ છે, એમ માનવાનો અતિપ્રસંગ પ્રાપ્ત થાય. પરંતુ વ્યાપક-અવ્યાપક વિષયપણાથી શુદ્ધાશુદ્ધની પરિભાષા ગ્રહણ કરવાથી, તેમને અશુદ્ધ માનવાનો અતિપ્રસંગ આવશે નહીં.

❀ **'व्यापकाव्यापकविषयत्वादिनैव'** અહીં **'आदि'** પદથી સામાન્ય અને વિશેષ વિષયત્વાદિનું ગ્રહણ કરવું, અને **'एव'**કારથી મુખ્યામુખ્યાર્થકત્વનો વ્યવચ્છેદ જાણવો.**॥૬૭॥**

**અવતરણિકા :- ये पुनराहुः 'भाव एवादरणीय इत्यभिप्रायरूपो निश्चयः शुद्ध इति स एव बलवान्' इति तान् सदण्डमनुशासितुमाह-**

**અવતરણિકાર્થ :-** જે વળી કહે છે કે, ભાવ જ આદરણીય છે એવા પ્રકારના અભિપ્રાયરૂપ નિશ્ચય શુદ્ધ છે, એથી કરીને તે જ=નિશ્ચય જ, બલવાન છે, તેઓને સદંડ અનુશાસન કરતાં કહે છે-

**ભાવાર્થ :-** તાત્પર્ય એ છે કે, પૂર્વપક્ષીનો અભિપ્રાય એ છે કે, નિશ્ચયનયના મતે ભાવ જ આદરણીય છે, અર્થાત્ ચાર નિક્ષેપામાં ભાવ જ આદરણીય છે, અર્થાત્ મોક્ષરૂપ કાર્ય પ્રત્યે ભાવલિંગ જ આદરણીય છે, પણ નહીં કે બાહ્ય આચરણારૂપ દ્રવ્યલિંગ; આ પ્રકારે નિશ્ચયનયનો અભિપ્રાય છે, તેથી નિશ્ચય જ શુદ્ધ છે. કેમ કે વસ્તુતઃ ભાવલિંગથી જ નિર્જરાની નિષ્પત્તિ થાય છે, કેમ કે ભાવલિંગ ચારિત્રમોહનીયના ક્ષયોપશમરૂપ છે અને દ્રવ્યલિંગ ઔદયિક એવી કાયિક-વાચિક અને માનસિક ક્રિયારૂપ છે. માટે નિશ્ચય જ બલવાન છે, એવું જે કહે છે તેને તેમાં આપત્તિ આપવારૂપ દંડપૂર્વક અનુશાસન કરે છે-

**ગાથા :-** **णिच्छयणयस्स विसयं भावं चिय जे पमाणमाहंसु ।**
**तेसिं विणेव हेउं कज्जुप्पत्तीइ का मेरा ॥६८॥**

( निश्चयनयस्य विषयं भावमेव ये प्रमाणमाहुः । तेषां विनैव हेतुं कार्योत्पत्तौ का मेरा ? ॥६८॥ )

**ગાથાર્થ :- જેઓ નિશ્ચયનયના વિષય એવા ભાવને જ પ્રમાણ=આદરણીય, કહે છે, તેઓને હેતુ વિના કાર્યોત્પત્તિમાં શું મર્યાદા છે? અર્થાત્ કાંઇ મર્યાદા નથી.**

**ભાવાર્થ :-** ગાથામાં જે કહ્યું કે, જેઓ મોક્ષરૂપ કાર્ય પ્રતિ ભાવ જ કારણ હોવાને કારણે મુનિને તે જ સેવનીય છે તેમ કહે છે, તેમને હેતુ વિના કાર્યોત્પત્તિમાં શું મર્યાદા છે? એનું તાત્પર્ય એ છે કે, ભાવના હેતુભૂત જે દ્રવ્યઆચરણા છે, એ દ્રવ્યઆચરણા વિના આ વ્યક્તિમાં અને આ કાળમાં ભાવરૂપ કાર્ય થયું, તેમાં શું મર્યાદા છે? અર્થાત્ કોણ નિયામક છે? કેમ કે વસ્તુતઃ જે વ્યક્તિ જે કાળમાં સમ્યક્ પ્રકારની દ્રવ્યઆચરણા કરે છે, ત્યારે તે સમ્યક્

દ્રવ્યઆચરણારૂપ હેતુને પામીને ભાવરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. પરંતુ ભાવ જ આદરણીય છે તેમ કહ્યું, તેથી દ્રવ્ય અનાદરણીય છે તેમ પ્રાપ્ત થવાથી, દ્રવ્ય ઉપર નિર્ભરિત એવી ભાવની ઉત્પત્તિ તેમને થશે નહિ. માટે અર્થથી તેમને ભાવ પણ અનાદરણીય જ પ્રાપ્ત થશે.

**ટીકા :- यथा ह्यानन्तर्येण फलसाधकत्वाद्भाव आदरणीयस्तथा पारम्पर्येण फलसाधकत्त्वाद् द्रव्यमपि तथा, अन्यथा चक्रभ्रमण एव बद्धोत्साहाः कुलालाः कलशार्थं मृत्पिण्डदण्डचीवरखण्डादीनपि नाद्रियेरन्। 'प्राच्यदशायामेव तदादरणं नाग्रिमदशायामिति' चेत्? तदेवं विषयभेदनियमं कालभेदं कः प्रतिक्षिपति, द्रव्यानादरवासनाया एव देवानांप्रियस्य पराकरणीयत्वात्। न च तत्कालानादरणीयत्वादनादरणीयत्वं नाम, अतिप्रसङ्गात्।**

**ટીકાર્થ :- 'यथा'** જેમ આનન્તર્યરૂપે ફળસાધક હોવાથી ભાવ જ આદરણીય છે, તેમ પરંપરાએ ફળસાધક હોવાથી દ્રવ્ય પણ તથા=આદરણીય છે. અન્યથા અર્થાત્ પરંપરાએ ફળસાધક હોવાથી દ્રવ્ય આદરણીય નથી એમ કહો તો, ચક્રભ્રમણમાં જ બદ્ધઉત્સાહવાળા કુલાલો, કલશના માટે મૃત્પિંડ-દંડ-ચીવરખંડાદિનો પણ આદર કરે નહિ.

**'प्राच्य'** પૂર્વદશામાં જ તદ્ આદરણ છે=દ્રવ્યનું આદરણ છે, અગ્રિમ દશામાં નહિ, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે તો, તેને સ્થિતપક્ષ કહે છે કે, તો એ પ્રમાણે વિષયભેદના નિયમ તરીકે કાળભેદને કોણ ખંડન કરે છે? કેમ કે દ્રવ્યઅનાદરની વાસના જ દેવાનાંપ્રિયની (મૂર્ખની) નિરાકરણ કરવા યોગ્ય છે. તે કાળે અનાદરણીય હોવાથી વસ્તુ અનાદરણીય થઇ જતી નથી, અન્યથા અતિપ્રસંગ આવશે.

**ભાવાર્થ :-** અહીં વિષયભેદના નિયમનરૂપે કાલભેદ કહ્યો, તેનું તાત્પર્ય એ છે કે, કાળ તો પ્રતિક્ષણ આવ્યા જ કરે છે. તેથી કાળની ક્ષણોમાં પરસ્પર ભેદ છે. પરંતુ સાધના માટે દ્રવ્યક્રિયાને પ્રધાન કરવી કે ભાવને પ્રધાન કરવો, એ રૂપ વિષયભેદમાં નિયમનરૂપ કાળભેદનું, સ્થિતપક્ષ ખંડન કરતો નથી, અર્થાત્ સ્થિતપક્ષ સ્વીકારે છે. તેથી એ પ્રાપ્ત થયું કે, પૂર્વદશામાં દ્રવ્યક્રિયા પ્રધાનરૂપે આદરણીય છે અને ભાવ લક્ષરૂપે આદરણીય છે, અને અગ્રિમદશામાં ભાવ જ પ્રધાનરૂપે આદરણીય છે અને દ્રવ્યક્રિયાઓ તદુપષ્ટંભક બને એટલી જ આદરણીય છે. અને આથી જ, પ્રાથમિક ભૂમિકાવાળા સાધુઓ સતત સંયમના અનુષ્ઠાનોમાં ઉદ્યમશીલ થઇને ભાવમાં યત્ન કરે છે, અને અગ્રિમ ભૂમિકાવાળા જિનકલ્પિકાદિઓ ધ્યાનમાં યત્ન કરીને ભાવમાં જ પ્રધાન યત્ન કરે છે; તો પણ ભાવની ઉપષ્ટંભક એવી જિનકલ્પાદિની ચર્યામાં પણ તેઓ યત્ન કરે છે.

તત્કાલ=તે કાળે,=અગ્રિમ ભૂમિકામાં=જિનકલ્પાદિ ભૂમિકામાં, મુખ્યરૂપે દ્રવ્યક્રિયા અનાદરણીય છે એટલામાત્રથી તે ક્રિયાઓ અનાદરણીય કહેવાતી નથી. અને જો તેમ કહેવામાં આવે તો પૂર્વભૂમિકામાં ભાવ પણ મુખ્યરૂપે અનાદરણીય હોવાથી, ભાવને અનાદરણીય સ્વીકારવાનો અતિપ્રસંગ આવશે.

**ટીકા :- अथ भावार्थितयैव द्रव्यस्यादरणं, न तु द्रव्यार्थितया भावस्येत्यस्ति विशेष इति चेत्? किमत्र क्रियतां? कार्यार्थितयैव कारणस्याऽऽदरणात्।**

**ટીકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, ભાવના અર્થીપણાથી દ્રવ્યનું આદરણ છે, પરંતુ દ્રવ્યના અર્થીપણાથી ભાવનું નહિ, એ પ્રમાણે વિશેષ છે. તેને સ્થિતપક્ષ ઉત્તર આપે છે કે, એમાં શું કરીએ ? કાર્યાર્થીપણાથી જ કારણનું આદરણ છે. અર્થાત્ ભાવના અર્થીપણાથી જ દ્રવ્યનું આદરણ છે પરંતુ દ્રવ્યના અર્થીપણાથી ભાવનું નહિ, એ રૂપ નિશ્ચયનયની વિશેષતા સ્થિતપક્ષ સ્વીકારી લે છે.

**ટીકા :- अथ परमभावदर्शिनो निश्चयनयमाद्रियमाणा भावमेवाद्रियन्तेऽपरमभावगतास्तु व्यवहार-माद्रियमाणा द्रव्यमपि। तदुक्तं समयसारे-**

[१] सुद्धो सुद्धादेसो णायव्वो परमभावदरिसीहिं।
ववहारदेसिआ पुण अपरमभावे ठिआ जेउ ॥ त्ति। [१२]

**इति चेत्? सत्यं, तथापि भावकारणीभूतमन्ततः शुद्धात्मद्रव्यमप्यनादृत्य न ते भावमादत्तुमुत्सहन्ते।**

**ટીકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, પરમભાવદર્શીઓ નિશ્ચયનયનો આદર કરતાં ભાવને જ આદર કરે છે. વળી અપરમભાવ પામેલાઓ વ્યવહારનો આદર કરતાં દ્રવ્યનો પણ આદર કરે છે.

❀ અહીં **'द्रव्यमपि'** માં **'अपि'**થી એ સમુચ્ચય કરવો છે કે, ભાવનો તો આદર કરે છે પણ દ્રવ્યનો પણ આદર કરે છે, અને સમયસારની સાક્ષીથી તેની પુષ્ટિ કરે છે. તેને ગ્રંથકાર કહે છે કે, તારી વાત સાચી છે તો પણ ભાવના કારણભૂત શુદ્ધાત્મદ્રવ્યનો પણ અંતે અનાદર કરીને તેઓ=પરમભાવદર્શીઓ, ભાવને આદર કરવા માટે ઉત્સાહિત થતા નથી.

સમયસારની સાંક્ષી આપી, તેનો અર્થ આ પ્રમાણે છે -

**'सुद्धो'** - પરમભાવદર્શીઓએ શુદ્ધાદેશ=શુદ્ધનયનો આદેશ=શુદ્ધનયની દષ્ટિ, શુદ્ધ જાણવી. જે વળી અપરમભાવમાં રહેલા છે તે વ્યવહારદેશીયા=વ્યવહારને અનુસરનારા છે.

**ભાવાર્થ :-** અહીં પરમભાવદર્શીઓ એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જેઓ સર્વ ઔદયિક પર્યાયોથી રહિત આત્માનો શુદ્ધ પરમભાવ છે તેને જોઇ રહ્યા છે, અર્થાત્ કર્મરહિત એવા આત્માના પરિણામને શ્રુતજ્ઞાનના બળથી જોઇ રહ્યા છે તેવા મુનિઓ. વળી તેઓ નિશ્ચયનયનો આદર કરે છે, એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, મુનિ સ્વ-સ્વસ્થાનમાં ઉચિત નયને સ્વીકારે છે, તેથી જ્યારે તે પરમભાવને જુએ છે ત્યારે તે ભૂમિકાને અનુરૂપ નિશ્ચય તેને માટે આદરણીય છે, વ્યવહાર નહીં; તેથી તે ભૂમિકામાં નિશ્ચયને અભિમત એવા ભાવનો જ તેઓ આદર કરે છે, અર્થાત્ બાહ્ય આચારરૂપ ક્રિયામાં યત્ન કરતા નથી, પરંતુ શ્રુતના બળથી પોતાને પરમભાવ

१. शुद्धः शुद्धादेशो ज्ञातव्यः परमभावदर्शिभिः । व्यवहारदेशीयाः पुनरपरमभावे स्थिता ये तु ॥

દેખાયો છે તેને જ સ્ફુરણ કરવા માટે ધ્યાનમાં યત્ન કરે છે, જે શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છે અને એ જીવની નિર્વિકલ્પદશા છે. અને '**अपरमभावगत**' એમ કહ્યું, તેનો ભાવ એ છે કે, જે મુનિઓ એ ભૂમિકામાં છે કે જો વ્યવહારનો આદર ન કરે તો અશુભ વિકલ્પો તેઓને થાય તેમ છે અને વ્યવહારનો આદર કરે તો શુભવિકલ્પો થાય તેમ છે. પરંતુ શુદ્ધ ઉપયોગમાં યત્ન કરી શકે તેમ નથી, અને તેઓ તે ભૂમિકાને અનુરૂપ વ્યવહારનો આદર કરે તો જ સ્વહિત સાધી શકે તેમ છે, તેવા અપરમભાવગત મુનિઓ વ્યવહારનો આદર કરતાં દ્રવ્યનો =દ્રવ્યક્રિયાનો, પણ આદર કરે છે.=ભાવનો તો આદર કરે છે, પરંતુ દ્રવ્યક્રિયાનો પણ આદર કરે છે.=ક્રિયાથી અપેક્ષિત ભાવને અનુકૂલ અંતરંગ અને બહિરંગ આચરણારૂપ ક્રિયામાં પણ યત્ન કરે છે. અહીં વિશેષ એ છે કે, પરમભાવને જોનારા એટલે સર્વ કર્મથી રહિત એવા શુદ્ધ આત્માને જોનારા. આથી જ તેઓ શુદ્ધ આત્માનો આવિર્ભાવ કરવા ધ્યાનમાં યત્ન કરે છે. અને અપરમભાવને જોનારા એટલે કર્મથી બંધાયેલા એવા પોતાના આત્માને જોનારા. આથી જ અપરમભાવને જોનારા કર્મની શુદ્ધિ અર્થે સદ્અનુષ્ઠાનોમાં યત્ન કરે છે.

'**अथ**' ...... થી માંડીને પૂર્વપક્ષીએ કહ્યું કે, પરમભાવને જોનારાઓ ભાવનો જ આદર કરે છે, દ્રવ્યનો નહિ. તેને સ્થિતપક્ષ કહે છે કે તારી વાત સાચી છે; અર્થાત્ પૂર્ણ સત્ય નથી, પરંતુ તેઓ ભાવનો આદર કરે છે એટલી વાત સાચી છે. તો પણ ભાવના કારણીભૂત તે શુદ્ધાત્મદ્રવ્યનો પણ અંતથી આદર કર્યા વગર તેઓ ભાવનો આદર કરવા માટે ઉત્સાહિત થતા નથી એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પરમભાવને જોનારાઓ નિશ્ચયનયને પ્રધાનરૂપે સ્વીકારે છે, તેથી વ્યવહારની ક્રિયાઓ તેઓ પ્રધાનરૂપે કરતા નથી, અને મોક્ષને અનુકૂલ એવા ભાવમાં જ તેઓ યત્ન કરે છે; તો પણ બીજી બધી ક્રિયાઓનો અનાદર કરવા છતાં પણ, અંતે શુદ્ધ ભાવને પ્રગટ કરવા માટે શુદ્ધાત્મદ્રવ્યનો પણ તેઓ આદર કરે છે; અને આથી જ શુદ્ધાત્મદ્રવ્યના ધ્યાનમાં યત્ન કરીને, તેઓ મોક્ષને અનુકૂળ ભાવ પ્રગટ કરે છે. તેથી તેઓ કેવલ ભાવને સ્વીકારે છે, તે વાત બરાબર નથી, પરંતુ ભાવના કારણીભૂત શુદ્ધાત્મદ્રવ્યનો પણ સ્વીકાર કરે છે.

**ટીકા :- अथ निश्चयकारणीभूतं द्रव्यमाद्रियमाणा अपि व्यवहारकारणीभूतं द्रव्यं नाद्रियन्त इति चेत्? न, 'कारणं चानादरणीयं च' इति वचोविरोधात्, शुद्धशुद्धतरव्यवहारस्य पुरतोऽपि प्रवचने प्रतिपादितत्वाच्च॥६८॥**

**ટીકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, પરમભાવને જોનારાઓ નિશ્ચયનયને અભિમત એવા શુદ્ધઉપયોગના કારણીભૂત એવા આત્મદ્રવ્યનો આદર કરતા હોવા છતાં પણ, વ્યવહારનયને અભિમત એવા સંયમની કારણીભૂત એવી દ્રવ્યક્રિયાનો આદર કરતા નથી. તેને સ્થિતપક્ષ કહે છે કે એ પ્રમાણે ન કહેવું, કેમ કે 'કારણ અને અનાદરણીય' એ વચનનો વિરોધ છે.

**ઉત્થાન :-** અહીં જે કહ્યું કે 'કારણ અને અનાદરણીય' એ વચનનો વિરોધ છે, માટે પૂર્વપક્ષીની વાત બરાબર નથી, ત્યાં શંકા થાય કે, એ રીતે ભલે દ્રવ્યક્રિયા આદરણીય થાય; પરંતુ પ્રથમ ભૂમિકામાં દ્રવ્યક્રિયા આદરણીય છે, અને આગળની ભૂમિકામાં શુદ્ધ ઉપયોગ જ આદરણીય છે. માટે ભાવ જ બલવાન છે. તેથી કહે છે-

**ટીકાર્થ :- 'शुद्ध'**- શુદ્ધ-શુદ્ધતર વ્યવહારનું આગળ પણ પ્રવચનમાં પ્રતિપાદન કરેલ છે. (તેથી આગળ પણ દ્રવ્ય આદરણીય છે.)

**ભાવાર્થ :-** નિશ્ચયકારણીભૂત આત્મદ્રવ્યનો પરમભાવદર્શીઓ આદર કરે છે એમ કહ્યું તેનું તાત્પર્ય એ છે કે, પરમભાવદર્શીઓ, આત્માના ભાવનો આદર કરે છે, તે શુદ્ધ ઉપયોગ સ્વરૂપ છે,=પરમ સમતાસ્વરૂપ છે; અને તે પરમ સમતા ત્યારે જ સંભવે કે જીવ, આત્મમાત્રમાં જ પ્રતિબંધને ધારણ કરે,=કેવલ આત્મદ્રવ્યમાં નિરત રહે, પણ પર્યાયમાં નિરત રહે નહિ. તેથી તેઓ આત્મદ્રવ્યમાં નિરત રહેવાનો યત્ન કરે છે ત્યારે, તેમના જ્ઞાનનો વિષય આત્મદ્રવ્ય છે. તેથી નિશ્ચયનયને અભિમત શુદ્ધઉપયોગરૂપ ભાવના અવલંબનરૂપે કારણીભૂત એવા આત્મદ્રવ્યનો પરમભાવદર્શીઓ આદર કરે છે.

વ્યવહારકારણીભૂત દ્રવ્યનો પરમભાવદર્શીઓ આદર કરતા નથી એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, સાધ્વાચારના પાલનસ્વરૂપ ભાવપૂર્વકની ક્રિયાઓ એ વ્યવહારનયને અભિમત એવા સંયમના કારણીભૂત છે, અને પરમભાવદર્શી તેનો આદર કરતા નથી, એ વાત ગ્રંથકારને પણ અભિમત છે; કેમ કે તેઓ અસંગઅનુષ્ઠાનવાળા પરમઉપેક્ષાના કારણીભૂત ધ્યાનમાં જ યત્ન કરે છે, બાહ્યક્રિયામાં મુખ્યરૂપે નહિ. આમ છતાં **'इति चेत् न'** એમ કહીને તેનું નિરાકરણ કર્યું છે. તેનો ભાવ એ છે કે, 'કારણીભૂત અને અનાદરણીય' એ વચન જ વિરોધી છે. વસ્તુતઃ નિશ્ચયની પ્રધાન દશામાં યદ્યપિ દ્રવ્યક્રિયાની આવશ્યકતા નહિ હોવાથી મુનિ તેનું સેવન ન કરે તો પણ, વ્યવહારની ભૂમિકાને આશ્રયીને તે આદરણીય છે, પરંતુ અનાદરણીય છે તેમ કહી શકાય નહિ. માટે એકાંતે દ્રવ્ય અનાદરણીય છે અને ભાવ જ આદરણીય છે એમ કહી શકાય નહિ, પરંતુ નિશ્ચયની ભૂમિકામાં જેમ ભાવ મુખ્યરૂપે આદરણીય છે, તેમ વ્યવહારની ભૂમિકામાં મુખ્યરૂપે દ્રવ્ય આદરણીય છે, એમ ગ્રંથકારને સ્થાપન કરવું છે.

શુદ્ધ-શુદ્ધતર વ્યવહારનું આગળ પણ પ્રવચનમાં પ્રતિપાદન કરેલ છે એમ કહ્યું, તેનું તાત્પર્ય એ છે કે, જિનકલ્પીઓ અસંગભાવને પામેલા હોવાને કારણે પ્રાયઃ શુદ્ધઉપયોગમાં વર્તતા હોવા છતાં, કઠોર ચર્યારૂપ શુદ્ધતર વ્યવહારને સેવે જ છે, અને કેવલી પણ ઉચિત આચારરૂપ શુદ્ધતર વ્યવહારને સેવે જ છે; માટે જેમ ભાવ આદરણીય છે, તેમ દ્રવ્ય પણ ઉપર ઉપરની ભૂમિકામાં આદરણીય છે જ, માટે દ્રવ્યક્રિયા અનાદરણીય છે એમ કહેવું ઉચિત નથી.**॥૬૮॥**

**અવતરણિકા :- अथ मुद्राविन्यासादिरूपा व्यवहारक्रिया संसारचक्रवाले परिभ्रमता जन्तुनाऽनन्तशः प्राप्तेति न विशिष्टफलवतीत्ति सा कथमाद्रियताम्? इति चेत्? भावोप्यनन्तशः प्राप्त इति सोऽपि कथमाद्रियताम्? विशिष्टभावोऽपूर्व इति चेत्? विशिष्टा क्रियापि तथेति किमनुपपन्नं? इत्याशयेनाह-**

**અવતરણિકાર્થ :- 'अथ'**થી પૂર્વપક્ષી કહે છે કે, મુદ્રાવિન્યાસાદિરૂપ વ્યવહારક્રિયા, સંસારચક્રવાલમાં પરિભ્રમણ કરતા જંતુ વડે અનંતીવાર પ્રાપ્ત થઇ, એથી કરીને વિશિષ્ટ ફલવાળી નથી, એથી કરીને તે=ક્રિયા, કેમ આદરણીય થાય? તેને ગ્રંથકાર કહે છે કે, ભાવ પણ અનંતીવાર પ્રાપ્ત થયો, એથી કરીને તે=ભાવ પણ કેવી રીતે આદરણીય

થાય? વિશિષ્ટ ભાવ અપૂર્વ છે, એમ પૂર્વપક્ષી કહે, તો સ્થિતપક્ષ કહે છે કે, વિશિષ્ટ ક્રિયા પણ તે પ્રમાણે=અપૂર્વ છે, એથી કરીને શું અઘટમાન છે? એ પ્રમાણે આશયથી કહે છે -

**ભાવાર્થ :-** ભાવ પણ અનંતીવાર પ્રાપ્ત થયો એમ કહ્યું, ત્યાં શુભલેશ્યારૂપ ભાવ ગ્રહણ કરવાનો છે; જે પ્રાપ્ત કરીને જીવ યાવત્ નવમા ગ્રૈવેયક સુધી જઇ શકે છે.

**ગાથા :-** **खाओवसमिगभावो सुद्धो हेउ सुहस्स खइअस्स ।**
**तब्भावेण कया पुण किरिया तब्भाववुड्ढिकरी ॥६९॥**

( क्षायोपशमिकभावः शुद्धो हेतुः शुभस्य क्षायिकस्य । तद्भावेन कृता पुनः क्रिया तद्भाववृद्धिकरी ॥६९॥ )

**ગાથાર્થ :- શુદ્ધ ક્ષાયોપશમિકભાવ શુભ એવા ક્ષાયિકભાવનો હેતુ છે. વળી તે ભાવ વડે=ક્ષાયોપશમિકભાવ વડે, કરાયેલી ક્રિયા, તે ભાવની=ક્ષાયોપશમિકભાવની, વૃદ્ધિ કરનારી છે.**

**ટીકા :- पुनः पुनरभ्यासेन नैर्मल्यं प्राप्तो हि मिथ्यादर्शनादिक्षयोपशमप्रादुर्भूतः सम्यग्दर्शनादिभावः सिद्धिहेतोः केवलज्ञानादिक्षायिकभावस्यावन्ध्यं निदानमिति निर्विवादं, ततस्तद्भावप्रवृद्धये यतनीयं निर्वाणार्थिभिः। तद्भावप्रवृद्धिकरी च तद्भावेन दृढयत्नवता विधीयमाना क्रिया, तथा च हारिभद्रं वचः-**

[१] खाओवसमिगभावे दृढजत्तकयं सुहं अणुट्ठाणं ।
परिवडियंपि य हुज्जा पुणोवि तब्भाववुड्ढिकरं ॥ [पंचा॰ ३-२४]

**ततश्च भावाऽऽगृहयालुस्तद्वृद्धिकारणीभूतां क्रियां कुतो नागृह्णीयात्? न हि नेयमपूर्वा नाम, अपुनर्बन्धकाद्युचितभावपूर्वकक्रियायास्तद्वदेवाऽपूर्वत्वात्, अन्यादृशपूर्वत्वस्य चादरापरिपन्थित्वात्।**

**ટીકાર્થ :- 'पुनः पुनः'** ફરી ફરી અભ્યાસ દ્વારા નૈર્મલ્યને પામેલો મિથ્યાદર્શનાદિના ક્ષયોપશમથી પ્રાદુર્ભૂત થયેલો સમ્યગ્દર્શનાદિ ભાવ, સિદ્ધિના હેતુભૂત કેવલજ્ઞાનાદિ ક્ષાયિકભાવનું અવંધ્ય નિદાન=કારણ છે, એ પ્રમાણે નિર્વિવાદ છે. તેથી તે ભાવની=ક્ષાયોપશમિકભાવની, વૃદ્ધિ માટે, નિર્વાણના અર્થીઓએ યત્ન કરવો જોઇએ. અને તે ભાવ વડે=ક્રિયામાં અપેક્ષિત ક્ષાયોપશમિકભાવ વડે, દઢ યત્નવાળા જીવથી કરાતી એવી ક્રિયા, તે ભાવની=ક્રિયાકાળમાં વર્તતા ક્ષાયોપશમિકભાવની, વૃદ્ધિ કરનારી બને છે; અને તે પ્રકારે પૂ.હરિભદ્રસૂરિ મહારાજનું વચન છે. તેથી કરીને ભાવમાં આગ્રહવાળા (નિશ્ચયનયવાદીઓ), તેની=ભાવની, વૃદ્ધિની કારણીભૂત ક્રિયાને કેમ ગ્રહણ ન કરે? જે કારણથી આ ક્રિયા અપૂર્વ નથી એમ નહિ, અર્થાત્ અપૂર્વ છે.
તેમાં હેતુ કહે છે-
અપુનર્બંધકાદિને ઉચિત ભાવપૂર્વકની ક્રિયાનું, તેની=ભાવની, જેમ જ અપૂર્વપણું છે.

---

१. क्षायोपशमिकभावे दृढयत्नकृतं शुभमनुष्ठानम् । परिपतितमपि च भवेत् पुनरपि तद्भाववृद्धिकरम् ॥

* **'न हि'** - **'हि'** છે તે યસ્માદર્થક છે.

**ઉત્થાન :-** અપુનર્બંધકાદિને ઉચિત ભાવપૂર્વકની ક્રિયાનું ભાવની જેમ અપૂર્વપણું ભલે હોય, પણ એટલામાત્રથી ક્રિયા આદરણીય થોડી બની જાય? તેથી અન્ય હેતુ કહે છે -
**'अन्यादृश'** અને અન્યાદશપૂર્વત્વનું આદર અપરિપંથીપણું છે.
આગળમાં જે કહ્યું કે, તે પ્રકારે પૂ.હરિભદ્રસૂરિ મહારાજનું વચન છે, તેનો અર્થ આ પ્રમાણે છે -
**'खाओवसमिगभावे'** ક્ષાયોપશમિકભાવમાં દઢ યત્નથી કરાયેલ શુભ અનુષ્ઠાન, પરિપતિતને પણ તે ભાવની =ક્ષાયોપશમિકભાવની, ફરી પણ વૃદ્ધિને કરનારું થાય છે.

**ભાવાર્થ :- 'पुनः पुनः'** - તાત્પર્ય એ છે કે, સૌ પ્રથમ જીવને મોક્ષને અનુકૂળ એવો કોઇ ભાવ પ્રગટે છે, તે ભાવ સમ્યગ્દર્શનાદિના પરિણામરૂપ હોય છે, અને તે ભાવનો જ ફરી ફરી અભ્યાસ કરવામાં આવે તો તે ભાવ નિર્મળતાને પામે છે, અને તે ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવમાં પર્યવસાન પામે છે. આનાથી એ પ્રાપ્ત થયું કે, કેવલજ્ઞાનાદિ ક્ષાયિકભાવ પ્રત્યે તેને અનુરૂપ ક્ષયોપશમભાવ કારણ છે, અને નિશ્ચયનયને તે ભાવવૃદ્ધિ જ અભિમત છે; અને સ્થિતપક્ષ નિશ્ચયનયને કહે છે કે, આ પ્રમાણે તું માને છે એ વાત નિર્વિવાદ છે. તેથી કરીને તે ભાવની વૃદ્ધિ કરવા માટે યત્ન કરવો જોઇએ, તે વાત જેમ નિશ્ચયનયને માન્ય છે તેમ સ્થિતપક્ષને પણ માન્ય જ છે; તો પણ સ્થિતપક્ષ જેમ નિશ્ચયનયને માને છે, તેમ વ્યવહારનયને પણ માને છે; અને ભાવને પણ પ્રધાનરૂપે માને છે, તેમ ભાવના કારણરૂપ ક્રિયાને પણ પ્રધાનરૂપે માને છે; તેથી સ્થિતપક્ષ નિશ્ચયનયને કહે છે કે, દઢયત્નવાળા પુરુષ વડે તે ભાવથી કરાતી ક્રિયા પણ તે ભાવની વૃદ્ધિને કરનારી છે. આમ કહીને સ્થિતપક્ષને એ કહેવું છે કે, પૂર્વનો ભાવ ઉત્તરના ભાવનું કારણ છે એ વાત નિર્વિવાદ છે તો પણ, પૂર્વના ભાવપૂર્વક જ્યારે જીવ દઢ યત્નથી ક્રિયા કરે છે, ત્યારે ક્રિયાના નિમિત્તને પામીને જ પૂર્વનો ભાવ વૃદ્ધિને પામે છે. ત્યાં નિશ્ચયનય કહે કે, આ ક્રિયાઓ તો જીવે અનંતીવાર કરી અને તેનાથી ભાવ નિષ્પન્ન થઇ શક્યો નહિ, તો અત્યારે ક્રિયાથી ભાવ કેમ નિષ્પન્ન થઇ શકશે? જેમ અનંતકાળમાં જીવે અનંતીવાર દ્રવ્યચારિત્ર પાળ્યું ત્યારે તે ક્રિયાઓથી ભાવ ન થઇ શક્યો, તો વર્તમાનમાં તે ક્રિયાથી ભાવ કેમ થઇ શકે? એમ કહીને નિશ્ચયનયને બાહ્ય આચરણા, ભાવની નિષ્પત્તિમાં અકારણરૂપ સ્થાપન કરવી છે. કેમ કે નિશ્ચયનય જે કારણની પ્રાપ્તિથી કાર્ય અવશ્ય થાય, તેને જ કારણરૂપે સ્વીકારે છે, અને બાહ્યક્રિયાઓ અનંતીવાર પ્રાપ્ત થયેલ હોવા છતાં તેનાથી કાર્ય થયું નહિ, તેથી નિશ્ચયનય કહે છે કે બાહ્યક્રિયાઓ કારણ નથી. તેને સ્થિતપક્ષ કહે છે કે, આ ક્રિયાઓ અપૂર્વ નથી એમ નહિ, અર્થાત્ અનંતકાળમાં જે ક્રિયાઓ કરી તેના કરતાં આ ક્રિયાઓ જુદા પ્રકારની છે. કેમ કે અનંતકાળમાં જે ક્રિયાઓ કરી તે અપૂર્વ ન હતી, અને તેથી જ તે ક્રિયાઓથી ભાવ નિષ્પન્ન થયો નહિ, અને તેથી જ મોક્ષની પ્રાપ્તિ થઇ નહિ. પરંતુ અપુનર્બંધકાદિને ઉચિત ભાવપૂર્વકની ક્રિયાઓ અપૂર્વ જ છે, અને એ અપૂર્વ ક્રિયા જ ભાવની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ બને છે, એમ સ્થિતપક્ષને કહેવું છે.
**'अन्यादृश'** તાત્પર્ય એ છે કે, પૂર્વમાં સેવેલી દ્રવ્યક્રિયાથી અનંતીવાર યાવત્ નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ થઇ, અને તેવી જ ક્રિયા ફરી કોઇને પ્રાપ્ત થાય તો તે ક્રિયામાં તાદશપૂર્વત્વ છે, અને તે ક્રિયામાં રહેલું તાદશપૂર્વત્વ વિવેકીને તેના પ્રત્યે આદર થવામાં પરિપંથીરૂપ=વિરોધીરૂપ છે.

યદ્યપિ અપુનર્બંધકની કથંચિત્ પૂર્વસદૃશ ક્રિયા છે, તો પણ બાહ્ય આચરણાની અપેક્ષાએ પૂર્વસદૃશ છે પરંતુ ક્ષયોપશમભાવની અપેક્ષાએ અન્યાદૃશ છે. તેથી આચરણાની અપેક્ષાએ એમાં પૂર્વસદૃશપણું હોવાને કારણે તાદૃશપૂર્વત્વ છે, પરંતુ ક્ષયોપશમભાવથી અનુવિદ્ધ હોવાને કારણે અન્યાદૃશપૂર્વત્વ છે, તેથી તે ક્રિયામાં રહેલું અન્યાદૃશપૂર્વત્વ વિવેકીને આદરનું પરિપંથી નથી. કેમ કે તે ક્રિયા અન્યાદૃશપૂર્વત્વવાળી હોવાને કારણે પૂર્વની જેમ અકિંચિત્કર નથી, પરંતુ આદરણીય છે.

**ટીકા :- स्यादेतत्-क्रिया स्वरूपतो नादेया न वा हेयाऽपि तु क्षायोपशमिकभावविशेषिताऽऽदेया, औदयिकभावविशेषिता तु हेयेति विशिष्टविधिनिषेधयोर्विशेषण एव पर्यवसानमिति, मैवं, मनोवाक्कायक्रियाभेदानां विचित्रकार्यजनकत्वोपदेशेनान्यतरोपक्षयाऽयोगात्, अवच्छेदकस्याऽहेतुत्वात्, तथात्वेऽपि विनिगमनाविरहात्, भावविहितानुष्ठानस्यैव स्वप्रकाशयोगिसाक्षात्कारेण भाववृद्धिजनकत्वविभावनाच्च।**

**तदुक्तं-** [१] 'अणुहवसिद्धं एयं पायं तह जोगभाविअमईणं ।' ति ।

**ટીકાર્થ :- 'स्यादेतत्'** સ્થિતપક્ષ કહે છે કે, નિશ્ચયનય આમ કહે કે, ક્રિયા, સ્વરૂપથી આદેય પણ નથી અને હેય પણ નથી; પરંતુ ક્ષાયોપશમિકભાવથી વિશેષિત (ક્રિયા) આદેય છે, વળી ઔદયિકભાવથી વિશેષિત (ક્રિયા) હેય છે. એથી કરીને વિશિષ્ટ વિધિ-નિષેધનું વિશેષણમાં જ પર્યવસાન છે.

❀ **'इति'** શબ્દ **'स्यादेतत्'** થી જે કથન કહ્યું, તેની સમાપ્તિ સૂચક છે.

નિશ્ચયનયના કથન સામે સ્થિતપક્ષ કહે છે કે, એમ ન કહેવું. તેમાં ચાર હેતુઓ કહે છે-

(૧) મન-વચન-કાયાના ક્રિયાભેદોનો વિચિત્રકાર્યજનકપણાનો ઉપદેશ હોવાને કારણે, અન્યતરના ઉપક્ષયનો અયોગ છે.

(૨) અવચ્છેદકનું અહેતુપણું છે.

(૩) તથાપણું હોતે છતે વિનિગમનાનો વિરહ છે; અને

(૪) ભાવવિહિત અનુષ્ઠાનનું જ સ્વપ્રકાશયોગી સાક્ષાત્કારદ્વારા ભાવવૃદ્ધિજનકપણાનું વિભાવન છે.

નં.- ૪નો હેતુ કહ્યો, તેમાં પંચાશકની સાક્ષી આપે છે. તે આ પ્રમાણે - **'अणुहव'** તે પ્રકારે યોગભાવિત મતિવાળાને પ્રાયઃ આ અનુભવસિદ્ધ છે.

❀ આ પંચાશકની સાક્ષીમાં તે પ્રકારનો અર્થ શાસ્ત્રોક્ત પ્રકારથી ગ્રહણ કરવાનો છે, અને **'एतत्'** શબ્દથી પંચાશકના પૂર્વના શ્લોકમાં=૩/૨૪માં બતાવેલ છે કે, ક્ષયોપશમભાવના દૃઢ પ્રયત્નથી કરાયેલ શુભ અનુષ્ઠાન,

---

१. पञ्चाशक ३-२५ अस्योत्तरार्धः- सम्ममवधारियव्वं बुहेहिं लोगुत्तममईए ॥
अनुभवसिद्धमेतत्प्रायस्तथा योगभावितमतीनाम् । सम्यगवधारितव्यं बुधैर्लोकोत्तममत्या ॥

પરિપતિતને પણ ભાવવૃદ્ધિનું કારણ બને છે તે ગ્રહણ કરવાનું છે. આનાથી એ પ્રાપ્ત થાય કે, શાસ્ત્રોક્ત પ્રકારે યોગથી ભાવિત મતિવાળાઓને દૃઢ પ્રયત્નથી અનુષ્ઠાન દ્વારા ભાવવૃદ્ધિ થાય છે, એ પ્રાયઃ અનુભવસિદ્ધ છે.

**ભાવાર્થ :-** અહીં નિશ્ચયનય સ્થિતપક્ષને કહે છે કે, ક્રિયા ઉપાદેય નથી કે હેય નથી, પરંતુ ક્ષયોપશમભાવથી વિશિષ્ટ એવી ક્રિયા ઉપાદેય છે અને ઔદયિકભાવથી વિશિષ્ટ એવી ક્રિયા હેય છે, એ વાત તમારા કથનથી પ્રાપ્ત થાય છે. પરંતુ તેમ માનવા કરતાં વિશિષ્ટ વિધિ-નિષેધ વિશેષણમાં પર્યવસાન પામે છે એ પ્રકારે ન્યાય છે, તેથી જ્યારે ઔદયિકભાવથી વિશિષ્ટ ક્રિયાને તમે હેય કહો છો, અને ક્ષાયોપશમિકભાવથી વિશિષ્ટ ક્રિયાને તમે ઉપાદેય કહો છો તેના કરતાં તે બંનેમાં વિશેષણરૂપ ભાવને જ હેય કે ઉપાદેય માનવો ઉચિત છે. તેથી આત્માનો ઔદયિકભાવ હેય છે અને ક્ષાયોપશમિકભાવ ઉપાદેય છે. માટે આત્માર્થીએ ક્ષાયોપમિકભાવમાં જ યત્ન કરવો ઉચિત છે, પણ બાહ્યક્રિયામાં નહિ. તેના નિવારણરૂપે **'નૈવં'** થી સ્થિતપક્ષ કહે છે કે એમ ન કહેવું, અને તેમાં ક્રમસર ચાર હેતુઓ કહ્યા. તેમાં નિશ્ચયનયની કહેવાનારી માન્યતાને સામે રાખીને પ્રથમ હેતુ છે, અને તે નિશ્ચયનયની માન્યતાનો ભાવ એ છે કે, ક્રિયા, મન-વચન અને કાયાથી થાય છે અને નિશ્ચયનયને ક્ષયોપશમભાવના કારણીભૂત માનસિક ક્રિયા અભિમત છે, કેમ કે નિશ્ચયનય માને છે કે ક્ષયોપશમભાવને અનુકૂળ માનસિક યત્નથી કાર્યની સિદ્ધિ થાય છે, જ્યારે વચન અને કાયાની ક્રિયા પુદ્ગલોમાં પ્રવૃત્તિસ્વરૂપ હોવાથી અકિંચિત્કર છે. યદ્યપિ માનસિક ક્રિયા પણ પુદ્ગલમાં પ્રવૃત્તિસ્વરૂપ છે, અને છદ્મસ્થકાળમાં ભાવમાં યત્ન કરતી વખતે, તદ્ અવિનાભાવી મનોવર્ગણામાં પણ તથાવિધ યત્ન પ્રવર્તે છે, તો પણ ક્ષાયોપશમિકભાવને અનુકૂળ માનસિક ક્રિયામાં મનોયોગના પુદ્ગલમાં ગૌણરૂપે યત્ન છે, પરંતુ મુખ્યરૂપે તો ક્ષયોપશમભાવની વૃદ્ધિ અર્થે જ યત્ન છે, પરંતુ વાચિક-કાયિક ક્રિયા ક્ષયોપશમભાવની વૃદ્ધિમાં કાંઇ ઉપયોગી નથી, આ પ્રકારનું જે નિશ્ચયનયનું કથન છે, તેનું નિરાકરણ કરતાં પ્રથમ હેતુ કહેલ છે, તેનો ભાવ નીચે પ્રમાણે છે-

માનસિક, વાચિક અને કાયિક ક્રિયા વિચિત્ર કાર્યજનક છે, તેમ શાસ્ત્રમાં કહેલ છે. તેથી તે ત્રણેયમાંથી કોઇનો અનાદર કરી શકાય નહિ. અર્થાત્ જેમ મનમાં સમ્યગ્ પ્રકારનો સુદૃઢ યત્ન વર્તતો હોય તો તેનાથી જેમ ક્ષાયોપશમિકભાવ ઉલ્લસિત થાય છે; તેમ તે જ વખતે તેને અનુરૂપ વાચિક અને કાયિક ક્રિયા વર્તતી હોય તો તે ભાવ વિશેષ પ્રકારે ઉલ્લસિત થાય છે. તેથી મનોયોગમાત્રથી ક્ષયોપશમભાવ કરતાં, વચન અને કાયાની સહાયથી પ્રવર્તતા મનોયોગથી વિશેષ પ્રકારનો ક્ષયોપશમભાવ પ્રગટી શકે છે. તેથી તે ત્રણેયમાંથી કોઇનો અનાદર થઇ શકે નહિ.

**ઉત્થાન :-** અહીં નિશ્ચયનય શંકા કરે કે યદ્યપિ મન-વચન-કાયાની ક્રિયાઓ વિચિત્ર કાર્યજનક છે એમ તમે પૂર્વમાં સ્થાપન કર્યું, તો પણ ભાવ વગરની વચન અને કાયાની ક્રિયા અકિંચિત્કર છે, અને મનોવ્યાપારજન્ય ભાવ જ ઉત્તર ઉત્તર ભાવનો જનક છે; તેથી ભાવ જ આદરણીય છે, ક્રિયા નહિ. તેના નિરાકરણરૂપે કહે છે-

અવચ્છેદકનું અહેતુપણું છે=ભાવવિશિષ્ટ ક્રિયા નિર્જરા પ્રતિ કારણ છે, અને તેમાં ભાવ એ કારણતાનો અવચ્છેદક છે, તેથી ભાવાવચ્છિન્ન ક્રિયા હેતુ છે એમ પ્રાપ્ત થયું. અને જે અવચ્છેદક હોય છે તે કારણ બને નહિ, પરંતુ કારણતાનો અવચ્છેદક બને છે. જેમ ઘટ પ્રતિ દંડ કારણ છે અને દંડત્વ કારણતાનો અવચ્છેદક છે, પરંતુ દંડત્વ ઘટનો હેતુ નથી. માટે ભાવાવચ્છિન્ન ક્રિયા જ હેતુ છે અન્ય ક્રિયા નહિ. આ પ્રકારે વ્યવહારનયના સમર્થન

માટે નિશ્ચયનયને સ્થિતપક્ષ કહે છે.

**ઉત્થાન :-** ભાવાવચ્છિન્ન ક્રિયા હેતુ છે, એ કથન વ્યવહારદૃષ્ટિએ અભિમત હોવા છતાં, નિશ્ચયને તો ભાવ અવચ્છેદકરૂપે માન્ય નથી, પરંતુ ભાવ કારણરૂપે અભિમત છે, અને ક્રિયા અવજર્યસંનિધિરૂપ નિમિત્તમાત્રરૂપે અભિમત છે, તેથી કહે છે-

તથાપણું હોતે છતે વિનિગમનાનો વિરહ છે=વ્યવહારનયને અવચ્છેદકરૂપે અભિમત એવા ભાવને હેતુરૂપે સ્વીકારીએ તો પણ, ભાવ હેતુ છે કે ક્રિયા હેતુ છે એ બેમાં કોઇ વિનિગમક નથી, કેમ કે કાર્યનિષ્પત્તિકાળમાં અવશ્યંભાવી તે બંને હોય છે. અન્યતરના અભાવમાં કાર્ય દેખાતું નથી, માટે બંનેમાંથી ભાવને જ કારણ માનવામાં કોઇ વિનિગમક નથી. તેથી બંનેને હેતુ માનવા પડશે.

**ઉત્થાન :-** આ રીતે વિનિગિમનાનો વિરહ બતાવવાથી, ભાવ અને ક્રિયા બંને કાર્ય પ્રતિ હેતુ છે એમ સિદ્ધ થાય; પરંતુ ક્રિયા જ કાર્યજનક છે તે સિદ્ધ થઇ શકે નહિ. અને પ્રસ્તુતમાં વ્યવહારનયને અભિમત એવી ક્રિયાની પ્રધાનતા સ્થિતપક્ષે ખ્યાપન કરીને નિશ્ચયનયનો ભાવનો આગ્રહ દૂર કરવો છે, તેથી ચોથો હેતુ કહે છે-

ભાવવિહિત અનુષ્ઠાનનું જ સ્વપ્રકાશયોગિસાક્ષાત્કારદ્વારા ભાવવૃદ્ધિજનકપણાનું વિભાવન છે.

તાત્પર્ય એ છે કે ભાવપૂર્વકની ક્રિયા કરવામાં આવે છે ત્યારે, તે અનુષ્ઠાનથી જ સ્વપ્રકાશયોગિસાક્ષાત્કાર થાય છે. સ્વ=ભાવવિહિત અનુષ્ઠાન, તેનો પ્રકાશ=તેનું સંવેદન તે ભાવવિહિત અનુષ્ઠાનમાં અપેક્ષિત જે ભાવો, તેનું સંવેદન તે રૂપ સ્વપ્રકાશ, તે રૂપે યોગીને તે અનુષ્ઠાનનો સાક્ષાત્કાર થાય છે, અને તેના કારણે તે અનુષ્ઠાન ભાવવૃદ્ધિનું જનક બને છે.

અહીં વિશેષ એ છે કે, જે જીવ ભાવપૂર્વક અનુષ્ઠાન કરે છે તેને અનુષ્ઠાનના પ્રારંભ પૂર્વમાં વર્તતો જે ભાવ છે, તે અનુષ્ઠાનકાળમાં અતિશયિત બને છે. તેનું કારણ તે અનુષ્ઠાન સમ્યગ્ ઉપયોગપૂર્વક તે કરતો હોવાથી યોગીને કોઇક નવા ભાવોનું સંવેદન કરાવે છે, જે અનુષ્ઠાનના વિશેષ પ્રકારના સંવેદન સ્વરૂપ છે, અને તેનાથી જ પૂર્વમાં વર્તતો જે ભાવ હોય છે, તે અતિશયિત થાય છે. જેમ ભગવાન પ્રત્યે આદરબુદ્ધિવાળો જીવ, ઉપયોગપૂર્વક ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે ત્યારે, તે અનુષ્ઠાનમાં જે જે પ્રકારની ભગવાનની ભક્તિની ક્રિયા કરે છે, તે તે પ્રકારના સંવેદનો તે ભક્તિ કરનારને સાક્ષાત્કારરૂપે થાય છે; અને તેના કારણે ભક્તિના પ્રારંભકાળમાં ભગવાનનો જે આદરભાવ હતો તે આદરભાવ તે અનુષ્ઠાનના સાક્ષાત્કારના કારણે અતિશયિત બને છે. માટે ભાવવિહિત અનુષ્ઠાન આદરણીય છે, પણ ફક્ત ભાવ નહિ.

અહીં એ ધ્યાન રાખવું કે, અનુષ્ઠાન કરતાં પૂર્વે જીવને ભગવાન પ્રત્યે જે આદરબુદ્ધિ હોય છે, તે રૂપ ભાવ, અનુષ્ઠાનકાળમાં તે ક્રિયાથી પુષ્ટતર બને છે. પછી જ્યારે અનુષ્ઠાન કરતો નથી ત્યારે પણ, અનુષ્ઠાનના પૂર્વના ભાવ કરતાં અનુષ્ઠાનના ઉત્તરકાળમાં વિશેષ પ્રકારનો ભાવ તેને હોય છે. આથી કરીને અનુષ્ઠાન સેવનાર જીવ, ધીમે ધીમે ગુણસ્થાનકની ઉપર ઉપરની ભૂમિકાને પ્રાપ્ત કરતો જાય છે.

અહીં નિશ્ચયનય, ભાવને જ પ્રધાન કરનાર છે અને ક્રિયાને ગૌણ કરનાર છે, તેથી તે કહે છે કે, ભાવથી જ ભાવની વૃદ્ધિ થાય છે, અને ક્વચિત્ તે વખતે બાહ્યક્રિયાઓ કરાતી હોય છે તો તે અવજર્યસન્નિધિરૂપે છે. તેથી જ નિશ્ચયનયના મતે ક્રિયા ગૌણ છે.

વ્યવહારનય, ભાવપૂર્વકની ક્રિયાને ઉત્તરભાવની વૃદ્ધિ દ્વારા મોક્ષનું કારણ માને છે. તેથી ક્રિયાના વિશેષણરૂપે રહેલ ભાવને ગૌણ માને છે; અને ક્રિયાથી નિષ્પાદ્ય ભાવ, એ પણ વ્યાપારરૂપ હોવાથી ગૌણ છે; પરંતુ મુખ્ય તો ક્રિયાઓ જ ફલસાધક છે.

સ્થિતપક્ષ ભાવને પણ મુખ્ય સ્વીકારે છે અને ક્રિયાને પણ મુખ્ય સ્વીકારે છે, અને તેથી જ તે કહે છે કે, પૂર્વના ભાવથી ઉત્તરભાવની પ્રાપ્તિ દ્વારા ક્રમસર ક્ષાયિકભાવની પ્રાપ્તિ થાય છે. તે નિશ્ચયનયને માન્ય છે અને તે સ્થિતપક્ષને પણ માન્ય છે. આ રીતે સ્થિતપક્ષે ભાવની પ્રધાનતા સ્વીકારી લીધી, અને ક્રિયાની પ્રધાનતા સ્થાપન કરવા માટે સ્થિતપક્ષ કહે છે કે, જેમ ભાવ ઉત્તરોત્તર વૃદ્ધિ પામીને ક્ષાયિકભાવમાં વિશ્રાંત પામે છે, તેમ પૂર્વભાવથી ઉત્તરભાવની નિષ્પત્તિ પ્રત્યે ભાવપૂર્વકની ક્રિયા કારણ બને છે; પરંતુ ક્રિયાઓ ન કરવામાં આવે તો પૂર્વભાવ ઉત્તરભાવરૂપે પ્રાયઃ કરીને થતો નથી. તેથી મોક્ષના કારણરૂપે જેમ ભાવ જરૂરી છે તેમ ક્રિયાઓ પણ જરૂરી છે. તેથી નિશ્ચયનય ક્રિયાને ગૌણ કરે છે, તે સ્થિતપક્ષને માન્ય નથી. તેથી જ પ્રસ્તુતમાં ક્રિયાની પ્રધાનતા સ્થાપન કરવા માટે સ્થિતપક્ષનો પ્રયાસ ચાલે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં '**स्यादेतत्**'થી કહ્યું કે, નિશ્ચયનય, વિશિષ્ટ વિધિ-નિષેધનું વિશેષણમાં જ પર્યવસાન હોવાને કારણે ભાવ જ આદરણીય છે, તે સ્થાપન કરે છે. તે બરાબર નથી, એમ કહીને '**मैवं**'થી સ્થિતપક્ષે તેમાં યુક્તિઓ આપી. હવે સ્થિતપક્ષ તે જ વાતને દૃઢ કરતાં નિશ્ચયનયને '**अपि च**'થી કહે છે.

**ટીકા :- अपि च भावश्चित्तप्रणिधानरूपः, स च विहितानुष्ठानं विना किमालम्ब्य प्रवर्त्तताम्? न च क्रियाभिधानवर्णार्थविषयेषु कथमेकदाऽनेकोपयोगाः संभवेयुः? इति वाच्यम्, छिन्नज्वालादृष्टान्तेन तत्संभवादित्याहुः, तदुक्तं पञ्चाशके-**

[१] सव्वत्थवि पणिहाणं तग्गयकिरियाभिहाणवन्नेसु ।
अत्थे विसए अ तहा दिट्ठंतो छिन्नजालाए ।। [३-२२]
[२] ण य तत्थवि तयणूणं हंदि अभावो ण उवलंभो त्ति ।
चित्तस्सवि विन्नेओ एवं सेसोवओगेसु ।। त्ति। [३-२३]

**यथाहींधनस्थाग्नित्रुटितार्चिषः संबद्धतयानुपलभ्यमानस्यापि सन्तत्यविच्छेदेन तत्संबद्धत्वमेव, एवं विषयान्तरेऽनुपलभ्यमानमपि प्रणिधानं सन्तत्यविच्छेदात्संविलग्नमेव, उत्कटविषयस्यैव प्रणिधानोपलम्भहेतुत्वाद्, उत्कटत्वं च जिज्ञासाविशेषविषयत्वादिकं बोध्यम्। यथा वाऽलाते भ्राम्यमाणे चक्रदण्डाद्याकारप्रतिभास आशुवृत्तिकृत एव, न तु तात्त्विकः, स्वाऽवगाहकक्षेत्रादन्यत्र तदवस्थानानुपपत्तेस्तथा क्रियादिप्रणिधानेष्वेकत्वप्रतिभासोप्याशुवृत्तिकृत एवेति दिग्।**

१. सर्वत्रापि प्रणिधानं तद्गतक्रियाभिधानवर्णेषु । अर्थे विषये च तथा दृष्टान्तच्छिन्नज्वालायाः ।।
२. न च तत्रापि तदणूनां हंद्यभावो नोपलंभ इति । चित्तस्यापि विज्ञेय एवं शेषोपयोगेषु ।।

**ટીકાર્થ :-** **'अपि च'** અને વળી ભાવ, ચિત્તપ્રણિધાન=ચિત્તના ઉપયોગરૂપ છે અને તે ચિત્તપ્રણિધાન=ચિત્તના ઉપયોગરૂપ ભાવ, વિહિત અનુષ્ઠાન વગર કોને અવલંબીને પ્રવર્તે? અર્થાત્ ન પ્રવર્તી શકે.

**ઉત્થાન :-** પૂર્વમાં કહ્યું કે, વિહિત અનુષ્ઠાનવિષયક ચિત્તનો ઉપયોગ એ ભાવ પદાર્થ છે. ત્યાં પ્રશ્ન થાય કે, વિહિત અનુષ્ઠાનનાં અનેક અંગો છે, તો તે દરેક અંગોમાં ચિત્તનો ઉપયોગ એક સાથે કેવી રીતે રહી શકે કે જેથી અનુષ્ઠાનને અવલંબીને ભાવની નિષ્પત્તિ થાય? તેથી કહે છે -

**'न च'** અને ક્રિયા, અભિધાન=પદ, વર્ણ=પદનો એક દેશ=પદના અક્ષરો, અર્થ અને વિષયમાં એક કાળે અનેક ઉપયોગ કેવી રીતે સંભવે? એ પ્રમાણે નિશ્ચયનય કહે છે. તેને સ્થિતપક્ષ કહે છે કે એમ ન કહેવું. તેમાં હેતુ કહે છે -છિન્નજ્વાલાના દૃષ્ટાંતથી તેનો=ચિત્તના ઉપયોગનો (ક્રિયાદિના વિષયમાં) સંભવ છે.

તે પંચાશકમાં કહ્યું છે -

**'सव्वत्थवि'** તદ્ગત ક્રિયા=અનુષ્ઠાનગત ક્રિયા, અભિધાન, વર્ણમાં તથા અર્થમાં અને વિષયમાં સર્વત્ર પણ પ્રણિધાન છે. (અહીં) છિન્નજ્વાલાથી તે પ્રકારે દૃષ્ટાંત છે-

**'ण य तत्थवि'** - ત્યાં પણ=જ્વાલાનો છેદ થવામાં પણ, તેના અણુનો=જ્વાલાના અણુનો અભાવ નથી. (પરંતુ ભાવ જ છે) (અને) જ્વાલાના અણુનો ઉપલંભ પણ નથી. એ પ્રમાણે ચિત્તનો પણ શેષ ઉપયોગમાં જાણવો. પંચાશકની ગાથા-૩/૨૩નો આ પ્રથમ અર્થ ત્રુટિત જ્વાલાના વિષયમાં ગ્રહણ કરવો.

હવે અલાત=ભ્રમણ કરાતા ઊંબાડિયાના વિષયમાં બીજી રીતે પંચાશકની ગાથા-૩/૨૩નું અર્થઘટન કરે છે - ત્યાં પણ અર્થાત્ છિન્નજ્વાલાના વિષય ચક્રાકારમાં પણ, તેના અણુનો=છિન્નજ્વાલાના અણુનો, અભાવ નથી એમ નહિ, અર્થાત્ અભાવ છે; (અને) જ્વાલાના અણુનો ઉપલંભ પણ થાય છે. એ પ્રમાણે ચિત્તનો પણ શેષ ઉપયોગમાં જાણવો. આ બંને અર્થો પંચાશકની ટીકા પ્રમાણે કરેલ છે.

❀ **'उवलंभो त्ति'** – છે, ત્યાં પંચાશકમાં **'उवलंभो वि'** પાઠ છે.

છિન્નજ્વાલાનું દૃષ્ટાંત **'यथाहि'**થી બતાવે છે-

**ટીકાર્થ :-** **'यथाहि'** - સંબદ્ધપણાથી અનુપલભ્યમાન પણ ઇંધનસ્થ અગ્નિની ત્રુટિત જ્વાલાની સંતતિનો અવિચ્છેદ હોવાને કારણે તત્સંબદ્ધપણું જ છે=ઇંધનસ્થ અગ્નિ સાથે સંબદ્ધપણું જ છે, એ પ્રમાણે વિષયાંતરમાં અનુપલભ્યમાન પણ પ્રણિધાન સંતતિના અવિચ્છેદને કારણે સંવિલગ્ન જ છે.

**ઉત્થાન :-** અહીં પ્રશ્ન થાય કે, સંતતિનો અવિચ્છેદ હોવાથી વિષયાંતરમાં પ્રણિધાનરૂપ ચિત્તનો ઉપયોગ છે, તો ઉપલંભ કેમ થતો નથી? તેમાં હેતુ કહે છે-

**'उत्कट'** – ઉત્કટ વિષયનું જ પ્રણિધાનના ઉપલંભમાં હેતુપણું છે.

ઉત્કટપણું શું છે, તે બતાવે છે-

**ટીકાર્થ :- 'उत्कटत्वं च'** અને ઉત્કટપણું જિજ્ઞાસાવિશેષવિષયત્વાદિકરૂપ જાણવું.

પંચાશકની ગાથા- ૩/૨૩માં જે બીજી રીતે અર્થઘટન કર્યું તે રીતે અર્થઘટન કરતાં બતાવે છે -

**ટીકાર્થ :- 'यथा वा'** અથવા જેમ ભ્રમણ કરાતા ઊંબાડિયામાં ચક્ર-દંડાદિ આકારનો પ્રતિભાસ આશુવૃત્તિકૃત જ છે, પરંતુ તાત્ત્વિક નથી, કેમ કે સ્વઅવગાહકક્ષેત્રથી અન્યત્ર તેના અવસ્થાનની અનુપપત્તિ છે, તે પ્રમાણે ક્રિયાદિપ્રણિધાનોમાં એકત્વનો પ્રતિભાસ પણ આશુવૃત્તિકૃત જ છે. એ પ્રમાણે દિશા છે.

**ભાવાર્થ :-** અહીં **'स्यादेतत्'**થી નિશ્ચયનયે કહેલ કે, ક્રિયાઓ બે પ્રકારની છે. (૧) ઔદયિકભાવની અને (૨) ક્ષાયોપશમિકભાવની. તેમાં ઔદયિકભાવની ક્રિયા હેય છે અને ક્ષાયોપશમિકભાવની ક્રિયા ઉપાદેય છે, અને વિશિષ્ટ વિધિ-નિષેધ વિશેષણમાં પર્યવસાન પામે છે; એ રીતે ક્રિયા હેય કે ઉપાદેય રહેતી નથી, પરંતુ ક્રિયા સાથે સંકળાયેલ ઔદયિકભાવ હેય છે અને ક્ષયોપશમિકભાવ ઉપાદેય છે; માટે મોક્ષનું કારણ ક્ષયોપશમિકભાવ છે, ક્રિયાઓ નહિ. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, તે ક્રિયાવિષયક ભાવ ક્રિયાને અવલંબીને પ્રવર્તે છે, માટે ક્રિયા પણ ભાવની નિષ્પત્તિના કારણરૂપે ઉપાદેય સિદ્ધ થાય છે. ત્યાં પ્રશ્ન થાય કે, ક્રિયા-શબ્દ-અર્થ અને આલંબનમાં એક વખતે ઉપયોગ કઇ રીતે રહી શકે? તેથી કહે છે કે, છિન્નજ્વાલાના દૃષ્ટાંતથી એક ઉપયોગનો સંભવ છે, અને તે છિન્નજ્વાલાનું દૃષ્ટાંત ભિન્ન ભિન્ન નયની દૃષ્ટિથી બે રીતે બતાવે છે-

**'यथाहि'** કોઇ જીવ ધર્માનુષ્ઠાન કરતો હોય ત્યારે તેનો ઉપયોગ ક્વચિત્ કાયિક ચેષ્ટામાં દેખાતો હોય છે, તે વખતે શબ્દમાં કે અર્થમાં ઉપયોગ દેખાતો નથી; ક્વચિત્ મૂર્તિ આદિ આલંબનમાં ઉપયોગ દેખાતો હોય છે, ત્યારે શબ્દ, અર્થાદિમાં ઉપયોગ દેખાતો નથી; તો પણ તે ક્રિયા દરમ્યાન તે જીવની કાયિક ક્રિયા ચોક્કસ રીતે પ્રવર્તતી હોય છે, અને સૂત્રોનું શબ્દોચ્ચારણ પણ યથાર્થ પ્રવર્તતું હોય છે, અને તે શબ્દોના અર્થનો બોધ પણ ઉપયોગપૂર્વક ક્રિયા કરનારને થતો હોય છે અને મૂર્તિ આદિ આલંબન સાથે પણ પ્રતિસંધાન વર્તતું હોય છે. તેથી જ્યારે ક્રિયા આદિમાં ઉપયોગ હોય છે, ત્યારે અર્થાદિમાં ઉપયોગ અનુપલભ્યમાન હોવા છતાં અવશ્ય છે; તેથી જ અર્થાદિનો બોધ, સૂત્રની સંતતિ આદિનો અવિચ્છેદ દેખાય છે. તેથી તે સર્વ ક્રિયાના સર્વ અંગોમાં તે જીવનો ઉપયોગ સંવિલગ્ન જ છે. ત્યાં પ્રશ્ન થાય કે, તો પછી અનુભવ તો એવો થાય છે કે એકમાં જ ઉપયોગ છે. તેથી કહે છે કે, ઉત્કટ વિષયના જ પ્રણિધાનનો ઉપલંભ છે. જેમ છિન્નજ્વાલામાં વચમાં અનુત્કટ અગ્નિ હોવાને કારણે ઉપલબ્ધિ થતી નથી, છતાં સંતતિના અવિચ્છેદને કારણે અગ્નિની જ્વાલા સંલગ્ન જ છે; તેમ ક્રિયાકાળમાં ક્યારેક શબ્દમાં તો ક્યારેક અર્થમાં તો ક્યારેક કાયિક ચેષ્ટામાં તો ક્યારેક મૂર્તિરૂપ આલંબનમાં ઉપયોગ દેખાય છે, પરંતુ સર્વત્ર દેખાતો નથી; કેમ કે જે વખતે જે ઉપયોગનો ઉત્કટ વિષય હોય તે પ્રતીત થાય છે, જ્યારે અન્યત્ર પ્રતીતિ નહિ થવા છતાં ઉપયોગ છે, કેમ કે ક્રિયાના દરેક અંગોની સંતતિનો અવિચ્છેદ છે.

અહીં પ્રશ્ન થાય કે, ચિત્તનું પ્રણિધાન, ક્રિયા આદિ દરેકમાં વર્તે છે, છતાં જ્યાં ઉત્કટ વિષય છે ત્યાં ઉપયોગની પ્રાપ્તિ દેખાય છે એમ કહ્યું, ત્યાં ઉત્કટપણું શું છે તે બતાવતાં કહે છે કે, ઉત્કટપણું જિજ્ઞાસાવિશેષવિષયત્વાદિકરૂપ છે. તેનો ભાવ એ છે કે, કોઇ જીવ ક્રિયા કરતો હોય ત્યારે, મારે ક્રિયા સમ્યગ્

કરવી છે એ પ્રકારે કાયિક ચેષ્ટામાં જિજ્ઞાસા વિશેષ હોય ત્યારે, તે કાયિક ક્રિયામાં જિજ્ઞાસા વિશેષ હોવાને કારણે ત્યાં માનસ યત્ન વ્યક્ત દેખાય છે; અને ત્યારપછી શબ્દોચ્ચારણમાં જિજ્ઞાસા વિશેષ થાય ત્યારે, તે વ્યક્તિનો માનસ ઉપયોગ શબ્દમાં પ્રવર્તે છે. તેથી ક્રિયાના જે અંગમાં જિજ્ઞાસા વિશેષ હોય, ત્યાં ઉત્કટ પ્રણિધાન હોય છે; અને અન્યત્ર અનુત્કટ હોય છે.

અહીં વિશેષ એ છે કે, જ્યાં વ્યક્ત ઉપયોગ દેખાય ત્યાં ઉત્કટ પ્રણિધાન હોય છે અને અન્યત્ર વાસનારૂપે યત્ન પ્રવર્તે છે, તેથી ત્યાં અનુત્કટ પ્રણિધાન છે તેમ કહેલ છે.

**'यथा वा'** અથવા તો બીજી રીતે ક્રિયા, અભિધાન, વર્ણાદિમાં એક સાથેની પ્રતીતિ કઇ રીતે થાય છે, તે બતાવે છે - જે પ્રકારે ગોળ ગોળ ફેરવાતા ઊંબાડિયામાં ચક્રક(ગોળાકાર) કે દંડાદિ આકારનો જે પ્રતિભાસ થાય છે, તે આશુવૃત્તિકૃત છે પણ તાત્ત્વિક નથી, કેમ કે જ્યારે ચક્રાકાર કે દંડાકાર તેને ફેરવવામાં આવે છે, ત્યારે જે ક્ષેત્રમાં તેની અવગાહના છે, તે ક્ષેત્રથી અન્યત્ર તેના અવસ્થાનની અનુપપત્તિ છે. તે જ પ્રકારે ક્રિયા આદિમાં ઉપયોગના એકત્વનો પ્રતિભાસ થાય છે તે આશુવૃત્તિકૃત છે, તાત્ત્વિક નથી. **'यथा वा'**થી કરેલ અર્થથી એ પ્રાપ્ત થાય છે કે, કોઇ જીવ સુદૃઢ યત્નપૂર્વક ક્રિયાદિ દરેકમાં અતિશયિત ઉપયુક્ત થઇને જ્યારે વ્યાપૃત થાય છે ત્યારે, ક્રિયાદિ કરનારને એમ જ ભાસે છે કે, ક્રિયાદિ દરેકમાં મારા ચિત્તનો ઉપયોગ છે, પરંતુ કાળ અતિસૂક્ષ્મ હોવાને કારણે ભિન્ન ભિન્ન કાળમાં ક્રિયાદિમાં ઉપયોગ વર્તતો હોવાથી એક ઠેકાણે ઉપયોગ છે ત્યારે અન્યત્ર ઉપયોગ નથી, પરંતુ ક્રમસર દરેકમાં ઉપયોગની પરાવૃત્તિ હોવા છતાં એકત્વનો પ્રતિભાસ આશુવૃત્તિકૃત છે.

પૂર્વમાં છિન્નજ્વાલાના દૃષ્ટાંતથી અને ઊંબાડિયાના દૃષ્ટાંતથી, ક્રિયાકાળમાં ક્રિયા, અભિધાન, વર્ણ, અર્થ અને વિષયમાં ઉપયોગ કઇ રીતે પ્રવર્તે છે તે બતાવ્યું ત્યાં, છિન્નજ્વાલાના દૃષ્ટાંતમાં જે જીવનો ઉપયોગ ધીમે ધીમે ક્રિયા-અર્થાદિમાં ક્રમસર પ્રવર્તતો દેખાતો હોય છે, તેવા પ્રકારની ક્રિયાને સામે રાખીને કહેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે, તે જીવનો કોઇક વખતે ઉપયોગ ક્રિયામાં દેખાય છે, તો કોઇક વખતે શબ્દમાં દેખાય છે, તો કોઇક વખતે અર્થમાં દેખાય છે, તો કોઇક વખતે આલંબનમાં દેખાય છે ત્યારે તે જીવને તે તે વિષયમાં ઉત્કટ ઉપયોગ હોઇ શકે. અન્યત્ર સંસ્કારાત્મક ચિત્ત પ્રવર્તતું હોય છે, તેને અનુત્કટ તરીકે વિવક્ષા કરેલ છે. અને તેને જ કારણે ક્રિયા, અભિધાનાદિ સર્વની સંતતિ અવિચ્છેદરૂપે ચાલુ હોય છે.

જ્યારે બીજા ઊંબાડિયાના દૃષ્ટાંતમાં ચિત્ત સર્વત્ર શીઘ્ર પરાવર્તન પામે છે, તેથી એક સાથે ક્રિયા, અર્થાદિ બધામાં ઉપયોગ છે તેમ લાગે છે. પરંતુ વાસ્તવિક રીતે જે વખતે ક્રિયામાં ઉપયોગ છે, તે વખતે અર્થાદિમાં ઉપયોગ નથી અને જ્યારે અર્થાદિમાં ઉપયોગ છે, ત્યારે ક્રિયામાં ઉપયોગ નથી. તે માનસ ઉપયોગને સામે રાખીને કહેલ છે.

અહીં વિશેષ એ છે કે, ભાવપૂર્વકની ક્રિયામાં ક્રિયાવિષયક ઉપયોગ છે તેને ચિત્તપ્રણિધાન કહેલ છે, અને તે ચિત્તનો ઉપયોગ જ ભાવ શબ્દથી વાચ્ય કરેલ છે, અને તે પ્રણિધાનાદિ પાંચ આશયોમાંથી અન્યતર આશયરૂપ છે. તેથી ચરમાવર્તથી બહારના જીવો પણ સંયમગ્રહણ કરીને ક્વચિત્ ચિત્તના ઉપયોગપૂર્વક અનુષ્ઠાન કરતા હોય છે તો પણ, તેમનો ચિત્તનો ઉપયોગ શાસ્ત્રે બતાવેલ દિશામાં નહિ હોવાથી, તેમના માનસઉપયોગને તુચ્છરૂપે સ્વીકારેલ છે. અને અહીં ચિત્તપ્રણિધાન શબ્દથી તે ઉપયોગ ગ્રહણ કરવાનો નથી, પરંતુ વિહિત અનુષ્ઠાનને અનુરૂપ ચિત્તના ઉપયોગને ચિત્તપ્રણિધાન શબ્દથી ગ્રહણ કરવાનો છે; જે પ્રણિધાનાદિમાંથી કોઇ એક આશયરૂપ છે.

**ઉત્થાન :-** પૂર્વમાં **'स्यादेतत्'**થી કહેલ કે, નિશ્ચયનય એમ કહે છે કે, ક્ષયોપશમભાવની ક્રિયા ઉપાદેય છે અને ઔદયિકભાવની ક્રિયા હેય છે, અને વિશિષ્ટ વિધિ-નિષેધનું વિશેષણમાં પર્યવસાન પામે છે, એથી ભાવ જ આદેય છે, તેનું સ્થિતપક્ષે **'मैवं'** થી નિરાકરણ કર્યું. અને ત્યારપછી **'अपि च'**થી પુષ્ટિ કરી કે, ભાવ, ચિત્તના ઉપયોગરૂપ છે, અને તે અનુષ્ઠાનવિષયક જ હોવાથી અનુષ્ઠાન પણ ભાવની જેમ આદરણીય છે. ત્યારપછી ફરી તેની પુષ્ટિ કરતાં **'अपि च'**થી કહે છે-

**ટીકા :- अपि च भावक्रियाहेतुर्जिज्ञासेति तावन्निर्विवादं-**

[१] 'जिण्णासावि हु एत्थं लिङ्गं एयाइ हंदि सुद्धाए।

णेव्वाणंगणिमित्तं सिद्धा एसा तयट्ठीणं ॥ [पंचा. ३-२६] ति वचनात् । **तथा च तस्यां सत्यां कस्य नाम न विहितानुष्ठानप्रवृत्तिः? इति किमक्रियारुचिकदाग्रहग्रस्तेन सह विचारणया? ॥६९॥**

**ટીકાર્થ :- 'अपि च'** અને વળી ભાવક્રિયાનો હેતુ જિજ્ઞાસા છે, એ નિર્વિવાદ છે.

તેમાં હેતુ કહે છે-

**'जिण्णासावि ........ तयट्ठीणं॥** એ પ્રમાણે પંચાશકનું વચન છે.

**'तथा च'** અને તે રીતે અર્થાત્ ભાવક્રિયાનો હેતુ જિજ્ઞાસા છે તે રીતે, તે=જિજ્ઞાસા, હોતે છતે વિહિત અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કોણ ન કરે? એથી કરીને અક્રિયારુચિ કદાગ્રહગ્રસ્ત (એકાંત નિશ્ચયવાદી) સાથે વિચારણાથી શું?

પંચાશકની સાક્ષીનો અર્થ આ પ્રમાણે છે -

**'जिण्णासावि'** - આમાં=અનુષ્ઠાન વિષયમાં, જિજ્ઞાસા પણ શુદ્ધ એવી આનું=વંદનાનું, લિંગ છે. નિર્વાણના અર્થીને નિર્વાણનું અંગ સમ્યગ્જ્ઞાનાદિ છે, તેનું નિમિત્ત આ=જિજ્ઞાસા, પ્રસિદ્ધ છે.

**ભાવાર્થ :-** પંચાશકની સાક્ષીના વચનથી એ સિદ્ધ થાય છે કે, અનુષ્ઠાન વિષયમાં જે જિજ્ઞાસા છે, તે ભાવક્રિયાનો હેતુ છે. સ્થિતપક્ષ કહે છે કે, ભાવપૂર્વકની ક્રિયામાં નિમિત્ત કારણ જિજ્ઞાસા છે, અને જિજ્ઞાસા અનુષ્ઠાનવિષયક જ હોય છે. તેથી મોક્ષને માટે ભાવને કારણરૂપે સ્વીકારો તો, તેની નિષ્પત્તિના કારણરૂપ જિજ્ઞાસાથી પણ અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ થશે, માટે અક્રિયારુચિના કદાગ્રહવાળા એકાંત નિશ્ચયનયની સાથે વિચારણા થઇ શકે નહિ; પરંતુ સુનયરૂપ નિશ્ચયનય તો ગૌણરૂપે ક્રિયાને પણ અવશ્ય સ્વીકારે છે, કેવલ ભાવને મુખ્ય સ્વીકારે છે, અને તેમાં નિમિત્ત કારણ તરીકે ક્રિયાને કહે છે. તેથી મોક્ષના અર્થીએ જેમ ભાવમાં યત્ન કરવો જોઇએ, તેમ વિશેષ ભાવની નિષ્પત્તિ માટે ભાવપૂર્વકની ક્રિયામાં પણ યત્ન કરવો જોઇએ.**॥૬૯॥**

**અવતરણિકા :- अथ भाववृद्धिक्रमेणोत्तरोत्तरगुणस्थानप्राप्तिमुपदिशति-**

---

१. जिज्ञासापि खल्वस्यां लिङ्गमेतस्या हंदि शुद्धायाः । निर्वाणाङ्गनिमित्तं सिद्धैषा तदर्थिनाम् ॥

**અવતરણિકાર્થ :-** વિહિત અનુષ્ઠાનથી ભાવવૃદ્ધિ થાય છે એમ કહ્યું. હવે ભાવવૃદ્ધિના ક્રમથી ઉત્તરોત્તર ગુણસ્થાનની પ્રાપ્તિનો ઉપદેશ આપે છે-

**ગાથા :-** **धिइसद्धासुहविविइसविण्णत्ती तत्तधम्मजोणित्ति ।**
**तल्लद्धधम्मभावा वड्ढइ भावंतरं तत्तो ॥७०॥**

( धृतिश्रद्धासुखाविविदिषाविज्ञप्तयस्तत्त्वधर्मयोनिरिति । तल्लब्धधर्मभावाद्वर्धते भावान्तरं ततः ॥७०॥ )

**एवं पवड्ढभावो कमेण गुणठाणसेढिमारुहिय ।**
**पक्खीणघाइकम्मो कयकिच्चो केवली होइ ॥७१॥**

( एवं प्रवृद्धभावः क्रमेण गुणस्थानश्रेणिमारुह्य । प्रक्षीणघातिकर्मा कृतकृत्यः केवली भवति ॥७१॥ )

**ગાથાર્થ :- ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા અને વિજ્ઞપ્તિ તત્ત્વધર્મની યોનિ છે. ત્યારપછી=આ ધર્મયોનિની પ્રાપ્તિ થાય ત્યારપછી, તેનાથી લબ્ધ ધર્મભાવથી=તત્ત્વધર્મયોનિથી પ્રાપ્ત ધર્મભાવથી, ભાવાંતર વધે છે.॥૭૦॥**

**ગાથાર્થ :- એ પ્રમાણે પ્રવૃદ્ધ ભાવવાળો આત્મા ક્રમથી ગુણસ્થાનકની શ્રેણિ ઉપર આરૂઢ થઈને પ્રક્ષીણ ઘાતીકર્મવાળો કૃતકૃત્ય કેવલી થાય છે.॥૭૧॥**

❀ **'तत्तधम्मजोणित्ति'** - અહીં **'इति'** શબ્દ છે તે તત્ત્વધર્મની યોનિની સંખ્યાની સમાપ્તિ સૂચક છે અને વિજ્ઞપ્તિ પછી તેનું યોજન છે.

**ટીકા :- "धृतिः श्रद्धा सुखा विविदिषा विज्ञप्तिरिति तत्त्वधर्मयोनयः" इति हि पातञ्जलादिषु प्रसिद्धम्। तत्रोद्वेगादिपरिहारेण चेतसः स्वास्थ्यं धृतिः, तया च मार्गानुसारितत्त्वरुचिर्जन्यते, तामेव श्रद्धामाहुः, तया च भुजङ्गमनलिकायामतुल्यो विशिष्टगुणस्थानरत्नप्रदानशौण्डः स्वरसवाही क्षयोपशमविशेषो जन्यते यमन्ये सुखेत्याचक्षते। "सुखा विशिष्टह्लादरूपा" इति पञ्चाशकव्याख्यानं कथं? इति चेत्? कार्ये कारणोपचारेण पराभिप्रायेण वा, नह्याह्लादस्य तत्त्वचिन्ताजनकत्वं नाम, क्षयोपशमेन तस्योपक्षीणत्वात्, तद्विहीनानामपि तत्प्रसङ्गाच्च। तया च तत्त्वचिन्तारूपमध्यवसानं जन्यते यदन्ये विविदिषामाचक्षते, तत एव हि शुश्रूषाश्रवणग्रहणधारणविज्ञानोहापोहतत्त्वाभिनिवेशा प्रज्ञागुणाः प्रादुर्भवन्ति प्रथमजलधर-जलनिपातादिवाभिनवप्ररोहाः एनं विना भवन्तस्त्वेते तदाभासा एव, न तु तात्त्विकाः। तदेवं प्रज्ञागुणजननक्रमेण तत्त्वचिन्तया बोधिर्जन्यते, इयं च करणत्रयव्यापाराभिव्यङ्ग्यं प्रशमसंवेगनिर्वेदा-नुकम्पास्तिक्याभिव्यक्तिलक्षणं सम्यग्दर्शनमुच्यते, तदन्ये विज्ञप्तिमाहुः।**

**ટીકાર્થ :- 'धृतिः'** -ધૃતિ, શ્રદ્ધા, સુખા, વિવિદિષા અને વિજ્ઞપ્તિ તત્ત્વધર્મની યોનિ છે, એ પ્રમાણે પાતંજલાદિ ગ્રંથોમાં પ્રસિદ્ધ છે.

❀ '**विज्ञप्तिरिति**' - અહીં '**इति**' શબ્દ તત્ત્વધર્મની યોનિની સંખ્યાની સમાપ્તિ સૂચક છે.

તેમાં અર્થાત્ જે તત્ત્વધર્મની યોનિ છે તેમાં, ઉદ્વેગાદિના પરિહારથી ચિત્તનું સ્વાસ્થ્ય ધૃતિ છે અને તેના વડે અર્થાત્ ધૃતિ વડે માર્ગાનુસારી તત્ત્વરુચિ પેદા થાય છે, તેને જ અર્થાત્ માર્ગાનુસારી તત્ત્વરુચિને જ શ્રદ્ધા કહે છે; અને તેના વડે અર્થાત્ શ્રદ્ધા વડે ભુજંગમની=સર્પની, નલિકાના આયામતુલ્ય=લંબાઇ તુલ્ય, વિશિષ્ટ ગુણસ્થાનરૂપ રત્નના પ્રદાનમાં સમર્થ એવો સ્વરસવાહી ક્ષયોપશમવિશેષ પેદા થાય છે, જેને અન્ય સુખા એ પ્રમાણે કહે છે.

'**सुखा**' - સુખા વિશિષ્ટઆહ્લાદરૂપ છે એ પ્રમાણે પંચાશકનું વ્યાખ્યાન કેવી રીતે સંગત થશે? અર્થાત્ ગ્રંથકારે સુખાને જ્ઞાનાવરણીયના ક્ષયોપશમવિશેષરૂપ કહી છે અને પંચાશકમાં સુખાને વિશિષ્ટઆહ્લાદરૂપ કહી છે, તે કેવી રીતે સંગત થશે? આ રીતે બેના વિરોધની શંકાનું ઉદ્ભાવન કરીને પરિહાર કરતાં કહે છે-

'**कार्ये**' કાર્યમાં કારણના ઉપચારથી અથવા પરના અભિપ્રાયથી ( આ કથન છે.)

**ઉત્થાન :-** પરના અભિપ્રાયથી સુખા આહ્લાદરૂપ છે તેમ કહ્યું, તેની પુષ્ટિ કરતાં કહે છે-

**ટીકાર્થ :-** '**न हि**' - આહ્લાદનું તત્ત્વચિંતાજનકપણું નથી જ. '**हि**' એવકારાર્થક છે.

તેમાં બે હેતુ કહે છે -

(૧) તેનું=આહ્લાદનું, ક્ષયોપશમથી ઉપક્ષીણપણું છે અર્થાત્ ચરિતાર્થપણું છે.

(૨) અને તદ્વિહીનને=ક્ષયોપશમવિહીનને, પણ તેનો અર્થાત્ તત્ત્વચિંતાની પ્રાપ્તિનો, પ્રસંગ છે.

'**तथा च**' - અને તેના વડે=સુખા વડે, તત્ત્વચિંતારૂપ અધ્યવસાન પેદા થાય છે, જેને બીજા વિવિદિષા કહે છે.

તેનાથી જ=વિવિદિષાથી જ, જેમ પ્રથમ વૃષ્ટિથી અભિનવ અંકુરો પેદા થાય છે, તેમ શુશ્રૂષા, શ્રવણ, ગ્રહણ, ધારણ, વિજ્ઞાન, ઊહ, અપોહ અને તત્ત્વાભિનિવેશરૂપ બુદ્ધિના ગુણો પ્રાદુર્ભાવ પામે છે.

આના વિના=વિવિદિષા વિના, આ=શુશ્રૂષાદિ પ્રજ્ઞાગુણો, તદાભાસ રૂપ જ છે=શુશ્રૂષાદિ આભાસરૂપ જ છે, પરંતુ તાત્ત્વિક નથી.

તેથી આ પ્રમાણે પ્રજ્ઞાગુણના ઉત્પન્ન કરવાના ક્રમથી તત્ત્વચિંતા વડે બોધિ પેદા થાય છે, અને આ=બોધિ, યથાપ્રવૃત્તાદિકરણત્રયવ્યાપારથી અભિવ્યંગ્ય પ્રશમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્યની અભિવ્યક્તિલક્ષણરૂપ સમ્યગ્દર્શન કહેવાય છે. તેને અન્ય વિજ્ઞપ્તિ કહે છે.

**ભાવાર્થ :-** '**तत्त्वधर्मयोनयः**' - તત્ત્વધર્મ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ મોક્ષમાર્ગ, તેની યોનિ=કારણ, તે તત્ત્વધર્મની યોનિ 'ધૃતિ' આદિ પાંચ છે. (૧) ધૃતિનું લક્ષણ કરતાં કહે છે- ઉદ્વેગ આદિના પરિહારરૂપ જે ચિત્તનું સ્વાસ્થ્ય છે તે ધૃતિ છે, અને આ 'ધૃતિ' નમુત્થુણં સૂત્રમાં 'અભયદયાણં' પદથી વાચ્ય જે 'અભય' છે તેને બતાવે છે. આનાથી એ પ્રાપ્ત થાય કે જે 'અભય'ની પ્રાપ્તિ છે તે ધૃતિ છે, અને તે 'અભય' સાત પ્રકારના ભયરહિત ચિત્તના સ્વાસ્થ્યરૂપ છે.

આશય એ છે કે જે જીવો સંસારમાં અવિચારક છે, તેઓ મૂઢતાને કારણે મૃત્યુ આદિ સાત પ્રકારના ભયોનો વિચાર કરતા નથી, અને મળેલ પુણ્યમાં જ મગ્ન થઇને જીવે છે; આમ છતાં, જ્યારે તે સાત ભયોમાંથી કોઇ પણ ભય સામે દેખાય ત્યારે તેઓ વિહ્વળ થઇ જાય છે, અને મૃત્યુ આદિ પ્રાપ્ત ન થાય તે માટે શક્ય એટલા પ્રયત્નો

કરતા હોય છે.

જ્યારે જીવ કાંઈક વિચારક બને છે ત્યારે તેને સંસાર સ્વયં જ ક્લેશરૂપ ભાસે છે અને સાતે પ્રકારના ભયોથી વ્યાપ્ત દેખાય છે, અને તે વિચારે છે કે ખરેખર આ સંસારમાંથી છૂટવાનો ઉપાય શું છે? અને તે સ્વસ્થતાપૂર્વક ભયોમાંથી નીકળવાનો ઉચિત ઉપાય વિચારી શકે છે તે તેની ધૃતિ છે; અને તે ધૈર્યપૂર્વક જ્યારે છૂટવાના ઉપાયનો વિચાર કરે છે ત્યારે કાંઈક પ્રાથમિક ભૂમિકાનો સમ્યક્ બોધ તેને હોય છે, જે યોગની પ્રથમ દૃષ્ટિરૂપ છે. અને આ ધૃતિ સંસારમાં વર્તતા સાતે ભયોમાં ઉદ્વેગ આદિના પરિહારપૂર્વક ચિત્તના સ્વાસ્થ્યરૂપ છે, અને આવી ધૃતિવાળો જીવ તે ધૃતિના બળથી બીજી ભૂમિકારૂપ શ્રદ્ધાને પ્રાપ્ત કરે છે; જે સંસારના નિસ્તરણના ઉપાયરૂપ માર્ગના દર્શનસ્વરૂપ ચક્ષુની પ્રાપ્તિરૂપ છે. ત્યારપછી ક્ષયોપશમવિશેષરૂપ ત્રીજી ભૂમિકા પ્રાપ્ત થાય છે, જેને બીજા 'સુખા' કહે છે અને તેનું સ્વરૂપ આ પ્રમાણે છે-

ભુજંગમની=સર્પની, ગમનનલિકાના આયામ=દૈર્ઘ્યતુલ્ય, આ ક્ષયોપશમવિશેષ માર્ગ છે.

તાત્પર્ય એ છે કે સર્પ નલિકામાં પેસેલો સીધો જ નલિકાના અન્ય માર્ગે બહાર નીકળે છે, તેમ જીવનો આ ક્ષયોપશમભાવ સાનુબંધ હોવાને કારણે ઉત્તરોત્તર વૃદ્ધિ પામતો સીધો સમ્યગ્દર્શનની ભૂમિકાને પામે છે. તેથી સર્પની નલિકાનો આયામ જેમ ગમન માટે સીધો માર્ગ છે તેમ આ ક્ષયોપશમ સાક્ષાત્ સમ્યગ્દર્શનાદિની પ્રાપ્તિમાં સીધા માર્ગરૂપ છે, તેથી જ તેનું બીજું વિશેષણ કહેલ છે કે વિશિષ્ટ ગુણસ્થાનરૂપ રત્નના પ્રદાનમાં શૌંડ=સમર્થ, એવો આ ક્ષયોપશમવિશેષ છે.

આ ક્ષયોપશમવિશેષપરિણામને સ્વરસવાહી એટલા માટે કહેલ છે કે, સંયોગોથી કે વડીલોની મર્યાદાથી તે પરિણામ પ્રવર્તતો નથી પરંતુ નિજ અભિલાષથી પ્રવર્તે છે, અર્થાત્ પૂર્વમાં જે ચક્ષુની પ્રાપ્તિથી માર્ગનું દર્શન થયેલ તે માર્ગમાં ગમનનો નિજ અભિલાષ થવાને કારણે જીવનો તથાવિધ યત્ન વર્તે છે, જેને કારણે સાનુબંધ ક્ષયોપશમ વર્તે છે

પંચાશકજીમાં સુખાનો અર્થ વિશિષ્ટઆહ્લાદરૂપ કર્યો તેનું તાત્પર્ય એ છે કે, ત્રીજી ભૂમિકાને પામેલ જીવ, ઉત્કટ મિથ્યાત્વમોહનીયના ક્ષયોપશમથી ઉપબૃંહિત એવા જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમજન્ય એવા જ્ઞાનના પરિણામરૂપ આ સુખાને પ્રાપ્ત કરે છે, અને તે ભૂમિકામાં ક્રિયાવિષયક વિશિષ્ટ જે આહ્લાદ છે તે જ સુખાનું કારણ છે, તેથી સુખારૂપ કાર્યમાં કારણનો ઉપચાર કરીને સુખાને વિશિષ્ટઆહ્લાદરૂપ કહેલ છે.

અથવા તો પરના અભિપ્રાયથી કહેલ છે, અર્થાત્ પરના અભિપ્રાયથી સુખા વિશિષ્ટઆહ્લાદરૂપ છે, પરંતુ સ્વસિદ્ધાંત પ્રમાણે તે વિશિષ્ટ જ્ઞાનના પરિણામરૂપ છે. પંચાશકમાં સુખાને વિશિષ્ટઆહ્લાદરૂપ કહેલ છે તે પરદર્શનના અભિપ્રાયથી કહેલ છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે- આહ્લાદ છે તે તત્ત્વચિંતાજનક બનતો નથી, કેમ કે આહ્લાદનું ક્ષયોપશમ વડે ઉપક્ષીણપણું છે અને ક્ષયોપશમવિહીનને પણ તત્ત્વચિંતાની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેનું તાત્પર્ય એ છે કે સુખાથી ચોથી ભૂમિકા વિવિદિષા પ્રાપ્ત થાય છે જે તત્ત્વચિંતારૂપ છે. તેથી સુખા તત્ત્વચિંતાની જનક છે, પરંતુ આહ્લાદ તત્ત્વચિંતાનો જનક નથી, કેમ કે ક્રિયામાં થતો આહ્લાદ વિશિષ્ટ જ્ઞાનના ક્ષયોપશમને પેદા કરીને ચરિતાર્થ થઇ જાય છે, તેથી આહ્લાદ એ સુખારૂપ નથી, પણ પરના અભિપ્રાયથી પંચાશકમાં સુખાને વિશિષ્ટઆહ્લાદરૂપ કહેલ છે.

વળી તેની જ પુષ્ટિ કરતાં બીજો હેતુ કહે છે- જો આહ્લાદ તત્ત્વચિંતાનો જનક હોય તો ક્ષયોપશમરહિતને પણ ક્રિયામાં થતા આહ્લાદથી તત્ત્વચિંતા પેદા થવાનો પ્રસંગ આવે.

કહેવાનો ભાવ એ છે કે કોઈ જીવ ભગવદ્‌ભક્તિ આદિ ક્રિયા કરતો હોય ત્યારે, જેને તે ભક્તિ આદિ ક્રિયામાં આહ્લાદ વર્તતો હોય તો તેનાથી તેને તત્ત્વચિંતાજનક એવો જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થઈ શકે છે, અને તેનાથી તત્ત્વચિંતા પ્રગટ થઈ શકે છે. પરંતુ કેટલાકને તે ક્રિયામાં આહ્લાદ વર્તતો હોય છતાં તત્ત્વચિંતાજનક જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ ન થાય તો પણ તેને તત્ત્વચિંતાની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થશે. કેમ કે સુખાને વિશિષ્ટઆહ્લાદરૂપ સ્વીકારીએ તો ક્રિયામાં તેને આહ્લાદ વર્તે છે તેનાથી જ તત્ત્વચિંતાની પ્રાપ્તિનો પ્રસંગ પ્રાપ્ત થાય, પરંતુ તેમ થતું નથી તેથી આહ્લાદ એ સુખારૂપ નથી. જ્યારે સુખા તત્ત્વચિંતાજનક છે, તેથી તે સુખા વડે તત્ત્વચિંતારૂપ અધ્યવસાય પેદા થાય છે જેને બીજા વિવિદિષા કહે છે. અને વિવિદિષાથી જ શુશ્રૂષા આદિ પ્રજ્ઞાના આઠ ગુણો પ્રગટે છે, જે પ્રજ્ઞાના આઠ ગુણો પ્રથમ વરસાદથી થતા નવીન અંકુરા જેવા છે. તત્ત્વચિંતારૂપ અધ્યવસાય વગર થતા શુશ્રૂષાદિ ગુણો આભાસિક જ છે પરંતુ તાત્ત્વિક નથી.

આ રીતે=પૂર્વમાં કહ્યું કે તત્ત્વચિંતાના અધ્યવસાયથી પ્રજ્ઞાગુણો પ્રગટ થાય છે એ રીતે, પ્રજ્ઞાગુણજનનના ક્રમથી તત્ત્વચિંતા વડે બોધિની પ્રાપ્તિ થાય છે, જે પ્રજ્ઞાના આઠ ગુણોમાં તત્ત્વાભિનિવેશરૂપ અંતિમ ગુણસ્વરૂપ છે, અને આ બોધિ યથાપ્રવૃત્તિકરણ આદિ ત્રણ કરણના વ્યાપારથી પ્રગટ થનાર અને પ્રશમ-સંવેગાદિ ગુણની અભિવ્યક્તિરૂપ સમ્યગ્દર્શનરૂપ છે, જેને બીજા વિજ્ઞપ્તિ કહે છે.

**ઉત્થાન :-** પૂર્વમાં ધૃતિ આદિને તત્ત્વધર્મની યોનિ બતાવી, હવે તેનું નિગમન કરતાં કહે છે-

**ટીકા :- तदेवमेतैः करणैरुत्पन्नधर्मभावस्य यथोचितानुष्ठानपरायणस्य सतो भावान्तरं प्रवर्द्धते** "[1]सइ संजाओ भावो पायं भावंतरं तओ कुणइ" **इति वचनात्, अत्र प्रायोग्रहणं प्रागसञ्जाततथाविधभावानां मरुदेव्यादीनां भावप्रकर्षप्राप्त्या यो व्यभिचारस्तत्परिहारार्थमिति व्याचक्षते। अत्र च भावः क्रियाविषयो ग्राह्यः,** "[2]वेलाइविहाणंमी तग्गयचित्ताइणा य विन्नेओ। तव्वुड्ढिभावऽभावेहि तह य दव्वेयरविसेसो॥" [ पंचा. ३-१० ] **त्ति गाथायाः प्राक् प्रक्रान्तत्वात्, अन्यथा तादृशभावसामान्यं प्रति क्षयोपशमविशेषस्य, अव्यवहितोत्तरत्व-संबन्धेन भावविशिष्टभावं प्रति च भावस्य हेतुतया व्यभिचारानवकाशात्, भावपूर्वक्रियाया अपि भावजन्यतावच्छेदकजातिव्याप्यजात्यवच्छिन्नं प्रति हेतुत्वान्न व्यभिचार इत्याहुः।**

❀ અહીં '**तदेवम्**' એ '**तस्मात्**' અર્થક છે.

❀ '**तओ कुणइ**' છે ત્યાં પંચાશકમાં '**जओ कुणइ**' પાઠ છે.

**ટીકાર્થ :-** '**तदेवम्**'-તે કારણથી આ કરણો વડે=ધૃતિ આદિ કરણો વડે, ઉત્પન્ન ધર્મભાવવાળી, યથોચિત અનુષ્ઠાનપરાયણ એવા જીવમાં ભાવાંતર વધે છે.
તેમાં હેતુ કહે છે-

---

१. अस्योत्तरार्ध :- ता एयमेत्थ पवरं लिंगं सइ् भाववुड्ढी तु॥ (पंचा. ३-११)
सकृत्संजातोभावः प्रायः भावान्तरं ततः करोति। तस्मादेतदत्र प्रवरं लिङ्गं सकृत् भाववृद्धिस्तु॥

२. वेलादिविधाने तद्गतचित्तादिना च विज्ञेयः। तद्वृद्धिभावाभावाभ्यां तथा च द्रव्येतरविशेषः॥

જે કારણથી સકૃત્=એકવાર, થયેલો ભાવ પ્રાયઃ ભાવાંતરને કરે છે એ પ્રમાણે વચન છે.

✤ **'जओ'**નો સંબંધ પંચાશકનો શ્લોક **'सइ संजाओ'** ૩/૧૧ના ઉત્તરાર્દ્ધ સાથે છે.

**'अत्र'** - અહીં અર્થાત્ પંચાશકના સાક્ષીપાઠમાં જે પ્રાયઃ શબ્દનું ગ્રહણ છે, તે પૂર્વમાં ઉત્પન્ન નહિ થયેલ તથાવિધ ચિત્તના પ્રણિધાનરૂપ ભાવવાળાં એવાં મરુદેવાદિને ભાવપ્રકર્ષની પ્રાપ્તિથી જે વ્યભિચાર આવે છે તેના પરિહારાર્થે છે, એ પ્રમાણે પંચાશકના ટીકાકાર કહે છે.

**'अत्र च'** - અને અહીંયાં અર્થાત્ પંચાશકના **'सइ संजाओ'** કથનમાં, ભાવ ક્રિયાવિષયક ગ્રહણ કરવો, કેમ કે **"वेलाइ... दव्वेयरविससो ॥"** એ ગાથાનું પ્રાક્ પ્રક્રાંતપણું છે, અર્થાત્ **'सइ संजाओ.....'** ગાથાથી પૂર્વમાં કથન છે. **'वेलाइ'** ૩/૧૦ ગાથા ક્રિયાવિષયક છે, તેથી ઉત્તરની **'सइ संजाओ'** ૩/૧૧ ગાથા પણ ક્રિયાવિષયક ભાવને જણાવે છે.

**'अन्यथा'** - એવું ન માનો તો અર્થાત્ ક્રિયાવિષયક પ્રણિધાનરૂપ ભાવ ગ્રહણ ન કરો અને ભાવસામાન્ય ગ્રહણ કરો તો, તાદૃશ ભાવસામાન્ય પ્રત્યે ક્ષયોપશમવિશેષનું હેતુપણું હોવાથી અને અવ્યવહિત ઉત્તરત્વ સંબંધથી ભાવવિશિષ્ટ ભાવ પ્રત્યે ભાવનું હેતુપણું હોવાથી વ્યભિચારનો અવકાશ નથી. (તેથી પંચાશકમાં પ્રાયઃ શબ્દની આવશ્યકતા રહેતી નથી.)

**ઉત્થાન :-** પૂર્વમાં પંચાશકના પાઠમાં વ્યભિચારના વારણ માટે પ્રાયઃ શબ્દનું ગ્રહણ કર્યું તેનાથી એ પ્રાપ્ત થાય કે, ક્વચિત્ ક્રિયાવિષયક ભાવથી ભાવવૃદ્ધિ થાય છે, અને ક્વચિત્ ભવના નૈર્ગુણ્યના દર્શનથી ક્રિયા વગર પણ થયેલ ભાવથી ભાવની વૃદ્ધિ મરુદેવાદિની જેમ થાય છે. અને આમ સ્વીકારીએ તો ક્રિયાનું ભાવ પ્રત્યે વ્યભિચારપણું પ્રાપ્ત થાય, તેથી વિચારકની પ્રવૃત્તિ ક્રિયામાં સંભવે નહિ, તેથી કહે છે-

**'भावपूर्वक'** - ભાવપૂર્વક ક્રિયાનું પણ ભાવજન્યતાવચ્છેદક જાતિની વ્યાપ્યજાત્યવચ્છિન્ન કાર્ય પ્રતિ હેતુપણું હોવાથી વ્યભિચાર નથી, એ પ્રમાણે સિદ્ધાંતકાર કહે છે.

**'वेलाइ....'** ગાથાનો અર્થ આ પ્રમાણે છે- વેળાથી કરતો હોય, વિધિપૂર્વક કરતો હોય, તદ્ગત ચિત્તાદિથી કરતો હોય અને તેના કારણે ચૈત્યવંદનવિષયક પરિણામની વૃદ્ધિનો ભાવ હોય, તેનાથી ભાવઅનુષ્ઠાન જાણવું; અને વેળાદિ સર્વ વિપરીત હોય અને તેના કારણે ચૈત્યવંદનવિષયક પરિણામની વૃદ્ધિનો અભાવ હોય તો દ્રવ્યઅનુષ્ઠાન જાણવું.

✤ પંચાશક ૩-૧૦ ગાથામાં **'तद्गतचित्तादि'.... 'आदि'** શબ્દથી વચન અને કાયાનું ગ્રહણ કરેલ છે.

**ભાવાર્થ :- 'तादृश'** તાદૃશ ભાવસામાન્ય એટલે મોક્ષને અનુકૂળ પ્રાથમિક ભાવથી માંડીને ક્ષાયિકભાવની પ્રાપ્તિ પૂર્વેના ભાવસામાન્ય પ્રતિ કર્મનો ક્ષયોપશમ હેતુ છે, અને ભાવવિશિષ્ટ ભાવ પ્રત્યે પૂર્વક્ષણનો ભાવ હેતુ છે, તેથી વ્યભિચારનો અનવકાશ છે, માટે પ્રાયઃ શબ્દની આવશ્યકતા નથી. અને પંચાશક ૩-૧૦માં 'પ્રાયઃ' શબ્દ છે તેથી **'सइ संजाओ'**એ સાક્ષીપાઠમાં ક્રિયાવિષયક ભાવને ગ્રહણ કરીને કહેલ છે કે એક વખત ક્રિયામાં ઉત્પન્ન થયેલો ભાવ પ્રાયઃ ભાવાંતરને કરે છે.

'**तदेवं**'થી '**इत्याहुः**' સુધીના કથનમાં એકવાક્યતારૂપ વિશેષતા આ પ્રમાણે છે-

સૌ પ્રથમ ગ્રંથકારે એ બતાવ્યું કે, ધૃતિ આદિ કરણોથી ઉત્પન્ન થયેલો ધર્મભાવ અનુષ્ઠાન દ્વારા વૃદ્ધિ પામે છે. ત્યાં પ્રશ્ન થાય કે અનુષ્ઠાનને વચમાં લાવવાની જરૂર શું છે? કેમ કે ધૃતિ આદિથી પેદા થયેલો ભાવ જ અનુષ્ઠાન વગર નવા ભાવાંતરરૂપે પરિણામ પામે છે, તેમ સ્વીકારવામાં શું વાંધો? તેના નિવારણ રૂપે '**सइ संजाओ..**' એ પંચાશકના વચનથી પુષ્ટિ કરી કે આ વચનથી ક્રિયાવિષયક ભાવ ગ્રહણ કરવાનો છે, અને એ ભાવ ક્રિયાથી જ વધે છે, અને તેને જ સ્પષ્ટ કરવા માટે બતાવ્યું કે ત્યાં પ્રાયઃ શબ્દ મરુદેવાદિમાં વ્યભિચારના વારણ માટે છે; અને તે ગાથા પૂર્વે '**वेलाइ...**' ગાથા છે, તેથી જ નક્કી થાય છે કે ક્રિયાવિષયક જ ભાવ ગ્રહણ કરવાનો છે. જો ક્રિયાવિષયક ભાવ ગ્રહણ કરવાનો ન હોય અને સામાન્ય ભાવ ગ્રહણ કરવાનો હોય તો મરુદેવાદિમાં વ્યભિચાર પણ ન આવે. અને સર્વત્ર પૂર્વભાવથી ઉત્તરભાવ પેદા થાય છે, અને જે જે ભાવો થાય છે તે સર્વ પ્રત્યે કર્મનો ક્ષયોપશમવિશેષ કારણ છે તેમ માનવામાં આવે તો, પ્રાયઃ શબ્દ મૂકવાની આવશ્યકતા રહે નહિ; અને પંચાશકકારે 'પ્રાયઃ' શબ્દ મૂક્યો, તે જ બતાવે છે કે ક્રિયાવિષયક ભાવને આશ્રયીને આ કથન છે. ત્યાં પ્રશ્ન થાય કે ક્રિયાને આશ્રયીને ભાવને ગ્રહણ કરીને પૂર્વનો ભાવ ઉત્તરના ભાવો પેદા કરે છે તેવું માનશો, તો નિસર્ગથી થતા ભાવની નિષ્પત્તિ પ્રત્યે ક્રિયામાં વ્યભિચાર આવવાથી વિચારકની પ્રવૃત્તિ ભાવ અર્થે ક્રિયામાં થશે નહિ, તેથી તે વ્યભિચારના નિવારણ માટે ભાવની અવાંતર જાતિ પ્રત્યે ભાવપૂર્વકની ક્રિયાને હેતુ બનાવીને વ્યભિચાર નથી એમ સ્થાપન કર્યું. એનાથી એ પ્રાપ્ત થાય કે કેટલાક જીવો અધિગમથી જ ભાવને પેદા કરી શકે તેવા હોય છે, અને તેવા ભાવ પ્રત્યે ભાવપૂર્વકની ક્રિયા હેતુ છે; તેથી ભાવના અર્થીએ ક્રિયામાં જ પ્રવૃત્તિ કરવી ઉચિત છે. અને કોઇક જીવો નિસર્ગથી ભાવને પ્રાપ્ત કરી શકે તેવા હોય છે, તે પ્રકારના ભાવ પ્રત્યે ભાવપૂર્વકની ક્રિયા હેતુ નથી, પરંતુ પૂર્વનો ભાવ જ ઉત્તરના ભાવને પેદા કરે છે; આમ છતાં, મોટા ભાગના જીવો નિસર્ગથી ભાવ પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ અધિગમથી જ ભાવ પ્રાપ્ત કરી શકે છે, માટે ક્રિયામાં જ આદર કરવો ઉચિત છે, પરંતુ નિસર્ગથી જ ફળ પ્રાપ્ત થશે તેમ વિચારીને રાહ જોવી ઉચિત નથી.

**ટીકા :- एवं चोत्तरोत्तरभावविशुद्ध्या गुणश्रेणिमधिरुह्य काष्ठाप्राप्तवैराग्यदशानिमूलकाषंकषितघनघातिकर्मा परापेक्षाविरहेण परिनिष्ठितसकलकृत्यः सहजानन्तचैतन्यप्रकाशविश्रान्तविलसदनेकान्तवादमुद्रामुद्रितभुवनत्रयान्तर्भूतविषयाकारसञ्चारस्फारगुणरत्नराशिः केवली भवति ॥७०॥७१॥**

**ટીકાર્થ :-** '**एवं च**'-અને આ રીતે ઉત્તરોત્તર ભાવની વિશુદ્ધિ દ્વારા ગુણશ્રેણિ ઉપર આરૂઢ થઇને પરાકાષ્ઠાપ્રાપ્ત વૈરાગ્યદશાથી અત્યંત નાશ કર્યાં છે ઘનઘાતી કર્મો જેણે એવા, પરપદાર્થોની અપેક્ષા નહિ હોવાને કારણે પરિનિષ્ઠિત સકલ કૃત્યવાળા(=કૃતકૃત્ય), સહજ અનંત ચૈતન્યના પ્રકાશમાં વિશ્રાંત હોવાના કારણે વિલાસ પામતા એવા, અનેકાંતવાદની મુદ્રાથી મુદ્રિત એવા, ત્રણ ભુવનમાં વર્તતા એવા વિષયોના આકારમાં સંચાર કરનાર સ્ફાર=વિસ્તૃત, ગુણરત્નની રાશિવાળા, કેવલી થાય છે.**॥૭૦-૭૧॥**

# 卐 પ્રાપ્તિ સ્થાન 卐

ગીતાર્થ ગંગા AHMEDABAD
૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯) - ૬૬૦ ૪૯ ૧૧, ૬૬૦ ૩૬ ૫૯

નિકુંજભાઈ ર. ભંડારી MUMBAI
વિષ્ણુમહલ, ત્રીજે માળે, ગરવારે પેવેલીયનની સામે, ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎ (૦૨૨) - ૨૮૧ ૪૦ ૪૮, ૨૮૧ ૦૧ ૯૫

શૈલેષભાઈ બી. શાહ SURAT
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે, હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.
☎ (૦૨૬૧) - (ઓ) ૪૩ ૯૧ ૬૦, ૪૩ ૯૧ ૬૩

નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા) AHMEDABAD
૯, પરિશ્રમ બેંક ઓફ ઈન્ડીયા સોસાયટી, વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎ (૦૭૯)- ૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

કમલેશભાઈ દામાણી RAJKOT
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા, રાજકોટ-૩૬૦ ૦૦૧.
☎ (૦૨૮૧) - (ઘર) ૨૩૩૧૨૦

ઉદયભાઈ શાહ JAMNAGAR
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ, C- 9, સુપર માર્કેટ, જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎ (૦૨૮૮) - ૬૭૮૫૧૩

વિમલચંદજી BANGALORE
C/o, J. NEMKUMAR & COMPANY, Kundan Market, D.S.Lane, Chickpet Cross, Bangalore-560 053,
☎ (O) 287 52 62, (R) 225 99 25.


: મુદ્રક :
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

## પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.ના વ્યાખ્યાનના પુસ્તકો

(૧) અનુકંપાદાન (૨) સુપાત્રદાન (૩) યોગવિંશિકા ભાગ-૧ (૪) યોગવિંશિકા ભાગ-૨

| ગીતાર્થગંગાથી પ્રકાશિત ગ્રંથો | વિવેચક | મૂલ્ય |
|---|---|---|
| (૧) યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઈ મોતા | ૩૫ |
| (૨) અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પ્રવિણભાઈ મોતા | ૩૦ |
| (૩) શ્રાવકના બારવ્રતોનાં વિકલ્પો | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૪) યોગદષ્ટિસમુચ્ચય | યુગભૂષણવિજયજી મ.સા. | ૪૦ |
| (૫) સદ્ગતિ તમારા હાથમાં ! | યુગભૂષણવિજયજી મ.સા. | ૨૦ |
| (૬) કર્મવાદ કર્ણિકા | યુગભૂષણવિજયજી મ.સા. | ૦૫ |
| (૭) દર્શનાચાર | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૮) શાસનસ્થાપના | યુગભૂષણવિજયજી મ.સા. | ૦૫ |
| (૯) અનેકાન્તવાદ | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૧૦) પ્રશ્નોત્તરી | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૧૧) ચિત્તવૃત્તિ | યુગભૂષણવિજયજી મ.સા. | ૦૫ |
| (૧૨) ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | યુગભૂષણવિજયજી મ.સા. | ૦૫ |
| (૧૩) આશ્રવ અને અનુબંધ | સ્વ. મોહજિતવિજયજી મ.સા. | ૨૦ |
| (૧૪) મનોવિજય અને આત્મશુદ્ધિ | યુગભૂષણવિજયજી મ.સા. | ૨૦ |
| (૧૫) ભાગવતી પ્રવજ્યા પરિચય | યુગભૂષણવિજયજી મ.સા. | ૦૫ |
| (૧૬) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | પ્રવિણભાઈ મોતા | ૨૫ |
| (૧૭) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | પ્રવિણભાઈ મોતા | ૭૦ |

સૂર્યા ઑફસેટ, આંબલીગામ, અમદાવાદ-૫૮.